॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

श्रीभक्तिधर्मात्मजहरिकृष्णभगवते नमः ॥ श्रीस्वामिनारायणाय नमः ॥

॥ श्रीहरिलीलाकल्पतरुः ॥

विषयानुक्रमणिका

षष्ठःस्कंधः

કરી, પોતાની પ્રસન્નતાનું કરાવેલ દર્શન. મલ્લોએ શ્રીહરિની પ્રસન્નતા માટે કરેલી મલ્લ કુસ્તી.

૧૮ આ પ્રસંગે શ્રીહરિની સંતો તથા હરિભક્તોએ કરેલી સ્તુતિ.

૧૯ અન્નકૂટ દર્શન તથા તે સમયે મુક્તાનંદ સ્વામીએ રચેલા પદોનું ગાન.

૨૦ શ્રીહરિએ કરેલું અન્નકૂટ પ્રસાદીનું સંતોની પંક્તિમાં પરિવેષણ.

૨૧ શ્રીહરિએ અન્નકૂટ પ્રસાદીનું પાર્ષદોની પંક્તિમાં કરેલું પરિવેષણ.

૨૨ શ્રીહરિએ કરેલી ભોજન લીલાનું વર્ણન.

૨૩ શ્રીહરિએ ગઢપુરમાં કરેલો પ્રબોધિનીનો ઉત્સવ. આ પ્રસંગે ગૃહસ્થોના ધર્મ તથા ત્યાગીઓને પાળવાની નિષ્કામ શુદ્ધિનું શ્રીહરિએ કરેલું નિરૂપણ તેમજ એકાદશી વ્રતની ઉત્પત્તિ તથા વિધિનું વર્ણન.

૨૪ સ્ત્રીઓએ કરેલા વિવિધ પાકોની સામગ્રીઓનું શ્રીહરિએ કરેલું અવલોકન તેમજ રમા, લલિતા આદિ સ્ત્રીઓની શ્રીહરિએ કરેલી પ્રશંસા.

૨૫ શ્રીહરિએ સંતોની પંક્તિઓમાં કરેલી ભોજન પરિવેષણ લીલા. દિવ્ય દષ્ટિવાળા ભક્તજનોને થયેલાં શ્રીહરિનાં દિવ્ય દર્શન.

૨૬ દેશાંતરથી આવેલા લાખો ભક્તોને શ્રીહરિએ તેમના દેશમાં જવા આપેલી આજ્ઞા અને તેમણે કરેલી શ્રીહરિની સ્તુતિ. ઉત્સવમાં ભક્તિભાવ પૂર્વક કરેલી અપૂર્વ સેવાથી શ્રીહરિએ જયા તથા લલિતા અને ઉત્તમ નૃપતિની કરેલી પ્રશંસા.

૨૭ જયા, લલિતા, રમા, પાંચાળી, નાની, મેના, ક્ષેમી, અમરી, યમી વગેરે સ્ત્રી ભક્તોએ ચંદન પુષ્પાદિક ઉપચારો તથા અમૂલ્ય આભૂષણો, વસ્ત્રો વગેરેથી શ્રીહરિની કરેલી પૂજા વિધિ.

૨૮ જયા, લલિતા, અમલા, મેના વગેરે સ્ત્રી ભક્તોએ કરેલી શ્રીહરિની સ્તુતિ.

૨૯ શ્રીહરિની સ્તુતિ કરતી તે સ્ત્રી ભક્તોએ શ્રીહરિની પ્રસન્નતામાં કારણભૂત ગુણ પરત્વે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિએ પોતાને વિષે માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભક્તિ એ જ એક પ્રસન્નતાનું સાધન બતાવી, તે ભક્તિની સિદ્ધિ માટે ભક્તિ માતાને પ્રેરણા કરી. તેથી ભક્તિ માતાએ તેમને દીધેલાં દર્શન અને ભક્તિની સિદ્ધિ માટે ધર્મના પાલનરૂપ સાધનનો બતાવેલો ઉપાય.

ષષ્ઠઃ સ્કન્ધ સમાપ્ત

સપ્તમ સ્કંધ

૧૧ ડભાણપુરમાં યજ્ઞ કરવામાં શ્રીહરિએ ઈચ્છારામને યજમાન બનાવી તેમના હસ્તે યજ્ઞવિધિનો કરેલો આરંભ. તે સમયે મંડપની અત્યંત શોભા તેમજ બ્રાહ્મણોએ કરેલા મંત્રોચ્ચારથી યજ્ઞવિધિની થયેલી શરૂઆત.

૧૨ યજ્ઞના પ્રારંભથી જ શ્રીહરિએ લાખો બ્રાહ્મણોને મોદકો જમાડી કરાવેલી તૃપ્તિ. દરરોજ પંક્તિબદ્ધ બેઠેલા બ્રાહ્મણોને, અશ્વ ઉપર બિરાજી દર્શન દેવા પધારતા શ્રીહરિ. બ્રાહ્મણોએ યજ્ઞમાં વિઘ્ન કરવાનો કરેલો ગુપ્ત નિર્ણય.

૧૩ યજ્ઞમાં વિઘ્ન કરવા ધારેલા બ્રાહ્મણોને પાકશાળામાંથી ખસેડી તેમની આજુબાજુ ચોકી મૂકી, પાકશાળામાં પવિત્ર, નિષ્ઠાવાળા સત્સંગી બ્રાહ્મણોને મૂકી શ્રીહરિએ યુક્તિપૂર્વક ટાળેલું વિઘ્ન અને બ્રાહ્મણોએ જાણેલો શ્રીહરિનો પ્રતાપ.

૧૪ અસુરાંશ બ્રાહ્મણોએ શ્રીહરિનો વૃદ્ધિ પામતો યશ તથા પ્રતાપ જોઈ દુર્મત્સરપૂર્વક શ્રીનગરના સુબાને કરેલું નિવેદન. શ્રીહરિને પરાસ્ત કરવા સુબાનું સૈન્ય સહિત ડભાણપુરમાં આગમન અને શ્રીહરિનું અપાર ઐશ્વર્ય જોઈ ત્યાંથી સુબાએ બીકથી કરેલું પલાયન.

૧૫ અહીં ચોરી કરવા આવેલા ચોરોએ શ્રીહરિનું અશ્વશાળામાં તથા સભાસ્થાનમાં એકી સાથે કરેલુ દર્શન. આથી પરમેશ્વરપણાનો શ્રીહરિ વિષે નિશ્ચય કરી તેમણે શ્રીહરિનો કરેલો આશ્રય.

૧૬ શ્રીહરિની સાથે શ્રીહરિનાં પલંગ ઉપર સૂરતના નારણદાસ આવીને સૂઈ ગયા હોવાથી શ્રીહરિએ બતાવેલી મનુષ્ય લીલા.

૧૭ યજ્ઞના અંતે ઈચ્છારામે કરેલું શ્રીહરિનું પૂજન તથા શ્રીહરિને અનેક અમૂલ્ય વસ્ત્રાભૂષણોની કરેલી ભેટ. અમૂલ્ય વસ્ત્ર આભૂષણધારી શ્રીહરિની રમણીય મૂર્તિની શોભાનું વર્ણન તેમજ તે મૂર્તિનાં દર્શનથી અનેક ભક્તોને થયેલી સમાધિ. ભાદરાના મૂળજી શર્માનો શ્રીહરિએ અનાદિ અક્ષરબ્રહ્મ તરીકેનો કહેલો મહિમા તથા તેમને ભાગવતી દીક્ષા આપી 'ગુણાતીતાનંદ' સંજ્ઞક કરેલું નામાભિધાન.

૧૮ શ્રીહરિએ ડભાણપુરમાં કરેલા યજ્ઞની સમાપ્તિ તથા ત્યાં પોતે કરેલી લીલાનાં અન્ય સ્થળે રહેતા પ્રેમી ભક્તોને પ્રત્યક્ષ પ્રમાણ આપેલાં દર્શન. ડભાણપુરથી નીકળી શ્રીહરિનું પીજમાં આગમન અને ત્યાંથી નડિયાદમાં કરેલો પ્રવેશ.

૧૯ નડીયાદમાં શ્રીહરિની સભામાં અદ્વૈતમતવાદી સંન્યાસીઓનું શ્રીહરિનો પરાજય કરવાના આશયથી થયેલું આગમન.

૨૦ અદ્વૈતમતવાદીઓનો શ્રીહરિએ શ્રુતિઓના અસંખ્ય પ્રમાણોથી કરેલો પરાજય. તેમને થયેલી સમાધિ. સમાધિમાંથી જાગ્રત થઈ તેમણે શ્રીહરિની કરેલી સ્તુતિ.

૫૮ જીવશર્માને પોતાના દુષ્કૃત્યોથી થયેલો પરિતાપ. શ્રીહરિનાં એકાંતિક સંતોના તેને થયેલા દર્શન અને તેમનો ઉપદેશ સાંભળી તેણે કરેલો પાંચભૌતિક દેહનો ત્યાગ. વિષ્ણુદત્તને સ્વરૂપાનંદ મુનિએ આ પ્રમાણે સાંખ્ય જ્ઞાનનો ઉપદેશ આપી, પોતાના યોગપ્રભાવથી તેના પુત્રના પ્રેત દેહના કરાવેલા દર્શન અને તેથી તેના શોકની થયેલી નિવૃત્તિ.

૫૯ વૈરાગ્ય ઉપજ્યાના હેતુરૂપ શરીરની રચના તથા શરીરના દોષોનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

૬૦ ગર્ભવાસ, જન્મ, જરા, મૃત્યુ તથા સંસારની ઉપાધિથી વળગેલા અનેક પ્રકારના દુઃખનું શ્રીહરિએ કરેલું વર્ણન.

૬૧ દેવ, મનુષ્ય, રાજા વગેરે સર્વ પંચવિષયના ભોગની આસક્તિથી દુઃખી છે, તેથી મારું સમીપપણું પામવાની ઈચ્છાવાળાએ વૈરાગ્યરૂપી ધર્મનું શરણું લેવાનો શ્રીહરિએ કરેલો ઉપદેશ.

૬૨ મૂર્તિમાન વૈરાગ્યે નિષ્કુળાનંદ મુનિને આપેલું દર્શન.

૬૩. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યના અંગ સહિત ભક્તિનું શ્રીહરિએ કહેલું માહાત્મ્ય. જુદા જુદા ભાવથી આચરણ કરેલી ભક્તિના બતાવેલા ભેદ.

૬૪ મન તથા ઈન્દ્રિયોને જીતી તત્ત્વવિત્ ત્યાગી બ્રહ્મસ્વરૂપ થઈ, પ્રસન્ન સ્વરૂપ બની, સ્થિરતા પ્રાપ્ત કરી, ભક્તિ કરે છે તે જ સાચો ત્યાગી છે એમ ઉપદેશ કરી ઈન્દ્રિયજીત થવાનો શ્રીહરિએ કરેલો નિર્દેશ.

૬૫ જીવોને સુખ આપનારા, એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટે આવશ્યક સત્કર્મરૂપી ધર્માખ્યાનનો શ્રીહરિએ કરેલો ઉપદેશ.

૬૬ શ્રીહરિએ વૃત્તાલયમાં આ પ્રકારે ઉત્સવ કરી ત્યાંથી કરેલું પ્રયાણ.

૬૭ જુદા જુદા ગામના ભક્તોએ શ્રીહરિને પોતાના ગામમાં પધરાવી શ્રીહરિનું કરેલું પૂજન તથા તેમની કરેલી સ્તુતિ વગેરેનું વર્ણન.

૬૮ ભૃગુકચ્છમાં ત્યાંના હરિભક્તોએ શ્રીહરિનું કરેલું સન્માન તથા પૂજન. ત્યાંથી નર્મદા પાર કરવા નૌકારોહણ કરી, અંકલેશ્વર પધારી ત્યાંથી તાપી પાર કરી અશ્વિનીકુમાર તીર્થમાં શ્રીહરિનું આગમન

૬૯ શ્રીહરિનું સુરતપુરમાં આગમન. સુરતપુરમાં શ્રીહરિનાં પ્રવેશનું તથા પુરની શોભાનું વર્ણન.

૭૦ શ્રીહરિનાં દર્શન માટે ઉત્સાહઘેલા બનેલા નગરજનોના ઉત્સાહનું વર્ણન તેમજ તેમણે કરેલી શ્રીહરિની સ્તુતિ.

સપ્તમ સ્કંધ સમાપ્ત

અષ્ટમ સ્કંધ

૨૪ જૂનાગઢના નવાબના આમંત્રણથી શ્રીહરિનું જૂનાગઢ જતા માર્ગમાં વાંકીયા, પીપળીયા, બંધીયા વગેરે ગામોમાં આગમન અને ત્યાંના ભક્તોએ કરેલી શ્રીહરિની સુશ્રુષા.

૨૫ શ્રીહરિનું ગોંડળપુરમાં આગમન. ત્યાંના ભૂપ રાજા હઠીસિંહે શ્રીહરિનું કરેલું સર્વોત્તમ સન્માન. શ્રીહરિની મહેલમાં પધરામણી અને નૃપતિએ કરેલી શ્રીહરિની સ્તુતિ. ગોંડળના હરિભક્તોએ શ્રીહરિની કરેલી અપૂર્વ સેવા. મતવાદી બ્રાહ્મણોનો શ્રીહરિએ કરેલો પરાજય. ગોંડળપુરથી નીકળી જેતપુરમાં શ્રીહરિએ કરેલું આગમન.

૨૬ શ્રીહરિનું જૂનાગઢમાં આગમન અને ત્યાંના નૃપતિએ કરેલું ભવ્ય સન્માન. જીર્ણદુર્ગપત્તન નગરીનું તથા ત્યાંના પૌરજનોના શ્રીહરિ પ્રત્યેના અપ્રતિમ ભાવનું અદ્‌ભૂત વર્ણન.

૨૭ પુરના ભક્તજનોએ શ્રીહરિની કરેલી અપૂર્વ સેવા. શ્રીહરિની નૃપતિના મહેલમાં ભવ્ય પ્રકારે થયેલી પધરામણી. નૃપતિએ શ્રીહરિનું કરેલું પૂજન તથા શ્રીહરિની ભક્તિભાવપૂર્વક કરેલી સ્તુતિ.

૨૮ પુરના ભક્તજનોએ શ્રીહરિની પોતપોતાને ઘેર કરેલી પધરામણી. આ પ્રસંગે પુરની સ્ત્રી ભક્તોએ ભક્તિભાવપૂર્વક શ્રીહરિને અર્પણ કરેલી ભેટો અને તે ભેટો અંતર્યામીપણે જાણે તેનો સ્વીકાર કરી શ્રીહરિએ તેમના પૂરેલા મનોરથો.

૨૯ મનોહર અને પ્રિય રૈવતાદ્રિએ શ્રીહરિની સન્મુખ આવી પોતાને પાવન કરવા શ્રીહરિને કરેલી સ્તુતિ. રૈવતાદ્રિની મનોહર શોભાનું વર્ણન અને રૈવતાદ્રિ જતા શ્રીહરિએ દામોદરકુંડમાં કરેલી સ્નાન વિધિ.

૩૦ દત્તાત્રેયની પ્રાર્થનાથી શ્રીહરિ રૈવતાદ્રિનું આરોહણ ન કરતાં પાછા ફરી ત્રિનેત્ર હાટકેશ્વરના મંદિરમાં પધાર્યા. અહીંના બ્રાહ્મણ પૂજારીનું દારિદ્રય ટાળી શ્રીહરિનું પોતાના સ્થાનમાં આગમન.

૩૧ મંકુભક્તે શ્રીહરિને સુગંધીમાન પુષ્પોના વાઘા તથા સર્વ આભૂષણો ધરાવ્યા અને તેથી અત્યંત દેદીપ્યમાન શ્રીહરિની મૂર્તિમાં સર્વ ભક્તોની ચિત્ત વૃત્તિની થયેલી સંલગ્નતા અને તેમને થયેલી સમાધિ.

૩૨ સમાધિસ્થ ભક્તોની સમાધિ સ્થિતિની રાજાએ કરેલી પરીક્ષા અને સમાધિની સત્યતાની તેને થયેલી પ્રતીતિ. શ્રીહરિનોં અદ્‌ભુત પ્રતાપ જોઈ વેરાગી બ્રાહ્મણોને થયેલી બળતરા. તેમનો શ્રીહરિએ કરેલો પરાભવ અને તેથી રોષે ભરાઈ

તેમણે મંત્ર વિદ્યાથી શ્રીહરિને મારવા મોકલેલા કાળભૈરવ, વીર વગેરેએ તેમનો જ કરેલો પરાભવ અને તેથી નમ્ર બની તેમણે કરેલી શ્રીહરિની સ્તુતિ.

૩૩ આ પ્રકારે શ્રીહરિએ જીર્ણદુર્ગપત્તન પુરમાં કરેલો શિવરાત્રીનો મહોત્સવ. જે ઉત્તમ બગીચામાં શ્રીહરિએ અનેક પ્રકારની લીલા કરી હતી ત્યાં શ્રી રાધિકારમણનું ભવ્ય મંદિર નિર્માણ કરવાનો આદેશ આપી શ્રીહરિએ ત્યાંથી કરેલું પ્રયાણ.

૩૪ દુર્ગપત્તન પધારેલા શ્રીહરિને બોટાદના સોમવર્મા તથા ભગાદોશી વગેરે ભક્તોએ બોટાદમાં ફુલદોલનો ઉત્સવ કરવા પધારવા આપેલું આમંત્રણ અને તેથી શ્રીહરિનું બોટાદમાં આગમન.

૩૫ બોટાદના હરિભક્તોએ શ્રીહરિની કરેલી અપૂર્વ સંભાવના.

૩૬ બોટાદપુરમાં શ્રીહરિએ કરેલો અદ્‌ભુત ફુલદોલોત્સવ. ત્યારબાદ સ્નાન ક્રીડા કરી સંતો, વર્ણિઓ, ભક્તો વગેરેને સુંદર ભોજન પીરસીને કરેલી અદ્‌ભુત લીલા.

૩૭ વૃત્તાલયપુરના ભક્તોના આમંત્રણથી વૃત્તાલયમાં હરિનવમીનો ઉત્સવ કરવા આવતા માર્ગમાં ઝીંઝાવદર, જમરાળા, ચોકળી, ધોળેરા, મોટીબોરુ, ગોરાડ, મોરાજ, ઉટવાળા, રામોલડી, બોચાસણ વગેરે ગામોમાં થઈને વરતાલ પુરમાં શ્રીહરિનું આગમન.

૩૮ સુંદર આંબાવાડિયામાં શ્રીહરિ તથા સર્વ સંતો, પાર્ષદોએ કરેલો ઉતારો. શ્રીહરિએ ભોજન કરી સર્વ સંત, પાર્ષદોને યથાયોગ્ય પીરસીને સભામાં પધારી કરેલી ઉપદેશ વાતો તથા ઉત્સવ ઉપર આવતા હરિભક્તોની શ્રીહરિએ કરેલી સંભાવના.

૩૯ હરિનવમીના ઉત્સવ પ્રસંગે શ્રીહરિ ઉત્તમ હિંડોળામાં બિરાજી અનેક ભક્તોને આપેલા દિવ્ય દર્શન. ભાવિક ભક્તોને શ્રીહરિનાં દર્શનથી થયેલી સમાધિ અને શ્રીહરિનાં અનેક સ્વરૂપોનું થયેલું દર્શન.

૪૦ શ્રીહરિએ અહીં ગર્વિષ્ઠ વેદાન્તાચાર્યનો કરેલો પરાજય.

૪૧ ભરૂચના ચાર ધનાઢ્ય વણિક ભક્તોએ શ્રીહરિનોં પ્રતાપ સાંભળી તથા શાસ્ત્રમાંથી ભગવાનના લક્ષણ જાણી શ્રીહરિનોં કરેલો નિશ્ચય તેમજ આ પ્રસંગે આણંદના ગર્વિષ્ઠ બ્રાહ્મણને શ્રીહરિએ પોતાનો પ્રતાપ જણાવી કરાવેલો પોતાનો નિશ્ચય. વળી સોજિત્રાની બ્રાહ્મણ સ્ત્રીનું મંત્રતંત્રના જોરથી શ્રીહરિને હણવાની ઇચ્છાથી ત્યાં આગમન અને શ્રીહરિએ તેનું પાપ ખુલ્લું કરી તેને પોતાના નિશ્ચય કરાવી

વિષે અચળ નિષ્ઠા અને એકાંતિક ધર્મના અનુસરણ માટેનો શ્રીહરિએ સંતોને કરેલો ઉપદેશ.

૫૫ શ્રીહરિએ આ પ્રસંગે કરેલો રંગોત્સવ. સાબલી નદીમાં શ્રીહરિ તથા સંતોએ કરેલી જળક્રીડા. ત્યારબાદ શ્રીહરિએ સંતો, વર્ણિઓ તથા હરિજનોને આ પ્રસંગે મોતીયા લાડુ પીરસીને કરેલી અલૌકિક લીલા.

૫૬ હેમંતસિંહ રાજાએ આ પ્રસંગે શ્રીહરિનું કરેલું પૂજન અને સ્તુતિ. આ પ્રસંગે અન્ય ભક્તોએ પણ શ્રીહરિનું વસ્ત્ર અલંકાર, ભૂષણો વગેરેથી કરેલું પૂજન.

૫૭ શ્રીહરિએ પંચાળા ગામના તમામ લોકોને ઘી, ગોળ અને ભાતનું કરાવેલું મિષ્ટ ભોજન. પંચાળાથી શ્રીહરિનું પ્રયાણ અને વણથલી થઈને જીર્ણદુર્ગપત્તનમાં આગમન. શ્રીહરિએ પોતાના સંબંધથી અહીંના તીર્થોને પાવન કરી તીર્થોને આપેલું નવીન તીર્થત્વ.

૫૮ શ્રીહરિનાં જન્મોત્સવ પ્રસંગે હરિભક્તોએ વિશાળ મંડપમાં બાંધેલા હિંડોળા ઉપર શ્રીહરિને પધરાવી કરેલો ઉત્સવ.

૫૯ ઉનામાં ત્યાંના ગણેશ ભક્તે શ્રીહરિનું કરેલું પૂજન. શ્રીહરિની સમીપે દ્વારિકાથી મૂર્તિમાન ગોમતી વગેરે તીર્થોએ કરેલી સ્તુતિ અને શ્રીહરિએ તેમને પોતાના સ્થાનમાં પધરાવવા આપેલું વચન.

૬૦ પૂર્ણિમાની રાત્રીએ શ્રીહરિએ સાધુઓના રાસમંડળમાં ફરી હલ્લીસ પદોનું કરાવેલું વદન. શ્રીહરિની રમણીય મૂર્તિનું આ પ્રસંગે કરેલું અદ્‌ભુત વર્ણન.

● અષ્ટમ સ્કન્ધના અધ્યાયો તથા શ્લોકોની સંખ્યા સૂચી.

અષ્ટમ સ્કન્ધ સમાપ્ત


શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથના છઠ્ઠા સ્કન્ધની અવતરણિકા

અત્યંત શોભાયમાન છે મંગળ મૂર્તિ જેમની એવા, સ્વાશ્રિતોના દુઃખોને નાશ કરનારા, સર્વ ઈશ્વરોના પણ અધીશ્વર, વિવિધ લીલાઓમાં કૌશલ્ય હોવાથી જેમનો સ્વભાવ શોભે છે એવા, અને જેમનાં દર્શનથી સમગ્ર ક્લેશો નાશ પામે છે એવા, કાળરૂપી મહાસર્પના ભયને નાશ કરનારા, પોતાના શરણે આવેલા જનોને અત્યંત શાંતિ આપનારા અને મુક્તોએ નમસ્કાર કરાયેલા એવા ધર્મના પુત્ર શ્રીસહજાનંદ શ્રીહરિને હું હંમેશા નમસ્કાર કરું છું.

પ્રસ્તુત છઠ્ઠા સ્કંધના ૨૯ ઓગણત્રીસ અધ્યાયો છે, તેમાનાં પ્રથમ અધ્યાયમાં ઉત્તમ રાજાએ કરેલા શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં પૂજનનું વર્ણન છે. બીજા અધ્યાયમાં શ્રીહરિકૃષ્ણ ભગવાન વડે કરવામાં આવેલા પરિવેષણનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં ઉત્તમ નૃપતિની બહેનો વડે કરવામાં આવેલા હરિપૂજનનું વર્ણન છે. ચોથા અધ્યાયમાં જન્માષ્ટમી આદિ મહોત્સવનું વર્ણન છે. ત્યાર પછીના અરાઢ અધ્યાયોમાં અન્નકૂટ મહોત્સવનું વર્ણન છે, અને ત્યાર પછીના સાત અધ્યાયોમાં દેવપ્રબોધિની-મહોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. આવી રીતે પરમકલ્યાણકારી, શ્રવણ-કીર્તનથી પરમ મંગલ ઉપજાવનારા ઓગણત્રીસ અધ્યાયોમાં ષષ્ઠ સ્કન્ધ પૂર્ણ થાય છે.

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ

શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ



અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ પોતાનાં બંધુઓની તથા મુનિઓની સાથે ગઢપુરમાં વસી પોતાનાં ભક્તોને હંમેશા આનંદ કરાવતા હતા. (૧)

ત્યાં સભાના મધ્ય ભાગમાં, અતિ શ્રેષ્ઠ પોતાનાં આસનમાં બિરાજીને શ્રીહરિ હંમેશાં ધર્માદિ વાર્તાઓ કરતા હતા. (૨) ઉત્તમ વગેરે ભક્તો પ્રતિદિન પુષ્પના હાર, તોરા, બાજુ બંધ, ગુચ્છો તેમજ ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારનાં સુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. જયા વગેરે સ્ત્રી ભક્તો ભક્તિ પૂર્વક શ્રીહરિની પૂજા ઉત્તમ રાજા તથા અન્ય ભક્તોની માફક જ કરતા હતા. (૩, ૪)

શ્રીહરિ તેમજ શ્રીહરિનાં બંધુઓ તથા તેમનાં પુત્રો વગેરેનાં દર્શન કરવામાં લાલસાવાળા વર્ણીઓ તથા મુનિઓ તેમજ ઉત્તમ રાજા વગેરે ભક્તોથી યુક્ત તે સભામાં પોતાનાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિનાં સભામાં બેઠેલા વર્ણીઓ તથા મુનિ વગેરે ચકોર પક્ષી ચંદ્રને જેમ જુએ તેમ આદરપૂર્વક દર્શન કરતા હતા. (૫, ૬)

જયા, લલિતા, રમા વગેરે ભક્ત સ્ત્રીઓ દૂર બેસીને શ્રીહરિનાં દર્શન કરતી ચિત્રની માફક સ્થિર થઈ ગઈ. (૭) તે સભામાં યોગ્યતા પ્રમાણે બેઠેલી અને જયા તથા અન્ય સ્ત્રીઓ જેમનું સદા સન્માન કરે છે તે અયોધ્યાવાસી સુવાસિની વગેરે સ્ત્રીઓ હર્ષપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવા લાગી. (૮)

ઉત્તમ રાજા આદિ ભક્તો તથા જયા વગેરે સ્ત્રી ભક્તોની અનન્ય ભક્તિથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૯) ગઢપુરમાં ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિ, નાના આત્માનંદ સ્વામી શ્રીમદ્‌ભાગવતની કથા વાંચતા તે હંમેશાં પ્રીતિથી સાંભળતા હતા. (૧૦)

એક સમયે શ્રીહરિ સવારમાં સમગ્ર નિત્યવિધિ કરીને રાજાના મહેલની બહાર વેદી ઉપર સુંદર આસનમાં બિરાજ્યા હતા. (૧૧) તેટલામાં શુભ ગુણોવાળા શ્રીહરિનો બંધુઓ તથા તેમનાં પુત્રો, વર્ણીમંડળ તથા મુનિ વગેરે સભામાં આવીને યથાયોગ્ય બેઠા હતા. (૧૨) પછી ઉત્તમ રાજા નાના પ્રકારનાં ઉપચારો લઈને શ્રીહરિનું પ્રતિદિન કરવા યોગ્ય પૂજન કરવા માટે સભામાં આવ્યા. (૧૩)

ઉત્તમ રાજાએ આંબાના પાકાં અને મોટાં ફળો અને પાકાં જાંબુથી ભરેલા સુવર્ણ પાત્રો શ્રીહરિની આગળ મૂક્યા. (૧૪) સાધુજનોને આનંદ કરાવનાર તથા જગદ્ગુરુ, અવતારી પોતાનાં ઈષ્ટદેવ એવા ધર્મના પુત્ર શ્રીહરિને ઉત્તમ રાજા નમસ્કાર કરીને પછી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૫)

શ્રીહરિનાં અતિ સુંદર લલાટમાં ઉત્તમ રાજા સુગંધિમાન ચંદનથી પત્રના આકારવાળી રેખાઓ તથા તેના મધ્યભાગમાં કુંકુમનો ચાંદલો કરતા હતા. (૧૬) શ્રીહરિનાં અંગોમાં આનંદ પૂર્વક મલયાગર ચંદન ચર્ચિને, કુંકુમના ગોળ ચાંદલાઓ શ્રીહરિનાં અંગોમાં કરતા હતા. (૧૭) રાજા પોતાનાં હૃદયાદિ અંગોમાં ચંદનથી લેપાયેલા શ્રીહરિનાં બંને ચરણકમળો રોમાંચિત શરીરવાળા થઈને પરમાનંદ પૂર્વક ધારણ કરતા હતા. (૧૮)

પછી ઉત્તમ રાજા વિવિધ પ્રકારનાં સુગંધિ પુષ્પોના બાજુબંધ, કંકણ, કુંડળ, ગુચ્છો તથા હાર શ્રીહરિનાં અંગોમાં ધારણ કરાવતા હતા. (૧૯) તે રાજાએ અતિશય સુગંધિવાળા પુષ્પોની પાઘ, સુંદર ચાદર, રમણીય કંદોરો તથા ઝાંઝર શ્રીહરિનાં અંગોમાં ધારણ કરાવ્યા. (૨૦)

ઉત્તમ રાજા પરમેશ્વર શ્રીહરિને ધૂપ દીપાદિ ઉપચારોથી પૂજીને મહા નિરાજન કરતા હતા. (૨૧) પછી અત્યંત પ્રસન્ન થયેલા ઉત્તમ રાજા સત્પતિ શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિનાં મુખકમળના દર્શન કરતા શ્રીહરિની સમીપે બેઠા. (૨૨)

તેટલી વારમાં મુકુંદાનંદ વર્ણીરાજ ઉત્તમ રાજાએ લાવેલા આંબાનાં પાકાં ફળો તથા જાંબુડા વિષ્ણુને નિવેદન કરીને આનંદ પૂર્વક શ્રીહરિની સમીપે લાવ્યા. (૨૩)

પછી સ્વયં શ્રીહરિએ પોતાનાં બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામ તથા તેમનાં પુત્ર નંદરામ, ગોપાળ વગેરેને આંબાના ફળો તથા જાંબુડા આપ્યા. (૨૪) હે રાજન્ ! તે પ્રમાણે સભામાં બેઠેલા પોતાનાં આશ્રિત વર્ણી મુકુંદાનંદ, જયાનંદ વગેરે બ્રહ્મચારીઓ તથા મયારામ દીનાનાથ, પ્રયાગજી વગેરે બ્રાહ્મણોને તેમની રુચિ પ્રમાણે શ્રીહરિએ ફળો આપ્યાં. (૨૫)

પછી શ્રીહરિ ભક્તોને દર્શન આપતા સુંદર રસવાળાં આમ્રફળ પોતાનાં બે હાથમાં લઈ, અતિ ચતુરાઈ પૂર્વક ચૂસતા હતા. (૨૬) ભગવાન શ્રીહરિ આંબાના ફળોમાંથી થોડા ફળો એક હાથથી લઈને પોતાનાં અતિમનોહર મુખમાં મૂકીને ચૂસતા હતા. (૨૭)

હે રાજન્ ! સહજાનંદ નામવાળા શ્રીહરિ તે આંબાના ફળો બંને હાથથી પોતાનાં મુખમાં મૂકીને ચૂસતા હતા. (૨૮) શ્રીહરિ પોતાનાં હોઠ વગેરે અંગમા તે ફળનો રસ લગાર પણ ન ચોંટે તેવી રીતે

ચતુરાઈ પૂર્વક તે ફળો ચૂસતા હતા. (૨૯) શ્રીહરિએ બે ત્રણવાર ફળનો રસ ચૂસ્યો તેથી તે ફળમાં રસ બાકી ન રહ્યો. શ્રીહરિની એ અનુપમ ચતુરાઈ હતી. (૩૦)

સભામાં બેઠેલા તેમનાં આશ્રિત જનો શ્રીહરિની અતિ સુંદર ચતુરાઈ જોઈને અત્યંત વિસ્મય પામ્યા. (૩૧) શ્રીહરિ પોતાની પ્રસાદીના ફળો મુક્તાનંદ, સ્વરૂપાનંદ, તથા કૃપાનંદમુનિને આપતા હતા. (૩૨)

પ્રભુ શ્રીહરિ વ્યાપકાનંદમુનિ, કૃષ્ણાનંદમુનિ તથા ગોપાળાનંદમુનિને આનંદ પૂર્વક આંબાના ફળો આપતા હતા. (૩૩) શ્રીહરિએ પોતાની પ્રસાદીના ફળો નિત્યાનંદ, બ્રહ્માનંદ, ચૈતન્યાનંદ અને મોટા આત્માનંદ સાધુઓને પણ આપ્યા. (૩૪)

આનંદાનંદ, મહાનુભાવાનંદ, સર્વજ્ઞાનંદ, ભગવદાનંદ, અદ્‌ભુતાનંદ, સચ્ચિદાનંદ, સ્વયંપ્રકાશાનંદ, ગુણાતીતાનંદ અને મને (શુકાનંદ મુનિને) પણ પ્રીતિપૂર્વક શ્રીહરિએ પોતાનાં પ્રસાદીભૂત ફળો આપ્યાં. (૩૫, ૩૬, ૩૭)

તેમજ નિષ્કુળાનંદ મુનિ, નૃસિંહાનંદ મુનિ, અચિંત્યાનંદ મુનિ, સંસ્કૃત કવિ યોગાનંદ તથા આત્માનંદ, અક્ષરાનંદ વગેરે સાધુઓને પણ શ્રીહરિએ પ્રસાદીનાં ફળો આપ્યાં. (૩૮, ૩૯)

શ્રીહરિ આંબાનું ફળ ચૂસીને વારંવાર બ્રહ્માનંદ મુનિના વક્ષઃસ્થળમાં તથા ઉદરમાં હસતા હસતા હાથ વડે ફેંકતા હતા. (૪૦) શ્રીહરિએ ફેંકેલાં ફળો જ્યારે મુનિના અંગનો સ્પર્શ કરી બીજા ઠેકાણે પડતા હતા તે વખતે બીજા મુનિ તે ફળો તત્કાળ ઉપાડી લઈને તેનો રસ ચાખતા હતા. (૪૧)

તે વખતે શ્રીહરિનાં સખા બ્રહ્માનંદ હસતા હસતા બોલ્યા, હે સ્વામિન્ ! ફળનો રસ તો આનંદથી બીજા મુનિ જ લે છે; (૪૨) પરંતુ પ્રહારતો મને જ થાય છે. આવી રીતે તેમનું વચન સાંભળીને પ્રભુ શ્રીહરિ હસતા હસતાં બ્રહ્માનંદ મુનિને આનંદપૂર્વક ફરીથી પોતે ચાખેલા ફળો આપતા હતા. (૪૩)

સત્પુરુષોના પતિ શ્રીહરિએ ઉત્તમ રાજાને પોતાની પ્રસાદીનાં ફળો આપ્યાં તથા નાંગમાલ વગેરે પોતાનાં આશ્રિત જનોને પણ આપ્યા. (૪૪)

પછી દયાસાગર શ્રીહરિએ પોતાનાં પ્રસાદી ભૂત સુંદર ફળો જયા, લલિતા વગેરે માટે ઉત્તમ રાજાને આપ્યાં. (૪૫) આશ્રિત વત્સલ પરમેશ્વર શ્રીહરિએ પોતાની પ્રસાદીના ફળો સોમલા ખાચર તથા સુરા ખાચર વગેરે પાર્ષદોને પણ હર્ષપૂર્વક આપ્યાં. (૪૬)

સદા આનંદમૂર્તિ શ્રીહરિએ હસતાં હસતાં પોતાનાં ભક્તોને આનંદ પમાડતા પ્રીતિથી પોતે ચૂસેલું ફળ સૂરા ખાચરની ફાંદમાં ફેંક્યું. ત્યારે પાર્ષદ સુરા ભક્તે પોતાની કાઠીની જાતને અનુસરી યોગ્ય વચનોથી પોતાનાં ઈષ્ટ શ્રીહરિને તેમજ બીજા સભાસદોને હસાવ્યા. (૪૭, ૪૮)

હે રાજન્ ! આવા પ્રકારનોં બ્રહ્માદિને પણ અલભ્ય એવો અવતારી શ્રીહરિનાં પ્રસાદ હંમેશા પામનારા ભક્તોનાં ભાગ્યના હું શું વર્ણન કરું ? (૪૯)

પછી શ્રીહરિ પાકેલા મોટાં જાંબુડા જમીને પોતાની પ્રસાદીભૂત જાંબુડા પોતાનાં સમગ્ર ભક્તોને આપતા હતા. (૫૦)

હે રાજન્ ! પછી શ્રીહરિ ઉત્તમ રાજાને પ્રેમથી આ પ્રમાણે કહેતા હતા. હે રાજન્ ! મારા પ્રસાદીના, મેં સ્નેહથી આપેલાં આંબાના ફળોના જે બી (ગોટલા) છે તે બધા બી મારી આજ્ઞાથી લક્ષ્મીવાડીમાં તથા રાધાવાડીમાં પ્રેમથી તમારે વવડાવવા. (૫૧, ૫૨, ૫૩)

પછી ઉત્તમ રાજાએ હાથ જોડીને હર્ષપૂર્વક હે પ્રભો ! જેમ આપ કહેશો તે પ્રમાણે કરીશ એમ શ્રીહરિને કહ્યું. પછી પ્રભુ શ્રીહરિએ પ્રસન્ન થઈને ઉત્તમ રાજાને પુષ્પના હાર આપ્યા. (૫૪) પછી ઉત્તમ રાજા પ્રસાદીના ફળો લઈને શ્રીહરિને નમસ્કાર કરીને સેવકો સાથે મહા આનંદ પૂર્વક પોતાનાં ભુવનમાં ગયા. (૫૫)

પછી પ્રભુ શ્રીહરિ પોતે ખાધેલાં મોટા જાંબુના બીને પોતાનાં મહેલની ઉત્તર દિશામાં વવડાવતા હતા. (૫૬) હે રાજન્ ! તે બીમાંથી મહાપુણ્યમય જાંબુડાનું વૃક્ષ થયેલુ શ્રીહરિનાં ચરણકમળના જળ વડે હંમેશા વૃદ્ધિ પામતું હતું. (૫૭)

શ્રીહરિ તે જાંબુડાના મૂળમાં બેસીને હંમેશા સ્નાન કરતા હતા. ક્યારેક તો તે વૃક્ષની નીચે સિંહાસનમાં બિરાજી કથા કરાવતા હતા. (૫૮)

હે રાજન્ ! આવી રીતે એકાંતિક ભક્તોએ ભક્તિપૂર્વક આપેલા નાના પ્રકારનાં દાડમ વગેરે ફળોને પ્રભુ શ્રીહરિ જમતા હતા. (૫૯)

શ્રીહરિ આ પ્રકારે વિવિધ પ્રકારની સુમંગળ લીલાઓ ભક્તોને આનંદ પમાડતા, જીવોની આત્યંતિક મુક્તિ માટે, હંમેશા કરતા હતા. (૬૦) દુર્ગપત્તનમાં અનેક દિવસોમાં કરેલી આ પ્રકારની લીલાઓમાં મેં તો એક દિવસની આ લીલા તમોને સંક્ષિપ્તથી કહી. તે સમગ્ર લીલા કહેવા માટે કોઈ પણ સમર્થ નથી. અરે, બ્રહ્મા પણ તે કહેવા સમર્થ નથી. (૬૧)

હે રાજન્ ! ધર્મના પુત્ર પુરુષોત્તમ શ્રીહરિની ઉક્ત પ્રકારે વર્ણવેલી ફળ ચૂસણાદિ રૂપ અતિશુભ ચરિત્રનું આ લોકમાં જે જન પ્રીતિપૂર્વક વર્ણન કરશે અને જે આદરપૂર્વક તેને સાંભળશે, તે બંને જણ સમગ્ર અર્થની સિદ્ધિ તથા સુખ પામશે જ. (૬૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપસંવાદમાં શ્રીહરિએ આમ્રફળ ચૂસવાની લીલા કરી તેના વર્ણનનો પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક વખત પોતાની બહેન જયા તથા લલિતાએ પ્રેરણા કરી તેથી ઉત્તમ રાજા આનંદથી શ્રીહરિ પાસે ગયા. (૧) ઉત્તમ રાજા ભક્તિથી પ્રભુ શ્રીહરિને અત્યંત પ્રર્થના કરીને હાથ જોડી આદરપૂર્વક વિનયથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨)

હે ભગવાન્ ! હે સ્વામિન્ ! આવતી કાલે આપ તથા આપના બંધુજનોને જમવા માટે આપની સેવામાં ઉત્સાહવાળો હું, નિમંત્રણ આપું છું. (૩)

તેથી આપ બંધુઓની સાથે આવતી કાલે સાકર અને ઘીની સાથે આંબાના ફળોના રસ, પુરીઓ તથા અન્ય વાનગીઓ જમો. (૪) અમારા ઘરની બહાર ઓસરીમાં સમગ્ર સાધુઓને તથા સુરા ભક્ત, સોમા ભક્ત, વગેરે પાર્ષદોને બેસાડી આપ સર્વને પીરસીને હે પ્રભો ! પુષ્કળ જમાડો. (૫) આવી રીતે આપને તથા આપના બંધુજનોને તેમજ વર્ણીઓ વગેરેને જમાડવાની મારી બંને બહેનોની ઘણી જ ઈચ્છા છે. (૬) તેથી હે ભૂરિ દયાસિંધો ! હે પ્રભો ! આપના દાસ એવા મારી આ પ્રાર્થનાનો આપ કૃપા કરી સ્વીકાર કરો. (૭)

ઉત્તમ રાજાની આ પ્રકારે પ્રાર્થના સાંભળીને સ્વયં શ્રીહરિ 'બહુ સારું' એમ બોલ્યા. પછી પ્રસન્ન થયેલા તે રાજા શ્રીહરિને નમસ્કાર કરીને પોતાનાં સ્થાનમાં ગયા. (૮) પછી ઉત્તમ રાજા હર્ષ પામીને શ્રીહરિએ કહેલું જે વચન તે જયા વગેરેને કહેવા લાગ્યા. જયા વગેરે તે સાંભળીને અત્યંત આનંદ પામ્યા. (૯)

પછી ઉત્તમ રાજા મુનિ વગેરેને માટે બ્રાહ્મણો પાસે પ્રીતિપૂર્વક પાક કરાવતા હતા તથા વર્ણીઓ માટે પાક બ્રહ્મચારીઓ પાસે કરાવતા હતા. (૧૦) ઉત્તમ રાજા શ્રીહરિને માટે અને તેમનાં બંધુજનો માટે રસોઈ કરવા ઈચ્છારામના ભુવનમાં પાકની સામગ્રી મોકલતા હતા. (૧૧)

તે રાત્રિ વ્યતીત થઈ એટલે પ્રાતઃકાળમાં મુકુંદાનંદ વર્ણીરાટ્ પવિત્ર જળથી શ્રીહરિને હર્ષપૂર્વક સ્નાન કરાવતા હતા. (૧૨)

પછી શ્રીહરિએ ધોયેલા ભીના શુદ્ધ રુમાલથી પોતાનાં અવયવોને સાફ કરીને વર્ણી મુકુંદાનંદે આપેલું મહામૂલ્યવાળું રેશમી સુંદર પીતાંબર કેડ્ય ઉપર પહેર્યુ. (૧૩)

બીજું લાલ રેશમી વસ્ત્ર ઓઢીને, બંને ચરણોમાં પાદુકા પહેરીને, શ્રીહરિ પૂજા સ્થાનમાં પધાર્યા. (૧૪) પછી નર નાટ્ય ધારણ કરનારા ધર્મ ધુરંધર શ્રીહરિ બાજોઠ ઉપર બિરાજી પોતાનો સર્વે નિત્ય વિધિ કરતા હતા. (૧૫) તેટલામાં ઈચ્છારામ જમવા માટે શ્રીહરિને આદરપૂર્વક બોલાવવા આવ્યા અને પોતાનાં બંધુ અચ્યુત શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૬)

હે હરે ! રસોઈ તૈયાર થઈ છે. માટે જમવા પધારો બધાય (મોટાભાઈ વગેરે) આપની પ્રતીક્ષા કરે છે. (૧૭)

ભગવાન શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને, તત્કાળ પાવડીઓ પહેરીને, જમવા માટે પોતાનાં

ભાઈના ભુવનમાં પધાર્યા. (૧૮) શ્રીહરિ ઈચ્છારામની સાથે ઈચ્છારામના ભુવનમાં પધાર્યા. પછી સિતારામે શ્રીહરિનાં ચરણ કમળ જળથી આનંદપૂર્વક ધોયા. (૧૯)

વૃંદાવને શ્રીહરિને માટે શ્રેષ્ઠ બાજોઠ મૂક્યો. તેથી બંધુઓએ જેમનું સન્માન કર્યું છે તે શ્રીહરિ બાજોઠ ઉપર બિરાજ્યા. (૨૦)

પછી બદરીનાથ પવિત્ર જળના ભરેલા પવાલા સાથે સુવર્ણ કળશ શ્રીહરિની સમીપમાં મૂકતા હતા. (૨૧) શ્રીહરિ માટે પ્રેમથી સુવર્ણમય મોટો થાળ ચોખંડા સુંદર બાજોઠ ઉપર ગોપાળે મૂક્યો. (૨૨) તે મોટા થાળમાં વિવિધ પ્રકારની સોનાની વાટકીઓ યથાયોગ્ય ગોપાળે મૂકી. (૨૩)

તેટલામાં સ્નાન કરીને પીતાંબર ધારણ કર્યા છે જેમણે એવા શ્રીહરિનાં બંને બંધુઓ આવીને આનંદથી શ્રીહરિનાં પડખે રહેલા બાજોઠ ઉપર બેઠા. (૨૪)

સ્નાન કરી જેમણે રેશમી વસ્ત્રો ધારણ કર્યાં છે એવા મામા વગેરે સ્વજનો પણ આસનો ઉપર યથાયોગ્ય બેસતા હતા. (૨૫)

પછી શ્રીહરિનાં થાળમાં ઘીમાં બોળેલી રોટલી તથા સુંદર પૂરીઓ રઘુવીરજી પહેલાં પીરસતા હતા. (૨૬) તે પ્રકારે ઘી, જીરુ, ધાણા, લવીંગથી વઘારેલાં નાના પ્રકારનાં ઉત્તમ શાક આદરપૂર્વક પીરસતા હતા. (૨૭)

વિવિધ પ્રકારનાં ભજિયાં તથા રાયતાં, નાના પ્રકારની ભાજી તથા પાપડ પણ રઘુવીરજી પીરસતા હતા. (૨૮) ઘી, મરચાં, અજમો વગેરેથી સંસ્કાર કરેલા વાલ, વટાણા તથા ચણા તેમજ વિવિધ પ્રકારનાં અથાણાં રઘુવીરજી પ્રીતિથી પીરસતા હતા. (૨૯)

પછી રઘુવીરજી સોનાના વાટકામાં કેરીનો રસ પીરસીને તાજું ઘી અને ધોયેલી સાકર તે રસમાં પીરસતા હતા. (૩૦)

સોનાના પાત્રમાં રસ પીરસતા રસયુક્ત પાત્રમાં આધાર અને આધેય એકરૂપ થઈ જવાથી (સોનાના વાટકાનો અને રસનો રંગ એક જ હોવાથી એકરૂપ જેવો જણાતો હતો) સોનાના પાત્રમાં રસ હોવાથી આ રસનું જ પાત્ર છે ? એવો જોનારા મનુષ્યોને સંશય ઉત્પન્ન થયો. પરંતુ રસમાં ઘી પીરસ્યું તેનું રસની સાથે મિશ્રણ થવાથી રસનો વર્ણ ફરી ગયો એટલે સોનાનો વાટકો તથા રસ જુદાં જણાયા અને સૌનો સંશય નાશ પામ્યો. (૩૧)

રઘુવીરજી તુવેરની દાળ, મગ, અડદ, ચોળા વગેરેની દાળ તથા ફુલવડી, કઢી, કમોદનો ભાત વગેરે પીરસતા હતા. એલચીવાળું ઉનું કરેલું સાકર યુક્ત દૂધ તથા સાકર યુક્ત દહીં પણ પીરસતા હતા. (૩૨)

પછી જમવા માટે બેઠેલાઓ જે પ્રેમપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા ને રામપ્રતાપ વગેરે સૌને મહા બુદ્ધિશાળી રઘુવીર યથા યોગ્ય પીરસતા હતા. (૩૩)

પછી ભગવાન શુભ અપોશનવિધિ કરી, પોતાનાં બંધુઓની સાથે તેમને આનંદ આપતા જમતા

હતા. (૩૪) રમણીય બાજોઠ ઉપર બિરાજેલા, પોતાનાં અતિ સુંદર ડાબા પગને સંકોચીને જમણા પગને ઊભો રાખીને, જમણા પગના ઢીંચણ ઉપર પોતાનો જમણો હાથ મૂકી સર્વેશ્વર, પૂર્ણકામ, અતિ પ્રસન્ન થયેલા પોતાનાં ભક્તોએ દર્શન કર્યા છે. તે અતિ સુંદર શ્રીહરિ, મધુર અને શુદ્ધ જળ વારંવાર પીતા પીતા જમતા હતા. (૩૫)

કેડ્યમાં, મહામૂલ્યવાળા પીળા રેશમી વસ્ત્ર ધારણ કરતા, બંને કાનની પાછળ રહેલાં લાલ વર્ણના રમણીય ખેસને પોતાનાં શરીર ઉપર ઓઢતા, દર્શન કરવા યોગ્ય નીલ એવા વિશાળ લલાટના મધ્યમાં ગોળ ચાંદલાએ સહિત કેસરનું તિલક ધારણ કરતા શ્રીહરિ, તે સમયે અત્યંત શોભતા હતા. (૩૬)

ભગવાન સ્વયં શ્રીહરિ, સુંદર સાકર તથા ઘી કેરીના રસની સાથે મેળવીને સુંદર રોટલી તથા પૂરીઓ તથા વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ ભોજનો જમીને, કઢીની સાથે તથા દાળની સાથે કમોદનો ભાત જમીને સાકરની સાથે દૂધ તથા સાકર સાથે દહીં, ભાત મેળવીને શ્રીહરિ જમતા હતા. (૩૭)

પછી તૃપ્ત થયેલા શ્રીહરિ બંને હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. હે રાજન્ ! તેવી જ રીતે તેમનાં બંધુજનો પણ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. પછી શ્રીહરિએ ઈચ્છારામે હર્ષપૂર્વક આપેલો ઉત્તમ મુખવાસ આનંદપૂર્વક ગ્રહણ કર્યો. હે રાજન્ ! પછી તે સર્વે ઉત્સાહથી મુખવાસ જમતા હતા. (૩૮)

ભક્તોના ઉપર અનુગ્રહ કરવામાં તત્પર શ્રીહરિ તેમનાં ભુવનમાંથી નીકળીને ચપળ, શોભાયમાન ગતિવાળા, ચટ્ચટ્ પાદુકાના ધ્વનિ સહિત ચાલતા ભક્તોના સમુદાયોથી વીંટાયેલા, કટિ પ્રદેશમાં હાથ મૂકીને સુંદર જમણો હાથ હલાવતા સ્વયં શ્રીહરિ વર્ણીઓના રસોડામાં પધાર્યા. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં ઉત્તમ રાજાએ યોજના કરેલી શ્રીહરિની ભોજન લીલા નિરૂપણનો બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી સર્વ વર્ણીઓ શ્રીહરિને જોઈને પ્રાણના સંચારથી દેહ જેમ તત્કાળ ઊભો થાય તેમ ઊભા થઈને શ્રીહરિને હર્ષથી પ્રણામ કરવા લાગ્યા. (૧) ચપળ અને સુંદર છે પદવિન્યાસો જેમનાં એવા શ્રીહરિ, વર્ણીઓની પાકશાળા જોતા હતા તથા તેમાં આવેલા વર્ણીઓની પંક્તિ જોતા હતા. (૨)

હંમેશા શ્રીહરિની સમીપની સેવામાં તત્પર નૈષ્ઠિક વૃંદોમાં અગ્રેસર-મુકુંદાનંદ વર્ણી હાથ જોડીને આ પ્રકારે શ્રીહરિને કહેવા લાગ્યા. (૩) હે કૃપાનાથ ! અહીં વર્ણીઓ જમવા માટે બેઠા છે. તે સર્વે આપના હાથની પ્રસાદીનો આમ્રરસ ઈચ્છે છે. (૪) તેથી હે સ્વામિન્ ! રસોડાની બહાર રાખેલો આંબાનો રસ કૃપાથી આમના પાત્રોમાં પીત્તળના ડંકાથી આપ તેમને પીરસો. (૫)

આ પ્રમાણે તેમનું વાક્ય સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ સ્વયં તે વર્ણીઓને રસ પીરસવા તૈયાર થયા. (૬) ઈશ્વર શ્રીહરિ હાથમાં રસ પીરસવા માટે મોટી કડછી (ડંકો) લઈને તે પાત્રમાં રસ ભરીને તે પાત્રથી પીરસતા વર્ણીઓના પાત્રો ભરી દેતા હતા. (૭) વર્ણીઓના પાત્રો ભરતા તે રસ આમ તેમ પૃથ્વી ઉપર પણ પડતો હતો, છતાં પણ શ્રીહરિ હસતા હસતા રસ પીરસતા હતા. (૮)

હે ભૂપતે ! પછી ઈશ્વર શ્રીહરિ વર્ણીઓના રસથી ભરેલા પાત્રોમાં તાજું ઘી તથા સાકર અત્યંત હર્ષથી પીરસતા હતા. (૯) પછી શ્રીહરિ પુરીઓ વગેરે ભોજ્ય પદાર્થો મુકુંદાનંદ, જયાનંદ, ગોપાળાનંદ, વાસુદેવાનંદાદિ બ્રહ્મચારીઓ પાસે પીરસાવતા હતા. પછી શ્રીહરિની આજ્ઞાથી તે સમગ્ર વર્ણીઓ જમતા હતા. (૧૦)

તેટલામાં ઉત્તમ રાજાએ આનંદપૂર્વક આમંત્રેલા સમગ્ર સાધુઓ તથા પાર્ષદો ઉત્તમ નૃપતિને ઘેર જમવા માટે આવ્યા. (૧૧) પછી ઉત્તમ રાજાના મહેલની શોભાયમાન ઓસરી તથા આંગણામાં તે સર્વે મુનિઓ તથા પાર્ષદો પંક્તિ કરીને બેસી ગયા. (૧૨) પછી બેચર, લક્ષ્મીરામ, રામચંદ્ર તથા હરિજીવન એ બ્રાહ્મણો સાધુઓના પાત્રમાં ગાળેલું જળ આપતા હતા તથા સુંદર પત્રાવળાં તથા મોટા પડીયા આપતા હતા. (૧૩)

પછી શ્રીહરિને બોલાવવા માટે ઉત્તમ રાજા વર્ણીઓના રસોડે આવ્યા. દૂર ઉભા રહીને હાથ જોડીને, શ્રીહરિને તે કહેવા લાગ્યા. (૧૪) હે દયાસાગર ! સાધુઓની તથા પાર્ષદોની પંક્તિઓ થઈ ગઈ છે. તેથી સાધુ તથા પાર્ષદોને પીરસવા આપ પધારો. (૧૫)

મુનિવત્સલ, દયાળુ, શ્રીહરિ રાજાનું આવું વચન સાંભળીને 'હું આવું છું.' એમ પોતાને વિષે અનુરાગવાળા તે રાજાને કહેતા હતા. (૧૬)

પછી શ્રીહરિ ઓઢવાનું વસ્ત્ર ડાબા ખભેથી વાંકુ કરીને, કેડ્યમાં દૃઢ બાંધતા હતા. (૧૭) શ્રીહરિ રમણીય પાદુકા ચરણકમળમાં પહેરીને પાર્ષદોની સાથે સાધુઓની પાકશાળામાં પધાર્યા. (૧૮)

ત્યારબાદ હે રાજન્ ! સત્પુરુષોના પતિ શ્રીહરિ પાકશાળામાં વિવિધ પ્રકારનાં ભોજનો જોઈને અત્યંત પ્રસન્ન થયા. પછી મુનીંદ્રોની પંક્તિમાં પધાર્યા. (૧૯)

પછી ધર્મપુત્ર શ્રીહરિ પંક્તિબદ્ધ બેઠેલા સર્વે મુનિગણોને કરુણામૃતથી આર્દ્ર ચંચળ દૃષ્ટિથી જોતા હતા. તેટલામાં આંબાના સુંદર રસ ભરેલા પાત્રો હાથમાં લઈ અત્યંત આનંદિત મુનિજનો વેગથી ત્યાં આવ્યા. (૨૦)

પછી ભગવાન શ્રીહરિ તે સાધુઓને જોઈને પ્રસન્ન થયા અને હાથમાં પાત્ર લઈ (પુષ્કળ રસ પીરસવા યોગ્ય મોટો ડંકો લઈને) સાધુઓએ હાથમાં પકડેલા સુંદર આંબાના રસ ભરેલા વાસણોમાંથી ડંકો ભરી ભરીને તત્કાળ સાધુઓના જમવાના પાત્રોમાં અતિશય સર્વોત્તમ રસ પીરસતા પીરસતા સાધુઓની પંક્તિમાં સુંદર ચરણની ચંચળ ગતિથી અત્યંત શોભતા હતા. (૨૧)

શ્રીહરિ આ પ્રકારે સાધુઓનાં ભોજન પાત્રો આનંદપૂર્વક રસથી પૂર્ણ કરીને તેમાં અતિ પ્રીતિથી અત્યંત

ઘી, સાકર પીરસતા હતા, તેમજ શ્રેષ્ઠ ઘીમાં પહેલાં બોળી રાખેલી રોટલીઓ તથા નાના પ્રકારનાં ભોજન આનંદપૂર્વક પ્રભાશંકર, નરભેરામ, નંદુભાઈ, ગંગાદત્ત, કાશીરામ વગેરે બ્રાહ્મણો પીરસતા હતા. (૨૨)

હે ભૂપતે ! સાધુઓની પંક્તિમાં વારંવાર ફરતા તેથી જ એકલા છે છતાં પણ અનેકની માફક જણાતા સહજાનંદ શ્રીહરિ વારંવાર પીરસતા હતા. શ્રીહરિની પીરસવામાં અત્યંત નિપુણતા જોઈને ઉત્તમ તથા સર્વેજનો તેમજ શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળી જયા વગેરે સ્ત્રીઓ અત્યંત હર્ષ પામતી હતી. (૨૩)

તે સમયે અક્ષર, ગોલોક, મહાવૈકુંઠ તથા શ્વેતદ્વીપ વગેરે ધામમાંથી આવેલા મુક્તો તો ભોજન માટે બેઠેલા મુક્તાનંદાદિ સાધુઓની પંક્તિમાં તત્કાળ મનુષ્યો ન દેખે તેવી રીતે હર્ષ પામતા શ્રીહરિનો પ્રસાદ જમતા હતા. તે વખતે સુંદર રસથી ભરેલું પાત્ર શ્રેષ્ઠ કરમાં લઈ જમનારા સાધુઓને જોતા બ્રહ્માનંદ મુનિ શ્રીહરિને જોઈને આનંપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

હે સ્વામિન્ ! કમળના કોશથી પણ અત્યંત કોમળ આપના હાથે રસના પાત્રના ભારથી પરસેવો થશે. માટે હે ભગવન્ ! રસ મારા પાત્રમાં નાંખો. તેમનું એવું વચન સાંભળીને હસતા હસતા સત્પ્રિય સહજાનંદ, બ્રહ્માનંદ મુનિના પાત્રમાં રુચિકર રસ પોતે જ પ્રેમથી પુષ્કળ પીરસ્યો. (૨૫)

પછી શ્રીહરિ સર્વે પાર્ષદોને સુંદર રસ તથા સાકર તથા પુષ્કળ ઘી વારંવાર પીરસીને અત્યંત તૃપ્તિ પમાડ્યા. (૨૬) તેવી રીતે ઉત્તમ રાજા, નાંગમાલ તથા ગાલવને તેમજ પોતાનાં અન્ય ભક્તોને સ્વયં શ્રીહરિ પીરસીને અત્યંત તૃપ્ત કરતા હતા. (૨૭)

પછી ધર્મનંદન શ્રીહરિએ તેમને તૃપ્ત થયા જાણીને પોતપોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે હાથની ચેષ્ટાથી આજ્ઞા આપી. (૨૮)

પછી તે મુનિઓ વગેરે શ્રીહરિને નમસ્કાર કરીને માર્ગમાં પોત પોતાનાં ઉદર ઉપર હાથ ફેરવતા શ્રીહરિને સંભાળતા હર્ષપૂર્વક ધીરે ધીરે જતા હતા. (૨૯)

પછી પરમાત્મા શ્રીહરિનાં હાથ, પગ મુકુંદાનંદ વર્ણીરાટ્ જળ વડે ધોતા હતા. (૩૦) પછી શ્રીહરિ પૂજા સામગ્રીના પાત્રો હાથમાં લઈને ઊભેલા જયાને તથા તેવી જ રીતે પૂજા સામગ્રીના પાત્રો હાથમાં લઈને ઊભેલાં લલિતા વગેરે સ્ત્રીઓને જોતા હતા. (૩૧)

પછી અનન્યભાવવાળા જયા વગેરે સ્ત્રીઓની પૂજા અંગીકાર કરવા માટે, ભક્તોનું હિત કરનાર સહજાનંદ શ્રીહરિ તેમની સામા ગયા. (૩૨)

તેથી આનંદ પામેલાં જયા શ્રીહરિને શ્રેષ્ઠ આસન ઉપર બેસાડીને સુગંધિમાન ચંદનથી શ્રીહરિનાં ભાલમાં પત્રલેખા કરતાં હતાં. (૩૩) તે જયા તે પત્ર લેખાના મધ્ય ભાગમાં કુંકુમનો ગોળ સુંદર ચાંદલો કરતા હતા. પુષ્પોના હાર તથા બાજુબંધ વગેરે આદરપૂર્વક ધારણ કરાવતાં હતાં. (૩૪) તેમજ મણીજડિત સુવર્ણના વિવિધ પ્રકારનાં અલંકારો તથા મહામૂલ્યવાળાં વસ્ત્રો જયા શ્રીહરિને પ્રીતિપૂર્વક ધારણ કરાવતા હતા. (૩૫)

જયાની માફલ લલિતા વગેરે સ્ત્રીઓએ પણ ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ પોતાનાં પ્રસાદીભૂત હાર તે સ્ત્રીઓને આનંદથી આપતા હતા. (હાર પહેરવા તે સ્ત્રીઓ યોગ્ય નથી. તો પણ હંમેશાં દર્શન કરવા માટે તથા પૂજન કરવા માટે હાર આપ્યા.) (૩૬)

પછી જયા આદિ સ્ત્રીઓ શ્રીહરિનાં બંધુઓની પૂજા, મહા-અમૂલ્ય વસ્ત્રાલંકારો વગેરે ઉપચારોથી કરતા હતા. (૩૭) પછી ભગવાન બંને ચરણોમાં પાદુકાઓ પહેરીને પાર્ષદોથી વીંટાયેલા પોતાનાં મનોહર નિવાસ્થાનમાં પધાર્યા. (૩૮)

પછી ભગવાન સાંજના પહોરે પોતાનાં પાર્ષદો તેમજ વર્ણીઓ તથા મુનીંદ્રો જેમાં મુખ્ય છે તથા પોતાનાં ભાઈઓ વગેરે સાથે મહાસભામાં આવીને સુંદર સિંહાસન ઉપર બિરાજતા હતા. (૩૯)

પછી ઉત્તમ ભૂપતિ સુંદર ઉપચારો લઈને પોતાનાં જનોની સાથે ઈશ્વરોના પણ ઈશ્વર પોતાનાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણની પૂજા કરવા માટે સભામાં આવ્યા. (૪૦) ઉત્તમ રાજા કેસર કસ્તુરીથી યુક્ત ચંદન વડે તથા મનોહર અક્ષત, કુંકુમ તથા પુષ્પોના હાર તેમજ બાજુબંધ, તોરા, કલગી વગેરેથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૧)

વિવિધ પ્રકારનાં મહામૂલ્યવાળાં વસ્ત્રો, અલંકારો તથા ધૂપ તથા શ્રેષ્ઠ નૈવેદ્યોથી શ્રીહરિની વિધિ પ્રમાણે પૂજા કરીને ભક્તિપૂર્વક આરતી કરતા હતા. (૪૨)

પછી ઉત્તમ રાજા મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા અલંકારોરૂપી ઉપચારોથી શ્રીહરિનાં ભાઈ રામપ્રતાપ તથા ઈચ્છારામનું પણ પૂજન કરતા હતા તથા તેમનાં પુત્રો નંદરામ તથા ગોપાળ વગેરેની પણ પૂજા કરતા હતા. અયોધ્યાવાસી અન્ય જનોની પણ યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪૩) ઉત્તમ રાજા તેમની માફક શ્રીહરિનાં અન્ય આશ્રિત વર્ણીઓ તથા મુનિઓ વગેરે સમગ્ર ત્યાગીજનોની શ્રીહરિની પૂજા કર્યા પછી બાકી રહેલા ઉપચારોથી વિધિ પ્રમાણે પૂજા કરતા હતા. (૪૪)

શ્રીહરિ તે રાજાને પોતાની પ્રસાદીના પુષ્પોના હાર વગેરે પદાર્થો પોતાનાં હાથથી આપતા હતા. પછી પ્રસન્ન થયેલા ઉત્તમ રાજા શ્રીહરિને નમસ્કાર કરીને પોતાનાં મહેલમાં ગયા. (૪૫)

આ પ્રકારે ગઢપુરમાં અનન્ય ભક્તોએ શ્રીહરિની ગાઢ પ્રીતિથી કરેલી સેવા તે ભક્તોને અત્યંત આનંદ ઉપજાવવા માટે તથા તેમનું અવધિ રહિત હિત કરવા માટે શ્રીહરિકૃપાથી અંગીકાર કરતા હતા. અને એ રીતે પોતાનાં આશ્રિત ભક્તોને ઘણું સુખ આપતા હતા. (૪૬)

દુર્ગપુરના ભક્તો શ્રીહરિ તથા તેમનાં બંધુજનોને પોતપોતાનાં ઘેર લઈ જઈ, સાકર તથા ઘીથી મિશ્રિત વિવિધ પ્રકારનાં સુંદર ભોજનો જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૪૭)

તે ભક્તો શ્રીહરિ તથા તેમનાં બંધુઓને અમૂલ્ય ભૂષણો, વસ્ત્રો તથા ચંદન, અક્ષત, કુંકુમ તથા રૂપિયા વગેરે ઉપચારોથી પૂજતા હતા. અન્યજનોની પણ યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪૮)

હે રાજન્ ! આ પ્રકારે પોતાનાં ભક્તજનોને અત્યંત આનંદ પમાડતા, સર્વદા મંગળકારી, સુંદર,

નાના પ્રકારની લીલાઓ કરતા, મનોહર, શુભ, કલ્યાણકારી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિની વાર્તા કરતા બ્રહ્મપુરના સ્વામી, અક્ષર પર શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં નિવાસ કરતા હતા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છટ્ઠા સ્કંધમાં શ્રીહરિએ ભક્તજનોને આમ્રરસ પીરસ્યો તે લીલા વર્ણન નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ગઢપુરમાં વસતા શ્રીહરિ ભક્તિની વૃદ્ધિ માટે ઉત્તમ રાજા પાસે એકાદશીના ઉત્સવોમાં શ્રીકૃષ્ણનો પૂજા ઉત્સવ કરાવતા હતા. (૧) હે રાજન્! ઉત્તમ રાજા ગઢપુરમાં રહેલા સમગ્ર મુનિઓને દરેક દ્વાદશીના દિવસોએ ભોજન કરાવતા હતા. (૨) ચક્રવર્તી રાજાથી પણ ન બની શકે એવો જન્માષ્ટમીનો મહોત્સવ શ્રીહરિએ પ્રસન્નતા પૂર્વક તે ઉત્તમ રાજા પાસે કરાવ્યો. (૩)

ધર્મપુત્ર શ્રીહરિએ આસો સુદી ૧૦ દશમ વિજ્યાદશમીને દિવસે આશ્ચર્યકારી મહોત્સવ ઉત્તમ રાજાની પાસે કરાવ્યો. (૪) તે મહોત્સવમાં ઘણા ભક્તો, સ્ત્રીઓ તથા પુરુષો શ્રીહરિનાં દર્શનની લાલસાવાળા પ્રસન્ન ચિત્તથી દેશાંતરથી આવતા હતા. (૫) શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા હજારો હજાર મુનિગણો તથા ઘણા વર્ણીઓ હર્ષપૂર્વક તે ઉત્સવમાં આવતા હતા. (૬)

દેશાંતરથી આવેલા તે ભક્તો મહા મૂલ્યવાળાં વસ્ત્રો તથા વિવિધ પ્રકારનાં ભૂષણો ચંદન, અક્ષત, કુંકુમ તથા ઉત્તમ પુષ્પોના હાર વગેરેથી તથા ધૂપ, દીપ તથા સુંદર નૈવેદ્યો વગેરે સમગ્ર ઉપચારો વડે ભક્તિથી અચ્યુત શ્રીહરિને પૂજતા હતા. (૭-૮)

ઉત્તમ રાજા બ્રહ્મચારી, સાધુ તથા પાર્ષદો તેમજ બીજા સર્વે ગૃહસ્થોને વિવિધ પ્રકારનાં પકવાન્નો, શાક વગેરે સ્વાદિષ્ટ ભોજનોથી યથા યોગ્ય તૃપ્તિ પમાડતા હતા. (૯) શ્રીહરિ પોતાને વિષે અનન્ય એકાંતિક ભાવવાળા ભક્ત જનોને શુભ એકાંતિક ધર્મનું અનુસાશન કરતા સાત દિવસ સુધી પોતાનું સુખ આપતા હતા. (૧૦) ત્યારબાદ પ્રભુ શ્રીહરિ સર્વ ભક્તોને પોત પોતાનાં દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા કરતા હતા. તેથી તે ભક્તો શ્રીહરિને પ્રીતિથી નમસ્કાર કરીને જતા હતા. (૧૧) સર્વે ગૃહસ્થો તથા સ્ત્રીઓ માર્ગમાં ઉત્તમ રાજાની બુદ્ધિ, ભક્તિ તથા સુશીલતાની પ્રશંસા કરતા જતા હતા. (૧૨)

દેશાંતરના જનો ગયા બાદ ઉત્તમ રાજા પ્રભાશંકર તથા વિદ્વાન હરિવલ્લભ, દાજીભાઈ વગેરે બ્રાહ્મણો તથા પાક કાર્યમાં કુશળ ગંગાબા વગેરે બ્રાહ્મણો સ્ત્રીઓને અન્નકુટની સામગ્રી તૈયાર કરવા માટે પોતાનાં દરબારમાં નિવાસ કરાવતા હતા. (૧૩-૧૪)

પાક ક્રિયામાં ચતુર તે પ્રભાશંકર વગેરે બ્રાહ્મણો તથા ગંગા વગેરે સ્ત્રીઓ શ્રીહરિની આ સેવા મળવાથી પોતાને કૃતાર્થ માની, શ્રીહરિની પ્રીતિમાટે રાજાના ભુવનમાં આનંદથી નિવાસ કરતા હતા. (૧૫) સાધુઓ તથા બ્રહ્મચારીઓ જે દેશમાંથી વિજ્યા દશમી મહોત્સવ ઉપર આવ્યા હતા તેમને તે તે દેશમાં

શ્રીહરિ ફરીથી મોકલતા હતા. (૧૬)

આ પ્રમાણે પોતાનાં ભક્તોને મોકલીને પોતાનાં ભુવનમાં આંગણામાં થોડા પાર્ષદોએ સહિત આવીને શ્રીહરિ વેદિકા ઉપર પોતાનાં સિંહાસનમાં બિરાજતા હતા. (૧૭) પછી ઉત્તમ રાજા શ્રીહરિતની ભક્તિ પૂર્વક નમસ્કાર કરી હાથ જોડીને શ્રીહરિને કાંઈ કહેવાની ઈચ્છાથી રાહ જોતા શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૧૮) રાજા કંઈક કહેવાને ઇચ્છે છે એમ જાણીને શ્રીહરિ હસતા હસતા કહેવા લાગ્યા, હે રાજન્ ! શું કામ છે ? આ પ્રમાણે શ્રીહરિએ પૂછ્યું. તેથી ઉત્તમ રાજા શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૧૯)

હે પ્રભો ! મારે આપની પ્રીતિ માટે કંઈ જણાવવાનું છે. ભક્તોનું સદા પ્રિય કરનારા આપ તે કૃપા કરીને સાંભળો. (૨૦) હે સ્વામિન્ ! આપની જ્યારે આજ્ઞા થાય ત્યારે અમો હર્ષથી અન્નકૂટોત્સવની સર્વ સામગ્રીઓ લાવીએ. (૨૧) સહજાનંદ શ્રીહરિ ઉત્તમ રાજાનું આવું નિષ્કપટ વચન સાંભળીને તેમને કહેવા લાગ્યા. (૨૨)

સર્વ એકાદશીના મહોત્સવોમાં તમોએ બીજાની ન થઈ શકે એવો ખર્ચ કર્યો છે. જન્માષ્ટમીના મહોત્સવમાં પણ ખર્ચ કર્યો છે. વિજ્યાદશમીમાં પણ ખર્ચ કર્યો છે. (૨૩) હે મહાબુદ્ધે ! પ્રબોધિનીનો મહોત્સવ સમીપમાં આવે છે. તેથી તમોને ઘણો ખર્ચ થશે. (૨૪) હું તમારી એકાંતિક ભક્તિથી જ અત્યંત પ્રસન્ન થયો છું. માટે હે રાજન્ ! આ ઉત્સવ તમારે યથા શક્તિ કરવો. (૨૫)

બુદ્ધિશાળી તે રાજા શ્રીહરિની આવી વાણી સાંભળીને ભક્ત વત્સલ પ્રભુ શ્રીહરિને આ પ્રમાણે અર્થ ગંભીર વાણી કહેવા લાગ્યા. (૨૬)

હે હરે ! આપની પ્રસન્નતાથી જ આ અન્નકૂટ નિમિત્ત ખર્ચ પૂરો થશે. આપના ચરણ કમળના ભક્તોને કયું કાર્ય દુષ્કર છે ? (આવક વિના પણ શ્રીકૃષ્ણની કૃપાથી પાંડવોએ આરંભેલો રાજસૂય યજ્ઞ જેમ પરિપૂર્ણ થયો તેમ આ ઉત્સવ પણ આપની કૃપાથી વિઘ્ન વિના સમાપ્ત થશે જ) (૨૭)

આ લોકમાં જેને દુર્લભ ચિંતામણિ પ્રાપ્ત થાય છે તે જનો જે જે ચિંતવન કરે તેમાં કંઈ વસ્તુ તેને પ્રાપ્ત થતી નથી ? (૨૮) તેવી રીતે આ લોકમાં જનોને દુર્લભ આપની જ કૃપા વિના કોટીસાધનોથી પણ આપ અપ્રાપ્ય છો. એવા અવતારી, સર્વેશ, સાક્ષાત્ પ્રાપ્ય આપના ભક્તોનો કયો સંકલ્પ સિદ્ધ ન થાય ? અર્થાત્ બધા જ સંકલ્પો સિદ્ધ થાય. (૨૯)

શત્રુઓએ મારું રાજ્ય લઈ લીધું છે અને હંમેશા શત્રુઓ મને પીડા કરે છે. પરંતુ અહીં આપનો નિવાસ થવાથી તે કલેશ ગયો તેમજ નિષ્કંટક રાજ્ય પણ મળ્યું. (૩૦) હે સત્પતે ! આપના અનુગ્રહથી મારી સંપત્તિ થોડી નથી. ઈશ્વરો તથા રાજાઓ તમારી દૃષ્ટિથી જ વૈભવો પામ્યા છે. (૩૧) હે ભગવન્! હે કરુણાસાગર ! આપનું શરણું પામેલા મને અખિલેશ્વર એવા આપ તે આપની દયાથી સર્વ પ્રકારે કંઈ પણ અપૂર્ણ નથી. (મારી સર્વ સંપત્તિના આધારનું કારણ કેવળ આપની કરુણા જ છે.) (૩૨)

આપના થકી જે પ્રાપ્ત થયેલા દ્રવ્ય વડે આપની સેવા કરાય છે. તે સેવાને આપ ભક્તવત્સલ દયાળુ હોવાથી ભક્તિ માનો છો. (૩૩) હે હરે ! આપને માટે ધન વગેરેનો જે વ્યય કરીએ છીએ

તેતો સંપત્તિઓનો પરમ લાભ જ છે તથા સફળતા છે. (૩૪) હે હરે ! તેથી અન્નકૂટનો મહોત્સવ કરવા માટે મને ઘણો ઉત્સાહ છે. તેમજ જયા અને લલિતાને પણ ઘણો જ ઉત્સાહ છે. તેથી આપ આજ્ઞા આપો. (૩૫)

આ પ્રમાણે તેમની પ્રાર્થના સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ ઉત્સવ કરવા માટે આજ્ઞા આપીને ઉત્તમ રાજા પ્રત્યે બોલ્યા. (૩૬) હે રાજન્ ! અન્નકૂટના ઉત્સવમાં વિવિધ પ્રકારની સેવો તથા વડીઓ વગેરે સામગ્રીઓ મુખ્યપણે હોય છે. તેથી આ ઉત્સવ મુખ્યપણે સ્ત્રીઓથી સિદ્ધ થાય. પુરુષોથી સિદ્ધ ન થાય એમ તમારે જાણવું. (૩૭, ૩૮) હે રાજન્ ! તેથી શુદ્ધ ચિત્તવાળાં તમારી બંને બહેનોમાં એકને મુખ્ય રાખીને આ ઉત્સવ કરવો. (૩૯)

શ્રીહરિનું આવું વચન સાંભળીને ઉત્તમ રાજા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. હે પ્રભો ! આ ઉત્સવમાં આપ જ જણાવો કે તે બેમાં કઈ એકની મુખ્યતા કરવી. (૪૦)

તેથી શ્રીહરિએ રાજાને કહ્યું કે, હે રાજન્ ! તમારી બેન જયા શુક્લ પક્ષના ઉત્સવોમાં મુખ્ય છે એમ હું વિધાન કરું છું. (૪૧) તથા તમારી બેન લલિતા કૃષ્ણ પક્ષના ઉત્સવોમાં જ મુખ્ય છે એવું હું વિધાન કરું છું. (૪૨) શ્રીહરિની આવી વાણી સાંભળીને ઉત્તમ રાજા શ્રીહરિને ફરીથી કહેવા લાગ્યા. હે પ્રભો ! અન્નકૂટનો ઉત્સવતો શુક્લ પક્ષમાં આવે છે. માટે હે હરે ! તેમાં જયાનું મુખ્યપણું આવ્યું. વ્રતખંડમાં તો આ મહોત્સવ દીપાવલી સાથે કરવાનો કહ્યો છે. (૪૩, ૪૪) કૃષ્ણ પક્ષમાં તો લલિતાનું મુખ્યપણું છે એમ મને જણાય છે. તેથી આ ઉત્સવમાં એ બેમાંથી કોની એકની મુખ્યતા સમજવી તે જાણવા હું શક્તિમાન નથી. માટે અન્નકૂટના ઉત્સવમાં એ મારી બંને બહેનોમાં કોણ એક મુખ્ય રહે એ શાસ્ત્રના સિદ્ધાંતને જાણનારા આપ નક્કી કરો. (૪૫, ૪૬)

ઉત્તમ રાજાનું આ પ્રકારનું વાક્ય સાંભળીને શ્રીહરિ મંદ મંદ હસતા ઉત્તમ રાજાને આનંદ પમાડતા ફરીથી પુણ્યમય વચન કહેવા લાગ્યા. (૪૭)હે સન્મતે ! દીપાવલીની સાથે જ આ ઉત્સવ ઉજવવાનો છે. માટે આ ઉત્સવ કૃષ્ણપક્ષનો છે. તેથી આ ઉત્સવમાં લલિતા મુખ્ય રહેશે. (૪૮)

આ પ્રકારની શ્રીહરિની આજ્ઞા સાંભળીને ઉત્તમ રાજા અચ્યુત શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની સેવામાં આસક્તિવાળી પોતાની બંને બહેનોની સમીપે ગયા. (૪૯) પછી ઉત્તમ રાજા શ્રીહરિએ જે કહ્યું હતું તે પોતાની બહેનોને કહેવા લાગ્યા. શ્રીહરિનું એવું વચન સાંભળીને જયા તથા લલિતા અત્યંત આનંદ પામતા હતા. (૫૦)

શ્રીહરિની આજ્ઞાથી ઉત્સાહમાં આવેલા, શ્રીહરિની પ્રસન્નતા માટે ઉદ્યમવાળા, શ્રીહરિની દાસત્વ ભક્તિથી જ પોતાનાં જન્મની સફળતા જાણતાં, સમગ્ર અંગોએ સહિત નિર્મળ ભક્તિથી હંમેશા શ્રીહરિને ભજતાં, જયા તથા લલિતા સુંદર અન્ન, ચોખા વગેરે ચારે પ્રકારની સામગ્રીઓ તૈયાર કરવા અતિપ્રેમથી ઉદ્યમ કરતા હતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના

છઠ્ઠા સ્કંધમાં અન્નકૂટોત્સવ કરવા માટે રાજાએ શ્રીહરિને પ્રાર્થના કરી તે નિરૂપણ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે કે :- હે રાજન્ ! જયા, લલિતા હર્ષપૂર્વક સત્સંગી ભક્ત સ્ત્રીઓ પાસે ડાંગરો સુંદર રીતે ખંડાવવાનું કામ કરાવતા હતા. (૧) જયા, લલિતા અત્યંત આદરપૂર્વક તે સ્ત્રીઓ પાસે સફેદ ઘઉંનો ઝીણો લોટ દળાવતા હતા. (૨) શ્રીહરિને જેમણે મન, દ્રવ્ય, ધામ, સુત, આત્મા અર્પણ કરી દીધાં છે તે સેવા કરનારી સ્ત્રીઓને તો હવે નિત્ય મહોત્સવ હતો. (૩) ગઢપુરમાં દરેક ઘરમાં દળવાની ક્રિયા કરતી સ્ત્રીઓનો રાત્રિ દિવસ મંગળહરિગીતનો ધ્વનિ થતો હતો. (૪)

હે રાજન્ ! તે સમયે પુરની સ્ત્રીઓ અત્યંત સ્નેહથી ડાંગર ખાંડવી વગેરે ક્રિયામાં રાત દિવસ તત્પર હતી. (૫) સમગ્ર દુર્ગપત્તન ઉત્સાહવાળું હતું. તેથી જાણે એક જ કુળના સૌ હોય તેવી ઉપમા આપવા યોગ્ય જ હતું. તે જોઈને શ્રીહરિ આનંદ પામ્યા. (૬) તે વખતે સ્નાન કરીને ધોયેલાં વસ્ત્રો ધારણ કરી. પવિત્ર બ્રાહ્મણની સ્ત્રીઓ લલિતાની આજ્ઞાથી પાપડ, સુંદર વડીઓ તથા ધોળી અને ઝીણી સેવો કરતી હતી. (૭)

તે સ્ત્રીઓને નિયમની માળા ફેરવવાનો અવકાશ મળતો ન હતો. તેથી વડીઓ મૂકવાની ક્રિયામાંજ માળાનો નિયમ થતો હતો. કેટલીક સ્ત્રીઓ જપમાળાના મણકાની સંખ્યા એકસોને આઠ હોવાથી એકસો આઠ વડીઓની પંક્તિ કરીને વચમાં બીજું કામ કર્યા વગર પોતાનો આવશ્યક જપમાળાનો નિયમ કરતી હતી. તે સ્ત્રીઓ આ પ્રકારે અન્નકૂટ સમયે ભક્તિ કરતી હતી. (૮,૯)

નિર્મળ શોભાયમાન કાંસાની થાળી ઉપર પાપડ વણતી કોઈક સ્ત્રી અકસ્માત અતિ ધ્યાનના અભ્યાસથી સ્ફુરાયમાન થયેલા પોતાનાં મનોહર ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ ભગવાનને જાણે પ્રત્યક્ષ જોતી હોય તેમ અત્યંત હાસ્ય કરતી હાથમાં પકડેલું વેલણ જેણે ઉંચુ કર્યું છે તે પ્રમાણે સ્થિર થઈ જતી હતી. (૧૦, ૧૧)

સેવો કરતી કોઈક સ્ત્રી સેવો કરવાના પાટીઆ ઉપર સ્ફુરાયમાન થયેલા શ્રીહરિને જોઈને હું સેવો કરું છું. એ ક્રિયા ભૂલી જઈ શ્રીહરિનાં અંગમાં સુગંધિ તેલનું મર્દન જાણે કરતી હોય ને શું ? એમ શોભતી હતી. (૧૨) કોઈક ભગવદ્ ભક્તિવાળી સ્ત્રી ચારણીથી લોટ ચાળતી, પહેલાં શ્રીહરિએ હસાવેલી તેનું સ્મરણ કરીને, અત્યંત હસતી હતી. (૧૩)

કમોદ તથા પંખાળી વગેરે અનેક પ્રકારની ડાંગરો ખાંડતી કોઈ સ્ત્રી ખાંડણીયાના મોઢા આગળ એકમ સ્ફુરાયમાન થયેલા શ્રીહરિને જોઈને સાંબેલું પકડેલો અને ખાંડવા માટે ઉંચો થયેલો હાથ સ્થિર થઈ ગયો હોય તેમ અચેતન અંગવાળી થઈ ગઈ. (ભગવાનના દર્શનમાં અંતરાય કરનારને મુસળવડે

તાડન કરવા માટે તત્પર હોય તેમ દેખાતી હતી.) (૧૪) કાંસાના પાત્રોમાં તુવેરની દાળ વીણતી કેટલીક સ્ત્રીઓ તે તે કાંસાના પાત્રોમાં તત્કાળ સ્ફુરાયમાન, અત્યંત હાસ્ય કરતા શ્રીહરિને જોઈને નિશ્ચલ અંગ જેમનાં છે એવી બની અત્યંત હસતી હતી. (૧૫)

ચણાની દાળ સાફ કરતી કેટલીક સ્ત્રીઓ સ્ફુરાયમાન થયેલા શ્રીહરિને જોઈને ચણાની દાળ સાફ કરવાની ક્રિયા જાણે ભૂલી ગઈ હોય અને તે વખતે શ્રીહરિનાં ચરણ ચિન્હો સ્વસ્તિ, ઉર્ધ્વરેખા વગેરે ગણતી હોય ને શું એમ શોભતી હતી. (૧૬)

અડદ તથા મગની દાળ સાફ કરવામાં તત્પર કેટલીક સ્ત્રીઓ શ્રીહરિને તત્કાળ જોઈને તે સમયે શ્રીહરિની મૂર્તિમાં જે ચિન્હો તથા સ્થૂળ સૂક્ષ્મ એવા તલ તથા કેશ વગેરે ચિન્હોની સંખ્યાની ગણના કરતી હોય ને શું એમ જણાતી હતી. (૧૭)

કેટલીક સ્ત્રીઓ સેવો કરવા માટે વાસણમાં ધોળા ઘઉંનો ઝીણો લોટ લઈને તેમાં ગાળેલું દૂધ રેડતી હતી. તેવામાં શ્રીહરિને એકદમ જોતી હતી. (''**चमसी**'' એવું સેવોનું નામ છે. ''**चम्यते अज्ञानं आभि**'' **चमस्यः** નાશ કરી નાખ્યું છે. અજ્ઞાન આમણે એવું નામ સાર્થક કર્યું. સેવોએ પોતાનાં કારણભૂત લોટમાં શ્રીહરિનાં દર્શન કરાવ્યા તેથી એવું જણાય છે.) (૧૮) શ્રીહરિનાં દર્શનમાં અત્યંત આસક્તિવાળા છે નેત્રો જેમનાં એવી સ્ત્રીઓ આનંદ પામતી તે સમયે શ્રીહરિનાં ચરણકમળના યુગ્મને દૂધથી અભિષેક કરતી હોય ને શું ? એવું સખીઓએ સવિસ્મય જોયું. (૧૯) બીજી કેટલીક સ્ત્રીઓ ઉત્તમ પ્રકારનાં ચોખા સાફ કરતી સ્ફુરાયમાન થયેલા શ્રીહરિને જોઈને, ચિન્હો સહિત શ્રીહરિનાં ચરણકમળને જોવા માટે શ્રીહરિનાં ચરણોમાં ભક્તજનોએ અર્પણ કરેલાં પુષ્પોને જાણે ખસેડતી હોય ને શું ? એમ શોભતી હતી. (૨૦)

કેટલીક સ્ત્રીઓ ઘંટીનો ખીલડો ધીમેથી પકડીને ઘઉં દળતી શ્રીહરિને એકદમ સ્ફુરાયમાન જોઈને, ધીરેથી પકડેલા ખીલડાને શ્રીહરિનો હાથ સમજીને તેને દૃઢપણે પકડીને ''હવે બીજે જવા નહીં દઉં ઘણા વખતે મળ્યા છો.'' આ પ્રકારે અતિ આનંદથી શ્રીહરિને કહેતી હતી. (૨૧) તે સમયે પાણીયારું સાફ કરતી બીજી સ્ત્રી ભક્તિના ગાઢાનુંરાગથી જ સ્ફુરાયમાન થયેલા પરમેશ્વર શ્રીહરિને જોઈને હસતી હસતી વિનયપૂર્વક તત્કાળ આ પ્રમાણે કહેતી હતી. (૨૨)

હે ભગવન્ ! હમણાં જળ પીવાની ઈચ્છાથી અહીં આવ્યા છો કે શું ? આપનો સેવક ક્યાં ગયો ? આપના માટે જળ લાવું છું. એમ કહેતી સ્ત્રીને તેની સખીઓ જોતી હતી. (૨૩) કોઈક સ્ત્રી વસ્ત્રો પહોળાં કરેલા માંચડાઓમાં દાળ પહોળી કરતી સ્ફુરાયમાન થયેલા શ્રીહરિને ત્યાં જોઈને શ્રીહરિની શય્યા, નાના પ્રકારનાં શ્રેષ્ઠ પુષ્પોથી આચ્છાદન કરતી હોય ને શું ? એમ શોભતી હતી. (૨૪)

આ પ્રકારે સ્ત્રીઓ વિવિધ ક્રિયાઓમાં પણ હંમેશા શ્રીહરિને તો નેત્રની આગળ જ જોતી હોય તેમ શ્રીહરિની પ્રસન્નતા માટે અન્નકૂટ માટે પદાર્થો સંપાદન કરવારૂપ ઉપાયને ભક્તિ માનીને રાત્રિ

દિવસ હર્ષપૂર્વક ભક્તિ કરતી હતી. (૨૫) અવતારી શ્રીહરિનાં આ પ્રકારનાં પ્રતાપથી જ સ્ત્રીઓ સમાધિવાળાઓથી પણ નિશ્ચય અધિક હતી જ. (૨૬)

તે સમયે ઉત્તમ રાજા પણ પ્રીતિપૂર્વક સુંદર ઘીના ભરેલાં ગાડવાં તથા સાકરની ભરેલી હજારો પેટીઓ બીજા ગામોમાંથી મંગાવવા લાગ્યા. (૨૭)

ઉત્તમ રાજાના પાર્ષદો ઘણા ઝારા-ઊંડા કઢાયા, મોટી કથરોટો, છાછરો તથા લાકડાના હાથાવાળા ચાટવા, તવેથા. (૨૮) રામ પાતર-માંણ્યો, ઘડા-ગોળિઓ, હાંડલા તથા કુંડાં હજારો હજાર પાર્ષદો લાવતા હતા. (સૂપડાં, કરંડીયા તથા ઘી ગાળવાનાં નાળચોડાં, લોઢીઓ, તાવડીઓ, કઢૈયા, પડિયા પત્રાવલા તથા પાણી ઉલેચવાનાં ઉલેચણાં લાવતા હતા.) (૨૯)

ધાણા, આદુ, હળદર, મરચા, તજ, જીરૂ, મીઠું, આમલી, રાઈ, દહીં, છાશ વગેરે લાવતા હતા. (૩૦) ભક્તિથી પ્રસન્ન મનવાળી ઉત્તમ રાજાની બંને પત્નીઓ આનંદપૂર્વક ગરમ મસાલો તત્કાળ બનાવતાં હતાં. (૩૧) તે સમયે વિવિધ પ્રકારનાં કૃચ્છ્રવ્રત, પ્રાજાપત્ય-પારાક-માસોપવાસ વગેરે વ્રતો કરતી કૃશાંગવાળી બે પ્રકારની બ્રાહ્મણની સ્ત્રીઓ ઘડા વગેરેથી હર્ષપૂર્વક ઉન્મત્ત ગંગાનું જળ લાવતા હતાં. (૩૨)

અતિ તીવ્ર તપ વડે સુકાઈ ગયેલાં તેથી જ કૃશગાત્રવાળી અન્ય સ્ત્રીઓ પણ શ્રીહરિની પ્રીતિ માટે રાત્રિ દિવસ ઘણો શ્રમ કરતી હતી. (૩૩) જગત્ સૃષ્ટા બ્રહ્મા આ પ્રકારે સ્ત્રીઓને જોઈને વિસ્મય પામ્યા અને આ પ્રમાણે તર્ક કરવા લાગ્યા. મને હવે શરમ આવે છે કે મેં આ સ્ત્રીઓને ''અબલા'' આ પ્રકારની સંજ્ઞા કેમ આપી ? (૩૪)

પછી ઉત્તમ રાજા, કંદોઈ બ્રાહ્મણો તથા રસોઈઆ બ્રાહ્મણોને પૂછીને તેમને યોગ્ય પાકશાળા જુદી જુદી કરાવતા હતા. (૩૫) પછી જયા તથા લલિતાએ પ્રેરણા કરેલા ઉત્તમ ભૂપતિ બીજા ગામોમાંથી આનંદપૂર્વક પોતાનાં સેવકો પાસે દશ પ્રકારનાં શાક તત્કાળ મંગાવતા હતા. (૩૬) એક મહાનસ (પાકશાળા) સ્ત્રીઓની હતી અને બીજી પાકશાળા પુરુષોની હતી. આવી રીતે બે રસોડાં જુદાં જુદાં હતાં. (૩૭)

પુરુષોના રસોડામાં ''પ્રભાશંકર'' બ્રાહ્મણ અગ્રેસર હતા. તે ચરોતરમાં પીપળાવ ગામના હતા. સ્ત્રીઓના રસોડામાં અગ્રેસર ''ગંગા'' હતા. તે શ્રીનગર (અમદાવાદ)નાં નાગર બ્રાહ્મણ હતાં. (૩૮) ગાંફ ગામના ક્ષત્રિય માનજીત ભગવાનના પાર્ષદ તથા આંબા ભક્ત, માંખા (મહીમંકાખ્યા) ગામના રામજી ભક્ત, ટંકારીયાના કૃષ્ણજી, મહેમદાવાદના વણિક જેમણે પોતાનું સર્વ શ્રીહરિને અર્પણ કરીને શ્રીહરિનાં સેવક બની ગયા હતા. એ બધા શાક, અન્ન વગેરે જે જે વસ્તુઓ જોઈએ તે પ્રતિક્ષણ પ્રીતિપૂર્વક લાવી આપી રસોડામાં રહેનારા બ્રાહ્મણોની અત્યંત સેવા કરતા હતા. તેમજ તે બ્રાહ્મણોએ મંગાવેલા ઘી-તેલ વગેરે લાવી આપવા રૂપી ક્રિયાથી સેવા કરતા હતા. માનકુવાના હરજીભાઈ વગેરે ભક્તો પણ સેવા કરતા હતા. (૩૯-૪૦)

સ્ત્રીઓના રસોડામાં રસોઈ કરતી મુખ્ય બ્રાહ્મણ સ્ત્રીઓને શાક, લાડવા, ઘી, તેલ, મસાલા વગેરે લાવવામાં ગઢપુરમાં રહેનારા કણબી જ્ઞાતિના ''નાથી'' તથા કચ્છ દેશના વૈશ્ય જ્ઞાતિના ''વિજ્યા''

ગઢપુરમાં રહેનારા વણિક જ્ઞાતિના ''રજની'' કચ્છ દેશના કણબી જ્ઞાતિના ''રામા'' તથા સોરઠ દેશની સ્ત્રીઓમાં મુખ્ય 'કલ્લુ' તથા હરિ, રત્ના વગેરે અન્ય સ્ત્રીઓ પણ હંમેશા મદદ કરતી હતી.આવી રીતે પુરુષો તથા સ્ત્રીઓ સામગ્રી કરવામાં ઉદ્યમવાળાં હતાં. (૪૧-૪૨)

પછી શ્રીહરિ મંગળપત્રિકાઓ મોકલીને જુદા જુદા દેશોમાં રહેલા શ્રીહરિમાં ભક્તિયુક્ત હજારો પુરુષોને તથા હજારો સ્ત્રીઓને બોલાવતા હતા. (૪૩) પછી હે રાજન્ ! પરમેશ્વર શ્રીહરિ મુનિ સમુદાયોને બોલાવવા માટે શીઘ્રગતિવાળા દૂતો જુદી જુદી દિશાઓમાં તત્કાળ મોકલતા હતા. (૪૪)

તે દૂતો તે તે દેશોમાં જઈને સાધુઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે સંતો ! તમોને ધનતેરસને દિવસે શ્રીહરિનાં દર્શન કરવા જવાની આજ્ઞા છે. (તમારે ધનતેરસને દિવસે જ મારા દર્શન માટે સુખેથી આવવું. એવી તમોને પ્રભુની આજ્ઞા છે.) (૪૫)

આ પ્રમાણે દૂતોએ કહ્યું તેથી સંતો, શ્રીહરિનાં દર્શનમાં ઉત્કંઠાવાળા મન જેમનાં છે એવા પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિને મનથી નમસ્કાર કરીને તત્કાળ પોતાનાં મંડળની સાથે નીકળતા હતા. (૪૬) સમગ્ર સાધુઓ પણ ત્યાં પોતાનાં પુસ્તક વગેરે મૂકીને ગામના તથા પુરના જનોને પૂછ્યા વગર જ ચાલતા થયા. (૪૭)

તે સાધુઓ તો જે સમયે પ્રાપ્ત થયું હોય તે સમયે ક્યારેક ભિક્ષાન્ન જમીને, ક્યારેક ફળપત્રાદિક જમીને, ક્યારેક નિરાહાર રહીને માર્ગમાં ચાલતા હતા. (૪૮) ઠેક ઠેકાણેથી હરિભક્ત પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે દુર્ગપત્તન આવવા પ્રયાણ કરતા હતા. (૪૯)

પશ્ચિમ પંચાલ દેશના ભક્તો સાધુઓના ટોળાં જોઈને તેમજ જુદાં જુદાં અનેક દેશના ભક્તોને ચારેય બાજુએ જોઈને આશ્ચર્ય પામ્યા. (૫૦) પશ્ચિમ પંચાલ દેશના લોકો ટોળે ટોળાં મળીને આવતા ઉતાવળા ચાલતા સાધુઓને જોઈને તે સમયે પ્રતિક્ષણ આવી રીતે ઘણી ઉત્પ્રેક્ષાઓ કરતા હતા. (૫૧)

સાધુઓથી ભરેલી ઘણી નૌકાઓ આવે છે કે શું ? અથવા આ લોકરૂપ મહાસાગરે મર્યાદાનું ઉલ્લંઘન કર્યું કે શું ? (૫૨) માર્ગમાં મુનિઓ તથા ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે ઉતાવળા જાય છે એવું યથાર્થ નહિં જાણનારા જનોને અત્યંત વિસ્મય પમાડતા મુનિ સમુદાયો ગઢપુર પ્રત્યે આવતા હતા. (૫૩)

તે મુનિઓ જેમ જેમ શ્રીહરિનાં ધામની સમીપે આવતા હતા તેમ તેમ જાણે શ્રમ રહિત થયા હોય તે પ્રમાણે વેગવંત થયા હતા. (૫૪)

પોતાની આગળ દોડતા અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરતા તે મુનિઓ રસ્તામાં તેમનાં દેહને થયેલા સુખ તથા દુઃખને ભૂલી જતા હતા. (૫૫) આઠ દિશાઓમાંથી સર્વ સદ્‌ગુણશાળી સંતો તથા વર્ણીઓ દુર્ગપત્તન પ્રત્યે આવીને વસતા હતા. (૫૬)

અતિદૂર દેશમાં રહેલા તેથી જ દરેક વર્ષે પ્રબોધિનીમાં આવનારા જે સંતો તથા ગૃહસ્થો પણ

તે સમયે દુર્ગપત્તનમાં આવ્યા હતા. (૫૭) ત્યાગીઓ તથા ગૃહસ્થજનો તે તો પોત પોતાનાં મંડળ સાથે બારસને દિવસે ગઢપુરના શાખા નગરોમાં આવી રહેતા હતા. (૫૮)

ગઢપુર તરફ જ જેમની દૃષ્ટિ છે તે ભક્તો, મુનિઓ વગેરે શ્રીહરિનાં દર્શન કરવામાં અતિ ઉત્સાહવાળા હતા. પરંતુ શ્રીહરિની આજ્ઞાથી ગઢપુરના શાખાપુરોમાં રોકાઈ ગયા હતા. (કારણ તેમને સર્વને ધનતેરસને દિવસે દર્શને આવવાની આજ્ઞા હતી.) (૫૯)

બારસની રાત્રે, ભગવાન છે પ્રિય જેમને એવા, શ્રીહરિનાં શુભ દર્શનમાં આસક્તિવાળા ઘણા સાધુઓ તથા હરિભક્તજનોથી ગઢપુરના શાખાનગરો ભરતી આવેલા સમુદ્રના તુલ્યપણાને પામ્યા હતા. તે સમયે તે સંતો તથા ભક્તોથી વસાએલા તે શાખાનગરો અનુપમ શોભા પામ્યા હતા. (૬૦)

તે તે શાખાનગરોમાં રાત્રિમાં સમગ્ર મુનિ સમુદાયો તથા ગૃહસ્થ ભક્તો અતિ પ્રેમાસ્પદ એવા શ્રી સહજાનંદ શ્રીહરિને હૃદયમાં સંભાળતા હતા અને મુનિઓએ ઈચ્છેલા શ્રીહરિ સંબંધી દિવ્ય અતિ શુભ ગુણો ગાતા હતા. પણ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરવામાં ઉત્સાહવાળા હોવાથી તે સમયે તેમને શ્રીહરિનાં સ્મરણ તથા ગુણો ગાવાથી લેશ પણ સુખ ન થયું. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં અન્નકૂટોત્સવ નિરૂપણ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ ગઢપુરમાં પોતાનાં આશ્રિત રસોઈયાઓની પ્રશંસા કરતા વિવિધ પ્રકારની જલેબી-ઘેબર વગેરે પકવાન્નો બમણા વધે તે પ્રમાણે ઢગલાઓ કરાવતા હતા. (૧) શ્રીહરિ પુરુષો તથા સ્ત્રીઓની પાક કરવામાં અત્યંત આસક્તિ વિચિક્ષણ ગુપ્ત દુતો દ્વારા ક્ષણે ક્ષણે જાણતા હતા. (૨)

રસોઈ કરનારા પુરુષો તથા સ્ત્રીઓ વિશ્રામ રહિત પકવાન્ન સંપાદન કરવામાં સતત ઉદ્યમી છે તેવું જાણીને શ્રીહરિ અત્યંત આનંદ અને વિસ્મય પામતા હતા. (૩) પાક કરનાર પુરુષો તથા સ્ત્રીઓને શ્રીહરિનાં વચન પ્રમાણે પ્રતિક્ષણ સૂચના આપવા માટે ચાર પુરુષો રાખ્યા હતા.(૪)

તે ચારમાં પ્રથમ તો કારીયાણીના વસ્તા ખાચરના કાકાના પુત્ર માંચા ભક્ત, બીજા માણાવદરના મયારામ ભટ્ટ નાગર બ્રાહ્મણ, ત્રીજા કરજીસણના નિષ્કામી નાચિકેત (નાનભા) બ્રાહ્મણ તથા ચોથા કણભા ગામના ઉમોભા ક્ષત્રિય. (૫)

નિષ્કપટ, વિશુદ્ધ ચિત્તવાળા, ઉત્તમ બ્રહ્મવિત્ મોટા અવાજથી બે હાથ ઉંચા કરી કાર્ય ઉતાવળથી

કરવાનું સૂચવતા માંચા ભક્ત હંમેશા ઈશ્વર શ્રીહરિને તેમની અનુવૃત્તિ સાચવી પ્રસન્ન કરતા ઉદાર અને નિર્મળ અંતઃકરણવાળા આનંદથી શ્રીહરિની પાસે રહેતા હતા. (૬-૭)

શ્રીહરિએ જેવું કહ્યું હોય તેવું જ તેમાં ઓછું પણ નહીં ને વધારે પણ નહિ એવું નિવેદન કરનારા, નિર્માનવૃત્તિથી શ્રીહરિને પ્રસન્ન કરતા નિષ્પાપ માનભા તથા ઉમોભા એ બંને હરિભક્તોને અનુકૂળ થઈ, ધીરજ રાખી હંમેશા શ્રીહરિની પાસે રહેતા હતા. (૮-૯)

વૃદ્ધત્વને લીધે પોતાની કેડ્ય મજબૂત બાંધતા તેના ઉપર હાથ મૂકીને તત્કાળ સર્વ કાર્ય કરતા ''કલ્યાણમ્ અસ્તુ'' કલ્યાણ થાય આ પ્રમાણે વચનોથી જે પરમેશ્વર શ્રીહરિને સદા હસાવતા હતા એવા. (૧૦) ઉતાવળથી શ્રીહરિને કાર્યનો ભાર નિવેદન કરનારા મયારામ વિપ્ર, નિરંતર શ્રીહરિની સન્મુખ રહેતા હતા. (૧૧)

દ્વાદશીની રાત્રે પાક સંપૂર્ણ થયો છે કે નહિ તે જોવા માટે શ્વેતવસ્ત્રો ધારણ કરી થોડાક પાર્ષદો સાથે શ્રીહરિ પુરુષોની પાકશાળામાં પધાર્યા. (૧૨) પ્રસિદ્ધ નાપિત કૃષ્ણદાસે હાથમાં મશાલ પકડી રાખી છે. જેમનાં અંગો અતિશય પ્રકાશે છે અને જેમનાં ચપળ નેત્રોથી ભક્તો દર્શન કરી રહ્યા છે, જેમણે અતિ સુંદર અને નાની નેતરની સોટી ઉત્તમ હાથમાં ધારણ કરી છે તથા બીજો હાથ કેડ્ય ઉપર મૂક્યો છે, સુંદર અને ચંચળ ચાલવાની ગતિથી જે શોભાયમાન છે. (૧૩-૧૪)

ચરણકમળમાં ધારણ કરેલી ઉત્તમ પાદુકાઓના ચટ ચટ ધ્વનિથી રમણીય એવા, શોભાયમાન ઉતાવળી ગતિથી હલતા ઉત્તમ પુષ્પોના હાર તથા શ્રેષ્ઠ તોરાની પંક્તિ જેમને છે એવા. (૧૫) બહુ વેગથી પોતાની પાછળ દોડતા પાર્ષદોએ અત્યંત હર્ષથી જેમનાં પુષ્ટ ભાગના દર્શન કર્યા છે એવા, માનવ નાટ્ય ધારી, સ્વાશ્રિતોની સંસૃતિનો નાશ કરનાર તથા નેત્ર અને મનને મહા ઉત્સવ સમાન. (૧૬) સોટી સાથે પોતાનાં હાથને હલાવતા, સુંદર પાદ વિન્યાસથી શોભતા, પોતાને વિષે આસક્તિવાળા ભક્તો જેમનાં દર્શન કરી રહ્યા છે તેવા, અક્ષરાદિના નિયંતા, મંદહાસ્યથી આશ્રિતોના ચિત્ત જેમણે ચોરી લીધાં છે એવા. (૧૭)

તે કંદોઈ વિપ્રો સ્ફુરાયમાન તેજ જોઈને એકદમ આદરપૂર્વક ઊભા થયા અને બીજું કશું ન બોલતા હરિકૃષ્ણ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૧૮) જેમણે પોતાનાં બંને હાથ જોડ્યા છે તેવા, વિનયયુક્ત, શ્રીહરિનાં મુખ સન્મુખ જ જેમણે દ્રષ્ટિ રાખેલી છે તેવા, વિવિધ પ્રકારનાં પાક વિધાનમાં ચતુર, પોતાનાં ભક્તોને શ્રીહરિ કરુણાર્દ્ર દ્રષ્ટિથી જોતા હતા. (૧૯)

હે રાજન્ ! તે સમયે શ્રેષ્ઠ બ્રાહ્મણ પ્રભાશંકર, દયારામ, દાજીભાઈ તથા બીજા દાજીભાઈ તેમજ બેચરભાઈ (તેમાં એ દાજીભાઈ બ્રાહ્મણ, પ્રભાશંકરના ભાઈ એ પ્રકારે પ્રભાશંકર દયારામ તથા દાજીભાઈ એ ત્રણ ભાઈઓ ચરોતર દેશમાં પીપળાવ ગામના હતા. બીજા દાજીભાઈ ચરોતર દેશના બંધનપુરના (બાંધણીના) હતા-બેચરભાઈ તો પહેલાં હળવદના નિવાસી હતા. શ્રીહરિની પ્રસન્નતા માટે ગઢડામાં રહેતા હતા.) (૨૦)

લાલજી, રામચંદ્ર, નંદલાલ, નરોત્તમ, ગંગાદત્ત રૂડી બુદ્ધિવાળા નંદુ, લક્ષ્મીદત્ત તથા ઈશ્વર (તેમાં લાલજી ગોપી ભટ્ટના પુત્ર ગઢડામાં રહેતા હતા. ગોપી ભટ્ટ વિશ્વંભર ભટ્ટના પુત્ર અને વિશ્વંભર આત્માનંદ નામે પ્રસિદ્ધ રામાનંદ સ્વામીના ગુરુ હતા. તે ગારિયાધારના નિવાસી તેમનાં પુત્રને શ્રીહરિએ ગઢડામાં વાસ કરાવ્યો હતો. એમ વૃદ્ધો થકી સાંભળેલું છે.) રામચંદ્ર પહેલાં કાનમ દેશના ''રુંવાદ'' ગામના હતા. છતાં શ્રીહરિની પ્રસન્નતા માટે ગઢડામાં વાસ કર્યો હતો. નંદલાલ વગેરે છ બ્રાહ્મણો ઉમરેઠના હતા. (૨૧)

દયારામ તથા બે કૃપાશંકર- તેમાં એક કૃપાશંકર વૈદિક કર્મકાંડ કરાવનાર કર્મઠ હતો અને બીજા કર્મકાંડી ન હતા. તે બંને ઉમરેઠના હતા. કાનમ દેશમાં ''દોરા'' ગામના કાશીરામ તથા કાનમ દેશમાં ''વેખરાડી'' ગામના દયારામ હતા. (૨૨) હળવદના શિવયાજ્ઞિક, ભાડેરના દેવરામ, પીઠવડી ગામના જીવરામ, ઉમરેઠના લીલાધર અને મહેમદાવાદના પીતાંબર અને અનુપરામ હતા. રેવાશંકર ધોળકાના હતા. (૨૩)

સંજાયા ગામના વિજયરામ, વસો ગામના ''વાલા'' વિપ્રધ્રુવ, બે અંબારામ (એક અંબારામ ''મહીમદપુરના'' તથા બીજા સુરતના હતા) એ બંને પાકમાં નિપુણ હતા. (૨૪)

નારાયણ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની આગળ હાથ જોડીને સસંભ્રમ શ્રીહરિને નમસ્કાર કરીને ઊભા રહ્યા. (નારાયણજી ધોળકાના હતા.) (૨૫) પછી શ્રીહરિ રસોડામાં લોઢાના મોટા કઢાયાં ભોજ્ય પદાર્થો વગરના જોઈ તમો શું કરો છો ? આ પ્રમાણે કંદોઈયા બ્રાહ્મણોને પૂછવા લાગ્યા. (૨૬)

પછી કંદોઈઆ બ્રાહ્મણો શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. હે પ્રભો ! અમોએ બધા પકવાનો તૈયાર કરીને હમણાં જ મોટા પટારામાં મૂક્યાં છે. (૨૭) હે હરે ! ચૂલા ઉપરથી આ કઢાયાં હમણાં જ અમોએ નીચે ઉતાર્યાં છે. હે વિભો ! બીજું જે કરવાનું હોય તે કહો. (૨૮) શ્રીહરિએ તેમનું વાક્ય સાંભળી, તેમનાં કાર્યની ચતુરાઈ જોઈને કંદોઈયાઓની પ્રશંસા કરતા રસોઈયાઓને આ પ્રમાણે કહ્યું. (૨૯)

હે બ્રાહ્મણો ! સવારમાં સાધુઓનાં મંડળો સર્વ ઠેકાણેથી અહીં આવશે. માટે ભાત-દાળ-આદિ જલદી તૈયાર કરો. (૩૦)

આ પ્રમાણે તેમને આજ્ઞા આપીને પોતાનાં પાર્ષદોને બહાર ઊભા રાખીને શ્રીહરિ એકલા જ સ્ત્રીઓની પાકશાળામાં પધાર્યા. (૩૧) સ્ત્રીઓ શ્રીહરિને આવતા જોઈને તત્કાળ ઊભી થઈ ગઈ અને શ્રીહરિને બેસવા માટે સુવર્ણ સિંહાસન આપવા લાગી. (૩૨) પછી સ્ત્રીઓ શ્રીહરિને નમસ્કાર કરીને હાથ જોડીને, ઊભી રહી. ગંગા, રેવા એ બંને અમદાવાદના હતા. યમુના તથા જતન એ બે ''વસો''ના હતા. ભુજનાં લહરીબા હતા. (૩૩) મેના તથા રૂપા એ બંને ઉમરેઠના હતાં. અમદાવાદના દુર્લભા હતા. નાથી ઉમરેઠના હતા. રામા, અમૃતબા તથા અમરી ગઢડામાં રહેતાં હતાં. (આ ત્રણે બીજા ગામના હતા. પરંતુ પ્રવૃત્તિ માર્ગનો ત્યાગ કરીને નિવૃત્તિ માર્ગનો ધર્મ અનુસરી શ્રીહરિને પ્રસન્ન કરતા તેઓ ત્રણે ગઢડામાં રહેતાં હતાં.) ગાંફના ગુલાબબા, પીઠવડીના પૂતળીબા, લાડુ-મીઠી તથા જીવા એ ત્રણ

આખા પીપલાણાના હતા. ત્રાપાજના ગંગા હતા. (૩૪)

વળી ત્રાપાજના માની, તેમજ વિસનગરના ઉદયકુમારી, મહેમદાવાદના કાશી, ઉંઝાના જયકુમારી, ઉમરેઠના કુશલા, શ્રીનગરના ઉમા, શીયાણી ગામના કુમારી, પીપલાણાના હેતાબા, ઉમરેઠના વાણી તથા મહેમદાવાદના સુખીબા હતા. (૩૫) ઉજવલા, ડાઈબા, રુકિમણી, માનવતી, જયકુમારી, યમુના વગેરે ઘણી બ્રાહ્મણ સ્ત્રીઓ રાત્રીદિવસ પાકક્રિયામાં પ્રવૃત્ત રહેતી હતી. તે સ્ત્રીઓ પ્રત્યે શ્રીહરિ હસતા હસતા કહેતા હતા. (૩૬)

હે મહાવ્રતા ! તમો હમણાં શું રસોઈ બનાવો છો ? તેથી શ્રીહરિની સમીપે આવીને લલિતા નમન કરીને શ્રીહરિને કહેવા લાગ્યાં. (૩૭)

હે હરે ! ખાજા વગેરે ગઈ કાલે આ બ્રાહ્મણ સ્ત્રીઓએ તૈયાર કર્યા છે. હમણાં સૂત્રફેણી કરીને પુરીઓ-દાળ-ભાત વગેરે મુનિઓ કાલે આવશે તે માટે કરે છે. (૩૮) આપના દર્શન માટે આવતા આપના આશ્રિત ક્ષત્રિઓ વગેરેને ભોજન કરાવવા માટે અમો આ ઘરમાં જુદી રસોઈ કરીએ છીએ. (૩૯)

જયા, પાંચાલી, નાની એ ત્રણ ઉત્તમ રાજાની બહેનો તથા કારીયાણીના રાજાની કુંવરી જે જયા તથા લલિતાની સખી હતી ને રમા, તથા ધોળેરાના ફુલ્લી તથા જયા તેમજ રતિ, અમરી, અમલા તથા ક્ષેમા એ છ સ્ત્રીઓ ગઢપુરવાસી હતા. અજબા ધોળેરાના હતા. (૪૦)

અદિબા જૂનાગઢનાં, રેવા કુંડલ ગામના, નાગડકાના સાતીબા, તથા કારીયાણીના મેના, તથા સ્થાલી ગામના મલ્લી તથા જાહ્નવી હતાં. હે હરે ! એ આદિક ક્ષત્રિય સ્ત્રીઓ, ક્ષત્રિયોને યોગ્ય મહાનસમાં રસોઈ બનાવે છે. (આદિ શબ્દથી માનીની, જીતા, વલ્લુ, ફલવા, મલ્લિકા, ફૂલા તથા કુશલા, બીજી માનની, વાલા, રણબાલા સોમા, તથા બીજી ફલવા, શોના, જીજી, લાડીની, મોટીની, તથા હીરા વગેરે જાણવા) (૪૧)

લલિતાનું આ પ્રકારનું વચન સાંભળી શ્રીહરિ તેમનોં શ્રમ પુરુષોથી અધિક છે તેમ જાણી પોતાનું મસ્તક હલાવતા તે સ્ત્રીઓની પ્રશંસા કરતા હતા. (૪૨) પોતાને જે કહેવાનું હતું તે તો તે સ્ત્રીઓએ પ્રીતિપૂર્વક પોતે જ કર્યુ છે. માટે પ્રસન્ન થઈને આશ્રિતોની સાથે શ્રીહરિ મૌન થઈ પોતાનાં નિવાસ પ્રત્યે પધાર્યા. (૪૩) પછી શ્રીહરિ નિષ્કુળાનંદ મુનિ તથા રાજાના કારભારી લાધા ઠાકર તથા હરજીને પોતાનાં મંદિરમાં બોલાવીને કહેવા લાગ્યા. (૪૪)

હે ભક્તો ! સદ્‌વૃત્તાંતવાળા હજારો મુનિઓ તથા દેશાંતરના હજારો પુરુષો તથા સદ્‌વ્રતવાળી સ્ત્રીઓ સવારમાં આવશે. (૪૫) તમો તે ભક્તો માટે જુદા જુદા યથાયોગ્ય નિવાસ સ્થાનો આ પુરમાં હમણાં જ કરાવો. (૪૬)

શ્રીહરિએ આજ્ઞા આપી તેથી નિષ્કુળાનંદ વગેરે ત્રણ જણ પુરમાં જઈને શ્રીહરિની આજ્ઞાનુસારે યથોચિત્ત ઉતારા તૈયાર કરાવતા હતા. (૪૭) પોતાનાં ચિત્તમાં સમગ્ર ભક્તોના હિતનું ચિંતવન કરતા

શ્રીહરિ રાત્રિના છેલ્લા પ્રહરમાં જ સૂતા. સેવાની પ્રતિજ્ઞા કરતી યોગનિદ્રા તે સમયે પણ શ્રીહરિની સેવાનો અવસર ક્ષણવાર ન પામી. (મુહૂર્તનો બારમો ભાગ ક્ષણ કહેવામાં આવે છે.) (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્યજી વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિકૃત પુરુષ તથા સ્ત્રીઓની પાકશાળાનું નિરીક્ષણ વગેરે વર્ણન નિરૂપણનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા છે. આત્માઓ જેમનાં એવા શાખાપુરોમાં રહેલા સાધુઓની રાત્રિતો બ્રહ્માની રાત્રિ જેવડી થઈ. (૧) શ્રીહરિનું સ્મરણ તથા ધ્યાન વગેરેથી રાત્રિ પરાણે કાઢીને સમગ્ર મુનિજનો પ્રભાતમાં ગઢપુર પ્રત્યે આવતા હતા. (૨) ચારેય બાજુએથી તત્કાળ આવતા સાધુઓ તો માર્ગોમાં શ્રીહરિનાં દર્શન કરવાના ઉત્સાહથી કાંકરાઓ તથા પથ્થરાઓ ગણતાં ન હતાં. (૩)

(ગઢપુર તરફ આવતા સાધુઓના નામો જણાવે છે.) સર્વ સાધુઓમાં પહેલા મંડળ સહિત કૃપાનંદ આવ્યા. નિર્લોભાનંદ બંને પોતાનાં શિષ્યો સહિત આવ્યા. શિષ્યો સહિત ત્યાગાનંદ આવ્યા. (૪) મંડળે સહિત બંને આત્માનંદ મુનિઓ (એક વૃદ્ધાત્માનંદ તથા એક નાના આત્માનંદ) તથા મંડળે સહિત કૃષ્ણાનંદ તથા બે પરમહંસાનંદ તત્કાળ આવ્યા. (અહીં જે કોઈ મંડળે સહિત એવું વિશેષણ ન આપ્યું હોય તો પણ તેમને મંડળ સહિત જ આવ્યા છે એમ જાણી લેવું.) (૫) પોતાનાં મંડળે સહિત ચિન્મયાનંદ, બંને અદ્‌ભુતાનંદ, અક્ષરાનંદ, સૂર્યાનંદ, સ્વયંપ્રકાશાનંદ, જિજ્ઞાસાનંદ વગેરે આવતા હતા. વિરક્તાનંદ તથા કૈવલ્યાનંદ પોતાનાં શિષ્યો સાથે આવ્યા. (૬,૭) હે રાજન્ ! પોત પોતાનાં મંડળે સહિત હજારો મુનિઓ હર્ષ પામતા ગઢપુર પ્રત્યે આવ્યા. (૮)

સમગ્ર સાધુઓ માર્ગમાં મંગળ કરનાર શકુનો જોઈને આપણને શ્રીહરિનાં દર્શન સારાં થશે એમ માનતા હતા. (૯) જુદા જુદા દેશમાંથી આવેલા બીજા હજારો પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે દુર્ગપત્તન પ્રત્યે આવતાં હતાં. (૧૦)

નરનાટ્ય ધારણ કરનારા શ્રીહરિ સવારના પહોરમાં ઊઠીને પવિત્ર જળથી સ્નાન કરીને શ્રેષ્ઠ વસ્ત્રો પહેરી, પોતાનો નિત્યવિધિ યથાયોગ્ય કરતા હતા.(૧૧) પછી ઘાટા અને જીણાં શ્વેત વસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિ ઉત્તમ રાજાના ગૃહના આંગણામાં આવીને લીંમડાના વૃક્ષ નીચે ઓટા ઉપર સભા મધ્યે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. (૧૨) તે સભામાં ઘણા ત્યાગીઓ તથા ગૃહસ્થો બેઠા હતા. તે નિર્નિમેષ દૃષ્ટિથી અતિ પ્રેમપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૩)

તેટલી વારમાં ઉત્તમ રાજા ત્યાં આવીને શ્રીહરિનું અતિ શ્રેષ્ઠ ઉપચારોથી હર્ષથી પૂજન કરતા હતા. (૧૪) મુકુંદાનંદ વર્ણીરાજ હાથમાં ચામર લઈને શ્રીહરિને ચામર વીંઝતા હતા. તેમજ ઉત્તમ રાજા પંખો લઈને શ્રીહરિને પવન નાખતાં હતાં. (૧૫) લક્ષ્મીવાડીથી આવેલા હરનાથ માળી પુષ્પના વિવિધ પ્રકારનાં હાર તથા તોરાઓ શ્રીહરિને ધારણ કરાવતા હતા. (૧૬)

તેટલામાં લલિતાની પ્રેરણાથી શ્રીહરિને ધારણ કરવા યોગ્ય વસ્ત્રોની પોતાનાં ઓઢવાના વસ્ત્રથી ઢાંકીને રતિ શ્રીહરિની સમીપે તત્કાળ આવ્યા. (૧૭) પહેલા શ્રીહરિને તેમણે દૂરથી નમસ્કાર કર્યા. દૂર ઉભાં રહલા રતિને જોઈને તેમનોં મનોભાવ જાણનારા પ્રભુ શ્રીહરિ હસતા હસતા એ શું છે એમ પૂછતા હતા. (૧૮)

પછી સોમા વગેરે પાર્ષદો હે સત્પતે ! હે ભૂમન્ ! આપને માટે ભક્તિપૂર્વક આરતિ નવીન વસ્ત્રો લાવ્યાં છે. આ પ્રકારે શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૯)

હે સ્વામિન્ ! આજ શુભ ધનતેરસ છે. તેથી આપ કૃપાથી આ વસ્ત્રો ગ્રહણ કરો. (૨૦)

તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ હસતા હસતા તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભક્તો! કૃષ્ણના અલંકારો ધોવાનો આ દિવસે તો ઉત્સવ છે. (૨૧) તેથી આ દિવસે અલંકાર ધોવાનો જ ઉત્સવ કરો. હે રુડી બુદ્ધિવાળા પાર્ષદો ! હું નવીન વસ્ત્રો પ્રતિપદાને દિવસે ધારણ કરીશ. (૨૨)

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેટલામાં અર્ધા ગાઉથી દૂર માર્ગમાં આવતા સમગ્ર મુનિઓને જોઈને ગોવાળ જોધા ભગત પ્રસન્ન થઈને ઉત્તમ રાજાના દરબારમાં દોડતા દોડતા તત્કાળ આવીને સાધુઓનું આગમન કરિમ દ્વારપાલને કહ્યું. (૨૩-૨૪)

તે સમયે સ્નાન કરીને ઉર્ધ્વ તિલક જેમણે ભાલમાં કરેલું છે અને જેનાં હાથમાં પાણીનું પાત્ર છે એવા બુદ્ધિશાળી મયારામ વિપ્ર શ્રીહરિની સમીપે આવતા મુનિઓનું આગમન સાંભળીને પ્રસન્ન થયેલા, જેમનાં ચરણો ધ્રૂજે છે, જેઓ શ્વાસ લે છે, જેમણે કેડ્ય મજબૂત બાંધી છે એવા તત્કાળ આદરપૂર્વક આવીને હસતા હસતા સત્પુરુષોના આગમનનું ચિંતવન કરતા શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! પુરની સમીપે સાધુના મંડળો તથા ગુજરાતના સંઘો આવેલા છે. બીજા દેશોના ભક્તોના ઘણા સંઘો આપના દર્શન કરવાની ઈચ્છાથી આવેલા છે. તો તેમને આપના દર્શનનો મોટો ઉત્સવ થાય. (તેમની સન્મુખ જઈને તેમને દર્શન આપો.) (૨૫-૨૬-૨૭-૨૮)

સાધુઓ તથા ભક્તસમુદાયોના આવવાની વાર્તા સાંભળીને હર્ષથી પ્રફુલ્લિત છે, નેત્રકમળ જેમનાં એવા, ભક્તો છે પ્રિય જેમને એવા, પોતાનાં ભક્તોને લક્ષ્મી આપનારા હંમેશા સાધુઓનું રક્ષણ કરનારા, શ્રીહરિ તત્કાળ મુનિઓ વગેરેના પ્રત્યે સામા જવા માટે અતિ ઉત્સાહથી એકદમ પોતાનાં સિંહાસન ઉપરથી ઊભા થયા. (૨૯) તે સમયે પાર્ષદ ભગુજી ઉત્તમ રાજાની આજ્ઞાથી શ્રીહરિની સમીપે નાના પ્રકારનાં અલંકારોથી અલંકૃત, શીઘ્ર ગતિવાળો, લગામ ચઢાવીને તૈયાર કરેલો, અશ્વેન્દ્ર લાવ્યા. પછી શ્રીહરિ ધોળા ખેસથી કેડ્ય બાંધીને પ્રીતિપૂર્વક ઉંચે કૂદીને એકદમ અશ્વ ઉપર બિરાજી ગયા. (૩૦)

પછી પોતાનાં હાથથી માર્ગમાં ઘણા જનોને દૂર કરતા, ચારેય તરફ લોક સમુદાયો જેમનાં દર્શન કરે છે અને જેમને અત્યંત ઉતાવળ છે પણ અત્યંત ભીડને લઈને માર્ગમાં ધીમે ધીમે ચાલતા શ્રીહરિ, ચપળ ગતિવાળી સુવર્ણની લગામને અત્યંત ખેંચીને જેનોં વેગ રોક્યો છે એવા અશ્વ ઉપર બિરાજી પુરની બહાર નીકળ્યા. (૩૧)

સોમ વગેરે ઘોડેસવારો ઉતાવળથી બાંધેલા અને તેથી જેમનાં પલાણ હાલે છે એવા અને ચપળ ગતિવાળા ઘોડાઓ ઉપર તત્કાળ બેસીને સૂર્યના કિરણોથી ચળકતા ભાલાઓ હાથમાં ધારણ કરતા, અત્યંત ઉતાવળા પ્રીતિપૂર્વક શ્રીહરિની પાછળ ગયા. તેમજ જેમણે ચળકતી તલવારો પકડી છે એવા પાર્ષદો પ્રીતિથી શ્રીહરિની પાછળ ગયા. (૩૨)

હજારો હજાર બીજા પુરુષો તથા સ્ત્રીઓ પણ તત્કાળ પોતપોતાનાં કાર્યો ત્યાગ કરીને ઘોડેસવારોની પાછળ ગયા. ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ પુરથી બહાર નીકળીને પગની પાનીના પ્રહાર વડે ઘોડા દોડાવતા પોતાને અત્યંત પ્રિય શ્રીહરિની પાછળ દોડતા હતા. તે ઘોડેસવારોની પાછળ હરિભક્તોના સંઘો પણ દોડતા હતા. (૩૩-૩૪)

પૃથ્વી ઉપરથી આકાશ તરફ આ હંસને સમુદાયો ઊડે છે કે શું ? અથવા આકાશમાંથી પૃથ્વી તરફ ગરુડો આવે છે કે શું ? અથવા શરીરધારી વાયુ વેગથી આવે છે કે શું ? આ પ્રકારે હૃદયમાં જનસમુદાયો ઘોડેસવારોને જોતા, ગીતોના ઉદ્‌ઘોષોથી દિશાઓ ગજાવતા આવતા મુનીંદ્રો તથા પુરુષો અને સ્ત્રીઓને જોતા હતા. (ઘોડેસવારોના સોનાના પેગડા અને આભરણોથી યુક્ત ઘોડાઓ તે બંનેમાં ઘોડેસવારો ઉછળતા ઘોડા ઉપર ઉડતા તથા નીચે પડતા તેથી તે બંનેને હંસ તથા ગરુડની ઉપમા સંભવી શકે.) (૩૫)

સમગ્ર મુનિગણો વાજીરાજ ઉપર આરુઢ થયેલા એકાકી શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને વેગથી ઉંચે ઉછળતી તોરાઓની પંક્તિ જેમને છે એવા આ શ્રીહરિ પ્રકારનાં લક્ષણોથી ઓળખીને પ્રસન્ન થયેલા, પછી ઘોડાઓને દોડાવીને શ્રીહરિની પાછળ ચાલતા ઘોડેસવારોને જોઈને અતિ પ્રસન્નતા પામેતા તે સંતો પરમેશ્વર શ્રીહરિ પ્રત્યે જનસમુદાયોની સાથે ટોળેટોળા મળી દોડતા હતાં. (૩૬)

દાવાનળથી સંતપ્ત થયેલા હાથીના સમુદાયો શીતળ ગંગા પ્રવાહનો લક્ષ્ય રાખી દોડે છે તથા રાજહંસ દૂરથી સર્વોત્તમ માનસરોવરને જોઈને સરોવર પ્રત્યે દોડે છે તેમજ ઉદય પામતા પ્રિય ચંદ્રને જોઈને સમુદ્રના તરંગો જેમ દોડે છે તેવી રીતે સર્વ જગતના એક સ્વામી શ્રીહરિ પ્રત્યે સંતો તથા ભક્તસંઘો તત્કાળ દોડતા હતા. (૩૭) તે સર્વે સાધુઓ વગેરે અતિશય વેગવાળા ઘોડા ઉપર બિરાજેલા જેમની મૂર્તિમાં આનંદ છે એવા ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરીને, તત્કાળ દિવ્યભાવ પામેલા, તે સમયે પોતાનાં શરીરનું ભાન ગુમાવીને, ધનુષમાંથી છૂટેલાં બાણની જેમ શીઘ્ર ગમન કરનારા, શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા, અતિસુખ આપનારા ઈશ્વર શ્રીસ્વામિનારાયણની પાસે પહોંચી ગયા. (૩૮) રમણીય મૂર્તિથી ખેંચાયેલા, શ્રીહરિમાં આસક્તિવાળા, ભક્તોના મન તથા નેત્રો જેમ લોહચુમ્બક મણિથી લોઢુ ખેંચાય તેમ શ્રીહરિની મૂર્તિમાં અત્યંત આસક્તિ પૂર્વક ખેંચાઈ ગયા. (૩૯)

સાધુઓને જોઈને બહુ વેગથી દોડતા પોતાનાં ઘોડાને શ્રીહરિએ ઊભો રાખ્યો. પછી સ્નેહાશ્રુ પૂર્ણ દૃષ્ટિ જેમની છે એવા તે મુનિઓ તથા બીજા ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. સ્ત્રીઓ પાંચ અંગો સહિત પ્રણામ કરતી હતી. (૪૦) પછી સોમ વગેરે સમગ્ર શ્રીહરિનાં પાર્ષદો અતિ ચપલ ઘોડાઓ ઉપરથી ઉતરીને મુનિઓને દંડવત્ નમસ્કાર કરી તત્કાળ પોતપોતાનાં ઘોડાઓ ઉપર બેસી ગયા. (૪૧) મુનિઓ આ પ્રમાણે શ્રીહરિને નમસ્કાર કરીને તથા અન્ય ભક્તોને નમસ્કાર કરી સ્નેહાશ્રુ ભરપૂર નેત્રવાળા અતિશય હર્ષરૂપી સમુદ્રમાં મગ્ન થઈ ચકોરો પ્રફુલ્લિત નેત્રથી જેમ ચંદ્રમાને જુએ તેમ અતિશય પ્રિય ઈષ્ટ જે શ્રીહરિકૃષ્ણને જોતા હતા. (૪૨)

ચંચળ અશ્વનો વેગ રોકવામાં આગ્રહથી લગામ ખેંચતો અતિસુંદર શ્રીહરનો જમણો હાથ જે દર્શનીય છે, રમણીય ડાબા હાથમાં ઉત્તમ કશા (અશ્વને હાંકવાનો ચાબૂક) ધારણ કરતા, ચંદ્ર કિરણોની માફક વેગથી ઉછળતી ઉજ્જવલ તોરાઓની પંક્તિ જેમને છે એવા. (૪૩) પોતાનાં આશ્રિત સન્મુખ જવામાં અતિ ઉતાવળથી ધારણ કરેલા અંગરખાથી શોભતું દર્શનીય શ્રીહરિનું વક્ષઃસ્થળ તે ઉપર ઉછળતી પુષ્પની માળાઓ જેમને છે એવા, અને ઉત્તમ કેસર ચંદનનું ઉર્ધ્વપુંડ્રતિલક જેનાં મધ્યભાગમાં ગોળ અને શોભાયમાન કુમકુમનો ચાંદલો જેમને છે એવા, અતિ ઉજ્જવળ અને સુંદર શોભાવાળાં વસ્ત્રો ધારણ કરનારા. (૪૪) ભક્તોના મન અને નેત્રોને પ્રીતિકર અને પોતાનાં ભક્તોને કૃપારૂપી અમૃતરસથી આર્દ્ર દૃષ્ટિથી જોતા એવા ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરીને સંતો તથા હરિજનો સૂર્યને સારી રીતે જોઈને ચક્રવાક પક્ષિ જેમ તૃપ્તિ ન પામે તેમ તૃપ્તિ પામ્યા નહિ. (૪૫)

પછી શ્રીહરિએ તેમને સર્વને તેમની કુશળતા વિષે યથાયોગ્ય પ્રશ્નો પૂછી, સ્વાગત કરી, તેમની સંભાવના કરી, પ્રફુલ્લિત નેત્ર અને મુખો જેમનાં છે એવા સાધુઓ, ભક્ત સમુદાયો તથા ઘોડેસવારોની સાથે પોતાનાં ભક્તો પ્રત્યે કૃપા પૂર્વક દૃષ્ટિ કરી તેમને આનંદ પમાડતા શ્રીહરિ ગઢપુર પ્રત્યે આવ્યા. (૪૬) શ્રીનગરથી આવેલા વાજિંત્રો વગાડનારા જનોએ કરેલા શ્રવણપ્રિય તાસ વગેરેના ધ્વનિ સાંભળતા, રણશીંગા, ઝાંઝ તથા નગારાના ધ્વનિ સાંભળતા તથા બંદૂકોના મોટા ભડાકા સાંભળતા, ભક્ત સમુદાયો તથા સ્ત્રીઓએ ગાયેલા મધુર માંગલિક ગીતોના શબ્દ જે સર્વ દિશામાં વ્યાપ્ત થઈ ગયા હતા. તે સાંભળતા, પોતાનાં ભક્તોની સાથે સાથે પોતાનાં અશ્વને ચલાવતા શ્રીહરિ ઉત્તમ રાજાના મહેલના આંગણામાં પધાર્યા. (૪૭-૪૮)

પછી પ્રભુ શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને દેશાંતરથી આવેલા સમગ્ર ભક્તોને યથાયોગ્ય ઉતારાઓ આપવા માટે આજ્ઞા કરતા હતા. પછી લીંબડાની નીચે ઓટલા ઉપર મણિમય સુવર્ણના સિંહાસન ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૪૯) પછી તે સર્વ ભક્તોની સાથે સંભાષણ કરી, તથા તેમનાં પ્રત્યે સ્નિગ્ધ દૃષ્ટિ કરી, પોતાને વિષે આસક્તિવાળા મુનિઓને આનંદ પમાડતા શ્રીહરિ સંતોને ભોજન કરાવવા માટે, રસોઇયા ભક્તોને પ્રોત્સાહન આપી તત્કાળ રસોઈ કરાવતા હતા. (૫૦)

પછી સર્વ સાધુગણો પોતાનાં ઈષ્ટ શ્રીહરિ સહજાનંદના વિયોગથી તરસ્યા થયેલા અને તેથી

જ જાણે ઉપવાસી હોય ને શું ? એમ નેત્રો વડે શ્રીહરિનાં નિર્દોષમુખ ચંદ્રના સુંદર અમૃતથી હર્ષથી વારંવાર પાન કરતા, અતિ મધુર પુષ્પના રસ ચાખીને પણ ભમરાઓ જેમ તૃપ્ત ન થાય તેમ તૃપ્તિ પામતા ન હોતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં છઠ્ઠા સ્કન્ધમાં સાધુ-ગૃહસ્થ ભક્તો વગેરેને દેશાંતરથી બોલાવવાનું નિરૂપણ કર્યું એ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી દેશાંતરથી આવેલા સર્વેજનો ઉતારાઓમાં ગયા શ્રી હરિના દર્શનથી જેમને અતિ આનંદ થયો છે તે મુનિઓ શ્રી હરિની આજ્ઞાથી શ્રીહરિની આગળ બેઠા હતા. (૧)

પછી શ્રી હરિએ તેમને તેમની સુખાકારીના પ્રશ્નો પૂછી સંતોષ પમાડ્યા. સર્વ તપસ્વીઓ મુનીંદ્રો અતિ પ્રસન્ન થઈ, પ્રેમથી પુષ્પના હાર તથા ફળોથી શ્રી હરિનું પૂજન કરતા હતા. (૨) શ્રીહરિ વિશે અત્યંત સ્નેહવાળા સાધુઓ ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી રહ્યા તેટલામાં ગાલવે આવીને કહ્યું કે હે પ્રભો ! રસોઈ તૈયાર થઈ છે. (૩) તેમની આવી વાણી સાંભળીને પ્રસન્ન થયેલા શ્રી હરિએ તે સમયે મુનિઓને જમવા માટે જવા આજ્ઞા આપી. તેથી તે સાધુઓ હાથ, પગ, મુખ ધોઈ ભોજન કરવા માટે તત્કાળ હર્ષથી પંક્તિબદ્ધ બેસી ગયા. (૪)

હે રાજન્ ! ધર્મના પુત્ર શ્રી હરિ સર્વ મુનિઓને સાકર અને ઘી યુક્ત દૂધપાક તથા પુરીઓ વગેરે ભોજનો વારંવાર પીરસીને તૃપ્ત કરતા હતા. (૫) જમી રહ્યા પછી શ્રી હરિએ સમગ્ર મુનીંદ્રોને પોતાનાં નિવાસમાં જવા માટે આજ્ઞા આપી. પછી શ્રીહરિ પોતાનાં બંધુજનો સાથે વિવિધ ભોજનો જમીને પોતાનાં ભુવનમાં સ્વ આસન ઉપર આવી બિરાજ્યા.(૬)

તેટલીવારમાં શ્રીહરિનાં દર્શન કરવા માટે દેશાંતરથી ઘણા ભક્ત સમુદાયો, તરસ્યા જનો જેમ જળ પ્રત્યે, અને જેમ વર્ષાઋતુમાં નદીના પ્રવાહો સમુદ્ર પ્રત્યે જાય તેમ તે સર્વે, ગઢપુરપ્રત્યે આવતા હતા. (૭) પૂર્વ દેશના હજારો હજાર નિવાસીઓ તથા ઉત્તર દેશમાં રહેનારા, દક્ષિણ દેશના, પશ્ચિમ દેશના અને મધ્યમ દેશ નિવાસિ ભક્તજનો વેગ પૂર્વક ગઢપુરમાં આવ્યા.(૮)

હે રાજન્ ! તે પ્રકારે અગ્નિ દિશા, નૈઋત્ય દિશા, વાયુ દિશા તથા ઈશાન દિશામાં રહેનારા હજારો હજાર ભક્તજનો હર્ષ પૂર્વક દુર્ગપત્તનમાં આવ્યા. (૯) શ્રીહરિનાં દર્શનમાં જેમનાં ચિત્ત પ્રીતિવાળા છે એવા બાળકો, યુવાનો, વૃદ્ધ જનો તથા પતિવ્રતા ધર્મમાં પ્રીતિવાળી શ્રી હરિના ચરણકમળમાં ભક્તિવાળી સધવા તથા વિધવા સ્ત્રીઓ પણ ગઢપુરમાં આવી. (૧૦-૧૧)

શ્રીહરિનાં દર્શન કરવા આવવા તે ભક્તજનોને માર્ગમાં ચોરો જ્યારે લૂંટવા માટે આવ્યા તેજ વખતે તે ભક્તજનો, ઘોડેસવારો સહિત શ્રીહરિને ત્યાં જોઈને ચોર લોકોને નાસી જતા જોઈ અને શ્રીહરિને અંતર્ધાન થયેલા જોઈને, વિસ્મય પામ્યા. (૧૨)

શ્રીહરિનાં દર્શનની ઈચ્છાથી જેમનાં મન આકુળવ્યાકુળ છે એવા જનસમૂહો ગઢપુરની સમીપે આવ્યા. તે વખતે માર્ગમાં ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિને તેઓ વિવિધ પ્રકારનાં વેશપરિધાન કરેલા જોતા હતા. (૧૩) કેટલાક ભક્તજનો અતિ શોભાયમાન 'માણકી' ઘોડી ઉપર બિરાજેલા અને બહુ મૂલ્યવાળા શ્વેત વસ્ત્રો ધારણ કરેલા એવા, જેમણે અનેક પુષ્પોના હાર ધારણ કરેલા છે એવા, ઘોડેસવારોની સાથે સન્મુખ આવતા શ્રીહરિને જોતા હતા. (૧૪)

કોઈક પ્રદેશમાં કેટલાક હરિભક્તો 'તાજણ' ઘોડી ઉપર બેઠેલા, પીતાંબર ધારણ કરેલા તથા પાર્ષદોના સમૂહોની સાથે અતિ શોભાયમાન લાલ વર્ણવાળા પુષ્પોના અલંકારો જેમને છે એવા, પોતાની સન્મુખ આવતા શ્રીહરિને જોતા હતા. (૧૫) કેટલાક ભક્તજનો 'પંખાળી' ઘોડી ઉપર બિરાજેલા જેમણે લાલ વસ્ત્રો ધારણ કર્યા છે એવા, અને જેમણે શ્વેત પુષ્પોના આભૂષણો ધારણ કર્યા છે એવા, મનોહર મુનીંદ્રોની સાથે પોતાની સન્મુખ આવતા શ્રીહરિને જોવા લાગ્યા. (૧૬)

કેટલાક ભક્તો શ્રીહરિને સુંદર 'કેસરી' ઘોડી ઉપર બિરાજેલા પાર્ષદો સહિત જરિયાન વસ્ત્રો પોતાનાં અંગો ઉપર ધારણ કરેલા, વિવિધ પ્રકારનાં પુષ્પોના અલંકારોથી અલંકૃત જોતા હતા. (૧૭) કેટલાક ભક્તો સુંદર રથમાં બિરાજેલા રૂપેરી વસ્ત્રોવાળા અને શોભાયમાન છે આભૂષણો જેમને એવા પોતાનાં ભક્તોથી વીંટાયેલા એવા અને પોતાની સન્મુખ આવતા શ્રીહરિને માર્ગમાં જોતા હતા. (૧૮)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ પોતાની યોગકળાથી તે સમયે ગઢપુર પ્રત્યે આવતા ભક્તજનોને રસ્તામાં એકી સાથે અનેક સ્વરૂપે પોતાનાં દર્શન આપ્યાં. (૧૯) હે નૃપ ! તેમનોં દિવ્યભાવ જોઈને પ્રસન્ન થયેલા ભક્ત સંઘો અત્યંત મધુર ઉંચા સ્વરોથી તાળીઓ પાડીને ગીતો ગાતા, નાનાવિધ વાદ્યોના શબ્દોની સાથે દુર્ગપત્તન આવતા, દુર્ગપત્તનના સમગ્ર પુરજનોના ચિત્તને આનંદ અને આશ્ચર્ય યુક્ત કરતા હતા. (૨૦-૨૧)

હે રાજન્ ! કેટલાક જનો ગાડા ઉપર બેસીને, કેટલાક ભક્તો વેલ્યો ઉપર બેસીને, કેટલાક ચપળ વિચિત્ર ઘોડાઓ ઉપર બેસીને, કેટલાક રથો ઉપર બેસીને આવ્યા. (૨૨) શ્રીહરિનાં આશ્રિત અનેક રાજાઓ પણ શ્રીસ્વામિનારાયણના દર્શન માટે પોતાની સેનાઓ લઈ વાજિંત્રોના મહાન ધ્વનિ કરતા ગઢપુરમાં આવ્યા. (૨૩)

શ્રીહરિ તે ઉદ્‌ઘોષ સાંભળીને તત્કાળ પોતાનાં મહેલમાંથી બહાર આવીને શોભાયમાન લીમડાની નીચે ઓટલા ઉપર રમણીય સુવર્ણ સિંહાસનમાં બિરાજ્યા. (૨૪) શ્રીહરિ સિંહાસનમાં બિરાજ્યા તે સમયે આકાશમાં રહેલા દેવગણોએ આશ્ચર્યપૂર્વક ચંદન પુષ્પની વૃષ્ટિ કરી. તેથી શ્રીહરિનાં ભક્તજન સમૂહોને અત્યંત આશ્ચર્ય થયું. (૨૫)

શ્રીહરિનાં દર્શનમાં ઉત્કંઠાવાળા જનસમૂહો શ્રીહરિનાં દર્શન કરીને, સમ્યક્ પ્રકારે શ્રીહરિને મળીને, ચંદ્રને જોઈને સમુદ્ર જેમ ઉછળે તથા ધનને જોઈને દરિદ્રો જેમ હર્ષ પામે તેમ, હર્ષ પામતા હતા. (૨૬) પ્રેમના વેગથી જેમનાં મન આકુળ વ્યાકુળ છે. એવા હરિભક્તો હાથ જોડીને પોતાનાં પ્રાણપ્રિય શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. અત્યંત પ્રેમી અને ઉત્સાહવાળા કેટલાક ભક્તો કેવળ શિર નમાવીને શ્રીહરિને વંદના કરતા હતા. (૨૭) કેટલાક જમસમૂહો સ્નેહને વશ થઈ પૃથ્વી ઉપર પડીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરતા હતા. કેટલાક જનો પ્રણામ કરવાનું ભૂલી જઈને તત્કાળ લાંબા કાળ સુધી શ્રીહરિની મૂર્તિ જોતા હતા. (૨૮)

મનોહર મૂર્તિથી અતિસુંદર, બહુદયાવાળા, મહામૂલ્યવાળા વસ્ત્રો ધારણ કરનારા, ગર્વિત થયેલા, કોટિ કામદેવોના ગર્વને હણનારા, અવતારી, શ્રીહરિ, તેમનાં ચિત્ત હરિ લેતા હતા. (૨૯) પોતાને નમસ્કાર કરનારા જનસમૂહોના જન્મ-મરણ રૂપી સંસારનો નાશ કરનારા, પુષ્પોના સુંદર તોરાઓ તથા પુષ્કળ હાર જેમણે ધારણ કર્યા છે એવા, પોતાનાં ભક્તજન સમૂહોને શાંતિ આપનારા, પોતે જોયેલા જનોની સમગ્ર પીડાનો નાશ કરનારા. (૩૦)

જે શ્રીહરિનાં એક એક અવયવમાં અતિ મહાન સૌંદર્ય રૂપી અમૃત મહાસાગરમાં અસંખ્ય ભક્તોના મનરૂપી હાથીઓ બૂડેલા છતાં બહુ શાંતિ પામ્યા. (૩૧) રમણીય રૂપવાળા શ્રીહરિનાં દર્શન કરીને તૃપ્તિ પામતા એવા નેત્રોથી જોનારા ભક્તસમૂહો, શ્રીહરિની રૂપ માધુર્યરૂપી સુધામાં અત્યંત આસક્ત બની ચિત્તમાં જાણે ચિત્રેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા. (૩૨)

તે સમયે દયાદ્ર ચિત્તવાળા શ્રીહરિ પણ તે ભક્તોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય તથા પોતાની અનુપમ મૂર્તિનું સૌંદર્ય બતાવતા હતા. (૩૩) દિવ્ય ઐશ્વર્ય તથા પોતાની મૂર્તિનાં સૌંદર્ય દર્શનથી તે સમયે શ્રીહરિમાં પ્રાણ ઈન્દ્રિયો તથા આત્માનો પ્રતિરોધ પામેલા તે ભક્તજનો શ્રીહરિનાં એક એક રમણીય અંગમાં સંલગ્ન થઈ પ્રતિમાની માફક સ્થિર થઈ ગયા. (૩૪)

કેટલાક નિર્વિકલ્પ સમાધિ પામીને તત્કાળ પૃથ્વી ઉપર પડી ગયા. કેટલાક થાંભલાની માફક સ્થિર અંગવાળા થઈ ગયા, તેવી રીતે કેટલાક પૃથ્વી ઉપર બેસી ગયા. (૩૫) પછી પોતાનાં હૃદયમાં સ્ફુરાયમાન કોટિ કોટિ સૂર્યના સરખી કાન્તિવાળા, તેથી જ તેજ થી શોભાયમાન તો પણ અત્યંત કમનીય મૂર્તિ, પોતાનાં સ્વામી શ્રીહરિને ભક્તો તથા સ્ત્રીઓ સર્વે જોતા હતાં. (૩૬)

તે સમયે ભક્તજનો પોતાનાં અંતરમાં અત્યંત સ્ફુરાયમાન શ્રીહરિ જોઈને, શ્રીહરિને અતિગાઢ સ્નેહથી ભેટતા હતા. એવી રીતે તેઓ સર્વે અતિ અલૌકિક મહાસુખ પામતા હતા. (૩૭) પછી વિભુ શ્રીહરિની ઈચ્છાથી તે સમગ્ર જનો જાગ્રત થઈ, મોટા ઓટલા ઉપર રમણીય સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને પૂર્વની માફક જ બિરાજેલા જોતા હતા. (૩૮) તે સમગ્ર જનસમૂહો, શ્રીહરિનાં દર્શનથી અત્યંત આનંદ પામ્યા અને તેમને માર્ગમાં લાગેલો શ્રમ ઉતરી ગયો. તેથી તેમનાં સર્વના ચિત્ત આનંદ મગ્ન થઈ ગયા. (૩૯)

તે સર્વે ભક્તોમાં કેટલાક ભક્તો તો પાંચ માસથી માર્ગમા મજલ કરતા હતા. કેટલાકને તો

ચાર માસ થયા હતા, કેટલાકને ત્રણ માસ થયા હતાં. (૪૦) કેટલાકને બે માસ તથા કેટલાકને માસ માર્ગમાં ચાલતાં થયા હતા. તે સર્વે જનો શ્રીહરિનાં દર્શન કરીને પૂર્વે ક્યારેય નહીં અનુભવેલો એવો આનંદ અનુભવતા હતા. (૪૧)

હે રાજન્ ! ઘરના સુખનો ત્યાગ કરીને ઘણું કષ્ટ સહન કરી પોતાનાં દર્શન માટે આવેલા સમગ્ર જનોનું શ્રીહરિ યથોચિત સન્માન કરતા હતા. (૪૨) આ પ્રકારે શ્રીહરિ ધનતેરસને દિવસે પછી એક આવતા પોતાનાં ભક્ત સમૂહના સંઘની યથાયોગ્ય સંભાવના કરતા તેમને સર્વને પોતાનાં દર્શન આપવા દયાપૂર્વક લાંબા સમય સુધી ઓટલા ઉપર સિંહાસનમાં બિરાજી રહ્યા. (૪૩)

શ્રીહરિ તેમનું સર્વેનું સ્વાગત કરી તેમના કુશળ, આરોગ્ય વગેરે પ્રશ્નો પૂછી, તેમને આનંદ પમાડી નજીક રહેતા હરિભક્તોને તેમનાં સર્વના ઉતારા માટે આજ્ઞા કરતા હતા. તેથી હરજી ઠક્કર વગેરે શ્રીહરિની આજ્ઞાથી તેમને જુદા જુદા ઉતારાઓમાં લઈ જતા હતા. (૪૪)

કેટલાક જનો અતિ વિશાળ દુર્ગનગરમાં જ નિવાસ કરતા હતા. કેટલાક રાધાવાડી તથા લક્ષ્મીવાડીમાં નિવાસ કરતા હતા. કેટલાક ઉન્મત્ત ગંગાના તટ ઉપર નિવાસ કરતા હતા. તેમજ કેટલાક શાકા નગરોમાં નિવાસ કરતા હતા. (૪૫) કેટલાક કૂવાના કાંઠા ઉપર કેટલાક નદીના તટ ઉપર તથા કેટલાક ખેતરોમાં, કેટલાક વૃક્ષોની છાયામાં, કેટલાક વાવના કાંઠા ઉપર નિવાસ કરતા હતા. આ પ્રમાણે અસંખ્ય જનો જેવી રીતે સુખ થાય તેવી રીતે નિવાસ કરતા હતા. (૪૬)

જેમાં રાજાઓનો શોભાયમાન નિવાસ છે તેથી શોભતો ઉન્મત્ત ગંગાનો તટ, ઘોડાઓની ઉત્તમપંક્તિથી યુક્ત, વિવિધ પ્રકારનાં તંબુઓથી યુક્ત, એવી ઉત્તમ શોભાથી શોભતી ઉન્મત્ત ગંગા જાણે તે રમણીય નગરોથી યુક્ત હોય ને શું ! એમ શોભતી હતી. (૪૭) દેશાંતરથી આવતા શ્રીહરિનાં આશ્રિત ભક્તો દિશામાં વ્યાપ્ત થયેલા મંગળરૂપ સુંદર ગીતના મનોહર શબ્દોથી તથા વાજિંત્રોના ધ્વનિથી, તેમજ હરિભક્તના સમુદાયોથી વ્યાપ્ત, આનંદકારી તે નગર શોભતું હતું. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં દેશાંતરથી આવેલા ભક્તોને શ્રીહરિનાં દર્શનથી મહોત્સવ થયો તે નિરૂપણ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં આવેલી સ્ત્રીઓનો સત્કાર જયા-રમા વગેરે યથા યોગ્ય કરતાં હતાં. (૧) શ્રીહરિ ગઢપુરમાં પોતાની પાસે આવેલા દરેક બ્રાહ્મણો તથા દરેક ભિક્ષુકોને અન્ન અથવા જેને જે અપેક્ષા હોય તે અપાવતા હતા. (૨) શ્રીહરિ જેમનું ધન ખર્ચાઈ ગયું

છે એવા ગૃહસ્થોને પણ જે અપેક્ષિત અન્નાદિ વસ્તુ તે પ્રીતિપૂર્વક અપાવતા હતા. (૩)

શ્રીહરિ તે સમયે બ્રાહ્મણાદિને કાચુ અન્ન, ઘી, સાકર, જળપાત્ર, પત્રાવલા, પડીયા, મરચાં, હળદર, રાઈ, મેથી, તેલ, લાકડા વગેરે પાંચ દિવસ સુધી ચાલે તેટલી સર્વ વસ્તુઓ અપાવતા હતા. (૪) ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો તથા સૂત-માગધ, સ્તુતિ કરનારા (બંદિજનો) વાજા વગાડનારા વગેરેને શ્રીહરિ રાજાનાં ઘરમાં જમાડતા હતા. (૫) શ્રીહરિ રાત્રિએ અશ્વ ઉપર બિરાજીને કેટલાક પાર્ષદો સાથે જુદા જુદા સર્વે ભક્તોના ઉતારામાં જતા હતા. (૬) પછી શ્રીહરિ ભક્તોનું સ્વાસ્થ્ય પૂછી તેમને જે જે જોઈએ તેતે વસ્તુ તત્કાળ અપાવતા હતા. (૭) હે ભક્તો ! તમો સૌ તમારા ઉતારામાંથી તમને અપરિચિત લાગે તેવા પુરુષને કાઢી મૂકજો તેમજ તેવી અપરિચિત સ્ત્રીને પણ કાઢી મૂકજો તમારે હંમેશા સાવધાની પૂર્વક વર્તવું. (૮) ભક્તપ્રિય શ્રીહરિ આ પ્રકારે સર્વભક્તોને સૂચના આપીને પોતાનાં સેવકોથી વીંટાયેલા પોતાનાં મંદિરમાં આવ્યા. (૯) પોતાનાં દર્શન માટે આવેલા, પોતાને વિષે આસક્તિવાળા દૂર દેશના નિવાસી જનસમુદાયોની મુમુક્ષુતાની, શ્રીહરિ સોમસૂરા-નાનજીત વગેરે પોતાનાં ભક્ત પાર્ષદો આગળ પ્રશંસા કરતા હતા. (૧૦) વારંવાર પોતાનાં દર્શન માટે આવતા સ્ત્રી પુરુષો સંઘોની સંભાવના શ્રીહરિ કરતા હતા. તેટલામાં રાત્રિનો ત્રીજો પહોર આવ્યો. (૧૧)

પછી નરનાટ્યધારી શ્રીહરિ લગારેક સૂઈ જઈને જલ્દીથી ઉઠીને સ્નાન કરી, પોતાનો શુભ નિત્યવિધિ કરતા હતા. (૧૨) ચૌદસને દિવસે સવારથી આવતા પોતાનાં ભક્તોને પોતાનાં દર્શન આપવા વગેરે ક્રિયાથી સંતોષ આપતા શ્રીહરિને આજનો દિવસ પણ આગલા દિવસની માફક જ ગયો. (૧૩) પછી શ્રીહરિ દીપોત્સવની તિથિએ (દીવાળીને દિવસે) અરુણોદય સમયે મંગળ સ્નાન કરીને નિત્યવિધિ કરતા હતા. (૧૪) પછી પ્રભુ શ્રીહરિ "ચાકળા" ઉપર ક્ષણવાર બિરાજ્યા. પછી ઉત્તમ રાજા શ્રીહરિનું નિત્યપૂજન કરતા હતા. (૧૫) તેટલામાં લલિતા તથા જયાએ પ્રેરણા કરેલા મયારામ ભટ્ટ મહામૂલ્યવાળાં નવીન સુંદર વસ્ત્રોની સુંદર પોટલી બગલમાં ગુપ્ત રીતે રાખી ઉતાવળી ગતિથી આવ્યા. તેને જોઈને તમો શું લાવ્યા છો એમ શ્રીહરિએ તેમને પૂછ્યું. (૧૬-૧૭)

શ્રીહરિને પ્રિય મયારામ બ્રાહ્મણે પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રણામ કરીને હે સત્પતે ! આ નવીન વસ્ત્રો છે એમ કહ્યું. (૧૮) હે પ્રભો ! આજ સુમંગળ દીપોત્સવ તિથિ છે. માટે ભક્તોના આનંદ માટે આ વસ્ત્રો આપ ધારણ કરો. (૧૯)

તેથી સ્વયં શ્રીહરિએ હર્ષપૂર્વક તે વસ્ત્રો ભક્તોના આનંદ માટે સ્વીકાર્યા. પછી કસુંબી પટકો મુગટના આકારોવાળા પોતાનાં મસ્તક ઉપર બાંધ્યો. (૨૦) શ્રીહરિએ સોનેરી બુટ્ટાદાર લાલ અંગરખું પહેર્યું. પછી કેડ્ય ઉપર સોનેરી પટકો બાંધ્યો. (૨૧) પછી શ્રીહરિએ પોતાનાં ભક્તજનોને બોલાવ્યા. એટલે નિત્યવિધિ કરીને તે સર્વે ભક્તો પ્રસન્ન થઈને ત્યાં આવ્યા. (૨૨) સાધુઓ આવીને મહાન નિંબતરું નીચે ઓટલાની ચારે બાજુએ બેઠા. તેમની પાછળ ગૃહસ્થો બેઠા. (૨૩) ઉત્તમ રાજાના દરબારમાં આવીને શ્રીહરિનાં આગમનની અત્યંત પ્રતિક્ષા કરતી સર્વસ્ત્રીઓ આવીને સ્ત્રીઓની સભામાં બેઠી. (૨૪)

ઋગાદિ વેદ જાણનારા, મહામંત્રો જાણનારા, છ શાસ્ત્ર જાણનારા તથા અષ્ટાદશ પુરાણો જાણનારા, બ્રાહ્મણો ત્યાં આવીને બેઠા. નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સાવધિ બ્રહ્મચર્યવ્રતવાળા પણ ત્યાં આવીને બેઠા. (૨૫) બીજા વાજિંત્રો વગાડવામાં નિપુણ ઘણા ગવૈયાઓમાં દેવાનંદ વગેરે પણ ત્યાં આવીને બેઠા. તેમજ ગંગારામ વગેરે મલ્લો તથા નાગાર્જુન વગેરે બંદિજનોએ સહિત ચારણો પણ ત્યાં બેઠા. (૨૬)

સમગ્ર સાધુઓ પણ પોતાનાં ભુવનથી બહાર લીંમડાના વૃક્ષ નીચે સભામાં આવી શ્રીહરિની પ્રતિક્ષા કરતા ત્યાં ઊભા રહ્યા. તેટલામાં સ્વયં શ્રીહરિ આવ્યા. (૨૭) સમગ્રજનો જેમનાં મુખ શ્રીહરિને જોઈને પ્રફુલ્લિત થયા છે તે સર્વે શ્રીહરિને પ્રણામ કરી મોટા જયઘોષ કરતા હતા. (૨૮)

પછી શ્રીહરિ ભક્તોને આનંદ આપતા નીંબવૃક્ષની નીચે શોભાયમાન ઓટલા ઉપર પોતાનાં શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજ્યા. (૨૯) શ્રીહરિનાં પાર્ષદ સોમા ખાચર જેઓ બોટાદના અધિપતિ હતા તેમણે શ્રીહરિનાં મસ્તક ઉપર સૂર્યના સરખા કાન્તિવાળું છત્ર ધારણ કર્યું. તે સમયે તે છત્ર શ્રીહરિનાં મુખકમળની કાંતિથી અત્યંત શોભવા લાગ્યું. (૩૦) હે નૃપ ! ભગુજી તથા અલૈયા એ બે જણ રત્નદંડવાળા સુંદર ચમરો પકડીને શ્રીહરિ ઉપર વીંઝતા હતા. (૩૧) નાગડકાના અધિપતિ સુરા ખાચર તથા શ્રીહરિને પરિહાસ કરાવવા રૂપ લીલાનાં એક પાત્રભૂત નાજા ભક્ત એ બંને શ્રીહરિની પડખે ઊભા રહી પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રીતિથી સારી રીતે પવન નાંખતા હતા. (૩૨-૩૩)

મુકુંદાનંદ વર્ણીન્દ્ર રૂમાલ લઈ શ્રીહરિની સમીપે કંઈ આજ્ઞાની રાહ જોતા ઊભા રહ્યા હતા. (૩૪) સોનાની છડી જેનાં હાથમાં છે એવા, શ્રીહરિને સર્વ કાર્ય નિવેદન કરનારા (બીજા કાર્યમાં નિમગ્ન શ્રીહરિને હે હરે ! આ નમસ્કાર કરે છે, આ પૂછે છે) અથવા શ્રીહરિની આજ્ઞાથી બીજાને કાર્ય બતાવનારા દ્વારપાળ, કુબેર ભગત ઉંચા સ્વરથી જય શબ્દ બોલતા હર્ષપૂર્વક શ્રીહરિની આગળ ઊભા રહ્યા હતા. (૩૫) હજારો હજાર શૂરવીર ક્ષત્રિયો તથા શ્રેષ્ઠ પાર્ષદો શ્રીહરિની આજ્ઞા પરાયણ શ્રીહરિની ચોતરફ ઊભા રહેતા હતા. (૩૬) પછી શ્રીહરિ પોતાનાં દર્શનમાં ઉત્કંઠાવાળા જેમનાં મન છે એવા જનોની ભીડથી એક બીજાને ઉલ્લંઘન કરનારા સમુદ્ર સમાન જનોને ચારેય તરફ જોતા હતા. (૩૭) પોતાનાં દર્શન કરવા માટે ઉતાવળ કરતા, જનસમૂહોની મહાભીડમાં રહેલા અગણિત જનસમૂહોને શ્રીહરિ ઉત્તમ નૃપતિના આંગણામાં પણ જોતા હતા. (૩૮) શ્રીહરિ ઓશરીઓ, ઓટલીઓ તથા ચોક વગેરે પ્રસિદ્ધ સ્થાનોમાં રહેલા ઘણા લોક સમૂહોને પણ જોતા હતા. (૩૯)

મેડિયો તથા અગાસીઓ - છજા તથા ઘોડશાળાઓ, ચોરા, કોટ, ગઢ વગેરે પ્રસિદ્ધ સ્થાનોમાં તથા દરવાજા, ખડકીઓ વગેરેમાં રહેલા જનોને પોતાની આગળ પાછળ તથા પડખે મનુષ્યોની અત્યંત ભીડ જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈ હાસ્ય કરતા હતા. (૪૦-૪૧)

હે રાજન ! તે અસંખ્ય જનસમુદાયો અતર્ક્ય મહાશક્તિવાળા શ્રીહરિની ઈચ્છાથી જ રાજદરબારમાં સમાતા હતા. (૪૨) શ્રીકૃષ્ણના પ્રતાપ થકી સુધર્મા નામની સભામાં છપન કોટિ યાદવો જેમ સમાતા હતા તેમ વળી રામચંદ્રજીના પ્રતાપથી પુષ્પક વિમાનમાં અઢાર પદમ સંખ્યાવાળા કપિઓ જેમ સમાતા

હતા તેમ એ જનો પણ અવતારિ આ શ્રીહરિનાં પ્રતાપથી ત્યાં સમાતા હતા. (૪૩)

હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ તાળી વગાડી સર્વને બેસી જવાની હાથની મુદ્રા કરી પોતાનાં અસંખ્ય આશ્રિતોને બેસાડી દીધા. (૪૪) સમગ્રજનો શ્રીહરિનાં વદનકમળના દર્શન કરતા વ્યવસ્થિત રહી મૌન બેઠા હતા. સર્વ પુરુષો પુરુષોમાં બેઠા હતા. સ્ત્રીઓની સભામાં સ્ત્રીઓ બેઠી હતી. પુરુષોમાં પણ શુદ્ધાન્તઃકરણવાળા જે સાધુઓ હતા તે સંતો પ્રીતિપૂર્વક મુનિ મંડળોમાં બેઠા. જે વિશદાશયવાળા બ્રાહ્મણો તે હર્ષપૂર્વક બ્રાહ્મણ મંડળોમાં બેઠા. (૪૫-૪૬) તેવી રીતે ગૃહસ્થોમાં ગૃહસ્થ બેઠા. વૃદ્ધોમાં યથાયોગ્ય સર્વવૃદ્ધો બેઠા. વિદ્યાનિપુણ પુરુષો વિદ્વાનોમાં બેઠા. શિલ્પિઓના સમુદાયમાં શિલ્પ દક્ષો બેઠા. (૪૭)

હે રાજન્ ! તે સમગ્ર ભક્તો મૌન રહ્યા હતા. પછી શ્રીહરિએ ઘણા સમયથી ઊભા રહેલા વાજિંત્રો વગાડનારાઓ પ્રત્યે જોઈ તેમને વાજિંત્રો વગાડવા માટે આજ્ઞા આપી. (૪૮) તે વાજિંત્ર વગાડનારાઓ તાસા વગેરે જે જે વાદ્યોમાં જે જે દક્ષ હતા તેઓ પોતાનાં હાથની દક્ષતા અત્યંત હર્ષપૂર્વક તે સમયે શ્રીહરિને બતાવતા હતા. (૪૯)

શ્રીહરિ પણ વાદ્યવગાડનારાઓનું કરલાઘવ જોઈને અતિ આનંદપૂર્વક તેઓની પ્રશંસા કરતા હતા. પછી ભક્તપતિ શ્રીહરિ અનેકદેશથી આવેલા અસંખ્ય ભક્તો પ્રત્યે પોતાનાં અન્તઃકરણમાં કોઈ વિચારની ઉદ્‌ભાવના કરીને જોતા હતા. (૫૦) દેશાંતરથી આવેલા પોતાનાં ભક્તજનોમાં જે જે જનો જે જે દેશોમાં અગ્રગણ્ય હતા તેમને તેમનાં દેશનું વૃત્તાંત પૂછવા માટે શ્રીહરિ પોતે જ્યાં બિરાજ્યા હતા તે સભામાં તેમને બોલાવતા હતા. (૫૧)

તેથી હર્ષ પામેલા તે સર્વે ઊઠીને શ્રીહરિની સમીપે આવી હાથ જોડી નમ્રતાયુક્ત શ્રીહરિનાં મુખરૂપી ચંદ્રમામાં આસક્ત છે નેત્રરૂપી ચકોર સમૂહો જેમનાં એવા તે સર્વે સકલજનોના એક સ્વામી શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની સન્મુખ બેઠા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં છઠ્ઠા સ્કંધમાં જુદા જુદા દેશમાંથી આવેલા ભક્તોની યથોચિત સંભાવના શ્રીહરિએ કરાવી તે નિરૂપણ નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિ મહાવિદ્વાન અને વિનયયુક્ત પોતાનાં ભક્તોનો સત્કાર કરીને સભામાં બેઠેલા જનો સાંભળે તેમ આ પ્રમાણે પૂછતા હતા. (૧)

હે ભક્તો ! તમારા દેશમાં લોકો મારે વિષે શું વાતો કરે છે ? તેમજ મારા આશ્રિત ત્યાગીઓની તથા મારા આશ્રિત ગૃહસ્થ પુરુષો તથા સ્ત્રીઓ સંબંધી લોકમાં કેવી વાર્તાઓ પ્રસરેલી છે ? (૨)

તથા પૃથ્વી ઉપર જે મારાથી વિમુખજનો છે તેવા લૌકિક સાધુઓની તથા પોતાનાં ગુરુઓની કેવી વાર્તાઓ કરે છે ? (૩)

શ્રીહરિએ આ પ્રકારે પૂછયું તેથી એક દેશ-પુર-ગામના જે મુખ્ય સત્સંગીજનોએ જે પ્રકારે નેત્રોથી જોયું હતું, જેવું સાંભળ્યું હતું, એવું પોતપોતાનાં દેશનું વૃત્તાંત શ્રીહરિને આ પ્રમાણે કહેલા લાગ્યા. (૪)

હે ભગવન્ ! અમારા દેશમાં જે જનો આપનાથી વિમુખ છે તે જનો જેમ બોલે છે તે વૃત્તાંત અમો આપને કહીએ છીએ. (૫) આ પૃથ્વીને ધન્ય છે, શ્રીસ્વામિનારાયણ સર્વોપરિ વર્તે છે. જે સ્વામિનારાયણ આ લોકમાં આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિએ સહિત તેમજ વર્ણાશ્રમના આચાર સહિત એકાંતિક ધર્મ પ્રવર્તાવે છે અને તેનું રક્ષણ પણ કરે છે. (૬)

જેમનાં આશ્રિત સર્વે ત્યાગીજનો પવિત્ર, બીજાથી સિદ્ધ ન થઈ શકે તેવું અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્યવ્રતનું કળિયુગમાં પણ યથાર્થ પાલન કરે છે. વળી વિધવા સ્ત્રીઓ પણ બ્રહ્મચર્ય પાળે છે (એ મહાશ્ચર્ય છે) (૭) જે સ્વામિનારાયણ પોતાનાં આશ્રિતજનોના કામરૂપી દોષનો નાશ કરે છે જે કામથી મોહ પામેલા વિદ્વાન જનો પણ પોતાનાં ગોત્રની સ્ત્રીઓને લજ્જાએ રહિત થઈને પશુઓની જેમ ભોગવે છે. (૮)

જે સ્વામિનારાયણ ત્યાગીજનો પાસે ધનનો ત્યાગ કરાવે છે. જેનાં લોભથી વિદ્વાનો પણ પોતાનાં બંધુજનોને તથા પોતાનાં મિત્રોને પણ હણે છે. વિનષ્ટ જ્ઞાનવાળા બીજા જનો પણ પોતાનાં સગા સંબંધી તથા મિત્રોનો પણ લોભને વશ થઈ નાશ કરે છે. (૯)

શ્રીસ્વામિનારાયણના સાધુ વિના બીજા સાધુઓએ દુસ્ત્યાજ્ય જે રસાસ્વાદ તેનો પણ શ્રીસ્વામિનારાયણ પોતાનાં મુનિઓને ત્યાગ કરાવે છે. જે રસાસ્વાદમાં આસક્ત થયેલા મૂઢજનો કામથી પરાભવ પામી દુષ્ટવ ર્તનવાળા ખરાબ થાય છે. (૧૦) પૃથ્વી ઉપર અનેક પ્રકારનાં રસાસ્વાદથી વિહ્વલ થયેલા, સારાકુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો પણ નીચ જાતિના મનુષ્યોનું અન્ન વગેરે ખાય છે. એ પ્રકારનાં ભોજનથી મનુષ્યો વર્ણશંકરતા પ્રાપ્ત કરે છે. (૧૧)

જે સ્વામિનારાયણ પોતાનાં ભક્તોને પોતાનાં દેહગૃહાદિમાં જે સ્નેહ હોય તેનો ત્યાગ કરાવે છે. જે સ્નેહને વશ થઈ મનુષ્યો અનેક પ્રકારનાં દુઃખના સ્થાનભૂત પ્રેતપણું પામે છે, અને અનેક પ્રકારનાં નરકોમાં જાય છે. (૧૨) શ્રી સ્વામિનારાયણ પોતાનાં હજારો હજાર સાધુજનોને માનનો ત્યાગ કરાવે છે. જે માનને વશ થઈ અસભ્ય મનુષ્યો સાચા ત્યાગીજનો તથા સ્વધર્મનિષ્ઠ આચાર્યોને પણ માનતા નથી. (૧૩)

દુષ્ટજનો માનને લીધે પોતાનાં પાપ, આત્મશુદ્ધિ માટે પણ નિષ્કપટ થઈ, સત્પુરુષને કહેતા નથી. તે માનનો શ્રીસ્વામિનારાયણ પોતાનાં ભક્તોને ત્યાગ કરાવે છે. (૧૪)

પ્રાણીઓની હિંસા કરવામાં કારણભૂત, દયાનો નાશ કરનાર, અસભ્ય અને વિવિધ પ્રકારની કઠોર વાણી બોલવામાં કારણભૂત, તેમજ પોતાનો અને બીજાઓનો નાશ કરનારો ક્રોધ તે માનથી ઉત્પન્ન થાય છે. (૧૫)

આલોકમાં એવા માનનો ત્યાગ તેમનાં સાધુઓ કરે છે. અજ્ઞાનીજનો તેમને ગાળો આપે છે, લાકડી વડી મારે છે તથા ધૂળ નાંખે તો પણ એ બધું તેઓ સહન કરે છે. (૧૬)

તેથી આ લોકમાં પરમાર્થસ્વરૂપ સાચા સદ્‌ગુરુ શ્રીસ્વામિનારાયણ જ છે. તે માટે તેમને ધન્ય છે. સ્વામિનારાયણ જેવા અતિ મહાન, સુંદર ગુણવાળા આ પૃથ્વી ઉપર બીજા કોઈ નથી. (૧૭) સ્વામિનારાયણના આશ્રિત ત્યાગીજનોને પણ ધન્યવાદ છે, કારણ કે તે સાધુજનો, ગુરુએ ઉપદેશ કરેલા, બ્રહ્મચર્ય વગેરે સમગ્ર ધર્મોનું હંમેશા અતિ સાવધાન થઈને પાલન કરે છે. (૧૮)

લોકમાં તેમનાં આશ્રિત ગૃહસ્થો, ભક્તોને પણ ધન્ય છે. કારણ કે તે ગૃહસ્થો પર સ્ત્રીઓને પોતાની મા બેન સમાન જાણે છે. (૧૯)

આ લોકમાં શ્રીસ્વામિનારાયણના આશ્રિત તે ગૃહસ્થો પણ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ પણ કરતા નથી. જે પુરુષો આપત્કાળ વિના પોતાની માતાની સાથે પણ એકાંત સ્થાનમાં રહેતા નથી. (૨૦)

જેમનાં આશ્રિત ગૃહસ્થો હંમેશા ન્યાયથી જ ધન સંપાદન કરે છે. તેઓ ત્રણ પ્રકારની સૂરા, અગીયાર પ્રકારનું મદ્ય, તેમજ માંસ, ભાંગ, ગાંજો, અફીણ વગેરે યત્કિંચિત અભક્ષ્ય વસ્તુનું ક્યારેય પણ ભક્ષણ તથા પાન કરતા નથી. (૨૧) જે સ્વામિનારાયણના આશ્રિતજનો બીજાની તૃણાદિક વસ્તુઓ તેના ધણીને પૂછ્યા વિના લેતા નથી. આપત્કાળને વિષે પણ પોતાનો અથવા પારકો ઘાત કરતા નથી. (૨૨) જે ગૃહસ્થો પોતાનાં ગુરુ સ્વામિનારાયણ પાસેથી આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢપણે સિદ્ધ કરેલું હોવાથી મોક્ષને માટે ભૃગુપત્તન તીર્થરાજમાં અગ્નિપ્રવેશ કરીને પોતાનાં દેહનો ત્યાગ કરવા ઈચ્છતા નથી. (૨૩)

આ પ્રમાણે હંમેશા પોતાનાં ધર્મમાં રહેલા શ્રીસ્વામિનારાયણના આશ્રિત હજારો ગૃહસ્થો આ લોકમાં શ્રીસ્વામિનારાયની આજ્ઞા પ્રમાણે વર્તે છે. માટે તેમને ધન્ય છે. (૨૪)

સ્ત્રી ભક્તો પણ હંમેશા પોતાનાં પતિ વિના બીજા પુરુષોને પોતાનાં પિતા તુલ્ય જ જાણે છે. જેથી દંઢપતિવ્રતા ધર્મવાળી છે. (૨૫) શ્રીસ્વામિનારાયણની આશ્રિત વિધવા સ્ત્રીઓ પણ ત્યાગીજનોની માફક દરરોજ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળે છે. (૨૬)

તે વિધવા સ્ત્રીઓ માર્ગમાં પુરુષોથી ચાર હાથ દૂર ચાલે છે. પોતાનાં પિતા, માતા, પુત્ર વિના બીજા પુરુષો સાથે ક્યારેય પણ સંભાષણ કરતી નથી. (૨૭) વિધવા સ્ત્રીઓ પોતાનાં પિતા વગેરે સત્સંગીઓ પાસેથી શ્રીહરિ સંબંધી ઉપદેશ વાર્તા સાંભળે છે. તથા પોતાનાં પિતાદિતની સાથે જ ઉત્સવોમાં જાય છે, પરંતુ ક્યારેય બીજા પુરુષો સાથે જતી નથી. (૨૮)

તેમની આશ્રિત વિધવા સ્ત્રીઓ, પિતાદિકની સાથે પણ એકાંતમાં રહેતી નથી. આ પ્રમાણે વર્તે છે. (૨૯) તેમનાં ભક્તો ગાળ્યા વિનાનું જળ, દૂધ, ઘી, તેલ વગેરે પિતા નથી, તેમજ વાપરતા નથી. એકાદશી તથા જન્માષ્ટમીના વ્રતો કરે છે. (૩૦)

શ્રીસ્વામિનારાયણના લાખો આશ્રિતો હંમેશા પોતપોતાનાં ધર્મમાં રહીને સર્વ અંગે યુક્ત અનન્ય ભક્તિથી શ્રીહરિને ભજે છે. (૩૧) તેથી શ્રીસ્વામિનારાયણના આશ્રિત સ્ત્રીપુરુષો સર્વે પૃથ્વી ઉપર કૃતાર્થ થઈને ફરે છે. અમારા ગુરુઓ તો ધર્મનો ત્યાગ કરીને જ ફરે છે. (૩૨)

તે ગુરુઓ પોતાનાં શિષ્યોને શ્રી સ્વામિનારાયણની માફક પોતાનાં ધર્મમાં વર્તાવતા નથી. તેવા અમારા ગુરુઓને ધિક્કાર છે અને શ્રીસ્વામિનારાયણને પ્રતાપી જાણીને પણ તેમનોં આશ્રય નહિ કરનારા અમોને સર્વને પણ ધિક્કાર છે. (૩૩)

હે સ્વામિનારાયણ ! હે પ્રભો ! ઘણા લોકો તો એમ કહે છે કે અમો તો તે શ્રીહરિનો આશ્રય કરીશું. (૩૪) એ પ્રમામે કહેતા લોકોને બીજા મનુષ્યો આ પ્રમાણે કહે છે. હે દેવદત્ત ! જ્યારે પરંપરાથી ચાલતા આવેલા ગુરુઓનો અમે જો હમણાં ત્યાગ કરીએ તો અમારી લોકમાં લાજ જતી રહેશે. (૩૫)

તે વખતે ડાહ્યા પુરુષો તેમને આ પ્રમાણે કહે છે. હે વિષ્ણુદત્ત ! આપણી લાજ તો સ્વામિનારાયણનો આશ્રય કરવાથી જ રહેશે. જો આશ્રય નહિ કરીએ તો લાજ જશે. (૩૬)

આપણી ઘણી વિધવા સ્ત્રીઓ, બહેનો તથા પુત્રીઓ નિર્લજ્જ અને નામ માત્રે જે ગુરુ છે તેવાઓથી ગર્ભ ધારણ કરે છે. (૩૭) તે આપણી વિધવા બહેનો, પુત્રીઓ, વગેરે અતિ મોટા પાપરૂપ ગર્ભપાત ગુપ્ત રીતે કરે છે. તેથી શ્રીસ્વામિનારાયણનો આશ્રય કરવાથી ગર્ભપાત રૂપી મહાપાપથી આપણી વિધવા બહેનોનું રક્ષણ કરવું. (૩૮)

તે વખતે વળી બીજાઓ કહેવા લાગ્યા. ગર્ભપાત રૂપ પાપ થવાથી આટલા દિવસ સુધી તો બહારથી તો લોકોમાં આપણી લાજ રહે છે. (૩૯) હવે પૃથ્વી ઉપર સર્વ ઠેકાણે અંગ્રેજનું રાજ્ય થયું છે. તેથી આપણી લાજ તો હવે તત્કાળ જશે. (૪૦)

તે અંગ્રેજ રાજા વિધવા સ્ત્રીઓ જે ગર્ભપાત કરે છે તે પોતાનાં દુતો દ્વારા જાણે છે. તેથી ગર્ભનો પાત કરનારી વિધવા સ્ત્રીઓને તત્કાળ હંઠપાશથી હણે છે. (૪૧)

આ રાજા તે વિધવાના સંબંધી જનોને પણ પકડીને તેમનોં દંડ કરે છે. (ધન ગ્રહણ કરે છે.) તેથી આપણી તત્કાળ લાજ જશે અને પાપ થશે. (૪૨) વિધવા સ્ત્રીઓથી થયેલી પ્રજાનું રક્ષણ અથવા વિધવાના પુત્ર વિનાશમાં પણ આપણને મૃત્યુથી પણ અધિક અપયશ થશે. (૪૩)

માટે પૃથ્વી ઉપર બ્રાહ્મણાદિક ચારેય વર્ણના જનોને શ્રીસ્વામિનારાયણના આશ્રય વિના બીજી કોઈ પણ ગતિ નથી. તેથી આપણે શ્રીસ્વામિનારાયણનું જ સેવન કરવું. (૪૪) અમારા તે ધુર્ત ગુરુઓને તો અમારા ઘરમાં પ્રવેશ ન થવા દેવા. જો પરાણે આવે તો ફરી આવે નહિ તેમ માર મારવો. (૪૫)

તેથી આપણી વિધવા પુત્રીઓ વગેરે આપણી સાથે નક્કી શ્રીહરિને જ ભજશે અને શ્રીસ્વામિનારાયણના ભજનથી આપણું પુણ્ય અને યશ વૃદ્ધિ પામશે. (૪૬)

હે મહારાજ ! હે સ્વામિન્ ! આ પ્રકારે દેશે દેશના જનસમૂહો બોલે છે, તે અમોએ જેવું દીઠું અને જેવું સાંભળ્યું તેવું જ પ્રાણપ્રિય આપની આગળ કહ્યું છે. (૪૭) હે રાજન્ ! શ્રીહરિ દિવ્યરૂપવાળા પોતાનાં માતા પિતાને જોઈને તેમને પ્રસન્ન કરતા તે ભક્તોના આ વચનો સાંભળીને ભક્ત સમૂહો સાથે હસતા હતા. (૪૮)

તે સર્વ ભક્તો પોત પોતાનાં દેશના મુખ્ય જનો આવી રીતે જનોમાં પ્રસિદ્ધિ પામેલી વાર્તા કહીને પોતાનાં સ્વામી શ્રીહરિની શુભ આજ્ઞાનું લઈ, તેમનાં ચરણારવિંદનો સ્પર્શ કરીને તથા તેમને પ્રણામ કરીને, પોતાનાં સ્થાનમાં પહેલાં સભામાં જ્યાં બેઠા હતા ત્યાં હર્ષપૂર્વક બેસી ગયા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં જુદા જુદા દેશમાંથી આવેલા ભક્તો તે તે દેશમાં શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તથા તેમનાં સાધુઓ અને ભક્તો વિષેની જનશ્રુતિનું વર્ણન કરે છે એ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પૂજવા યોગ્ય દ્રવ્યોથી ભરેલાં પાત્રો હાથમાં ધારણ કરી, અનેક દેશના નિવાસીજનો શ્રીહરિની પ્રીતિપૂર્વક પૂજા કરવા માટે ત્યાં આવ્યા. (૧)

તે પૂજાવિધિમાં મધ્યદેશના નિવાસી હજારોહજાર ચતુર ભક્તો અતિ પ્રસન્ન મનવાળા શ્રીહરિની સમીપે આવ્યા. (૨)

યામુનદેશ, વત્સદેશ, ઘોષદેશ, શૂરસેનદેશ તેમજ મથુરાદેશ, સાલ્યદેશ, નીપદેશ, ઉજ્જિહાનદેશ, માંડવ્યદેશ, કુરુદેશ, દક્ષિણ પંચાળ તથા ઉત્તર પંચાળ દેશ, ભદ્રદેશ તથા કાપિષ્ઠળ ગૌરાગ્નિદેશ તથા અરિમેદદેશ, હસ્તિનગરદેશ એ પૂર્વોક્ત સર્વ દેશમાં રહેનારા. (૩-૪)

ધર્મારણ્ય દેશના નિવાસી, પારિયાત્ર પર્વતના નિવાસી, કાળકાપ્યદેશ, આશ્વત્થ કંકદેશ, કાંચનદેશ, પાંડુદેશ, સારસ્વતદેશ, ગુજરાતદેશ, ઉમરેઠદેશાદિક ઘણા દેશના વાસીઓ ત્યાં આવ્યા. (૫-૬) હે રાજન્ ! શ્રીહરિની સારી રીતે પૂજા કરવા માટે શ્રીહરિનાં ચરણાશ્રિત પૂર્વદેશના બળવાન ભક્તો પણ ત્યાં આવ્યા. (૭)

અબંષ્ઠદેશ, મગધદેશ, સુહમદેશ, કર્બટદેશ, ચંદ્રપત્તનદેશ, ઉત્કળદેશ, કોશળદેશ, ગૌંડદેશ, કાશીદેશ, મેકળદેશ, પુંડ્રદેશ, મિથિલા, માલ્યવાનપર્વતીય દેશ, વર્ધમાનદેશ, લૌહિત્યદેશ, (લાહોર) કિરાતદેશ, ઔડ્ દેશ, શિબિરદેશ, ગિરિજનપદદેશ વગેરે દેશોમાં નિવાસ કરનારા જનો ત્યાં શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. અગ્નિ ખૂણાના દેશોમાં રહેનાર ઘણા ભક્તજનો પણ ત્યાં આવ્યા. (૮-૧૦)

ઉપબંગદેશ, બંગદેશ, જઠરાંગદેશ, શૂળિકદેશ, આંધ્રદેશ, ચેદિદેશ, વત્સદેશ, ચર્મદીપ વિદર્ભ,

દશાર્ણ, ત્રિપુર, વિંધ્યાદ્રિ પ્રાંતદેશ, કિષ્કિંધાદેશ, શબરદેશ, નિષાદદેશ, નાળિકેરદેશ, વગેરે દેશોમાં રહેનારા જનો શ્રીહરિની પૂજા કરવા માટે ત્યાં આવ્યા. (૧૧-૧૨)

દક્ષિણ દેશમાં રહેનારા જનો શ્રીહરિનું પૂજન કરવા માટે આવ્યા. સૌરિકીર્ણદેશ, તાળિકટદેશ, મલયાચળપર્વત નિવાસી તથા કૌલબીરિદેશ, કુંકણદેશ, ભરૂચદેશ, કર્કોકટદેશ, વેણાનદીના કાંઠે રહેલો દેશ, શિબિકદેશ, દર્દૂરપર્વતકીય દેશ, ઋષ્યમૂકપર્વતીયદેશ, મહેન્દ્રાચલ પર્વતીયદેશ, જટાધરદેશ, ચિત્રકૂટપર્વતીયદેશ, કાવેરીતીરપર રહેલો દેશ, ગોનર્દનદેશ, કેરલદેશ, ચોલદેશ, કર્ણાટકદેશ, ઋષિકદેશ, કાંચીનગરી, ગણરાજદેશ, ઋષભદેશ, તામ્રપર્ણીનદી ઉપર રહેલા દેશ, દંડકારણ્ય તથા તૈલિંગ દેશ, દ્રાવિડ, વેંકટાચલ, ધર્મપત્તન, સિંહલ, સૂર્યાદ્રિદેશ, કુસુમાદ્રી દેશ, એ બધા દેશોના નિવાસી સર્વ હરિજનો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. (૧૩-૧૮)

નૈઋત્ય દિશામાં રહેનારા શ્રીહરિ વિષે પરાભક્તિ પામેલા પુરુષો શ્રીહરિનું પૂજન કરવા માટે આવ્યા. (૧૯)

સિંધુદેશ, પલ્હવદેશ, કામ્બોજદેશ, સૌવીર, વડવામુખ, નારીમુખદેશ, આરવદેશ, કલિપ, યવન, સૈંધવદેશ, બાદર, ખંડદેશ, રૈવતાચલ, સૌરાષ્ટ્ર, આભીર, ચંચૂક, બાબરીયાવાડ, કાલક, ફેનગિરિ, પ્રવેષ્ટદેશ, કર્ણદેશ, પારશવદેશ, શૂદ્રદેશ, કિરાતદેશ, દ્રાવિડદેશ, ક્રવ્યાદદેશ, અંબષ્ટદેશ - એ આદિકદેશોના ભક્તજનો શ્રીહરિનું પૂજન કરવા માટે આવ્યા. (૨૦-૨૧-૨૨)

નિષ્કપટી અને શ્રીહરિમાં ગાઢસ્નેહવાળા, શ્રીહરિનાં પૂજનમાં આદરવાળા, પશ્ચિમદેશના નિવાસી ભક્તો ત્યાં આવ્યા. (૨૩)

મણિમત્ પર્વતમાં નિવાસવાળા તથા મેઘવત્ પર્વતની સમીપની ભૂમિમાં નિવાસ કરનારા પંચનંદ નિવાસી, પારતદેશ નિવાસી, શકદેશ, ચોષ્કાણદેશ, હૈહયદેશ, અપરાંતદેશ, રામઠદેશ વગેરે દેશોમાં રહેનારા ઘણા સત્સંગી ભક્તો શ્રીહરિનાં પૂજન માટે આવ્યા. (૨૪-૨૫)

વાયવ્ય દિશામાં રહેનારા ઘણા ભક્તજનો શ્રીહરિનું પૂજન કરવા માટે આવ્યા. મારવાડદેશ, કચ્છદેશ, માંડવીદેશ, ફાલ્ગુકદેશ, અશ્મકદેશ (કાઠિયાવાડ) તથા મદ્રાસદેશ, ખસદેશ, સ્ત્રીરાજ્યદેશ, નૃસિંહવનાદિ દેશના નિવાસી ભક્તજનો તથા ઉત્તરદિશામાં રહેનારા જનસમૂહો શ્રીહરિનાં પૂજન માટે ત્યાં આવતા હતા. (૨૬-૨૭)

અર્જુન દેશ, માલવદેશ, બીજો મદ્રદેશ, યૌધેય, પુરવ, ક્ષુદ્રમીનદેશ, કૈકયાદેશ, ત્રિગર્તદેશ ઉત્તરકોશલ, ભોગપ્રસ્થદેશ, વચાતિદેશ, અંતર્દ્વિપદેશ, અશ્વમુખદેશ, કથારદેશ, દંડપીંગલદેશ (૨૮-૨૯) શાતકદેશ, પુષ્કરાવર્તદેશ, ગવ્યદેશ, ભૂતપુરદેશ, કૈલાવર્તદેશ, કંઠધાનદેશ, હૂણદેશ, ગાંધાર, ખેચર, હેમતાલદેશ, ક્ષેમધૂર્તદેશ, ચિપિટ નાસિકદેશ, દાસેરકદેશ, કેશધરદેશ, હિમાચલ દેશ, યશોવતી નદી ઉપર રહેલો દેશ, બીજો માંડવ્યદેશ, બીજો કુરુદેશ, શ્યામકદેશ, તક્ષશીલાદેશ એ આદિક દેશોના નિવાસી ઘણા ભક્તજનો હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરવા માટે આવ્યા. (૩૦-૩૨)

શ્રીહરિની પૂજા માટે ઈશાન દિશાના ઉત્સાહવાળા ભક્તજનો ત્યાં આવ્યા. તે દેશના અંતર્ગત દેશોમાં રહેલા ભક્તો જેમ કે પશુપાલદેશ, કાશ્મીરદેશ, આદરદદેશ, તંગણદેશ, અભિસારદેશ, કુતૂલદેશ, બ્રહ્મપૂરદેશ, ચીનદેશ, દામરદેશ, ઘોષદેશ, કોલિંદદેશ, કુવિદદેશ, વસુધાન દેશ, ગાંધર્વદેશ, વનરાષ્ટ્ર-પૌરવાદિદેશ વગેરે અનેક દેશોના નિવાસી ઘણા ભક્તજનો ત્યાં આવ્યા. (૩૩-૩૫)

પોતાની પૂજા કરવામાં જેમને અતિશય હર્ષ છે એવા વિવિધ પ્રકારનાં ઉપચારોથી ભરેલાં પાત્રો જેમનાં હાથમાં છે એવા, પોતાની સન્મુખ આવેલા અસંખ્ય ભક્તજનોને અતિ દયાર્દ્ર ચિત્તવાળા શ્રીહરિ જોતા હતા. (૩૬) પછી ઈશ્વરોના ઈશ્વર ભગવાન શ્રીહરિ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા ઈચ્છે છે, તેટલામાં બુદ્ધિમાન્ મયારામ વિપ્ર હાથ જોડીને કહેવા લાગ્યા. (૩૭)

હે ભગવાન્ ! અતિદૂર દેશનાં નિવાસી અને એકાંતિક ભાવથી આપના ચરણારવિંદને ભજતા આ આપની સમીપે ઊભેલા પુરુષો તથા સ્ત્રીઓ આપનું પૂજન કરવા માટે અહીં આવેલા છે. (૩૮)

હે સ્વામિન્ ! એ ભક્તોને આપની પૂજા કરવા માટે ઘણા દિવસથી મનોરથ છે. હે દયાળો! પોતાનાં આશ્રિતોના મનોરથ પૂર્ણ કરનાર આપ હમણાં તેમનોં મનોરથ પૂર્ણ કરો. (૩૯)

અધીશ્વર શ્રીહરિ સર્વજ્ઞ છે છતાં પણ મનુષ્યનાટ્ય કરતા, મયારામ વિપ્રે કહ્યું તેથી હસતા હસતા મયારામ બ્રાહ્મણને કહેવા લાગ્યા. હે દ્વિજ ! આજ કયો દિવસ છે ? અને આ દિવસે મારે શું કરવું તે કહો. (૪૦)

શ્રીહરિએ પૂછ્યું તેથી હર્ષ પામેલા મયારામ બ્રાહ્મણ તત્કાળ પોતાની પાઘાડીમાંથી પંચાંગ પત્ર કાઢીને તેમાં જોઈને (તિથિવાર નક્ષત્ર યોગ-કરણ-આ પાંચ અંગો જેમાં બતાવેલાં હોય છે તે પંચાંગ કહેવાય છે.) હે ભૂમન્ ! આજ દીપોત્સવ છે એમ કહ્યું. (૪૧)

હે હરે ! આજ ભગવાનથી વિમુખ પ્રાણીઓને આપના સુખથી ઈતર ગ્રામ્ય સુખથી જ (રૂપ-રસાદિક માયિક સુખના ઉપભોગથી) આનંદ છે. આપના આશ્રિતને હાલ શુભ પૂજાથી અલૌકિક આનંદ થાય. (૪૨) હે પ્રભો ! ઘરમાં રહે છે છતાં પણ આ આપના ભક્તોને ગ્રામ્ય સુખની ઈચ્છા નથી, તેથી ગ્રામ્ય સુખનો ત્યાગ કરીને દૂર દેશમાં રહેતા આ ભક્તજનો તો આ દુર્ગપત્તનમાં આવ્યા છે. (૪૩)

હે હરે ! તેથી આપની આજ્ઞાની રાહ જોતાં આ ઉત્સાહવાળા ભક્તજનોનો મનોરથ પૂર્ણ કરવા માટે હે ઈશ્વરોના પણ ઈશ્વર ! આપના ભક્તજનના મનોરથ પોષનારા, આપ સમર્થ છો. (૪૪)

શ્રીહરિ તેમનું આ પ્રકારનું વચન સાંભળીને મયારામ વિપ્ર પ્રત્યે હર્ષપૂર્વક બોલ્યા. હે સદ્‌બુદ્ધે ! આ બધા મારા ભક્તો મારું પૂજન કરવા માટે આવેલા છે. પરંતુ તેમણે પરસ્પર કોલાહલ ન કરવો. તેમજ અત્યંત ભીડ પણ ન કરવી. વળી કોઈએ પણ મારું પૂજન કરવામાં વાર લગાડવી નહીં. (૪૫)

હે જનના સમૂહો ! પોત પોતાનાં ગામના સંઘે સહિત જુદા જુદા તમે સૌ મારી સમીપે આવીને, મારું પૂજન કરીને, તત્કાળ તમારે મારી સમીપથી ખસી જવું. હે નરપતે ! આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી હર્ષ પામેલા સ્ત્રી તથા પુરુષોના ગણો ભગવાન શ્રીહરિની પૂજા કરવા માટે અનુક્રમથી તત્કાળ આવ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં હરિપૂજોત્સવ વર્ણન નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! પૂજા માટે આવેલા સમગ્ર દેશના ભક્તજનોમાં પ્રથમ સમર્ચન વિધિમાં અતિચતુર મધ્ય દેશના ભક્તો શ્રીહરિની આ પ્રમાણે પૂજા કરતા હતા. (૧) સુંદર કેસર, ચંદન, કુમકુમ તથા પુષ્પના હાર, સુંદર તોરાઓ, પુષ્પના ગુચ્છો તથા જેમાં સુવર્ણના બુટ્ટાઓ છે એવાં વસ્ત્રો તથા મનોહર અને મહામૂલ્યવાળા મસ્તકના મંડિલો તથા મણિજડિત સુવર્ણના અલંકારોથી શ્રીહરિનું પૂજન કરીને તે ભક્તો શ્રીહરિની પાસે પેંડા ભરેલા ચાંદીના પાત્રો મૂકતા હતા. (૨-૩) તે ભક્તો જુદા જુદા પ્રકારનાં સાકરના બનાવેલાં રમકડાં, સોપારી, પાનબીડાં, શ્રીહરિને હર્ષપૂર્વક અર્પણ કરતા હતા. (૪)

શ્રીહરિમાં ભક્તિ યુક્ત મધ્ય પ્રદેશની સ્ત્રીઓ શ્રીહરિનાં કંઠમાં જુદી જુદી નક્ષત્રની માળાઓ ધારણ કરાવીને તથા શ્રીહરિને નમસ્કાર કરીને જતી હતી. (૫) પછી શ્રીહરિનાં ચરણકમળના આશ્રિત પૂર્વદેશના ભક્તજનો શ્રીસહજાનંદ સ્વામીની પાસે આવીને પ્રીતિપૂર્વક તેમનું પૂજન કરતા હતા. (૬)

સુગંધિમાન ચંદન પુષ્પની માળાઓ અક્ષત, કુમકુમ તેમજ ચીન દેશનાં ઉત્તમ મહામૂલ્યવાળાં કોમળ વસ્ત્રો, સુવર્ણના અલંકારો, મોતીના હાર તથા મોતી તોરાઓથી શ્રીહરિનું પૂજન કરીને તેમની સમીપે સુવર્ણ મુદ્રાઓથી ભરેલાં ચાંદીના થાળો તે ભક્તોએ અર્પણ કર્યા. (૭-૮)

તે ભક્તો વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ પાકા ફળો શ્રીહરિને અર્પણ કરીને ગયાં. તેમની પત્નીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરીને ગઈ. (૯) પછી અગ્નિ દિશાના ભક્તો આવીને ભક્તિથી ચંદન, પુષ્પના હાર, અક્ષત, કુમકુમ વગેરેથી આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૦)

મહામૂલ્યવાળા પીતાંબરો, સોનાના કડાં, સાંકળા, સુંદર કુંડળો, મોતીના તોરાઓ વગેરેથી શ્રીહરિનું પૂજન કરીને શ્રીહરિની આગળ હર્ષથી તે ભક્તો ભેટ મૂકીને વિવિધ પ્રકારનાં પાકાં ફળો તથા સુવર્ણ પાત્રો અર્પણ કરતા હતા. (૧૧-૧૨)

તે ભક્તો ચાંદીના વાસણો, લોટા, આબખોરા, ગાગરો, વાડકીઓ, માણ્યો, કટોરા વગેરે શ્રીહરિને

હર્ષથી અર્પણ કરતા હતા. (૧૩) આવી રીતે ભક્તજનો શ્રીહરિનું પૂજન કરીને ગયા. તેમની સ્ત્રીઓ પણ શ્રીહરિનું વિવિધ ઉપચારોથી ભક્તિપૂર્વક પૂજન કરીને નમસ્કાર કરીને જતી હતી. (૧૪)

પછી દક્ષિણ દેશના ભક્તજનો ભક્તિપૂર્વક શ્રીહરિની સમીપે આવીને કેસર, કસ્તુરી, કર્પૂરથી યુક્ત એવા કુમકુમ આદિક પૂજાના ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. (૧૫)

અક્ષત, પુષ્પો તથા સોનેરી બુટ્ટાદાર અમૂલ્ય શ્રેષ્ઠ રાતાં, પીળાં, શ્વેત તથા ચિત્રોની છાપવાળા વસ્ત્રો, ઓઢવાના ખેસ, ઓછાડ, દુપટ્ટાઓ તથા હિરાગર, મહામૂલી પાઘડીઓ, સોનાના ઝાંઝરો, હાથના અતિશ્રેષ્ઠ કડાં તથા વીટીંઓ, સાંકળાં, બાજુબંધ, કુંડળ, બત્રીસ સેરોનો હાર, ગળચુળો, ચાર સેરોનો હાર, એકસેરનો હાર, સો સેરોનો હાર, વીસ સેરનો રમણીય હાર, કંદોરો, હીરાકંઠી વગેરે વિવિધ પ્રકારનાં આભૂષણોથી તે ભક્તો શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૬-૧૭-૧૮-૧૯-૨૦)

તે ભક્તો સાકર તથા પેંડાથી ભરેલા પાત્રો તેમજ અખરોટ, બદામ તથા લવીંગ એલાયચી, જાયફળ, વગેરેના પાત્રો શ્રીહરિને ભક્તિપૂર્વક અર્પણ કરીને ગયા તેમની સ્ત્રીઓ પણ સ્નેહપૂર્વ વિવિધોપચારોથી શ્રીહરિનું પૂજન કરીને ગઈ. (૨૧-૨૨)

પછી નૈઋત્ય દિશાના જનો શ્રીહરિનું પૂજન કરતા હતા. સૌરાષ્ટ્રના ભક્તો તો પરમ પ્રીતિથી વિશેષપણે શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૩) કસુંબલ તથા કેસરીયા વસ્ત્રો આસ્માની રંગના, શ્વેત તથા મંજીષ્ટાદિ રંગથી રંગેલા વસ્ત્રો, સોનેરી બુટ્ટાદાર રંગીન અંગરખા, સૂક્ષ્મ, ઘટ્ટ તથા કોમળ બહુમૂલ્યવાળી ઉનની કામળીઓ (શાલો) તથા મણી જડિત ચળકતા સોનાના વિવિધ પ્રકારનાં અલંકારો, તેમજ સૂર્ય ચંદ્ર અને વડવાનળની ક્રાંતિ જેમણે જીતી છે એવા અમૂલ્ય ઉત્તમ રત્નો તથા મણિઓ જેમાં જડેલા છે એવા મુગટ વગેરે શ્રીહરિને અર્પણ કરી શ્રીહરિનું ચંદન, સુંદર પુષ્પના હાર, કુંકુમ, અક્ષત વગેરેથી પૂજન કર્યું. તેમજ ઉપહારોથી ભરેલા મોટા પાત્રો શ્રીહરિને તે ભક્તોએ અર્પણ કર્યા. (૨૪-૨૫-૨૬-૨૭)

તે ભક્તો સાકર, પતાસા, ખારેક તથા સુંદર સોપારીથી ભરેલાં પાત્રો તથા નાળીયેરો તેમજ રૂપિયાથી ભરેલા પાત્રો શ્રીસ્વામિનારાયણની આગળ મૂકીને તેમને નમસ્કાર કરીને ગયા. (૨૮-૨૯)

તેમની સ્ત્રીઓ અત્યંત સ્નેહથી ચંદન-પુષ્પાદિક ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરીને વિવિધ પ્રકારનાં ઉપહારો શ્રીહરિને અર્પણ કરી તથા તેમને નમસ્કાર કરીને ગઈ. (૩૦) તે વખતે શ્રીહરિની આગળ ઉપહારોના ઢગલા નાના પર્વત સમાન જણાતા હતા. વિચિત્ર વસ્ત્રોના ઢગલાઓ પણ જાણે પર્વતો હોય ને શું ? એમ જણાતા હતા. (૩૧)

તે વખતે શ્રીહરિની બાજુમાં ઊભા રહેલા આનંદાનંદ મુનિરાજ શ્રીહરિને રેશમી વસ્ત્રો તથા અલંકારો આદરપૂર્વક પહેરાવતા હતા. (૩૨) તેવી રીતે નૂતન રેશમી વસ્ત્રો આવવાથી પહેલાં ધારણ કરેલાં રેશમી વસ્ત્રોનો શ્રીહરિ ત્યાગ કરતા હતા. શ્રીહરિ પૂજા કરનારાઓ સર્વેને પુષ્પના હારની પ્રસાદી આપતા હતા. (૩૩)

શ્રીહરિ દીનાનાથ ભટ્ટ વગેરે કેટલાક વિદ્વાન અને ગુણી જનોને પોતાની પ્રસાદી કરેલાં વસ્ત્રો આપતા હતા. મયારામ ભટ્ટ વગેરે કેટલાક બ્રાહ્મણોને અલંકારો આપતા હતા, તેમજ મહેશ્વરાદિ કેટલાક બ્રાહ્મણોને ફળ વગેરે આપતા હતા. (૩૪) સ્વામિનારાયણ શ્રીહરિભક્તોને આનંદ પમાડતા (રામપ્રતાપ તથા ઈચ્છારામે જે પુષ્પના હાર, વસ્ત્રો-અલંકારોથી શ્રીહરિની પૂજા કરેલી તે પુષ્પના હાર તથા વસ્ત્રાલંકારો પ્રસાદીના કરીને અર્ધી ભેટ પાછી પ્રસાદી તરીકે આપી) આપતા હતા. તેમજ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરાદિને તમામ ભેટ આપી દેતા હતા. (પૂર્વોક્ત બે શ્લોકોમાં કેટલાકને આપતા હતા ત્યાં કેટલાક શબ્દથી, પોતાની પૂજા કરનાર જનોને આપતા હતા એમ જાણવું.) (૩૫)

શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા, તેની વાણીમાં વિશ્વાસવાળા, પશ્ચિમ દેશના ભક્તજનો તેવામાં ત્યાં આવીને શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૬) વસ્ત્રો તથા સુગંધીમાન ચંદન-પુષ્પોના હાર, મણિ જડેલા સોનાના આભૂષણો વગેરેથી શ્રીહરિનું પૂજન કરી તેમની આગળ વિવિધ પ્રકારની ભેટો મૂકતા હતા. (૩૭) નાળિયેર, બદામ, ખજૂર, સોપારી તથા રૂપ્ય મુદ્રાઓથી ભરેલા થાળો તે ભક્તોએ શ્રીહરિને અર્પણ કર્યા. (૩૮) દૂધના ફીણ જેવી શય્યા (પલંગ), ગાદલું, ગાલમસુરીયાં, ઓસીકા, અતિ શુદ્ધ પિત્તળની દિવીઓ વગેરે શ્રીહરિને તેમણે અર્પણ કર્યા. (૩૯)

તેમની સ્ત્રીઓ પણ વિવિધ પ્રકારનાં ઉપતારો તથા ઘણી ભેટોથી અચ્યુત શ્રીહરિનું ભક્તિપૂર્વક પૂજન કરતી હતી. (૪૦)

ત્યારબાદ વાયુદિશાના ભક્તજનો શ્રીહરિની સમીપે આવીને ચંદન, અક્ષત સુંદર પુષ્પોના હાર, વિવિધ પ્રકારનાં અમૂલ્ય વસ્ત્રો વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૧) તે ભક્તોએ વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ મણિઓની અતિકાન્તિવાળા સુવર્ણના ભૂષણોથી શ્રીહરિની પૂજા કરીને તેમની આગળ સ્નેહથી નાના પ્રકારની ભેટો મૂકી. (૪૨)

શ્રીહરિનાં કેટલાક આશ્રિત ભક્તો રત્નપાત્રોમાં સુવર્ણ મુદ્રાઓ તથા રૂપ્ય મુદ્રાઓ ભરીને શ્રીહરિને અર્પણ કરતા હતા. (૪૩) તે ભક્તો સુંદર મોજડીઓ તથા રત્નોથી સુશોભિત પાદુકાઓ શ્રીહરિને સમર્પણ કરીને ગયા. પછી તેમની સ્ત્રીઓ પણ શ્રીહરિનું પૂજન કરીને ગઈ. (૪૪)

પછી ઉત્તર દિશાના ભક્તજનો દુઃખને નાશ કરનારા શ્રીધર્મનંદન શ્રીહરિની સમીપે આવીને ભક્તિથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૫)

તે ભક્તો સુંદર કેસરે યુક્ત ચંદન, કુમ કુમ, અક્ષત તથા કમળની માળાઓથી શ્રીહરિનું પૂજન કરીને વિવિધ પ્રકારની ભેટો શ્રીહરિને અર્પણ કરતા હતા. (૪૬)

સૂક્ષ્મ, ઘાટાં અને અમૂલ્ય શ્વેત વસ્ત્રો, ચામરો તથા કસ્તુરીથી ભરેલી ડાબલીઓ શ્રીહરિને અર્પણ કરતા હતા. (૪૭) અમૂલ્ય મરકત મણિઓ, ગોમેદ મણિઓ, મહાનીલ મણિઓ, વિદ્રુમ મણિઓ, પદ્મરાગ મણિઓ, ઈન્દ્રનીલ મણિઓ, સ્ફટિક મણિઓ તથા અત્યંત તેજસ્વી મહામૂલ્યવાળા હીરાઓ (વ્રજ મણિઓ) ઉત્તર દિશાના ભક્તો શ્રીહરિને અર્પણ કરીને ગયા. તેમની પત્નીઓ પણ પોતપોતાનાં

પતિની માફક શ્રીહરિની પૂજા કરીને ગઈ. (૪૮-૪૯)

પછી ઈશાન દિશાના ભક્તો શ્રીહરિની સમીપે આવીને આનંદથી ચંદન અક્ષત-સુંદર પુષ્પો તથા તુળસીની માળાઓથી વિભુ શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫૦) લીલાં તથા લાલ પીળાં વિવિધ પ્રકારનાં ચિત્રોવાળા કોમળ રેશમી વસ્ત્રો તથા મોતીવાળા વિવિધ પ્રકારનાં અમૂલ્ય ભૂષણોથી શ્રીહરિનું પૂજન કરીને તે ભક્તોએ શ્રીહરિની આગળ વિવિધ પ્રકારનાં ઉત્તમ રત્નોથી ભરેલ સોનાના થાળો મૂક્યા. (૫૧-૫૨)

સુંદર કેસર અને કુંમકુમથી ભરેલા રૂપાના ડાબલાઓ તથા સુંદર ચિત્ર વિચિત્ર ભરેલી કોમળ સાદડીઓ, જુદા જુદા રંગના અત્યંત કોમળ કામળાઓ, સુસ્વાદિષ્ટ સાકર તથા નાના પ્રકારનાં ફળો શ્રીહરિને સમર્પણ કરીને ગયા. (૫૩-૫૪) પછી તે ભક્તોની સ્ત્રીઓ પણ વિવિધ મનોહર ઉપચારોથી તેમજ વિવિધ પ્રકારની ભેટોથી શ્રીહરિનું પૂજન કરીને ગઈ. (૫૫)

આ પ્રકારે મધ્યદેશના ભક્તો, વૃદ્ધ, યુવાન તથા બાળકો પણ પોતાની બુદ્ધિ પ્રમાણે, ધનસંપત્તિ પ્રમાણે શ્રીહરિને અત્યંત પ્રેમથી પૂજતા હતા. (૫૬)

ભક્તોના હૃદયગત પ્રેમને જાણનારા વિભુ શ્રી સહજાનંદ શ્રીહરિ પોતાનાં ભક્તોએ અર્પણ કરેલા પુષ્પાદિથી પણ અત્યંત સંતોષ પામતા હતા. (૫૭) પછી શ્રીહરિએ તે સમગ્ર વસ્ત્રો તથા અલંકારો ભક્તજનોને આશ્ચર્ય થાય તે પ્રમાણે તત્કાળ બ્રાહ્મણોને, આપી દીધા. (૫૮) અખિલેશ્વર, દાનમાં શૂરવીર, ભગવાન શ્રીહરિએ તત્કાળ સમગ્ર ભેટો બ્રાહ્મણો, ભિક્ષુકો તથા ગરીબોને આપી દીધી. (૫૯) શ્રીહરિ પોતાનાં ભાઈઓને તથા તેમનાં પુત્રોને યથોચિત્ત ભેટો આપતા હતા તથા સમગ્ર અયોધ્યાવાસીઓને પણ ભેટો આપતા હતા. (૬૦)

શ્રીહરિ વર્ણિઓ, સાધુઓ તથા પાર્ષદો જે સુરા ભક્ત, સોમા ભક્ત, રત્નજીત તથા મયજીત વગેરેને હર્ષથી યથાયોગ્ય ભેટ આપતા હતા. (૬૧) શ્રીહરિ ધનાઢ્યોને તથા રાજાઓને પણ પોતાની પ્રસાદી ભૂત પોતાનાં વસ્ત્ર વગેરે આપતા હતા. શ્રીહરિનું તેવા પ્રકારનું ચરિત્ર જોઈને ભક્તજનો અતિ આશ્ચર્ય પામ્યા. (૬૨) રાજાઓ પણ જેને ઈચ્છે છે તેવા વિવિધ પ્રકારનાં કરોડો પદાર્થો શ્રીહરિએ તત્કાળ સૌને આપી દીધા, તેથી રાજાઓ પણ આશ્ચર્ય પામી ગયા. (૬૩) મનુષ્યથી ન થઈ શકે તેવું કાર્ય કરીને પણ અહંકારે રહિત તથા વિસ્મયથી રહિત શ્રીહરિએ પહેલાની માફક શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. (૬૪)

અનેક દેશથી આવેલા જનસમૂહોમાં આ પ્રકારે સહજાનંદ શ્રીહરિની ભક્તિપૂર્વક અતિ મોટી પૂજા કરીને અને તે પ્રકારનાં શ્રીહરિનાં દર્શનથી, જેમનાં મનમાં અત્યંત હર્ષ તથા આશ્ચર્ય થયા છે તે સૂર્ય પણ તે સમયે હે રાજન્ ! આકાશના મધ્યભાગમાં લાંબાકાળ પર્યંત આ દર્શન કરવા સ્થિર થઈ ગયો હોય ને શું ? એમ જાણાતો હતો. (જો એમ ન હોય તો આટલા બધા જનોએ શ્રીહરિની કરેલી પૂજા મધ્યાહ્નકાળમાં કેવી રીતે સમાપ્ત થાય ? એ કારણથી ભગવાન શ્રીહરિનો અલૌકિક મહિમાં જણાય છે.) (૬૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં અનેક દેશીય ભક્તકૃત હરિપૂજોત્સવાદિ નિરૂપણ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- મનુષ્ય નાટ્ય ધારણ કરનારા માધ્યાહ્નિક વિધિ કરવા માટે ગંગા પ્રત્યે જવાની ઈચ્છાથી પોતાની પૂજા કરવામાં ઘણી ઉત્કંઠાવાળા મુક્તાનંદાદિ સાધુઓને શ્રીહરિ કહેવા લાગ્યા. (૧)

હે સંતો ! આવતી કાલે તમારે મારી પૂજા ઈચ્છા પ્રમાણે કરવી. હમણાં તો હું ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જ જઉં છું. (૨) આજે અમાવાસ્યાનું પુણ્ય પર્વ છે. તેથી ઉન્મત્ત ગંગામાં નૈમિત્તિક સ્નાન કરવું જોઈએ, તેથી હું જાઉં છું. (૩) શ્રીહરિએ આ પ્રમાણે કહીને ઊભા થઈ 'મહાવેગવાળો રોઝો ઘોડો લાવો' એમ પોતાનાં સેવક નાજા ભક્તને કહ્યું. હું નાજા ભક્ત તત્કાળ તે અશ્વ લાવ્યા. (૪)

પછી શ્રીહરિ 'હરિભક્તો તથા સાધુઓ આગળ ચાલો.' એમ આજ્ઞા આપીને રોઝા ઘોડા ઉપર આરોહણ કરી જનોના સમૂહમાં ધીરે ધીરે ચાલતા હતા. (૫) વાહન ઉપર બેઠેલા પોતાનાં પુત્રોની સાથે શ્રીહરિનાં બંધુજનો રામપ્રતાપ તથા ઈચ્છારામ એ બંને ઘોડાઓ ઉપર બેસી સાધુજનોના એકનાથ શ્રીહરિની સમીપે ગયા. (૬)

તે સમયે તલવાર વગેરે શસ્ત્રો ધારણ કરનારા સર્વે પાર્ષદો ઉત્તમ રાજા, સોમા ખાચર, સુરા ખાચર, અલૈયા, મૂળજી, જીવા ખાચર, વાઘજી રાઠોડ, નાજા ભક્ત, માત્રો ભક્ત, હાથીભાઈ, વેરીભાઈ, રામભાઈ, ગાલવ, મામૈયો, ગોરધન, માનજીત, રત્નજીત, ભૃગુજી, વેલાભક્ત, અલૈયો, અર્જુન, વાસ્તુ, માનસિંહ, કેસરીસિંહ, કુશળ, પૂજાજી, ભીમો, ખોડો, હમ્મીરજીત, કમોભાઈ, જુષાભાઈ, જાલો ભગત, કાળુભાઈ, લખો, વીરોભાઈ, નાથુજી-મોકો, દેવો, બીજા દેશજીત વગેરે શ્રીહરિની પાછળ દોડતા હતા. જેમાં મુકુંદાનંદ મુખ્ય છે એવા સમગ્ર નૈષ્ઠિક બ્રહ્મચારીઓ પણ શ્રીહરિની પાછળ ગયા. (૭-૮-૯-૧૦-૧૧)

મયારામ વગેરે બ્રાહ્મણો, પર્વતભાઈ વગેરે વૈશ્યો, હરજી વગેરે શૂદ્રો, ગોકુળ વગેરે ચારણો તે સમયે સ્નાન કરવા માટે શ્રીહરિની સાથે ગયા. તેમાં સૌની આગળ વાજાં વગાડનારા ચાલતા હતા. (૧૨, ૧૩) વાજાં વગાડનારાઓની પાછળ કિર્તન ગાતા મુનિજનો ચાલતા હતા. તેમની પાછળ અશ્વ ઉપર બિરાજેલા પ્રત્યક્ષ શ્રીહરિ ધીમે ધીમે ચાલતા હતા. (૧૪) તેમની પાછળ પાર્ષદો ચાલતા હતા. પાર્ષદોની પાછળ જનસમૂહો ધીમે ધીમે ચાલતા હતા જનસમૂહની પાછળ સ્ત્રીઓના સમૂહો ચાલતા હતા. (૧૫)

પોતાનાં ઉત્તમ અશ્વ ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિને અલૈયા ભક્ત તથા ભૃગુજી ચામર વીંજતા હતા. સોમા ભક્તે ધરેલા સોનેરી છત્રથી અત્યંત શોભાયમાન શ્રીહરિનાં દર્શન કરીને જનસમૂહો તૃપ્તિ

પામતા નહોતા. (૧૬) મહામૂલ્યવાળાં જીણાં ઘાટાં અને ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરનારા પુષ્પોના ઉત્તમ તોરાઓની હાલતી પંક્તિ જેમને છે એવા, શણગારેલા અશ્વની સોનેરી ચળકતી લગામ ધારણ કરવાથી સુશોભિત છે હસ્તકમળ જેમનાં એવા, પોતાનાં દર્શનમાં ઉત્કંઠાવાળા, ચારેય તરફથી સમૂહમાં ચાલતાં, ભક્તજનના સમુદાયોને અત્યંત પ્રસન્નતાથી કારુણ્યભરી સ્નિગ્ધ દષ્ટિથી જોતા હતા. (૧૭, ૧૮)

વાંકી અને શ્યામ એવી ચંચળ ભ્રકુટિથી દર્શનીય એવા અને મંદ હાસ્યની લક્ષ્મીથી તિરસ્કૃત કરી છે ચંદ્રની શોભા જેમણે એવા, કોટાનકોટિ કામદેવોના અહંકારને હરનારું છે. સૌંદર્ય જેમનું એવા, જેમનાં પાદારવિન્દને ઘણા રાજાઓ નમસ્કાર કરે છે એવા, દુરંત તાપને શમાવનારું છે દર્શન જેમનું એવા, જેમણે પોતાનાં નેત્રની શોભાથી કમળની શોભાને જીતી લીધી છે એવા, અને દિવ્ય એવા મહાગુણો તથા ઐશ્વર્યોના સમુદ્ર, અપ્રતિમ છે રમણીય મૂર્તિ જેમની એવા અને દર્શન કરનાર ભક્તોના સંઘોને આનંદ પમાડનારા, અશ્વ ઉપર બિરાજેલા, ધીમે ધીમે ચાલતા શ્રીહરિ ભક્તોના સમૂહોથી વ્યાપ્ત છે બંને તટો જેનાં એવી મહા ઉન્મત્ત ગંગાને જોતા હતા. (૧૯-૨૦-૨૧)

જે ઉન્મત્ત ગંગા પોતાનાં તરંગો રૂપી હાથ હલાવીને તથા પોતાનાં તીર ઉપર બેઠેલા પક્ષીઓના મધુર શબ્દોથી પોતાનાં સ્વામી શ્રીહરિને તે સમયે ઘણા વર્ષથી બોલાવતી હોય ને શું ? એમ શોભતી હતી. (૨૨) રાત્રિના વિયોગથી આતુર માનવાળી, પોતાનાં હૃદયમાં શ્રીહરિનાં અંગ સંગને ઈચ્છતી, તેથી જ માનસિક પીડાવાળી તે ઉન્મત્ત ગંગાને જાણે કાંઈક કહેતી હોય એવી તરંગોની પંક્તિઓ તેની સખીઓને જોઈ શોભતી હતી. (૨૩)

અનુપમ, અવતારી, શ્રી હરિ મુનીંદ્રોએ સહિત જળ ક્રિડાથી શોભતા તે ઉન્મત્ત ગંગામાં હંમેશા સ્નાન કરતા હતા. તેથી મહાકવીન્દ્રો ઉન્મત્ત ગંગાને કોની ઉપમા આપવી એવો પોતાનાં હૃદયમાં વિચાર કરવા છતાં પણ કાંઈ નિર્ણય કરી ન શક્યા (૨૪)

જે ઉન્મત્ત ગંગામાં અવતારોના કારણરૂપ ધર્મના પુત્ર શ્રીહરિ પોતાની મુનીંદ્ર સમૂહોની સાથે ઘણા કાળ પર્યંત સ્નાન ક્રીડા કરવાથી વસુદેવના પુત્રના સ્નાનથી ઉત્પન્ન થયેલા યમુનાના ગર્વને હરિ લે છે. (૨૫)

જે ઉન્મત્ત ગંગા પોતાનાં દર્શન માત્રથી જ સમગ્ર પાપને નાશ કરે છે અને જેમાં સ્નાન કરવાથી સમગ્ર કામનાઓ સિદ્ધ થાય છે, તેથી મારી આગળ તારે માન રાખવું યોગ્ય નથી એમ સૂચન કરતી જાણે પોતાનાં ફીણના સમુદાયથી યમુનાને હસતી હોય ને શું ? (૨૬)

પ્રત્યક્ષ ભગવાનના શુભ સમાગમ વિના જગતમાં પ્રસિદ્ધ બીજી નદીઓનું માહાત્મ્ય પ્રગટ શ્રીહરિનાં શુભ સમાગમ પામેલી ઉન્મત્ત ગંગા પોતાનાં જળના અતિ મોટા ધ્વનિથી જાણે તે નદીઓની પ્રસિદ્ધિનો હંમેશા નિષેધ કરતી હોય ને શું ? એવી દેખાય છે. (૨૭) ઉન્મત્ત ગંગાના કોઈ સ્થળે સાધુઓ તથા વર્ણીઓએ ધોયેલા વસ્ત્રોથી તેના જળનો કાષાય રંગ થઈ ગયો છે તેવી ઉન્મત્ત ગંગા મારામાં સ્નાન કરનાર જનોની અસંખ્ય જનોની દુર્ઘષ વાસનાનો હું તત્કાળ નાશ કરું 'છું' એવું જાણે સૌને સૂચન કરતી

હોય એમ જણાય છે. (૨૮) જે ઉન્મત્ત ગંગાનું શ્વેતજળ તેમાં મુનીંદ્રોના ધોવાયેલા તિલકોથી તથા હરિભક્તોએ ભગવાનની પ્રસાદીભૂત કેસરેયુક્ત ચંદનથી કરેલા તિલકોના ધોવાવાથી પીળા રંગની બની ગઈ હતી. તેમજ રાજાની સ્ત્રીઓના સ્નાનથી તેમનાં અંગમાં રહેલું શ્રેષ્ઠ કુમકુમ, કસ્તુરી વગેરે ધોવાઈ જવાથી લાલવર્ણ પણ ધારણ કરતી હતી તથા શ્યામ વર્ણ ધારણ પણ કરતી હતી. એમ જુદા જુદા વર્ણોનું મિશ્રણ થવાથી વિચિત્ર વર્ણવાળી શોભતી હતી. (૨૯)

જે ઉન્મત્ત ગંગા શાસ્ત્રોમાં કહેલા સો સો પ્રાયશ્ચિત્તની વિધિથી પણ ન નાશ કરી શકાય તેવા મનુષ્યોના પાપ સમૂહોનો નાશ કરે છે. સૂર્યના પુત્ર યમ તથા તેના અમાત્ય ચિત્રગુપ્તને પાપના ફળરૂપી દંડ કરવાના શ્રમમાં વિરામ આપનારી છે. (૩૦)

દૂર રહેલા જનો પણ મૃત્યુ સમયે સર્વપાપને નિવારણ કરવાના સાધનભૂત ઉન્મત્ત ગંગાનું જળ પીએ તો તે જળપાન કરનારાઓ તત્કાળ પોતાનાં દેહનો ત્યાગ કરીને દેવેન્દ્રની સ્ત્રીઓએ સેવવા યોગ્ય થાય છે. (પ્રાણાન્ત સમયમાં અણુમાત્ર જળપાન કરવાથી સ્વર્ગની યોગ્યતા પામેલાઓને દેવાંગનાઓ સ્વર્ગને પમાડે છે.) (૩૧)

જે ઉન્મત્ત ગંગાના તટમાં રહેનારા પક્ષિગણો તથા જળચરો, મગરો, માછલાઓ, સર્પો, કાચબાઓ, કરચલાઓ વગેરે પોતાનાં દેહનો ત્યાગ કરે છે તે જોઈને આકાશમાં રહેલી અપ્સરાઓ વિમાનો લઈ સેવા માટે તત્કાળ આવે છે. (૩૨) જેમણે ઉન્મત્ત ગંગાના તટમાં દેહ ત્યાગ કર્યો છે એવા મનુષ્યોને લેવા માટે ક્રોધીત થયેલી અપ્સરાઓ અત્યંત મોહ પામેલી એક બીજાના વાળ પકડી પરસ્પર યુદ્ધ કરતી "આ તારો પતિ નથી આ મારો પતિ છે" એમ કહેતી તે મરેલાઓને વિમાનમાં બેસાડી સ્વર્ગમાં લઈ જાય છે. (૩૩)

કૃચ્છ્ર, ચાંદ્રાયણ, જળમાં નિવાસ, તપશ્ચર્યા, એકાદશી આદિક વ્રતો તથા જપ, દાન, શ્રાદ્ધ તથા સાધુ બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજનાદિ આપવા વગેરે સત્કર્મો ઉન્મત્ત ગંગામાં કરવાથી તેનું ફળ અનંતગણું થાય છે. (૩૪) જે ઉન્મત્ત ગંગામાં હંમેશા ત્રિકાળ સ્નાન કરનારા પુરુષો તથા સ્ત્રીઓના મુખમાંથી નિકળતો સહજાનંદ નામનો ધ્વનિ જેનાં જળના ધ્વનિની સાથે મિશ્રિત થઈ સર્વ દિશામાં ફરતા યમના સમગ્ર દૂતોને ત્રાસ પમાડી ચારે તરફથી દૂર કરતો યમદૂતોના બંને કાનમાં શૂળની માફક પીડા કરે છે. (૩૫)

જન્મથી જ પાપકર્મમાં પ્રવૃત્તિવાળા, નિંદીત કર્મ કરનારા, પાપાચરણ કરી પોતાની જાતિથી ભ્રષ્ટ થયેલા એવા મનુષ્યો, પોતાનાં જળમાં કેવળ સ્નાન કરે તો તે સ્વર્ગ પ્રાપ્તિને યોગ્ય થાય છે. તેથી જ ડાહ્યા પુરુષોએ તેને ઉન્મત્ત ગંગા કહેલી છે (ઐશ્વર્યવાળા ઉન્મત્તજનો ઉચિત તથા અનુચિતનો વિચાર નથી કરતા. પોતાનાં ઐશ્વર્યથી સ્વેચ્છા પ્રમાણે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે તેમ આ ગંગા પણ કરે છે. માટે તેનું નામ ઉન્મત્ત ગંગા સાર્થક છે) ધર્મ પુત્ર ભગવાને આ મારી છે એ પ્રમાણે આત્મીય ભાવથી સ્વીકાર કરેલી જે ઉન્મત્ત ગંગા તેનો મહિમા મહાબુદ્ધિશાળી શેષાદિ પણ યથાર્થ કહેવા માટે સમર્થ નથી. (૩૬-૩૭)

પક્ષિઓ જેનાં સંબંધથી પ્રાપ્ત થયેલા આનંદથી પૂર્ણ થઈ, વિલાસના શબ્દો કરતા, શોભાયમાન

તટમાં પોતાની જાતને યોગ્ય ક્રીડા કરનારા તથા અમૃતની માફક તે મધુર જળનું પાન કરનારા, ક્યારેય પણ અંતરમાં દેવોના દુઃખયુક્ત લોકને ઈચ્છતા નથી. (સ્વર્ગલોકમાંથી પડવાનો ભય હોય છે તેથી તેને દુઃખ યુક્ત દેવોના લોક કહ્યો છે.) (૩૮)

તૃણની માફક પોતાનાં વિશાળ રાજ્યનો તત્કાળ ત્યાગ કરીને હંમેશા પોતાનાં શ્રેયમાં નિષ્ઠાવાળા તથા બીજાનું શ્રેય કરનારા મુક્ત જનોએ સેવાયેલા જનસમૂહોના સંસારને હરનારો જે ઉન્મત્ત ગંગાનો તટ તેમાં વસનારા, સુધાથી પણ અધિક સ્વાદિષ્ટ તેના જળનું પાન કરનારાઓ, જેમનાં સદા અત્યંત આનંદ છે એવા મનુષ્યોને બીજી ઈચ્છા થતી નથી. (૩૯)

આ લોકમાં જનોએ પોતાની જીહ્વાથી ઉચ્ચાર કરેલું તથા શ્રવણ ઈન્દ્રિયથી સાંભળેવું ઉન્મત્ત ગંગાનું શ્રેષ્ઠ નામ, સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે તેમ, તત્કાળ સર્વ પાપનો નાશ કરે છે. જે ઉન્મત્તગંગાના જળનો પ્રવાહ બ્રહ્માદિને પણ સેવવા યોગ્ય છે. સમગ્ર પાપને નિવૃત્તિ કરનારો છે, જય પામવાના સ્વભાવવાળી જે ઉન્મત્ત ગંગા જનોની પીડા હણવા માટે જગતમાં જાગે છે. (૪૦)

શુદ્ધ તપથી તથા દાન અને વિવિધ પ્રકારનાં યજ્ઞો, તેમજ બીજા અત્યંત કઠીન સાધનો વડે પણ જે ભગવાનનું દિવ્યધામ ભક્તોને પ્રાપ્ય નથી. તે ધામ જીવોને અનાયાસે આપનારી શુભ ગુણોવાળી ઉન્મત્ત ગંગાને આ પૃથ્વીમાં કયાં તીર્થો સાથે ઉપમા આપવા યોગ્ય છે ? (કોઈ પણ તીર્થની ઉપમા તેને ન આપી શકાય) (૪૧)

આ પ્રકારનાં મહિમાવાળી, બ્રહ્માદિ દેવતાઓએ અધિકભાવથી વંદના કરેલી, એવી ઉન્મત્ત ગંગા પ્રત્યે જઈને શ્રીહરિ ઉન્મત્ત ગંગાને કાંઠે પોતાનાં શ્રેષ્ઠ અશ્વ ઉપરથી ઉતરીને વર્ણીએ આપેલા એક વસ્ત્ર ધારણ કરીને બીજા વસ્ત્રો ઉતારીને પોતાનાં હાથે પોતાનાં પાર્ષદ જે રતનજીનો હાથ પકડીને પોતાનાં જનોની સાથે ઉન્મત્ત ગંગામાં પ્રવેશ કરીને સ્નાન કરતા હતા. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કન્ધમાં ઉન્મત્ત ગંગા માહાત્મ્ય વર્ણન નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સત્પુરુષોના એક સ્વામી શ્રીહરિ મુનીંદ્રોના સમૂહો તથા હરિભક્તોની સાથે ઉન્મત્ત ગંગાના શ્રેષ્ઠ જળમાં પોતાનાં હાથની અંજલિ ભરી ભરીને (બંને હાથ ભેગા કરીને જળથી પોષો ભરીને) ઉતાવળથી મુનિઓ તથા હરિ ભક્તો ઉપર જળ ઉડાડતા હતા. તેમજ મુનિઓ વગેરે પણ શ્રીહરિ ઉપર જળ સિંચન કરતાં હતાં. એમ પરસ્પર વિહાર કરતા હતા. (૧) સ્નાન સમયે પોતાની નિરાવરણ મૂર્તિની સુંદરતાના દર્શન કરનારા ભક્ત સમૂહોને આનંદ આપતા શ્રીહરિએ, પવિત્ર ઉન્મત્ત

ગંગાના અગાધ જળમાં સ્નાન કરવા માટે ડુબકી ખાઈ પ્રવેશ કર્યો. પછી વળી આનંદ પામેલા પોતાનાં ભક્ત સમૂહો, જેઓ શ્રી હરિની કીર્તિનું ગાન કરી રહ્યા છે તેમની સન્મુખ જળના પ્રવાહમાં ઊભા રહ્યા. (૨) પ્રવાહમાં ઊભા રહેલાં શ્રી હરિના દર્શન કરનારા ભક્ત સંઘો શ્રી હરિની ચારેય તરફ વીંટાઈને ઊભા રહ્યા. કેટલાક ભક્તો શ્રી હરિના ચરણ સાથે અથડાઈને વેગથી પડતા હતા. અને એ રીતે અત્યંત આનંદ પામતા નદીનું પાણી પી જતા હતા. (૩)

આ પ્રકારે મંગળરૂપ સુંદર જળ કેળી કરતા શ્રીહરિનાં દર્શન માટે ઉત્કંઠાવાળા દેવતા ગણો તત્કાળ વિમાનમાં બેસીને ગગનમાં આવી પરમેશ્વર શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત હર્ષ પામતા હતા. (૪)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- આકાશમાં રહેલા બ્રહ્માદિક દેવતાઓના હાથમાં પકડેલા નંદનવનના પુષ્પોની સુગંધ લેવા તેમની પાછળ પડેલા ભમરાઓથી વીંટાયેલા તે દેવતાઓ તે પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. અને શ્રી હરિના દર્શન કરતા જાણે ચિત્રવત સ્થિર થઈ ગયા હોય ને શું ? એવા દેખાતા હતા. (૫)

હે રાજન્ ! શ્રીહરિ અત્યંત શીઘ્રતાથી જળમાં ડૂબકી મારતા, પોતાને જળમાં ખોળનારા બ્રહ્માનંદ વગેરે મુનિઓને જળમાં ભ્રાંતિ પમાડતા, જળની અંદર તરવાની યુક્તિથી તરતા, તે સમયે બ્રહ્માનંદ વગેરે મુનિઓએ નહીં ધારેલા સ્થાનમાં પોતાનું દર્શનીય મસ્તક મુનિઓને બતાવતા હતા. (૬)

ધીર શ્રીહરિ ફરીથી જળમાં ડૂબકી મારીને પોતાનાં અનુપમ, અગાધ, ઉપદેશની પ્રેરણા આપતા સ્વસ્વરૂપનું ચિંતવન કરતા તે જળમાં લાંબા કાળ પર્યંત રહી સમગ્ર મુનિઓ તથા ભક્તજનોને વિસ્મય પરમાડતા જળમાંથી નિકળતા હતા.(૭)

વિવિધ પ્રકારનાં તરવાના ભેદોમાં ચતુર જનોને પણ વિસ્મય પમાડતા નિયંતા શ્રીહરિ ભક્તજનોને જેમનાં મન તથા નેત્રો પોતાનાં દર્શનથી આનંદિત થયાં છે, તેમની સાથે અપાર લીલા કરતા હતા. (૮)

જળમાં તરતા અધીશ્વર શ્રીહરિની પાછળ સો સાધુઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદગણો તથા બીજા સેંકડોજનો તરતા હતા. તે સર્વે શ્રી હરિનો સ્પર્શ કરવાનો પ્રયત્ન કરતા છતાં પણ શ્રીહરિને સ્પર્શી શકતા નહિ. જેમનાં મુખ ફુલી ગયા છે એવા તે જનો લાંબો શ્વાસ લેતાં શ્રીહરિને અત્યંત હસાવતા હતા. (૯)

તે સમયે શ્રી હરિના ચરણ કમળના સ્પર્શની ઈચ્છાથી મત્સાદિ રૂપો ધારણ કરી ઘણો સમય જળમાં રહેલા બ્રહ્મા તથા ઇંદ્રાદિ દેવો તેમને આનંદ આપતા, અને રાત્રે પોતાનો વિરહ પામતી ઉન્મત્ત ગંગાને આનંદ પમાડતા શ્રીહરિ જળમાં લાંબા કાળ પર્યંત વિહાર કરતા હતા. (૧૦)

આ પ્રકારે શ્રીહરિ જળમાં સ્નાન કરીને, જળથી તિલક કરીને, પોતાનાં બંધુજનોની સાથે જનસંગ્રહને માટે શાસ્ત્રમાં કહેલાં શ્રેષ્ઠ બ્રહ્મયજ્ઞ, પિતૃદેવતર્પણ, સમગ્ર માધ્યાન્હિક વિધિ વગેરે કરતા હતા. (૧૧)

શ્રી હરિની સાથે જળમાં વિધિ પ્રમાણે સ્નાન કરીને હજારો વર્ણિઓ, મયારામ વગેરે બ્રાહ્મણો

તથા જેમણે પંક્તિબદ્ધ ઉપાસના કરેલી છે એવા સંતો શ્રદ્ધા પૂર્વક માધ્યાન્હિક વિધિ કરતા હતા. (૧૨)

હે રાજન્ ! પોતાનાં દર્શન કરનારને આનંદ પમાડનારા ઈશ્વર શ્રીહરિ પોતાનાં હાથે સદા પોતાની સેવા પરાયણ રતનજી પાર્ષદનો હાથ પકડીને પોતાનાં ભક્તજનોની સાથે ગંગા નદીના જળમાંથી બહાર નીકળીને, ઉન્મત્ત ગંગાના તીરે આવી, વસ્ત્રો ધારણ કરીને પોતાનાં અશ્વ ઉપર આરોહણ કરતા હતા. (૧૩) હે રાજન્ ! બીજા અશ્વો ઉપર બેઠેલા પોતાન બંધુજનો, પ્રસન્ન થયેલા ત્યાગી સમૂહો તથા ગૃહસ્થગણોએ સહિત તેમજ રમણીય છત્ર તથા શ્રેષ્ઠ ચામરોથી શોભતા શ્રીહરિએ, વાજિંત્રોના શબ્દો સાંભળતા દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૧૪)

જનવૃંદોએ ગાયેલો પોતાનો શુભયશ સાંભળતા, મુનિ વગેરે ભક્તજનોની સાથે નરેન્દ્રના ભુવન પ્રત્યે જઈને શ્રીહરિ મુનિ વગેરે પોતાનાં સમગ્ર ભક્તોને તૈયાર થયેલી રસોઈ જમાડતા હતા. (૧૫) શ્રીહરિ સુંદર લાડુ તથા દૂધપાક વગેરે ભોજ્ય પદાર્થોથી તૃપ્તિ પામેલા તેઓને પછી ધર્મશાળામાં જવા માટે આજ્ઞા આપતા હતા. પછી પોતાને વિષે અનુરાગવાળા દૂરદેશથી આવેલા પોતાનાં સર્વ ભક્તજનોને 'જમવા માટે જાવ' એમ હાથની સંજ્ઞાથી પ્રીતિપૂર્વક આજ્ઞા આપતા હતા. (૧૬)

હે રાજન્ ! પછી મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ પણ પોતાનાં બંધુઓની સાથે પાકશાળા પ્રત્યે જઈને, ફરીથી સ્નાન કરીને, વિષ્ણુને નૈવેદ્ય તથા વૈશ્વદેવ કરીને, વિષ્ણુને અર્પણ કરેલું બહુ સુંદર ભોજન અતિ પ્રીતિવાળા પોતાનાં ભાઈઓની સાથે જમતા હતા. (૧૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિની ઉન્મત્ત ગંગામાં સ્નાન લીલા વર્ણન નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! પછી શ્રીહરિ એક મુહૂર્ત વિશ્રામ કરીને બંધુજનો વગેરે તથા પાર્ષદો સાથે સાંજના પહોરે સભામાં પધાર્યા. (૧) શ્રીહરિ સભા મધ્યે ઓટલા ઉપર પોતાનાં આસનમાં બિરાજમાન થયા. તેમનાં બંધુઓ યથા યોગ્ય આસનોમાં બેઠા. (૨)

હે રાજન્ ! તે સભામાં સાધુઓ આવીને પૂર્વની માફક બેઠા તથા દેશાંતરથી આવેલા પુરુષોના સમુહો તથા સ્ત્રીઓ પણ યથા યોગ્ય બેઠી. (૩) પછી પ્રેમાનંદાદિ સંતો મૃદંગો, વાંસળી, વીણા તથા સિતાર વગાડીને શ્રીહરિનાં ગુણો ગાતા હતા. (૪) હે રાજન્ ! તેટલામાં શ્રીહરિ ઉત્તમ પુરાણી પ્રાગજી વિપ્રને નિત્યના નિયમ પ્રમાણે શુભ કથા સાંભળવા માટે બોલાવતા હતા. (૫) તે પ્રાગજી પુરાણી હર્ષપૂર્વક ત્યાં આવીને બંને હાથ જોડી શ્રીહરિને પ્રણામ કરીને સાધુપુરુષો તથા બીજા શ્રીહરિનાં બંધુઓ વગેરેને વંદના કરતા હતા. (૬)

હે રાજન્ ! પછી જનોને સદુપદેશ આપતા સ્વામિનારાયણ પોતાનાં પુરાણી બ્રાહ્મણને સૌથી ઉંચા એવા સુંદર વ્યાસાસને બેસાડીને નમતા હતા. (૭)

બ્રહ્માદિ ઈશ્વરોએ પૂજનીય એવા સ્વયંપ્રભુ પણ, તેથી જ બ્રહ્મણ્યદેવ સદ્ધર્મનું રક્ષણ કરવા પરાયણ થઈને જનોને ઉપદેશ આપવાની ઈચ્છાથી (૮) ચંદન, અક્ષત, કુમકુમ વગેરે સુંદર પુષ્પ ફળાદિ વડેથી પ્રીતિપૂર્વક સરસ્વતીની (પુસ્તકની) પૂજા કરીને પુરાણી બ્રાહ્મણનું પૂજન કરતા હતા. (૯)

પછી પુરાણી મંગળાચરણ કરીને અનુક્રમ પ્રમાણે ભાગવતના પંચમ સ્કંધની કથા વાંચવા લાગ્યા. (૧૦) તેમાં આવતા આત્મા પરમાત્માનો જ્ઞાન ભાગ સ્વયં શ્રીહરિ મુનીંદ્રોને સ્પષ્ટપણે સમજાવતા હતા. (૧૧)

તે દિવસે સ્કંધની સમાપ્તિ થઈ તેથી પુરાણીનું પૂજન કરીને તેમને શ્રીહરિએ મહામૂલ્યવાળું મોળીયું આપ્યું. (૧૨) શ્રીહરિએ પહેરવાનાં તથા ઓઢવાનાં વસ્ત્રો તેમજ ડગલા વગેરે ઘણાં વસ્ત્રો તે વિપ્રને આપ્યાં, તેમજ વિવિધ પ્રકારનાં અલંકારો તથા પુષ્કળ દ્રવ્ય પણ તેમને આપ્યું. (૧૩) શ્રીહરિએ રાજાઓએ ઈચ્છેલો, નાના ભૂષણોથી અલંકૃત કરેલો મહામૂલ્યવાળો પોતાનો રોઝો ઘોડો પ્રીતિપૂર્વક પુરાણીને આપ્યો. (૧૪)

પછી પ્રયાગજી પુરાણી વ્યાસાસનથી ઊઠીને હર્ષથી શ્રીહરિને પ્રણામ કરીને સાધુજનોની સભામાં બેસતા હતા. તેટલામાં સૂર્યનારાયણ અસ્ત થયા. (૧૫)

તે સમયે વાસુદેવ નારાયણના આંગણામાં દેવરામ વગેરે સુથારો ચાર દ્વારનો વિસ્તીર્ણ સુંદર મંડપ કરતાં હતાં. (૧૬) શ્રેષ્ઠ મણિ જડિત સ્તંભોની પંક્તિઓથી શોભાયમાન, સુંદર, નાના પ્રકારનાં રંગથી શોભાયમાન તથા કાચની હાંડીઓ, ઝુમરો, ગોળા વગેરેથી તે મંડપ શોભતો હતો. (૧૭-૧૮) મોતીઓની માળાઓથી કરેલા ઉલ્લોચો અને સુવર્ણ અને શ્રેષ્ઠ મણિઓના તોરણો તથા સુવર્ણમાં મઢેલા દર્પણો તેમજ વિવિધ પ્રકારનાં પુષ્પો, નવપલ્લવો અને સુંદર ફળો, લીંબુ, કેળાં, અનાજના સુંદર કણો તથા જેમનોં અત્યુત્કૃષ્ટ સુગંધ છે. એવા પદાર્થોથી (કમળ તથા પુષ્પ તેમજ અત્તરના છંટકાવથી સુગંધિમાન થયેલી વસ્તુઓ) સુગંધિમાન બનાવેલો, કેળના સ્તંભોથી સુશોભિત તથા વિવિધ પ્રકારનાં રંગોથી રંગેલો (૧૯) ગોલોકના મંડપ સમાન વિમાનોથી શ્રેષ્ઠ તે મંડપ જોઈને લોકો વિસ્મય પામતા હતા. (૨૦)

તે મંડપમાં લાંબી, સમાન, વાંકી તથા ઉંચી હજારો હજાર દીવાની પંક્તિઓ કૃષ્ણદાસ વગેરે નાપિતોએ રચેલી શોભતી હતી. (૨૧) પ્રગટ ભગવાનના આશ્રયવાળા નાપિત ભક્તો બહાર ઓટલાઓ ઉપર શણની દોરડીઓ વડે બાંધેલા અને કમાનો વાળેલા વાંસમાં મોટી દીવેટોવાળા હજારો હજાર દીવાઓ કરતા હતા. (૨૨) પરમાત્મા શ્રીહરિની આગળ સેંકડો દીવીઓ હતી. હે રાજન્ ! સેંકડો દીવીઓ શ્રીહરિની સન્નિધિ હોવાથી અત્યંત શોભતા હતા. (૨૩)

દીવાઓના આધારભૂત રૂપાનાં ઘણાં કોડીયાં તથા રૂપાની સળીઓ તેમજ રૂની વાટોવાળા દીવાઓ પણ શોભતા હતા. (૨૪) લીંમડાના વૃક્ષમાં ચારેય તરફ બાંધેલા કાચના દીવાઓ તેમજ નાપિત ભક્તોએ દિશાઓમાં કરેલા હજારો દીવાઓ તે વખતે ત્યાં પ્રગટ્યા હતા. (૨૫)

શ્રીહરિની આગળ નારાયણજીભાઈ વગેરે સુથારોએ બનાવેલા ચકાકારે ફરતા (પોતાની મેળે જ ગોળાકારે ફર્યા કરતા) એવા યંત્રો હતા. કે જે ચક્રમાં મુકેલા સેંકડો દીવાઓ ચક્રભ્રમણથી ફરતા શોભતા હતા. (૨૬)

કાન્તિવાળા તે દીવાઓ ઉત્તમ મણિઓની માફક દીપતા હતા. અમાવસ્યાની રાત્રિનો અંધકાર ઉત્તમ રાજાના દરબારમાંથી તે સમયે લીન થઈ ગયો. (૨૭) તે સમયે સમગ્ર ભુવનો પ્રસ્ફુરત દીવાઓની પંક્તિથી તથા શ્રીહરિ તથા તેમનાં ભક્તોના વિવિધ પ્રકારનાં ચિત્રોથી નાના પ્રકારનાં વર્ણવાળા તોરણોથી અત્યંત શોભતો હતો. (૨૮)

તે સમયે સાવરણીથી વાળીને સાફ કરેલો તથા વિવિધ સુગંધિમાન વસ્તુઓથી સુગંધિત થયેલો, તેમજ વિવિધ પ્રકારનાં માંગલિક પદાર્થોવાળો રાજાનો દરબારગઢ શોભતો હતો. (૨૯) તે દિવસે નગરમાં સર્વ ભુવનોમાં તેમજ બજારની દુકાનોમાં પણ દીવાઓની લાંબી પંક્તિઓ તે સમયે શોભતી હતી. (૩૦)

ઉન્મત્ત ગંગાના તીર ઉપર કરેલી દીવાઓની પંક્તિઓથી તે વખતે ઉન્મત્ત ગંગા પદ્મ રાગ મણિઓથી રચેલા સ્તરો વડે કરીને જેમ શોભે તેમ શોભતી હતી. (૩૧) નિર્મળ જળમાં, પ્રતિબિંબિત થયેલા હજારો દીવાઓથી ઉન્મત્ત ગંગા, અંદર રહેલા લાલ મણિઓના સમૂહોથી જેમ શોભે તેમ શોભતી હતી. (૩૨)

ઉત્તમ રાજાની આજ્ઞાથી સેવકોએ મૂકેલા દીવાઓની પંક્તિઓ સહિત નૌકાઓ નદીનાં જળમાં ચાલતી હતી. (૩૩) તે સમયે ગંગા નૌકાઓથી, જડેલા ચળકતાં લાલ શ્રેષ્ઠ રત્નોથી સુશોભિત ઉત્તમ વિમાનો વડે જેમ આકાશ શોભે તેમ વિશેષ પ્રકાશતી હતી. (૩૪)

હે રાજન્ ! તે સમયે લાલ રત્નોની માફક પ્રકાશતા જે દિવાઓ તેમનાં પ્રકાશથી સમગ્ર અમાવસ્યાની રાત્રિનો અંધકાર લીન થઈ ગયો. (૩૫) તે વખતે ઉત્તમ રાજાના દરબારની શોભા અનુપમ હતી. લોકો શ્વેતદ્વીપને જોઈને જેમ રાજી થાય તેમ અતિ મોટા રાજાના આ દરબારને જોઈને આનંદ પામ્યા. (૩૬)

પછી શ્રીહરિએ ઋગવેદ વગેરે વેદો ભણેલા બ્રાહ્મણ હરિ શર્મા વગેરેને બોલાવીને સુવર્ણની અર્ચામૂર્તિ રૂપ શ્રી લક્ષ્મીજીની જુદા જુદા ઉપચારોથી તથા ઉપહારોથી મંડપમાં પૂજી કરી. (૩૭) તે વખતે ગીત તથા વાજિંત્રનો મહાન શબ્દ થયો. પછી શ્રીહરિ વરુણીમાં વરેલાં બ્રાહ્મણોને મહામૂલ્યવાળા વસ્ત્રો તથા કડાં-સાંકળાં વગેરે આભૂષણો તથા દક્ષિણા આપતા હતા. (૩૮)

પછી જયાએ મોકલેલા ઉત્તમ રાજા મોટી સભામાં આવીને પ્રભુ શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૯) ઉત્તમ રાજાએ શ્રીહિને મહામૂલ્યવાળો લાલવર્ણનો સુરવાળ આપ્યો ને સ્વયં શ્રી હરિએ ઉત્તમ રાજાની પ્રસન્નતા માટે ક્ષણવાર પોતે પહેરેલા ધોતિયા ઉપર તે ધારણ કર્યો. (૪૦) ઉત્તમ રાજાએ શ્રીહરિને બહુ મૂલ્યવાળી પાઘડી તથા લાલ વર્ણવાળો સોનેરી જામો ધારણ કરાવ્યો. (૪૧) ઉત્તમભૂપતિએ સુવર્ણ સૂત્રોથી બનાવેલો જેનાં છેડાના ભાગ ચળકે છે તેવો કસુંબી રંગનો પટકો શ્રીહરિને આપ્યો. શ્રીહરિએ તે પટકો પોતાની કેડ્ય ઉપર ધારણ કર્યો. (૪૨)

પ્રભુ શ્રીહરિને બહુ મૂલ્યવાળું ઓઢવાનું શ્વેત વસ્ત્ર આદર પૂર્વક અર્પણ કરીને ઉત્તમ રાજા લલિતાની સમીપે ગયા. પછી લલિતાએ આપેલા અલંકારો લાવીને શ્રીહરિને ધારણ કરાવ્યા. (૪૩-૪૪)

ઉત્તમ રાજાએ શ્રીહરિનાં ચરણકમળમાં ઝીણી ઘુઘરીઓથી શોભાયમાન સોનાના ઝાંઝરો ધારણ કરાવ્યા. તેમજ કેડ્યમાં ઝીણી ઝીણી ઘુઘરીઓથી શોભાયમાન સોનાનો કંદોરો ધારણ કરાવ્યો. (૪૫)

ઉત્તમ રાજાએ શ્રીહરિનાં હાથમાં કડાં, સાંકળા તથા બંને ભુજાઓમાં બાજુબંધો નાના પ્રકારનાં સુંદર મણિ જડેલી સુવર્ણમય વીંટીઓ આંગળીઓમાં ધારણ કરાવી. (૪૬) ઉત્તમ રાજાએ શ્રીહરિનાં કાનમાં કુંડળો તથા કંઠમાં નાના પ્રકારનાં હાર ધારણ કરાવીને પરમ આનંદથી પૂર્ણ થઈને શ્રીહરિને બંને હાથ જોડીને પ્રણામ કર્યાં. (૪૭)

પછી સ્વયં શ્રીહરિ ઊઠીને પોતાનાં ભક્તોને આનંદ આપતા મંડપના મધ્ય ભાગમાં આવેલા ઉત્તમ આસન પ્રત્યે જઈને તત્કાળ બિરાજમાન થયા. (૪૮) ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિ કેડ્ય બાંધીને તાળી વગાડતા નારાયણનું નામ સંકીર્તન કરવા લાગ્યા. (૪૯, ૫૦) સર્વ પાપના સમુદાયનો નાશ કરે તેવા નામ કીર્તનથી એક ઘાટો ધ્વનિ ઉત્પન્ન થયો. શ્રોતાજનોને પવિત્ર કરનારો તે મહાધ્વનિ દશે દિશાઓમાં વ્યાપિ ગયો. (૫૧)શ્રીહરિ આ પ્રકારે બે ઘડી સુધી નામકીર્તન કરીને પોતાનાં આસનમાં બિરાજ્યા. સર્વે ભક્તજનોએ આનંદપૂર્વક શ્રી હરિને પ્રણામ કર્યા. (૫૨) પ્રાચીન કવિઓએ તથા અર્વાચીન કવિઓએ સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં રચેલી સ્તુતિઓથી ભક્તિપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરીને ભક્તો પણ બેઠા. (૫૩)

તે સમયે અર્વાચીન કાવ્ય રચવામાં નિપુણ, મહાબુદ્ધિશાળી દિનાનાથ બ્રાહ્મણ બંને હાથ જોડીને પ્રથમ કરુણાષ્ટક સ્તોત્રથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૫૪) પછી સમગ્ર સંતો, શ્રીહરિને મધ્યમાં રાખીને, શ્રીહરિની પ્રદક્ષિણા કરતા હર્ષપૂર્વક શ્રીહરિનું યશોગાન કરવા લાગ્યા. (૫૫) એકી સાથે તાળીઓ વગાડતા મંડળા આકારથી ફરતા તેમજ શ્રીહરિનાં પદ્ય ગાન કરતા તે સર્વ ભક્તો તે સમયે શ્રી હરિને પ્રસન્ન કરતા હતા. (૫૬)

પ્રસન્ન થયેલા શ્રીહરિએ સમગ્ર સાધુઓને તથા સત્સંગિજનોને પોતપોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે પછી આજ્ઞા આપી. તે સર્વે શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાનાં નિવાસ સ્થાનમાં ગયા. (૫૭) ત્યારબાદ શ્રીહરિએ હે પાક કરનારાઓ ! આવતી કાલે રસોઈ તત્કાળ કરવી એમ તે રસોઈયા બ્રાહ્મણોને આજ્ઞા આપી. પછી પોતાનાં પાર્ષદો સાથે પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૫૮) હે રાજન્ ! પછી માનુષ્ય નાટ્યધારી શ્રીહરિ પોતાનાં નિવાસ સ્થાનમાં સ્વચ્છ જળથી સ્નાન કરીને સંધ્યા સમયનો વિધિ કરીને (હોમ કર્મ પણ જાણી લેવું) જમીને રાત્રિનો પ્રથમ પ્રહર વીત્યો હોવાથી પોતાની સેવામાં આસક્તિવાળી યોગનિદ્રાને શ્રીહરિએ લગારેક અંગીકાર કરી. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કન્ધમાં શ્રીહરિકૃત દિપાવલી મહોત્સવ વર્ણન નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ આજ્ઞા કરી તે વખતે જ રસોઈયાઓ પકવાનો તૈયાર કરીને શાક, દાળ વગેરે કરવા માટે આરંભ કરવા લાગ્યા. તેમજ રસોઈ કરનાર બ્રાહ્મણ પત્નીઓ પણ પોતાનાં જુદા રસોડામાં દાળ-શાક વગેરે કરવા માટે આરંભ કરવા લાગી. (૧)

તે રાત્રિમાં જયા-રમા આદિક ક્ષત્રિય સ્ત્રીઓ ઉત્તમ રાજાના ભુવનમાં પણ હર્ષપૂર્વક ચતુર્વિધ સુંદર પાક કરતી હતી. (૨) માનરહિત થઈને સર્વે તમામ કાર્યો કરતી હતી. તે રાત્રીઓમાં જે મુખ્યપણે હતી તેમનાં નામો હું તમોને કહું છું. (૩)

તેમાં લલિતાની માતાઓ સોમા દેવી તથા સુરપ્રભા એ બંને ભક્તિભાવથી યથાયોગ્ય દાળ-ચોખા વગેરે સાફ કરી શુદ્ધ કરતા હતાં. (૪) જયા સમગ્ર પાક કરનારી સ્ત્રીઓને તેને કામમાં સૂચના આપવી તથા તેમને જોઈતી વસ્તુઓ આપવામાં પ્રવૃત્ત હતી. (૫) લલિતા તો પાકચાતુર્ય બતાવતી સ્ત્રીઓની પ્રશંસા કરતી હતી. પાક કાર્યના વિધિને ન જાણનારી સ્ત્રીઓને પાક કરવાની રીત બતાવતા હતા. (૬)

તૈયાર થયેલા પકવાન્નો ખાજા, જલેબીને અતિ ચતુરાઈપૂર્વક તે ભાંગી ન જાય તે પ્રમાણે બીજા પાત્રમાં ગોઠવતાં હતાં. (૭)

અમરી, અમલા તથા ક્ષેમા વિવિધ પ્રકારનાં લેહ્ય પદાર્થોમાં કઢી વગેરે તથા શાક બનાવવામાં પોતાની ચતુરાઈ લલિતાને બતાવતાં હતાં. (અહીં અનુક્રમે અમરી લેહ્ય પદાર્થોમાં તથા અમલા કઢી વગેરેમાં તથા ક્ષેમા શાકમાં પોતાની ચતુરાઈ બતાવતા હતા.) (૮)

રતિ, મેના, સાતિ તથા દેવી આ ચાર સ્ત્રીઓ પુરીઓ તથા પોળીઓ આદિક કરવામાં પોતાપોતાની ચતુરાઈ લલિતાને બતાવતી હતી. (૯) વિવિધ પ્રકારનાં પાક કરવામાં કુશળ ''રેવતી'' દૂધપાક, વિવિધ પ્રકારની દાળ, માલપુવા તથા શીરો હર્ષપૂર્વક કરતી હતી. (૧૦)

ફુલ્લા, અદિતિ, અજવા, મલ્લી અને જાહ્નવી એ પાંચ સ્ત્રીઓ હર્ષપૂર્વક કેસરી તથા વિવિધ પ્રકારનાં સુંદર ભાત બનાવતી હતી. (૧૧)

યમી તથા ફુલજ્યા, એ બે સ્ત્રીઓ ઉત્તમ પ્રકારનાં ઘુઘરાઓ બનાવતી હતી. ત્યાં બીજી સ્ત્રીઓ પણ માંડા વગેરે ખાદ્ય પદાર્થો કરતી હતી. (૧૨) પાંચાળી તથા નાની એ બે, પાક કરનારી સ્ત્રીઓને જોઈતી વસ્તુઓ ઘરમાંથી લાવીને પ્રીતિપૂર્વક વારંવાર આપતી હતી. (૧૩)

ઉત્તમ નૃપતિની બંને પત્નીઓ કુમુદા તથા જુહૂ થાકી ગયેલી પાક કરનારી સ્ત્રીઓને વિશ્રાંતિ આપી લલિતાની સૂચના પ્રમાણે તે તે વાનગીઓ બનાવતી હતી. (૧૪) જીતા, માન્યા, વલ્લી વગેરે સ્ત્રીઓ હંમેશા જળ-પાત્રો, લાકડાં વગેરે રસોઈમાં ઉપયોગી વસ્તુઓ લાવી આપવામાં તત્પર થઈને રસોઈ કરતી સ્ત્રીઓની પરિચર્યા કરતી હતી. (૧૫)

તજ, જીરૂ, મરી, એલાયચી, રાઈ તથા લવિંગ-ધાણા એ આદિક તથા તેલ, ઘી વગેરે દ્રવ્યોથી સ્ત્રીઓએ વઘારવા માંડેલાં શાકના છમકારા તે વખતે રસોડામાં વારંવાર થતા હતા. (૧૬, ૧૭) તેવી જ રીતે ઘીમાં તળવા માંડેલા માલપુવા, પુરીઓ, વડાં તેના સીસકારા તે સમયે ઘણા થતા હતા. (૧૮) મહાનસમાં રાંધવા માંડેલા ધોળા-કોમળ અને જીણા ચોખાની સુગંધ સમગ્ર નગરમાં વ્યાપી ગઈ. (૧૯)

જેમણે રસાસ્વાદ જીતી લીધો છે એવા જયા, લલિતા, રમા વગેરે શ્રી હરિને પ્રસન્ન કરવા માટે પાકશાસ્ત્રને જાણનારાની જેમ ચતુર્વિધ પાક કરતાં હતાં. (૨૦)

તે સમયે પાકક્રિયામાં નિપુણ કંદોઈયા તથા રસોઈયા પુરુષો તે સ્ત્રીઓની પાક ક્રિયામાં કુશળતા જોઈને નિર્માની બની ગયા. (૨૧)

પડવાનો પ્રાતઃકાળ થતાં અર્ચન ક્રિયામાં કુશળ બેચર બ્રાહ્મણ નવીન વસ્ત્રો તથા આભૂષણોથી વાસુદેવની પૂજા કરવા લાગ્યા. (૨૨) તે બેચર બ્રાહ્મણે શ્રી વાસુદેવનારાયણના મંદિરમાં અન્નકૂટની રચના કરવા માટે અનેક પ્રકારનાં રંગોથી સુશોભિત મંડળ રચ્યું. (૨૩)

તે બ્રાહ્મણે મંદિરના દ્વારમાં આસોપાલવ તથા આંબાના નવ પલ્લવોના તોરણો બાંધ્યા કેળના સ્તંભોથી શ્રી વાસુદેવનારાયણના મંદિરમાં સુંદર મંડપ બાંધ્યો. (૨૪)

શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ આગળ પકવાન્નથી પૂર્ણ સ્થાપના કરવા અનુક્રમે ઉંચા નીચા પગથીયાની માફક પાટીયાની ગોઠવણ કરી. (૨૫) પછી માધ્યાન્હિક પૂજનમાં કહેલા ઉપહારોને ઘણા આનંદપૂર્વક સંપાદન કરીને તે તે બ્રાહ્મણ પોતાનાં હૃદયમાં શ્રીહરિની આજ્ઞાની પ્રતીક્ષા કરતો અત્યંત આનંદીત બની વર્ણીન્દ્રોની સાથે ઉભો રહ્યો. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં જયાદિ ક્ષેમાંગના કૃત વિવિધ પાક વર્ણન નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ અમાવાસ્યાની રાત્રિના છેલ્લા પ્રહરમાં યોગનિદ્રામાંથી જાગ્રત થઈને થોડા પાર્ષદોની સાથે, જનસમુદાયનો ભીડો થશે એવા ભયથી, તત્કાળ સ્નાન કરવા માટે ઉન્મત્ત ગંગા પ્રત્યે પધાર્યા. (૧)

હે રાજન્ ! શ્રીહરિ સ્નાન કરવા પધાર્યા છે તે ઘણાં ખરા પુરવાસી જનો તે સમયે જાણતા ન હતા. પ્રાણપ્રિય શ્રીહરિને સ્નાન કરવા ગયેલા જાણીને તે સમયે નિદ્રાજીત મુનિઓ શ્રીહરિની પાછળ ગયા. (૨) વિભુ શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં નિત્ય સ્નાનાદિ વિધિ શાસ્ત્ર પ્રમાણે કરીને, પોતાનાં ભક્તો આવા લાગ્યા તેથી હવે ભીડો થશે એવી બીકથી તત્કાળ પોતાનાં સ્થાનમાં પધાર્યા. (૩)

પછી શુદ્ધ અને ઉત્તમ શ્વેત વસ્ત્રો ધારણ કરી મનુષ્યનાટ્ય ધારી શ્રીહરિ પોતાનાં મંદિરમાં પોતાને બેસવા માટે યોગ્ય શ્રેષ્ઠ કામળીના આસન ઉપર બિરાજીને (લલાટ, બે હાથ, હૃદય, કંઠ આ પાંચ સ્થાનોમાં) પાંચ ઉર્ધ્વ પુંડ્રક તિલક કરીને શાસ્ત્ર પ્રમાણે સંધ્યા વિવિધ કરતા હતા. (૪) હે રાજન્ ! શ્રીહરિએ વેદની માતા ગાયત્રી તેનો પવિત્ર કર જપ કરીને પ્રાતરાહુતિ પ્રદાન વિધિથી અગ્નિમાં હોમ કર્યો. પછી શ્રીકૃષ્ણનું પૂજન કરીને આલોકમાં પોતાનાં જનોને ઉપદેશ આપવા માટે શ્રીરામાનંદ મુનિએ ઉપદેશ કરેલા શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જાપ હર્ષપૂર્વક જપતા હતા. (૫)

પછી ઉત્તમ રાજા શ્રીહરિની સમીપ જઈને પુષ્પો તથા ચંદન આદિક જે શ્રેષ્ઠ ઉપચારો, શ્રેષ્ઠ ઉપહારો, મહામૂલ્યવાળાં નવીન વસ્ત્રો તથા નૂતન અલંકારોથી ભક્તિ ભાવપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૬) મોક્ષ આપનાર છે દર્શન જેમનાં એવા, પ્રેક્ષકોના મન હરનારા, મંગળમૂર્તિ, મનુષ્યનાટ્ય ધારી હોવા છતાં પણ સ્વરૂપ, ગુણ, વિભૂતિ ઐશ્વર્ય વગેરેમાં સદા અચ્યુત શ્રીહરિનાં, ઉત્તમ રાજા દર્શન કરતા હતા. જેમનું મન પ્રેમથી વ્યાપ્ત થયું છે, જેમણે બંને હાથ શ્રીહરિને જોડ્યા છે, જેમનાં નેત્રોમાંથી આંસુઓ સ્ત્રવે છે તે ઉત્તમ રાજા, વિનયથી નમ્રતા પૂર્વક શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૭)

ઉત્તમ રાજા કહે છે :- હે હરે ! અસંખ્ય વિશ્વોની ઉત્પત્તિ સ્થિતિ વગેરેમાં સ્વતંત્ર કર્તા, અખિલેશ્વર, આપ નિરવધિકાતિશય પ્રકાશમય બ્રહ્મધામને વિષે અક્ષર ભાવને પામેલા મુક્ત ગણોથી હંમેશા સેવાયેલા છે. (૮) હે સત્પત્તિ ! જેમનાં અનેક પ્રકારનાં દિવ્ય ચરિત્રો સદા સ્મરણ કરવા યોગ્ય છે એવા, અતિ દુઃખથી ન નાશ પામે એવા ધર્મના દ્વેષિઓનાં કુળોને નાશ કરનારા છે નેત્રો જેમનાં એવા, વિશુદ્ધ નિષ્કામ ધર્મને પાળનારા જનો જેમને અત્યંત પ્રિય છે એવા, પોતાનાં સમગ્ર જનોનો ત્રાસ હરનારા આપ છો. (૯)

અતિતીવ્ર પાખંડ માર્ગોને ભેદવામાં સમર્થ, જાનુપર્યંત લાંબા બંને હાથરૂપી દંડ યુગ્મ જેમને છે એવા, સ્વભાવ સુંદર ઋગાદિવેદો તથા ઉપનિષદ્‌ગણોએ સ્તુતિ કરાયેલા અને આશ્ચર્ય જનક અને દિવ્ય અસંખ્યાત્ શક્તિ વૈભવ જેમનોં છે એવા આપ; (૧૦) અસંખ્ય પુણ્યા આપના શરણે આવેલા દેહધારીઓને સુખી કરવામાં તત્પર, જેમનાં નામ કીર્તનથી સમગ્ર પાપનો નાશ થાય છે એવા અનાદિ સિદ્ધ, દિવ્ય સદ્‌ગુણોના નિધિસ્વરૂપ આપ છો. (૧૧)

ઉત્તમ રાજાએ આ પ્રકારે સ્તુતિ કરી ત્યાર પછી આગલે દિવસે શ્રીહરિની પૂજા કરવાનો અવસર જેમને નહોતો પ્રાપ્ત થયો તે શ્રીનગરના ભક્તો શ્રીહરિનાં નિવાસ સ્થાનની બહાર દ્વાર પાસે આવ્યા. (૧૨) દ્વારપાળ કરી મેં પૂર્વોક્ત સમગ્ર જનો આવ્યા છે એવું નિવેદન શ્રીહરિને કર્યું. પછી શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સમીપે આવીને તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને પૂજા કરતા હતા. (૧૩) લાલવર્ણના સુવર્ણ સૂત્રોથી ગૂંથેલા વિચિત્ર બુટ્ટાએ યુક્ત, કોમળ મહાઅમૂલ્યવાળા જામા ડગલી વગેરે તથા ઝીણાં તારના બનાવેલા મહામૂલ્યવાળા, લાંબા, લાલ વર્ણવાળા મસ્તકે બાંધવાના વસ્ત્રો તથા ઓઢવાના શાલદુશાલા વગેરે તથા કંકણ, સાંકળા વગેરે ભૂષણો તથા પુષ્પોના હાર, શ્રેષ્ઠ ચંદનાદિ તથા મહા આરતી વગેરેથી તે ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. અને શ્રીહરિની આગળ પતાસાં, સાકર, ફળ વગેરે હર્ષથી અર્પણ

કરી વ્યાપક શ્રીહરિની આજ્ઞાથી પાછા ગયા. (૧૪, ૧૫, ૧૬)

જેમણે સમગ્રપણે લાલ વસ્ત્રો ધારણ કર્યા છે. એવા ધર્મપુત્ર શ્રીહરિ બહાર આવીને નિંબ વૃક્ષની નીચે ઓટલા ઉપર પોતાનાં અતિ સુંદર સિંહાસનમાં બિરાજમાન થયા. (૧૭) હરિભક્તો તથા સાધુઓ એકઠા થઈને તત્કાળ ત્યાં આવ્યા. શ્રીહરિની મૂર્તિમાં જેમની નેત્રની વૃત્તિઓ સંલગ્ન છે એવા તે સર્વે પોતપોતાની મર્યાદા પ્રમાણે પૂર્વની માફક ત્યાં બેઠા. (૧૮) સર્વે પાર્ષદો પણ પહેલાંની માફક જ શ્રીહરિની સેવામાં તત્પર હતા. સંગીત કળામાં પ્રવીણજનો વાદ્યના ધ્વનિ અનુસાર ગાન કરતા હતા. તે તે વાદ્યો વગાડવામાં નિપુણજનો વીણા વગેરે વાદ્યો વગાડતા હતા. (૧૯)

પછી શ્રીહરિ દીનાનાથ ભટ્ટને જોઈને અતિ પ્રસન્ન થયા. અને પોતે જ તેમને પોતાનાં અમુલ્ય વસ્ત્રો આપી દીધાં. (તે વખતે ગાન કરનારાઓએ દીનાનાથ ભટ્ટની રચેલી અષ્ટ પદીનું ગાન કર્યું. તે સાંભળીને તેમાં પોતાનું માહાત્મ્ય તથા પોતાની મૂર્તિમાં તેમનોં અતિશય પ્રેમ અને સર્વ સચ્છાસ્ત્ર પ્રતિપાદ્ય આજ હરિ છે બીજા નથી, એ પ્રમાણે તેમનોં હૃદયગત અભિપ્રાય જાણીને તેમાં વર્ણન કરેલાં પોતાની મૂર્તિમાં સમગ્ર ચિહ્નો સાંભળીને આમને શું આપવું ? તે અહીં હોત તો સર્વસ્વ આપત, એમ વિચાર કરતા, તેમને જ પોતાની સમીપે જોઈને અતિ પ્રસન્ન થઈને તેમને શ્રીહરિએ અમૂલ્ય વસ્ત્રાલંકારો આપ્યા.) (૨૦) શ્રી હરિએ પોતાનાં અંગ ઉપરથી જામો ઉતાર્યો તથા કેડ્ય ઉપર બાંધેલો પટકો ઉતાર્યો ને મહામૂલ્યવાળા પોતાને ઓઢવાના શાલ, દુશાલા તથા પાઘ ઉતાર્યા. પછી તેમની સમીપે પોતે જ જઈને તેમને બાથમાં લઈને ભેટ્યા અને આ વસ્ત્રો આપ્યા. (૨૧) શ્રીહરિએ રૂપિયાઓની ધારાથી દીનાનાથના બે ખોબાઓ ભરી દીધા અને તેમની ઉપર યોગીજનો એ ઈચ્છેલો અનુગ્રહ પણ કર્યો. (૨૨)

તેટલામાં ત્યાં આવેલા અતિ બળવાળા ગંગારામ વગેરે મલ્લો પોતાનાં ઉપર શ્રી હરિના કરુણા કટાક્ષ પડે તેટલા માટે ભુજાઓનું આસ્ફાટન કરવા લાગ્યા. (૨૩) સકળ ઐશ્વર્ય સંપન્ન એવા નારાયણ તે શ્રી સ્વામિનારાયણ શ્રી હરિએ મલ્લોએ કરેલા ભુજાઓના આસ્ફાટન સાંભળ્યા પછી એક પોતાને જ શરણે આવેલા, મલ્લ કુસ્તીમાં ઉત્સાહવાળા તે મલ્લોને જોઈને, તેમની પ્રસન્નતા માટે હાથની સંજ્ઞા કરી તેમને ક્રિડા કરવા માટે આજ્ઞા આપી. (૨૪) સુદૃઢ કચ્છ બાંધેલા તે મલ્લો ઉંચે કૂદવું વગેરે અનેક પ્રકારની ક્રિયાઓથી હર્ષપૂર્વક શ્રીહરિ હસાવતા હતા. તેમજ પોતાનાં દર્શન કરનારા સમગ્ર ભક્ત સમૂહને પણ હસાવતા હતા. (૨૫) મહાબળવાળા અને આનંદ પામેલા, મલ્લ ક્રિડામાં અતિ નિપુણતા પામેલા અને નારાયણને પ્રસન્ન કરવાની આકાંક્ષાવાળા તે સમગ્ર મલ્લો, ચાળીસ પ્રકારનું મલ્લ યુદ્ધ કરતા હતા. (૨૬-૨૭)

હે રાજન્ ! ઉત્થાપન-પગ તથા ઢીંચણનું પીંડી કરણ કરીને પડેલા મલ્લને ઉઠાડવું, સ્થાપન-હાથ પગ વગેરે ચાલી શકે નહીં એમ પીંડીકરણ કરવું, ચાલન-કંઠાદિ અંગમાં વળગી પડેલા મલ્લને ખસેડી નાખવું, ઉત્પ્લવન-પોતાને પ્રતિરોધ કરનારા મલ્લ ઉપર કળાથી કૂદી પડવું, આકર્ષણ-સામા મલ્લે હાથ પગ વડે વીંટી લીધેલા પોતાનાં દેહને તેમાંથી ખેંચી કાઢવું, શૃંખલન-સામા મલ્લના કરચરણાદિકને

દૃઢતાથી બાંધી લેવું તથા પ્રહાર-સામા મલ્લે કરેલા પોતાનાં રક્ષણના ઉપાયોને ઠગીને તેને મર્મમાં પ્રહાર કરવો ઈત્યાદિ ક્રિયાઓમાં અતિ ચતુરાઈ વાળા મલ્લ યુદ્ધની સમગ્ર ક્રિયાને જાણનારા ઉદાર શ્રીહરિ આ મલ્લ યુદ્ધ જોઈને પ્રસન્ન થઈ હસતા હસતા તે મલ્લોની પ્રશંસા કરતા હતા.અને તેમને વિવિધ પ્રકારનાં વસ્ત્રાલંકારો આપતા હતા. (૨૮)

તે સમયે મહાબુદ્ધિશાળી, યુક્તિ પૂર્વક બોલવામાં ચતુર, ક્યારે શું અને કેમ બોલવું તે જાણનારા બ્રહ્માનંદ હસતા હસતા પ્રીતિપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૯) હે સ્વામિન્ ! 'તમો સર્વેએ મારી પૂજા ઈચ્છા પ્રમાણે આવતી કાલે કરવું' એવી આપે આજ્ઞા કરેલી છે તે અમારે પાલન કરવી કે ન કરવી ? ત્યાગીઓ સિવાય આ ઉત્સવમાં સર્વના મનોરથો સફળ થયા છે. (૩૦)

આવી રીતે બ્રહ્માનંદ મુનિએ કહ્યું તેથી શ્રીહરિએ બ્રહ્માનંદ મુનિ તેમજ સમગ્ર મુનિઓને કહ્યું; હે બ્રહ્માનંદ મુને ! હે સાધવ ! તમો બહુધા એક એક હમણાં જ મારી પૂજા કરો.(૩૧)

હે રાજન્ ! ઘસેલું ચંદન, અક્ષત, કુમકુમ, પુષ્પની માળાઓ જેમનાં હાથમાં છે એવા તે સમગ્ર મુનિઓ, વર્ણિઓ, શ્રીહરિની પૂજા માટે ઊઠવા લાગ્યા. (૩૨) જેમની વાસના નષ્ટ થઈ ગઈ છે એવા નિર્મળ હૃદયવાળા શ્રી હરિની હંમેશા પડખે રહીને સેવા કરનારા મુકુંદાનંદ મુખ્ય જેમાં છે એવા વર્ણીઓ તથા મુક્તાનંદ મુખ્ય છે જેમાં એવા મુનીન્દ્રો અતિશય આનંદ યુક્ત થઈને, અત્યંત દયાથી કોમળ દૃષ્ટિવાળા શ્રીહરિની સમીપે તત્કાળ જઈને ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં ઉત્તમ ભૂપકૃત શ્રી હરિ સ્તુતિ નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- વર્ણીઓ તથા સાધુઓ સુગંધિવાળા વિવિધ પ્રકારનાં ચંદન સુગંધિમાન વિવિધ પ્રકારનાં પુષ્પોની માળાઓ સુગંધિમાન તુળસીના પત્રોથી શોભતા હાર તથા સુંદર ફળો વગેરે ઉપહારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧) હે રાજન્ ! કેટલાક ત્યાગીજનો પરમેશ્વર શ્રી હરિને હાર તથા બાજુબંધ, તોરાઓ, કર્પૂરના હાર વગેરેથી હરિને પૂજતા હતા. કેટલાક ત્યાગીજનો નૂતન કુમકુમ વગેરેથી શ્રીહરિને પૂજતા હતા. કેટલાક ત્યાગીઓ ચણોઠીના હાર વડે શ્રીહરિને પૂજતા હતા. (૨)

ફક્ત ચંદનના બીજોવાળા પદાર્થોના હારો વડે કેટલાક આનંદપૂર્વક શ્રીહરિને પૂજતા હતા. તે તમામ ત્યાગીઓ તેમને જેવા પ્રાપ્ત થયા તેવા ઉપચારો વડે શ્રી હરિનું પૂજન કરતા હતા. (૩) હે રાજન્ ! અત્યંત સ્નેહથી કોમળ હૃદયવાળા ત્યાગીજનો આ પ્રમાણે શ્રી હરિની પૂજા કરીને સત્પુરુષોના નિયામક શ્રી સ્વામિનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. (૪)

મુકુંદાનંદ સ્તુતિ કરે છે :- આ ભૂમિમાં મત્સ્ય, કૂર્મ, વરાહ વગેરેના દેહ (તેમનાં સમાન આકૃતિ) ધારણ કરતા તથા પરશુરામ તથા રામ, બલરામના સરખી આકૃતિ ધારણ કરતા તેમજ કંસનો નાશ કરનાર, વાસુદેવ, બુદ્ધ, કલ્કિ, કપિલ, વ્યાસ, નરનારાયણ ધન્વંતરી આદિક મૂર્તિઓ ધારણ કરતા પ્રત્યક્ષ - અમારા નેત્રને ગોચર થયેલા તે સર્વ અવતારોના અવતારી સહજાનંદ તમોને હંમેશા શરીર-મન અને વાણીથી વંદના કરું છું. (૫)

મુક્તાનંદ સ્તુતિ કરે છે :- હે હરે ! આપનો પ્રતાપ હાલમાં સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. હજારો ઉપાયોથી પણ ન ભેદી શકાય એવા અવિદ્યામય (ગાઢ અજ્ઞાનરૂપ અંધકાર) પર્વતનો નાશ કરવામાં વજ્ર તુલ્ય દુર્મતિરૂપી વૃક્ષોના વિનાશ કરવામાં ગંગાના પુર સમાન (ગંગાનું પુર જેમ તીર ઉપરનાં વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાંખે છે તેમ આપ અધર્મ માર્ગો ઉખેડી નાંખો છો.) શાંત અત્યંત મહાન હે હરે ! આપના જે દર્શન કરે છે તે જન બહુ સત્કાર કરવા યોગ્ય છે. અને કૃતાર્થ છે એમ હું માનું છું. એવા મહામંત્રરૂપ શ્રીસ્વામિનારાયણ નામવાળા આપને હું મારા હૃદયમાં ધારણ કરું છું. (૬)

હે સ્વામિન્ ! હે ભૂમન્ ! હે અવતારિન્ ! સમગ્ર ઉપનિષદો તથા શેષ, અક્ષરાદિ વગેરે આપના ઐશ્વર્યાદિનો પાર પામતા જ નથી. સમગ્ર કળી મળ ધોવામાં જેમની મહાન્ કીર્તિ છે એવા, અને સત્ય શૌચાદિ સમગ્ર શુભ ગુણો તથા આનંદ વગેરે ઐશ્વર્યોના એક નિધિ એવા, શ્રીસહજાનંદ સર્વકારણ શ્રીહરિ આપનો જેને અતિશય વિશ્વાસ છે એવો હું મુક્તાનંદ મુનિ, આપને આંતરિક તથા બાહ્ય બંને પ્રકારે ભજું છું. (૭)

ગોપાળાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે પરાત્મન્ ! હે હરે ! આ પૃથ્વી ઉપર શુભ ગુણગણોના અલંકારરૂપ શરીરવાળા, આપના ગુણ તથા ઐશ્વર્યના પ્રવેશથી (વિભૂતિ વગેરેના પણ પ્રવેશથી) અથવા કોઈ કાર્ય માટે આપના સ્વરૂપમાંથી શ્રેષ્ઠ અવતારો પ્રાદુર્ભાવ પામે છે. હે સુખનિધે ! તેથી આપ સાક્ષાત્ અવતારી છો. માટે હે સ્વામિન્ ! હે નારાયણ ! મારું ચિત્ત હંમેશા આપની મૂર્તિમાં રહો. (૮)

અસંખ્ય સૂર્યોના જેવા તેજથી શોભતાં બ્રહ્મ સંજ્ઞાવાળું આપનું ધામ તેમાં રહેનારા, અક્ષરના સર્વ મુક્તોએ અર્ચન કર્યા છે ચરણ કમળ જેમનાં એવા, દિવ્યાકૃતિવાળા, સુંદર અવયવોવાળા, સદ્‌ગુણ સમુદ્ર, સ્વ ઈચ્છાથી મનુષ્ય દેહ ધારણ કરનારા, અનુપમ શ્રીહરિને હું હંમેશા વંદના કરું છું. (૯-૧૦)

બ્રહ્માનંદમુનિ સ્તુતિ કરે છે :- કામદેવના ગર્વને (બ્રહ્મા-શિવ વગેરેનો પરાજય કર્યો તેથી ઉત્પન્ન થયેલા ગર્વને) નાશ કરનારા, પૃથ્વીના ભારને હરનારા, સ્વાશ્રિતજનોને સુખ કરનારા, સદાનિર્વિકારી, દુસ્તર આપત્તિઓનું નિર્વતન કરનારા, બગલાની પાંખ જેવા ઉજ્જળ વસ્ત્રો ધારણ કરનારા, અતિ મહાન, ધર્મના પુત્ર, શ્રેષ્ઠ, હે સખે ! હું આપને નમસ્કાર કરું છું.

આનંદાનંદમુનિ સ્તુતિ કરે છે :- અનેક ભક્તોએ પૂજેલા, મહા મૂલ્યવાળાં નવીન વસ્ત્રો ધારણ કરનારા, ચળકતાં રત્નોવાળાં, સુંદર સુવર્ણના અલંકારોથી અત્યંત રમણીય, ભક્તિથી પ્રાપ્ય એવા આપનું મારા હૃદયમાં હંમેશા હું ધ્યાન કરું છું. (૧૧)

નિત્યાનંદમુનિ સ્તુતિ કરે છે :- સારી રીતે શોભે છે. નખમંડળો જેમાં એવાં, કળિયુગની યુક્તિઓને મૂળમાંથી ઉખેડી નાખનારા, સમગ્ર મંગળના સ્થાનભૂત, જેનું ધ્યાન કરવાથી જે પાપના સમૂહો નાશ થાય છે અને અધ્યાત્મિકાદિ ત્રિવિધ તાપો શમી જાય છે એવાં, અને મુક્તો તથા શ્રુતિઓ રૂપી રાજહંસોની ક્રિડાના સ્થાન રૂપ, જ્ઞાન, ઉપાસના, શાંતિ કારુણ્ય વાત્સલ્યાદિ ગુણોના સ્થાનભૂત એવા હે પ્રભો ! વેદ અને લોકમાં પ્રસિદ્ધ અને મારા નેત્રના વિષયભૂત આપના ચરણારવિંદ સર્વદા મારા ચિત્તમાં રહો. (૧૨)

મહાનુભાવાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે સત્પતે ! ત્રિવિધ તાપને નાશ કરનારી આપની કથારૂપી સુધાનું જે મનુષ્ય પાન કરે છે તે મનુષ્ય સંસૃતિમાં પરિભ્રમણ કરતો નથી. તો આપના પ્રત્યક્ષ દર્શન કરનારને સંસૃતિ ક્યાંથી થાય ? (૧૩) પ્રણતનું પાલન કરનારા એવા, પુષ્પોની માલાઓવાળા અને ગોળ કુમકુમના ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્ર તિલકથી શોભતા, સ્વતઃ સિદ્ધ પોતાનાં અંગોમાંથી નીકળતી કિરણોની પંક્તિવાળા, ધારણ કર્યા છે અલંકારો જેમણે એવા, અને મુનિઓને શોભાડનારા એવા આપને હું નિરંતર ભજું છું. (૧૪)

સ્વયંપ્રકાશાનંદ મુનિ સ્તુતિ કરે છે :- અપરિમિત જનગણોના અંતર્યામી, જેનાં રુંવાડાના છિદ્રમાં અગણિત બ્રહ્માંડો ભમે છે એવા, જેમણે પોતાનાં ભક્તોનો શોક નાશ કર્યો છે એવા, અવધિ રહિત છે મહિમા જેમનોં એવા, દિવ્ય અક્ષરધામમાં વિહાર કરનારા, સિદ્ધયોગીઓને પણ નિત્ય ધ્યાન કરવા યોગ્ય આપને હું ભજું છું. (૧૫)

વૃદ્ધાત્માનંદમુનિ સ્તુતિ કરે છે :- આ પૃથ્વી ઉપર પોતાનાં પ્રતાપથી અસુર ગુરુઓના સમૂહને તત્કાળ પરાભવ પમાડતા, જળ બુદ્ધિવાળા પોતાનાં ભક્તને પંડિત જનો પણ ન જીતી શકે એવું અજેય પદ આપનારા (સમગ્ર શાસ્ત્રો ભણેલા પંડિતો પણ જેને જીતવા માટે શક્તિમાન ન થાય તેવા) એવા આપને હું ભજું છું. (૧૬)

ચૈતન્યાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે સહજાનંદ ! હે સ્વામિન્ ! હે અખિલ ! હે સત્પતે! સદા સર્વાતિશાયિ સુંદરતા રૂપ લક્ષ્મીથી યુક્ત, હંમેશા સિદ્ધયોગવાળા મુનિઓ જેમનું પોતાનાં હૃદયમાં ધ્યાન કરે છે તે જ આપના સર્વોત્તમ વપુનું(શરીર) મારા હૃદયમાં હું ધ્યાન કરું છું. હે પરમ ! (સર્વોત્તમ શોભારૂપ લક્ષ્મીવાળા) સમગ્ર ક્લેશના વિનાશમાં અધિક ચાતુર્યવાળા, અનુપમ, આપના આ રૂપમાં મારી બુદ્ધિ હંમેશા ક્રિડા કરો. (૧૭)

ભજનાનંદમુનિ સ્તુતિ કરે છે :- જેમણે આ લોકમાં રહેલા પંડિતો તથા સ્વર્ગમાં રહેલા ઈન્દ્ર વગેરેનો પરાજય કરેલો છે એવા, જેમણે ઘણાં જનોનો સંસૃતિ રોગ નાશ કર્યો છે એવા, પોતાનાં અત્યંત પ્રિય ભક્તોની પ્રાકૃત વિષય ભોગવાસના જેમણે નાશ કરી છે અને પોતાને વિષે આસક્તિવાળા મુનિઓને શીખવાડ્યો છે તે યોગ જેમણે એવા આપને હું નમસ્કાર કરું છું. (૧૮)

પરમ ચૈતન્યાનંદમુનિ સ્તુતિ કરે છે :- પોતાનાં આશ્રિતોની બાહ્ય અને આભ્યંતર વ્યથાનો

નાશ કરનારા, પોતાનાં ભક્ત સમુદાયનું પોષણ કરનારા, કામાદિ દોષથી રહિત જનો પર પ્રસન્ન થનારા, પોતાનાં ભક્તોની મન અને નેત્રની વૃત્તિઓને ચોરનારા આપને હું નમસ્કાર કરું છું. (૧૯, ૨૦)

પરમાનંદમુનિ સ્તુતિ કરે છે :- એકાંતિક એવા મુક્તાનંદ આદિક ઘણાં મહામુનિઓ તથા સમગ્ર અક્ષર મુક્તો પણ વારંવાર જેમની સ્તુતિ કરે છે તથા વિધિ પ્રમાણે જેમનું હંમેશા પૂજન થાય છે, પૃથ્વી ઉપર જેમણે મનુષ્ય નાટ્ય ધારણ કરેલું છે એવા પોતાનાં આશ્રિતોના સમગ્ર દુઃખનો નાશ કરનારા અને સમગ્ર પ્રકૃતિ પુરુષાદિના સ્વામી, અતિ શ્રેષ્ઠ આપને સદા હું ભજું છું. (૨૧)

ભગવાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે અકિંચન પતે ! હે ભૂમન્ ! આ ભૂમિ ઉપર અસુરાંશ ભાવથી પ્રગટ થયેલા બહારથી તો ભગવાનના ભક્ત સમાન વેશવાળા, તિલકો તથા માળાઓ ધારણ કરનારા, અતિશય કામથી વ્યાકુળ થયેલા, ગુરુ બની નાટક ભજનારા એવા જનોએ સ્વપ્નમાં પણ જેમનાં તરફ જોયું નથી એવા, આશ્રિતોનો ભય નાશ કરનારા પૃથ્વી ઉપર મુમુક્ષુઓને ખોળનારા, આપને હું નમસ્કાર કરું છું. (૨૨)

શિવાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે દયાસાગર ! પોતાનાં ભક્તોના હિતકારી સ્તુતિ કરનારા જનોને કલ્પવૃક્ષની સમાન સર્વાર્થ આપનારા જેમનાં ચરણારવિંદ છે એવા આપ નિત્ય છો નિત્ય આનંદવાળા (ભગવાન નિત્ય હોવાથી ભગવાનનો આનંદ પણ નિત્ય છે.) સાધુ પુરુષોને વંદનીય છો. પ્રશાંત, મનોહર એવા આપ મારું શરણ છો. (૨૩)

વાસુદેવાનંદ વર્ણી સ્તુતિ કરે છે :- પોતાનાં માતાપિતાને થયેલા દુર્વાસા મુનિના શાપને જેમણે હણી નાખ્યો છે એવા, દુષ્ટ જીવો જેને કદી ન પામી શકે એવા, પોતાનાં શરણે આવેલા જનોના ત્રિવિધ તાપ જેમણે શાંત કરી નાખ્યા છે એવા, પોતાનાં શત્રુઓનો વિનાશ કરવા માટે ધારણ કર્યું છે. બુદ્ધિરૂપી ધનુષ્ય જેમણે એવા, જન્મમરણરૂપ સંસૃતિને છેદી નાખનારો છે મંત્ર જાપ જેમનાં નામનો છે એવા, મુક્તોએ જેમનાં પ્રતાપનું ગાન કર્યું છે એવા, પોતાને નમસ્કાર કરનારા પાપો જેમણે નાશ કરી નાખ્યા છે એવા, સાધુઓના ભૂષણ સ્વરૂપ એવા આપને હું ભજું છું. (૨૪)

નાના આત્માનંદ સ્તુતિ કરે છે :- અસત્ય માર્ગોને ભેદી નાખનારાં, જેમણે ભક્તોની પીડા નાશ કરી નાખી છે એવા, અતિક્રૂર પાપીઓને કષ્ટકારી, પોતાનાંમાં શુદ્ધજ્ઞાન વર્તે છે એવા, સ્વાશ્રિત જનોની મનોવ્યથાને ભેદી નાંખનારા, રત્નજડિત સુવર્ણાલંકારો ધારણ કરનારા, પોતાનાં આશ્રિત જનોના સંસૃતિના દુઃખોને નિકંદન કરનારા, ધર્મનંદન આપને હું નમસ્કાર કરું છું. (૨૫)

કપિલેશ્વરાનંદમુનિ સ્તુતિ કરે છે :- હે સ્વામિન્ ! હે નારાયણ મુને ! અતિક્રૂર અને અત્યંત બળવાન એવા અંતઃકરણમાં રહેલા માન, મોહ, ક્રોધ, લોભ વગેરે શત્રુઓના વિનાશમાં અતિ સમર્થ લોકોના અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને નાશ કરવામાં અતિચતુર, સ્વાશ્રિતોના પાપ પુંજોને વિનાશ કરનારો

અને પોતાનાં ભક્તોને આનંદ આપનારો આપનો પ્રતાપ આ ભૂમિમાં સર્વોત્કર્ષ પણે વર્તે છે. (૨૬)

ભુધરાનંદમુનિ સ્તુતિ કરે છે :- સ્વાશ્રિત જનોના ચિત્તને આકર્ષણ કરનારા, પોતાનાં ભક્તજનોને જેમણે આનંદ પમાડ્યો છે એવા, આશ્રિત જનોની સમગ્ર તૃષ્ણાઓ જેમણે નાશ કરી છે એવા, તાપને હરનારા, વચનરૂપી અમૃત વરસાવનારા આપને હું નમસ્કાર કરું છું. (૨૭)

યોગાનંદમુનિ સ્તુતિ કરે છે :- જળે સહિત મેઘની માફક દેદીપ્યાન અને અત્યંત મનોહર રૂપથી લજ્જા પમાડ્યો છે કામદેવને જેમણે એવા, જડેલા વિચિત્ર મણીન્દ્રોએ સહિત સુવર્ણ ભૂષણો તથા સુવર્ણના તારના અંબરો ધારણ કરનારા, શરદ્ઋતુની પૂર્ણિમાએ ઉદય પામેલા ચંદ્રની જેમ મંદહાસ્ય અને સુંદર મુખથી મનુષ્યોનાં નેત્ર અને મનને આકર્ષનારા, આપને નમસ્કાર કરનારા જનોની સંસૃતિને નિવારણ કરનારા, આપ મારા મનમાં હંમેશા રહો. (૨૮)

પૂર્ણાનંદમુનિ સ્તુતિ કરે છે :- જે આપના પ્રત્યક્ષ દર્શન કરે છે તેવા જનોના નેત્રોને ક્ષણવાર ઉત્સવ કરનારી છે દૃષ્ટિ જેમની એવા, પોતાનાં જનોના રક્ષણમાં સમર્થ અને પોતાનાં આશ્રિત જનોના મોક્ષ કરવામાં અતિ ચતુર એવા, વિનાશ કર્યો છે પૃથ્વીનો ભાર જેમણે એવા, પૃથ્વીની માફક ક્ષમાશીલ, કઠોર ભાષણ કરનારા અને ઉગ્રદૃષ્ટિવાળા મહારાક્ષસોના સમૂહોને ઉખેડી નાખનારા, સર્વના અધ્યક્ષ અને મુમુક્ષુઓના લક્ષ્યસ્વરૂપ, લાભો મનુષ્યોના વૃંદનો શમન કર્યો છે ક્ષોભ જેમણે એવા, આપને હું ભજું છું. (૨૯)

ગુણાતીતાનંદમુનિ સ્તુતિ કરે છે :- ધારણ કર્યા છે શુદ્ધ સુવર્ણ સૂત્રોથી નિર્માણ કરેલાં કસુંબી વસ્ત્રો જેમણે, મણીઓની પંક્તિઓવાળા, સુવર્ણના આભૂષણો જેમણે ધારણ કર્યા છે, જેમનું શરણ પાવનકારી છે, મધુર, મંદ હાસ્યવાળું વદનકમળ જે ચિત્તને હરનારું છે. હે અવિનાશ ! આ આપનું રૂપ હે સુખદ ! હે સહજાનંદ ! મારા નેત્રોની આગળ જ રહો. (૩૦)

જન્મમરણને હરનારા, સુખનિધિ, કામાદિરૂપી અગ્નિની જ્વાળાથી બળેલા જનસમુદાયને સુખી કરવા માટે આપના સિવાય બીજા કોઈ સમર્થ નથી જ. સદા અંતર્દષ્ટીવાળા મુનિજનોને પોતાનાં નિર્મળ હૃદયમાં જોવા યોગ્ય, સર્વોપરી, આપ શ્રીહરિનું અહીં હું હર્ષપૂર્વક ધ્યાન કરું છું. (૩૧)

પ્રેમાનંદમુનિ સ્તુતિ કરે છે :- ધર્મના શત્રુઓનો નાશ કરનારા, નરરૂપધારી, મહાન બળવાળા, મુનિવર્યોમાં ફરનારા, મનોહર, સાધુઓની સાથે ક્રીડા કરનારા, આપ મારા હૃદયમાં રહો. (૩૨)

કૃપાનંદમુનિ સ્તુતિ કરે છે :- આપ નિર્દોષ, સકળ શુભ સુખના એક આશ્રયભૂત, સમગ્ર અવતારોના કારણ, મુનિઓના નેત્રોરૂપી કમળોનું વન તેને સૂર્ય સમાન (સૂર્યના ઉદયથી કમળો ખીલી ઊઠે છે તેમ શ્રીહરિનાં દર્શનથી મુનિજનોના નેત્રો પ્રફુલ્લિત થાય છે) એવા પરમેશ્વર આપને વિષે મારું મન હંમેશા રમો. (૩૩)

નિરંજનાનંદ આદિક મુનિઓ સ્તુતિ કરે છે :- પોતાને વશ વર્તતા ચતુર્મુખાદિકને (બ્રહ્માદિકને) જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવામાં પ્રેરનારા એવા, આપનું સ્મરણ કરનારા પુરુષોની સમગ્ર પીડા

હરનારા, પ્રાર્થના કરવા યોગ્ય એવા આપના શ્રેષ્ઠ ચરણાવિંદનું શરણ અમો આ લોકમાં પામ્યા છીએ. (૩૪) પ્રાકૃતગુણ પ્રધાન એવા તુચ્છ પ્રાય આ શરીરમાં તથા દેહના સંબંધિઓમાં પણ હું અને મારું આ પ્રકારનોં જેમને દુરાગ્રહ છે એવા પુરુષોના હૃદયમાં રહેતા છતાં પણ દૂર રહેતા હોય ને શું ? એવા આપના સુંદર અને પવિત્ર ચરણકમળને હે પરમાત્મન્ ! હંમેશા અમો ભજીએ છીએ. (૩૫)

હે હરે ! જે જનો શરીરના અંતકાળમાં પણ આપના ગુણો તથા ચરિત્રોને અનુસરનારા નામનું કીર્તન કરશે, તે જનો તત્કાળ ઘણાં જન્મોમાં કરેલા પોતાનાં પાપ ત્યજી દઈને સંસારના પ્રવાહથી મુક્તિ પામે છે. (૩૬) હે હરે ! અનેક દિવ્ય ગુણ તથા ઐશ્વર્યાદિના મહાસાગર, શુદ્ધ અને અવધિએ રહિત, સર્વાતિશાયી જે પોતાનું સુખ તેનાથી પૂર્ણ આપ આ લોકમાં પોતાનાં એકાંતિક ભક્તો તથા ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર નાનાવિધ અવતારો ધારણ કરો છો. (૩૭)

અકારણ અપાર કરુણામયી અમૃતથી પૂર્ણ દૃષ્ટિવાળા હે હરે ! અતિશય સ્નેહથી પરિપૂર્ણ, મંદહાસ્ય તથા મધુર વાણીથી આપના ભક્તોને અત્યંત સુખ કરનારા, આપના આશ્રિતોનો સંસૃતિપાશ નાશ કરનારા, એવા આપને અમો અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરીએ છીએ. (૩૮)

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે સ્તુતિ કરવા યોગ્ય છે કીર્તિ જેમની એવા, શ્રીસ્વામિનારાયણની ભક્તિથી સ્તુતિ કરીને સમગ્ર ત્યાગીઓ વિરામ પામ્યા. પછી બીજા ભક્તો શ્રીહરિની પ્રીતિથી સ્તુતિ કરવા લાગ્યા. (૩૯)

હરિભક્તો સ્તુતિ કરે છે :- હે હરે ! વેદો તથા સંતો આદિકને વંદનીય, આપની ઉપાસના કરનારા આરોગ્યની ઈચ્છાવાળાઓની કાળની ભીતિનો નાશ કરનારા, શરણે આવેલાને સુખ આપનારા એવા, આપના ચરણારવિંદને અમો વંદન કરીએ છીએ. (૪૦) આપના પ્રતાપથી જ આપ આપના આશ્રિતોનું આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ છો. હે ભૂમન્ ! બ્રહ્માદિકોમાં પણ સમ્યક્ રીતે ફરનારો બળવાન કાળ પણ આપનાથી અત્યંત બીવે છે. (૪૧)

હે વિભો ! હે દિનબંધો ! સમગ્ર ઈશ્વરોના ઈશ્વર, અત્યંત દયાસાગર, આપને શરણે આવેલા અમો તે અમારી, અક્ષરાદિથી પર, અવતારી, પુરુષોત્તમ આપ અધર્મસર્ગથી રક્ષા કરો. (૪૨) હે હરે ! અમો અત્યંત ધન્ય છીએ અને સનાથ થયા છીએ. જેથી દેવોમાં શ્રેષ્ઠ એવા બ્રહ્માદિઓને પણ દુર્લભ દર્શનવાળું મંદહાસ્ય સહિત અને કરુણાપૂર્ણ નેત્રયુગલવાળું આપનું આ રૂપ તેના અમો દર્શન કરીએ છીએ. (૪૩) હે હરે ! આપ અમારા પિતા, માતા, સુહૃત્, પતિ, સદ્‌ગુરુ તથા ઈષ્ટદેવ છો. અમો નિરંતર આપની નિષ્કપટ ભાવે સેવા કરીને કૃતાર્થ થાય છીએ. (૪૪)

હે હરે ! અમારી વાણી સદા પ્રેમપૂર્વક આપના ગુણ સમૂહનું ગાન કરો. બંને કાન આપના પરમચરિત્રોનું શ્રવણ કરો. તથા બંને નેત્રો અતિમનોહર અને શુભ ચિહ્નોએ યુક્ત, દિવ્ય, અનુપમેય, એવી આપની મૂર્તિનાં દર્શન કરો. આવી રીતે ભક્તો શ્રીહરિની સ્તુતિ કરીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં ત્યાગી, ગૃહીજનોએ શ્રીહરિની સ્તુતિ કરી તે નિરૂપણનો અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાની એકાંતિક ભાવે ઉપાસના કરનારા સ્ત્રીભક્ત -રતિ બંને હાથ જોડીને ભક્તપ્રિય અને અત્યંત પ્રસન્ન શ્રીહરિને હે હરે ! હવે રસોઈ તૈયાર થઈ ગઈ છે એમ દૂર ઊભા રહીને કહેતા હતા. (૧)

તેથી શ્રીસહજાનંદ સ્વામીએ શ્રીવાસુદેવનારાયણની પ્રતિમાની આગળ અન્નકૂટની રચના કરવા માટે પૂજારી બ્રાહ્મણ બેચર શર્માને આજ્ઞા આપી. (૨) પછી શ્રીરાધાકૃષ્ણની પૂજામાં હંમેશા સેવા પરાયણ શ્રેષ્ઠ બ્રાહ્મણ બેચર શર્મા યથાવિધિ અન્નકૂટની રચના કરવા લાગ્યા. (૩) તે સમયે વાસુદેવાનંદ વગેરે વર્ણીસત્તમો પકવાન્નના ભરેલાં પાત્રો તત્કાળ શ્રીરાધાકૃષ્ણની સમીપે હર્ષપૂર્વક લાવતા હતા. (૪)

હે રાજન્ ! પૂજારી બેચર શર્મા વિધિ પ્રમાણે અન્નકૂટ રચીને (ઉત્તરોત્તર પકવાન્નો વગેરે તમામ ચીજોના ભરેલા પાત્રો સુંદર રીતે ગોઠવીને) શ્રીકૃષ્ણને નિવેદન કરતા હતા. (પ્રેમાનંદ સ્વામીએ પોતે રચેલા થાળના પદનું તે સમે ગાન કરતા હતા.) (૫)

સ્નાનાદિથી શુદ્ધ થયેલા નૈષ્ઠિકવ્રતધારી મુકુંદાનંદ વર્ણીન્દ્ર શ્રીહરિની આજ્ઞાથી ત્યાં આવીને શ્રીકૃષ્ણની મહા આરતી કરતા હતા. (૬) તે સમયે શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ આરતીના ઘંટનો ધ્વનિ સાંભળીને તત્કાળ શ્રીરાધાકૃષ્ણ મંદિરમાં આવીને ભક્તિમાર્ગને વૃદ્ધિ પમાડનારા તેથી જ બંને હાથ જોડીને શ્રીરાધાકૃષ્ણને પ્રણામ કરતા હતા. (૭)

પછી શ્રીહરિ વાસુદેવાનંદ વર્ણીઓએ રહેલો અન્નકૂટ જોતા હતા. (અનુક્રમે રચનાની ચતુરાઈ જોતા હતા.) અને તેમની ઘણી પ્રશંસા કરતા હતા. (૮) ચોખંડી અને પાટીયા ઉપર મોટા પાત્રોમાં ઉપરા ઉપર ગોઠવેલી ચંદ્રિકા સમાન ઉજ્જવળ બરફી તથા પેંડા શ્રીહરિએ જોયા. (૯) વળી તલસાંકળી, મગદળના લાડુ, ગુંદરપાક, પતાસા, સુખડી, દળના લાડુ શ્રીહરિએ જોયા. (૧૦)

જમણી બાજુ અન્નકૂટની રચનામાં પાટીયા ઉપર બ્રહ્મચારીઓએ ગોઠવેલી ગોળાકાર અને ધોળી, અતિકોમળ, જનોના ચિત્તને હરનારી ઘુંચળું વળેલી જલેબી શ્રીહરિએ જોઈ. (૧૧) ઉપરા ઉપરી ક્રમથી ગોઠવેલા સો છિદ્રોવાળાં તથા ધોળાં વર્ણના ગોળખાના શ્રીહરિએ જોયા. (૧૨) તેમજ સાટા તથા ઠોર, સૂત્રફેણી, ઘેબર, કળીના લાડુ, રમણીય મોતીયા લાડુ, શ્રીહરિએ જોયા. (૧૩)

ઘુઘરા, લક્કડશાઈ લાડુ, બળ્યો લાડુ, તળેલો લાડુ, સેવો, મોડા, દહીંથરા, ગણગણ ગાંઠીયા, શ્રીહરિએ જોયા. (૧૪) સુંવાળીઓ, શ્રીખંડ, દૂધપાક, પુરીઓ, હરિસો, બિરંજ, (કેસરીઓ ભાત) રોટલી

શ્રીહરિ જોતા હતા. (૧૫)

માલપુઆ, પુડલા, અતિ સુંદર દૂધભાત, કલવો, ફૂલેલાં વડા, શ્રીહરિએ જોયા. (૧૬) પછી શ્રીહરિ ઘી તથા સાકર મિશ્રિત કેળાં જોતા હતા. મોટા પાત્રમાં ઘણાં ઘી સાકરથી બનાવેલો શીરો જોતા હતા. (૧૭) શ્રીહરિએ પર્વત સમાન ઘી મિશ્રિત કંસારનો ઢગલો જોયો. તેમજ મહામૂલ્યવાળા સુવર્ણ તથા રૂપાના પાત્રમાં રહેલા વિવિધ પ્રકારનાં શાક જોયાં. (૧૮) શ્રીહરિએ લવિંગાદિથી વધારેલું અને દહીંયુક્ત તુરીયાનું શાક જોયું. વળી તજ વગેરેથી વધારેલું દૂધીનું શાક જોયું. તજ, લવિંગ વગેરેથી વધારેલું ગલકાનું શાક તથા તેવી જ રીતે કંકોડા, રતાળું, ભીંડા, ચીભડાં, ગુવારફળી, મોગરી, કાકડી (ચિકેણ્ય) વગેરે શાક જોયાં. (૧૯-૨૦)

વિવિધ પ્રકારની રીતથી વધારેલું રીંગણાનું શાક, ચોળા ફળીનું શાક શ્રીહરિએ જોયું. (૨૧) શ્રીહરિએ ઘીલોડાં, સૂરણ, કારેલાં, કોળું, પરવળ, વગેરેનાં શાક જોયાં; (૨૨) શ્રીહરિએ વઘારેલા પંડોળા, અગથીયાની ફળી, સકરટેટી, મેથીની ભાજી, ડોડીની ભાજી, ફાંદની ભાજી વગેરેના શાક જોયાં. (૨૩) શ્રીહરિએ મૂળાની ભાજી, સવા, રાજગરા, લૂણી, તાંદળજા વગેરેની સુંદર વઘારેલી ભાજી અન્નકૂટની રચનામાં જોઈ. (૨૪) પ્રભુ શ્રીહરિએ કણજરાની ભાજી તથા ઘણાં શાક તથા કોળું, ચીભડાં, દૂધી, દ્રાક્ષ, ખારેક, શક્કરીયા, કેળા વગેરેથી કરેલાં દહીં મિશ્રિત અનેક પ્રકારનાં રાઈતા જોયા. (૨૫-૨૬)

શ્રીહરિએ સાંગરીયોનું રાયતું જોયું તથા દહીં મિશ્રિત રમણીય રીંગણાનું ભરથું જોયું. (૨૭) શ્રીહરિએ રાઈથી મિશ્રિત રમણીય વડીઓ તથા વડાં ફુલેલી નાની સોપારી જેવી ફુલવડીઓ જોઈ. (૨૮) શ્રીહરિ પત્રવેલીયાં, કેળાં, વંતાક વગેરેના કોમળ અને ફુલેલાં ઘણી ચતુરાઈથી કરેલાં વિવિધ પ્રકારનાં ભજિયાં અન્નકૂટની રચનામાં જોતા હતા. (૨૯) શ્રીહરિએ તે પછી પૂર્વે કહેલાં સર્વ પદાર્થોનાં મધ્યભાગમાં મૂકેલો કોમળ અને કૈલાસપર્વત જેવો શ્વેત, સુગંધથી દશ દિશામાં વ્યાપતો ભાતનો ઢગલો જોયો. (૩૦)

શ્રીહરિએ ભાતના પર્વતની સમીપે તુવેરની દાળ કલઈના વિશાળ ગોળાકાર પાત્રમાં જોઈ. (૩૧) શ્રીહરિએ ઘી તથા તજ, મેથી, રાઈ, અજમો વગેરેથી વધારેલાં વટાણાં, વાલ, ચણા તથા કઢી, દહીં, છાશ, મઠો તથા પાપડ જોયાં. (૩૨) શ્રીહરિએ સાકર સહિત ઉકાળેલા દૂધથી ભરેલાં પાત્રો તથા નૂતન ઘીથી ભરેલાં પાત્રો જોયાં. (૩૩) શ્રીહરિએ પાત્રમાં રહેલું સાકર સહિત માખણ જોયું. નાના પાત્રમાં રહેલું સુંદર અથાણું જોયું. (૩૪) શ્રીહરિએ લીંબુના રસથી મિશ્રણ કરેલું લવણ ચઢાવેલું આદાનું અથાણું તથા નાના પાત્રમાં રહેલી ધાણા વગેરેની લવણ નાખેલી ચટણી જોઈ. (૩૫)

પછી શ્રીહરિએ શ્રી રાધાકૃષ્ણની મૂર્તિની સમીપે સ્થાપન કરેલું અને સુવર્ણથી નિર્માણ કરેલું, પ્રકાશમાન, વિશાળ, પૂર્ણિમાના ચંદ્રમા જેવું ગોળ, રૂપાનીશ્વેત કાંતિવાળી ચારે તરફ ગોઠવેલી ચોસઠ વાડકીએ કરીને બહુ શોભાયમાન જોનારા જનોના મનને હરનારું ભોજન પાત્ર જોયું. (૩૬-૩૭) તે પાત્રમાં ઘણી ચતુરાઈથી પીરસેલાં પ્રથમ જોયેલાં ખાજા આધિક એકસો એક પદાર્થો શ્રીહરિએ અન્નકૂટની

રચનામાં જોયા. આ સર્વેને જોઈને ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૩૮)

દેવના આગળ આસન ઉપર ન બેસાય એવી મર્યાદા પાલનમાં ઉદ્યમવાળા, પોતાનાં આચરણથી પોતાનાં જનોને શિક્ષણ આપતા શ્રીહરિ, રાધાકૃષ્ણના મંદિરમાં અન્નકૂટને જોઈને ભક્તજનો સાથે પાથરણા વગર પૃથ્વી ઉપર વિરાજમાન થયા. (૩૯)

પછી શ્રીહરિએ શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગોપો પાસે કરાવેલો ગોવર્ધન મહોત્સવ તે ઉપર કવિવર મુક્તાનંદાદિએ કરેલા પદો પ્રેમાનંદાદિ સાધુજનોની પાસે ગવડાવ્યા. (૪૦)

તે મુનિઓએ વીણા, સતાર, કાંસીયા, ઝાંઝ, મૃદંગ અને વાંસળી વગેરે વાજિંત્રો સાથે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના મુખકમળ તરફ દૃષ્ટિ રાખીને ગોવર્ધન મહોત્સવના કીર્તનોનું ગાન કર્યું. (૪૧)

આ પ્રકારે શ્રીહરિએ આનંદથી અન્નકૂટ તથા આરતીનાં દર્શન કર્યા. પછી શ્રીવાસુદેવનારાયણને સાષ્ટાંગ પ્રણામ કરીને સર્વ પૂજાવિધિ સમાપ્ત કર્યો. (૪૨) મુનિઓ તથા બીજા ભક્તો અન્નકૂટનો મહોત્સવ જોઈને ઘણા પ્રેમથી જય ધ્વનીઓ કરતા આનંદ પામતા હતા. (૪૩)

પોતાનાં ભક્તોએ જોયેલા શ્રીભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિએ, દયાયુક્ત દ્રષ્ટિથી પોતાનાં ભક્તો પ્રત્યે જોઈને, સાધુઓ તથા પાર્ષદોને ભોજન કરવા માટે બોલાવ્યા. હે રાજન્ ! પછી શ્રીહરિની આજ્ઞાપરાયણ તે સાધુઓ તથા અન્ય સર્વ ભક્તો હાથ-પગ અને મુખ ધોઈને હર્ષપૂર્વક જમવા આવ્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિકૃત અન્નકૂટનાં દર્શન વર્ણન નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિએ આજ્ઞા કરી તેથી મુક્તાનંદ મહામુનિ ત્યાં જમવા આવેલા મુનિઓને યથાયોગ્ય બેસાડવા લાગ્યા. (૧) સર્વ સાધુઓ પંક્તિબદ્ધ બેસી ગયા એટલે પૂર્વે કહેલા રસોઈયા બ્રાહ્મણો તત્કાળ સાધુજનોના કમંડળોમાં જળ ભરવા લાગ્યા. (૨)

પછી શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીઓ તથા મુક્તાનંદ વગેરે સાધુઓ તથા બીજા બ્રાહ્મણોને પીરસવા માટે આજ્ઞા આપી. (૩) પછી બ્રાહ્મણો સાધુઓને પત્રાવળા તથા પડિયા આપીને અનુક્રમ પ્રમાણે વિવિધ પ્રકારનાં શાક પીરસવા લાગ્યા. (૪)

મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા શ્રીહરિ સ્નાન કરીને પીતાંબર ધારણ કરી શોભાયમાન કેડ્ય ઉપર પીતાંબર બાંધીને પોતામાં આસક્ત ચિત્તવાળા સાધુઓની પંક્તિમાં ફરતા ફરતા અત્યંત સ્નેહથી મુનીંદ્રો પાસે પીરસાવતા હતા. (૫-૬)

પીરસનારા સાધુઓમાં મુક્તાનંદ મુનિને પીરસવાની ક્રિયાનો અભ્યાસ ન હતો છતાં પણ તે ક્રિયામાં નિપુણની માફક સાધુઓને હર્ષથી પીરસતા હતા (૭) બ્રહ્માનંદ મુનિ તો પીરસવામાં પોતાનાં હાથની ચપળતા શ્રીહરિને બતાવતા શ્રીહરિને તથા બીજા ભક્તજનોને અત્યંત હસાવતા હતા. (બ્રહ્માનંદ મુનિ પીરસવાની ક્રિયામાં પ્રવીણ ન હોવાથી તથા શરીર સ્વાભાવિક સ્થૂળ હોવાથી અને વળી ત્વરાથી પીરસવાની આવડત ન હોવા છતાં પણ ઉતાવળથી પીરસતા હતા. તેમાં અવ્યવસ્થા થવાથી શ્રીહરિ તથા સત્સંગી જનો અત્યંત હસતા હતા.) (૮)

વિવિધ પ્રકારની સુંદર વાનગીના નામો હર્ષપૂર્વક બોલતા મહાનુભાવાનંદ પણ શ્રીહરિ તથા સમગ્રજનોને હસાવતા હતા. (બાલ્યાવસ્થામાં દીક્ષા ગ્રહણ કરવાથી સ્વાભાવિક રીતે લૌકિક પદાર્થોના શ્રવણ મનનમાં આસક્તિ રહિત હોવાથી વાનગીના નામોમાં ભૂલથી એક ચીજને બદલે બીજી ચીજનું નામ લેવાય તેથી હસાવતા હતા.) (૯)

નિત્યાનંદ મુનિ તથા મને-શુકાનંદમુનિને-પીરસતા જોઈને શ્રીહરિ તથા સર્વે ભક્તો પીરસવાની અતિ-ચતુરાઈ જોઈ પ્રશંસા કરતા હતા.) (૧૦)

સર્વ પંક્તિઓમાં દરેક વાનગી સરખી રીતે સમાનપણે પીરસવાની ચતુરાઈથી આનંદાનંદ મુનિરાજ શ્રીહરિને અત્યંત આનંદ આપતા હતા. (સત્સંગમાં આવીને શ્રીહરિનો સમાગમ તથા શ્રીહરિની આજ્ઞાથી સંતોની સેવામાં આસક્ત હોવાથી સેવામાં તેમને સર્વને વિષે સમભાવ હતો. તેથી સર્વને પીરસવારૂપી ક્રિયાની તેમની નિપુણતા જોઈને શ્રીહરિ આનંદ પામતા હતા.) (૧૧)

શ્યામ શરીરવાળા સ્વયંપ્રકાશાનંદ મુનિ તે સમયે ધ્યાનના અભ્યાસથી અનુક્રમ વિના પીરસતા હતા. (સ્વયંપ્રકાશાનંદ મુનિ સ્વભાવથી સંતોને જમાડવામાં શ્રીહરિની પ્રસન્નતારૂપ સેવામાં ઉત્સાહવાળા હોવાથી તે ક્રિયામાં પ્રવીણ હોવા છતાં પણ ધ્યાનપરાયણ હોવાથી વાનગીના ક્રમનો પીરસવામાં ફેરફાર થતો. પરંતુ તેથી પીરસવામાં નિપુણ નથી એમ ન જાણવું.) (૧૨)

તે સમયે કૃશશરીરવાળા (ભગવાનને પ્રસન્ન કરવા માટે તપશ્ચર્યાથી શરીર કૃષ થઈ ગયું છે જેમનું એવા) આત્માનંદ મુનિ જેઓ પીરસવાની ક્રિયામાં નિપુણ હોવાથી, તેમણે એક ક્ષણમાં જ વડાં પીરસી દીધાં. (૧૩)

તે સમયે મુકુંદાનંદ વગેરે વર્ણીઓ શ્રીહરિની પ્રીતિ માટે જલેબી, ખાજા વગેરે વાનગીઓ પીરસતા હતા. (૧૪) વિવિધ પ્રકારનાં પકવાન્નો તથા અનેક પ્રકારનાં શાક સર્વ મુનિઓના પત્રાવળાઓમાં એક બીજા સાથે મિશ્ર ન થાય તેવી રીતે પીરસેલા હતાં. (૧૫)

પછી શ્રીહરિએ સર્વેના પત્રાવળામાં બધી જ વસ્તુઓ પીરસાયેલી જોઈને પોતાનાં તમામ ભક્તોને પ્રીતિપૂર્વક જમવાની આજ્ઞા આપી. (૧૬) હે રાજન્ ! પછી શ્રીહરિની આજ્ઞાનુસાર નાના પ્રકારનાં ભોજ્ય પદાર્થોના સ્વાદનો વારંવાર હર્ષપૂર્વક પ્રશંસા કરતા સર્વ મુનિજનો જમતા હતા. (૧૭)

તે સમગ્ર ભક્ષ્ય ભોજ્યાદિ ભોજનને જમનારા મુનિઓને વાનગીઓ અનુક્રમ મુજબ મળતી હોવાથી તે તે વાનગીઓમાં રસાસ્વાદ વિશેષપણે જણાતો હતો. (૧૮) પોતાનાં પાત્રોમાં વારંવાર જલેબી, ઘેબર આદિ પદાર્થો પીરસનારા મુક્તાનંદ આદિ સાધુઓને જમનારાઓ હાથ હલાવી હલાવી ના પાડતા હતા. (૧૯)

પોતાનાં પાત્રોમાં પીરસનારાઓને ના કહેતા જમનારા મુનિઓ પાસેથી પાછા વળેલા સરળ બુદ્ધિવાળા સ્વયંપ્રકાશાનંદ, મહાનુભાવાનંદ આદિક સાધુઓને તે વખતે શ્રીહરિ હસતા હસતા આવી રીતે કહેતા હતા. (૨૦)

હે પીરસનારા મુનિઓ ! હાં, હાં, આવી રીતે જમનારાઓ કહે તો પણ ભોજન કરનારાઓના પાત્રમાં પીરસવું. હું, હું, એમ કહે તો પણ પીરસવું. હાથ હલાવે તો પણ આપવું. મસ્તક હલાવે તો પણ પીરસવું. પરંતુ સિંહની જેમ ગર્જના કરે ત્યારે આપવું નહીં. (૨૧)

આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી તે સ્વયંપ્રકાશાનંદ તથા મહાનુભાવાનંદ વગેરે પીરસનારા સંતો જમનારા સાધુઓના પાત્રોમાં તેઓ સિંહનાદ કરતા ત્યાં સુધી પ્રીતિથી મોતૈયા લાડુ પિરસતા હતા. (૨૨)

પછી સત્પુરુષોને પીરસવામાં ઉત્સાહવાળા સમગ્રજનોને એક દર્શનીય શ્રીહરિ તો મુનીંદ્રોને પીરસવા માટે તત્કાળ પીતાંબર કેડ્યમાં બાંધીને સંતોને આનંદ આપતા તૈયાર થતા હતા. (૨૩)

હે રાજન્ ! પકવાન્નોથી ભરેલાં પાત્રો જેમનાં હાથમાં છે તે મહાવેગવાળા બ્રાહ્મણો શ્રીહરિને મુનીંદ્રોને પીરસવામાં તત્પર જાણીને, પાછા પગલે ચાલીને ભગવાનની સમીપે તત્કાળ આવ્યા. (૨૪) ભગવાન શ્રીહરિ પોતાનાં બંને હાથ વડે સુંદર મોતીયા લાડુ પીરસનારાઓએ પોતાની સન્મુખ પકવાન્નોના પાત્રો પકડી રાખ્યા હતા. તેમાંથી લઈને સાધુઓની પંક્તિઓમાં ફરતા ફરતા મંદ હાસ્ય કરતા દરેકના પાત્રમાં બબ્બે લાડુ આદરપૂર્વક શ્રીહરિ પીરસતા હતા. પોતાનાં હાથે અર્પણ કરેલું પ્રસાદીનું અન્ન જમવાની સાધુઓની ઈચ્છા તે સમયે પૂર્ણ કરતા હતા. (૨૫)

શ્રી હરિ આ પ્રમાણે સમગ્ર સંતોને હર્ષપૂર્વક મોતીયા લાડુ પીરસીને ધીરેથી સુંદર જલેબી પુષ્કળ પ્રમાણમાં પીરસતા હતા. (૨૬)

અત્યંત શોભાયમાન પીરસવાના સમયે હાથની શીઘ્રતારૂપી લક્ષ્મીવાળા શ્રીહરિની ઉત્તમોત્તમ પીરસવાની ચતુરાઈ જોઈને પીરસનારા જનો અત્યંત આશ્ચર્ય પામી ગયા. (૨૭)

સાધુઓની પંક્તિઓમાં ફરતા અતિસુંદર પાદ વિન્યાસો જેમનાં છે એવા સત્પ્રિય શ્રીહરિ, શ્રેષ્ઠ ભક્ષ્ય ભોજ્યાદિ વાનગીઓ પીરસતા દર્શન કરનાર જનોનાં મન હરણ કરતા હતા. (૨૮)

મંદ હાસ્યયુક્ત મુખારવિંદથી અતિશોભાયમાન, દેદીપ્યમાન ચંચળ અને દીર્ઘનેત્રવાળા અને ઉત્તમખાદ્ય વસ્તુઓનાં નામો બોલતા શ્રીહરિ તે તે વસ્તુઓ પીરસતા હતા. (૨૯)

પીરસવાના ઉત્તમ લક્ષણોએ યુક્ત, જનોના નેત્રોરૂપી કમળોની પંક્તિઓથી જેમનાં સન્મુખ જાણે

તોરણોની શોભા કરાયેલી છે એવા, સર્વને પીરસતા શ્રીહરિને જોઈને જનો તૃપ્તિ પામતા ન હતા. (૩૦)

પીરસવાની અનુપમ ક્રિયામાં આસક્તિવાળા, શ્રીસહજાનંદના દર્શન કરનારા જનોના હૃદયમાં આનંદ સમાતો ન હતો તે આનંદ આંસુ દ્વારા સ્રવી જતો હતો. (૩૧)

પીરસવાની ઘણી સરળતા રૂપ સુંદરતા હોવાથી અને બધે ઠેકાણે વારંવાર દેખાવાથી અંતઃકરણમાં આશ્ચર્ય પામી આશ્ચર્યમૂર્તિ શ્રીહરિ જાણે ઘણા રૂપે થયા હોય ને શું ? એમ જનોને જણાતું હતું. (૩૨)

આ પ્રમાણે યથેચ્છિત સર્વ ઠેકાણે હર્ષથી પીરસીને શ્રીહરિ તેમને કહેતા હતા કે 'હે સંતો ! તમો ધીમે ધીમે ભોજન કરો.' પછી પોતાનાં હાથ તથા પગની શુદ્ધિ કરતા હતા. તેટલામાં અતિ ઉંચા સ્વરે બોલનારા, શ્રીહરિની સેવાપરાયણ, પીરસવાની ક્રિયામાં અતિચતુર, બુદ્ધિમાન, સમગ્ર ક્રિયા સંશોધનમાં ચતુર, નૈષ્ઠિક બ્રહ્મચારી મુકુંદાનંદ ઉતાવળી ગતિથી ચાલતા પોતાનાં હાથમાં ઘીની ભરેલી નવી ઝારી (વાઢી) લઈને હર્ષપૂર્વક આવ્યા. (૩૩-૩૪)

પછી વેગપૂર્વક ચાલતા, સાધુજનોમાં અત્યંત પ્રીતિવાળા, મુકુંદાનંદવર્ણી સાધુઓના દૂધપાક યુક્ત પાત્રોમાં જાડી ધારાથી પુષ્કળ ઘી પીરસતા પીરસતા પ્રિય શ્રીહરિને અત્યંત હસાવતા હતા. (૩૫)

અત્યંત સ્નેહવાળા અને શ્રીહરિનો હૃદગત અભિપ્રાય જાણનારા, ઉંચો હાથ જેમણે કર્યો છે એવા, વર્ણીરાજ મુકુંદાનંદ પકવાન્નોથી જેમનાં પાત્રો ભરેલા છે એવા સર્વે મુનિઓને તે વખતે ઉંચા સ્વરથી કહેવા લાગ્યા. (૩૬)

હે મહામુક્તો ! હે સંતો ! આ શ્રીહરિનો પ્રસાદ કોઈએ પણ પોતાનાં પાત્રમાં છાંડવો નહિ. આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા છે. (૩૭)

મુકુંદાનંદ વર્ણીએ આ પ્રમાણે કહ્યું તે યોગ્ય વચન સાંભળીને મંદહાસ્યવાળા, બોલવામાં ચતુર, બ્રહ્માનંદ મુનિ, વર્ણીએ ઉચ્ચારણ કરેલા વચનને માન આપતા તે વચન બે ત્રણ વાર બોલીને સાધુઓને સંભળાવતા પ્રીતિથી તેમને જમાડતા હતા. (૩૮)

તે સમયે સર્વ મુનિંદ્રો પરસ્પર જોતા ભક્તિપૂર્વક પોતાનાં હૃદયમાં શ્રીહરિને સંભારતા હતા અને ઈશ્વરની આજ્ઞાનો ભંગ થાય તેવા ભયથી શ્રેષ્ઠ ભોજનો ધીમે ધીમે જમી ગયા. (૩૯)

શ્રીહરિએ કઢી-ભાતમાં બ્રાહ્મણો પાસે ઘણું ઘી પીરસાવીને જમનારા સમગ્ર મુનિઓને આદરપૂર્વક અત્યંત તૃપ્તિ પમાડી. (૪૦)

આ પ્રમાણે સંતો જમીને તૃપ્ત થયા પછી કોગળા કરવાનું જળ હાથમાં લઈને મુખ તથા હાથની શુદ્ધિ કરી પછી શ્રીહરિએ સમગ્ર મુનીંદ્રોને પોતાનાં સ્થાનમાં જવાની આજ્ઞા આપી. (૪૧)

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ પોતાનાં સ્થાનમાં જવાની સંતોને આજ્ઞા આપી. છતાં પણ શ્રીહરિનાં

ચરણ કમળમાં આસક્ત તથા શ્રીહરિના દર્શન કરવામાં ઉત્કંઠાવાળા સંતો જ્યાં સુધી શ્રીહરિ બહાર પોતાનાં સુંદર આસનમાં બિરાજ્યા હતા ત્યાં સુધી અતિ પ્રેમાસ્પદ શ્રીહરિના દર્શન કરતા બેઠા. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાન પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિએ સાધુઓની પંક્તિમાં પરિવેષણ લીલા કરી તે નિરૂપણનો વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાનાં ક્ષત્રિયાદિ ભક્તોને જમાડવા માટે ઉત્તમ રાજાને પ્રેરણા કરી. ઉત્તમ રાજાએ પ્રીતિપૂર્વક ક્ષત્રિયોને તત્કાળ બોલાવ્યા. (૧) તેમને સૌને યથાયોગ્ય પંક્તિબદ્ધ બેસાડીને શ્રીહરિ હાથ, પગ, મુખ, ધોઈને જે બ્રાહ્મણો થાકી નહોતા ગયા તેમને પીરસવાની આજ્ઞા આપી. (૨) તે ક્ષત્રિય ભક્તોને ચતુર્વિધ પકવાન્ન તે બ્રાહ્મણો પીરસતા હતા. પછી તે સર્વે હર્ષપૂર્વક મુનીંદ્રોની માફક જમતા હતા. (૩)

હે રાજન્ ! હાસ્ય કરતા અને સર્વેને હસાવતા શ્રીહરિ જમનારાઓને પ્રેમથી વારંવાર વિવિધ ભોજનો અપાવતા હતા. (૪) પ્રભુ શ્રીહરિ ઉત્તમ રાજા વગેરે ક્ષત્રિયોને તૃપ્ત થયેલા જોઈને તેમને પોતાનાં હાથની પીરસેલી પ્રસાદી લેવાની ઈચ્છા જાણી. તત્કાળ પીરસવા માટે ઊભા થયા. (૫)

ઉંચા રત્નજડિત સિંહાસનમાં બિરાજેલા, જેમણે કેડ્યમાં પીતાંબર બાંધ્યું છે, ભમરાઓની પંક્તિના વિલાસથી શોભાયમાન, ચંચળ પુષ્પોના હારોની પંક્તિ જેમને શોભે છે એવા, ભક્તોના નેત્રોરૂપી કમળોથી કરી છે ઉંચા તોરણની પંક્તિ જેમણે એવા શ્રીહરિ, જમતા જનો મુખમાં ભોજનના ગ્રાસ સાથે અસ્પષ્ટ જય શબ્દો બોલતા હતા તેથી હસતા ત્યાં શોભતા હતા. (૬)

શ્રીહરિએ બોલાવેલા મુનિગણો પકવાન્નોથી ભરેલા મોટા પાત્રો હાથમાં લઈ પ્રસન્ન થયેલા અને પાછે પગે ઉતાવળા ચાલવામાં ચતુર ત્યાં આવીને શ્રીહરિની આગળ ઊભા રહેતા હતા. (૭)

શીઘ્ર ગમનવાળા તે મુનિઓને, બંને હાથમાં ઉંચા રાખેલા પાત્રમાંથી શીઘ્ર ગતિવાળા શ્રીહરિ પોતાનાં બંને હાથ વડે તત્કાળ છ અથવા સાત જલેબીના ગુંચળા લઈ પ્રેમથી ભોજન કરનારા ભક્તોના પાત્રોમાં અર્પણ કરતા પોતાનાં સર્વે ભક્તોને પીરસતા હતા. (૮)

પાત્રોમાં ખાવાના પદાર્થો હોવા છતાં પણ ઉંચા હાથથી પોતાનાં ભક્તોએ (પ્રસાદી ગ્રહણ કરવાના મહિમાથી) ''મને આપો'' આ પ્રકારે શ્રીહરિને પ્રાર્થના કરતા, તેથી મધુર હાસ્યથી શોભાયમાન મુખકમળવાળા શ્રીહરિ, તેમની પંક્તિઓમાં ફરતા, તેમજ પીરસતા, તેમને આનંદ આપતા હતા. (૯) શ્રીહરિ આવી રીતે સર્વ ઠેકાણે જલેબી પીરસીને બરફી, ખાજા વગેરે વારંવાર પીરસતા હતા. (૧૦)

હે સોમવર્મન ! આ રમણીય પેંડા લ્યો; હે અલૈયા ! તમો આ જલેબી લ્યો, હે જીવવર્મન! તમો સુખેથી ખાવા યોગ્ય ખાજા જમો. (૧૧) હે નાંગમાલ ! તમો જલેબી લ્યો, હે ગાલવ ! તમે પણ જલેબી લ્યો. હે વીર ! તમો મોતૈયા લાડુ લ્યો, હે રત્નજીત ! તમો બરફી જમો. (૧૨)

તૃપ્તિ પામેલા સૂરા ભક્ત પરાણે પરાણે મુખના ઉચ્છવાસ સાથે જલેબી જમતા અને જલેબી આપતા શ્રીહરિને હે હરે ! પેટ ફાટી જશે એમ કહેતા હતા. (હું તૃપ્તિ પામેલો છું આ પાત્રમાં પડેલી જલેબી પણ ખાઈ શકીશ નહિ માટે આપશો નહિ છતાં જો પરાણે આપશો તો આપની પ્રસાદીના માહાત્મ્યથી તે ખાઈ જઈશ પરંતુ ઉદર ફાટી જશે.) (૧૩)

પછી શ્રીહરિએ સૂરા ભક્ત પ્રત્યે આ પ્રમાણે કહ્યું, હે સૂરા ભક્ત ! તમારે ચિંતા કરવી નહિ. પ્રસાદી અન્ન જમનારાઓએ પોતાનાં પેટને પોતાનું માનવું નહિ. (ભગવત્ પ્રસાદરૂપ અન્ન ત્રણ દેહથી જૂદું પોતાનું આત્માનું સ્વરૂપ જાણનારાઓને-દેહ પોતાનું નથી-જમવાથી તેમને પેટ ફાટી જવાની ભીતિ નથી.) (૧૪)

તે સમયે નીચું મૂખ રાખીને કેવળ હાથ હલાવવા વડે નિષેધ કરતા નાજા ભક્તને જોઈને શ્રીહરિએ તેમનાં પાત્રમાં બંને હાથ વડે પાંચ જલેબી નાંખી. (૧૫) તો પણ કાંઈ ન બોલતા નાજાભક્તને જોઈને શ્રીહરિએ હસતા હસતા ફરીથી ત્રણ જલેબી તેના પાત્રમાં મૂકી તે વખતે નાજા ભક્ત ઊંચી દ્રષ્ટિ કરીને સિંહ ગર્જના કરતા હતા. (૧૬)

હે સોમવર્મન ! તમો વૃદ્ધ છો તેથી જો ભોજન નહિ જમો તો તમારી સમીપે બેઠેલા યુવાન ઉત્તમ રાજા શરમથી જમી શકશે નહિ. એમ કહીને શ્રીહરિએ તેમને સુંદર સાટા આપ્યા. (૧૭-૧૮)

છેટેથી જ ખોટી સિંહગર્જના કરનારા દાંત વગરના મુખવાળા વૃદ્ધ માંત્રિક ભક્તને જોઈને (આ ખોટી સિંહ ગર્જના કરે છે એમ જાણીને) શ્રીહરિએ હસતાં હસતાં તેમનું કાંસાનું મોટું વાસણ દૂધપાક અને ઘીથી ભરી દીધું. તે સમયે માંત્રિક ભક્ત ઉંચા સ્વરથી ગર્જના કરવા લાગ્યા. (૧૯-૨૦)

પછી ચાર લાડુ જેમણે બે હાથમાં પકડ્યા છે તે શ્રીહરિએ, બીજી પંક્તિમાં ચાલતા અને હસતા શાક વગેરે જમીને ખાલી કરેલા હમીરજીતના પાત્રમાં પોતાનાં હાથમાં લીધેલા લાડુ મૂક્યા. પછી બીજા ચાર લાડુ લીધા, હાથથી નિષેધ કરતા શરમાતા હમીરજીતને ફરીથી શ્રીહરિએ ચાર લાડુ પીરસ્યા અને પછી તેણે સિંહનાદ કર્યો (પહેલા ચાર લાડુ ચાર પુરુષાર્થના આપ્યા. બીજા ચાર લાડુ ચાર પ્રકારની મુક્તિના આપ્યા. તદુપરાંત સર્વથકી અધિક સેવામુક્તિ તો પોતાને જે પ્રાપ્તિ થઈ તે હતી. આ નવથી અધિક કાંઈ નહિ હોવાથી સિંહનાદ કરાવ્યો એવું તાત્પર્ય છે.) (૨૧-૨૨)

ધીમે ધીમે પાપડ ચાવતા વૃદ્ધ વેરીભાઈને જોઈને, આ તમારે યોગ્ય છે એમ કહીને શ્રીહરિએ તેમને બરફી આપી. (૨૩)

દૂરથી આવતા શ્રીહરિને જોઈને પોતાનું મસ્તક હલાવી ઉપર ઉપરથી નિષેધ કરતા ભીમા ભકતને શ્રીહરિ હસતા હસતા કહેતા હતા. હે પાર્ષદ ! વૃક નામનો અગ્નિ જેનાં ઉદરમાં છે એવા તમારે આ ભોજન શું હિસાબમાં ? એમ કહીને શ્રીહરિએ ભીમા ભગતને સાત લાડુ પીરસ્યા. (૨૪-૨૫)

ભોજનની ઈચ્છા છતાં પણ શરમથી ઉપરથી ના કહેતા પોતાનાં પાર્ષદ ભગુજીને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું. હે ભગુજી ! સર્વ ઠેકાણે લાજ રાખવી. પરંતુ ભોજનમાં તો સર્વ પ્રકારે લાજ ત્યાગ કરવી. એમ કહીને શ્રીહરિએ તેમને બે જલેબી આપી. (૨૬-૨૭) તો પણ તેમણે ઉંચે જોયું નહિ. તેથી શ્રીહરિએ ફરીથી તેમને બે સાટા પીરસ્યા. પછી તેમણે ઉંચુ જોયું તેથી શ્રીહરિ ત્યાંથી તત્કાળ પાછા ફર્યા. (૨૮)

શ્રીહરિ પાછા ફર્યા એટલે નાજા ભક્તે શ્રીહરિને કહ્યું હે હરે ! મારું નામ અન્વર્થ કરવા જાવ છો કે શું ? શ્રીહરિએ તેનું વચન સાંભળીને તેને જલેબી આપી. (૨૯)

શ્રીહરિનાં પ્રસાદનું માહાત્મ્ય જાણનારા જમનારાઓ તે વખતે સર્વે વિસ્મય પામતા કંઠ પર્યંત ભોજન કરતા હતા. (૩૦)

આ પ્રકારે શ્રીહરિ હર્ષપૂર્વક સમગ્ર પાર્ષદ ભક્તોને સુખ આપતા વારંવાર તેમને યથેષ્ટ ભોજન પીરસતા હતા. (૩૧) જે વખતે શ્રીહરિ પીરસતા હતા તે વખતે ઘણા નિપુણ સંતો પકવાન્નોથી ભરેલા પાત્રો લઈને શ્રીહરિની સમીપે આવ્યા. (૩૨) શ્રીહરિની આગળ પકવાન્નથી ભરેલા પાત્રો ખાલી થતા ત્યારે બીજા સંતો તત્કાળ જ શ્રીહરિની આગળ ભરેલા પાત્રો લઈ આવતા. (૩૩)

શ્રીહરિની પાછળ પંખો નાંખતા નાંખતા ચાલતા બ્રહ્માનંદ મુનિ ભોજન કરતા ક્ષત્રિયોને હે રાજાઓ ! સાક્ષાત્ ભગવાનના હસ્તકમળના સ્પર્શવાળી પ્રસાદીની પ્રાપ્તિ તો તમારા વિના બીજાઓને દુર્લભ છે, એમ કહેતા હતા. (૩૪) હે રાજાઓ ! પંડિતોએ દેહને તો અનિત્ય જ જાણવો. આત્મા જ નિત્ય છે એમ જાણવું. માટે આત્માના મરણના ભયથી રહિત તમારે દેહનો અનાદર કરીને ભોજન કરવું. (૩૫)

બ્રહ્માનંદ મુનિએ આ પ્રમાણે કહ્યું તેથી જમનારાઓ હસવા લાગ્યા. શ્રીહરિ પણ હસતા હસતા સર્વ ઠેકાણે પાત્રો ભરાઈ જાય તેવા પકવાન્નો પીરસતા હતા. (૩૬)

શ્રીહરિ આ પ્રમાણે મંદહાસ્ય કરતા સર્વને યથેચ્છિત પીરસીને હાથ તથા પગ ધોઈને હર્ષપૂર્વક પોતાને આસને બિરાજ્યા. (૩૭) શ્રમથી પરસેવાના બિંદુઓની પંક્તિથી શ્રીહરિનું લલાટ, ઝાકળના બિંદુઓની પંક્તિથી પ્રફુલ્લિત નીલકમળ જેમ શોભે, તેમ શોભતું હતું. (૩૮) શ્રીહરિએ અતિતૃપ્ત થયેલા અને કરી છે શુદ્ધિ જેમણે એવા સર્વજનોને પોત પોતાનાં નિવાસમાં જવા માટે આજ્ઞા આપી. તેથી સમગ્ર જનો પોતાનાં નિવાસમાં ગયા. (૩૯)

શ્રીહરિએ પીરસનારા સમગ્રને જમવાની આજ્ઞા આપી. જયા વગેરે સ્ત્રીઓને પણ આજ્ઞા આપી. પછી શ્રીહરિ પોતાની આગળ તથા પાછળ પાર્ષદ ગણોની સાથે અત્યંત આનંદયુક્ત પોતાને ઉતારે પધાર્યા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિએ પાર્ષદોને પીરસવાની લીલા કરી તે નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિની સમીપે આવ્યા. પછી બંને હાથ જોડીને શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

હે સ્વામિન્ ! વર્ણીઓ પંક્તિબદ્ધ જમવા માટે બેઠા છે અને આપના હાથનો પ્રસાદ લેવા માટે રાહ જુએ છે. (૨) તેથી આપ તેમનો સંકલ્પ પૂરો કરો. તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ મુકુંદાનંદ વર્ણીની સાથે પાકશાળામાં પધાર્યા. (૩)

પંક્તિમાં બેઠેલા વર્ણીઓએ, શ્રીહરિને દૂરથી આવતા જોઈને તત્કાળ ઊભા થઈને આનંદથી પોતાનાં ઈષ્ટદેવને નમસ્કાર કર્યા. (૪) પછી ભગવાન શ્રીહરિએ હસતા હસતા બરફી, પેંડા ગુંદરપાક આદિક પાકો વર્ણીઓને પીરસ્યા. (૫) દૂધની કરેલી જલેબી વગેરે અનેક પ્રકારનાં પકવાન્નો શ્રીહરિએ વર્ણીઓને પીરસ્યા. (૬)

તેટલામાં શ્રીહરિનાં મોટાભાઈ શ્રીહરિને ભોજન માટે બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ વર્ણીઓને જમવાની આજ્ઞા આપીને મોટાભાઈની સાથે તેમને ઘેર પધાર્યા. (૭) પછી બ્રહ્મચારીઓએ હર્ષપૂર્વક દાળ, શાક વગેરે પીરસ્યા. તેથી શ્રીહરિને સંભારતા સર્વે જમતા હતા. (૮)

પછી અયોધ્યાપ્રસાદ સ્નાન કરવા યોગ્ય બાજોઠ ઉપર શ્રીહરિને સુગંધિમાન તેલ અત્તર વગેરે ચોળીને ઉનાજળથી પ્રીતિપૂર્વક સ્નાન કરાવતા હતા. (૯) શ્રીહરિ અયોધ્યાપ્રસાદજીએ અર્પણ કરેલું પીતાંબર ધારણ કરી, બીજું તેવું જ પીતાંબર ઓઢીને, ચરણકમળમાં પાદુકાઓ ધારણ કરીને હર્ષપૂર્વક ભોજન સ્થાનમાં પધાર્યા. (૧૦) પછી શ્રીહરિ ઠાકુરરામે મૂકેલા સુંદર આસન ઉપર પોતાનાં ભક્તોના મન પોતાનાં સ્વરૂપમાં આકર્ષણ કરતા બિરાજમાન થયા. (૧૧)

પછી નંદરામે જળથી ભરેલા પ્યાલા સાથે સોનાનો લોટો શ્રીહરિનાં બાજોઠની સમીપે હર્ષથી મૂક્યો. (૧૨) શ્રીહરિનાં બંને ભાઈઓ સ્નાન કરીને, પીતાંબરો ધારણ કરી જમવા માટે શ્રીહરિનાં બંને પડખે યથાયોગ્ય બેઠા હતા. (૧૩)

પછી નંદુરામે શ્રીહરિની આગળ સોનાનો મોટો થાળ લાવીને નાના બાજોઠ ઉપર મૂક્યો. (૧૪) બુદ્ધિમાન નંદરામે શ્રીહરિનાં ભોજન પાત્રમાં તત્કાળ સુંદર ચાંદીની વાડકીઓ વગેરે પાત્રો યથાયોગ્ય પ્રીતિપૂર્વક મૂક્યાં. (૧૫) પછી નંદરામ હર્ષ પામતા શ્રીહરિનાં થાળમાં મોતૈયા લાડુ, બરફી, પેંડા, સુંદર જલેબી પીરસતા હતા. (૧૬)

નંદરામ આદરપૂર્વક ખાજા વગેરે પકવાન્નો તથા દૂધપાક વગેરે લેહ્ય પદાર્થો ઘણા વ્યંજનો (શાક) નાના પ્રકારનાં અથાણાં, રાયતાં, સુંદર પાપડો તેમજ ચણા, વાલ, વટાણા વગેરે સારી રીતે પીરસતા હતા. (૧૭-૧૮) નંદરામ નાના પ્રકારનાં ભજિયાં, ઉનું કરેલું સાકરે યુક્ત દૂધ, સાકર સહિત દહીં, શ્રેષ્ઠ કઢી તેમજ સુંદર ભાત, દાળ, માલપુવા, ખારાપૂડા તથા વડા વગેરે વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનો અત્યંત પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૧૯-૨૦) પછી બુદ્ધિમાન નંદરામ રામપ્રતાપ વગેરેના પાત્રોમાં નાના પ્રકારનાં રમણીય પકવાન્નો પીરસતા હતા.(૨૧)

પછી મનુષ્ય નાટ્ય શોભાડતા શ્રીહરિ અપોશન વિધિ (જળથી આચમન કરીને) કરીને પોતાનાં ભાઈઓની સાથે પ્રીતિપૂર્વક ભોજન કરતા હતા. (૨૨) હે રાજન્ ! શ્રીહરિ બરફી, પેંડા, કોમળ જલેબી, સાટા વગેરે નાના પ્રકારનાં પકવાન્નો જમતા હતા. (૨૩) વળી શ્રીહરિ પૂરીઓ, દૂધપાક, શાક, પાપડ, દાળ, ફૂલવડી, કઢી તથા અથાણાં, ભજિયાં, રાયતાં વગેરે ભોજનો તથા દહીંથરા ભક્તોના આનંદ માટે જમતા હતા. (૨૪-૨૫)

વિવિધ પ્રકારનાં ભોજનો જમતા જમતા વારંવાર પાણી પીતા શ્રીહરિ પોતાનો આ સુંદર ડાબો હાથ ઉદર ઉપર ફેરવતા હતા. (૨૬) પછી પ્રભુ કઢી સાથે તેમજ દાળ સાથે ભાત જમતા હતા. સાકર સહિત દહીં, તેમજ સાકરયુક્ત દૂધ સાથે શ્રીહરિ ભાત જમતા હતા. (૨૭) તૃપ્ત થયેલા શ્રીહરિએ હાથ તથા મુખનું પ્રક્ષાલન કર્યું. તૃપ્તિ પામેલા તેમનાં ભાઈઓ પણ હાથ તથા મુખ ધોતા હતા. (૨૮)

પછી શ્રીહરિ, રામપ્રતાપે આપેલો સુંદર મુખવાસ, પોતાનાં હાથે લઈ જમતા હતા. (૨૯) રામપ્રતાપ વગેરે પણ હર્ષપૂર્વક મુખવાસ જમતા હતા. પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદોની સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૦)

રામપ્રતાપનાં સ્ત્રી સુવાસિનીએ જયા તથા લલિતા વગેરેને જમવા માટે શ્રીહરિની પ્રસાદીભૂત ભોજનોવાળો થાળ મોકલ્યો. (૩૧) લલિતાએ પુરની સ્ત્રીઓ તથા ગઢપુરમાં શ્રીહરિનાં દર્શન માટે આવેલી બીજી સર્વે સ્ત્રીઓને પણ તે મહોત્સવમાં પ્રીતિપૂર્વક જમાડી. (૩૨) લલિતાએ દેશાંતરથી આવેલા જનોને તથા સર્વે અન્નાર્થિઓને તે સમયે યથોચિત હર્ષથી અન્ન આપ્યું. (૩૩)

તે સમયે ઉત્તમ રાજાના ભવનમાં 'આપો-આપો' આ પ્રકારનોં તથા 'લ્યો-લ્યો' આ પ્રકારનોં એક શબ્દ અખંડ સંભળાતો હતો. (૩૪) લલિતા ભગવાનના પ્રસાદીભૂત અન્ન સર્વે જનોને હર્ષથી યથાયોગ્ય વહેંચીને આપતાં હતાં. (૩૫) સાયંકાળ પર્યંત સર્વને અન્ન આપવા છતાં પણ અન્ન ખૂટ્યું નહિ. તેથી વિસ્મય પામતા લલિતા શ્રીહરિનો પરમ પ્રતાપ જાણતા હતાં. (૩૬)

આ પ્રમાણે અન્નકૂટનો મહોત્સવ, જેમનોં પ્રતાપ ઘણો વિસ્તારાયેલો છે એવા ધર્મપુત્ર શ્રીહરિ કરાવતા હતા. હે રાજન્ ! જે ઉત્સવના વિધાનથી ઉત્તમ રાજાની થયેલી શુદ્ધ કીર્તિ જે પૃથ્વી ઉપર બીજા રાજાઓને કદી પ્રાપ્ત ન થઈ હોવાથી ખરેખર દુષ્પ્રાપ્ય હતી. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં શ્રીહરિકૃત ભોજનલીલા વર્ણન નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ઉત્તમ રાજા યમદ્વિતીયાને દિવસે પુષ્કળ ઘી તથા સાકરયુક્ત દૂધપાક તથા પુરીઓ વગેરે ભોજનથી સર્વ ત્યાગીઓને જમાડતા હતા. (૧) યમ દ્વિતીયાની રાત્રીએ સભામાં બેઠેલા ભક્તો તથા સાધુઓને આજ્ઞા આપવા માટે ઈચ્છતા (હરિભક્તોને પોત પોતાનાં દેશમાં જવા માટે તથા સાધુઓને જીવોનું કલ્યાણ કરવા માટે પૃથ્વીમાં ફરવા માટે) શ્રીહરિને ઉત્તમ રાજા નમ્રતા પૂર્વક આવી રીતે કહેવા લાગ્યા. (૨)

હે સ્વામિન્ ! હે દયાસિંધો ! અન્નકૂટના ઉત્સવમાં સર્વ પ્રકારે લલિતાનો તો સમગ્ર મનોરથ આપે પૂર્ણ કર્યો. (૩) હે સ્વાશ્રિતોની પીડા હરનારા ! જેમ લલિતાનો મનોરથ પૂર્ણ કર્યો તેવી રીતે સમીપમાં આવતો પ્રબોધિનીનો ઉત્સવ ઉજવી જયા ને પણ સંતોષ પમાડવો. (૪) હે પ્રભો! મુનિઓ તથા ગૃહસ્થો પૂર્ણિમા સુધી સુખપૂર્વક અહીં રહે. આ પ્રમાણે હું પ્રાર્થના કરું છું. (૫) બ્રાહ્મણો વગેરે પહેલાંની માફક મારા ઘેરથી અન્નાદિ લઈ જાય. હે હરે ! હું તો નિમિત્ત માત્ર જ છું. કર્તા કરાવનારા તો આપ જ છો. (૬)

દૂર રહેલાં જયાને જોઈને મંદહાસ્યયુક્ત મુખારવિંદ જેમનું છે એવા શ્રીહરિ ઉત્તમ રાજાનું આ વચન સાંભળીને 'તથાઽસ્તુ' જેમ તમો કહો છો તે પ્રમાણે થશે એમ પ્રીતિ પૂર્વક બોલ્યા. (૭)

પછી ઉત્તમ રાજાએ, જયાની સમીપે જઈને ભગવાને કહેલું વચન કહ્યું. શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલાં જયા પણ લલિતાની માફક સામગ્રીઓ મંગાવવા લાગ્યાં. (૮)

તે ઉત્સવમાં સમગ્ર સાધુઓ તથા અન્ય દેશોમાંથી આવેલા ભક્તોને શ્રીહરિએ કહ્યું. હે સંતો! હે ભક્તો ! તમો સર્વે પૂર્ણિમા સુધી અહીં રહો. (૯) હે ભક્તો ! તમારામાં જે કાચું સીધુ લેનારા બ્રાહ્મણો હોય તેમણે પહેલાંની માફક જ રાજાના મોદીને ત્યાંથી લઈ આવવું. (૧૦) હે ભક્તો ! જે જનો તૈયાર રસોઈ જમનારા હોય તે સર્વ જનોએ દરરોજ સમય સમય પ્રમાણે રાજાના ભુવનમાં જમવું. (૧૧)

આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી બ્રાહ્મણો તથા ભિક્ષુક જનો તથા અન્ય જનો, જેમનોં રાજાએ સત્કાર કર્યો છે તે, ગઢપુરમાં સુખપૂર્વક રહ્યા. (૧૨) ઉત્તમ રાજા હંમેશા ઘણા ઘી સાકર યુક્ત ભોજન શ્રદ્ધાપૂર્વક યથેષ્ટ જમાડતા હતા. (૧૩)

સ્વયં શ્રીહરિ પણ ઉત્તમ નૃપતિની સંભાવના કરતાં વિવિધ પ્રકારનાં ભોજનો રાજાના ભુવનમાં હર્ષપૂર્વક જયા પાસે કરાવતા હતા. (૧૪) હંમેશા આદરપૂર્વક માનરહિત થઈ પૂર્વની માફક રમા, લલિતા

વગેરે સ્ત્રીઓ રસોઈ કરતી હતી. (૧૫) શ્રીહરિમાં પરાભક્તિવાળા જયા પણ લલિતાની માફક તૃતીયાથી આરંભીને મહોત્સવમાં સેવા કરતા હતા. (૧૬)

બ્રાહ્મણોમાં મુખ્ય પ્રભાશંકર વગેરે તથા ગંગા વગેરે બ્રાહ્મણ સ્ત્રીઓ પૂર્વની માફક આદરપૂર્વક પકવાનો કરતી હતી. (૧૭)

જેમણે કેડ્ય બાંધી છે એવા શ્રીહરિ ઉત્તમ રાજાના ભુવનમાં પાક કરાવતા પોતે લલિતાની માફક જયાને આનંદ આપતા, હંમેશા સભામાં પોતાનાં ભક્તોને નિઃસંશય કરતા, વિવિધ પ્રકારનાં પ્રશ્નોત્તર કરાવી આનંદ આપતા, રાજાના ભુવનમાં કે કોઈ દિવસે મહાસભામાં તત્ત્વે સહિત સત્સંગ તથા કુસંગનાં રૂપો સ્ફુટ કરતા હતા. (૧૮-૧૯-૨૦) કોઈ કોઈ દિવસ સભામાં સાચા સાધુઓનાં લક્ષણો જેમાં હોય એવા સાધુઓનો પોતાનાં સદ્ધર્મનું રક્ષણ કરવામાં સાધનભૂત થાય તે માટે સમાગમ કરવો એમ પણ શ્રીહરિ કહેતા હતા. (૨૧)

ધર્મનંદન શ્રીહરિ કોઈ દિવસે સભામાં ત્યાગીઓ તથા ગૃહસ્થો સમક્ષ સ્પર્શાસ્પર્શ વિવેકનું પણ નિરૂપણ કરતા હતા. (૨૨) શ્રીહરિ કોઈ દિવસ સભામાં સત્ તથા અસત્ દેશકાળાદિકના લક્ષણો વિસ્તારથી કહેતા હતા. (૨૩) સત્ અને અસત્ દેશકાળાદિકનું સેવા કરનારા મનુષ્યોને આ લોકમાં અનુક્રમે ધર્મ અને અધર્મની વૃદ્ધિ થાય છે, તે પણ સ્પષ્ટપણે કહેતા હતા. (૨૪) હિતકારી શ્રીહરિ કોઈ દિવસ અષ્ટાંગ બ્રહ્મચર્યની સિદ્ધિ માટેના સાધનો ત્યાગીઓને કહેતા હતા.

(૨૫) અતિ ઉત્સાહવાળા શ્રીહરિ કોઈ દિવસ પોતાનાં મુનિઓ અને ત્યાગીઓને આન્હિક વિધિ યથા શાસ્ત્ર પ્રમાણે સ્પષ્ટપણે સભામાં કહેતા હતા. (૨૬) કોઈ દિવસે સ્વયં શ્રીહરિ સભામાં પોતાનું સગુણપણું અને નિર્ગુણપણું યથાશાસ્ત્ર પ્રમાણે સ્પષ્ટપણે કહેતા હતા તથા પોતાનું કર્તા-અકર્તાપિણું જેમ હોય તેમ સ્પષ્ટ કહેતા, તેમજ પોતાની દિવ્યાકૃતિ તથા મનુષ્યાકૃતિ એ બંનેનું અભેદપણું પણ સ્પષ્ટપણે કહેતા હતા. (૨૮-૨૯) કોઈ દિવસ શ્રીહરિ સભામાં પોતાનાં નામમંત્રનો જપવિધિ યથાશાસ્ત્ર પ્રમાણે વિસ્તારપૂર્વક કહેતા હતા. (૩૦)

પ્રભુ શ્રીહરિ દશમીને દિવસે સંધ્યા આરતી પછી સભામાં પોતાનાં આસન ઉપર બિરાજીને પોતાનાં ભક્તોને એકાદશીનું માહાત્મ્ય કહેતા હતા. (૩૧) સર્વવિત્ ભગવાન શ્રીહરિએ એકાદશી વ્રતનો સર્વ વિધિ તથા તેની ઉત્પત્તિ યથાશાસ્ત્ર પ્રમાણે સ્પષ્ટપણે કહી. આ વાર્તા સત્સંગિજીવન ગ્રંથમાં વિસ્તારે સહિત કહી છે. માટે આ ગ્રંથમાં શ્રીહરિએ સંક્ષિપ્તથી કહી. (૩૨-૩૩) હે રાજન્! પછી મનઃપ્રિય શ્રીહરિ એકાદશીની રાત્રીએ જાગરણ કરી, પોતાનાં મુનિજનો તથા અન્ય ભક્તો સુંદર પદો ગાતા પોતાનાં નેત્રો શ્રીહરિનાં મુખકમળમાં સ્થિર કર્યા હતા તે સર્વને આનંદ આપતા હતા. પછી રાત્રીના ત્રીજા પ્રહરમાં સિંહાસન ઉપરથી એકદમ ઉતરીને શ્રીહરિ જયાની પાકશાળામાં પધાર્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં પ્રબોધિની ઉત્સવ શ્રીહરિએ કર્યો એ નિરૂપણ નામે ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભક્તિપરાયણ રમા વગેરે સ્ત્રીઓ તથા કંદોઈ પ્રભાશંકર વગેરે વિવિધ પ્રકારનાં પાકો કરીને ક્ષણવાર બેઠા હતા, તેટલામાં પોતાને અતિપ્રિય શ્રીહરિને દૂરથી આવતા જોઈને, સ્ત્રીઓ તત્કાળ ઊભી થઈ. પછી શ્રીહરિને નમસ્કાર કરીને તેમને શ્રેષ્ઠ આસન બેસવા માટે આપ્યું. (૧-૨)

તે શ્રેષ્ઠ આસન ઉપર બિરાજીને પોતાની આગળ મૂકેલો જલેબીનો પર્વત શ્રીહરિ જોવા લાગ્યા. તેની પડખે બંને બાજુએ ધોળાં ખાજાના ઢગલા પણ જોવા લાગ્યા. (૩) પાક જોતા જોતા અન્નકૂટના ઉત્સવમાં કરેલી પાકની બમણી સામગ્રી બતાવીને લલિતાએ શ્રીહરિને આ પ્રકારે સુંદર વાક્ય કહ્યું. હે સ્વામીન્ ! આટલો પાક પરિપૂર્ણ થશે કે નહીં ? (૪) હે સત્પતે ! આ રસોઇ જો ઓછી જણાતી હોય તો અમો બીજો પાક તૈયાર કરીએ. માટે પ્રથમથી જ આપ અમને કહો. આ પ્રકારનું લલિતાનું વચન સાંભળીને શ્રીહરિ હસતાં હસતાં લલિતાને આમ કહેતા હતા. (૫)

હે મહાપ્રાજ્ઞે ! રાજકન્યે ! જો હું ન પીરસું તો પંક્તિમાં બેઠેલા સર્વે મુનીંદ્રોને પરાણે તમો સર્વે તપસ્વિનીઓના પુણ્યથી પાક ફક્ત એકવાર પૂરો થાય. (૬-૭)

તેથી મંદહાસ્ય કરતી અમલાએ શ્રીહરિએ કહ્યું, હે પ્રભો ! આ ભોજન ફક્ત દ્વાદશી માટે નથી પરંતુ પાંચ દિવસ સુધી પહોંચે તેટલું કરેલું છે. (૮) હે દયાનિધે ! જ્યાં સુધી આ પકવાન્નના ઢગલામાં પ્રશસ્ત તપવાળા આપનો સ્પર્શ નથી થયો ત્યાં સુધી તો આ પાક અપૂર્ણ છે. (આપના હાથના સ્પર્શ થયા પછી આ પાક અપૂર્ણ છે તેવી શંકા રહેતી નથી.) (૯) હે હરે ! બ્રહ્માંડના પોષણ કરનારા ભૂમા, અવતારી, આપના કર સ્પર્શનું ફળ હું જાણું છું. તેથી પાક સૌને સંપૂર્ણપણે પહોંચશે તેમાં મને શંકા નથી. (૧૦) અમલાએ આ પ્રકારે હાસ્ય વિનોદ કરતાં કહ્યું ને પોતાનું મસ્તક હલાવતાં શ્રીહરિને ચિંતાતુર થયેલા જોઈ, સહન ન કરી શકવાથી મહાતપસ્વિની રમા શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ઓરડામાં મૂકેલા ઘણા પકવાન્નો બતાવતા હતા. (૧૧)

શ્રીહરિએ તે ઓરડામાં પાકમાં નિપુણ શાલિની તથા ગંગાને જોયા તેમજ રામા, રેવા, યમુના, વગેરેને પણ જોયા. પછી તેઓએ બનાવેલા પકવાન્નો જોયા. દયામૃતથી કોમળ નેત્રવાળા શ્રીહરિ તૈયાર થયેલો પાક, તેમજ ગંગા વગેરે સ્ત્રીઓ, બીજા ઉત્તમ પ્રકારનાં પકવાન્નો કરતા હતા તે તમામ હર્ષપૂર્વક જોતા હતા. (૧૨-૧૩)

મોતૈયા લાડુના ઢગલા તથા ગોળફુલેલી પુરીઓના મોટા ઢગલા જોઈ આશ્ચર્યપૂર્વક આ ઉભય વાનગીઓ જોતા શ્રીહરિને, બંને જાણે સરખા-તુલ્ય હોય-મોતૈયા લાડુના બે ઢગલા છે કે પુરીઓના બે ઢગલા છે. એ પ્રકારની ભ્રાન્તિ થઈ. પરંતુ પીળા તથા ધોળા વર્ણથી સમજાયું કે આ પીળા વર્ણવાળા મોતૈયા લાડુ છે ને આ ધોળા વર્ણવાળી પુરીઓ છે એવી રીતે ભ્રાન્તિ નષ્ટ થઈ ગઈ. (૧૪-૧૫)

સુંદર ઘી સાકરવાળા ગોળ ચુરમાના લાડુઓ શ્રીહરિ જોતા હતા તથા બેવાર ચાસણી પાયેલી

હોવાથી ઉજ્જવળ વર્ણવાળા દશ પ્રકારનાં ઠોર તે પાકશાળામાં શ્રીહરિએ જોયા. (૧૬)

મોટી ચૂલમાં મોટું કઢાયું મૂકીને હાથમાં પકડેલા તવેથા વડે ઉતાવળથી શીરો હલાવતાં રામા તથા યમુનાને શ્રીહરિએ રસોડામાં જોયા. પ્રભુ શ્રીહરિએ રસોડામાં ફુલવડી તૈયાર કર્યા પછી પુડલા કરતાં નાથીને જોઈ. (૧૭-૧૮) પ્રિયદર્શનવાળા શ્રીહરિએ ફૂલેલા ભજિયાં કરીને મેનાને સુતરફેણી કરતાં જોઈ, વિવિધ પ્રકારનાં વ્યંજનો કરતી અમરીને શ્રીહરિ જોતા હતા. તેમજ માંડા કરીને સાટા કરનારી ગુલાલને જોતા હતા. પોતાની દાસીઓ પાસે વારંવાર દૂધના ઘડાઓ મંગાવતા અને દૂધપાક કરાવતી ઉત્તમ રાજાની બંને સ્ત્રીઓ - કુમદા તથા જૂહુને શ્રીહરિ જોતા હતા. (૧૯-૨૧)

પછી ઘુઘરા, દહીંથરા, ગાંઠિયા વગેરે ખાદ્ય પદાર્થોના સમુદાયની પાસે આવીને ત્યાં બેઠેલા હસતાં અમૃતાને જોઈને શ્રીહરિ તેમણે કરેલી આ વાનગીઓની ગોઠવણ આ કરે છે એમ જાણતા હતા. (૨૨) પ્રવીણ કંદોઈ દ્વિજોએ કરેલી ઉત્તમ બરફી, પેંડા વગેરેને રમાની પાસે લાવતી પાંચાળિકા તથા તેમની બહેન નાનીને શ્રીહરિએ જોઈ. (૨૩)

શ્રીહરિ પાકક્રિયામાં પ્રીતિવાળી જીવા, યતિની, ઊમા, કુમારી, લાડુ, સુખા વગેરે સ્ત્રીઓને જોતા હતા. (૨૪) શ્રીહરિએ પોતાને પ્રસન્ન કરવાના મનવાળી વિવિધ પ્રકારની પાકક્રિયામાં આસક્ત કુશલા વગેરે અન્ય સ્ત્રીઓને પણ જોઈ. (૨૫) શ્રીહરિ પોતાની પ્રસન્નતા માટે બીજા ઘરમાં હર્ષપૂર્વક સુંદર પાક કરતી ક્ષત્રિય સ્ત્રીઓને પણ જોતા હતા. (૨૬) અમરી, અમલા, ક્ષેમા, રત્નમાળા, રતિ, અવિતિ, કુલ્લા, દેવિકા વગેરેને પણ શ્રીહરિ જોતા હતા. (૨૭)

બ્રાહ્મણ સ્ત્રીઓએ જે પાકો કર્યા હતા અને શ્રીહરિએ તે પ્રથમ જોયો હતો તેવો જ પાક પોતાની પ્રસન્નતા માટે ક્ષત્રિય સ્ત્રીઓએ પણ કરેલો શ્રીહરિએ જોયો. મહાપ્રયત્નથી કરવા માંડેલા પાકને જોઈને ગુણજ્ઞ મહાપ્રભુ આશ્ચર્ય પામ્યા. (૨૮-૨૯) તપસ્વિની સ્ત્રીઓએ આ પ્રકારે કરવા માંડેલો પાક જોઈને, જયાની આજ્ઞાનુસારે વર્તતી ક્ષત્રિય સ્ત્રીઓની તથા જયાની શ્રીહરિએ પ્રશંસા કરી. (૩૦) લલિતાના ભુવનમાં જેટલો પાક કર્યો હતો તેનાથી પણ જયાના ઘરમાં કરેલો પાક બે અથવા ત્રણ ગણો વધારે હતો. ભોજ્ય પદાર્થોની સંખ્યા ૧૦૮ હતી. શ્રીહરિ આ જાણીને આનંદ પામ્યા. (૩૧) પછી પ્રભુ શ્રીહરિએ રસોઈ કરનારી સ્ત્રીઓને દાળ તથા કઢી, ભાત વગેરે સવારે કરવાની આજ્ઞા આપી. પછી પોતાનાં પાર્ષદોએ સહિત શીઘ્ર ગતિવાળા શ્રીહરિ પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. તેટલામાં કુકડાઓનો શબ્દ થયો. નરનાટ્યધારી સમર્થ શ્રીહરિ પોતાનાં પાર્ષદોએ સહિત ઉન્મત્તગંગા પ્રત્યે જઈ તેમાં સ્નાન કરીને પોતાનાં સ્થાનમાં આવી પોતાનો નિત્યવિધિ કર્યો. (૩૨-૩૩-૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં પ્રબોધિની ઉત્સવમાં શ્રીહરિએ પાકોનું અવલોકન કર્યું એ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્વેતવસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિ લીંમડા નીચે ઓટલા ઉપર ગાદલાએ સહિત બિછાવેલા સિંહાસનમાં બિરાજ્યા. (૧) નિત્યવિધિ કરીને સાધુઓ તેમજ દિશાંતરથી આવેલા સમગ્ર જનો તત્કાળ સભામાં આવીને યોગ્યતા પ્રમાણે બેઠા. (૨) તેટલામાં પોતાનાં મસ્તક ઉપર શ્વેત જટા ધારણ કરનાર મુકુંદાનંદ વર્ણીરાજ ત્યાં આવીને 'હે હરે ! રસોઈ તૈયાર થઈ ગઈ છે.' આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી સર્વે સંતો હર્ષથી ભોજન માટે તત્કાળ ભેગા થઈને આવ્યા. (૪) પછી બધા સંતો પોતપોતાનાં હાથમાં ગરણાએ સહિત કમંડળાં (તુંબડા) લઈને મુખ, હાથ, પગ ધોઈને શ્રીહરિનાં દર્શન કરતા પંક્તિઓમાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૫)

પછી પીરસવામાં અતિ ચતુર બ્રાહ્મણો કચ્છ બાંધીને પહેલાં મુનિઓને જળ આપવા લાગ્યા તથા આદરપૂર્વક સંતોને ભોજનના પાત્રો આપતા હતા. (૬) ત્યારબાદ પીરસનારા બ્રાહ્મણો ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એ ચાર પ્રકારનાં ભોજનો પંક્તિઓમાં જમનારા જનોને યોગ્યતા પ્રમાણે પીરસતા હતા. (૭) પછી શ્રીહરિએ સર્વના પાત્રોમાં ચારેય પ્રકારનું અન્ન પીરસેલું જોઈ ઊંચા હાથ કરીને સર્વ સાધુઓને જમવાની આજ્ઞા આપી. (૮)

બારસને દિવસે તો ભગવાન શ્રીહરિ મુક્તાનંદ આદિક સમગ્ર મુનિઓને જમવા માટે બેસાડીને આદરપૂર્વક પોતે જ પીરસતા હતા. (૯) ઉતાવળથી પીરસનારા બ્રાહ્મણોની સાથે મુનિની સર્વ પંક્તિઓમાં ફરતા ફરતા શ્રીહરિ પીરસતા હતા. (૧૦)

પોતાની આગળ હાથમાં પકવાન્નોથી ભરેલાં પાત્રોમાંથી વારંવાર ગાંઠિયા તથા જલેબી વગેરે લઈને બ્રાહ્મણો પીરસતા હતા. (૧૧) સુંદર ખાવાના પદાર્થો જેમનાં હાથમાં છે તે શ્રીહરિ જ્યારે જે જે પંક્તિમાં પ્રીતિથી પીરસતા હતા ત્યારે તે તે પંક્તિમાં જેમણે સ્વાદ જીત્યો છે એવા સર્વ જનો શ્રીહરિની પ્રસાદીની પ્રાપ્તિ માટે યાચના કરતા શ્રીહરિ પ્રત્યે જોતા હતા. (૧૨-૧૩)

હે રાજન્ ! પછી શ્રીહરિ હસતા હસતા જે મુનિઓ પોતાનાં પાત્રોમાંથી સંપૂર્ણ રીતે જમી જતા હતા તેવી રીતે જમનારા મુનિઓને ભોજનો પીરસતા હતા અને તે સર્વ મુનિઓને તૃપ્ત કરતા હતા. (૧૪)

તે વખતે ત્યાં આવેલા દિવ્યદેહવાળા અને તેથી જ અદૃશ્યપણે રહેલા મુક્તોને તેમનાં માગવાથી બે હાથ વડે આપતા શ્રીહરિ જનોને વિસ્મય પમાડતા તેમને તૃપ્તિ પમાડતા હતા. (૧૫) તે સમયે શ્રીહરિની કૃપાથી જેમને દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે એવા કેટલાક પુરુષો તથા સ્ત્રીઓ ત્યાં આવેલા સર્વ મુક્તોને જોતા હતા. તેમજ ત્યાં આવેલા બ્રહ્માદિ દેવતાઓને પણ જોતા હતા. (૧૬)

દિવ્ય દ્રષ્ટિ પામેલા જનો વિવિધ પ્રકારનાં પકવાન્નોના પર્વતો તથા દૂધ, ઘીની કરેલી નદીઓ

તેમજ દૂધપાકની કૃત્રિમ નદીઓને વિસ્મયપૂર્વક જોતા હતા. (૧૭)

તે વખતે દિવ્યદૃષ્ટિવાળા જનો સંતોની પંક્તિઓમાં ફરતા શ્રીહરિને, દેવો તથા મુક્તોને, પીરસતા જોતા હતા. (૧૮) શ્રીહરિએ બંને હાથોમાં આપેલા પકવાન્નોને ગ્રહણ કરવામાં આદરવાળા મુક્તો, દેવો તથા સર્વે મુનીંદ્રોને દિવ્યદ્રષ્ટિવાળા જનો જોતા હતા. (૧૯) તે સર્વે સંતો પકવાન્નો જમી અતિશય તૃપ્તિ પામ્યા. એટલે જેમનાં મુખમાંથી શ્વાસ નીકળતો હોવાથી (જમવાના શ્રમથી) શ્રીહરિએ હે બ્રાહ્મણો! ભાત લાવો આ પ્રમાણે પીરસનારા બ્રાહ્મણોને કહ્યું. (૨૦)

જમણા હાથમાં દૂધપાકનું પાત્ર અને ડાબા હાથમાં લાડુ લઈને શ્રીહરિ તે વખતે સાધુઓની પંક્તિમાં ફરતા હતા. (૨૧) જ્યારે કોઈએ કંઈ પણ માગ્યું નહિ ત્યારે શ્રીહરિ પાછા ફર્યા તે વખતે ભગવાનના કરસ્પર્શ પ્રસાદી અન્નનું માહાત્મ્ય અતિશય જાણનારા બ્રહ્માનંદ મુનિ શ્રીહરિને બોલાવતા હતા. (૨૨)

હે હરે ! અહીં આવો અહીં આવો મારું પાત્ર ભૂલી ગયા કે શું ? ખાલી ભોજન પાત્રવાળા નિત્યાનંદ પણ હું મશકરી કરીશ એવા ભયથી તમારી પાસે માગતા શરમાય છે. (૨૩) તે વખતે શ્રીહરિએ બ્રહ્માનંદ મુનિની સમીપે આવીને તેમનાં પાત્રમાં દૂધપાક પીરસ્યો. પછી બ્રહ્માનંદ મુનિ બ્રહ્માદિ દેવોને પણ દુર્લભ એવા અવતારી શ્રીહરિનાં કરમાં રહેલા લાડુ જોઈને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૨૪)

હે હરે ! જો હું કેવળ દૂધપાક જ ખાઈશ તો આ નિત્યાનંદ મને દાંત વિનાના પૂષા દેવતા જેવા કહેશે માટે લાડુ પણ તમો આપો. (૨૫) પછી શ્રીહરિ હસતા હસતા સમગ્ર ભોજન કરનારા જનોને હસાવતા બ્રહ્માનંદ મુનિના પાત્રમાં લાડુ પણ આપતા હતા. પછી બ્રહ્માનંદ મુનિએ સિંહગર્જના કરી. (૨૬)

તેટલામાં વર્ણીન્દ્ર મુકુંદાનંદ બ્રહ્મચારી લાડુનું પાત્ર હાથમાં લઈ શ્રીહરિની આગળ ઊભા રહ્યા. શ્રીહરિએ તેમનાં પાત્રમાંથી બે લાડુ લીધા. (૨૭) પછી તૃપ્તિ પામેલા મુક્તાનંદે પોતાની સમીપે આવેલા શ્રીહરિને જોઈને પોતાનાં પાત્રમાં જમતાં બાકી રહેલો લાડુ શ્રીહરિને બતાવ્યો. (૨૮) આપને આટલી અપેક્ષા છે એમ જાણીને તેમને શ્રીહરિ લાડુ આપે છે તેટલામાં સાધુઓમાં શ્રેષ્ઠ મુકતાનંદ મુનિએ સિંહનાદ કર્યો. (૨૯)

શ્રીહરિએ પાત્ર ઉપર જમણો હથ ઢાંકીને પોતાનું મસ્તક હલાવતા ચૈતન્યાનંદ મુનિને જોઈને તેમનાં પાત્રમાં એક લાડુ મૂક્યો. (૩૦) શ્રીહરિએ મસ્તક કંપાવતા હસતા મુખવાળા નિત્યાનંદમુનિને તૃપ્ત થયેલા જાણીને તેમનાં પાત્રમાં પણ અર્ધો લાડુ હર્ષપૂર્વક આપ્યો. (૩૧) પછી ભગવાન શ્રીહરિએ આનંદાનંદ મુનિની સમીપે આવીને શિથિલ દાંતવાળા જાણીને તેમને ફક્ત દૂધપાક જ આપ્યો.(૩૨)

મિતાહારી ગોપાળાનંદને જોઈને શ્રીહરિ હસતા હસતા તપસ્વી ગોપાળાનંદને ચોથા ભાગનો લાડુ આપ્યો. (૩૩) બધુ લેવાની ઈચ્છા છે છતાં પણ શ્રીહરિનાં આગમન પહેલાં જ જુઠી સિંહગર્જના કરતા સચ્ચિદાનંદ મુનિને જોઈને શ્રીહરિએ તેમનાં ખાલી પાત્રમાં બે લાડુ આપ્યા. (૩૪) પછી શ્રીહરિ પોતાની વાટ જોઈ રહેલા કૃપાનંદ મુનિને જોઈને હાથમાં લાડુ લઈને હસતા હસતા તેમની સમીપે ગયા. (૩૫)

કૃપાનંદ સ્વામી તૃપ્ત થયા છે એવું જાણી લાડુ ભાંગી થોડો પીરસવાની ઇચ્છાવાળા શ્રીહરિને જોઈને કૃપાનંદ મુનિએ કહ્યું હે હરે ! એ ભાંગવામાં તો તમારી આંગળીઓને પરિશ્રમ પડશે. (૩૬) તેથી હે હરે ! તમો બધો લાડુ આપી દ્યો. શ્રીહરિને આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિએ તેમને લાડુ આપી દીધો. વળી જ્યાં બીજો લાડુ આપે છે તેટલામાં તે મુનિએ સિંહગર્જના કરી. (૩૭)

પછી ધીરે ધીરે પકવાન્ન જમતા મને-શુકાનંદને-જોઈને અને પ્રસાદીની અપેક્ષાવાળા જાણીને, શ્રીહરિએ હસતા હસતા મને બે જલેબી આપી. (૩૮)

પછી હે રાજન્ ! સંતોને પ્રિય મંદહાસ્ય યુક્ત મુખારવિંદવાળા શ્રીહરિ અત્યંત શરમાતા નાના આત્માનંદ મુનિને જોતા હતા. (૩૯)

હે આત્માનંદ મુને ! બ્રહ્માનંદ મુનિએ 'અહીં આવો' 'અહીં આવો' હે હરે ! એમ બોલીને લાજને તાડન કરી અહીંથી દૂર કરી છે. માટે ઇચ્છા પ્રમાણે ભોજન કરો એમ કહીને શ્રીહરિએ તેમને બે લાડુ આપ્યા. (૪૦)

જલેબીથી ભરેલું મુખ હોવાથી સ્પષ્ટ નહિ બોલી શકતા મહાનુભાવાનંદ મુનિને શ્રીહરિએ દોઢ લાડુ આપ્યો. (૪૧-૪૨) પછી શ્રીહરિએ વ્યાપકાનંદ મુનિવરને જોઈને ના, ના કહેવા છતાં તેમને કોમળ જલેબી આપી. (૪૩)

પછી શ્રીહરિએ ધીમે ધીમે મોતૈયા લાડુ જમતા કૃષ્ણાનંદને જોઈને તેના પાત્રમાં (ચોથા ભાગનો) ઘેબર આપ્યો. (૪૪) હાથ અને મસ્તક હલાવી 'મારે જોઈતું નથી.' એમ કહેતા વૃદ્ધાત્માનંદ મુનિને શ્રીહરિએ અર્ધો લાડુ આપ્યો. (૪૫)

શ્રીહરિએ હાથ અને મસ્તક હલાવીને ન આપશો એમ કહેતા સ્વયંપ્રકાશાનંદને અર્ધી જલેબી આપી. (૪૬) પછી શ્રીહરિએ ભોજન પાત્ર ઉપર બંને હાથ મૂકીને મસ્તક હલાવતા નિષ્કુળાનંદ મુનિને જોઈ તેમને સાટો આપ્યો. (૪૭) પછી શ્રીહરિએ ગુણાતીતાનંદ મુનિને જોઈને હર્ષપૂર્વક બળાત્કારથી તેમને અર્ધો લાડુ આપીને તેમની પાસે સિંહગર્જના કરાવી. (૪૮)

શ્રીહરિએ ના, ના કહેવા છતાં પણ પ્રેમાનંદ મુનિને હસતા હસતા બે જલેબી આપી તેથી પ્રેમાનંદમુનિએ સિંહની માફક ગર્જના કરી. (૪૯) શ્રીહરિએ એ પ્રકારે નિરંજનાનંદ વગેરે તે સર્વે ભોજન કરનારાઓને પીરસીને તૃપ્તિ પમાડ્યા. (૫૦)

પછી પ્રભુ શ્રીહરિએ સુગંધિમાન ભાત, દાળ, કઢી, મુનિઓને પીરસાવીને પોતાનાં હાથ તથા પાદારવિંદની શુદ્ધિ કરી. (૫૧)

ત્યારબાદ જમનારા સર્વ સંતો હાથ તથા મુખ ધોઈને ફુલેલાં ઉદરો તથા મુખેથી શ્વાસ લેતા તે, સ્થાનથી પોતાનિ નિવાસસ્થાનમાં ગયા. (૫૨)

શ્રીહરિ સોમાદિ સમગ્ર પાર્ષદોને તથા હેમંતસિંહ વગેરે સર્વ ક્ષત્રિય ભક્તોને તથા બીજા સર્વે

અન્નાર્થીજનોને અન્નકૂટોત્સવના ઉત્સવનો માફક જ જમાડતા હતા. (૫૩) શ્રીહરિ પ્રીતિપૂર્વક સર્વ બ્રહ્મચારીઓને જમવાની આજ્ઞા આપતા હતા એટલે સમગ્ર નૈષ્ઠિક બ્રહ્મચારીઓ વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૫૪)

પછી શ્રીહરિએ પારણા કરવા માટે સમગ્ર સ્ત્રીઓને આજ્ઞા આપી પછી પાર્ષદોની સાથે ભોજન માટે ભાઈના ભુવનમાં પધાર્યા. (૫૫) નરનાટ્યધારી ભગવાન શ્રીહરિએ ભાઈના ઘરમાં જ સ્નાન કરીને ત્યાં ભગવાનને ભોજન નિવેદન કરી, વૈશ્વદેવ કરીને, પોતાનાં ભાઈઓની સાથે પારણા કર્યા. (૫૬)

ત્યારબાદ પાર્ષદો સાથે શ્રીહરિ પોતાનાં સ્થાનમાં પધાર્યા અને આસન ઉપર બેસીને સોમાદિ પાર્ષદોની આગળ જયાના ગુણો કહ્યા. (૫૭)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે નરપતે ! વાત્સલ્યના મહોદધિ, નિર્દંભિ એવા, પોતાની સેવા કરનારા ભક્તોમાં અત્યંત પ્રીતિવાળા અને ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરવામાં અત્યંત નિપુણ, ભક્તોનું કાળ-માયા થકી રક્ષણ કરવામાં અતિ સમર્થ, શ્રીભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં પૂર્વોક્ત પ્રકારે સમગ્ર સ્વાશ્રિત જનોને આનંદ કરાવતા હતા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં સત્પુરુષોની પ્રીતિ માટે શ્રીહરિએ પંક્તિમાં પીરસવાની લીલા કરી તે વર્ણન નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી બુદ્ધિમાન ઉત્તમ રાજાએ પૂર્ણિમાને દિવસે મહામૂલ્યવાળાં રેશમી વસ્ત્રો તથા અતિ સુંદર નાના પ્રકારનાં અલંકારો તથા કુમકુમ અગર ચંદન, કસ્તુરિ પુષ્પના હાર વગેરે અનેક પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૧-૨) પછી રાજાએ વાજિંત્રોના ઘોષ સહિત મહાઆરતી કરીને શ્રીહરિની સમીપે રૂપિયા ભરેલો થાળ મૂક્યો. (૩) રાજાએ શ્રીહરિનાં ભાઈઓ તથા સર્વ ત્યાગીઓનું પણ યથાયોગ્ય ઉપચારો, વડે યથોચિત પૂજન કર્યું. (૪)

તે દિવસે દેશાંતરથી આવેલા લાખો જનોને ઉત્તમ ભોજનો હર્ષપૂર્વક ઉત્તમ રાજા જમાડતા હતા. (૫) દેશાંતરના ભક્તજનો આદરપૂર્વક અચ્યુત શ્રીહરિનું નાના પ્રકારનાં રમણીય ઉપચારોથી પૂજન કરતા હતા. (૬)

પછી હે મહિપતે ! શ્રીહરિ દેશાંતરથી આવેલા સર્વ ભક્તજનોને પોતપોતાનાં દેશામાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૭) હે રાજન્ ! પોતાનાં દેશમાં પાછા જવા માટે ઉત્સાહ રહિત હોવા છતાં પણ તે સર્વે જનો શ્રીહરિની આજ્ઞાને આધિન હોવાથી પોતાનાં દેશ પ્રત્યે જવા માટે રાત્રિએ સુખડી વગેરે

કરતા હતા. (૮)

તે સમગ્ર ભક્તજનો શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓ દૂર દેશ લઈ જવાની ઈચ્છાથી કોથળીઓમાં ભરીને તે સીવી લેતા હતા. (૯) ઉત્તમ વસ્ત્રો તથા પાત્રો વગેરે કોથળાઓમાં ભરીને પ્રાતઃકાળમાં તે જનો તૈયાર થયા અને વાહનો જોડ્યા. (૧૦)

પછી દેશાંતરના ભક્તોમાં જે અગ્રેસર ભક્તો હતા તે સર્વ મળીને શ્રીહરિને નમસ્કાર કરી આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૧૧) હે દયાનિધે ! અમારા દેશમાં આપે મોકલેલા મુનિઓએ ઉપદેશ આપ્યો તેથી ઘણા મુમુક્ષુજનો આપનું ભજન કરે છે. (૧૨)

તેમને સર્વને ઉપદેશ દ્વારા પોષણ મળે અને આપનું ભજન કરતા અમોને પણ શાંતિ થાય તે માટે કૃપા કરીને આપ અમો દેશમાં પહોંચીએ એટલે અમારા દેશમાં મુનિઓને મોકલો. (૧૩)

હે રાજન્ ! તે સત્સંગીજનોનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ તત્કાળ મુનિઓને બોલાવીને મુનિઓની યાચના કરતા ભક્તોના દેશમાં જવા માટે તેમને આજ્ઞા આપતા હતા. (૧૪)

પછી તૈયાર થયેલા અને જેમણે પોતાનાં ખભા ઉપર પુસ્તકો ધારણ કર્યા છે એવા સંતો ભેગા થઈને રાજાના રમણીય આંગણામાં આવ્યા. (૧૫)

પછી હે રાજન્ ! શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળાં ચિત્ત જેમનાં છે એવા, સર્વે બ્રાહ્મણાદિ ભક્તો જેમણે પોતાનાં ખભા ઉપર લાકડીઓ મૂકી છે તે સૌ રાજાના આંગણામાં આવી ઊભા રહ્યા. (૧૬) તેમને પોતાનાં દર્શન આપવા માટે ભક્તોને પ્રિય શ્રી સ્વામિનારાયણ અશ્વ ઉપર બિરાજીને નગરમાંથી બહાર નીકળ્યા. (૧૭)

જનસમુદાયનો ભીડો થવાના ભયથી નગરથી બહાર નીકળતા શ્રીહરિની પાછળ દેશાંતરના હરિભક્તો, સંતો તથા ઘોડેસવારો વગેરે ગયા. (૧૮) શ્રીહરિ અર્ધો કોશ દૂર રાજાની વાવ્ય (રાધાવાવ) પાસે પહોંચીને અસ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તોને આનંદ આપતા માર્ગમાં ઉભા રહ્યા. (૯)

સાધુઓના મંડળો તથા જનસંઘો તથા સ્ત્રીઓનાં વૃંદો તત્કાળ ત્યાં શ્રીહરિની પાસે આવીને પ્રણામ કરતા હતા. (૨૦) હે હરે ! આપના સાધુજનોની સાથે અમારા નગરમાં આપના અમને ફરીથી દર્શન થાવ એમ શ્રી હરિને પ્રાર્થના કરતા હતા. (૨૧)

જેમનાં નેત્રોમાં આંસુ છે અને જેમનાં અંતઃકરણ વિયોગથી વ્યાકુળ થયા છે એવા લાખો જન સમુદાયો શ્રી હરિને પ્રણામ કરીને જતા હતા. (૨૨) તેમનોં વિયોગ સહન નહિ કરનારા સ્નેહાશ્રુથી ઢંકાઈ ગયા છે નેત્રો જેમનાં એવા સમગ્ર મુનિ સમુદાયો શ્રીહરિને દંડવત્ કરીને હે રાજન્ ! શ્રી હરિની સ્તુતિ કરીને **"स्वामिस्त्वं परमेश्वरः"** હે સ્વામિન ! 'તમો પરમેશ્વર છો' એ સ્તોત્રથી સ્તુતિ કરી કહેવા લાગ્યા. (૨૩)

હે સત્પતે ! પુણ્ય ગુણોના સમુદ્રરૂપ એવા તમો તમારું મહા આપત્તિઓ નાશ કરનારું તથા

સુખ કરનારું દર્શન આપને આધીન ચિત્તવાળા અમોને ફરીથી તત્કાળ આપો. (૨૪) હે દયાનિધે! અવતારી! આપની અનુપમ, સર્વોત્તમ અને મનોહારિણી આ મૂર્તિ અમારા અંતઃકરણ તથા નેત્રોની આગળ રાત્રિ દિવસ સ્ફુરાયમાન રહો. (૨૫) હે પ્રભો ! કામ અને લોભ મુખ્ય છે જેમને એવા મનુષ્યો, દેવતાઓ, અસુરો, દૈત્યો વગેરેનાં સમુદાયો જેમણે જીત્યા છે અને અંતઃકરણમાં પેઠેલા તે શત્રુઓનો વિનાશ કરતા આ લોકમાં આપ સર્વોપરિ વર્તો છો. (૨૬)

જન સમૂહોની જે આત્યાંતિકી મુક્તિ કરવાના સ્વભાવવાળા આપના પુનિત ચરણના શરણને પામેલા અમો તથા જનસમુદાયો આપના આશ્રય માત્રથી આ પૃથ્વી ઉપર ધન્યતા પામ્યા છીએ. (૨૭) આ પૃથ્વી ઉપર સમગ્ર કોશળ દેશ ઉત્તમ તથા ધન્ય છે કે જે કોશળ દેશમાં અવતારી સ્વયં આપ પ્રગટ થયા છો. (૨૮) શ્રેષ્ઠ ગુણોવાળાં તથા સર્વથા શુદ્ધ એવાં પ્રેમવતી પણ અતિશય ધન્ય ભાગ્યવાળા હતાં અને ધર્મ પણ પરિવારે સહિત ધન્ય ભાગ્યવાળા હતા. કારણ કે આપ તે બંનેના પુત્ર છો. (૨૯)

ક્રૌંચ પક્ષીના માતા-પિતા પોતાનાં બાળકોનું દૂર રહીને જેમ રક્ષણ કરે છે તેમ હે દયા સાગર! હે આશ્રિતોની પીડાને હરનારા ! પંચ વિષયોથી હંમેશા આપ અમારું રક્ષણ કરો (૩૦)

હે સ્વામિન્ ! નિત્ય, અનાદિ સિદ્ધ, દિવ્ય સદ્ગુણોના આશ્રયભૂત તથા કામાદિ જે દૈત્યોને પીડા કરનારા તથા દિવ્ય, અનુપમ આકૃતિવાળા, તેમજ આશ્રિતજનોના રક્ષણ કરવામાં પ્રવીણ, સર્વોત્તમ, ધર્મપુત્ર, ધર્મધુરંધર, સુખને આપનારા, મુનિપતિ, અવતારી સહજાનંદ, શ્રી હરિ આપને ભક્તિપૂર્વક સર્વદા અમો વંદન કરીએ છીએ. (૩૧)

તે મુનીંદ્રો આ પ્રમાણે ભક્તપતિ શ્રીહરિની પ્રાર્થના કરીને પીડા નાશ કરનારા સર્વોપરી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. પછી શ્રીહરિએ પોતાની અનુવૃત્તિમાં પ્રીતિવાળા સ્નેહાશ્રુ નેત્રવાળા તે મુનિઓને જનોનું હિત કરવા માટે દેશાંતરમાં જવાની આજ્ઞા આપી. (૩૨)

પછી સમર્થ શ્રીહરિ તે સાધુઓ તથા બીજા ભક્તજનોને અત્યંત હર્ષપૂર્વક યથાયોગ્ય સન્માન આપીને, જેમનાં નેત્રોમાં હર્ષાશ્રુ આવેલા છે અને પોતાને વિષે અત્યંત પ્રીતિવાળા છે. તે સર્વ જનોને 'જાવ' આ પ્રકારે આજ્ઞા આપીને પોતાનાં પાર્ષદો સાથે પુર પ્રત્યે પાછા ફર્યા. (૩૩)

તે ભક્તજનોના અણુપરિણામવાળા અંતઃકરણ શ્રીહરિનાં વેગનું વિશેષ સામર્થ્ય અને તે રૂપી ગુણનું અધ્યયન કરવા માટે ઘોડાના પુરથી ઉડતા ધુળના રજકણો બની વિદ્યાર્થીનો ભાવ પામી જાણે આવ્યા હોય ને શું ? જેમનાં ચરણો ભક્તજનોએ સેવ્યા છે એવા શ્રીહરિ પોતાનાં અશ્વને દોડાવીને તત્કાળ દુર્ગપત્તન પહોંચતા હતા. (૩૪)

આસ્કંદિત વગેરે ઘોડાઓની પાંચ ગતિઓમાં પોતાનાં અશ્વનું અત્યંત કૌશલ્ય જોતા શ્રીહરિ, માર્ગમાં ચાલતા પોતાનાં જનોને આનંદ આપતા તત્કાળ મુનિઓને તથા જનસમુદાયને ફરી દર્શન દેવા તેમને આંબી જઈને તેમની આગળ ચાલતા હતા. (૩૫)

શ્રીહરિ આ પ્રકારે સ્નેહથી તે મુનિ વગેરેને પોતાનું દર્શન આપીને તેમને પ્રસન્ન કરી, તત્કાળ પોતાનાં અશ્વને દોડાવીને અત્યંત ચંચળ પુષ્પના તોરા તથા હારની બે પંક્તિ જેમને છે એવા, જોનારાઓના ચિત્તને, હરતા, ફરી ગઢપુર પહોંચ્યા. (૩૬)

પછી હે રાજન્ ! સર્વ મુનિઓ વગેરેએ શ્રીહરિને જેવા જોયા હતા તેવા પોતાનાં અંતઃકરણમાં તથા બહાર નેત્રની આગળ જોતા (ધારતા) માર્ગમા ચાલતા હતા. (૩૭)

પછી તે પુરમાં રાજાના ભુવન પ્રત્યે આવેલા શ્રીહરિ હસતા હસતા લીંમડાના વૃક્ષની ચારેય તરફ થોડીવાર સુધી ઘોડાને ફેરવતા હતા. (૩૮)

તે સમયે જયા વગેરે સ્ત્રીઓ તથા ત્યાં રહેતા બીજા ભક્તજનોને આનંદ પમાડતા શ્રીહરિએ અશ્વને અર્ધ પુલાચીત નામની ગતિથી ચલાવ્યો. (૩૯)

પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને પોતાનાં મંદિરમાં આવીને કોમળ રજાઈઓથી યુક્ત પોતાનાં આસન ઉપર બિરાજમાન થયા. (૪૦)

હે રાજન્ ! સ્થિર ચિત્તવાળા, હાસ્યયુક્ત મુખકમળ જેમનું છે એવા, જયા તથા લલિતાની પ્રશંસા કરતા શ્રીહરિ પોતાનાં સોમવર્માદિ પાર્ષદો પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! આ સુંદર મહોત્સવ મારી ઈચ્છા પ્રમાણે થયો તેથી મારા હૃદયમાં ઘણો જ આનંદ થયો છે. (૪૨)

આ મહોત્સવમાં કાંઈ પણ ન્યૂનતા નહોતી. પૃથ્વી ઉપર આવો મોટો ઉત્સવ કરવાનું રાજાઓ માટે પણ અશક્ય છે. (૪૩)

હે ભક્તો ! સમગ્ર પૃથ્વીતળમાં આવા ભક્તો નથી. તેથી જયા તે લલિતા જેવા છે અને લલિતા તે જયા જેવા છે. (આ બંને અદ્વિતીયતામાં પણ સરખા જ છે. એમને એમની જ ઉપમા દઈ શકાય પરંતુ બીજાની ઉપમા દઈ શકાય નહિ. (૪૪)

અભયરાજા કરતાં પણ ગુણોમાં અધિક, આત્મનિવેદીઓમાં શ્રેષ્ઠ, ભક્ત ઉત્તમ રાજા તો સર્વથા શ્રેષ્ઠ છે. એથી જ તે પણ ઉપમાથી રહિત છે. (ઉત્તમ ઉત્તમની માફક છે. બીજા તેમનાં સમાન નથી.) (૪૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વર્ણન-શ્રવણ રૂપી સુંદર મોક્ષકારી લીલાઓ જેમની છે એવા, સાધુપુરુષોને અત્યંત પ્રિય, શ્રીહરિ હર્ષપૂર્વક આ પ્રકારે પોતાનાં આશ્રિતોની પ્રશંસા કરતા હતા. તેટલામાં તેમનાં ચરણ કમળમાં આસક્તિવાળી જયા વગેરે સ્ત્રીઓ વિવિધ પ્રકારની પૂજાની સામગ્રીવાળા પાત્રો હાથમાં લઈ શ્રીહરિનાં પૂજન માટે શ્રીહરિની સમીપે હર્ષપૂર્વક આવી. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં મુનિઓએ શ્રીહરિની સ્તુતિ કરી નિરૂપણ નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- બ્રહ્મચર્યવ્રત પરાયણ, તપ, ત્યાગ વગેરે સદ્‌ગુણો જેમાં છે એવા જયા, રમા, લલિતા શ્રીહરિનાં અનન્ય આશ્રયવાળા હતા. (૧) હે રાજન્ ! વિવિધ પ્રકારનાં ઉપચારોથી ભરેલા સોનાના પાત્રો પોતાનાં હાથમાં લઈને તેઓ સર્વ શ્રીહરિની સમીપે આવ્યા. (૨) પાંચાળી, પાંચાળીની બેન નાની, મેના, ક્ષેમા, અમરી, યમી તથા જયા વગેરેને અનુસરનારી અન્ય સ્ત્રીઓ પણ આવતી હતી. (૩)

સુંદર મહોત્સવની સમાપ્તિથી સ્વસ્થ મનવાળી, નિત્યવિધિ કરીને તે પવિત્ર વ્રતવાળી જયા વગેરે સ્ત્રીઓ શ્રીહરિને પ્રણામ કરતી હતી. (૪)

સુખપૂર્વક રહેલા અને સુંદર આસન ઉપર બિરાજેલા મંદ હાસ્ય યુક્ત શ્રીહરિને જોઈને, જયા વગેરે સ્ત્રીઓ શ્રીહરિની આજ્ઞાની વાટ જોતી ત્યાં ઊભી રહી. (૫)

આ પ્રકારની પોતાની આશ્રિત સ્ત્રીઓને જોઈને ધર્મપુત્ર શ્રીહરિને પ્રસન્ન થઈ પોતાની પૂજા કરવા માટે તેમને આજ્ઞા આપી. (૬) તેથી તે સ્ત્રીઓમાંથી પ્રથમ જયા વગેરે ત્રણ સ્ત્રીઓ પ્રસન્ન થઈ હર્ષપૂર્વક શ્રીહરિનાં ભાલમાં કેસરી પત્રલતા (આડ્ય) કરવા લાગી. (૭) જયા વગેરે ત્રણ સ્ત્રીઓ પાઘડી વગેરે સોનેરી બહુ મૂલ્યવાળાં પહેરવાના તથા ઓઢવાના વસ્ત્રો પ્રીતિપૂર્વક શ્રીહરિને અર્પણ કરતો હતા. (૮)

ઉત્તમ રત્નજડીત સુશોભિત સોનાનાં કુંડળો શ્રીહરિનાં બંને કર્ણોમાં જયા આદિક સ્ત્રીઓએ ધારણ કરાવ્યાં. શ્રીહરિનાં કંઠમાં સુવર્ણના કંઠના આભૂષણો તેમણે ધારણ કરાવ્યા. (૯) જયા વગેરે સ્ત્રીઓએ મણિ તથા બાજુબંધો પણ શ્રીહરિની બંને ભૂજાઓમાં તેમણે ધારણ કરાવ્યાં. (૧૦) તે સ્ત્રીઓએ સુવર્ણના સાંકળાં શ્રીહરિની ભૂજાઓમાં ધારણ કરાવ્યાં તથા શ્રીહરિની સર્વે આંગળીઓમાં સુવર્ણની વીટીંઓ ધારણ કરાવી. (૧૧)

જયાદિ સ્ત્રીઓએ રત્નોથી યુક્ત સોનાનો કંદોરો, મણિઓથી યુક્ત સુવર્ણના ઝાંઝર તથા સાંકળા શ્રીહરિને યથા સ્થાનમાં ધારણ કરાવ્યાં. (૧૨) શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળી જયા વગેરે સ્ત્રીઓએ શ્રીહરિની આગળ સુંદર સુવર્ણથી નિર્માણ કરેલી રત્નજડિત બંને પાદુકા મૂકી. (૧૩)

પછી અત્યંત હર્ષ પામેલી જયા વગેરે સ્ત્રીઓએ દૂધ વડે શ્રીહરિનાં બંને ચરણ કમળો ધોઈને, તુળસીના પત્ર તથા પુષ્પોથી બંને ચરણકમળોની પૂજા કરી. (૧૪)

તે સ્ત્રીઓએ સાકર, ખારેક, દ્રાક્ષ, બરફી, પેંડા વગેરેથી ભરેલાં રૂપાનાં પાત્રો શ્રીહરિની આગળ મૂક્યાં. (૧૫) તેમજ કોપરા પાક વગેરે અનેક પ્રકારનાં સુંદર પાકોથી ભરેલાં પાત્રો શ્રીહરિની આગળ મૂક્યાં. (૧૬) જયા વગેરે સ્ત્રીઓએ એલાયચી, સોપારી, લવિંગ, પાનબીડાં તથા બદામ વગેરેથી ભરેલાં પાત્રો શ્રીહરિને હર્ષપૂર્વક અર્પણ કર્યા. તેમજ દાડમ, કેળાં, નાળિયેર વગેરે સ્વાદિષ્ટ પાકાં ફળો પણ પ્રીતિપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યા. (૧૭-૧૮)

તે સ્ત્રીઓએ સોનાના અને રૂપાના ફૂલોથી તેમજ વિવિધ પ્રકારનાં અન્ય પુષ્પોથી શ્રીહરિને વધાવીને તેમનાં ચરણકમળમાં પોતાનાં મસ્તક મૂકીને શ્રીહરિને નમસ્કાર કર્યા. (૧૯)

પછી તે સ્ત્રીઓએ મધ્યભાગમાં મોતીઓનું કમળ જેમાં છે એવા રૂપાના પાત્રમાં કર્પૂર સળગાવીને શ્રીહરિની મહાઆરતી ઉતારી. (૨૦) પછી અમરી, યમી, નાની, પાંચાળી, અમલા વગેરે સ્ત્રીઓ આદરપૂર્વક વિવિધોપચારથી શ્રીહરિનું પૂજન કરતી હતી. (૨૧)

હે નૃપ ! તે સ્ત્રીઓ વિચિત્ર પ્રકારનાં મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણોથી હર્ષપૂર્વક શ્રીહરિને પૂજીને તેમને નાના પ્રકારની ભેટો અર્પણ કરતી હતી. (૨૨) પછી તે સર્વ સ્ત્રીઓએ અત્યંત પ્રેમયુક્ત થઈને પહેલાની જેમ શ્રીહરિની કર્પૂર વડે મહાઆરતી કરી. (૨૩)

હે રાજન્ ! આ પ્રકારે અતિ પ્રસન્ન મનવાળી જયા વગેરે સમગ્ર સ્ત્રીઓ હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરીને શ્રીહરિ પ્રત્યેનો પોતાનો પ્રેમ દર્શાવતી, નમ્ર થઈને બે હાથનો સંપુટ કરીને અને નેત્રોમાંથી પ્રેમના અશ્રુ સારતી શ્રીહરિની ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગી. (૨૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં જયા વગેરે સ્ત્રીજનોએ શ્રીહરિનું પૂજન કર્યું તે વર્ણન નામે સત્યાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

જયા કહે છે :- હે પરમાત્મન્ ! અવતારી ! પરમ અક્ષરધામના નિવાસી, સમગ્ર જીવોના અંતર્યામી, એવા પુરુષોત્તમ શ્રીહરિ ! આપને હું વારંવાર નમસ્કાર કરું છું. (૧) હે ભગવન્ ! સ્વસ્વરૂપના આનંદથી પૂર્ણ, અક્ષરાદિ એક સ્વામી, કેવળ પોતાને વશ વર્તનારા આપને વ્રતોથી આરાધના કરીને બીજા પતિને જે સ્ત્રીઓ ઈચ્છે છે તે સ્ત્રીઓના પતિ તો તેમનું રક્ષણ કરવામાં શક્તિમાન નથી. કારણ કે તે સ્વતંત્ર નથી. (૨)

જે સ્વયં ભયવર્જીત હોય તે જ પતિ કહેવાય. કારણ કે જેને કોઈનો ભય નથી એવો પતિ ત્રાસથી આકુળવ્યાકુળ થયેલા અન્ય જનનું સર્વ પ્રકારે રક્ષણ કરે છે. આવી રીતના તો આપ એક જ છો. માટે રમા, રાધા વગેરે સ્ત્રીઓ સુખનિધિ એવા આપને વરી છે. (૩)

જે સ્ત્રી પોતાનાં હૃદયમાં આપના ચરણકમળની સેવા ઈચ્છે છે તે સ્ત્રી જ સમગ્ર ઈચ્છિત અર્થને પામે છે. આ લોકમાં જે સ્ત્રીએ પોતાની ઈષ્ટ પ્રાપ્તિ માટે આપનું પૂજન કર્યું છે તેને આપ ઈચ્છિત પદાર્થો આપો છો. પરંતુ તે નાશવંત પદાર્થોની તેણે યાચના કરી છે તેથી તે સ્ત્રી કેવળ પરિશ્રમને જ પામે છે. (૪)

નિપુણ યોગીવર્યો યમ-નિયમાદિ અષ્ટાંગ યોગ તથા તપ વગેરે સાધનો કરી આપનાં દર્શન માટે આ લોકમાં અત્યંત પ્રયત્ન કરે છે, તે જ ભગવન્ આપ કૃપાપૂર્વક આપના શરણે આવેલા આપના

ભક્તો-અમોને-નિત્ય અત્યંત સુખ આપો છો. (૫)

હે હરે ! આપના દર્શન માત્રથી અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ લય થાય છે એવા સમગ્ર કર્મોથી સર્વ ચરાચરમાં રહેલા આપ આકાશની માફક નિર્લેપ છો. વળી સર્વનિયંતા આપ સમગ્ર આત્માઓના અંતર્યામી છતાં પણ તેમનાં કર્મો વડે બંધન પામતા નથી. (૬)

નિર્વિકાર અને સ્વાભાવિત સર્વોત્તમ સ્વસુખનો અનુભવ જેમને છે એવા, પોતાનાં પ્રતાપથી વિનાશ કર્યો છે. સમગ્ર આશ્રિતોનો વિમોહરૂપી મહાન્ધકાર જેમણે એવા, શાંત સ્વરૂપવાળા, સમગ્ર પીડાને નાશ કરનારું છે દર્શન જેમનું એવા, અનુપમ એવા આપનું શરણ અમો પામ્યા છીએ. (૭)

ચક્ષુ આદિ ઈન્દ્રિયોને અગોચર એવા આપ આપના સમગ્ર ભક્તજનો જે અમો તે અમારા સુખ માટે આપે અનુપમ, અપ્રતિમ, અનુપમ, અપ્રતિમ, અનંત જ્ઞાન, બળ, વીર્ય, શક્તિ વગેરે ગુણોથી યુક્ત આ મનુષ્યામૂર્તિ ધારણ કરી છે. (૮) હે પરમાત્મન્ ! આપના અક્ષરધામમાં નિવાસ જેમનોં છે એવા, મુક્તોએ જાણવા યોગ્ય આ મૂર્તિવડે અત્યંત દયાપૂર્વક આપની પૂજા સ્વીકાર કરતા આપ આ પ્રકારનાં અતિ સુંદર મહોત્સવોથી અમોને અત્યંત આનંદિત કરો છો. (૯)

પવિત્ર કરનારી છે કીર્તિ જેમની એવા, આ લોકમાં પૂર્ણકામ એવા આપની જે મનુષ્ય ભક્તિ કરે છે તે મનુષ્ય પાપના સમુદાયથી રહિત થાય છે, તેથી જ ધન્ય થાય છે. સંસારરૂપી મહાસાગરને તે તરી ગયો એમ અમો મનમાં જાણીએ છીએ. (૧૦)

આપના આશ્રિત જનોનું સદા રક્ષણ કરતા એવા, પવિત્રકારી આપના જન્મો તથા કૃત્યાગણોને નસાડી મૂકી એવા આપના સ્વામિનારાયણ આદિ અનંત નામો, આ પ્રકારનોં અતિશય, અનુપમ, શોભાયમાન જેમનોં મહિમા છે એવા પુરુષોત્તમ શ્રીહરિ આપને નમસ્કાર છે. (૧૧) અમારી સંપદાઓનો નિત્ય સારી રીતે નાશ કરતા આપ આ લોકમાં દયાપૂર્વક અમોને મહત્ સુખ આપો છો. તેથી હે ઈશ ! જ્યાં સુધી આ લોકમાં અમારા દેહ રહે ત્યાં સુધી હે વિભો ! કૃપા કરીને અમારા ભુવનમાં આપ રહેવા માટે યોગ્ય છો. (૧૨)

શ્રીહરિની ભક્તિપૂર્વક સ્તુતિ કરીને જયા વિરામ પામ્યા. પછી રમા બંને હાથ જોડીને ધર્મના પુત્ર શ્રીહરિને પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યા. (૧૩)

હે સ્વામિન્ ! સંસારરૂપી દાવાનળથી જેમનાં અંગો બળે છે એવા જનોને શાંતિ આપનારા, સર્વ પ્રકારે સજ્જનો જેમને નમસ્કાર કરે છે. તીર્થોના ઉત્પત્તિ સ્વરૂપ, આપના ચરણકમળોને હંમેશા હું વંદના કરું છું. કારણ કે જનસમુદાયોનો આપના પ્રતાપથી આપ આ સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરવા માટે સમર્થ છો. (૧૪)

કાળાદિના નિયંતા, પ્રકૃતિથી પર જે દિવ્ય અક્ષરધામ તેનાથી પર, સમગ્ર આત્માઓની અંદર સ્થિતિ પામેલા છો તો પણ વાયુની માફક નિર્લેપ એવા હે હરે ! આપ હંમેશા અગણિત ભુવનોની ઉત્પત્તિ, સ્થિતિ આદિક કરો છો છતાં પણ સર્વ કાર્યમાં રહેલા આકાશની પેઠે નિર્બંધ છો. (૧૫)

હે ભગવન્ ! આપ સ્વસુખથી નિત્ય સુખવાળા છો. બીજા દેવ મનુષ્યો તો ધન, સ્ત્રી વગેરે મુખ્ય જેમાં છે એવા પદાર્થોથી સુખી છે. આપના ભક્તો પણ તે સમગ્ર વિષયોને દુઃખરૂપ ક્લેશના સ્થાનરૂપ જાણે છે (દેવાદિ તથા શાસ્ત્ર પંડિતો પણ તે વિષયોને દુઃખરૂપ જાણતા નથી.) તે પંચ વિષયો પોતાને વિષે આસક્તિવાળા જનોને સંસારનો ભય પમાડે છે. (૧૬) હે ભગવન્ ! હે હરે ! બ્રહ્માદિ સમગ્ર શરીરધારીઓ તમારી કાળરૂપી શક્તિથી બંધાયેલા છે. માટે જ આપનાથી બીયને ભયભીત મનવાળા અખિલપતિ પરમપુરુષ એવા આપને હંમેશા વશ વર્તે છે. કોની માફક ? તો નાથેલા બળદો રાત્રિ દિવસ ખેડૂતને વશ વર્તે છે. તેમ. (૧૭)

હે સ્વામિન્ ! કાળ પણ આપની મર્યાદાનું પાલન કરતો રાત્રિ દિવસ ભયે રહિત નાના પ્રકારનાં ઋતુગણો પ્રગટ કરે છે, વાયુ વાય છે, સૂર્ય આકાશમાં ભમે છે, ઈન્દ્ર પણ પૃથ્વી ઉપર જળ વર્ષાવે છે. મૃત્યુ ભયભીત થઈને બ્રહ્માંડમાં ફરે છે. (૧૮)

હે ભગવન્ ! આ લોકમાં આપને વશ વર્તનારી પ્રકૃતિથી ઉત્પન્ન થતાં ધન, સ્ત્રી, અલંકારો વગેરે પદાર્થોથી આપ અહોરાત્રિ નિર્લેપ છો. જેમ સમુદ્રમાં રહેલો મહાન વડવાનળ સમુદ્રથી નિર્લેપ છે તેમ. વળી તે અગ્નિ તે સમુદ્રના જળથી વૃદ્ધિ પામે છે પરંતુ ક્યારેય પણ તે જળથી પરાભવ પામતો નથી. (તેમ આપ પરાભવ નથી પામતા. પરંતુ આત્મવિચારથી સ્વ સ્વરૂપ સ્થિતિમાં સદા સ્થિત છો) (૧૯)

હે હરે ! આપની કૃપાથી માયાથી ઉત્પન્ન થયેલા વિષયોનો મેં ત્યાગ કર્યો છે. તેમજ મુક્ત ભાવને પામેલા બીજા સાધુઓએ પણ તે વિષયોનો ત્યાગ કર્યો છે. તો પણ આપને વિષે પ્રીતિ વૃદ્ધિ પામે તેવી ઈચ્છાવાળા હૃદય જેમનાં છે એવા અમો તે વિષયોથી સદા ભય પામીએ છીએ. આપ તે વિષયો વચ્ચે વસતાં છતાં પણ હે અક્ષરપતે ! તે વિષયોના દોષોથી આકાશની માફક નિર્લેપ છો. (૨૦)

પોતાનાં સમગ્ર ભક્તોને પ્રિય હે હરે ! આપનું આ પરિદૃષ્યમાન ઈશ્વરપણું પ્રકૃતિજન્ય ગુણરૂપી કાજળથી રહિત છે, શબ્દ બ્રહ્મ તથા પરબ્રહ્મમાં નિષ્ણાત એવા પ્રાચીન તથા આધુનિક બુદ્ધિવાળા આપના વિદ્વાન ભક્તજનો તેને આશ્ચર્ય જાણે છે. હે સર્વાત્મન્ ! મારું મન હંમેશા આપને વિષે સ્નેહે સહિત રહો. સમગ્ર વિષયોથી અમારી હંમેશા રક્ષા કરવા માટે આપ યોગ્ય છો. (૨૧)

ધર્મપુત્ર શ્રી પુરુષોત્તમની આ પ્રકારે ભક્તિપૂર્વક સ્તુતિ કરીને રમા વિરામ પામ્યા. પછી હર્ષથી લલિતા હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરતા લાગ્યા. (૨૨)

લલિતા કહે છે :- હે સર્વ કારણ ! હે હરે ! હું આપના ચરણ કમળની દેહ, ઈંદ્રિયો તથા પ્રાણોથી ભક્તિપૂર્વક વંદના કરું છું. તે ચરણકમળ કેવાં છે ? સંસારરૂપી સમુદ્ર તરવા માટે નૌકારૂપ છે. હંમેશાં ઉપનિષદોએ વંદના કરેલાં વળી અક્ષરધામ નિવાસી, મુક્તગણોને પણ વંદનીય, આનંદના મંદિર રૂપ આપના આશ્રિત જનોના કલ્યાણ કરવામાં અતિ ચતુર, સમગ્ર દોષ રહિત. (૨૩)

હે હરે ! આપ નર નાટ્યનું અનુકરણ કરતા, દિવ્ય શરીરવાળા અને આપના દર્શનમાં જેમનાં

નેત્રો અતિ તૃષ્ણાવાળા છે એવા, અક્ષરમુક્તોના સમૂહોએ સેવ્યા છે ચરણકમળ જેમનાં એવા, અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ તથા પરિપાલન કરવા રૂપી મુખ્ય લીલ જેમની છે એવા, શોભાયમાન, દિવ્ય અક્ષરધામમાં બિરાજો છે. (૨૪) હે હરે ! અપહત પાપ્માદિ દિવ્ય સત્ય, શૌચ, કારુણ્ય, વાત્સલ્યાદિ ગુણ સમુદાયોથી યુક્ત, અનુપમ તર્કથી ન સિદ્ધ થઈ શકે એવા ઐશ્વર્ય, સૌખ્ય, વૈભવાદિથી સ્તુતિ કરવા યોગ્ય કીર્તિવાળા, રાધા, રમા વગેરે અનંત શક્તિઓએ જેમનાં હંમેશાં ભક્તિપૂર્વક ચરણકમળ સેવ્યા છે એવા આપ જ છો. આપના વિના બીજા કોઈ નથી. (૨૫)

હે હરે ! આપને વિષે પ્રકૃતિ જન્ય ત્રણ ગુણો નથી. માટે આપ મનુષ્ય જેવા દેહધારી છો છતાં પણ દિવ્યમૂર્તિ છો. માટે હે ભૂમન્ ! વેદો તથા શાસ્ત્રોએ આપને મનુષ્ય શરીર ધારી હોવા છતાં પણ માયિક ગુણોથી રહિત, અનુપમ, માયિક દોષે રહિત રૂપવાળા કહ્યા છે. (૨૬)

હે અનઘ ! ઈશ્વર એવા આપ ઉદ્ધવ સંપ્રદાયને પુષ્ટ કરવા માટે અંગ સહિત આપની ભક્તિ તથા સર્વોત્તમ એકાંતિક ધર્મ આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે હે પ્રભો ! આવિર્ભાવ પામી સર્વોત્કર્ષપણે વર્તો છો. (૨૭)

હે હરે ! આ પૃથ્વી ઉપર જે શરીર ધારીઓ આપના ગુણગણોને ગાય છે અથવા જે જનો સાધુજનો પાસેથી તે સાંભળે છે અથવા સાંભળેલા ગુણોનું મનથી ચિંતવન કરે છે, આપના ગુણોનું જે અનુમોદન કરે છે, તે સર્વે આપના પ્રસિદ્ધ અક્ષર નામના દિવ્યધામમાં જાય છે. બહુ કહેવાથી શું ? (૨૮) હે ભગવન્ ! આ લોકમાં તથા પરલોકમાં આપની નિરંતર પ્રસન્નતા માટે અનન્ય ભક્તિપૂર્વક સેવા કરું એ જ ભક્તોના અભિલષિતાર્થ આપવામાં નિપુણ એવા, આપની હું પ્રાર્થના કરું છું. (૨૯)

આ રીતે લલિતા સુંદર પદોથી શ્રીહરિની હર્ષપૂર્વક સ્તુતિ કરીને મૌન રહ્યા. પછી બીજી ભક્ત સ્ત્રીઓ શ્રીહરિની સ્તુતિ કરવા લાગી. (૩૦)

અમરી સ્તુતિ કરે છે :- આપને નમસ્કાર કરતી દેવતાઓની સ્ત્રીઓના લલાટના ભૂષણોમાં રહેલા મણિઓના કિરણો વડે અત્યંત દેદીપ્યમાન નખરૂપી ચંદ્રમાની પંક્તિ જેમાં છે એવા, અને ઉપનિષદોએ ગાન કર્યો છે સત્ય પ્રતાપ જેમને એવા, આપના બંને ચરણકમળોને ભક્તિપૂર્વક હું નમસ્કાર કરું છું. (૩૧) હે હરે ! આપના બંને ચરણકમળોમાં મારું મન નિવાસ કરો છો. બંધુઓ તથા ધન વગેરે વસ્તુઓમાં તે ન રહો. આ લોકમાં મને આપના ચરણમાં પ્રીતિવાળી સ્ત્રીઓનો જ સમાગમ હંમેશા રહો. (૩૨)

અમલા સ્તુતિ કરે છે :- હે હરે ! ભક્તોની આપત્તિઓનું પ્રશમન કરવામાં ચતુર, ઈશ્વરોના ઈશ્વર એવા આપને હંમેશાં ભક્તિપૂર્વક ચિત્તમાં ધારણ કરું છું. આ લોકમાં થોડી એવી મારી ભક્તિ છતાં પણ આપ કરુણા કરી મારા ઉપર અત્યંત પ્રસન્ન થયા છો. (૩૩)

હે ભૂમન્ ! દેહને સુખ કરનારા વિષયોમાંથી પ્રીતિનો ત્યાગ કરીને અત્યંત શોભાયમાન ગુણ રૂપી જે મણિઓ તેજ જેમનાં આભૂષણો છે એવા અને સમગ્ર દોષથી રહિત, સુખને આપનારા આપના

વિષે હંમેશા મારું ચિત્ત આસક્ત થાવ તેમજ આપના સ્વરૂપમાં જ મારું મન પૃથ્વીની માફક નિશ્ચલ થાઓ. (૩૪)

મેના સ્તુતિ કરે છે :- હે હરે ! સમગ્ર પ્રકારનાં ભયનો નાશ કરવા માટે જેમનોં આશ્રય છે એવા, અત્યંત પ્રિય આપના ચરણકમળની ભક્તિપૂર્વક હું વંદના કરું છું. આપના શ્રેષ્ઠ ચરણકમળના સંબંધથી ઉન્મત્તગંગા શિવ બ્રહ્માદિ ઈશ્વરોએ સહિત ત્રણે લોકને નિર્મળ કરે છે. (૩૫)

તેથી હું ધન, વૈભવ વગેરેને અસત્ જાણીને આપના અવિનાશી ચરણ કમળોને અનન્ય ભાવથી સેવું છું. હે સ્વામિન્ ! મારા હૃદયમાં દેવતાઓના ભોગોની ઈચ્છા નથી. તેથી મને હંમેશા આપની સેવામાં રાખો. (૩૬)

અમૃતા-કુમારી આદિ સ્ત્રીઓ સ્તુતિ કરે છે :- ધર્મકુળરૂપી કમળને પ્રફુલ્લિત કરનાર, સૂર્ય સમાન, આપ સર્વોત્કર્ષપણે વર્તો છો. સાધુજનમાં રહેલી વત્સલતાના હે પયોનિધે ! આપનું ઐશ્વર્ય આવિષ્કાર કરો. ભક્ત જનોની પીડાનો નાશ કરનારા એવા હે પ્રભો ! આપના આશ્રિતોના અન્તઃશત્રુઓના ગણોનો પરાભવ કરો. અધર્મવંશનો નાશ કરનારા હે પ્રભો ! આપ જયકારી પ્રવર્તો. (૩૭) હે સત્પતે ! કવિઓ આપના ચરણને મનુષ્યોનું રક્ષણ કરવામાં સમર્થ કહે છે. હે જગદીશ! આપ નિરીક્ષણ માત્રથી જ જગતની ઉત્પત્તિ, પાલન અને ક્ષય કરો છો. (૩૮)

હે હરે ! નિષ્કારણ અપાર દયારૂપી અમૃતથી પૂર્ણ એવાં. સ્નેહપૂર્વકની દૃષ્ટિથી નાશ ન પામે એવા આપના આશ્રિતજનોના તાપને શાંતિ પમાડતા આપ જન્મ, જરા વગેરેથી દુઃખી જનોને સંસાર સાગરથી ઉદ્ધાર કરવા માટે પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરો. (૩૯) હે હરે ! અત્યંત પાપ કરનારા પ્રાણીઓ આપના નામ કીર્તન માત્રથી જ નિષ્પાપ થઈ જાય છે તેમાં શું કહેવું ? (૪૦)

હે ઈશ્વર ! બ્રહ્મા, શિવ, શેષ એ આદિ મુખ્ય જેમાં છે એવા, ઉપનિષદ સમુદાયો તથા મુનિસમૂહોએ સ્તુતિ કરાયેલાં, સમગ્ર પીડાને નાશ કરનારું છે. દર્શન જેમનું એવા, આપના બંને ચરણકમળનું હૃદયમાં ધ્યાન કરવા અમો ઈચ્છીએ છીએ. (૪૧)

આપનું ચિંતવન કરનારા જનોના હૃદયમાં રહેલા તિમિરનો આપના અતિસુંદર નખરૂપી ચંદ્રના કિરણો નાશ કરે છે. જે નખમણીની લાલાશે લાલકમળના પત્રોની સુંદરતાને પણ જીતી છે અને જેનાં નીચેના ભાગમાં સુંદર, સ્વસ્તિકાદિ ચિહ્નો જેમને છે એવા, કળિને ભેદી નાખનારું એવું. (૪૨)

હે હરે ! આપે કોટિ કામદેવોના મદનો નાશ કરનારું મનુષ્ય શરીર આ લોકમાં જો પ્રગટ ન કર્યું હોત તો મનુષ્યો ભવસાગર જલ્દીથી કેમ તરી શકત ? અર્થાત્ નજ તરી શકત. (૪૩) હે હરે! પૃથ્વી ઉપર આપના પ્રતાપથી અસુરાંશગુરુ સમૂહોને તત્કાળ પરાભવ પમાડતા, સમગ્ર અધર્મ સર્ગ નાશ કરતા, તથા ધર્મનું પોષણ કરતા આપ સર્વોત્કર્ષપણે વર્તો છો. (૪૪)

હે હરે ! અહીં મનુષ્યોની સંસૃતિનો નાશ કરનારા, અમૃતથી પણ અતિસુંદર તથા અતિ મંગળકારી,

ઉપનિષદ્‌ગણો તથા મુનિગણોએ વર્ણન કરેલાં ચરિત્રો વડે પોતાનાં આશ્રિતજનોનું સુખ પણ અત્યંત વિસ્તારો છો. (૪૫) હે રાજન્ ! આવી રીતે સ્ત્રીભક્તોએ સ્તુતિ કરી, પછી ભક્તપતિ વ્યાપક શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈને તેમને અભય આપીને કહેવા લાગ્યા. (૪૬)

હે સ્ત્રીઓ ! તમારા ચિત્તમાં જે જે મનોરથો છે તેતે મનોરથો સર્વ પ્રકારે પૂર્ણ થશે. (૪૭) હે અબળાઓ ! યોગીઓ પણ દેહ અને દેહના સંબંધીઓના સંસર્ગનો ત્યાગ નથી કરી શકતા જ્યારે તમો મારે વિષે ગાઢ પ્રીતિથી તૃણની માફક તેમનોં ત્યાગ કરીને મને ભજો છો. (૪૮) હે ક્ષિતીશ ! આ પ્રકારે મહાપીડાનું શમન કરનારાં મધુર અને વિવિધ પ્રકારનાં વચનોથી પોતાનાં ભક્તોને પ્રસન્ન કરતા પ્રિય શ્રીહરિને નિષ્પાપ એવી સર્વ યુવતિઓ નમસ્કાર કરીને તેમનાં દર્શન કરી તે સમયે તેમને પૂછવા લાગી. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં જયા વગેરે સ્ત્રીઓએ પૃથક્ પૃથક્ હરિ સ્તુતિ કરી તે નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

જયા વગેરે સ્ત્રીઓ કહે છે :- હે નારાયણ મુને ! હે સ્વામિન્ ! હે ભક્તપ્રેય! હે સતાંપતે! હે દયાનિધે ! અમો આપને કંઈક પૂછીએ છીએ, તે આપ સાંભળો. (૧) હે ભગવન્ ! શાસ્ત્રોમાં યોગ, દાન, જપ, છંદ, તપ, યાગ, વ્રતાદિ એવા ઘણા ગુણો આપને પ્રસન્ન કરવા માટે કહ્યા છે. (૨)

હે સ્વામિન્ ! તે ગુણોમાં મુખ્ય કયો ગુણ છે ? જે મુખ્ય ગુણને સિદ્ધ કરવાથી આપના આશ્રિત જનોને ઈચ્છિત વર આપનારા આપને અમો અત્યંત પ્રસન્ન કરી શકીએ ? (૩) એક મુખ્ય ગુણની પ્રાપ્તિથી બીજા સમગ્ર ગુણો પ્રાપ્ત થાય અને તે એક મુખ્ય ગુણ ન પ્રાપ્ત થાય તો બીજો ગુણ નષ્ટ થઈ જાય. (૪)

હે હરે ! આપની ઉપાસના કરનારા અમો સર્વે આપને અત્યંત પ્રસન્ન કરી શકીએ તે મુખ્ય ગુણ જાણવા ઈચ્છીએ છીએ. તેથી આપ તે નિર્ણીત કરેલો ગુણ કૃપા કરીને આપ અમોને કહો. (૫)

આ પ્રકારે જાણવા ઈચ્છતી અને શુદ્ધ અંતઃકરણવાળી તે સ્ત્રીઓનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ આ પ્રમાણે શુભ વાક્ય કહેવા લાગ્યા. (૬)

હે કલ્યાણિઓ ! હું ભક્તિથી જેવો પ્રસન્ન થઉં છું તેવો બીજા કોઈ સાધનોથી પ્રસન્ન થતો નથી. આ પ્રમાણે તમો સર્વે નિશ્ચય જાણો. (૭) સારી રીતે આચરણ કરાયેલાં દાન, યજ્ઞ, તપ, યોગ તથા જપ, છંદ, વ્રતો વગેરેથી પ્રસન્ન થઉં છું. પરંતુ જેવો હું ભક્તિથી પ્રસન્ન થઉં છું તેવો દાનાદિ

સાધનોથી પ્રસન્ન થતો નથી. (૮)

વળી મારી પ્રીતિમાં કારણ વિપ્રપણું નથી, દેવપણું નથી તથા શ્રેષ્ઠ જન્મ પણ નથી. પરંતુ એક ભક્તિ એ જ મારી પ્રસન્નતાનું સર્વ પ્રકારે કારણ છે. (૯) હે મહાવ્રત પરાયણ ! માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહથી જે મારી સેવા તેજ ભક્તિનું લક્ષણ જાણવું. (૧૦)

નિષ્કારણ ઘણી કૃપાથી ધારણ કર્યું છે. મનુષ્ય સમાન શરીર જેમણે એવા શ્રીહરિ સર્વ ઐશ્વર્યોથી યુક્ત છે જ, એથી જ દિવ્યાકૃતિ છે. એવું શ્રીહરિનાં મહિમાનું જ્ઞાન એ જે માહાત્મ્ય જ્ઞાનનું લક્ષણ છે. (૧૧) આ પ્રકારનોં ભક્તિરૂપ ગુણ પ્રાપ્ત થવાથી સમગ્ર ગુણો પ્રાપ્ત થાય છે. તેવા પ્રકારનોં ભક્તિરૂપ ગુણ પ્રાપ્ત ન થાય તો બીજા સર્વ ગુણો નહિવત્ સમાન છે. (ફળ રહિત હોવાથી) (૧૨)

હંમેશા આચરણ કરાયેલી ભક્તિપણ માહાત્મ્ય જ્ઞાન વિના વૃદ્ધિ પામતી નથી. માહાત્મ્ય જ્ઞાન વિનાની કેવળ ભક્તિ નિષ્ઠાવાળા ભક્તમાં શમાદિ સદ્ગુણો આવતા નથી. (૧૩) માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ આરંભ દશામાં વૃદ્ધિ પામતી જણાતી હોય તો પણ નિર્બળ, જન્મથી ક્ષય રોગવાળી સ્ત્રી જેમ, યૌવન અવસ્થા પહેલાં જ નાશ પામે છે, તેમ નાશ પામે છે. (૧૪)

માહાત્મ્ય જ્ઞાન રહિત ભક્તિ નાશ પામવાથી પ્રથમ સાધિત ભક્તિની સિદ્ધિ માટે સંપાદન કરેલા તપ વગેરે અન્ય ગુણો પ્રયત્ન કરવા છતાં પણ તે ભક્તિનું રક્ષણ કરી શકતા નથી. તેથી તે નાશ પામે છે. (૧૫) માહાત્મ્ય જ્ઞાનપૂર્વક નિષ્પન્ન કરાયેલી ભક્તિ તો વાયુના વેગથી દાવાનળ જેમ વૃદ્ધિ પામે તેમ પ્રતિક્ષણ વૃદ્ધિ પામે છે. (૧૬)

તપ વગેરે નિયમો પાતંજલ સૂત્રમાં **शौचसंतोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानिनियमाः** બ્રહ્મચર્યાદિ યમો "**अहिंसासत्यास्तेयाब्रह्मचर्यअपरिग्रहाः यमाः**" તથા શમ દમાદિ વગેરે સાધનો વગેરેને વિદ્વાનોએ ગુણો કહ્યા છે. (૧૭) માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ રહિત મનુષ્યમાં તે ગુણોમાનો એક પણ ગુણ રહેતો નથી તો સર્વ ગુણોવાળી ભક્તિ ક્યાંથી રહે ? (૧૮)

જે ભક્તે જેટલો મહિમા જાણ્યો હોય, તે ભક્તે મારી ભક્તિ કરવામાં તેટલી શ્રદ્ધાપૂર્વક ત્વરા થાય. તેમજ મારે વિષે ભક્તિ પણ તે શ્રદ્ધાને અનુસારે થાય. (૧૯) આ પ્રકારે મહિમા જાણીને શ્રદ્ધાપૂર્વક મારી સેવારૂપી દૃઢ ભક્તિ જ મારી પ્રસન્નતાનું કારણ છે. (૨૦) તમોને સર્વને મારું માહાત્મ્ય જ્ઞાન છે. પરંતુ તે મહિમાની સુદૃઢ સુદ્ધિ માટે હંમેશા મારી કથા સાંભળવી. (૨૧)

તે સ્ત્રીઓ આ પ્રકારની અમૃતના સારરૂપ શ્રીહરિની વાણી સાંભળીને મહાઆનંદ પામી અને શ્રીહરિને આદરપૂર્વક વંદના કરવા લાગી. (૨૨) પછી શ્રીહરિએ આજ્ઞા આપવાથી તે સ્ત્રીઓ પોતપોતાનાં નિવાસ પ્રત્યે ગઈ. શ્રીહરિનાં ગુણો ગાતી, પોતાનો નિત્ય પ્રાપ્ત નિયમ (ભગવાનના નામનો મંત્ર જપ, સાધુ તર્પણ, ઘેર રહેલા દેશાંતરથી આવેલી હરિભક્ત સ્ત્રીઓને ભોજનાદિ) કરતી હતી. (૨૩) સમગ્ર ભક્તજનોને આનંદ આપતા કલ્યાણમૂર્તિ, સત્પુરુષોના પતિ, નારાયણ પોતાનાં મંદિરમાં રહેતા હતા. (૨૪)

પછી હે મહીપતે ! ભગવાનને વિષે આસક્તિવાળી (શ્રીહરિનાં ધ્યાનમાં આસક્તિવાળી) તે સર્વે સ્ત્રીઓ લલિતાના મંદિરમાં સાયંકાળે ભેગી થઈ. (૨૫) પછી અતિ વિસ્તારવાળા તે મંદિરમાં રમા વગેરે સ્ત્રીઓ આનંદપૂર્વક મુહૂર્ત પર્યંત તાળિઓનો ધ્વનિ કરતી હરિનામના શબ્દનો ધ્વનિ કરવા લાગી. (૨૬) પછી જપ માળાઓ ધારણ કરતી રમા વગેરે સમગ્ર સ્ત્રીઓ આસનો ઉપર બેસીને શ્રીહરિનું ચિંતવન કરતી શ્રીહરિનાં નામ મંત્રનો જપ કરવા લાગી. (૨૭)

તે સ્ત્રીઓમાં રમા, જયા, લલિતા, અમરી, અમલા, કમળા વગેરે ધ્યાનમાં સ્થિર થઈ ચિત્રેલી સ્ત્રીઓની આકૃતિ સમાન સ્થિરતા ધારણ કરતી હતી. (૨૮)

રમા વગેરેની એકાંતિકી ભક્તિથી અતિ સંતોષ પામેલા ભક્તિ તપથી વિશુદ્ધ તે સ્ત્રીઓને પોતાનાં દર્શન આપવા માટે ઇચ્છતા હતા. (૨૯) પછી તે સ્ત્રીઓના મધ્યે તેજ પુંજમાં વિરાજમાન પ્રીતિપૂર્વક મધુર ગાન કરતા ભક્તિ એકદમ પ્રાદુર્ભાવ પામ્યા. (૩૦)

દિવ્ય, કસુંબી વસ્ત્રો ધારણ કરેલાં દિવ્યાલંકારથી શોભતાં, સુવર્ણના જેવા ગૌર વર્ણવાળા અતિપુણ્યમય છે દર્શન જેમનાં, શાંત અને પ્રકાશમાન શરીરવાળા. (૩૧) રમા વગેરે સ્ત્રીઓ પૂર્વે ક્યારેય નહિ જોયેલા એવા તે ભક્તિ માતાને જોઈને તેમનાં પ્રતાપથી અતિ પરાભવ પામી અનેક તર્ક કરતી, તેમને કંઈ પણ પૂછવા માટે સમર્થ ન થઈ. (૩૨)

હે રાજન્ ! તપ કરવામાં આસક્તિવાળી, ધૈર્યથી યુક્ત રમા, આદરપૂર્વક તે સ્ત્રીને પ્રણામ કરીને વિનયપૂર્વક પૂછવા લાગ્યા. (૩૩) હે કલ્યાણિ ! હે સર્વોત્તમે ! શ્રીહરિનાં ગુણોને ગાતાં તમોને હું વંદના કરું છું. તમો કોણ છો ? કોની પુત્રી છો ? હે સુવ્રતે ! કોની પત્ની છો ? (૩૪)

વૈરાગ્યાદિ ગુણોવાળી રમાએ પ્રીતિપૂર્વક આ પ્રમાણે પૂછ્યું તેથી ધર્મદેવના પટ્ટરાણી ભક્તિ કહેવા લાગ્યા. (૩૫)

સુવ્રતવાળા રમા વગેરે સર્વ ભક્ત સ્ત્રીઓ તમો મારું વચન સાંભળો. તમે મને સાક્ષાત્ ધર્મના પત્ની જાણો. (૩૬) હે સ્ત્રીઓ ! હું મનુષ્યોને અગોચર, દિવ્ય દેહવાળી, મારા સ્વામી ધર્મદેવ તેમણે સહિત તમારા ભુવનમાં રહેલા નારાયણ મુનિના (તમોએ ઉપાસના કરાયેલા મારા પુત્ર શ્રીસ્વામિનારાયણના) સમીપે જ હંમેશા વસું છું. (૩૭)

અન્નકૂટ તથા પ્રબોધિનીના મોટા ઉત્સવો જયા તથા લલિતાએ કરાવ્યા તેથી હું સંતોષ પામી છું. (૩૮) હે સ્ત્રીઓ ! તમો સર્વેએ તમારા શરીરનો અનાદર કરીને આદરપૂર્વક બંને મહોત્સવોમાં ઘણો શ્રમ કર્યો છે. (૩૯) તેથી જયા, લલિતા તથા તમારા સર્વે ઉપર પણ હું પ્રસન્ન થયેલી છું. મે શ્રીહરિની આજ્ઞાથી મારા દર્શન તમને આપ્યા છે એમ જાણો. (૪૦) શ્રીહરિની આજ્ઞા વિના મારા પ્રત્યક્ષ દર્શન યોગીઓને પણ નિશ્ચય ન જ થાય. તમારા ઉપર હું પ્રસન્ન થઈ છું. તેથી મારી પાસેથી તમો ઈચ્છિત વર માગો. (૪૧)

આ પ્રમાણે ભક્તિનું વચન સાંભળીને અત્યંત હર્ષ પામેલી તથા તેમનાં રૂપથી સંશય રહિત થયેલી રમા વગેરે સર્વસ્ત્રીઓએ રોમાંચે સહિત આશ્ચર્યપૂર્વક તેમને પ્રણામ કર્યા. (૪૨) પછી પ્રસન્ન થયેલી અને તેમનાં પ્રતાપને જાણનારી રમા વગેરે સ્ત્રીઓ બંને હાથ જોડીને વિનયપૂર્વક તેમને નમસ્કાર કરીને નિષ્પાપ એવા ભક્તિને આ પ્રમાણે કહેવા લાગી. (૪૩)

રમા વગેરે સ્ત્રીઓ સ્તુતિ કરે છે :- હે કલ્યાણિ ! તમો જો અમારા ઉપર અત્યંત પ્રસન્ન થયા હો તો અમારા સર્વેના હૃદયમાં નિરંતર સ્થિતિ કરો. (૪૪) હે મહારાણી ! અમારા ઈષ્ટદેવ શ્રીહરિનાં પિતા ધર્મદેવના પટ્ટરાણી તમો અમોને આ પ્રકારે જ વર આપો. હે ઈશ્વરી ! અમોને તમારી પાસેથી બીજું પ્રાર્થનીય કાંઈ જ નથી. (૪૫-૪૬) હે શુભે ! તમારા ગાનમાં અમારું મન અત્યંત લુબ્ધ છે. તેથી હે માતા ! તમો આ અતિ સુંદર ગાન કરો છો તે શું છે તે અમોને કહો. (૪૭)

તેમણે આ પ્રકારે પ્રાર્થના કરી તેથી પ્રસન્ન થયેલા ભક્તિ તેમનાં પ્રત્યે કહેવા લાગ્યા. હે કલ્યાણિઓ ! તમો મારું યથાર્થ શુભ વચન સાંભળો. (૪૮) જ્યાં ધર્મ વસે છે ત્યાં મારો વાસ નિશ્ચિત છે. જ્યાંથી ધર્મ જાય છે ત્યાંથી હું તત્કાળ જાઉં છું. (૪૯)

હે સ્ત્રીઓ ! પતિવ્રતા એવી હું તે મારી એ નિશ્ચળ પ્રતિજ્ઞા છે. મારે વિષે પ્રેમવાળા ધર્મનો હું ત્યાગ કરતી નથી. ધર્મને વિષે અનુરાગવાળી મારો તે ધર્મ ત્યાગ કરતા નથી. (તેમનોં અને મારો છાયા અને છાયાવાળાના જેવો સંબંધ છે.) (૫૦) પોતાનાં ધર્મ પાલનમાં અતિ પ્રયત્નવાળા તમોએ યમ અને નિયમથી ધર્મ અત્યંત દૃઢ કર્યો છે માટે હું તમોને વશ થયેલી છું. (૫૧)

હે સ્ત્રીઓ ! તમારા હૃદયમાં નિવાસ ઈચ્છતા મારા પતિની સાથે જ હું પણ તમારા હૃદયમાં રહીશ. એમાં સંશય નથી. (૫૨) હે સ્ત્રીઓ ! હું શું ગાન કરું છું એમ તમોએ જે પૂછ્યું તેનો ઉત્તર સાંભળો. જે પોતાને સુખ આપે તેનો યશ ગાવો આ પ્રકારે નિયમ છે. (૫૩)

આ નારાયણ મુનિ અક્ષર થકી પર છે અને સર્વ અવતારોના કારણ છે. તેમાં સંશય જ નથી. (૫૪) આ પહેલાં પણ વારાહ આદિ અવતારોના પ્રાદુર્ભાવોથી તે દયાનિધિએ અમારું રક્ષણ કર્યું છે. હે ભક્તો ! કૃષ્ણાવતારમાં અસુર સમુદાયથી વિશેષપણે અમારું રક્ષણ કર્યુ છે. (૫૫)

વળી આ અવતારી તો હમણાં હજારો અસુરોથી કૃષ્ણ કરતા પણ અત્યંત વિશેષ અમારું રક્ષણ કરે છે. (૫૬) એવા આ અવતારીનાં તથા તેમનાં જે શ્રીકૃષ્ણાદિ અવતારોના જે ચરિત્રો વ્યાસે ભાગવતાદિ ગ્રંથોમાં ગૂંથેલા છે તે ચરિત્રો હું ગાઉં છું. (૫૭)

અવતારી એવા આ શ્રીહરિનાં હાલનાં ચરિત્રો તો શતાનંદ, રઘુવીરાચાર્ય, નિત્યાનંદ આદિ કવિઓ સત્સંગિજીવન-હરિલીલાકલ્પતરુ-હરિદિગ્વિજય વગેરે ગ્રંથ રૂપે ગૂંથશે તેને હું ગાઈશ. (૫૮) ઈશ્વરી આ ભક્તિ રમા વગેરેને વર આપીને ઉક્ત પ્રકારે તેમનાં પ્રશ્નોના ઉત્તર કરીને વીજળીની રેખાની જેમ તત્કાળ તિરોધાન થયાં. (૫૯)


આશ્ચર્યપૂર્વક પરમાનંદ પામેલી રમા વગેરે અબળાઓ ભક્તિનાં દર્શન શ્રીહરિની પ્રસન્નતાથી જ થયા છે એમ માનવા લાગી. (૬૦)આવી રીતે ભગવાને હંમેશા પોતાનાં ભક્તોના સમગ્ર મનોરથો પૂરા કર્યા છે અને સર્વ વિઘ્નોથી ભક્તોનું રક્ષણ પણ કર્યું છે. (૬૧)

હે રાજન્ ! પોતાનાં ભક્તોએ સેવેલા, પૃથ્વી ઉપર પોતાનો યશ વિસ્તારવા અને ભક્તોના મનને અતિસુંદર એવા શ્રીહરિ, ગઢપુરમાં આ પ્રકારનાં ઘણા મહોત્સવો કરતા હતા. (૬૨)

હે રાજન્ ! આ પ્રકારે તમોને અતિ પવિત્ર શ્રીહરિનું આ ચરિત્ર કહ્યું. જે જન તે ચરિત્રને સાંભળે અથવા સંભળાવે તે બંને સંસારના દૃઢ પાશથી મુક્ત થઈને દેહાંતે અનવધિકાતિશય મહિમાવાળા શ્રીહરિનાં અક્ષરધામમાં જાય છે. (૬૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના છઠ્ઠા સ્કંધમાં પ્રાચીન ન્યાયાચાર્ય-વેદાન્તતીર્થ-સાંખ્ય-યોગરત્ન-પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ માનસિંહ સંવાદે શ્રીહરિની પ્રસન્નતાનો હેતુ, ગુણ, કથન વગેરે નિરુપણ નામ ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)

ષષ્ઠઃ સ્કંધ સમાપ્ત



છઠ્ઠા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૫૨	૧૬-૨૬
૨-૩૧	૧૭-૩૩
૩-૪૧	૧૮-૪૫
૪-૫૧	૧૯-૪૪
૫-૬૧	૨૦-૪૨
૬-૪૮	૨૧-૪૦
૭-૫૧	૨૨-૩૭
૮-૪૮	૨૩-૩૪
૯-૫૨	૨૪-૩૪
૧૦-૪૧	૨૫-૫૮
૧૧-૪૬	૨૬-૪૬
૧૨-૬૫	૨૭-૨૪
૧૩-૪૨	૨૮-૪૧
૧૪-૧૭	૨૯-૬૩
૧૫-૫૧	કુલ શ્લોક : ૧૩૧૪



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्री हरिलीलाकल्पतरुः ॥

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના સાતમા સ્કંધની અવતરણિકા

માયા-કાળ વગેરે ભયપૂર્વક, નાથેલા બળીવર્દો ખેડૂતની આજ્ઞા જેમ પાળે છે તેમ જેની આજ્ઞા પાલન કરે છે એવા જે અનંત શક્તિવાળા, વ્યાપક, સત્પતિ, અવતારોના કારણ, અનુપમ આનંદાદિક ગુણોના મહાસાગર, ધર્મપુત્ર શ્રીસહજાનંદ શ્રીહરિને ભક્તિપૂર્વક આનંદથી હું નમસ્કાર કરું છું. (૧) આ સપ્તમ સ્કંધના શ્રવણ કરવા યોગ્ય ઈઠોતેર અધ્યાયો છે. (૨) તેમાં પહેલા બે અધ્યાયમાં શ્રીહરિએ ગઢપુરથી પ્રયાણ કર્યું તથા શ્રીહરિએ ભક્તોના ગામ પ્રત્યે આગમન કર્યું તે કહ્યું છે. (૩) પછી ચાર અધ્યાયોમાં જેતલપુરમાં શ્રીહરિએ યજ્ઞોત્સવ કર્યો તે વર્ણન છે. પછી એક અધ્યાયમાં ઘોડાસર ગામમાં શ્રીહરિ પધાર્યા તે કહ્યું છે. (૪) બે અધ્યાયોમાં ઘોડાસરમાં શ્રીહરિએ કરેલી લીલા કહી છે. પછીના આઠ અધ્યાયોમાં ડભાણમાં શ્રીહરિએ યજ્ઞોત્સવ કર્યો તે વર્ણન છે. ત્યાર પછીના અધ્યાયમાં શ્રીહરિનું ભક્તોના ગામોમાં આગમન વર્ણવ્યું છે. (૫) પાંચ અધ્યાયોમાં નડિયાદપુરીમાં તથા તે પછીના ચાર અધ્યાયોમાં ઉમરેઠ નગરમાં શ્રોતા ભક્તોને મનોહર એવું શ્રીહરિએ કરેલું ચરિત્ર વર્ણવ્યું છે. (૬) પછીના એક અધ્યાયમાં ધર્મપુત્ર શ્રીહરિએ આણંદપુરમાં અતિપ્રિય લીલા કરી તે તથા શ્રવણ પ્રિય શ્રીહરિનું વડતાલમાં આગમન વર્ણવ્યું છે.(૭) ત્યાર પછીના ચાર અધ્યાયમાં બામરોળી-સંજાયા વગેરે શાખાપુરોમાં શ્રીહરિની લીલાનું વર્ણન કર્યું છે. ત્રણ અધ્યોયામાં શ્રીહરિએ કરેલો પુષ્પદોલોત્સવ વર્ણવ્યો છે. (૮) પછી અગિયાર અધ્યાયોમાં ધર્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. બીજા અગિયાર અધ્યાયોમાં જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે. (૯) પછીના ચાર અધ્યાયોમાં વૈરાગ્ય અને એક અધ્યાયોમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું છે. પછી એક અધ્યાયમાં મનને જીતવાના ઉપાય તથા ત્યાર પછીના એક અધ્યાયમાં મોક્ષનો ઉપાય કહ્યો છે. (૧૦) સુરત નગરના ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિ પોતાનાં સંત, વર્ણી તથા ભક્તોની સાથે વડતાલથી નીકળ્યા તે એક અધ્યાયમાં વર્ણન છે. (૧૧) પછી ત્રણ અધ્યાયોમાં ભક્તોના ગામોમાં શ્રીહરિ પધાર્યા તે વર્ણન છે. પછીના ત્રણ અધ્યાયોમાં સુરતમાં શ્રીહરિએ કરેલી મુક્તિ આપનારી લીલાનું વર્ણન છે. (૧૨) એક અધ્યાયમાં શ્રીહરિનું ધર્મપુરમાં આગમન વર્ણવ્યું છે. પછી ચાર અધ્યાયોમાં ત્યાં શ્રીહરિએ કરેલું આશ્ચર્યજનક ચરિત્ર વર્ણવ્યું છે. (૧૩) પછીના બે અધ્યાયોમાં ભક્તોના પુરોમાં અત્યંત પવિત્ર વિચરણ કહ્યું છે અને ત્યારબાદ ગઢપુરમાં શ્રીહરિ પધાર્યા એ હકીકત છે. (૧૪, ૧૫)





અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનાં એકાંતિક ભક્તો જેમની સદા સેવા કરે છે તે શ્રીહરિ પોતાનાં ભક્તોને આનંદ આપતા ગઢપુરમાં રહ્યાં. (૧)

હે રાજન્ ! એ સમયે જેતલપુર નિવાસી આશાભાઈ વગેરે ભક્તોએ મળીને આ પ્રકારે વિચાર કર્યો. (૨) હે ભક્તો ! આ પુરની પૃથ્વી યજ્ઞને યોગ્ય છે તેમજ નગરની સમીપે મોટું તળાવ છે. નાના પ્રકારનાં વૃક્ષોની છાયા પણ છે. (૩) તેથી દયાનિધિ શ્રી સ્વામિનારાયણ સત્પુરુષોની સાથે અહીં આવીને જો વિષ્ણુયાગનો ઉત્સવ કરે છે. (૪) તો આપણે સર્વે નિરંતર તેમની સેવા કરીએ. તેમનાં દર્શન વગેરેનો મનુષ્ય જન્મની સફળતા રૂપ નિશ્ચય જ મોટો લાભ આપણને થાય. (૫) તે મહોત્સવમાં શ્રીહરિનાં સાધુપુરુષો તથા દેશાંતરથી આવેલા હજારો હજાર ભક્તોના નિત્ય દર્શન પણ થાય. (૬)

આશાભાઈ વગેરે હરિભક્તો આવો નિશ્ચય કરીને શ્રીહરિને પોતાનાં પુરમાં લાવવા માટે જીવણભક્ત સાથે પ્રાર્થના પત્ર મોકલી સંપ્રેરણા કરતા હતા.(૭) હે રાજન્ ! પછી તત્કાળ હર્ષથી જેતલપુરથી નીકળી જીવણભક્ત થોડા દિવસોમાં જ ગઢપુર પહોંચ્યા. (૮)

જીવણભક્તે સભામાં બિરાજેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનને ભક્તિપૂર્વક પ્રણામ કરીને, બીડેલો પત્ર તેમને આપ્યો અને પોતાનાં પુરમાં લઈ જવા માટે વિનયથી ઘણા પ્રકારે પ્રાર્થના કરી. (૯-૧૦)

ભક્ત કલ્પદ્રુમ સ્વયં શ્રીહરિ પત્ર ઉઘાડી તેને વંચાવીને તે પત્રનું રહસ્ય જાણતા હતા. (૧૧) પછી સત્પતિ શ્રીહરિ રામપ્રતાપ, ઈચ્છારામ તથા મુક્તાનંદાદિ મુનિઓ, મુકુંદાનંદ, સોમવર્મા, હેમંતસિંહ, ઉત્તમ રાજા વગેરેની સાથે વિચાર કરીને યજ્ઞ કરવા ઈચ્છતા, જેતલપુરથી આવેલા પોતાનાં ભક્ત જીવણને આ પ્રમાણે કહેતા હતા. હે ભક્તવર્ય ! અમો તમારા નગરમાં આવીશું. શ્રીહરિનું આવું વચન સાંભળીને તે જીવણભક્ત અતિશય આનંદ પામ્યા. (૧૨-૧૩)

પછી યજ્ઞને યોગ્ય સામગ્રીઓ તૈયાર કરવા માટે શ્રીહરિએ ગોવિંદાનંદ મુનિને પોતાનાં મંડળ સાથે પહેલાં જવા માટે આજ્ઞા કરી. (૧૪) પછી ગોવિંદાનંદ મુનિ મંડળે સહિત પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રણામ કરીને, આવેલા જીવણભક્તની સાથે શ્રીહરિની આજ્ઞાથી ગયા. (૧૫) ત્યાર પછી ઈશ્વર શ્રીહરિ કેટલાક દિવસો ગઢપુરમાં રહીને જેતલપુર પ્રત્યે જવા માટે વિચાર કરવા લાગ્યા. (૧૬)

પછી શ્રીહરિએ પોતાની અનુવૃત્તિ પાળનાર પોતાનાં ભાઈઓ તથા તેમનાં પરિવારને પોતાની સાથે આવવા આજ્ઞા કરી. (૧૭) શ્રીહરિ પોતાને વિષે આસક્ત સર્વે સાધુઓ, વર્ણીઓ, અસવારો તથા પાર્ષદોને પોતાની સાથે આવવા માટે જણાવતા હતા. (૧૮)

પોતાનો વિયોગ સહન કરવા માટે અસમર્થ ઉત્તમ રાજાને પણ પોતાની સાથે આવવા માટે શ્રીહરિએ પ્રીતિપૂર્વક આજ્ઞા કરી. (૧૯) વિચક્ષણ નાંગમાળને પ્રિયવચનો વડે શ્રીહરિએ સાંત્વન આપીને પુરનું રક્ષણ કરવા માટે ગઢપુરમાં રહેવા આજ્ઞા કરી. (૨૦)

પોતાનાં પરિવાર સહિત શિબિકામાં બેઠેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ શ્રીહરિની આજ્ઞાથી આગળ જવા લાગ્યા. (૨૧) સોનેરી લાલવસ્ત્રો ધારણ કરી તૈયાર થયેલા શ્રીહરિએ યોગ્યતા પ્રમાણે સાધુ વગેરેને વાહનોમાં બેસાડ્યા. (૨૨)

હે રાજન્ ! પછી શ્રીહરિએ નાજા ભક્તે તૈયાર કરેલા નાના પ્રકારનાં અલંકારોથી શોભામાન પોતાનાં ઉંચા રોઝા (લાલ) ઘોડા ઉપર બેસીને સુંદર વાદ્યોનો ઘોષ સાંભળતા પ્રયાણ કર્યું. (૨૩) ચળકતા સૂર્યના કિરણોથી સ્ફુરાયમાન, ભાલાઓથી શોભાયમાન હાથના અગ્રભાગો જેમનાં છે એવા ઘોડેસવારો સોમવર્મા તથા હેમંતસિંહ વગેરે તથા નાના પ્રકારનાં ઢાલ-તરવાર બંધૂક વગેરે આયુધો ધારણ કરનાર પાર્ષદો, મુક્તાનંદ વગેરે સાધુઓ, વર્ણીઓ તથા ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા એ સર્વે શ્રીહરિની સાથે પ્રયાણ કરતા હતા. (૨૪)

અત્યંત હર્ષથી પુરજનોએ જેમનાં દર્શન કર્યા છે તે શ્રીહરિએ નગરથી બહાર નીકળીને નાંગમાળ વગેરે સર્વે ભક્તોને પાછા વાળીને, રોઝા ઘોડાને પોતાનાં પગની પહેનીનો સ્પર્શ કર્યા. (૨૫) તે સ્પર્શ થયો કે તરત જ અશ્વોના કુળમાં ભૂષણરૂપ રોઝો ઘોડો તત્કાળ શીઘ્ર ગતિ કરતો હતો. (૨૬)

શ્રીહરિકૃષ્ણના ચરણરૂપી કમળોના આશ્રયથી અક્ષરધામમાં જનસમુદાયોની ગતિ તત્કાળ છે આ પ્રકારે જાણે જણાવતો હોય ને શું ? તેવો અતિપ્રિય કુલીન ઘોડો આકાશમાં ઉડતો હતો. (૨૭) ભક્તો જેમનાં દર્શન કરે છે અને સુંદર નાના પ્રકારનાં પદ વિન્યાસ જેમનાં છે એવા, શોભાયમાન શ્રીહરિ સુવર્ણની લગામથી શોભતા અશ્વને માર્ગમાં દોડાવતા હતા. (૨૮)

શ્રીહરિનાં યોગવિશેષથી શોભતા અશ્વની ગતિ જોઈને જનોનો સમૂહ આ વાયુ છે કે શું ? અથવા વિનતાનો પુત્ર ગરુડ છે કે શું ? આ પ્રકારે તર્ક કરતો હતો. (૨૯) શ્રીહરિ જેનાં ઉપર બિરાજમાન છે એવા અશ્વનો અતિશય વેગ જોઈને પોતાનાં વેગથી ગર્વયુક્ત થયેલું મન પણ જાણે ઘણી લાજ પામતું

હોય ને શું ? અને તેથી જાણે પ્રાણીઓની હૃદયગુહામાં સંતાઈ ગયું હોય તેમ જણાતું હતું. (૩૦)

વેગપૂર્વક કૂદીને દોડવાનું શ્રીહરિનાં આ અશ્વ પાસેથી મૃગલાઓ જાણે શીખેલા હોય ને શું ? નટો પણ અતિ શોભાયુક્ત નૃત્યક્રિયા આ અશ્વ પાસેથી જાણે શીખતા હોય ને શું ? સમુદ્રમાં ઉત્પન્ન થતું જળનું પૂર કિનારા તરફ જઈને શીઘ્રગતિથી દોડવાનું જાણે આ અશ્વ પાસેથી શીખતું હોય ને શું ? આકાશ માર્ગમાં ગતિ કરતા પોતાનાં વિમાનો શ્રીહરિનાં આ અશ્વ પાસેથી જાણે ઊડવાનું શીખતા હોય ને શું ? આ પ્રકારે શ્રીહરિનાં દર્શન કરવા આવેલા વિમાનોમાં બેઠેલા દેવતાઓ ઉત્પ્રેક્ષાઓ કરતા હતા. (૩૧)

શ્રીહરિનાં અશ્વને જોઈને હરણો પોતાની કુદવાની મનોહર ક્રિયાનો ત્યાગ કરતા હતા. તેવી જ રીતે ઉત્તમ નટો પણ પોતે અભ્યાસ કરેલી નૃત્ય ક્રિયાનો ત્યાગ કરતા હતા. (૩૨)

સર્વે ઘોડેસવારોએ પોતાનાં ઘોડાઓને શ્રીહરિનાં અશ્વની પાછળ અતિશય દોડાવ્યા તો પણ અશ્વના વેગથી જેમનાં તોરાઓ ચલાયમાન થાય છે એવા અને મનોહર આકૃતિવાળા શ્રીહરિને તેઓ પહોંચ્યા નહિ. (જ્યાં યોગીઓના મન પણ પહોંચી શકતાં નથી ત્યાં તેમને પહોંચવા માટે પોતાનાં ઘોડાને પ્રેરણા કરવી એ જ ઘોડેસવારોની બુદ્ધિનું વિકલપણું છે.) (૩૩)

વેગવાળા છતાં સુંદર અને ચંચળ છે. ચાલ જેની એવા શ્રીહરિનાં અશ્વને, તેની પાછળ દોડાવ્યા છતાં પણ તે સમગ્ર ઘોડાઓ પક્ષીના સમૂહો જેમ વિનતાના પુત્ર ગરુડને પહોંચી નથી શકતા તેમ પહોંચી ન શક્યા. (૩૪)

તેથી પૃથ્વીના રજકણોથી ભૂખરાં થયાં છે. વસ્ત્રો જેમનાં એવા, પોતાનાં હાથમાં ગ્રહણ કરી છે પોતાનાં અશ્વની સોનેરી લગામ જેમણે એવા શ્રીહરિ, પોતાનાં ઘોડેસવારોને શ્રમિત થયેલા જાણી માર્ગમાં ઊભા રહ્યા. (૩૫)

હે ભૂપતે ! અતિશય શિથિલ થઈ ગયા છે ફેંટાઓ જેમનાં એવા અને અતિશય શ્વાસયુક્ત છે મુખો જેમનાં એવા પોતાની સમીપે આવતા ઘોડેસવારોને જોઈને શ્રીહરિ હસતા હતા. (૩૬) પછી શ્રીહરિ ઘોડેસવારોની સંભાવના કરીને, ઘોડેસવારોથી વીંટાયેલા તેમની સાથે જ માર્ગમાં ચાલતા અમૃતથી પણ વધારે સ્વાદવાળી વિવિધ વાતો કરતા સમગ્ર ઘોડેસવારોને માર્ગમાં અત્યંત આનંદ પમાડતા હતા. (૩૭)

આ પ્રકારે અસવારોની સાથે ચાલતા પોતાનાં ઉત્તમ અશ્વના ચાલવાથી હલે છે ઉત્તમ તોરાઓની પંક્તિ જેમને એવા, અસવારોના સમૂહોથી વીંટાયેલા શ્રીહરિ પીપળીયા ગામની સમીપે આવ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમી સ્કંધમાં શુકાનંદમુનિ, માનસિંહ નૃપ સંવાદમાં દુર્ગપુરથી શ્રીહરિનું પ્રયાણ નિરૂપણ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પોતાની સન્મુખ આવેલા પીપળીયા ગામના ભક્તજનોએ શ્રીહરિને ત્યાં નિવાસ કરવા માટે પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ તે આત્મીય ભક્તોની સાથે પીપળીયા ગામમાં રહ્યા. (૧)

તે ગામમાં વીરો, વેલો, જશુ, અર્જુન વગેરે ભક્તો, રામપ્રતાપ તથા તેમનાં પરિવારની તેમજ મુનીંદ્ર મુક્તાનંદાદિ સાધુઓની સાથે શ્રીહરિની સેવા કરતા હતા. (૨) શ્રીહરિએ પોતાનાં આશ્રિતોની સાથે વિષ્ણુને ભોજન નિવેદન કરીને પછી ભોજન કર્યું. પછી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સહિત જનોને કલ્યાણ કરનારી વાર્તા કરીને તે રાત્રી શ્રીહરિએ ત્યાં નિર્ગમન કરી. (૩)

પ્રાતઃકાળમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા. પછી પોતાનાં ભક્તોએ વળાવ્યા એટલે પોતાનાં બંધુવર્ગ વગેરેની સાથે માર્ગમાં વિચરતા શ્રીહરિ ''પોલારપર'' ગામ પ્રત્યે પધાર્યા. (૪)

પોતાની સન્મુખ આવેલા તે પુરના પોતાનાં આશ્રિતોએ પ્રાર્થના કરી તેથી ધર્મના પુત્ર શ્રીહરિ પોતાનાં આત્મીય જનો સાથે તે ગામમાં ઉત્તમ નિવાસમાં ઉતર્યા. (૫)

તે ગામના ગણેશ ભક્ત, મોડભક્ત તથા વનાભાઈ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૬) શ્રીહરિનાં આશ્રિતોની તેમજ શ્રીહરિની તે ભક્તોએ વિવિધ પ્રકારનાં ઉપચારોથી પૂજા કરી તથા શ્રેષ્ઠ ભોજનોથી તેમને તૃપ્તિ પમાડ્યા. (૭)

શ્રીહરિએ અહીં ધર્માદિ સંબંધી વાર્તા કરીને તે ગામમાં રાત્રિ નિર્ગમન કરી. પ્રાતઃકાળમાં શ્રીહરિને પોતાને વિષે અત્યંત પ્રેમવાળા તે ભક્તોએ વળાવ્યા. પોતાની સાથે આવેલા જનોની સાથે તે ગામમાંથી શ્રીહરિએ પ્રયાણ કર્યું. (૮)

પોતાનાં સ્વાશ્રિતોજનોની સાથે શ્રીહરિ પરવડી ગામમાં પધાર્યા. અહીં પણ પોતાની સામે આવેલા ભક્તોએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પરવડી ગામમાં રહ્યા. અહીં રઘુભક્ત વગેરે ભક્તોએ શ્રીહરિ તથા તેમનાં આશ્રિત જનોની સેવા કરી તેમજ ભોજનોથી તૃપ્તિ પમાડ્યા. શ્રીહરિએ ધર્માદિ સંબંધી વાર્તા કરીને ત્યાં રાત્રિ નિર્ગમન કરી. (૯-૧૦)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજીને પોતાનાં સહચરોની સાથે શ્રીહરિ માર્ગમાં વિચરતા રોઝકાપુરમાં પધાર્યા. (૧૧) તે ગામના અધિપતિ ક્ષત્રિય ભક્ત કાકુભાઈ શ્રીહરિ પધારે છે તે સાંભળીને વાદ્યોના ઘોષપૂર્વક સાથે સેના લઈ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૧૨)

તે પુરના ભક્તો તથા કાકુભા રાજા, દૂરથી શ્રીહરિનાં દર્શન કરીને ભક્તિના અનુરાગથી શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. (૧૩)

રોઝકાના અધિપતિ કાકુભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી અને પોતાનાં બંધુ વગેરે સાથે શ્રીહરિને પોતાનાં દરબારમાં હર્ષપૂર્વક નિવાસ કરાવી યથાયોગ્ય અત્યંત સેવા કરતા હતા. (૧૪) તે પુરમાં જગજીવન

વગેરે બ્રાહ્મણો શ્રીહરિનું સેવન કરતા હતા. તેમજ કાંધોજી તથા માનોભા વગેરે પ્રસિદ્ધ ક્ષત્રિય ભક્તો સેવા કરતા હતા. (૧૫)

બીજા ગજાદિ ભક્તો શ્રીહરિની પરિચર્યા કરતા હતા. દેવિકા, ભાનુ વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતાં હતાં. (૧૬) પછી કાકુભાઈએ ચંદન-પુષ્પાદિ તથા મહાઅમૂલ્ય વસ્ત્રો અલંકારોથી શ્રીહરિનું તથા તેમનાં બંધુઓનું પૂજન કર્યું. વળી મુનિ મંડળનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. (૧૭)

રોઝકા ગામના નિવાસી ભક્તોએ ચંદન પુષ્પાદિ ઉપચારો તથા ભેટ સામગ્રીઓથી શ્રીહરિની પૂજા કરી. કાકુભાઈ રાજાએ ભક્ષ્ય ભોજ્યાદિથી શ્રીહરિને તથા તેમનાં આશ્રિત ભક્તોને જમાડ્યા. (૧૮) સત્પતિ શ્રીહરિ ત્યાં અતિ મધુર ધર્માદિ વાર્તા કરીને ભક્તોને આનંદ પમાડતા તે રાત્રિ ત્યાં રહ્યા. (૧૯)

સવારમાં કાકુભાઈ રાજાએ સૈન્ય સહિત શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને પોતાનાં ભક્તોની સાથે માર્ગમાં ચાલતા જાખડા ગામ પધાર્યા. (૨૦) તે ગામના ભક્તો પોતાની સન્મુખ આવ્યા હતા. તેમણે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પોતાની સાથે આવેલા જનોને લઈ જાખડા ગામમાં વિશ્રામ કરતા હતા. (૨૧)

તે ગામમાં કૃષ્ણ, કાશીદાસ, રત્નો તથા ધનજી વગેરે વણિક ભક્તો શ્રીહરિને ભક્તિ પૂર્વક સેવતા હતા. (૨૨) તે ગામના ભક્તોએ શ્રીહરિની ઉપચારોથી સેવા કરી. પછી સ્નાન કરીને તે ભક્તોએ અર્પણ કરેલા પેંડા-બરફી વગેરે ભાથું વિષ્ણુને અર્પણ કરીને શ્રીહરિ જમતા હતા. (૨૩)

શ્રીહરિનાં બંધુઓ રામપ્રતાપ તથા ઇચ્છારામ વગેરે તથા સમગ્ર વર્ણીઓ, મુનિઓ પાર્ષદો, અસવારો વગેરે ભક્તોએ આપેલું પાથેય જમતા હતા. (૨૪)ત્યાર પછી પોતાનાં સમગ્ર સહચરોની સાથે શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજીને માર્ગમાં કૌકા નામના ગામ પહોંચ્યા. (૨૫)

સન્મુખ આવેલા તે ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને પ્રાર્થના કરી તેથી પોતાનાં સહચરોની સાથે શ્રીહરિ ત્યાં રહ્યા. (૨૬)

ત્યાં હરિજીવન, ભગાભાઈ તથા વલ્લભ વગેરે બ્રાહ્મણ ભક્તોએ પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરી. (૨૭) હે રાજન્ ! જશુ, બહાદુર, ખોડો તથા અલિભય, મૂળજીત આદિક બીજા ક્ષત્રિય ભક્તો શ્રીહરિની અહીં સેવા કરતા હતા. (૨૮)

બીજા અંસમાળ વગેરે ભક્તો શ્રીહરિને સેવતા હતા. તે ભક્તો, વર્ણીઓ, સાધુઓ તથા પાર્ષદો વગેરે શ્રીહરિનાં સહચરોની સાથે શ્રીહરિનું વિવિધોપચારથી સમર્ચન કરતા હતા. (૨૯)

ભગવાન શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે તે ગામમાં ભોજન કરીને ધર્માદિ સંબંધી સુંદર વાર્તા કરીને ત્યાં તે રાત્રિ રહ્યા. (૩૦) પછી હે નરેન્દ્ર ! તે કૌકા ગામના ભક્તોએ વળાવેલા અખિલેશ્વર શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બેસીને પોતાનાં સહવાસિઓની સાથે નીકળી માર્ગમાં ચાલતા અમૃતથી અતિમિષ્ટ વિચિત્ર વાર્તાઓ કરતા જેતલપુર પધાર્યા. (૩૧)

પોતાનાં ઈષ્ટ શ્રીહરિ આવે છે તે સાંભળીને અતિ હર્ષથી તત્કાળ જેતલપુર નિવાસી ભક્તો વાજતે ગાજતે સુંદર ગીતોના ઘોષ સાથે સર્વ કાર્યો જેમણે ત્યાગ કરીને શ્રીહરિની સન્મુખ જતા હતા. આગળ ચાલતાં મુનિઓ પણ શ્રીહરિની સન્મુખ ગયા. (૩૨) તે સમગ્ર ભક્તો, ઘોડે સવારોના, સમુદાયોથી વીંટાયેલા અને શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજેલા, આશ્રિત જનોની પીડાને નાશ કરનારા, નટવર્યના જેવા વેષવાળા, સર્વેશ્વર, શ્રીહરિનાં દૂરથી જ દર્શન કરી, પ્રસન્ન થઈ, સંતો પૃથ્વી ઉપર પડીને યથાર્થ દંડવત્ પ્રણામ શ્રીહરિને કરીને સાષ્ટાંગ નમતા હતા. (૩૩)

તે સમગ્ર ભક્તો શ્રીહરિની સમીપે જઈને શ્રીહરિનાં બંને ચરણોનો સ્પર્શ કરીને શ્રીહરિને ફરીથી નમતા હતા. પછી ભક્તપ્રિય, આર્ત્તબંધુ, શ્રીહરિ મધુર ભાષણ તથા દષ્ટિથી પ્રીતિપૂર્વક તે ભક્તોનું સન્માન કરતા હતા. (૩૪)

પછી જેતલપુર નિવાસી ભક્તોએ, સમગ્ર પાર્ષદો તથા વર્ણિઓથી યુક્ત શ્રીહરિની પ્રાર્થના કરીને મહાહર્ષથી સુંદર શોભતા સરોવરની સમીપે જૂના રાજમહેલમાં શ્રીહરિને નિવાસ કરાવ્યો. તે સરોવરની સમીપે ઉપવનમાં મુનિ વગેરેને નિવાસ કરાવ્યો. (૩૫) પછી ભક્તો પોતાનાં પરિવારે યુક્ત શ્રીહરિનાં બંને બંધુઓને જે જનો તે પુરની બહાર વસતા હતા. તેમની હવેલીઓમાં નિવાસ કરાવ્યો. શ્રીહરિમાં આસક્ત છે ચિત્ત જેમનું એવાં ઉત્તમ નરપતિ પ્રીતિથી શ્રીહરિની સમીપે નિવાસ કરતા હતા. (૩૬)

પછી શ્રીહરિ પોતાનાં બંધુના ભુવનમાં સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને બંધુઓ સાથે વિષ્ણુને અર્પણ કરેલા સુધા સમાન વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૩૭) મુકુંદાનંદ વગેરે વર્ણીઓ, મુનિગણો, પાર્ષદો તથા અસવારો વગેરે જુદી જુદી રસોઈ કરીને જમતા હતા. ઉત્તમ રાજા ભગવાન શ્રીહરિએ આપેલો પોતાની પ્રસાદીનો થાળ જમતા હતા. (૩૮)

હે રાજન્ ! સંસારની પીડાને નાશ કરનાર છે દર્શન જેમનું એવા શ્રીહરિએ મહાસભામાં રહેલાં સિંહાસનમાં બિરાજીને ધર્માદિના જ્ઞાન સંબંધી વાર્તા કરી. ત્યારબાદ સુંદર શય્યામાં પોઢીને યોગ નિદ્રા ગ્રહણ કરતા હતા. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિનું જેતલપુરમાં ગમન નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પરમેશ્વર શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરીને સર્વ થકી પર અક્ષર, તેનાથી પરસ્વરૂપ-સ્વાભાવાદિથી અતિ વિલક્ષણ, પોતાનાં પરમાનંદ સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧) હે ભૂપતે ! પછી મુકુંદાનંદ વર્ણીએ, ગાળીને ઉના કરેલાં જળથી શ્રીહરિને

સ્નાન કરાવ્યું. ત્યારબાદ શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨)

તેટલામાં જમવા માટે બોલાવવા આવેલા નાનાભાઈ શ્રીહરિને કહેવા લાગ્યા : હે હરે ! રસોઈ તૈયાર થઈ છે માટે જમવા પધારો. (૩) પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને ઘોડા ઉપર બેઠેલા નાનાભાઈ તથા પાર્ષદોની સાથે જનસમુદાય દર્શન કરે તેમ પોતાનાં ભાઈના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૪) શ્રીહરિ બંધુના ભુવનમાં ફરીથી સ્નાન કરીને તેમની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતાં. (૫)

પછી સુંદર શ્વેતવસ્ત્રોવાળા શ્રીહરિ પોતાનાં નિવાસમાં આવીને સભામંડપમાં રહેલા સિંહાસનમાં બિરાજ્યા. (૬) તેટલામાં ત્યાં આવેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં યથાયોગ્ય બેઠા. (૭) પછી હર્ષયુક્ત ગોવિંદાનંદ મુનિ તથા આશાભાઈ પુરના મુખ્ય ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા. (૮)

હે ભગવન્ ! આપની આજ્ઞાથી આપના આશ્રિત અમો યજ્ઞને યોગ્ય સર્વે વસ્તુઓ લાવ્યા છીએ. (૯) હે સત્પતે ! આપની પ્રસન્નતા માટે ઘણાં ગાડાં ભરીને ગોળ, ઘી વગેરે વસ્તુઓ ભક્તો રોજ લાવે છે. (૧૦) તેથી હે હરે ! સર્વવિત્ ! આપ દેશાંતરમાં રહેલા સમગ્ર સાધુઓને બોલાવો અને વિષ્ણુયાગનો આરંભ કરો. (૧૧) તેમનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ જ્યોતિષ શાસ્ત્રને જાણનારા છત્રેશ્વર જ્યોતિષીને મુહૂર્ત પૂછીને યજ્ઞ આરંભ માટે તત્પર થયા. (૧૨)

પછી સ્વયં શ્રીહરિ વિષ્ણુયજ્ઞ માટે ધોલેરાના રેવાશંકર બ્રાહ્મણ, જેતલપુરના નિવાસી નાગર બ્રાહ્મણ ઉગ્રચન્દ્ર, એ બે બ્રાહ્મણોને મુખ્ય કરતા હતા. (૧૩)

શ્રીહરિ અમદાવાદના નિવાસી વણિકોમાં શ્રેષ્ઠ હીરચંદ, પ્રાંતિજના વણિક તુળજારામ તથા વૈશ્ય જ્ઞાતિના વેલાવ ગામના જયસિંહ પટેલ, કરજીસણના ગોવિંદદાસ પટેલ, ઉંપીવાના રામદાસ પટેલને મુખ્ય કરતા હતા. (૧૪)

પછી શ્રીહરિ પરમેશ્વર પોતાની સમીપે બેઠેલા પોતાનાં મોટા બંધુ રામપ્રતાપને યજ્ઞ કરવા માટે આજ્ઞા કરી. (૧૫) રામપ્રતાપના ચિત્તમાં શ્રીહરિનાં વિના અન્યફળની આકાંક્ષા નહોતી. તો પણ રામપ્રતાપે શ્રીહરિની આજ્ઞા, શ્રીહરિની પ્રસન્નતા માટે સ્વીકારી. (૧૬) તે સમયે રામપ્રતાપના નંદરામાદિ ત્રણ પુત્રો યજ્ઞના યોગ્ય કર્મોમાં તત્પર થયા. (૧૭)

પછી જુદા જુદા દેશોમાં વિચરતા સાધુઓ તથા જુદા જુદા દેશોમાં રહેતા બીજા હરિભક્તોને બોલાવવા માટે કુમકુમના છાંટણા કરીને મંગળ પત્રિકાઓ હે રાજન્ ! સર્વ જીવોના હિતમાં તત્પર શ્રીહરિએ તત્કાળ મોકલાવી. (૧૮-૧૯)

તેવી રીતે શ્રીહરિએ વેદ-વેદાંગમાં પારંગત બ્રાહ્મણોને બોલાવવા માટે તથા બીજા ઘણા બ્રાહ્મણોને બોલાવવા માટે મંગળ પત્રિકાઓ મોકલાવી. (૨૦)

પછી ત્યાં જુદા જુદા દેશોમાંથી મુનિમંડળો તથા ઘણાં ગૃહસ્થો ભક્તો તથા હજારો હજાર બ્રાહ્મણો આવ્યા. (૨૧) પછી હે મહીપતે ! શ્રીહરિએ દેશાંતરથી આવેલા ભક્તોને નિવાસ તથા અન્નાદિ અપાવી તેમની યથાયોગ્ય સંભાવના કરી. (૨૨)

પછી ભગવાન શ્રીહરિએ ઉત્તમ મુહૂર્તમાં વિષ્ણુયાગની સિદ્ધિ માટે વિદ્યા વિનયાદિ ગુણ નિષ્ઠાથી બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ, અમદાવાદ નિવાસી પ્રાણ ગોવિંદ બ્રાહ્મણની આચાર્ય સ્થાનમાં વરણી કરી. (સંપાદન કરે છે કર્મના ફલ રૂપ અર્થોને ''आचिनोति कर्मफलरूपानर्थान् इत्याचार्यः'' તેને આચાર્ય કહેવા. એ વ્યુત્પત્તિ બળથી યજ્ઞના આરંભ વર વરણ વ્રત પ્રમાણોમાં ''यजमानं प्रतियात्'' એમ કહ્યું છે. યજમાનના પ્રતિ ગમન કરે યથાર્થ યજમાનનો પ્રતિનિધિ થાય (યજમાનના વતી યજ્ઞનું કામ કરે) એવું કાત્યાયનનું વચન છે. તેથી યજમાન અને આચાર્યનું એકત્વ કહ્યું છે. માટે હે આચાર્ય દ્વારા એ સમગ્ર ક્રિયાની પ્રવૃત્તિ હોવાથી આચાર્યનું મુખ્યપણું છે.) (૨૩)

પછી આચાર્ય પહેલા આ ભૂમિ મારે કુંડ કરવા યોગ્ય છે કે અયોગ્ય છે. એમ વિચાર કરીને, પ્રોક્ષણ વગેરેથી સંશોધન કરીને એક હાથ ઉંચી જમીન દર્પણની માફક સપાટ કરતા હતા. (૨૪) પછી આચાર્ય 'પુણ્યાહ' વાચન કરાવીને, કૂર્મ, શેષ તથા પૃથ્વી-વરાહને પુષ્પાદિ ઉપચારો વડે પૂજતા હતા. (૨૫)

પછી વેદ વેદાંગમાં પારંગત, વિચક્ષણ, પ્રસન્ન મનવાળા બ્રાહ્મણ મંડપ વગેરે ઈન્દ્ર દિગ સાધન કરતા હતા. (૨૬) પછી યજ્ઞ વિધાનમાં વેદોક્ત ચતુર બ્રાહ્મણો મુખ્ય કલ્પ વિધિથી શોભતા શિખરોથી અતિ શોભાયમાન મહાન ઉત્તમ યજ્ઞ મંડપ કરાવ્યો. (૨૭) નાના પ્રકારનાં વર્ણવાળાં વસ્ત્રોથી અત્યંત શોભાયમાન સ્તંભોની સુંદરતાની લક્ષ્મીએ યુક્ત ચારદ્વારની અતિ શોભાથી યુક્ત, જનોના મનને લોભાવનારો તે મંડપ શોભતો હતો. (૨૮)

વિચિત્ર વર્ણવાળી શોભાયમાન ધ્વજાઓ જેમાં છે એવા તથા રમણીય તોરણોવાળાં, બાંધ્યા છે સુંદર દર્પણો જેમાં એવો પ્રકાશમાન, ચંદ્રમાના જેવા શ્વેત ચામરો જેમાં છે એવો (૨૯) સ્તંભની સમીપે આવેલા અધિક ફળોથી નમતા શોભાયમાન કેળોના સ્તંભોથી તે વિશેષ શોભતો હતો. ચળકતા ઉત્તમ ઉલ્લોચોથી અલંકૃત, નાના પ્રકારનાં સુંદર ફળો તથા પુષ્પોથી યુક્ત. (૩૦)

શોભાયમાન શિખરના ઉપર ચારેય તરફ ચળકતા સુવર્ણના સુંદર કળશથી અતિ ભાસ્વર, ચારેય તરફથી દેદીપ્યમાન, આંબાના પલ્લવોથી વીંટાયેલો અને મનોહર તે મંડપ હતો. (૩૧)

અતિ પ્રવીણ આચાર્ય વેદી તથા કુંડોને શાસ્ત્ર પ્રમાણે તે મંડપમાં કરતા હતા. પછી યજ્ઞ માટે દીક્ષા નિમિત્ત સ્નાન કરવા માટે દીક્ષા નિમિત્ત સ્નાન કરવા માટે રામપ્રતાપને તત્કાળ કહેતા હતા. (૩૨)

પોતાનાં મુખમાં ચંદ્રમાની શોભા ધારણ કરતા, પોતાનાં દર્શનથી નાશ કરી નાખ્યા છે કામ અને ક્રોધ જેણે એવા રામપ્રતાપ નિર્મળ જળથી સ્નાન કરી, શંકરની આઠમી મૂર્તિ સમાન થયા (યજ્ઞ દીક્ષિત તે પણ શાસ્ત્રમાં શિવમૂર્તિની સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.) (૩૩)

સ્નાન કરી દીક્ષાને યોગ્ય વેશ ધારણ કરી, જેનાં માનનો લેશ નાશ પામ્યો છે અને નારાયણની મૂર્તિમાં છે જેનું ચિત્ત એવા રામપ્રતાપને તેમની પત્નીની સાથે આચાર્ય બોલાવતા હતા. (યજ્ઞ કર્મમાં પત્નીએ સહિત અધિકાર હોવાથી પત્નીએ સહિત બોલાવ્યા એમ જાણવું.) (૩૪)

પછી આચાર્યે પ્રેરણા કરેલા મહાનુભાવ રામપ્રતાપ, સ્વધર્મનિષ્ઠ, વેદો તથા પંચરાત્રાદિક શાસ્ત્રોને જાણનારા, પરમાર્થપણે વેદ-તપ અને તત્ત્વજ્ઞાનજન્ય તેજથી યુક્ત એવા બ્રાહ્મણોને જપ-હોમની સિદ્ધિ માટે શાસ્ત્ર વિધિ પ્રમાણે વરણીમાં વર્યા. (૩૫)

વેદ શાસ્ત્રમાં પ્રવીણ તે બ્રાહ્મણોએ બાહ્ય અને આભ્યાંતર શુદ્ધિવાળા, સુશીલ સ્વભાવવાળા રામપ્રતાપને તથા તેમનાં પત્નીને શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે (अवनीकृतजानुमंडलंकमलमुकुल सदृशमंजलिं शिरस्याधायेत्यादि शुभं भवतु ॥ ઇતિ અંત પર્યંત કરેલા વિધિપૂર્વક) પ્રીતિપૂર્વક સ્વસ્તિ વાચન કરાવ્યું. પછી પતિ પત્ની પાસે સૂર્યાદિ ગ્રહોનું પૂજન કરાવ્યું. (૩૬)

વેદમાં કહેલું જે કર્મ તેમાં તત્પર છે મન જેમનું એવા, ઘણા પ્રતાપથી યુક્ત તથા ધૈર્યશાળી, પત્નીએ સહિત શ્રેષ્ઠ મંડપમાં બેઠેલા, શ્રીહરિનાં કીર્તનોમાં પ્રેમવાળા તથા ગુણોથી મહાન રામપ્રતાપ, પતિવ્રતા પત્ની રેવતીની સાથે સંકર્ષણની જેમ શોભતા હતા. (૩૭)

હે રાજર્ષે ! તે યજ્ઞમાં બ્રહ્મચર્ય વ્રતથી યુક્ત કેટલા બ્રાહ્મણો સામવેદ, ઋગવેદ, યજુર્વેદાદિનો પાઠ કરતા હતા. કેટલાક વાડવો કઠવલ્લી આદિ ઉપનિષદોનો પાઠ કરતા હતા. (૩૮) કેટલાક બ્રાહ્મણો આદર યુક્ત ગાયત્રી જપ કરતા હતા. કેટલાક બ્રાહ્મણો શ્રીહરિનાં નામ મંત્રીનો જપ કરતા હતા. (૩૯)

હે ભૂપતે ! કેટલાક મહીસુરો ભગવદ્‌ગીતાનો પાઠ કરતા હતા તથા બીજા વિપ્રો વિષ્ણુ સહસ્રનો પાઠ કરતા હતા. (૪૦) (બ્રહ્મચર્યવ્રતવાળા સર્વ બ્રાહ્મણો યજ્ઞની ક્રિયામાં જોડાયેલા છે એમ જાણવું.) કેટલાક બ્રાહ્મણો વાસુદેવ માહાત્મ્યનો પાઠ કરતા હતા તથા કેટલાક બ્રાહ્મણો શ્રીમદ્ ભાગવતનો શુભ પાઠ કરતા હતા. (૪૧)

કેટલાક વિપ્રો મહાઆનંદથી સમન્વિત થઈને વ્યાસસૂત્ર વગેરે સચ્છાસ્ત્રોનો પાઠ કરતા હતા. (૪૨) પછી ભૂમિ દેવતા જે વરુણીમાં વરેલા ઉત્તમ બ્રાહ્મણો, મીમાંસા શાસ્ત્રને જાણનારા યજ્ઞને યોગ્ય અગ્નિને કુંડોમાં સંસ્થાપન કરીને વૈદિક મંત્રોથી હવિષ્યાન્નો હોમતા હતા. તેમજ સુગંધિવાળું નવીન, અતિ ઉત્તમ ઘણું ધૃત હાથીની સૂંઢ જેવી ધારાઓથી હોમતા હતા. વરુણીમાં વરેલા ઉત્તમ બ્રાહ્મણો ''अनुचया याज्यया जुहोति इतिश्रुतेः'' (૪૩)

ઉંચા સ્વરથી અનુવાક ઋચાઓથી ગવાયેલી (''उच्चैः ऋचा क्रियते'' એવુ વિધાન છે) કૃષ્ણાદિ દેવતાને ઉદ્દેશીને હવિષ્યાન્નો સંસ્કાર વિધિ કર્યો છે એવા અગ્નિમાં હોતાએ પાઠ કરવા યોગ્ય, યાગના અંગરૂપ ઋચાથી યાગ કરતા હતા. (૪૪)

સામવેદને જાણનારા ઉગ્દાતા, હસ્તથી સંપાદન કરેલા સપ્તસ્વરો જેને છે એવા બ્રુહદ્રયંતરાદિ સામવેદનું અસ્ખલિત માધુર્ય યુકત મનોહર, ઉત્તમ, અતિશય આનંદપૂર્વક યજ્ઞમાં ગાન કરતાં હતાં. (૪૫)

હે નૃપ ! વેદો તથા પંચરાત્રમા કરવા યોગ્ય કર્મોમાં ચતુર, સ્વર સહિત મંત્રોચ્ચારણમાં નિપુણ (મંત્રોચ્ચારણમાં નિપુણતા ન હોય તો મંત્રો વિપરીત ફળને આપનારા થાય છે તેવું શાસ્ત્ર વચન છે.'' **मंत्रहीनः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो न तमर्थमाह । स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्र शत्रुः स्वरतोऽपराधात्**) પંડિતો, હોતા, અધ્વર્યુ વગેરે ભૂદેવતાઓ ઋગવેદના મંત્રો તથા યજુર્વેદ મંત્રો ''**अग्निमीळे**'' **इषे त्वा** ઇત્યાદિ ઉચ્ચારણ કરતા હતા. (૪૬) ઋત્વિજો તે સમયે અતિ પુણ્ય ફળને આપનારા, વિપરિત ફળમાં હેતુભૂત સ્વરના બાધ રહિત એવા શ્રુતિ મંત્રો ભણતા હતા. (૪૭)

પછી ઋત્વિજો કેડ્યમાં બાંધી છે દર્ભની મેખલા જેણે એવા રામપ્રતાપનાં પત્નીએ જોયેલાં સુંદર આજ્યોને, ગાર્ગપત્યથી ઉધૃતમંત્રો વડે, સંસ્કાર કરી અગ્નિમાં તત્કાળ હોમતા હતા. (૪૮)

શોભાયમાન યજ્ઞકર્મમાં ઉહને જાણનારા, પ્રયોગ કરનારા ઋત્વિજો, વેદમાં સર્વ વિભક્તિ તથા વચન તથા લિંગોથી યથાર્થ મંત્ર બોલવા માટે શક્તિમાન નથી થવાતું તે મંત્રને (કર્માંગ દેવતા રૂપી વાક્યને) વિપરિણામ કરતા હતા. (૪૯)

અત્યંત ભભૂકતી શિખાઓથી જ્વાજ્વલ્યમાન શિખારૂપી વલ્લીઓથી શોભાયમાન અગ્નિ જાણે હસતો હોયને શું એમ નિર્મળ ઘીને વારંવાર ગ્રહણ કરતો હતો. (૫૦) મંત્રોથી પવિત્ર કરનાર હવિષ્યાન્નનું વારંવાર આસ્વાદન કરતો, તે અગ્નિ ફક્ત પોતાનાં શરીરને જ શોભાવતો હતો એટલું જ નહિ પરંતુ પોતાનું અગ્નિરૂપ દેવતાનું નામ પણ સાર્થક કરતો હતો. (૫૧)

યોગ્ય ઉષ્ણતા ધારણ કરતો અગ્નિ હવિઃ આજ્યાદિકને દાહ કરતો હતો તે આશ્ચર્ય નથી, પણ હોમેલા હવિષ્યાન્નથી ઉત્પન્ન થયેલો ગંધ પણ દેહિઓનાં પાપ પુંજને બાળતો હતો (એ આશ્ચર્ય છે) (૫૨) ચારેય બાજુએ અત્યંત ઉંચી ગતિ કરતો, સમગ્ર દિશાઓને ધૂમ્રવર્ણવાળી કરતો ઘણા સુગંધ યુક્ત, દેવતાઓને પ્રિય, જાણે ઉંચે કંઈ કહેવા જતો હોય તેમ તે અગ્નિ અંતરિક્ષમાં ગયો. (૫૩)

સુધાનું ભોજન કરનારા દેવતાઓ જે અમૃતથી પણ શ્રેષ્ઠ, શુભ, ધૃત જમતા હતા તે દેવતાઓ હવિષ્યાન્નના અગ્નિમાં વિસર્જનની વાર સહન કરતા નહોતા. (હવિષ્યાન્નનું અગ્નિમાં પ્રક્ષેપ તેના વિલંબને સહન કરતા ન હોતા.) ''**अग्नि मुखे वै देवाः**'' (૫૪)

પોતાનાં પતિ ઇંદ્રાદિ દેવતાઓએ યજ્ઞમાં બોલાવવાથી આવેલી દેવતાઓની સ્ત્રીઓના મસ્તકના કેશ શ્રેષ્ઠ કલ્પદ્રુમના પુષ્પોથી રહિત હતા. (''**प्रौषिते मलिना कृषा इति स्मृतेः**'') (૫૫) સ્વર્ગવાસી દેવતાઓ ઉત્તમ યજ્ઞમાં આજ્ય અતિશય જમતા હતા. તેથી પોતાનાં દુર્જય વેરીઓનો પરાભવ કરવામાં સર્વોત્તમ સમર્થપણું તે પામ્યા. (૫૬)

ઋત્વિજોનું ઉત્તરોત્તર પ્રયોગ વિજ્ઞાન અને યજમાનની ઘણી સંપત્તિથી આ સર્વોત્તમ મહાયજ્ઞમાં ક્યારેય પણ, લોપ વિષય-વિપર્યાસાદિ દોષને ક્રિયા પામતી ન હોતી. (૫૭) ગુણવાળા આચાર્યની સાથે યજમાન રામપ્રતાપ યજ્ઞના વિઘ્નને નાશ કરનારા શ્રીપરમેશ્વર શ્રીહરિની સહાયથી સમગ્ર ક્રિયાઓ હર્ષથી શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૫૮)

તે મહાયજ્ઞમાં હંમેશાં વિવિધ પ્રકારનાં ઉત્તમ વાદ્યોના ધ્વનિ થતા હતા. આ મહાયજ્ઞોત્સવ જોઈને બ્રહ્માદિક દેવેન્દ્રો ઘણા આશ્ચર્ય પામ્યા. (૫૯) હે રાજન્ ! વેદોક્ત ધર્મનું રક્ષણ કરનારા સમગ્ર લોકોના એક સ્વામી, મહાગુણવાળા, શોભા વિશિષ્ટ, ધર્મના પુત્ર શ્રીહરિનાં શ્રેષ્ઠ પ્રતાપથી દેવતાઓ તથા મનુષ્યો - રાજાઓને આશ્ચર્ય ઉત્પન્ન કરનારો અતિ મહાન, અનુપમ, યજ્ઞ વિઘ્ન રહિત પ્રવર્તમાન થયો. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ મહારાજના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિતને શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વિષ્ણુયાગ મહોત્સવમાં મંડપ શોભાનું વર્ણન નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આવી રીતે તે યજ્ઞમહોત્સવ થવાથી ઘણા દિવસ પર્યંત બ્રાહ્મણો જુદા જુદા ભોજનો જમતા હતા. (૧) મહાયજ્ઞમાં હજારો બ્રાહ્મણ સમુદાયો હંમેશા ઘણા ઘી સાકરના શ્વેત મોદકો તથા ભોજનો સારી રીતે જમતા હતા. (૨)

બ્રાહ્મણો જમતી વખતે પરસ્પર બોલતા હતા કે હે બ્રાહ્મણો ! સુંદર મોદકો ઈચ્છા પ્રમાણે જમો, (૩)ભોજન સમયે તો દેહની ચિંતા (દેહ પડી જશે કે માંદો પડશે એવો દેહ સંબંધી વિચાર) બ્રાહ્મણોએ કરવો નહિ. કારણ દેહ તો માયામય છે; માટે ક્ષણભંગુર છે. (ભોજન કરનારનો આત્મા તો અવિનાશી છે અને દેહ તો વિનાશી છે. માટે દેહ પાતનો મોહ તત્ત્વ દર્શીઓએ રાખવો ઉચિત નથી) (૪)

હે વિપ્રો ! પ્રત્યક્ષ સ્વયં શ્રી સ્વામિનારાયણ હંમેશા આપણને ભોજન કરાવનારા છે. આવા જમાડનારા બીજા જોયા નથી, તેમ સાંભળ્યા પણ નથી. (૫) તેથી હે બ્રાહ્મણો આપણે દેહને મિથ્યા જાણીને તથા આત્માને અવિનાશી જાણીને, અત્યંત ભોજન કરવું. કારણ કે આવો ભોજનનો અવસર દુર્લભ છે. (अन्तवन्त इमे देहा नित्यस्योक्ता शरीरिण: विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हसि'' એમ ભગવાનને કહ્યું છે અને તે જ ભોજન કરાવનારા છે માટે મરનારાઓએ દુર્ગતિની શંકા કરવી નહિ.) (૬)

હે દ્વિજો ! યજ્ઞમાં વપરાતા ધૃતના ગુણનું આપણે કેમ વર્ણન કરીએ ? આ ઘી તો અમૃતથી પણ શ્રેષ્ઠ અમૃત છે. અમૃતનું ભોજન કરનારા દેવો પણ યજ્ઞમાં અગ્નિએ બાળેલા આ ધૃતના ગંધનું અતિ તૃષ્ણાથી અમૃતની માફક પાન કરે છે. (૭)

હે બ્રાહ્મણો ! બુદ્ધાવતાર પણ સર્વાવતારના કારણ શ્રીહરિનો જ છે. તેમનાં મતમાં રહેલા લોકાયતિકોની ઉક્તિ પણ આપણે આ ભોજન પ્રકરણમાં ગ્રહણ કરવા યોગ્ય છે. (बालादपि सुभाषितं ग्राह्यं) માટે અહીં શંકા રહિત થઈને ઘૃત જમો. (૮)

પરસ્પર આ પ્રમાણે બોલતા પ્રસન્ન મનવાળા બ્રાહ્મણો મહાયજ્ઞમાં યથેષ્ટ મિષ્ટ ભોજન જમતા હતા. (૯) જમીને પોતાનાં ઉદર ઉપર વારંવાર હાથ ફેરવતા, અત્યંત શ્વાસ લેતા, તે બ્રાહ્મણો પોતપોતાનાં સ્થાનમાં જવા માટે અત્યંત કષ્ટપૂર્વક શક્તિમાન થયા. (૧૦)

હે રાજન્ ! તે યજ્ઞોત્સવમાં ઘણાં બ્રાહ્મણો ભોજન કરી જેવી તૃપ્તિ પામ્યા હતા તેવી કોઈના પણ યજ્ઞમાં પામ્યા નહોતા. (૧૧) હે રાજન્ ! એક સમયે મહાયજ્ઞમાં બ્રાહ્મણોને ભોજનના પ્રસંગમાં જે ઐશ્વર્ય બતાવ્યું છે તે સંક્ષિપ્તમાં હું તમોને કહું છું. (૧૨)

હે રાજન્ ! એક વખત યજ્ઞ સમયે પાઠ કરનારા દ્વિજોએ સુંદર ઉજ્વલ ઘઉંનો લોટ જળથી મિશ્રિત કરીને. (૧૩) તે લોટના મુઠિયાવાળી ઘીમા તળી તેનું ચૂરમું કરી, તેની અંદર ખાંડ ભેળવીને તે ચૂરમાનો મોટો ઢગલો કર્યો. (૧૪)

તે સર્વે રસોઈયા બ્રાહ્મણો જ્યારે તે ચૂરમામાં ઘી ભેળવતા હતા તે સમયે ત્યાં પડેલું સમગ્ર ઘી ચૂરમાના ચોથા ભાગમાં થાય તેટલું હતું. (૧૫) તે સમયે હે રાજન્ ! આસુરી સંપત્તિવાળા અને દુષ્ટ અભિપ્રાયવાળા બ્રાહ્મણના સમુદાયો પ્રસન્ન થતા ભેગા થઈને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૬) હે વિપ્રો ! હમણાં ઘી થોડું છે માટે આ સ્વામિનારાયણ બ્રાહ્મણોને કેવી રીતે જમાડશે ? એમ કહીને આનંદ પામતા હતા. (૧૭)

તે વખતે ઉતાવળ કરતા રસોઈયા બ્રાહ્મણો 'ઘૃત જલદી લાવો' એમ અતિશય શોર બકોર કરવા લાગ્યા. (૧૮) તે સમગ્ર રસોઈયા બ્રાહ્મણોને સાંત્વન આપી ઘી લાવનારા ભક્તો કહેવા લાગ્યા. (૧૯)હે રસોઇયાઓ ! ધૃતથી ભરેલાં કુડલા ભરી ગાડાં હમણાં જ આવશે માટે ધીરજ રાખો. (૨૦)

પછી સમગ્ર રસોઇયાઓ ઘીના ગાડાની બે ઘડી સુધી વાટ જોવા લાગ્યા. (૨૧) હે રાજન્! પરંતુ ગાડાને આવતા વિલંબ થયો, ત્યારે તે રસોઇયાઓ ધૃત લાવવા માટે ઉતાવળ કરવા લાગ્યા.

(૨૨) પછી ઘી આપનારા ભક્તો તે વખતે સભામાં બિરાજેલા જગદગુરુ શ્રીહરિની સમીપે જઈને નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૨૩) હે સ્વામિન્ ! અમોએ તમામ કુડલામાં રહેલું ઘી બ્રાહ્મણોને મોદક કરવા માટે આપી દીધું છે. છતાં પણ તેટલા ઘીથી મોદકો થયા નહિ. (૨૪)

હે દયાનિધે ! જે ઘી લેવા ગાડા મોકલ્યા છે તે હજુ સુધી આવ્યાં નથી. હે સ્વામિન્ ! અહીં પણ ઘી નથી. (૨૫) હે સત્પતે ! તેથી રસોઈયા બ્રાહ્મણો મોદક બનાવવા માટે ઘીની ઉતાવળ કરે છે, ને અત્યંત બૂમો પાડે છે. (૨૬)

સોનેરી વસ્ત્રો ધારણ કરનારા, મંદહાસ્ય સહિત શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને તે ભક્તોને

આનંદ પમાડતા આ પ્રમાણે બોલતા હતા. (૨૭) હે ભક્તો ! તમોએ ઘીના તમામ કુડલા બરોબર જોયા છે ? ઠંડી ઋતુ છે માટે કુડલાની નીચે ઘી ઘણું ચોંટેલું હોય. (૨૮)

તેથી તે ભક્તો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે આર્તિહન્ ! અમોએ ઘી આપીને સર્વે કુડલા ખાલી કર્યા છે. (૨૯)

શ્રીહરિ તેમનું વાક્ય સાંભળીને સોનાની છડી ધારણ કરી, ચાંખડીના ચટ્ ચટ્ ધ્વનિ યુક્ત પગલાં કરતા તત્કાળ ઘીના ઓરડામાં આવ્યા. (૩૦) શ્રીહરિ ઘીના ખાલી કુડલાને સોનાની સોટી મારતા આ પાત્રોમાં શું ઘી નથી ? આવી રીતે પોતાનાં ભક્તોને પૂછતા હતા. (૩૧) તે સમયે સમગ્ર ભક્તો નરનાટ્યધારી શ્રીહરિને આવી રીતે કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! એ કોઈ પણ પાત્રોમાં ઘી નથી. (૩૨) પછી મંદ મંદ હસતા શ્રીહરિએ વિચક્ષણ ધ્યાનનિષ્ઠ સ્વરૂપાનંદ મુનિને આ પ્રમાણે કહ્યું. (૩૩) હે સાધો ! ઘી પૂરું ન થવાથી સર્વે રસોઈયાઓ ઘી માટે અત્યંત બૂમો (ઉતાવળથી બોલે છે) પાડે છે. (૩૪)

તેથી તમારી લાજ આજે સર્વથા જશે. શ્રીહરિનું માહાત્મ્ય જાણતા સ્વરૂપાનંદ મુનિ શ્રીહરિનું આ વાક્ય સાંભળીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૫)

હે હરે ! પરાત્પર બ્રહ્મ તમારું સતત ધ્યાન કરનાર, તમારી ઉપાસના કરનાર, બ્રહ્મસ્વરૂપ મારી લાજ કેમ જશે ? (૩૬) આ કાર્યમાં લક્ષ્મીની જરૂરિયાત વિશેષ છે. તેથી આ કાર્યમાં પદાર્થો જો ઓછા પડે તો લક્ષ્મીની જ લાજ જશે. (૩૭)

આવું વચન સાંભળીને મંદ મંદ હસતા શ્રીહરિએ સ્વયં એક ખાલી કુડલા ઉપર સોટી મારી. (૩૮) પછી શ્રીહરિએ પ્રીતિપૂર્વક પોતાનાં ભક્તોને કહ્યું : હે ભક્તો ! આ પાત્રમાં ઘી છે, માટે આ પાત્રમાંથી ઘી કાઢીને આપો. (૩૯)

પછી વિસ્મય પામેલા તે ભક્તોએ તે પાત્રમાંથી ઘી કાઢીને રસોઇયા બ્રાહ્મણોને પાત્રમાં ભરીને પ્રસન્ન થતા ઘી આપ્યું. (૪૦)

પ્રભુ સત્પતિ શ્રીહરિ ઘી વિનાના બીજા પાત્રોમાં પહેલાની જેમ સોનાની સોટી મારીને આમાં પણ ઘી છે એમ કહેવા લાગ્યા. (૪૧) પછી ભક્તો તે સમયે તે તે ઘીના પાત્રોમાંથી ઘી કાઢીને વારંવાર બૂમો પાડતા રસોઇયા બ્રાહ્મણોને આપવા લાગ્યા. (૪૨)

રસોઇ કરનાર બ્રાહ્મણો ત્યાં આવીને ઘીથી ભરેલા કુડલા જોઈને મહાશ્ચર્ય પામી ગયા અને શ્રીસ્વામિનારાયણનો અતિશય પ્રભાવ જાણવા લાગ્યા. (૪૩)

પછી પાક કરનારા વિપ્રોએ ઘણું ઘી જેમાં છે એવા મોદકોનો, પર્વતોની ઉપમાં આપવા યોગ્ય, ઢગલો કર્યો. (૪૪) તો પણ તે પાત્રો તો પૂર્વની માફક ઘીથી પૂર્ણ જોઈને તે સમગ્ર ભક્તો તથા યાચક બ્રાહ્મણો વિસ્મય પામ્યા. (૪૫) હે રાજન્ ! તેટલામાં ત્યાં ઘીથી ભરેલા કુડલાના, શ્રેષ્ઠ બળદોથી જોડાયેલા ઘણાં ગાડાં આવ્યાં. (૪૬) આથી યાચક બ્રાહ્મણો તથા દૈવી સંપત્તિવાળા બીજા બ્રાહ્મણો અત્યંત વિસ્મય

પામ્યાં અને શ્રીહરિનો પ્રતાપ જાણીને પરસ્પર કહેવા લાગ્યા. (૪૭)

આ સ્વામિનારાયણનો અતિ મોટો પ્રતાપ આજે જોયો તેથી આ પ્રત્યક્ષ ભગવાન છે. (૪૮) મહાપ્રતાપી આ સ્વામિનારાયણના આ ચરિત્રો કોઈ મનુષ્યથી થઈ શકે નહિ એવા છે. માટે આ બીજા દેવ મનુષ્યાદિ સમાન નથી. પરંતુ સર્વ ઈશ્વરોના ઈશ્વર છે એમ અમોને જણાય છે. (૪૯)

આ શ્રી સ્વામિનારાયણનું આ અલૌકિક ચરિત્ર બીજા કોઈથી અનુવર્તન થઈ શકે તેવું નથી. જેમ પક્ષી ગરુડના માર્ગનું અનુસરણ કરવા સમર્થ નથી તેમ. (૫૦) હે વિપ્રો ! જે ભગવાને ઘીનો સમુદ્ર કર્યો તે આ ભગવાનને બીજું અલ્પ કાર્ય કરવું તેમાં શું આશ્ચર્ય છે ? (૫૧)

આ પ્રમાણે સ્વામિનારાયણના પ્રતાપની હજારો બ્રાહ્મણો સ્તુતિ કરતા હતા. પછી પંક્તિબદ્ધ બેસીને સર્વે બ્રાહ્મણો મોદકો જમતા હતા. (૫૨) આવી રીતે દિવ્ય, અનુપમ, ઐશ્વર્યવાળા, બ્રાહ્મણોનું શુભ કરનારા, ધર્મવત્સલ ભગવાન શ્રીહરિ, લાખો બ્રાહ્મણોને જમાડતા હતા. (૫૩)

તે સમયે તે મહોત્સવમાં જે જે અન્નાર્થીઓ આવ્યા તેમને સર્વને શ્રીસ્વામિનારાયણ પ્રીતિપૂર્વક જમાડતા હતા. (૫૪) તે યજ્ઞ મહોત્સવમાં "આપો-આપો" તથા "લ્યો-લ્યો" આ પ્રકારનોં એક જ શબ્દ હંમેશાં થતો હતો. (૫૫)

તેટલામાં શોભાયમાન યજ્ઞમંડપની આગળ રહેલા સભા સ્થાનમાં અતિ ઊંચા મંચ ઉપર કોમળ ગાદી તકિયા યુક્ત સિંહાસનમાં નાના પ્રકારનાં વર્ણોવાળા શ્રેષ્ઠ આભૂષણોની શોભાવાળા દુઃખને હરનારા, ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણ બિરાજ્યા અને જનસમુદાયોને પોતાનાં દર્શન આપ્યા. (૫૬-૫૭)

હે રાજન્ ! તે સમયે ભક્તોના સમુદાયો રાત્રિ દિવસ એક સ્વામિનારાયણ શ્રીહરિને જ, જેમ ચક્વાક પક્ષી સૂર્યને જુવે છે અને વળી જેમ ચકોર ચંદ્રને જુવે તેમ જોતા હતા. (૫૮) સૌશીલ્ય, વાત્સલ્ય, દયાળુપણું વગેરે અનંત કલ્યાણ ગુણોથી પ્રપૂર્ણ શ્રી સ્વામિનારાયણના દર્શન કરનારા જનો તો ચિત્રમાં ચિત્રેલાની માફક સ્થિર થઈ જતા હતા. (૫૯)

સૌંદર્યથી દાસ રૂપ કર્યા છે. કોટિકામદેવો જેમણે એવા, માધુર્ય, લાવણ્યતા વગેરે ગુણોના મહાસાગર એવા શ્રીહરિ ઉપર, ફુલેલા પુષ્પોથી સમુદ્ર વૃક્ષ ઉપર જેમ ભમરાઓ ભમે તેમ, ભક્તોના નેત્રો સ્થિર થતા હતા. (૬૦) હે રાજન્ ! આ પ્રમાણે શુભ ગુણોના અલંકાર સ્વરૂપ, ઈશ્વરેશ્વર, દિવ્યાનંદના સમુદ્ર, ધર્મપુત્ર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણના આ ઉત્તમ યજ્ઞોત્સવમાં ઉત્કંઠાપૂર્વક દર્શન કરવા આવેલા જનોના મનમાં અત્યંત હર્ષ સમાતો નહતો. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ દિવ્યૈશ્વર્ય બતાવ્યું તે નિરૂપણનો ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ઋત્વિક વિપ્રો પૂર્ણાહુતિમાં ઘીની મોટી ધારાઓ કરીને ઋગ્, યજુ અને સામ વેદનો પાઠ કરતા હતા. (૧) હે મહીપતે ! તે સમયમાં નાના પ્રકારનાં મંગળરૂપ ભગવાનના ચરિત્રોના પદો તથા ગીતો તથા નાના પ્રકારનાં વાજિંત્રોનો મહાન શબ્દ આકાશમાં તથા દિશાઓમા વ્યાપી ગયો. (૨) શ્રીહરિ તે ઘોષ સાંભળી પાર્ષદોથી વીંટાઈને ત્યાં તત્કાળ પધાર્યા. સર્વાન્તર્યામી હોવાથી સર્વનો અભિપ્રાય જાણનારા ઈશ્વર શ્રીહરિ ત્યાં અગ્નિને પોતાનાં દર્શન આપવા માટે પધાર્યા. (૩)

જે સમયે શ્રીહરિ આવ્યા તે સમયે યજ્ઞકુંડમાંથી મૂર્તિમાન અગ્નિ પ્રગટ થઈને સર્વે જનોને આશ્ચર્ય ઉત્પન્ન કરતા હુત દ્રવ્યને ગ્રહણ કરતો હતો. (૪) પછી બુદ્ધિમાન રામપ્રતાપ પોતાની પત્નીની સાથે શાસ્ત્ર પ્રમાણે અવભ્રથ સ્નાન કરતા હતા તથા બીજા પણ વિધિ પ્રમાણે સ્નાન કરતા હતા. (૫) પછી તે ઋત્વિજો મહાયજ્ઞની પ્રશંસા કરતા હતા. તથા જનના સમુદાયો જયધ્વનિઓ કરતા મહાયજ્ઞની સ્તુતિ કરતા હતા. (૬) પછી મહામનવાળા યજમાન રામપ્રતાપ ઋત્વિજોને તથા બીજા બ્રાહ્મણોને મુખ્ય કલ્પ વડે પ્રીતિપૂર્વક દક્ષિણાઓ આપતા હાથ. (૭)

રામપ્રતાપ તે વિપ્રોને હર્ષથી રૂપ્ય મુદ્રાઓ, ઘણી સુવર્ણ મુદ્રાઓ, મહામૂલ્યવાળા ભૂષણો તથા વસ્ત્રો આપતા હતા. (૮) રામપ્રતાપ તેમને સોનાના શીંગડાથી શોભાયમાન રૂપાની ખરીઓવાળી વાછરડીઓ સહિત ગુણવાળી ઘણી ગાયો આપતા હતા. (૯) ઉપપાત્રો સહિત કળશો, ઘણા ઘડાઓ તથા નાના પ્રકારનાં પાત્રો પણ રામપ્રતાપ બ્રાહ્મણોને આપતા હતા. (૧૦) વર્ષાઋતુમાં મેઘ જેમ સર્વ પ્રકારે જળ વર્ષાવે છે તેમ રામપ્રતાપ હજારો બ્રાહ્મણોને દાન આપતા હતા. (૧૧)

અમૃતની ઉપમા આપવા યોગ્ય, વિશુદ્ધ, વિવિધપ્રકારનાં ભોજનોથી યજમાન રામપ્રતાપ લાખો બ્રાહ્મણોને તથા બીજા જનોને તૃપ્તિ પમાડતા હતા. (૧૨)

ત્યારબાદ સભ્યોના મંડપમાં ઋત્વિગાદી બ્રાહ્મણોને તથા સાધુઓ તથા બીજા જનોની મહાસભા થઈ. (૧૩) સભાના મધ્યભાગમાં કોમળ ગાદી તકિયા યુક્ત ઉંચા આસનમાં પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિ બિરાજમાન થયા. (૧૪) પછી સભામાં સભ્યોની પૂજા કરવા માટે ઉદ્યમ યુક્ત થયેલા રામપ્રતાપને ઘણા વિદ્વાનો આ પ્રમાણે યથોચિત કહેવા લાગ્યા. (૧૫)

હે રામપ્રતાપ ! નાંદલ્યના શ્રેષ્ઠ, શ્રીદામાની ઉપમા યોગ્ય, પ્રત્યક્ષ શ્રીહરિનાં એકાંતિક ભક્ત પુરુષોત્તમ. (૧૬) શ્રેષ્ઠ કુળવાળા, ધર્મ-વિદ્યા-આદિ સદ્‌ગુણોએ યુક્ત બ્રાહ્મણનું તમો પહેલાં પૂજન કરો. પછી બીજા બ્રાહ્મણોનું યથાયોગ્ય પૂજન કરો. (૧૭)

આ પ્રકારે સભાસદોનું વચન સાંભળીને, સમગ્ર પંડિત જનોમાં અગ્રગણ્ય બ્રાહ્મણ ભક્ત પુરુષોત્તમ બ્રાહ્મણ શ્રીહરિનું માહાત્મ્ય જાણતા હોવાથી રામપ્રતાપને આ પ્રમાણે કહેતા હતા. (૧૮)

હે મહીપતે ! બહુ બુદ્ધિયુક્ત રામપ્રતાપ ! આ તમારા બંધુ પોતે સાક્ષાત્ નારાયણ છે. માટે પહેલા તો એ ભગવાનનું પૂજન કરો. (૧૯) આ પૃથ્વી ઉપર રાજાઓને પણ દુષ્કર યજ્ઞો યથાશાસ્ત્ર કરીને આ શ્રીહરિએ જ વેદમાર્ગ પ્રવર્તાવ્યો છે. (૨૦) ભૂમિની ચારેય તરફ હિંસા વગેરે અધર્મનો ઉચ્છેદ કરતા આ શ્રીહરિએ પોતાનાં પ્રતાપથી પૃથ્વીમાં વેદોએ ઉચ્ચારેલો ધર્મ સ્થાપન કર્યો છે. (૨૧) પ્રાણીઓને તત્કાળ સમાધિ કરાવીને પોતાનાં ઐશ્વર્યો ઈશ્વર, સર્વવિત આ શ્રીહરિ તમને બતાવે છે. આમના આશ્રિતો ઘણા ત્યાગીઓ જેવા પાપ રહિત છે તેવા અમોએ બીજા કોઈ પણ સાંભળ્યા પણ નથી, તેમ જોયા પણ નથી. (૨૨-૨૩)

પૃથ્વી ઉપર એમને આશ્રેલા કરોડો ગૃહસ્થ પુરુષો તથા સ્ત્રીઓ કામાદિ દોષોએ રહિત વર્તે છે. (૨૪) ભક્ત સુખપ્રદ આ ભગવાન સાધન સંપદ વિના પણ પોતાનાં ભક્તોને અષ્ટાંગ યોગની સંસિદ્ધિ પમાડે છે. (૨૫) પૃથ્વી ઉપર વેદશાસ્ત્રો જાણનારાઓએ પ્રતિપાદન કરેલો મોક્ષમાર્ગ તો જેવો આમણે પ્રર્વતાવ્યો છે તેવો બીજા એમના આગળના અવતારોએ પણ ક્યારેય પ્રર્વતાવ્યો નથી. (૨૬) તેથી પ્રત્યક્ષ ઈશ્વરેશ્વર સર્વજ્ઞ, પુરુષોત્તમ આ સ્વામિનારાયણનું પહેલા પૂજન કરવું તે યોગ્ય છે. (૨૭)

પોતાનાં અભિપ્રાયને અનુસરતા આ બ્રાહ્મણ પુરુષોત્તમનું વચન સાંભળીને રામપ્રતાપ હર્ષપૂર્વક શ્રીહરિનુ પૂજન કરવા માટે આવ્યા. (૨૮) ધારણ કર્યા છે ઉપચારોથી યુક્ત પાત્રો જેમણે એવા રામપ્રતાપના નંદરામાદિ ત્રણ પુત્રો ઉત્સાહ સહિત તે સમયે રામપ્રતાપની બંને પડખે ઊભા રહ્યા. (૨૯) પછી રામપ્રતાપ, ત્રણેય પુત્રોની સાથે, હર્ષથી શ્રીહરિનાં ભાલમાં કેસરે યુક્ત ચંદનની સુંદર પત્રલેખા (અર્ચા) કરતા હતા. (૩૦) રામપ્રતાપ તેના મધ્ય ભાગમાં સુંદર ગોળ કુમકુમનો ચાંદલો કરતા હતા. પછી શ્રીહરિને પુષ્પોના હાર, બાજુબંધ, તોરાઓ ધારણ કરાવતા હતા. (૩૧) રામપ્રતાપ સોનાના સૂત્રોથી સુશોભિત મહાઅમૂલ્ય વસ્ત્રો, વિવિધ પ્રકારનાં મણિજડિત સુવર્ણના અલંકારો તથા ધૂપ-દીપાદિ તથા બીજા વિચિત્ર મનોહર ઉપચારોથી શ્રીહરિનું રામપ્રતાપભાઈના નંદરામ વગેરે ત્રણ પુત્રો પૂજન કરતા હતા. (૩૪)

હે રાજન્ ! ચળકતા છે સોનેરી વસ્ત્રો જેમને એવા, અતિશ્રેષ્ઠ મંડિલમાં પુષ્પના તોરાઓની પંક્તિ જેમને છે એવા, અને સુવર્ણ નિર્મિત કડા, સાંકળાં વગેરેથી અત્યંત શોભાયમાન શ્રીહરિ, ભક્તોના મન હરણ કરતા હતા. (૩૫) અંદર જડેલા મણિવાળા બાજુબંધો, વીંટિઓ, શ્રેષ્ઠ મણિ, મોટા મોતી, શ્રેષ્ઠ સુવર્ણના મણકાઓના હાર તથા અતિશય સુગંધિવાળી પુષ્પની ઘણી માળાઓમાં ભમતા ભમરાઓના ગુંજારવોથી વિરાજમાન. (૩૬) અતિશય ગર્વવાળા કરોડ કામદેવોને પણ લજ્જા પમાડનારું જે રૂપ તેના નિધિ એવા, ચંચળ શ્રેષ્ઠ બંને ભ્રકુટીઓ જેમને છે એવા, વિશાળ અને ચંચળ છે નેત્રો જેમને એવા, સ્વાભાવિક વિલાસવાળા, મંદહાસ્ય જેમાં છે એવા મુખથી તિરસ્કૃત કરી છે ચંદ્રની અને પદ્મની શોભા જેમણે એવા. (૩૭)

અતિશય કરુણાર્દ્ર દૃષ્ટિવાળા, શરણ ઉપર ચઢાવેલા એવા નવરત્નો (મોતી, હિરણ્ય તથા વૈદૂર્ય, પદ્મરાગ, પુષ્પરાગ, ગોમેદ, નીલ, ગારૂત્મત, પ્રવાલત) ના સુંદર હારોથી પ્રકાશમાન તેથી ઈન્દ્ર ધનુષ્ય

સાથે દેખાતા મેઘની શોભાને ધારણ કરતા, દર્શન કરનાર સમગ્ર જનોના નેત્રોને આનંદ ઉપજાવનારા. (૩૮) પોતાનાં જે સુંદર અવયવો હાથ, પગ, ઉદર વગેરેની શોભાથી તથા ધારણ કરેલાં વિવિધ પ્રકારનાં વિભૂષણોથી અનુપમ શોભા ધારણ કરતા, મહાદાતા, સમગ્ર મુનિઓના પતિ, એથી જ તારાગણોથી વીંટાયેલો ચંદ્ર જેમ શોભે તેમ અધિક શોભાયમાન. (૩૯) જનોનાં સો સો નેત્રોથી દર્શન કરાયેલા, પોતાનાં આશ્રિતોને સુખ કરનારા જે ગુણોરૂપી આભૂષણોથી અસાધારણ રૂપ જેમનું છે એવા, ધર્મના વેરીનું વિમર્દન કરનાર છે પ્રતાપ જેમનોં એવા, મુનિગણોના નેત્રોરૂપી ચકોરને ચંદ્રવત્ મુખ જેમનું છે એવા. (૪૦)

હે રાજન્ ! આવી સર્વોત્તમ શોભા ધારણ કરતા, અતુલનીય મૂર્તિ, અસાધારણ છે પરાક્રમ જેમનું એવા, શ્રીહરિનાં દર્શન કરનારા ભક્તોના અત્યંત ભાગ્યની હું શું વાત કરું ? (૪૧)

પછી પોતાનાં ત્રણ પુત્રો સાથે રામપ્રતાપ સુગંધિમાન ચંદન, પુષ્પના હારો, શ્રેષ્ઠોપચારો તથા નવાં વસ્ત્રો વગેરેથી સમગ્ર બ્રહ્મચારીઓ તથા સાધુઓનું પૂજન કરતા હતા. (૪૨) પછી હે રાજન્ ! વિધિજ્ઞ રામપ્રતાપ સમગ્ર સભાસદ વિપ્રોને અમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે વિવિધો પચારોથી વિધિ પ્રમાણે હર્ષપૂર્વક યથોચિત પૂજતા હતા. (૪૩) દેશાંતરથી આવેલા ઘણા ભક્તો અતિભક્તિપૂર્વક કસ્તુરી, કેસરથી યુક્ત ચંદન તથા વિશુદ્ધ કર્પૂર તથા શ્રેષ્ઠ કુમકુમ વડે શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૪) તેમજ સુંદર અક્ષત, તુળસીના પત્રો, સુંદર પુષ્પો, પુષ્પોના શ્રેષ્ઠ હારો, વિવિધ પ્રકારનાં સુંદર તોરા, સૂક્ષ્મ, વિચિત્ર વર્ણવાળા, કોમળ, મહાઅમૂલ્ય વસ્ત્રો, મોતીના શ્રેષ્ઠહાર, રત્નજડિત સુવર્ણના અનેક અલંકારો તથા ધૂપ વગેરેના બીજા ઉપચારો વડે પણ શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૫-૪૬) હે રાજન્ ! પછી અત્યંત પ્રસન્ન થયેલા ભક્તો શ્રીહરિને રૂપ્ય મુદ્રાઓ અર્પણ કરતાં હતા. જુદી જુદી ભેટો પણ આપતા હતા. તેમજ શ્રીહરિની આરતી કરી શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૪૭)

શ્રીહરિ તે વિશિષ્ટ વસ્ત્રાલંકારો તથા તે સર્વે ધન બ્રાહ્મણોના આપતા હતા. તેમનું ઔદાર્ય જોઈને બ્રાહ્મણો તથા બીજા જનો ઘણું જ આશ્ચર્ય પામ્યા. (૪૮) ધર્મકુળની પ્રશંસા કરતા ગુણજ્ઞ, પ્રિય છે ધર્મ સર્ગ જેમને એવા સમર્થ શ્રીહરિ, રામપ્રતાપ વગેરેને યથાયોગ્ય પારિતોષિક આપતા હતા. (૪૯) સમગ્ર જનસમુદાય રામપ્રતાપ તથા ઈચ્છારામનું તથા તેમનાં પુત્રાદિકનું વિવિધ પ્રકારનાં વસ્ત્ર અલંકારોથી તથા ઉપચારોથી પૂજન કરતા હતા. (૫૦) ત્યારબાદ સર્વ સ્ત્રીઓ વિવિધ પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરીને સુવાસિની તથા વરીયાળીને પૂજતી હતી. પછી તેમનાં સંબંધવાળી બીજી સ્ત્રીઓનું પણ પૂજન કરતી હતી. (૫૧) દયાસાગર ધર્મધર્તા, સમગ્ર જનસમુદાય જેમનું દર્શન કરે છે તે શ્રીહરિ મધુરદ્રષ્ટિથી ચારેય બાજુ સભાજનોને જોતા આ પ્રમાણે બોલ્યા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રી રામપ્રતાપે અર્ચન કર્યું તે નિરૂપણનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે પંડિતો બ્રાહ્મણો ! તમો સર્વે વેદ તથા શાસ્ત્રોના સિદ્ધાંતરૂપ-ધર્મમાંથી કદી ચ્યુત નહિ થયેલું, જીવોનું હિત કરનારું મારું વચન સાંભળો. (૧) અહિંસાઃ શરીર, વાણી અને મન વડે પ્રાણીઓના દ્રોહનું આચરણ કરવું નહિ; સત્યઃ યથાર્થ જોયેલું અને યથાર્થ સાંભળેલું તેમજ પારકાના દ્રોહ રહિત એવું વચન બોલવું; અસ્તેયઃ ચોરી કરવી નહિ. તેમજ કામ તથા લોભાદિકને જીતવા શ્રીહરિની નવ પ્રકારની ભક્તિનું પ્રેમ સહિત આચરણ કરવું. સત્ શબ્દ વાચ્ય ભગવાનનો સંગ, તેમનાં એકાંતિક સંતોનો સંગ તથા સદ્ધર્મ એ ત્રણનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર એ ચારનો સંગ કરવો, આ પ્રકારે મનુષ્યોનો સાધારણ ધર્મ છે. (૨) હે વિદ્વાનો ! ''न हिंस्यात् सर्वा भूतानि'' સર્વ ભૂત પ્રાણીઓની હિંસા કરવી નહિ એવી સનાતન શ્રુતિ છે, તેથી હે બ્રાહ્મણો ! વિદ્વાનોએ અહિંસા ધર્મને સર્વોત્તમ કહ્યો છે. (૩) ધર્મજ્ઞ મનુ અહિંસા ધર્મને જ અતિ શ્રેષ્ઠ કહેતા હતા. માટે ક્યારેય કોઈ જીવની હિંસા કરવી નહિં. यो बन्धन वध क्लेशान् प्राणिनां न चिकीर्षति । स सर्वस्य हितप्रेप्सुः सुखमत्यन्तमश्नुते'' આ પ્રમાણે મનુ કહે છે) (૪) હે વિપ્રો ! સર્વ ધર્મને જાણનારા ભીષ્મે પણ મહાભારતમાં હે વિપેન્દ્રો ! ધર્મ પ્રિય યુધિષ્ઠિરને કહ્યું છે. (૫) મહીને મહીને અશ્વ મેઘ યજ્ઞો કરનારાને જે ફળ પ્રાપ્ત થાય તે સર્વ ફળ મદ્ય માંસનો ત્યાગ કરનાર પ્રાણી પામે છે. (૬) સર્વ આચાર્યોના શીરોમણી વ્યાસે કોઈનો દ્રોહ કરવો નહિ તે પ્રમાણે શ્રીમદ્ભાગવતમાં જ કહ્યું છે. (૭) શ્રીમદ્ ભાગવતમાં જ અનિત્ય દેહ માટે પ્રાણીનો દ્રોહકરી સૂક્ષ્મ જુ વગેરેને જે મારી નાંખે છે તેને નરકની પ્રાપ્તિ થાય છે. (૮) આ અહિંસાનું પ્રતિપાદન કરનારા ઘણાં ઋષિ વાક્યો પ્રમાણભૂત છે. વળી મદ્યપાન કરવું તેને તો મહાપાપ કહ્યું છે. ''ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः । महान्ति पातकान्याहुः संप्रयोगं य तैः सह ।'' આવી રીતે મનુ કહે છે. (૯) હે દ્વિજો ! તેથી સચ્છાસ્ત્રજ્ઞ વિચક્ષણ પંડિતોએ મદ્યપાનનો તો ત્યાગ કરવો જ જોઈએ. હે ભૂદેવો ! પરસ્ત્રીનો સંભોગ કરવો તેને પણ સચ્છાસ્ત્ર વિચક્ષણ પુરુષોએ નિષેધ કર્યો છે. તેથી તે પ્રકારનોં વ્યભિચાર પણ નરકની પ્રાપ્તિ કરાવનારો છે. (''परदारा न गन्तव्याः'' મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે.) (૧૦) જે અપેય તથા અભક્ષ્ય વસ્તુ હોય તેનો હંમેશા ત્યાગ કરવો. વેદશાસ્ત્રના નિપુણ પંડિતોએ એને જ ધર્મ કહ્યો છે. (૧૧) હે વિદ્વાનો ! શાસ્ત્રને જાણનારા કેટલાક બ્રાહ્મણો અપેયપાન તથા અભક્ષ્ય ભક્ષણ એ અમારો સ્વાભાવિક ધર્મ છે એમ માને છે. (૧૨) હે દ્વિજો ! જો અપેયનું પાન તથા અભક્ષ્યનું ભક્ષણ બ્રાહ્મણનો ધર્મ હોય તો તેઓ તે ગુપ્ત રીતે કેમ કરે છે ? (૧૩)

વેદ અને શાસ્ત્રના અર્થથી ગર્ભિત શ્રીહરિની હિત કરનારી, અર્થ ભરેલી મીતભાષી મિષ્ટ વાણી સાંભળીને પંડિતો અત્યંત વિસ્મય પામતા હતા. (૧૪) તે બ્રાહ્મણોમાં શાકત મતવાળાએ પ્રશ્નો કર્યા. પરંતુ તે જે ઉત્તર મળ્યો તેથી પ્રતાપશાળી શ્રીહરિની આગળ બોલવા માટે તેઓ સમર્થ થયા નહિ. (૧૫) પછી દૈવી સમ્પત્તિવાળા વિદ્વાનો તથા બીજા શક્તિપંથના વિદ્વાનો વિચાર કરીને ધર્મનું રક્ષણ કરનારા

એક શ્રી હરિ જ છે તેમ જાણી તેમને આ પ્રત્યે કહેવા લાગ્યા. (૧૬, ૧૭)

હે ભગવન્ ! આપતો સર્વજ્ઞ છો. માટે ઈશ્વર એવા આપે વેદ શાસ્ત્રના પ્રમાણથી જે વચનો કહ્યા છે તે સત્ય જ છે. (૧૮) હે સ્વામિન્ ! હિંસાનું આચરણ તે ધર્મ નથી. જે જનો તેનું આચરણ કરે છે તે જનોને પંડિતોએ નીચ કહ્યા છે. (૧૯) ધર્મરક્ષા કરવા ઉદ્યમ યુક્ત થયેલા શ્રીહરિ, તેમનું આવું વચન સાંભળીને સાધુઓ પ્રત્યે જોતા જોતા, તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૦) હે દ્વિજો ! આવી રીતે હિંસાદિ આચરણ કરનારનું કર્તવ્ય અતિનીચ હોય તો તમો સમગ્ર વિદ્વાનો ઊભા થઈને તાળી વગાડીને સભામાં તે પ્રમાણે ઉંચેથી બોલો. (૨૧) શ્રીહરિનું આ વચન સાંભળીને તે વિદ્વાન બ્રાહ્મણો તત્કાળ ઊઠીને તાળી વગાડતા તે મહાસભામાં ઉંચા સ્વરે તે પ્રમાણે બોલ્યા. (૨૨) જે બ્રાહ્મણો મદ્યમાંસાદિનું ભક્ષણ કરે છે તે સર્વે નરાધમો છે, તેથી જ તેમને ચંડાળસમાન નિશ્ચય જાણવા. (૨૩) તે બ્રાહ્મણોએ આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા ત્યાગીઓ તથા ગૃહસ્થો તથા બીજા દૈવી જનો પણ આનંદ પામ્યા. (૨૪) તે સમયે સર્વાવતારોના કારણ વિભુ શ્રીહરિ હર્ષપૂર્વક તેમને ફરીથી ઘણા પારિતોષિકો આપતા હતા. (૨૫)

હે મહિપતે ! તે સમયે સંતોષ પામેલા દેવો તથા મુનિઓ પ્રભુ શ્રીહરિ ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ વારંવાર કરતા હતા. (૨૬) હે રાજર્ષે ! શ્રીહરિએ જેતલપુરમાં ઘણાં જનોની આત્યાંતિકી મુક્તિને માટે બીજા ઘણા યજ્ઞોત્સવો કરતા હતા. (૨૭) જેતલપુરમાં આવેલા વિષ્ણુદાસ વગેરે ડભાણના ભક્તો આ યજ્ઞ મહોત્સવ જોઈને અત્યંત પ્રસન્ન થયા અને શ્રીહરિને પોતાનાં પુરમાં લઈ જઈ તેમની પાસે યજ્ઞ કરાવવા ઈચ્છા કરવા લાગ્યા. તેથી ધર્મનંદન શ્રીહરિને ભક્તિપૂર્વક તેઓ આ પ્રમાણે પ્રાર્થના કરતા હતા. (૨૮-૨૯) હે સ્વામિન્ ! હે દયાસિંધો ! ભક્ત વત્સલ ! આપ કરુણા કરી અમારા પુરમાં યજ્ઞ મહોત્સવ કરવા માટે પધારો. (૩૦) અત્યંત વિસ્તારવાળી, યજ્ઞને યોગ્ય પૃથ્વી, ડભાણમાં છે. તેમજ ઉંચા વૃક્ષોની છાયા છે, સમુદ્રની ઉપમા આપવા યોગ્ય તળાવ છે. (૩૧) તેથી હે હરે ! તે સુંદર પુરમાં સર્વ પ્રકારે મંગળમય યજ્ઞના વિધાનમાં અત્યંત અનુકૂળતા છે. (૩૨) તમારા ભક્ત સર્વે એવા અમારી અત્યંત ઈચ્છા છે. હે પ્રભો ! અમો તે યજ્ઞમાં સર્વદા આપની સેવા કરીશું. (૩૩) હે વિભો ! અમારો આવો સંકલ્પ આપ પૂર્ણ કરો. પોતાનાં ભક્તોનું આવું વચન સાંભળીને પછી શ્રીહરિ, તમારી નગરીમાં યજ્ઞ હું કરીશ, એ પ્રમાણે તે ભક્તોને કહેવા લાગ્યા. (૩૪) પછી સર્વજ્ઞ શ્રીહરિ યક્ષને યોગ્ય સામગ્રીઓ એકઠી કરવા માટે મુક્તાનંદાદિ સાધુઓને તથા દર્ભાવતી પુરીના (ડભાણના) નિવાસી જનોને દર્ભાવતી જવા માટે આજ્ઞા આપતા હતા. (૩૫) તે સાધુઓ તથા ડભાણના હરિભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને હર્ષપૂર્વક દર્ભાવતી નગરી પ્રત્યે ગયા. (૩૬) તે સાધુઓ તથા ભક્તો હર્ષપૂર્વક યજ્ઞને યોગ્ય વિવિધ પ્રકારની સમગ્ર સામગ્રીઓ આદરપૂર્વક સંપાદન કરવા લાગ્યા. (૩૭) હે રાજન્ ! તેટલામાં નિખેલેશ્વર શ્રીહરિને પોતાનાં પુરમાં હર્ષથી લાવવા માટે સૈન્ય સહિત ઘણી ભાવના યુક્ત કોઈ રાજા શ્રીહરિની સમીપે આવ્યા. પછી શ્રીહરિને નમસ્કાર કરીને તે પ્રાર્થના કરવા લાગ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં અહિંસા ધર્મના ગૌરવનું નિરૂપણ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

માનસિંહ રાજા પૂછે છે :- હે બ્રહ્મન્ ! તે મહિપાલ કોણ હતા ? હે મુને ! તે કઈ પુરીમાં રહેતા હતા ? શ્રીહરિને શા કારણથી તેડવા માટે તે આવ્યા હતા ? તે મને વિસ્તારથી કહો. (૧)

હે રાજન્ ! મહાબળવાન અને શૂરવીર જાલમસિંહ ભીલોનો રાજા ઘોડાસરપુરમાં રહેતા હતા. (૨) તે રાજાની માતા ધર્મ પરાયણ હતાં. તે દરરોજ પરોક્ષ કૃષ્ણને સર્વોત્તમ પ્રીતિથી ભજતાં હતાં. (૩) રાજાની માતાને ઘોડાસરના નિવાસી, ધર્મનિષ્ઠ, શ્રીહરિનાં બ્રાહ્મણ સ્ત્રી ભક્ત અંબાનો સમાગમ હતો. (૪) બ્રાહ્મણ સ્ત્રી અંબા ધર્મના પુત્ર સ્વામિનારાયણ શ્રીહરિનું શુભ માહાત્મ્ય રાણીને હંમેશા કહેતી હતી. (૫) શ્રીહરિનાં સુંદર ચરણકમળમાં રહેલાં સ્વસ્તિ, અષ્ટકોણ, જવ, જાંબુ, ઉર્ધ્વરેખા વગેરે ચિહ્નોથી શોભાયમાન જગદગુરુ શ્રીહરિની, કોટાન્કોટી કામદેવને મોહ પમાડનારી મૂર્તિનું અંબા રાણીની આગળ વર્ણન કરતી હતી. (૬)

તે બ્રાહ્મણ સ્ત્રી ભક્તે કરેલી શ્રીહરિ સંબંધી વાતો નિત્ય આદરપૂર્વક સાંભળતી અને મુક્તિની ઈચ્છાવાળી તે રાણી ક્યારેક આ પ્રમાણે વિચાર કરતી હતી. (૭) અહો ! મારો મોક્ષ કરનારા પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણનાં દર્શન તત્કાળ ક્યારે થાય ? (૮) આ પ્રમાણે વિચાર કરતી, શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળી રાણી શ્રીહરિને જેવા સાંભળેલા તેવા શ્રીહરિનું સ્મરણ કરતાં રાત્રિએ પથારીમાં સૂઈ ગઈ. (૯)

આ પ્રમાણે રાણી તો મનોવ્યાપાર જાણીને સર્વજ્ઞ શ્રીહરિએ તે રાણીની આત્યાંતિકી મુક્તિ માટે સ્વપ્નમાં પોતાનાં દર્શન આપ્યા. (૧૦)

રાણીએ સ્વપ્નમાં પહેલાં મોટો તેજનો સમૂહ જોયો. દિવ્યાનંદના એક સ્થાનરૂપ, પવિત્ર કરનારા, શાંતિ આપનારા, આશ્ચર્યકારી. (૧૧) તે તેજના મધ્ય પ્રદેશમાં ઈશ્વર સહજાનંદને તે રાણીએ જોયા. બ્રાહ્મણ સ્ત્રી ભક્ત અંબાના મુખથી જેવા સાંભળ્યા હતા તેવા, સ્ફુરાયમાન, તેજથી ઉજ્જવળ રૂપવાળા. (૧૨) તરુણ અવસ્થાવાળા, રમણીયતાના સમુદ્ર, નવીન કમળના પાંદડાના સમાન સુંદર નેત્રોવાળા, નૂતનમેઘના જેવી છે કાન્તિ જેમની એવા, રમણીય ઉત્તમ હારો વૃક્ષઃ સ્થળમાં છે જેમને એવા. (૧૩)

શ્વેત, મનોહર, ચળકતાં વસ્ત્રોવાળા, શોભાયમાન મોગરા વગેરે પુષ્પોના હાર તથા તોરાઓ જેમને છે એવા, ભાલમાં કુમકુમના ચાંદલા સહિત કેસરનું તિલક ધારણ કરતા હતા. (૧૪) મુખથી લજ્જિત કર્યા છે ચંદ્ર અને કમળ જેમણે એવા, મંદહાસ્યની કાન્તિથી જેમનાં અધરોષ્ટ પ્રકાશે છે એવા, ચંચળ છે બંને ભ્રકુટિઓ જેમની એવા, મનોહર કરુણા પૂર્વ, ચંચળ દૃષ્ટિ જેમની છે એવા. (૧૫)

તિલના પુષ્પ સમાન નાસિકાની સમીપે જમણા ગંડસ્થળમાં મુનિઓએ ચિંતવન કરેલું મોટું તિલનું મંગળકારી ચિહ્ન ધારણ કરનારા. (૧૬) શુભ કલ્યાણકારી ડાબા કાનના મધ્ય ભાગમાં મેઘની માફક કાન્તિવાળા મોટા તિલને ધારણ કરતા, જીત્યું છે કોટિકામદેવનું સૌંદર્ય જેમણે એવા, અતિશય આનંદના સમુદ્રરૂપ શરીરવાળા. (૧૭)

સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા સમગ્ર શ્રેષ્ઠ લક્ષણોએ સહિત, અનુપમ, લક્ષ્મીએ યુક્ત, પોતાનાં હાથ પગ વગેરે અવયવોથી ઘણી શોભા ધોરણ કરતા. (૧૮) ગુલાબથી પણ અધિક અત્યંત શોભાયમાન બંને હાથની હથેળીઓ જેમની છે એવા, તેવા શુભ હાથોમાં રૂમાલ ધારણ કરતા, કંઠમાં નવીન મોતીની માળા ધારણ કરવાથી શોભાયમાન, માટે દર્શનીય. (૧૯) મત્સ્યના જેવી આકૃતિવાળા તથા જડેલા મણિઓની કાન્તિવાળાં, શુદ્ધ સુવર્ણના બંને કુંડળોની કાન્તિથી જેમનાં ગાલનું મંડળ શોભે છે એવા, અનેક પ્રકારનાં અલંકારોને ભૂષણરૂપ આકૃતિ જેમની છે એવા. (૨૦)

હે રાજન્ ! પોતાનાં નિશ્ચયની સિદ્ધિ માટે પોતાનું આવું રૂપ રાણીને બતાવીને શ્રીહરિ અંતર્ધાન થયા. (૨૧) સૌંદર્યાદિના સમુદ્ર શ્રીહરિ તત્કાળ અંતર્ધાન થયા. તેથી તેમનાં વિયોગથી આકુળ વ્યાકુળ રાણી જાગ્રત થઈ ગઈ. (૨૨) સર્વે ક્લેશોને નાશ કરનાર દર્શનવાળા, સ્વપ્નમાં દર્શન કરેલા શ્રીહરિનું સ્મરણ કરતા, શ્રીહરિનાં રૂપમાં આસક્ત મનથી તે રાણી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. (૨૩) મેં સ્વપ્નમાં પ્રત્યક્ષ સ્વામિનારાયણના દર્શન કર્યા છે. અંબાએ જેવા વર્ણવ્યા હતા તેવા જ નિશ્ચય મેં જોયા છે. (૨૪) તેથી તે સ્વામિનારાયણ પોતા ભગવાન જ છે. માટે મારે સંસાર સાગરમાં નૌકાસ્વરૂપ તેમને આશ્રય કરવો. (૨૫)

પછી રાણી તત્કાળ શુદ્ધ વ્રતવાળી અંબાને બોલાવીને સ્વપ્નમાં જેવા શ્રીહરિનાં દર્શન થયા હતા તે હર્ષપૂર્વક અંબાને કહેવા લાગ્યાં. (૨૬)

પછી પ્રસન્ન થયેલાં અંબા રાણીને કહેવાં લાગ્યાં, હે નિષ્પાપ ! તમોને સ્વપ્નમાં પ્રભુ સ્વામિનારાયણનાં દર્શન થયા તે બહુ સારું થયું. (૨૭) પછી રાણી અંબાને કહેવા લાગ્યા, હે અંબે ! સ્વામિનારાયણ આપણા દેશમાં આવે ત્યારે હે ભદ્રે ! મને તમારે તત્કાળ સૂચના આપવી. (૨૮) પૃથ્વી ઉપર વિચરતા શ્રીહરિ આ દેશમાં જ્યારે આવશે ત્યારે મારા પુત્રની સાથે સ્વામિનારાયણને હું અહીં નિશ્ચય બોલાવીશ. (૨૯)

તે સમયે અંબાએ તે રાણીને આદરપૂર્વક કહ્યું, સ્વામિનારાયણ શ્રીહરિ જ્યારે સમીપના પ્રદેશમાં આવશે. (૩૦) ત્યારે તેમનું આગમન હું તમોને સૂચવીશ. અંબાનું આવું વચન સાંભળીને મહામનવાળી રાણી અત્યંત પ્રસન્ન થયા અને અંબાને પારિતોષિક આપતા હતા. (૩૧)

પછી રાણીએ પોતાનાં પુત્ર જાલમસિંહને સ્વપ્ન વૃત્તાંત કહ્યું. તેથી પ્રસન્ન થયેલા જાલમસિંહે પોતાનાં માતુશ્રીને કહ્યું. (૩૨)

હે માતુશ્રી ! 'સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે એમ મેં સાંભળ્યું છે. તેમને હું આપણે ઘેર બોલાવીશ. (૩૩) રાજાનું આવું વચન સાંભળીને તે રાણી પ્રસન્ન થઈને રાજાને કહેવા લાગીઃ હે પુત્ર!

તમોએ આપણું હિત કરનારું શ્રીહરિને અત્રે લાવવા માટેનું જે વચન કહ્યું, તે નિશ્ચય ઠીક કર્યો. (૩૪)

સમય જતા શ્રીહરિ જેતલપુરમાં પધાર્યા તે વખતે રાણીને તે બ્રાહ્મણ સ્ત્રી ભક્ત અંબાએ કહ્યું. (૩૫) તેથી રાણીએ પ્રેરણા કરવાથી રાજા તત્કાળ શ્રીહરિને લેવા જવા માટે તૈયાર થયા. પરંતુ તે મોટા કાર્યમાં રોકાયેલા હતા. (૩૬) તેથી તે રાજા જેતલપુરમાં યજ્ઞોત્સવમાં જવા માટે સમર્થ થયા નહિ. તેટલામાં યજ્ઞોત્સવ સમાપ્ત થયો. (૩૭)

પછી હે રાજન્ ! પોતાનાં માતુશ્રીએ પ્રેરણા કરી તેથી સેના સહિત રાજા શ્રીહરિને પોતાનાં પુર પ્રત્યે લઈ આવવા માટે જેતલપુર ગયા. (૩૮) હે રાજન્ ! પછી મુમુક્ષુ તે રાજાએ ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ કૃપાપૂર્વક તેમનાં પુરમાં જવા માટે ઈચ્છા કરી. (૩૯)

દેશના સર્વે ભક્તો ડભાણમાં યજ્ઞ થવાનો છે તે જાણીને પોતાનાં અંતઃકરણમાં ચિંતવન કરવા લાગ્યા. (૪૦) ફરી યજ્ઞ થાય અને શ્રીહરિનાં દર્શન થાય તે દુર્લભ છે. માટે અહીંથી (જેતલપુરથી) આપણે આપણા ઘેર જવું નહીં. પરંતુ તત્કાળ ડભાણ જવું. (૪૧)

આવો નિશ્ચય કરીને તે ભક્તો ડભાણનો માર્ગ પૂછીને, શ્રીહરિને નમસ્કાર કરીને ડભાણ પુરીમાં ગયા અને આદરપૂર્વક ત્યાં રહ્યા. (૪૨) પ્રભુ શ્રીહરિ ડભાણમાં મહાયજ્ઞ કરશે જ એવો ઉદ્‌ઘોષ સાંભળીને બીજા માણસો પણ ડભાણ આવ્યા. (૪૩)

સમગ્ર કાર્યમાં ચતુર સ્વયં શ્રીહરિ, હે સાધુઓ ! તમો સર્વે હમણાં જ જવા માટે તૈયાર થાવ. એમ પોતાનાં સમગ્ર સાધુ વગેરેને આજ્ઞા આપીને પોતે તત્કાળ તૈયાર થયા. (૪૪)

જવા માટે ઈચ્છતા દયાળુ ધર્મપુત્ર શ્રીહરિ રાજાની પ્રાર્થનાથી તે રાજાની અત્યંત શોભાયમાન શિબિકામાં બિરાજમાન થયા. (૪૫) પછી તે પુરના પોતાનાં ભક્તોએ વાજિંત્રોના ઘોષ સહિત શ્રીહરિને વળાવ્યા. અસવારો, વાહનોમાં બેઠેલા પોતાનાં બંધુઓ તથા પોતાનાં સાધુઓ તથા વર્ણીઓ, પાર્ષદોથી વીંટાયેલા. (૪૬) ચામર, છત્રથી શોભાયમાન શ્રીહરિએ જેતલપુરથી પ્રયાણ કર્યું. જાલમસિંહ રાજા સૈન્ય સહિત વાજતે ગાજતે તેમજ દુંદુભિઓના ઘોષ સહિત શ્રીહરિની પાછળ આવતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં ઘોડાસરપુર પ્રત્યે શ્રીહરિનું પ્રયાણ તે વર્ણન નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનાં ભક્ત સમૂહોએ જેમનો યશ ગાયો છે તે શ્રીહરિ પોતાનાં આશ્રિત મુનિઓ વગેરેની સાથે ઘોડાસરપુરમાં પધાર્યા. (૧) બજારોના માર્ગો તથા રાજમાર્ગો, ચોખંડીઓ સંમાર્જીત (વાળીને સાફ તથા પાણી છંટાયેલા) સમગ્ર માર્ગો જેમાં છે એવું અને

વેરેલા છે પુષ્પો જેમાં એવા માર્ગોથી શોભાયમાન. (૨)

અનેક પ્રકારનાં રમણીય, તોરણોથી શોભાયમાન ગૃહદ્વારો, અતિ રમણીય, રાજદરબારના સુંદર ભુવનોથી અલંકૃત. (૩)પુરની સમીપે અતિ સુંદર, વિશાળ, સ્વચ્છ જળ વહેવડાવતી, પક્ષિઓ જેમાં કલરવ કરે છે. એવી વેત્રવતી નદીથી વિભૂષિત, આ નગરમાં શિબિકા ઉપર બિરાજમાન થયેલા શોભાયમાન, બંને ચામરો તથા છત્રથી અલંકૃત એવા શ્રીહરિએ પોતાનાં સહચર મુક્તાનંદાદિ વગેરેની સાથે પ્રવેશ કર્યો. (૪-૫)

તે સમયે વિભુ શ્રીહરિની આગળ વિચિત્ર વાજિંત્ર વાગતાં હતાં, ઉંચેથી બંધૂકોના અવાજો તથા જયના નાદો થતા હતા. (૬) સુવર્ણની છડીઓ ધારણ કરનારા દ્વારપાળો શ્રીહરિની આગળ છડી પોકારતા હતા, બંદિજનો શ્રીહરિનો પવિત્ર યશ ગાતા હતા. (૭) તે સમયે તે પુરના નિવાસીજનો શ્રીહરિનાં દર્શન માટે આવતા હતા. તે જન સમુદાયો શ્રીહરિનાં દર્શન કરીને સર્વોત્તમ શાંતિ પામ્યા. (૮)

પછી જાલમસિંહ રાજા, પોતાનાં જનોની સાથે શ્રીહરિને પોતાનાં દરબારમાં પ્રીતિપૂર્વક નિવાસ કરાવીને શ્રીહરિની સેવા અત્યંત કરતા હતા. (૯) પછી ધર્મપ્રિય શ્રીહરિને મુકુંદાનંદ વર્ણીએ ભક્તિપૂર્વક સ્નાન કરાવ્યું. પછી તેમણે યથાશાસ્ત્ર પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૦)

ત્યાં રાજદરબારમાં વર્ણીઓ તથા સાધુઓ જુદા જુદા પાક કરતા હતા. શ્રીહરિને માટે શ્રીહરિનાં ભાઈના નિવાસમાં ઉત્તમ રસોઈ થતી હતી. (૧૧)

એટલીવારમાં રાજાનાં માતુશ્રીએ બોલાવ્યા તેથી શ્રીહરિ પોતાનાં પાર્ષદો સાથે પોતાનાં અંગ ઉપર શ્વેત વસ્ત્રો ધારણ કરીને રાણીના ભુવનમાં પધાર્યા. (૧૨) રાણીએ શ્રીહરિને આવતા જોઈને, પ્રેમના અશ્રુ સહિત સ્નેહયુક્ત પંચાંગ પ્રણામ કરીને, અત્યંત પ્રેમથી શ્રીહરિને રમણીય આસન ઉપર બેસાડ્યા. (૧૩)

પછી રાજમાતાએ મહામૂલ્યવાળાં વસ્ત્રો, વિવિધ પ્રકારનાં વિભૂષણો, કેસર, ચંદન, કસ્તુરી, અક્ષત, કુમકુમ તથા બીજા પુષ્પોના હારો વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. પછી હાથ જોડીને ભક્તિપૂર્વક શ્રીહરિને આદરથી કહ્યું. (૧૪-૧૫)

હે પ્રભો ! યોગીંદ્રોને પણ દુર્લભ એવા આપના પ્રત્યક્ષ દર્શનથી હે દયાસાગર ! હે જગતપતે! અમારો જન્મ સફળ થયો. (૧૬) હે હરે ! આપના ચરણ કમળની રજથી મારો આ દરબાર આપે પવિત્ર કર્યો. અમારો સંસારમાંથી આપે કૃપાપૂર્વક ઉદ્ધાર કર્યો. (૧૭)

હે દયાળો ! તમારાં બ્રાહ્મણ સ્ત્રી ભક્ત આ અંબાના સમાગમથી હું, આપ જે પ્રત્યક્ષ ભગવાન છો, તેમનોં દ્રઢ નિશ્ચય પામી છું. (૧૮) હે સ્વામિન ! મેં સ્વપ્નામાં તમારા જેવા દર્શન કર્યા હતા. તેવા જ સુંદર ચિહ્નોએ યુક્ત હાલ આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યા. (૧૯)

આપ સર્વેશ્વર પરમાત્મા છો અને અમો આપના દાસ છીએ. અમારું આપ પરમ કલ્યાણ સર્વ પ્રકારે કરો. (૨૦) હું ભીલની હલકી જાતિમાં જન્મ પામી છું. તો પણ હું હાલમાં આપની પ્રાપ્તિથી

કૃતાર્થ અને પૂર્વજન્મમાં કરેલા સત્કર્મોનું ફળ પામી છુ. (૨૧) આ પ્રમાણે કહીને રાણીએ પ્રીતિપૂર્વક શ્રીહરિને દૃઢ આશ્રય કર્યો. પછી પ્રસન્ન થયેલા પુરુષોત્તમ શ્રીહરિએ તેને અભયદાન આપ્યું. (૨૨)

ત્યારબાદ શ્રીહરિની સન્મુખ બેઠેલી શ્રીહરિની ઉપાસક અંબા તથા રળિયાત વગેરે સ્ત્રી ભક્તોએ શ્રીહરિની વિવિધોપચારોથી પૂજા કરી. (૨૩) પછી શ્રીહરિ, પાર્ષદોથી વીંટાયેલા પોતાનાં નિવાસમાં પધાર્યા, તેટલામાં ઇચ્છારામ શ્રીહરિને જમવા માટે બોલાવવા આવ્યા. (૨૪-૨૫)

પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા અને શોભાયમાન, ચટ્ ચટ્ ધ્વનિ યુક્ત પાદુકાઓ જેમને છે એવા શ્રીહરિ, બંધુના નિવાસમાં સ્નાન કરીને, વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો પોતાનાં બંધુઓની સાથે જમતા હતા. (૨૬)

તે સમયે જાલમસિંહ રાજાએ પોતાનાં સેવકોને મોકલીને સીતાંબર શ્રીહરિને તેડાવ્યા. તેથી પોતાનાં પાર્ષદોથી વીંટાઈને શ્રીહરિ રાજાની સભા પ્રત્યે પધાર્યા. (૨૭) શ્રીહરિને દૂરથી આવતા જોઈને પૃથ્વીપતિ તથા અન્ય સભ્યો તત્કાળ ઊઠીને હર્ષપૂર્વક શ્રીહરિને પ્રમાણ કરતા હતા. (૨૮) પછી રાજાએ શ્રીહરિનો હાથ પોતાનાં હાથ વડે પકડીને સારી રીતે પ્રાર્થના કરીને શ્રીહરિને ઉત્તમ આસન ઉપર બેસાડ્યા. (૨૯)

તેટલામાં શ્રીહરિનાં બંધુજનો જમીને તત્કાળ ત્યાં આવ્યા. તેમજ સમગ્ર વર્ણીઓ, સાધુઓ, અસવારો તથા પાર્ષદો ત્યાં આવ્યા. (૩૦) શ્રીહરિનાં બંધુઓનું રાજાએ સન્માન કર્યું. પછી તે બંધુઓ આત્મપ્રિય શ્રીહરિને પ્રણામ કરીને તે રમણીય સભામાં યથાયોગ્ય બેઠા. (૩૧)

સુગંધિમાન સુંદર ચંદન, કુમકુમ, પુષ્પના હાર, તોરાઓ તથા સનેરી તારથી બનાવેલા અમૂલ્ય વસ્ત્રો તથા સુવર્ણના અલંકારો. (૩૨) સુગંધવાળા, ધૂપ, આરતી તથા શુભ ઉપચારોથી રાજાએ અત્યંત પ્રેમપૂરવક શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. (૩૩) પછી રાજાએ શ્રીહરિને ઉજ્જવળ મોતીઓથી વધાવ્યા. આનંદાશ્રુથી જેનાં નેત્રો ભીંજાયેલા છે તે રોમાંચિત ગાત્રવાળા રાજાએ ત્યારબાદ વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની સુંદર મહા આરતી કરી. (૩૪)

પછી સુવર્ણની મુદ્રાઓથી ભરેલુ રૂપાનું મનોહર પાત્ર શ્રીહરિની આગળ મૂકીને રાજાએ ઈશ્વર શ્રીહરિને ભક્તિપૂર્વક અષ્ટાંગ નમસ્કાર કર્યા. (૩૫)

ત્યારબાદ રાજાએ શ્રીહરિનાં બંધુવર્ગ વગેરેની મહાઅમૂલ્ય વસ્ત્રો, અલંકાર તથા પુષ્પાદિ ઉપચારોથી પૂજા કરી. વર્ણીઓ તથા મુનિઓની યથાયોગ્ય પૂજા કરી. (૩૬) વિનયયુક્ત રાજા પછી બંને હાથ જોડીને પરમેશ્વર શ્રીહરિને કહેવા લાગ્યા; હે હરે ! આ મારું ભુવન તીર્થના સ્થાનભૂત તમારા ચરણકમળોથી તીર્થ રૂપ આપે કર્યું. (૩૭)

સ્વતંત્ર તમો કૃપા કરીને અહીં પધાર્યા. તેથી ભીલકુળમાં જન્મ પામેલો અને રાજાપણાનાં માનથી અંધ થયેલો અને તેથી નીચ એવો હું આપના દર્શનથી કૃતાર્થ થયો છું. दौष्कुल्यमांधि विधुनोति शीघ्रं महत्तमानामभिधानयोगः । એમ શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે. (૩૮)

હે પ્રણતાર્તિહારિ ! હું આપનો દાસ છું. તેથી હે પ્રભો ! મને કરવા યોગ્ય કાર્યમાં જોડો. જેથી સંસાર રૂપી પાશને છેદનારી આપની આજ્ઞા મને અતિ પવિત્ર કરનારી થાય. (૩૯) આ પ્રમાણે રાજાનું અતિયોગ્ય વચન સાંભળીને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી હે રાજન્ ! તે રાજા પ્રસન્ન થઈને શ્રીહરિનો દૃઢ આશ્રય કરતા હતા. (૪૦) રાજા સૌંદર્ય ગુણસાગર, રમણીય મૂર્તિ શ્રીહરિનાં નિર્નિમેષ નેત્રોથી દર્શન કરતા હતા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ ઘોડાસર પુરમાં પ્રવેશ કર્યો તે વર્ણન નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી ભાલચન્દ્ર વગેરે મુખ્ય સત્સંગીઓ શ્રીહરિની પૂજા માટે મહાઅમૂલ્ય વસ્ત્રો વગેરે લઈને શ્રીહરિનાં દર્શન કરવા માટે હર્ષપૂર્વક ઘોડાસર આવ્યા. (૧) ભાલચન્દ્ર વગેરે ભક્તો રાજાના સુંદર દરબારમાં આવીને ત્યાં મહાસભામાં સુંદર આસન ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરીને, ચંદ્રને જોઈને ચકોર પક્ષી જેમ શાંતિ પામે તેમ, શાંતિ પામ્યા. (૨) સ્નેહાશ્રુવાળા નેત્રો જેમનાં છે એવા તે સમગ્ર ભક્તોએ, અતિપ્રિય શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. પછી પોતાનાં મંડળના મુખ્ય ભક્ત ભાલચંદ્રને, શ્રીહરિ માટે પોતે લાવેલા વસ્ત્રો ધારણ કરાવવા માટે, તેઓ સૌ પ્રેરણા કરતા હતા. (૩)

ભાલચન્દ્ર ભક્ત, સોનેરી તારવાળાં મહામૂલ્યવાળા કસુંબી રંગનો અત્યુત્તમ સુરવાળ અને તેવો જામો શ્રીહરિને ધારણ કરાવતા હતા. શ્રીહરિની કેડ્યમાં કસુંબી રંગનો પટકો પણ ધારણ કરાવતા હતા. (૪) પછી ભાલચંદ્રે શ્રીહરિનાં બંને ખભા ઉપર કસુંબી રંગનું શેલું ધારણ કરાવ્યું તથા શ્રીહરિનાં મસ્તક ઉપર કસુંબી રંગનો ફેંટો ધારણ કરાવ્યો. મોળીયામાં ભક્તિપૂર્વક સુવર્ણ-મોતી તથા મણીના તોરાઓ ધારણ કરાવ્યા. (૫)

પછી સમગ્ર ભક્તો વિવિધોપચારોથી શ્રીહરિનું યથાર્થ પૂજન કરતા હતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની તેમણે મહા આરતી કરી. (૬) પછી તે ભક્તો ભક્તિભાવથી હર્ષપૂર્વક પેંડા વગેરેથી ભરેલાં પાત્રો કીર્તિવાળા શ્રીહરિની આગળ મૂકીને પોતાનાં પ્રેમના સ્થાનભૂત પૂર્ણકામ શ્રીહરિને વંદના કરતા હતા. (૭)

તે ભક્તોમાં ભાલચંદ્ર શ્રીહરિનાં મસ્તક ઉપર દશાવતારના ચિત્રવાળું છત્ર ધરી રહ્યા હતા. લક્ષ્મીચંદ્ર સૂર્યમુખી અબ્દાગીરિ ધરી રહ્યા હતા તથા બીજા અંબારામ, સૂર્યરામ, ગિરિધર, ગોવિંદ, નાગર, દયારામ, હરગોવિંદ, ભગવાન, નારાયણ, ભીખારી, જાદવ, નરોત્તમ, મોતીરામ વગેરે ભક્તો શ્રેષ્ઠ ચામર વગેરેથી શ્રીહરિની સેવા કરતા હતા. (૮) પછી બંને હાથ જોડીને આનંદાશ્રુયુક્ત નેત્રવાળા,

રોમાંચિત શરીરવાળા, શ્રીહરિનાં દર્શન જન્ય આનંદરૂપી સમુદ્રમાં ડૂબેલા, પ્રગલ્લભ વાણીવાળા તે સમગ્ર ભક્તો શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. (૯)

પછી નરેન્દ્ર જાલમસિંહ ધારણ કર્યો છે સુંદર પોશાક જેમણે એવા શ્રીહરિનાં દર્શન કરીને આ પ્રમાણે બોલ્યા, હે ઈશ ! મારા પુરના નિવાસીજનોને આપ દયા કરીને આપના હાલ દર્શન આપો. (૧૦)ત્યાંના જનોનો સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરવા ઈચ્છતા શ્રીહરિએ, રાજાની સુંદર શિબિકામાં બેસીને સમગ્ર પુરમાં વિચરણ કરીને પુરના જનસમુદાયોને સંસારની નિવૃત્તિ કરનારા પોતાનાં દર્શન આપ્યા. (૧૧)

કરોડ ગર્વિષ્ટ કામદેવોને મોહ પમાડનારા, શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્ન થયેલા જાલમસિંહના પુરના જનો ઉંચા સ્વરથી વારંવાર જયનાદ બોલતા, શ્રીહરિને સુંદર જુઈ, મોગરા, ગુલાબ વગેરેના પુષ્પોથી વધાવતા હતા. (૧૨)

તે સમયે પુરજનો પરસ્પર બોલવા લાગ્યા : આ જાલમસિંહ રાજાને ધન્ય છે જેથી મુમુક્ષુ જનોને પ્રાર્થના કરવા યોગ્ય ભગવાનને તે અહીં લાવ્યા. આમના દર્શનથી અમો પણ ભાગ્યશાળી થયા છીએ. (૧૩) રાજચિહ્નો જે છત્ર, ચામર વગેરેથી અતિ શોભાયમાન શ્રીહરિ વાજતે ગાજતે જનોને દયાપૂર્વક પોતાનાં દર્શન આપીને પોતાનાં સહચરોથી યુક્ત પોતાનાં સુંદર નિવાસમાં પધાર્યા. (૧૪)

પછી સમર્થ શ્રીહરિ મહાસભામાં શ્રેષ્ઠ આસનમાં બિરાજ્યા. જાલમસિંહ રાજા તરફ જોઈને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત વાર્તા કરવા લાગ્યા. (૧૫) હે રાજન્ ! તે રાજાએ સેવન કરેલા તે વિભુ, દયાળુ શ્રીહરિ, અત્યંત ભક્તિપૂર્વક જાલમસિંહે પ્રાર્થના કરી તેથી ત્યાં રાત્રિ રહ્યા. (૧૬)

પછી સવારમાં ડભાણ પધારવા ઈચ્છતા શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે તૈયાર થયા. તે સમયે શ્રીહરિને રાજા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૭)

હે પ્રભો ! ડભાણમાં આટલું જલદી શું કામ છે ? તે આપ મને કહો. રાજાનું આવું વચન સાંભળીને શ્રીહરિએ રાજાને કહ્યું કે હે નરેન્દ્ર ! ડભાણમાં મારે મોટો વિષ્ણુયાગ કરવો છે. માટે ઉતાવળથી ત્યાં જવાનું છે. (૧૮)

પછી રાજા શ્રીહરિને કહેવા લાગ્યા : હે હરે ! ક્ષર અક્ષરથી પર એવા આપ પ્રત્યક્ષ પ્રભુ છો. તો પણ આપની પ્રભુતા દૈત્યાંશજનો નથી જાણતાં તેથી આપનો ઘણા પ્રકારે દ્વેષ કરે છે. (૧૯) હે વિભો ! મનુષ્યભાવ બતાવતા આપનો ઉત્કર્ષ, આ અસુરજનો નહિ સહન કરી શકે તેથી યજ્ઞ કાર્યમાં વિઘ્ન જો કરે, તો આપની સાથે આવીને તત્કાળ તે અસુરજનોના વિનાશ કરવાની સેવા હું કરીશ. (૨૦) માટે જો આપની આજ્ઞા હોય તો આપની સાથે લાખ ભિલો લઈને હું આવું. આવી રીતે યજ્ઞમાં આપની સેવા કરવાની મારી ઘણી જ ઈચ્છા છે. (૨૧)

રાજાનું આવું વચન સાંભળીને શ્રીહરિ રાજાને કહેવા લાગ્યા : હે રાજન્ ! અમારા પાર્ષદો ઘોડેસવારો ઘણા છે તેથી ઘણા ભીલોનું કામ નથી માટે થોડા ભીલોને લઈને હાલમાં મારી સાથે આવો. (૨૨)

શ્રીહરિએ રાજાને આવું કહ્યું અને પછી રમણીય શિબિકામાં બિરાજીને મહાન વાજિંત્રોના ઘોષ તથા મહારાજાના ચિહ્નો છત્ર, સૂર્યમુખી ચંદ્રમુખી બંને ચામર વગેરે અબ્દાગીરિની સાથે પ્રયાણ કર્યું. (૨૩)

ઉત્તમ રાજા તથા શ્રીહરિનાં બંધુ વગેરે વર્ણીઓ તથા સંતો શ્રીહરિની સાથે જ પ્રયાણ કરતાં હતાં. અનન્યભાવવાળા ઘોડેસવારો તથા પાર્ષદો શ્રીહરિને વીંટાઈને ચાલતા હતા. (૨૪)

પછી જાલમસિંહ રાજા તૈયાર થઈને ઘોડા ઉપર બેસીને રણસંગ્રામમાંથી પાછા નહીં ફરનારા, ધનુષ્યબાણ ધારણ કરનારા હજારો ભિલોથી વીંટાયેલા ધર્મના પુત્ર શ્રીહરિની પાછળ ગયા. (૨૫)

અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરવામાં ઉત્કંઠાવાળા પશ્ચિમ દેશ નિવાસી ભક્તો વનના અગ્નિથી પરિતપ્ત થયેલા હાથી જેમ ગંગા પ્રવાહ પ્રત્યે જાય તેમ, શ્રીહરિની સન્મુખ આવતા હતા. (૨૬) ચંદ્રને જોઈને ચકોર પક્ષી જેમ આનંદ પામે તેમ પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરીને આનંદિત થઈ તેઓ પવન વેગી પોતાનાં ઘોડાઓને દોડાવતા હતા. (૨૭)

પછી શ્રીહરિનાં સમીપે પહોંચેલા, શ્રીહરિનાં દર્શન જન્ય આનંદરૂપી સમુદ્રમાં બૂડેલા ભક્તો ઘોડાઓ ઉપરથી ઉતરીને તત્કાળ શ્રીહરિને દંડવત્ પ્રણામ કરતા હતા. (૨૮)

પાપના સમુદાયોને નાશ કરવામાં અતિ ચતુર આધ્યાત્મ આદિ ન નાશ પામે એવા ત્રણ તાપનો નાશ કરનાર શ્રીહરિનાં દર્શન માત્રથી જ તે સમગ્ર ભક્તોને તત્કાળ સમાધિ થઈ ગઈ. (૨૯)

હાથમાં ભાલાઓ જેમને છે એવા અને પૃથ્વી ઉપર પડેલા ચિત્રની ઉપમા આપવા યોગ્ય (ચિત્રમાં જેમ પાત્રો સ્થિર હોય તેમ) એવા તેમને જોતા શ્રીહરિએ વિનયવાળા જાલમસિંહ રાજાને કહ્યું. (૩૦)

હે રાજન્ ! આ બધા ભક્તોને સમાધિ થઈ છે. દિવ્ય અતિ સુંદર અક્ષરધામમાં અસંખ્ય મુક્તોએ સેવેલા, રમણીય રૂપવાળા શ્રીહરિનાં તેઓ દર્શન કરે છે. (૩૧)

હે ભૂપતે ! સમાધિથી થયેલા અતિશય સુખમાં આસક્તિવાળા તેમને તમો બોલાવો, શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા રાજા તેમની સમીપે આવ્યા. (૩૨) જાલમસિંહ રાજાએ ઘણા પ્રકારે તેમને બોલાવ્યા પણ મૃત્યુ પામેલાની માફક તે ભક્તો ઊઠ્યા નહિ. પૂર્વે નહિ જોયેલું આશ્ચર્ય જોઈને તે રાજા તથા બીજા જનો વિસ્મય પામ્યા. (૩૩)

પછી ભક્તોના સ્વામી શ્રીહરિએ, તત્કાળ પોતાનાં વાહન ઉપરથી ઉતરીને તેમનાં તરફ અમૃતવર્ષિણી દ્રષ્ટિ કરીને પૃથ્વી ઉપર પડેલા અને ચિત્રમાં સ્થિર પાત્રો જેવા તે સર્વેને ઊઠાડ્યા. (૩૪) રાજા જાલમસિંહ તથા કારભારી વગેરે જનો શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને અત્યંત પ્રસન્ન થયા અને નિઃસંશય થઈ વિસ્મય પામતા ઈશ્વર શ્રીહરિને જ ભગવાન જાણવા લાગ્યા. (૩૫)

શ્રીહરિ પોતાને વિષે ગાઢ અનુરાગવાળા પોતાનાં ભક્તોને જોઈને પ્રસન્ન થઈ પ્રીતિથી તેમને ભેટ્યા. પછી તે ભક્તોને સર્વે વૃત્તાંત પૂછ્યું. એવી રીતે આનંદ કરાવી તેમને માર્ગનો પરિશ્રમ દૂર કર્યો.

(૩૬) પછી તે ભક્તોએ પોતાનાં ઓઢવાના વસ્ત્રોનું આસન બનાવી શ્રીહરિને તે ઉપર બેસાડીને ઉદારભાવવાળા શ્રીહરિને અમૂલ્ય વસ્ત્રો તથા વિચિત્ર વિભૂષણોથી ભક્તિપૂર્વક વિભૂષિત કર્યા. (૩૭)

તે ભક્તોએ શ્રીહરિને સર્વોત્તમ સુવર્ણ સૂત્રોનો બનાવેલો કસુંબી રંગથી રંગેલો સુરવાળ ધારણ કરાવ્યો. કસુંબી રંગનો સોનેરી જામો તેમજ કેડ્યમાં પણ કસુંબી રંગનો સોનેરી રેટો ધારણ કરાવ્યો. તેમજ સોનેરી રંગનો કસુંબી ખેસ પણ ધારણ કરાવ્યો. (૩૮)

તે ભક્તોએ શ્રીહરિને મહા અમૂલ્ય સુવર્ણમય કુસુંબી રંગનું સૂર્યથી અધિકતર પ્રકાશવાળું મંડિલ મસ્તક ઉપર ધારણ કરાવીને મણી તથા સુવર્ણ મોતીના ગુચ્છો તોરાઓથી તે મંડિલને શણગાર્યું. (૩૯)

પછી તે ભક્તોએ સુવર્ણની ઉત્તમ ઘુઘરીઓથી યુક્ત, જડેલાં છે ઉજ્જવળ ઉત્તમ મણીંદ્રો જેમાં છે એવાં, સુંદર સુવર્ણ નિર્મિત બે ઝાંઝરો શ્રીહરિનાં ચરણકમળમાં ધારણ કરાવ્યા. (૪૦) તે ભક્તોએ અતિ પ્રકાશમાન મણીંદ્રોથી ગુંથેલા અત્યંત પ્રકાશિત સુવર્ણનો કંદોરો શ્રીહરિને ધારણ કરાવ્યો. જે કંદોરો સંધ્યાના વાદળથી ભિન્ન વર્ણ જેને છે એવા મેઘમાં પ્રકાશિત થતી વીજળીની જેમ શોભતો હતો. (૪૧)

તે ભક્તોએ શ્રીહરિને વીંટિઓ કંકણો-સાંકળા વગેરે તથા સુવર્ણના રત્નજડિત બાજુબંધ કુંડળો, શુદ્ધ અને ઉત્તમ સુવર્ણના ઉત્તમ હારો તથા વિવિધભૂષણો શ્રીહરિને ધારણ કરાવ્યા. (૪૨)

દર્શનીય, નટવર વેશ ધારણ કરતા, અધિક મણિગણો જેમાં છે એવા સુવર્ણના ભૂષણોમાં શોભાયમાન અવયવોની શોભાથી અતિશય શોભતા શ્રીહરિ, મૂર્તિમાન શૃંગાર રસની માફક શોભતા હતા. (૪૩)

પછી મનોહર શિબિકામાં બેઠેલા શ્રીહરિ ઉત્સાહે સહિત અસવારો તેમજ પોતાનાં ચરણોમાં આસક્ત થયેલા પોતાનાં યશને ગાનારા અનેક ભક્તોથી વીંટાઈને ચાલતા હતા. (૪૪)

બંને નેત્રોથી ખંજન પક્ષી તથા મીનની સુંદરતાનો અતિશય તિરસ્કાર કરનાર ચળકતા જામાના બંધની ચતુરાઈથી અતિસુંદર પહોળું તથા લાંબુ ઉરઃસ્થળ જેમને છે એવા, પોતાનાં સમગ્ર જનોના સમુદાયોની સાથે ચાલતા, અમૃતથી અધિક રસવાળી વાર્તા કરતા, શ્રીહરિ ડભાણપુરની સમીપે પહોંચ્યા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં સુરતના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તે નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પોતાનાં જનોએ પ્રાર્થના કરી તેથી ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ જનસમૂહને પોતાનાં દર્શન થાય તે માટે અશ્વ ઉપર બિરાજવાની કૃપા કરીને શિબિકામાંથી ઉતાર્યા. (૧)

પોતાની શોભાથી ઉચ્ચૈઃશ્રવસ નામના ઈન્દ્રના સર્વોત્તમ ઘોડાને જીતતો, અત્યંત ઉન્નત, કુલીન અશ્વ ઉપર શ્રીહરિકૃષ્ણ ભગવાન તત્કાળ બિરાજમાન થયા. (૨) રમણીય ચાલવાળો સુવર્ણમય અને સૂર્યના જેવો ચળકતો શ્રેષ્ઠ પલાણથી યુક્ત, મનોહર અશ્વ સુવર્ણની શ્રેષ્ઠ લગામથી અત્યંત શોભતો હતો. (૩)

ઘણા મૂલ્યવાળો સુંદર વસ્ત્રોથી બનાવેલો દેદીપ્યમાન કાંતિવાળો શ્રેષ્ઠ ગેરબંધ ધારણ કરતો, અશ્વોની પાંચ પ્રકારની ગતિમાં અતિદક્ષતા પામેલો (आस्कन्दितं, धौरितं, करेचितं, वहिलतं, प्लुतम् गतयोऽभूः पंचधाराः) (૪) સુવર્ણ સૂત્રમય બે સેરોથી જેની ગળાના ભૂષણ (કોટીયું)ની કાંતિ શોભાયમાન લાગે છે, શુદ્ધ સુવર્ણમય હુલ્લરહારથી (અરિસાનો હાર) શણગારેલો. (૫)

સોનાના સૂત્રથી યુક્ત હોવાથી ઘણી કાંતિવાળો, અતિ મનોહર મોરડો તેથી શોભતો સુવર્ણની જે ડુમચીની સ્ફુરાયમાન કાંતિના મંડળથી અત્યંત અલંકૃત. (૬) સુવર્ણની ઘુઘરીઓના ઝણકારાથી યુક્ત, શુદ્ધ સુવર્ણથી નિર્માણ કરેલાં ઘણી કાંતિવાળા બે ઝાંઝર આગલા બંને પગમાં ધારણ કરતો. (૭) આગલા બંને સુંદર પગની સમીપે સુંદર બે ચામરની શોભા પામેલો, લાલ રંગથી રંગેલી ડોક ઉપરના વાળ તેનાથી અત્યંત રમણીય. (૮)

બંને પડખે પગમૂકવાનાં સુવર્ણથી નિર્માણ કરેલા બંને તરફ મયૂરોથી અલંકૃત કરેલાં પેગડાથી શોભાયમાન; રૂપ, શીલ, ગુણ તથા સુંદર લક્ષણોથી શોભાયમાન, વેગ અને અંતર્ગત તેજથી અધિક. (૯) ઘણી ઘુઘરીઓથી સુંદર, સુવર્ણમય અને સુવર્ણની મુદ્રાવાળા ગોળ ચકતાનો હાર ધારણ કરતો, નાના અને ઉંચા બંને કાનની વચ્ચે ગુચ્છની આકૃતિ જેને છે એવો, સ્ફુરાયમાન તોરાથી જેનાં પીંછા શોભા છે એવા સુવર્ણ નિર્મિત મયૂરને ધારણ કરતો. (૧૦)

સોનાના ચોકઠાથી અતિ શોભાયમાન, રમણીય, સુંદર, દશ ધ્રુવા નામનાં રોમનાં ચિહ્નોથી અધિક શોભતો, અત્યંત શોભાયમાન અંગવળો, સુંદર વિશાળ કંઠવાળો તથા રમણીય નેત્રવાળો. (૧૧) ગરુડને પોતાનાં વેગથી થયેલા ગર્વનો નાશ કરનારો, પવન અને મનના સમગ્ર ગર્વને હણનારો છે વેગ જેનોં એવો, બહુ શુભ ફળો છે જેમાં એવી શુક્તિઓથી વિરાજમાન (વૃક્ષઃસ્થળમાં ઉંચા રોમવાળી શુક્તિઓ જપનું વહન કરનારી છે. શુક્તિના આકારવાળી ઉંચી રોમવલ્લીઓના ચિહ્નો પણ શુભ ફળદાયક છે) મોતી તથા રત્નોની સેરોથી રમણીય. (૧૨)

વિવિધ પ્રકારની ગતિઓમાં વિચક્ષણ, સમગ્ર અશ્વોના ભૂષણરૂપ, જે શ્રીહરિનાં અશ્વનો રમણીય અતિશય વેગ જોઈને સર્વ દેવતાઓના ઘોડાઓએ પોતાનાં ગર્વનો ત્યાગ કર્યો. (૧૩)

જેનાં ઉપર શ્રીહરિ બેઠેલા છે તે અશ્વ કોટિભુવનોના આધારભૂત પરમેશ્વર શ્રીહરિને અન્ય સાધનની સહાય વિના પોતાની પીઠ ઉપર વહન કરવાથી રથમાં બેઠેલા સૂર્યને વહન કરતા (એકલા સૂર્યને પોતાની પીઠ ઉપર વહન કરવાનું અશક્ય હોવાથી રથમાં બેઠેલા સૂર્યને વહન કરતાં, તેમાં અન્ય એટલે રથની અપેક્ષાથી-સહાયથી-જાણે રથનું વહન કરનારા) સૂર્યના ઘોડાઓના સામર્થ્યને પોતાનાં દાંતોની શુદ્ધ કાંતિના સમુદાયથી જાણે હસતો હોયને શું ? એમ તે શ્રીહરિનો અશ્વ શોભતો હતો. (૧૪)

સર્વોતિશાયી રમણીયતાના મહાસાગર, દુઃખને હરનારા છે દર્શન જેમનાં એવા, અવતારી શ્રીહરિનાં સંસૃતિ હરયોગથી ઉત્પન્ન થતી તે અશ્વની સમગ્ર શોભા કહેવા માટે કોઈપણ સમર્થ નથી. (૧૫)

હે રાજન્ ! આ પ્રકારે સર્વોત્તમ શોભાવાળા, સરળમતિવાળા, તે અશ્વને શોભાડતા શ્રીહરિને પ્રેમથી પરિપૂર્ણ છે નેત્રો જેમનાં એવા, અને જેમનાં દેહની સંભાળ મૂકીને જનસમુદાયો શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૬) સુંદર સુવર્ણની અતિ સુશોભિત લગામની દોરડી ધારણ કરવાથી, ચંચળ છે હસ્તકમળ જેમનાં એવા, તે અશ્વને ફેરવવાથી ચંચળ, સુંદર, સોના મોતીના સુંદર તોરાઓની પંક્તિ જેમને છે એવા. (૧૭)

ઉત્સાહે સહિત 'જય, જય' આ પ્રકારનોં શબ્દ કરનારા, પ્રકાશમાન સૂર્યનારાયણના કિરણોથી પ્રકાશે છે ભાલાઓ જેમનાં એવા, પોતાનાં દર્શનમાં આસક્ત એવા, અતિવેગવાળા અશ્વ ઉપર બિરાજેલા, અસવારોથી વીંટાયેલા. (૧૮) ઉલ્લાસ પામતી વીજળીની માફક વસ્ત્રો ધારણ કરનારા, મણીગણોથી જડિત સુવર્ણના અલંકારો અંગ ઉપર ધારણ કરનારા, પોતાનાં દર્શન કરનારા ભક્તજનોના લોચનો તથા ચિત્તને આનંદ આપનારા, કામદેવને મોહ પમાડનારા. (૧૯)

ભગવાનના સુંદર દશાવતારોની આકૃતિનાં શુભ ચિત્રોથી યુક્ત, સુવર્ણના કળશવાળુ, શુદ્ધ મોતીની સેરો જેમા છે એવા લાલરંગવાળા ઉત્તમ છત્રથી શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૨૦) અતિ શુદ્ધ, સુવર્ણના દંડથી શોભાયમાન, અતિ ઉત્તમ જે સૂર્યમુખી (અબ્દાગીરી)ની કાન્તિથી શોભાયમાન, બંને પડખામાં અતિ ચલાયમાન બંને હંસો હોયને શું ? એમ બંને ચામરોથી શ્રીહરિ શોભતા હતા. (૨૧)

પછી શ્રીહરિને આવતા સાંભળીને પ્રસન્ન થયેલા પુરના હરિભક્તો તથા પુરના બીજા ઘણા જનો વાદ્યોના ઘોષ તથા ગીતોથી સમગ્ર દિશાઓ શબ્દાયમાન કરતા શ્રીહરિની સન્મુખ જતા હતા. (૨૨) પરમાત્માના દર્શનમાં અત્યંત આસક્તિવાળાં છે. ચિત્ત જેમનાં એવા, જયધ્વનિનું ઉચ્ચારણ કરતા. ત્યાગ કર્યા છે વ્યાવહારિક કામો જેમણે એવા અને દેશાંતરથી આવેલા તે હજારો હજાર હરિભક્તો શ્રીહરિની સન્મુખ ગયા. (૨૩)

પછી તે હજારો જનો સ્ફુરાયમાન સૂર્યના કિરણોના સંપર્કથી જેમનાં હાથમાં ભાલા ચળકતા છે એવા ઘોડેસવારોથી વીંટાયેલા, પોતાનાં અશ્વ ઉપર વિરાજમાન ઈષ્ટ શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને તત્કાળ તેમની સન્મુખ ગયા. (૨૪) પ્રેમાશ્રુ નેત્રવાળા, રોમાંચિત ગાત્રવાળા, પ્રાપ્ત થયો છે હર્ષ જેમને એવા તે જનો, મહાકીર્તિશાળી પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિ સન્મુખ જઈને તેમને દંડવત્ તથા વંદના કરતા હતા. (૨૫) ગુરુ જે બૃહસ્પતિ તેનું સિંહરાશિમાં સંક્રમણ જ્યારે થાય ત્યારે ગોદાવરી તીર્થમાં મનુષ્યોની જેવી ત્યાં ભીડ થાય તેવી ભીડ તે સમયે શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠવાળા તે જનોની ત્યાં થઈ. (૨૬)

હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાનાં સમગ્ર ભક્તજનોને યથાયોગ્ય સન્માનતા, ભક્તજનોએ જેમનોં યશ ગાયો છે તે સાંભળતા, પોતાની સાથે આવેલા ભક્તોની સાથે તે રમણીય પુરમાં પ્રવેશ કરતા હતા. (૨૭) ઉંચા શોભતા દરવાજાઓ તથા તોરણોથી અધિક શોભાયમાન ઘરના સુંદર બારણા, વિવિધ પ્રકારની

પતાકાઓ તથા સુંદર ઉત્તમ ધ્વજાઓ જેનાંથી સૂર્યનો સમગ્ર તાપ ઢંકાઈ ગયો છે એવું. (૨૮)

જેનાં રાજમાર્ગો, નાની શેરીઓ, હવેલીઓ, સર્વ બજારો, આંગણાઓ તથા દેવમંદિરો, સંમાર્જીત કર્યા છે; જેનાં રાજમાર્ગોમાં સુગંધિમાન ચંદન છાંટ્યું છે એવું; અને પુષ્પો નવાંકુરો, ધાણી વગેરે જે રાજમાર્ગોમાં વેરાયેલાં પડ્યા છે, તેથી શોભતું. (૨૯) ગૃહોના દ્વારો ફળ, શેરડીના સાંઠા, દહીં વગેરે વિવિધ પ્રકારનાં બલિઓ તથા અક્ષત, ધૂપ, દીપ સુંદર વસ્ત્રોના રૂમાલ પલ્લવો તથા પુષ્પો વડે શોભતા હતા તથા જળ ભરેલા સુંદર ઘડાઓથી અલંકૃત કરેલાં હતાં. (૩૦) એવા પ્રકારનાં તે નગર પ્રત્યે શ્રીહરિએ પ્રવેશ કર્યો. શ્રીહરિનાં દર્શન કરીને પૌરજનો, વનના અગ્નિથી તપાયમાન હાથી જેમ ઠંડા જળના સમુદાયમાં જઈને શાંતિ પામે તેમ, શાંતિ પામ્યા. (૩૧) પુરની સ્ત્રીઓ ચંદ્રમાને જોઈને કુમુદિની જેમ હર્ષ પામે તેમ, શ્રીહરિનાં દર્શન કરીને હર્ષ પામી. સુંદર પુષ્પોથી વધાવતી શ્રીહરિનો ઉત્તમ પ્રકારનોં મહિમા તે ગાતી હતી. (૩૨)

અસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ, પુરના મનુષ્યોને સંસારનો સમગ્ર ભય નાશ કરે તેવા પોતાનાં દર્શન આપીને પોતાની સાથે આવેલા ભક્તજનોના સંઘોની સંભાવના કરવા માટે ગયા. (૩૩) પછી મનની વૃત્તિઓને હરનારા શ્રીહરિ, પાંચાળ દેશના ભક્તોને જોઈને ભૂષણો પહેરેલા પોતાનાં કરકમળથી તે પાંચાળ દેશના ભક્તોને તેમનું નિવાસસ્થાન બતાવતા હતા. (૩૪)

પરંતુ તેટલામાં શ્રીહરિની અતિસુંદર શોભા જોઈને તે ભક્તો તત્કાળ ત્યાં જ સમાધિમાં ગયા. તે સમયે શ્રીહરિનાં સખા આ પ્રકારનું જુદું પરિણામ જોઈ હાસ્ય કરતા ઈશ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૩૫) હે પ્રભો ! આપ હમણાં આ ભક્તોને નિવાસ સ્થાન અપાવવા માટે અહીં પધાર્યા છો. તો તેમને સમાધિ કેમ કરાવો છો ? (હે ભક્ત ! મેં બીજું હાલમાં શું કર્યું ? જેથી તમો મને ઠપકો આપો છો. તેથી તે સખા કહે છે જેને દેહનું ભાન હોય તે ઉતારો કરી શકે. પરંતુ આપ તો સમાધિ કરાવી તેમને દેહાભિમાન વિનાના કરો છો માટે એ કેમ નિવાસ કરશે ? (૩૬) તેમનું એ પ્રકારનું વચન સાંભળીને શ્રીહરિ હસતા હસતા તેમને કહેવા લાગ્યાઃ હે ભક્ત ! જ્યારે અમો જે જે ઠેકાણે જઈએ છીએ ત્યારે ત્યાં જનસમુદાયને આ પ્રમાણે થાય છે. (૩૭)

હે ભક્ત ! માટે અમારે તે સર્વ જગ્યાએ ન જવું ? એમ કહીને તત્કાળ ત્યાંથી નિવૃત્ત થઈ દયાળુ શ્રીહરિ ચારેય તરફ અસંખ્ય જનોને જોતા આ પ્રમાણે વિચાર કરતા હતા. (૩૭) જો હું નગરમાં નિવાસ કરું તો આ જનોનો અત્યંત ભીડો થશે. ત્યારે મારા દર્શન પણ કેવી રીતે તેમને થશે ? માટે મારે પુરની બહાર જ નિવાસ કરવો. (૩૯)

શ્રીહરિએ આવી રીતે વિચાર કરીને પુરની સમીપે અતિ વિશાળ છત્રાકારવાળા વડની નીચે સુંદર પટભુવન કરાવીને નિવાસ કર્યો. (૪૦) શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા દેશાંતરથી આવેલા હજારો જનોએ પણ તેથી પુર બહાર વૃક્ષોની છાયામાં સુખપૂર્વક નિવાસ કર્યો. (૪૧)

પછી હે રાજન્ ! શ્રીહરિ શાસ્ત્ર પ્રમાણે પોતાનો નિત્યવિધિ કરીને, પોતાનાં ભાઈઓની સાથે

વિષ્ણુભગવાનને અર્પણ કરેલાં ઉત્તમ ભોજનો જમતા હતા. (૪૨) હે રાજન્ ! શ્રીહરિ ઉત્તમ રાજાને તથા સોમખાચર તથા સુરા ભક્તને પોતાની પ્રસાદીનાં ભોજનો હંમેશા આપતા હતા. (૪૩)

સૈન્ય સહિત આવેલા જાલમસિંહ રાજાને પણ યથાયોગ્ય ભોજન શ્રીહરિ કરાવતા હતા. તેમજ સારા મિષ્ટ ભોજન માટે અન્ન વગેરે અપાવી જન સમુદાયની સંભાવના કરતા હતા. (૪૪) હે નરેન્દ્ર ! સ્વધર્મમાં નિષ્ઠાવાળા શ્રીહરિનાં ચરણમાં આસક્તિવાળા વર્ણીઓ, સાધુજનો તથા અન્યજનો જુદો જુદો પાક કરીને યથાયોગ્ય ભોજન કરતા હતા. (૪૫)

ભગવાન શ્રીહરિ આ પ્રમાણે સમગ્ર જનોની હંમેશા સંભાવના કરતા તથા પોતાનાં ભક્તોને સુખ આપતા ત્યાં રહેતા હતા. પૌરના ભક્ત સમુદાયો પણ નિત્ય પોતાનાં જનોએ સહિત શ્રીહરિની યથા યોગ્ય સેવા કરતા હતા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ડભાણમાં પ્રવેશ કરતા રોહિત અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિની શોભા વર્ણન નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પુરાણી મયારામ, ગોવિંદ, કુબેરજીત, નરભેરામ, ભાઈરામ હરિકૃષ્ણ આદિ બ્રાહ્મણો તથા બે રઘુનાથદાસ ચિત્રગુપ્ત, રાયજી, પ્રયાગદાસ વગેરે વૈશ્યો શ્રીહરિની હંમેશા સેવા કરતા હતા. (૧-૨) હે રાજન્ ! સાકરબા, દત્તા તથા શિવા વગેરે સ્ત્રીઓ દઢભક્તિપૂર્વક હંમેશા શ્રીહરિની સેવા કરતી હતી. (૩)

પુરના નિવાસી ભક્તો તથા સ્ત્રીઓ કેસર, ચંદન, સુંદર કુમકુમ, કસ્તુરી તથા પુષ્પના હાર વગેરે મહામૂલ્યવાળા ભૂષણો, વસ્ત્રો તથા સર્વે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. તેમજ શ્રીહરિનાં બંધુજનોની પણ યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪-૫) ધર્મપુત્ર શ્રીહરિ તથા તેમનાં ઘણા આશ્રિત ભક્તોનું આતિથ્ય પુરના ભક્તો ભક્તિપૂર્વક યથાયોગ્ય કરતા હતા. (૬, ૭)

શ્રીહરિએ વડની નીચે સુંદર ચાર સ્તંભોવાળા ઉત્તમ મંચ ઉપર બેસીને જનોને પોતાનાં દર્શન આપ્યા. (૮) શ્રીહરિ તે પુરમાં તો હંમેશા સોનેરી વસ્ત્રો તથા નાના પ્રકારનાં અલંકારો ધારણ કરીને મનુષ્યોને પોતાનાં દર્શન આપતા હતા. (૯) પોતાનાં દર્શન આપી નિજજનોને આનંદ આપતા શ્રીહરિ, ડભાણપુરમાં રહીને પોતાનાં પ્રતાપથી ધર્મની પ્રવૃત્તિ કરાવતા હતા. (૧૦)

ડભાણમાં વિષ્ણુયાગ કરવાને ઈચ્છતા સમર્થ શ્રીહરિએ જ્યોતિષ શાસ્ત્ર જાણનાર બ્રાહ્મણ બાળકૃષ્ણ શર્માને બોલાવીને હર્ષપૂર્વક મંગળમય મુહૂર્ત તેમને પૂછ્યું. (૧૧)

પછી શાસ્ત્રના જાણનારા તે ઉત્તમ બ્રાહ્મણ બાળશર્માએ પોતાની પાઘડીમાંથી પંચાંગ કાઢી તેમાં જોઈને, શાસ્ત્ર પ્રમાણે મુહૂર્ત હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૧૨) તેમણે જે મુહૂર્ત બતાવ્યું તે સાંભળ્યા પછી પ્રસન્ન થઈને શ્રીહરિએ તે બ્રાહ્મણને ઘણી દક્ષિણા આપી. તેથી અત્યંત પ્રસન્ન થયેલા દૈવજ્ઞ બ્રાહ્મણ બાળશર્મા શ્રીહરિને પ્રણામ કરીને ત્યાં બેઠા. (૧૩)

પછી હે રાજન્ ! શ્રીહરિએ આજ્ઞા પાળક પોતાનાં નાનાભાઈ ઈચ્છારામને મહાયજ્ઞ જે વિષ્ણુયાગ તે કરવા માટે આજ્ઞા કરી. (૧૪) ગોપાળ વગેરે ઈચ્છારામના પાંચ વિચક્ષણ પુત્રો યજ્ઞ ક્રિયામાં પ્રવીણ હતા (૧૫) પછી સ્વયં શ્રીહરિએ, વિષ્ણુદાસ, રઘુનાથ, કાશીદાસ, વૈશ્ય વગેરેને આ યજ્ઞ કાર્યમાં અગ્રેસર કર્યા. (વિષ્ણુદાસ અને રઘુનાથ ડભાણના હતા, કાશીદાસ બોચાસણના હતા.) (૧૬) તેમજ ઉમરેઠના રૂપરામ, પીપલાવના પ્રભાશંકર, વસોના વાલાધ્રુવ વગેરે બ્રાહ્મણોને શ્રીહરિએ અગ્રેસર કર્યા. (૧૭)

હે ભૂપ ! પછી પ્રભુ શ્રીહરિએ ત્યાં આવેલા બ્રાહ્મણો જેઓ વેદ તથા વેદાંગમાં પારંગત હતા તેમને સેવકો દ્વારા પોતાની સમીપે બોલાવ્યા. (૧૮) શ્રીહરિની આજ્ઞાથી મહાબુદ્ધિશાળી યજમાન ઈચ્છારામભાઈએ યજ્ઞને માટે બ્રાહ્મણોની આદરપૂર્વક વરણી કરી. (૧૯) અમદાવાદ નિવાસી વિદ્વાન બ્રાહ્મણ પ્રાણગોવિંદ, જેમની આચાર્ય તરીકે આ યજ્ઞમાં વરણી કરી હતી. તેમને ઈચ્છારામભાઈએ યથાયોગ્ય મંડપ વગેરે કરવા માટે સૂચના કરી. (૨૦)

તેથી આચાર્ય પ્રાણગોવિંદે વિધિ પ્રમાણે યજ્ઞમંડપની સિદ્ધિ માટે પૃથ્વી ખોદી, પ્રોક્ષણ વગેરે કરી તેની શુદ્ધિ કરવા લાગ્યા. (૨૧) પછી તે વિદ્વાન બ્રાહ્મણે મંડપ માટે શાસ્ત્ર પ્રમાણે પૃથ્વીને દર્પણ જેવી સરખી એક હાથ ઉંચી કરી. (૨૨) હે રાજન્ ! તે બુદ્ધિમાન કર્મકાંડમાં નિપુણ બ્રાહ્મણ પહેલાં યથાશાસ્ત્ર રમણીય મંડપ કરાવતા હતા. (૨૩)

હે ભૂપ ! પછી બુદ્ધિમાન તે બ્રાહ્મણ પૂર્વ મંડપના માપનું અંતર છોડીને વિધિ પ્રમાણે બીજો મંડપ કરાવતા હતા. (૨૪) પછી તે બ્રાહ્મણ તે પૂર્વ મંડપમાં યથાયોગ્ય સ્તંભો રોપાવતા હતા. (૨૫) ત્યારબાદ તે આચાર્ય બ્રાહ્મણ ચારેય દિશાઓમાં ચાર દ્વાર કરાવતા હતા. તે દ્વારોમાં શાસ્ત્રની વિધિ પ્રમાણે તોરણો બંધાવતા હતા. (૨૬)

તે વેદજ્ઞ બ્રાહ્મણ તે મંડપમાં યથાશાસ્ત્ર ચિત્રવિચિત્ર વર્ણવાળી ધ્વજાઓ ક્રમ પ્રમાણે મુકાવતા હતા. (૨૭) તે બ્રાહ્મણ એક સરખા નવ કોઠા કરીને વેદી તથા કુંડો તે તે સ્થાનમાં કરાવતા હતા. (૨૮) ત્યારબાદ શાસ્ત્રમાં કહેલા સ્થાનમાં ગ્રહાદિનું સ્થાપન કરવા માટે ગ્રહવેદી કરી, પતાકાઓ રોપતા હતા. (૨૯) તે આચાર્ય બ્રાહ્મણ વિધિ પ્રમાણે તે મંડપમાં હર્ષપૂર્વક સ્તંભો શણગારાવતા હતા. તેમજ ઉલ્લોચ વગેરે બંધાવતા હતા. (૩૦)

અમૂલ્ય મનોહર વસ્ત્રોથી વીંટાયેલા સ્તંભોથી યુક્ત, વિવિધ પ્રકારનાં આયનાઓથી શોભાયમાન, સર્વોત્તમ પુષ્પો, ફળો તથા આંબાના શોભાયમાન નૂતન પલ્લવોથી શોભાયમાન, વિવિધ પ્રકારનાં ધ્વજોની લક્ષ્મીવાળો, ઘણા પ્રકારનાં વિલાસવાળાં જે રંગો તેની શોભાથી સુંદર, કેળના સ્તંભોથી શોભતો, દર્શનીય

મંડપ અતિશય શોભતો હતો. (૩૧, ૩૨)

પછી ત્યાં (મંડપમાં) આચાર્ય પૂર્વમુખે બેસીને મધ્યવેદીમાં મુખ્ય દેવને યોગ્ય શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પાઠ કરતા હતા. (૩૩) વેદશાસ્ત્રને જાણનારા બુદ્ધિમાન આચાર્ય બાજોઠ વગેરે ઉપર આદરપૂર્વક તે તે દેવતાઓનું સ્થાપન શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૩૪) પછી તે બ્રાહ્મણ શ્રેષ્ઠ તે બાજોઠ ઉપર શુભ શ્વેત દ્વીપ કરતા હતા. તેના મધ્યમાં આઠ પત્રથી યુક્ત પદ્મ કરતા હતા. (૩૫)

પછી તે વિપ્ર પદ્મના કેસરના આગલા ભાગોમાં રંગ પુરી તેની શોભા કરતા હતા. (૩૬) તે બ્રાહ્મણોત્તમ કર્ણિકાદિમાં કહ્યા પ્રમાણે મુખ્ય દેવાદિ દેવોનું આદરપૂર્વક સ્થાપન કરતા હતા. (૩૭) પૂજાને યોગ્ય જળના પાત્રો, દ્રવ્યો તથા સર્વ હોમ દ્રવ્યો તે બ્રાહ્મણ વર્ય ત્યાં મંગાવતા હતા. (૩૮) બાળશર્મા બ્રાહ્મણે જળ વગેરેના પાત્રોનું સ્થાપન કરાવીને વરુણી બ્રાહ્મણોની જયાદિમાં યથોચિત યોજના કરી. (૩૯)

પછી યજ્ઞને યોગ્ય યથાવિધિ દીક્ષા ગ્રહણ કરવા માટે યજમાન ઈચ્છારામ તથા તેમનાં પત્નિ જેમણે સ્નાન કરી લીધું છે તેમને આચાર્યે મંડપમાં બોલાવ્યા. (૪૦) ધોયેલા શુદ્ધ વસ્ત્રો ધારણ કરેલા ઈચ્છારામ, તેમનાં પત્ની વરિયાળીની સાથે યજ્ઞ મંડપમાં આવ્યા. (૪૧)

ઈચ્છારામને યથા યોગ્ય બેસાડીને પુણ્યાહ વાંચન કરાવી આચાર્ય ગૃહશાંતિ કરાવતા હતા. (૪૨) તે યજ્ઞમાં શ્રી નગરનાં નિવાસી પ્રાણ ગોવિંદ બ્રહ્મા થયા. ઉમરેઠ નિવાસી હરિ શર્મા બ્રાહ્મણ ઋગ્વેદના જ્ઞાતા હોતા થયા. સામવેદના જ્ઞાતા શ્રી નગરના હેમંતરામ ઉદ્‌ગાતા થયા. યજુર્વેદ જાણનારા હળવદના શિવ યાજ્ઞિક અધ્વર્યું થયા. (૪૩)

તે મંડપમાં પોતાની ગૃહિણીની સાથે બેઠેલા, યમનિયમવાન પવિત્ર અંતઃકરણવાળા શુભ બુદ્ધિવાળા, ઘણી શ્રદ્ધાવાળા, વિશદ્‌ગુણો તથા સૌશીલ્યાદિના સ્થાનભૂત ઈચ્છારામ યજ્ઞમાં જેમ સપત્નિક યશસ્વી પૃથુ રાજા શોભતા હતા તેમ શોભતા હતા. (૪૪)

હે રાજન્ ! આચાર્ય વગેરે તે યાજકો સ્થાનકૃત કુંડમાં વહ્નિ સંસ્થાપન કરીને હવિષ્યાન્ન હોમ વગેરે યજ્ઞોચિત્ત વિધિ પ્રમાણે કરતા હતા. (૪૫) મંડપમાં વેદ શાસ્ત્ર જાણનારા ઘણા ઋત્વિજો, વિશારદો પ્રોક્ષિત હવિષ્યાન્નનો વેદમાં કહેલા મંત્રોથી યજ્ઞમાં હોમ કરતા હતા. તેમજ મરુત રાજાના યજ્ઞમાં જેમ સુંદર આજ્ય હોમતા હતા તે પ્રમાણે અહીં આજ્ય હોમતા હતા. (૪૬) વેદોક્ત સુંદર મંત્રોનું ગાન કરતા ઋત્વિજોએ ત્યાં બોલાવેલા દેવતાઓ, ગયરાજાના શોભાયમાન યજ્ઞમાં આવી જેમ પોતાનો ભાગ ગ્રહણ કરતા હતા તેમ, પોતાનાં ભાગો સાક્ષાત્ અહીં ગ્રહણ કરતા હતા. (૪૭)

અતિમંગળ કીર્તિવાળા, સર્વાવતારના એક કારણ શ્રી હરિના સહોદર, શાન્ત, વિશાળ બદ્ધિવાળા, ઈચ્છારામના અતિ શુદ્ધ હૃદયમાં તો ક્યારેય પણ આ યજ્ઞના ફળની ઈચ્છા નહોતી. (૪૮) તો પણ બહુકાળથી નષ્ટ થયેલા સમગ્ર યજ્ઞાદિવૈદિક માર્ગનું પૃથ્વી ઉપર પરિપોષણ કરનારા ધર્મ પ્રિય સર્વોત્તમ પવિત્ર કીર્તિ શ્રી હરિની અત્યંત પ્રસન્નતા માટે જ ઈચ્છારામ આ યજ્ઞ કરતા હતા. (૪૯)

આ પ્રમાણે સદ્ધર્મનું રક્ષણ કરનારાં, પરાત્પર, સર્વોત્તમ આનંદના પયોનિધિ, ઈશ્વરના ઈશ્વર, વિઘ્નનાશ કરવામાં ચતુર, શ્રી હરિના અતિમહાન પ્રતાપથી જ આ પવિત્ર યજ્ઞ પ્રવર્તતો હતો. જે યજ્ઞને જોઈને મનુષ્યો તથા દેવોના ઈશ્વર ગણો. (નૃપેન્દ્રો તથા દેવેન્દ્રો) અત્યંત આશ્ચર્ય પામ્યા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વિષ્ણુયાગ આરંભ નિરૂપણ નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપતે ! ધર્મ પ્રિય શ્રીહરિ પોતાનાં પાર્ષદોથી વીંટાઈને શોભાયમાન યજ્ઞ મંડપ પ્રત્યે હર્ષપૂર્વક પધાર્યા. (૧) ઋત્વિજોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રી હરિ મંડપમાં ઉત્તમ આસન ઉપર વિરાજીને અગ્નિમાં અત્યંત ઘૃત હોમતા બ્રાહ્મણોને જોઈને અતિ પ્રસન્ન થયા. (૨) તે સમયે શ્રી હરિએ સામ, ઋગ તથા યજુષ ત્રણે વેદના મંત્રો ભણતા ઋત્વિજોના દિશાઓમાં વ્યાપતા અત્યંત મધુર સ્વરો હર્ષથી સાંભળ્યા. (૩)

એવી રીતે ધર્મધુરંધર ભગવાન શ્રીહરિ પોતાનાં દર્શન આપીને હંમેશાં બ્રાહ્મણોની સંભાવના કરતા હતા. (૪) મહાપ્રતાપવાળા ઈચ્છારામના ગોપાળ વગેરે પાંચ પુત્રો હંમેશાં શ્રીહરિની પ્રીતિ માટે યજ્ઞને યોગ્ય ક્રિયા કરતા હતા. (૫)

હે ભૂપતે ! તે સમયે ડભાણપુરના હરિભક્તો ઘણાં ગાડાં ભરી રાત્રિ દિવસ સાકર-ઘી તથા વિવિધ પ્રકારની વસ્તુઓ હર્ષથી લાવતા હતા. (૬) ત્યાં ચોખા તથા દાળના ઘણા ઢગલાઓ પર્વત સમાન થયા હતા, જે ચોખાના ઢગલાઓ જોઈને લોકો આશ્ચર્ય પામતા હતા. (૭) પુષ્કળ ઘી, સાકરથી યુક્ત શ્વેત મોદકો તથા સુંદર ભોજન તે યજ્ઞમાં કરોડો બ્રાહ્મણો હંમેશાં જમતા હતા. (૮) હે રાજન્ ! યજ્ઞમાં યુવાન બ્રાહ્મણો આ પ્રમાણે મોદક કરવાનો વિધિ કરતાં હતા. ધોઈને સુકવેલા આથરો પાથરીને તેમાં ચૂરમું નાંખી તે ચૂરમામાં સાકર તથા ઘી નાંખીને પાવડાઓથી તે ચૂરમાને ભેગું કરીને લાડવા કરતા હતા. (૯-૧૦)

ત્યાં ધોળા લાડુ તથા પકવાનોના અનેક ઢગલા નાના પર્વતો જેવા જણાતા હતા. (૧૧) તે યજ્ઞમાં 'આપો-આપો' આ 'જમો-જમો' એમ ચારેય બાજુએથી વિપ્રોના શબ્દોનો અત્યંત મોટો ઘોષ થતો હતો. (૧૨) ત્યાં હંમેશાં ભોજનને માટે આવેલા બ્રાહ્મણોની લાંબી હજારો પંક્તિઓ થતી હતી જે પંક્તિઓ જોઈને જનસમુદાય આશ્ચર્ય પામતા હતા. (૧૩)

ચાર પૈડાની નાની ગાડીઓમાં લાકડાના ભરેલા બકડિયા ભરી જુવાન બ્રાહ્મણો તે ગાડીઓ ખેંચી પંક્તિમાં લાવતા હતા. (૧૪) ગાડીઓની બંને બાજુએ પંક્તિઓમાં ફરતા બ્રાહ્મણો તે ગાડીઓમાંથી મોદકો લઈને પીરસતા હતા. (૧૫)

ભોજન કરનારા હજારો હજાર બ્રાહ્મણોની પંક્તિઓ જોવા માટે પાર્ષદોથી વીંટાઈને અશ્વ ઉપર વિરાજી શ્રી હરિ ત્યાં આવ્યા. (૧૬) વિદ્યમાન છે ભૂષણો જેમને એવા, વીજળીના જેવા વસ્ત્રોવાળા, અચ્યુત શ્રી હરિને દૂરથી જોઈને, જમનારા બ્રાહ્મણોના સમુદાયો ઉંચા સ્વરથી "શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય" આ પ્રકારનોં જય ધ્વનિ કરતા હતા. (૧૭)

હે રાજન્ ! બ્રહ્મણ્ય દેવ ધર્મવત્સલ શ્રી હરિ, જમનારા કરોડો બ્રાહ્મણોને જોઈને અત્યંત પ્રસન્ન થયા. (૧૮) પંક્તિ પાવન શ્રી હરિ હંમેશાં આ પ્રકારે પંક્તિ બદ્ધ યથેષ્ટ જમનારા બ્રાહ્મણોને નિત્ય પોતાનાં દર્શન આપતા હતા. (૧૯)

આ પ્રકારે તે યજ્ઞમાં બહુ દિવસ પર્યન્ત યથેષ્ટ ભોજનો જમીને બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજનમાં હવે અરુચિ થઈ. (૨૦) હે ઉત્તમ બ્રાહ્મણો ! આ ભોજનની સમાપ્તિ ક્યારે થશે ? એમ ભોજન કરનારા બ્રાહ્મણો પરસ્પર બોલતા હતા. (૨૧)

તે બ્રાહ્મણોમાં કેટલાક બ્રાહ્મણો એમ બોલતા હતા. હે બ્રાહ્મણો ! નિરંતર આટલી બધી વસ્તુઓ, સાકર, ઘી વગેરે ક્યાંથી આવે છે ? (૨૨) કેટલાક આવું કહેતા હતા હે બ્રાહ્મણો ! અહીં કોઈ વસ્તુની ક્યારેય કંઈ પણ ન્યૂનતા નથી. તેથી આ બધી વસ્તુઓ અહીં અખૂટ છે. (૨૩)

અહીં આ પ્રમાણે હંમેશાં કરોડો બ્રાહ્મણો જમે છે તથા બીજા ઘણા અન્નાર્થિઓ જમે છે. આવું તો ક્યારેય જોયું નથી તેમ સાંભળ્યું પણ નથી. (૨૪) હે બ્રાહ્મણો ! પૃથ્વી ઉપર આ પ્રમાણે કોઈ પણ રાજા તથા અન્ય મનુષ્યોએ બ્રાહ્મણોને મિષ્ટાન્નોથી તૃપ્ત કર્યાં નથી. તેમજ તૃપ્ત કરશે પણ નહિ. (૨૫) તેથી આ સ્વામિનારાયણ જરૂર અમાનવ (દેવ) છે. તેમનું આવું વચન સાંભળીને કેટલાક બ્રાહ્મણો એમ કહેવા લાગ્યા. (૨૬)

આ સ્વામિનારાયણ તો નિશ્ચય કામણગારા છે. તેથી જળનું ઘી કરે છે અને રેતીની સાકર બનાવે છે. (૨૭) હે બ્રાહ્મણો ! એમ જો ન હોય તો હંમેશાં ઘણો ખર્ચ કરવા છતાં પણ વસ્તુ ક્યારેય પણ અહીં ઓછી કેમ થાય નહિ ? (૨૮)

કેટલાક દૈવી સંપત્તિયુક્ત બ્રાહ્મણો તેમનાં પ્રત્યે આવી રીતે કહેતા હતા. હે બ્રાહ્મણો ! સ્વામિનારાયણ કામણ ટુંમણ કરનારા છે. એમ તમો કહો છો તેમ નથી. પરંતુ આ શ્રીહરિનાં પ્રતાપથી કોઈ વસ્તુની ન્યૂનતા નથી. (૨૯) આવી રીતે ઘણા બ્રાહ્મણો ઘણી વાર વિચાર કરતા ઘણા દિવસ પર્યન્ત હંમેશાં વિસ્મય પામીને ભોજન કરતા હતા. (૩૦)

હે રાજન્ ! આવી રીતે સ્વામિનારાયણે મહાયજ્ઞમાં વિપ્રોનું તથા દેવોનું અત્યંત તર્પણ કર્યું. (૩૧) મત્સરવાળા અસુરો તે જોઈને અત્યંત ક્ષોભ પામ્યા અને દુર્બુદ્ધિવાળા તે બધા યજ્ઞમાં વિઘ્ન કરવા માટે ઈચ્છતા હતા. (૩૨) કળિયુગ તથા અધર્મના બળથી વૃદ્ધિ પામેલા દુષ્ટ અસુરો મહોન્મત્ત થઈ તત્કાળ તે વિપ્રોના શરીરમાં પ્રવેશ કરતા હતા. (૩૩)

આ પ્રમાણે પોતાની અંદર પ્રવેશ પામેલા અસુરોએ વિનાશ પમાડ્યા છે સમગ્ર શુભાશયો જેમનાં અને વૃદ્ધિ પમાડ્યો છે મત્સર જેમનોં એવા તે વિદ્વાનોના હૃદયમાં આવા કુતર્કો થયા (૩૪) અહો દ્વિજેન્દ્રો ! આ યજ્ઞ નિર્વિઘ્નપણે સંપૂર્ણ થાય એ યોગ્ય નથી. માટે આપણે બધાએ મળીને આ મહાયજ્ઞમાં કોઈપણ ઉપાયથી વિઘ્ન કરવું. (૩૫)

હે વિપ્રો ! આપણે અત્યંત ધીરજ પૂર્વક પહેલાં આપણા પક્ષમાં રહેલા બધાને જમાડી લેવા. પછી બીજાઓને જમવાનું નહિં મળે એટલે અત્યંત ભયંકર મોટો કલેશ કરવો. (૩૬)

આપણે કલેશ કરીશું એટલે અહીંથી સર્વે ચોરો મળીને આ અન્નના ઢગલાઓ લઈ જશે, ઘૃતનાં કુલ્લાં, સાકર, ગોળ વગેરે પદાર્થો તત્કાળ લઈ જશે. તેથી વિઘ્ન કરનારા આપણને તે અનુકૂળ પડશે. (૩૭) રાત્રિએ જ અમો સર્વે મોદકના ઢગલાઓ આ તળાવમાં જ ફેંકી દઈશું. પછી સર્વજનો ન દેખે તેવી રીતે અહીંથી જલદી પલાયન થઈ જઈશું. (૩૮)

આ યજ્ઞમાં આ પ્રકારે કરવાથી જ વિઘ્ન થશે. વિઘ્ન કરવાનો આ જ ઉપાય યોગ્ય છે. હે વિપ્રો ! શ્રી સ્વામિનારાયણનો ત્યારે જ પરાભવ થશે. (૩૯) અતિ તુચ્છ મચ્છરીયા, ગરુડને તથા પતંગિયા સૂર્યને, પરાભવ કરવા માટે ઈચ્છે તેવી રીતે અધિક મૂઢ મતિવાળા વિપ્રો શ્રીહરિનો પરાભવ કરવા માટે ઈચ્છતા હતા. (૪૦) ધર્મના પુત્ર સર્વજ્ઞ શ્રીહરિએ આ પ્રકારે વિપ્રોનો દુષ્ટાશય તત્કાળ જાણીને હે રાજર્ષે ! બ્રાહ્મણોએ કરવા ઈચ્છેલાં વિઘ્નને ટાળવા ઉપાય કર્યો. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમાં સ્કન્ધમાં અગણિત વિપ્રોને ભોજનથી અતિ તૃપ્તિ કરાવી તે નિરૂપણનો બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ પોતાનાં સર્વે ઘોડેસવારો પાર્ષદો તથા બીજા ભક્તોને બોલાવીને, બ્રાહ્મણોએ ગુપ્ત રીતે કરવા ઈચ્છેલું વિઘ્ન તેમને કહેતા હતા. (૧) ભગવાન શ્રીહરિ પોતાની અનુવૃત્તિ પાલન કરનારા ઘોડસવારો પ્રત્યે કહેવા લાગ્યા. હે સાદિત ! આયુધો ધારણ કરીને ઘોડા ઉપર બેસીને તમારે સર્વેએ તત્કાળ અહીં આવવું. (૨)

શ્રીહરિએ પોતાનાં પાર્ષદોને પણ આ પ્રમાણે કહ્યું. હે પાર્ષદો ! વિવિધ પ્રકારનાં શસ્ત્રો તથા બંધૂકો ધારણ કરીને તમારે સર્વેએ તત્કાળ અહીં આવવું. (૩) બીજા ભક્તોને પણ શ્રીહરિ આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભક્તો ! મારા સમગ્ર આશ્રિત ભક્તોએ લાકડી વગેરે હથિયાર ધારણ કરીને અહીં આવવું. (૪)

આપણે પાકશાળામાં જઈને વિઘ્ન કરવા માટે તૈયાર થયેલા બ્રાહ્મણોને યુક્તિથી બીક પમાડીને જમાડવા. (૫) આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી સમગ્ર ઘોડેસવારો તત્કાળ તૈયાર થઈને શ્રીહરિની

સમીપે આવ્યા. (૬)

સોનેરી તારના વસ્ત્રો ધારણ કરનારા, વિવિધ પ્રકારનાં ભૂષણોથી ભૂષિત શ્રીહરિ, તેમને જોઈને પોતાનાં ભક્તોએ આણેલા અશ્વ ઉપર બિરાજમાન થયા. (૭) શ્રીહરિ ઘોડેસવારો વગેરેની સાથે પાકશાળામાં જઈને વૈરના અભિનિવેશથી વ્યગ્ર ચિત્તવાળા બ્રાહ્મણોને દક્ષિણા આપવાના નિમિત્તથી પાકશાળાની બહાર બોલાવ્યા. (૮)

હે રાજન્ ! પછી શ્રીહરિએ સ્નાન કરેલા ધર્મનિષ્ઠ, વિવેકી, પોતાનાં આશ્રિત બ્રાહ્મણોને પાકનું રક્ષણ કરવા માટે પાકશાળામાં મોકલ્યા. (૯)

હે નૃપતે ! પછી શ્રીહરિએ પાકશાળાની ચારેય બાજુએ હથિયાર બાંધેલા સમગ્ર શૂરવીર પાર્ષદોને તથા હાથમાં લાકડીઓવાળા સમગ્ર ગૃહસ્થ ભક્તોને ઊભા રાખ્યા. (૧૦) શ્રીહરિએ તેમની ચારેય બાજુએ, (પાર્ષદો અને ગૃહસ્થોની ચારેય બાજુએ) તેમની પાછળ, ધારણ કર્યું છે મહાચર્મ (ઢાલ) જેમણે એવા, પ્રકાશમાન સૂર્યના કિરણોથી જેમનાં હાથમાં ભાલાઓ ચળકે છે એવા, માથા ઉપર લાંબા અને સ્થૂળ મોળીઆ છે જેમને એવા કંક દેશના અતિ શૂરવીર અસવારો તથા બીજાઓની પણ ગોઠવણ કરી. (૧૧)

અતિ ગુઢ વૈરવાળા, યજ્ઞમાં વિઘ્ન કરવા માટે ઈચ્છતા છતાં પણ ઘોડેસવારોને જોઈને ભય પામેલા બ્રાહ્મણોને જોઈને સર્વાન્તર્યામી શ્રીહરિ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૨)

હે વિપ્રો ! તમારું હૃદયતો હું જાણું છું. તમો પરસ્પર મળીને અમારી સાથે વેર કરીને આ મહાન ઉત્તમ યજ્ઞ કાર્યમાં વિઘ્ન કરવા ઈચ્છો છો. (૧૩) હે બ્રાહ્મણોત્તમ ! તમોએ ઉગ્ર કલહ કરવા ધાર્યો છે તો જેમણે હથિયારો બાંધ્યા છે એવા, અત્યંત સાવધાન સમગ્ર ઘોડેસવારો વગેરે તમારી અતિશય સેવા કરશે. (સમ્યક્ તાડન રૂપ સેવા કરશે) (૧૪)

શ્રીહરિનું આ વચન સાંભળીને અતિ ત્રાસથી ભય પામ્યા છે ચિત્ત જેમનાં એવા બ્રાહ્મણો, શ્રીહરિનાં પ્રતાપથી વિનાશ પામ્યા છે મનોરથો જેમનાં એવા બની, કાન્તિથી રહિત મુખ જેમનાં થયા છે તેવા બની શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૫)

હે હરે ! તમો સકળ જનોના હિત કરનારા છો. તેમાં પણ બ્રાહ્મણોનું હિત કરનારાઓમાં દેવની માફક મુખ્ય છો. માટે તમારે શરણે આવેલા અમોને આજ્ઞા આપો, હે ભગવન્ ! જેવી તમો આજ્ઞા કરશો તે પ્રમાણે જ અમો સર્વે કરીશું. (૧૬)

ક્ષમાનું આધિક્ય હોવાથી તથા અતિશય નિર્વિકારપણું હોવાથી બ્રાહ્મણોના અપરાધને ચિત્તમાં નહિ ગણતા શ્રીહરિ, અસત્ અન્તઃકરણવાળા વિપ્રોનું આવું વચન સાંભળીને ખિન્ન થયેલા તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૭)

હે વિપ્રો ! અહીં તમારા એક એક માણસની સાથે અમારો એક એક આશ્રિત બ્રાહ્મણ ચાલશે. આ પ્રકારે બ્રાહ્મણોની પંક્તિઓમાં પીરસવા માટે તમો ફરો. (૧૮)

હે વિપ્રો ! આ બ્રાહ્મણ સમાજને પીરસવામાં આ પારકો છે અને આ પોતાનો છે. એવો ભેદ જો તમો લગાર પણ કરશો તો આ મારા આશ્રિત શસ્ત્ર ધારિઓ તમોને શિક્ષા કરશે. એમાં અમારો દોષ નહિ રહે. (૧૯)

સર્વેશ્વર સ્વામિનારાયણે આ પ્રમાણે કહ્યું. છતાં પણ અનમ્ર સ્વભાવવાળા બ્રાહ્મણોએ પોતાનાં દુરાત્માપણાનો ત્યાગ કર્યો નહિ તેથી અતિ ગુપ્ત રીતે એક એક લાકડી ધારણ કરી કરંડીયામાં પુરાયેલા સર્પની જેવા બની ગયા. (૨૦)

સર્વના અંતઃકરણને જાણનારા શ્રીહરિ દુરાગ્રહવાળા બ્રાહ્મણોનું કપટ જાણીને આ બ્રાહ્મણોની ચારેય તરફ ઘોડાઓને ફેરવો આ પ્રમાણે સર્વે ઘોડેસવારોને કહેવા લાગ્યા. (૨૧) શ્રીહરિની આ આજ્ઞા સાંભળ્યા પછી બ્રાહ્મણોના સમુદાયોની ચારેય તરફ ઘોડેસવારો પોતાનાં ઘોડાઓને વિશેષ ભમાવવા લાગ્યા. સૂર્યના કિરણોના સંબંધથી પ્રકાશતા પોતાનાં હાથમાં રહેલા મોટા ભાલાઓ ભમાવતા પોતપોતાનાં ઘોડાઓને તે સર્વ ફેરવતા હતા. (૨૨)

તે સમયે જ શ્રીહરિએ કરી છે આજ્ઞા જેમણે એવા સો સો પાર્ષદો સમગ્ર દિશાઓને ગજાવતા સુંદર બંધૂકોના ભડાકાઓ એકીસાથે તત્કાળ કરતા હતા. (૨૩) તે બંધૂકોના ઉદ્વેગ કરનારા મોટા ધ્વનિથી ત્યાં સોળ દાળની ભરેલી માટીની કોઠીઓ ભાંગી ગઈ. તે વખતે સિંહના નાદથી મૃગલાના ટોળાં જેમ ભય પામે તેમ બ્રાહ્મણો બંધૂકોના અવાજથી ત્રાસ પામ્યા. (૨૪)

બ્રાહ્મણોના સમુદાયો ભયથી, પોતાનાં દેહને ભૂલી જઈને નાસી જવા માટે પણ સમર્થ થયા નહિ અને અમારા પ્રાણ રહેશે કે નહિ રહે એવો વિચાર કરવા લાગ્યા. (૨૫)

ભયના અભિનિવેશથી પીડા પામેલા તે સમગ્ર બ્રાહ્મણો પ્રત્યે શ્રી હરિ આ પ્રમાણે બોલ્યા. હે બ્રાહ્મણો ! ભોજન કરતાં જો તમો ઊઠશો તો આ ઘોડેસવારો તમોને મારશે. (૨૬)પછી ભયથી કંપાયમાન શરીરવાળા તે બ્રાહ્મણો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! હે મહારાજ ! હે વિભો ! અમો સર્વ તમારી આજ્ઞાનું પાલન કરીશું. (૨૭)

બ્રાહ્મણોનું એવું વચન સાંભળીને શ્રીહરિ પોતાનાં ભક્તો પ્રત્યે જોઈને મંદહાસ્ય કરતા હતા. ભયથી પીડિત ચિત્તવાળા હજારો હજાર બ્રાહ્મણો જેમનોં પ્રયત્ન નિષ્ફળ ગયો છે તે સૌ હતાશ બની ભોજન કરવા લાગ્યા. (૨૮)

હે રાજન્ ! કાળ, માયા, પુરુષ - મહાપુરુષ, અક્ષરાદિ વગેરેના સ્વામી અનુપમ પ્રતાપવાળા શ્રી હરિએ, આ પ્રમાણે બ્રાહ્મણોને બીક બતાવીને કરોડો બ્રાહ્મણોને નિર્વિઘ્ન રીતે જમાડ્યા. (૨૯)

પછી દયાળુ શ્રીહરિએ, ભય પામેલા તે બ્રાહ્મણોને કહ્યું. હે વિપ્રો ! ભયનો ત્યાગ કરો. એમ કહીને દુષ્ટાશયવાળા તે સર્વેનો અપરાધ સહન કરીને તેમને સંતોષ પમાડ્યા (૩૦)

હે રાજન્ ! બ્રાહ્મણોને ભોજન કરાવ્યા પછી ચળકતાં સોનેરી વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે,

વિવિધ પ્રકારનાં ભૂષણોથી ભૂષિત અંગોથી રમણીય, પોતાનાં અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રી હરિ જેમનાં દર્શન જનના સમુદાયો આશ્ચર્યપૂર્વક કરી રહ્યા છે, તે નિર્નિમેષ દૃષ્ટિવાળા, પ્રસન્ન થયેલા પોતાનાં ભક્તોથી વીંટાયેલા પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૩૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં યજ્ઞમાં આવનારું વિઘ્ન નાશ કર્યું તે નિરૂપણનો તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ કરેલા સુંદર યજ્ઞનો તથા બ્રાહ્મણોના તર્પણનો પૃથ્વીમાં મહાન ઉદ્‌ઘોષ થયો. (૧)

હે મહીપતે ! દૈવી સંપત્તિએ યુક્ત જીવો તો પૃથ્વીમાં તે ઉદ્‌ઘોષ સાંભળીને અત્યંત આનંદ પામ્યા. અસુરાંશ જનો અત્યંત ક્ષોભ પામ્યા. (૨) આ પૃથ્વી ઉપર જે અસુરાંશથી ઉત્પન્ન થયેલા ગુરુઓ છે તે સર્વે આ મહાવિષ્ણુ યાગ જેમાં અનંત બ્રાહ્મણોને શ્રીહરિએ ભોજન કરાવ્યું, તે સાંભળીને જ મહામત્સરવાળા થઈ અત્યંત કલેશ પામ્યા. (૩)

હે રાજન્ ! આ લોકમાં શ્રી હરિના ફેલાયેલા મહા પ્રતાપથી જેમનાં મન અત્યંત બળે છે એવા અસુર ગુરુઓ ભેગા થઈને આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. (૪)હે સૌમ્યા ! સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર યજ્ઞો કરે છે તથા નાના પ્રકારનાં ભોજનોથી કરોડો બ્રાહ્મણોને તૃપ્ત કરે છે. (૫)

તેથી સ્વામિનારાયણને યશ ભૂતળમાં અતિશય વ્યાપ્યો છે. વશીકરણ મંત્ર જાણનારા સ્વામિનારાયણ તો ઘણા લોકોને પોતાને વશ કરે છે. (૬) આ લોકમાં પાખંડી સ્વામિનારાયણના સાધુઓને મનુષ્યો માને છે અને સિદ્ધ સંજ્ઞાથી પ્રસિદ્ધ આપણી અત્યંત અવજ્ઞા કરે છે. (૭) હમણાં સ્વામિનારાયણ મહાયજ્ઞ કરે છે તેમાં વિઘ્ન થાય તેવો ઉપાય આપણે કરવો. (૮)

તે ઉદ્ધત અસુર ગુરુઓ શ્રીનગરમાં માનરૂપી ધનવાળા ક્રૂર અસરાંશ સુબાને મળીને કહેવા લાગ્યા. (૯) હે રાજન્ ! અત્યંત શૌર્ય અને પરાક્રમવાળા તમો પૃથ્વી ઉપર વિદ્યમાન હોવા છતાં અમારો સર્વેનો સ્વામિનારાયણે પરાભવ કર્યો છે. (૧૦)

અન્યમતના આશ્રિત સમગ્ર લોકોને તથા ગુરુઓને શ્રીહરિએ વશ કરીને તે લોકોને તથા ગુરુઓને પોતાનાં શિષ્યો કર્યા છે અને નિર્ભય રીતે તે પૃથ્વી ઉપર ફરે છે. (૧૧)

હજારો હજાર સાધુ શિષ્યો તથા લાખો ગૃહસ્થ શિષ્યોથી વીંટાયેલા હાલ ડભાણ પુરીમાં તે યજ્ઞ કરે છે. (૧૨) હે રાજન્ ! તે મહાયજ્ઞમાં તમારે તત્કાળ વિઘ્ન કરવું. તમારાથી જ સાધ્ય આ કાર્ય છે. બીજો આ કાર્ય કરવા માટે શક્તિમાન નથી (હાથીઓ જે ભાર વહન કરવામાં શક્તિમાન

નથી તો તે ભાર હરણ કેમ વહન કરી શકે ?) (૧૩)

આપણા મનમાં રહેલા મુખ્ય, ઘણા ગુણોથી યુક્ત, ભૂપાળ શીરોમણી, તમોને અમો આ કાર્ય સોંપવા માટે આવ્યા છીએ. (૧૪)

પૂર્વે અસુરોએ કંસને જેમ પ્રોત્સાહન આપેલું તેમ તે અસુર ગુરુઓએ આ પ્રમાણે પ્રોત્સાહન આપેલા, માનમત્સર સર્વના સ્થાન રૂપ દુર્મદ તે રાજા તે અસુર ગુરુઓને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૧૫) હે સત્પુરુષો ! તમો સમગ્ર ચિંતાનો સર્વથા ત્યાગ કરો. હું સ્વામિનારાયણને કંઈ પણ ગણતો નથી. (૧૬)

જેમ પૂર્વે વીરભદ્રે દક્ષપ્રજાપતિનો યજ્ઞ ભાંગી નાખ્યો તેવી રીતે સૈન્યે સહિત હું ત્યાં જઈને તત્કાળ યજ્ઞનો નાશ કરીશ. (૧૭) એમ કહીને રાજા તત્કાળ પોતાની સભા સહિત વાદ્યોનો ઘોષ કરતા સ્વામિનારાયણના યાગમાં વિઘ્ન કરવા પુરથી નીકળ્યા. (૧૮)

હે ભૂપતે ! માર્ગમાં મળેલા અસુરાંશોવાળા જનસમુદાયોની સાથે રાજા ડભાણ પુરીની સમીપે આવ્યા. (૧૯) અન્તર્યામી પણે વિઘ્ન કરવા માટે આવતા તે જનોને જાણીને શ્રીહરિ તે રાજાને પોતાનું ઐશ્વર્ય આ પ્રમાણે બતાવતા હતા. (૨૦)

સૈન્યે સહિત તે રાજા ડભાણપુરીની પૂર્વ દિશાના દરવાજામાં વાજિંત્રોના ભયંકર ધ્વનિનો ઘોષ કરી દિશાઓ ગજાવી છે જેમણે એ પ્રકારે જ્યારે પ્રવેશ કરે છે. ત્યારે ત્યાં તે એક અત્યંત આશ્ચર્ય જુવે છે. (૨૧) ગરુડ ઉપર બેઠેલા, ઉગામી છે તરવારો હાથમાં જેમને એવા, તેમજ ઘોડા ઉપર બેઠેલા હજારો હજાર પોતાનાં પાર્ષદોના સમુદાયોથી વીંટાયેલા ઈશ્વર શ્રી સ્વામિનારાયણને તે રાજા જોવા લાગ્યો. (૨૨)

શ્રી સ્વામિનારાયણને આ પ્રકારે જોઈને ભય પામેલા તે રાજા તથા ભય પામેલા તેના સૈનિકો આ શું હશે ? એમ વિચાર કરતા ગભરાયેલાની જેમ આમ તેમ જોતા સ્વામિનારાયણનો પરાભવ કરવાની આશા જેમને નષ્ટ પામી છે એવા થયા. (૨૩)

હે રાજન્ ! પૂર્વ દિશાના દરવાજે આવું આશ્ચર્ય જોઈને પછી તે રાજા સમગ્ર સૈનિકો સહિત ઉત્તર દિશાના ગોપુર (દરવાજા) પ્રત્યે ગયા. ત્યાં પણ શ્રી સ્વામિનારાયણને પૂર્વ દિશાના દરવાજામાં જે પ્રમાણે જોયા હતા. તેવા જોઈને અત્યંત ખેદ પામીને, વિભ્રાન્ત ચિત્તવાળા બની, અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૪)

નગરમાં પ્રવેશ કરવાની ઈચ્છાવાળા તે સર્વે પછી પશ્ચિમ દિશાના દરવાજા પ્રત્યે ગયા. ત્યાં પણ શ્રી સ્વામિનારાયણને તે પ્રમાણે જોઈને ભયથી તત્કાળ દક્ષિણ દિશાના દરવાજા પ્રત્યે ગયા. (૨૫)

ત્યાં પણ શ્રી સ્વામિનારાયણને તે પ્રમાણે જોઈને અત્યંત ભય પામી, ધર્મે રહિત તે સર્વે રાજાના સેવકો રાજાની સાથે જ તીવ્ર વેગથી તત્કાળ પલાયન કરી ગયા. (૨૬)

તે રાજા વગેરે માર્ગમાં દોડતા જ્યારે પાછુવાળી જોતા હતા ત્યારે તરવારો હાથમાં છે જેમને

એવા ઘોડા ઉપર બેઠેલા પોતાનાં પાર્ષદો યુક્ત તેમજ ગરુડ ઉપર બેઠેલા શ્રી સ્વામિનારાયણને જોતા હતા. (૨૭) તે સર્વે પોતાનાં નગરમાં પહોંચ્યાં ત્યાં સુધી ગરુડ ઉપર બિરાજેલા, શસ્ત્ર ધારણ કરેલા, પોતાનાં પાર્ષદોએ યુક્ત શ્રી સ્વામિનારાયણને જ પોતાની પાછળ જોતા હતા. (૨૮)

આ પ્રકારે રાજા સેનાની સાથે નાસી જઈને મહાકષ્ટપૂર્વક પોતાનાં પુર પ્રત્યે આવ્યા. શૂરવીરોએ જેમનાં પૌરુષની નિંદા કરે છે એવા તે રાજા શ્રીહરિને જીતવાની આશાનો ત્યાગ કરીને ઊભો રહ્યો. (૨૯) એવી વાર્તા સાંભળીને અસુરાંશ ભજનારા મત્સરે સહિત રાજાઓ તથા ગુરુઓના ચિત્તમાં, ઘીના સિંચનથી અગ્નિ જેમ વધે તેમ, તાપ અત્યંત સિદ્ધ પામ્યો. (૩૦)

સ્વતંત્ર, ધર્મના પુત્ર, શ્રીહરિ દુર્જેય, ઘણા સૈન્યો યુક્ત, ઉગ્ર પરાક્રમી, અસુરાંશ રાજાને પોતાનાં પ્રતાપથી ઉપર કહ્યા પ્રમાણે વિના પ્રયાસે પરાભવ પમાડીને યજ્ઞમાં આવનારું વિઘ્ન દૂર કરતા હતા. (૩૧) હે નૃપ ! શ્રીહરિનું એકવાર પણ સંસ્મરણ કરીને અથવા તેમનું નામોચ્ચારણ કરવાથી વિઘ્નોનો વિનાશ થાય છે જ. સમગ્ર અવતારના કારણરૂપ સર્વેશ શ્રીહરિ જેનું રક્ષણ કરે છે તે યજ્ઞમાં વિઘ્ન કેમ થાય ? (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ અસાધારણ ઐશ્વર્ય બતાવ્યું તે નિરુપણનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિનાં દિવ્યભાવથી વૃદ્ધિ પામેલું બીજું આશ્ચર્યકારી ચરિત્ર તમોને હવે હું કહું છું. તમો તે સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૧)

કોઈ ચોરોનો અધિપતિ, બળવાન, વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારો, ઉગ્ર, ઘણા તસ્કરોથી વીંટાયેલો પરમાર અટકવાળો એક પગી હતો (૨) આ લોકમાં ગામો, સંઘો તથા પુરાદિને તે લૂંટતો હતો. ધનુષ્ય ધારીઓમાં તે અગ્રેસર હતો, વીર હતો અને દયા રહિત હતો. (૩)

પૃથ્વી ઉપર જેનોં કોઈ પ્રતિદ્વન્દ્વી નથી એવો, રાજાનો ખજાનો લૂંટનારો, માંસ ખાનારો તથા મધ પીનારો, દુષ્ટ, નિંદિત વૃત્તિને આશરેલો. (૪) કાળની માફક ભયંકર, જેનું નામ સાંભળીને સમગ્ર પ્રજા જેમ વ્યાઘ્રનો નાદ સાંભળી બકરીઓ ત્રાસ પામે તેમ, અત્યંત ત્રાસ પામતી હતી. (૫)

મહાદ્રોહ્ત, તે ઘણા ચોરોની સાથે પૃથ્વી ઉપર ચોરી કરવા માટે ફરતો ફરતો સ્વાભાવિક પણે ડભાણમાં આવ્યો. (૬) તે ચોરોના અધિપતિએ લાખો મનુષ્યોના સંઘોને ત્યાં જોયા. પછી પશ્ચિમ દેશના ઘણા મૂલ્યવાળા કુલીન ઘોડાઓને પણ જોયા. (૭)

સોનેરી મહામૂલ્યવાળાં ચળકતા વસ્ત્રો ધારણ કરનારા, અનેક પ્રકારનાં સ્ફુરાયમાન મણિઓએ

યુક્ત સુવર્ણના અલંકારોથી અલંકૃત શ્રીહરિને પણ તે જોતો હતો. (૮) પછી તે પોતાને અનુસરનારા ચોરોની સાથે મળીને લોકોના સંઘોને લૂંટવા માટે તથા ઘોડાઓને ચોરી લેવા માટે વિચારવા લાગ્યો. (૯)

મદોન્મત, ક્રૂર, ધનુષ્યધારી તે પોતાનાં અનુયાયિઓ સાથે ચોરી કરવા માટે રાત્રિએ ભક્તોના સંઘોમાં ભમવા લાગ્યો. (૧૦) તે ચોરો રાત્રે ભક્તોના સંઘોમાં જ્યાં જ્યાં ભમતા હતા ત્યાં ત્યાં હરિ ઈચ્છાથી જ આ પ્રમાણે આશ્ચર્ય જોતા હતા. (૧૧)

તે સમગ્ર ચોરો રાત્રિમાં જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં સોનેરી વસ્ત્રો ધારણ કરનારા તથા મણિ જડિત સુવર્ણના અલંકારોથી અલંકૃત, અશ્વ ઉપર બિરાજેલા તરવારો છે હાથમાં જેમને એવા હજારો શૂરવીર પાર્ષદો તથા ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિને આશ્ચર્યપૂર્વક જોતા હતા. (૧૨, ૧૩)

પોતે જે જે સ્થાનોમાં ગયા ત્યાં ત્યાં સર્વે સ્થાનોમાં તથા સભામાં પણ ઈશ્વરાધીશ શ્રીહરિને જોઈને તે સમગ્ર ચોરો પોતાનાં સ્વાર્થની સિદ્ધિ અત્યંત કષ્ટથી પણ પ્રાપ્ત નહિ થઈ શકે તેમ માનતા હતા. (૧૪) તે ચોરો સંઘનાં જનોને અતિ સાવધાન જોઈને તેમજ શ્રીહરિને પણ તેવી રીતે સાવધાન જોઈને, ચોરી કરવાનો અવકાશ ત્યાં નહિ મળે તેથી પોતાનાં સ્વાર્થની સિદ્ધિ નહિ થાય એમ માની નિરાશ થયા. (૧૫-૧૬)

પછી તે ચોરો અશ્વશાળામાં જે જે ઘોડા ચોરવા માટે ગયા તે તે ઘોડાની સમીપે જ, સ્ફુરાયમાન સોનેરી વસ્ત્રોવાળા, સુવર્ણ અને મણિઓના આભૂષણોથી દર્શનીય, પોતાનાં હાથમાં સુવર્ણની ઉત્તમ સોટી ધારણ કરતા, શસ્ત્રો ધારણ કરનારા તથા પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા, ઈશ્વરોના ઈશ્વર, શ્રી સ્વામિનારાયણને જોઈને તત્કાળ દુરથી જ નાસી જવા લાગ્યા. (૧૭-૧૮)

પૂર્વે ક્યારેય નહિ જોયેલું એવું આ આશ્ચર્ય જોઈને તે ચોરો ભ્રાન્તિ પામીને ચોરી કરવાનો અવસર ન મળવાથી હતાશ થઈને એકાંત સ્થાનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. (૧૯)

હે ચોરો ! પહેલા આપણે આ સ્વામિનારાયણને સભામાં જોયા હતા. શસ્ત્ર ધારિઓએ સહિત આ અહીં સર્વ ઠેકાણે કેમ દેખાય છે ? (૨૦) જ્યારે અહીં દેખાય છે ત્યારે મહાસભામાં નહિ હોય ? અથવા હશે ? આ જાણવા માટે આપણે બધાએ સાથેજ મહાસભાના સ્થાનમાં જવું. (૨૧)

તે ચોરો આવો વિચાર કરીને સભા સ્થાનમાં આવ્યા. અહીં પણ પોતાનાં અશ્રિતોની સાથે બિરાજેલા અમૃતથી ઉત્તમ રસવાળી ઉપદેશ વાર્તાઓ કરતા, શ્રી હરિને તેઓ જોવા લાગ્યા. (૨૨) પછી તે ચોરો ઘોડશાળામાં ગયા. ત્યાં દર્શનીય શ્રી સ્વામિનારાયણને પહેલાંની માફક જ બધા જ ઘોડાઓની સમીપે જોઈને તેઓ અતિ આશ્ચર્ય પામ્યા ! (૨૩) અક્રુર, યદુઓના પતિ શ્રી કૃષ્ણને જેમ પ્રતિક્ષણે રથમાં તથા જળમાં જોતા હતા, તેમ તે ચોરોએ શ્રી સ્વામિનારાયણને સભા સ્થાન તથા ઘોડશાળામાં એકી સાથે જોયા. આથી તેમને સર્વને તે રાત્રીએ ઘોડાઓ ચોરી જવાનો અવસર મળ્યો નહિ. (૨૪)

આ રીતે ત્રણ રાત્રી સુધી તેમણે પ્રયત્ન કર્યો, નિદ્રા રહિત રહ્યા. છેવટે મહા પ્રભાવવાળા શ્રી

સ્વામિનારાયણને સભામાં તથા ઘોડશાળામાં જોઈને આ સ્વામિનારાયણ, સ્વતંત્ર, સર્વેશ્વર ભગવાન છે આવો પોતાનાં અંતઃકરણમાં તેમને નિશ્ચય થયો. (૨૫) પછી શ્રીહરિમાં પ્રીતિવાળા તે બધા ચોરો સભામાં બિરાજમાન પૂર્ણકામ પરમેશ્વર શ્રી સ્વામિનારાયણ પાસે આવીને તેમને નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા. (૨૬)

અનેક જન્મમાં કરેલા અનંત પાપોનો નાશ કરનાર તથા મોક્ષ તથા સંસારની નિવૃત્તિ જેમનાંથી થાય છે એવા આપ પરમેશ્વર છો. તેવું ન જાણી શકવાથી અમોએ હે પરમાત્મન્ ! આપના પદાર્થોની ચોરી કરવા ઈચ્છા કરી હતી. (૨૭)

હે હરે ! મહાસભામાં તથા અશ્વશાળામાં ત્રણ રાત્રિ સુધી તમોને જોયા, તેથી અમોએ અતિશય પ્રયત્ન કર્યો તો પણ ચોરી કરવાનો અવસર અમને મળ્યો નહિ. (૨૮) જેમ મૂર્ખ બાળકો સાકર વગેરે શ્રેષ્ઠ વસ્તુનો ત્યાગ કરીને ભસ્મ ખાય છે તેમ, અમોએ પરમેશ્વર તમોને પામીને તુચ્છ સુખની ઈચ્છાથી આ ચોરી કરવા માટે ઈચ્છા કરી. (૨૯)

હે હરે ! આ લોકમાં મૂર્ખ માણસ વેષ પલટો કરેલા ચક્રવર્તી રાજાની પાસે જઈને સ્થૂળ ફોતરાં ઈચ્છે તેવી રીતે અમોએ આજે અહીં મુક્તિ આપનારા આપ, જેમણે મનુષ્ય નાટ્ય ધારણ કર્યું છે એવા, આપને પામીને આવી રીતે આપની વસ્તુની ચોરી કરવારૂપ નિંદ્યકર્મ કરવાની ઈચ્છા કરી. (૩૦) જેમ અભાગી જન કલ્પવૃક્ષ મેળવીને પણ (કલ્પવૃક્ષના સ્વરૂપના જ્ઞાન વિના તેને પામીને) કુહાડાને ઈચ્છે, તેવી રીતે મોક્ષને આપનારા ચરણ કમળ જેમનાં છે એવા આપને મળીને અમોએ અનિષ્ટ પામવા માટે ઈચ્છા કરી. (૩૧)

હે હરે ! સંસાર માર્ગમાં ભ્રમણ કરવાથી પીડા પામેલા હિંસાદિ દુષ્ટાચરણ પ્રિય જેમને છે એવા, અને આપને નહિ જાણતા એવા અમારો અપરાધ, બાળકોનો અપરાધ જેમ માતા ક્ષમા કરે તેમ, આપ ક્ષમા કરો. (૩૨)

હે પ્રભો ! અમારું પરમ શ્રેય કરવાનું અમે નથી જાણતા. પરંતુ આપ અમારું પરમહિત કરવા માટે યોગ્ય છો. હે તીર્થકીર્તિ ! જેમ મિત્રોનું હિત મિત્ર જ કરે, જેમ પુત્રોનું હિત પિતા કરે તેમ, આપ અમારું હિત કરવા યોગ્ય છો. (૩૩)

તમઃપ્રધાન તમારી માયાથી મૂઢ થયેલા અમોએ અહીં સર્વેશ્વરોના પણ ઈશ્વર આપને ન ઓળખ્યા અને દુષ્કર્મ કરવાની ઈચ્છા કરી તેથી (એમ જણાય છે કે) દુર્જનોના આ સ્વભાવ દુસ્ત્યાજય છે. (૩૪)

સમગ્ર આત્માઓના હિતકર્તા, દયાસાગર, પોતાનાં ભક્તોનું ભરણ પોષણ કરનાર, શ્રી સ્વામિનારાયણે તેમની આ પ્રકારની વાત સાંભળીને પ્રસન્ન થઈ, તે ચોરોને અભય આપ્યું. (૩૫)

શરણે આવેલાનું સદા શ્રી હરિ હિત કરેછે તે જાણીને, તથા જેમનાં દર્શનથી જ છેદાઈ ગયા છે દુર્જર કર્મના પાશો જેમનાં એવા, તે ચોરોએ શ્રીહરિનો અતિ દૃઢ આશ્રય કર્યો. (૩૬)

પછી બધા ચોરો મળીને હર્ષપૂર્વક શ્રી હરિને તથા સભાજનોને પ્રણામ કરીને સભાજનો આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા છે તે પ્રમાણે નિર્ભય બની શ્રી હરિની આજ્ઞાથી પોત પોતાનાં ઘર પ્રત્યે જતા હતા. (૩૭)

પછી તે ચોરો પોતાનાં દુશ્ચરિત્રનો ત્યાગ કરી ધર્મમાં સ્થિર થઈને રહ્યા અને ભક્તના હિતમાં જ કેવળ નીપુણ એવા શ્રી સ્વામિનારાયણનું દરરોજ ભજન કરવા લાગ્યા. (૩૮)

પૂર્ણકામ સમર્થ શ્રીહરિએ કરુણાપૂર્વકનું તે ચોરોને આ પ્રમાણે પોતાનું અનુપમ ઐશ્વર્ય બતાવ્યું. આ રીતે હજારો હજાર પતિતોનો પોતાનાં પ્રતાપથી શ્રીહરિએ સંસાર સમુદ્રમાંથી તત્કાળ ઉદ્ધાર કર્યો. (૩૯)

ઇતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં અશ્વ ચોરવા આવેલા ચોરોને, શ્રીહરિએ બતાવેલું ઐશ્વર્ય જોયું તે નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રી હરિના આશ્રિતજનો તો, શ્રી હરિનો દિવ્યભાવ જાણતા હતા. તેથી શ્રીહરિ પોતાનો દિવ્યભાવ ઢાંકવાની ઇચ્છા કરવા લાગ્યા. (૧)

પછી હે રાજન્ ! શ્રી હરિ પોતાનાં ભક્તજનોને મનુષ્ય નાટ્ય અનુસાર અત્યંત સુખ આપવા માટે આશ્ચર્યકારી મનુષ્ય ચરિત્ર કરતા હતા. (૨) હે રાજન્ ! સંસારરૂપી રોગમાં ઔષધરૂપ શ્રી હરિનું પાવનકારી ચરિત્ર હું તમોને યથાર્થ કહું છું તે સાંભળો. (૩)

હે રાજન્ ! રાત્રિએ શ્રી હરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજીને, શસ્ત્રધારી અસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, સોનેરી વસ્ત્રો ધારણ કરી, નાના પ્રકારનાં ઉત્તમ નંગો જેમાં જડેલા જે એવાં સુવર્ણનાં ઉત્તમ ભૂષણોથી શોભતા, અનેક ભક્તોના સંઘોની સંભાવના કરવા માટે જતા હતા. (૪-૫)

સંઘનું રક્ષણ કરવા માટે પોતે આજ્ઞા કરેલા શસ્ત્રધારીઓ તથા પાર્ષદોને શ્રીહરિ સાવધાન જોતા હતા. (૬)પછી શ્રી હરિએ સમગ્ર ભક્ત સંઘોને સાવધાનપણે રહેવાની સૂચના આપી અને સર્વ સંઘોની પાસેથી પસાર થયા. (૭)

અશ્વ ઉપર બિરાજેલા ધર્મનંદન શ્રીહરિ કેટલાક પાર્ષદો તથા અસવારોની સાથે પોતાનાં નિવાસમાં પધાર્યા. (૮)હે મહીપતે ! પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને ઉંચા મનોહર મંચ પર બિરાજી, ત્યાં કોમળ આસન ઉપર પોઢી ગયા. (૯)

અલંકારો પહેરીને જ પોઢી ગયેલા પ્રત્યક્ષ સ્વયં શ્રી હરિએ કૃપાથી નેત્રકમળમાં યોગનિદ્રા અંગીકાર

કરી. (૧૦) તેટલામાં ત્યાં સૂરત નિવાસી સમાધિનિષ્ઠ નારાયણદાસ વૈશ્ય આવ્યા. કોઈએ તેમને જોયા નહિ એટલે તેઓ તત્કાળ શ્રી હરિના મંચ ઉપર ચઢી ગયા. (૧૧)

પછી તે વૈશ્ય ગાઢ નિદ્રામાં પોઢેલા શ્રીહરિ પાસે જઈને તેમની સમીપે સૂઈ ગયા. તેટલામાં ઈશ્વર શ્રીહરિ ચમકીને તત્કાળ જાગ્યા અને તે વૈશ્યને પોતાનાં આસને સૂતેલા જોયા. (૧૨)

તેથી પોતાનાં આસન ઉપરથી ઊઠી અતિ ઉદાસીન થયેલા શ્રી હરિ આ પ્રમાણે બોલ્યા, હે પાર્ષદો ! આ પુરુષ અહીં ક્યાંથી આવ્યો ? જો જાણતા હોય તો તમો કહો. (૧૩)

શ્રી હરિની આ વાણી સાંભળીને સર્વે પાર્ષદો ભય પામીને શ્રીહરિને સાચી હકીકત કહેવા લાગ્યા. હે હરે ! આમને અમે ઓળખતા નથી. તેમની આવી વાણી સાંભળીને શ્રી હરિ બોલ્યા. (૧૪)

હે પાર્ષદો ! તમો બધા હાથમાં શસ્ત્રો લઈ તૈયાર રહેતા અહીં શા માટે ઊભા રહો છો? શ્રી હરિનું આવું વચન સાંભળીને હે હરે ! અમો આપનું રક્ષણ કરવા માટે ઊભા રહીએ છીએ. એ પ્રમાણે પાર્ષદો શ્રી હરિને કહેતા હતા. (૧૫)

તેથી શ્રી હરિ બોલ્યા, હે પાર્ષદો ! જ્યારે મારા રક્ષણ માટે ઊભા છો તો આ મારી સમીપે આવ્યા તોપણ તમોએ કેમ જાણ્યું નહિ ? એમ કહીને પાર્ષદોને શ્રીહરિ ઠપકો આપવા લાગ્યા. (૧૬)

હે ભક્તો ! મને નથી રુચતા એવા આ અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારો ભક્તિપૂર્વક અતિ આગ્રહથી મારા શરીર ઉપર ધારણ કરાવીને અહીં તમો મારું આવું રક્ષણ કરો છો ? (૧૭)

હે ભક્તો ! આ તો મારો ભક્ત છે. તેથી તેનાથી કોઈ અનર્થની શંકા નથી. પરંતુ જો અહીં કોઈ શત્રુ આવે તો શું કાંઈ અનિષ્ટ ન થાય ? (૧૮) હે નરેન્દ્ર ! પૂર્ણકામ, સ્વયં શ્રીહરિએ આ પ્રમાણે કહીને નિઃસ્પૃહ હોવાથી સુવર્ણના શ્રેષ્ઠ કડાં, સુવર્ણ અને રત્નનાં કુંડળો તથા મણિજડિત સુવર્ણના બાજુબંધ, સુવર્ણના નાના પ્રકારનાં હાર, રત્નજડિત વીંટીઓ, કંદોરો, સાંકળાં, નુપૂર વગેરે એક એક ઉતારીને મહાસભામાં વિરાજમાન પોતાનાં ભક્તોના ખોળામાં ફેંકી દીધા. (૧૯-૨૦)

પછી શ્રીહરિ તત્કાળ પાઘડી તથા સર્વ મહામૂલ્ય વસ્ત્રો ઉતારીને મહાસભામાં પોતાનાં આશ્રિતોના ખોળામાં ફેંકીને પોતે પહેરેલું એક જ વસ્ત્ર બાકી રાખ્યું. (૨૧) પછી ફક્ત એક જ પહેરેલા વસ્ત્ર સિવાય જેમનાં અંગો ઢાંક્યાં નથી એવા અને તેથી જ અત્યંત ઠંડા વાયુથી કંપતા શરીરવાળા શ્રીહરિને જોઈને સમગ્ર ભક્તજનો બેસી રહ્યા. (૨૨)

તે વખતે શ્રીહરિનાં મિત્ર, પ્રિય હાસ્ય વચનો બોલવામાં ચતુર, સભામાં બેઠેલા સૂરા ભક્ત શ્રીહરિને તથા બીજા ભક્તજનોને હર્ષ પમાડતા આ પ્રમાણે બોલ્યા. (૨૩)

હે ભક્તો ! આ ભગવાન છે. તે ક્રોધ કરવામાં પણ અત્યંત નિપુણ છે. ક્રોધ ઉત્પન્ન થતાં ધીરજવાળા આ શ્રીહરિ અલંકારો તથા વસ્ત્રો મહાસભામાં પોતાનાં એકાંતિક ભક્તજનોના ખોળામાં ફેંકે છે. એક પણ વસ્તુ બીજે ફેંકતા નથી. (૨૪)

મનોહર અને અવસરોચિત સૂરા ભક્તનું આ હાસ્ય વચન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થાય તેવી ઈચ્છાવાળા સભાજનો હસવા લાગ્યા. હાસ્યરસને જાણનારા શ્રીહરિ પણ મંદ મંદ હસવા લાગ્યા. (૨૫)

પછી તે સમયે અત્યંત ઉદાસીન થયેલા, બંને ભ્રકુટિઓ જેમની આમ તેમ ફરે છે એવા છે બંને નેત્રો જેમનાં એવા, શ્રીહરિની સમીપે જવા માટે એ ભક્તોમાંથી કોઈપણ ભક્ત સમર્થ થયો નહિ. (૨૬)

પછી ગુણોમાં અતિમહાન, આત્મનિષ્ઠાવાળા, અવસરોચિત્ કાર્યકરનાર જનોમાં શ્રેષ્ઠ રામદાસ મુનિ, ધીમે રહીને શ્રીહરિની સમીપે જઈને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૭)

હે પ્રભો ! આપના આ સમગ્ર ભક્તો, આ વૃદ્ધજનો, બાળકો તથા જુવાનો બધા ઉઘાડે શરીર છે. અતિ ટાઢથી કંપતા તેઓ તેમનાં પ્રાણનો ત્યાગ કરશે. (જે પ્રકારનું મનુષ્ય ચરિત્ર કરવાથી તમારા એ ભક્તોના પ્રાણ જાય તેવું ચરિત્ર કરવા શું પ્રયોજન છે ?) (૨૮)

તેથી ઠંડા વાયુથી પીડા પામેલા આપના અમો સર્વે ભક્તો ઉપર દયા કરીને હે દયાનિધે ! ભક્તોની શાન્તિ માટે આપ વસ્ત્ર ભૂષણો કૃપા કરીને ધારણ કરો. (૨૯) હે હરે ! આપને જો આવું ઉદાસીન થવું હતું તો અહીં આ બધા આપના ભક્તોને શા માટે બોલાવ્યા ? જો બોલાવ્યા છે તો પછી આવું ન કરવું. આવા ઉદાસીન થશો તો આપમાં દયા નથી એવું જણાશે. (૩૦)

આ પ્રકારે અત્યંત પ્રેમથી શ્રીહરિની પ્રાર્થના કરી તેથી દયાળુ શ્રીહરિ પ્રસન્ન થઈને મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા મણિજડિત સુવર્ણના વિવિધ પ્રકારનાં અલંકારો ધારણ કરવા લાગ્યા. (૩૧) પછી પ્રશસ્ત વાણીવાળા શ્રીહરિ, સાધુ સ્વભાવવાળા, પોતાને વિષે દૃઢ અનુવૃત્તિવાળા મુનિને કહેવા લાગ્યા. હે સાધો! મને થયેલી આ ઉદાસીનતા મને અતિ પ્રિય એવા તમારા વચનથી નાશ થઈ છે. (૩૨)

તેથી પ્રસન્ન થયેલા મુનિવર્ય રામદાસ શ્રીહરિને પ્રણામ કરીને મહાસભામાં બેઠા. શ્રીહરિને વિષે અનન્ય ભાવવાળા તે ભક્તજનો આથી સર્વોત્તમ આનંદ પામ્યા. (૩૩) પવિત્ર યશવાળા શ્રીહરિ આવી રીતે દિવ્ય મનુષ્યભાવ ગર્ભિત ચરિત્રોથી પોતાનાં સમગ્ર ભક્તજનોને આનંદ આપતા, પોતાનાં પ્રતાપથી જ ડભાણપુરમાં વિષ્ણુયાગ મહોત્સવ કરાવતા હતા. (૩૪)

પછી હે રાજન્ ! ઉત્તમ યજ્ઞની પૂર્ણાહુતિનો સમય જ્યારે થયો ત્યારે મુનિજન સમુદાયો, બ્રહ્મચારીઓ તથા બીજા ભક્તોની સાથે ઉત્સાહપૂર્વક સર્વેશ્વર શ્રી હરિ યજ્ઞમંડપમાં પધાર્યા. તે સમયે ભક્તજનોએ ઉચ્ચારણ કરેલો 'જય જય' નાદ સમગ્ર દિશાઓમાં વ્યાપિ ગયો. (૩૫)

હે રાજન્ ! પ્રમુદિત મનવાળા યાચક બ્રાહ્મણો સામવેદના મંત્રોનું ઉચ્ચારણ કરતા, કાષ્ટના પડનાળાથી વેદિકામાં પુષ્કળ ઘી હોમતા હતા. તે સમયે વેદઘોષથી મિશ્રિત થયેલો વિવિધ વાદ્યોનો અતિ મહાન ઘોષ થયો અને તે સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. તે ઘોષ સાંભળીને લોકો અનુપમ આનંદ પામ્યા. (૩૬)

વેદને જાણનારા ઋત્વિકવર્યોએ વેદોક્ત મંત્રોથી પૂર્ણાહુતિ કરી અને કુંડમાંથી પ્રગટ થયેલો મૂર્તિમાન વહ્નિ બે હાથ વડે હુત દ્રવ્ય ગ્રહણ કરવા લાગ્યો. (૩૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ મનુષ્ય લીલા કરી એ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી યજમાન ઇચ્છારામનાં પત્ની વરીયાળી પોતાનાં પતિની સાથે સરોવરમાં સ્નાન કરવા ગયા. તેમજ બીજા જનો પણ અવભૃથ સ્નાન કરવા જતા હતા. (૧)

યજ્ઞ વિધિ જાણનારા, વેદશાસ્ત્રમાં નિપુણ વ્રત-અધ્યયનાદિ જન્ય તેજસ્વી ઋત્વિજ બ્રાહ્મણો યજ્ઞની પ્રશંસા કરતા હતા. (૨) મહા મનવાળા યજમાન હજારો બ્રાહ્મણોને પ્રીતિપૂર્વક મુખ્ય કલ્પથી દક્ષિણાઓ આપતા હતા. (૩)

તે યજમાન બ્રાહ્મણોને ઘણી રૂપ્ય મુદ્રાઓ, સુવર્ણ મુદ્રાઓ તથા સુવર્ણના અલંકારો, મહામૂલ્યવાળા વસ્ત્રો વગેરે આપતાં હતા. (૪) સુવર્ણના શીંગડા તથા ખરીયુક્ત મહામૂલ્યવાળાં આભૂષણો તથા વસ્ત્રોવાળી, એક જ વાર વિયાયેલી ઘણી ગાયો, યજમાન બ્રાહ્મણોને આપતા હતા. (૫)

જળ પીવાના પ્યાલા સહિત કળશિયા તથા વિવિધ પ્રકારનાં પાત્રો, તાંબાના ઘડા તથા માણ્યો વગેરે યજમાન બ્રાહ્મણોને આપતા હતા (૬) પુષ્કળ ઘી ખાંડથી ઉજ્જવળ નાના પ્રકારનાં અમૃત જેવા સ્વાદિષ્ટ ભોજનોથી કરોડો બ્રાહ્મણોને તે યજમાન તૃપ્તિ પમાડતા હતા. (૭)

પછી ઋત્વિજ બ્રાહ્મણો તથા ત્યાગી, બ્રહ્મચારી સાધુ, પાર્ષદો તથા ગૃહસ્થોની અતિમહાન આશ્ચર્યકારી દિવ્ય સભા થઈ. (૮) તેના મધ્યભાગમાં શોભાયમાન કોમળ ગાદી તકિયા વગેરેથી યુક્ત અતિ ઊંચા, શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિ શોભતા હતા. (૯) હે રાજન્ ! પછી સભાજનોની પૂજા કરવાની ઇચ્છાથી ઇચ્છારામ ચંદન પુષ્પાદિ વિવિધોપચારો યુક્ત પાત્રો લઈને મહાસભામાં આવ્યા. (૧૦)

બુદ્ધિમાન અને વિદ્વાન સભાજનોને આ પ્રમાણે તેઓ પૂછવા લાગ્યા. પ્રથમ પૂજા કરવા યોગ્ય અહીં કોણ છે ? તેથી તે સભ્યોએ કહ્યું. (૧૧) હે ધીમન્ ! વિદ્યા અને ધર્માદિ ગુણોથી શ્રેષ્ઠ આ મયારામ પ્રથમ પૂજવા યોગ્ય છે. તેથી એમનું પહેલાં પૂજન કરીને પછી બીજાઓની પૂજા કરો. (૧૨)

તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિનાં એકાંતિક ભક્તરાજ, શ્રીહરિનું માહાત્મ્ય જાણનારાઓમાં શ્રેષ્ઠ મયારામે, તે ઇચ્છારામને આ પ્રમાણે કહ્યું. (૧૩) હે વિદ્વન્ ! સર્વાવતારોના કારણ, અક્ષરથી પર, ધર્મ અને મુનિઓ વગેરેની પુષ્ટિ કરનારા આ સાક્ષાત્ શ્રીહરિ છે. (૧૪) કાળ, માયાદિના નિયંતા છે, અક્ષરમુક્તો વગેરેએ પૂજેલા આ શ્રીહરિને બ્રહ્માનંદ વગેરે મુનીંદ્રોએ પ્રથમ પૂજનીય ગણ્યા છે. (૧૫)

અનુપમ, મુનિઓને પણ ધ્યાન કરવા યોગ્ય છે ચરણકમળ જેમનાં છે એવા, પીડાને નાશ કરનારી સ્મૃતિ જેમની છે એવા, આ નારાયણની તેથી તમે પ્રથમ પૂજા કરો. (૧૬) શ્રીહરિ જ

અતિપ્રિય છે જેમને એવા ઈચ્છારામ, સર્વ સભાજનોએ અનુમોદન આપ્યું. તેથી ઉક્ત પ્રકારે મયારામનું વચન સાંભળીને પ્રસન્ન થઈને શ્રીહરિનું પ્રથમ પૂજન કરતા હતા. (૧૭)

હે રાજન્ ! ઉપચારો સહિત પાત્રો જેમનાં હાથમાં છે એવા ગોપાળાદિ ઈચ્છારામના પુત્રો, ઈચ્છારામની પડખે ઊભા રહ્યા. (૧૮) સુગંધિમાન સુંદર કેસર તથા કસ્તુરી યુક્ત ચંદનથી શ્રીહરિનાં સુંદર ભાલમાં હર્ષપૂર્વક પત્રની માફક ચંદનની સુંદર રેખાઓ ઈચ્છારામ કરતા હતા. (૧૯)

પછી ઈચ્છારામે તેના મધ્યભાગમાં ગોળ કુમકુમનો ચાંદલો કર્યો. પુષ્પના હાર, તોરા તથા બાજુબંધો શ્રીહરિને ધારણ કરાવ્યા (૨૦) ધૂપ, દીપ તથા અન્ય સમગ્ર ઉપચારો તેમજ વસ્ત્રાલંકાર વગેરેથી પરમાત્મા શ્રી હરિની પૂજા વિધિપ્રમાણે ઈચ્છારામ કરવા લાગ્યા. (૨૧)

તે સમયે હુત દ્રવ્યોના ભોજનથી અતિ સંતુષ્ટ થયેલા, આકાશમાં રહેલા દેવોએ, નંદનવનના પુષ્પોથી શ્રી હરિને વધાવ્યા. (૨૨) ત્યારે સ્વર્ગમાં રહેલા દેવોના દુંદુભિઓના ધ્વનિ પોતાની મેળે થવા લાગ્યા. પ્રસન્ન થયેલા બ્રહ્માદિ દેવેન્દ્રો પરમાત્મા શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૩)

પછી ઈચ્છારામ પોતાનાં પુત્રો સહિત સુંદર ચંદન, નૂતન વસ્ત્રો તથા વિવિધ પ્રકારનાં પુષ્પના હારોથી (૨૪) શ્રીહરિમાં આસકિતવાળા સમગ્ર સંતો તથા વર્ણીઓની ઘણી પ્રીતિ પૂર્વક તેમજ આદરભાવથી યથાયોગ્ય પૂજા કરતા હતા. (૨૫-૨૬)

હે રાજન્ ! પછી ડભાણ પુરના નિવાસીઓ તથા જુદા જુદા દેશના નિવાસીઓ કેસર, અગર ચંદન, કસ્તૂરી, અક્ષત, કુમકુમ, તથા પુષ્પના તોરા, હાર, ગજરા, બાજુ બંધો, ગુચ્છાઓ તથા ઝાંઝર, મહામૂલ્યવાળા વિવિધ સોનેરી વસ્ત્રો (૨૭-૨૮)

તથા વિવિધ મણી જડિત સુવર્ણના અલંકારો તથા ધૂપ, દીપાદિ વિવિધોપચારોથી, (૨૯) વ્યાપક શ્રી હરિની ભક્તિ પૂર્વક યથાયોગ્ય પૂજા કરીને રૂપિયા તથા સોનામહોરોથી ભરેલાં પાત્રો શ્રી હરિની સમીપે મૂકતા હતા. (અર્પણ કરતા હતા.) (૩૦)

પછી તે ભક્તો વિવિધ પ્રકારની ભેટો શ્રી હરિને અર્પણ કરીને શ્રીહરિની આરતી ઉતારતા હતા. (૩૧) પછી શ્રીહરિનાં ચરણ કમળના આશ્રિત સમગ્ર ભક્તો શ્રી હરિને પ્રણામ કરી, સભામાં યથાયોગ્ય બેસી, આદરપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૩૨) તે વખતે વીજળીના જેવા ચમકતાં સુંદર વસ્ત્રો ધારણ કરતા, શોભાયમાન મણીન્દ્રો જેમાં છે એવા સુવર્ણના વિવિધ પ્રકારનાં જે અલંકારોના સારરૂપ લક્ષ્મીને ધારણ કરતા, ચંદ્ર અને કમળને લજ્જા પમાડનારું જે મુખ જેની શોભાયમાન મંદ હાસ્યથી સુંદરકાંતિ છે જેમની એવા, દેવેન્દ્રના ધનુષ્યથી નવીન મેઘ માફક શોભતા, ભક્તો પ્રેમપૂર્વક જેમનાં દર્શન કરે છે તે શ્રી હરિ શોભતા હતા. (૩૩, ૩૪)

કેટલાક દિવ્ય અક્ષરધામમાં અક્ષરધામના પતિ શ્રીહરિને જોતા હતા. કેટલાક શ્રીહરિને ગોલોક ધામમાં શ્રીકૃષ્ણ રૂપે જોતા હતા. કેટલાક વૈકુંઠધામમાં પણ શ્રીહરિને લક્ષ્મીપતિરૂપે જોતા હતા. કેટલાક

તો અવ્યાકૃત વગેરે ધામમાં શ્રીહરિને ભૂમા પુરુષાધિરૂપે જોતા હતા. (૩૫) હે રાજન્! તે સમયે કેટલાક જનસમુદાય શ્રીહરિને આદરપૂર્વક રામ તથા કૃષ્ણના સ્વરૂપે જોતા હતા. કેટલાક ચર્તુભુજ સ્વરૂપે, કેટલાક અષ્ટભુજ સ્વરૂપે, કેટલાક સહસ્રભુજ સ્વરૂપે, શ્રીહરિને જોતા હતા. આ પ્રમાણે શ્રીહરિનાં દર્શન કરનારા ભક્તો પોતાનાં હૃદયમાં સર્વોત્તમ આનંદ તથા આશ્ચર્ય પામતા હતા. (૩૬)

હે રાજન્ ! પછી શ્રીહરિ મહાઅમૂલ્ય વસ્ત્રો તથા સુવર્ણ તથા રત્નોનાં આભૂષણો, તેમજ ભક્તોએ અર્પણ કરેલું પુષ્કળ દ્રવ્ય, તત્કાળ બ્રાહ્મણોને તથા યાચકોને આપી દેતા હતા. (૩૭) હે રાજન્ ! સદા કૃતજ્ઞ અને શ્રેષ્ઠ આ ભગવાને હર્ષપૂર્વક ઇચ્છારામને તથા તેમનાં બંધુજન સમુદાયને યથાયોગ્ય પારિતોષક આપ્યા. (૩૮) પછી ભક્તજનો પણ ઇચ્છારામની અતિ સુંદર ઉપચારોથી તથા મહામૂલ્ય વસ્ત્રાલંકારોથી પૂજા કરીને તેમને વિવિધ પ્રકારની ભેટો આપતા હતા (૩૯)

પછી તે ભક્તજનો રામપ્રતાપ તથા તેમનાં સમગ્ર સંબંધિજનોને અતિસુંદર પુષ્પના હાર વગેરે ઉપચારોથી પૂજતા હતા. તેમજ અન્ય ત્યાગીજનોનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. (૪૦)

પુરની સ્ત્રીઓ તથા દેશાન્તરથી આવેલી સ્ત્રીઓ શ્રેષ્ઠોપચારોથી શ્રીહરિને પૂજીને, પૂજવા માટે યોગ્ય તેમનાં બંધુઓની સ્ત્રીઓ વગેરેની પણ હર્ષપૂર્વક યથાયોગ્ય પૂજા કરતી હતી. (૪૧)

દાન આપવામાં શૂરવીર, દયાળુ, ઈશ્વર શ્રીહરિ તે સમયે જ્યોતિશાસ્ત્રને જાણનારા પ્રભુરામના પુત્ર દયારામને ઉપનયન સંસ્કાર, (૪૨) તેમજ અન્ય બ્રાહ્મણોના પુત્રોને મૌજીબંધન કરાવતા હતા. તેવી રીતે અનેક કન્યાદાનો પણ શાસ્ત્ર વિધિ પ્રમાણે કરાવતા હતા. (૪૩) ઉદાર સ્વભાવવાળા શ્રીહરિ પાપથી બીનારાઓને, અશકતોને તથા નિર્ધનોને અત્યંત ધન અપાવતા હતા. (૪૪)

શ્રીહરિ ત્યાં આવેલા અસંખ્ય જનોને નિરંતર અન્ન વગેરે આપતા હતા. તે યજ્ઞમાં કોઈપણ વસ્તુની ન્યૂનતા નહોતી. (૪૫) અતિ પ્રતાપશાળી, ધીર, શ્રીહરિએ આવી રીતે ઉદ્ધત દુર્જનોના મસ્તક ઉપર પગ મૂકીને પોતાનાં પ્રતાપથી પોષ માસની પૂર્ણિમાના દિવસે આ મહાયજ્ઞની સમાપ્તિ કરાવી. (૪૬)

હે રાજન્ ! સર્વગુણ સંપન્ન અને શ્રુતિના સારને જાણનાર, ધૈર્યશીલ અને શ્રીહરિ પ્રત્યે અત્યંત ભક્તિ પરાયણ ભાદરા નિવાસી મૂળજી શર્મા નામના ત્યાં એક ભક્ત હતા. (૪૭)

જેણે પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરી દીધું હતું, જેનોં મોહ નાશ પામી ગયો હતો, જેણે સ્ત્રી, દેહ અને ગૃહનો ત્યાગ કર્યો હતો અને જે ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા ઉત્સુક હતા, તે બુદ્ધિમાન મૂળજી શર્માને જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિ સભાજનો પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૮)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- આ મૂળજી શર્મા કે જે મારું મૂર્તિમાન અક્ષર બ્રહ્મધામ છે તેને આજે દીક્ષા આપતા મને ખૂબ જ આનંદ થાય છે. (૪૯) જેન વિષે અમે અમારા અનંત મુક્તો સાથે નિવાસ કરીને રહ્યા છીએ અને જે અધોઉર્ધ્વ તથા પ્રમાણે રહિત છે, તે મારું ધામ આ અક્ષરબ્રહ્મ છે. (૫૦)

જે અનંત કલ્યાણકારી ગુણોથી શોભાયમાન છે અને છતાં ગુણથી પર છે, જે સર્વ કર્તા છે છતાં અકર્તા છે, જે સગુણ છે અને નિર્ગુણ પણ છે. (૫૧) ત્રણ ગુણોથી પર ગુણાતીત દિવ્ય અવસ્થાવાળા મને કેવળ આ મૂળજી શર્મા જ સારી રીતે ઓળખી શકે છે. (૫૨)

તેથી આ મૂળજી શર્માનો મહિમા અચિંતનીય, અગાધ અને વાણીથી પર છે અર્થાત્ વાણી તેનું વર્ણન કરી શકે તેમ નથી. (૫૩) તેથી આજથી આરંભીને આ મૂળજી શર્માનું 'ગુણાતીતાનંદ' એવું પરમ પવિત્ર દિક્ષીત નામ સારાયે વિશ્વમાં વિખ્યાતિ પામશે. (૫૪)

શ્રીહરિએ ડભાણપુરમાં વેદવિધિપૂર્વક જેવો મહાયજ્ઞ કર્યો તેવો પૃથ્વી ઉપર કોઈપણ રાજાઓએ સુંદર યજ્ઞ કર્યો હોય તેવું સાંભળ્યું નથી, તેમ તેવો યજ્ઞ થયો હોય તેવું જોયું પણ નથી. (૫૫)

હે રાજન્ ! જીવોનું હિત કરવામાં આગ્રહવાળા શ્રીહરિ, પૃથ્વી ઉપર વૈદિક ધર્મનું સ્થાપન કરવા માટે, ડભાણપુરમાં તથા અન્ય સ્થાનોમાં આ પ્રકારે ઘણા યજ્ઞ મહોત્સવ કરતા હતા. (૫૬) ડભાણપુરમાં દુરિતમાત્રને છેદી નાંખનાર શ્રવણ અને કીર્તન જેમનું છે અને ભવરૂપી અગ્નિનું શમન કરનારી, ઉપનિષદોના પ્રકાશ વડે કીર્તન કરવા યોગ્ય એવી સુંદર લીલા શ્રીહરિ કરતા હતા. (૫૭)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં શ્રીહરિનું પૂજન કર્યું તે નિરૂપણનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિનાં તથા યજ્ઞના દર્શન કરવા ડભાણપુરમાં આવવા માટે શ્રીહરિમાં છે મન જેમનાં એવા ભક્તો તૈયાર થયા હતા. (૧) પરંતુ તેમને તેમનાં બંધુઓ ત્યાં જવાની ના પાડતા હોવાથી શ્રીહરિનાં દર્શન કરવામાં ઉત્કંઠિત ચિત્તાવાળા તે ભક્તો પોતપોતાનાં ઘરમાં જ રહ્યા. (૨)

દૂર રહેલા તે ભક્તો શ્રીહરિની કૃપાથી વસ્ત્રો તથા વિભૂષણોવાળા શ્રીહરિ જાણે સમીપે જ હોય એમ દરરોજ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૩)

શ્રીહરિ દર્ભાવતી નગરીમાં સંસારને નાશ કરનારી જેજે લીલા કરતા હતા. તે સર્વ લીલાનાં, શ્રીહરિનાં પ્રભાવથી, તે ભક્તો દર્શન કરતા હતા. (૪)

(પ્રત્યક્ષ શ્રીહરિનો પોતાનાં પરિવારે સહિત આશ્રય કરનાર વાગડ દેશમાં આધોઈ ગામના લુબ્ધજીત રાજાના-આંદુભય, કલભા, રામસિંહ તથા રાયધણજી એ ચાર પુત્રો હતા. આંદુભાઈની પુત્રી 'મોટીની' શ્રીહરિને વિષે અત્યંત પ્રેમવાળી હતી. આંદુભા રાજા, ડભાણપુરમાં શ્રીહરિએ યજ્ઞોત્સવ આરંભ્યો છે તેવું સાંભળીને તે ઉત્સવમાં શ્રીહરિનાં દર્શન કરવા માટે પોતાનાં પરિવાર સાથે તૈયાર થયા. તે વખતે

સર્વે બંધુ વર્ગપણ તૈયાર થયો. તેમાં શ્રીહરિનાં દર્શન માટે તૈયાર થયેલી પોતાની પુત્રીને તે આંદુભા રાજાએ કહ્યું, હે પુત્રી ! તારા વિવાહ માટે કુલીન ઘરમાં વાગ્દાન મેં કર્યું છે. તેથી તારા સાસરીયા ચારેય તરફથી તને ફરતી દેખે, તો વિવાહ ભંગ કરે. માટે તારે તો ઘેર જ રહેવું. પિતાનું આવું વચન સાંભળ્યા છતાં પણ તે પુત્રી જ્યારે તૈયાર થઈ ત્યારે તે રાજાને અપાર કષ્ટ થયું. પછી તે રાજાએ શ્રીહરિનું ધ્યાન કર્યું તેથી, જેમ દ્રૌપદીના ધ્યાનથી શ્રીકૃષ્ણ પ્રગટ થયા તેમ, તે સમયે શ્રીહરિએ તેમને દર્શન આપ્યા. આંદુભા રાજાએ પોતાનું દુઃખ શ્રીહરિને કહ્યું. તેથી શ્રીહરિએ તે પુત્રીને ડભાણ આવવાની ના પાડી. તે વખતે મોટીનીએ શ્રીહરિ પ્રત્યે કહ્યું, હે ભગવન્ ! સર્વને દર્શનની આજ્ઞા છે. મેં એકલીએ શો અપરાધ કર્યો છે જેથી મને ના પાડો છો? હમણાં તો હું કુમારી છું. તેથી બહાર નીકળવાનો થોડો પણ અવકાશ છે. પરણ્યા પછી તો બહાર નીકળવાનો અવકાશ જ નહિ રહે. આપનાં દર્શન નહિ થાય ત્યારે મારી શી ગતિ થશે ? જો આપ મને બળાત્કારે રોકશો તો હું પરણ્યા વિના જ આપનું ભજન કરીશ. તે સાંભળીને શ્રીહરિએ ફરી તેને ના કહીં ત્યારે તે પુત્રીએ કહ્યું, હે હરે ! આપનો એવો આગ્રહ હોય તો મારી સાથે મારી કાકીને મૂકીને જાવ. તેનું આવું વચન સાંભળીને શ્રીહરિએ તેના કાકાની પત્નીને કહ્યું, તમે પણ આની સાથે અહીં રહો. શ્રીહરિનું એવું વચન સાંભળીને તે બોલ્યાં, જો તે રહે તો તેની માતા તેની સાથે રહે. હું આપનાં દર્શન છોડીને અહીં કેમ રહું ? પછી શ્રીહરિએ કહ્યું કે, મારા વચનથી તમારે જ આની સાથે રહેવું. તમો બંનેને જે જે લીલા હું ડભાણપુરમાં કરીશ, જેવા અલંકારો ધારણ કરીશ, તે પ્રકારે મારા દર્શન સમીપ રહેનારની જેમજ આપીશ. એમ કહીને તે બંનેને પ્રત્યક્ષ પ્રમાણ હાથમાં તાળી આપીને શ્રીહરિ અદશ્ય થઈ ગયા ! પછી તે બંનેને શ્રીહરિ ડભાણપુરમાં જે જે લીલા કરતા હતા તે સર્વે દેખાડતા હતા.

ભાલ દેશમાં કાણોત્તર ગામમાં રહેતા કશિભા વૈશ્યને પણ શ્રીહરિ દર્શન આપતા હતા. તેવી રીતે સુરતવાસી ભીખારીદાસ વૈશ્યની પુત્રી લક્ષ્મી જેને શ્રીહરિને વિષે ગાઢ પ્રીતિ હતી તેને પણ શ્રીહરિ દર્શન આપતા હતા. તેવી રીતે પોતાનાં ભક્તવર્ય પર્વતભાઈને પણ શ્રીહરિ પોતાનાં દર્શન આપતા હતા. તે અવસરે શ્રીહરિનાં દર્શન અનેક સ્થાને ઘણાને થયા હતા. પરંતુ ગ્રંથ વિસ્તારના ભયથી અહીં મારા પિતા રઘુવીરજીએ વિશેષ લખ્યું નથી.)

પછી ભગવાન શ્રીહરિએ જુદા જુદા દેશમાંથી આવેલા સર્વ ભક્તજનોને પોતપોતાનાં દેશમાં જવાની આજ્ઞા કરાવી. (૫)

તેટલામાં હે નૃપતે ! નડિયાદવાસી જયેષ્ઠારામ વિપ્ર વગેરે સમગ્ર ભક્તો શ્રીહરિને પોતાને પુર લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૬) હે ભૂપતે ! દયાળુ, ભક્તવત્સલ, શ્રીહરિએ તેમની પ્રાર્થના સાંભળીને તમારા પુરમાં હું આવીશ એમ તે ભક્તોને કહ્યું. (૭)

તેટલામાં પીજ ગામના શ્રીહરિનાં આશ્રિતો કાનદાસ વગેરે વૈશ્ય જ્ઞાતિના ઘણા ભક્તો શ્રીહરિની સમીપે આવ્યા. (૮) પોતાનાં ગામમાં શ્રીહરિને લઈ જવા ઇચ્છતા તે ભક્તો શ્રીહરિને આ પ્રમાણે

પ્રાર્થના કરતા હતા. હે પ્રભો ! અમારું ગામ નડિયાદના માર્ગમાં નથી. (૯)

હે ભગવન્ ! તો પણ આપના દાસ અમારા ઉપર સર્વોત્તમ દયા કરીને અમારા ગામમાં આપ પધારો. કારણ કે ફરીથી આપનું આગમન ક્યારે થાય ? (૧૦) તેથી શ્રીહરિએ કહ્યું હે ભક્તો ! તમારા ગામમાં હું જરૂર આવીશ. શ્રીહરિનું એવું વચન સાંભળીને તે ભક્તો અત્યંત આનંદ પામ્યા. (૧૧)

પછી પીજના ભક્તો સામગ્રીઓ એકઠી કરવા માટે આગળથી ગયા. તેવી રીતે નડિયાદના સમગ્ર ભક્તો પણ ગયા. (૧૨) પછી ઉમરેઠના રૂપરામ વગેરે ભક્તો શ્રીહરિને પોતાનાં પુરમાં લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૧૩)

પ્રસન્ન શ્રીહરિ તેમનાં પ્રત્યે આ પ્રમાણે કહેવા લગ્યા. હે ભક્તો ! તમારા પુરમાં તો હું આવીશ એમ મારા આશ્રિત તમો નિશ્ચય જાણજો. (૧૪) હે ભક્તો ! વસંતપંચમીનો મહોત્સવ તમારા પુરમાં હું જરૂર કરીશ. શ્રીહરિનું આવું વચન સાંભળીને તે ભક્તો આનંદ પામ્યા. (૧૫)

પછી તે સમગ્ર ભક્તો તો ઉત્સવ અંગે તૈયારી કરવા માટે શ્રીહરિને ભક્તિ પૂર્વક નમસ્કાર કરીને પોતાનાં પુરમાં જવા માટે પ્રયાણ કરતા હતા. (૧૬) હે રાજન્ ! પછી વડતાલના કુબેર વગેરે સમગ્ર ભક્તો પણ શ્રીહરિને પોતાનાં પુરમાં લઈ જવા માટે અત્યંત પ્રાર્થના પૂર્વક કહેવા લાગ્યા. (૧૭)

ભક્તોને સુખ આપનારા શ્રીહરિ તેથી તે ભક્તો પ્રત્યે બોલ્યા, હે ભક્તો ! હું ફુલદોલનો ઉત્સવ તમારા પુરમાં જરૂર કરીશ. (૧૮)

તેથી તે ભક્તો પ્રીતિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને ઉત્સવને યોગ્ય તૈયારી કરવા માટે ઉત્સાહપૂર્વક વૃત્તાલયપુર પ્રત્યે આવતા હતા. (૧૯) પછી દેશાન્તરથી આવેલા ભક્તજનના સમુદાયો પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિને પ્રણામ કરીને પોતપોતાનાં દેશોમાં ગયા. (૨૦)

પછી બીજે દિવસે સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, તેમજ સુંદર વાહનો ઉપર બેઠેલા શ્રીહરિનાં બંધુજનો, ઘોડેસવારો, પાર્ષદો, વર્ણીઓ તથા સાધુઓ સર્વને ગીત વાદ્ય પુરઃસર પુરના ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ ત્યાંથી પીજ ગામ પધાર્યા. (૨૧-૨૨)

વાજિંત્રો સહિત સન્મુખ આવેલા તે ભક્ત જનોની શ્રીહરિ સંભાવના કરવા લાગ્યા. (૨૩) ગીત વાજિંત્રોનો ઘોષ સાંભળતા શ્રીહરિએ ગામથી બહાર પોતાનાં જનોની સાથે વૃક્ષોની છાયાવાળી જગ્યામાં નિવાસ કર્યો. (૨૪)

પછી શ્રીહરિએ સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કર્યો. તેટલામાં જ ભક્તો પેંડા તથા બરફી લાવ્યા. (૨૫) તે ભક્તો શ્રીહરિની સમીપે ગુંદરપાકો તથા સુખડી, સાકર, દહીં, દૂધ વગેરે પુષ્કળ પ્રમાણમાં લાવ્યા. (૨૬)

પછી હે ધરણી પતે ! તેમનાં બંને બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામે બરફી, પેંડા વગેરે સર્વ ભક્તિપૂર્વક વિષ્ણુને નિવેદન કર્યું. (૨૭) પછી શ્રીહરિ પેંડા, બરફી તથા સાકર સહિત દૂધ વગેરે પોતાનાં

બંધુઓની સાથે જમવા લાગ્યા. (૨૮) તૃપ્ત થયેલા ઈશ્વર શ્રીહરિ હાથ મુખ ધોઈને, મુખવાસ લઈને, શ્રેષ્ઠ આસન ઉપર બિરાજ્યા. (૨૯)

તેટલામાં સાધુઓ, બ્રહ્મચારીઓ, ઘોડેસવારો પાર્ષદો તથા અન્ય સર્વે જમીને શ્રીહરિની સમીપે આવ્યા. (૩૦) પછી તે સર્વે શ્રીહરિને નમસ્કાર કરીને તે સભામાં યથાયોગ્ય બેઠા. તેવી રીતે ત્યાં આવેલા શ્રીહરિનાં બંધુઓ વગેરે પણ યથાયોગ્ય બેઠા. (૩૧)

પછી દાજીભાઈ, વીરેશ્વર, વનમાળી, મુરારિ, ઈચ્છારામ, દુર્ગેશ્વર વગેરે બ્રાહ્મણો (૩૨) બાજીભાઈ, કાનદાસ તથા ઝવેર વગેરે વૈશ્ય ભક્તો એ હે રાજન્ ! ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ ઉપચારો તથા અમૂલ્ય વસ્ત્રાલંકારોથી શ્રીહરિનું હર્ષપૂર્વક પૂજન કર્યું. (૩૩-૩૪)

તેવી જ રીતે તે ભક્તોએ શ્રીહરિનાં બંધુઓની તેમનાં પરિવારે સહિત, તથા સાધુઓ વર્ણીઓ વગેરેની પ્રીતિપૂર્વક વિધિ પ્રમાણે યથાયોગ્ય પૂજા કરી. (૩૫) પછી અવલ વગેરે સ્ત્રીઓએ હર્ષથી શ્રીહરિને ઉપચારોથી પૂજીને, સર્વ સુવાસિની આદિ સ્ત્રીઓની પણ પૂજા કરી. (૩૬)

પછી શ્રીહરિ પોતાનાં આશ્રિતો પ્રત્યે ધર્માદિ સંબંધિ વાર્તા કરીને તેમને સુખ આપીને તત્કાળ પોતાનાં સહવાસી ભક્તો સાથે જવા તૈયાર થયા. (૩૭) પીજ ગામના ભક્તોએ વળાવેલા શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજીને સહચારી મુનિ આદિકની સાથે નડિયાદ પધાર્યા. (૩૮)

નડિયાદના ભક્તો, ગીત વાજિંત્રના ઘોષથી સમગ્ર દિશાઓ ગજવતા, શ્રીહરિની સન્મુખ આવ્યા. (૩૯) તે ભક્તોએ શ્રીહરિને વંદના કરી અને વારંવાર પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ તેમની સાથે સંભાષણ કરીને તેમજ તેમનાં તરફ દૃષ્ટિ કરીને તેમની સંભાવના કરવા લાગ્યા. (૪૦)

પછી અસવારો, પાર્ષદો, મુનિઓ, વર્ણીઓ, ગૃહસ્થો તથા સ્વજનોથી વીંટાયેલા, બે સુંદર ચામરો તથા છત્રથી વિશેષ શોભતા, અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિએ તે પુરમાં સાયંકાળે પ્રવેશ કર્યો. (૪૧)

વાળીને સાફ કરેલા તથા ચંદનનું જળ તથા સુગંધિમાન જળથી છાંટેલા સમગ્ર માર્ગો જેમાં છે એવું, સમાન પંક્તિવાળાં બજારો તથા ગૃહોની શોભા જેમાં છે એવું, અતિ સુંદર, દેવાલયોથી યુક્ત, સમ્યક સુંદર શોભતાં દરવાજાઓ જેમાં છે એવું, તેવી રીતે સુંદર કિલ્લાઓ જેમાં શોભે છે એવું. (૪૨) અટારીઓમાં શોભાયમાન દીપમાળા પ્રગટાવી છે એવું, જ્યાં ધજાપતાકાઓ ફરફરતી વિલાસ કરે છે એવું, અતિ વિશાળ છે અગાશીએ જેમાં એવું, વિચિત્ર તોરણોની પંક્તિઓથી શોભતું, વાદ્યો સહિત ગીતોથી અતિ શોભાયમાન એવું. (૪૩)

એવા નગરમાં પ્રવેશેલા શ્રીહરિનાં દર્શન માટે, પોતાનાં કામકાજનો ત્યાગ કરીને, પુરના જનો ભેગા થઈને રાજમાર્ગમાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત હર્ષ તથા શાંતિ પામી અને શ્રીહરિનાં યશોગાન ગાતી ગાતી શ્રીહરિને પુષ્પોથી વધાવતી હતી. (૪૫)

આ પ્રકારે પુરના જન સમૂહોને, મુક્તિના કારણરૂપ પોતાનાં દર્શન આપીને શ્રીહરિ ઘણા દિવાઓના

પ્રકાશથી યુક્ત, વાદ્ય ઘોષની સાથે તે નગરની બહાર આવ્યા. (૪૬)

પછી શ્રીહરિએ તે સુંદર નગરની સમીપે, સુંદર પટ મંડપો કરાવીને, ત્યાં પોતાનાં બંધુઓની સાથે નિવાસ કર્યો. મુનિ, વર્ણીઓ તથા પાર્ષદ વગેરે પણ ત્યાં જ રહેતા હતા. (૪૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ નડિયાદ પુરમાં પ્રવેશ કર્યો તે વર્ણન નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પોતાનાં ઈષ્ટ શ્રીહરિનાં દર્શન જન્ય આનંદથી હર્ષ પામેલા પુરના સમગ્ર ભક્તો, શ્રીહરિની તથા તેમની સાથે આવેલા આશ્રિત ભક્તોની ભક્તિ પૂર્વક સેવા કરવા લાગ્યા. (૧) ભગવાન શ્રીહરિ, નરનાટ્યને અનુસરતા ત્યાં સ્નાન કરીને ધર્મ સંસ્થાપનને માટે પોતાનો સંધ્યાવિધિ કરતા હતા. (૨)

ત્યારબાદ શ્રીહરિ પોતાનાં બંધુઓ સાથે વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો, વારંવાર જળ પીતા પીતા, જમતા હતા. (૩) તે પછી પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ સભાસ્થાનમાં આવીને કોમળ ગાદી તકિયાથી યુક્ત પોતાનાં આસન ઉપર બિરાજ્યા. (૪)

તેટલામાં ત્યાગીઓ તથા ગૃહસ્થો જમીને સભામાં આવ્યા. સમગ્ર ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને યથાયોગ્ય બેઠા. (૫) જેમનાં મુખ પ્રત્યે સર્વના નેત્રો આકર્ષાઈ રહ્યા છે, તેવા શ્રીહરિ અમૃતથી અધિક રસવાળી ધર્માદિ સંબંધિ વાર્તા સભામાં બેઠેલા જનોને આનંદ પમાડતા કરતા હતા. (૬)

તે વખતે ત્યાં ભેગા થઈને આવેલા પુરના જનો શ્રીહરિનાં દર્શન કરીને તથા તેમની વાર્તા સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૭) તે લોકો અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરનારી, શાન્ત, પૂર્વે નહીં જોયેલી મુનિઆદિકની સભા જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૮)

પછી શ્રીહરિ પોતાનાં આશ્રિત ભક્તોને પોતપોતાનાં સ્થાનમાં જવા માટે આજ્ઞા કરીને પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૯) પછી પોતાની કોમળ શય્યામાં પોઢેલા અને પાર્ષદો જેમની સેવા કરી રહ્યા છે તે શ્રીહરિ, પોતાની સેવામાં આસક્ત યોગનિદ્રાને અંગીકાર કરતા હતા. (૧૦)

હે રાજન્ ! પછી સવારમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. ત્યારબાદ શ્રીહરિએ યથાવિધિ પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૧) પછી પોતાનાં બંધુઓ સહિત શ્રીહરિ વિષ્ણુને નિવેદન કરેલાં ભોજનો વારંવાર પાણી પીતા જમતા હતા. (૧૨)

પીતાંબર ધારણ કરનાર, ચટ્ચટ્ ધ્વનિ યુક્ત પાદુકાઓ જેમની છે એવા, પુષ્પોના તોરાઓ તથા હારોની પંકિત જેમને છે એવા, હસ્તમાં પકડ્યો છે રૂમાલ જેમણે એવા, (૧૩) પાર્ષદોથી વીંટાયેલા,

શ્રીહરિ તત્કાળ સભા સ્થાનમાં પધારીને કોમળ ગાદી તકિયા વગેરેથી યુક્ત પોતાનાં સુંદર આસન ઉપર બિરાજ્યા. (૧૪)

તેટલામાં સમગ્ર સંતો, વર્ણીઓ તથા પાર્ષદો જમીને ત્યાં આવીને શ્રીહરિ નમસ્કાર કરીને યથાયોગ્ય બેઠા. (૧૫) ત્યાં આવેલા શ્રીહરિનાં બંધુ વગેરે સંબંધિઓ, જેમને સભાજનોએ અત્યંત માન આપ્યું છે, તે પણ યથાયોગ્ય સભામાં બેઠા. પુરના સર્વે ભક્તજનો પણ યથોચિત બેઠા. (૧૬)

પછી શ્રીહરિએ અમૃતના સારરૂપ ધર્માદિ વાર્તા કરી. તેને સાંભળતા સાંભળતા સભામાં બેઠેલા જનો જાણે ચિત્રમાં ચિતરેલાં હોયને શું ? એવા થઈ ગયા. (૧૭) ત્યાં આવેલા પુરના ઘણાં જનો જેમનાં નેત્રો શ્રીહરિમાં પરોવાયેલાં છે તે સર્વે, શ્રીહરિની વાર્તા સાંભળીને વાયુ વિનાના સ્થાનમાં દીવાઓ જેમ સ્થિર રહે તેમ સ્થિર રહેતા હતા. (૧૮)

તે પુરમાં શ્રીહરિનાં પ્રતાપનો મોટો ઉદ્‌ઘોષ થયો. દૈવી જીવો તે સાંભળીને અત્યંત આનંદ પામ્યા. (૧૯) તેમાં જે આસુરી સંપત્તિવાળા જીવો હતા તે તો શ્રીહરિનો પ્રતાપ સાંભળીને બળતા હતા. ઘણા મત્સરવાળા અદ્વૈતવાદિઓ તથા બીજા વિદ્વાનો પણ બળવા લાગ્યા. (૨૦)

વળી શાસ્ત્રમાં જાણનારા લોકમાન્ય કાશીવાસી સંન્યાસી તથા કાશી નિવાસી ચાર બ્રાહ્મણ શાસ્ત્રીઓ જેઓ દ્વારિકાની યાત્રા કરવા જતા હતા. એ પાંચ માર્ગમાં આવેલા નડિયાદ પુરમાં ત્યાંના બ્રાહ્મણોએ માન આપ્યું તેથી ત્યાં રહેતા હતા. (૨૧, ૨૨)

અદ્વૈતમતને આશરેલા તે સંન્યાસી તથા ચાર વિદ્વાનો પણ શ્રીહરિનાં ઉપદેશનો તે ઉદ્‌ઘોષ સાંભળીને અત્યંત બળવા લાગ્યા અને પુરના સમગ્ર વિદ્વાનોને બોલાવીને આ પ્રમાણે બોલ્યા. (૨૩)

હે વિદ્વાનો ! હજારો ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોએ સેવેલા સ્વામિનારાયણ સ્વયં અહીં આવેલા છે. (૨૪) અમારો સન્મત ભૂષણ અદ્વૈતમતને તે તથા તેમનાં સર્વે ત્યાગીઓ પૃથ્વી ઉપર વિચરતા વિચરતા યુક્તિપૂર્વક ઉખેડે છે. (૨૫) મંત્ર તંત્રને જાણનારા તેમને, જનસમુદાય ભૂતળમાં ભગવાન કહી સર્વથા માન આપે છે. (૨૬)

હે વાડવોત્તમો ! તેથી તમારે સર્વેએ શ્રીસ્વામિનારાયણને જીતવા માટે હમણાં જવું, હે પંડિતો! સ્વામિનારાયણથી બીવું નહિ. (૨૭) હે વિદ્વાનો ! અમોએ ઘણાં વિદ્વાનો પ્રતિવાદમાં જીતેલા છે. માટે અમારી આગળ તેમની શી ગણતી છે ? (**'अस्माकं पुरः तस्य का गणना'** આ વાક્યને આ પ્રમાણે વાંચીએ કે **'तस्य पुरः अस्माकं का गणना'**) તેમની આગળ અમારી શી ગણતી છે ? તો આવો પણ ગૂઢાર્થ થાય છે.) (૨૮)

આ પ્રકારે વાદમાં પ્રગલ્ભ તે સન્યાસીઓના વચનો સાંભળીને પ્રસન્ન થયેલા પુરના સમગ્ર પંડિતો તેમને અનુમોદન આપતા હતા. (૨૯) પછી ત્યાંના પંડિતો, અતિમદોદ્ધત તે સંન્યાસી તથા તે શાસ્ત્રીઓને આગળ કરીને વિવાદ કરવા માટે પુરના જનોએ સહિત શ્રીહરિની સમીપે આવ્યા. (૩૦)

પછી સર્વે સંન્યાસી સહિત શાસ્ત્રીઓ દિવ્ય મહાસભા જોઈને, તે સભામાં સુંદર ઉંચા આસને બિરાજેલા ઉદાર કીર્તિવાળા શ્રી સ્વામિનારાયણને જોઈને જ, આશ્ચર્ય પામ્યા. (૩૧)

તે સર્વે તે સભામાં પ્રવેશ કરવા માટે ઈચ્છતા હતા. પરંતુ જનોની અત્યંત ભીડ હોવાથી પ્રવેશ કરવા માટે અશક્ત બની, શાસ્ત્રાર્થ કરવા માટે આસક્તિપૂર્વક દૂર ઊભા રહ્યા. (૩૨)

હે રાજન્ ! પછી સર્વજ્ઞ શ્રીહરિએ તેમનાં અંતરના વિચારો જાણીને સુંદર હસ્તની ચેષ્ટાથી તેમને સમીપે બોલાવ્યા. તેટલામાં સભામાં બેઠેલા સમગ્ર જનોએ તેમને તત્કાળ માર્ગ આપ્યો. (૩૩) પછી તે મહાસભામાં પ્રવેશ કરીને પરમેશ્વરની આગળ તેઓ બેઠા. ઈશ્વરના ઈશ્વર સર્વજ્ઞ શ્રીહરિ, તે સર્વે વિદ્વાનોની યથાયોગ્ય સંભાવના કરવા લાવ્યા. (૩૪)

ભક્તના સમુદાય જેમનાં દર્શન કરે છે, અને જનસમુદાયના હૃદગત ભાવને જેઓ જાણે છે, તે શ્રીહરિ તે વિદ્વાનોએ જોઈને આ પ્રમાણે બોલ્યા, હે પંડિતો ! તમારે જે કાંઈ પૂછવુ હોય તો મને પૂછો. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિની સમીપે અદ્વૈતમતવાદી વિદ્વજ્જનો આવ્યા તે નિરૂપણ નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી સંન્યાસી તથા વિદ્યા જન્ય માન, મદથી ઉદ્ધત કાશીના ચાર પંડિતો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧) શંકરાચાર્યે શ્રુતિ, સ્મૃતિ તથા ન્યાયથી પ્રમાણ કરેલા અમારા અદ્વૈતમતનું આ પૃથ્વી ઉપર તમો ખંડન કરો છો, આ પ્રમાણે અમોએ સાંભળેલું છે. (૨)

હે બ્રહ્મન્ ! વેદ વાક્યોના પ્રમાણોથી તે ખંડન તમો કરો છો કે શાસ્ત્ર પુરાણોના વચનોથી કરો છો, અથવા બીજા કઈ પ્રમાણોથી ? (૩) એ ગર્વિષ્ઠોએ આ પ્રમાણે કહ્યું એટલે અંતર્યામી સ્વયં શ્રીહરિએ સભાજનોને અત્યંત આનંદ પમાડતા તેમને આ પ્રમાણે કહ્યું. (૪)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- અદ્વૈતે સતિ-જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું વેદો તથા શાસ્ત્રો જે ઉત્તર મિમાંસા - વગેરે જે અનાદિપણું તથા ધ્રુવત્વાદિપણું કહે છે તે કેમ સંભવે? માટે તમો ચિત્તમાં સારી રીતે વિચાર કરો. તેમાં ''नित्यो नित्यानाम्'' ''ज्ञाज्ञौ द्वावजावीशानीशौ ''अजो नित्यः शाश्वतोऽयं''''मायामष्टरुपामजां ध्रुवाम्'' ''अजं ध्रुवं सर्वतत्त्वैर्विशुद्धम्''''अपरिमिता ध्रुवास्तनुभृतः'' ''सत्यं ज्ञानमनन्तंब्रह्मज्योतिः सनातनम्'' ''यत्र न मृत्युः प्रविशति यत्र न दुःखं सदानन्दं शाश्वतम्''

ઈત્યાદિ શ્રુતિઓમાં શાશ્વત, ધ્રુવ, સનાતન વગેરે શબ્દોથી જીવ, ઈશ્વર વગેરેનું અનાદિત્વ તથા નિત્યત્વ કહ્યું છે. ''न कर्माविभागादिति चेन्नानादित्वात्'' ''उपपद्यते चाप्युपलभ्यते च'' ''नात्मा श्रुतेर्नित्यत्वाच्च ताभ्य:'' ''विप्रतिषेधाच्च'' अधिकं तु भेदनिर्देशात्'' ''भेदव्यपदेशाच्च'' ''गुहां प्रविष्टाबात्मानौ हि तद्दर्शनात्'' ''ज्योतिरुपक्रमात्तु तथा ह्यधीयत एके,'' ''कल्पनोपदेशाच्च'' ''मध्वादिवदविरोध: ઈત્યાદિક શારીરિક સૂત્રોમાં લક્ષ્મણાચાર્ય પણ તેનું અનાદિપણું તથા નિત્યત્વપણું કહે છે માટે તમો અદ્વૈત કહો છો તે સિદ્ધ થતું નથી. (૫-૬)

એ જીવ, ઈશ્વર વગેરે સ્વરૂપોનું અભેદત્વ સિદ્ધ કરવામાં શ્રુતિઓ તથા શાસ્ત્રોમાં પરસ્પર બહુ પ્રકારે બાધ આવશે. પંડિતોથી પણ અતિ પ્રયત્નપૂર્વક તેનું નિવારણ થઈ ન શકે એવો તે બાધ છે. (૭)

શુકાનંદમુનિ માનસિંહ રાજા પ્રત્યે કહે છે :- હે રાજન્ ! સર્વવિત્ ભગવાન શ્રીહરિ આ પ્રમાણે કહીને વેદ, શાસ્ત્રો તથા પુરાણોના ઘણા પ્રમાણો કહ્યા. (૮) જેમ વર્ષાઋતુમાં વારંવાર મેઘ વર્ષે છે તેમજ શ્રીહરિએ વેદો વગેરેનાં પ્રમાણોનો સમુદાય મેઘની ધારા સમાન વર્ષાવ્યો. (૯)

એ પ્રકારે ઋગાદિ વેદો, સચ્છાસ્ત્રો તથા પુરાણ, યુક્તિ, અનુભવ વગેરેનાં તેમણે કહેલાં અસંખ્ય પ્રમાણોથી, સર્વોત્તમ શાંતિ પ્રસારતી શ્રીહરિની અમૃતધારા સમાન વાણી સાંભળીને, અનેક પ્રકારનાં સંશયરૂપી અગ્નિથી તપ્ત થયેલાં પ્રતિવાદી વિદ્વાનોના મન શાંતિ પામ્યા. તેમજ તે પ્રતિવાદી વિદ્વાનો તથા સભામાં બેઠેલા બીજા પંડિતો પણ અત્યંત વિસ્મય પામ્યા. (૧૦)

અદ્વૈતવાદી જનોની ચપળતાને ફેંકી દેતી, નાશ કર્યો છે દુર્મતરૂપ રજો ગુણ જેમણે એવા, સંસાર વૃક્ષને ભેદવાના સ્વભાવવાળી, ગંગાના પ્રવાહ સમાન, દિવ્ય શ્રીહરિની શુભ વાણીના પ્રયોગો સર્વોત્કૃષ્ટ બની ગયા. (૧૧) શ્રીહરિની વાણીની પંક્તિ સંસારરૂપી દાવાનળથી તપ્ત થયેલા દેહધારીઓને અમૃતની શ્રેષ્ઠ નદી સમાન બની ગઈ. પરમ હંસ ગણોએ હંમેશાં જે વાણીનું શ્રવણ કર્યું છે, તે વાણી શ્રોતાજનોને અત્યંત સુખકારી બની. (૧૨)

અદ્વૈતવાદીરૂપી સર્પોના જ્ઞાનરૂપી વિષથી મૂર્છા પામેલા જનોને આલોકમાં સંજીવનીસમ તેથી જ જીવોને જીવનૌષધિરૂપ શ્રીહરિરૂપી વિષવૈદ્યની તે વાણી જનોના મોહરૂપી ઝેરને હરતી હતી. (૧૩)

સકળવાદીરૂપી મહાવૃક્ષોને ભેદવાના સ્વભાવવાળી, શ્રુતિ વચનોરૂપી ચંચળ તરંગોના સમુદાયથી પૂજાયેલી, શ્રીહરિની શ્રેષ્ઠ ઉક્તિરૂપી સરિત્ વિદ્વાનોના સમગ્ર સંસયરૂપી અગ્નિનું શમન કરતી હતી. (૧૪) સર્વોત્તમ બોધ કરનારી, શ્રીહરિની સર્વોત્તમ વાણી, વાદી ગણોના ગણને હરનારી, શેષ, કપિલ તથા કણાદની વાણીનું પણ અતિક્રમણ કરતી હતી. (૧૫)

શ્રીહરિએ તે પ્રતિવાદીઓને વેદશાસ્ત્રના પ્રમાણોના સમૂહ વડે, પોતાનાં તેજથી સભામાં બેઠેલા જનો અત્યંત આશ્ચર્ય પામે તે પ્રમાણે તત્કાળ જીતી લીધા. (૧૬) તે પ્રતિવાદીઓના વિશુદ્ધ અદ્વૈત સંજ્ઞાવાળા

મતનું ખંડન કરીને શ્રીહરિ પોતાનાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કરતા હતા. (૧૭) શ્રીહરિનાં પ્રતાપથી હણાઈ ગયું છે બળ જેમનું એવા તે સર્વે વિદ્વાન્ જનો, જાણે મૂગા હોયને શું ? પ્રભુ શ્રીહરિની આગળ કંઈ પણ બોલવા માટે સમર્થ થયા નહીં. (૧૮)

પછી તે સર્વેને શ્રીહરિની ઇચ્છાથી તત્કાળ સમાધિ થઈ. તે સમાધિમાં શ્રીહરિનું આશ્ચર્યકારી સર્વોત્તમ અક્ષરધામ તેઓ જોતા હતા. (૧૯) તે ધામમાં નાના પ્રકારનાં દિવ્ય મણીઓની પ્રભાવાળા સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિકૃષ્ણ ભગવાનને તે વિદ્વાનો વિસ્મય પામીને જોતા હતા. (૨૦)

અનાદિ સિદ્ધ, સર્વોત્કૃષ્ટ, દિવ્ય અવયવો જેમને છે એવી આકૃતિવાળા, દિવ્ય વિગ્રહવાળા, કરોડો અક્ષરમુક્તોએ સેવેલા (૨૧) તે અક્ષરધામમાં સૌંદર્યનાં મહાસાગર શ્રીહરિકૃષ્ણ ભગવાનની અક્ષરમુક્તોએ કરેલી શુભ સ્તુતિ તે વિદ્વાનો સાંભળતા હતા. (૨૨)

હે વિભો ! અવતારી ! પુરુષોત્તમ ! તમો અદ્વિતીય છો ગુણ તથા ઐશ્વર્ય વગેરેમાં તમારા સમાન બીજો કોઈ નથી. (૨૩)

આવી રીતે શ્રીહરિની ઘણી પ્રકારે સ્તુતિ કરતા અક્ષરમુક્તોને જોઈને તે વિદ્વાનો પરમ વિસ્મય પામ્યા. (૨૪) તે સમયે આશ્ચર્યયુક્ત ભાવથી સભામાં બેઠેલા જનો તેમને જોઈ રહ્યા હતા. તેથી શ્રીહરિએ તેમને તત્કાળ સંકલ્પથી સમાધિમાંથી જાગ્રત કર્યા. (૨૫)

પછી સંન્યાસી તથા તે ચાર પંડિત પ્રવરો શ્રીહરિકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૬) હે સ્વામિન્ ! હે જગત્પતે ! બ્રહ્મપુરધામમાં દિવ્ય તેજથી આવૃત્ત મૂર્તિ જેમની છે એવા દિવ્યાવયવવાળા, તમોને અમોએ જોયા. (૨૭) તેથી તમો પ્રત્યક્ષ દિવ્યાકાર ભગવાન છો. હે પ્રભો ! તમારી કૃપાથી અમોને તમારો આવો નિશ્ચય થયો છે. (૨૮)

સાકાર પરમાત્મા જે આપ તેમને અહીં જે માત્ર તેજોમય જ જાણે છે, તે વિદ્વાનો પણ તમારી માયાથી મોહ પામેલા છે. (૨૯)

હે હરે ! મન, વાણી વગેરેને અગોચર આપનું સ્વરૂપ અમોને આપે જો ન જણાવ્યું હોત તો સંસારરૂપી સમુદ્રમાંથી અમારો ઉદ્ધાર શું થાત ? અર્થાત્ ન જ થાત. (૩૦) જે આપની ભક્તિનો ત્યાગ કરીને કેવળજ્ઞાન પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે તે મૂર્ખજનો સ્થૂળ કુશકા ખાંડે છે. (૩૧) આ લોકમાં શ્રુતિઓની અવળી વ્યાખ્યારૂપી સર્પના વિષથી મૂર્છા પામેલા અમો સર્વને હમણાં જ આપે કરુણા કરીને જીવાડ્યા છે. (૩૨)

અક્ષરધામમાં અક્ષરમુક્તો જે આપની સ્તુતિ કરે છે તે સ્તુતિમાં આપને જ તેમણે અવતારી કહ્યા છે. (૩૩) હે સ્વામિન્ ! તેથી અવતારીનાં લક્ષણ જાણવાની જિજ્ઞાસાવાળા અમો, સમગ્ર શાસ્ત્રના હાર્દને જાણનારા, સર્વસંશયનો નાશ કરનારા આપને પૂછીએ છીએ. (૩૪)

હે સર્વાત્મન્ ! આપ અવતારીનાં લક્ષણો અમોએ જાણ્યા નથી માટે અમોને તે આપ કહો. (૩૫) હે રાજન્ ! મંદ મંદ હસતા ધર્મના પુત્ર ઈશ્વર શ્રીહરિએ પોતાનાં અવતારી સ્વરૂપના અસાધારણ

લક્ષણો કહેવા માટે સર્વ યોગ કળા વિશારદ પોતાની સમીપે બેઠેલા મહાબુદ્ધિશાળી ગોપાળાનંદ મહામુનિને પ્રેરણા કરી. (૩૬-૩૭)

હે નરેન્દ્ર ! પરમાનંદ સ્વરૂપ, ધર્મના પુત્ર શ્રીહરિની પવિત્ર આજ્ઞાથી વેદરૂપી પર્વતના મહાહૃદયને જાણવામાં પ્રવીણ, ધીર અને શાન્ત સ્વભાવવાળા મુનિ ગોપાળાનંદ સન્યાસી તથા તે ચાર નમ્ર પંડિત વિદ્વાન વિપ્રોને, હરિના આશ્રિત જનોને આનંદ આપનારું વચન આદરપૂર્વક કહેવા લાગ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કન્ધમાં શ્રીહરિએ અદ્વૈતવાદીઓનો પરાજય કર્યો તે નિરૂપણનો વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી ગોપાળાનંદ મુનિ કહે છે :- હે આર્યોત્તમો ! અપહ્તપાપ્મત્વ વગેરે મુખ્ય ગુણો તથા સુખ ઐશ્વર્ય વગેરેના મહાસાગર વિભુ, સંસારરૂપી સાગરને નિવારણ કરનારા, સકળ અવતારના એક કારણરૂપ, ધર્મના પુત્ર, આ શ્રીહરિનાં તેર અસાધારણ શુભ લક્ષણો તમોને હું કહું છું. (૧)

હે પંડિતો ! આ પૃથ્વી ઉપર પહેલા જે આ શ્રીહરિનાં અવતારો થયા હતા તે સર્વ અવતારોને પોતાનાં દિવ્યરૂપમાં જે ઘણા જનોને બતાવે છે એ, પવિત્ર યશ જેમનું છે એવા, આ શ્રીહરિનું સ્તુતિ કરવા યોગ્ય શુભ પહેલું સુંદર લક્ષણ જાણવું. (૨)

ગોલોક મુખ્ય એવા પોતાનાં ધામોમાં પોતાની દિવ્યરૂપ મૂર્તિઓ જે શ્રીકૃષ્ણ વગેરે તથા તેમનાં વિચિત્ર ઐશ્વર્યો અહીં મનુષ્યોને પોતાની મૂર્તિમાં જે બતાવે તે આ અવતારીનું બીજું લક્ષણ છે. (૩) આ નારાયણ દૃષ્ટિ માત્રથી સાધારણ મનુષ્યોના નાડી પ્રાણ ખેંચીને ધ્યાનપૂર્વક પોતાની મૂર્તિમાં તેમની ચિત્તવૃત્તિનો નિરોધ કરાવી તેમને સમાધિ કરાવે છે એ ત્રીજું લક્ષણ છે. (૪)

આ લોકમાં શ્રીહરિનાં અવતારોએ મનુષ્યોનો જેવો મોક્ષ કર્યો છે તથા તેમને જેવી સમાધિ કરાવી છે તેવો મોક્ષ તથા સમાધિ આ ઈશ્વર શ્રીહરિ પોતાનાં ભક્તો દ્વારા કરાવે છે, આ તેમનું ચોથું લક્ષણ છે. (૫)

અપાર તેજયુક્ત તથા અતિ રમણીય અક્ષરધામમાં રહેલું મણીંદ્ર જડિત સ્ફૂરાયમાન સિંહાસન તેમાં બિરાજેલા, અનુપમ છે અવયવો જેમનાં એવી તેજોયુક્ત અગણિત અક્ષરમુક્તોએ સેવેલી જે પોતાની મૂર્તિ છે. (૬) તે મૂર્તિને આ સ્વતંત્ર ભગવાન આ લોકમાં સાધારણ મનુષ્યોને પણ કરુણાપૂર્વક તત્કાળ બતાવે છે. આ એમનું પાંચમું શુભ લક્ષણ છે જેનું મુનિગણોએ અને કવિવર્યોએ વર્ણન કરેલું છે. (૭)

ધર્મના પુત્ર આ શ્રીહરિ સત્ શાસ્ત્રોમાં વર્ણવેલા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન તેના સ્વરૂપનું તથા વેદાન્ત અને સાંખ્ય મતનું સર્વજનોને સારી રીતે સમજાય તેવું નિરૂપણ કરે છે તથા તેનું પ્રતિપાદન જેમાં

છે એવા ગ્રંથો રચાવે છે. (૮)

એમણે કરેલા ધર્માદિના નિરૂપણમાં તથા એમણે કરાવેલા ગ્રંથોમાં, પૂર્વે મોટા પુરુષોએ જે નિરૂપણ કર્યું છે તેથી પણ અધિક તે તે વિષયોના તેમણે રચાવેલા ગ્રંથોમાંથી શાસ્ત્રજ્ઞોને પણ જાણવા યોગ્ય અતિ ચમત્કૃતિ આવે છે એ આ અવતારીનું છઠ્ઠું લક્ષણ જાણવું. (૯) આ પ્રભુ અસંખ્ય પ્રાણીઓના મનને પોતાનાં દર્શન માત્રથી જ, ચુંબક મણીંદ્રનો પર્વત લોઢાને જેમ આકર્ષ છે તેમ, આકર્ષે છે. આ એમનું સાતમું શુભ લક્ષણ છે. (૧૦)

પોતાનાં આશ્રય માત્રથી દેહધારીઓની મુક્તિ થાય છે તથા તેમને ઘણું સુખ પ્રાપ્ત થાય છે. આવો મહિમા જેમનો છે એવા આ મહા તેજે યુક્ત દિવ્ય વિમાનમાં વિરાજી અને દિવ્ય વિમાનોમાં બેઠેલા પોતાનાં પાર્ષદોથી વીંટાઈને, પોતાનાં આશ્રિતોના મૃત્યુ સમયે, તેમને પોતાનાં શ્રેષ્ઠ અક્ષરધામમાં લઈ જવા માટે પોતે આવે છે એ એમનું રમણીય કલ્યાણકારી આઠમું લક્ષણ છે. (૧૧-૧૨)

અગણિત પુરુષો તથા સ્ત્રીઓ જેમની આજ્ઞાથી પોતપોતાનાં ધર્મમાં દૃઢતા પ્રાપ્ત કરે છે તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સિદ્ધ કરે છે, આ પ્રકારનો પોતાનાં વચનનો પ્રતાપ જેમનો છે તે તેમનું નવમું લક્ષણ જાણવું. (૧૩)

આ લોકમાં પોતાનાં સંબંધને પામેલા પુષ્પ, વસ્ત્ર, વસ્તુ વગેરેનો સ્પર્શ કરીને તથા તે તે વસ્તુનાં દર્શન કરીને, જનોને સમાધિ થાય છે અને તે સમાધિમાં શ્રીહરિનું મુખ્ય અક્ષરધામ તથા ગોલોકાદિ અન્ય ધામની વિભૂતિરૂપ તે ધામના પતિ તથા ઐશ્વર્ય વગેરે તે જુએ છે આ એમનું દશમું લક્ષણ છે. (૧૪)

દેશાન્તરમાં જઈને પણ આથી શ્રીહરિની લીલા તથા સ્વરૂપ સંબંધિ વાર્તા જે કોઈ કરે છે તેને સાંભળીને લોકોનો સમુદાય દિવ્યભાવ અનુભવે છે. આ એમનું અગિયારમું લક્ષણ જાણવું. (૧૫)

જીવ, ઈશ્વર, તથા પ્રકૃતિ પુરુષના સમુદાયો મૂળમાયા યુક્ત મહાપુરુષ, તેવી રીતે અક્ષરમુક્તો તથા અતિ ઉત્કૃષ્ટ અક્ષરધામમાં વસનારા સર્વેશ્વર અક્ષરથી પર આ પુરુષોત્તમ તે જ્યારે જીવ, ઈશ્વર વગેરે સ્વરૂપોનો તેમનાં લક્ષણોથી યુક્ત અત્યંત સ્પષ્ટ રીતે ભેદ બતાવી વર્ણન કરે છે અને વિભૂતિયુક્ત તેમનાં રૂપો અનેક જનોને બતાવે છે એવું આ જ્ઞાન પોતાની પાસેથી પ્રાપ્ત કરીને પોતાનાં ભક્તો ઘણા જનોમાં પ્રવર્તાવે છે તે આ ભગવાનનું સજ્જનગણોએ વર્ણન કરેલું બારમું સુલક્ષણ જાણવું. (૧૬-૧૮)

આ પૃથ્વી ઉપર પહેલા જે પોતાનાં અવતારો થયા, તે સમગ્ર અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરે પરંતુ ઉત્તમ ગુણવાળી, અનુપમ પોતાની મૂર્તિનો કોઈ પણ અવતારમાં લીન થાય જ નહિ. (૧૯) દયાસાગર, અનુપમ, શ્રીહરિ પોતાનું અવતારિપણું આ લોકમાં પોતાનાં ભક્તોને જણાવવા માટે આ પ્રકારનું ઐશ્વર્ય સમાધિમાં બતાવે છે એ આ ભગવાનનું તેરમું લક્ષણ જાણવું. (૨૦)

આ લોકમાં શ્રીહરિનાં આ લક્ષણો જે અતિ હર્ષથી ગાશે તથા શ્રદ્ધાથી સાંભળશે, તે ગાનારા તથા સાંભળનારાને વિભુ પુરુષોત્તમ આ શ્રીહરિનો ઉત્તમ દૃઢતર નિશ્ચય થશે તથા સર્વાર્થની સિદ્ધિ થશે તથા અવતારી શ્રીહરિમાં સંસારની ભીતિને હણનારી સર્વોપરી એકાંતિકી ભક્તિ થશે. (૨૧)

હે રાજન્ ! ધ્યાનમાં ઈશ્વરના ઈશ્વર શ્રીહરિકૃષ્ણને પોતાની અંદર અને બહાર નિત્ય જોતા, સર્વ સંતના શિરોમણી રૂપ, દયાળુ જ્ઞાન વગેરે ગુણો જેમાં છે એવા મુનિવર્ય શ્રી ગોપાળાનંદમુનિની આ વાણી સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા સંન્યાસી તથા ચાર વિદ્વાનો તો શ્રીહરિનો અતિ દઢ નિશ્ચય કરતા હતા. (૨૨-૨૩)

પછી હર્ષ પામેલા સમગ્ર વિદ્વાનો હર્ષપૂર્વક સર્વ મુનિઓ માનનીય એવા તે ગોપાળાનંદ મુનિને કહેવા લાગ્યા. હે મુને ! આ વાર્તા તમોએ કૃપા કરીને કહી તે અમોએ પૂર્વે કદી સાંભળી ન હતી. (૨૪)

હે મુને ! સંશયરૂપી શલ્યને હણનારી સુધાસમાન, વિમુક્તિમાં કારણભૂત આ શુભ વાર્તા અમોને સંભળાવીને તમોએ અમારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. (૨૫) પછી તે પંડિતોએ પોતાનો મત તથા પોતાનાં ગુરુનો ત્યાગ કરીને હર્ષપૂર્વક પ્રત્યક્ષ શ્રીહરિનો અનન્યભાવથી દઢાશ્રય કર્યો. તેથી જનોને ઘણું આશ્ચર્ય થયું ! (૨૬)

પછી હે રાજન્ ! તે વિદ્વાનજનો તથા પુરના ઘણા વિદ્વાનો તથા અન્યજનો પણ પોતપોતાનાં ગુરુઓ તથા પોતપોતાનાં મતોનો ત્યાગ કરીને પુરુષોત્તમ શ્રીહરિનો દઢ આશ્રય કરવા લાગ્યા. (૨૭)

પછી તે સર્વે મહા ઉપચારોથી શ્રીહરિની યથાર્થ પૂજા કરતા હતા તથા તેમનાં સમગ્ર બંધુવર્ગ અને આશ્રિત ત્યાગી સમૂહોની પણ પૂજા કરતા હતા. (૨૮) તે સમયે "શ્રી સ્વામિનારાયણની જય" આવો મહાન ઉદ્‌ઘોષ તત્કાળ થયો ત્યારે આકાશમાં રહેલાં દેવો શ્રીહરિને નંદનવનનાં સુંદર પુષ્પોથી વધાવતા હતા. (૨૯)

પછી તે પંડિતો વગેરે શ્રીહરિને તથા તેમનાં ભક્તોને ભક્તિપૂર્વક પ્રણામ કરીને હર્ષ પામતા શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાનાં નિવાસોમાં ગયા. (૩૦)

સન્યાસી તથા કાશીના નિવાસી વિદ્વાનોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણો તથા પુરના જનસમુદાયો, સર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા. (૩૧)

તે વખતે નગરના દરેક ઘરમાં આવો ઉદ્‌ઘોષ, થયો, જે ઉદઘોષને સાંભળીને દૈવીજનો સૂર્યોદય થવાથી કમળની માફક વિકાસ પામ્યા. (૩૨) ક્રૂર સ્વાભાવવાળા અસુરાંશ લોકો તો તે ઉદઘોષ સાંભળીને મેઘ વર્ષવાથી જેમ જવાસો સુકાય તેમ ગ્લાનિ પામીને મનમાં અત્યંત બળવા લાગ્યા. (૩૩)

શ્રીહરિકૃષ્ણ ભગવાનનો પ્રતાપ સૂર્યની જેમ આવી રીતે તત્કાળ વિસ્તાર પામી દુરાચાર રૂપી અંધકાર તથા અસુર ગુરુરૂપી ઘુવડોને પરાભવ પમાડી કળિયુગ રૂપ કુમુદોનો આનંદ હરતો હતો. (૩૪)

ઇતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ગોપાળાનંદ મુનિએ શ્રીહરિનાં અવતારીપણાના અસાધારણ લક્ષણોનું વર્ણન કર્યું તે નિરૂપણનો એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિનાં અતિશય પ્રતાપથી પુરના અસુરાંશ જનો તપ્ત થઈને શ્રી સ્વામિનારાયણનો પરાભવ કરવા માટે ઇચ્છા કરવા લાગ્યા. (૧)

તે સમગ્ર જનો ભેગા થઈને અસુરાંશ ભરપુર રાજકાર્યના અધિકારી ધનાઢ્ય પાસે જઈ કહેવા લાગ્યા. (૨) હે મહાબુદ્ધે ! આ નડિયાદપુરમાં પંડિતો તથા અન્ય જનસમુદાયોને શ્રીસ્વામિનારાયણે મંત્રોથી પોતાને વશ કર્યા છે. (૩)

તેથી અમારું મહત્વ તથા સુખ ગયું છે માટે તમો કોઈપણ ઉપાયથી તેમનોં પરાભવ કરો. (૪) પુષ્કળ દ્રવ્યવાળા તથા મહાબળવાન એવા તમો રાજાના માનીતા છો. તમારા સમાન બીજો કોઈ નથી. તેથી આ કાર્ય તમારે જ કરવું. (૫) રાજાના કારભારી પુરજનોનું આવું વચન સાંભળીને, ઘણા માન અને મદથી ઉદ્ધત બની, શ્રીસ્વામિનારાયણનો હું પરાભવ કરીશ એમ તેઓને કહેવા લાગ્યો. (૬)

પછી દુર્બુદ્ધિ, દુરાશયવાળો, તે દેશાધિપતિ એકાંતમાં જઈને શ્રીહરિ વિષે જુઠા દોષારોપણ કરવા લાગ્યો. (૭) કાર્ય વિચક્ષણ મહાબુદ્ધિશાળી તે રાજા મત્સર યુક્ત તે ધનાઢ્યનું આવું વચન સાંભળીને તે મહાક્રુર પ્રત્યે કહેવા લાગ્યા. (૮)

હે ધનાઢ્ય ! સ્વામિનારાયણ બુદ્ધિમાન અને પ્રતાપશાળી છે. તે પોતાનાં કરોડો ભક્તોને પોતપોતાનાં ધર્મમાં પ્રવર્તાવે છે. (૯) આ લોકમાં સ્વામિનારાયણ સમાન કોઈ બીજો છે તેવું મેં સાંભળ્યું નથી. તેમ તેવા પ્રતાપી જોયા પણ નથી. આ પ્રમાણે તેમણે કહ્યું પરંતુ દુષ્પ્રજ્ઞ-દુર્જન તે રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૧૦)

હે રાજન્ ! પાખંડી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર ઘણા લોકોને પોતાની સ્ત્રીઓનો ત્યાગ કરાવે છે અને બીજા અનર્થો કરે છે. (૧૧) તેથી હે રાજન્ ! કામણગારા તેમને અહીં બોલાવીને રુડિ બુદ્ધિવાળા આપે તેમની પરીક્ષા કરવી. (૧૨)

નીતિ અને શાસ્ત્રમાં વિશારદ રાજા તેમનું આવું વચન સાંભળીને કહેવા લાગ્યા, હે શેઠ ! તેમને હું અહીં બોલાવીશ. (૧૩) જેમનોં પ્રતાપ પોતે સાંભળ્યો છે એવા તે રાજાએ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને પોતાનાં ભુવનમાં બોલાવવા માટે સેવકોની સાથે પોતાનાં કારભારીને મોકલ્યા. (૧૪)

પછી રાજાનો કારભારી, રાજાના સેવકો સાથે, સભામાં પોતાનાં આસને બિરાજેલા, આશ્રિતજનોથી વીંટાયેલા, સાધુઓના પતિ, શ્રીહરિ પાસે જઈને પ્રાર્થના કરવા લાગ્યો. (૧૫) રાજાના તે કારભારીએ શ્રીહરિને સુંદર વચન કહ્યું, હે હરે ! આપના દર્શન કરવા ઇચ્છતા રાજાએ આપને બોલાવવા માટે મને મોકલ્યો છે. (૧૬)

સર્વજ્ઞ સ્વામિનારાયણ શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને, સભાજનોને આનંદ પમાડતા તેમને કહેવા લાગ્યા. (૧૭) હે બુદ્ધિમાન ! સદ્‌ભાવવાળા વિચક્ષણ મહારાજાને મળવા માટે હું હમણાં જ

રાજાના નિવાસમાં આવીશ. (૧૮)

હે રાજન્ ! સોનેરી વસ્ત્ર ધારણ કરનારા ભગવાન શ્રીહરિ સોનેરી મોળીયામાં મોતીઓના તોરાઓ ધારણ કરતા. (૧૯) વિવિધ પ્રકારનાં ભૂષણોવાળા, શોભાયમાન મોતીઓના હારોથી શોભતા, પોતાનાં પાર્ષદો સાથે પોતાનાં અશ્વ ઉપર બિરાજમાન થયા. (૨૦) પછી શ્રીહરિ ચળકતા ભાલાઓ જેમનાં હાથમાં છે એવા ઘોડેસવારોથી વીંટાયેલા, શસ્ત્ર ધારી પાર્ષદોથી યુક્ત, છત્ર ચામરથી અલંકૃત, ઉત્તમ રાજાએ સહિત વાહનોમાં બેઠેલા પોતાનાં બંધુઓ સહિત, વર્ણીઓ, મોટા સંતો તથા બીજા હરિભક્તોએ યુક્ત સુંદર વાજિંત્રોના ધ્વનિની સાથે રાજાના સ્થાન પ્રત્યે પ્રયાણ કરતા હતા. તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે હજારો લોકો પાછળ દોડતા હતા. (૨૧-૨૨-૨૩) તે વખતે પ્રીતિપૂર્વક છડી પુકારતા કુબેર વગેરે દ્વારપાળો શ્રીહરિની આગળ ચાલતા હતા. (૨૪)

ચળકતા મહામૂલ્વાળા વસ્ત્રોવાળા રાજાધિરાજના શ્રેષ્ઠ ચિહ્નોથી વિશેષ શોભતા, દર્શનીય, કોટિ કામદેવોના ગર્વને હરનારા, સુંદર મણિ જેમાં જડ્યા છે એવા ભૂષણોને ભૂષિત કરનાર છે અંગો જેમનાં એવા, શ્રીહરિનાં મનુષ્યો દર્શન કરતા હતા. (૨૫)

અનેક રાજાઓની શિબિરો વડે શોભાયમાન, મદોન્મત્ત હાથી, ઊંટો તથા ઘોડાઓ બળીવર્દો, રથો, ગાડીઓ, પાર્ષદોના વૃંદોથી આચ્છાદિત, સાફ કરીને જળથી છંટાયેલા છે માર્ગો જેમાં એવા રાજાના નિવાસ સ્થાનમાં શ્રીહરિ પધાર્યા. (૨૬) તેટલામાં ઘણા રાજાઓ જેમની પાછળ ચાલે છે એવા, પગથી ચાલતા અને કારભારીઓ તથા સેવક ગણોથી યુક્ત, ત્યાગ કર્યા છે રાજકાર્યો જેણે એવા રાજા, શ્રીહરિની સન્મુખ ગયા. મહાશોભાવાળા શ્રીહરિને જોઈને તે વિસ્મય પામ્યા. (૨૭)

ભગવાન શ્રીહરિ પોતાનાં અશ્વરાજ ઉપરથી ઉતર્યા એટલે બુદ્ધિશાળી રાજા તેમનાં ચરણકમળમાં નમસ્કાર કરીને પોતાનાં હાથથી શ્રીહરિનો હાથ પકડી શ્રીહરિને તેમનાં બંધુઓની સાથે પોતાનાં તંબુમાં લઈ ગયા. (૨૮)

પછી રાજાએ વિનયપૂર્વક ધર્મપુત્ર શ્રીહરિને સિંહાસન ઉપર બેસાડ્યા, તેમનાં બંને બંધુઓ તથા મુનિઓ, વર્ણીઓ, પાર્ષદો વગેરેને પણ યોગ્ય આસનો ઉપર બેસાડ્યા. પછી રાજા પોતાનાં અમાત્ય વર્ગની સાથે શ્રીહરિની સમીપે બેઠા. (૨૯) શાન્ત કર્યો છે કોટિ કામદેવનો ગર્વ જેમણે એવા રૂપવાળા, ઈશ્વરના ઈશ્વર, હરિકૃષ્ણ ભગવાનના અતિ હર્ષપૂર્વક દર્શન કરીને નીતિ નિપુણ રાજા આ પ્રમાણે કહેવા લાગ્યો. (૩૦) ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિ નૃપતિ મિલન વર્ણન નામે બાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

નૃપતિ કહે છે :- હે સ્વામિન્ ! તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો છે. જેમણે મનુષ્ય મૂર્તિ ગ્રહણ કરી છે એવા આપને નિશ્ચય હું ઈશ્વર જાણું છું. (૧) હે હરે ! આ પૃથ્વી ઉપર આપના પ્રતાપથી હજારો ત્યાગીઓ બ્રહ્માંડને ક્ષોભ કરનાર કામ, ક્રોધ, માન, લોભ, મત્સર, સ્નેહ, ઈર્ષા, અસૂયા વગેરે શત્રુઓને જીતે છે. (૨)

આપના શરણને પામેલા કરોડો ગૃહસ્થ જનો શાસ્ત્ર પ્રમાણે પોતપોતાનાં ધર્મોનું નિરંતર પાલન કરે છે. (૩) તેથી આપનો પ્રતાપ જોઈને હું તો આપને પરમેશ્વર જાણું છું. પરંતુ મારા અધિકારીઓને મારા કહેવા છતાં પણ આપના સ્વરૂપની પ્રતીતિ થતી નથી. (૪) હે સ્વામિન્ ! તેથી હું આપને આ પ્રમાણે પૂછું છું, મારા વિલાયત દેશમાં કોઈથી જવાય એવું નથી. (૫)

હે સ્વામિન્ ! માટે મારા દેશની રચના તથા તે દેશમાં રહેતા જનોની રીતિ, મારા દેશના રાજા, તેના કિલ્લામાં જે મહેલ તથા તે દેશમાં રહેલા મારા બંધુજનો; (૬) મારા બંધુઓની આકૃતિઓ, નામ તથા મારો મહેલ, તેના દરવાજા વગેરે કઈ દિશામાં છે તે સર્વ, મારા જનોની પ્રીતિ માટે આપ મને કહો. (૭)

જીજ્ઞાસુ રાજાએ આવી રીતે પૂછ્યું તેથી સર્વજ્ઞ શ્રીહરિ અંતર્યામીપણે રાજાને તે દેશની રચના કહેવા લાગ્યા. (૮) તે દેશમાં રહેનારા સર્વે લોકોની સમગ્ર રીતિ, સર્વે શ્રોતાઓને આશ્ચર્ય ઉત્પન્ન કરતા શ્રીહરિ કહેવા લાગ્યા. (૯)

તેમનાં દેશના રાજા તથા તેમનાં કિલ્લા, મહેલ વગેરે સર્વ, રાજાને આનંદ આપતા શ્રીહરિ દયાપૂર્વક યથાર્થ કહેવા લાગ્યા. (૧૦) તે દેશના સર્વે નિવાસી, તેમનાં સંબંધિજનોને, તેમનાં રૂપ નામ સહિત શ્રીહરિ સ્પષ્ટપણે કહેતા હતા. (૧૧)

વિલાયત દેશમાં તે રાજાના ઘર જે દિશામાં હતા તે તથા જેવા વૃક્ષો હતા તે સમગ્ર ચિહ્નો વગેરે શ્રીહરિ તે રાજાને કહેતા હતા. (૧૨) શ્રીહરિને તે રાજાએ જવાબ ન આપી શકાય તેવા કઠિન પ્રશ્ન પૂછ્યા. તે પ્રશ્નોના સર્વ ઉત્તર શ્રીહરિએ તત્કાળ કર્યા. (૧૩)

તેથી અત્યંત પ્રસન્ન થયેલા વિનયવાળા રાજા, જેમણે શ્રીહરિનું ઐશ્વર્ય જોયું અને સાંભળ્યું છે, તે શ્રીહરિને વારંવાર પ્રણામ કરી હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યો (૧૪)

હે સ્વામિન્ ! તમોએ મારા પ્રશ્નોનું સમાધાન જેવું કર્યું તેવું કોઈએ કર્યું નથી માટે આપ મને પ્રત્યક્ષ ઈશ્વર ભાસો છો. (૧૫) હે રાજન્ ! તે વખતે સભામાં રહેલો મદોદ્ધત અસુરાંશ ધનાઢ્ય અધિકારી શ્રીહરિનો ઉત્કર્ષ સહન ન કરી શકવાથી પરિતાપ પામી, જેનોં મત્સર વૃદ્ધિ પામ્યો છે એવો રાજાને કહેવા લાગ્યો. (૧૬)

હે રાજન્ ! આ સ્વામિનારાયણ પૃથ્વી ઉપર ઘણાં લોકોને પોતાની સ્ત્રીઓનો ત્યાગ કરાવે છે. તે મને યોગ્ય લાગતું નથી. (૧૭)

તે રાજા તેનું આવું વચન સાંભળીને શ્રીહરિને કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! તમો લોકોને પોતાની સ્ત્રીઓનો ત્યાગ કરાવો છો ? આ પુરુષ એવું કહે છે. (૧૮) 'પોતાની સ્ત્રીનો ત્યાગ કરો.' એવું જો તમો કહેતા હો અને તે પ્રમાણે પોતાની પત્નીનો ભક્તો જો ત્યાગ કરતા હોય તો, તો હે પ્રભો ! આ કહે છે તે સાચું ઠરે. (૧૯)

રાજાનું આવું વચન સાંભળીને પ્રસન્ન થેલા, મંદહાસ્યથી યુક્ત સુંદર મુખકમળવાળા શ્રીહરિ વચનરૂપી અમૃત રાજાને કહેવા લાગ્યા. (૨૦)

હે રાજન્ ! મનુ આદિ ઘણાં પરાક્રમી રાજાઓ પોતાનાં પુત્રોને રાજ્ય આપીને વનમાં જઈને શ્રીહરિનું ભજન કરતા હતા. (૨૧) એ પ્રકારે મહાત્માઓની સનાતન રીતિ છે. તેથી જેનાં પુત્રો વ્યાવહારિક કાર્ય કરવામાં કુશળ છે. (૨૨)

હે રાજન્ ! જેણે સાંસારિક સુખ અતિશય ભોગવ્યું છે, મહા બુદ્ધિશાળી હોઈ જેણે સારી રીતે ધન પેદા કર્યું છે, અને ઉત્તરાવસ્થાને પણ પામેલા છે. (સર્વ પ્રકારે સંસારનો ત્યાગ કરવામાં જેને આવી અનુકૂળતા હોય છતાં જે સંસારનો ત્યાગ નથી કરતા તે બધા દેવોના ચોર છે.) (૨૩)

તેથી જેમને સર્વ પ્રકારે સંસાર ત્યાગ કરવાનો સમય નજીક આવ્યો હોય તે પોતાની સ્ત્રીનો ત્યાગ કરે એમ હું કહું છું એ પ્રમાણે રાજાને ઉદ્દેશીને તે પુરુષ પ્રત્યે શ્રીહરિએ કહ્યું. (૨૪)

પછી તે ધનિક રાજા પ્રત્યે કહેવા લાગ્યો. હે રાજન્ ! સ્ત્રીનો ત્યાગ તો કેમ થાય ? તેનું વચન સાંભળીને તે ધનિક પ્રત્યે રાજા કહેવા લાગ્યા. (૨૫) હે મંદ ! હે દુર્મતે ! એવું હોય તો આ સ્વામિનારાયણ ઉપર મિથ્યા દોષારોપણ તમો કેમ કરો છો ? (૨૬)

તે કુમતિ શ્રીહરિની નિંદા પરાયણ જે જે વચન કહેતો હતો તે તે વચનનો ઉત્તર કરતા રાજા તેનો તિરસ્કાર કરતા હતા. (૨૭) તેથી ત્યાં પ્રસન્ન થયેલા સર્વ જનોમાં તે એક જ મ્લાન મુખવાળો થયો. (૨૮)

પછી પ્રસન્ન થયેલા તે નરપતિ, શ્રીહરિ તથા તેમનાં ભક્તોનું પૂજન કરવા માટે પોતાનાં કારભારીઓ પાસે ઉપચારો મંગાવતા હતા. (૨૯) મહા મૂલ્યવાળાં સોનેરી વસ્ત્રો, સોનાના આભૂષણો, પુષ્પના હાર, તોરા તથા ગુલાબજળ, સોપારી, તાંબુલ તથા બીજા નાના પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિનું તે રાજા પૂજન કરતા હતા. (૩૦-૩૧) મહા મૂલ્યના વસ્ત્રોથી રામપ્રતાપ વગેરેની પણ તે રાજા પૂજા કરતા હતા. તેમજ મુનિઓની પણ પૂજા યથાયોગ્ય કરતા હતા. (૩૨)

પછી તે રાજા શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે ઉદાર કીર્તે ! હું તમારો દાસ છું માટે મને તમારે યોગ્ય કાર્યમાં પ્રેરણા કરવી, હું તે કામ કરીશ. (૩૩) નરેન્દ્રનું આવું મનોહર વચન

સાંભળીને અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિ રાજાને કહેવા લાગ્યા, હે રાજન્ ! તમો કાર્યમાં કુશળ છો. તમારા ઉપર હું પ્રસન્ન છું. (૩૪)

હે રાજન્ ! હે ઉદાર બુદ્ધે ! તમારે યોગ્ય કાર્ય તમોને હું નિવેદન કરીશ. હમણાં તો એટલું જ કહું છું કે તમારે હંમેશાં તમારી પ્રજા ધર્મ માર્ગને અનુસરે એવી યોજના કરવી. તેમજ પુત્રની માફક પ્રજાનું પાલન કરવું. (૩૫)

પછી પોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે સર્વ લોકોને દર્શનીય ઈષ્ટ શ્રીહરિકૃષ્ણ તે રાજાની અનુમતિ લઈને સેવકોએ આણેલા પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજમાન થયા. (૩૬, ૩૭)

અસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, સુંદર ચામર છત્રથી શોભાયમાન, પોતાનાં બંધુઓની સાથે શ્રીહરિએ હર્ષપૂર્વક પાછળ આવતા રાજાની સાથે, તે રાજાના મહેલમાંથી વાજિંત્રોના ઘોષ સાથે પ્રયાણ કર્યું. પછી જેમની પાછળ રાજા ચાલે છે તે શ્રીહરિને જોઈને દૈવી જનો તો આનંદ પામ્યા પરંતુ અસુરાંશો તો બળતા હતા. (૩૮)

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાની પાછળ આવતા, ભક્તિથી નમ્ર, તે રાજાને બળપૂર્વક પાછા વાળીને અસવારોથી વીંટાયેલા પોતાનાં અશ્વને ધીમે રહીને ચલાવતા પોતાનાં સહવાસિઓની સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિ તથા નૃપતિના પ્રશ્નોત્તર થયા તે નિરૂપણનો ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી નડિયાદના હરિભક્ત જેઠારામ, ગંગારામ તથા અત્યંત બુદ્ધિશાળી દાનતરામ (૧) મોહનરામ, ગ્રહયાજ્ઞિક, નરોત્તમ તથા લક્ષ્મીરામ વગેરે ઘણા બ્રાહ્મણો (૨) અજુભાઈ વગેરે ઘણા વૈશ્ય ભક્તોએ કેસર, અગુરુ, કસ્તુરીએ યુક્ત ચંદન, અક્ષત કુમકુમ વડે (૩) તથા પુષ્પના તોરા તથા હાર વગેરે અમૂલ્ય ઉપચારો, રમણીય વસ્ત્રો તથા સુવર્ણ વિભૂષણોથી સભામાં બિરાજેલા શ્રીહરિનું ભક્તિથી પૂજન કરીને પ્રભુ શ્રીહરિની કપૂરથી મહા આરતી કરી. (૪-૫) પછી ભક્તો શ્રીહરિનાં બંધુ વગેરેનું વિવિધ ઉપચારો તથા મહામૂલ્ય વસ્ત્રાલંકારોથી યથાયોગ્ય પૂજન કરતા હતા. (૬) તેવી રીતે તે ભક્તો, સમગ્ર વર્ણીઓ, મુક્તાનંદ વગેરે સાધુઓ તથા શ્રીહરિનાં પાર્ષદો વગેરેની ભક્તિપૂર્વક આદરથી પૂજા કરવા લાગ્યા. (૭)

પછી ગુલાબ, તાપી, રેવા, અદિતિ કંકુ વગેરે શ્રીહરિની આશ્રિત સ્ત્રી ભક્તો તથા અન્ય સ્ત્રીઓએ નાના પ્રકારનાં ઉપચારોથી પ્રીતિપૂર્વક સર્વોત્તમ શ્રીહરિનું પૂજન કર્યું. પછી સુવાસિની જેમાં મુખ્ય છે

તેવી ધર્મવંશની સ્ત્રીઓનું પણ પૂજન કર્યું. (૮-૯)

ધર્મ જ્ઞાનાદિ સંબંધી વાર્તા શ્રીહરિ કરતા અને પોતાનાં ભક્તોને આનંદ આપતા ત્યાં બે રાત્રિ રહ્યા. (૧૦) હે નરપતે ! ત્યાંથી જવાની ઈચ્છાવાળા શ્રીહરિ સવારમાં તૈયાર થયા અને પોતાનાં પાર્ષદે આણેલા સરળ અશ્વરાજ ઉપર બિરાજમાન થયા. (૧૧) પછી ભાલાઓ છે હાથમાં જેમને એવા ઘોડેસવારોના સમુદાયથી તથા પાર્ષદોથી વીંટાયેલા વાહનોમાં બેઠેલા પોતાનાં બંધુઓની સાથે (૧૨) ગીત વાજિંત્રોના ઘોષ સાથે, સમગ્ર ભક્તો તથા સૈન્યે સહિત વળાવવા આવેલા રાજાની સાથે શ્રીહરિ નગરમાંથી નીકળ્યા. (૧૩) શ્રીહરિની સાથે વર્ણીઓ, સાધુઓ તથા ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા વગેરે સર્વ તત્કાળ ત્યાંથી પ્રયાણ કરવા લાગ્યા. (૧૪) શ્રીહરિ પુરથી દૂર જઈને પોતાની પાછળ આવતા, ભક્તિથી નમ્ર તે રાજાને સાંતવન આપીને તેને તેના સૈન્ય સાથે પાછા વાળ્યા. (૧૫) શ્રીહરિ આંખમાં આંસુવાળા નડિયાદ પુરના સમગ્ર ભક્તોને પાછા વાળી, હર્ષથી પોતાનાં અસવારો વગેરેની સાથે ચાલતા હતા. (૧૬) ઘોડાની વિવિધ પ્રકારની ગતિથી ચંચળ તોરા જેમનાં છે એવા, પોતાને વિષે પ્રીતિવાળા ઘણા અસવારોથી વીંટાયેલા સર્વોત્તમ શ્રીહરિ, માર્ગમાં પોતાનાં સમગ્ર સહવાસિજનોને સુખ આપતા ઉમરેઠપુર પહોંચ્યા. (૧૭)

ઉમરેઠપુરના ભક્તજનો અચ્યુત શ્રીહરિ પધારે છે તે સાંભળીને માંગલિક ગીતો તથા વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાથે અતિ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ તત્કાળ ગયા. (૧૮) પછી ઘોડેસવારોથી વીંટાયેલા, અશ્વ ઉપર વિરાજમાન, શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે એવા, શ્રીહરિને દૂરથી જોઈને પૃથ્વી ઉપર પડીને તે ભક્તો સ્નેહાશ્રુ ભરપુર નેત્રથી શ્રીહરિને વંદના કરવા લાગ્યા. (૧૯) પછી તે ભક્તો શ્રીહરિની સમીપે હર્ષથી જઈને સમગ્ર પીડા નાશ કરનાર છે દર્શન જેમનાં એવા શ્રીહરિને, વારંવાર નમસ્કાર કરતા હતા. શ્રીહરિ પણ પોતાની દૃષ્ટિથી, સંભાષણથી અને અભયમુદ્રાથી તે સમગ્ર ભક્તોની સંભાવના કરતા હતા. (૨૦)

પછી શ્રીહરિએ, પોતાનાં સહચારીજનો તથા પોતાનાં આશ્રિતજનોની સાથે મધુર વાદ્યોના ઘોષ સાંભળતા, તે શ્રેષ્ઠ પુરમાં પ્રવેશ કર્યો. (૨૧)

જેનાં રસ્તાઓ પરિમાર્જીત કરેલા છે તથા સુગંધિમાન જળનો જેમાં છંટકાવ કર્યો છે તથા શોભાયમાન સરખા ઘરો તથા બજારોની પંક્તિઓથી શોભતા વિવિધ વર્ણવાળા તોરણો જેમાં છે એવા, સુંદર દેવમંદિરોથી વિલસિત એવા તે શોભાયમાન નગરમાં પ્રવેશેલા, અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિનાં, પૌરના સમગ્રજનો દર્શન કરીને શાંતિ તથા આશ્ચર્ય પામ્યા. (૨૨-૨૩)

નાશ કર્યો છે કોટિ કામદેવોનો ગર્વ જેમણે એવા સ્વરૂપવાન શ્રીહરિનાં દર્શન કરીને અતિ પ્રસન્ન થયેલી નગરની સ્ત્રીઓ અતિ સુંદર મોગરો, કદમ્બ, જુઈ, ગુલાબ વગેરેના પુષ્પોથી શ્રીહરિને વધાવતી શ્રીહરિનું માહાત્મ્ય પરસ્પર કહેતી હતી. (૨૪) સંસારનો ભય હરનારાં શ્રીહરિએ પુરજનોના સમુદાયને પોતાનાં દર્શન આપીને નગરની સમીપે પોતાનાં સમગ્ર જનોની સાથે તંબુમાં વાસ કર્યો. (૨૫, ૨૬) હે રાજન્ ! પછી શ્રીહરિને તેમનાં પાર્ષદોએ સ્નાન કરાવ્યું. મનુષ્ય નાટ્યધારી, પીડાનાશ કરનાર, ધર્મપ્રિય, ધર્મકુળનું પોષણ

કરનારા શ્રીહરિ, પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને નિવેદન કરેલા નાના પ્રકારનાં ભોજન જમતા હતા. (૨૭)

પછી શ્રીહરિ ઉત્તમ મુખવાસ લઈને શ્વેતવસ્ત્ર ધારણ કરીને પોતાનાં પાર્ષદો તથા પોતાનાં બંધુજનોની સાથે ચંચળ ગતિથી સભામાં પધાર્યા. (૨૮)

શ્રીહરિ સભામંડપમાં શોભાયમાન કોમળ ગાદી તકીયાએ યુક્ત સિંહાસન ઉપર બિરાજમાન થયા. તેમનોં બંધુવર્ગ પણ યથાયોગ્ય શ્રીહરિની સમીપે બેઠો. (૨૯) સત્સંગીઓ, ભક્તજનો, પુરના બ્રાહ્મણો, વર્ણીગણો, સાધુઓ તથા પાર્ષદો પણ જમીને તત્કાળ, (૩૦, ૩૧) તે રમણીય સભાસ્થાનમાં આવીને, શ્રીહરિને નમસ્કાર કરીને, ત્યાં યથાધિકાર પ્રમાણે હર્ષપૂર્વક બેસીને સર્વ પ્રકારની પીડાને નાશ કરનાર છે દર્શન જેમનાં એવા, શ્રીહરિનાં નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરતા હતા. (૩૨)

પછી શ્રીહરિ વેદ તથા સચ્છાસ્ત્રોના બહુ પ્રમાણોથી યુક્ત ધર્માદિ સંબંધી સુંદર અમૃતથી અત્યંત મિષ્ટ વાર્તા કરવા લાગ્યા. તે વખતે સભામાં આવેલો પુરજનોનો સમુદાય પંક્તિબદ્ધ બેસીને આશ્ચર્ય યુક્ત ચિત્તથી પ્રત્યક્ષ શ્રીહરિની વાર્તા સાંભળતા જાણે ચિત્રની માફક સ્થિર થઈ ગયા. (૩૩) ઘણા પ્રતાપશાળી પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ, ત્યાગી સમુદાયોએ યુક્ત અહીં આવેલા છે એ રીતે તે પુરમાં મહા ઉદ્‌ઘોષ થયો (૩૪) આ પ્રમાણે પૂર્ણકામ શ્રીહરિ પોતાનો અનુપમ પ્રતાપ વિસ્તારતા, પોતાને વિષે પ્રીતિવાળા પોતાનાં ભક્તોને આનંદ આપતા ભક્તોની સાથે ત્યાં રહેતા હતા. તે પુરના ભક્તો પણ નિરંતર તેમની સેવા કરતા હતા. (૩૫)

ઈતિશ્રી હરિકૃષ્ણભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ ઉમરેઠમાં પ્રવેશ કર્યો તે નિરૂપણનો ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! નિર્ભયરામ, રૂપરામ તથા વેદ જાણનારા હરિશર્મા તથા ઈશ્વર (૧) નંદુભાઈ તથા બીજા નંદલાલ, ગંગાદત્ત, દયારામ, લક્ષ્મીદત્ત, નરોત્તમ (૨) બે કૃપાશંકર, લીલાધર વગેરે બ્રાહ્મણો મુનિઓની સાથે શ્રીહરિની હર્ષથી પરિચર્યા કરતા હતા. (૩)

મૌની, રૂપા, નાથી, દેવીબા, કુશળબા, સરસ્વતી વગેરે સ્ત્રીઓ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૪) ઊમરેઠપુરના નિવાસી સમગ્ર ભક્તો, બ્રહ્મચારીઓ તથા સંતો વગેરેથી યુક્ત શ્રીહરિને વિવિધ પ્રકારનાં ભોજનોથી દરરોજ તૃપ્ત કરતા હતા. (૫)

રૂપરામ બ્રાહ્મણ, શ્રીહરિ તથા તેમનાં બંધુવર્ગ તથા હજારો વર્ણીઓ, મુનિઓ, પાર્ષદો વગેરેથી યુક્ત શ્રીહરિને વારંવાર પોતાને ઘરે લઈ જઈ અમૃત સમાન ઘી સાકરથી સફેદ મોદકો તથા વિવિધ પ્રકારનાં ભોજનોથી તેમજ દાળ, ભાત, શાક, ભજિયા, મઠા, પાપડ, અથાણાં વગેરેથી તૃપ્તિ પમાડતા

હતા. (૬-૭) નરભેરામ બ્રાહ્મણ શ્રીહરિ તથા તેમનાં બંધુ વર્ગને વારંવાર લઈ જઈને વિવિધ પ્રકારનાં રમણીય ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. (૮) તેમજ અન્ય બ્રાહ્મણ ભક્તો, સંત, વર્ણી તથા પાર્ષદોની સાથે શ્રીહરિને, પોતપોતાનાં ઘરે લઈ જઈને, નાના પ્રકારનાં રમ્ય ભોજનોથી વારંવાર તૃપ્તિ પમાડતા હતા. (૯) તે સમગ્ર વર્ણીઓની સાથે શ્રીહરિને પોતપોતાનાં ઘરે લઈ જઈને આદરપૂર્વક શ્રીહરિની મહા ઉપચારોથી પૂજા પણ કરતા હતા. (૧૦) વિવિધ પ્રકારનાં અમૂલ્ય વસ્ત્રો, સોનાના આભૂષણો, રૂપા તથા સોનાની મુદ્રાઓ તેમજ સુગંધિમાન ચંદન, કુમકુમ, અક્ષત, પુષ્પોના હાર, બાજુબંધ, તોરા તેમજ રમણીય ધૂપ, દીપ વગેરેથી તથા વિવિધ પ્રકારનાં નૈવેદ્યોથી શ્રીહરિનું ભક્તિપૂર્વક પૂજન કરીને, જગદ્‌ગુરુ પ્રભુ શ્રીહરિની, વાદ્યો તથા ગીતોના ઘોષ સાથે મહા નીરાજન કરતા હતા. (૧૧, ૧૨, ૧૩) તે ભક્તોએ શ્રીહરિનાં બંધુ જનોની પણ યથાયોગ્ય પૂજા કરી તથા શ્રીહરિની સાથે આવેલા અન્ય સંતો વગેરેની પણ યથાયોગ્ય પૂજા કરી. (૧૪)

આ પ્રકારે ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પના હાર વગેરે ઉપચારોથી તે ભક્તો ભક્તિપૂર્વક હંમેશાં શ્રીહરિનું પૂજન કરતા હતા. (પહેલા પોતપોતાનાં ઘેર લઈ જઈને પૂજા કરી હતી. પછી સભામાં સૌએ ભેગા થઈને પૂજા કરી તેવો વિવેક જાણવો.) (૧૫-૧૬) ઉમરેઠ ગામની સ્ત્રીઓ ભક્તિથી નમ્ર થઈને વિવિધ પ્રકારનાં ઉપચારોથી આદરપૂર્વક યથાયોગ્ય શ્રીહરિનું પૂજન કરતી હતી. (૧૭) પુરના ભક્તો હંમેશાં ઘણા ભક્તિ ભાવથી જેમનું પૂજન કર્યું છે. એવા પોતાનાં બંધુવર્ગ સહિત શ્રીહરિ તે ભકતોને સુખ આપતા ત્યાં ઉમરેઠમાં રહ્યા. (૧૮)

તે પુરમાં વેદમાં નિપુણ-વેદ, શાસ્ત્રો, મીમાંસા-બ્રહ્મમીમાંસા, તર્કશાસ્ત્ર વગેરેને જાણનારા બ્રાહ્મણો શ્રીહરિનો સર્વોત્કૃષ્ટ પ્રતાપ સાંભળીને; (૧૯) હે રાજન્ ! ઉમરેઠના તથા બીજા હજારો જનોની સાથે મળીને શ્રીહરિને પ્રશ્નો પૂછવાની ઈચ્છાથી શ્રીહરિની સમીપે આવ્યા. (૨૦) મહા સભામાં પોતાનાં રમણીય ઉંચા આસન ઉપર બિરાજેલા શ્રીહરિને જોઈને તે વિદ્વાન બ્રાહ્મણો પરમ આશ્ચર્ય પામ્યા. (૨૧)

પછી તે સભામાં સર્વે વિદ્વાનો જન સમુદાયની અત્યંત ભીડ હોવાથી સભામાં જવા સમર્થ થયા નહિ. તેથી સભાની બહારજ ઊભા રહ્યા. (૨૨) પછી સર્વજ્ઞ ઈશ્વર શ્રીહરિએ તે વિદ્વાનોનો સંકલ્પ જાણીને પોતાનાં શોભાયમાન હાથની ચેષ્ટાથી તે વિપ્રોને બોલાવ્યા. (૨૩)

હે રાજન્ ! તેટલામાં કુબેર ચોપદાર તે વિદ્વાનોને સભામાં લાવવા જગ્યા કરાવવા લાગ્યા. (૨૪) તે વિદ્વાન બ્રાહ્મણો તે સભામાં પ્રતિષ્ઠિત કુળવાન અને શીલ વગેરે ગુણવાળા ઘણા ભક્તોને જોઈને આશ્ચર્યથી ગરકાવ થઈ સભામાં પ્રવેશ કરવા લાગ્યા. (૨૫) શ્રીહરિએ તે બ્રાહ્મણોનો સત્કાર કર્યો તે બ્રાહ્મણો પણ શ્રીહરિને નમસ્કાર કરીને તેમની આજ્ઞાથી શ્રીહરિની સમીપે યથા યોગ્ય બેઠા. (૨૬) તે બ્રાહ્મણો પુણ્યદર્શન શ્રીહરિને તથા દિવ્ય સભાને જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૭) નેત્રની સંજ્ઞા પરસ્પર કરી પ્રેરણા કરતા તે સમગ્ર બ્રાહ્મણો શ્રીહરિનાં પ્રતાપથી પરાભવ પામી વિચાર કરવા લાગ્યા. (૨૮) શ્રીહરિ તેમનાં હૃદયના વિચારો જાણી તેમને કહેવા લાગ્યા. હે વિપ્રો ! તમારે કાંઈ પૂછવું હોય

તો મને પૂછો. (૨૯) વેદને જાણનારા તે સભામાં બેઠેલા દ્વિજો શ્રીહરિનું એવું વચન સાંભળીને જેનાં ઉત્તર દુષ્કર છે તેવા પ્રશ્નો શ્રીહરિને પૂછવા લાગ્યા. (૩૦)

તે બ્રાહ્મણોના પ્રશ્નોના ઉત્તર વેદના પ્રમાણ વચનોથી, તે સભાજનોને અત્યંત વિસ્મય પમાડતા શ્રીહરિ તત્કાળ કરતા હતા. (૩૧) પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, કણાદ તથા વૈશેષિક ઉભય ન્યાય જાણનારા બ્રાહ્મણોના છશાસ્ત્ર વિષયક ઘણાં પ્રશ્નોનું શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિએ સમાધાન કર્યું. (૩૨)

હે રાજન્ ! પુરાણને જાણનારા બ્રાહ્મણો શ્રીહરિને પુરાણ સંબંધિ પ્રશ્નો પૂછવા લાગ્યા. તે સમયે શ્રીહરિ પણ તત્કાળ તે પ્રશ્નોનું સમાધાન શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૩૩) વેદ જાણનારા અન્ય વિપ્રો પણ જે જે પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા, હે નૃપ ! શ્રીહરિ તે સર્વે પ્રશ્નોના ઉત્તર વેદના પ્રમાણોથી સમાધાન કરતા હતા. (૩૪) શ્રીહરિએ તે સમયે કરેલી દિવ્યવાણી સુધાના સમુદ્રમાં ઉત્પન્ન થતાં ચંચળ તરંગો સમાન હતી તે દિવ્યવાણી સાંભળીને શ્રોતાઓ અત્યંત આનંદ તથા અતિશય આશ્ચર્ય પામ્યા. તેથી તે બ્રાહ્મણો પોતાનાં મનમાં શ્રીહરિનો અતિ મહિમા સમજવા લાગ્યા. (૩૫)

એ પ્રકારે વેદશાસ્ત્રના પ્રમાણ વચનો મેઘની માફક વર્ષાવતા શ્રીહરિને જોઈને જેમનાં તર્કો નષ્ટ થઈ ગયા છે. એવા તે બ્રાહ્મણો વેદવિદો હોવા છતાં પણ આગળ વિવાદ કરવા જાણે મૂંગા હોય તેમ સમર્થ થયા જ નહિ. (૩૬) એવી રીતે અતિમહાન શ્રીહરિનાં તેજથી પોતાનાં ચિત્તમાં અત્યંત આશ્ચર્ય તથા પરાભવ પામીને ગર્વરહિત થયેલા, શરમથી જેમનાં મુખ નીચા થઈ ગયા છે એવા તે સમગ્ર વિદ્વાન્ બ્રાહ્મણો, શ્રીહરિને અજીત તથા અનુપમ જાણીને તેમનું ઐશ્વર્ય જાણવાની ઈચ્છાથી અત્યંત વિનયપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં પુરના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી તેનું વર્ણન નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

વિદ્વાનો કહે છે :- હે સ્વામિન્ ! આપ ભૂતળમાંથી અધર્મને ઉખેડો છો અને વેદશાસ્ત્રમાં કહેલા ધર્મનું આપના પ્રતાપથી પૃથ્વી ઉપર સ્થાપન કરો છો. (૧) આપના હજારો આશ્રિત નિર્દોષ ત્યાગીઓ, વર્ણીઓ તથા મુનિઓ આ કળિયુગમાં અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરે છે. (૨)

આપના લાખો આશ્રિત ગૃહસ્થ ભક્તો પણ પોતપોતાનાં અધિકાર પ્રમાણે રાત્રિ દિવસ પોતપોતાનાં ધર્મનું પાલન કરે છે. (૩) સધવા અને વિધવા એ બે પ્રકારની સ્ત્રીઓ પણ હંમેશાં પોતપોતાનો સનાતન સ્વધર્મ પાળે છે. (૪) મહોત્સવોમાં લાખો પુરુષો તથા સ્ત્રીઓ આપના દર્શન કરવા માટે દેશાંતરથી આવે છે તે સર્વે યથાર્થ ધર્મ પાળે છે. (૫)

જેવી રીતે આપના આશ્રિત ઘણા પુરુષો તથા સ્ત્રીઓ આપના પ્રતાપથી ધર્મનું પાલન કરે છે. (૬) તેવી રીતે હે પ્રભો ! આ ઘોર કળિયુગમાં અન્ય પુરુષો તથા સ્ત્રીઓ પોતપોતાનાં ધર્મનું પાલન કરવા સમર્થ થતા નથી. (૭)

હે ભગવન્ ! આ ઘોર કળિયુગમાં આપના પ્રતાપથી આ પૃથ્વી ઉપર સત્યયુગ સમાન ધર્મ આપ પ્રવર્તાવો છો. (૮) હે સ્વામિન્ ! આપના ઘણા આશ્રિત ભક્તોએ સાધન વિના પણ અન્યને દુર્લભ એવો અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે. (૯)

સદ્‌ગુણ તથા ઐશ્વર્યના સમુદ્રરૂપ, મહાપ્રતાપશાળી, સત્પુરુષોએ પ્રાર્થના કરવા યોગ્ય આપ હે પ્રભો ! પૃથ્વી ઉપર અનુપમેય હોવાથી સર્વોત્કર્ષપણે વર્તો છો. (૧૦) પૂરના બ્રાહ્મણો, તથા અમો આપનું ઐશ્વર્ય જોવા માટે ઈચ્છીએ છીએ. તેથી અમોને આપનું અદ્‌ભુત ઐશ્વર્ય આપ બતાવો. (૧૧)

હે સ્વામિન્ ! મહાપ્રતાપ જેમનોં છે. એવા સર્વનું હિત ઈચ્છતા, યોગૈશ્વર્યાદિ યુક્ત મહાત્માઓને દુષ્કર શું છે ? અર્થાત્ કાંઈપણ નથી. (૧૨)

પહેલાં શ્રીશંકરાચાર્યે પોતના પ્રતાપથી પાડા પાસે વેદ બોલાવ્યા હતા. એવી જનશ્રુતિ સંભળાય છે. (૧૩) તેથી આપ અમોને તે અદ્‌ભુત ઐશ્વર્ય બતાવો તો અમો આપને નિશ્ચય પરમેશ્વર જાણીએ. (૧૪) આવી રીતે અમો સર્વે પુરવાસીઓની મહેચ્છા છે. હે સ્વામિન્ ! હે દયાનિધે ! તે આપ જે પૂર્ણ કરવા યોગ્ય છો. (૧૫)

એવું સાંભળીને શ્રીહરિ તેમને પોતાનું અલૌકિક ઐશ્વર્ય બતાવીને તેમનોં સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરવાની ઈચ્છા કરતા હતા. (૧૬) અતિ કરુણામૃતથી ભીનાં છે લોચન જેમનાં અને મંદહાસ્ય યુક્ત છે મુખકમળ જેમનું છે એવા શ્રીહરિ, તેમને આવું વચન કહેવા લાગ્યા. (૧૭)

હે વિદ્વાનો ! ભગવાન પોતાનું ઐશ્વર્ય લોકોને બતાવે આવું જે તમોએ કહ્યું પરંતુ તે રીત યથાર્થ નથી. (૧૮) હે બ્રાહ્મણો ! પૂર્વે ભગવાનનું ઐશ્વર્ય જોઈને કયા દેહધારીઓએ તેમનોં નિશ્ચય કરીને ભગવાનનો આશ્રય કર્યો ? તે કહો. (૧૯) આ લોકમાં સાધુ પુરુષના પ્રસંગથી સચ્છાસ્ત્રોમાં કહેલા પ્રત્યક્ષ પરમેશ્વરના અસાધારણ સદ્‌ગુણો જાણીને; (૨૦)

પરમેશ્વરનો દઢતર નિશ્ચય થાય એવી સનાતન રીત છે. આ પ્રકારે કરેલો ભગવાનનો નિશ્ચય કોઈ પણ વિઘ્નથી નાશ પામે નહિ. (૨૧) તો પણ હે વિદ્વાનો ! જ્યારે તમારો આગ્રહ છે તો હે પંડિતો ! મારું ઐશ્વર્ય હું તમોને બતાવીશ (૨૨) હે વિદ્વાનો ! શંકરાચાર્યે પાડા પાસે વેદ બોલાવ્યા એમ જે તમોએ કહ્યું પરંતુ એ રીત નથી એમ તમો સત્ય જાણો. (૨૩)

પાડાની ઉપમા આપવા યોગ્ય કોઈ જાડી બુદ્ધિવાળા બ્રાહ્મણ પાસે શંકરાચાર્યે વેદ બોલાવ્યા હોય એમ હે વિપ્રો ! તમો જાણો. (૨૪) તેથી પાડાના જેવો કોઈ મૂઢ, એક પણ અક્ષર ન જાણતો હોય તેવો, કોઈ બ્રાહ્મણ અહીં તમો મારી પાસે લાવો. તેની પાસે હું વેદો બોલાવું. (૨૫)

શ્રીહરિનું આવું વાક્ય સાંભળીને તે બ્રાહ્મણો, ડભાણપુરના નિવાસી, સભામાં બેઠેલા તદ્દન નિરક્ષર હરિશંકર બ્રાહ્મણને શ્રીહરિની સમીપે લઈ જઈને શ્રીહરિને કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! ગાંડા જેવો આ બ્રાહ્મણ મૂર્ખાધીશ છે. (૨૬-૨૭) પશુસમાન એવા આ બ્રાહ્મણ પાસે આપ વેદ બોલાવો; જો આ બ્રાહ્મણ વેદોચ્ચારણ કરશે તો અમો આપને પરમેશ્વર જાણીશું. (૨૮)

હે મહીપતે ! શ્રીહરિએ તેમનું આવું વચન સાંભળીને તેની આત્યંતિક મુક્તિ કરવા માટે પોતાનું ઐશ્વર્ય તેમને બતાવવા ઈચ્છા કરી. (૨૯) હે ભૂપત ! પછી જેમ પૂર્વે શ્રીહરિએ મનથી બ્રહ્માને પ્રેરણા કરી તેવી રીતે શ્રીહરિએ તે બ્રાહ્મણ પ્રત્યે કૃપાદૃષ્ટિ કરીને તેને વેદોની સ્ફુરણા કરી. (૩૦)

પછી શ્રીહરિએ તેને પોતાનાં હસ્ત કમળથી સ્પર્શ કરીને આ પ્રમાણે કહ્યું. હે વિપ્ર ! સમગ્ર પદક્રમ વગેરેથી યુક્ત સામવેદનું તમો ઉચ્ચારણ કરો. (૩૧) પછી જેમ શ્રીવાસુદેવ ભગવાને ભૂમિપતિ ધ્રુવજીના કપોલ પ્રદેશમાં શંખથી સ્પર્શ કર્યો ત્યારે તે મહાપ્રજ્ઞાને પામ્યા. તેવી રીતે આ બ્રાહ્મણ શ્રેષ્ઠ બુદ્ધિ પામ્યો. (૩૨)

પછી બ્રાહ્મણે મનોહર સામવેદનું મધુર ગાન કર્યું. તે બ્રાહ્મણે સામવેદનું ગાન પદક્રમ વગેરેથી યુક્ત યથાર્થ રીતે કરેલું સાંભળીને તે વિદ્વાન બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા. (૩૩) સભામાં બેઠેલા સમગ્ર પંડિતો તથા અન્ય જનો તે બ્રાહ્મણે આવી રીતે ઉચ્ચસ્વરે ગંગાના પ્રવાહ સમાન કરેલું સામવેદનું ગાન આનંદિત થઈને સાંભળતા હતા. (૩૪)

પંડિતો ઋગ, સામ અને યજુર એ ત્રણ વેદના ઉપનિષદાત્મક ત્રણ ભાગમાં વહેંચાયેલા મંત્રો સંબંધી જે જે પૂછતા હતા તે સર્વેનું તે બ્રાહ્મણ તત્કાળ ઉચ્ચારણ કતો હતો (૩૫)

આવી રીતે ત્રણ રાત્રિ ને ત્રણ દિવસ સુધી તે બ્રાહ્મણમાં તે સમયે વેદ ધ્વનિનો સતત સંચાર રહ્યો. વેદશાસ્ત્રને જાણનારા વિદ્વાનો તેમજ અન્યજનો આવું આશ્ચર્ય જોઈને અત્યંત હર્ષ પામ્યા. (૩૬)

પછી તે પંડિતો તથા તે પુરના અન્ય બ્રાહ્મણાદિકજનો પૂર્ણકામ શ્રીસ્વામિનારાયણને પ્રત્યક્ષ ભગવાન જાણવા લાગ્યા. (૩૭) અત્યંત પ્રસન્ન થયેલા વેદ, શાસ્ત્ર, પુરાણને જાણનારા તે સમગ્ર બ્રાહ્મણો તથા બીજા હજારો બ્રાહ્મણો પણ સંશય રહિત થઈને શ્રીહરિનો દૃઢાશ્રય કરવા લાગ્યા. (૩૮)

તે સમયે જેમને અત્યંત પ્રેમ છે એવા તે જનો શ્રીહરિનો સર્વોત્તમ સમાશ્રય કરી દક્ષિણા લેવા માટે એક બીજાના ઉપર પડતા હતા. (૩૯) તે સર્વે શ્રી સ્વામિનારાયણનો સમાશ્રય કરીને પોતાનાં અધિકાર પ્રમાણે પોતપોતાનાં ધર્મનું પાલન કરતા અનન્ય ભાવવાળા થઈ હંમેશાં શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૪૦)

દેહધારીઓની આત્યંતિકી મુક્તિ કરવા માટે પોતાનો પ્રતાપ વિસ્તારતા પોતાનાં આશ્રિત ભક્ત સમુદાયોએ જેમનાં ચરણ કમળનું સેવન કર્યું છે એવા તે શ્રીહરિ પોતાનાં જનોને આવી રીતે નિરંતર સુખ આપતા બિરાજતા હતા. (૪૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ પ્રદર્શિત કરેલા ઐશ્વર્યનું વર્ણન નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ઉમરેઠમાં શ્રીહરિ વસંત પંચમીનો ઉત્સવ કરશે એમ જાણીને જુદા જુદા દેશના સેંકડો પુરુષ તથા સ્ત્રી ભક્તો હે ભૂપતે ! શ્રીહરિનાં દર્શનમાં ઉત્કંઠાવાળા માઘસુદી ચોથને દિવસે અત્યાનંદપૂર્વક ઉમરેઠમાં આવ્યા. (૧-૨)

દેશાન્તરથી આવેલા તે ભક્તો સભામાં બેઠેલા ઘણા ભક્તોથી વીંટાયેલા શ્રીહરિને જોઈને જેમ ચંદ્રને જોઈને ચકોર અત્યંત શાંતિ પામે તેમ અત્યંત શાંતિ પામ્યા. (૩) પછી તે ભક્તો, જેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે અને પુષ્પોના હાર વગેરેથી જે શોભાયમાન છે એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૪)

પછી શ્રીહરિએ તે સમગ્ર ભક્તો પ્રત્યે દૃષ્ટિ કરીને, તેમજ તેમની સાથે સંભાષણ કરીને, તેમનાં માર્ગનો પરિશ્રમ નાશ કરી તેમને મહાઆનંદવાળા કરી દીધા. (૫)વ્યાપક શ્રીહરિએ તે હજારો ભક્તોની ઉતારા અપાવવા તેમજ બીજી અન્ય રીતે પ્રીતિપૂર્વક યથાયોગ્ય-સંભાવના કરી. (૬)

વસંત પંચમીના દિવસે પ્રાતઃકાળે નરનાટ્યધારી શ્રીહરિ સ્નાન કરીને પોતાનો સર્વે નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૭) તેટલામાં હજારો હજાર ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો પોતપોતાનો નિત્યવિધિ કરીને તત્કાળ સભામાં આવ્યા. (૮) તે ભક્તો ત્યાં વિશાળ સભા મંડપમાં યથાયોગ્ય બેસીને શ્રીહરિની વાટ જોતા હતા. (૯)

પછી શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે વળી જેમણે ધારણ કરેલા પુષ્પોના હાર તથા બાજુબંધ કર્ણના ગુચ્છા વગેરેમાં ભમરાઓ ગુંજન કરી રહ્યા છે. એવી શોભાથી શોભાયમાન, કેસર યુકત ચંદનનું ઉર્ધ્વપુંડ્ર તેમાં સુંદર કુમકુમનું ચંદ્રક ધારણ કર્યુ છે એવી શોભાયુક્ત, શોભાયમાન રુમાલ હાથમાં ધારણ કર્યો છે તથા ચટ્ ચટ્ ધ્વનિ કરતી પાદુકાવાળા (૧૦-૧૧)

પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા, પોતાનાં બંધુઓથી યુક્ત, ચંચળગતિવાળા શ્રીહરિ સભામાં પધાર્યા. (૧૨) શ્રીહરિને દૂરથી આવતા જોઈને તે સભાસદો તત્કાળ ઊભા થયા અને પ્રીતિથી પ્રણામ કરી ઊંચા સ્વરથી જય ધ્વનિ કરવા લાગ્યા. (૧૩)

પછી શ્રીહરિ સભામાં પોતાનાં ઉંચા સિંહાસનની સમીપે આવીને સર્વના મન હરણ કરતા બિરાજ્યા. (૧૪) શ્રીહરિનાં બંધુઓ પણ સભામાં આવીને પોતાને યોગ્ય આસન ઉપર બેઠા, સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ યથાયોગ્ય સભામાં બેઠા. (૧૫)

પછી હર્ષપૂર્વક મુનિઓ તાલપૂર્વક મૃદંગ સાથે કાંસા વગાડીને શ્રીહરિનાં પદો ગાતા હતા. (૧૬) તેટલામાં પુરના ભક્તજનો સુંદર રંગથી ભરેલા ઘડા તથા રંગથી ભરેલા પાત્રો ત્યાં લાવવા લાગ્યા. (૧૭) હે ભૂપતે ! તે ભક્તો પુષ્કળ અબીલ, ગુલાલ મોટી કથરોટોમાં ભરીને તત્કાળ ત્યાં લાવ્યા. (૧૮) તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ, સુંદર વસ્રથી દઢતાપૂર્વક કેડ્ય બાંધીને, પોતાનાં ભક્તોને આનંદ આપવા ઊંચા મંચ ઉપર ચઢ્યા. (૧૯)

પછી શ્રીહરિ વારંવાર પોતાનાં પાર્ષદોએ હાથ વડે ઉંચકેલા પાત્રોમાંથી રંગ લઈને ભક્તો ઉપર રંગ નાંખવા લાગ્યા. (૨૦) શ્રીહરિ તે ભક્ત જનના સમુદાયને જોતા તેમજ તેમનાં પ્રત્યે હસતા પોતાનાં હાથ વડે દૂર રહેલા ભક્તો ઉપર જોરથી રંગ ફેંકવા લાગ્યા. તેથી જાણે સમીપે રહેલા ભક્તો ઉપર રંગ ફેંકતા હોય તેવા જણાતા હતા. (૨૧)

શ્રીહરિએ લાખો ભક્તો ઉપર વારંવાર પુષ્કળ રંગ નાંખીને તે સમગ્ર ભક્તોના વસ્રો ભીના કર્યા. (૨૨) તે સમગ્ર ભક્તો ઉપર શ્રીહરિ વારંવાર પ્રેમથી મુઠ્ઠીઓ ભરી ગુલાલ તથા અબીલ ફેંકતા હતા (૨૩)

શ્રીહરિએ આવી રીતે તે ભક્તો ઉપર વારંવાર પુષ્કળ ગુલાલ નાંખીને તે સર્વે ભક્તજન સમૂહને લાલ વર્ણથી રંગી નાંખ્યા. (૨૪)આવી રીતે શ્રીહરિ રંગ ક્રીડા કરીને પોતાનાં આશ્રિતોને અત્યંત સુખી કરી પોતાનાં જનોની સાથે પોતાનાં નિવાસમાં પધાર્યા (૨૫)

પછી રસોઈ તૈયાર થઈ છે તે જાણીને શ્રીહરિ ભોજનના સ્થાનમાં પધાર્યા અને રંગની ક્રીડાથી થાકી ગયેલા સાધુ વગેરેની પંક્તિઓ કરાવી. (૨૬) પછી શ્રીહરિએ સુંદર મોતીયાલાડુ સાધુઓને પીરસીને તેમને તૃપ્ત કર્યા. બીજા પાર્ષદો તથા ઉત્તમ રાજાને પણ તૃપ્ત કર્યા. (૨૭)

પછી હે રાજન્ ! પ્રભુ શ્રીહરિએ પોતે વર્ણીઓની પાકશાળામાં જઈને તેમનાં ભોજન પ્રત્યે દૃષ્ટિ કરીને તે પ્રસાદીના કર્યા. (૨૮) પછી તે સર્વે બ્રહ્મચારીઓ શ્રીહરિને સંભારીને જમતા હતા. પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદોથી વીંટાઈને પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૯)

હે ભૂપતે ! પછી પોતાનાં બંધુઓની સાથે શ્રીહરિ સ્નાન કરીને વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૩૦) પછી શ્રીહરિએ હાથ, મુખ ધોઈને મુખવાસ ગ્રહણ કર્યો. પછી શ્વેત વસ્ત્રો તથા પાઘ ધારણ કર્યા. (૩૧)

પછી શ્રીહરિ પોતાનાં બંધુઓની સાથે પાર્ષદોથી વીંટાઈને સભાસ્થાનમાં પધાર્યા અને ઉંચા આસન ઉપર બિરાજમાન થયા. (૩૨) શુદ્ધ અંતઃકરણવાળા અચ્યુત શ્રીહરિનાં દર્શન કરીને રામ પ્રતાપ વગેરે શ્રીહરિની સમીપે યોગ્ય આસન ઉપર બેઠા. (૩૩)

શ્રીહરિનાં દર્શનની આસકિતવાળા સમગ્ર ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો પણ સભામાં યથાયોગ્ય બેઠા. (૩૪) ત્યારપછી દેશાંતરથી આવેલા શ્રીહરિનાં સમગ્ર ભક્તો તેમજ પુરના ભક્તો નાના પ્રકારનાં મહામૂલ્યવાળા વસ્રાલંકારો તથા ચંદન પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૩૫)

શ્રીહરિનાં બંધુઓ તથા અન્ય વર્ણીઓ તથા મુનિઓ જેમાં મુખ્ય છે એવા જનોની તે ભક્તજનોના સમૂહે પૂજાની સામગ્રીઓથી યથાયોગ્ય પૂજા કરી. (૩૬)

દેશાન્તરની તથા પુરની સ્ત્રીઓ પણ શ્રીહરિનું વિવિધોપચારોથી સારી રીતે પૂજન કરતી હતી. તેમજ તેમણે સુવાસિની તથા અન્ય સમગ્ર સ્ત્રીઓની પણ પૂજા કરી. (૩૭)

શ્રીહરિ પોતાનાં આશ્રિતોની શિક્ષાને માટે ધર્માદિ સંબંધિ અમૃતથી પણ શ્રેષ્ઠવાર્તા કરીને, તે ભક્તોને અત્યંત આનંદ પમાડતા હતા. (૩૮) પછી ઈશ્વર શ્રીહરિ તે ભક્તજનોને પોતપોતાનાં દેશમાં જવા આજ્ઞા આપતા હતા. તેથી સર્વે ભક્તોપોતાનાં પ્રિય સ્વામી શ્રીહરિને પ્રણામ કરીને પોતાનાં દેશ પ્રત્યે જવા લાગ્યા. (૩૯)

પોતાનાં ભક્તોના સુખ માટે ઉમરેઠમાં મહોત્સવ કરીને, પોતાનાં સમગ્ર સહચારીઓ તેમજ આત્મીયજનો સાથે માઘસુદી છઠને દિવસે સવારમાં અશ્વ ઉપર બિરાજમાન થયેલા ભગવાન શ્રીહરિને તે પુરના ભક્તજનોએ વાદ્યોના ઘોષ સાથે વળાવ્યા. એટલે અસવારોના સમુદાયથી તથા પાર્ષદોથી વીંટાઈને શ્રીહરિ તે પુરથી નીકળ્યા. (૪૦)

ભક્તજનોની પીડાને નાશ કરનારા સ્વયં શ્રીહરિ, દૂર સુધી પોતાની પાછળ આવેલા, પોતાનો વિરહ સહન નહિ કરી શકતા અને જેમણે પોતાનો પ્રતાપ જોયો છે એવા, અત્યંત પ્રેમનાં અશ્રુઓથી જેમનાં નેત્રો રોકાયાં છે. એવા, તે સર્વે ભક્તોને પાછાવાળીને, પોતાનાં ભક્તોની સાથે માર્ગમાં ચાલતા ચાલતા આણંદપુરમાં પધાર્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ વસંતોત્સવ કર્યો તે નિરૂપણ નામે સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પુરના ભક્તજનો શ્રીહરિ પધારે છે તેવું સાંભળીને ગીત તથા વાદ્યોના ઘોષ સહિત હર્ષપૂર્વક તત્કાળ સન્મુખ ગયા. (૧) તે ભક્તોએ શ્રીહરિને નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરી. તેથી અશ્વેશ્વર ઉપર બિરાજેલા શ્રીહરિએ અસવારો તથા પાર્ષદોથી વીંટાઈને સાધુઓ તેમજ ભક્તોએ ઉચ્ચારેલા જયધ્વનિ તથા બંધૂકોના અવાજ સાથે તે રમ્ય પુરમાં પ્રવેશ કર્યો. (૨,૩)

પુરના લોકોએ જેમનાં દર્શન કર્યાં છે તે શ્રીહરિએ, પુરની બહાર પોતાનાં ભક્તોની સાથે અનુકૂળ સ્થાનમાં વાસ કર્યો. (૪) આણંદપુરમાં શ્રીહરિનાં ચરણકમળના આશ્રિત બ્રાહ્મણ ભક્તો દિનકર, દુર્લભરામ, મયારામ, લક્ષ્મીદત્ત વગેરે તથા મૂળજી વગેરે વણકરો તથા અન્ય ભક્તજનો, શ્રીહરિનાં બંધુ રામપ્રતાપ

વગેરે તેમજ સાધુઓ તથા વર્ણીઓથી યુક્ત શ્રીહરિની હર્ષથી સેવા કરતા હતા. તેમજ ધન્યા, તારા વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૫, ૬, ૭)

પછી શ્રીહરિ ત્યાં સ્નાન કરીને વિધિ પ્રમાણે નિત્ય વિધિ કરીને, બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. (૮) પછી શ્રીહરિએ હાથ તથા મુખની શુદ્ધિ કરીને, મુખવાસ લઈને, મોળીયું તેમજ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. (૯) પછી શ્રીહરિ, પોતાનાં બંધુઓ સાથે પાર્ષદોથી વીંટાઈને ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકાઓ પાદારવિંદમાં ધારણ કરીને સભાસ્થાનમાં પધાર્યા. (૧૦)

સભામાં શ્રીહરિ પોતાનાં સ્થાનમાં બિરાજ્યા. શ્રીહરિની સમીપે આસનો ઉપર યોગ્યતા પ્રમાણે તેમનાં બંધુઓ વગેરે બેઠા. (૧૧) તેટલામાં સાધુઓ, વર્ણીઓ તથા પાર્ષદો જુદા જુદા પાક કરીને યથાયોગ્ય જમતા હતા. (૧૨) પછી તે સર્વે તત્કાળ સભામાં આવ્યા અને શ્રીહરિને હર્ષથી નમસ્કાર કરીને શ્રીહરિનાં સ્વરૂપમાં જેમનાં નેત્રો સ્થિર થઈ ગયાં છે એવી સ્થિતિ યુક્ત સભામાં બેઠા. (૧૩) પછી પુરના નિવાસી ભક્તો મહામૂલ્યવાળાં અંબર તથા ભૂષણો તેમજ સમગ્ર ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૪) શ્રીહરિનાં બંધુઓ વગેરે તથા અન્ય વર્ણીઓ તેમજ સાધુ વગેરે સમગ્ર ભક્તો શ્રીહરિની યથાયોગ્ય પૂજા કરતા હતા. (૧૫)

ત્યાંની ભક્ત સ્ત્રીઓ પણ ઉપચારોથી ભક્તિ પૂર્વક શ્રીહરિની પૂજા કરીને ધર્મવંશીય સ્ત્રીઓની હર્ષપૂર્વક પૂજા કરતી હતી. (૧૬) તે સમયે શ્રીહરિએ અમૃતથી પણ અધિક એવી કલ્યાણકારી મધુર વાર્તા હર્ષપૂર્વક કરી. (૧૭) હે રાજન્ ! તે વાર્તા સાંભળીને પુરના કેટલાક દૈવી મુમુક્ષુઓ હરિશંકર, જેભાઈ વગેરે આનંદ પામ્યા. મહાપાપાદિ પાપકર્મના અત્યંત આસક્ત આસુરી સંપત્તિએ યુક્ત માહેશ્વર, શંકર, વિઠ્ઠલ તથા મેરુ વગેરે આસુરીજનો બળવા લાગ્યા. (૧૮) ભક્તોનું પ્રિય કરનારા શ્રીહરિ પોતાનાં ભક્તોને આનંદ આપતા પોતાનાં ભક્તોથી સેવાયેલા ત્યાં તે રાત્રિ રહ્યા. (૧૯)

અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં બંધુઓ અસવારો તેમજ પાર્ષદોથી વીંટાઈને વર્ણીઓ તથા મુનિઓ વગેરેથી યુક્ત, ગીત વાજિંત્રોના ઘોષ સાથે પુરવાસીઓએ શ્રીહરિને વળાવ્યા. તેથી સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ભાટ ચારણોએ ગાયેલા પોતાનાં યશને સાંભળતા ત્યાંથી નીકળ્યા. (૨૦, ૨૧) દૂર સુધી પોતાની પાછળ આવતા ભક્તોને પાછા વાળીને શ્રીહરિ માર્ગમાં ચાલતા વૃત્તાલયની સમીપે પધાર્યા. (૨૨) પુરના ભક્તજનો શ્રીહરિ પધારે છે એવું સાંભળીને ગીત વાજિંત્રોની ઘોષ સહિત પ્રીતિપૂર્વક તત્કાળ શ્રીહરિની સન્મુખ જતા હતા (૨૩)

તેમણે શ્રીહરિને નમસ્કાર કરીને પ્રાર્થના કરી તેથી સ્વયં શ્રીહરિએ ગીત વાદ્ય પુરઃસર એ પુરમાં પ્રવેશ કરીન પુરના જનોને પોતાનાં દર્શન આપ્યાં. (૨૪) શ્રીહરિનાં દર્શનથી સર્વોત્તમ શાંતિ પામેલો પુરનો જન સમુદાય શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યો. સ્ત્રીઓ પુષ્પાદિ વડે શ્રીહરિને વધાવવા લાગી. (૨૫) પછી પુરથી બહાર ઉત્તર દિશામાં વિશાળ આંબાવાડીઆમાં પ્રભુ શ્રીહરિએ પોતાનાં ભક્તોની સાથે નિવાસ કર્યો. (૨૬) ધર્મનું રક્ષણ કરવામાં તત્પર નરનાટ્યધારી શ્રીહરિએ ત્યાં ગોમતીમાં સ્નાન કરીને પોતાનો

નિત્યવિધિ કર્યો. (૨૭) પછી શ્રીહરિ, વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો વારંવાર મિષ્ટ જળ પીતા પોતાનાં બંધુઓ સાથે જમતા હતા. (૨૮) પછી શ્રીહરિએ બંને હાથ તથા મુખ ધોઈ શ્રેષ્ઠ મુખવાસ લઈને હે ભૂપતે ! સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. (૨૯)

પછી પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા, પોતાનાં બંધુઓ સહિત શ્રીહરિ ભક્તોના મનને હર્ષ પમાડતા સભાસ્થાનાં પધાર્યા. (૩૦) શ્રીહરિ સભાના મધ્ય ભાગમાં ઉંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. શ્રીહરિ બંધુઓ શ્રીહરિની સમીપે યથાયોગ્ય બેઠા. (૩૧) તેટલામાં વર્ણીગણો, સાધુઓ, પાર્ષદો વગેરે તથા ઉત્તમભૂપતિ તેમજ અન્યજનો જમીને શ્રીહરિનાં દર્શનથી ઈચ્છાથી ત્યાં આવ્યા. (૩૨)

પછી પ્રેમથી પરિપૂર્ણ તે સર્વે શ્રીહરિને પ્રણામ કરી દિવ્ય સભામાં યથાયોગ્ય બેઠા. (૩૩) પછી સુંદર પુષ્પોના હાર તથા ચંદન, કુમકુમ વિવિધ પ્રકારનાં ઉપચારો તથા મહામૂલ્યવાળા અલંકારો તથા વસ્ત્રોથી સમગ્ર પુરજનો હર્ષપૂર્વક શ્રીહરિનું પુજન કરતા હતા. તેમજ તેમનાં બંધુઓ, વર્ણીઓ તથા સાધુઓની પણ યથાયોગ્ય પૂજા કરતા હતા. (૩૪, ૩૫)

પછી પુરની સ્ત્રીઓ ઉપચારો વડે શ્રીહરિની પૂજા કરીને શ્રી ધર્મવંશી સ્ત્રીઓની ભક્તિ પૂર્વક પૂજા કરતી હતી. (૩૬) પછી શ્રીહરિ તે સમયે ધર્મ, જ્ઞાન સંબંધિ વાર્તા કરતા હતા. અમૃતથી પણ અતિમિષ્ટ તે શુભ વાર્તા સાંભળીને તે ભક્તો આનંદ પામ્યા. (૩૭) પોતાનાં દર્શન આપવા તથા વચનરૂપી અમૃત સમાન શિક્ષાના વચન કહેવાં તેમજ અમૃત પૂર્ણ દૃષ્ટિથી પોતાનાં સમગ્ર જનોને અત્યંત આનંદ આપતા શ્રીહરિ તે ભક્તોએ કરેલી સેવા અંગીકાર કરતા વૃત્તપુરીમાં નિવાસ કરીને રહ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં આણંદ પુરના ભક્તોએ શ્રીહરિનું અર્ચનાદિ કર્યું તે વર્ણન નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વૃત્તાલય પુરના ઘણા શાખા પુરોમાં ધર્મયુક્ત શ્રીહરિનાં ઘણા ભક્તજનો રહેતા હતા (૧) તે શાખાપુરના ભક્તજનો મુનિઓ તથા વર્ણીઓ વગેરેથી યુક્ત શ્રીહરિને, પોતપોતાનાં ગામમાં લઈ જવા માટે વડતાલ આવીને શ્રીહરિને વારંવાર હર્ષપૂર્વક પ્રાર્થના કરતા હતા. (૨)

પોતાનાં ભક્તોએ એવી રીતે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તે તે ગામોમાં કૃપા કરીને પોતાનાં જનોની સાથે જતા હતા. (૩) ત્યાં ત્યાં શ્રીહરિ જે જે સુમંગળ લીલા કરતા હતા તે તે લીલા સંક્ષિપ્તથી હું તમોને કહું છું તે સાંભળો. (૪)

તે શાખાનગરોમાં પ્રથમ શ્રીહરિ બામરોલી ગામ પ્રત્યે અશ્વ ઉપર બિરાજીને, ઘોડાઓ ઉપર

બેઠેલા પોતાનાં બંધુઓ તથા મુનિઓની સાથે, અસવારોથી વીંટાયેલા, માર્ગમાં સુંદર ગતિવાળા પોતાનાં અશ્વને ખેલાવતા જતા હતા. (૫, ૬)

પછી પોતાનાં ભક્તોની સાથે, ભક્તો ઉપર અનુગ્રહ પરાયણ અને ભક્તોને આનંદ આપતા શ્રીહરિ બામરોલીની અંતર્ગત આવેલા મહુડીયા પરામાં પધાર્યા. (૭)

આશાભાઈ, જોરાભાઈ તથા જાલમ વગેરે ભક્તોએ પોતાનાં ગામમાં શ્રીહરિ પધારે છે તે જાણીને શ્રીહરિ સન્મુખ ગયા. શ્રીહરિનાં દર્શન કરીને હર્ષપૂર્વક શ્રીહરિને તેમણે પ્રણામ કર્યા. (૮, ૯)

પછી તે ભક્તો શ્રીહરિની પ્રાર્થના કરીને આદરપૂર્વક પોતાનાં ગામમાં લાવ્યા. તે ભક્તો વાંસના ટોપલામાં સુંદર આંબાના ફળો ભરીને શ્રીહરિ પાસે લાવ્યા. અને શ્રીહરિની પાસે ટોપલાઓ મૂકીને શ્રીહરિ તથા અન્ય સર્વને જમાડતા હતા. પ્રથમ શ્રીહરિ કેરીઓ જમ્યા. અને પછી સર્વ સંતોને બેબે કેરીઓ આપી. (૧૦)

વિવિધ પ્રકારનાં વૃક્ષોથી શોભાયમાન ગામની નજીકના સ્થાનમાં તે ભક્તો શ્રીહરિને લઈ ગયા અને લીંમડાના વૃક્ષમાં બાંધેલા હીંડોળામાં શ્રીહરિને બેસાડ્યા. (૧૧) તે લીંમડાની નીચે શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ વગેરેની, દર્શનથી જ તત્કાળ પાપને નાશ કરનારી, દિવ્ય સભા થઈ. (૧૨)

ત્યાંના ભક્તોએ હર્ષપૂર્વક પુષ્પના હાર વગેરે ઉપચારો તથા વસ્ત્ર, ભૂષણો વગેરેથી શ્રીહરિની તથા તેમનાં બંધુઓ વગેરેની પૂજા કરી. (૧૩)

પછી વજીબા, જીતાબા, ઝવેરબા વગેરે સ્ત્રીઓને ફુલોના હાર તથા તોરા વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૪) પછી તે ભક્તો પાત્રમાં ભરેલો પુષ્કળ ગુલાલ ત્યાં લાવ્યા. શ્રીહરિ તે ભક્તો ઉપર પ્રેમપૂર્વક પોસો ભરી ભરીને ગુલાલ ફેંકવા લાગ્યા. (૧૫)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને પોતાનાં આત્મીયજનો જે પોતાનાં બંધુઓ તથા સંતો વગેરેની સાથે ચાલતા બામરોલીની સમીપે આવેલી મોટી રાણ્યે ગયા. (૧૬) ભક્તવત્સલ શ્રીહરિ, રાણ્યની સમીપે સુંદર ખેતર જોઈને, તે ખેતરમાં પોતાનાં જનોને આનંદ પમાડતા પોતાનાં અશ્વને ફેરવવા લાગ્યા. (૧૭)

તેટલામાં બામરોલીના તખો પગી, બાજીભાઈ, ભાઈજીભાઈ તથા જોરાભાઈ વગેરે ભક્તો ગુલાલના ભરેલા પાત્રો લઈને તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧૮) પછી તે ભક્તો શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. તે ભક્તોમાં કેટલાક ગૃહસ્થ ભક્તો સોના ચાંદીના ફુલોથી શ્રીહરિને આદરપૂર્વક વધાવતા હતા (૧૯)

તે તખો પગી વગેરે ભક્તોએ રાણ્યમાં બાંધેલા શોભાયમાન હીંડોળામાં શ્રીહરિને હર્ષપૂર્વક બેસાડ્યા. (૨૦) પછી રાણ્યની નીચે શ્રીહરિનાં સંબંધિઓ તથા શ્રીહરિનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળા ત્યાગીઓ તથા ગૃહસ્થોની દિવ્ય મહાસભા થઈ. (૨૧) પછી કાંસીજોડા તથા મૃદંગ વગાડતા અતિ આનંદયુક્ત સાધુઓ શ્રીહરિની આગળ સુંદર પદો ગાવા લાગ્યા. (૨૨)

શ્રીહરિ પ્રીતિપૂર્વક મુનિઓ વગેરે ઉપર ખોબે ખોબે વારંવાર પુષ્કળ ગુલાલ નાંખતા હતા. એ રીતે સર્વે સભાને શ્રીહરિએ રક્ત વર્ણવાળી કરી. (૨૩) તે સમયે સમગ્ર રાણ્ય ગુલાલથી લાલ વર્ણવાળી થઈ ગઈ. લાલ વર્ણવાળા સુંદર હીંડોળામાં શ્રીહરિ પણ લાલ વર્ણવાળા બની શોભતા હતા. (૨૪)

મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ આવી રીતે ક્રીડા કરીને પોતાનાં ભક્તોને અત્યંત સુખી કરીને પછી સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨૫) તેટલામાં ઈચ્છારામે સ્નાન કર્યું. એટલે મુકુંદાનંદ વર્ણીન્દ્રે તેમને પાકની સુંદર સામગ્રી આપી. ઈચ્છારામ રસોઈ કરવા લાગ્યા. (૨૬)

પછી હે ભૂપતે ! બુદ્ધિમાન ઈચ્છારામ વિવિધ પ્રકારનાં ભોજનો પાત્રોમાં ભરીને અમૃતથી પણ સ્વાદિષ્ટ તે ભોજનો વિષ્ણુને નિવેદન કરતા હતા. (૨૭) તેટલામાં નિત્યવિધિ જેમણે સમાપ્ત કર્યો છે તે શ્રીહરિને મુકુંદાનંદ વર્ણીએ જમવા માટે બોલાવ્યા. તેથી શ્રીહરિ ભોજન સ્થાનમાં પધાર્યા. (૨૮)

શ્રીહરિ ત્યાં પાટલા ઉપર બેસીને રામપ્રતાપ વગેરે બંધુઓન સાથે જુદાજુદા ભોજનો જમવા લાગ્યા. (૨૯) ભોજન જમીને તૃપ્ત થયેલા શ્રીહરિએ હાથ તથા મુખકમળ ધોઈને, મુખવાસ લઈ, શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. (૩૦)

તેટલામાં મુનિગણો, વર્ણીઓ તથા પાર્ષદો વગેરેને મોદકો જમાડી લીધા. તેથી તે સર્વ તત્કાળ સભાસ્થાનમાં આવ્યા. (૩૧) શ્રીહરિ પણ પોતાનાં બંધુઓની સાથે ત્યાં પધાર્યા. તે સમયે ઊંચા આસનમાં બિરાજતા શ્રીહરિને ભક્તજનો વંદન કરતા હતા. (૩૨)

તે સભામાં શ્રીહરિનાં બંધુઓ પણ યોગ્યતા પ્રમાણે બેઠા. સમગ્ર ત્યાગીઓ તથા અન્ય ગૃહસ્થો પણ પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. (૩૩) પછી ત્યાંના ભક્તો નાના પ્રકારનાં ઉપચારોથી અતિસ્નેહપૂર્વક શ્રીહરિનું યથાયોગ્ય પૂજન કરતા હતા. શ્રીહરિનાં સંબંધિ રામપ્રતાપાદિ વગેરેનું પણ યથાયોગ્ય ઉપચારોથી તે ભક્તો પૂજન કરતા હતા. (૩૪)

પછી માનબા, રાજબા વગેરે સ્ત્રીઓ પણ પુષ્પના હાર ગુચ્છ, બાજુબંધ, કંકણો તથા વસ્ત્રભૂષણોથી શ્રીહરિની પૂજા કરતી હતી (૩૫) પછી શ્રીહરિએ ધર્માદિ સંબંધિ શુભ વાર્તા કરી. સુધાથી પણ અધિક સ્વાદિષ્ટ રસવાળી તે વાર્તાને સાંભળી તે ભક્તો આનંદ પામ્યા. (૩૬) આવી રીતે ભક્તોને સુખ અને આનંદ આપનારા શ્રીહરિ ભક્તોથી સેવાયેલા ત્યાં એક રાત્રિ રહ્યા. (૩૭)

પ્રાતઃકાળમાં તખા પગી વગેરે પોતાનાં ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. એટલે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને પોતાનાં ભક્તોની સાથે જેઠવાપરામાં પધાર્યા. (૩૮) તે ગામમાં પ્રયાગદાસ તથા કુબેરદાસ વગેરે વૈશ્ય ભક્તો શ્રીહરિ તથા તેમનાં બંધુઓની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૩૯)

તે પ્રયાગદાસ વગેરે ભક્તોએ શ્રીહરિને નમસ્કાર કરી તથા આદરપૂર્વક પ્રાર્થના કરીને શ્રીહરિને લીંમડાના વૃક્ષમાં બાંધેલા હીંડોળા ઉપર બેસાડ્યા. (૪૦) પછી તે લીંમડાના વૃક્ષ નીચે મુનિઓ વગેરેની સભા થઈ. પછી તે ભક્તો પૂજાના ઉપચારો વડે શ્રીહરિનું સારી રીતે પૂજન કરવા લાગ્યા. (૪૧)

મોગરા, ગુલાબ, ચમેલી, જૂઈ વગેરે પુષ્પોના હજારો, તોરાઓ, હાર, ગજરા પ્રીતિપૂર્વક તે ભક્તો શ્રીહરિને અર્પણ કરતા હતા.(૪૨) શ્રીહરિ તે ભક્તોએ અર્પણ કરેલા હરિ, હાથ તથા લાકડી (છડી) વડે લઈ પોતે ધારણ કરેલા તે હાર સભામાં હર્ષપૂર્વક ફેંકતા હતા. (૪૩)

પછી તે સર્વે ભક્તો શ્રીહરિનાં બંધુઓ, અન્ય વર્ણીઓ તથા સાધુઓ વગેરેનું હર્ષથી યથાયોગ્ય પૂજન કરતા હતા. (૪૪) તે સમયે સત્પુરુષોની તે સભા શ્રીહરિનાં પ્રસાદીના હારથી પુષ્પવાળા બગીચાની માફક શોભવા લાગી. શ્રીહરિ પણ તે સમયે અત્યંત શોભતા હતા (૪૫)

આવી રીતે તે ભક્તોને સુખ આપીને સર્વવ્યાપક શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં આત્મીય ભક્તોની સાથે જીંડવા પરાથી નીકળી નરસંડા ગામમાં પધાર્યા. (૪૬) પછી વાજિંત્ર સહિત સામા આવેલા તે ગામના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ તે ગામની પશ્ચિમ દિશાની નજીક નિવાસ કર્યો. (૪૭)

તે ગામમાં ધર્મદાસ, મૂળજીત તથા કૃષ્ણદાસ વગેરે શ્રીહરિની આનંદપૂર્વક સેવા કરવા લાગ્યા. (૪૮) તે ભક્તો પૂજાના વિવિધોપચારો તથા મહામૂલ્યવાળા વસ્ત્રાલંકારોથી શ્રીહરિ તથા તેમનાં સંબંધીઓ તેમજ સંતો વર્ણીઓની યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪૯)

તે ગામમાં ભક્તોએ વડમાં બાંધેલા પુષ્પોથી શોભાયમાન બનાવેલા હીંડોળા ઉપર શ્રીહરિને પ્રીતિપૂર્વક બેસાડ્યા. (૫૦) પછી શ્રીહરિની આગળ મુનિઓ વગેરેની મહાસભા થઈ પછી મુનિઓ વાદ્ય વગાડીને ગાન કરવા લાગ્યા. (૫૧)

શોભાયમાન તે હીંડોળામાં બિરાજેલા, અત્યંત શોભાએ યુક્ત, મનોહર, નિમાયક ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણને તેમની પાસે હંમેશાં રહેતા ઉત્તમ પાર્ષદ સોમ વર્મા ઝુલાવતા હતા. (૫૨) કરોડો કામદેવના જેવા મનોહર છે અંગ જેમનાં એવા શ્રીહરિનાં દર્શન કરીને તે ગામના લોકો અત્યંત શાંતિ પામી ગયા. અને તેથી જાણે ચિત્રમાં ચિત્રેલા હોયને શું ? એમ સ્થિર થઈ ગયા ! (૫૩)

દેદીપ્યમાન અનેક પ્રકારનાં પુષ્પોથી શોભાયમાન ઝૂલતા હીંડોળા ઉપર બિરાજેલા, હીંડોળાના હલનચલનથી જેમની મૂર્તિ વિશેષ શોભાયમાન દીસે છે, મંદ હાસ્ય યુક્ત મુખકમળ જેમનું છે એવા, શ્વેત વસ્ત્રો ધારણ કરનારા, પુષ્પોના હાર તથા તોરા ઝૂકી રહ્યા છે એવા, અદ્ભુત મૂર્તિ જેમની છે એવા શ્રીસ્વામિનારાયણના દર્શન કરતો જનસમુદાય તે સમયે તૃપ્તિ પામ્યો જ નહિ. (૫૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં બામરોલી વગેરે ગામોમાં શ્રીહરિએ લીલા કરી તે વર્ણન નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જેમણે સમગ્ર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે એવી શ્રીહરિ હીંડોળા ઉપરથી ઉતરીને પાર્ષદોથી વીંટાઈને છત્ર ચામર વગેરેથી શોભતા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૧) ત્યાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી મનુષ્ય નાટ્યને શોભાડતા શ્રીહરિ પોતાનાં નિત્યવિધિ કરવા લાગ્યા. (૨)

હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જળ પીતા પીતા જમતા હતા. (૩) ત્યાર પછી શ્રીહરિ પાકશાળામાં પધાર્યા. પછી પોતે સાધુઓને સારી રીતે મોદક પીરસીને તૃપ્ત કર્યા. (૪) તેવી રીતે ઉત્તમ રાજાને તથા સર્વે અસવારો તથા પાર્ષદોને પણ લાડુ પીરસીને શ્રીહરિએ તેમને અત્યંત તૃપ્ત કર્યાં. (૫)

પછી મુકુંદાનંદ વર્ણીએ જળથી શ્રીહરિનાં ચરણ કમળ તથા હસ્તકમળ ધોવડાવ્યા. પછી શ્વેત વસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિ પાર્ષદે સહિત સભા સ્થાનમાં પધાર્યા. (૬) તેટલામાં જમીને ત્યાં આવેલા વર્ણીઓ, સાધુઓ તથા ત્યાંના સર્વે ભક્તો સભામાં યથાયોગ્ય બેઠા. (૮) પછી શ્રીહરિ ધર્માદિ સંબંધિ શુભ વાર્તા કરીને ભક્તોને સુખી કરીને સાધુઓ પ્રત્યે કહેવા લાગ્યા. (૯)

હે સંતો ! મને ઘણો શ્રમ પડ્યો છે. માટે તમો બધાય મારું શરીર ખૂબ દાબો. (સેવા કરો) (૧૦) આવી રીતે કહીને શ્રીહરિ હીંડોળા ઉપરથી ઉતરીને સુકોમળ ગાદી તકિયા યુક્ત મંચ ઉપર જુવાન સાધુઓની સેવા અંગીકાર કરવા માટે સૂઈ ગયા. (૧૧) હે રાજન્ ! પછી શ્રીહરિની સેવામાં આસક્ત પ્રસન્ન મનવાળા મુનિઓ શ્રીહરિનાં અંગો દાબવા લાગ્યા. (૧૨)

તેટલામાં પોતાનાં બળથી ગર્વિષ્ટ ધર્મદાસ વૈશ્ય બીજા ગામથી આવેલો તેથી દૂર ઊભો રહીને શ્રીહરિને જોવા લાગ્યો. (૧૩) હે રાજન્ ! બળવાન અને એથી જ ગર્વિષ્ઠ ધર્મદાસ આ પ્રમાણે તર્ક કરવા લાગ્યો. અહો ! આ આશ્ચર્ય છે ! ઘણાં સાધુઓ મળીને આમનું શરીર દાબે છે. (૧૪)

તપથી કૃશ અને નિર્બળ એ સમગ્ર મુનિઓ આ એકનો પણ શ્રમ નાશ કરી શકતા નથી; (૧૫) હું એક જ બળવાન છું આ શ્રીહરિનાં સર્વે અંગો હું મર્દ કરું. બળરહિત એ ભિક્ષુકોથી શું થાય ? (૧૬)

સર્વવિત્, ગર્વગંજન શ્રીહરિ તેનો આવો સંકલ્પ જાણીને તેને તત્કાળ બોલાવી મંદ હાસ્ય સહિત તેને કહેવા લાગ્યા. (૧૭) હે નરશ્રેષ્ઠ ! તમો બળવાન છો તેથી મારી એક આંગળીનો શ્રમ દૂર કરો. એમ કહીને શ્રીહરિએ પોતાની તર્જની આંગળી તેના પ્રત્યે ધારી. (૧૮)

પછી અત્યંત બળવાળો, મદોદ્ધત, ધર્મદાસ શ્રીહરિની એ અતિ કોમળ તર્જની આંગળી પકડીને બંને રૂક્ષ હાથ વડે તેને દાબવા લાગ્યા. (૧૯) શ્રીહરિની આંગળીનું મર્દન કરવાનો પ્રયાસ કરતો ધર્મદાસના બંને હાથમાં તે આંગળી વજ્રના ખીલાની માફક ચોંટી ગઈ તેથી ધર્મદાસના બંને હાથના તળીયા લાલ થઈ ગયા. (૨૦)

પરસેવાથી તેનું શરીર અત્યંત ભીનું થઈ ગયું, તેથી ધર્મદાસ અત્યંત પ્રયત્ન કરવા છતાં પણ શ્રીહરિની એક આંગળીને દબાવવા સમર્થ થયા નહિ. (૨૧)

તે સમયે તેને શ્રીહરિ કહેવા લાગ્યા. હે મંદ ! હે બળ ગર્વિષ્ઠ ! તમોએ પહેલાં મારા અંગ ભાંગવાનો સંકલ્પ કર્યો હતો. (૨૨) સર્વ ગર્વિષ્ઠ બળવાનોમાં તમો શ્રેષ્ઠ છો. છતાં પણ તમો મારી આ એક આંગળીને નમાવવા માટે કેમ સમર્થ થયા નહિ ? (૨૩)

શ્રીહરિનું આ પ્રકારનું પ્રગલ્ભ વચન સાંભળીને ધર્મદાસ નીચું મસ્તક કરી ગયા તેમનું મુખ કરમાઈ ગયું અને કાંઈપણ બોલી શકવા શક્તિમાન થયા નહિ (૨૪) ધર્મદાસનો ગર્વ ગળી ગયો અને નમ્ર બની ધર્મદાસ શ્રીહરિને બંને હાથ જોડી મહાઆનંદવાળા મુનિઓ સાંભળે તેમ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૫)

હે સ્વામિન્ ! પૃથ્વી ઉપર મેં ઘણા વીર પુરુષોના અંગનું મર્દન કર્યું છે. પરંતુ તમારા જેવા પુરુષ તો મેં કોઈ જોયા નથી. તેમ જ સાંભળ્યા પણ નથી. (૨૬) આપે આપની ઈચ્છાથી મનુષ્ય કૃતિ ગ્રહણ કરી છે તેથી આપ નક્કી પ્રત્યક્ષ ભગવાન છો.

આવી રીતે કહીને તેમનાં બંને ચરણોમાં પોતાનું મસ્તક નમાવીને શ્રીહરિને તેઓ પ્રણામ કરવા લાગ્યા. (૨૭) ધર્મદાસે પછી શ્રીહરિનો અતિ દૃઢ આશરો કર્યો. તેમજ બીજા ગામના મુમુક્ષુજનોએ પણ શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૮) ત્યાંના સમગ્ર ભક્તોની અતિ ભક્તિથી સેવાયેલા શ્રીહરિએ, તે ભક્તોને આનંદ આપતા નરસંડામાં તે રાત્રિ વ્યતીત કરી. (૨૯)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તે ભક્તજનોએ વળાવ્યા. એટલે શ્રીહરિ મુનિઓ વગેરેની સાથે ઉત્તરસંડા ગામમાં પધાર્યા. (૩૦) સન્મુખ આવેલા તે ગામના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તે ગામમાં પોતાને યોગ્ય ઉતારામાં પોતાનાં આશ્રિતો સાથે પધાર્યા. (૩૧)

શ્રીહરિનાં તે ગામના આશ્રિત ભક્ત નરેરદાસ, રામદાસ તથા બેચરભાઈ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૩૨) તેવી રીતે શ્રીહરિમાં અતિસ્નેહવાળા, સુદૃઢ ધર્મવાળા રાઈબા વગેરે સ્ત્રીઓ પણ ધર્મનંદન શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગી. (૩૩)

હે ભૂપતે ! પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા વિવિધ પ્રકારનાં ભોજન જમતા હતા. (૩૪) પોતાનાં ભક્તજનોને પ્રિય ભગવાન શ્રીહરિ હર્ષપૂર્વક મુનિઓ વગેરેને લાડુ પીરસીને તેમને તૃપ્તિ પમાડતા હતા (૩૫)

ત્યારબાદ તે ભક્તોએ મહાઅમૂલ્ય વસ્ત્ર, ભૂષણો તેમજ ચંદન પુષ્પના હાર તથા ઉપચારોથી શ્રીહરિનું હર્ષપૂર્વક પૂજન કર્યું. (૩૬) પછી શ્રીહરિ ત્યાં ધર્માદિ સંબંધિ શુભવાર્તા કરીને પોતાનાં ભક્તોને આનંદ આપતા તે રાત્રિ ત્યાં વીતાવતા હતા. (૩૭)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તજનોની સાથે ત્યાંના સમગ્ર ભક્તોએ વળાવ્યા. એટલે શ્રીહરિ કણજરી ગામમાં પધાર્યા. (૩૮) કણજરી ગામના ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને

શ્રીહરિનું અત્યંત સન્માન કર્યું. પછી શ્રીહરિએ પોતાનાં સહચારીઓ સાથે ગામથી બહાર પોતાનાં અનુકૂળ સ્થાનમાં નિવાસ કર્યો. (૩૯) તે કણજરી ગામમાં નિર્ભયરામ વગેરે બ્રાહ્મણો તથા હરિભાઈ વૈશ્ય તથા રામજીભાઈ વગેરે અન્ય ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૪૦)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને વિષ્ણુને અર્પણ કરેલાં નાના પ્રકારનાં ભોજનો પોતાનાં બંધુઓ સાથે જમતા હતા. (૪૧) ત્યારબાદ પંકિતમાં બેઠેલા સંતોના સમુદાય તથા ઘોડેસવારો તથા અન્ય ભક્તોને સુંદર લાડુ પોતે પીરસીને શ્રીહરિ તેમને તૃપ્તિ પમાડતા હતા. (૪૨)

પછી શ્રીહરિ શ્વેત વસ્ત્રો તથા પાઘ ધારણ કરીને તત્કાળ સભા સ્થાનમાં પધાર્યા અને પોતાનાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન થયા. (૪૩) તેટલામાં વર્ણી સમુદાય જમીને ત્યાં આવ્યો. શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ, પાર્ષદો વગેરે સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૪૪)

પછી તે ગામના ભક્તજનોએ પુષ્પના તોરા, હાર તથા મહામૂલ્યવાળા વસ્ત્રાલંકારો, તેમજ ચંદન, કુંકુમ વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૪૫) તે સમગ્ર ભક્તોએ શ્રીહરિનાં બંધુઓ તથા શ્રીહરિનાં આશ્રિતો તથા અન્ય ત્યાગીજનોનું અનુક્રમ પ્રમાણે યથાયોગ્ય જુદાજુદા પ્રકારનાં શ્રેષ્ઠ ઉપચારોથી પૂજન કર્યું. (૪૬)

આવી રીતે ભક્તિથી નમ્ર બનેલા ભક્તોથી સેવાયેલા શ્રીહરિએ ધર્માદિના ઉપદેશ સંબંધી વાર્તા કરીને, પોતાનાં સમગ્ર ભક્તોને આનંદ આપી તે રાત્રિ ત્યાં વ્યતીત કરી. (૪૭) સવારમાં ઉત્તમ ગતિવાળા અશ્વ ઉપર બિરાજેલા સુંદર શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે તે શ્રીહરિને પોતાનાં સહચારીઓની સાથે ત્યાંના ભક્ત સમુદાયે વળાવ્યા. એટલે સત્પતિ શ્રીહરિ માર્ગમાં ચાલતા ઘોડેસવારોથી વીંટાયેલા, અશ્વના મહાવેગથી જેમણે ધારણ કરેલા તોરાઓ ઉછળે છે તે પ્રકારે જોળ ગામમાં પધાર્યા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં નરસંડા વગેરે ગામોમાં શ્રીહરિએ લીલા કરી તેના વર્ણનનો ત્રીસમો અધ્યાય સંપૂર્ણ.(૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- જોળ ગામના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. પછી શ્રીહરિએ ગામ બહાર પોતાને અનુકુળ એવા સ્થાનમાં નિવાસ કર્યો. (૧) જોળ ગામમાં રામદાસ તથા પ્રભુદાસ વગેરે ભક્તો પોતાનાં ભક્ત જનોની સાથે શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૨)

પછી શ્રીહરિનાં ચરણ કમળમાં પ્રીતિવાળા તે સમગ્ર ભક્તોએ વિશાળ લિંબતરુ નીચે બાંધેલા હીંડોળા ઉપર શ્રીહરિન બેસાડ્યા. (૩) તે સ્થાનમાં શ્રીહરિનાં બંધુ રામપ્રતાપ તથા ઈચ્છારામ તથા મુનિઓ વગેરેની પાપ તથા તાપનો નાશ કરનારું છે દર્શન જેનું એવી દિવ્ય મહાસભા થઈ. (૪)

પછી તે ભક્તોએ પુષ્પોના હાર તથા ચંદન ઘણાં મૂલ્યવાળાં વસ્ત્રો, ભૂષણો વગેરેથી શ્રીહરિની

પૂજા કરી. (૫) તે ભક્તોએ શ્રીહરિનાં બંધુઓ તથા અન્ય સાધુ વગેરેની પણ તેવી રીતે ઉપચારોથી યથાયોગ્ય પૂજા કરી. પછી સભામાં બેસીને તેઓ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૬) સુંદર દોલા ઉપર ચલયાન મૂર્તિ જેમની છે એવા ભગવાન શ્રીહરિ પોતાની પ્રસાદીની ઈચ્છાવાળા સાધુઓ પાસે ભગવાનનાં નાના પ્રકારનાં ચરિત્રો સંબંધિ કીર્તનો ગવડાવતા હતા. (૭)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્ય વિધિ કરીને વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો પોતાનાં બંધુઓ સાથે જમતા હતા. (૮) ત્યારબાદ શ્રીહરિ સાધુઓ તથા પાર્ષદોને મોદકો પીરસીને તેમને તૃપ્તિ પમાડતા હતા. તે સમયે વર્ણીઓ પણ ભોજન જમતા હતા. (૯)

પછી પાર્ષદોની સાથે શ્રીહરિ હીંડોળા પાસે આવી હીંડોળા ઉપર બિરાજ્યા. તેમનાં બંધુઓ તથા સાધુઓ સર્વે તે દોલાની સમીપે બેઠા. (૧૦) પછી શ્રીહરિએ ધર્માદિ સંબંધિ શુભ વાર્તા કરી. એ રીતે પોતાનાં ભક્તોને આનંદ આપી શ્રીહરિએ તે રાત્રી ત્યાં વ્યતીત કરી. (૧૧)

સવારમાં તે ગામના રામદાસ આદિક હરિભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી નીકળી વલાસણ પધાર્યા. (૧૨) સન્મુખ આવેલા વલાસણના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ ગામની બહાર પોતાને યોગ્ય સ્થાનમાં પોતાનાં અનુયાયી વર્ગ તેમજ બંધુઓની સાથે નિવાસ કર્યો. (૧૩)

વલાસણ ગામના વક્તૃ વગેરે હરિભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તેમજ ભક્તિવાળી સુખા વગેરે સ્ત્રીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગી. (૧૪)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો પોતાનાં બંધુઓની સાથે જમ્યા. (૧૫) ત્યારબાદ શ્રીહરિએ સાધુઓ તથા પાર્ષદો વગેરેને મોદકો પીરસીને તેમને તૃપ્ત કર્યાં. વળી સમગ્ર વર્ણીઓ પણ મોદકો જમતા હતા. (૧૬)

તે ભક્તોએ શ્વેત ઉત્તમવસ્ત્રો જેમણે ધારણ કર્યાં છે તે શ્રીહરિને પ્રાર્થના કરી હીંડોળાના સ્થાનમાં લઈ જઈને મોટી આંબલીમાં બાંધેલા હીંડોળામાં શ્રીહરિને બેસાડ્યા. (૧૭) શ્રીહરિનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળાં ભક્તો, શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ વગેરેની ત્યાં દિવ્ય સભા થઈ. (૧૮)

પછી તે ભક્તોએ શ્રીહરિનું શ્રેષ્ઠ ઉપચારો, મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણોથી પૂજન કર્યું. રામપ્રતાપ તથા સાધુઓ વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. (૧૯) પછી પોતાનાં ભક્તોને આનંદ પમાડતા ધર્મજ્ઞાનાદિ સંબંધિ ઉપદેશ વાર્તા કરીને શ્રીહરિએ તે રાત્રી ત્યાં (વલાસણમાં) વ્યતીત કરી. (૨૦)

સવારમાં ત્યાંના સમગ્ર ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. એટલે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં જનોની સાથે ત્યાંથી તત્કાળ નીકળ્યા. (૨૧) દૂર સુધી પોતાની પાછળ આવતા ભક્તોના સમૂહને શ્રીહરિએ પાછા વાળીને અસવારોથી વીંટાયેલા શ્રીહરિ વળોટવા ગામ પધાર્યા. (૨૨)

અહીં સન્મુખ આવેલા પોતાનાં ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી બહાર શ્રીહરિએ પોતાને

યોગ્ય સ્થાનમાં પોતાનાં ભક્તો સાથે નિવાસ કર્યો. (૨૩) તે ગામમાં ખાંભાભાઈ, બેચરભાઈ વગેરે ભક્તો શ્રીહરિ તથા તેમનાં ભક્તોની સેવા કરવા લાગ્યા. તેમજ નાના પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૨૪)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન પોતાનાં બંધુઓની સાથે જમતા હતા. (૨૫) સર્વે બ્રહ્મચારીઓ મુનિઓ તથા પાર્ષદો વગેરે પણ યથાયોગ્ય સુંદર ભોજન જુદા જુદા જમતા હતા. (૨૬)

ત્યાંના ભક્તોએ શ્વેતાંબરધારી શ્રીહરિને પ્રાર્થના કરીને સુંદર દોલા ઉપર બેસાડ્યા. (૨૭)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિનાં બંધુઓ તથા મુનિ વગેરેની પવિત્ર કરનાર છે દર્શન જેમનાં એવી દિવ્ય સભા ત્યાં થઈ. (૨૮) હે રાજન્ ! એટલી વારમાં ત્યાં એક આશ્ચર્ય થયું. તે તમોને સંક્ષિપ્તમાં હું કહું છું તે તમો આદરપૂર્વક સાંભળો. (૨૯)

હે રાજન્ ! સાંખ્યયોગમાં અતિનિષ્ઠાવાળો ભક્ત જન સમુદાય શ્રીહરિનાં દર્શન કરવા માટે જોડા પહેર્યા વગર ઉઘાડે પગે આવતો હતો. (૩૦) મધ્યાહ્નના સૂર્યના તાપથી અતિ તપેલી છે ધૂળ જેમાં એવા માર્ગમાં ભક્તોના ઉઘાડા પગ અત્યંત દાઝી ગયા. (૩૧)

તોપણ શ્રીહરિનું ધ્યાન ધરતા, માર્ગમાં ચાલતો તે ભક્ત સમુદાય તે તાપને ગણતો ન હતો. (૩૨) પોતાનાંમાં એકાત્મપણાને પામેલા તેમને તપાયમાન થયેલા જાણતા શ્રીહરિનાં બંને ચરણના તળિયામાં પણ અત્યંત ઉષ્ણતા વ્યાપ્ત થઈ ગઈ. (૩૩)

તેથી હે રાજન્ ! શ્રીહરિ પોતાનાં પાર્ષદોને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પાર્ષદો ! મારા પગનાં તળીયામાં હમણાં ઘણો દાહ થાય છે. (૩૪) તેથી તત્કાળ જળ લાવો. શ્રીહરિનું આવું વચન સાંભળીને પાર્ષદો જળના ભરેલા ઘડાઓ તત્કાળ લાવ્યા. (૩૫)

હે નરપતે ! પછી પાર્ષદોએ શ્રીહરિનાં બંને શુભ ચરણો ઉપર એક મુહૂર્ત સુધી ઠંડા જળનો અભિષેક કર્યો. (૩૬) તેથી માર્ગમાં ચાલતા તે ભક્ત જનસમુદાયનો માર્ગ એકદમ ઠંડો થઈ ગયો તેથી તે ભક્તો આશ્ચર્ય પામ્યા. (૩૭)

પછી શ્રીહરિએ ધર્મજ્ઞાનાદિ સંબંધિ વાર્તા સભામાં શરૂ કરી. તેટલામાં તે ભક્ત જનસમૂહ ત્યાં આવ્યો. (૩૮) પછી દેશાન્તરાં ભક્તો શ્વેત વસ્ત્ર ધારણ કરનાર દોલા ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરીને ચંદ્રને જોઈને જેમ ચકોર પક્ષી શાંતિ પામે તેમ તે દેશાંતરના ભક્તો અત્યંત શાંતિ પામ્યા. (૩૯)

તે ભક્તો પુષ્પોના હાર વગેરેથી શોભાયમાન શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરીને નિર્નિમેષ નેત્રોથી પ્રીતિપૂર્વક શ્રીહરિનાં દર્શન કરી ત્યાં જ બેસી રહ્યા. (૪૦)

પછી શ્રીહરિએ તેમને પૂછ્યું, હે ભક્તો ! માર્ગમાં તમો સર્વને દુઃખ થયું હતું ? શ્રીહરિનું આવું વચન સાંભળીને તે ભક્તો બોલ્યા. (૪૧) હે હરે ! માર્ગમાં તપેલી રજથી ઉઘાડા પગે ચાલતા

અમોને દુઃખ તો થયું હતું. પરંતુ પછી માર્ગ તત્કાળ એકદમ શીતળ થઈ ગયો. (૪૨) હે હરે ! અમોએ માર્ગમાં આ પરમ અદ્‌ભુત આશ્ચર્ય જોયું. આવું સાંભળીને મંદહાસ્ય મુખકમળવાળા શ્રીહરિ તેમનાં પ્રત્યે તેમને આવી રીતે કહેવા લાગ્યા. (૪૩)

હે ભક્તો ! જ્યારે મારી મૂર્તિનું ધ્યાન કરનારા તમોને પીડા થઈ ત્યારે મારા બંને પગના તળીયામાં ઘણી જ વ્યથા થઈ (૪૪)પછી બંને ચરણો ઉપર પાર્ષદોએ વારંવાર પુષ્કળ જળ રેડ્યું. ત્યારે મને શાંતિ થઈ, તેથી માર્ગમાં તમોને પણ ઠંડક થઈ. (૪૫) શ્રીહરિનું આવું વચન સાંભળીને શ્રીહરિનું ભક્ત વત્સલપણું જાણીને ભક્ત જન સમુદાય તથા અન્ય જનો ઘણાં આનંદ પામ્યા. (૪૬)

ભક્તની પીડાનો નાશ કરનારા શ્રીહરિએ તેમને પોતાનાં દર્શન આપ્યા તેમજ વાતો કરી એમ અનેક પ્રકારે પોતાનાં તે ભક્તોને સુખ આપ્યું. એ રીતે શ્રીહરિએ તે રાત્રી ત્યાં વીતાવી. (૪૭)

સવારમાં ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. તેથી અશ્વ ઉપર બિરાજી શ્રીહરિ પોતાનાં સહવાસીઓની સાથે સંજાયા ગામે પધાર્યા. (૪૮) સન્મુખ આવેલા સંજાયાના ભક્તોએ ભક્તિપૂર્વક શ્રીહરિને અત્યંત પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ પોતાનાં સમગ્ર ભક્તોની સાથે ગામથી બહાર વિશાળ અનુકુળ સ્થાનમાં નિવાસ કર્યો. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જોળ આદિક ગામોમાં શ્રીહરિએ લીલા કરી તે વર્ણન નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સંજાયા ગામમાં વિજયરામ આદિ વિપ્રો શ્રીહરિનાં આશ્રિતો હતા. બીજા ગરીબદાસ વગેરે ભક્તો પણ શ્રીહરિનું સેવન કરતા હતા. (૧) તે ભક્તોએ અનેક ઉપચારો, મહામૂલ્ય વસ્ત્રો તથા અલંકારોથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિનાં બંધુઓ તથા મુનિ વગેરેની પણ યથા યોગ્ય તેમણે પૂજા કરી. (૨)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને વિષ્ણુને અર્પણ કરેલાં અનેક પ્રકારનાં ભોજન પોતાનાં બંધુઓની સાથે જમતા હતા. (૩) ભોજનબાદ સાધુ તથા પાર્ષદોને પણ લાડુ પીરસીને તેમને અત્યંત તૃપ્ત કર્યાં. તે સમયે વર્ણીઓ પણ ભોજન જમતા હતા. (૪)

પછી તે ભક્તોએ શુકલાંબર ધારી શ્રીહરિને પ્રાર્થના કરી અને તેમને લીંમડાના વૃક્ષ નીચે બાંધેલા સુંદર હીંડોળામાં બેસાડ્યા. (૫) શ્રીહરિનાં બંધુઓ તથા સાધુઓ વગેરની શાંતિ આપનાર છે દર્શન જેનાં એવી, મોટી સભા શ્રીહરિની સમીપે થઈ. (૬) તે સભામાં શ્રીહરિએ ધર્માદિ સંબંધિ વેદ શાસ્ત્રાનુસાર

અમૃતથી પણ અધિક મધુર વાર્તા કરી. (૭)

આવી રીતે ભક્તોને આનંદ આપતા સ્વયં શ્રીહરિએ તે રાત્રી ત્યાં વીતાવી અને સવારમાં જવા માટે તૈયાર થઈ પોતાનાં અશ્વ ઉપર બિરાજ્યા. (૮) પછી સંજાયા ગામના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ પોતાની સાથે ફરતા પોતાનાં સમગ્ર અનુયાયીઓ સહિત આખડોલ્ય ગામમાં પધાર્યા. (૯)

ત્યાં સન્મુખ આવેલા ભક્ત સમૂહે શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ પોતાનાં ભક્તોની સાથે ગામથી બહાર ઉચિત સ્થાનમાં નિવાસ કર્યો. (૧૦)

પછી તે ગામમાં ગોવિંદજી જેમાં મુખ્ય છે એવા ભક્તો, પોતાનાં સમગ્રજનો સાથે પોતાનાં ઈષ્ટ શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧) તે ભક્તોએ મહામૂલ્યવાળા વિવિધ પ્રકારનાં વસ્ત્રો, ભૂષણો તથા સમગ્ર ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૨)

તે ગોવિંદજી વગેરે ભક્તોએ વિવિધોપચારોથી શ્રીહરિનાં બંધુઓની પૂજા કરી. તેમજ સત્પુરુષો તથા સર્વ વર્ણીઓની પણ પૂજા કરી. (૧૩) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને નિવેદન કરેલાં જુદા જુદા પ્રકારનાં ભોજન જમતા હતા. (૧૪)

સર્વવર્ણીઓ, મુનિઓ તથા પાર્ષદો યથાયોગ્ય જુદા જુદા પાક કરીને જમતા હતા. (૧૫) પાર્ષદોથી વીંટાયેલા, પોતાનાં બંધુઓએ સહિત, શ્વેત વસ્ત્ર ધારી, શીઘ્રગતિ ધારી શ્રીહરિ પછી સભાસ્થાનમાં પધાર્યા. (૧૬) શ્રીહરિ પોતાનાં ઉત્તમ ઉંચા સિંહાસન ઉપર બિરાજ્યા. તેમનાં બંધુઓ વગેરે પણ યથાયોગ્ય તેમની સમીપે બેઠા. (૧૭)

પછી હે ભૂપતે ! સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો ત્યાં આવીને પોતાનાં ઈષ્ટ શ્રીહરિ ને નમસ્કાર કરીને બેઠા. (૧૮) શ્રીહરિ પોતાનાં મુખ કમળના દર્શન કરનારા તે સર્વેને કૃપાર્દ્ર દૃષ્ટિથી જોતા, ધર્માદિ સંબંધિ અમૃતથી પણ ઉત્કૃષ્ટ વાર્તા કરવા લાગ્યા. (૧૯) ભક્તોને અતિ સુખ આપનારા શ્રીહરિએ આવી રીતે પોતાનાં નિષ્પાપ આશ્રિત ભક્તોને આનંદ પમાડ્યો. અને તે રાત્રી ત્યાં વિતાવી. (૨૦)

સવારમાં ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. તેથી પોતાનાં સમગ્રજનો સાથે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ત્યાંથી નીકળ્યા. (૨૧) પોતાનાં અસવારોથી વીંટાયેલા શ્રીહરિ દૂર સુધી પોતાની પાછળ આવતા ભક્તોને પાછા વાળીને વૃત્તાલય પુરમાં પધાર્યા. (૨૨)

સન્મુખ આવેલા વૃત્તાલય પુરના ભક્ત સમૂહે શ્રીહરિનું સન્માન કર્યું. અને શ્રીહરિ વડતાલની પૂર્વ દિશામાં પોતાનાં નિવાસને યોગ્ય સ્થાનમાં પધાર્યા. (૨૩) વિશાળ રમણીય અને વિવિધ પ્રકારનાં વૃક્ષોએ યુક્ત, ગોળાકાર યુક્ત, બહુ ઉંચા નહિ તેમ નીચા પણ નહિ અને સૂક્ષ્મરજ જેમાં છે એવા સ્થાને શ્રીહરિ પધાર્યા. (૨૪)

સર્વ પ્રાણીઓના મનને પ્રીતિદાયક, કાંટા કાંકરાઓથી રહિત શ્રીહરિના નિવાસથી જેને સહજ મનોહરપણું પ્રાપ્ત થયું છે એવા ગુણોથી યુક્ત, અત્યંત શોભાયમાન સ્થાનમાં શ્રીહરિ પધાર્યા. (૨૫)

તે સ્થાનમાં ગોઠવેલા આસનો અતિમનોહર દેખાતા શિલ્પી નિપુણોએ તત્કાળ રચેલા મહાપટ મંડપમાં (તંબુ) શ્રીહરિએ પોતાનાં નિત્યના સહવાસી પાર્ષદો સાથે નિવાસ કર્યો. (૨૬) શ્રીહરિનાં સ્વરૂપમાં આસક્ત શ્રીહરિનાં બંધુઓ તથા હરિભક્તો બીજા પટમંડપોમાં સુખપૂર્વક નિવાસ કરીને રહેવા લાગ્યા. (૨૭)

ધર્મપુત્ર શ્રીહરિનાં તંબુની ચારેય તરફ પાલો (પટમંડપો) માં વર્ણીઓ, સાધુઓ તથા બીજા ઘણાં પાર્ષદો નિવાસ કરતા હતા. (૨૮)

પછી શ્રીહરિ સ્નાન તથા સંધ્યા વંદનાદિ નિત્યકર્મ કરીને બંધુઓ સાથે વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૨૯) ત્યારબાદ શ્રીહરિ મુનિઓ તથા પાર્ષદોને પણ લાડુ પીરસીને તેમને તૃપ્ત કરતા હતા. તે સમયે બ્રહ્મચારીઓ પણ શ્રીહરિએ દૃષ્ટિ પ્રસાદી કરેલાં ભોજન જમતા હતા. (૩૦)

શ્રીહરિનાં નિવાસ સ્થાનમાં કલ્પદ્રુમસમાન અતિવિશાળ, અતિમોટી અને નાની તેમજ લાંબી અને પહોળી ડાળોથી ભરપુર છત્રની માફક ગોળ, અતિશય ઘાટી છાયાથી સુખકર બનેલું;(૩૧, ૩૨)

ઘણી ડાળીઓથી વ્યક્ત, કુબેરના વિમાનની ઉપમા આપવા યોગ્ય, પુષ્પક વિમાનની માફક શ્રીહરિની ઈચ્છાથી ક્યારેક મોટું તથા ક્યારેક નાનું એવા ભાવને ગ્રહણ કરતું, બ્રહ્માદિ દેવોને પણ પૂજવા યોગ્ય, પોતાની શાખાના અગ્રભાગથી દેવનો માર્ગ જે આકાશ તેને જાણે સ્પર્શ કરતો હોયને શું ? એવું વિશાળ આમલીનું વૃક્ષ હતું. (૩૩)

તેની અત્યંત વિશાળ છાયામાં હજારો હજાર ભક્તો સુખપૂર્વક બેસતા હતા. (૩૪) પોતાનાં સ્વામી શ્રીહરિની સેવા કરવા માટે સર્વોત્તમ અક્ષરધામ જાણે આમલીના વૃક્ષ સમાન બની પૃથ્વી ઉપર અત્યંત શોભતું હતું. (આ આમલીનું વૃક્ષ નથી પરંતુ પ્રત્યક્ષ શ્રીહરિનું ધામ છે.) (૩૫)

જેની નીચે હજારો ત્યાગીઓ, ગૃહસ્થો તથા પોતાનાં ભક્તજનોની સાથે શ્રીહરિ વારંવાર સભા કરતા હતા. (૩૬) જે સભામાં ભક્તવત્સલ શ્રીહરિ અતિશ્રેષ્ઠ, ઉંચા, કોમળ ગાદી તકિયા યુક્ય સિંહાસનમાં બિરાજતા હતા. (૩૭)

વૃત્તાલયપુરના નિવાસી કુબેર, જોબન વગેરે ભક્તો મંગળ સ્વરૂપ અતિશોભાયમાન તે આમલીના વૃક્ષની ડાળોમાં મોગરો તથા ગુલાબ વગેરેનાં પુષ્પો તેમજ આંબા અને આસોપાલવના કીસલયોથી અતિશોભાયમાન, મનોહર હીંડોળો અત્યંત પ્રેમથી બાંધતા હતા. (૩૮)

ચાર ખૂણાવાળા અતિશ્રેષ્ઠ, નાના પ્રકારનાં રંગોથી શોભાયમાન, દેવતાઓના વિમાનની ઉપમા આપવા યોગ્ય, દર્શન કરનારા ભક્તોના ચિત્તને હરનારો સુંદર હીંડોળો તેઓ બાંધતા હતા. (૩૯)

પરમેશ પ્રતિષ્ઠ શ્રીહરિને, પુષ્પાદિથી શોભાયમાન તે દોલામાં, તેમનાં દર્શનમાં ઉત્સાહવાળા, પ્રસન્ન મનવાળા, તે ભક્તોએ બેસાડીને ઉત્તમ રેશમી સોનેરી દોરી પકડીને શ્રીહરિને ઝુલાવવા લાગ્યા. (૪૦) હજારો ભક્તો, હીંડોળામાં વિરાજમાન ભક્તોના આનંદ મહોદધિ શ્રીહરિનાં દર્શન કરીને સર્વોત્તમ

આનંદ પામ્યા. (૪૧)

સ્વભક્તના વાંચ્છિત ફળને આપનારા શ્રીહરિ આત્મીય ભક્તજનોને આવી રીતે આનંદ આપતા હતા અને પોતાનાં બંધુઓ વગેરે તથા મુક્તાનંદાદિ સાધુઓ સાથે વડતાલમાં પૂર્વ દિશામાં પોતાનાં નિવાસ સ્થાનમાં નિવાસ કરતા હતા. (૪૨)

વૃત્તાલયના ઘણા શાખા નગરોમાં રહેનારા ભક્તો શ્રીહરિને પોતપોતાનાં પુરમાં લઈ જવા માટે વારંવાર પ્રાર્થના કરતા હતા. (૪૩) હે ભૂપ ! પછી શ્રીહરિ ભક્તોના આનંદ માટે અનેક શાખા નગરોમાં પોતાનાં આત્મીયજનોની સાથે પોતાને વિષે અનન્યભાવવાળા પોતાનાં ભક્તોને સુખી કરતા હતા. (૪૪)

તેટલામાં વડતાલમાં પુષ્પદોલનો મહોત્સવ શ્રીહરિ કરશે એમ જાણીને જુદા જુદા દેશના લાખો નિવાસીઓ ત્યાં આવ્યા. (૪૫)

ફાગણ માસની પૂર્ણિમાને દિવસે, કર્યો છે આહ્નિક વિધિ જેમણે એવા શ્રીહરિ, બંધુઓની સાથે વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૪૬) વિચિત્ર વર્ણવાળા અબીલ, ગુલાલાદિ રંગવાળા દ્રવ્યોનાં મંડળોથી (રંગોળી પૂરવાથી) અત્યંત શોભાયમાન સ્થાનમાં સાધુ વગેરેની પંક્તિઓ શ્રીહરિ કરાવતા હતા. (૪૭)

પછી શ્રદ્ધાવાળા સાધુપ્રિય શ્રીહરિ તેમનાં ભોજન પાત્રોમાં સાધુઓ પાસે સૂક્ષ્મ સેવો પીરસાવતા હતા. (૪૮) પછી શ્રીહરિ નૈષ્ઠિકવર્ય મુકુંદાનંદ બ્રહ્મચારી પાસે તે સેવોમાં ઘણું ઘી પ્રીતિપૂર્વક છૂટી ધારે પીરસાવતા હતા. (૪૯) અત્યંત ધોયેલી સાકર સેવોમાં શ્રીહરિ પોતે જ પીરસતા હતા. સાધુઓ પણ જુદા જુદા ભોજનો પીરસતા હતા. (૫૦)

પછી શ્રીહરિએ હાથની સંજ્ઞાથી આદરપૂર્વક મુનીંદ્રોને જમવા માટે આજ્ઞા કરી. મુનીંદ્રો પણ પ્રિયથી પ્રિય શ્રીહરિનાં દર્શન કરતા જમવા લાગ્યા. (૫૧) આવી રીતે મુનીંદ્રોને તૃપ્તિ પમાડીને, બ્રહ્મચારીઓને જમવા માટે આજ્ઞા આપી. સમગ્ર બ્રહ્મચરીઓ પણ જુદા જુદા ભોજનો જમવા લાગ્યા. (૫૨) પછી શ્વેત વસ્ત્રો ધારણ કરનારા, પુષ્પોની માળાઓ તથા અલંકારોને ધારણ કરનારા એવા શ્રીહરિ, પાર્ષદોથી વીંટાયેલા, ચંચળ ગતિથી ચાલનારા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૩)

હે રાજન્ ! તે દિવસે (પૂર્ણિમાને દિવસે) વડતાલના ભક્તો આદરપૂર્વક પુષ્કળ ગુલાલ ગાડાં ભરી ભરી લાવતા હતા (૫૪) પછી ભક્તોએ વાંસની ઘણી પીચકારીઓ તથા અતિસુંદર હીંડોળો લાલજી સુતાર પાસે કરાવ્યો. (૫૫) પરમાત્મામાં અતિ સ્નેહ યુક્ત મનવાળા, રંગ ક્રીડાના ઉત્સવમાં ઉત્સાહવાળા કેસૂડા, કેસર વગેરેનાં સુંદર રંગો કરાવતાં હતા. (૫૬)

પછી ભક્તો, દર્શન કરનાર જનોના અંતઃકરણ હરનારા, બંને અતિ સુંદર હોજોમાં હર્ષથી રંગ ભરતા હતા. (૫૭) હે નરેન્દ્ર ! શ્રીહરિમાં આસક્તિવાળા ભક્તો આવી રીતે પુષ્પદોલના મોટા ઉત્સવ માટે અનેક પ્રકારની સામગ્રીઓ હર્ષપૂર્વક શીઘ્રતાથી સંપાદન કરવામાં પોતાનાં દેહ તથા પોતાનાં ઘર

વગેરેને ભૂલી ગયા હતા. (૫૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ કરેલું સંજાયા ગામ વગેરેમાં વિચરણ, વૃત્તાલયપુર પૂર્વ દિશામાં નિવાસ, આમલીના વૃક્ષની શોભાનું વર્ણન આદિ નિરૂપણ નામે બત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- બીજે દિવસે ધર્મ ધુરંધર, મનુષ્ય નાટ્યધારી શ્રીહરિએ પ્રાતઃસ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કર્યો. (૧) પછી શ્રીહરિએ પાર્ષદોએ આપેલા પાઘ તથા કેસરીયા વસ્ત્રો પ્રીતિપૂર્વક ધારણ કર્યા. (૨) રામપ્રતાપ વગેરે બંધુઓ સાથે તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ, પાદુકાના ચટ્ચટ્ ધ્વનિ કરતા દોલાસ્થાનમાં પધાર્યા. (૩)

પછી કુબેરજીત તથા જોબન વગેરે ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી અને શ્રીહરિને તે હીંડોળામાં બેસાડ્યા. (૪) હે ભૂપતે ! તે વખતે શ્રીહરિનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળા, શ્રીહરિની મૂર્તિએ ખેંચ્યાં છે મન જેમનાં એવા જનસમુદાયની, ત્યાં અત્યંત ભીડ થઈ. (૫)

તે સમયે નગારાં વગેરે વાદ્યોના મંગળ ધ્વનિ દિશાઓમાં વ્યાપી ગયા. તેવી રીતે આકાશમાં દેવો પણ દુંદુભી વગાડવા લાગ્યા. (૬) તે સમયે શ્રીહરિની લીલાનાં દર્શન માટે આવેલા બ્રહ્માદિ દેવતાઓ આકાશમાં રહીને શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા તેમજ ચંદનની વૃષ્ટિ કરતા હતા. (૭)

જોબન તથા કુબેરજીત તેમજ અન્ય ભક્તો પણ ચંદન, પુષ્પાદિ ઉપચારો તથા અન્ય અતિમૂલ્યવાળાં વસ્ત્રો તથા ભૂષણોથી શ્રીહરિનું પૂજન કરીને અવતારી પ્રભુની વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાથે મહાનીરાજન કરતા હતા. (૮, ૯)

તે સમયે શ્રી હરિના આશ્રિત તે પુરના વાસી જોબન વગેરે ભક્તો આનંદ પામ્યા અને રંગથી ભરેલા ઘડા તથા પુષ્કળ ગુલાલ શ્રી હરિની સમીપે લાવ્યા. (૧૦) શ્રીહરિનાં ચરણ કમળના આશ્રયવાળા તે ભક્તોએ અત્યંત પ્રસન્ન મનથી તથા આદરભાવથી રંગ અને ગુલાલ વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૧૧)

વસ્ત્રથી પોતાની કેડ્ય મજબૂત બાંધીને, હાથમાં રૂપાની પીચકારી ધારણ કરી, શ્રીહરિ પછી ઓટલા ઉપર ચઢ્યા. (૧૨)

હે મહીપતે ! વૃદ્ધાત્માનંદ મુનીંદ્રે બંને હાથે પ્રીતિપૂર્વક પકડેલા ઘડામાંથી, પીચકારી વડે રંગ લઈને ઉત્સાહપૂર્વક શ્રીહરિ, સાધુઓ ઉપર તથા અન્ય ભક્તો ઉપર વારંવાર રંગ નાંખવા લાગ્યા. (૧૩, ૧૪)

તે જ પ્રમાણે પાર્ષદોએ અદ્ધર પકડેલા રંગના પાત્રોમાંથી પીચકારી વડે રંગ લઈને પોતાનાં ભક્તો ઉપર વારંવાર શ્રીહરિ ફેંકવા લાગ્યા. (૧૫) પ્રભુ શ્રીહરિ સર્વે ભક્તો ઉપર વારંવાર ખોબા ભરીને ગુલાલ ફેંકીને ફુલેલા ગુલાબની માફક તેમને સર્વને લાલ કરતા હતા. (૧૬)

અનેક રંગથી લાલ થયેલા સર્વે મુનીંદ્રો, વાયુના વેગથી પર્વત ઉપર જેમ અત્યંત મેઘ વર્ષે તેમ તે મેઘની જળધારાઓની જેમ શ્રીહરિની ઉપર વારંવાર પીચકારીઓથી રંગની ધારાઓ એકી સાથે વર્ષાવવા લાગ્યા. (૧૭)

તે સમયે ત્યાં રંગની અત્યંત વૃષ્ટિ થઈ. તે રંગવૃષ્ટિમાં પરસ્પર કોઈ કોઈને દેખી શકતું ન હતું. પીચકારીમાંથી નીકળેલા જળથી ઢંકાઈ ગયેલા શ્રીહરિને પણ ભક્તજનોએ દેખ્યા નહિ. (૧૮) એ રહ્યા, એ રહ્યા, એ પ્રમાણે ગર્જના કરીને પોતાનાં હાથની શીઘ્ર ગતિથી શ્રીહરિ ઉપર નિરંતર રંગ ફેંકતા તે સંતોએ શ્રીહરિને પલાળી દીધા. (૧૯)

હે રાજન્ ! જેમનાં અખંડ દર્શન પણ સદાપ્રિય છે તે શ્રીહરિની ઉપર રંગ વર્ષાવતા તે સાધુઓએ ભક્તાધીન શ્રીહરિને વ્યાકુળ કરી દીધા. (૨૦) રંગક્રીડામાં પ્રવીણ સાધુઓથી, ચારેય તરફથી વીંટાયેલા, રંગ વડે ભીનાં છે સમગ્ર વસ્ત્રો જેમનાં એવા શ્રીહરિ, જાણે સત્પુરુષોથી પરાભવ પામ્યા હોયને શું ? એમ ઊભા રહ્યા. (૨૧)

શ્રીહરિ જેમને પ્રિય છે તે સાધુઓ શ્રીહરિને જીતવાને ઇચ્છતા, પીચકારીઓથી રંગ ફેંકતા, શ્રીહરિની સમીપે આવ્યા. તે સમગ્ર સાધુઓને જોઈને શ્રીહરિએ તત્કાળ ડાબા હાથમાં ઉત્તમ ઢાલ પકડીને પોતાની આગળ ધારણ કરી. (૨૨, ૨૩) તે પ્રકારે શોભતા શ્રીહરિ પછી જમણા હાથના ખોબામાં પુષ્કળ પ્રમાણમાં સુંદર ગુલાલ ભરીને સાધુઓના સમુદાય ઉપર ફેંકવા લાગ્યા. (૨૪)

છતાં પણ પ્રસન્નવદન શ્રીહરિને જીતવાની ઈચ્છામાં ઉત્સાહવાળા તે સાધુઓ શ્રીહરિ ઉપર વારંવાર રંગ નાંખવા લાગ્યા. તેથી શ્રીહરિ આકુળ વ્યાકુળ થઈ ગયા. (૨૫)

પછી ઉત્પથ ગામિનું નિયમન કરનાર શ્રીહરિએ, ક્રીડામાં પ્રીતિવાળા તે સાધુઓ ઉપર, વક્રદષ્ટિ કરીને તેમની અત્યંત ભીડમાંથી નીકળવા માટે ઇચ્છા કરી. (૨૬) શ્રીહરિએ કરેલી વક્રદષ્ટિને જોતા, તેમજ શ્રીહરિને વેદી ઉપરથી ઉતરીને પોતાનાં પાર્ષદો સાથે અતિ ઉતાવળા ચાલતા, સાધુજનોને પોતાનાં બળથી દૂર કરીને, હીંડોળાના સ્થાન પ્રત્યે જતા સૌ જોઈ રહ્યા. (૨૭)

પછી રંગથી ભીંજાઈ ગયેલા વસ્ત્રોથી શોભાયમાન શ્રીહરિ તત્કાળ હિંડોળા ઉપર બિરાજીને હસતા હસતા પોતે જાણે જીત્યા છે એવી રીતે સાધુઓને કહેવા લાગ્યા. (૨૮)

હે ઉત્તમો ! (ઉત્-ગત ઉત્પન્ન થયો છે તમો ગુણ જેમને એવા માટે ઉત્તમ ગૂઢાભિપ્રાયઃ સદ્‌ગુણોની પ્રાપ્તિથી ઉત્તમ) તમો સર્વે મને જો હિંડોળા ઉપરથી ઉતારો તો તમો મને જીતી ગયા છો. અને એમ જો તમારાથી ન થઈ શકે તો મેં તમોને જીત્યા છે. (૨૯)

શ્રીહરિનું આવું વચન સાંભળ્યા પછી મહાબળવાળા સર્વે સાધુઓ હીંડોળાની ચારેય તરફ વીંટાઈને હીંડોળા ઉપરથી શ્રીહરિને ઉતારવા માટે અત્યંત પરિશ્રમ કરવા લાગ્યા. (૩૦) હે રાજન્ ! કેટલાક સંતો ઈશ્વરના ઈશ્વર શ્રીહરિનાં બંને ચરણ કમળો પકડીને શ્વાસથી ફુલી ગયા છે મુખ જેમનાં એવા બની શ્રીહરિને નિતાન્ત ખેંચવા લાગ્યા. (૩૧)

હે રાજન્ ! કેટલાક સાધુઓ પોતાનાં હાથ વડે શ્રીહરિની કટિને મજબૂત પકડીને, શ્રીહરિને હીંડોળા ઉપરથી ઉતારવા માટે આસક્ત બની, શ્રીહરિને બળથી ખેંચવા લાગ્યા. (૩૨) બહુબળવાળા કેટલાક સંતો શ્રમથી ઉત્પન્ન થયેલા પરસેવાથી ભીના થઈ, શેષનારાયણને લાજ પમાડનાર શ્રીહરિનાં કરકમળો પકડીને શ્રીહરિને ખેંચવા લાગ્યા. (૩૩)

આવી રીતે યથાબુદ્ધિ અને યથાબળ પ્રમાણે તે સાધુઓ શ્રીહરિને અત્યંત ખેંચતા હતા છતાં પણ શ્રીહરિ, અનલાદિ પક્ષીઓએ પોતાનાં નિવાસરૂપ તરુ ઉપરથી જેમ ગરુડ ચલાયમાન થાય નહિ તેમ હીંડોળા ઉપરથી લગાર પણ ચલાયમાન થયા નહિ. (૩૪)

પરિશ્રમના પરસેવાથી ભીના થયેલા અને વારંવાર પ્રયત્ન કરતા જેમનાં મુખમાં અત્યંત શ્વાસ ઉત્પન્ન થયો છે એવા તે સાધુઓ શ્રીહરિને જીતવાની આશાનો ત્યાગ કરતા હતા. (૩૫)

શ્રીહરિનાં ઐશ્વર્યના દર્શનથી આશ્ચર્ય પામેલા, તેથી હર્ષપૂર્વક પરસ્પર જોતા ઉત્પન્ન થયો છે હ્રાસ જેમને એવા તે સંતો, હીંડોળા ઉપરથી શ્રીહરિને ઉતારવા સમર્થ થયા નહિ. (૩૬)

તેથી વિસ્મય પામેલા તે સાધુઓ પરમેશ્વર શ્રીહરિને હીંડોળા ઉપરથી ઉઠાડવાની પ્રવૃત્તિ છોડીને હાથ જોડી શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે નિશ્ચિત વચન કહેવા લાગ્યા. (૩૭)

હે શ્રી હરે ! આપે આપેલાં ઐશ્વર્ય (કામદેવને જીતવા રૂપી સદ્‌ગુણો જે કૃપાળુતા વગેરે) તથા સદ્‌ગુણ સંપન્ન અમો, આપ જેમણે અનેક બ્રહ્માંડોનો ભાર સ્વીકાર્યો છે. અને તેથી જ અચલાયમાન છો એવા આપને, જીતવા માટે સમર્થ છીએ શું ? અર્થાત્ સમર્થ નથી જ. (૩૮)

હે શ્રીહરે ! સર્વ અવતારોના કારણ અણિમાદિ ઐશ્વર્યોના સમુદ્ર, પુરુષોત્તમ, આપને જીતવા માટે કોઈપણ શક્તિમાન નથી જ. (૩૯) હે શ્રીહરે ! ચંદ્રનો ઉદય થવાથી જેમ સમગ્ર તારાઓ પરાભવ પામે છે તેમ સર્વે દેવતાઓ આપનાથી પરાભવ પામે છે. (૪૦)

હે દયાસાગર ! અમોએ આપની લીલાનાં દર્શનની ઈચ્છાથી આ મહાન પ્રયત્ન કર્યો હતો તેથી આપે અમારા ઉપર કૃપા કરવી પરંતુ રોષ કરવો નહિ. (૪૧) હે રાજન્ ! પછી સત્પુરુષોને વત્સલ, તેથી જ અત્યંત દયાર્દ્ર, મંદહાસ્ય યુક્ત મુખકમળ જેમનું છે એવા શ્રીહરિ, તત્કાળ પોતે જ હીંડોળા ઉપરથી ઉતર્યા. (૪૨)

પછી શ્રીહરિએ પોતે જ સાધુઓની સાથે ક્રીડા કરવા માટે એક પક્ષ નિત્યાનંદ મુનિનો કર્યો અને બીજો પક્ષ બ્રહ્માનંદ મુનિનો કર્યો. (૪૩) ઉત્સાહવાળા સર્વેશ્વર શ્રીહરિએ નિત્યાનંદ તથા બ્રહ્માનંદ

મુનિને રંગ વહેંચીને ઘણો ગુલાલ આપ્યો અને પછી રમવા માટે આજ્ઞા આપી. (૪૪)

પછી મુનિઓના સમુદાયની ક્રીડા જોવામાં ઉત્કંઠાવાળા શ્રીહરિએ પોતાનો અશ્વ લાવવા માટે પોતાનાં પાર્ષદ નાજાને પોતાની આંગળીની સંજ્ઞાથી જણાવ્યું. (૪૫) તેથી નાજા ભક્ત શ્રીહરિનાં અશ્વને તૈયાર કરીને, ભક્તજનોની અત્યંત ભીડ હોવાથી સત્પુરુષના મંડળમાં પ્રવેશ કરવા અસમર્થ થયા છતાં, તે અશ્વને મુશ્કેલીથી શ્રીહરિની સમીપે લઈ આવ્યા. (૪૬)

પછી શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજ્યા. બીજા ઘોડા ઉપર બેઠેલા પોતાનાં બંધુવર્ગની સાથે મુનિઓની ક્રીડાના દર્શનમાં ઉત્સાહવાળા, જનસમુદાય જેમનાં દર્શન કરી રહ્યા છે, એવા શ્રીહરિ લગારેક દૂર ઊભા રહ્યા. (૪૭)

હે નૃપ ! પછી બંને પક્ષના મુનિઓ કૃત્રિમ મહાહ્રદમાંથી ઘડાઓ વડે રંગ કાઢીને વિહાર કરવાની ઈચ્છાથી તૈયાર થયા. (૪૮) પછી પીચકારીઓ વડે પરસ્પર વારંવાર રંગ અત્યંત ફેંકતા શ્રીહરિની પ્રસન્નતા માટે તે સંતો વિહાર કરવા લાગ્યા. શ્રીહરિ ક્રીડા કરતા તે ભક્તોને મંદહાસ્ય યુક્ત જોતા હતા. (૪૯)

સુંદર ચમકતી એવી સોનેરી લગામ પોતાનાં શ્રેષ્ઠ કરમાં ધારણ કરતા, અશ્વ ઉપર બિરાજેલા, કરોડો કામદેવના મદને હરનારું સૌંદર્ય તેના સમુદ્રરૂપ એવા, શોભાયમાન છે રંગ અને ગુલાલથી મિશ્ર વસ્ત્રો જેમને એવા, પ્રેક્ષકોને દર્શન કરવા યોગ્ય તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના લાખો માણસો નિશ્ચળ દૃષ્ટિથી દર્શન કરતા છતાં તૃપ્તિ પામતા ન હતા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં હોલિકોત્સમાં શ્રીહરિની તથા સંતોની પરસ્પર રંગ ક્રીડાનિરૂપણ નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બંને પક્ષના મુનિઓ પરસ્પર જીતવાની ઈચ્છાથી પીચકારીઓ વડે રંગ વર્ષાવતા અત્યંત રમતા હતા. (૧) ક્રીડા કૌશલ્ય જેમને અતિશય છે એવા, શીઘ્રતાથી યુક્ત સ્વજન સમુદાય ખોબા ભરીભરીને વારંવાર ગુલાલ ફેંકતા હતા. (૨) ગુલાલથી રમતા સમગ્ર મુનિઓ લાલ થઈ ગયા. તે જ પ્રમાણે ભક્તજનો તથા વૃક્ષો પણ લાલ થઈ ગયા. પુર તથા આકાશ પણ લાલ થયું. (૩)

પછી શ્રીહરિ તેમની ક્રીડા સમાપ્ત કરાવીને, સાધુઓ તથા અન્ય ભક્ત સમુદાયની સાથે સ્નાન કરવા માટે ધના તળાવ પધાર્યા. (૪) હે રાજન્ ! ભક્તોથી વીંટાયેલા શ્રીહરિ તે ધના તળાવને કાંઠે જઈને પાર્ષદનો હાથ પકડીને અશ્વ ઉપરથી તત્કાળ નીચે ઉતર્યા. (૫) પછી શ્રીહરિ પોતાનાં હાથ વડે

પાર્ષદનો હાથ પકડીને સ્નાન કરવા માટે ભક્તજનોની સાથે તે મહા સરોવરમાં પ્રવેશ કરતા હતા. (૬)

પછી સાધુઓની સાથે તે સરોવરમાં જળક્રીડા કરતા વ્યાપક શ્રીહરિ સ્નાન કરી સરોવરના કિનારે પધાર્યા. (૭) પછી પાર્ષદે આપેલા સર્વ શ્વેતવસ્ત્રો ધારણ કરતા શ્રીહરિ ભક્તોના ચિત્ત હરતા હતા. (૮) જેમનું મન પ્રસન્ન છે એવા ભક્તપ્રિય, વ્યાપક, સ્વયં શ્રીહરિએ રંગથી ભીના થયેલા વસ્ત્રો જોબન તથા કુબેર એ બંનેને આપ્યા. (૯)

શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા. ઘોડા ઉપર બેઠેલા પોતાનાં બંધુઓ સાથે સુંદર પદો ગાતા મુનિઓની સાથે; (૧૦) સુંદર વાદ્યોના શબ્દો સાંભળતા અને છત્ર ચામરથી શોભતા, જનસમુદાય જેમનાં દર્શન કરી રહ્યો છે તે શ્રીહરિ, પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૧)

પછી શ્રીહરિ સ્નાન કરીને વિષ્ણુને અર્પણ કરેલાં અમૃત સમાન સ્વાદિષ્ટ, નાના પ્રકારનાં ભોજન પોતાનાં બંધુઓની સાથે જમતા હતા. (૧૨) તૃપ્ત થયેલા ભગવાન શ્રીહરિ હાથ તથા મુખ ધોઈને પોતાનાં બંધુઓએ આપેલો શ્રેષ્ઠ મુખવાસ જમ્યા. (૧૩) પછી પોતાનાં પાર્ષદોની સાથે ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકાઓ જેમણે ધારણ કરી છે તે શ્રીહરિ પીરસવા માટે સાધુઓની પાકશાળામાં તત્કાળ પધાર્યા. (૧૪)

પછી શ્રીહરિ સર્વે સાધુઓ તથા પાર્ષદો વગેરેની પંક્તિઓ પ્રીતિથી કરાવવા લાગ્યા. (૧૫) પછી પીરસવામાં નિપુણ બ્રાહ્મણોએ તેમનાં પાત્રોમાં જળ આપ્યું તથા તત્કાળ પડીયા તથા પત્રાવાળા આપ્યાં. (૧૬) પછી તે બ્રાહ્મણોએ અનેક પ્રકારનાં શાક, રાયતાં, અથાણાં તથા દાળ વગેરે પંક્તિમાં પીરસ્યા. (૧૭) ઈશ્વર શ્રીહરિ ડાબા ખભા ઉપર વસ્ત્ર વાંકું મૂકીને, સુંદર કેડ્યમાં તે દૃઢ બાધીને, કરુણા દૃષ્ટિથી સર્વને જોઈને તત્કાળ સાધુ તથા મુનિઓને પીરસવા માટે તૈયાર થયા. (૧૮)

તેટલામાં ઉત્સાહવાળા યુવાન મુનિઓના સમૂહ, સુંદર મોતીયા લાડુના ભરેલાં મોટાં પાત્રો બંને હાથમાં પકડીને, વેગ પૂર્વક ત્યાં આવ્યા. (૧૯)

સત્પુરુષોની પંક્તિમાં પીરસવા માટે ચાલતા શ્રીહરિએ તે સાધુઓએ ઉંચકેલા પાત્રોમાંથી બંને હાથ વડે લાડુઓ લઈ તત્કાળ સાધુજનોના પાત્રોમાં અત્યંત આનંદ પૂર્વક પીરસ્યા. (૨૦)

આવી રીતે સાધુઓની પંક્તિમાં ફરીને ધર્મપુત્ર શ્રીહરિ સાધુઓને વારંવાર પીરસતા હતા. હે રાજન્ ! જમનારા સાધુઓમાં પણ જે સાધુઓ વારંવાર લાડુ લેતા હતા, તેમનાં ઉપર શ્રીહરિ અતિ પ્રસન્ન થતા હતા. (૨૧)

શ્રીહરિ કેટલાકના મસ્તક ઉપર પોતાનો હસ્તકમળ મૂકી તેમને તત્કાળ એક લાડુ અથવા અર્ધો લાડુ આપતા હતા. આ પ્રકારે આનંદપૂર્વક અત્યંત આગ્રહ કરી સ્નેહપૂર્વક વારંવાર તેમને શ્રીહરિ પીરસતા હતા. (૨૨) હે નૃપ ! તે સમયે ભગવાનના ધામમાંથી આવેલા, જનોને અગોચર, મુક્તોના સમૂહો શ્રીહરિની અતિશુભ પ્રસાદીરૂપ તે ભોજન જમવાની ઈચ્છાથી મુનિજનોની પંક્તિઓમાં દાખલ થઈ ઘણાં આનંદથી ઈચ્છા પ્રમાણે ભોજન કરવા લાગ્યા. (૨૩)

હે રાજર્ષે ! મૃગેન્દ્રના જેવો નાદ (સિંહ ગર્જના) કરતા તે મુનિજનોને તૃપ્ત થયેલા જાણીને પ્રસન્ન મનવાળા, શીઘ્ર ગતિવાળા, ઈશ્વર શ્રીહરિએ સુંદર વર્ણવાળો ભાત તથા તુવેરની દાળ પીરસવા માટે બ્રાહ્મણોને પ્રેરણા કરી. (૨૪)

શ્રીહરિ સર્વે પાર્ષદો તથા ઉત્તમ રાજાને પણ વારંવાર ઉત્સાહપૂર્વક મોતીયા લાડુ પીરસીને અતિશય તૃપ્ત કરતા હતા. (૨૫) નૈષ્ઠિકોમાં શ્રેષ્ઠ મુકુંદાનંદ તેમણે હર્ષથી શ્રીહરિનાં બંને હાથ તથા બંને પાદારવિંદ નિર્મળ જળથી સંપૂર્ણ રીતે ધોયા. પછી સત્વગમનવાળા શ્રીહરિએ વર્ણીસમુદાયના રસોડામાં જઈને દ્રષ્ટિ માત્રથી સમગ્ર ભોજન પ્રસાદીનું કર્યું. (૨૬)

તે પછી સમગ્ર વર્ણીસમૂહ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ ભોજનો જમવા લાગ્યા. ત્યારબાદ ચટ્ચટ્ ધ્વનિથી શોભતી પાદુકા જેમનાં ચરણમાં છે એવા ધર્મના પુત્ર શ્રીહરિ પાર્ષદ ગણોથી વીંટાયેલા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિએ પુષ્પદોલોત્સવ કરી, રંગક્રીડા કરી તે વર્ણનનો ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! પછી શુભ્રવસ્ત્રો ધારણ કરવાથી શોભાયમાન, શોભાયમાન શ્વેત પાઘમાં સુગંધિમાન પુષ્પોના તોરાઓની પંક્તિ ધારણ કરનારા, નાના પ્રકારનાં પુષ્પોના હારથી શોભાયમાન છે વક્ષઃસ્થળ જેમનું એવા; (૧) આગળ અને પાછળ દોડતા એવા પાર્ષદો તથા પોતાનાં બંધુજનોથી યુક્ત શ્રીહરિ કુબેર છડીદારનો મંગળ ધ્વનિ સાંભળી સુંદર હિંડોળાની સમીપે પધાર્યા. (૨)

તેટલામાં સાયંકાળ થયો અને ભગવાન શ્રીવાસુદેવ નારાયણની આરતીનો પણ સમય થયો. હે ભૂપતે! તેથી કેડ્યમાં સુંદર વસ્ત્ર દ્રઢ બાંધીને શ્રીહરિ પોતાનાં ઉત્સાહી ભક્તોની સાથે તાળીઓ વગાડતા, આ લોકમાં પોતાનાં જનોને ભક્તિની સમ્યક્ પ્રકારે રીત શીખવાડતા, શ્રીનારાયણનું કીર્તન કરતા હતા. (૩)

પછી શ્રીહરિ 'જય સ્વામિનારાયણ' કહીને હર્ષપૂર્વક પોતાનાં આશ્રિતોને અત્યંત આનંદ આપતા સભામાં પોતાનાં સિંહાસનમાં બિરાજ્યા. વર્ણીઓ, સાધુઓ તથા ગૃહસ્થોના સમુદાય ઘણા દીવાઓના પ્રકાશથી જેમનાં વસ્ત્રો તથા અલંકારો ચળકે છે. એવા શ્રીહરિને નમસ્કાર કરીને દર્શન કરતા સભામાં બેઠા. (૪)

પછી પુરના ભક્તોની પ્રાર્થનાથી અને પોતાનાં આત્મીય ભક્તોની ઈચ્છાને પૂર્ણ કરનારા શ્રીહરિ, આંબાના બે મોટા વૃક્ષોની બે સુંદર ડાળીઓમાં બાંધેલા સુંદર હિંડોળામાં પ્રાર્થનાના સમકાળમાં બિરાજ્યા. (૫) બાર બારણા તથા સુવર્ણના કળશોએ સહિત, પાંચ શિખરોથી યુક્ત, જેમાં જડેલા છે વિચિત્ર વર્ણના મણિઓની કાંતિથી શોભાયમાન, શુદ્ધ સુવર્ણના આયનાઓથી ઉજ્જવળ, મણિજડિત સ્તંભોથી

યુક્ત, શુદ્ધ સુવર્ણ રચિત અતિશય વિશાળ જાણે ગોલોકનું વિમાન હોયને શું ? એવું અત્યંત રમણીય; (૬) સોનાના રચેલા દાડમો, બોર તથા તારાઓની પંક્તિઓની સમાન મોતીઓની પંક્તિઓ તેમજ રેશમી વસ્ત્રો, અતિ ઉત્તમ સૂર્ય સમાન દેદીપ્યમાન સોનેરી ગુચ્છાઓથી શોભાયમાન, રેશમી દોરીથી યુક્ત, પુષ્પોથી ગુંથેલી શોભાયમાન જાળીઓથી યુક્ત, આંબાના તથા અશોકના સુંદર પલ્લવો જેમાં છે એવા; (૭)

તે અત્યંત વિશાળ સુંદર હિંડોળામાં બિરાજેલા જેમણે ભક્તોના મન આકર્ષી લીધા છે એવા પરમાત્મા શ્રીહરિનું પૂજન કરવા માટે સુરત નિવાસી ભાલચંદ્ર વગેરે ભક્ત સમૂહ ત્યાં આવ્યા. (૮)

તે ભક્તો, ભક્તોની ભીડથી શ્રીહરિની સમીપે આવવા માટે સમર્થ થયા નહિ, તેથી તેમણે કુબેર દ્વારપાળને કહ્યું કે, અમોને શ્રીહરિની સમીપે લઈ જાઓ. (૯) હાથમાં સોનાની છડી ધારણ કરતા કુબેર દ્વારપાળે તે ભક્તોની ઈચ્છા શ્રીહરિને જણાવી એ રીતે શ્રીહરિની આજ્ઞાથી તેમને સભામાં આવવા માટે માર્ગ કરાવ્યો. (૧૦)

સુરતના તે ભક્તજનો શ્રીહરિની સમીપે આવીને હર્ષપૂર્વક વિવિધોપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. તે ભક્તોમાં ભાલચંદ્ર ભક્તે શ્રીહરિને સોનેરી સુરવાળ ધારણ કરાવ્યો. (૧૧) અંબારામ ભક્તે દર્શનીય મહામૂલ્યાવળો સોનેરી જામો ધારણ કરાવ્યો. લક્ષ્મીચંદ્રે શ્રીહરિને સોનેરી પટકો કેડ્યમાં ધારણ કરાવ્યો. ગોવિંદભાઈ નામના ભક્તે ઓઢવાનો સોનેરી ખેસ શ્રીહરિને ધારણ કરાવ્યો. (૧૨) વળી ભીખારીદાસ ભક્તે તો વિવિધ પ્રકારનાં જડેલા મણિઓ તથા હીરાઓની કાન્તિનો સમૂહ જેમાં છે, સૂર્યથી પણ અતિશય પ્રકાશ જેનોં છે એવો મનોહર સુવર્ણનો મુગટ અનવધિકાતિશય મહિમાવાળા શ્રીહરિનાં મસ્તક ઉપર ધારણ કરાવ્યો. (૧૩)

ભક્ત ગિરધરભાઈએ તો વિવિધ પ્રકારનાં રત્નોથી રમણીય સુવર્ણના મકરાકૃતિવાળા બંને કુંડળો, શ્રીહરિનાં બંને શ્રવણ યુગલમાં ધારણ કરાવ્યા. ભક્ત નાગરભાઈએ મણીન્દ્રોથી જડેલા રમણીય સુવર્ણના બંને બાજુબંધો શ્રીહરિની બંને ભુજાઓમાં ધારણ કરાવ્યા દયારામ ભક્તે હીરાકંઠી તથા સુવર્ણના હાર શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૪) હરગોવિંદ ભક્તે મોતીઓની માળા શ્રીહરિને ધારણ કરાવી. ભગવાનદાસ ભક્તે સોનાના સાંકળાં ધારણ કરાવ્યાં. નારાયણ ભક્તે સોનાનાં કડાં શ્રીહરિને ધારણ કરાવ્યાં. સૂરભાઈએ રત્નજડિત સુવર્ણની વીંટી ધારણ કરાવી; જાદવ ભક્તે જેમાં રત્નો પરોવેલાં છે એવા સુવર્ણના ઝાંઝર શ્રીહરિનાં ચરણ કમળમાં ધારણ કરાવ્યાં. (૧૫)

પછી તે ભક્તો આ વ્યાપક શ્રીહરિની મહાવાદ્યોના ધ્વનિ સાથે મહા આરતી ઉતારીને, શ્રીહરિની આગળ ચાંદીના ઉત્તમ પાત્રો ભરીને ભેટો અર્પણ કરતા હતા. (૧૬) તે સમયે અત્યંત પ્રસન્ન થયેલા જનસમુદાયે ઉંચા સ્વરથી 'જય' શબ્દનું ઉચ્ચારણ કર્યું. શ્રીહરિની શોભા જોનારા ભક્તો પોતાનાં દેહનું ભાન ભૂલી ગયા. (૧૭) પછી મુક્તાનંદ સ્વામી હિંડાળાની સુંદર રેશમી દોરી હાથમાં ધારણ કરી શ્રીહરિને અતિ પ્રેમથી ઝુલાવવા લાગ્યા. નિર્મળ બુદ્ધિવાળા સ્વરૂપાનંદ મુનિ તથા અતિ નિપુણ શ્રીહરિમાં

અત્યંત પ્રેમભાવ યુક્ત આનંદાનંદ મુનિ પણ શ્રીહરિને ઝુલાવતા હતા. (૧૮) તે સમયે લાખો ભક્તોનો સમૂહ સર્વોત્તમ શોભાવાળા, મનોહર આકૃતિવાળા, સમગ્ર કલેશનો નાશ કરનારાં છે દર્શન જેમનાં એવા સમગ્ર શોભાના આધારભૂત, દર્શનીય, યૌવનથી શોભાયમાન આકૃતિ છે જેમની એવા, જન્મ મરણરૂપ સંસૃતિનો નાશ કરનાર, શ્રીમાન્ ધર્મકુમાર શ્રીસ્વામિનારાયણના હિંડોળાના દ્વારે દ્વારે દર્શન કરતા હતા. (૧૯)

પ્રાતઃકાળના સૂર્યસમાન જેમનોં મુગટ ચળકે છે એવા, કોટિકામદેવને મોહ પમાડનાર, જેમનાં જામાની કાંતિ ચપળતા પૂર્વક ચળકે છે એવા, ચપળ, શોભાયમાન છે અવલોકન જેમનું એવા, મણીઓ જડેલા સુવર્ણના મકરાકૃતિ શોભાયમાન કુંડળો જેમને છે એવા, શ્રીસહજાનંદના તે સમયે જનસમુદાય દર્શન કરીને તૃપ્તિ પામ્યા નહિ. (૨૦) બંને હસ્તોમાં સોનાના સાંકળા ધારણ કરતા, સર્વે આંગળીઓમાં સુવર્ણની વીંટીઓ ધારણ કરતા, બંને ભુજાઓમાં શ્રેષ્ઠ બાજુબંધો ધારણ કરતા, કંઠમાં તારાના આકારવાળી ઉત્તમ મોતીનીમાળા ધારણ કરતા, પ્રફુલ્લિત બે કમળોના જેવા લોચનો જેમનાં છે એવા, અત્યંત સુંદર, નિર્દોષ અને હર્ષપૂર્વક જેમનાં લોકો દર્શન કરી રહ્યા છે તે સહજાનંદ; (૨૧)

સો સેરોનો મોતીઓનો હાર તથા નાભી સુધી લાંબી સોનાના પારાઓની કંઠીથી અત્યંત શોભાયમાન, ચોવીસ ગુચ્છા તથા બત્રીસ સેરોનો હાર, જેમાં અતિતેજસ્વી હીરાઓ છે એવા, સુવર્ણનાં ભૂષણોના સમુદાયના અલંકારરૂપ છે સુંદર શરીર જેમનું એવા, જેમનાં સુંદર મંદહાસ્યથી ચંદ્રની શોભા પણ નિંદા પામી છે. (હલકી પડી છે) એવા મુખારવિંદવાળા શ્રીસ્વામિનારાયણ તે વખતે પોતાનાં દર્શન કરનારા લોકોના મન હરણ કરતા હતા. (૨૨)

હે ભૂપતે ! શોભાયમાન ભાલમાં કુમકુમના ચંદ્રની માફક ગોળ બિન્દુ મધ્યમાં જેમને છે એવા, કેસરનું ઉર્ધ્વપુંડ્ર તિલક જેમણે ધારણ કર્યું છે, નિર્નિમેષ દૃષ્ટિથી લાખો જનો જેમનાં દર્શન કરી રહ્યા છે એવા, અત્યંત દર્શનીય, હાથમાં સુવર્ણની શ્રેષ્ઠ યેષ્ટિકા (લાકડી) ધારણ કરતા, હાલતા હિંડોળામાં બિરાજેલા, શ્રીવત્સ તથા વિણગુણ હાર વગેરે ચિહ્નોથી દર્શનીય એવું જે વક્ષઃસ્થળ, તેનાથી અતિશોભતી અને હલતી અતિમનોહર પુષ્પની માળાથી શોભતા (બંને બાજુએથી પડતી ચલાયમાન ગંગાના પ્રવાહથી આકાશ જેમ શોભે છે તેમ અતિશોભાયમાન) સુંદર શોભતો તથા હાલતો જે હિંડોળો તેના સ્ફુરાયમાન સુંદર બાર બારણામાં આદરપૂર્વક દર્શનીય, ધર્મપુત્ર, સ્વતંત્ર, સહજાનંદ તે સમયે વિદ્યુત તથા ઈન્દ્ર ધનુષ્યથી યુક્ત જળથી સઘન નવીન મેઘની જેમ શોભતા હતા. (૨૩-૨૪)

હે મનુજેન્દ્ર ! તે સમયે શ્રીહરિને અર્પણ કરવા માટે પોતાનાં હાથમાં પુષ્પના હાર લઈને લાખો માણસો શ્રીહરિની સમીપે આવવા માટે સમર્થ થયા નહિ. (૨૫) શ્રીહરિને આ હાર આપવાનો એ જનોનો સંકલ્પ પૂર્ણ કરવા માટે ઈચ્છતા ઈશ્વર શ્રીહરિ, પોતાનાં યોગ પ્રભાવથી યુક્ત પોતાનાં અગણિત આશ્રિતજનોના સર્વ પુષ્પોના હાર સોનાની છડી વડે તથા હાથથી, પગથી, એક કાળા વિચ્છિન્ન ગ્રહણ કરીને મંદહાસ્ય યુક્ત છે સુંદર મુખારવિંદ જેમનું એવા તે સમગ્ર જનોને આશ્ચર્યયુક્ત કરતા હતા (૨૬-૨૭)

દૂર રહેલા જનો પણ શ્રીહરિની સમીપે જાણે રહેલા હોય ને શું ? એમ તે સર્વે અત્યંત પ્રસન્ન થયા. આ શ્રીહરિ મારો હાર ગ્રહણ કરે છે એવું એક જણે કહ્યું. આ શ્રીહરિ મારો જ હાર ગ્રહણ કરે છે એમ બીજા પણ કહેવા લાગ્યા. આવી રીતે આશ્ચર્યપૂર્વક સર્વે માનતા હતા. (૨૮)

પુષ્પોના હારથી ઢંકાઈ ગઈ છે મૂર્તિ જેમની એવા, તેથી જ ઉત્તમ ફુલેલા બગીચાની શોભાવાળા, ઈશ્વર શ્રીહરિ પોતાનાં પ્રસાદીના હાર સત્પુરુષોની સભામાં વારંવાર ફેંકતા હતા. (૨૯) શ્રીહરિ પોતાનાં ગૃહસ્થ ભક્તોએ અર્પણ કરેલી પ્રસાદીની સાકર પણ હર્ષથી પોતાનાં કરકમળોથી લઈને વારંવાર સાધુપ્રવર મુક્તાનંદને આપતા હતા. (૩૦)

તે સમયે આકાશમાં દેવોના નગારાના નાદ સાથે નાના પ્રકારનાં વાદ્યો વાગવા લાગ્યા. તે સમયે સર્વ જનોએ જયધ્વનિનું ઉચ્ચારણ કર્યું અને તે ઘોષ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૩૧)

તે વખતે શ્રીહરિની મહાલીલાનાં દર્શન કરવા માટે આકાશમાં આવેલા બ્રહ્મા, ચંદ્ર, ઈન્દ્રાદિ દેવતાઓના સમુદાયના વિમાનોથી આકાશ વ્યાપી ગયું. (૩૨) પરમેશ્વર શ્રીહરિકૃષ્ણનાં દર્શન કરીને બ્રહ્માદિ દેવતાઓ નંદનવનના પુષ્પોથી, જેની સુગંધીમાં લુબ્ધ થયેલા છે ચિત્ત જેમનાં, એવા સ્વર્ગના ભમરાઓ જેની આસપાસ ભમી રહ્યા છે, તેમને વધાવતા હતા. (૩૩)

શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરતા શ્રીહરિને નમસ્કાર કરતા ઉંચેથી જય શબ્દનું ઉચ્ચારણ કરતા દેવતાઓ ચંદનની અતિવૃષ્ટિ કરતા હતા. તેમજ શ્રીહરિની સ્તુતિ પણ કરતા હતા. (૩૪)

તે સમયે તુંબરુ તથા નારદ વગેરે ગંધર્વોના સંઘો જુદા જુદા વાદ્યોની સાથે શ્રીહરિનાં પરમ પવિત્ર યશનું સ્વર, ગ્રામ, મૂર્છનાએ સહિત ગાન કરતા હતા. (૩૫) તે સમયે શ્રીહરિની લીલાનાં દર્શન માટે શ્રીહરિની સમીપે આવેલા ગોલોક તથા સમગ્ર અન્ય ધામના મુક્તસમૂહ, શ્રીહરિનાં દર્શન કરીને આશ્ચર્ય તથા હર્ષ પામી શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૩૬-૩૭)

ઈશ્વરોના ઈશ્વર શ્રીસ્વામિનારાયણ પોતાનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળા અસંખ્ય લોકોથી વ્યાપી ગયેલી સમગ્ર પૃથ્વીને જોતા મંદમંદ હસતા હતા. (૩૮)

પછી સુરતના નિવાસી તે ભક્તો સુવર્ણ તથા મણીમયી કલગી સહિત ચળકતા સુવર્ણના તાર જેમા છે એવી, શોભાયમાન મણિઓ જેમાં છે એવા સુવર્ણના તોરાઓથી યુક્ત; (૩૯) પોતાનાં પુરમાં જેવી રીતે વણિકો બાંધે છે તેની માફક બાંધેલી શ્રીહરિને માટે મુગટની સાથે લાવેલી સૂરતી પાઘડી હર્ષપૂર્વક શ્રીહરિને ધારણ કરવા માટે કહેતા હતા. (૪૦)

હે હરે ! અમો આ પાઘડી મુગટની સાથે આપને માટે અહીં લાવ્યા છીએ. તેથી હે ભક્તોના સ્વામી ! આપ એને કૃપા કરી મસ્તક ઉપર ધારણ કરો. (૪૧)

આ પ્રકારની તેમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તે ભક્તોના આનંદ માટે, મુગટ ઉતારીને તેમણે અર્પણ કરેલી સુંદર, સોનેરી, રમણીય સૂરતી પાઘડી મસ્તક ઉપર ધારણ કરતા હતા. (૪૨) સુવર્ણમય

મોતી તથા વિવિધ પ્રકારનાં મણિમય આભૂષણો તથા તોરાઓથી યુક્ત, સોનેરી સૂત્રોથી રચેલી, સુરતમાં શેઠીયાઓની રીતથી બાંધેલી પાઘડી ધારણ કરતા કરુણાપૂર્ણ દૃષ્ટિથી પોતાનાં ભક્તોને ચારેય તરફ જોતા હિંડોળા ઉપર બિરાજેલા શ્રીહરિને લાખો જનો ચકોર પક્ષી જેમ ચંદ્રમાને જુએ તેમ જોતા હતા. (૪૩)

પ્રાકૃત મનુષ્ય જેવા જણાતા છતાં પણ અલૌકિક શેઠીયાના જેવો ઉત્તમ શ્રીહરિનો વેશ જોઈને ઘણાં લોકો તત્કાળ સમાધિ પામ્યા. વિવિધ પ્રકારનાં ધામોથી શ્રીહરિની શોભા જોવા માટે આવેલા અનેક મુક્તો મહાઆનંદ પામ્યા. (૪૪)

પછી શ્રીહરિ મસ્તક ઉપરથી તે વાણિયાશાહી પાઘડી ઉતારીને તત્કાળ શોભાયમાન સુવર્ણના સુંદર સૂત્રો જેમાં છે એવું, જડેલા મણીન્દ્રો જેમાં છે એવાં સોનાના મણિબંધ વગેરે વિભૂષણોથી શોભતું, સુંદર વસ્ત્રના છેડાના શોભાયમાન મુગટ તુલ્ય છોગાં જેને છે એવું, સુવર્ણના મણકા, મોતીઓ તથા મણીઓની પંક્તિઓ જેમાં છે એવું, અતિમૂલ્યવાળું માથાનું મંડિલ મસ્તક ઉપર બાંધતા હતા. (૪૫-૪૬)

તે સમયે આશ્ચર્યકારી ઘણી શોભા જેમને છે એવા શ્રીસ્વામિનારાયણના દર્શન કરતા જનોના સમુદાયો પોતાની આંખોની પાંપણો બનાવનાર બ્રહ્માનો તિરસ્કાર કરવા લાગ્યા. (૪૭)

તેટલામાં શ્રીહરિનાં દર્શન કરનારા ભક્તોના દ્રવ્યનું હરણ કરવાની ઈચ્છાથી ચોરો, જે ટોળે મળીને ત્યાં ભમતા હતા, તેમનાં ગૂઢ અભિપ્રાયને જાણનારા શ્રીહરિએ તત્કાળ તેમનોં આશય જાણી લીધો. (૪૮) પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદ પાસે પોતાનો શ્રેષ્ઠ અશ્વ મંગાવીને તે ઉપર બિરાજમાન થયા. અલંકારોથી સારી રીતે શોભાયમાન, સુંદર ગતિ જેમની છે એવા, તે અશ્વને શ્રીહરિ ખેલવતા હતા. (૪૯) પછી હે રાજન્ ! ધર્મના પુત્ર શ્રીહરિ પોતાનાં અશ્વને આસ્કંદિત, રેચિત, પ્લુત, અર્ધપુલાચિત, ધૌર્ય, વલ્ગિત, ધારા તથા સુંદર પુલા નામની ગતિઓમાં ઘણાં જનોને વિસ્મય પમાડતા ખેલાવતા હતા (૫૦)

હિરણ્યમયી, ચંચળ અને સુંદર લગામ હાથમાં ધારણ કરતા, ચંચળ અને સુંદર રુમાલ બીજા હાથમાં ધારણ કરતા, અશ્વની ગતિના વેગથી ઉછળતા તોરાઓની પંક્તિથી રમણીય, એવા શ્રીહરિને તે સમયે સ્થિર નેત્રોવાળા જનો જોતા હતા. (૫૧) તે સમયે શ્રીહરિનાં દર્શન માટે આકાશમાં આવેલા ગરુડે શ્રીહરિનાં અશ્વની વિચિત્ર ગતિ તથા વેગ તેને આશ્ચર્યપૂર્વક જોઈને તે અશ્વની અત્યંત પ્રશંસા કરી. (૫૨)

સર્વ અવતારોના કારણ પુરુષોત્તમ શ્રીહરિએ આ પ્રકારે વિશેષ ચલાવેલા, વાયુના કરતા અધિક વેગવાળા તે અશ્વને જોઈને, તે વિનતાનો પુત્ર ગરુડ સર્વોત્તમ આનંદ પામ્યો. (૫૩) સમગ્ર અશ્વોનાં અલંકારરૂપ અશ્વે પોતાની તાર્ક્ષ્ય સંજ્ઞા અંગીકાર કરી. તેથી વિષ્ણુના વાહન દ્વિજરાજ પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. (तार्क्ष्यस्तु स्यन्दने वाहे गरुड गरुडाग्रे अश्वकर्णाह्ययातस्तै स्यात् तार्क्ष्यतु रसांजने इति हैमः) (૫૪) આ પ્રકારે એક દેશમાં પોતાનાં અશ્વરાજને ખેલાવતા ઈશ્વર શ્રીહરિને સમગ્ર જનોના સમૂહ આશ્ચર્ય પામીને જેણે સર્વ ઠેકાણે જોતા હતા. (૫૫)

હે રાજન્ ! સર્વે સ્થાનોમાં પોતાનાં અશ્વરાજને ખેલાવતા દર્શનીય શ્રીહરિને જોઈને સમગ્ર ચોરો ભયથી વેગપૂર્વક નાસી ગયા. (૫૬) સર્વ આપત્તિઓને હરનારા સ્વાશ્રિત ભકતોનું સંપોષણ કરનારા શ્રીહરિ આ પ્રમાણે જન સમુદાયને પોતાનાં દર્શન આપીને પોતાનાં પાર્ષદગણો તથા ઘોડાઓ ઉપર બેઠેલા પોતાનાં બંધુઓની સાથે પોતાનાં ઉતારામાં પધાર્યા. (૫૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં પુષ્પ દોલોત્સવમાં હિંડોળામાં બિરાજેલા શ્રીહરિની શોભાવર્ણન નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- બીજે દિવસે ભોજન કર્યા પછી શ્રીહરિ સભામાં આવીને પોતાનાં શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા. (૧) તે સભામાં તેમનાં બંને બંધુઓ તથા ત્યાગીઓ, ગૃહસ્થો તથા અન્ય સર્વે ભક્તો, શ્રીહરિની મૂર્તિમાં સંલગ્ન ચિત્તવાળા બની પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા હતા. (૨)

તે સમયે કોઈક ભક્તે હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને મોગરાના પુષ્પોથી ગુંથેલો ઉત્તમ હાર શ્રીહરિને અર્પણ કર્યો. (૩) શ્રીહરિ તે શ્રેષ્ઠ હારને સોનાની છડીથી ગ્રહણ કરીને, છડીના અગ્ર ભાગમાં વીંટાયેલા તે હારને ભમાવતા હર્ષપૂર્વક પોતાનાં ભક્તોને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. (૪)

હે ભક્તો ! જેમ આ મોગરાની માળા આ લાકડીના આધારે રહી છે તેમ તમારે મારી આજ્ઞાને અનુસરીને જ દરરોજ વર્તવું. (૫)આ માળાની માફક ઉજ્જવળપણું જેનું છે એવા એકાંતિક ધર્મને સિદ્ધ કરીને તમારે તમારું માનસ હારની માફક ઉજ્જવળ રાખવું. (૬)

તમો સર્વે મારા આશ્રિત જ્યારે એવી રીતે વર્તશો ત્યારે આ હારની માફક તમોને હંમેશાં હું મારી સમીપે રાખીશ. (૭) તમોને આ હારની માફક રમાડીશ, તેવી રીતે અત્યંત સુખી કરીશ. એવી રીતે હે રાજન્ ! શ્રીહરિ ભક્તોને ઉપદેશ આપતા હારને ફેરવતા હતા. (૮)

હે રાજન્ ! શ્રીહરિએ એવી રીતે સોટીથી ભમાવેલા પુષ્પના હારને પકડવાની ઈચ્છાવાળા હજારો ભક્તજનો બંને હાથ જોડીને ત્યાં ઊભા રહ્યા. (૯) આવી રીતે હારની ઇચ્છાવાળા અને તેથી ઊભા રહેલા જનસમૂહને જોઈને, બ્રહ્માનંદ મુનિએ મંદહાસ્ય સહિત શ્રીહરિને કહ્યું. (૧૦)

હે સ્વામિન્ ! આ પુષ્પની માળાના ભ્રમણથી આપ અત્યારે આપના ભક્તોના મન અત્યંત ભમાવો છો. (આ હાર કોને મળશે એવા સંકલ્પથી) (૧૧) આવું બ્રહ્માનંદમુનિનું વચન સાંભળીને શ્રીહરિએ મંદ હાસ્યે સહિત તે હાર વૃદ્ધાત્માનંદ મુનિના વક્ષઃસ્થળમાં ફેંક્યો. (૧૨)

તે સમયે બ્રહ્માનંદ મુનિ ફરીથી શ્રીહરિને આવી રીતે કહેવા લાગ્યા, હે હરે ! આપે શ્રેષ્ઠ હાર

અતિ શુભ સ્થાનમાં ફેંક્યો. (૧૩) કારણ કે હારને આપ ત્વરાથી જેમ ભમાવો છો તેવી રીતે આ મુનિ આપની આજ્ઞા પાળવામાં ત્વરાવાળા છે તથા એકાંતિક ધર્મમાં રહેલા પવિત્ર તપસ્વી છે. (૧૪)

તેથી હે પ્રભો ! આપે આ મુનીન્દ્રને હાર અર્પણ કર્યો એ સર્વજ્ઞ એવા આપે યોગ્ય જ કર્યું છે. (૧૫) તેમનું આવું વાક્ય સાંભળીને શ્રીહરિ મંદ હાસ્ય કરતા હતા. શ્રીહરિનાં મુખકમળ ઉપર દૃષ્ટિવાળા તે સર્વે સભ્યો પણ પ્રસન્ન થઈને હસતા હતા. (૧૬)

પછી ઉપચારોના પાત્રો હાથમાં લઈને દેશાન્તરના લાખો જનો શ્રીહરિનું પૂજન કરવા માટે ત્યાં આવ્યા. (૧૭) તેમને સર્વને જોઈને સોનાની છડી ધારણ કરનાર દ્વારપાળ કુબેર શ્રીહરિની આગળ ઊભા રહીને શ્રીહરિને તેમની ઈચ્છા નિવેદન કરવા લાગ્યા. (૧૮)

તેથી શ્રીહરિએ તેમને પોતાની પૂજા કરવા માટે પ્રીતિપૂર્વક આજ્ઞા આપી. પછી તે ભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે શ્રીહરિની સમીપે અનુક્રમ પ્રમાણે આવ્યા. (૧૯) તે ભક્તો પુષ્પના હાર તથા ચંદન, અક્ષત, કુમકુમ તથા અમૂલ્ય ભૂષણો, વસ્ત્રો તથા બીજા ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. તેમજ મહા નિરાજન કરતા હતા. ચાંદીના પાત્રો ભરીને ભેટો શ્રીહરિની આગળ અર્પણ કરતા હતા. (૨૦-૨૧)

તે ભક્તો શ્રીહરિનાં બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામને પણ સુંદર શ્રેષ્ઠ ઉપચારોથી આદરપૂર્વક પૂજતા હતા. વળી મુનિઓ વગેરેને પણ પૂજતા હતા. (૨૨) વિવિધ દેશોથી આવેલી સ્ત્રીઓએ ઉપચારો વડે શ્રીહરિની પૂજા કરી તેમજ ધર્મવંશી સ્ત્રીઓની પણ પૂજા કરી. (૨૩)

હે રાજન્ ! પછી વડતાલના નિવાસી ભક્તોએ મહામૂલ્યવાળા અલંકારો, વસ્ત્રો તથા વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૨૪) પછી તે સર્વે ભક્તો શ્રીહરિની મહા આરતી કરીને હર્ષપૂર્વક શ્રીહરિની આગળ નાના પ્રકારની રમણીય ભેટોથી ભરેલા પાત્રો અર્પણ કરતા હતા. (૨૫)

ત્યારબાદ પુરની સ્ત્રીઓ પણ શુભ ઉપચારોથી શ્રીહરિને પૂજીને હર્ષપૂર્વક શ્રીધર્મવંશીય સ્ત્રીઓની પણ પૂજા કરતી હતી. (૨૬) પુરનો જનસમૂહ પણ શ્રીહરિને તથા તેમનાં બંધુઓ, મુનિઓ વગેરેને પોતપોતાનાં ઘેર લઈ જઈને વિવિધ પ્રકારનાં ભોજનોથી તેમને તૃપ્ત કરતો હતો. (૨૭)

તે સમયે તે ભક્તોએ નાના પ્રકારનાં ઉપચારોથી તથા મહામૂલ્યવાળા ભૂષણો તથા વસ્ત્રોથી ભક્તિપૂર્વક શ્રીહરિની તથા તેમનાં બંધુઓની પૂજા કરી. (૨૮)

તે સર્વે શ્રીહરિનાં ચરણમાં આસકત વર્ણીઓ તથા સાધુઓ વગેરેનું ઉપચારોથી યથાયોગ્ય પૂજન કરતા હતા. (૨૯) વળી દેશાન્તરથી આવેલા તે જનો રામપ્રતાપાદિ બંધુજનોએ સહિત શ્રીહરિને ઉત્તરોત્તર ઉત્તમ રસવાળા વિવિધ પ્રકારનાં પાકથી તૃપ્તિ પમાડતા હતા. (૩૦)

શ્રીહરિ આ પુરમાં રાત્રિ દિવસ પોતાનાં સમગ્ર ત્યાગીઓ, સાધુઓ તથા પાર્ષદો વગેરેને નાના પ્રકારનાં ભોજનો પીરસીને પ્રીતિપૂર્વક તૃપ્તિ પમાડતા હતા. (૩૧) શ્રીહરિ જીવોની આત્યંતિકી મુક્તિ માટે આવી લીલા કરતા પોતાનાં ભક્તોને અત્યંત આનંદ આપતા આ પુરમાં રહેતા હતા. (૩૨)

હે રાજન્ ! પછી આ પુરમાં ધર્મનંદન શ્રીહરિ પ્રતિદિન સાયંકાળે આરતી થયા પછી પંડિત નિત્યાનંદ મુનીન્દ્ર પાસે સુસ્પષ્ટ વંચાતી મનોહર નારદમુનિએ રચેલી પંચરાત્રની સર્વોત્તમ કથા સાંભળતા હતા (૩૩-૩૪)

હે ભૂપતે ! શ્રીહરિ તે સમયે પોતાનાં હજારો ત્યાગીભક્તો તથા લાખો ગૃહસ્થ ભક્તોની મહાસભામાં કોમળ અને સુંદર ઓછાડ પાથરેલા ગાદીતકીયા વગેરે યુક્ત શ્રેષ્ઠ ઉંચા સિંહાસનમાં બિરાજીને હર્ષપૂર્વક શુભ વાર્તા કરતા હતા. (૩૫-૩૬)

શ્રીહરિ કોઈ વખત ધર્મ સંબંધિ વાર્તા કરતા હતા. કોઈ સમયે કલ્યાણકારી જ્ઞાનવાર્તા, કોઈ વખત વૈરાગ્યની વાર્તા કરતા હતા. (૩૭)

શ્રીહરિ ક્યારેક મનોહર ભક્તિની વાર્તા કરતા હતા. ક્યારેક વિવિધ પ્રકારની મોક્ષના સાધનભૂત વાર્તા કરતા હતા. (૩૮) હે રાજન્ ! શ્રીહરિ ધર્માદિ સંબંધવાળી મનોહર નાના પ્રકારની જે જે વાર્તા કરતા હતા, સમગ્ર પાપોને હણનારી તે વાર્તા તમોને હું સંક્ષિપ્તથી કહું છું. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિકૃત હાર ભ્રમણાદિ લીલા વર્ણન નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે શ્રીહરિ પોતાનાં મુખકમળ પ્રત્યે જેમની દૃષ્ટિ પરોવાઈ છે એવા સ્વાશ્રિતજનો તરફ અપાર દયાથી જોતા પોતાનાં ભક્તોને આનંદ પમાડતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! આ લોકમાં તથા પરલોકમાં સર્વ પ્રકારે તમારું હિત કરનારું મારું વચન તમો સર્વે એકાગ્ર મનવડે સાંભળો. (૨) હે ભક્તો ! શરીરધારીઓને પોતપોતાનાં વર્ણાશ્રમને ઉચિત સદાચારરૂપી ધર્મ કલ્યાણ કરનારો અતિ પવિત્ર છે માટે મારા આશ્રિત તમારે સર્વેએ પ્રતિદિન પ્રીતિપૂર્વક તે ધર્મનું પાલન કરવું. (धर्माच्छ्रेयः समुद्दिष्टं श्रेयोऽभ्युदयलक्षणम्, એમ ભવિષ્યપુરાણમાં કહેલું છે) (૩) પોતાને સેવનારા પુરુષોના સર્વ મનોરથ કલ્પવૃક્ષ જેમ પૂર્ણ કરે છે તેમ ધર્મનું પાલન કરનારા મનુષ્યોના સર્વ મનોરથ ધર્મ પૂર્ણ કરે છે. (''धर्मद्राज्यं धनं सौख्यमिति स्कांदे'' કહેલું છે) (૪) આ લોકમાં સારી રીતે આચરણ કરેલો ધર્મ મનુષ્યોને, ચંદ્રમાં, તારાગણોને જેમ શોભાડે છે તેમ, નમ્રતા શાસ્ત્ર જાણનારાઓને જેમ શોભાડે છે તેમ, અત્યંત શોભાડે છે. (૫) પોતાનાં અધિકાર અનુસારે દરરોજ પોતાનાં સદાચારનું પાલન કરતો મનુષ્ય ઉજ્જવળ પક્ષમાં ચંદ્ર જેમ વૃદ્ધિ પામે છે તેમ વૃદ્ધિ પામે છે. (૬)

સમ્યક્ આચરણ કરેલો ધર્મ મનુષ્યોની બુદ્ધિને વૃદ્ધિ પમાડે છે. ઉનાળાના તાપને શાંતિ પમાડનાર મેઘની જેમ ધાન્યોની સંપત્તિને ધર્મવૃદ્ધિ પમાડે છે. ''વારાહપુરાણમાં धर्मः प्रज्ञां वर्द्धयति क्रियमाणः पुनः पुनः । वृद्धप्रज्ञस्ततो नित्यं पुण्यमारभते नरः ।।''(૭)

મનુષ્ય કોદાળીથી ભૂમિને ખોદીને જેમ જળ પ્રાપ્ત કરે છે. તેજ પ્રમાણે જે મનુષ્ય ધર્મનું આચરણ મન, વાણી અને શરીરથી કરે છે તે ધર્મથી સુખ પામે છે. (૮) જેમ સ્વર્ગમાં અમૃત રહેલું છે, જેમ ચિંતામણિમાં ધન રહેલું છે, તેમ દેહધારીઓનું સર્વ ઈષ્ટ, સર્વસુખ, ધર્મમાં રહેલું છે. ''विद्या वित्तं वपुः शौर्य कुले जन्म विरोगिता । संसारोच्छित्तिहेतुश्च धर्मादेवप्रवर्तते'' શબ્દ સ્પર્શ ઈત્યાદિ ધર્મથી પ્રવર્તે છે. (૯)

પંડિતો ચિંતામણિ વગેરેથી પ્રાપ્ત થયેલું દ્રવ્ય તેને દ્રવ્ય કહેતા નથી. પરંતુ ધર્મને ધન કહે છે. જેથી ધર્મરૂપ ધન પરલોકમાં પણ સુખ પમાડનાર છે. ''श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः । इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम्'' માટે ધર્મ પાલન કરવું. (૧૦) ધર્મરૂપી ધન વિના તો સમગ્ર દ્રવ્ય, સ્ત્રીઓ તથા પુત્રાદિ સર્વે અંતકાળે પાસે હોવા છતાં પણ આ લોકમાંજ રહે છે. પરલોકમાં અવિનાશી સુખને આપનારા થતા નથી જ. ''एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः । शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति'' એમ મનુએ કહ્યું છે. (૧૧) જેમ પૃથ્વીમાં ગંધ રહ્યો છે, જેમ જળમાં રસ રહ્યો છે તેમ, નિઃશ્રેયસ કરનારા ધર્મમાં સર્વ સુખ રહ્યું છે. (''धर्मो विश्वस्य प्रतिष्ठा'' ''धर्मेण पापमपनुदति धर्मे सर्व प्रतिष्ठितम्'' ''तस्माद्धर्म परमं वदन्ति'' इति श्रुतिः) (૧૨)

પુષ્પની માળાની સાથે જેમ દોર. (મસ્તક ઉપર રહેલા તોરા હાર વગેરેમાં રહેલો દોરો.) મસ્તક ઉપર ચડે છે, તેવી રીતે ધર્મને આશરેલો સાધારણ માણસ પણ ઉત્તમ ગતિ પામે છે. (''गुणवद्वस्तुसंसर्गाद्याति स्वल्पोऽपि गौरवम् । पुष्पमालानुसंगेन सूत्रं शिरसि धार्यते'') (૧૩) ધર્મથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, જ્ઞાનથી વૈરાગ્ય અને વૈરાગ્યથી વિજ્ઞાન-સાક્ષાત શ્રીહરિનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે, અને પરમેશ્વરના જ્ઞાનથી શ્રીહરિમાં ગાઢાનુરાગરૂપ ભક્તિ થાય છે. (૧૪)

જેમ હંસો હંમેશાં માનસસરોવરને આશરીને રહે છે, તેમ વૈરાગ્ય, જ્ઞાન, માહાત્મ્ય જ્ઞાન સહિત ભક્તિ વગેરે શુભ ગુણો હંમેશાં ધર્મને અનુસરીને વર્તે છે. (૧૫) આ લોકમાં પણ મનુષ્ય ધર્મથી લૌકિક મહત્તા, કીર્તિ તથા પૂજનીયતા પામે છે. પરલોકમાં પણ ઉત્તમ ગતિ પામે છે. (૧૬)

જે અર્થો-વસ્તુઓ -ધર્મથી પ્રાપ્ય છે તથા જે કામો ધર્મથી પ્રાપ્ય છે તે નીંદનીય નથી. અધર્મથી સંપાદન કરેલા અર્થો તથા કામો તિરસ્કૃત તથા નીંદનીય છે. (૧૭)

વિવિધ પ્રકારનાં અમૂલ્ય રત્નના સંબંધથી સુવર્ણ જેમ શોભે છે, તેમ સર્વ પ્રકારે ગુણોથી યુક્ત જન પણ ધર્મથી શોભે છે. (૧૮) સકળ પ્રાણીઓનું હિત કરનારી ભક્તિ, ધર્મથી પુષ્ટિ પામીને દરરોજ, જેમ જળથી અમૃતવલ્લી વૃદ્ધિ પામે છે તેમ, વૃદ્ધિ પામે છે. (૧૯)

પૃથ્વી ઉપર જે જનો શાંતિ આપનારી ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, તે જનો હરિના શત્રુ છે. કારણ કે આ લોકમાં પરમાત્માનો પ્રાદુર્ભાવ ધર્મનું સ્થાપન કરવા માટે જ થાય છે. (૨૦)

અધર્મ મનુષ્યોના શ્રી, લક્ષ્મી, કીર્તિ વગેરે ગુણોને, જેમ સમગ્રરૂપને સફેદ કોઢ હણે છે. તેમ, હણે છે. માટે મારા આશ્રિતોએ તથા સર્વે લોકોએ ધર્મમાં રહેવું. (૨૧) જેમ ધોબી મલીન વસ્ત્રને ક્ષાર નાંખી ઉજ્જવળ કરે છે તેમ ધર્મ વિષયવાસના યુક્ત મલીન ચિત્તને કૃચ્છ્રાદિ વ્રતના આચરણ વગેરેથી નિર્મળ કરે છે. (૨૨) ઉનાળામાં સૂર્યના કિરણોથી તપી ગયેલા વટેમાર્ગુઓને ઘાટી છાયાવાળા વૃક્ષ જેમ શાંત કરે છે તેવી રીતે આધ્યાત્મિક આદિ ત્રિવિધ તાપથી તપી ગયેલા જનોને, ધર્મ શાંતિ પમાડે છે. (૨૩) ચંદ્રમાં જેમણે નેત્રની વૃત્તિ જોડી છે એવા ચકોર પક્ષીમાં શીતળતારૂપ ચંદ્રનો ગુણ જેમ આવે છે તેમ, ધર્મમાં આસક્ત મનુષ્યોમાં ધર્મના ગુણો આવે છે જ. (૨૪)

આયુષ્ય, તરુણપણું, વિત્ત, ગૃહ, અપત્ય, ક્ષેત્ર, કલત્ર વગેરેને વીજળીની માફક શાસ્ત્રકારોએ ચંચળ કહ્યાં છે. પરંતુ ધર્મ અચળ છે તેથી જનો નિત્ય ધર્મપરાયણ થાય. (૨૫)

મનુષ્યો ધર્મથી અર્થ પામે છે. સંસારરૂપી સાગરને તરવા માટે ધર્મ એજ મહાન નૌકા છે. (૨૬) રૂપ, વીર્ય, યશ, તેજ, વિદ્યા, શૌર્ય, આરોગ્ય તથા ઉત્તમ કુળમાં જન્મ એ સર્વે ધર્મથી મનુષ્ય પામે છે. (૨૭) ધર્મથી ધન તેમજ સાર્વભૌમપણું પણ મનુષ્યો પામે છે. તેથી સુખની પ્રાપ્તિ માટે બુદ્ધિશાળીઓ નિત્ય ધર્મનું આચરણ કરે. (૨૮)

શેરડીને પાવાના જળના યોગથી જેમ બીજા તૃણ વગેરે વૃદ્ધિ પામે છે. તેની માફક પોતાનાં કલ્યાણ માટે સેવન કરતો ધર્મ, કામ અને અર્થને વૃદ્ધિ પમાડે છે. (૨૯) પૃથ્વી ઉપર પોતાનાં મોક્ષ માટે ધર્મ માર્ગથી ફરતો માણસ પોતાનો ઈષ્ટ વૈભવ, સુખ તથા ફળને ભોગવે છે. (૩૦)

ધર્મનું આચરણ કરતા મનુષ્યોને કંઈ પણ અપ્રાપ્ય નથી. માટે વિદ્વાન માણસોએ હંમેશાં ધર્મનું પાલન કરવું. (૩૧) આ મનુષ્ય શરીર ક્ષણભંગુર જળના પરપોટાની માફક વિનાશી મૃત્યુએ જાણે ગ્રહણ કર્યા છે કેશ જેનાં એવું હોયને શું ? માટે તત્કાળ ધર્મનું આચરણ કરવું. (૩૨) પરલોકમાં પણ સાથે આવનારો ધર્મ મનુષ્યોનો ઉત્તમ મિત્ર છે. માટે બુદ્ધિશાળી પુરૂષ પોતાનું હિત કરનારા ધર્મનો ક્યારેય ત્યાગ ન કરે. (૩૩)

દુરાશયવાળો મનુષ્ય જે ધર્મનું સેવન નથી કરતો તે ધમણ જેમ વૃથા શ્વાસ લે છે, તેમ વૃથા શ્વાસ લેનારો, મરીને અધોગતિરૂપ નરકને જ પામે છે. (૩૪) તેથી અર્થના લોભથી અથવા કામના લોભથી સર્વ કામાર્થની સિદ્ધિ આપનારા ધર્મનો મનુષ્યે ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. (૩૫)

જે મનુષ્યો શ્રેય કરનારા પરમધર્મનું અહીં પાલન કરે છે. તે જનો ઉપર અત્યંત પ્રસન્ન થયેલો ધર્મ, સદા પોતાનું પાલન કરનાર જનોનું રક્ષણ કરે છે. (૩૬) શ્રીહરિને પ્રિય એવો અને પવિત્ર કરનારો તે ધર્મનો વંશ તથા શ્રદ્ધાદિ ધર્મની તેર પતિવ્રતા પત્નીઓ પણ અતિ પવિત્ર છે. (૩૭) આ ધર્મ મૂર્ત

અને અમૂર્ત બે પ્રકારે છે. તેમાં હે જનો ! દેવાત્મક ધર્મ મૂર્ત છે અને ક્રિયારૂપ સદાચારાત્મક ધર્મ અમૂર્ત છે. (૩૮)

આ પ્રકારે શ્રીહરિએ કહેલી અમૃતથી પણ અતિશ્રેષ્ઠ વાર્તા સાંભળીને ત્યાગીઓ તથા ગૃહસ્થો આનંદ પામ્યા. (૩૯) તે સમયે શ્રીહરિનાં આશ્રિત સયાજીરાવ ભૂપતિના બ્રાહ્મણ અમાત્ય નારૂપંત બંને હાથજોડીને શ્રીહરિને આવી રીતે કહેવા લાગ્યા. (૪૦)

હે સ્વામિન્ ! ધર્મનો વંશ અત્યંત શુભાવહ છે. તેમજ તેને તેર પત્નીઓ છે આવું સર્વજ્ઞ આપે કહ્યું. (૪૧) તેથી ધર્મ અને તેનો સર્ગ મૂર્તિમાન છે એમ અનુમાન થાય છે તથા તેની પત્નીઓ પણ મૂર્તિમાન છે એમ મને પ્રતિભાસ થાય છે. (૪૨) હે હરે ! તેથી પોતાનાં મૂર્તિમાન પરિવાર સાથે મૂર્ત ધર્મે જેને પોતાનાં દર્શન આપ્યા હોય, હે દયાનિધે ! પુણ્યવાળા તે પુરુષો મૂર્તિમાન ધર્મ, તે ધર્મની મૂર્તિમાન સ્ત્રીઓ તથા મૂર્તિમાન તેના પરિવારની કથા મને કહો. (૪૩, ૪૪)

હે હરે ! હે સ્વામિન્ ! આપના દાસ એવા મને મેં પૂછેલા પ્રશ્નનો ઉત્તર સાંભળવાની ઈચ્છા છે. માટે કરુણા કરીને મને તત્વપૂર્વક કહેવા આપ કહો. (૪૫)

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે કારભારી નારૂપંતે આવી રીતે પૂછ્યું તેથી ધર્મનું રક્ષણ કરનારા, શ્રીહરિ સમગ્ર સભ્ય જનોને આનંદ પમાડતા આશ્ચર્યકારી શુદ્ધવાણીમાં આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિકૃત ધર્મ પ્રશંસાદિ વર્ણન નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે પ્રશસ્ત બુદ્ધિવાળા નારૂપંત ! પહેલાં મૂર્તિમાન પોતાનાં પરિવાર સહિત મૂર્ત ધર્મ દુર્વાસા મહર્ષિને પોતાનાં દર્શન આપતા હતા. (૧) હે મહામતે! પદ્મપુરાણના ભૂમિખંડમાં ધર્મ તથા તેના વંશ સંબંધી આ શુભ કથા છે. (૨)

હે મંત્રીવર્ય ! હમણાં સૌરાષ્ટ્ર દેશ નિવાસી મારા ભક્ત બુદ્ધિમાન મયારામને મૂર્ત સ્વરૂપે પોતાનાં પરિવાર સહિત ધર્મે તે મયારામ બ્રાહ્મણની પોતાને વિષે દઢ સ્થિતિ જોઈને પ્રસન્ન થઈને પોતાનાં દર્શન આપ્યા. (૩, ૪) સુધાથી અતિસ્વાદુ, શ્રીહરિની આ હિતકર વાણી સાંભળીને નારુપંત પ્રસન્ન થઈ બંને હાથ જોડી નમન કરી શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫)

હે હરે ! ધર્મમાં અધિક નિષ્ઠાવાળા મયારામને મૂર્તિમાન ધર્મે મૂર્તિમાન પોતાનાં પરિવાર સહિત પોતાનાં દર્શન આપ્યા. (૬) હે સ્વામિન્ ! તે સર્વ કથા મને તત્વપૂર્વક આપ કૃપા કરીને કહો. (એ

સાંભળવાની મારી તથા સભ્યોની ઘણી ઈચ્છા છે માટે મને કહો) (૭)

આ પ્રકારે ભક્ત નારુપંતે પ્રીતિપૂર્વક કહ્યું તેથી ધર્મપ્રિય શ્રીહરિ નારૂપંત તથા સભ્યોને આનંદ આપતા આ પ્રમાણે મંદ હાસ્યસહિત કહેવા લાગ્યા. (૮)

હે નૃપ અમાત્ય ! માણાવદરના નિવાસી મયારામ બ્રાહ્મણ એક વખતે એકાન્ત સ્થળમાં નિત્યવિધિ અનુસાર શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરતા હતા. (૯) યુધિષ્ઠિર સમાન દૃઢ નિષ્ઠાવાળા, સત્ય પ્રતિજ્ઞાવાળા, મહા બુદ્ધિશાળી, સાંખ્ય જ્ઞાનમાં અતિ નિપુણ. (૧૦)

કર્મકાંડમાં નિપુણ, દ્રોહ અને મત્સરથી રહિત, કામના સંકલ્પથી રહિત માર્દવાદિ ગુણોથી યુક્ત. (૧૧) તે મયારામ બ્રાહ્મણની પોતાને વિષે દૃઢ સર્વોત્તમ નિષ્ઠા જોઈને પરિવાર સહિત શ્રીધર્મ તેમનાં ઉપર અત્યંત પ્રસન્ન થયા. (૧૨) તેથી સ્વયં મૂર્તિમાન પોતાનાં મૂર્તિમાન પરિવાર સહિત ધર્મે મયારામને બીજાને દુર્લભ એવા પોતાનાં શુભ દર્શન આપ્યા. (૧૩) હે બુદ્ધિમાન ! દયાનિધિ ઋષિવર્યની આકૃતિ સમાન આકૃતિવાળા ધર્મે, મયારામ વિપ્રને પોતાનાં દર્શન આપ્યા. તે ધર્મદેવ શરદ્ઋતુના ચંદ્રમાના જેવી કાંતિવાળા, ઉત્તમ શ્વેત વસ્ત્રો ધારણ કરનારા, સુંદર ચંદનનો લેપ જેમને છે એવા, સુગંધિમાન શ્વેત પુષ્પોના ઉત્તમ હારથી શોભાયમાન, કૃપારસથી આર્દ્ર છે નેત્રો જેમનાં એવા, સર્વ પ્રાણીઓને સુખ કરવામાં તત્પર, સ્વભાવથી મનોહર પ્રસન્ન મુખારવિંદવાળા હંમેશાં શાંત આકૃતિવાળા પવિત્ર દર્શનવાળા, (૧૪, ૧૫, ૧૬)

એવા ધર્મદેવની પત્નીઓ, શ્રદ્ધા, તુષ્ટિ, દયા, મેધા, પુષ્ટિ, શાંતિ, ઉન્નતિ, મૈત્રી, લજ્જા, તિતિક્ષા, બુદ્ધિ, મૂર્તિ, ક્રિયા, આ તેર મૂર્તિમાન પતિવ્રતા શોભાયમાન લાલ વસ્ત્રો જેમને છે એવી ધર્મની પત્નીઓએ પણ મયારામ બ્રાહ્મણને પોતાનાં દર્શન આપ્યા. (૧૭, ૧૮)

રૂપ લાવણ્યથી યુક્ત, વિવિધ ભૂષણોથી વિભૂષિત, પાપના સમુદાયને નાશ કરનાર છે દર્શન જેમનાં એવી, કરુણાયુક્ત તે ધર્મ પત્નીઓએ મયારામને દર્શન દીધા. (૧૯) પછી શૌચ, તપ, સત્ય, જ્ઞાન, સ્થૈર્ય, શમ, દમ, અભય, ધૈર્ય, અનાયાસ, આર્જવ. (૨૦)

વૈરાગ્ય, માર્દવ, ક્ષેમ, સંતુષ્ટિ તથા મંગળ, અકૃપણપણું, સુખ, ત્યાગ, નિસ્પૃહતા, નિગ્રહ. (૨૧) ગ્રામ્યેહોપરમ, યજ્ઞ, યોગ, તેજ, બૃહદ્વૃત્ત, સ્વાધ્યાય, આસ્તિક્ય, પ્રસાદ, પ્રશ્રય, ઉદ્યમ. (૨૨) આનૃશંસ્ય, સામ્ય, સામદાન, અચાપલ્ય, મૌન, આનૃણ્ય, ઉદ્રેક, લજ્જા, સત્સેવન. (૨૩) ઈક્ષણ, અહિંસા, ઉપરતિ, તિતિક્ષા, નાતિમાનિતા, ક્ષમા, વિપર્યયેહેક્ષા, ઉત્તમા, સત્વસેશુદ્ધિ. (આમાં કેટલાક ધર્મ પત્નીના નામો છે તે નામો તેમનાં પુત્રોના પણ જાણવા.) (૨૪)

ગુણ છે બીજું નામ જેમનું એવા સર્વપ્રકારે પાપગંધથી રહિત, પરોપકાર પરાયણ, એ ધર્મના પુત્રોએ મયારામ બ્રાહ્મણને પોતાનાં મૂર્તિમાન દર્શન આપ્યાં. (૨૫) દિવ્ય ચંદનથી લેપાયમાન છે અંગો જેમનાં એવા, બ્રાહ્મણના રૂપ જેવા છે રૂપ જેમનાં એવા, દયાળુ, ચળકતા મોતીઓ જેવી છે કાન્તિ જેમની એવા, શોભાયમાન છે શ્વેતવસ્ત્રો જેમનાં એવા. (૨૬) મંદહાસ્ય યુક્ત છે મુખકમળ જેમનાં

એવા, કરુણાપૂર્ણ છે દૃષ્ટિ જેમની એવા, વિવિધ અલંકારોથી અલંકૃત, પાપ ધોઈ નાંખનારા દર્શન જેમનાં છે એવા. (૨૭) રૂપ, સૌંદર્ય, માધુર્ય, પ્રાગલ્ભ્ય, વાત્સલ્ય, કારુણ્યાદિથી મનોહર, અધર્મ સર્ગરૂપ અંધકારના સમુદાયને નાશ કરવામાં સૂર્ય સમાન. (૨૮)

આ પ્રમાણે પરિવાર સહિત સુમંગળ ધર્મને જોઈને, પ્રસન્ન થયેલા ઉત્તમ વિપ્ર મયારામ હાથ જોડીને ધર્મને વંદના કરવા લાગ્યા. (૨૯) પછી ધર્મની પત્નીઓ શ્રદ્ધાદિ તથા તેમનાં પુત્રો શૌચાદિને મયારામે ભક્તિ પૂર્વક પ્રણામ કરીને બદ્ધાંજલીની પ્રેમથી પ્રસન્ન થયેલા, ધર્મને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૦) હે મુનિવર્ય ! આપ બ્રહ્મર્ષિ છો ? અથવા દેવર્ષિ છો ? રાજર્ષિ છો કે અગ્નિ છો ? અથવા સૂર્યનારાયણ અથવા ચંદ્ર અથવા બ્રહ્માદિ દેવોમાં કયા દેવ છો ? તથા હે શુભ ! આ સ્ત્રીઓ કોણ છે ? આ બ્રાહ્મણો કોણ છે ? તમે મને યથાર્થ કહો. (૩૧, ૩૨)

આવું મયારામ વિપ્રનું વચન સાંભળીને ધર્મ આ પ્રમાણે કહેતા હતા. હે દ્વિજ ! હું ધર્મ છું. તમારી મારે વિષે પ્રીતિ હોવાથી મારા સ્ત્રી, પુત્રોની સાથે હું અહીં પ્રત્યક્ષ થયો છું. (૩૩)

ધર્મનું આવું વચન સાંભળીને પ્રેમના આંસુઓ છે આંખોમાં જેને અને પોતાને કૃતાર્થ માનતા ધર્મને મયારામ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૪) અહો ! હે મહા બુદ્ધિશાળી ! હે ધર્મ દેવતાઓને પણ દુર્લભ પોતાનાં પરિવાર સહિત તમારા દર્શન તમોએ મને આપ્યાં. (૩૫)

તેથી પવિત્ર કરનારા દર્શન છે જેમનાં એવા તમોને જોઈને મારા મનમાં અતિશય આનંદ, પ્રિયતર ચંદ્રને જોઈને સમુદ્રને જેમ આનંદ થાય તેમ થયો. (૩૬) અહીં તમારા આગમનથી હું સર્વ પ્રકારે ધન્ય થયો છું. વિવિધ પ્રકારનાં શાસ્ત્રોમાં કહેલી અને મેં તે આચરણ કરેલી ક્રિયાઓ આજે સફળ થઈ છે. (૩૭) હે આર્તિહરણ ! તમારા દર્શનથી હું કૃતાર્થ થયો છું હું તમોને હવે પૂછું છું. હે વિદ્વાન! અહીં તમારે આવવાનું કારણ મને તત્વપર્વક કહો. (૩૮) તેમનું આવું વચન સાંભળીને મહા આનંદ પામેલા ધર્મ મયારામ વિપ્રને અત્યંત મંગળ, સુધાતુલ્ય, વચન આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૯)

હે વિપ્રેન્દ્ર ! મારે વિષે સર્વદા તમારી દૃઢ નિષ્ઠા છે. તમારું ચિત્ત વાસનાએ રહિત શુદ્ધ છે. (૪૦) મત્સ્ય, કચ્છાદિક અવતારોના કારણ પ્રત્યક્ષ શ્રીહરિની પાપ અને તાપને નાશ કરનારી તમારી ઉપાસના અનન્ય છે. (૪૧)

હે સન્મતે ! તેથી તમારે શ્રીહરિની અનન્યોપાસના હોવાથી તમારી ઉપર અત્યંત પ્રસન્ન થયેલા, શ્રીહરિની આજ્ઞાથી જ પ્રસન્ન થયેલા મેં તમોને આવી રીતે દર્શન આપ્યા છે. (૪૨) તેથી વર્ણાશ્રમના આચાર સ્વરૂપ જે હું, તે આચારનું રાત્રિ દિવસ જે મનુષ્ય પાલન કરે છે તે મનુષ્યોમાં હું મારા વંશ સહિત હું રહું છું. (૪૩)

હે મતિમન્ ! મારા પરિવાર સહિત જ્યાં મારો વાસ છે ત્યાં મને અત્યંત પ્રિય શ્રીહરિનો નિવાસ લાગે છે. (૪૪) વળી જ્યાં સર્વ પીડાનો નાશ કરનાર શ્રીહરિનો શુભ વાસ હોય ત્યાં મારો નિરંતર

વંશ સહિત નિવાસ છે. (૪૫) ગંધ તથા ભૂમિને જેમ સંબંધ નિત્ય છે તથા રસ તથા જળને જેમ નિત્ય સંબંધ છે. તેવી રીતે મારો તથા પિડાને નાશ કરનારા શ્રીહરિનો સંબંધ નિત્ય છે. (૪૬)

તેથી હે વિપ્ર ! જેની ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય છે તેના ઉપર હું પ્રસન્ન થાઉં છું. જેનાં ઉપર હું પ્રસન્ન થાઉં છું તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય છે. (૪૭)

હે મતિમન્ ! રાજમંત્રિન્ ! દયાર્દ્ર મુખારવિંદ જે મંદહાસ્યથી વિરાજમાન ધર્મદેવ, ધર્મધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ મયારામ બ્રાહ્મણને આ પ્રમાણે કહીને તત્કાળ પરિવાર યુક્ત અંતર્ધાન થયા. (૪૮)

પછી તે મારો ભક્ત મયારામ ભટ્ટ એ સમગ્ર વૃત્તાન્ત પોતાનાં બંધુવર્ગ ગોવિંદરામ વગેરેને તથા મારા આશ્રિત મુક્તાનંદ તથા પર્વતભાઈ વગેરે ભક્તોને કહેતા હતા. તે સાંભળીને પ્રસન્ન થઈને તે સર્વે અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૯)

હે રાજન્ ! નરેન્દ્રના કારભારી નારુપંત બ્રાહ્મણ આવી રીતે અમૃતના સારરૂપ પુણ્યકારક શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થઈ ફરીથી શ્રીહરિનાં વચનામૃતનું અધિક પાન કરવા માટે ઈચ્છતા હોવાથી વિનયથી નમ્રતાપૂર્વક શ્રીહરિપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં મયારામ વિષે જોયેલા સાક્ષાત્ ધર્મ, તેના નિરૂપણનો આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

નારુપંત કહે છે :- હે દયાસાગર ! હે સ્વામિન્ ! જન્મમરણરૂપ સંસારનો નાશ કરનારી આપની વાણી સાંભળીને મનુષ્ય જેમ અમૃતનું પાન કરીને જેમ તૃપ્તિ નથી પામતો તેમ હું તૃપ્તિ પામતો નથી. (૧) તેથી હે સર્વજ્ઞ ! અચ્યુત ! આપને વારંવાર હું પૂછું છું. હે હરે ! વંશ સહિત ધર્મ બે પ્રકારનોં છે એમ કહ્યું છે. (૨)

તે બે પ્રકારનાં ધર્મમાં આપની પાસેથી પરિવાર સહિત મૂર્ત ધર્મ સંબંધી મેં સાંભળ્યું. હવે હું આપની પાસેથી અમૂર્ત ધર્મ સંબંધી સાંભળવા ઈચ્છું છું. (૩) શ્રી શુકાનંદ કહે છે :- હે રાજન્ ! ધર્મ સંસ્થાપન માટે ઉદ્યમયુક્ત શ્રીહરિએ રાજાના અમાત્ય નારુપંતનું આ વચન સાંભળીને પ્રસન્ન થઈને રાજાના અમાત્યને શુભ વચન કહ્યું. (૪)

હે બુદ્ધિમાન્ ! પ્રાણીઓનું શ્રેય કરનારો ધર્મ વેદને જાણનારા વિદ્વાનોએ વર્ણધર્માદિના ભેદથી છ પ્રકારનોં કહ્યો છે. (૫) વેદો, પુરાણો, ધર્મશાસ્ત્રો તથા મહાભારતમાં સ્પષ્ટપણે છ પ્રકારનોં ધર્મ વિસ્તારથી કહ્યો છે. (૬) તે વેદાદિ શાસ્ત્રોમાથી તે ધર્મ સંબંધિ સાર સંક્ષિપ્તથી હું તમોને કહું છું. એકાગ્ર ચિત્તથી તમો તથા સમગ્ર સભ્યો તે સાંભળો. (૭)

વર્ણોનો ધર્મ, આશ્રમોના ધર્મ, વર્ણાશ્રમના ધર્મ તથા ગૌણ ધર્મ, નૈમિત્તિક ધર્મ, (૮) સાધારણ ધર્મ એ રીતે ધર્મ છ પ્રકારનોં છે. એ છ પ્રકારનાં વર્ણાશ્રમાદિ ધર્મને જાણવાને ઈચ્છતા તમોને હું સંક્ષિપ્તથી કહું છું. (૯) શમ, દમ, જ્ઞાન, સત્ય, ક્ષમા વગેરે બ્રાહ્મણોના ધર્મો છે. શૌર્ય, ધૈર્ય વગેરે ધર્મો ક્ષત્રિયોના છે. (૧૦)

દાનમાં નિપુણપણું, ગુરુ આદિમાં ભક્તિ, આસ્તિક્યપણું વગેરે વૈશ્યના ધર્મો કહેલાં છે. બ્રાહ્મણાદિની સેવા કરવી વગેરે શૂદ્રના ધર્મ કહેલાં છે. (૧૧) તથા શંકર જાતિઓને તેના કુળને યોગ્ય ધર્મો, ચોરી તથા હંસાદિથી રહિત, વિદ્વાનોએ હિતકારી કહેલા છે. (૧૨)

હે ધીમન્ ! યુગયુગમાં ઘણું કરીને મનુષ્યોના સ્વભાવને અનુસરીને વેદજ્ઞોએ પરલોકમાં તથા આ લોકમાં સુખને આપનારો ધર્મને કહેલો છે. (૧૩) હંમેશાં પોતાનાં પતિની સેવા કરવી, પરપુરુષના સંગનો ત્યાગ કરવો, શોચાદિ વગેરે સધવા સ્ત્રીઓના ધર્મો કહેલાં છે. (૧૪)

પતિભાવથી વિષ્ણુનું સેવન કરવું તથા અષ્ટપ્રકારે પુરુષોનો ત્યાગ કરવો, અલ્પાહાર વગેરે વિધવા સ્ત્રીઓના ધર્મો કહેલાં છે. (૧૫) અષ્ટપ્રકારે સ્ત્રીઓનો ત્યાગ તથા તૈલાદિ શરીરમર્દનનો ત્યાગ તથા આચાર્ય સેવા વગેરે બ્રહ્મચારીઓના ધર્મો કહેલાં છે. (૧૬)

દેવો તથા ઋષિઓ, પિતૃ, ભૂતો વગેરેનું પૂજન તથા પરસ્ત્રીના સંગનો ત્યાગ વગેરે ગૃહસ્થોના ધર્મો કહેલાં છે. (૧૭) અરણ્યમાં વાસ, તપશ્ચર્યા તથા દર્શાદિ કર્મ, ફળાહારાદિ વાનપ્રસ્થોના ધર્મો કહેલાં છે. (૧૮)

ઈન્દ્રિયોનું નિયમન, આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન, યુક્તાયુક્ત વિવેક, આલોક અને પરલોકના ભોગમાં વૈરાગ્ય તથા શમાદિ વગેરે સન્યાસિઓના શુભ ધર્મો માનેલા છે. (૧૯) તીવ્ર વૈરાગ્યવાળા, નારાયણના આશ્રયવાળા, હંમેશાં તેમની સેવામાં પ્રીતિવાળા, શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિથી નારાયણની સેવા કરવામાં આસકિતવાળા જે ભક્તો તે ત્યાગીઓને અચ્યુતગોત્રિ સંતો કહ્યા છે. (૨૦)

ત્યાગીઓએ એક ક્ષણ પણ વિષ્ણુ ભક્તિ વિના ન કાઢવો. સંસૃતિના દ્વારરૂપ સ્ત્રી તથા સ્ત્રૈણ પુરુષના સંગનો હંમેશાં ત્યાગ કરવો. (૨૧) લોભ, કામ, રસ, સ્નેહ, ક્રોધ, માન, ઈર્ષ્યા, અસૂયા વગેરે અંતઃશત્રુઓનો ત્યાગ તથા દયા, ક્ષમા વગેરે ત્યાગીઓના ધર્મો કહ્યા. (૨૨)

બ્રાહ્મણે મુંજની મેખલા ધારણ કરવી, વેદમાં કહેલો ધર્મ વેદજ્ઞોએ વર્ણાશ્રમ ધર્મ માનેલો છે. (૨૩) રાજ્ય દાન સમયે મસ્તક ઉપર અભિષેક કરાય છે. માટે મૂર્ધાભિષિક્ત રાજાને પ્રજાનું રક્ષણ કરવા રૂપ ગુણ પ્રાપ્ય ગૌણ ધર્મ વેદજ્ઞોએ કહ્યો છે. (૨૪)

જે ધર્મ પ્રાયશ્ચિત વિષયક પાપોની શુદ્ધિ માટે કહેલા ચાંદ્રાયણાદિ રૂપ મનીષિઓએ કહેલો હે બુદ્ધિમન ! હિતકારી ધર્મ નૈમિત્તિક ધર્મ છે. (૨૫)

સત્ય શૌચ, દયા, અહિંસા, ક્ષાન્તિ, તુષ્ટિ, શમ, દમ, સ્વાધ્યાય, મૌન, ઈક્ષા તથા તપ; (૨૬) વિષ્ણુભક્તિ, સત્સેવા, સત્પાત્રોને દાન, આત્મવિમર્શન એ આદિક અતિ શુભ ત્રીશ લક્ષણોથી યુક્ત; (૨૭)

ધર્મ નારદમુનિએ યુધિષ્ઠિરને શ્રીમદ્ ભાગવતમાં કહેલો છે. મનુષ્યોનું હિત કરનારો ધર્મ એ સાધારણ ધર્મ સુજ્ઞોએ જાણવો. (૨૮)

(આવી રીતે ક્રિયાત્મક છ પ્રકારનાં ધર્મ અમૂર્ત ધર્મ કામનાથી કરાયેલો હોવાથી પ્રવૃત્ત ધર્મ કહેવાય છે. નિષ્કામ ભાવથી આચરેલો ધર્મ નિવૃત્ત ધર્મ કહેવાય છે અને કેવળ ભગવાનની પ્રીતિ માટે આચરણ કરેલો ધર્મ ભાગવત ધર્મ કહેવાય છે. એમ છ પ્રકારનાં ધર્મ છે.) આ પ્રકારનોં પ્રવૃત્ત નિવૃત્ત તથા ભાગવત ધર્મ એમ વેદ વિશારદોએ ત્રણ પ્રકારનોં કહ્યો છે. (ત્રણમાં અમૂર્ત તથા મૂર્ત ધર્મ હોવાથી ધર્મના છ પ્રકાર કહ્યા છે.) (૨૯-૩૦)

ત્રિવિધ ધર્મોમાં પોતાને યોગ્ય સ્ત્રીનો ધર્મ શાસ્ત્રપ્રમાણે પરિગ્રહ, (લગ્ન કરવા) ન્યાયથી ધનનું ઉપાર્જન કરવું, દ્રવ્યોથી કામ્યયજ્ઞો કરવા, ગ્રામમાં તથા પુરમાં વાસ કરવો, તેમજ સમગ્ર ઈષ્ટ તથા પૂર્તકર્મ તે પ્રવૃત્ત ધર્મ અશાંતિ આપનારો છે. (૩૧)

લોભ, કામ, ક્રોધનો ત્યાગ, દ્રવ્ય તથા સ્ત્રીનો ત્યાગ, અરણ્યમાં વાસ, તપ, ક્ષય, ક્ષાંતિ, વૈરાગ્ય, શમ, દમ, (૩૨) બ્રહ્મ યજ્ઞો તથા શુભનું વહન કરનારા યોગયજ્ઞો તથા જ્ઞાનયજ્ઞાદિ એ સર્વે નિવૃત્ત કર્મ છે.

(૩૩) સાંસારિક લોક ભોગાદિમાં મનનું નિયમન, સત્સંગ, દયા, મૈત્રી તથા ઉત્તમોમાં કાયા, વાણી અને મનનું એક રૂપ પણું, સંતોષ, ભગવાનની લીલાઓનું કીર્તન, શ્રવણ. (૩૪)

ભગવાનની પ્રસન્નતા માટે વ્રતાદિનું આચરણ, મન, વાણી અને શરીરનો નિગ્રહ, ભગવાનને શરીરાદિનું અર્પણ, યથોચિત ભાષણ, કલ્યાણકારી ઉપશમ વગેરે, (૩૫) ભાગવતધર્મો શ્રીમદ્ ભાગવતમાં પ્રબુદ્ધ યોગીવર્ય મૈથિલ રાજા જનકને કહ્યા છે. (૩૬)

હે ધીમન્ ! એ ધર્મ ભાગવત સંજ્ઞાવાળા તથા એકાંતિક સંજ્ઞાવાળા જાણવા. શ્રીવાસુદેવના જે પાદારવિંદ તેની સેવાની પ્રાપ્તિના કારણભૂત આ ધર્મ જાણવા. (૩૭)

વિવિધ પ્રકારનાં પાવનકારી એ ધર્મોનો વિસ્તાર સર્વ પ્રકારે મનુસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રોમાંથી તમારે જાણવો. (૩૮)

હે રાજસચિવ ! હિતકારી શ્રુતિ તથા શાસ્ત્રજ્ઞોએ કહેલો વિવિધ પ્રકારનોં ધર્મ, સાંભળવામાં આસક્ત ચિત્તવાળા તમોને મેં આ પ્રમાણે કહ્યો છે. તે તમારે હૃદયમાં ધારણ કરવો. (૯)

હે રાજન્ ! ભક્તવર્ય તે નારુપંત આવી રીતે અમૃતથી પણ ઉત્તમ પરમ હિતકારી શ્રીહરિનાં વચન સાંભળીને પ્રસન્ન હૃદયથી પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રણામ કરીને ફરીથી આ પ્રમાણે બોલ્યા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં છ પ્રકારનાં ધર્માદિ લક્ષણનું નિરૂપણ એ નામે ઓગણચાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

નારુપંત કહે છે :- હે સ્વામિન્ ! પાવનકારી અને શાંતિ આપનારા આ ધર્મનું ઉલ્લંઘન કરીને અધર્મ માર્ગને અનુસરતા જનોની ગતિ (મરણ પામ્યા પછી કેવી યોનિને પામે છે) મને કહો. (૧) આ પ્રકારે નારુપંતે પૂછ્યું તેથી ધર્મ વત્સલ દયાદ્ર, સુંદર, મંદહાસ્ય સહિત મુખારવિંદથી શોભતા શ્રીહરિ નારુપંત ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨)

હે અમાત્ય વર્ય ! મનુષ્યોએ આચરેલા, દુઃસહ આપત્તિઓના સ્થાનભૂત નાના પ્રકારનાં પાપના વિચિત્ર ફળો મનુઆદિ મુનિઓએ કહ્યા છે. તે જાણવા ઈચ્છતા તમોને, મનુષ્યોએ કરેલા પાપના ફળો, સંક્ષિપ્તથી હું કહું છું તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૩-૪)

જે જનો ઈન્દ્રિયોના ભોગ સુખ માટે સ્વધર્મનો ત્યાગ કરીને પાપનું આચરણ કરે છે તે દુષ્ટ જનો વારંવાર અતિશય પાપરૂપ દેહને પામે છે. (૫) દુરાશયવાળા જનો આ લોકમાં જેમ જેમ વિષયોને સેવે છે તેમ તેમ વિષય ભોગમાં તેઓ અત્યંત પ્રવીણ થાય છે. (૬)

પછી વિષય ભોગવનારા મનુષ્યો વિષયોની પ્રાપ્તિ માટે પાપ કર્મોના અભ્યાસથી આ લોકમાં નાના પ્રકારની યોનિઓમાં અસહ્ય દુઃખ પામે છે. (૭) તે પાપીઓ નાના પ્રકારનાં રોગોથી પીડા પામે છે. તથા ન નાશ થાય તેવી જરા અવસ્થાને પામે છે. ભૂખ, તરસ વગેરે નાના પ્રકારનાં કલેશો તથા વારંવાર મૃત્યુના દુઃખને પણ પામે છે. (૮)

તે પાપીઓ વારંવાર ગર્ભમાં વાસ કરી અત્યંત કઠોર જન્મ પામે છે. મહાકષ્ટને આપનારા બંધનો તથા પારકાઓનું દાસપણું પણ પામે છે. (૯) તે પાપીઓને પોતાનાં બંધુઓથી વિરહ થાય છે, દુર્જનોની સાથે નિવાસ મળે છે; ધનની પ્રાપ્તિના પ્રયાસો તથા ધન વિનાશ જન્ય દુઃખો પામે છે. તેવી રીતે મિત્રની પ્રાપ્તિ માટે પ્રયાસો તથા શત્રુની ઉત્પત્તિરૂપ દુઃખોને પણ પામે છે. (૧૦)

જે મનુષ્યો જેવા ભાવથી (સાત્વિક, રાજસ્ અથવા તામસ્ ભાવથી) જે જે કર્મો કરે છે (સ્નાન, દાન વગેરે) તે મનુષ્યોએ જો સાત્વિક ગુણ વિશિષ્ટ કર્મ કરેલું હોય તો સત્વ પ્રધાન દેહથી તેનું ફળ ભોગવે છે. (૧૧)

તે દુષ્ટ પુરુષો જે જે પાપથી આલોકમાં જે જે યોનિને અનુક્રમે પામે છે તે સંક્ષિપ્તથી હું તમોને કહું છું. (૧૨) તેમાં પહેલાં પાપકર્મો કરનારા મનુષ્યો તામિસ્રાદિ નરકોમાં બંધન, છેદન વગેરે નરકની તીવ્ર પીડા પામે છે. (૧૩) તે પાપીજનો વિવિધ પ્રકારની પીડા પામે છે. કાગડાઓ તથા ઉલૂકો તેમનું ભક્ષણ કરે છે. અત્યંત તપેલી રેતીના તાપ તથા કુંભિપાક વગેરે ભયંકર નરકને પામે છે. (૧૪) પછી તે પાપીઓ આલોકમાં પશુઆદિ નીચ યોનિઓમાં વારંવાર જન્મ પામે છે. ત્યાં ટાઢ, તડકો, આઘાત વગેરે વિવિધ પ્રકારનાં ત્રાસ વારંવાર પામે છે. (૧૫) પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થયેલો વિપ્ર જન્માન્તરમાં ઉલટીનું અન્ન ખાનારો, ક્રૂરતા અને ઉલ્કામુખ નામનો પ્રેત થાય છે. (૧૬) આલોકમાં શાંતિના કારણભૂત

પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થયેલો ક્ષત્રિય તો અપવિત્ર વિષ્ટા તથા શબનું ભક્ષણ કરનારો કટપૂતના નામનો પ્રેત થાય છે. (૧૭) પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થયેલો વૈશ્ય, મૈત્રાક્ષ જ્યોતિ નામનો પાચ-પરુને ખાનારો થાય છે અને પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થયેલો શૂદ્ર ચૈલાશક નામનો પ્રેત થાય છે. (જુ, માંકડ, ચાંચડ ખાનારો થાય છે.) (૧૮) તે પાપીઓમાં મહા પાતકી તો અત્યંત દુઃખદાયી નરકને ઘણાં વર્ષ સુધી ભોગવીને દુઃખ આપનારા જન્મને પામે છે. (૧૯) કૂતરા, ગધેડા, ઊંટ, વારાહ, મૃગ, હરિણ, બળદ, બકરા, ઘેટા, ચાંડાળ, ભીલ તથા પક્ષીઓની યોનિને બ્રહ્મ હત્યા કરનારો પામે છે. (૨૦)

સુરાનું પાન કરનાર મનુષ્ય, વિષ્ટાખાનારા કીડા, પતંગીયા તથા હિંસાશીલ પક્ષીઓ અને વ્યાઘ્રાદિની યોનિને પામે છે. (૨૧) સુવર્ણની ચોરી કરનાર મનુષ્ય કરોળીયા, સર્પ, કરચલા તથા જળચરો અને હિંસા કરનારા પિશાચોની યોનિને પામે છે. (૨૨)

કાચામાંસનું ભક્ષણ કરનારા સિંહ તેમજ ક્રૂર કર્મ કરનારાઓની યોનિને પામે છે. વેલી, ગુલ્મ તથા તૃણ આદિની યોનિને જે વારંવાર ગુરુસ્ત્રીગમન કહે છે તે પામે છે. (૨૩)

કાચામાંસનું ભક્ષણ કરનારા હિંસ્ર બિલાડા થાય છે. ચાંડાલાદિ સ્ત્રીગામીઓ પ્રેત થાય છે. બ્રાહ્મણનું ધન ચોરનારા બ્રહ્મરાક્ષસો થાય છે. (૨૪) નાના પ્રકારનાં રત્નો જે વૈદુર્ય હિરા, પ્રવાળા, વિદ્રુમ, મોતીઓ તથા માણિક ચોરનારા સુવર્ણ આકારમાં ઉત્પન્ન થાય છે અથવા હેમકર્તા એ નામનો પક્ષીવિશેષ થાય છે. (૨૫)

જે મનુષ્યો અન્નની ચોરી કરે છે તે ઉંદર થાય છે. કાંસાની ચોરી કરનાર હંસ થાય છે. મધ લેનાર વનની મક્ષિકા થાય છે. પાણીની ચોરી કરનાર પ્લવ નામનો પક્ષી વિશેષ થાય છે. દૂધની ચોરી કરનાર કાગડાની યોનિને પામે છે. (૨૬)

રસની ચોરી કરનાર કૂતરો થાય છે તથા ઘીની ચોરી કરનાર નોળિયો થાય છે. દહીં લેનાર બલાકા નામનો પક્ષી થાય છે. લવણની ચોરી કરનાર તમરાની યોનિ પામે છે. તેલની ચોરી કરનાર તૈલપક નામનો પક્ષી થાય છે. (૨૭)

અતલસનું વસ્ત્ર લેનાર માણસ દેડકો થાય છે. રેશમી વસ્ત્ર ચોરનાર તેતર થાય છે. કપાસના વસ્ત્રની ચોરી કરનાર કૌંચ પક્ષી થાય છે. ગાયની ચોરી કરનાર ઘો થાય છે. ગોળની ચોરી કરનાર વાગોળ થાય છે. (૨૮)

શાકભાજી ચોરનાર મયૂર થાય છે. કસ્તુરી વગેરે શુભ સુગંધિદ્રવ્યોની ચોરી કરનાર છંછુદર થાય છે. રાંધેલું અન્ન હરનાર ''નાર'' પ્રાણી થાય છે. ડાંગર, જવ વગેરે કાચુ અન્ન લેનાર ''શાવકી'' થાય છે. (૨૯) મૃગ તથા હાથીનો હરનાર મનુષ્ય વૃક નામનું હિંસક પ્રાણી થાય છે. ઘોડાની ચોરી કરનાર વ્યાઘ્ર થાય છે. ફળ તથા મૂળ હરી લેનાર મર્કટ થાય છે. સ્ત્રીને હરનાર રીંછ થાય છે. આ સિવાય અન્ય પશુઓનો ચોર બકરો થાય છે. (૩૦)

જે મનુષ્યો વાહનો ચોરે છે તે ઊંટ થાય છે. જળની ચોરી કરનાર ચાતક થાય છે. રક્ત વસ્ત્રો ચોરનાર ચકોર થાય છે. (૩૧) જે દુષ્ટ, દેવદ્રવ્ય ચોરે છે, તે જંગલમાં અજગર થાય છે અને મહા દુઃસહ આપત્તિ ભોગવે છે. (૩૨)

દુષ્ટ માનસવાળો નાસ્તિક જે ગુરુનું દ્રવ્ય ચોરે છે તે વિષમથી ચંદન ઘો થાય છે. (૩૩) જે શ્રીહરિમાં પ્રસાદીના વસ્ત્ર વગેરે ચોરે છે તે બહુ તીક્ષ્ણ ઝેરવાળો વીંછી થાય છે. (૩૪) જે ભગવાનની પાદુકાઓ તથા ચરણારવિંદ ચોરે છે તે અજ્ઞાની અતિક્રૂર રુરુ નામનું પ્રાણી થાય છે. (૩૫)

કુત્સિત બુદ્ધિવાળો જે મનુષ્ય શ્રીહરિની ચિત્ર આદિ પ્રતિમા ચોરે છે તે અસભ્ય માણસ ઉગ્રતર જમનો કિંકર થાય છે. (૩૬)

(અહીં સુધી મનુ વગેરેના મત અનુસાર દુષ્ટ કર્મનું ફળ કહ્યું. હવે યાજ્ઞવલ્ક્ય ઋષિના મત પ્રમાણે રૌરવાદિ નરકોમાં દારુણ દુઃખ ભોગવીને પછી જન્મથી જ ક્ષયરોગથી યુક્ત જન્મ ધારણ કરે છે તે કહે છે.) બ્રહ્મહત્યારો પાપી ક્ષયરોગવાળો જન્મે છે. સુરાનું પાન કરનાર શ્યામ દાંતવાળો થાય છે. સુવર્ણની ચોરી કરનાર ખરાબ નખવાળો થાય છે. (૩૭) ગુરુસ્ત્રીનો સંગ કરનાર દુર્જન દુષ્ટરોગવાળો થાય છે. તે ચાર મહાપાપીઓ સમાન થાય છે. (૩૮)

(શંખમુનિએ કંઈક વિશેષ બતાવ્યા છે તે કહે છે) દેવો તથા બ્રાહ્મણોને પીડા કરનાર માણસ તોતળું બોલનારો થાય છે, ઝેર તથા અગ્નિ મૂકનારા બંને પ્રકારનાં પાપીઓ ગાંડા થાય છે. (૩૯)

ગુરુને હણનારો તો વાતરોગી (ફેંકરૂ ચઢે તે) થાય છે. ગાયને હણનારો મનુષ્ય આંધળો થાય છે. ધર્મપત્નીનો ત્યાગ કરીને બીજાની સ્ત્રીમાં ગમન કરનાર શબ્દવેધી પ્રાણી વિશેષ થાય છે. (૪૦)

બ્રાહ્મણના ધનને ચોરનારો મનુષ્ય પાંડુરોગી થાય છે. બ્રાહ્મણ સ્ત્રી પ્રત્યે ગમન કરનારો નિર્બીજ વીર્યવાળો થાય છે. થાપણનું અપહરણ કરનારો એક આંખવાળો થાય છે. (૪૧) સ્ત્રી વિક્રય કરી જીવનારો મનુષ્ય નપુંસક થાય છે. એમાં સંશય નથી. અભક્ષ્ય ભક્ષક દેહી ગંડમાળી થાય. (૪૨)

બીજાને છોડીને એકલો મિષ્ટાન્ન ખાનારો મનુષ્ય વાત ગુલ્મરોગવાળો થાય. વસ્ત્રનું અપહરણ કરનારો લૂલો અને ક્રૂર કર્મ કરનારો વામન થાય છે. (૪૩) પુત્રીનો સંગ કરનાર અસદ્-બુદ્ધિવાળો નર અંતરગલ રોગવાળો થાય છે. કૂટસાક્ષી પુરનારો બરોળના રોગવાળો નિશ્ચય થાય છે. (૪૪)

પોતાની માતાને મારનારો આંધળો થાય છે. કન્યાને દૂષણ પમાડનારો નપુંસક થાય છે. વેદને વેચનારો વ્યાઘ્ર, મત્સરવાળો તથા ભમરો થાય છે. (૪૫) જ્યાંથી ત્યાંથી ખાનારો દુષ્ટ કર્મ કરનારો મનુષ્ય બિલાડો થાય છે. આપ્યા વગર વસ્તુ ગ્રહણ કરનારો માણસ બળદ થાય છે. (૪૬)

અગ્નિનો ત્યાગ કરનાર બ્રાહ્મણ દુષ્ટ મંડળવાળો થાય છે. શૂદ્રાચાર્યશ્વપાક થાય છે ઈર્ષાળુ મત્સરવાળો થાય છે. (૪૭) જ્ઞાનહરણ કરનારો મનુષ્ય મુંગો થાય છે. ચાંડાળી સાથે ગમન કરનારો માણસ આ લોકમાં મનુષ્યો જેને અત્યંત ધિક્કારે છે તેવો અજગર થાય છે. (૪૮)

સંન્યાસિણી સાથે ગમન કરનારો મનુષ્ય નિર્જળ દેશમાં પિશાચ થાય છે. શૂદ્રી સાથે ગમન કરનાર મનુષ્ય આ લોકમાં કાંચુડો (દીર્ઘ કીડો) થાય છે. (૪૯) તેલની ચોરી કરનાર ચામાચિડીયું થાય છે. ચાડી ખાનારો મનુષ્ય દુર્ગંધ યુક્ત નાસિકાવાળો થાય છે. આજ્ઞા વિના ભણનારો તથા પુસ્તકની ચોરી કરનારો મુંગો થાય છે. (૫૦)

જે મનુષ્ય કોઈપણ ઉપાય કરી પારકાનું ધન ચોરે છે તથા જે અહુત હવિષ્યાન્ન ખાય છે તે તિર્યક્ (પશુ) યોનિને પામે છે. (૫૧) આ પ્રકારે મનુષ્યો પોતપોતાનાં કર્માનુસારે કલેશ કરનાર નાના પ્રકારની ગતિને વારંવાર પામે છે. (૫૨) તેથી પ્રાજ્ઞ પુરુષે પાપીઓની દુઃસહ આપત્તિવાળી ગતિને જાણીને દરરોજ ધર્મનું સેવન કરવું અને પાપકર્મનો ત્યાગ કરવો. (૫૩)

અધર્મ સમાન દુઃખ નથી, ધર્મ સમાન સુખ નથી માટે સુખને જે મનુષ્ય ઈચ્છતો હોય તેણે અધર્મનો ત્યાગ કરવો અને ધર્મનું આચરણ કરવું. (૫૪) ધર્મ પોષણ કરનારા બ્રહ્માદિ મહર્ષિઓ તથા સાધુઓ ધર્મવાળા પ્રાણીની પ્રશંસા કરે છે. (૫૫)

વર્ણાશ્રમ તથા વેદશાસ્ત્રમાં કહેલા ધર્મનું જે મનુષ્ય દરરોજ પાલન કરે છે તે જનો મને અત્યંત પ્રિય છે. (૫૬) હે સન્મતે ! અલ્પબુદ્ધિવાળા જેમને આ લોકમાં ધર્માચરણ કરવામાં શિથિલપણું જણાય છે તેવા મનુષ્યો પ્રત્યે મને અત્યંત અરુચિ વર્તે છે. (૫૭) તેથી મને પ્રસન્ન કરવાની જેમની ઈચ્છા હોય તેમણે નિરંતર પોતપોતાનાં શુભ ધર્મમાં રહીને નારાયણ એવો જ હું તે મારી સેવા કરવી. (૫૮)

હે રાજન્ ! આ પ્રકારની શ્રીહરિની અમૃતથી પણ અતિ શ્રેષ્ઠ વાણી સાંભળીને રાજાના કારભારી નારુપંત તથા શ્રીહરિનાં ભક્તજનો અત્યંત આનંદ પામ્યા. (૫૯) પછી તે અમાત્ય વગેરે જનો પોતાનાં ઈષ્ટ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! હે ઉદાર કીર્તે ! આપના સમગ્ર ભક્તજનો જે અમો તેમણે જીવન પર્યન્ત આપના વચનને અનુસરીને જ જેવું આપે કહ્યું છે તે રીતે જ વર્તવું છે. (૬૦)

પોતાનાં સ્વધર્મનું પાલન કરવામાં તત્પર એવા અને પોતાને વિષે પ્રીતિવાળા તે ભક્તજનોનું એવું વચન સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને સર્વ ભક્તોને ગાઢ આલિંગન કર્યું. (૬૧) શ્રીહરિએ કહેલા આ પવિત્ર આખ્યાનનું જે મનુષ્યો અત્યંત હર્ષપૂર્વક ગાન કરશે અને જે તે સાંભળશે તે જનો પોતાનાં ધર્મમાં દૃઢ સ્થિતિ તથા શ્રીહરિની અત્યંત પ્રસન્નતા નિશ્ચય પામશે. (૬૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વિચિત્ર પાપકર્મ ફળ નિરૂપણ નામે ચાળીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી ભક્તો પ્રત્યે જોઈને અમૃતથી વધારે મિષ્ટ વચન કહેવા લાગ્યા. (૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! સર્વ મુક્તિમાં આવતા વિઘ્નોને નાશ કરનારી તેમજ સર્વ અશુભને ભેદનારી મારી વાર્તા સ્વસ્થ થઈને સાંભળો. (૨) સર્વે દેહીઓને લોભ મહાન શત્રુ છે. તે લોભ રાવણની માફક દેવો, દૈત્યો તથા મનુષ્યો સર્વને અત્યંત દુઃસહ હોવાથી જીતવા માટે અશક્ય છે. (૩)

હિંસાદિ સર્વ દોષોનું મૂળ લોભ છે. નાના પ્રકારનાં દુઃખોનું તે કારણ છે. જેમ ઉત્તમ રૂપને વૃદ્ધાઅવસ્થા હણે છે, તેમ લોભ જ્ઞાનનો નાશ કરે છે. (૪) વંદના ભક્તિમાં અક્રૂર મુખ્ય હતા. છતાં પણ લોભથી પોતાનાં ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનો મણિ તેમણે ચોરી લીધો હતો. (૫)

તેથી સમગ્ર પાપ તથા નાના પ્રકારનાં સમગ્ર અનર્થ લોભને આશરીને, સરોવરને આશરીને જેમ પક્ષીગણો રહે, તેમ રહેલા છે. (૬) લોભરૂપી દાવાનળની જ્વાળાથી બળતા મનુષ્યો-ધનની પ્રાપ્તિ માટે પાપ કરનારાઓ-આ લોકમાં ક્યારેય પણ શાંતિ નથી પામતા. (૭)

અનેક પ્રકારનાં ગુણવાળા પુરુષો હોય પરંતુ તેમને જો લોભ હોય તો તેમનાં સર્વે સદ્‌ગુણોનો તે નાશ કરે છે જેમ મૃત્યુ પ્રાણીઓના પ્રાણ હણે છે તેમ. (૮) આ લોભ ઝેરનું ઝાડ છે મોહરૂપી મૂળથી વ્યાપ્ત છે. અસત્યરૂપી ડાળોવાળો તથા માયારૂપી શાખાઓથી વિસ્તારવાળો છે. (૯)

સ્તૈન્ય, કુટિલતા, શઠતા વગેરે જેનાં પુષ્પો છે, પાપ જેનાં પલ્લવો છે, વિવિધ પ્રકારની દુષ્ટબુદ્ધિ જેનાં પાંદડા છે, આ પ્રકારનોં લોભ વિત્તની ઈચ્છારૂપી પાણીથી વૃદ્ધિ પમાડેલો, (૧૦) જેની સુગંધ દુર્વાસના છે, અજ્ઞાન જેનાં ફળ છે, અધર્મરૂપી અસત્ય જેનાં રસ છે, અશ્રદ્ધારૂપી ઋતુમાં અધિક અજ્ઞાનરૂપી ફળ જે આપે છે. (૧૧)

ક્રૂર, પાખંડીઓ, ચોરો, પાપીઓ, લોભરૂપી વૃક્ષની માયારૂપી શાખાઓનો આશ્રય કરીને જાણે પક્ષીરૂપે રહ્યા હોય તેમ જણાય છે. (૧૨) આ પ્રકારનાં લોભ વૃક્ષની છાયાનો આશ્રય જે માણસ કર છે તે રાત્રિ દિવસ અજ્ઞાનરૂપી લોભ વૃક્ષના ફળને ખાય છે. (૧૩)

તે લોભરૂપી ઝેરી વૃક્ષના અજ્ઞાનરૂપી ફળો ખાનાર મનુષ્ય તે ફળના રસરૂપી અધર્મથી અતિપોષણ પામીને યમાલયમાં વારંવાર ઘણો કલેશ તથા સંસૃતિ પામે છે. (૧૪)

અત્યંત ધન હું કેવી રીતે પામું ? સ્ત્રીઓ, ઘર, પુત્ર, વિવિધ પ્રકારનાં વસ્ત્રો, અલંકારો, નાના પ્રકારનાં વાહનો વગેરે કેવી રીતે પામું ? (૧૫)

આ રીતે લોભથી પરાભવ જેનોં આત્મા પામેલો છે, એવો મૂઢ બુદ્ધિવાળો જન રાત્રિ દિવસ ચિંતવન કર્યા કરે છે. પરંતુ ક્ષણવાર પણ સુખ પામતો નથી. (૧૬) મનુષ્ય પોતાને ઈચ્છિત ધન જેમ જેમ પુષ્કળ

પ્રમાણમાં પામે છે તેમ તેમ ઘીથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ લોભ વિશેષ વૃદ્ધિ પામે છે. (૧૭)

અતિલોભવાળા ધનની પ્રાપ્તિ માટે પાપ કરનારા નાના પ્રકારનાં મનોરથોથી દુઃખી મનુષ્યો રાત્રિમાં નિદ્રાનું સુખ પણ નથી પામતા. (૧૮) ધનવાળાઓને હંમેશાં ચોરો, રાજા, ભિખારીઓ તથા બંધુઓનો ભય રહે છે. (૧૯)

પારાધિઓ જેમ મૃગલાઓને, માછીમારો જેમ માછલાઓને હણે છે તેમ ધનાર્થી જનો ધનવાળાને હણવાને ઈચ્છે છે. (૨૦) બુદ્ધિવાળા મનુષ્યોએ અર્થ (ધન) એ અનર્થોથી પરિપૂર્ણ છે માટે તેને પ્રાણનો નાશ કરનારો કહ્યો છે. દુર્ગતિનું કારણ કહ્યો છે તથા મોહનું કારણ પણ કહ્યો છે. (૨૧)

સંપત્તિ, ન ભેદી શકાય એવી સંસૃતિને પમાડનારી તથા કલેશ કરનારી છે. તેમાં પડેલો મનુષ્ય મોક્ષ કેવી રીતે પામે ? (દોરડીથી બંધાયેલો જેમ મુક્તિ નથી પામતો, તેવી રીતે સંપત્તિ જ્વાળાથી બંધાયેલો મોક્ષ નથી પામતો) (૨૨)

દ્રવ્યના ગર્વથી આંધળો, અજ્ઞાની જન ધન સંચય પરાયણ થઈને શ્રેયના માર્ગથી પડે છે અને શ્રેયના સાધનભૂત સાધુજનોનું અપમાન કરે છે. (૨૩) સંપત્તિથી વિમોહ થાય છે, મોહથી નરકની પ્રાપ્તિ થાય છે. માટે નાના પ્રકારનાં અનર્થવાળી જે સંપત્તિ, તેનો મુમુક્ષુ દૂરથી જ ત્યાગ કરે. (૨૪)

ધન સંચયની ઈચ્છાવાળા જનો નાના પ્રકારનાં ઉપદ્રવોથી નાશ પામે છે. ધનનું સંચય કરનારો કોઈપણ મનુષ્ય સુખી થતો જ નથી. (૨૫) તેથી ધનસંગ્રહની ક્યારેય પણ ઈચ્છા કોઈ ન કરે. દૈવ લબ્ધથી સંતોષ રાખે તે મનુષ્ય કલ્યાણના માર્ગને પામે છે. (૨૬) ધનરાગી પુરુષ અર્થાત્ ધનની ઈચ્છાથી ખેંચાયેલા મનુષ્યની તૃષ્ણા વૃદ્ધિ પામે છે. (૨૭) કોઈ પ્રકારનાં પદાર્થની તૃષ્ણા પાપરૂપ, નિત્ય ઉદ્વેગ કરનારી, અત્યંત અધર્મવાળી, ક્રૂર, પાપકર્મ કરાવનારી સત્પુરુષોએ કહી છે. (૨૮)

વૃદ્ધ અવસ્થાથી મનુષ્યના કેશ તથા દાંત જીર્ણ થાય છે પરંતુ એક તૃષ્ણા જ શુકલ પક્ષમાં ચંદ્રની કળા જેમ વૃદ્ધિ પામે છે તેમ અત્યંત વૃદ્ધિ પામે છે. (૨૯) દરજી જેમ સોયથી વસ્ત્ર સાંધે છે, તે પ્રમાણે આત્મા તૃષ્ણારૂપી સોયથી સંસારરૂપી વસ્ત્રને સાંધે છે અર્થાત્ સંસૃતિને પામે છે. (૩૦)

સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું રાજ્ય જે રાજા ભોગવે છે તેને જો સુવર્ણનો પર્વત પ્રાપ્ત થાય તો પણ તે કૃતાર્થ ન થાય. (''यत्पृथिव्यां व्रीहि यवं हिरण्यं पशवः स्त्रियः नालमेकस्य तत्सर्वमिति पश्यन्न मुह्यति'' इति स्मृतेः) (૩૧)

પાણીમાં રહેલા બીસતંતુ જેમ નિત્ય વૃદ્ધિ પામે છે, તેવી રીતે ન નિવારી શકાય તેવી મનુષ્યોના દેહમાં રહેલી તૃષ્ણા હંમેશાં વિશેષ વૃદ્ધિ પામે છે. (૩૨) જે તૃષ્ણા દુષ્ટ બુદ્ધિવાળાઓને દુસ્ત્યાજ્ય છે, જીર્ણ થયેલા મનુષ્યના અંતરમાંથી પણ જે જીર્ણ થતી નથી તે તૃષ્ણા પ્રાણોનો ક્ષય જેનાંથી થાય છે એવા ક્ષય રોગ સમાન છે. માટે તે તૃષ્ણાનો ત્યાગ કરનારો મનુષ્ય સુખી થાય છે. (૩૩)

તૃષ્ણા દુઃખથી પણ પુરાય તેવી નથી. કલેશ પમાડનારી સો સો દોષથી વ્યાપ્ત અને ઘણા અધર્મથી

યુક્ત છે. માટે તે તૃષ્ણાનો મુમુક્ષુ ત્યાગ કરે. (૩૪) જેનું ચિત્ત સંતોષયુક્ત છે તેને સર્વત્ર સંપત્તિ જ છે. લોભથી તૃષ્ણાયુક્ત ધનવાન મનુષ્ય ફરીફરીને સંકટ પામે છે. (૩૫)

પગરખાં જેણે પહેર્યાં છે. એવા પુરુષને કાંટા કાંકરા વગેરેથી દુઃખ થતું નથી તેવી રીતે સંતોષી જનને ક્યારેય લગાર પણ કષ્ટ થતું નથી. (૩૬) સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા શાંત ચિત્તવાળા મનુષ્યને જે સુખ છે તે સુખ ધનની પ્રાપ્તિ માટે દિશાઓમાં દોડતા ધનલોભીઓને ક્યાંથી હોય ? (૩૭)

સંતોષ એ જ સર્વોત્તમ સુખ છે અને અસંતોષ એ જ પરમ દુઃખ છે માટે સુખ ઇચ્છતો બુદ્ધિમાન પુરુષ અત્યંત સંતોષ જ કેળવે. (૩૮)

હે ભક્તો ! નિર્લોભી સજ્જન પુરુષોના સમાગમથી લોભરૂપી શત્રુનું દુષ્ટપણું સમજીને સમગ્ર દોષોના સ્થાનભૂત લોભને જે મનુષ્ય જીતે છે. તે મનુષ્ય શાંતિ પામે છે અને સર્વેશ એવો જે હું તે મારે વિષે પ્રીતિવાળા થાય છે. (૩૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં લોભ દોષ નિરૂપણ નામનો એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાનાં ભક્તોને ઇચ્છિત શાંતિ આપનારા ભગવાન શ્રીહરિ ભક્તોને અત્યંત આનંદ આપતા એક સમયે શુભવાણી બોલ્યા. (૧)

શ્રી હરિકૃષ્ણ મહારાજ કહે છે :- હે ભક્તો ! મનુષ્યોને સ્મરણ માત્રથી ઉત્પન્ન થનારો કામ પાતાળ જેવો ઊંડો અને અત્યંત કષ્ટપૂર્વક પણ પૂરી ન શકાય તેવો છે, વળી દર્જેય છે. તેમજ અનેક પ્રકારની વિપત્તિઓના સ્થાનરૂપ છે. (૨) પારધી જેમ બાણોથી મૃગલાઓને હણે છે તેમ અતિક્રૂર કામદેવ પંચવિષયરૂપી બાણોથી અંતરમાં છિદ્ર પાડીને હંમેશાં હણે છે. (૩)

દેવો, દૈત્યો તથા મનુષ્યોને જેણે પોતાનાં દાસ કર્યાં છે એવો તે મહાબળવાન કામ મનુષ્યોને મોહ પમાડવા માટે સ્વૈરિણી સ્ત્રીને પ્રેરે છે. (૪) જ્ઞાની જનો પ્રત્યે જેને ઘણો ક્રોધ છે એવો તે કામ છિદ્રને જ ખોળતો તે જ્ઞાનીજનોને ભગવાનના ધ્યાનાત્મક યોગમાંથી પાડવા માટે ઇચ્છે છે. (૫)

સર્પ જેમ હળાહળ ઝેરી લાળ ફેંકીને દૂધને દૂષીત કરે છે તેમ કામ નિર્મળ ચિત્તમાં સ્ત્રીની આસક્તિ રૂપી દુર્વિષ ફેંકીને ચિત્તને દૂષણ પમાડે છે. (૬) જેમ હડકાયા કૂતરાની લાળ જેને અડકે છે તે માણસ જીવતો નથી, તેમ કામી તથા તેનો સંગ કરનારો અત્યંત કલેશ પામી મૃત્યુ જ પામે છે. (૭)

વનના પશુઓને તથા જંતુઓને જેમ દાવાગ્નિ બાળે છે તેમ કામ અતિ નિર્દય પણે મનુષ્યોના મનને

બાળે છે. (૮) મેઘ જેમ આકાશને ઢાંકી દે છે તથા ધુંવાડો અગ્નિને જેમ ઢાંકી દે છે, તેમ કામશત્રુ દેહધારીઓનું સમગ્ર જ્ઞાન ઢાંકી દે છે. (૯) બ્રહ્મા તથા ઈન્દ્ર વગેરેને જીતવાથી જેને ઘણો ગર્વ પ્રાપ્ત કર્યો છે એવો દુરાશયવાળો કામ, આહુતિઓથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ સંકલ્પોમાંથી વૃદ્ધિ પામે છે (૧૦)

જે માણસ દુર્જનોના પ્રસંગથી કામવશ થાય છે, તે મનુષ્ય હંમેશાં વિવિધ પ્રકારનાં દુઃસહ દુઃખ પામે છે (૧૧) લૂલા, કાણા, વ્રણવાળા, વળી જંતુઓએ જેનાં શરીરના ગાત્રો કરડી લીધા છે અને તેથી કુશ થઈ ગયેલા અને પાચપરુથી સ્ત્રવતા અંગવાળા, ઘરડા કૂતરાને કૂતરીને જોવાથી જ ફક્ત કામ ઉત્પન્ન થાય છે અને કૂતરીની પાછળ જાય છે. (૧૨)

આ પ્રકારે દુઃખથી અત્યંત વ્યાકુળ અને ખેદયુક્ત મનવાળા પ્રાણીને કામદેવ ક્ષયરોગની પેઠે અત્યંત પીડા પમાડે છે. (૧૩) માન, રસ વગેરે દોષો રોગી માણસને છોડે છે. પરંતુ પીડા પામેલી અને બરાડા પાડતી ગાયને જેમ વાઘ નથી છોડતો, તેમ કામ કોઈને મૂકતો નથી. (૧૪) કસાઈઓ ઘાસ વગેરેથી પશુઓને લોભાવી પછી તેને હણે છે તેજ પ્રકારે કામદેવ પ્રાણીઓને સ્ત્રીના રૂપ લાવણ્ય વગેરેથી લોભાવીને હણે છે. (૧૫)

તીવ્ર ઝેર ખાવાથી કદાચ એક મનુષ્યનો દેહ હણાય છે. પરંતુ કામરૂપી હળાહળ ઝેર તો અનેક દેહોને વારંવાર હણે છે. (૧૬) મૃત્યુ પમાડનારા ઝેરનું પાન કરીને પણ શંકર પરાભવ પામ્યા નહિ. આવા સમર્થ શંકર પણ તીવ્ર કામરૂપી વિષને શાન્ત કરવા માટે સમર્થ થયા નહિ. (૧૭)

તેથી કામદેવ સમાન અત્યંત તીવ્ર બીજું કોઈ ઝેર નથી. જેથી કામદેવરૂપી ઝેરથી જનો ઘણી પીડા પામે છે તથા સંસૃતિ પણ પામે છે. (૧૮) સદા અમૃતનું પાન કરનારા મહાબળવાળા દેવો પણ કામરૂપી ઝેરથી દુઃખ તથા દુર્દશા પામે છે. (૧૯) નિર્દય કામદેવ મૃતઃપ્રાય જંતુને પણ તત્કાળ પીડે છે માટે અતિદુર્જન કાળથી બીજો અત્યંત ક્રૂર કોણ છે ? અર્થાત્ કોઈ નથી. (૨૦)

અતિશય તીવ્ર તપમાં નિષ્ઠાવાળા અને અરણ્યમાં રહેનારા એવા મહર્ષિઓના પણ, જેમ નદીના પૂરથી કાંઠાના વૃક્ષો પડી જાય છે તેમ, કામદેવ પાત કરે છે. (૨૧) જે કામ સંસારના કલેશના ભયથી મોક્ષના શુભ માર્ગને પામેલા મનુષ્યને દોરડીના જેવી સ્ત્રીની ભ્રકુટિના વિલાસથી સારી રીતે બાંધીને દુર્ગતિ પમાડે છે. (૨૨)

શાસ્ત્ર જાણનારા અને તેથી જ નીતિ પ્રવીણ અને ધર્મ તથા અર્થ, કર્મો કરનારા જનોને પણ, જેમ અત્યંત વૃદ્ધિ પામેલો નદીનો પ્રવાહ બંને તટોને ભેદે છે. તેમ તે કામ તત્કાળ ભેદે છે. (૨૩) અતિ ઉગ્ર જે કામ તે પતિવ્રતા સ્ત્રીને તેના પાતિવ્રત વ્રતથી પાડીને નિર્લજ્જ અને પશુ સમાન કામચારિણી કરે છે. (૨૪) કામદેવ પુષ્પ આયુધવાળો છે. છતાંપણ પુષ્પરૂપી બાણોથી વિવિધ પ્રકારનાં શસ્ત્રધારી જે દેવ, દૈત્ય તથા માનવોને પણ તે હણે છે. (૨૫)

જે કામ તપ, નિયમ, ધ્યાન, જ્ઞાન, ધૈર્ય વગેરે ગુણો તથા અનેક જન્મોમાં ઉપાર્જિત કરેલા સુકૃતોને અગ્નિ જેમ લાકડાંને બાળે છે તેમ, બાળી દે છે. (૨૬) પદ્માસન ધારી પિતામહ બ્રહ્મા પણ કામથી વ્યાકુળ

છે આત્મા જેનોં એવો બની પોતાની પુત્રી સરસ્વતીને જોઈને મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા. (૨૭)

શંકર પણ મોહિનીને જોઈને કામદેવથી મોહ પામ્યા. તેમજ અંબરીષ રાજાની કન્યાને જોઈને નારદ કામદેવથી મોહ પામ્યા. (૨૮) ચ્યવન ઋષિ શર્યાતિ રાજાની કન્યાને જોઈને કામથી પરાભવ પામ્યા. ઋષ્યશૃંગમુનિ વેશ્યાને જોઈને તત્કાળ કાળરૂપ મહાઆપત્તિ પામ્યા. (૨૯-૩૦)

ઈન્દ્ર ગૌતમની સ્ત્રી અહલ્યાને જોઈને કામથી નષ્ટ પામી છે બુદ્ધિ જેની એવો થઈ દુર્ગંધ યુક્ત રુધિર જેમાંથી સ્ત્રવે છે એવા હજાર ભગવાળો થયો. (૩૧) મિત્રદેવ, વરુણ અને સમ્રાટ મહા કીર્તિવાળો એલ રાજા એ ત્રણ ઉર્વશીને જોઈને કામથી મોહ પામી મહા આપત્તિ પામ્યા. (૩૨) અનલ શુકી નામની અપ્સરાને જોઈને કામથી નિંદિત દશાને પામ્યા. ધાર્મિક યયાતિ રાજા દેવયાનીમાં આસક્ત થયો. (૩૩)

ચંદ્ર કામથી નષ્ટ બુદ્ધિવાળો થઈ બૃહસ્પતિની પત્ની તારામાં આસક્ત થયો. બંધુની પત્ની મમતામાં આસક્ત થઈ બૃહસ્પતિ નિંદા પામ્યા. (૩૪) એ આદિ ઘણાં દેવો, રાજાઓ, મહર્ષિઓ તથા બીજા પણ કામથી નિંદનીય દશા તથા ઘણી પીડા પામ્યા છે. (૩૫-૩૬)

એક કામનું બંધન સર્વ બંધનોથી પણ અત્યંત દુર્ભેદ્ય છે એવું પંડિતોએ કહેલું છે, વળી અત્યંત કલેશકર પણ કહ્યું છે. (૩૭) આ લોકમાં કામનું સુખ તુચ્છ મધના બિન્દુ જેવું છે અને કામનો નાશ થયા પછી જે સુખ અનુભવાય છે તેના સોળમાં ભાગની બરોબર પણ તે થતું નથી (૩૮)

મોક્ષમાં વિઘ્ન કરનાર કામને જાણીને મારા આશ્રિત પુરુષોએ સત્સંગથી તથા વિવિધ પ્રકારનાં યોગ વડે તે કામને જીતવો. (૩૯) આ લોકમાં જે પોતામાં રહેલા વૈરાગ્ય વગેરે ગુણોથી કામરૂપ શત્રુને હણે છે તે, ગ્રીષ્મઋતુમાં ઠંડા જળના ધરાને પામેલો મનુષ્ય જેમ સુખ પામે છે તેમ, સુખ પામે છે. (૪૦)

કામની માફક રસાસ્વાદ પણ બુદ્ધિશાળી પુરુષોએ દુઃખોના સ્થાનરૂપ માન્યો છે. માટે રસાસ્વાદમાં આસક્તિ કેવળ દુઃખ પમાડનારી જ છે. (૪૧) નાના પ્રકારનાં રસ જમવાથી મનુષ્યોમાં કામ સર્વ પ્રકારે વૃદ્ધિ પામે છે. ભૂખના દુઃખથી દુર્બળ થયેલામાં કામની પ્રવૃત્તિ હોતી નથી એમ અનુમાન થાય છે. તેથી મનુષ્યોએ રસાસ્વાદ યથાયોગ્ય જ સદા કરવો. (૪૨)

રસની આસક્તિથી મૃત્યુ થાય છે એમ ડાહ્યા પુરુષો કહે છે. ગંધફલિકા નામની ઔષધિ સુંઘી તેનો સ્વાદ ગ્રહણ કરવા મત્ત થયેલા ભમરાઓ જેમ નાશ પામે છે તેમ રસની આસક્તિથી મૃત્યુ થાય એમ ડાહ્યા પુરુષો કહે છે. (૪૩)

રસના લોભથી માછલું લોઢાના કાંટા ઉપર ચોંટેલું માંસ પકડવા જતા મરણ પામે છે. માટે રસાસ્વાદની આસક્તિથી મૃત્યુ પામે છે. (૪૪) રસના લોભથી, બહુ મિષ્ટાન્ન જમવા માટે જનો ભાંગ ખાય છે અને ઘણું અન્ન ખાઈને તેનાથી મરણ પણ પામે છે. (૪૫)

ચાર વર્ણોમાં તથા ચાર આશ્રમોમાં વેદોક્ત ધર્મનું શંકરપણું રસથી જ પ્રવર્તે છે. (૪૬) રસાસ્વાદુ ભોજનની ઈચ્છાથી માંસ ખાવામાં મનુષ્યો પ્રવૃત્ત થાય છે. એવા અયોગ્ય અન્નનું ભક્ષણ પણ રસની

આસક્તિથી જ થાય છે. (૪૭)

અપેય મદ્યના પાનથી માંસ ભક્ષણ કરવામાં ઉત્તમ જનોની પ્રવૃત્તિ રસની ઈચ્છાથી જ થાય છે. (૪૮) ઋષ્યશૃંગ મુનિ પણ વેશ્યાએ અર્પણ કરેલા વિવિધ પ્રકારનાં સ્વાદુ ભોજનના ભક્ષણથી પોતાનાં તપથી પરાભવ પામી, પોતાનાં નૈષ્ઠિક વ્રતનું ઉંચું પદ તેનો ત્યાગ કરીને, ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરી નીચું સ્થાન પામ્યા. (૪૯)

સમગ્ર અનર્થો કરનારો રસાસ્વાદ છે. રસને વિષે આસક્તિ એ વિવિધ પ્રકારની આપત્તિઓનું સ્થાન છે એમ જાણવું. પ્રારબ્ધ પ્રમાણે મળેલા અન્નનો આહાર હિતકારી માનેલો છે. (૫૦)

સ્નેહ પણ મનના દુઃખનું મૂળ છે એમ જણાય છે. મનુષ્ય સ્નેહથી પુત્ર, સ્ત્રી વગેરેમાં આસક્ત થાય છે તેથી અનેક પ્રકારની પીડા પામે છે. (૫૧) દુઃખનું મૂળ સ્નેહ છે. (જેટલા દુઃખનો અનુભવ થાય છે તે બધાનું સ્નેહમાં મૂળ છે) ભય પણ સ્નેહથી ઉત્પન્ન થાય છે. તેમજ હર્ષ, શોક એ સર્વે સ્નેહથી પ્રવર્તે છે. (૫૨)

પોતાનાં બંધુજનોમાં પ્રેમ પણ હંમેશાં સ્નેહથી થાય છે. હોલો તથા હોલી અસત્ય સ્નેહથી મૃત્યુ પામ્યા. (૫૩) જેમ ઝાડના પોલાણમાં મૂકેલો અગ્નિ વૃક્ષને તેના મૂળ તથા સમગ્ર શાખાઓ સહિત બાળે છે, તેમ સ્નેહ અંતઃકરણમાં રહ્યો છે છતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થ સિદ્ધ કરવાની ઈચ્છાને હરે છે. (૫૪)

સ્નેહથી મિત્રોના સંયોગમાં સુખ થાય અને વિયોગથી દુઃખ થાય. જેમાં સ્નેહ હોય છે તેનો વિનાશ થવાથી મનુષ્ય જીવે છે છતાંપણ મરેલાની માફક જણાય છે. (૫૫) માટે મિત્રો પાસેથી ધન પ્રાપ્ત કરીને તેમાં સ્નેહ ન કરવો. પોતાનાં દેહમાંથી ઉત્પન્ન થયેલા સ્નેહને આત્માઅનાત્માના વિચારથી પાછો વાળવો. (૫૬)

તેવી રીતે પત્ની, પુત્રો, ધન વગેરેમાં સ્નેહ હોવાથી અંતકાળે તેમની સ્મૃતિ થવાથી મનુષ્યોને પ્રેતયોનિ પ્રાપ્ત થાય છે. (૫૭)

મરણ પર્યંત મનુષ્યો દેહના દુઃખને અવગણીને પણ સ્નેહથી પોતાની પત્ની વગેરેનું જ પોષણ કરે છે. (૫૮) પોતાનાં સંબંધિઓ વારંવાર તિરસ્કાર કરે છતાં પણ મનુષ્ય સ્નેહના બંધનથી તેમનોં ત્યાગ કરતો નથી અને તેમાં વૈરાગ્ય પણ તેને થતો નથી. (૫૯)

આત્મા અનાત્માનો વિચાર જેમણે સમ્યક્ પ્રકારે કર્યો છે એવા જ્ઞાનીઓને, શાસ્ત્ર જાણનારાઓને, સર્વ પ્રકારે કૃતાર્થ થયેલા મનુષ્યોને પત્ની વગેરેમાં સ્નેહ છે છતાં તે જેમ પદ્મના પાંદડાંમાં જળ નિર્લેપ રહે છે તેમ તેને લેપ કરતો નથી. (૬૦)

માન નામનો દોષ પણ મનુષ્યોને મહા અનર્થ કરનારો છે. માનથી ક્રોધ પ્રગટ થઈને વ્રત, દાન, તપ વગેરેને હરે છે. (**क्रोधितस्य वृथा भवेत्**) (૬૧) માની પુરુષો બોલવા યોગ્ય અથવા ન બોલવા યોગ્યને

જાણતા નથી માનને આશરીને મનુષ્ય પોતાનું કલ્યાણ કરે તેવા સાધુઓનું પણ અપમાન કરે છે. (૬૨) જે માન મહાપુરુષોએ બાંધેલી મર્યાદાને ભેદે છે, અવિવેક કરાવે છે તથા વધ ન કરવા યોગ્ય સ્ત્રી આદિનો પણ વધ કરાવે છે, આત્મહત્યા કરાવે છે, ગુરુ વગેરેને જીતે છે તથા વિનાશ કરે છે. (૬૩)

માન ન કરવા યોગ્ય કાર્ય કરાવે છે. ન બોલવા યોગ્ય વચનો પણ બોલાવે છે. નિર્દયપણું, કઠોરતા, દંભ, કપટ, મત્સર પણ માનથી જ ઉત્પન્ન થાય છે. (૬૪) માનથી અન્યાયમાં ન્યાયની બુદ્ધિ થાય છે અને ન્યાયમાં અન્યાયની બુદ્ધિ થાય છે. હે જનો ! મનુષ્યોને સાધુમાં અસાધુપણાની બુદ્ધિ પણ માનથી જ થાય છે. (૬૫)

માનથી દુર્યોધન પોતાનાં બંધુઓ સાથે નાશ પામ્યો. દુર્વાસામુનિ આપત્તિઓને પામ્યા. પ્રજાપતિ હોવા છતાં દક્ષ પણ આપત્તિ પામ્યા. (૬૬)

તેવી રીતે માનથી પૂજવા યોગ્ય એવા અનિશ્વરને વિષે પણ પોતાનાં જનમાં પૂજ્ય બુદ્ધિ થાય છે. તેવી રીતે સત્પુરુષોની સાથે સરખા પણાની બુદ્ધિ થાય છે. વંદનીય પુરુષોને પણ માનને લઈને વંદના થતી નથી. (૬૭)

દશ મસ્તકવાળો રાવણ તથા હિરણ્યાક્ષ, તારકાસુર, જરાસંઘ વગેરે પણ માનથી મરણ પામ્યા. (૬૮) સર્વ અનર્થોનું એક મૂળ માન છે. તેથી જ અનર્થ કરનારો માન ક્રોધને આશરીને સર્વ સુકૃતોનો નાશ કરનારો થાય છે. (૬૯)

તેથી મારા આશ્રિતોને ભગવાનના ભક્તોની આગળ માન રાખવું યોગ્ય નથી. જો માન રાખવું હોય તો હું ભગવાનનો ભક્ત છું. મારે અયુક્ત કાર્ય ન કરવું જોઈએ એવું અભિમાન રાખવું. કારણ કે એ માનથી સુખ ઉત્પન્ન થાય છે. (૭૦)

માટે રસાસ્વાદ, સ્નેહ અને માન આ ત્રણ અધર્મ સર્ગના દોષો મહા દુર્જેય છે. (૭૧) માટે એકાંતિકી મુક્તિ ઈચ્છતા મારા આશ્રિતોએ નાના પ્રકારનાં દોષો તથા પીડાના કારણ ભૂત આ શત્રુઓ વિશેષપણે જીતવા. (૭૨)

જે મારા આશ્રિત જનોના હૃદયમાં મને પ્રસન્ન કરવાની ઈચ્છા હોય તેમણે અધર્મ વંશના દોષોનો ત્યાગ કરીને ધર્મવંશના સદ્ગુણો નિર્લોભ, નિષ્કામ, નિર્સ્નેહ, નિર્માન, નિર્સ્વાદ વગેરે સિદ્ધ કરવા. (૭૩)

હે રાજન્ ! આ પ્રકારે સુધાથી પણ અત્યંત મિષ્ટ અતિ મહાન, સર્વ પીડા હરનારી શ્રીહરિની વાણી સાંભળીને સમગ્ર ભક્તો અતિશય આનંદ પામ્યા. (૭૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં કામદોષ વર્ણન નામે બેતાળીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! દયાસાગર, ધર્મનંદન, શ્રીહરિ ભક્તો પ્રત્યે પીડા નાશ કરનારી શુભવાણી કહે છે. (૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! હું જનોના મોક્ષ કરનારી વાર્તા કરું છું. એકાગ્ર મનથી તે તમો સર્વે સાંભળો. (૨) જે ગૃહસ્થ હોય તે ગૃહસ્થાશ્રમને ઉચિત ક્રિયાઓ સાક્ષાત્ મને અર્પણ કરી વિધિ પ્રમાણે કરે અને સર્વકાળે સાધુઓની ઉપાસના કરે. (૩)

સમય પ્રમાણે વારંવાર મારા ચરિત્ર સંબંધી કથામૃત શ્રદ્ધાથી સાંભળતા ગૃહસ્થ ભક્તો ઉપશમાદિ સદ્‌ગુણવાળા શાંત મનવાળા થાય. (૪) જેમ સ્વપ્નમાં જોયેલા સ્ત્રી, પુત્ર, ઘર વગેરેના સંગનો સ્વપ્નમાંથી જાગ્રત થયા પછી સર્વ પ્રકારે ત્યાગ કરે છે. (૫)

તેવી રીતે ગૃહસ્થ ભક્ત સત્પુરુષોના પ્રસંગથી સ્ત્રી, પુત્ર તથા ધન વગેરે અંતે જવાના છે. એવું સમજી પોતે વિયોગવાળો થઈ ધીમે ધીમે તેના સંગનો ત્યાગ કરે. (૬) વિદ્વાન ગૃહસ્થ દેહ તથા ઘરનો જેટલો ઉપયોગ હોય તેટલો જ તેનો આશ્રય કરે. સુખપૂર્વક ભગવાનનું ધ્યાન વગેરે થાય તેટલી દેહ તથા ગેહમાં તે આસક્તિ કરે, એ રીતે તેવો ભક્ત વૈરાગ્યવાળો હોવા છતાં પણ દેહગેહમાં બીજાઓ જેમ રાગી હોય તેની માફક તે સૌને જણાય છે. (૭)

માતા, પિતા, બંધુઓ, પુત્રો, મિત્રો, જ્ઞાતિજનો જે જે ઈચ્છે તથા કહે તે સર્વમાં મમતારહિત તે ભક્ત અનુમોદન આપે. (તમારે માટે આ કરું છું, આ કર્યું છે, આટલું કરીશ એમ કહી અનુમોદન આપે) (૮) વરસાદથી પાકતું ધાન્ય તથા દૈવકૃપાથી પ્રાપ્ત થયેલું ધન તે ગૃહસ્થ ભક્ત આસક્તિરહિત ઘરમાં રહીને ભોગવે. (૯)

જેટલા અન્નથી ઉદર પોષણ થાય તેટલું જ અન્ન શરીરધારીઓ માટે ઉપયોગનું છે. તેથી અધિક અન્ન ઉપાર્જનમાં જે પોતાપણું માને છે તે મનુષ્ય મંદ બુદ્ધિવાળો છે. (૧૦) પૂર્વોક્ત કહ્યા પ્રમાણે જાણનારો મનુષ્ય બિલાડો, માંખો, માંકડા, સર્પ, પક્ષીઓ, મૃગલાઓ વગેરેને પોતાનાં પુત્ર સમાન જુએ. પોતાનાં પુત્રો અને માર્જારાદિમાં કાંઈપણ ભેદ સમજે નહિ. (૧૧)

સ્ત્રી, પુત્ર, સજ્જન પુરુષો સગાસંબંધિઓનો યોગ આ લોકમાં નદીના પ્રવાહમાં પડેલા તૃણની માફક નિત્ય નથી જ. ''नैकत्रप्रियसंवासः सुहृदां चित्रकर्मणाम् । ओधेन व्यूहमानानां तृणानां स्त्रोतसो यथा'' (૧૨) ગૃહસ્થનું ધન, પુત્ર સર્વે સમુદ્ર જેમ જળને હરિ લે છે તેમ પ્રિય વચનોથી હરિ લે છે. (૧૩)

નિર્ધન વૃદ્ધ ગૃહસ્થને તેના સ્વાર્થી પુત્ર, બંધુઓ વગેરે ફળ વિનાના વૃક્ષનો પક્ષિઓ જેમ ત્યાગ કરે છે, તેમ ત્યાગ કરે છે. (૧૪) જેમ પોતાનાં શરીરના પરસેવાથી જુ-માંકડ વગેરે ઉત્પન્ન થાય છે તેમ પોતાનાં શરીરના વીર્યથી પુત્રો ઉત્પન્ન થાય છે. (૧૫)

માટે કર્મ સંબંધથી પોતે ઉત્પન્ન કરેલા પોતાનાં પુત્રોમાં ગૃહસ્થ ભક્ત જુ, માંકડ વગેરેમાં જેમ

પ્રીતિ નથી કરતો તેમ પ્રીતિ ન કરે. (૧૬) કેટલાક પુત્રો ન્યાસ (થાપણ) હરનારા હોય છે, કેટલાક ઋણ સંબંધવાળા હોય છે, કેટલાક શત્રુઓ હોય છે, કેટલાક લાભકારી હોય છે, કેટલાક ઉદાસીન હોય છે. (૧૭)

પુત્રો, મિત્રો, સ્ત્રી, બંધુ, માતા, પિતા વગેરે ઉપર કહ્યા તે પાંચ પ્રકારનાં ભેદથી ઉત્પન્ન થાય છે માટે પ્રીતિ કરવા યોગ્ય નથી જ. તેમાં જેણે જેનું ધન અપહરણ કર્યું હોય તે ધનનો માલિક, તે ધન લઈ લેનારનો પુત્ર થઈને તેટલું ધન ખર્ચ કરાવીને અથવા રોગથી મૃત્યુ પામી દુઃખ ઉત્પન્ન કરે છે. તે 'ન્યાસહર' કહેવાય છે જે જેનું ઋણ માથે લઈને મરણ પામે છે. તે તેનો પુત્ર થઈ તેનું દેવું ચૂકવી મૃત્યુ પામે છે અને મૃત્યુના વિયોગથી તેને દુઃખ પમાડે છે. તેવા પુત્રને ઋણસંબંધવાળો જાણવો. જે પુત્ર જન્મથી આરંભીને શત્રુની માફક દુઃખ આપીને મૃત્યુ પામે છે. તે શત્રુ જાણવો. જે પુત્રો જન્મથી જ પિતા તથા સંબંધીઓનું પ્રિય કરે છે અને ત્રણ ઋણ (દેવઋણ, પિતૃઋણ, ભૂતઋણ) "**ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत्**" પિતા તથા માતા વગેરેના મૃત્યુ પામ્યા પછી તેમની પારલૌકિક ક્રિયાઓ સારી રીતે કરી પિતા વગેરેને સુખ આપે છે તે 'લભ્ય' લાભકર્તા પુત્ર જાણવો. જે પુત્ર જન્મથી આરંભીને ઉદાસીનની માફક વ્યવહાર કરતો કંઈ મળે તો લે નહીં અને ન મળે તો ક્રોધ પણ ન કરે, તેમ સંતોષ પણ પામે નહીં, અને પરિત્યાગ કરે નહિ એવા પુત્રને ઉદાસીન પુત્ર જાણવો. (૧૮)

ગૃહસ્થાશ્રમમી ભક્ત ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગનું અતિ કષ્ટપૂર્વક સંપાદન ન કરે. પરંતુ જેટલું પ્રારબ્ધ અને દેશકાળાનુસાર પ્રાપ્ત થાય તેટલાનું જ સેવન કરે. (૧૯) ગૃહસ્થાશ્રમી ભક્ત સર્વ અભ્યાગત જનો, અતિથીજનો તથા અન્યજનોને યથાયોગ્ય વિભાગ કરીને પોતાનાં ભેગામાંથી હર્ષથી આપે. (૨૦)

જેનાં મમત્વથી પોતાનાં પ્રાણનો પણ ત્યાગ થાય એવા પિતા, ગુરુ તથા પત્નીમાંથી જે મમત્વનો ત્યાગ કરે છે તેને અચ્યુત ભગવાન વશ થાય છે. (૨૧)

કીડા, વિષ્ટા અને ભસ્મ સંજ્ઞા જેની છે એવું આ અત્યંત તુચ્છ શરીર તે ક્યાં ? અને જેને ભાર્યામાં પ્રીતિ છે તે ક્યાં ? અને સુખાત્મક આ આત્મા ક્યાં ? (એવો તત્વ વિચાર જે નથી કરતા અને સ્ત્રીઆદિમાં મમત્વ કરે છે તે સંસાર સાગરમાં ડૂબે છે.)

વિષયોની આશાઓથી પરાભવ પામેલો અને પોતાનાં પુત્રો આદિમાં સ્નેહથી બંધાએલો, મનુષ્ય વંટોળીયાથી તૃણ જેમ ફેંકાય છે. તેમ સ્ત્રી આદિકથી સંસારરૂપી સમુદ્રમાં ફેંકેલો પુરુષ દુઃખ પામે છે. (૨૨, ૨૩) તે યોષિતરૂપી માયા તો વારંવાર જન્મમૃત્યુને આપનારી છે. એવું જાણીને વિદ્વાન પુરુષ સદ્‌વિચારથી સ્ત્રીમાં આસક્તિનો ત્યાગ કરે. (૨૪)

દૈવ ઈચ્છાથી પ્રાપ્ત થયેલી યજ્ઞશિષ્ટ વસ્તુઓથી પોતાનો નિર્વાહ કરે. અન્યમાં મમત્વ રહિત થયેલો ગૃહસ્થ ભક્ત મોટી પદવીને પામે છે. (૨૫) તે ગૃહસ્થ ભક્ત શ્રીવાસુદેવની સેવામાં પોતાનાં સ્ત્રી, પુત્ર તથા આશ્રિતોને પણ જોડી દે અને પોતે પણ તે મન, વાણી દેહથી કરે. (૨૬)

તે ગૃહસ્થ ભક્ત શિશ્ન અને ઉદર તૃપ્ત કરનારા અસત્પુરુષોનો સંગ તેમજ ભવાયાઓનો

સંગ તથા એકાન્તમાં પોતાની પુત્રી આદિ સ્ત્રીઓનો સંગ પણ ક્યારેય ન કરે. (૨૭) તે ગૃહસ્થ ભક્ત ક્યારેય પણ પારકી સ્ત્રીને કામ ભાવથી ન જુએ તથા શ્રાદ્ધ, પર્વ, વ્રતના દિવસોમાં પોતાની સ્ત્રી સાથે પણ ગમન ન કરે. (૨૮)

તે ગૃહસ્થાશ્રમી ભક્ત પોતાનાં નોકરોને કદી પીડા ન પમાડે અને ન્યાયથી પ્રાપ્ત કરેલા ધન વડે અહિંસામય વૈષ્ણવી યજ્ઞો કરે. (૨૯) બુદ્ધિમાન ગૃહસ્થ કુટુંબમાં પણ આસક્ત ન થાય. સ્વર્ગાદિ સુખને પણ જેમ પ્રત્યક્ષ જે દેખાય છે તે નશ્વર છે તેમ તેને પણ જાણે. (૩૦)

સ્ત્રીઓ, પુત્રો, શ્રેષ્ઠ પુરુષો તથા સગાસંબંધીઓનો સંયોગ પાણી પીવાની પરબમાં જેમ વટેમાર્ગુઓનો સંગ થાય છે. તેની પેઠે છે. સ્ત્રીઓ વગેરે નિદ્રામાં આવતા સ્વપ્નની પેઠે નિદ્રા જ્યારે નાશ પામે તેમ શરીર નાશ પામે ત્યારે નાશ પામે છે. (૩૧) રુડી બુદ્ધિવાળો ગૃહસ્થ પોતાનાં ઘરમાં અતિથિની માફક રહે. મમતા તથા અહંકાર રહિત તેવો ભક્ત સત્પુરુષોના પ્રસંગ પરાયણ હોય છે તેથી ઘરમાં બંધાતો નથી. (૩૨)

જે ગૃહસ્થ ઘરમાં આસક્ત બુદ્ધિવાળા, પુત્ર, સ્ત્રી, વિત્ત વગેરેની ઈષણઓથી વ્યાકુળ બની સ્ત્રી આધીન થઈ દેહગેહાદિમાં અહંતા મમતાયુક્ત બને છે તે નિશ્ચય બંધન પામે છે. (૩૩) પુત્રોરૂપી તંતુઓથી સંવેષ્ટિત થયેલો મૂઢ ગૃહસ્થ મોહથી કોષકાર કીડો જેમ બંધાય છે તેમ, પોતાનો આત્મા બંધાયેલો છે તે જાણતો નથી. (૩૪)

સ્ત્રી પુત્રાદિ કુટુંબોમાં આસક્ત માણસ, મહાસરોવરના કાદવમાં ડૂબેલો હાથી જેમ વૃદ્ધાવસ્થાથી દુઃખ પામે છે તેમ, દુઃખ પામે છે. (૩૫) જાળમાં આવેલો ને જળથી બહાર કાઢેલો મત્સ્ય જેમ તરફડે છે તેમ સ્ત્રીઆદિકની સ્નેહરૂપી જાળમાં બંધાયેલો ગૃહસ્થ તેના વિયોગથી દુઃખ પામે છે. (૩૬)

અપથ્ય ભોજન જમીને જેમ રોગી સંતાપ પામે છે. તેમ કામને ઈચ્છતા મનુષ્ય સંતોષ પામે છે. મોહરૂપી અંધારાથી આંધળો હંમેશાં દુઃખમાં સુખ માને છે. (૩૭) અસત્પુરુષોનો પ્રસંગ કરતો મનુષ્ય કર્મ પરવશ થઈ ચક્રની માફક સંસારમાં વારંવાર ભમે છે. અને મોક્ષમાર્ગને જાણતો નથી (૩૮) અહો ! બાળકોવાળી મારી ભાર્યા, વૃદ્ધ માતા, પિતા મારા વિના દીન પુત્રો દુઃખી થઈ કેવી રીતે જીવે ? (૩૯)

આ પ્રમાણે સ્ત્રી આદિકની વાસનાથી વિક્ષેપયુક્ત મનવાળો, મૂઢબુદ્ધિવાળો, તૃષ્ણાવાળો ગૃહસ્થ તેનું ચિંતવન કરતો પોતે અંધતમ યોનિને પામે છે. (૪૦)

કામનાવાળો, સંશયવાળો, અસ્થિરમનવાળો તથા અલ્પચેતનાવાળો દુષ્ટમતિ ગૃહસ્થ તો આ સંસારરૂપી મહાસાગરને તરતો જ નથી. (૪૧) સર્વ જનો મોહસમુદ્રમાં બૂડે છે અને ફરી ઉપર આવે છે માટે કામરૂપી ગ્રહથી ગ્રસિત થયેલાઓ માટે જ્ઞાનરૂપી નૌકા નથી. (૪૨)

માટે બુદ્ધિમાન ગૃહસ્થ ઈન્દ્રિયોને નિયમનમાં રાખનાર શ્રદ્ધાયુક્ત બની નિશ્ચય મોક્ષ સાધે છે. (૪૩) ધર્મ અને અધર્મના વિશેષોને જાણનારો ધૈર્યશીલ, આત્મવિત્, રુડી બુદ્ધિવાળો નષ્ટ થયો છે હર્ષ, મદ અને ક્રોધ જેને એવો ગૃહસ્થ ક્યારેય દુઃખ પામતો નથી. (૪૪)

સત્પુરુષોના પ્રસંગથી પ્રાપ્ત કર્યું છે જ્ઞાન જેણે અને જેનોં આચાર શિષ્ટ પુરુષોના જેવો છે એવો વિચક્ષણ ગૃહસ્થ કામને વશ કરીને પોતાની ઈષ્ટ સિદ્ધિ પામે છે. (૪૫) વેદોક્ત હોવાથી સુંદર, પણ હિંસાએ યુક્ત તથા અધર્મ સંયુક્ત વાણીનો ત્યાગ કરી જ્ઞાનથી કર્મ કરતો મનુષ્ય બંધનથી મૂકાય છે. (૪૬)

ધર્મ, જ્ઞાન વગેરેથી સંપન્ન જે જનો સર્વોત્કૃષ્ટ પ્રત્યક્ષ નારાયણની ભક્તિ હંમેશાં કરે છે અને મુક્તિ આપનારો સાધુનો સમાગમ કરે છે. (૪૭) તે જનો મનુષ્યોથી ન તરી શકાય તેવી ભયંકર સંસારરૂપી નદીને સહેલાઈથી તત્કાળ તરે છે તથા ઈચ્છિત સુખ પામે છે. (૪૮) સંસારરૂપી નદી લોભરૂપી કાંઠાવાળી, સ્વભાવરૂપ વિશાળ પ્રવાહવાળી તથા કાળરૂપ જે સંવત્સરો તેથી અધિક ચલાયમાન જ્ઞાનેન્દ્રિયરૂપ જળવાળી છે. (૪૯)

ભયંકર સંવત્સરરૂપી આવર્ત (ભમરીઓ) તેનાથી ન તરી શકાય તેવી ક્રોધરૂપી કાદવવાળી, વસંતાદિક છ ઋતુના વેગથી માસરૂપી તરંગોની પરંપરાની શોભા જેની છે એવી તે નદી છે. (૫૦) નિમેષોન્મેષરૂપી સુંદર ફીણોવાળી, શોભતા શુકલ તથા કૃષ્ણપક્ષરૂપી ડુંગરો જેમાં છે એવી, રાત્રિ, દિવસરૂપી મહાપુર જેમાં છે એવી, કામાદિ શત્રુઓરૂપી મગરોથી વ્યાપ્ત. (૫૧)

ધર્મરૂપી દ્વીપથીયુક્ત, મોક્ષરૂપી સામો કાંઠો જેને છે એવી, વિવિધ પ્રકારનાં અર્થોરૂપી વાળુકાવાળી, મોહરૂપી શેવાળવાળી, અધર્મ સર્ગરૂપી કાંકરાવાળી (૫૨) અતિ તીવ્ર પાખંડીઓ રૂપી મંડૂકોવાળી, માન તથા દંભ એ બે મોટા તિમિંગળો જેમાં છે. (સો યોજન વિસ્તારવાળા મત્સ્યને તિમિ કહેવાય છે તેને જે ગળી જાય તે તિમિંગળ કહેવાય છે) ઠગારા પ્રાણીઓરૂપી સર્પો જેમાં છે એવી, ધર્મના વંશરૂપી સ્વચ્છ મોતીઓ જેમાં છે એવી, (૫૩)

કામમાં આસક્ત શરીર ધારીઓ રૂપી ઘણાં કારંડવોથી વ્યાપ્ત એવી, તૃષ્ણારૂપી અત્યંત ઉછળતા મોટા તરંગો જેને છે એવી, ધૈર્યરૂપી વૃક્ષોને ભેદવાના સ્વભાવવાળી, (૫૪) સામે કાંઠે બેઠેલા અને વિલાસ કરતા મુક્તોરૂપી હંસોથી વિરાજીત ચતુર્વર્ગરૂપી દ્રુમો જેનાં બંને તટોમાં છે એવી, ભગવાનની ભક્તિરૂપી સુંદર નૌકાયુક્ત (૫૫) સ્વ સદ્ધર્મનિષ્ઠ આચાર્યરૂપી નાવિકથી યુક્ત પોતાનાં ધર્મમાં સ્થિરતારૂપી નૌકાને ખેંચવાનો દોર જેને છે એવી ક્ષમારૂપી નૌકા ચલાવવાનો હલેસો જેને છે એવી, ત્યાગરૂપી વાયુનો વેગ જેમાં છે એવી, (૫૬)

વૈરાગ્યરૂપી શઢ સહિત નૌકાનો વચલો સ્તંભ જેને છે એવી, વિજ્ઞાનરૂપી સુકાનથી યુક્ત એવી, માહાત્મ્યે સહિત શ્રીહરિનું ધ્યાનરૂપી ધ્રુવ સાધનયંત્ર જેમાં છે એવી, (૫૭) પ્રાયશ્ચિતરૂપી મળ ખેંચવાની પાવડી જેને છે એવી સદ્વિચારરૂપી સારી રીતે પાણી છાંટવા માટે ચામડાની ડોલવાળી, મુનિઓરૂપી વણિકોથી યુક્ત, નિયમોરૂપી વહાણની બિલાડીવાળી (૫૮)

જે સંસારરૂપી નદીમાં ગંભીર અને દુસ્તર પંચ વિષયરૂપી ધરાઓ છે, જે વિષયરૂપી ધરાઓ મનુષ્યોને ખેંચીને યમપુરીમાં લઈ જાય છે. (૫૯)જે દેહધારીઓ સંસારરૂપી આ નદીને સધર્મે સહિત એવી ભક્તિરૂપી નવીન નૌકાથી તરે છે તે નિપુણજનો છે બીજા અસભ્યો તો તેમાં બૂડે છે. (૬૦)

તેથી પૃથ્વી ઉપર આ ભારત વર્ષમાં અત્યંત દુર્લભ અને દેવતાઓ પણ જેને માટે પ્રાર્થના કરે છે તે સ્વાર્થને આપનાર આ મનુષ્ય દેહ પામીને વિચક્ષણ જનોએ મુક્તિ સિદ્ધિ કરી લેવી. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ગૃહસ્થાશ્રમી મોક્ષસાધન નિરૂપણ નામે તેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી ભક્તો પ્રત્યે જોઈને સુધાના ગર્વને હરનારા એવાં હિતાવહ વચનો બોલ્યા. (૧) હે ભક્તો ! શાસ્ત્ર પ્રમાણે શ્રેય કરનારી વાર્તા હું કરું છું. મારા આશ્રિત તમો સર્વે એકાગ્ર મનથી તે સાંભળો. (૨)

પ્રથમ શબ્દાદિ વિષયોને જોઈને તેને ભોગવવાની ઈચ્છા થાય છે. હે ભક્તજનો ! પછી કામ પ્રવર્તે છે. પછી દ્વેષના કારણભૂત કળી પ્રવર્તે છે. (૩) જડ માણસ કામની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો મોટું કર્મ આરંભે છે. પોતાનાં ઈષ્ટ વિષયોનો અભ્યાસ કરે છે. (૪)

પછી રાગવૃદ્ધિ પામે છે. એવા અવિવેકી જનોને દ્વેષ પણ વૃદ્ધિ પામે છે. પછી કલેશના સ્થાનભૂત લોભ, પછી મોહ ઉત્પન્ન થાય છે. (૫) લોભ અને મોહથી પરાભવ પામતો તથા રાગ અને દ્વેષથી વ્યાપ્ત છે આત્મ સ્વરૂપ જેનું એવા પુરુષની બુદ્ધિમાં ધર્મ ઉત્પન્ન થતો નથી. છતાં ધર્મનું આચરણ તો કરે છે તેથી તે કપટથી ધર્મનું સેવન કરે છે. (૬)

કપટભાવે ધર્મનું આચરણ કરનાર મનુષ્યને ધર્મની ઓથે ધનનું ઉપાર્જન કરવું જ રુચે છે તેથી ધનની પ્રાપ્તિ માટે છાનું પાપ કરે છે. (૭) પોતાનાં વિદ્વાન મિત્રો તથા બંધુજનો તેને રોકે તો પણ તેમનાં વચનનો અનાદર કરીને તે હંમેશાં પ્રાપ્ત કરે છે. (૮)

મન, વાણી અને શરીર એ ત્રણ રીતે કરેલા પાપનો સમુદાય તેથી વૃદ્ધિ પામતો જાય છે અને તેથી રાગ અને મોહને વશ થઈ તે હંમેશાં પાપ કરે છે અને કહે છે. (ત્રણ પ્રકારનાં માનસિક પાપ છે, ત્રણ પ્રકારનાં શરીરના પાપ છે. અને ચાર પ્રકારનાં વાણીના પાપ છે એમ દશ પ્રકારનાં પાપો છે. તે મનુ ભગવાને કહ્યું છે. - પારકા દ્રવ્યનું ચિંતવન તથા મનથી કોઈનું અનિષ્ટ થાય તેવું ચિંતવન કરે તેમજ વિપરીત અભિનિવેશ એ ત્રણ પ્રકારનું માનસિક પાપ છે. કઠોર વાણી બોલવી, જુઠું બોલવું, ચાડી ખાવી તથા વિચાર વિનાનું જેમ તેમ બોલવું એ ચાર પ્રકારે વાણીનું પાપ થાય છે. ન મળેલી વસ્તુઓ લઈ લેવી, અવિધિથી હિંસા કરવી, પરસ્ત્રીનું સેવન કરવું એ ત્રણ પ્રકારે શરીરના પાપ છે. દેહના દોષોથી મનુષ્ય જડપણું પામે છે. વાણીના દોષોથી પક્ષી તથા મૃગની યોનિ પામે છે અને માનસિક

દોષોથી અંત્ય જાતિને પામે છે. (૯)

અધર્મનું આચરણ કરનાર મનુષ્યના દોષોને સાધુઓ જ જુએ છે. પાપીઓ તો તેના મિત્ર બને છે. (૧૦) પૂર્વોક્ત મનુષ્ય આલોકમાં તથા પરલોકમાં ક્યારેય પણ સુખ પામતો નથી. હે ભક્તો ! આવા પુરુષોના પ્રસંગથી સદા દુર્ગતિ જ પમાય છે. (૧૧)

માટે પ્રથમ બુદ્ધિપૂર્વક લોભાદિક દોષોને જોઈને સુખ અને દુઃખમાં વિવેક બુદ્ધિ રાખતા શુદ્ધ આચરણવાળા ડાહ્યા પુરુષોએ તો સાધુઓનું જ સેવન કરવું. (૧૨) સાધુની સેવા કરનાર મનુષ્યના, દુર્ગતિ આપનારા કામ વગેરે દોષો નાશ પામે છે. એવા પુરુષની બુદ્ધિ ધર્મમાં જ રહે છે અને ધર્મથી જ જીવે છે. (૧૩)

ડાહ્યો પુરુષ તો જેમાં ગુણ જુએ છે તેને જ સેવે છે. ધર્મથી પ્રાપ્ત થયેલા દ્રવ્યમાં જ સંતોષ અનુભવે છે. (૧૪) પોતાનાં અભિષ્ટ વિષયોની પ્રાપ્તિ મનુષ્યને થાય છે તે ધર્મનું જ ફળ છે તેથી સુખ ઈચ્છતો મનુષ્ય સદા ધર્મનું સેવન કરે. (૧૫)

ધર્મનું ફળ જે વિષયસુખ તેને પામીને બુદ્ધિમાન મનુષ્ય પ્રસન્ન થતો નથી. શબ્દાદિ પંચ વિષયોમાં સદા દુઃખ જોઈને શાંતિ આપનાર વૈરાગ્ય જ તે કેળવે છે. (૧૬) બુદ્ધિમાન પુરુષ મનનો વિશ્વાસ નથી કરતો અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધાદિ વિષયોમાં કદી આસક્ત થતો નથી. (૧૭)

આવી રીતે વર્તનારા મનુષ્યની કામાદિક ઈચ્છાઓ, તેને કામમાં અનાસક્ત જોઈને, તેને તજી દે છે. જે ધર્મથી પંચ વિષયનો ત્યાગ કરે છે, તે ધર્મ તેનો ક્યારેય ત્યાગ કરતો નથી, માયામય સુખમાં અત્યંત દુઃખના દર્શનથી તે પુરુષ તેનાથી વિરક્ત બની જાય છે. પરંતુ ધર્મથી વિરક્ત નહીં હોવાથી કામાદિક દોષો તેનો ત્યાગ કરે છે, પણ ધર્મ તેનો ત્યાગ કરતો નથી. (૧૮)

આ પ્રકારનોં મનુષ્ય સમગ્ર પ્રકારે મોક્ષ માટે જ યત્ન કરે છે. તેમજ પાપકર્મનો ત્યાગ કરે છે. પછી ભગવાની પ્રસન્નતના કારણભૂત એકાન્તિક ધર્મના ગુણો પ્રાપ્ત કરે છે. અને મોક્ષ પામે છે. (૧૯) જે મનુષ્ય ધર્મના માર્ગનું ઉલ્લંઘન કરીને લોભ, કામ તથા ક્રોધને વશ થઈને અધર્મનું આચરણ કરે છે, તે તો પોતાનાં વંશ સહિત નાશ પામે છે. (૨૦)

તેથી બુદ્ધિશાળી પુરુષ જો શબ્દાદિક વિષયોમાં વાસના હોય તો તેમાં વાસનાપૂર્વક આસક્ત થાય, પરંતુ રાગપૂર્વક આસક્ત ન થાય, કારણ કે રાગપૂર્વક પંચવિષયનું સેવન કરવાથી ક્રોધ તથા કલેશ ઉત્પન્ન થાય છે. તેથી અંતે તે મહાદુઃખ પામે છે. (૨૧)

જે મૂર્ખ મનુષ્યો આ લોકમાં શબ્દાદિ પંચવિષયોનો જ વારંવાર સંગ કરે છે તે પુરુષો મૂઢપણાથી વિષયના સંબંધથી થયેલા દુઃખને તથા ક્ષણભંગુર દેહને જાણતો જ નથી. (૨૨) જેમ વનમાં રહેતો યોગી રસની સ્પૃહા કરતો નથી, પરંતુ સ્વાદરહિત અન્નથી દેહ નિર્વાહ કરે છે. (૨૩)

તેવી જ રીતે સંસારરૂપી વનમાં રહેતા અને મોક્ષ માટે સાધન કરતા પુરુષે પણ જેમ રોગી

પુરુષ ઔષધ લે તેમ દેહનિર્વાહ માટે જ સ્વાદરહિત અન્ન જમે. (૨૪) પ્રાકૃત શબ્દાદિ વિષયોથી દુઃખ થાય છે એવું જાણીને ડાહ્યો મનુષ્ય સત્ય, શૌચ, ક્ષમા, અહિંસા, વૈરાગ્ય, આર્જવ, પરાક્રમ, ધૈર્ય, સાત્વિકબુદ્ધિ, તપ, બ્રહ્મચર્ય વગેરેથી હંમેશાં સુખની પ્રાપ્તિ માટે પંચ વિષય ભોગવવામાં સમગ્ર ઈન્દ્રિયોનું નિયમન કરે. (૨૫, ૨૬)

સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોથી દેહધારીઓ મોહ પામી, કર્મવશ થઈ ચક્રની માફક સંસૃતિમાં ભમ્યા કરે છે. (જન્મ, મરણ પામે છે. (૨૭) વિદ્વાન પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સમગ્ર દોષો યથાર્થ સમજે, આત્મા પરમાત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાનના અભાવથી ઉત્પન્ન થતા અજ્ઞાનથી પ્રકૃતિ જન્ય દુઃખરૂપ ભાવોમાં પોતાપણાની ભાવનારૂપ અહંતાનો સદા ત્યાગ કરે. (૨૮)

જ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલો પ્રીતિ કરનાર સત્વગુણનો શુભ્રવર્ણ છે. કામમાંથી ઉત્પન્ન થયેલો રજોગુણનો રક્ત વર્ણ છે અને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલો મોહ ઉત્પન્ન કરનારા તમોગુણનો કાળો વર્ણ છે એમ પ્રાજ્ઞ પુરુષ જાણે. (૨૯) બુદ્ધિમાન મનુષ્ય સત્વના ગુણો, રજના ગુણો તથા તમના ગુણોને જાણીને તે ગુણયુક્ત કાર્યો કરતો હોય તો પણ પોતે તેમાં બંધાય નહિ. (૩૦)

પુણ્યાચરણ, આનંદ, તપ, વિષયની લોલુપતાથી રહિત થવાપણું બુદ્ધિનું પ્રકાશપણું આસ્તિકતા, યથા લાભથી સંતોષ, ત્યાગ કરવાનો સ્વભાવ, કુટિલતા રહિત; (૩૧) વૈરાગ્ય, આત્માનું અનુભવજન્ય સુખ, અનુચિત કર્મમાં લજ્જા, દ્વંદ્વોમાં સ્થિરતા, તત્વનો વિચાર, અંતઃકરણનું અવધાન, બ્રાહ્યેન્દ્રિયની એકાગ્રતા, વિનય, યથાર્થ ભાષણ, નિયન્તાપણું, અનુભવ જ્ઞાનની સ્મૃતિ, સત્પાત્રે દાન તથા જીવની રક્ષા, દયા, સુજ્ઞ પુરુષ આ બાવીસ ગુણો સત્વગુણના છે એમ જાણે. (૩૨, ૩૩)

વિષયોમાં તીવ્ર આસક્તિરૂપ કામવાસના, અબ્રહ્માત્મક એટલે બ્રહ્મથી જુદો એવો હું દેહરૂપ છું એવો દેહબુદ્ધિરૂપ બ્રહ્મભાવથી વિરુદ્ધ ભેદભાવ, શ્રોતાના હૃદયને ભેદનારું કઠોર ભાષણ, અસંતોષરૂપ તૃષ્ણા અનેક પ્રકારનાં ગુણોથી ઉત્પન્ન થયેલો મદ, વિતંડાવાદરૂપી અતિવાદ, પારકાના ઉત્કર્ષ પ્રત્યે અસહિષ્ણુતા, ધન, ધામ અને કુટુંબના સંબંધથી ઉત્પન્ન થતો ગર્વ, ઈચ્છિત આચરણ વિના રહી ન શકાય તે રૂપ ઈહા, ન્યાયપૂર્વકની પ્રવૃત્તિના સાત્વિક ઉદ્યમથી વિરુદ્ધ દઢાગ્રહ પૂર્વકનો ઉદ્યમ (૩૪)

સ્તુતિમાં પ્રીતિ, સાહસ કર્મમં અભિનિવેશ, અન્યનો ઉપહાસ કરવાનો સ્વભાવ, પોતાનો પ્રભાવ અતિશય પ્રકાશ કરવો, ધનાદની પ્રાપ્તિ માટે દેવતાઓની પ્રાર્થના, વિષયના સેવનમાં અત્યંત આસક્તિ; (૩૫)

આ ઓગણીસ રજોગુણના ગુણો છે એમ સુજ્ઞ પુરુષે જાણવું. વળી અવિવેકરૂપ તમ, અંતઃકરણના વિભ્રમરૂપ મોહ ગ્રામ્ય ભોગોમાં સુખની ઈચ્છારૂપ મહામોહ, નિદ્રામાં અતિશય પ્રીતિ, પ્રતિપક્ષી પ્રત્યે ક્રોધ કરવાનો સ્વભાવ. (૩૬)

મૃત્યુ સુધી પણ અસત્ ક્રિયાનું આચરણ જેને અંધતામિશ્ર કહે છે, આલસ્ય એટલે કર્મનો આરંભ નહીં કરવાનો સ્વભાવ, કામની ઈચ્છામાં પ્રતિરોધ કરનારા પ્રત્યે અસહિષ્ણુતારૂપ ચિત્તનો વિકાર, જેને ક્રોધ કહે છે, લોભ, દાનમાં ઉપેક્ષા, અશાસ્ત્રીય ભાષણ રૂપ અનૃત, જ્યાં ત્યાં કલેશ થાય તેવા કર્મનું આચરણ,

દુઃખ, દૈન્ય, ખેદ, હિંસા અનુદ્યમ, આશા તથા જ્યાં ભય ન હોય ત્યાં ભયની સંભાવના. (૩૭)

યાચ્ના, દંભ, શોક આ પ્રકારનાં એકવીસ કલેશના કારણભૂત તમોગુણના ગુણો છે. તેમ નિપુણ પુરુષ જાણે (૩૮) જ્યારે બુદ્ધિ અને ચક્ષુ વગેરે સર્વજ્ઞાન દ્વારોમાં પ્રકાશમયજ્ઞાન તથા અસંગીપણું ઉત્પન્ન થાય છે, ત્યારે સુજ્ઞ પુરુષ વૃદ્ધિ પામેલા સત્વગુણના તે ગુણો છે એમ જાણે. (૩૯)

લોભ, ચંચળતા (પ્રયોજન વિના પણ પ્રવૃત્તિ) ક્રિયારંભ (ફળ સાધનભૂત ક્રિયાઓનો આરંભ અશમ, (ઈન્દ્રિયોની અનુપરતિ) સ્પૃહા, રજોગુણ વૃદ્ધિ પામવાથી આ ગુણો ઉત્પન્ન થાય છે એમ જાણવું. (૪૦) જ્ઞાનનો અભાવ, મોહાત્મક વિપરીત જ્ઞાન, પ્રમાદ, સ્તબ્ધતા; તમોગુણ વૃદ્ધિ પામે ત્યારે આ ગુણો ઉત્પન્ન થાય છે એમ જાણવું. (૪૧)

સત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજથી લોભ અને તમથી મોહ, અજ્ઞાન અને પ્રમાદ ઉત્પન્ન થાય છે. (૪૨) સત્વ એ ધર્મ વગેરેમાં પ્રીતિ ઉત્પન્ન કરાવે છે. રજ કર્મ તથા રાગ ઉત્પન્ન કરે છે અને તમ પ્રમાદ, અજ્ઞાન તથા મોહ વગેરે ઉત્પન્ન કરે છે એમ જાણવું. (૪૩)

વિપત્તિ આપનારા રજોગુણ તથા તમોગુણનો બુદ્ધિમાન પુરુષો ત્યાગ કરે અને રજોગુણ તથા તમોગુણે રહિત શુદ્ધિ સત્વગુણનો આશ્રય કરે. (૪૪) ધીર પુરુષ ક્રોધનો નાશ ક્ષમાથી કરે, અસંકલ્પથી કામનો નાશ કરે, નિદ્રાનો સત્વગુણના સેવનથી નાશ કરે. (૪૫)

પ્રાણાયામથી શ્વાસની ગતિને જીતે, અપ્રમાદથી ભય જીતે, ધીરજતાથી ઈચ્છા તથા દ્વેશનો નાશ કરે, જ્ઞાનથી કામનો નાશ કરે. (કામને જીતવા માટે સંકલ્પ ન કરવા તથા જ્ઞાન એ બે સાધનો છે.) (૪૬) ધીર પુરુષ સંસૃતિ કરનારા મોહનો અભ્યાસથી નાશ કરે. શ્લેષ્મ, અજીર્ણ, જ્વર, અતિસાર વગેરે રોગોનો નાશ પથ્ય અને જુના અન્નનો અલ્પાહાર કરી નાશ કરે. (૪૭)

તત્વદંષ્ટિથી બુદ્ધિમાન પુરુષ વિષયોને જીતે અને સંતોષથી લોભ જીતે, ધર્મના સદ્‌ગુણોથી અધર્મને જીતે. (૪૮) બુદ્ધિમાન પુરુષ દુઃખના દર્શનથી આશા જીતે, સંગનો ત્યાગ કરવાથી અર્થને જીતે. લોકની અનિત્યતાના વિચારથી સ્નેહ જીતે, આત્માના વિચારથી માન જીતે (૪૯)

કામ, ક્રોધ, લોભ, ભય અને સ્વપ્નને જીતીને તત્ત્વ વિત્‌વાણીમાં નિત્ય નિયમવાળો થઈ નિષ્કામી (કામના શૂન્ય) થઈ ભગવાનનું ભજન કરે. (૫૦) ધ્યાન, અધ્યયન, જ્ઞાન, લજ્જા, સત્ય, ક્ષમા, આર્જવ, ઈન્દ્રિયોનું નિયમન, બાહ્ય તથા આંતર શુદ્ધિ, આ સર્વથી મનુષ્યનું તેજ વૃદ્ધિ પામે છે. પાપો તત્કાળ નાશ પામે છે. તેમજ મનુષ્યના સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે અને વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. (૫૧, ૫૨)

મિતાહારી, જીતેન્દ્રિય, તત્વજ્ઞ બુદ્ધિમાન પુરુષ લોભ, કામ વગેરને જીતીને બ્રહ્મમય સ્થિતિ પામે છે. (૫૩) અસંગિપણું, અમૂઢપણું, કામ, ક્રોધાદિથી રહિતપણું, અદૈન્યભાવથી પૂર્ણકામપણું, નિરહંકારીપણું, નિર્ભયપણું, અનિકેતપણું તથા નિષ્કામપણું (નિષ્કામ ભાવથી) વાણી, શરીર અને મનનો નિયમ, આ પ્રકારનાં અભ્યાસને શાસ્ત્ર નિપુણોએ મોક્ષનો વિશુદ્ધ માર્ગ કહ્યો છે. (૫૪-૫૫)

સો અનર્થોથી પ્રાપ્ય ધન કેવળ દુઃખ આપનારું છે જ. માટે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. તથા જે પોતાને અને કુટુંબને માટે તેની ઇચ્છા કરતો નથી અને તેમાં પણ દુઃખને જ જુએ છે તે મનુષ્ય સંસારના બંધનથી મુક્ત થાય છે. (૫૬)

મહાદુઃખથી પુત્રોનું પોષણ કરી તેને મોટા કરી પોતાની વૃદ્ધાવસ્થામાં તેમને મહાદુઃખ આપનારા જુએ તથા સંબંધિજનોને કેવળ સ્વાર્થીઓ જુએ, આ લોકને કલેશથી વ્યાપ્ત જુએ, તે સંસારના બંધનથી મુક્ત થાય છે. (૫૭) જેનાં ચિત્તમાં સ્ત્રી પુત્રાદિકનો સંકલ્પ નથી, જે મોક્ષમાં હંમેશાં પ્રયત્નશીલ છે તે મુક્ત છે એમ કહ્યું છે. (૫૮)

જે ભૂત પ્રાણીઓનું ચેષ્ટિત સમુત્પતિ તથા ક્ષય તત્વપૂર્વક જાણે છે તેને મુક્ત જ કહ્યાં છે. (૫૯) જે આ લોકને સેંકડો આધિવ્યાધિથી પરિપૂર્ણ અને મૃત્યુના ભયથી વ્યાપ્ત જુએ છે તથા જે સુખદુઃખમાં સ્થિતપ્રજ્ઞ છે તે આ લોકમાં મુક્ત કહેવાય છે. (૬૦) જેને સુખ, દુઃખ, લાભ, ખોટ, જય, પરાજય સમાન છે અને જે ઇચ્છા દ્વેષ વગેરેથી રહિત છે તે સર્વ પ્રકારે મુક્ત જ છે. (૬૧)

જે દેહને વિષ્ટા, મુત્ર, લોહી, પરુ વગેરે મળોથી ભરેલું, કલેશના સ્થાનભૂત જુએ છે તે મુક્ત જ કહેવાય છે. (૬૨) આ લોકમાં જેનું મન નાના પ્રકારનાં રમણીય શબ્દાદિ પંચવિષયોને પામીને ક્ષોભ પામતું નથી તે મુક્ત જ કહેવાય છે. (૬૩) જે ક્યારેય પણ અનેક લોકના વૈભવની પ્રાપ્તિ માટે ક્ષણવારપણ પોતાનાં ઈષ્ટદેવ વિષ્ણુનું વિસ્મરણ કરે નહિ તે મુક્ત કહેવાય છે. (૬૪)

જે તત્વવિત્ શ્રી વાસુદેવની સુંદર મૂર્તિ વિના ક્યારેય પણ પ્રાકૃત સુખમાં આસક્ત થાય નહિ તથા અક્ષરનાં સુખમાં પણ આસક્ત થાય નહિ. તે અતિમુક્ત છે. (૬૫) જે પોતાનાં આત્માને અક્ષરબ્રહ્મની સાથે સંભાવના કરી ભગવાનના ધ્યાનમાં આસક્ત આત્માવાળો થાય તે શ્રેષ્ઠ મુક્ત કહેવાય છે. (૬૬)

હે ભક્તો ! આવી રીતે સમગ્ર જીવોના હિતમાં આસકિતવાળા એકાંતિક, જેનાં દર્શનથી પાપોના સમુદાય નાશ પામે છે, એવા જનો મને અત્યંત પ્રિય છે એટલું જ નહિ પરંતુ મારો આત્મા પણ તેમનાંથી અધિક મને પ્રિય નથી એમ જાણો. (૬૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ગૃહસ્થોના મોક્ષના ઉપાયનું નિરૂપણ નામે ચુંવાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે સર્વેશ્વર ધર્મનંદન શ્રીહરિ પોતાનાં ભક્તોને સુધાની મધુરતાનો પણ તિરસ્કાર કરે તેવું મધુર વચન આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

હે ભક્તો ! હું તમારું કલ્યાણ થાય તેવું વચન કહું છું તમો સર્વે એકાગ્રમનથી તે પ્રીતિપૂર્વક

સાંભળો. (૨) જે મનુષ્યો દુરંત વિષયોમાં આસક્ત છે તે મનુષ્યો કલેશ પામે છે અને જે મનુષ્યો વિષયોમાં આસક્ત નથી થતા તેવા નિપુણ જનો નિશ્ચય શ્રેષ્ઠ ગતિ પામે છે. (**मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत्त्यजेः** એમ અષ્ટાવક્ર ઋષિએ કહેલું છે.) (૩)

આ લોક આધિ વ્યાધિથી યુક્ત છે તથા જન્મ, મૃત્યુ અને જરાને આપનારો છે. તેવું જોઈને બુદ્ધિમાન તે વિષયોનો ત્યાગ કરીને મોક્ષને માટે યત્ન કરે. (૪) જે જ્ઞાનવાન છે તે વાણી, મન અને દેહથી પવિત્ર રહે અહંકારનો ત્યાગ કરે અને હંમેશાં જે પ્રશાંત હોય તે સુખ પામે છે. (૫) જે મનુષ્યે જે શુભ કર્મ કર્યું છે અથવા અશુભ કર્મ કર્યું છે તે મનુષ્ય તેનું ફળ પામે છે. માટે દેહ ઈન્દ્રિયોથી પુણ્ય કર્મો સદા કરવા (''**नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति**'' એમ ગીતામાં કહ્યું છે.) (૬)

અહિંસા, સત્યવચન, બ્રહ્મચર્ય તથા આર્જવ, અપ્રમાદ તથા ક્ષાંતિ એ ગુણો જેમાં છે તે સુખ પામે છે. (૭) એ સર્વોત્તમ ધર્મને સર્વદા ધારણ કરે તે બુદ્ધિમાન પુરુષ તો ક્યારેય પાપ તથા અનર્થોથી લેપાયમાન થતો નથી. (૮) જે કોઈના અનિષ્ટનું ચિંતન ન કરે તથા જેમ રંક રાજ્યાદિકને ન ઈચ્છે તેમ પોતાને જે યોગ્ય ન હોય તેની ક્યારેય ઈચ્છા ન કરે તથા આપત્તિના વિનાશને જાણે તે શાંતિ પામે છે. (૯)

વિચક્ષણ પુરુષ નષ્ટ થયેલા સ્ત્રીપુત્રાદિનું ચિંતન ન કરે અને હંમેસાં મોક્ષના ઉપાયોમાં પોતાનું મન રાખે. (૧૦) શાંતિ ઈચ્છતા પુરુષે સામાનું વચન યથાર્થ સાંભળીને તથા અન્યની ક્રિયા પ્રત્યક્ષ જોઈને પોતાની સાત્વિક બુદ્ધિથી તેનો નિશ્ચય કરીને, પછી અપવાદ રહિત, હિંસારહિત, ક્રૂરતારહિત, પથ્ય, પ્રિય અને સત્ય વચન બોલવું. (૧૧-૧૨)

ઐહિક તથા પારલૌકિક વિવિધ પ્રકારનોં અર્થ વાણી પ્રયુક્ત છે માટે બુદ્ધિમાને હમેશાં સત્ય વાણી જ બોલવી. (૧૩)

રજોગુણથી યુક્ત બાહ્ય તથા આભ્યંતર ઈન્દ્રિયોથી વ્યાવહારિક કાર્યોમાં જોડાવાય છે. તમોગુણથી વ્યાપ્ત ઈન્દ્રિયોથી ક્રૂર કાર્યોમાં જોડાવાય છે. તે બંને પ્રકારનાં કાર્યથી આલોકમાં તથા પરલોકમાં મનુષ્યો દુઃખ પામે છે. (૧૪) માટે બુદ્ધિમાન પુરુષે રજ તથા તમ એ બે ગુણો નરકની પ્રાપ્તિ કરાવનારા છે તેવું જાણીને તે બંનેનો ત્યાગ કરી સુખી થવું. (૧૫)

સર્વ પરિગ્રહોથી રહિત, સાંસારિક લોક ભોગની ઈચ્છાથી રહિત તથા સંશય રહિત, સર્વદા કૃચ્છ્રાદિ વ્રતોથી તપશ્ચર્યા કરનાર, મિતાહારી, યોગાભ્યાસમાં પ્રીતિવાળો, એકાંત સ્થિતિવાળો, જીતેન્દ્રિય, (૧૬) જ્ઞાનાભ્યાસમાં પ્રીતિવાળો, તેથી જ જ્ઞાનથી બળી ગયાં છે સમગ્ર દુઃખો જેનાં એવી ધીરજવાળો, ચિત્તવૃત્તિના નિરોધથી ઉત્તમ ગતિ પામે છે. (૧૭)

ધૈર્યવાન, આત્મવિત્, મુનિ, સદા રુડીબુદ્ધિવાળો, પોતાની બુદ્ધિથી મન વશ કરે અને વશ કરેલા મનથી વિષયોનો ત્યાગ કરે. (૧૮) જીતેન્દ્રિય, શાંત, જ્ઞાન વિજ્ઞાનશાળી અને મન વશ કરનાર મુનિ અત્યંત સુખી થાય છે. (૧૯) ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ રહિત, હંમેશાં ભગવાનનું ધ્યાન કરનારો

અને લોભ કામાદિથી રહિત મુનિ બ્રહ્મભાવના માટે યોગ્ય થાય છે. (૨૦)

સર્વદા ઉપશમ અવસ્થાવાળો નિસ્પૃહી, નિષ્પરિગ્રહી, ત્યાગ કરી છે કામસુખની અપેક્ષા જેણે એવો મુનિ બુદ્ધિમાન કહેવાય છે (૨૧) જેટલામાં દેહનો નિર્વાહ થાય તેટલા ઈન્દ્રિયોના અર્થોનું આચરણ કરનારો આત્મવિત્ અને તેથી જ જેનું અંતઃકરણ પોતાને વશ છે એવો અનાસક્ત મુનિ સદા સુખ પામે છે. (૨૨)

સર્વના સંગનો પરિત્યાગ કરનાર, નિયમમાં છે અંતઃકરણ જેનું એવો મુનિ અત્યંત શાંતિ પામે છે. (૨૩) સુખદુઃખરૂપી દ્વંદ્વથી વ્યાપ્ત છતાંપણ આ લોકમાં અચ્યુત છે પ્રિય જેને એવો અને જ્ઞાનવિજ્ઞાનથી સંતૃપ્ત થયેલો યોગી ક્યારેય શોક કરતો નથી. (૨૪)

એકલો આંધળો માર્ગમાં ચાલતો જેમ અત્યંત દુઃખ પામે છે તેવી રીતે જ્ઞાનરહિત મનુષ્ય સદા દુઃખ પામે છે માટે હંમેશાં જ્ઞાન સંપાદન કરવું (૨૫) જ્ઞાન સમાન સુખ નથી, વિદ્યા સમાન આંખો નથી, વૈરાગ્ય સમાન ભાગ્ય નથી અને મન સમાન શત્રુ નથી. (૨૬)

લોભ, કામ, રસ, ક્રોધ, સ્નેહ, માન આદિનો મોક્ષને ઇચ્છનાર પુરુષે નિગ્રહ કરવો કારણ લોભાદિ દુર્ગુણો તેનો નાશ કરવામાં સદા તત્પર રહે છે. (૨૭)

હંમેશાં ક્રોધથી તપનું રક્ષણ કરવું અર્થાત્ ક્રોધ કરવો નહિ (''क्रोधितस्य वृथा भवेत्'' એવી સ્મૃતિ છે.) પ્રમાદથી આત્માનું રક્ષણ કરવું (''प्रमादो वै मृत्युः'' એમ સનત્સુજાત મુનિએ કહ્યું છે) મત્સરથી સંપત્તિઓનું રક્ષણ કરવું (''श्रियो मत्सरिणो हता'' એમ પદ્મપુરાણમાં કહ્યું છે) વિદ્યાનું માન તથા અપમાનથી રક્ષણ કરવું. (''विनयवतो विद्यायाः सफलत्वोक्तेः'') (૨૮)

ક્રૂરતા રહિત રહેવું એ શ્રેષ્ઠ ધર્મ છે. તિતિક્ષા પરમ મંગલ છે. પોતાનાં આત્મા તથા પરમાત્મા સંબંધિ બોધ એ સર્વોત્તમ જ્ઞાન છે. અહિંસા સર્વોત્તમ સુખ છે. (૨૯) આ લોકમાં જ્ઞાન રહિત જનો અપ્રિયના યોગથી અને પ્રિયના વિયોગથી વારંવાર કલેશ પામે છે. (૩૦)

બુદ્ધિમાન મનુષ્ય ધનનો નાશ થાય ત્યારે આત્મામાં તેના ગુણોનું ધ્યાન ન કરે.ધનના આઠ ગુણોનું આદરપૂર્વક ચિંતવન કરવાથી તેમાં સ્નેહના બંધનથી તે યથાર્થ દુઃખી થાય છે. (૩૧) વિચક્ષણ પુરુષ જ્યાં રાગ થાય ત્યાં દોષ જુએ અને સ્નેહના સ્થાનરૂપ પદાર્થને અનિષ્ટ સમાન જુએ તો તેનો રાગ તત્કાળ નાશ પામે. (૩૨)

જે મનુષ્ય મૃત્યુ પામેલાઓનો, નષ્ટ થયેલા ધનનો, આગળ કરેલા સ્વાદુ ભોજનોનો તથા નષ્ટ પામેલા અન્નાદિનો શોક કરે છે બુદ્ધિરહિત તે મનુષ્ય વારંવાર તે દુઃખથી દુઃખ પામે છે. (૩૩) પ્રાપ્ત થયેલા દુઃખનું ધ્યાન ન કરવું તે દુઃખનું ઔષધ છે. તે દુઃખનું ચિંતવન કરવાથી તે નાશ પામતું નથી પરંતુ વિશેષ વૃદ્ધિ જ પામે છે. (૩૪)

મનુષ્ય મનના કલેશને આત્મા અનાત્માના વિવેકવાળી બુદ્ધિથી હણે તથા દેહસંબંધિ રોગને સૂંઠ,

મરી વગેરે કષ્ટૌષધથી હણે. મનુષ્ય જ્ઞાનના સામાર્થ્ય પામીને કદાપિ દુઃખ પામતો નથી. (૩૫) યૌવન તથા રૂપનો વિક્રય કરી મહા કલેશથી સંપાદ કરેલું ધન, સ્ત્રી-પુત્રાદિની સાથે વાસ, આરોગ્ય, આ છ વસ્તુઓ અનિત્ય છે માટે પંડિતો તે યૌવનાદિ છ ન જ ઇચ્છે. (૩૬)

આ લોકમાં મનુષ્યોને જીવનમાં સુખ કરતાં દુઃખ ઘણું હોય છે છતાં પણ મોહથી મનુષ્ય ઈન્દ્રિયોના અર્થરૂપ વિષયોમાં આસક્ત થાય છે અને તેથી તેને મૃત્યુ પ્રિય થતું નથી. (૩૭) જે પુરુષ બુદ્ધિમાન હોય છે તે નાશવંત સુખદુઃખનો પરિત્યાગ કરે છે, શોક નથી કરતો અને સર્વોત્તમ બ્રહ્મસુખ પામે છે. (૩૮)

આ લોકમાં મનુષ્યોને ધનસંચયમાં ક્યારેય પણ તૃપ્તિ થતી નથી માટે ડાહ્યા પુરુષો સંતોષ જ એક મુખ્ય ધન છે એમ જુવે છે. (૩૯)

કામથી તૃપ્તિ નહિ પામેલા અને કામની પાછળ પડનારા મનુષ્યને સિંહ જેમ પશુનો શિકાર કરીને તેને ગળી જાય છે તેમ, મૃત્યુ ગળી જાય છે. (૪૦) માટે કામની આસક્તિનો ત્યાગ કરીને દ્રવ્ય, પુત્ર, સ્ત્રી વગેરેના ચિંતનનો ત્યાગ કરી, જે તત્કાળ મોક્ષસિદ્ધ કરે છે તે પંડિત છે એમ જનોએ જાણવું. (૪૧)

જે જન આત્મામાં પ્રીતિ રાખનાર, ધીર, અપેક્ષાએ રહિત, અપરિગ્રહી, હંમેશાં કામ ક્રોધાદિ રહિત છે તે મનુષ્ય શાંતિ પામે છે (૪૨) માટે સત્સંગ કરનારા મનુષ્યોમાં જ ઉપર કહ્યા તે ગુણો ઉદય થાય છે. માટે હે ભક્તો ! પોતાનાં હિતમાં આસક્ત મારા આશ્રિત તમોએ સત્સંગ કરીને ધર્મના સર્ગથી ઉત્પન્ન થયેલા, સંસારમાંથી નિવૃત્તિ પમાડનારા, સુખ આપનારા જ્ઞાન, વૈરાગ્યાદિ મુખ્ય ગુણો જ હંમેશાં શીખવા. (ગ્રહણ કરવા.) (૪૩)

હે ભક્તો ! અધર્મ સર્ગથી ઉત્પન્ન થયેલા લોભ કામાદિ દોષો નરક આપનારા છે. માટે મારો અનુગ્રહ ઈચ્છતા મારા આશ્રિતોએ કામાદિ દોષોનો વિવિધ ઉપાયોથી નિશ્ચય જ ત્યાગ કરવો. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ત્યાગી, ગૃહીના મોક્ષના ઉપાયનું નિરૂપણ નામે પીસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ભક્તની રક્ષા પરાયણ ધર્મના પુત્ર શ્રીહરિ પોતાનાં ભક્તોને આનંદ આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

હે ભક્તો ! તમારું કલ્યાણ થાય તેવી વાર્તા હું કહું છું તે હિતકારી વાર્તા તમો સર્વે એકાગ્ર મનથી સાંભળો. (૨) હે ભક્તો ! પ્રાજ્ઞજનો વર્ણાશ્રમોચિત ધર્મનું પાલન સુખ માટે કરે છે. પરંતુ તે વર્ણાશ્રમાદિ ધર્મોનું સેવન કરનારા જનોને તે વર્ણાશ્રમના ધર્મો, શુભ ગુણો વિના સિદ્ધ થતા નથી જ. (૩) વાણી, દેહ અને મનની શુદ્ધિ, ધૃતિ, સત્ય, ક્ષમા, સ્મૃતિ સમગ્ર ધર્મોમાં આ ગુણોનું સંસેવન કરવાનું

ધર્મને જાણનારાઓ કહે છે. (૪) હે ભક્તો ! ધર્મને જાણનારા, વેદ વેદાંગમાં પારંગત, સર્વ ધર્મોમાં સર્વ સદ્‌ગુણો પ્રાપ્ત કરાવનાર મુખ્ય બ્રહ્મચર્ય વ્રતનો ઉપદેશ કરે છે. ત્યાગીઓને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ અને ગૃહસ્થોને પરસ્ત્રી સંગનો ત્યાગ કરવાનો જ છે. (૫)

વૃક્ષોમાં જેમ કલ્પદ્રુમ તથા આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની આ ચાર પ્રકારનાં ભક્તોમાં, જેમ જ્ઞાનવાન શ્રેષ્ઠ છે તેમ સમગ્ર ધર્મોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ ધર્મ છે. (૬) જેમ મોટો વૃક્ષ હોય પણ તેના મૂળનું છેદન થવાથી તે નાશ પામે છે, તેવી રીતે આ બ્રહ્મચર્ય વર્ત નાશ પામે તો સર્વ ધર્મ નાશ પામે છે. (૭) જેમ સુધાનું ભોજન કરનારા દેવતાઓનું કાર્ય ત્રિવિક્રમ વિના સિદ્ધ થતું નથી તેમ, યજ્ઞ તપોમુખ્ય સમગ્ર કર્મ, બ્રહ્મચર્ય વિના સિદ્ધ થતું. (૮)

જેમ વાયુથી ચારેય તરફ અગ્નિ તત્કાળ વૃદ્ધિ પામે છે તેમ અતિસુખ આપનારો ધર્મ, બ્રહ્મચર્યથી વૃદ્ધિ પામે છે. (૯) બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારાઓની સુજ્ઞ પુરુષો પ્રશંસા કરે છે. મહર્ષિઓ, ઈન્દ્રાદિ દેવેન્દ્રો તથા અન્ય મહાત્માઓ પણ તેમની પ્રશંસા કરે છે. (૧૦)

જે મનુષ્યો બ્રહ્મચર્ય પાળે છે તે જેમ શરદઋતુમાં તારાનો સમુદાય શોભે તેમ આ લોકમાં શોભે છે. (૧૧) બ્રહ્મચર્ય વિના મનુષ્ય, નાના પ્રકારનાં દેદીપ્યમાન ભૂષણો, અલંકારો સહિત જેમ મડદા શોભતાં નથી તેમ, આ લોકમાં શોભતાં નથી. (૧૨)

માટે બુદ્ધિ, તપ, તેજ, યશ, શાંતિ વગેરેને વૃદ્ધિ પમાડનારું, પાપને હરનારું બ્રહ્મચર્યવ્રત આત્યંતિક હિત ઈચ્છતા મારા ભક્તોએ હંમેશાં પાળવું. (૧૩) જે જનો સમગ્ર શુભ સંપાદક બ્રહ્મચર્યવ્રત અતિદઢ રીતે પાળે છે, શુદ્ધ ચિત્તવાળા બ્રહ્મચર્યનું પાલન કરનારા તે જનો વિષે મને અત્યંત પ્રીતિ થાય છે. (૧૪) બ્રહ્મચર્યવ્રતવાળા, રુડી બુદ્ધિવાળા મારા ભક્તોનો પ્રસંગ મને રુચે છે તથા બ્રહ્મચર્ય વ્રતવાળાએ કરેલી સેવા મને રુચે છે. (૧૫) હે ભક્તો ! બ્રહ્મચર્યવ્રતવાળાને આ લોકમાં તથા પરલોકમાં પોતાને ઈચ્છિત મારો સંબંધ નિરંતર નિશ્ચય થશે એ પ્રમાણે તમો યથાર્થ જાણો. (૧૬)

મુકુંદાનંદ બ્રહ્મચારી સ્ત્રી સંકલ્પથી રહિત થઈને નૈષ્ઠિક (દેહના અંત સમય સુધી) બ્રહ્મચર્ય અતિદઢ પાળે છે. (૧૭) માટે મને એમની કરેલી સેવા હંમેશાં અતિશય રુચે છે. તેવા બ્રહ્મચર્યવાળા રત્નજીત તથા મયારામ ભટ્ટ આદિ પાર્ષદોએ કરેલી સેવા પણ મને અત્યંત ગમે છે. (૧૮)

સર્વ પ્રકારે મને પ્રિય બ્રહ્મચર્ય વ્રતનું મારા જન્મથી આરંભીને મેં આ પૃથ્વી ઉપર સ્થાપન કર્યું છે તથા તેની પુષ્ટિ કરી છે. (૧૯) માટે હંમેશાં મારો યોગ તથા મારે વિષે અત્યંત પ્રેમ ઈચ્છનારા મારા આશ્રિત તમોએ બ્રહ્મચર્યવ્રતનું દઢતર પાલન કરવું. (૨૦)

ધર્મનંદન શ્રીહરિનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા સભામાં બેઠેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ હરિભક્તો પ્રભુ શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૧) હે હરે ! સર્વદા યથાયોગ્ય બ્રહ્મચર્ય આપની પ્રીતિ માટે દેહપર્યન્ત અમો પાળીશું. (૨૨)

બ્રહ્મચર્યવ્રત પ્રિય શ્રીહરિએ તે ભક્તજનોનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થઈ ત્યાગી તથા ગૃહસ્થ ભક્તોના હૃદયમાં પોતાનાં બંને ચરણકમળો હર્ષથી આપ્યાં. (૨૩) હે રાજર્ષે ! ભગવાન છે પ્રિય જેમને એવા કૃપાનંદ મહામુનિ પોતાનાં ઈષ્ટ પુરુષોત્તમ શ્રીહરિને પ્રશ્ન પૂછવા ઈચ્છા કરતા હતા (૨૪) હંમેશાં શ્રીહરિનાં ધ્યાનમાં આસક્ત, જીતેન્દ્રિય, ધૈર્ય તથા ગાંભીર્યના સ્થાનભૂત, દેશકાળને જાણનારાઓમાં શ્રેષ્ઠ; (૨૫) ત્યાગીના યોગ્યધર્મમાં દઢતર નિષ્ઠાને પામેલા, દયાનિધિ નિદ્રા જેમણે જીતી છે એવા, જીતાહારી, કોમળ સ્વભાવવાળા વશીભૂત છે મન જેમને એવા; (૨૬) શાસ્ત્રીય જ્ઞાન તથા અનુભવાત્મક વિજ્ઞાનથી યુક્ત, તીવ્ર વૈરાગ્યથી શોભતા, બીજાને બોધ આપવામાં અતિનિપુણ, આત્મનિષ્ઠ, સ્થિર આસનવાળા; (૨૭) લોભ કામ, રસ, સ્નેહ, ક્રોધ, માન વગેરેથી રહિત, અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રીતિવાળા તથા સર્વે સાધુ ગુણોના સ્થાનભૂત; (૨૮) જેમને કોઈ દિવસ સ્વપ્નમાં પણ સ્ત્રીનો સંકલ્પ થયો નથી અને ક્યારેક સ્ત્રી સંકલ્પ થાય ત્યારે જેમને મૃત્યુ સમાન દુઃખ થાય છે. (૨૯)

એવા ગુણોથી અતિશ્રેષ્ઠ, સર્વ જીવોના હિતમાં તત્પર, બ્રહ્મચર્યનું માહાત્મ્ય જાણનારા ભગવાનના એકાંતિક ભક્તોમાં મુખ્ય; (૩૦) એવા કૃપાનંદ મુનિ છે તો પણ સમગ્ર ભક્તોના સર્વ પ્રકારે ઉપકાર માટે ભક્તોની પીડાનો નાશ કરનાર પોતાનાં ઈષ્ટ શ્રીહરિને આ પ્રમાણે પૂછતા હતા. (૩૧)

હે દયાનિધે ! હે હરે ! આપને પ્રિય બ્રહ્મચર્યવ્રતનું માહાત્મ્ય આપની પાસેથી સાંભળવા માટે હું ઈચ્છું છું. હે પ્રભો ! આપ સર્વજ્ઞ છો. (૩૨) હે પ્રભો ! આપના ભક્તોના બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવામાં આપ સમર્થ છો. (સર્વજ્ઞ છો તેથી) સર્વ ભક્તોની ઈચ્છાથી બ્રહ્મચર્યવ્રતનું માહાત્મ્ય મને તત્વપૂર્વક આપ કૃપા કરીને કહો. (૩૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નરેન્દ્ર ! પરમાત્માને પ્રિય, સત્પુરુષોમાં શ્રેષ્ઠ, કૃપાનંદ મુનિએ આ પ્રમાણે પૂછ્યું એટલે સમગ્ર અવતારોના કારણભૂત બ્રહ્મચર્ય વ્રતમાં પ્રીતિવાળા, મંદહાસ્યથી શોભાયમાન વદનકમળ જેમનું છે એવા ધર્મના પુત્ર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈને કૃપાનંદ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં બ્રહ્મચર્ય પ્રશંસા નિરૂપણ નામે છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મહામુને ! તમો તો બ્રહ્મચર્યવ્રતનું માહાત્મ્ય જાણો છો. તો પણ હે સત્તમ ! બીજાના ઉપકાર માટે મને પૂછો છો. (૧) માટે બ્રહ્મચર્યવ્રતમાં નિષ્ઠાવાળા બુદ્ધિશાળી તમોને હું બ્રહ્મચર્યનું પવિત્ર માહાત્મ્ય કહું છં. (૨)

જે બ્રહ્મચર્યનું માહાત્મ્ય છાંદોગ્યાદિ ઉપનિષદો, પુરાણો તથા શાસ્ત્રોમાં સર્વ પ્રકારે જેમ છે તેમ કહ્યું છે. (૩) તે રીતે જ સાધુઓમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળા તમોને હું બ્રહ્મચર્યનું માહાત્મ્ય કહું છું. તમો સ્વસ્થ મનથી તે સાંભળો. (૪)

શાસ્ત્ર તથા આચાર્યના ઉપદેશથી સર્વોત્તમ બ્રહ્મચર્યવ્રતનું જે આચરણ કરે છે તે પોતાને ઈષ્ટ શ્રેષ્ઠ ગતિનેજ પામે છે. (૫) સ્ત્રીઓ તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થયેલી તૃષ્ણાથી વ્યાકુળ આત્માવાળા બ્રહ્મ વિદોપણ ઉત્તમ ગતિ પામતા નથી. (કારણ કે લીલાછમ વૃક્ષની બખોલમાં મૂકેલો અગ્નિ જેમ વૃક્ષને સૂકવી નાંખે છે એ ન્યાયે સ્ત્રી સંકલ્પથી વ્યાકુળ થયેલા ઈન્દ્ર, ચંદ્ર, શિવ, બૃહસ્પતિ વગેરે બ્રહ્મવિદો પણ અયુક્ત કર્મથી ઉત્તમ ગતિ પામી શક્યા નહિ, તેથી તે ઉત્તમ ગતિ પામવા માટે પ્રાયશ્ચિત્તનું વિધાન શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણોમાં કહ્યું છે. (તે ઉદ્ધવ સિદ્ધાંત થકી જાણવું.) (૬)

માટે બ્રહ્મવેત્તાઓએ પણ જ્ઞાનને વૃદ્ધિ કરનારું સર્વોત્તમ બ્રહ્મચર્યવ્રતનું પ્રીતિપૂર્વક નિત્ય અનુષ્ઠાન કરવું. (૭) હે મુને ! નાના પ્રકારનાં યજ્ઞોનું વિવિધ પ્રકારનું ફળ બુદ્ધિમાન પુરુષો બ્રહ્મચર્યથી પામે છે. માટે બ્રહ્મચર્ય યજ્ઞ છે એમ શ્રુતિ કહે છે. યજ્ઞનું આચરણ કરતો પુરુષ બ્રહ્મચર્યનું પાલન કરીને જ્યારે યજ્ઞનું આચરણ કરે છે ત્યારે તે આચરણ કરેલા યજ્ઞનું ફળ તે પામે છે. (૮)

આત્મા પરમાત્માના સ્વરૂપને જાણવા માટે ઈચ્છતા રુડી બુદ્ધિવાળા યોગીને આત્મા પરમાત્માના દર્શન સ્વરૂપ બ્રહ્મલોકની પ્રાપ્તિ બ્રહ્મચર્યથી થાય છે. (૯) તેથી બ્રહ્મચર્ય રહિત લોકોએ પ્રકાશમાન બ્રહ્મલોકને દુષ્પ્રાપ્ય કહ્યું છે. વેદશાસ્ત્ર નિપુણોએ તે બ્રહ્મલોકની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યવ્રતની આરાધના કરવાની કહી છે. (૧૦) હે મુને ! બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી, યજ્ઞ કરીને મનુષ્ય સર્વોત્તમ બ્રહ્મને પામે છે માટે બ્રહ્મચર્ય જ પરબ્રહ્મની પ્રાપ્તિ માટેનું સાધન કહ્યું છે. (૧૧) સત્ શબ્દ વાક્ય આત્માનું બ્રહ્મચર્ય રક્ષણ કરે છે માટે બ્રહ્મચર્ય સત્રાયણ પણ કહેવાય છે. (૧૨) હે સન્મતે ! બુદ્ધિશાળી પુરુષ સર્વોત્તમ સાધનરૂપ બ્રહ્મચર્યથી જ નિશ્ચળ આત્મમનન કરે છે. (૧૩) હે મુનિવર્ય ! અહીં પ્રાજ્ઞો જેને મૌન કહે છે તે વ્રત પણ બ્રહ્મચર્ય વ્રત જ કહ્યું છે. (૧૪) બ્રહ્મચર્ય વ્રતધારી મનુષ્યનો આત્મા ક્યારેય નાશ નથી પામતો તેથી વેદ, પુરાણ, ઈતિહાસ શાસ્ત્રજ્ઞોએ બ્રહ્મચર્યવ્રત ધારીને અનશનમ્ (**अनाशकम् इत्यर्थः अनशनमेव अनाशकम्**); (૧૫) બુદ્ધિમાનોએ જેની હંમેશ સ્તુતિ કરી છે તે આત્મજ્ઞાનાદિના સાધન સ્વરૂપ બ્રહ્મચર્યવ્રતનું બ્રહ્મવિત્તો હંમેશાં યત્નથી રક્ષણ કરે. (૧૬) બ્રહ્મચર્ય યથાર્થ રીતે હંમેશાં દૃઢ પાલન કરનારા પુરુષોની સર્વ લોકોમાં પ્રતિરોધ વિના યથેચ્છિત ગતિ નિશ્ચય થાય છે. (૧૭)

બ્રહ્મચર્ય રહિત સ્ત્રી સંકલ્પથી વ્યાકુળ અંતઃકરણવાળા જનોની સર્વ લોકમાં ઈચ્છિત ગતિ થતી નથી. (૧૮) એ બ્રહ્મચર્યથી બ્રહ્મવિદો દુર્લભ બ્રહ્મને પામે છે. માટે શાસ્ત્ર જાણનારા એ વ્રતને બ્રહ્મચર્ય કહે છે. (**ब्रह्मतत्वं चर्यते अनेनेति ब्रह्मचर्यं**) (૧૯) બ્રહ્મચર્યથી મનુષ્ય નિશ્ચય કવિત્વ શક્તિ પામે છે તથા નાના પ્રકારની વિદ્યાઓ પણ બ્રહ્મચર્યથી પામે છે. (૨૦)

હે મહામુને ! મુક્તિના કારણભૂત વિવિધ પ્રકારની જે બ્રહ્મવિદ્યાઓ છે તે પણ મનુષ્યો બ્રહ્મચર્યથી

જ પામે છે. (૨૧) સર્વ ધર્મમાં શ્રેષ્ઠ તે બ્રહ્મચર્ય બ્રહ્મસ્વરૂપ કહેલું છે. સર્વોત્તમ ઈષ્ટ ગતિને મનુષ્ય બ્રહ્મચર્યથી જ પામે છે. (૨૨) ધૈર્ય, સ્થૈર્ય, શૌચ, તેજ, તપ, શુભ, બુદ્ધિ, કીર્તિ, ઐશ્વર્ય એ સર્વે બ્રહ્મચર્યમાં પ્રતિષ્ઠિત છે. (''**ब्रह्मचर्ये स्थितं धैर्यं ब्रह्मचर्ये स्थितं तपः**'') ઈત્યાદિ વાયુપુરાણમાં કહેલું છે.) (૨૩) હે મુને ! પંડિત વિપ્રનું વિપ્રપણું બ્રહ્મચર્ય વિના કહેવાય નહિ, સુજ્ઞ પુરુષો આ પ્રમાણે કહે છે. (૨૪)

હે મુનીન્દ્ર ! મનુષ્ય બ્રહ્મચર્યથી આયુષ્ય પામે છે તથા લક્ષ્મી બળ, પૌરુષેય, વિષ્ણુની પ્રસન્નતા વગેરે બ્રહ્મચર્યથી પામે છે. (૨૫) આ લોકમાં પવિત્ર સાધનોમાં શ્રેષ્ઠ મહાવ્રત બ્રહ્મચર્ય તેને જે પાળે છે તે સર્વ ઠેકાણે પ્રતિષ્ઠા પામે છે. (૨૬)

બ્રહ્મચર્યથી મહર્ષિઓ બ્રહ્મલોકને પામ્યા છે. દેવતાઓ અમર પદવી બ્રહ્મચર્યથી જ પામ્યા છે. (૨૭) હે સન્મતે ! આ બ્રહ્મચર્યવ્રતના પાલનથી અપ્સરાઓ તથા ગંધર્વોને રૂપ પ્રાપ્ત થયાં છે. સૂર્ય બ્રહ્મચર્યથી લોકને પ્રકાશ કરે છે. (૨૮)

આ બ્રહ્મચર્યવ્રત નાના પ્રકારની સિદ્ધિ આપનારું છે. આ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારા સર્વોત્તમો કહે છે. (૨૯) બ્રહ્મ જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા આત્મજ્ઞ બ્રાહ્મણના બ્રહ્મચર્યની બ્રહ્મા પણ પોતાનાં લોકમાં પ્રશંસા કરે છે. (૩૦)

વાયુનો આહાર કરનારા તથા જળનો આહાર કરનારા કંદમૂળ, ફળને ખાનારા, પંચાગ્નિ તાપનારા, ઠંડી તથા વૃષ્ટિના જળનું સેવન કરનારા હે મુને ! નાડીઓથી વ્યાપ્ત છે શરીર જેમનું એવા ઘણાં તીવ્ર તપમાં પ્રીતિવાળા બ્રહ્મચર્યથી જ પોતાની ઈષ્ટ પરમગતિ પામે છે. (૩૧-૩૨)

કામાતુર મન બ્રહ્મચર્યથી શાંતિ પામે છે. બ્રહ્મચર્યમાં ધર્મ રહેલો છે. દમ અને શમ બ્રહ્મચર્યમાં જ રહેલા છે. (૩૩) જે બ્રાહ્મણો શુભ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે તે નિશ્ચય સ્વર્ગલોકમાં ગતિ કરે છે એમ વિદ્વાનો કહે છે. (૩૪)

અષ્ટાંગયોગ બ્રહ્મચર્યવ્રત વિના સિદ્ધ થતો નથી. યોગ વિના શ્રીહરિમાં દૃઢ પ્રીતિ સિદ્ધ થતી નથી. પ્રીતિ વિના મુક્તિની પણ સિદ્ધિ થતી નથી. (૩૫) આ લોકમાં કીર્તિના મૂળભૂત તપની સિદ્ધિ પણ બ્રહ્મચર્યથી જ થાય છે માટે હિતૈષિએ સર્વોત્તમ બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરવું. (૩૬)

આ લોકમાં જે મનુષ્યો સ્ત્રીઓ તથા સ્ત્રીલંપટોના સંગનો દૂરથી જ ત્યાગ કરીને પાપને નાશ કરનારું પરમ બ્રહ્મચર્યનું આચરણ કરે છે. (૩૭) તેમની ધર્મનિષ્ઠ જનો, વિદ્વાનો તથા મહર્ષિઓ નરનારાયણ વગેરે સમગ્ર દેવેન્દ્રો પ્રશંસા કરે છે. (૩૮) જે જનો ઈંદ્રિયોના સમૂહને નિયમમાં કરીને પરમ બ્રહ્મચર્યવર્તનું નિરંતર પાલન કરે છે તેમનું સર્વોત્તમ તપ બ્રહ્મચર્ય જ છે (એ જ પરમ તપ છે) (૩૯) શરદઋતુના સંબંધથી જળ જેમ નિર્મળ થાય છે. વહ્નિના યોગથી જેમ સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જે બ્રહ્મચર્ય વ્રતનો આશ્રય કરે છે તેનું ચિત્ત નિર્મળ થાય છે. (૪૦) મહાપ્રાજ્ઞોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સંસિદ્ધિમાં સર્વ પ્રકારે બ્રહ્મચર્યવ્રતને જ કારણભૂત માન્યું છે. (૪૧)

જેમ મંગળ કાર્યોમાં, સમગ્ર દેવતાઓમાં અગ્રપણે પૂજ્ય ગણેશજીને વિદ્વાનોએ માનેલા છે. (૪૨) તેવી રીતે વેદવેદાંગના પારંગતોએ વેદ અને શાસ્ત્રોમાં કહેલાં સર્વે પુણ્ય કર્મથકી બ્રહ્મચર્યવ્રતને જ મુખ્ય માન્યું છે. (૪૩) વેદશાસ્ત્રમાં કહેલા ધર્મો તથા સમગ્ર સાધનોમાં પણ પૃથ્વી આદિ ભૂત ચતુષ્ટયથી ઉત્પન્ન થયેલી અનેક વસ્તુઓમાં આકાશ જેમ છે તેમ પવિત્ર બ્રહ્મચર્ય રહેલું છે. (૪૪)

વિવિધ પ્રકારનાં તીર્થનું ફળ, અનેક પ્રકારનું જ્ઞાન, ધ્યાન, શમ, દમ, તુષ્ટિ, ત્યાગ વગેરે બ્રહ્મચર્યવ્રતથી સિદ્ધ થાય છે (૪૫) વિપ્રોના બાર ગુણો બ્રહ્મચર્યવ્રત વિના નિરંતર નિષ્ફળ થાય છે. (''धर्मश्च सत्यं च दमस्तपश्च ह्यमात्सर्यं ह्रीस्तितक्षाऽनसूया । यज्ञश्च दानं च धृतिः श्रुतं च महाव्रता द्वादश ब्राह्मणस्य'' इति) આ પ્રમાણે તે નિર્દોષ બ્રહ્મચર્યવ્રતને જાણવું. (૪૬)

દેવોને પણ દુષ્કર એવા પુણ્યસ્વરૂપ બ્રહ્મચર્યવ્રતનું જે મનુષ્યો પાલન કરે છે તે દેવેન્દ્રોને પણ વંદનીય છે. (૪૭) જેમ સૂર્ય વિના અંધારું સર્વ પ્રકારે નાશ પામતું નથી, તેવી રીતે બ્રહ્મચર્યવ્રત વિના અધર્મ નાશ પામતો નથી. (૪૮)

બ્રહ્મચર્ય સર્વે સાધુઓ તથા ભક્તજનોને અત્યંત શોભા પમાડે છે માટે બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ ભૂષણ છે. (૪૯) દેવોને દુર્જય કામ પણ જેમ મહાસર્પ ગરુડથી તત્કાળ દૂર નાસી જાય છે, તેમ બ્રહ્મચર્યથી નાશ પામે છે (૫૦) સિંહથી મૃગલાઓનો સમુદાય જેમ અત્યંત ત્રાસ પામે છે, તેમ બ્રહ્મચર્યવાળા પુરુષથી ધર્મભ્રષ્ટ માણસો ત્રાસ પામે છે. (૫૧) માટે અત્યંત પવિત્ર અને શ્રેષ્ઠ બ્રહ્મચર્યવ્રતનું કલ્યાણને ઈચ્છતા જનોએ હંમેશાં આદરપૂર્વક પાલન કરવું. (૫૨)

હે નૃપતે ! આ પ્રમાણે સર્વ બૃહદવ્રતોમાં અત્યંત પ્રીતિવાળા શ્રીહરિનું સમગ્ર તાપ હરનારું પવિત્ર મહાવચન સાંભળીને મુનિ કૃપાનંદ તથા સભામાં બેઠેલા સમગ્ર ભક્તો અત્યંત આનંદ પામ્યા. વિનયથી નમ્રતાપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં બ્રહ્મચર્યવ્રત માહાત્મ્ય વર્ણન નામે સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ભક્તજનોને આનંદ આપનારા ધર્મના પુત્ર શ્રીહરિ ભક્તો પ્રત્યે પ્રીતિપૂર્વક અમૃતથી શ્રેષ્ઠ વચન કહેવા લાગ્યા. (૧)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છેઃ હે ભક્તો ! મારા આશ્રયવાળા તમો તમારું કલ્યાણ કરનારું અને શાંતિકારક મારું વચન એકાગ્ર મનથી સાંભળો. (૨) શાસ્ત્રોમાં કહેલાં લક્ષણે યુક્ત સદ્‌ગુરુ, જેમનાં પ્રસંગથી સમગ્ર પીડા નાશ થઈ જાય છે તેમની પાસેથી પ્રાપ્ત થયેલું જ્ઞાન મનુષ્યોને અતિશય સુખ કરે છે. (૩)

જેમ માર્ગમાં એકલા ચાલતા આંધળાને કાંકરા વાગવાથી વારંવાર મોટું દુઃખ થાય છે તેવી રીતે જ્ઞાનરૂપી નેત્રથી રહિત, વિષયને ઈચ્છનારા, પ્રાણીઓને નાના પ્રકારનું દુઃસહ દુઃખ વારંવાર થાય છે. (૪-૫) હે ભક્તો ! કલેશના સમુદાયની નિવૃત્તિ કરનારું, સજ્જન પુરુષોએ માનેલું, કલ્યાણકારી જ્ઞાન સુખ ઈચ્છતા પુરુષોએ પ્રયત્નથી સિદ્ધ કરવું. (''ज्ञानाग्निः सर्वकर्माणि भस्मासात्कुरुतेऽर्जुन'' ''नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते'') (૬)

દેહમાં અહંકાર રૂપી મહા સર્પે ડંસેલા શરીર ધારીઓને આ જ્ઞાનરૂપી જે ઝેર વળગ્યું છે તેનો નાશ જ્ઞાનરૂપી અમૃત ઔષધથી થાય છે. (૭) મોહથી ઉત્પન્ન થયેલું દુઃખ અનેક રીતે દુઃસહ છે. ઘેરા અને ઘન વાદળાનો નાશ જેમ વાયુથી થાય છે તેમ મોહથી ઉત્પન્ન થયેલા દુઃખનો જ્ઞાન તત્કાળ નાશ કરે છે. (૮)

જેમ વાયુએ પ્રેરેલી જ્વાળાઓની પંક્તિથી વ્યાપ્ત વહ્નિ સમગ્ર અરણ્યને બાળે છે, તેવી રીતે જ્ઞાન સમગ્ર પાપને બાળે છે. (૯) જેમ મેઘ દાવાગ્નિથી બળેલા જંતુઓને શાંતિ પમાડે છે, તેવી રીતે ત્રિવિધ તાપથી તપ્ત થયેલાને જ્ઞાન અત્યંત શાંતિ પમાડે છે. (૧૦)

સૂર્યોદય વિના રાત્રિ જેમ નાશ પામતી નથી તેવી જ રીતે જ્ઞાનોદય વિના મૂઢતા નાશ નથી પામતી. (૧૧) સૂર્ય, દીપ તથા મશાલનો દીપ બહારનું અંધારું નાશ કરે છે પરંતુ ન ભેદી શકાય તેવું હૃદયરૂપી ગુહામાં જે અવિદ્યારૂપી અંધારું તેનો જ્ઞાન નાશ કરે છે. (૧૨) જેમ કમળના પાંદડાંને જળ ક્યારેય સ્પર્શ કરતું નથી. તેવી રીતે વિજ્ઞાનશાળીઓના મનને કલેશ ક્યારેય સ્પર્શ કરતો નથી. (૧૩) વિવિધ પ્રકારની વિપત્તિઓના સ્થાનભૂત દેહધારીઓને સંસાર અજ્ઞાનમૂલક છે. આ પ્રમાણે બુદ્ધિજન્યો કહે છે. (૧૪) કાચબો અંગોને જેમ સંકેલી લે છે, તેમ ઈન્દ્રિયોના વિષયોથી જ્ઞાન વડે ઈન્દ્રિયોને જે પ્રાજ્ઞ પુરુષો પાછાં વાળી લે છે, તે જનો આ લોકમાં સુખ પામે છે. તે સિવાયનાં અન્ય જનો સુખ પામતા નથી. (૧૫) જેમ પાંડુપુત્રો લાક્ષાગૃહમાંથી ગુપ્ત દ્વાર વાટે નીકળી ગયા હતા, તેજ પ્રકારે વિદ્વાનો દુઃખના સમુદાયથી જ્ઞાન દ્વારાએ મૂકાય છે. (૧૬) દેહધારી પ્રાણીઓને સત્ અને અસત્‌ની ભિન્નતા જ્ઞાન વિના થતી નથી. માટે જ્ઞાન સમાન બીજું કોઈ પ્રકાશક નથી. (૧૭)

જ્ઞાનવાન ધીર જનો, જેમ નૌકાથી સમુદ્ર તરી જવાય છે તેમ, જ્ઞાનથી મોટી પીડાને ઉલ્લંઘી જાય છે. (''ज्ञाननौर्व्यसनार्णवम्'' શ્રી ભાગવતમાં કહ્યું છે.) (૧૯) જ્ઞાની વિનાના અજ્ઞાનીઓ તો આ લોકમાં અજ્ઞાનરૂપી અંધારાના સમુદાયથી આવૃત્ત થયાં છે નેત્રો જેમનાં એવા બની વારંવાર હર્ષ શોક તથા દુઃખ અને ભય પામે છે. (૧૯) જેમ બાળકો મૂર્ખાઈથી માતાએ આપેલી સાકરનો ત્યાગ કરીને ભસ્મ અથવા ધૂળ વગેરે ખાવા ઈચ્છે છે અને માતા તેમને અટકાવે તો અત્યંત રડે છે. (૨૦) તેવી રીતે અજ્ઞાની જનો આત્મ સુખનો ત્યાગ કરીને વિદ્વાનોએ નિષેધ કર્યા છતાં પણ કામને ગ્રહણ કરવા ઈચ્છે છે અને અંતે મોટા દુઃખને પામે છે. (૨૧)

જેમ અજ્ઞાનીઓ શેવાળથી ઢંકાયેલા જળને જોઈ શકતા નથી, તેવી રીતે મૂઢ જનો પણ મોહથી

ઢંકાયેલું આત્માનું સત્ય સુખ જોઈ શકતા નથી. (''सुखमस्यात्मनो रूपं सर्वेहोपरतिस्तनुः'' શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે.) (૨૨) જેમ મૂઢજનો મૃગતૃષ્ણા પ્રત્યે દોડી આપત્તિ પામે છે તેવી રીતે વિષય પ્રાપ્તિ માટે ભમતા અજ્ઞાનીઓ મોટું દુઃખ પામે છે. (૨૩) મહાભાગ્યશાળી જ્ઞાનવાનો વિષય પ્રાપ્તિ માટે ક્યારેય ક્ષોભ પામતા નથી, જેમ અત્યંત જળથી પૂર્ણ ગંગા નદીનો હ્રદ ક્ષોભ નથી પામતો તેમ. (૨૪) અજ્ઞાન સમાન દુઃખ નથી, જ્ઞાન સમાન સુખ નથી માટે સુખાર્થી પુરુષે પ્રયત્નપૂર્વક જ્ઞાન સિદ્ધ કરવું. (૨૫) હે મહીપતે ! સુધાથી શ્રેષ્ઠ શ્રીહરિનું આવું વચન સાંભળીને તે બાલમુકુંદાનંદ મુનિ શ્રીહરિને આ પ્રમાણે પૂછતા હતા. (૨૬)

બાલમુકુંદાનંદ મુનિ કહે છે :- હે દયાળુ ! દીનજનો પ્રત્યે વાત્સલ્યવાળા, મત્સરથી રહિત તથા લોભ, કામાદિથી રહિત સત્ અસત્‌ની વિકિત કરવામાં નિપુણ; (૨૭) પ્રકૃતિપુરુષના વિવેકજ્ઞાનમાં નિપુણ, સત્ય, પથ્ય અને પ્રિયવાણીવાળા, ગાંભીર્ય, સ્થૈર્ય, ધૈર્યાદિથીયુક્ત, પૃથ્વીની માફક ક્ષમાવાળા; (૨૮) સર્વ જીવનું હિત કરવામાં આસક્તિવાળા, અન્યને બોધ આપવામાં અતિ ચતુર, નિત્ય જ્ઞાનના અભ્યાસમાં ઉદ્યમવાળા; ત્યાગ વૈરાગ્ય તથા યોગથી યુક્ત; (૨૯) પંચ વિષયની પ્રાપ્તિ છતાં પણ સદાય અક્ષુભિત અંતઃકરણવાળા, સજ્જનોએ પૂજેલા, સજ્જનોમાં શ્રેષ્ઠ, સર્વે સત્પુરુષોના લક્ષણોથી યુક્ત; (૩૦) હે સ્વામિન્ ! મોહનું પ્રશમન કરનારું વિવિધ કલેશનું નાશ કરનારું એવું જ્ઞાન જેનોં મહિમા આપે કહ્યો એ જ્ઞાનનું નિરૂપણ આપના આશ્રિત જનોની પીડાનો નાશ કરનારા આપ જ સર્વજ્ઞ સર્વથા યથાર્થ કરવા યોગ્ય છો. (૩૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જ્ઞાનનું સ્વરૂપ જાણવાને ઈચ્છતા મુનિઓમાં શ્રેષ્ઠ બાલમુકુંદાનંદ મુનિએ હર્ષથી આ પ્રકારે કહ્યું તેથી સંતો છે પ્રિય જેમને એવા દયાસાગર ધર્મપુત્ર જેમનું મુખ મંદહાસ્યથી શોભે છે તે શ્રીહરિ અતિ શાંત અને પવિત્ર બુદ્ધિવાળા મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જ્ઞાનનું માહાત્મ્ય કહ્યું એ નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મહાબુદ્ધે ! સચ્છાસ્ત્રમાં જે સાંખ્યજ્ઞાનનું નિરૂપણ કર્યું છે તે હું તમોને કહું છું. તે તમો એકાગ્ર ચિત્તથી સાંભળો. (૧) હે મુને ! આ દેહ પ્રધાન પ્રકૃતિજન્ય હોવાથી વિવિધ વિકારોએ યુક્ત વાત, પિત્ત, કફ, શ્લેષ્મ, લોહી, પીયા આદિ નાશવંત વસ્તુઓથી ભરેલો છે. (૨)

અસ્થિ, સ્નાયુ, નખ, દાઢી, મૂછના વાળ તથા માથાના કેશ વગેરેથી યુક્ત, બહાર ત્વચાથી

મઢેલો, અપવિત્ર જેનાં નવદ્વારમાંથી મળ ઝરે છે એવો, "માંસથી ઉત્પન્ન સ્નેહ, વીર્ય, રુધિર, હાડકાંમાંથી ઉત્પન્ન થતો સ્નેહ (મજ્જા) મૂત્ર, વિષ્ટા, કાનનો મેલ, ત્વચા, નખ, કફ, અશ્રુ, પીયા, પરસેવો વગેર વિકારોથી યુક્ત આ દેહ છે. (૩)

વિવિધ પ્રકારનાં રોગોના સ્થાનરૂપ (ક્ષય, ઉધાન, વા, વિસ્ફોટ, કઠોદર, અર્શ, સંગ્રહણી, વ્રાજ, કંઠમાળ, પાંડુરોગ, જ્વર, પ્રમેહ, ભગંદર, પથરી એ આદિક રોગો) ક્લેશ, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, લોભ, માત્સર્ય, ઈર્ષ્યા, અપમાન, ભૂખ, તરસ આદિથી ઉત્પન્ન થતા અનેક કલેશો તથા સ્થૂળતા વિકળતા, એકચક્ષુતા, અંધાપો વગેરે અંગદોષોથી યુક્ત, જડ, અનિત્ય, દુર્ગંધ, જન્મ, મૃત્યુ, દુઃખ. (૪)

સર્વ અશુચિના સ્થાનરૂપ, કૃતઘ્ન, ક્ષણભંગુર એવા દેહથી, કાષ્ટથી અગ્નિ જેમ જુદો છે તેમ આત્મા જુદો છે. (૫) તે આત્મા નિત્ય છે તથા ચૈતન્યમય અછેદ્ય, અદાહ્ય, પવિત્ર, અજ, અવિક્રિય, અવ્યય, જ્ઞાતા, અરાગ્રમાત્ર, સુખરૂપ પ્રકાશક છે. (૬)

આત્મા દેહથી ભિન્ન છે. તે પ્રકારનું જ્ઞાન તેને સાંખ્ય શાસ્ત્ર નિપુણો સાંખ્ય જ્ઞાન કહે છે. (૭) હે વિદ્વન્ ! આ અર્થમાં તમોને મનોહર ઈતિહાસ કહું છું. જ્ઞાનની ઇચ્છાવાળાઓએ તે અવશ્ય સાંભળવો. તમો એકાગ્ર ચિત્તથી તે સાંભળો. (૮)

હે ધીમન્ ! એક સમયે સ્વરૂપાનંદ મુનીન્દ્ર મારી આજ્ઞાથી મનુષ્યોને ઉપદેશ આપવા માટે શિષ્યો સાથે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. (૯) પોતાનાં શિષ્યો સહિત દીર્ઘ દૃષ્ટિવાળા સ્વરૂપાનંદ મુનિ મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વી ઉપર ફરતા ફરતા મોટા ધારાસર પુરમાં આવ્યા. (૧૦)

પોતાનાં શિષ્યો સહિત તત્ત્વવિત્ મુનિ પુરથી બહાર બગીચામાં રહેવા લાગ્યા. ત્યાં પોતાની સમીપે આવેલા પુરના જનોને તેઓ ઉપદેશ આપવા લાગ્યા. (૧૧) સ્વરૂપાનંદ સ્વામી સમાધિ વડે ચમત્કારો બતાવીને સમીપે આવેલા જનોને મારા આશ્રિત બનાવીને જનસમુદાયને મુક્તિનો માર્ગ બતાવતા હતા. (૧૨)

તે સમયે ધારાસરપુરમાં વિષ્ણુદત્ત બ્રાહ્મણનો વિદ્યા અને રૂપસંપન્ન પુત્ર મરણ પામ્યો. (૧૩) તે બ્રાહ્મણ સદ્ગુણવાળા, પોતાનાં અત્યંત પ્રિય પુત્રને વારંવાર સંભાળતો કૌંચ પક્ષીની પેઠે રુદન કરતો, ધીરજ ખોઈ બેસી રાત્રિદિવસ શોક કરતો હતો. (૧૪)

હા, હા, હે પુત્ર ! શોકરૂપી મહાસમુદ્રમાં મને નાંખીને તું ક્યાં ગયો ? મને મૂકીને તું પૂર્વે ક્યારેય ક્યાંઈ ક્ષણવાર પણ ગયો ન હતો. (૧૫) હે પુત્ર ! તારામાં અત્યંત સ્નેહથી બંધાયેલી, તારું પ્રિય કરવામાં ઉદ્યમવાળી તારી માતા, જેમ ગાયનો વાછડો મરી જાય અને તે વિલાપ કરે તેમ, હંમેશાં અત્યંત વિલાપ કરે છે. (૧૬)

હે પુત્ર ! તારા બંધુજનો તથા બહેનો વગેરે જેમ ધન નાશ પામે અને લોકો વિલાપ કરે તેમ તારું વિયોગજન્ય મહાદુઃખ પામી અખંડ વિલાપ કરે છે. (૧૭) હે પુત્ર ! તારે વિષે સ્નેહવાળા તારા સમવયસ્ક વિપ્રના પુત્રો, અધ્યયન કરવા તારી વાટ જોતા તારા શિષ્યો વગેરે પણ વિલાપ કરે છે. (૧૮)

(વિલાપ કરતા તેઓ કહે છે) હે ગુરુ ! તમોએ અમારા અધ્યયન સમયમાં જે શિક્ષાવચન કહ્યા હતા તે અમો રાત્રિ દિવસો વીતે છે છતાં પણ ક્ષણવાર ભૂલી શક્યા નથી. (અલંકારિકોએ શ્લેષ, પ્રસાદ, માધુર્ય, સુકુમારતા, અર્થવ્યક્તિ તથા ઉદારતા, ઉદાત્તતા ઓજઃ વગેરે ગુણો જે તમોએ કહ્યાં છે તેનું વિસ્મરણ કરતા નથી.) સ્પષ્ટ અર્થથી યુક્ત સંપૂર્ણ વાક્ય, શ્રેષ્ઠ વિશેષણોથી યુક્ત, વળી ઉદાત્ત અને સંક્ષિપ્ત શ્લેષાદિ આઠ ગુણે યુક્ત, સંશય રહિત, વિવેચનથી માધુર્યવાળું, એ ઉપેતાર્થ વગેરે છ ગુણ વાક્યના છે. (૧૯)

નિષ્ઠુર અક્ષરના સંયોગ રહિત વિષયોથી પાછી વૃત્તિ જેમને છે એવા જનોને સુખ કરનારુ ગ્રામ્ય વિષય સુખરૂપ અશ્લીલ ભાવ રહિત, પરંતુ આંતરિક સૂક્ષ્મ અર્થવાળું, અનૃત નહિ (કવિ કલ્પનાથી મેઘદૂતના કાવ્ય માફક નહિ પરંતુ શ્રુતિ નિર્દેશેલ સત્યથી ભરપુર) ધર્મ, અર્થ અને કામરૂપની ભાવનાવાળું, સાંસ્કારિક; (૨૦)

સમર્થ, ક્લિષ્ટતા રહિત, (જેનોં અન્વય દૂર હોય તે વાક્ય ક્લિષ્ટ માનેલું છે તેવું નહિ.) કઠિન શબ્દપ્રયોગ રહિત (છંદ વ્યાકરણના દોષયુક્ત નહિ પરંતુ સુંદર શબ્દના પ્રયોગવાળું) બીજા પદના અધ્યાહારથી રહિત, લક્ષણાએ સહિત, પ્રયોજનશીલ અને યથાર્થ યુક્તિવાળું; (૨૧)

હે પુત્ર ! તારા વાક્યોની સ્મૃતિથી વિલાપ કરતા તારા શિષ્યોને તું આવીને ફરી પ્રસન્ન કર. (૨૨) હે પુત્રક ! અમો સર્વે તારા સુંદર મુખરૂપ ચંદ્રને ક્યારે જોઈશું ? મનને પ્રિય તારી કથા ક્યારે સાંભળીશું ? (૨૩)

આ પ્રમાણે રાત્રિદિવસ વિલાપ કરતો બ્રાહ્મણ સુજનોએ જ્ઞાન આપ્યા છતાં પણ અત્યંત અવિરતપણે શોક કરતો હતો. (૨૪)

પોતાનાં પુત્રમાં આસક્ત અને તેથી શોકથી વ્યાકુળ મનવાળો તે બ્રાહ્મણ, ભોજનનો ત્યાગ કરી એકાંતે જઈને પોતાનાં પ્રાણનો ત્યાગ કરવા માટે ઇચ્છતો હતો. (૨૫)

તેના સગાસંબંધિઓ તેનો આવો નિશ્ચય જાણીને તેના શોકનો નાશ કરવા માટે તેને લઈને તત્કાળ સ્વરૂપાનંદ મુનિ પાસે આવ્યા. (૨૬) શોકથી યુક્ત તેના દીનબંધુઓ તે દયાનિધિ મુનિન્દ્રને નમસ્કાર કરીને બંને હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૭)

હે મુનિવર્ય ! હે મહાબુદ્ધિશાળી ! આ બ્રાહ્મણનો એકનો એક વિદ્યા અને ગુણ સંપન્ન, યોગ્ય, મનોહર, પુત્ર મૃત્યુ પામ્યો છે. (૨૮) તેથી તેના વિયોગની પીડાથી, પુત્રમાં આસક્ત છે મન જેનું એવો, આ તેનો દુઃખી બ્રાહ્મણ પિતા રાત્રિ દિવસ શોક કરતો રડે છે.

(૨૯) હે વિદ્વન્ ! તે અન્ન ખાતો નથી અમોએ તથા અન્ય સુજ્ઞ પુરુષોએ તથા પુરના જનોએ તેને ઘણો સમજાવ્યો છતાં પણ તે શોકનો ત્યાગ કરતો નથી. (૩૦)

હે સન્મતે ! શોકનો ત્યાગ ન કરવાથી તે વારંવાર અચેતન થઈ તેના પ્રાણનો ત્યાગ કરશે. માટે તત્વવિત્ તમો તેને ઉપદેશ આપીને એનું રક્ષણ કરો. (૩૧) હે બુદ્ધિમાન્ બાલમુકુન્દ મુને ! તેમની આવી પ્રાર્થના સાંભળીને અપાર જ્ઞાનવાળા મુનિવર્ય સ્વરૂપાનંદ મુનિ તેને ઉપદેશ આપતા શાંતિકારક વાણી કહેવા લાગ્યા. (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વિષ્ણુદત્ત સંવાદ નિરૂપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

સ્વરૂપાનંદ સ્વામી કહે છે :- હે વિપ્રરાજ ! પ્રાણીઓનો આ દેહ ક્ષણભંગુર નાના પ્રકારની વિપત્તિ તથા રૂપરોગ વગેરેથી યુક્ત પંચભૂતથી ઉત્પન્ન થયેલો છે. (૧) આ દેહ, દેહના કારણભૂત પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પંચભૂતોના કારણભૂત ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ એ પંચ તન્માત્રાએ યુક્ત, જ્ઞાન (જ્ઞાન શબ્દથી ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ યુક્ત તથા ક્રિયા શબ્દથી ક્રિયા જ્ઞાનેન્દ્રિયોથી સાધ્ય છે માટે ક્રિયા શબ્દથી જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો સમજવી. વાક્, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો છે. શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃકરણ શબ્દથી કહેવા છે.) ચોવીસ તત્વાત્મક આ દેહ છે. તે વિનાશી છે. તેમજ મહા કલેશ અને વિવિધ પ્રકારનાં તાપ તથા ભય આપનારો છે (૨)

હે વિપ્ર ! સત્, ચિત્ અને આનંદસ્વરૂપ આત્મા દેહથી વિલક્ષણ છે. દેહ અને આત્મા આ બંને સ્વરૂપને જાણનારા (દેહ અનિત્ય છે અને આત્મા નિત્ય છે. દેહ દુઃખરૂપ છે અને આત્મા સુખરૂપ છે એમ જાણનારા) ધીર જનો તો વિનાશી દેહનો તથા અવિનાશી આત્માનો શોક કોઈ પ્રકારે કરતા નથી. (''अन्वतन्त इमे देहा नित्यस्योक्ता शरीरिणः'' ''अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् । विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हसि'' । नासतो विद्यते भावो नाभावो विद्यते सतः । उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोर्दूरदर्शिभिः'' એમ ભગવદ્‌ગીતામાં કહ્યું છે. (૩)

હે વિપ્ર ! ચિદ્રૂપ આત્માને સ્ત્રી તથા પુત્ર પુત્રીઓ, માતા, પિતા, બંધુઓ વગેરે કોઈ નથી. (૪) હે સન્મતે ! આ આત્માને સ્ત્રી, દેહ તથા સર્વ પદાર્થોનો સંબંધ નિત્ય નથી. (૫)

હે વિપ્ર ! વટેમાર્ગુઓને વાટમાં જેમ છાંયડો મળે છે પણ તે ક્ષણિક છે, તેમ આત્માને પ્રકૃતિજન્ય સ્ત્રીપુત્રાદિનો યોગ અનિત્ય છે. (૬) આ પ્રકારે દેહ અનિત્ય હોવાથી તથા આત્મા નિત્ય હોવાથી તમો

તમારા પુત્રનો શોક કરો તે યોગ્ય નથી. ("जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च । तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि" એમ ભગવાને ગીતામાં કહ્યું છે.) (૭)

હે વિપ્ર ! તમો સુખરૂપ શુભ આત્માને પોતાનું સ્વરૂપ જાણીને પરિણામી, વિનાશી અને અપવિત્ર તત્વોથી ભરેલા દેહને વિષે આ દેહ એ જ હું છું એવી બુદ્ધિનો ત્યાગ કરીને મોહથી ઉત્પન્ન થયેલા અનાત્મારૂપ પુત્રમાં આત્મીયપણાની બુદ્ધિરૂપ મોહનો ત્યાગ કરો. ("कस्य के पतिपुत्राद्या मोह एव हि कारणम्") એમ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. (૮)

હે બ્રાહ્મણ ! મૃતિકાના ઘડાઓ જેમ વારંવાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તેની માફક લિંગ શરીરવાળા આત્મામાં દેહ ઉત્પન્ન થાય છે અને લય પામે છે. (૯) જેમ પ્રવાહના વેગથી ધૂળ (રેતી) ભેગી થાય છે અને જુદી પડે છે, તેવી રીતે કાળ વડે સર્વે મનુષ્યો સંયોગ વિયોગ પામે છે. ("यथा प्रयाति संयाति वातो वेगेन वालुकाः । संयुज्यन्ते वियुज्यन्ते तथा कालेन देहिनः") શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. (૧૦)

જેમ એકથી બીજો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તથા વિષ્ણુની માયાથી પિતાથી પુત્રપુત્રીઓ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. (૧૧) વાયુ જેમ વાદળાંને ભેગાં કરે છે અને જુદાં પાડે છે તેમ કાળ, ભૂતપ્રાણીઓને ભેગાં કરે છે અને જુદાં પાડે છે. (૧૨) જે અનિત્ય દેહાદિ ભાવો છે તે ક્યારેય સત્ય નથી અને જીવ જે નિત્ય છે, તે ક્યારેય અસત્ય નથી. ("नासतो विद्यते भावो नाभावो विद्यते सतः") ગીતામાં કહ્યું છે. (૧૩)

શબ્દાદિ વિષયો તથા રાજ્યની સંપત્તિ ચંચળ છે. બીજા પ્રકૃતિજન્ય દ્રવ્યો શોક, મોહ તથા ભય આપનારા છે. ("शरदम्बुधरच्छायागत्वर्यो यौवनश्रियः । आपातरम्या विषयाः पर्यन्त परितापिनः" એમ સજ્જનોએ કહેલું છે. (૧૪)

હે દ્વિજ ! ક્યારેક તમો તમારા પુત્રના પુત્ર પણ થયા હશો. અત્યારે તે પુત્ર કર્માધીન પણાથી તમારા પુત્ર થયા છે. (૧૫) માટે પુત્રાદિ બંધુઓ અસત્ય જ છે. એમ બુદ્ધિથી નિશ્ચય કરીને તમો શોક કરશો નહિ. (૧૬)

દયાળુ મુનિવરે આ પ્રમાણે ઉપદેશ કર્યો. છતાં પણ નિઃશ્વાસ લઈ પુત્રને સંભારતા અને રુદન કરતા તે બ્રાહ્મણ શોકનો ત્યાગ કર્યો નહિ. (૧૭) પછી સ્વરૂપાનંદ મુનિ પુત્રમાં આસક્તિવાળો તે બ્રાહ્મણ મહામોહથી અંધ થયો છે એમ જાણીને તેનો શોક નિવારણ કરવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૮)

હે વિપ્ર ! તમારો શોક નાશ કરવા સુખકર સાંખ્ય જ્ઞાનનો મંગળકર ઈતિહાસ હું તમોને કહું છું. (૧૯) હે વિપ્ર ! સ્ત્રી પુત્રાદિયુક્ત પુષ્કળ દ્રવ્યવાળો વિખ્યાત જીવશર્મા નામનો એક વિદ્વાન બ્રાહ્મણ હતો. (૨૦) કાળના ગમન સાથે જીવશર્માનું ધન નાશ પામ્યું. સ્ત્રી પુત્રાદિ મરી ગયા. તથી જીવશર્મા અતિ વિહ્વળ થઈ મહાકલેશ પામ્યો. (૨૧)

બ્રાહ્મણ જીવશર્માને દૈવ ઈચ્છાથી સત્પુરુષનો પ્રસંગ થયો અને જ્ઞાન તથા ધ્યાન નામના બે મિત્રો તે બ્રાહ્મણને મળ્યા. (૨૨) મિત્ર જ્ઞાન હંમેશાં ઉપશમ અવસ્થામાં રહેનારો, નિર્મળ અંતઃકરણવાળો, સર્વ તત્ત્વના સ્વરૂપોના પ્રકાશવાળો પોતાનો છે આશ્રય જેમને એવા આત્માને રાત્રિદિવસ સુખ આપનારો; (૨૩)

માયા, જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપોનું તત્વપૂર્વક ઉપદેશ કરનારો અને તેથી જ તત્વાદિ સર્વ વસ્તુઓનું સ્વરૂપ તથા વિકિત વિવેચનમાં વિચક્ષણ; (૨૪) કાળરૂપી અજગરના મહાગ્રાસનો ત્રાસ તથા માયાના ભયનો નાશ કરવામાં તત્પર તેમજ જન્મ, મૃત્યુ, જરા, આધિ, વ્યાધિ, સંસરણ વગેરે દુઃખોના નાશમાં તે તત્પર હતો. (૨૫)

તેવી રીતે મિત્ર ધ્યાન ઈન્દ્રિયોને પોતપોતાનાં વિષયોમાંથી પાછી ખેંચી અંતર્વૃત્તિ કરનાર, સત્યસ્વરૂપ જીવ અને પરબ્રહ્મનું સુખ મળવાથી શાંતિ આપનારો; (૨૬) આત્મામાં આરામ કરતો હોવાથી આત્મા સંબંધિ સુખનો પ્રાર્દુભાવ કરનારો, પરમાત્માના સુખનો આનંદ બતાવનારો. (૨૭)

તે બંને મિત્રો સાથે મિત્રાચારી થયા પછી જીવશર્મા મોક્ષના ઉપાયમાં પ્રવિણ જ્ઞાન અને ધ્યાનની સાથે વિચાર કરીને (ગૃહસ્થાશ્રમ ઘણો દુઃખરૂપ હોવાથી તેનો ત્યાગ કરવાનો વિચાર કરીને) વૈરાગ્યવાન થઈ પોતાનાં ગૃહનો ત્યાગ કરીને એકાંત છે પ્રિય જેમને એવા જ્ઞાન, ધ્યાનની સાથે વનમાં ગયો. (૨૮) એક સમયે શાસ્ત્ર પ્રમાણે પોતાનો નિત્ય વિધિ કરીને પોતાનો મિત્ર જે જ્ઞાન તેની પાસેથી મોક્ષની વાર્તા તે હર્ષપૂર્વક સાંભળવા લાગ્યો. (૨૯) હે વિપ્ર ! તેટલામાં વિપ્રરૂપ ધારી અગાઉ કદી નહિ જોયેલા આશ્ચર્યજનક પાંચ ધીરજવાન પુરુષો ત્યાં આવ્યા. (૩૦)

ઉદાર, મહાબુદ્ધિશાળી, સૌંદર્યમાં કામદેવની ઉપમા આપવા યોગ્ય; વિવિધ કાર્યોમાં અતિનિપુણ, પવિત્ર વંશમાં ઉત્પન્ન થયેલા; (૩૧) તેજસ્વી મહામૂલ્યવાળા, ચળકતા ભૂષણો અને વસ્ત્રો ધારણ કરનારા, સુગંધિમાં લુબ્ધ છે ભમરાઓનો સમૂહ જેને એવા, ચંદનના વિલેપન જેમને છે એવા; (૩૨)

અતિશય માધુર્યના સ્થાનભૂત, સુંદર કમળોના સુગંધની માફક સુગંધ જેમનોં છે એવા, સમાન અવયવોથી યુક્ત, બંને ચંચળ ભ્રકુટિઓથી નિરીક્ષણ કરતા; (૩૩) મંદ હાસ્યયુક્ત મુખથી સુંદર, પુષ્પોની માળાઓથી અત્યંત શોભાયમાન, તરુણ અવસ્થાવાળા, મનને ઉત્સવ કરાવનાર છે દર્શન જેમનાં એવા. (૩૪) હે વિપ્ર ! તે જીવશર્માએ જોયેલા તે પાંચ પુરુષો જીવશર્માની દૃષ્ટિને ગોચર થાય તેમ થોડે દૂર વૃક્ષની છાયામાં બેઠા. (૩૫)

પછી મોહ વૃદ્ધિ પમાડનારી સર્વ પ્રકારે પાંચ પુરુષોના કાર્યની (જીવશર્માને મોહ પમાડવા રૂપ કાર્ય સિદ્ધિ કરતી) સિદ્ધિ કરનારી સમગ્ર સ્ત્રીઓમાં મુખ્ય એક સ્ત્રી ત્યાં આવી. (૩૬)

સ્ફુરાયમાન મહા અમૂલ્ય વસ્ત્રો જેનાં છે એવી, બંને કાનમાં સુવર્ણના કુંડળો જેને છે, મણિ જડેલા શોભાયમાન સુવર્ણના કંદોરાથી શોભતી; (૩૭) જેનાં સુવર્ણના નુપૂર ઝંકાર કરે છે, સુંદર મંદ હાસ્યવાળી, ગજગતિવાળી, અતિ સુંદર વસ્ત્રના છેડાથી લાજયુક્ત મુખ ઢાંકતી; (૩૮) લીલા સહિત નિરીક્ષણની ક્રિયાથી દેવતાની માફક મનોહર દેખાતી, રૂપલાવણ્યથી સંપન્ન અને પુષ્પના ગુચ્છને બંને

હાથથી ફેરવતી; (૩૯)

અતિ ચંચળ બંને ભ્રુકુટિરૂપી ધનુષ્યમાંથી નિકળતા નયન કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણોથી પોતાને જોનારા જનોના હૃદયમાં કામ પ્રવેશ માટે છિદ્ર (વિવર) કરતી; (૪૦)

તે સુંદરીને પાંચ પુરુષોએ આદરપૂર્વક બોલાવી. મનસ્વીની તે સ્ત્રી પોતાને વિષે આસક્ત ચિત્તવાળા તે પુરુષોની સમીપે બેઠી. (૪૧) પછી મહાબળવાળા તે પાંચે મિત્રો તથા તે સુંદરી પરસ્પર મંત્રણા કરવા લાગ્યા. (૪૨) મોહ પમાડનારી, જ્ઞાનનું હરણ કરનારી સ્ત્રીને જોઈને જીવશર્મા બ્રાહ્મણ મહામોહ પામ્યો. તેના ચિત્ત અને ઈન્દ્રિયો ચલાયમાન થયાં અને વિહ્વળ થઈ ગયો. (૪૩)

જીવશર્મા બ્રાહ્મણ સુંદર દેદીપ્યમાન ચંચળ વસ્ત્રો જેમને છે. એવા, સૌંદર્ય તથા માધુર્યથી શોભતા, જનોને ઠગનારા અને સ્ત્રીની સાથે એકાન્તમાં બેસીને વિચાર કરતા પાંચ પુરુષોને દૂરથી જોઈને તે પુરુષોની પાસે જવા વિચાર કરવા લાગ્યો. (૪૪)

હે જ્ઞાન ! આ પાંચ મનોહર પુરુષો પરસ્પર વિચાર કરે છે. કોઈ દિવસ નહિ જોયેલા આમને તમે પૂછો કે તમે કઈ જ્ઞાતિના છો ? શું નામ છે ? (૪૫) જીવશર્માનું આવું વાક્ય સાંભળીને જ્ઞાનમિત્રે જીવશર્માને સ્ત્રીએ જડ કરેલો જાણીને હે જીવશર્મા ! તારે એમની સાથે શું પ્રયોજન છે ? એમ કહ્યું. (૪૬, ૪૭)

તેથી જીવશર્મા બ્રાહ્મણે કહ્યું, હે મિત્ર ! સ્વાભાવિક જ મનને પ્રિય કરનારા એ મહાત્માઓ રૂપવાળા, મહાસામર્થ્યવાળા છે. (૪૮)

હે જ્ઞાન ! મહા બુદ્ધિશાળી જણાતા એમની સાથે સંભાષણ તથા સર્વતાપને હરણ કરનારી મૈત્રી કરવા હું હર્ષપૂર્વક ઈચ્છું છું. (૪૯) તેથી હે જ્ઞાન ! દૂતકર્મમાં પ્રવીણ તમો મારું દૂતકર્મ કરો. જીવશર્માનું એવું વચન સાંભળીને જીવશર્માનો મિત્ર જ્ઞાન જીવશર્માને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૫૦)

હે મિત્ર ! જીવશર્મા ! તમારું હિત કરનારું સત્યવચન હું કહું છું મારું વચન તમો સાંભળો, હે તાત ! તમારે એમનો સમાગમ ક્યારેય પણ કરવો નહિ. (૫૧)

હે જીવશર્મા ! તેવી રીતે તમારે એમની મૈત્રી પણ ક્યારેય કરવી નહિ. કારણ કે એ સ્ત્રીની સાથે મળેલા પાંચેય પુરુષો લોકોને ઠગનારા માયાવાળા નિશ્ચય છે. (न मायिनां वेद चिकित्सितं जनः એમ અભિયુક્તિ છે) (૫૨) હે દ્વિજ વિષ્ણુદત્ત ! વિશુદ્ધબદ્ધે ! તેના હિતમાં આસકિતવાળા, તેના મિત્ર જ્ઞાનનું આ પ્રકારનું વચન સાંભળીને જીવશર્મા ફરીથી પોતાનાં મિત્રને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વિષ્ણુદત્તનો શોક નિવૃત્ત કરવા માટે ઈતિહાસ નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યાય ૫૧ મો

જીવશર્મા કહે છે :- હે જ્ઞાન ! તમો એમનો સંગ કરવાનો શા કારણથી અતિશય નિષેધ કરો છો ? જીવશર્માનું આવું વચન સાંભળીને મિત્ર જ્ઞાન જીવશર્માને કહેવા લાગ્યો. (૧)

જ્ઞાન કહે છે :- હે તાત ! એ પુરુષોના સંગથી તને મોટું દુ:ખ થશે. એ પાંચ કલેશનાં મૂળ છે, શોક અને સંતાપના કારણભૂત છે. (૨) હે વિપ્ર જીવશર્મા ! આપણો પરિચય થયો તે પહેલાં તને વારંવાર એ જન્મમરણના કલેશ પમાડનારા તે હતા. કાળ, માયા, જરા, મરણ વગેરેનો વિશેષ ત્રાસ તથા અતિ તીવ્ર નરકના દુ:ખનો ત્રાસ પમાડનારા તે હતા. (૩)

હે જીવશર્મા ! એ કુટ યુક્તિ યોજવામાં વિશારદ છે. તેમજ વિવિધ પ્રકારની ઉપાધિ આપી તમને ગર્ભવાસનો વારંવાર મહા કલેશ આપનારા છે. (૪) હે જીવશર્મા ! એ પાંચ તમોને વારંવાર આધિ, વ્યાધિ, જરા, જન્મ, મૃત્યુના દુ:ખ વિવિધ પ્રકારનોં કલેશ, ત્રિવિધ તાપ તથા શોક પમાડતા હતા. (૫)

હે જીવશર્મા ! તમો એમના પ્રસંગથી ભવાટવીમાં ભમી વિવિધ પ્રકારનાં કલેશથી દુ:ખી તથા દીન થઈ અત્યંત દુર્દશાને પામ્યા છો. (૬) હે જીવશર્મા ! હમણાં અમારા બંનેના (જ્ઞાન અને ધ્યાનના) પ્રસંગથી તમે અત્યંત શાંતિ પામ્યા છો. માટે પીડા પમાડનારી એમની સંગતિ કરવાની તમે કેમ ઈચ્છો છો ? (૭)

હે જીવશર્મા ! તમો એમના પ્રસંગથી કેવળ કલેશ જ પામશો. જેમ વિમૂઢ બુદ્ધિવાળા પશુ બકરાં વગેરે તૃણથી ઢંકાયેલા કૂવામાં પડીને દુ:ખી થાય છે તેમ. (૮)

જીવશર્માએ તેમનું આવું વચન સાંભળીને કહ્યું કે તમે જેમ કહેશો તેમ કરીશ. અર્થાત્ હું એ પાંચ જણની મિત્રતા નહિ કરું. પછી મિત્ર ધ્યાને જીવશર્માને આ પ્રમાણે મંગળ વચન કહ્યું. (૯)

હે મિત્ર જીવશર્મા ! તમો અમારા બંનેના પ્રસંગથી તમારા આત્માનો મહા દિવ્યાનંદ તથા પરમાત્માના દુર્લભ દિવ્યાનંદને પામ્યા છો. (૧૦) હે મિત્ર ! સર્વ તાપનો નાશ કરનાર, નાનાપ્રકારનાં સંકલ્પોના નાશ કરનારા, સંસાર સાગર તરવા માટે નૌકારૂપ એવું ઉપશમ તમો અમારા પ્રસંગથી પામ્યા છો. (૧૧)

હે જીવશર્મા ! તમો એ પાંચ જણનો પ્રસંગ કરશો તો એમના પ્રસંગથી પૂર્વની માફક મોહ પામશો તથા આ સંસાર પાશમાં વારંવાર બંધન પણ પામશો. (૧૨) હે જીવશર્મા એ પાંચ જણ સર્વ બ્રહ્માંડના શરીરધારીઓને અત્યંત પીડે છે અને તેઓને મુક્તિના માર્ગથી પાડીને માયામાં જોડે છે. (સંસાર સાગરના પ્રવાહમાં ફેંકે છે.) (૧૩)

આ પ્રમાણે મિત્ર ધ્યાને ઘણી રીતે ઉપદેશ આપ્યો તેથી બ્રાહ્મણ જીવશર્માએ પોતાનાં મહાબુદ્ધિશાળી મિત્ર ધ્યાનને આનંદ રહિત થઈને કહ્યું તમે કહો છો તેમ કરીશ. (૧૪) પછી તે પાંચ પુરુષો જીવશર્માને તેના મિત્રોએ ઉપદેશ આપ્યો છે એવું જાણીને તેને મોહ પમાડવા માટે પોતાની સમીપે બેઠેલી ઉત્તમ સ્ત્રીને આ પ્રમાણે કહેવા લાગ્યા (૧૫)

હે ભદ્રે ! તમો અમારું દૂત કર્મ કરો અને હમણાં એ જીવશર્માની પાસે જઈને તમારે શુભ

વચન કહેવું. (૧૬) પ્રસિદ્ધ પુરુષાતન જેમનું છે એવા એ પાંચ મહાત્મા વિષયો છે. તમારી મૈત્રી ઇચ્છે છે એમ એને સ્પષ્ટ કહો. (૧૭)

હે કલ્યાણી ! હે કુશલા ! તમારે અમારું આ કામ કરવું. આ પ્રકારે પંચ વિષયોનું વચન સાંભળીને તે સ્ત્રી વિષયો પ્રત્યે બોલી. (૧૮) હે વિષયો ! વિશુદ્ધ અને અગાધ બુદ્ધિવાળા તપસ્વીઓ વનમાં રહે છે. છતાં પણ તે શરીરધારીઓને તત્કાળ મોહ પમાડવા હું શક્તિમાન છું. (૧૯)

હે વિષયો ! મેં ભ્રકુટિના વિલાસથી જ દેવ, દૈત્ય, નરેશ્વરોને (તથા બ્રહ્મા, ઈન્દ્રાદિ દેવો તથા રાવણ વગેરે દૈત્યો અગ્નિવર્ણ, આગ્નિધ્રાદિ રાજાઓને) પગથી લાત મારીને કીડા અને મૃગલાની માફક આધીન કરેલા છે. (૨૦) મારી ભ્રકુટિરૂપી મહા ધનુષ્યથી છૂટેલા તીક્ષ્ણ ઈક્ષણરૂપી બાણોથી નરનારાયણ ઋષિ વિના કયો પ્રાણી ત્રિલોકીમાં પરાભવ નથી પામ્યો ? (૨૧)

શિવ, બ્રહ્મા વગેરે ઈશ્વરો એલ વગેરે રાજાઓ તથા ઘણાં ઋષિ મુનિઓને મેં તત્કાળ કલ્યાણના માર્ગમાંથી (કલ્યાણમાં હેતુભૂત પોતાને ઉચિત બ્રહ્મચર્ય વ્રતથી) પાડ્યા છે અને દુર્દશા પમાડ્યા છે. (૨૨)

હે અત્યંત બુદ્ધિવાન્ ! હાથણી મચ્છરને જેમ ચોળી નાંખે તેમ મારે આ એકની તો કાંઈ ગણતી નથી માટે એને તત્કાળ મોહ પમાડીશ. (૨૩) આ કાર્યમાં મને અલ્પ પણ પ્રયાસ પડશે નહિ. માટે હે મહાભાગો ! તમારું આ કાર્ય હું હમણાં કરું છું. (૨૪)

લોકને મોહ પમાડનારી સ્વૈરિણી, પ્રાણીઓને ઠગવામાં પરાયણ, તે સ્ત્રી પંચ વિષયોને આ પ્રમાણે કહીને પ્રીતિથી તત્કાળ જીવશર્માની સમીપે આવી. (૨૫) શોભાયમાન બે ચંચળ નેત્રોવાળી, પોતાની સમીપે આવતી તે સ્ત્રીને જોઈને, ઋષ્યશૃંગ મુનિ જેમ ક્ષોભ પામ્યાં તેમ જીવશર્માના ઈન્દ્રિયો અને મન ક્ષોભ પામ્યા. (૨૬)

શોભાયમાન ઝણઝણ શબ્દાયમાન સુવર્ણના ઝાંઝરોથી શોભતી તે સ્ત્રીને જોતાં જીવશર્મા જેમ દરિદ્રી સંપત્તિ જોઈ આનંદ પામે તેમ આનંદ પામ્યો. (૨૭)

તેના કટાક્ષરૂપી બાણોથી, વીંધાયેલો, તેની સુંદર ચેષ્ટાથી, ભ્રકુટિના વિલાસોથી, શોભાયમાન ગતિથી, વિચિત્ર વિલાસોથી; (૨૮) કામના મંત્રો સૂચવનારા તેના મંદ હાસ્યથી, મહામોહ પામેલો જીવશર્મા કામથી વ્યાકુળ થયો. (૨૯) પછી પોતાની અતિ સમીપે આવેલી તે સ્ત્રીને આસન આપીને હર્ષપૂર્વક તેનું આતિથ્ય કરીને જીવશર્મા તે સ્ત્રી પ્રત્યે કહેવા લાગ્યો. (૩૦)

હે કમળપત્રાક્ષિ ! તમે કોણ છો ? હે શોભને ! શું કરવાને ઈચ્છો છો ? તે તમો મને કહો. તમારી ઈચ્છા પ્રમાણે હું જરૂર કરીશ. (૩૧) પ્રતારણમાં ચતુર, જ્ઞાનને ઢાંકનારી તે સ્ત્રી જીવશર્માનું આ વચન સાંભળીને તેનું મન પોતાને આધીન થયું છે એમ જાણીને કહેવા લાગી. (૩૨)

હે મહાભાગ ! જીવશર્મા ! હું રાગ સ્વરૂપવાળી સ્ત્રી છું. મારું નામ બુદ્ધિ છે. આ લોકમાં

સ્ત્રીઓના મનનું હરણ કરનાર, મારી ઈચ્છાનું ઉલ્લંઘન કરી ન વર્તનાર, એવા પતિને હું ખોળું છું. (૩૩)

હે દ્વિજ ! આ લોકમાં યોગ્ય ઉત્તમ પતિને ખોળતી મને હમણાં રૂપ, શીલ, ગુણના સ્થાનભૂત તમો દેવ ઈચ્છાથી પ્રાપ્ત થયા છો. (૩૪) હે દ્વિજ ! આ ઉત્તમ પંચવિષયો પણ તમારી સાથે મિત્રતા કરવા માટે ઈચ્છે છે માટે એમણે દૂત તરીકે મને મોકલી છે. (૩૫)

માટે તમો તમારા મિત્રો જ્ઞાન અને ધ્યાન તેમનોં ત્યાગ કરીને સદ્‌ગુણ યુક્ત, શાંતિ આપનારી મૈત્રી આમની સાથે કરો. (૩૬) હે દ્વિજ ! આ તારા બંને મિત્રો શુષ્ક છે. કેવળ એક ઈન્દ્રિયના જ્ઞાનવાળા છે. માટે તમોને બંને લોકના સુખથી ભ્રષ્ટ કરે છે. (નિર્મૂળ અને સુખનો વિનાશ જેમાં છે એવા વચનો સંભળાવીને આ લોક ને પરલોકમાં સુખથી નિશ્ચય પાડનારા જ્ઞાન અને ધ્યાન એ તારા મિત્રો છે.) (૩૭)

લોકમાં પ્રસિદ્ધ કીર્તિવાળા, સર્વ સંપત્તિના સ્થાનભૂત, તમારી તમારા મિત્રો આ જ્ઞાન અને ધ્યાને દુર્દશા કરી છે તથા તમને વનવાસ કરાવ્યો છે. બહુ શું કહીએ ? યુવાન છો છતાં પણ ફળાહાર કરી કૃષ અને જર્જરીત થઈ ગયા છો. (૩૮)

વળી આ બંનેએ તમારું દૈહિક સુખ છોડાવ્યું, ઘરનો ત્યાગ કરાવ્યો અને પુત્ર નહિ હોવાથી તમારું આ લોકનું સુખ પણ રોક્યું છે. (૩૯) તેથી સદા કલેશ આપનારા એ બંને મિત્રોનો ત્યાગ કરીને શાંતિ આપનારા એ પાંચ મહાત્માઓની મિત્રતા તમે કરો. (૪૦)

આ પ્રકારે જ્ઞાનને ઢાંકી દેતી બુદ્ધિ નામની તે સ્ત્રીએ પ્રિય વચનોથી જીવશર્માને મોહ પમાડ્યો તેથી તે સ્ત્રીના દર્શનથી ઉત્પન્ન થયેલા કામદેવથી પરાભવ પામી જીવશર્મા હર્ષપૂર્વક તે સ્ત્રી પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો. (૪૧)

હે સ્ત્રી ! દૈવ ઈચ્છાથી, રૂપ લાવણ્યથી સંપન્ન મને અનુરૂપ તમો મને પ્રાપ્ત થયા છો (''उद्यतस्य हि कामस्य प्रतिवादो न शस्यते । अपि निर्मुक्तसंगस्य कामारक्तस्य किं पुनः'' उद्यतस्य-स्वतः प्राप्तस्य प्रतिवादः प्रत्याख्यानम् इति तस्य टीका શ્રીમદ્‌ ભાગવતમાં તથા મનુસ્મૃતિમાં કહ્યું છે.) (૪૨)

જે પુરુષ સ્ત્રી ઉપર ગૃહનો ભાર મૂકીને ગૃહજન્ય પરિતાપથી રહિત થઈને ફરે છે. એવા સુખને ઈચ્છતો કયો બુદ્ધિમાન પુરુષ તેવી સ્ત્રીને ન વરે ? (૪૩) મનુષ્યો ગઢમાં રહીને ચોરોને અન્ય આશ્રયથી ન જીતી શકાય એવા કામાદિ અંતઃશત્રુઓને જેમ જીતે છે તેમ સ્ત્રી વડે બુદ્ધિશાળીઓ જીતે છે. (૪૪)

મનુષ્ય પોતાની સ્ત્રીના આશ્રયે રહીને ધર્મ, અર્થ, કામ તથા પુત્રનો આનંદ તેમજ મોક્ષ અને આલોક તથા પરલોકનું ઈચ્છિત સુખ પામે છે. (''धर्मो ह्यत्रार्थकामौ च प्रजानन्दोऽमृतं यशः । लोका विशोका विरजा यान्न केवलिनो विदुः'' શ્રીમદ્‌ ભાગવત) (૪૫)

તેથી સર્વ કામનાનું સુખ આપનારી, સર્વ ઉપકારમાં કારણભૂત, સર્વ પીડા નાશ કરનારી તને હું વરીશ. (૪૬) હે સુંદર ભ્રકુટિઓવાળી ! દેવતાઓ, ઋષિઓ, પિત્રીઓ, ભૂતો, મનુષ્યો તથા મારું પણ તારા સંબંધ વડે શ્રેય થાય માટે એવો ગૃહસ્થાશ્રમ ધન્ય છે. (૪૭)

યતિઓને દુષ્પ્રાપ્ય શોક રહિત જે ઈતર લોક છે તે લોકને મનુષ્ય કેવળ સ્ત્રીના સંગથી પ્રાપ્ત કરે છે. માટે તેવી અંગનાનો સ્વીકાર કયો બુદ્ધિમાન ન કરે ? (૪૮)

ગૃહસ્થો તો બીજા આશ્રમોમાં રહેલા સર્વે શરીરધારીઓને પિતા જેમ પોતાનાં પુત્રોનું પોષણ કરે છે તેમ નિરંતર પોષણ કરે છે. (૪૯) ભોગ સંબંધવર્જિત અન્ય શુષ્ક આશ્રમોથી ક્યારેય શ્રેય થાય નહિ. તેમાં તો કેવળ શરીરને દુઃખ થાય છે. (૫૦)

હે શોભને ! હે ઘણી ભાગ્યશાળી ! માટે સર્વોપકાર માટે તને અંગીકાર કરીને સુખને આપનારો ગૃહસ્થાશ્રમ હું ઈચ્છું છું. (૫૧) વળી હે અંગને ! ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા એ પાંચનો સંબંધ પણ હું હંમેશાં ઈચ્છું છું અને એમની મૈત્રી પણ ઈચ્છું છું. (૫૨)

પોતાને આધીન ચિત્તવાળા જીવશર્માનું આવું વચન સાંભળીને તે બુદ્ધિ પ્રિયવચનોથી જીવશર્માને મોહ પમાડી કહેવા લાગી. (૫૩)

હે ધીમન્ ! તમારે કરવા યોગ્ય કર્મની સિદ્ધિ જોનારા તમોએ ઠીક નિશ્ચય કર્યો. હવે એ પંચ વિષયો તથા મારી સાથે રહીને તમો નિરંતર મહાસુખ પામશો. (૫૪) હે વિપ્ર ! નિત્ય પ્રાપ્ત થયેલા કામભોગો નિરંતર ભોગવતા આનંદમાં નિમગ્ન થયેલા તમો મારી સાથે રમો. (૫૫) પ્રેમને ન જાણનારા અને હાલમાં સ્વીકાર કરેલા ત્યાગ ધર્મથી બ્રહ્મચર્ય વ્રતવાળા તમારે કાલે આ કરવું છે એવી આ લોકની તથા પરલોકની ચિંતાથી રહિત થઈ, નિષેધ ન કરેલા સુખનો ત્યાગ નહિ કરનારા તમો તે તમારા વિના બીજા કયા માણસને હું આ લોકમાં રમાડું ? (૫૬)

તે બુદ્ધિ જીવશર્માને આ પ્રમાણે કહીને મૌન રહી. પછી જીવશર્માના મિત્રો જ્ઞાન અને ધ્યાન શોકમગ્ન બની તે જીવશર્માને કહેવા લાગ્યા. (૫૭)

હે મંદ જીવશર્મા ! સર્વ લોકને વિમોહન કરનારી આ ભગવાનની માયા છે. તને વારંવાર ગર્ભવાસ તથા આપત્તિઓ પમાડશે. (૫૮) તું પહેલાં આનાથી જ સંસાર સાગરમાં તથા જન્મ મૃત્યુ, જરા તથા કઠોર યમયાતનાઓ પ્રત્ય ફેંકાયલો હતો. (૫૯) કપટ, અવિનય, દોષોના સ્થાનભૂત, પોતાનાં સ્વામીનો નાશ કરનારી, અપવિત્ર ભાવથી યુક્ત આ સ્ત્રી છે. તે સ્ત્રીનો વિશ્વાસ કેમ કરે છે ? (૬૦)

જ્ઞાન અને ધ્યાન તેમણે આવી રીતે ઘણાં પ્રકારે બોધ આપ્યો છતાં પણ જીવશર્મા બુદ્ધિ નામની સ્ત્રીથી મોહ પામી નષ્ટ જ્ઞાનવાળો થયો હોવાથી તેણે જ્ઞાન અને ધ્યાનનું હિતકારી વચન માન્યું નહિ. (૬૧) પછી જીવશર્માએ તે પાંચ પુરુષોને બોલાવવા બુદ્ધિને આજ્ઞા કરી. તેથી તે સ્ત્રી વિષયાત્મક પુરુષોની સમીપે આવી અને જીવશર્માના પરાભવનું વૃત્તાંત તેમને કહેવા લાગી.

(૬૨) હે બંધુઓ ! જીવશર્માએ જ તમોને બોલાવવા મને મોકલી છે. તેનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા વિષયો તે સ્ત્રીના અત્યંત વખાણ કરવા લાગ્યા. (૬૩) પછી વિષયોનું સ્મરણ કરતા મહાભાગ્યશાળીઓ રૂપ, સૌંદર્યથી શોભતા, પોતાનાં ઘણાં મિત્રો ત્યાં આવ્યા. (૬૪)

પછી તે પાંચ વિષયો પોતાનાં મિત્રો તથા પોતાની ઈષ્ટ તે બુદ્ધિની સાથે જીવશર્મા બ્રાહ્મણની સમીપે આવ્યા. (૬૫) જીવશર્માએ પોતાની સમીપે આવેલા તેમને જોઈને ઊભા થઈ આસન આપવું તે પ્રકારે તેમનું સન્માન કરીને આદરપૂર્વક તેમનું તત્કાળ આતિથ્ય કર્યું. (૬૬)

પછી જીવશર્મા, તે બુદ્ધિની ભ્રકુટિના વિભ્રમો, મંદહાસ તથા તેના નિરીક્ષણથી વારંવાર મોહ પામી, વિનયયુક્ત બની નમ્રતાપૂર્વક તે રમણીય રૂપવાળાઓને આ પ્રમાણે પૂછવા લાગ્યો. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જીવશર્મા મોહ નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

જીવશર્મા કહે છે :- હે પુણ્ય દર્શનવાળા ! તમારો જન્મ કોનાથી છે ? તમારું નામ શું છે ? તે મને કહો. તેમજ જુદા જુદા તમારા ગુણ તથા પ્રભાવ પણ કહો. (૧) તેનું આવું વચન સાંભળીને શુદ્ધ વંશમાં થયેલા મહાપ્રભાવશાળી તે પુરુષો પ્રસન્ન થઈને જીવશર્માને કહેવા લાગ્યા. (૨)

હે બુદ્ધિમાન્ ! જે આ પાંચમા પુરુષ છે. તે તો અનાદિ તથા અંત રહિત આત્મા સ્વયંપ્રકાશ મહાપુરુષ છે. (''अनादिरात्मा पुरुषो निर्गुणः'' શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે) (૩) અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, અનંતના, કારણ, અક્ષર, સ્વયંજ્યોતિ જેને વેદો બ્રહ્મ કહે છે. (૪)

જેની ઈચ્છાથી પ્રાપ્ત થયેલી પોતાની શક્તિભૂત મૂળપ્રકૃતિ સંયુક્ત મહાપુરુષથી અનેક કોટિ પ્રધાન પુરુષો ઉત્પન્ન થાય છે. તે પ્રધાન પુરુષો અસંખ્ય એવા ચોવીસ તત્વોની ઉત્પત્તિના કારણ છે. (૫) હે સન્મતે ! પ્રધાનો તથા પુરુષોના સંબંધથી શ્રીહરિની ઈચ્છાથી અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. (૬)

અનેક કોટિ પ્રધાન પુરુષોમાં જે એક પ્રધાન પુરુષ છે તે અમારામાં આ ચોથા પુરુષ છે. (मूलप्रकृतिपतिस्तु मूलभूतः पंचमः पुरुषः प्रधानपतिस्तु चतुर्थः पुरुषः) પ્રધાનપતિને મહા બળવાન મહત્તત્વ નામનો પુત્ર હતો. (૭) તે મહત્તત્વ નામના પુરુષ રાગાદિ રહિત, કૂટસ્થ, નિર્વિકાર, પ્રકાશવાળો, જગતના કારણભૂત, જ્ઞાન તથા ક્રિયા એ બે શક્તિઓથી ચિત્ત તથા સૂત્ર જેમનાં નામ છે. (૮)

જે ચિત્તાત્મક મહાન પુરુષ તે સાક્ષાત્ વાસુદેવનું સ્થાન છે. (તેમાં सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम्'') તે પવિત્ર છે તથા તેને શાંત, નિર્વિકાર, સત્ત્વગુણવાળા કહ્યા છે. (૯) પ્રાણીઓમાં સંચારણ થતો જે મહા પ્રાણ જેનાંથી સર્વે પ્રાણીઓની ઈન્દ્રિયો ચેષ્ટા કરે છે તેને પંડિતો સૂત્રાત્મક મહાપ્રાણ કહે છે. (૧૦)

હે સન્મતે ! તે મહત્તત્વ નામનો પુરુષ અમારો ત્રીજો પુરુષ છે એમ જાણો. તે મહત્તત્વ નામના પુરુષથી અહંકાર થયો તે કેવો છે ? તો જેમાં ત્રણ સ્વરૂપ કહ્યા છે. (૧૧) સાત્ત્વિક,

રાજસ અને તામસ એ ત્રણ ગુણોની અનુક્રમે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને દ્રવ્યશક્તિ છે. (૧૨)

હે જીવશર્મા, તે ત્રણ સ્વરૂપથી યુક્ત અહંકાર નામનો અમારામાં આ બીજો પુરુષ છે એમ જાણો. અત્યંત પરાક્રમ છે જેમનું એવા તે મહાપ્રતાપી અને સાત્વિકાદિ ત્રણ ગુણો છે. (૧૩-૧૪)

હે જીવશર્મા ! એ ત્રણ પ્રકારનાં અહંકારો મનુષ્યોને હંમેશા દેહમાં અહંકાર સાથે જોડીને ક્રિયા કરાવી સુખી કરે છે. (શ્રીમદ્‌ભાગવતમાં कार्यकारणकर्तृत्वे द्रव्यज्ञानक्रियाश्रयाः । बन्धन्ति नित्यदा मुक्तं मायिनं पुरुषं गुणाः॥'' સુખી કરે છે એમ નહિ પણ બંધન કરે છે. પરંતુ જીવશર્માને પ્રતારણ કરવા માટે સુખી કરે છે એમ કહ્યું છે.) (૧૫)

હે દ્વિજ ! મન તથા ઈન્દ્રિયોના દેવતા એ પરાક્રમથી પ્રસિદ્ધ ઉદાર મનવાળા સાત્ત્વિક અહંકારના પુત્રો છે. (૧૬) હે સન્મતે ! દશ ઈન્દ્રિયો તથા દશ પ્રાણ પ્રજ્ઞાએ મહાબળવાળા મનોહર પુત્ર રાજસાહંકારને થયા. (૧૭)

હે જીવશર્મા ! શબ્દાદિ પંચવિષયો, પૃથ્વી આદિ પંચભૂતો એ તામસાહંકારને મહાભાગ્યશાળી દશ પુત્રો ઉત્પન્ન થયા. (૧૮) હે ભૂદેવ જીવશર્મા ! આવી રીતે નાના પ્રકારનાં કાર્ય કરવામાં કુશળ, મહાપરાક્રમી, યશસ્વી તથા અત્યુત્તમ વ્રતવાળા અમો બાંધવો છીએ. (૧૯)

હે જીવશર્મા ! તેથી જ્યારે તમો સદ્‌ગુણોથી યુક્ત, રૂપ લાવણ્યથી શોભતી આ અમારી બહેનને અંગીકાર કરશો. (૨૦) ત્યારે અમો બધા હંમેશા તમારી સહાય કરીશું. અમારી સહાયથી તમોને પોતાનું ઈષ્ટ સઘળું સુખ મળશે. (૨૧)

હે વિપ્ર ! તમો અમોને તો તત્ત્વ નામના દેવ જાણો. આ પ્રમાણે કહીને તત્ત્વાભિમાની દેવો જીવશર્માને પ્રીતિપૂર્વક જુદા જુદા પોતપોતાનાં લક્ષણો કહેવા લાગ્યા. (૨૨)

પ્રાણ કહે છે :- હે જીવશર્મા ! દેહમાં હું પ્રાણેન્દ્રિય મનના આશ્રયભૂત છું. નિર્વિકાર, સ્પર્શ, રૂપાદિ વર્જિત હોવાથી અવ્યક્ત, સમગ્ર કાર્યમાં વ્યાપેલો છું. માટે આવરણે રહિત મારું કાર્ય જે વાયુ વગેરે તેનો આધાર હું છું. છતાં બીજાના આધારે રહિત છું. (૨૩)

તમોને અંદર તથા બહાર કામ કરવાનું સ્થાન આપતો તથા રહેવાના વિસ્તારને આપતો તમોને અત્યંત સુખ પ્રત્યે હું નિત્ય લઈ જઈશ. (૨૪) **વાયુ કહે છે** :- સ્વર ઉત્પત્તિના સ્થાનમાં સ્વતંત્ર, વૃક્ષની શાખા વગેરેને હલાવનાર તૃણાદિ ભેગું કરવું તથા સંસારનું કારણ મળમૂત્રાદિનો મોક્ષ કરનારો હું છું. (સંયોગ કરનારો તથા મળમૂત્રાદિનું વિમોક્ષણ કરનાર એ મોક્ષ.) (૨૫)

ગંધ દ્રવ્યને ઘ્રાણ ઈન્દ્રિય પ્રત્યે પમાડતો, બળ તથા શૌર્ય આપતો હું તમોને અત્યંત સુખી કરીશ. (૨૬) અતિ ઉષ્ણ નહિ તથા અતિ શીત નહિ એવા સંસ્પર્શવાળો હું આહાર વગેરે ક્રિયાથી ઈન્દ્રિયોના બળને નિરંતર પોષણ કરીશ. (૨૭)

તેજ કહે છે :- હે સન્મતે ! હું તાપ, પ્રકાશ તથા તેજનું કારણ છું. વળી દુર્ધર્ષતાનું (કોઈની

છાયામાં નહિ દબાવા રૂપ) કારણ તેજ છું. (૨૮) હે જીવશર્મા ! હું શોક, ભૂખ, પિપાસાના કારણભૂત છું. ઉર્ધ્વ ગતિવાળો છું. કઠોરપણું, શીઘ્રગામિપણું, સ્વાભાવિક રક્તવર્ણપણું વગેરેથી સર્વદા યુક્ત હું છું. (૨૯) હે ધીમન્ ! તમારા શૈત્ય રોગાદિ દુઃખને હસતો, ઓજસ વધારતો હું વિચિત્ર રૂપોથી તમોને ઘણી શાંતિ પમાડીશ. (૩૦)

જળ કહે છે :- કૂવામાંથી મને ખેંચી કાઢે છે છતાં પણ તેમાં વારંવાર મારું ઉત્પન્ન થવું, મૃત્તિકા વગેરેનું પિંડીકરણ કરવાપણું, ભીનું કરવાપણું, સ્વભાવથી દ્રવરૂપની સ્થિતિથી શોભવાપણું તથા સ્નેહપણું ભૂમિના વિકારભૂત ચોખા વગેરેને પકવવામાં કારણ; (૩૧)

શીતળ, મૃદુ, સ્નાનાદિ કરનારને સૌંદર્ય સંપાદક, તૃપ્તિકારક, તાપનિવારક સંજીવન પોષક તથા તૃષાથી ઉત્પન્ન થતા વિકળપણાને નિવૃત્ત કરનાર, એ સર્વેથી તમોને હું મહાસુખ પમાડીશ. (૩૨)

હે જીવશર્મા ! ધૈર્ય, સ્થિરપણું, ગુરુપણું, આસક્તિ તથા કઠીનપણું, એ સર્વે ધર્મોવાળી, પ્રસવાત્મપણું તથા સંહારમાં કારણ હું ક્ષમા છું. (૩૩)

પૃથ્વી કહે છે :- દિવ્ય શરીરવાળા પ્રભુ શ્રીહરિની આકૃતિની સત્યતાનું પ્રતિમા સ્વરૂપે, (પૃથ્વીતત્વરૂપે) હું પ્રતિપાદન કરું છું. (૩૪) સર્વને ધારણ કરનાર, આકાશાદિનું વિશેષણ (જેમ કે **घटावच्छिन्नमाकाशम्** **पटावच्छिन्नमाकाशम्** વગેરે અવચ્છેદક - વિશેષણ) હું તમોને નાના પ્રકારનાં ભવનો તથા પટમંડપોથી અત્યંત સુખી કરીશ. (૩૫)

વિવિધ પ્રકારનાં હાટો, રમણીય કિલ્લાઓ, દેવમંદિરો, સોના તથા રૂપાના મણીન્દ્રો, મનોહર બગીચાઓ, વિવિધ પ્રકારનાં વાહનો, શોભાયમાન પાત્રો, વિચિત્ર વસ્ત્રો, ભૂષણો વગેરેથી તમોને હું અત્યંત સુખ પમાડીશ. (૩૬, ૩૭)

શબ્દ કહે છે :- સર્વનામોનો વાચક, દૃષ્ટા અને દૃશ્ય એ બંનેનો ઉપદેશ કરનારો હું શબ્દ તમોને ષડ્જાદિ સાત સ્વરોથી અત્યંત સુખ પમાડીશ. (૩૮) વેણું, મૃદંગ, નગારું, ભેરી, શંખ આદિ વાજિંત્રો તથા હાથી વગેરેના ધ્વનિ, પાંદડા તથા વૃક્ષાદિના શબ્દો વડે હું તમને મહાસુખ પમાડીશ. (૩૯)

સ્પર્શ કહે છે :- ઉષ્ણ, શીત, કઠોર, સ્નિગ્ધ, ચીકાશ, પારા વગેરેનો ગુરુ સ્પર્શ તથા આંકડાના તૂલ વગેરેના મૃદુ સ્પર્શ, લઘુ સ્પર્શ સમુદ્ર ફીણાદિનો તથા ઉત્તમ વસ્ત્રાદિનો વિશદ સ્પર્શ હું તમોને પમાડીશ. (૪૦)

રૂપ કહે છે :- શુકલ, કાળું, લાલ, નીલ, કર્બુર, પીળું વગેરે નાના પ્રકારનાં રૂપથી હું તમોને અત્યંત સુખી કરીશ. (૪૧) હ્રસ્વ, દીર્ઘ, મૃદુ, સુંદર, સ્થૂળ, વર્તુળ, ચિક્કણ, સૂક્ષ્મ, ચતુષ્કોણ, કઠોર વગેરે રૂપ છે. (૪૨)

રસ કહે છે :- હું રસ, કષાય, તીખો, કડવો, ખાટો, મધુર, ખારો વગેરે નાના પ્રકારનાં ભાવી હું તમોને ઘણી શાંતિ પમાડીશ. (૪૩)

ગંધ કહે છે :- હે જીવશર્મા ! કસ્તુરીનો ગંધ, મધુર દૂધપાક વગેરેનો સ્નિગ્ધ, આમળ વગેરેનો શાંત, કપુર વગેરેનો ઈષ, હિંગથી વધારેલા વ્યજનનો મિશ્રિત ગંધ, ઘૃતાદિનો એ આદિક વિશદ ગંધોથી હું તમોને અત્યંત સુખી કરીશ. (૪૪) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ શ્રેષ્ઠ નાના પ્રકારનાં વિષયોથી નિરંતર એ પ્રકારે તમોને અમો અત્યંત સુખ પમાડીશું. (૪૫)

કર્મેન્દ્રિયો કહે છે :- બોલવામાં વાણી, શીલ્પી કામ કરવામાં હાથ, ચાલવામાં બંને પગ, મલોત્સર્ગમાં પાયુ, આનંદમાં ઉપસ્થ, સમય પ્રમાણે જેમ સુખ થાય તે પ્રમાણે અમો તમોને સુખી કરીશું. (૪૬)

બુદ્ધિ કહે છે :- નિશ્ચય, સ્મરણ, સ્વાપ, સંશય, સ્મૃતિ કરાવનારી હું બુદ્ધિ સદા વિષયોનો નિશ્ચય તમોને કરાવીશ. (૪૭) તમોને અનુસરનારી હું ધારણા, ચિંતાથી ઉદ્વિગ્ન થયેલી ઈન્દ્રિયોને મારા અનુગ્રહથી અત્યંત સુખી કરીશ. (૪૮)

હું સર્વેન્દ્રિયોનુ શાસન કરનારી છું. એ સર્વે મહાપુરુષો હંમેશા મને આધીન છે. (૪૯) તેથી તમો મને આશરીને સર્વથા મારી પ્રસન્નતાથી અત્યંત શાંતિ પામશો આ પ્રમાણે તમો નિશ્ચય જાણો. (૫૦)

પ્રાણ કહે છે :- હું પ્રાણ હંમેશા તમારા હૃદયમાં રહીને અન્નને કંઠની નીચે લઈ જઈને મારા અત્યંત પ્રિય તમોને હું સુખ પમાડીશ. (૫૧)

અપાન કહે છે :- હે બુદ્ધિમાન ! તારી ગુદામાં વસતો પુરીષાદિ ઉત્સર્ગ કરાવતો તમોને હું મહાસુખ આપીશ. (૫૨)

સમાન કહે છે :- હે મહાબુદ્ધે ! તમારા નાભિમંડળમાં વસતો અને અન્નાદિ પાચન કરતો હું તમારું સુખ વિસ્તારીશ. (૫૩)

ઉદાન કહે છે :- હે દ્વિજ ! હું ઉદાન તમારા કંઠ દેશમાં હંમેશા નિવાસ કરીને ભાવણાદિ કરાવતો તમોને અત્યંત સુખ પમાડીશ. (૫૪)

વ્યાન કહે છે :- હે જીવશર્મા ! હું વ્યાન તમારા સમગ્ર શરીરમાં નિરંતર ગમન કરી, સંયોગોની ચેષ્ટા કરતો, તમોને અત્યંત શાંતિ કરાવીશ. (૫૫)

નાગાદિ કહે છે :- નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય તમારા શરીરમાં નિત્ય વસતા અમો પાંચ પ્રાણો દરરોજ ઓડકાર રૂપી વાયુની ઉર્ધ્વગતિ, ઉન્મીલનકર, આંખોનું ઉઘાડવુ, કૃકલ ભૂખ કરનાર, દેવદત્ત બગાસ ખાનાર, ધનંજય પુષ્ટિ કરતા તમોને અત્યંત સુખ પમાડીશું. (૫૬)

મન કહે છે :- હે સન્મતે ! ધૈર્ય, ઉપપત્તિ, શીઘ્રપણું, વ્યક્તિ, સત્વ વગેરે લક્ષણો જેનાં છે અને વિવિધ પ્રકારની ઉપાધિના સ્થાનભૂત હું માનું છું. (૫૭-૫૮)

કલ્પનામાં કારણભૂત હું સંકલ્પ તથા વિકલ્પોથી કામ ઉત્પન્ન કરી તમોને હંમેશા મહા કામ સુખ પમાડીશ. (૫૯)

જીવશર્મા કહે છે :- નાના પ્રકારની કામનાઓના સ્થાનભૂત હું ચિત્ત, તમોને સર્વદા વિષયોના

ચિંતવનથી મહા શાંતિ પમાડીશ. (૬૦)

અહંકાર કહે છે :- નાના પ્રકારની ક્રિયામાં કારણ હું અહંકાર, તમોને શરીર સુખની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારનાં કર્મોમાં જોડી સારી રીતે સુખ પમાડીશ.(૬૧)

ઈન્દ્રિયોના દેવો કહે છે :- હે વિભો !હે જીવશર્મા ! તમોને અનુસરીને અમો હંમેશાં વિચિત્ર વિષયની સ્ફુરણા કરી તમોને નિરંતર શાંતિ પમાડીશું. (૬૨)

તત્ત્વાભિમાની દેવતાઓ જીવશર્માને આ પ્રમાણે જુદા જુદા કરીને ફરીથી પોતાનાંમાં આસક્તિવાળા તેને આદર પૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૬૩) હે જીવશર્મા ! આ પ્રકારનાં અમો સર્વે મહાત્મા તમારી સાથે દરરોજ સહવાસ તથા મિત્રતા કરવા ઈચ્છીએ છીએ. (૬૪) હે ભૂદેવ ! વિષ્ણુદત્ત ! આ પ્રકારે તત્ત્વાભિમાની દેવોનું મનોહર વચન સાંભળીને અતિ પ્રસન્ન થયેલા જીવશર્મા વિનય પૂર્વક તે સર્વેને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૬૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જીવશર્મા તત્ત્વાભિમાની દેવ સંવાદ નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

જીવશર્મા કહે છે :- હે મહાભાગો ! પ્રાણીઓનું પોષણ કરનારા તમારી સાથે દૃઢ મૈત્રી કરી તમોને રાત્રિ દિવસ હું અનુસરીશ. (૧)

સ્વરૂપાનંદમુનિ કહે છે :- જીવશર્માનુ આવું વચન સાંભળીને અને જીવશર્માને વિષયોએ વશ કરેલો જાણીને ખેદ પામતા જીવશર્માના બંને મિત્રો જ્ઞાન તથા ધ્યાન જીવશર્માને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨)

અરે હે મોહાન્ધ ! હે સખા ! હે વિપ્ર ! તમો તેમનાં પ્રસંગથી અત્યંત દુઃખ પામશો. તેમજ તાપ, શોક, ભય વગેરે પામશો. (૩) બહારથી તો અમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણોથી મનોહર દેખાતા ઠગારાઓની જેમ આ લોકોને વિશ્વાસ પમાડીને તેમનું ધન વગેરે હણી તેમનોં નાશ કરે છે. (૪)

જેમ ગવાક્ષી ફળ બહારથી રમણીય દેખાય છે તેમ આ વિષયો તમનોને વારંવાર સંસૃતિ પમાડશે અને દુઃસહ યમ યાતનાઓ પમાડશે. (૫) હે જીવશર્મા ! તમો એમના પ્રસંગથી સંસારરૂપી વનમાં વારંવાર ભમશો. અમારા પ્રસંગથી તમો હમણાં જ સુખનો અવસર પામ્યા છો. (૬)

તમો માયારૂપી મહા નદીના સામા કાંઠાની સમીપે આવ્યા છો, છતાં ક્લેશમય તે નદીમાં ફરી કેમ પડો છો ? (૭) સર્વ પ્રકારે સંસારરૂપી પાશનો વિચ્છેદ ઈચ્છતા અમોએ વારંવાર જણાવ્યા છતાં પણ હે અંધ ! તમો કેમ નથી સમજતા ? (૮)

કામિનીએ ખેંચ્યું છે મન જેનું અને મોહથી નષ્ટ પામી છે બુદ્ધિ જેની એવો જીવશર્મા તેમનું એવું વચન સાંભળીને પોતાનાં બંને મિત્રો જ્ઞાન તથા ધ્યાનને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૯)

હે મિત્રો ! તપથી સુકાઈ ગયાં છે શરીર જેમનાં એવા તમારા બંનેના પ્રસંગથી હું ક્યારેય પણ લગારેય સુખ પામ્યો નથી. (૧૦)

હું તમારા બંનેના પ્રસંગથી ફક્ત નાડી અને પ્રાણથી જ વ્યાપ્ત એવો અકાળે વૃદ્ધપણું પામ્યો છું. (૧૧)તમો બંનેએ બળપૂર્વક મારી પાસે અતિ દુષ્કર તપ કરાવીને મને અત્યંત કૃશ અને દુર્બળ કરી દીધો છે. (૧૨) તમારા બંનેના યોગથી મારી સમગ્ર ઈન્દ્રિયોની શક્તિ સર્વ પ્રકારે હણાઈ ગઈ છે. ક્યારેય કોમળ અને સુંદર શય્યા પણ પામ્યો નથી. (૧૩)

હું ક્યારેય સારા રસવાળું અને સ્વાદિષ્ટ ભોજન જમ્યો નથી. દેવ ઈચ્છાથી પ્રાપ્ત થયેલા ફળાહારથી મારા બંને નેત્રોનું તેજ પણ ક્ષીણ થયું છે. (૧૪) તમારા બંનેના પ્રસંગથી, વિષય ભોગના યોગથી રહિત હું આ પ્રકારનોં અત્યંત દુઃસહ કેવળ શરીર ક્લેશ જ પામ્યો છું. (૧૫)

દુઃખ પામ્યા છે ઈન્દ્રિયો અંતઃકરણ જેનાં એવો હું આટલા સમય સુધી ક્ષણવાર પણ તમારા પ્રસંગથી ક્યારેય પણ સુખ પામ્યો છું ? (૧૬) આવી રીતે તમારા બંનેના પ્રસંગથી મેં દુઃખ જ અનુભવ્યું છે. તેથી તમારે બંનેએ મારી આગળ મોક્ષની વાત તો ન જ કરવી. (૧૭)

કામિની બુદ્ધિએ (સ્ત્રી) ભ્રકુટિના વિલાસોથી જેનું મન મોહિત કરી દીધું છે અને જેની બુદ્ધિ ભેદી નાંખી છે એવા જીવશર્માએ આ પ્રમાણે કહીને શાંતિ આપનારા જ્ઞાન અને ધ્યાન નામના બંને મિત્રોનો ત્યાગ કર્યો. (૧૮) પછી જીવશર્મા તત્વોએ મળીને રચેલા નાના પ્રકારનાં દ્વારથી મનોહર, કિલ્લાઓ તથા બજારોથી સુંદર, રમણીય બગીચાઓથી વિરાજમાન ભારતવર્ષના દેહનામના પુરમાં તત્ત્વોની સાથે વસતો, તત્ત્વાત્મક ઈન્દ્રિયોએ ગ્રહણ કરેલા તત્ત્વાત્મક શબ્દાદિ પંચવિષયનું પ્રતિદિન સેવન કરવા લાગ્યો. (૧૯-૨૦)

તે બુદ્ધિરૂપી પત્નીએ આ પદાર્થો શુભ છે એમ સમજાવ્યું અને તેથી જ તે ભોગ સ્વીકારી પોતાનાં અભિવાંછિત ખાનપાનાદિ વસ્તુઓ, હલકા ભોગો તથા વિષયોને ભોગવતા તેની આત્મગતિનું તેને વિસ્મરણ થઈ ગયું. (૨૧) સ્વૈરિણીની માફક સ્ત્રીના વિલાસથી ખેંચાઈ છે ઈન્દ્રિયો જેની અને ધન ઉપાર્જનમાં તથા ઈન્દ્રિયોમાં જેનોં વિરામ છે એવો જીવશર્મા રાત્રી દિવસનું ભાન ભૂલી ગયો. (૨૨)

બુદ્ધિ (સ્ત્રી) ના પ્રસંગથી જેણે કાળ વ્યતીત કર્યો છે તે રાગદ્વેષાદિથી વ્યાપ્ત અને શોકથી પીડાયેલો જીવશર્મા પછી દુઃસહ દુઃખ પામ્યો. (૨૩) દેહ, સ્ત્રી, પુત્રો, ગૃહ, દ્રવ્ય, ક્ષેત્ર, વસ્ત્રો, ભૂષણાદિમાં જેનું મન આસક્ત છે એવો જીવશર્મા પાપના સ્થાનભૂત વિષયોથી મોહ પામી અત્યંત દુઃખ પામ્યો. (૨૪) માછીમારે જાળમાં બાંધેલા માછલાની જેમ બુદ્ધિ (સ્ત્રી)ના મોહપાશમાં બંધાયેલો જીવશર્મા દુઃખી થયો. (૨૫)

પીડાકારી, વિવિધ પ્રપંચોથી વ્યાપ્ત, જીવશર્મા જ્ઞાન વિજ્ઞાનથી ભ્રષ્ટ થઈ ત્રિવિધ તાપથી દુઃખી

થયો. (૨૬) સ્વભાવ અને કર્મરૂપી બેડીથી બંધાયેલો મૂઢ જીવશર્મા, કામ, ક્રોધાદિ દોષોથી હણાઈને અત્યંત વ્યાકુળ થયો. (૨૭) આ સ્ત્રી, આ પુત્ર, આ દ્રવ્ય, ધામ, પૃથ્વી આદિ જેને છે એવું આ ક્ષેત્ર, આ કૂવો, આ વૃક્ષ, આ વસ્ત્ર, આ ઘર મારું છે. (૨૮)

આ પ્રમાણે જીવશર્મા માયાથી ઉત્પન્ન થયેલા મોહથી તે સ્ત્રી વગેરેને પોતાનાં માની, પુત્રના શોકના દુઃખથી રાત્રિદિવસ તપાયમાન થતો હતો. (૨૯) અભિમાનને વશ જીવશર્મા હંમેશા માનભંગથી પીડાતો, પુત્રોના વિવાહ વહેરેથી ઉપાધિઓના દુઃખોથી દુઃખી થયો. (૩૦)

મનની તથા શરીરની સો સો પીડાથી યુક્ત, વિષય ભોગની ચિંતાથી આતુર અંતઃકરણ વાળો, જીવશર્મા જીવિકાના અભાવથી ક્ષણે ક્ષણે શોક પામતો હતો. (૩૧) આ પ્રકારે શોક, મોહ અને ભયથી દુઃખી જીવશર્મા કર્મવશ બની વિનષ્ટ બુદ્ધિવાળો થઈ ક્લેશ યુક્ત ભવાટવીમાં ભમતો હતો. (૩૨)

વિષયમાં આસક્ત મતિવાળો, ગ્રામ્ય વિષયોમાં પ્રીતિવાળો, મૂઢ જીવશર્મા, તો પણ ભવાટવીમાં અસંખ્ય દુઃખોનો અનુભવ કરવા છતાં પણ વાનરની માફક સ્ત્રીપુત્રાદિકમાં આસક્ત રહેતો હતો. (૩૩) તેથી હંમેશા કપટથી જીવશર્મા અહીંથી તહીંથી ધન સંપાદન કરીને, કુટુંબ પોષણ તથા પોતાનાં શરીરનું પોષણ કરતો હતો. (૩૪)

જીવશર્મા આ લોકમાં સંસૃતિ આપનારા પ્રાકૃત વિષયો ભોગવતો, ઈન્દ્રિયોને લાડ લડાવતો, ક્યારેય પણ પોતાનાં આત્માને સંભાળતો ન હતો. (૩૫) અજીતેન્દ્રિય અને દુર્જનોની સાથે મૈત્રી કરતો જીવશર્મા દુઃખરૂપી સમુદ્રમાં ડૂબ્યો. (૩૬-૩૭)

હે દ્વિજ ! વિષ્ણુદત્ત ! આશારૂપી પાશોથી બંધાયેલો, સદા વિભ્રાન્ત મનવાળો જીવશર્મા, મોહરૂપી અંધકારના પડદાથી આવૃત્ત થયેલા છે. બંને નેત્રો જેનાં એવો બની ગયો અર્થાત્ મોહાંધ થઈ ગયો. (૩૮) મૂઢ, અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ તથા અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અનાત્મામાં આત્મ બુદ્ધિ અને દુઃખોમાં સુખ બુદ્ધિ માનનારો જીવશર્મા અત્યંત પીડા પામતો હતો. (૩૯)

પ્રમાદરૂપી અજગરે ગળેલો તૃષ્ણારૂપી સાંકળોથી બાંધેલો, લોભ, કામ, માન, ઈર્ષ્યારૂપી દાવાનળની જ્વાળાથી દગ્ધ થયેલો જીવશર્મા પીડાથી વ્યાકુળ થયો. (૪૦) દેહાભિમાન રૂપી સર્પે ડંસેલો અને તેથી જેની બુદ્ધિ નાશ પામે છે તે જીવશર્મા પોતાનાં પુત્ર વગેરેના પોષણ માટે નિત્ય પાપ કરતો હતો. (૪૧)

આવી રીતે શોકની પીડારૂપી દાવાનળની જ્વાળાથી બળ્યા છે અંગ જેનાં એવો, વિષય સંપાદનની સિદ્ધિ માટે પ્રયત્ન કરતો અને ધન પ્રાપ્તિની ઈચ્છાવાળો, જ્ઞાન રહિત દ્વિજ રાજ જીવશર્મા ધીરે ધીરે વૃદ્ધાવસ્થાને પામ્યો. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રની સાતમા સ્કંધમાં જીવશર્માને અતિદુઃખ પ્રાપ્ત થયું તે નામે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી સ્વરૂપાનંદમુનિ કહે છે :- બંધુવર્ગ તથા જ્ઞાતિરૂપ વહ્નિમાં રાત્રિ દિવસ બળતો જીવશર્મા પુત્રની ચિંતાથી મોહ પામી અત્યંત દુઃખ પામ્યો. (૧) વારંવાર વિવિધ વસ્તુઓની ઇચ્છા કરતો, સ્ત્રી પુત્રાદિથી પીડા પામેલો જીવશર્મા, સન્નિપાતની પીડા પામ્યો હોય તેની માફક અત્યંત પીડિત થયો. (૨) જીવશર્મા હડકાયા કૂતરાની માફક ધનપ્રાપ્તિ માટે અહીં તહીં દોડતો, દુઃખથી આતુર બની અલ્પ સુખ ક્યારેય પણ ભોગવી શક્યો નહિ. (૩) એક નેત્રવાળો, કાન તથા કંઠમાં વળગેલા જીંગોડાઓથી પીડા પામેલો, અનેક રોગથી દુઃખી કૂતરો જેમ દુઃખી થાય તેમ જીવશર્મા અત્યંત દુઃખ પામ્યો. (૪) તેવી રીતે અજ્ઞાની જીવશર્મા પત્ની, પુત્ર, પુત્રીઓ, બંધુઓના મોહમાં ફસી તથા શત્રુઓથી પીડા પામી દુઃખનો અનુભવ કરતો હતો. (૫) અગ્નિમાં શેકવા નાખેલું રીંગણું જેમ બફાઈ જાય છે તેમ દગ્ધ ચિત્તવાળો અને તેથી વ્યાકુળ બનેલો, અનેક ક્લેશ ભોગવતો જીવશર્મા વૃદ્ધાવસ્થાથી અત્યંત દુઃખી થયો. (૬)

પોતાનાં પોષણ કરવામાં અશક્ત જીવશર્માનો, વૃદ્ધ બાળકને ખેડૂતો જેમ અવગણે છે તેમ, તેની સ્ત્રી, પુત્ર વગેરે અનાદર કરતા હતા. (૭) જૂના ખાટલામાં સૂતો છે તો પણ સ્ત્રી પુત્રાદિની ચિંતાથી (હું આવો વૃદ્ધ થયો હવે મારા સ્ત્રી પુત્રાદિની શી ગતિ થશે ? એવી ચિંતાથી) નિઃશ્વાસ મૂકતો જીવશર્મા, વારંવાર માંકડ વગેરેથી પીડા પામેલો રાત્રિમાં સુખ પામતો ન હતો. (૮)

વિવિધ પ્રકારનાં રોગોની પીડાથી યુક્ત મંદ જઠરાગ્નિ જેને છે એવો, જેની ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ છે એવો જીવશર્મા એ રીતે ઘણી પીડા પામ્યો. (૯) વૃદ્ધવસ્થાથી કુરૂપ થયેલો, ખાંસી તથા દમથી અત્યંત પીડા પામેલો, જીવશર્મા રાત્રિદિવસ પુત્રાદિના કુશળપણાનું ચિત્તમાં ચિંતવન કરતો હતો. (૧૦)

મંદ બુદ્ધિવાળો જીવશર્મા નિયમમાં નથી વાણી જેને એવો બની જ્યારે પોતાનાં પુત્ર વગેરેને ઉપદેશ આપતો ત્યારે તેનો પુત્ર કુત્સિત વાણીથી તેનો તિરસ્કાર કરીને જીવશર્માને આવી રીતે કહેતા હતા. (૧૧) હે નીચ ! હે વૃદ્ધ ! હે દુર્મતિ ! કટુ ભાષણ કરનારી તારી લાંબી જીભ છરીથી કાપવા યોગ્ય છે. માટે તારે ક્યારેય કાંઈ પણ બોલવું નહિ. (૧૨)

હે પાપકારી ! અમો તારી માફક હંમેશાં નવરા નથી, માટે અમોને જ્યારે અવકાશ આવશે; (૧૩) ત્યારે ઊનું અથવા ટાઢું, વાસી જેવું ભોજન હશે તેવું અમો તમોને આપીશું. (૧૪) હે પાપિન્! અમોને હંમેશાં તું ગાળો આપે છે. દુષ્ટ વાણીરૂપી બાણોથી વીંધે છે. માટે આજથી ભોજન તથા સુખની આશા તું ત્યજી દે. (૧૫)

પિતા છો એમ માનીને જો દયા આવશે અને તારા ઉપર થયેલો ક્રોધ નાશ પામશે. ત્યારે કાંઈ જેવું તેવું ખાવાનું તથા જળ તને આપશું. (૧૬) તેથી હે દુઃશીલ ! જીહ્વાને નિયમમાં કરીને દુષ્ટ આકૃતિનો ત્યાગ કરીને જ્યાં સુધી અમો ઘરનું કામ કરીને ત્યાં સુધી તારે મૂંગા બેસવું. (૧૭)

જો એમ નહિ કરીશ તો અમો તને ખૂબ મારીશું માટે તારે અમને ક્યારેય કાંઈપણ આજ્ઞા

કરવી નહિ. (૧૮)

તું હવે પરાધીન છે તેથી તારા કરેલાં પાપના ફળ હવે ભોગવ અમારા ઉપર ક્યારેય નકામી દોષ દૃષ્ટિ કરવી નહીં. (૧૯) આ પ્રકારે પુત્ર તથા બંધુવર્ગોના દુર્વચન રૂપી બાણોથી વીંધાયેલો અને અત્યંત તિરસ્કૃત થયેલો અને તેથી ક્રોધાયમાન થયેલો જીવશર્મા અપશબ્દો બોલતો બહુ લવારો કરવા લાગ્યો. (૨૦)

પછી જીવશર્મા મસ્તક ઉપરનું જૂનું ફાળીયું બાંધી તથા હાથમાં લાકડી લઈ ક્રોધથી ઘરનો ત્યાગ કરી બજારમાં ગયો. (૨૧) શોક અને ચિંતાથી વ્યાકુળ અંતઃકરણવાળો જીવશર્મા, ભૂખ તથા તરસથી પીડા પામેલો, સુકાઈ ગયો છે કંઠ જેનોં, એ રીતે બજારમાં બેઠો. (૨૨)

જીવશર્મા આ પ્રકારે અત્યંત પીડા પામ્યો, છતાં પણ હઠથી બે યામ સુધી બજારમાં બેસી રહ્યો તો પણ કોઈ સંબંધીએ તેની સંભાવના કરી નહિ. (૨૩) પછી જીવશર્મા પોતે પોતાને ઘેર આવીને દીન, કરુણ, ગદ્‌ગદ્ વાણી બોલી પોતાનાં આંગણામાં બેઠો. (૨૪)

તો પણ તેના પુત્રો વગેરેએ જીવશર્માને ઘરમાં પ્રવેશ કરવા ન દીધો. પછી જીવશર્મા ભૂખથી પીડા પામેલો, જેનું શરીર કંપે છે એવો, ઘરની બહાર ઓટલી ઉપર બેઠો. (૨૫) જમવા માટે ભોજનની પુત્રો પાસે વારંવાર યાચના કરતા જીવશર્મા તરફ તે બંધુવર્ગમાંથી કોઈએ પણ જોયું નહિ. ઉલટું તે બંધુઓ તેનો તિરસ્કાર કરવા લાગ્યા. (૨૬)

તેથી ક્રોધથી આકળા થયેલા તેના સ્ત્રી પુત્રાદિક જીવશર્માને આ પ્રમાણે કહેવા લાગ્યા, હે પાપ! હે દુરાત્મન્ ! તને બે મુહૂર્ત પછી ખાવાનું આપીશું. (૨૭) હે મંદ ! તારે ફરી આવું ક્યારેય પણ કરવું નહિ. જો તું આ પ્રમાણે કરીશ તો તને ક્યારેય ભોજન આપીશું નહિ. (૨૮)

તેના પુત્રે વૃદ્ધ જીવશર્માનો આ પ્રમાણે અનાદર કરીને એક યામ વ્યતીત થયેલું, (વાસી) રસ વિનાનું મશકાદિથી યુક્ત ભોજન આપ્યું. (૨૯) પછી ઘરનું રક્ષણ કરનાર કૂતરાને જેમ ઉચ્છિષ્ટ અન્ન આપે તેવું અન્ન ખાતો જીવશર્મા શ્વાસ લેતો પહેલાં ભોગવેલાં સુખને સંભારીને અત્યંત વ્યથા પામતો હતો. (૩૦)

મૂત્ર તથા વિષ્ટાથી ખરડાયેલા શરીરવાળો, ઘણાં દુર્ગંધિથી દૂષિત, ભોગથી વર્જિત જીવશર્મા મોહ પામતો ખાટલામાં સૂઈ ગયો. (૩૧) પડખું ફેરવવા માટે અશક્ત, રોગી તૃષાથી પીડિત તેની, તેના બંધુઓ ક્યારેય પણ સંભાવના કરતા ન હતા. (૩૨)

પછી જીવશર્મા પોતાની પાસે આવેલા પોતાનાં જ્ઞાતિજનોને આ પ્રમાણે કહેવા લાગ્યો; હે વિચક્ષણો! મને અત્યંત દુઃખ છે. (૩૩) અરે હે જ્ઞાતિજનો ! વિવિધ પ્રકારનાં રોગથી વ્યાકુળ અંતઃકરણવાળો હું મરું છું. આવી આપત્તિમાં મારી સેવા પણ કોઈ ક્યારેય કરતું નથી. (૩૪)

હે જનો ! સ્ત્રી પુત્રાદિ હંમેશા ક્ષુધા તથા તૃષાથી પીડા પામેલા અને વિવિધ પ્રકારનાં દુઃખ થી

ભરેલા મારી ક્યારેય સંભાવના કરતા નથી. (૩૫) તમો દયાળુ મારા પુત્ર તથા સંબંધીઓને ઉપદેશ આપીને દુઃખ પામેલા મારી સેવા કરવા માટે તેમને પ્રેરણા કરો. (૩૬)

જો તમો મારી સેવા કરવા માટે તેમને નહિ કહો તો અત્યંત દુઃસહ પીડાથી વ્યાકુળ મનવાળો હું કૂવામાં પડીને મારા પ્રાણનો ત્યાગ કરીશ. (૩૭)

આ પ્રમાણે જીવશર્માએ કહેલું વૃત્તાંત સાંભળીને ત્યાં બાળકો તથા વૃદ્ધો સ્ત્રી પુરુષો, અહીં તહીંથી ઘણાં આવ્યા. (૩૮-૩૯) દુઃખથી પીડાયેલા દીન જીવશર્માને જોઈને દયાથી દુઃખી થયેલા તે જનો તેના નિર્દય પુત્રાદિને ઠપકો આપવા લાગ્યા. (૪૦) તેથી ક્રોધ પામેલા તેના પુત્ર વગેરે જીવશર્માને આ પ્રમાણે કહેવા લાગ્યા, હે પાપી ! તારી સેવા કરનાર અમોએ તારું શું બગાડ્યું છે ? (૪૧)

હે પાપ ! અમોએ તારી સેવા વારંવાર કરી છતાં પણ અમારી અપકીર્તિ કેમ કરે છે ? આ લોકો તારા કહેવાથી અપરાધ વિનાના અમોને ઠપકો આપે છે. (૪૨) તેં તો અમારું અનિષ્ટ કરી અમારા નિર્મળ કુળને અત્યંત લજવ્યું છે. પૂર્વ જન્મના પાપથી તું દુઃખી છે. છતાં પણ તું હજુ અમારા પાપ છે તેથી મરણ પામતો નથી. (૪૩)

આ લોકમાં જે બંધુઓની જરૂર હતી તે મરી ગયા, પરંતુ નકામો થયેલો તારો દેહ હજુ ન પડ્યો. પાપીનું તત્કાળ મૃત્યુ ક્યાંથી થાય ? (૪૪) હે પાપી ! આ મારી સેવા નથી કરતા એમ લોકોને કહીને દુષ્ટ બુદ્ધિવાળા તેં અમારી લાજ લીધી છે. (૪૫)

હે પાપી ! રોગથી પીડિત તું કયા સુખની આશાથી જીવે છે ? તારા બંધુઓને પીડા કરનારો અમારા કુળને દૂષણ આપનારો તું હવે મર. (૪૬) અમારી નિંદા કરનાર અધમ તું હવે ભૂખની નિવૃત્તિ માટે ધૂળ તથા પથરા ખા એમ કહીને તેના પુત્રોએ તો જીવશર્માને ભોજન તથા જળનું કાંઈ પણ પૂછ્યું નહિ. (૪૭)

હે પાપિન્ ! જેમની આગળ તેં અમારી નિંદા કરી છે તે બધા તને ત્યજીને ક્યાં ગયા ? તેમણે તને કેમ કાંઈ ખાવાનું આપ્યું નહિ ? (૪૮) હે પાપી ! જો તે તને આપશે તો અમો કાંઈ પણ તને આપીશું નહિ. પરંતુ એ લોકો કાંઈ પણ તને આપશે જ નહિ. માટે હવે મૌન બેસ. (૪૯)

તે પુત્રો આ પ્રમાણે તેને કહીને ક્રોધથી આકુળ વ્યાકુળ થઈ, ભૂખ તરસથી અત્યંત પીડા પામેલા તેનો ત્યાગ કરીને તેઓ પોતાનાં વ્યાવહારિક કામ કરવા લાગ્યા. (૫૦) પછી રાત્રિએ ક્રોધથી વ્યાકુળ થયેલા તેના પુત્રો, પશુને જેમ મારે તેમ, ઘરડા જીવશર્માને મારવા લાગ્યા. (૫૧)

તેથી ત્રાસ પામેલો તથા ભૂખ તરસ અને રોગથી પીડા પામેલો અને રડતો જીવશર્મા મોહરૂપી પાશને વશ થયેલો દુઃસહ પીડા પામ્યા. (૫૨)

હે વિપેન્દ્ર ! વિષ્ણુદત્ત ! પોતાનાં બંધુજનોએ રાત્રિદિવસ આ પ્રમાણે દુઃખ આપ્યું છતાં પણ અત્યંત મોહિત થયેલો તે જીવશર્મા પુત્રનું શુભ ચિંતન કરતો સ્ત્રી પુત્રાદિમાં આસક્ત છે મન જેનું એવો બની દુઃખી થવા છતાં પણ શાંતિદાયક વૈરાગ્ય તેને થયો નહિ. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જીવશર્માને અનેક પ્રકારનું દુ:ખ પડ્યું તે નિરૂપણ નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી સ્વરૂપાનંદમુનિ કહે છે :- હે વિપ્રવર્ય ! વિષ્ણુદત્ત ! પછી મંગળમૂર્તિવાળા જીવશર્માના મિત્રો જ્ઞાન તથા ધ્યાન પરસ્પર વિચાર કરવા લાગ્યા. (૧) અહો ! આશ્ચર્ય છે કે અત્યંત મોહ પામેલા અને પુત્રાદિ બંધુઓએ પીડા પમાડી છે છતાં આ જીવશર્માને દુ:ખને નાશ કરનારો વૈરાગ્ય થતો નથી. (૨)

વૃદ્ધ અને રોગાદિથી અત્યંત પીડા પામેલો આપણા મિત્ર જીવશર્માને સ્વાર્થ નિષ્ઠાવાળા અને પીડા કરનારા તેના બંધુઓનો કાંઈ દોષ દેખાતો નથી. (૩) પહેલાં આપણે બંનેએ ઘણી રીતે તેનો ઉપદેશ કર્યો હતો છતાં પણ મોહથી નાશ થઈ છે, બુદ્ધિ જેની એવા દુર્મતિ જીવશર્મા પુંશ્ચંલી સ્ત્રીમાં આસક્ત થયો. (૪)

તેથી સ્ત્રી આદિના સંગથી દુ:ખ ભોગવતો જીવશર્મા વૈરાગ્ય પામતો નથી. સુખની પ્રાપ્તિ માટે વૈરાગ્ય જ યોગ્ય છે. (૫) આણે આપણા બંનેનો સંગ ઘણાં કાળ પર્યંત કર્યો હતો, આપણી સાથે ત્યાગ પાળ્યો હતો માટે તેને દુ:ખ થાય તે યોગ્ય નથી. (૬) માટે ભયંકર યમદૂતો એને યમપુરીમાં લઈને જઈને તીવ્ર નારકી દુ:ખો જ્યારે બતાવે; (૭)

ત્યારે અંતરમાં થતા ત્રાસને લઈને તે વૈરાગ્ય પામશે. પછી આપણી સાથે ભળીને સર્વોત્તમ દુર્લભ મુક્તિ પામશે. (૮) સર્વ પ્રાણીઓને શાંતિ આપનારા, દયાર્દ્ર હૃદયવાળા, મંગળ મૂર્તિ બંને મિત્રો જ્ઞાન અને ધ્યાન જીવશર્માના સુખ માટે આ પ્રમાણે સંકલ્પ કરતા હતા. (૯)

પછી જેનું મન ત્રાસ પામ્યું છે એ જીવશર્માને યમદૂતો ભયંકર દૂતો પાપી પ્રાણીઓ જે પુરીમાં પીડા પામે છે તે પુરીમાં લઈ ગયા. (૧૦) પછી યમદૂતો યમની આજ્ઞાથી નરકમાં નરક યાતના ભોગવતા ઘણાં જીવો બતાવવા માટે જીવશર્માને લઈ ગયા ગયા. (૧૧) જુદા જુદા નરકકુંડોમાં યમદૂતોએ પાડેલા પીડા પામતા, વારંવાર બૂમો પાડતા, અનેક પાપીઓને જીવશર્મા જોતો હતો. (૧૨)

તે નરકના જીવોમાં, બીજાની સ્ત્રી, પુત્રો તથા ધન અપહરણ કર્યું હોય તેવા જીવોને વિપત્તિઓના સ્થાનભૂત તામિસ્ર નરકમાં યમદૂતોએ પાડ્યા હતા. તેમજ ભોજન અને જળ ન આપતાં અહીંથી તહીંથી તેમને લોહના દંડો વડે માર મારતા તથા તિરસ્કાર કરી પીડા પમાડી મૂર્છા પામેલા, જીવશર્મા જોતો હતો. (૧૩-૧૪)

જે જનો સ્ત્રીઓના પતિને ઠગીને તેની સ્ત્રીઓ પોતે ઉપભોગ કરતા હતા. તેમને યમદૂતોએ અંધ તામિસ્ર નરકમાં નાંખેલા અને પીડાથી આકુળ, નષ્ટ દૃષ્ટિવાળા તે દુષ્ટ જનોના અંગો

કુહાડાથી છેદાતા હતા. જેમ વૃક્ષના મૂળ છેદાયા હોય તેમ જીવશર્મા ત્રાસયુક્ત ચિત્તથી તેમને જોતો હતો. (૧૫-૧૬)

આ લોકમાં જે જનો અહંતા તથા દેહના સંબંધિઓમાં મમત્વ ભાવથી અન્ય મનુષ્યોનો દ્રોહ કરી પ્રતિદિન પોતાનું કુટુંબનું પોષણ કરતા હતા. (૧૭) તેમને યમદૂતોએ ભયંકર રૌરવ નરકમાં પાડેલા, સર્પોથી અતિક્રૂર રૂરૂ નામના પ્રાણીઓએ ડંસેલા અને તેથી બૂમો પાડતા જીવશર્મા જોતો હતો. (૧૮)

જે દુષ્ટ જનો નિત્ય કેવળ દેહનું જ ભરણપોષણ કરનારા હતા તેમને યમદૂતોએ ઉગ્ર અને મહા રૌરવ નરકમાં પડેલા અને ક્રવ્ય સંજ્ઞાવાળા, અત્યંત માંસભક્ષી, ઉગ્ર રૂરૂ પ્રાણીઓ તેમનાં માંસ માટે ચારેય બાજુએથી તેમને કરડતા અને તેથી વ્યાકુળ થયેલા તેમને જીવશર્મા જોતો હતો. (૧૯-૨૦)

જે પાપીઓ જીવતા પક્ષીઓ, પશુઓ વગેરેને કાપી તેનું માંસ રાંધી ખાતા હતા, તેમને અતિદારુણ એવા કુંભિ પાકમાં નાખી તેમને અતિનિર્દય યમદૂતો ઉકળતા તેલના મોટા લોઢાના કઢાયામાં નાંખીને શેકતા હતા તે જીવશર્મા જોતો હતો. (૨૧-૨૨)

જે જનો પિતા તથા વિપ્રોનો દ્રોહ કરતા હતા, તેઓને યમદૂતોએ અગ્નિથી તપેલા દશ હજાર યોજનના વિસ્તારવાળા કાળ સૂત્ર નામના નરકમાં ફેંકેલા, અત્યંત ભૂખ અને તરસથી પીડા પામેલા, બળતા શરીરવાળા, દુઃસહ આપત્તિઓવાળા, આર્તનાદ કરતા, જીવશર્મા જોતો હતો. (૨૩, ૨૪)

જે જનો પોતાનાં વેદ માર્ગનો ત્યાગ કરીને, પાખંડ માર્ગનો આશ્રય કરતા હતા, તેઓને મહાક્લેશવાળા અસિપત્ર નરકમાં યમદૂતો નાંખી મોટા લોઢાના કોરડા વડે તેમને મારતા હતા. અહીં તહીં દોડતા, તરવારના જેવી ધારો જેમની છે એવા પાંદડાઓ વડે વારંવાર છેદાતા અંગવાળા, 'હા હણાયા' એમ ઉંચા શબ્દોથી બોલતા, ઘણી પીડા પામેલા, ડગલે ડગલે પડતા અને મૂર્છિત થતા તે, પાપીઓને જીવશર્મા જોતો હતો. (૨૫, ૨૬, ૨૭)

જે રાજાઓ તથા રાજાના જનો દંડ કરવાને યોગ્ય નહિ એવા જનને દંડ કરતા હતા, બ્રાહ્મણોને અત્યંત કઠોર દેહનો દંડ કરતા હતા, તેઓને યમના દૂતો શૂકરાસ્ય નરકમાં નાંખી લોઢાના યંત્રોમાં (ઘાણીઓમાં) શેરડીના સાંઠાની માફક તેમનાં સર્વ અંગો પીલતા હતા. ત્રાસ પામેલા, વ્યથા હોવાથી ઉંચા સ્વરથી આર્તનાદ કરતા તથા રડતા, મૂર્છા પામેલા, અનાથ, યમદૂતોએ તિરસ્કાર કરેલા તે પ્રાણીઓને ભયથી પીડા પામેલો જીવશર્મા જોતો હતો. (૨૮, ૨૯, ૩૦)

જે જનો લીખ, માંકડ, જૂ વગેરે સૂક્ષ્મ જંતુઓને હણતા હતા, તેઓને ભયંકર અંધકૂપ નરકમાં ક્રૂર યમદૂતોએ નાંખ્યા હતા. માંખ, મચ્છર, જૂ તથા માંકડ વગેરેના ડંસથી પીડા પામેલા પશુ, વ્યાઘ્ર, સર્પો, ગરધલા વગેરે પક્ષીઓએ વિદારણ કરેલા દેહવાળા તે પાપી જીવોને જીવશર્મા જોતો હતો. (૩૧, ૩૨)

જે મનુષ્યો પોતાને પ્રાપ્ત થયેલું ભોજન વહેંચ્યા વિનાજ ખાતા તથા પંચ મહાયજ્ઞો કર્યા સિવાય

જે અન્ન જમતા હતા તેમને, કાગડાઓ જેવા યમદૂતોએ કૃમિકુંડ નરકમાં નાંખી કૃમિરૂપ થયેલા, જેમને કૃમિ ખાતા હતા તે પાપી પ્રાણીઓને જીવશર્મા જોતો હતો. (૩૩, ૩૪)

જે જનોએ ચોરી કરીને અથવા બળપૂર્વક બ્રાહ્મણનું રત્ન તથા સોનું હરણ કર્યું હતું તથા બીજા પ્રાણીઓની વિવિધ પ્રકારની વસ્તુઓનું અપહરણ કર્યું હતું, તેમને યમદૂતો સંદેશ નરકમાં પાડી લોઢાને અગ્નિથી તપાવેલા સાંણસાઓથી તેમની ચામડી છેદી નાંખતા તે પાપી પ્રાણીઓને જીવશર્મા જોતો હતો. (૩૫, ૩૬)

દુષ્ટ આશયવાળા જે જનોએ પરસ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હતો તથા દુષ્ટ આશયવાળી સ્ત્રીઓએ બીજા પુરુષો સાથે વ્યભિચાર કર્યો હતો તેમને, યમના દૂતોએ ''તપ્તસૂર્મી'' નરકમાં નાંખી ચાબૂકોથી તાડન કરતા અને તેથી ત્રાસ પામેલા, અગ્નિથી અતિ તપાવેલી લોઢાની સ્ત્રીની મૂર્તિઓ સાથે યમદૂતો તેમને આલિંગન કરાવતા હતા. તેવી રીતે તપેલા લોઢાની પુરુષોની મૂર્તિઓ સાથે પાપી સ્ત્રીઓને આલિંગન કરાવતા હતા, તેવી રીતે સ્ત્રીઓને જીવશર્મા ઉદ્વેગ પામતો જોતો હતો. (૩૭, ૩૮, ૩૯)

આ લોકમાં જે જનો પશુ સાથે પણ અભિગમન કરતા હતા, તેમને ''વજકંટક શાલ્મલી'' નરકમાં વારંવાર નાંખી અને ભયભીત થયેલા, રુદન કરતા, વજકંટકની શૂળી ઉપર તેમને મૂકીને, તેના ઉપર ખેંચાયેલા તે પાપીઓને જીવશર્મા અતિ ત્રાસથી, પીડિત અંતઃકરણથી, જોતો હતો. (૪૦, ૪૧)

આ લોકમાં જે કુલીન રાજાઓ તથા તેમનાં આશ્રિત પુરુષો વેદ અને શાસ્ત્રોમાં જણાવેલી અને સુખ આપનારી ધર્મમર્યાદાને લોપી નાંખતા હતા, તેઓને યમના દૂતોએ વિષ્ટા અને મૂત્રથી ભરેલી એવી વૈતરણીમાં નાંખ્યા હતા. જળ જંતુઓ તેમનું ભક્ષણ કરતા હતા. એવા પાપી જનોને જીવશર્મા જોતો હતો. (૪૨, ૪૩)

જે દુષ્ટો પોતે બ્રાહ્મણ હોવા છતાં શૂદ્રની જેમ સંધ્યા ઉપાસના તથા શૌચ આચાર રહિત બની, નિર્લજ્જ થઈ, આ લોકમાં પશુની માફક સ્વેચ્છાચારનું આચરણ કરતા હતા. દુર્બુદ્ધિવાળા તે જનોને પાંચ-શ્લેષ્માદિથી ભરેલા પૂયોદ નરકમાં યમદૂતોએ નાંખ્યા હતા. મલ્લનો માર ખાનારા તે પાપીઓને જીવશર્મા જોતો હતો. (૪૪, ૪૫)

કૂતરાં તથા ગધેડાઓનું પાલન કરનારા, મૃગયા વિહાર કરનારા જે વિપ્રો, દુષ્ટાચાર પરાયણ થઈને મૃગલાનો શિકાર કરતા હતા, તેઓને ભયંકર પ્રાણરોધ નરકમાં યમદૂતોએ નાંખતા હતા. લક્ષ્ય કરીને પુષ્કળ બાળ વડે ચારેય તરફથી વીંધાતા તે પાપીઓને જીવશર્મા જોતો હતો. (૪૬, ૪૭)

આ લોકમાં દાંભિક જનો યજ્ઞોમાં પશુઓને હણતા હતા, તેઓને વૈશસ નામના નરકમાં યમદૂતોએ નાંખ્યાં હતાં. શસ્ત્રો વડે હણાતા તે પાપીઓને જીવશર્મા જોતો હતો. (૪૮)

આ લોકમાં ત્રૈવર્ણિક જે જનો સવર્ણની સ્ત્રીઓને વીર્યપાન કરાવતા હતા. (વશ કરવા માટે) તેઓને યમને કિંકરોએ લાલાભક્ષ્ય નરકમાં પાડ્યા હતા તેમને યમના દૂતો પગથી દબાવતા હતા. વીર્યનું

પાન કરાવનારાઓ, આ રીતે ત્રાસ પામેલા પાપી જીવો, ત્રાસથી વ્યાકુળ છે આત્મા જેનોં અને તેથી જ જેમનું શરીર કંપે છે તેમને જીવશર્મા જોતો હતો. (૪૯, ૫૦)

જે ચોર હતા અને જે અગ્નિથી ઘરો બાળનારા હતા તથા જે ઝેર આપનારા હતા, દુષ્ટ બુદ્ધિવાળા તે પાપીઓ જે ગામ તથા સંઘને લૂંટતા હતા, વળી તેવા કર્મ કરનારા જે રાજાઓ તથા તેમનાં જે નોકરો હતા તેઓને, યમદૂતોએ સારમેયાદન નરકમાં નાંખતા હતા અને વજ્રના જેવી દાઢોવાળા સાતસોને વીશ કૂતરાઓ તેમનું ભક્ષણ કરતા હતા તેવા પાપીઓને જીવશર્માએ જોયા. (૫૧, ૫૨)

દાનમાં, વ્યાપારમાં તથા સાક્ષી આપવામાં જે જૂઠું બોલ્યા હતા, તેમને ઘણાં દુઃખથી ભરેલા, અતિકઠોર, જળ વિનાનો હોવાથી સારથકમાં અવીચિમત નરકમાં યમના દૂતો સો સો યોજન ઊંચા પર્વતના શિખર ઉપરથી શિલાના પુષ્ટ ભાગમાં પાડતા હતા. અને તેથી જેમનાં અંગના ભાગો ભાંગીને તલતલ જેવા થઈ ગયા છે તે દુઃખ પામેલા, નીચું છે મુખ જેમનું એવા, ભયભીત થયેલા, રુદન કરતા, વારંવાર યમદૂતોએ પર્વતના મસ્તક ઉપરથી પાડેલા, તે પાપીઓને, ભય પામેલા અંતઃકરણવાળા જીવશર્માએ જોયા. (૫૩, ૫૪, ૫૫)

આ લોકમાં ત્રિવિધ સુરાનું પાન જે કરતા હતા તેઓને, યમદૂતોએ અયઃપાન નરકમાં પાડી, તેમનાં હૃદય ચરણો વડે દાબીને, અગ્નિથી રસ બનેલા લોઢાનો રસ તેમનાં મુખમાં રેડી, ત્રાસ પમાડતા હતા. આ દુઃખથી જેમણે આક્રોશ કર્યો છે એવા ભયથી વ્યાકુળ બની રુદન કરતા તે તે દુષ્ટજનોને જીવશર્મા કંપતા શરીરે જોતો હતો. (૫૬, ૫૭)

આ લોકમાં જે અધમ જાતિ વગેરેથી અપકૃષ્ટ હોવા છતાં વર્ણ આશ્રમના પદથી ઉત્તમ તથા તપ જન્મ અને વિદ્યાદિથી અતિ શ્રેષ્ઠ જનોને જે માનતા ન હતા. (૫૮)

તેઓને ક્ષારકર્દમ સંજ્ઞાવાળા નરકમાં નાંખી ક્ષારના કાદવમાં મોહ પામેલા તે પાપીઓના દટાયેલા મુખ જીવશર્માએ જોયા. (૫૯) જે દુષ્ટજનો માણસની હિંસ કરવા માટે ભૈરવાદિને પૂજતા હતા, અતિમલિન, ઉગ્ર સ્વભાવવાળા, જે સ્ત્રીઓ તથા નરપશુઓને ખાતા હતા. (૬૦)

તેમને યમના ક્રૂર દૂતોએ રક્ષોગણ ભોજન નામના નરકમાં નાંખ્યા હતાં. રાક્ષસ ભાવને પામેલા તે યમદૂતોએ શસ્ત્રોથી વિદારણ કર્યાં છે અંગો જેમનાં એવા તે પાપીજનોને જીવશર્માએ જોયાં. (૬૧) વિદારણ કરી છે ત્વચા જેમની એવા અને હિંસા કરવામાં આસક્ત પાપી પ્રાણીઓના રુધિરનું પાન કરીને નાચ કરતા, હર્ષ પામતા, રાક્ષસના રૂપવાળા યમદૂતોને જીવશર્માએ જોયા. (૬૨)

ગામમાં અને વનમાં મળેલાં નિર્દોષ જનોને જે પાપીઓએ વિશ્વાસમાં લઈને શૂળી ઉપર પરોવીને નિર્દય રીતે રમકડાની જેમ મારી નાખ્યા હતા, તેઓને શૂળપ્રોત નરકમાં યમદૂતોએ નાખ્યાં હતા અને શૂળી વગેરે ઉપર પરોવેલા, તે પાપીઓના અંગને તીક્ષ્ણ ચાંચો વડે કાગડા બગલા આદિ પક્ષીઓએ

તોડી નાંખ્યા છે અને જે ભૂખ તથા તરસથી પીડા પામેલા છે, તે પાપીઓને ભય પામેલો જીવશર્મા જોતો હતો. (૬૩, ૬૪, ૬૫)

બિલાડીઓની જેવા ક્રૂર સ્વભાવવાળા જે જનો લોકોને હંમેશાં બીક પમાડતા હતા, તેઓને યમદૂતોએ દંદશૂક નરકમાં નાખ્યાં હતાં. સાત મુખવાળા દંદશૂકો તેમને કરડતા હતા. બીક પામેલા અને અત્યંત રુદન કરતા તે પાપીઓને જીવશર્માએ જોયા. (૬૬, ૬૭)

કોઠીમાં તથા જળ વિનાના ઊંડા ખાડામાં તથા ગુફા વગેરેમાં નાંખી બહાર આવવા માટે રોકતા પાપીઓને ભયંકર અવહરોધન નરકમાં યમદૂતોએ નાખ્યાં હતા અને અતિબળપૂર્વક કોઠી વગેરેમાં તેમને પૂરી, અગ્નિના ઝેરી ધુમાડાથી મુઝાતા અને કંપતા પાપીઓને જીવશર્માએ જોયા. (૬૮, ૬૯)

જે અતિથિઓને તથા અભ્યાગતોને ક્રોધથી અકળાઈ જઈને તીક્ષ્ણ દૃષ્ટિથી બાળવાને ઈચ્છતા હોય ને શું ? એમ જોતા હતા, તેઓને વજ્રના જેવી ચાંચવાળા યમદૂતોએ પર્યાવર્તન નરકમાં નાખ્યાં હતાં. અહીં કાગડા વગેરે બળાત્કારથી ચાંચવાળા યમદૂતોએ પર્યાવર્તન નરકમાં નાંખ્યા હતા. અહીં કાગડા વગેરે બળાત્કારથી ચાંચ વડે તેમનાં નેત્રો છેદતા હતા. એવા પાપીઓને જીવશર્માએ જોયા. (૭૦, ૭૧)

આ લોકમાં જે ધનગર્વિષ્ઠો પોતાની શ્રેષ્ઠતાથી મહાગર્વવાળા અને ધનનો વ્યય તથા તેનો નાશ થવાથી અત્યંત ચિંતાથી જેનાં હૃદય અને મુખ મ્લાન થઈ ગયા છે, વળી જે પોતાનું ધન બીજા હરણ કરી જશે એવી શંકા સદા સેવતા હતા અને તેથી જ વક્રદૃષ્ટિવાળા, વ્યગ્ર ચિત્તવાળા, વિવિધ પ્રકારનાં દુઃખથી પીડીત છે અંતઃકરણ જેમનું એવા પાપીઓ, યક્ષની માફક પોતાનાં ધનનું રક્ષણ કરતા હતા, તેઓને યમદૂતોએ સૂચીમુખ નરકમાં પીડ્યા હતા. સોય વડે તેમની ચામડી સીવતા અને તેથી જ જેમનાં ચિત્ત ભયભીત છે એવા પાપીઓને જીવશર્માએ જોયા. (૭૨, ૭૩, ૭૪)

(અઠ્ઠાવીશ મહાનરકોનું વર્ણન કરીને બીજા કેટલાક નરકો કહે છે) કેટલાક પાપીઓને, યમદૂતો પથરાઓની વૃષ્ટિ કરી પીડા પમાડતા હતા. તેમને જીવશર્મા જોતો હતો. કેટલાક પાપીઓને અગ્નિથી વૃષ્ટિથી પીડા પમાડેલા તથા કેટલાક પાપીઓને શસ્ત્ર વૃષ્ટિથી પીડા પમાડેલા, જીવશર્માએ જોયા. (૭૫)

(અહીં ઘણાં વિસ્તારથી કહેલી યાતનાઓનું વર્ણન સંક્ષિપ્તમાં ફરી કરે છે માટે પુનરુક્તિ દોષ સમજવો નહિ) જીવશર્માએ કેટલાક પાપીઓને યમદૂતોએ ખારાપાણીમાં રોકીને પીડા પમાડાએલા જોયા. (૭૬)જીવશર્મા કેટલાક પાપીઓને યમદૂતોએ દોરડાઓથી મજબૂત બાંધીને મુદ્‌ગળોથી માર મારતા જોયા. કેટલાકના સર્વ સાંધાઓ વીદારણ કરાયેલા જોયા. (૭૭)

જીવશર્માએ કેટલાક પાપીઓને બળતા અંગારાઓની શય્યામાં યમદૂતોએ સૂવાડેલા જોયા, કેટલાક પાપીઓને અગ્નિમાં બળતા જોયા. (૭૮)

યમદૂતોએ કેટલાકની ચામડી ઉખાડીને, વૃક્ષની શાખાની નીચે મુખ રહે તેમ અદ્ધર બાંધીને, નીચે અગ્નિની જ્વાળાઓ બળતા જીવશર્માએ જોયા. (૭૯) જીવશર્માએ કેટલાક દુષ્ટોને યમદૂતોએ

હાથીથી વિદારણ કરાયેલા જોયા, કેટલાકને મુખમાં ખારું જળ રેડીને પીડા પમાડાયેલા જોયા. (૮૦)

જીવશર્માએ કેટલાક પાપીઓની યમદૂતોએ અગ્નિથી તપાવેલા મોટા લોઢાના ગોળાઓ મુખોમાં નાંખીને પીડા પામતા જોયા. (૮૧)જીવશર્માએ કેટલાક પાપીઓનું વાઘ ભક્ષણ કરે છે તે જોયું. જેમણે પાપ કર્યાં છે એવાને પાડાઓ માર મારે છે અને તેથી પીડાતા જોયા. (૮૨)

જીવશર્માએ કેટલાક દુષ્ટોને યમદૂતોએ અતિ તીખાં મરચાં વગેરે વસ્તુઓ ખવડાવી પીડા પમાડેલા તથા કેટલાકને ખારવાળા કાદવમાં સુવડાવીને પીડા પમાડેલા જોયા. (૮૩) જીવશર્માએ કેટલાકને તપાવેલી લોઢાની શય્યામાં તથા વિવિધ શસ્ત્રાસ્ત્રની શય્યામાં સુવડાવીને પીડા પમાડેલા અને તેથી દુઃખી થતા જોયા. (૮૪)

જીવશર્માએ કેટલાક પાપીઓને અત્યંત ઉષ્ણ તેલ પાવાથી પીડા પામેલા જોયા. કેટલાકને અગ્નિથી તપાવેલા પથરા ખવડવાવવાથી પીડા પામેલા જોયા. (૮૫) યમદૂતોએ બંને નેત્રોમાં તથા નખના મૂળમાં સોયો ઘોંચીને પીડા પમાડેલા પાપીઓને જીવશર્માએ જોયા. યમદૂતોએ ભાંગી નાખ્યા છે દાંત જેમનાં એવા પાપીઓને પણ જીવશર્માએ જોયા. (૮૬)

જીવશર્માએ કેટલાક પાપ કરનારાઓને મોટા કાંટાની શય્યામાં યમદૂતોએ સુવડાવીને પીડા પમાડી છે તે જોયું. (૮૭) આ પ્રમાણે જીવશર્માએ હજાર વર્ષ સુધી પણ કહી ન શકાય એવી વિચિત્ર પીડા ભોગવતા પાપીઓને જોયા. (૮૮)

જીવશર્મા અત્યંત અસહ્ય અતિતીવ્ર, દૂરંત નરકનના કુંડો આ પ્રમાણે જોઈને હે વિપેન્દ્ર ! વિષ્ણુદત્ત ! મહાભય પામેલો અને તેથી જ કંપાયમાન આકૃતિવાળો થયો. (૮૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમા જીવશર્માએ જોયેલી નરકની યાતનાનું નિરૂપણ નામે પંચાવનમાં અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી સ્વરૂપાનંદમુનિ કહે છે :- હે વિષ્ણુદત્ત ! પછી ઉગ્ર યમદૂતો ત્રાસથી ખેદયુક્ત જેનું મન થયું છે અને જે તેથી કંપે છે તે જીવશર્માને ધર્મરાજાની સમીપે લઈ ગયા. (૧) ધર્મરાજા પોતાની સમીપે ઊભેલો, બંને હાથ જોડ્યા છે જેણે એવા નમ્ર જીવશર્માને જોઈ સત્ય, હિતકારક અને પ્રિય વચન તેને કહેવા લાગ્યા. (૨)

હે વિપ્ર ! જીવશર્મા ! કરુણા તથા શાંતિ આપનારા જ્ઞાન અને ધ્યાન નામના શ્રેષ્ઠ મિત્રોની દૈવ ઈચ્છાથી તમે મૈત્રી પામ્યા હતા. (૩) તેમનાં પ્રસંગથી અને તેમનાંમાં પ્રીતિવાળા તમોને તેમનાં ઉપદેશથી સંસૃતિનો નાશ કરનારા સાધનોમાં અતિશય રુચિ થઈ. (૪)

એ રીતે વૈરાગ્ય તમોને પ્રાપ્ત થયો. તમો તમારા ઘરનો ત્યાગ કરીને જ્ઞાન અને ધ્યાન બંને મિત્રોની સાથે વનમાં ગયા અને શ્રીહરિનું ધ્યાન કરતા તપ કરવા લાગ્યા. (૫) પરંતુ તે અરસામાં ધૂર્ત પુરુષોએ યુક્તિથી ત્યાં મોકેલેલી મોહ કરનારી સ્ત્રીના વિલાસોમાં તમો મોહ પામ્યા. (૬)

તમોને તમારા મિત્રોએ પાછા વાળવા ઉપદેશ કર્યો છતાં પણ તે સ્ત્રીમાં તમારું ચિત્ત આકર્ષાયું હોવાથી તે સ્ત્રીના સમાગમની તમોને ઇચ્છા થઈ. (૭) તે સ્ત્રીએ તેમજ અનેક પ્રિય વચનોવાળા ઠગ પુરુષોએ તમને ભમાવ્યા અને તમે તે બંને મિત્રોનો ત્યાગ કરીને તેમનોં સંગ કર્યો. (૮)

તેથી મોક્ષના માર્ગથી પડી, મોહથી વ્યાકુળ મનવાળા, કાંતાના કટાક્ષોથી ભેદાએલા તમો દુઃસહ પીડા પામ્યા. (૯) કુટુંબની ચિંતાથી યુક્ત તાપ, શોક અને ભયથી આકુળ અને સુખથી રહિત તમો, અનેક પ્રકારની દુઃખ આપનારી જરાવસ્થા પામ્યા. (૧૦)

પોતાનું પોષણ કરવામાં અશક્ત, વિવિધ પ્રકારની પીડાવાળા તથા શિથિલ દેહવાળા, તમારી સેવા તમારા પુત્રો હવે કરતા નથી. (૧૧) પુત્રોએ અનાદરથી આપેલું ઉચ્છિષ્ટ અન્ન, ઘરનું રક્ષણ કરતા કૂતરાની જેમ ખાતા તમો હજુ પણ કેમ વૈરાગ્ય પામતા નથી ? એ આશ્ચર્યની વાત ! (૧૨)

મૂઢમતિ તમે દુઃખમાં સુખની બુદ્ધિથી અત્યંત આસક્ત છો. તો પણ તમારું હિત કરનારા તમારા મિત્રો જ્ઞાન તથા ધ્યાન તમોને હજુ સંભારે છે. (૧૩)

તમોને વૈરાગ્ય ઉદય થાય અને તમારું શ્રેય થાય તેવી ઇચ્છાથી જ પવિત્ર અને દયાર્દ્ર એવા તમારા એ બંને મિત્રો આ પ્રમાણે સંકલ્પ કરતા હતા. (૧૪) અહો ! અનેક પ્રકારનોં ક્લેશ પામેલા મંદમતિ, આ જીવશર્માને વૈરાગ્ય થતો નથી. (૧૫)

માટે જીવશર્મા જ્યારે અતિતીવ્ર યમયાતનાઓ જુએ ત્યારે અનેક પ્રકારનાં ક્લેશનો નાશ કરનાર વૈરાગ્ય પામે. (૧૬) હે જીવશર્મા ! મંગળમૂર્તિ જ્ઞાન તથા ધ્યાનના આ સંકલ્પથી જ મારા દૂતો દ્વારા મેં તમોને અહીં લાવી, આ યમયાતનાઓ બતાવી છે. (૧૭)

માટે તમો તમારા ઘરનો તથા સ્વાર્થમાં આસક્તિવાળા બંધુઓનો ત્યાગ કરીને, શાંતિ કરનારા તમારા મિત્રો જે જ્ઞાન અને ધ્યાન તેમને શરણે જાઓ. (૧૮) સંસૃતિ પમાડનારા દુષ્ટના સંગનો દૂરથી જ તમો ત્યાગ કરી, દરરોજ તેમની આજ્ઞામાં વર્તશો તો નિશ્ચય મુક્તિ પામશો. (૧૯)જો એમ નહિ કરો તો વારંવાર અનેક પ્રકારનોં ક્લેશ કરનારી સંસૃતિને પામી તમોએ જોયેલી નરકની દુઃસહ પીડા પામશો. (૨૦)

ધર્મરાજાએ આ પ્રમાણે કહ્યું તેથી ઘણા ત્રાસથી વ્યાકુળ અંતઃકરણવાળો જીવશર્મા ધર્મરાજા પ્રત્યે કહેવા લાગ્યો. હે દયાનિધે ! તમો જ્યારે અહીંથી મને મારા દેહમાં મોકલશો ત્યારે મારા ઘરનો, ધૂર્ત બંધુઓનો, ત્યાગ કરી તમોએ કહેલા મારા મિત્રો પાસે હું જરૂર જઈશ અને હંમેશાં તેમની આજ્ઞા પ્રમાણે વર્તીશ. (૨૧, ૨૨)

જીવશર્માનું આ વચન સાંભળીને યમરાજાએ પોતાનાં દૂતોને આજ્ઞા કરી કે હે દૂતો ! આ જીવશર્માને તેમનાં દેહમાં તત્કાળ પ્રવેશ કરાવો. (૨૩) હે વિપ્ર ! વિષ્ણુદત્ત ! તેથી યમના દૂતો જીવશર્માને તત્કાળ તેના શરીરમાં પ્રવેશ કરાવતા હતા. પછી હરિની ઇચ્છાથી તે ક્ષણથી જ જીવશર્મા શાંતરાગવાળો થયો. (૨૪)

પછી જીવશર્મા પોતાનાં ઘરનો તથા સ્ત્રી પુત્રાદિકનો ત્યાગ કરીને જ્ઞાન તથા ધ્યાન નામના બંને મિત્રોને શોધતો પૃથ્વી ઉપર એકલો ફરવા લાગ્યો. (૨૫) જડ વિપ્રનની માફક જીવશર્મા દુષ્ટોના પ્રસંગથી ડરતો પોતે જોયેલી યાતનાની સ્મૃતિથી ત્રાસ પામેલો, અત્યંત વૈરાગ્ય પામી, આ લોકમાં ભમતો હતો. (૨૬)

સંસારના ક્લેશથી દુ:ખ પામેલો, સંસૃતિનો નાશ કરનાર પોતાનાં કલ્યાણકારી મિત્રોને હંમેશા ખોળતો, જીવશર્મા દૈવવશાત્ પોતાનાં બંને મિત્રોને મળ્યો. (૨૭) જીવશર્મા એકાંતમાં રહેતા બંને શાંત મિત્રોને જોઈને શાંતિ પામ્યો અને તે બંનેની સમીપે જઈ હર્ષપૂર્વક તે બંનેને નમસ્કાર કરતો હતો. (૨૮)

પછી જ્ઞાન તથા ધ્યાને મધુરવાણીથી તેનું અત્યંત સન્માન કર્યું. જીવશર્મા તેમનાં વચનરૂપી અમૃતનું પાન કરવાની ઇચ્છાથી તેમની સમીપે બેઠો. (૨૯) તે બંને દર્યાદ્ર મિત્રો પોતાનાં મિત્ર જીવશર્માને અત્યંત દુ:ખી જાણીને તેને ઉપદેશ આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં યમદૂતો જીવશર્માને યમયાતના બતાવી તે નિરૂપણ નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

જ્ઞાન તથા ધ્યાન કહે છે :- હે દ્વિજ વર્ય ! તમો કાન્તિ રહિત તથા મ્લાન મુખવાળા કેમ થયા છો ? અમોને સર્વ પ્રકારે તેનું કારણ તમો કહો. (૧)

સ્વરૂપાનંદમુનિ કહે છે :- હે વિષ્ણુદત્ત ! જ્ઞાન તથા ધ્યાને આ પ્રમાણે પ્રીતિપૂર્વક પૂછ્યું તેથી તેમનાં દર્શનથી જેને દુ:ખની નિવૃત્તિ થઈ છે એવો જીવશર્મા હાથ જોડીને મોક્ષ માર્ગના પ્રવર્તક જ્ઞાન અને ધ્યાન મિત્રો પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો. (૨)

જીવશર્મા કહે છે :- હે મહાબુદ્ધિશાળીઓ ! સંસારમાં અનેક પ્રકારનોં ક્લેશ તથા ભય તેમજ ત્રિવિધ તાપથી, હું ઘણી જ પીડા પામ્યો છું. (૩) કુટુંબ પોષણનું દુ:ખ તથા ધન સંપાદન કરવાના શ્રમથી હું ઘણી પીડા પામ્યો છું. (૪)

હે રુડી બુદ્ધિવાળા ! વિવિધ પદાર્થો મારી પાસે હંમેશા માગનારા અને મારા સ્ત્રી પુત્રોએ મને અત્યંત દુ:ખ આપ્યું છે. (૫) વિવિધ પ્રકારનાં ક્લેશ, વ્યાવહારિક ક્રિયાઓ તથા સંસારના મનોરથોથી હું ઘણી પીડા પામ્યો છું. (૬) વૃદ્ધાવસ્થાથી અતિ જર્જરિત થયેલો તથા રોગતી પીડા પામેલા શરીરવાળો, મારું પોષણ કરવાની ફરજવાળા દુ:ખી થયેલા મને મારા પુત્રો મારતા હતા. (૭)

તે પુત્રો અત્યંત અનાદરથી મને ઉચ્છિષ્ટ ભોજન આપતા અને તેમનાં દુર્વચન રૂપી બાણોથી મારું હૃદય ચીરાતું છતાં કૂતરાની માફક હું હંમેશા તે ઉચ્છિષ્ટ અન્ન ખાતો હતો. (૮) આ રીતે ઘણી પ્રકારનાં દુ:ખ દાવાનળોથી વારંવાર બળતો હું દુ:સહ દુર્દશાને પામ્યો છું. (૯)

જ્ઞાન અને ધ્યાન આંખમાં અશ્રુ સહિત અત્યંત દુ:ખી થયેલા જીવશર્માનું આ વચન સાંભળીને દયાર્દ્ર હૃદયથી તે બંને જીવશર્માને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૦)

જ્ઞાન તથા ધ્યાન કહે છે :- હે દ્વિજ ! જીવશર્મા ! આ સંસાર અસાર છે. તાપ, શોક, ભય વગેરે પીડા આપનારા છે. માટે આ સંસારમાં સુખ આપનારું કંઈ જ નથી એમ તમો જાણો. (૧૧) સ્ત્રી પુત્રાદિ સર્વે સ્વાર્થ પરાયણ છે, કારણ કે તે સ્ત્રી વગેરે વરુઓ જેમ બકરાને ફાડી ખાય તેમ, તત્કાળ ધન વગેરે હરી જાય છે. (૧૨)

હે જીવશર્મા ! પુત્ર, દારા વગેરે કોઈ પણ પ્રાણ જતા સમયે સહાય કરતું નથી, તેમ પરલોકમાં પણ રક્ષણ કરતું નથી. (૧૩) મનુષ્યો જેનાં પોષણ માટે રાત્રિદિવસ પાપ કરે છે તે દેહ પણ અંતકાળે પોતાની સાથે આવતો નથી. (૧૪) તો તે દેહને અનુસરનારાં સ્ત્રી, પુત્ર, ધન વગેરે તો અંતકાળે પોતાની સાથે ક્યાંથી આવે ? (૧૫)

હે જીવશર્મા ! માટે બંધન કરનારા દેહ, સ્ત્રી પુત્રાદિક અનિત્ય છે. નિત્ય શોક અને ક્લેશાદિનું કારણ છે એમ જાણો. (૧૬) હે જીવશર્મા ! પોતાનાં આત્માને સુખરૂપ જાણીને દેહાભિમાનનો ત્યાગ કરીને તમે અત્યંત સુખ આપનારા શ્રીહરિનું હવે ભજન કરો. (૧૭)

શ્રીહરિનો આશ્રય ત્રિવિધ તાપને શમાવનારો, સંસારસાગરમાં નૌકારૂપ તથા કાળ અને માયાના ભયનો નાશ કરનારો છે. "(मर्त्यो मृत्युव्यालभीतः पलायन् सर्वाँल्लोकान् निर्भयं नाध्यगच्छत् । त्वत्पादाम्बजं प्राप्य यदृच्छयाद्य स्वस्थः शेते मृत्युरस्मादपैति । શ્રીમદ્ ભાગવત)" તેથી હે ધીમન્ ! શ્રીહરિનાં આશ્રયથી જ સર્વે ક્લેશો, સૂર્યના ઉદયથી જેમ અંધારું નાશ થાય છે તેમ, નાશ પામશે. (૧૮-૧૯)

સ્વરૂપાનંદમુનિ કહે છે :- હે વિષ્ણુદત્ત ! તેમણે શરણે આવેલા અને યમયાતનાને સંભાળતા, ત્રાસ પામેલા મનવાળા જીવશર્માને આ પ્રમાણે કહીને તે જ્ઞાન અને ધ્યાન ફરીથી કહેવા લાગ્યા. (૨૦)

હે જીવશર્મા ! પહેલા તમારી સાતે અરણ્યમાં વસતા, તમારું હિત ઈચ્છતા અમો બંને, તપમાં નિષ્ઠાવાળા તમોને મોક્ષ માર્ગમાં પ્રવર્તાવતા હતા. (૨૧) તેટલામાં ત્યાં આવેલી, લોકોને મોહ કરવામાં નિપુણ દેવની માયા સમાન કામિનીના વિચિત્ર વિલાસોથી તમો મોહ પામ્યા. (૨૨) વળી ત્યાં આવેલા મોહ આપનારા પુરુષોનો પ્રસંગ તમને થયો અને તેમની યુક્તિઓથી તમે મોહ પામ્યા. (૨૩)

પ્રતારણની યુક્તિવડે તે પુરુષોએ વિવિધ પ્રકારનાં પ્રિય વચનોથી તમોને ઠગીને, સંસૃતિમાં કારણભૂત એવો તેમનોં સંગ તમોને કરાવ્યો. (૨૪) પછી અમોએ વારંવાર સર્વ, પ્રકારે નિવારણ કર્યા છતાં પણ તમો તે સ્ત્રીમાં આસક્ત ચિત્ત હોવાથી અમારો ત્યાગ કરીને તેને વશ થયા. (૨૫)

હે જીવશર્મા ! તેથી તમો આપત્તિરૂપી સમુદ્રમાં ડૂબીને અત્યંત પીડા, નાના પ્રકારનાં દોષ તથા ભયથી પીડા આપનારી દુર્દશા વારંવાર પામ્યા. (૨૬) તેમનું આવું અમૃતતુલ્ય વચન સાંભળીને અત્યંત સુખી થયેલો જીવશર્મા બંને હાથ જોડી વિનયપૂર્વક તે બંને પ્રત્યે કહેવા લાગ્યો. (૨૭)

જીવશર્મા કહે છે :- હે મહાબુદ્ધિશાળી ! હું ક્લેશ નાશ કરનારું તમારા બન્નેના વચનનું ઉલ્લંઘન કરીને, વિવિધ પ્રકારનાં શોકાગ્નિથી બળી અને મહા દુઃખ પામ્યો. (૨૮) તેથી આકુળ વ્યાકુળ ચિત્તવાળા મારું પરમ શ્રેય થાય તેમ વૈરાગ્યશીલ તમો મારું નિયમન કરો. (૨૯)

હે મિત્રો ! સંસારમાં મોહ પામીને હું સર્વ પ્રકારે થાકી ગયો છું માટે સર્વદા કલ્યાણકારી તમારું વચન હવે હું પાળીશ. (૩૦) આવી રીતે જ્ઞાન તથા ધ્યાન બંને મિત્રોએ જીવશર્માનું વચન સાંભળીને સંસાર સમુદ્રની નૌકારૂપ શ્રીહરિની શુભ અંગે સહિત ભક્તિનો તેને પ્રીતિપૂર્વક ઉપદેશ કર્યો. (૩૧)

તેટલામાં પવિત્ર દર્શનવાળા, મહાપૂજ્ય, તપથી કૃશ શરીરવાળા, વિપ્રરૂપધારી, જરા અવસ્થાવાળા એક પુરુષ ત્યાં આવ્યા. (૩૨) વલ્કલ અને મૃગાજીન વસ્ત્રો જેણે ધારણ કર્યા છે એવા; વહ્નિના જેવા તેજસ્વી, હિતકારી, ઉદાસીન, ત્યાગ કર્યો છે ભોગ જેમણે એવા, ધીમે ચાલતા, જીતેન્દ્રિય તે પુરુષ ત્યાં આવ્યા. (૩૩) જીવશર્મા તથા જ્ઞાન અને ધ્યાને તે પુરુષને હર્ષપૂર્વક સુંદર દર્ભાસન ઉપર બેસાડ્યા. પછી પરમ પ્રસન્ન થયેલા જ્ઞાન અને ધ્યાન તેમને કહેવા લાગ્યા. (૩૪) અહો, હે સુહૃદતમ્ ! હે ભદ્ર! અમો બંને જણા અમારા અતિપ્રિય એવા આપની રાહ જોતા હતા. આપનું અહીં શુભ આગમન દૈવેચ્છાથી થયું. (૩૫)

હે સન્મતે ! અમોએ ઘણી રીતે આ જીવશર્માને ઉપદેશ આપ્યો હતો, છતાં તેના દુર્વાસના યુક્ત હૃદયમાં જ્ઞાન પ્રવેશ પામ્યું નહિ. (૩૬) હે મહામતે ! તેથી હવે દયા કરી તમો જ એને ઉપદેશ કરો. એમ જ્ઞાન અને ધ્યાને પ્રેરણા કરેલા તે બ્રાહ્મણે હર્ષથી બંને પ્રત્યે 'બહુ સારું' એમ કહ્યું. (૩૭)

પછી બુદ્ધિમાન તે બ્રાહ્મણ જીવશર્માની દુર્વાસનનો પાશ છેદવા માટે ઉદ્યમ યુક્ત થઈ જીવશર્મા પ્રત્યે મધુર, હિતકારી, સત્ય અને પ્રિય વચન કહેવા લાગ્યો. (૩૮)

હે વિપ્ર ! આ લોકમાં તથા પરલોકમાં તમારું શ્રેય કરનારું વચન તમોને હું કહું છું તે તમો સ્વસ્થ મનથી સાંભળો. (૩૯) હે દ્વિજ ! આ નગરમાં તમો વંચકોના મંડળમાં પડ્યા છો. માટે તે સર્વે ઠગારાઓ તમોને મોહ પમાડીને અત્યંત પીડા પમાડે છે. (૪૦) હે જીવશર્મા ! બહારથી મૈત્રી બતાવતા તેઓ જે ખરેખર તારા વૈરી છે તેમનાં યથાશાસ્ત્ર દોષો તારા હિત માટે હું સંક્ષિપ્તથી કહું છું. (૪૧)

નેત્રેંદ્રિય તારો શત્રુ છે. કારણ કે સર્વદા પ્રમત્ત તને ગ્રામ્ય રૂપો બતાવીને શ્રીહરિનાં દર્શનથી રોકે છે. (૪૨) તે નેત્રેંદ્રિયનું કપટ તું જાણતો ન હોવાથી અનેક પ્રકારનાં મળથી ભરપૂર માંસ, હાડકાં, સ્નાયુ-મજ્જા, લોહી, કફ, શ્લેષ્મ તથા મૂત્રાદિથી ભરેલું. (૪૩) નખરોમાદિથી યુક્ત, સુંદર ચામડીથી મઢેલું, દશ પ્રકારનાં મળોથી પૂર્ણ, એવી સારા વસ્ત્રોની કોથળી સમાન, બહારથી મોહ ઉત્પન્ન પેદા કરનારું. (૪૪)

દોષથી દૂષિત, ચાક ચમક યુક્ત, અપવિત્ર એવું સ્ત્રીનું શરીર જોઈને લોભ પામી અગ્નિમાં પતંગ જેમ પડે છે તેમ, અંધતમમાં પડેલો છું. (એ નેત્રેંદ્રિયે કરેલી પીડા છે.) (૪૫) હે જીવશર્મા! શ્રોત્રેંદ્રિય પણ તારો શત્રુ છે. કારણ કે આદરપૂર્વક ગ્રામ્ય ગીતો સંભળાવીને પારધી જેમ હરણને હણે છે તેમ, પીડા પમાડે છે. (નરકમાં નાંખવાથી પીડા ઉત્પન્ન કરે છે) (૪૬)

હે જીવશર્મા ! ઘ્રાણેન્દ્રિય પણ તારો શત્રુ છે. ઘણા પ્રકારની સુગંધો સુંઘાડીને કમળની સુગંધિથી ભ્રમરો જેમ ફસાય છે તેમ તને બાંધે છે. (**कुरङ्गमातङ्गपतङ्गभृङ्गमीना हताः पञ्चभिरेव पञ्च । एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पञ्चभिरवे पञ्च ॥**) સ્ત્રીઓના શરીરની સુગંધીથી ઘ્રાણેન્દ્રિયની આસક્તિ દ્વારાએ મનુષ્ય બંધન પામે છે. (૪૭)

હે જીવશર્મા ! રસનેદ્રિંય પણ તારો શત્રુ છે. માછીમારના સ્વાદયુક્ત ભક્ષ્યવાળા લોઢાના કાંટામાં વિવિધ પ્રકારનાં રસભોગની ઈચ્છાથી માછલું જેમ પકડાય છે તેમ જીવ બદ્ધ બને છે. (૪૮) હે જીવશર્મા ! ત્વચા ઈન્દ્રિય પણ તારો શત્રુ છે. કારણ કે સ્ત્રીના અંગના અનેક પ્રકારનાં સ્પર્શથી કાષ્ટની બનાવેલી હાથણીનો સ્પર્શ કરવા ઈચ્છતો હાથી જેમ પકડાય છે તેમ મનુષ્ય પણ સ્ત્રીના સ્પર્શથી બંધન પામે છે. (૪૯)

હે જીવશર્મા ! લોક પ્રતારણ પરાયણ ચક્ષુ ઈન્દ્રિય વગેરે શત્રુઓ બગલા બિલાડા તથા શ્યેનની માફક વિષયોને તત્કાળ ગ્રહણ કરે છે. (ધ્યાન પરાયણ બગલો માછલાને જેમ પકડે છે તથા આકાશમાં રહેલો શ્યેન પક્ષી ઝડપ મારીને એકદમ તેતર પક્ષીને પકડે છે તથા આંખો મીંચીને બેઠેલો બિલાડો જેમ તેનો શિકાર પકડે છે તેમ તત્કાળ વિષયોને ગ્રહણ કરે છે.) (૫૦)

હે જીવશર્મા !ઈન્દ્રિયોરૂપી તારા શત્રુઓ સમગ્ર ધર્મ જ્ઞાનરૂપ શુભ ધનનું અપહરણ કરીને, વેશ્યા જેમ પુરુષને ભ્રષ્ટ કરી નરકને પમાડે છે તેમ અંધતમ નરકમાં લઈ જશે. (૫૧) એ ઈન્દ્રિયોરૂપી શત્રુઓએ છળ કરીને પૂર્વે જેમ ઋષ્યશ્રૃંગમુનિ આદિ તપસ્વિઓને ઠગી લીધા હતા તેમ, તે અતિધૂર્ત હોવાથી મોક્ષના માર્ગથી મનુષ્યને પાડે છે. (૫૨)

હે જીવશર્મા ! તારું મન પણ તારો શત્રુ છે. કામની ઉત્પત્તિ જેમાંથી થાય છે એવા સંકલ્પો કરાવીને વ્યાઘ્ર જેમ કૂતરાને ત્યાગ કરીને ગાયના ધણને હણે છે તેમ, તને હણે છે. (૫૩)

આ મનરૂપી શત્રુ સમગ્ર ઈન્દ્રિયોનો નિયામક, કામના સંકલ્પો કરનારું, નરક અને સંસૃતિ પમાડનારું, દેવેન્દ્રોને પણ દુર્જય છે. (૫૪)

જેને મનરૂપી શત્રુનો વિશ્વાસ કર્યો છે તેવા યોગી તથા તપસ્વીને પણ પુંશ્ચલી સ્ત્રી પર પુરુષોથી પોતાનાં પતિને જેમ હણે છે તેમ, કામાદિ વડે હણે છે. શ્રીમદ્ ભાગવતમાં **न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते । यदि् विश्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् । नित्यं ददाति कामस्य च्छिद्रं तमनु येऽरयः । योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली'' ''कामोमन्युर्मदो लोभः शोकमोह भयादयः । कर्मबन्धश्च यन्मूलः स्वीकुर्वात्को नु तद् बुधः''** (૫૫)

હે જીવશર્મા ! આ દુષ્ટ શત્રુઓએ મને પણ પહેલાં વારંવાર સંસારમાં ભમાવ્યો હતો. તેમજ તાપ, શોક તથા પીડા વગેરેથી કઠોર નરકયાતના પમાડી હતી. (૫૬)

ગુણોથી યુક્ત સ્વૈરિણી જેમ પીડા આપે છે તેમ પીડા આપનારી તારી બુદ્ધિ, એ પણ તારો શત્રુ છે. ઉપરથી સુંદર જણાતી વિષવલ્લીની પેઠે તારા શ્રેયનો તે નાશ કરે છે. (૫૭)

અહંકાર પણ તારો શત્રુ છે. કારણ તને તારા શરીર પ્રત્યે અત્યંત અહંભાવ કરાવીને પાપી રાક્ષસની જેમ મુક્તિના માર્ગથી પાડે છે. (૫૮) દુષ્ટ ચિત્ત પણ તારો શત્રુ છે. તે પણ હંમેશા વિષયોનું ચિંતવન કરાવી તારા હૃદયમાંથી જ્ઞાનને, સ્તંબધરામાંથી જળને જેમ શોષે છે તેમ, હરી લે છે. (૫૯)

નરકની પીડાના સ્થાનભૂત મોહ તથા સંસૃતિમાં કારણભૂત એવા વિષયો મણિથી અત્યંત શોભતા સર્પોને જેમ તારા શત્રુ છે. (૬૦) તે વિષયો તારા સદ્વિચારને હણીને, કૂટ યંત્રને જાણનારા ધૂર્ત નરોની જેમ, બંને લોકમાં અહિત કરે છે. (૬૧) (વિષયો અતિદુષ્ટ હોવાથી તેના સંગનો નિષેધ કરવાનું ફરી કહે છે.) પાપના સમુદાયથી યુક્ત તાપ, શોક, ભય તથા પીડા આપનારા દુષ્ટ વિષયોરૂપી શત્રુઓ ઝેરના ધરાની ઉપમા આપવા યોગ્ય છે. (૬૨) હે જીવશર્મા ! ઈન્દ્રિયોના સમગ્ર પ્રસિદ્ધ દેવતાઓ, દુષ્ટ મંત્રિઓ કાંઈક નિમિત્તથી રાજાનું અશુભ કરે છે તેમ, વિષયોની પ્રકાશરૂપ ઉત્પત્તિ વડે તારું અશુભ જ કરે છે. (૬૩)

હે જીવશર્મા ! એ પ્રકારે કલ્યાણના માર્ગમાં અત્યંત વિઘ્ન કરનારાઓ કપટી કાગડા વગેરેમાં ઉજ્જવળ હંસની જેમ તમો પડ્યા છો. (૬૪) વંચનામાં અત્યંત ચતુર, માયામય એ વિષયોને શત્રુ જાણીને એમનો ત્યાગ કરી, તારા આત્માને તું જાણ (૬૫) આ પ્રકારે દૃઢ આત્મનિષ્ઠા સિદ્ધ કરીને શ્રીહરિની અંગે સહિત શુભભક્તિ કર. તેનાથી શુભ એકાંતિકી મુક્તિ તું પામીશ. (૬૬)

આ પ્રમાણે સંસારરૂપી દાવાગ્નિ શાંત થવાથી મૃતના વરસાદ સમાન તેમનું વન સાંભળીને, અત્યંત શાંતિ પામેલો જીવશર્મા વિનયપૂર્વક તે બ્રાહ્મણ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જીવશર્માને ઉપદેશ આપ્યો તેનું નિરૂપણ નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

જીવશર્મા કહે છે :- હે દ્વિજ ! અપાર ઉપદેશના સ્થાન ભૂત, મહાતેજસ્વી, તપોનિધિ, પહેલાં તમોને ક્યારેય જોયેલા નહિ એવા તમો કોણ છો ? એ કૃપા કરી મને કહો. (૧)

જીવશર્માએ આ પ્રમાણે પૂછ્યું તેથી તે બ્રાહ્મણ હર્ષપૂર્વક જીવશર્મા પ્રત્યે આ પ્રમાણે શુભ વચન કહેવા લાગ્યો. હે જીવશર્મા ! તારા ઉપર અનુગ્રહની ઈચ્છાથી તારી સમક્ષ આવેલા મને તું વૈરાગ્ય પુરુષ જાણ. (૨)

શાંતિ આપનારું તેમનું આવું શુભ વચન સાંભળીને પરમાનંદ પામેલા જીવશર્મા વૈરાગ્ય પુરુષ પ્રત્યે ફેરથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩) હે વૈરાગ્ય પુરુષ ! કામની આસક્તિ રૂપી ઝેરથી મૂર્છા પામેલો હું તમારું વચનરૂપી અમૃત પીને શાંતિ પામ્યો છું. તેમજ પીડા હરનાર શુભ જ્ઞાન પણ પામ્યો છું. (૪)

હે વિભો ! તમોએ મારા ઉપર મહાન અનુગ્રહ કરી જ્ઞાનરૂપી તરવારથી (સર્વેનું સ્વરૂપ યથાર્થ જાણવારૂપ જ્ઞાનરૂપી ખડગથી) મારો દૃઢ મોહ પાશ પણ છેદ્યો છે. (૫) સંસારની જાળમાં પડેલા અને ક્રોધ વગેરે દોષોથી પીડા પામેલા મારું હે કરુણામય ! તમારા વિના આ લોકમાં બીજો કોણ રક્ષણ કરવા સમર્થ છે ? (૬)

આ ધૂર્ત નગરમાં ઠગારાઓથી વારંવાર ઠગાયેલો હું અપાર દુઃખ પામ્યો હતો. તમોએ કરુણા કરી મારું રક્ષણ કર્યું છે. (૭) મોક્ષના સુખનો નાશ કરનારા પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા આત્માના શત્રુઓ ઇન્દ્રિયોનો ક્યારેય વિશ્વાસ હવે હું નહિ કરું. (૮)

પોતાનાં સ્વાર્થમાં જ પ્રદત્ત એવા મારા બંધુઓ તથા કારાગાર સમાન મારા ઘરને ત્યજીને વનમાં આવેલો હું શ્રીહરિનું શુભ આરાધન કરીશ. (૯) ભગવાનની પ્રધાન શક્તિ રૂપ માયાથી ઉત્પન્ન થયેલા ઇન્દ્રિયોના સમૂહથી આત્માને સર્વોત્તમ જાણીને શ્રીહરિનું ધ્યાન કરતો હું હવે પરમ શાંતિ પામીશ. (૧૦)

હે વિષ્ણુદત્ત ! તે વિપ્રે જીવશર્માને આ પ્રમાણે કહ્યું. તેટલામાં આ પૃથ્વી ઉપર વિચરણ કરતા કલ્યાણમય છે દર્શન જેમનાં એવા પ્રત્યક્ષ શ્રીહરિનાં સાધુઓ તે સ્થળે આવ્યા. (૧૧) જીવશર્મા, જ્ઞાન ધ્યાન અને વૈરાગ્યે પ્રીતિપૂર્વક તેમને પ્રણામ કર્યા. પોતાનાં આસને બેઠેલા તે સાધુઓ બ્રાહ્મણ જીવશર્માને મુમુક્ષુ જાણીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૨)

હે બુદ્ધિમાન ! ધર્માદિ ગુણ સહિત શ્રીહરિની ભક્તિ કર્યા સિવાય એકાંતિકિ મુક્તિ ન જ થાય. આ પ્રમાણે સમગ્ર સાધુઓએ સિદ્ધાંત સ્વીકારેલો છે. (૧૩) તે દયાળુ સાધુઓએ તેને આ પ્રમાણે કહ્યું અને પછી સંસાર સમુદ્રમાં નૌકારૂપ શ્રીહરિની એકાંતિકિ ભક્તિ એટલે શું ને વિનય યુક્ત જીવશર્માને કહેતા હતા. (૧૪) પછી જીવશર્મા તેમને કહેવા લાગ્યા, હે સંતો ! શ્રીહરિની ઇચ્છાથી અહીં આવેલા દયાળુ આપ સર્વેએ મારો જન્મ સફળ કર્યો. (૧૫)

જીવશર્માએ આ પ્રમાણે કહીને તે સાધુઓને નમસ્કાર કર્યા. પછી સંસાર સંબંધી સર્વ આશાનો ત્યાગ કરીને, તે વનમાં નિવાસ કરવા લાગ્યો. વનમાં તીવ્ર તપ કરતો તે સંસૃતિનો નાશ કરનાર શ્રીહરિની ભક્તિ કરતો હતો. (૧૬)

પોતાનાં પ્રારબ્ધનો અંત આવતા જીવશર્મા પોતાનાં પાંચભૌતિક શરીરનો ત્યાગ કરીને વાસુદેવની પ્રસન્નતાથી ભાગવતી તનુ પામ્યો. (૧૭) તે સમયે દિવ્ય વિમાનમાં બેઠેલા ભગવાનના દિવ્ય પાર્ષદો જીવશર્માને શ્રીહરિનાં સર્વોત્તમ દિવ્ય ધામ પ્રત્યે લઈ જવા માટે આવ્યા. (૧૮)

દિવ્ય ભૂષણો તથા વસ્ત્રોવાળા જીવશર્માને દિવ્ય વિમાનમાં બેસાડીને શ્રીહરિનાં અતિ પ્રકાશમાન

શુભ દિવ્ય ધામમાં તેઓ લઈ ગયા. (૧૯) હે વિપ્રવર્ય ! વિષ્ણદત્ત ! આવી રીતે શ્રેષ્ઠ શરીર અને આત્માનું વિવેચન જેમાં છે તેવું જ્ઞાન સિદ્ધ કરીને બ્રાહ્મણ જીવશર્મા સર્વોત્તમ શાંતિ પામ્યો. (૨૦) હે વિષ્ણુદત્ત ! આ પ્રકારે તમને મેં આ સાંખ્યજ્ઞાન પરોક્ષ પણે કહ્યું. માટે તમોએ એ જ્ઞાનને ધારણ કરી, શોકનો ત્યાગ કરી, ઉત્તમશાંતિ પામો. (૨૧)

તમો તમારા આત્માને ત્રણ દેહથી શ્રેષ્ઠ, સુખરૂપ જાણીને, મુક્તિ આપનારા કરુણા સાગર ધર્મના પુત્ર શ્રીહરિને ભજો. (૨૨)

સ્વરૂપાનંદ મુનિ આ પ્રમાણે કહીને સર્વ પ્રકારે વિષ્ણુદત્તનો મોહ નિર્વૃત્તિ કરવા માટે, નારદ મુનિએ જેમ ચિત્રકતુને તેનો પુત્ર બતાવ્યો. (પોતાનાં યોગના પ્રભાવથી આકાશમાં પ્રેત શરીરમાં રહેલા પુત્રને બતાવતા હતા.) તેવી રીતે વિષ્ણુદત્ત બ્રાહ્મણને તેનો પુત્ર બતાવીને તે પુત્ર દ્વારા વચનો કહી, સંસારની અનિત્યતાનો ઉપદેશ અપાવીને, શ્રીહરિની ભક્તિનો ઉપદેશ આપતા હતા. (૨૩, ૨૪)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે બાલમુકુંદાનંદ મુને ! સ્વરૂપાનંદ મુનિનું આવું વચન સાંભળીને તે વિષ્ણુદત્ત બ્રાહ્મણના સર્વ સંશયો છેદાઈ ગયા અને બંને હાથ જોડીને હર્ષ પૂર્વક તે સ્વરૂપાનંદ મુનિ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો. (૨૫)

અહો ! હે દયાનિધે ! હે મુનિ સ્વરૂપાનંદ ! જીવસમુદાયોનું હિત ઈચ્છનારા તમોએ જ્ઞાનોપદેશરૂપી નૌકાથી શોકરૂપી સમુદ્રમાંથી મારો ઉદ્ધાર કર્યો છે. (૨૬) હે મુને ! જ્ઞાન વિજ્ઞાનથી સંપન્ન મોટાઓમાં મોટા તમો ભગવાનને પ્રેરણા કરી તેથી મારા હિતને માટે જ અહીં આવેલા છો. (૨૭)

હે બુદ્ધિમાન્ ! ગ્રામ્ય વિષયોમાં જ જેની બુદ્ધિ છે તેવા મારા જેવા પુરુષોને ઉપદેશ આપવા માટે તમારા જેવા ભગવાનને પ્રિય મુનિઓ આ લોકમાં વિચરે છે. (૨૮) તેથી ગ્રામ્ય પશુ જેવા અને અંધતમ, અતિ શૂદ્ર, સંસારમાં બૂડેલા મારું અજ્ઞાન હણવા માટે તમોએ અહીં આવી સાંખ્ય જ્ઞાનના નિરૂપણરૂપી દીવો પ્રગટાવ્યો. (૨૯) ઉગ્ર આપત્તિમાં બૂડેલા પુરુષોનું અવિદ્યારૂપી અજ્ઞાન, તમારા જેવા સત્પુરુષોના સમાગમથી, સૂર્યના ઉદયથી જેમ અંધકાર નાશ પામે છે તેમ, નાશ પામે છે. (૩૦) કામક્રોધાદિરૂપી ઝેરની પીડાવાળા મારા જેવાઓને તમારા જેવા સાધુઓ, ચંદનવૃક્ષ સર્પોને જેમ શાંતિ આપે છે તેમ, શાંતિ આપે છે. (૩૧)

સંસારના તાપથી તપ્ત થયેલાઓને તે તાપની શાંતિ માટે તમારા જેવા સંતો મેઘ સમાન છે. (૩૨) હે મુને ! તમારા જેવા સાધુઓ મનુષ્યોને હરિલીલારૂપી અમૃત ઔષધનું પાન કરાવીને સંસારરૂપી રોગનું શમન કરે છે. (૩૩)

તીર્થો વગેરે સત્કર્મો મનુષ્યોને ઘણાં કાળ પછી પવિત્ર કરે છે. જ્યારે તમારા જેવા સાધુઓ તો જનોને દર્શન માત્રથી જ પવિત્ર કરે છે. (**न ह्यम्भमयानि तिर्थानि न देवा मृच्छिलामयाः ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः**) (૩૪) હે પીડા હરનારા ! દોષ પાપાદિ નાશ કરનારા, સંસાર પાશ ભેદનારા તમારા

જેવા સંતોનો સમાગમ કોને નથી રુચતો ? (૩૫) હે ભદ્ર ! હે વિદ્વન્ ! સર્વ પીડા હરનારા, તમારા પ્રસંગથી હું સાંખ્ય જ્ઞાન પામ્યો છું અને પુત્ર મરણના શોકથી રહિત થયો છું. (૩૬) માયાથી ઉત્પન્ન થયેલા વિષયો, ઈન્દ્રિયો તથા ભૂતો વગેરેથી પોતાનાં આત્માને સર્વોત્તમ જાણીને તમારી પ્રસન્નતાથી હું સુખ પામ્યો છું. (૩૭)

હે બાલમુકુન્દમુને ! મુનિરાજ સ્વરૂપાનંદ સાધુએ વિષ્ણુદત્તનું વચન સાંભળીને પ્રસન્ન થઈ મુક્તિ આપનારી મારી ભક્તિનો વિષ્ણુદત્તને ઉપદેશ આપ્યો. (૩૮) સ્વરૂપાનંદ સાધુ આ પ્રકારે વિષ્ણુદત્ત બ્રાહ્મણને શોક તથા સંસારના પાશથી મૂકાવીને, જનોને બોધ આપવા માટે પોતાનાં શિષ્યોની સાથે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. (૩૯) આ વાર્તા મને સ્વરૂપાનંદના શિષ્યોએ કહી હતી. હે મુનિવર્ય ! બાલમુકુંદ મુને! મેં શ્રદ્ધાવાળા તમોને આ વાર્તા કહી. (૪૦) હે મુનિવર ! સાંભળવામાં ઉત્સાહવાળા તમોને મેં સર્વોત્તમ ઈતિહાસ કહ્યો. (આ ઈતિહાસ કેવો છે ?) દેહાભિમાનથી ઉત્પન્ન થયેલા શોક અને મોહ છે. મુખ્ય જેને એવા માયારૂપી તમના વિનાશમાં આ ઈતિહાસ સૂર્ય સમાન છે. (૪૧)

હે મુને ! આ ઈતહાસમાં સુખ આપનારું અને અમંગળનો વિનાશ કરનારું, હૃદયને પ્રિય એવું સાંખ્યજ્ઞાન તમોને કહ્યું છે. કપિલાદિ સમગ્ર સાંખ્યને જાણનારાઓએ આ સાંખ્ય જ્ઞાન પ્રતિપાદન કર્યું છે અને તે પવિત્ર અને પાપ હરનારું છે. (૪૨)

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો અહંકારરૂપી સર્પ તેના ડંસના ઝેરથી મૂર્છા પામેલા જનોને આ શુભ જ્ઞાન તે વિષની શાંતિ માટે અમૃત તુલ્ય ઔષધ છે. (૪૩) જે મનુષ્ય પાપના સમુદાયને નાશ કરનારો આ મનોહર ઈતિહાસ સાંભળશે તથા કહેશે તે સમય સમગ્ર તાપ તથા શોકથી મુક્ત થઈ સર્વોત્તમ શાંતિ પામશે. (૪૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે માનસિંહ રાજન્ ! આવી રીતે અમૃતથી પણ અતિસારરૂપ, સંસારરૂપી દાવાનળને શાંત કરનારું શ્રીહરિનું મનોહર વચન બાલમુકુંદાનંદ તથા શ્રીહરિનાં આશ્રિત સભામાં બેઠેલા સર્વ ભક્તો સાંભળી અત્યંત આનંદિત થઈ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં જીવશર્માની શુભગતિનું નિરૂપણ નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે ધર્મપુત્ર શ્રીહરિ પોતાનાં દર્શનમાં આસક્ત થયેલા પોતાનાં ભક્તોને શુભ વચન કહેવા લાગ્યા. (૧)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! મોક્ષ માર્ગમાં આવતા સમગ્ર અંતરાયોનો નાશ

કરવામાં સમર્થ મારું વચન તમો સર્વે એકાગ્ર ચિત્તથી સાંભળો. (૨) નાના પ્રકારનાં પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા રૂપી દુર્ભેદ્ય મોહરૂપી પાશો છેદવામાં તીક્ષ્ણ ધારવાળી તરવાર રૂપી કલ્યાણકારી વૈરાગ્ય છે. (૩)

ભક્તોને પરમ ભાગ્ય રૂપ "न वैराग्यत् परं भाग्यं न देवः केशवात्परः" સુખ આપનારો વૈરાગ્ય છે. તે વૈરાગ્ય વિના મનુષ્યોને કામનું અતિ દૈન્ય પણું (કામાતુરતા) નિવૃત્ત થતું નથી. (૪)

વૈરાગ્ય વિના મનુષ્યોને રાજ્ય ભોગ તથા દ્રવ્ય સ્ત્રી, પુત્રો તથા સ્વર્ગાદિ વૈભવમાં અરુચિ થતી નથી. (૫) મુક્તિ આપનારી, પાપ અને તાપનું શમન કરનારી ભક્તિ, શુક્લ પક્ષમાં ચંદ્રમાની કળા જેમ વૃદ્ધિ પામે છે તેમ, વૈરાગ્યથી નિરંતર વૃદ્ધિ પામે છે. (૬)

વૈરાગ્યે રહિત જનોનું મન તુચ્છ એવા કામ સુખની પ્રાપ્તિ માટે વારંવાર ક્ષુભિત થઈ વાંદરા તથા બાળકોની માફક ક્લેશ અને મોહ પામે છે. (૭) જનોને વૈરાગ્ય વિના ક્યારેય શાંતિ થતી નથી. તેથી સુખ ઇચ્છતો પુરુષ આ લોકમાં વૈરાગ્ય સાધે. (૮)

આ પ્રકારનું સર્વાર્તિશમન વૈરાગ્યરૂપી અમૃતથી વર્ષાવનારું શ્રીહરિનું વચન સાંભળીને તે ભક્તો ઘણાં આનંદ પામ્યા. (૯) તે સમયે તે મહાસભામાં બેઠેલા ઉત્તમ સાધુ વૃદ્ધાત્માનંદ મુનિ બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૧૦)

(વૃદ્ધાત્માનંદ સ્વામીના ગુણોનું વર્ણન કરે છે) સમુદ્ર મર્યાદાને જેમ મૂકતો નથી તેમ શ્રીહરિની આજ્ઞા સદા પાળતા, પ્રશાંત, હંમેશા ધીર, વશ કર્યાં છે વાણી, શરીર અને મન જેમણે એવા; રમણીય વિષયોને જોઈને પણ મનમાં જે ક્ષોભ પામતા નથી. (૧૨) આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન જેને નથી તેવા પુરુષોને ઉપદેશ આપવામાં અતિ ચતુર, શુદ્ધ અને અપાર જ્ઞાનવાળા, તીવ્ર વૈરાગ્યના સ્થાનભૂત, દ્વંદ્વરહિત, નિષ્પરિગ્રહી; (૧૩)

હંમેશાં ભગવાનની લીલા, કીર્તન સાંભળવામાં અત્યંત આસક્તિવાળા, સર્વે સજ્જનો છે પ્રિય જેમને એવા; (૧૪) પ્રશ્નોત્તરમાં અતિચતુર, વિવિધ પ્રકારનાં તર્કો તથા વિવેક બુદ્ધિવાળા, પ્રિય હાતકારી અને સત્ય વાણીવાળા, વિદ્વાન્ વાદીજનોને જીતનારા; (૧૫)

દયા, ક્ષમા, શમ, દમ, સ્થૈર્ય, ધૈર્યથી યુક્ત, ઐશ્વર્ય તથા કોમળપણાથી યુક્ત આત્મનિષ્ઠાવાળા, તપોનિધિ; (૧૬) યોગ ક્રિયામાં અતિકુશળ, હંમેશા જ્ઞાનાભ્યાસથી દીર્ઘદર્શી, વિનય યુક્ત, નાના પ્રકારનાં સદ્‌ગુણોથી અલંકૃત; (૧૭): એવા વૃદ્ધાત્માનંદમુનિ શ્રીહરિને કહેવા લાગ્યા :- હે સ્વામિન્ ! હે હરે ! શાંતિ આપનારો વૈરાગ્ય કેમ ઉત્પન્ન થાય ? વિષયોમાં આસક્તિ રૂપ બેડી છેદનારા વૈરાગ્યનું સ્વરૂપ શું છે ? (૧૮) હે પ્રભો ! એ બંને પ્રશ્નોના ઉત્તર હું આપ સર્વજ્ઞ પાસેથી સાંભળવા ઇચ્છું છું. માટે આ બંનેનો તત્ત્વપૂર્વક ઉત્તર આપ કરુણા કરી મને કહો. (૧૯) હે મહીપતે ! મુનીન્દ્ર વૃદ્ધાત્માનંદ મુનિએ આ પ્રમાણે પૂછ્યું તેથી શ્રીહરિ તે મુનિ પ્રત્યે આનંદ આપનારું કલ્યાણકારી વચન હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૨૦)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મુનિવર્ય ! હે મહાબુદ્ધે ! તત્ત્વવિત્ ! દીર્ઘદૃષ્ટિવાળા, તમો તો સમગ્ર વૈરાગ્યનું રૂપ સર્વથા જાણો છો. (૨૧) તોપણ બીજાના ઉપકાર માટે પૂછનારા તમોને વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ તથા તેનું સ્વરૂપ તત્વથી કહું છું. (૨૨)

હે સન્મતે ! માયાથી ઉત્પન્ન થયેલા દેહાદિ પદાર્થો સર્વે, પ્રાકૃત લોક તેનાં સુખ પણ હે મહામુને ! દોષ, ક્લેશ, ભય, ક્ષય વગેરેથી ભરપૂર છે. એમ જાણવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને સત્સંગથી તે વૈરાગ્ય વૃદ્ધિ પામે છે. (૨૩, ૨૪)

હે મુનિરાજ ! તેથી પૂર્વ શરીરના દોષ તથા ક્લેશ જેમ છે તેમ સ્પષ્ટ પણે તમને કહું છું તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૨૫) હે ધીમન્ ! દેહીઓનો આ દેહ અપવિત્ર વસ્તુઓથી ઉત્પન્ન થયેલો છે. ઘણા દોષોના સ્થાનભૂત તથા શોક તાપ, ભય તથા દુઃખ આપનારો છે. (૨૬) વાત, પીત્ત, કફથી યુક્ત, મૂત્ર, વિષ્ટા, રુધિર તથા સ્નાયુ માંસ, અસ્થિ, મજ્જા તથા પીયા શ્લેષ્મ (લીંટ) વસા, શુક્રાદિથી યુક્ત છે. (૨૭)

છ કોશથી તથા પાંચસો પેશીઓથી યુક્ત જેમાંથી મળ આવે છે એવા છિદ્રોવાળો આ દેહ છે. એવા દેહમાં આત્મા રહેલો છે. (૨૮) જરાયુજ, અંડજ ભેદથી બે પ્રકારનાં દેહના રક્તાદિ છ ધાતુના પરિપાકમાં કારણભૂત છ અગ્નિ સ્થાનનો યોગ હોવાથી, છ પ્રકારનાં કોશોને છ ત્વચાઓ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર નામની ધારણ કરે છે. આ દેહના છ અંગો બે હાથ, બે પગ, મસ્તક, શરીર એ છ અંગો છે. હાડકાં ત્રણસો સાઠ છે. (અન્નનો રસ જઠરાગ્નિથી પાચન થઈ રક્ત બની તે રક્ત પોતાનાં કોશમાં રહેલા અગ્નિથી પાચન થઈ માંસ બને છે. તે માંસ પોતાનાં કોશમાં રહી પક્વ થઈ મેદ બને છે. મેદ પણ પોતાનાં કોશમાં રહી વહ્નિથી પક્વ થઈ અસ્થિ બને છે અને અસ્થિ પણ પોતાનાં કોશના અગ્નિમાં પક્વ થઈ મજ્જા બને છે. મજ્જા પણ પોતાનાં કોશમાં રહેલા અગ્નિથી પરિપક્વ થઈ શુક્ર નામક છ ધાતુઓ કેળનાં સ્થંભથી ત્વચાની જેમ બાહ્ય અને આંતરરૂપથી આચ્છાદિક ત્વચા ધારણ કરે છે.) (૨૯)

દાંતોના મૂળની બેઠક સાથે ચોસઠ હાડકાં થાય છે. હાથના વીસ નખ, હાથ પગના સ્થાનમાં રહેલા મણિબંધની ઉપર અને આંગળીઓના મૂળમાં રહેલા વીસ હાડકાં છે તેના ચાર સ્થાન બે હાથ, બે પગ છે. (૩૦)

પગના પાછલા ભાગમાં પાનીઓના બે બે હાડકાં છે. વીસ આંગળીઓમાં એક એક આંગળીમાં ત્રણ ત્રણ એમ સાઠ હાડકાં થાય છે. એક એક ગુલ્ફોમાં (ઘુંટીઓ) બે બે હાડકાં છે. તે ચાર છે. (અરભિકા સ્થાનમાં ચાર) બંને હાથના બબ્બે મળીને ચાર તેવા બંને જંઘાના ચાર છે. (૩૧)

જાનુ, કપોળ, ઉરુ (સાથળ) આંખો, ખભો, તાળુ અને નિતંબ એ સાત સ્થાનમાં બબ્બે અસ્થિ મળીને ચૌદ થાય છે. (૩૨) પાછલા ભાગમાં પીસ્તાલીસ અસ્થિ થાય છે. ગુહ્ય સ્થાનમાં એક તથા ડોકમાં પંદર અસ્થિ છે. છાતી અને ખભાના સાંધાઓનું એક એક તથા દાઢીમાં એક એમ ચોસઠ અસ્થિ

થાય છે. (૩૩) દાઢીના મૂળ પ્રદેશમાં બે અસ્થિ છે. લલાટમાં બે અસ્થિ છે, ચક્ષુમાં અસ્થિ છે, કપોળ અને ચક્ષુના સાંધામાં બે અસ્થિ છે, નાસિકામાં ઘાટું અસ્થિ છે, બે પડખામાં સ્થાલાં તથા અર્બુદ અસ્થિએ સહિત બોતેર અસ્થિ છે, (તેમાં પડખામાં બગલની નીચેના પ્રદેશમાં અસ્થિઓ તથા આધારભૂત સ્થાલાં અર્બુદા નામના અસ્થિએ સહિત બોંતેર અસ્થિ છે. પહેલાં કહ્યા છે તે મળીને એકાશી થાય છે.) (૩૪)

ભ્રકુટિ અને કાનના મધ્ય ભાગમાં બે અસ્થિ છે. મસ્તકની ખોપરીમાં ચાર અસ્થિ છે ઉર:સ્થળમાં સત્તર અસ્થિ છે. (આમાં ત્રેવીસ અસ્થિ છે.) આવી રીતે બધા મળીને પુરુષના દેહમાં ત્રણસો ને સાઠ અસ્થિ છે. (૩૫)

આ શરીરમાં વાત, પીત્ત અને કફનું વહન કરનારી સાતસો નાડીઓ છે, સ્નાયુ વહન કરનારી નવસો નાડીઓ છે, પ્રાણાદિકને વહન કરનારી બસો નાડીઓ છે અને સામસામી અંગના સાંધા સાંધનારી માંસની પેશીઓ પાંચસો છે. (૩૬)

એ નાડીઓની શાખાઓ ઘણી છે. એક બીજાની શાખાઓમાંથી થયેલી સમગ્ર નાડીઓ ઓગણત્રીસ લાખ નવસો છપ્પન છે એમ તમો જાણો. (૩૭) મનુષ્યોને દાઢી તથા મૂછના વાળ ત્રણ લાખ છે અને મૃત્યુ પમાડે એવા મર્મ સ્થળ એકસોને સાત છે. અસ્થિના સાંધાના બસો પ્રદેશો છે અને નાડીઓના સાંધાઓ અપરિમિત છે. (૩૮)

નાડીઓ તથા કેશ તેણે સહિત સમગ્ર રોમના સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ એવા પ્રદેશો જે દ્વારાએ પરસેવો નીકળે છે એવા છિદ્રો તે "ચોપન કરોડ સડસઠ લાખ પચાસ હજાર છે." આવી રીતે આ ગણતરી વાયુના પરમાણુઓથી જુદા જુદા વિભાગથી કરેલી, મુનિઓએ કહી છે. આ સમગ્ર ભાવોની પોતપોતાની સ્થિતિને યોગશાસ્ત્રનો પાર પામેલા મોટા મુનિઓ જાણે છે. (આમાં તો શાસ્ત્ર જ પ્રમાણ છે. કારણ ચક્ષુ ઈન્દ્રિયોથી તે ગ્રહણ થતી નથી.) (૩૯, ૪૦)

આ દેહમાં રસના પરિણામને પામ્યો એવા આહારનો સાર નવ અંજલી (અર્ધોશેર, કહેલો છે, જળની દશ અંજલિ છે, પુરીષ જે અન્નનો, કૂચો તેનો સાર સાત અંજલિ છે. (૪૧) શ્લેષ્મ જે કફ તે છ અંજલિ છે, પીત્ત પાંચ અંજલિ, મૂત્ર ચાર અંજલિ, માંસનો સ્નેહ ભાગ અને વસા તેની ત્રણ અંજલિ છે; (૪૨)

માંસનો રસ મેદ તેની બે અંજલિ છે, મજ્જા જે અસ્થિના છિદ્રમાં રહ્યો એવો ધાતુ તેની એક અંજલિ છે, શ્લેશમનો સાર અર્ધો અંજલિ, વીર્ય અર્ધો અંજલિ છે અને મસ્તકમાં ઉત્પન્ન થતો સ્નેહ અર્ધો અંજલિ છે. (૪૩)

આ શરીરમાં પ્રાણના સ્થાન કેટલાં છે તે કહે છે. હૃદય કમળમાં રહેલું ઓજ, (પીળાશ સહિત લગાર લાલ એવો ધાતુ) રુધિર તથા ભ્રકુટિને કાનના મધ્યમાં રહેલા બે અસ્થિ છે. (૪૪)

મસ્તક તથા બે ખભા, કંઠ, હૃદય, વસા જે માંસનો સ્નેહ, વપા, અવહનન જે લિંગની નીચે

નાડી, નાભિ, જમણી કુખમાં રહેલો માંસનો પીંડો અને કાલિકા, પ્લિહા જે બરોળ, નાનું આંતરડું હૃદયની સમીપે રહેલા બે માંસના પિંડા (૪૫)

બસ્તિ જે મૂત્રને રહેવાનું તથા વિષ્ટા રહેવાનું સ્થાન, કાચા અન્નને રહેવાનું સ્થાન, ગુદા, સ્થૂળ આંતરડાં, ઉદર, કોઠામાં રહેલા બાહ્ય ગુદાના વલયથી જુદા અંદર ગુદાના બે વલય છે. આ બધા પ્રાણને રહેવાના સ્થાન જાણવા. (૪૬)

(આ દેહનું ઘર રૂપે વર્ણન કરે છે) અસ્થિરૂપી વાંસડાઓથી યુક્ત તથા અસ્થિરૂપી થાંભલા, પાટડીઓ વગેરેથી યુક્ત સ્નાયુ અને ચર્મે કરીને ચારે તરફ જડેલું, શરીરના રુંવાડા તથા મસ્તકના કેશ વગેરેથી વીંટાયેલું; (૪૭) દુર્ગંધમય પદાર્થોથી યુક્ત, કામક્રોધાદિ સર્પોવાળું, અહંકારરૂપી બિલાડાવાળું, મોહરૂપી ગાઢાંધકારથી આવરણવાળું; (૪૮)

હે બુદ્ધિમાન ! હે મુને ! નિત્ય અને પવિત્ર એવા જીવાત્માનું અનિત્ય અને અપવિત્ર અને કર્મે કરીને નિર્માણ કરેલું આ દેહરૂપી ઘર છે. (૪૯) બહુ દુર્ગંધથી દૂષિત થયેલા ચાંડાળના કુંડમાં અજાણતા પડી ગયેલો શુદ્ધ માણસ જેમ બહુ દુઃખ પામે છે. (૫૦)

તેમ નાના પ્રકારનાં મળથી પૂર્ણ અને દુર્ગંધથી વ્યાપ્ત અસ્થિના સમૂહથી રચેલા એવા, આ દેહરૂપી દુષ્ટ પાંજરામાં મોહવશ થઈ પડેલો અને કર્મવશ એવો શુદ્ધ જીવાત્મા દૈવની માયાથી મોહ પામી અત્યંત દુઃખ પામે છે. (૫૧, ૫૨)

હે મુને ! આ દેહ વીર્ય અને રુધિર તેના સંયોગથી થાય છે. વિષ્ટા અને મૂત્ર આદિથી ભરેલો છે માટે અપવિત્ર છે. (૫૩) જેમ વિષ્ટાદિક મળથી પૂર્ણ સુવર્ણનો ઘડો બહારથી શુદ્ધ કર્યો હોય તો પણ અશુદ્ધજ છે, તેમ મળના સમૂહથી પૂર્ણ એવો આ દેહ બહારથી શુદ્ધ કર્યો હોય તો પણ અપવિત્રજ છે. (૫૪)

મે મુને ! હુતદ્રવ્યાદિક સમગ્ર પવિત્ર વસ્તુઓને દેહનો સંબંધ થતાં ક્ષણમાત્રમાં જ અપવિત્ર બની જાય છે. એવા દેહ કરતાં બીજું શું અપવિત્ર છે ? અર્થાત્ કાંઈ જ નથી. (૫૫) સુગંધીમાન, સ્વાદુ અને પાન કરવા યોગ્ય વસ્તુઓ પણ દેહમાં જવાથી તત્કાળ અપવિત્ર થઈ જાય છે. તો તે દેહથી બીજું શું અપવિત્ર છે ? (૫૬)

પંચ, ગંધ, કુશ તથા જળથી શુદ્ધ કરેલો આ દેહ, જેમ કાળા રંગથી દોષથી દૂષિત થયેલો કોલસો ક્યારેય પણ સફેદ થયો નથી તેમ, નિર્મળ થતો નથી. (૫૭) જેમ પર્વતમાંથી નિર્ઝરણાં વહે છે. તેમ દેહમાંથી નિરંતર મળ વહે છે. વળી વિષ્ટા, મૂત્ર એ આદિક અપવિત્ર વસ્તુઓ જેમાં રહેલી છે તેવો આ દેહ કેમ શુદ્ધ થાય ? ન જ થાય. (૫૮)

સર્વ અશુદ્ધ વસ્તુના સ્થાનભૂત આ દેહ વિષ્ટાથી ભરેલી ચામડીની બોખ સમાન, તેમાં એક ભાગ પણ પવિત્ર નથી. (૫૯) જેમ માટી અને જળ વડે કરીને અપવિત્ર વાસણને શુદ્ધ કરીએ છીએ તેમ મળથી સ્રવતા આ અપવિત્ર દેહને વારંવાર શુદ્ધ કરવા છતાં પણ મનુષ્યને તે પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન

થતો નથી. (૬૦)

ધૂપ આદિક સુદંર વસ્તુઓ વડે કરીને દેહને સુગંધિમાન કરવા છતાં પણ નમાવેલું કૂતરાનું પૂંછડું સ્વાભાવિક વાંકુંજ રહે તેમ દેહ પોતાનાં સ્વભાવનો ત્યાગ કરતો નથી. (૬૧)

વર્ણથી જ કાળી કામળી અનેક ઉપાય કરવા છતાં પણ સફેદ થાય જ નહિ તેમ શુદ્ધ કરેલો દેહ પણ નિર્મળ નથી જ થતો. (૬૨) અત્યંત દુર્ગંધવાળા મળને સુંઘતો, તેને જોતો, મળના દુર્ગંધથી નાસિકા દાબી દેતો મનુષ્ય ક્યારેય પણ દેહ પ્રત્યે વૈરાગ્ય પામતો નથી. (૬૩) અહો ! મુને ! મોહનું માહાત્મ્ય તો તમે જુઓ જેણે જગત ભમાવ્યું છે, દેહના દોષો જાણીને પણ મનુષ્યોને વૈરાગ્ય થતો નથી. (૬૪)

ડાહ્યા પુરુષો આ દેહને સ્વભાવથી જ અપવિત્ર જાણે છે. જે દેહને બ્રહ્માએ ફળ વિનાની કેળની પેઠે નિઃસાર કહ્યું છે. (૬૫) અપવિત્ર એવા આ શરીરમાં આસક્તિવાળા મનુષ્યોમાં અને મળમૂત્રાદિકમાં રમતા કરમીયામાં શો ભેદ છે ? અર્થાત્ કાંઈ પણ નથી. (૬૬) હે મુને ! બુદ્ધિમાન પુરુષ શરીરનાં સેંકડો દોષો જાણે અને અંતે તે કૃમિ, વિષ્ટા અને ભસ્મ સ્વરૂપ થાય છે. તેવું જાણીને તત્કાળ વૈરાગ્ય પામે. (૬૭)

પ્રતિદિન જેમાંથી દુર્ગંધિવાળા નકારા મળો નીકળે છે તે મળના આધારભૂત આ અત્યંત મલીન દેહ પવિત્ર કેમ હોય ? અર્થાત્ ન જ હોય. (૬૮) એક આત્મા શુદ્ધ છે અને દેહ કેવળ અશુદ્ધ છે. કારણ કે જે દેહના મળના સ્પર્શથી શુદ્ધ પદાર્થ પણ અશુદ્ધ થાય છે. તે દેહ કેમ શુદ્ધ હોય ? (૬૯)

જેમ તીર્થોમાં ધોએલી કૂતરાના ચામડાની બોખ ક્યારેય શુદ્ધ થતી નથી તેમ દેહ તપ અને તીર્થના જળથી શુદ્ધ ન જ થાય. (૭૦) વાત, પીત્ત અને કફ એ આદિકનું વિષમપણું એ વ્યાધિ કહેવાય છે. માટે વાત, પીત્ત અને કફ વગેરેના સ્થાનભૂત, રોગના પાંજરા રૂપ, આ દેહમાં નાના પ્રકારનાં રોગોથી અનેક પ્રકારનાં દુઃખ મનુષ્ય પામે છે. આત્મ સ્વરૂપ થયેલા મનુષ્યો આ દેહના સમગ્ર દુઃખો જાણી શકે છે. (૭૧, ૭૨)

આ દેહનો ક્ષણે ક્ષણે ક્ષય થાય છે. અને તેથી હંમેશા કાળરૂપી સર્પના મહાગ્રાસનો ત્રાસ આ દેહને છે જ. (૭૩) આ દેહ સેંકડો આધિવ્યાધિથી યુક્ત છે. જન્મ, મૃત્યુ, જરાવસ્થા સંબંધિ દુઃખવાળો તથા વિવિધ પ્રકારનાં શોક, દુઃખ તથા તાપનું સર્વ પ્રકારે ક્ષેત્ર છે. (૭૪)

હે વિદ્વન્ ! આવી રીતે દુઃખ તથા દોષોના સ્થાનભૂત આ દેહના સ્વરૂપ મેં કહ્યું. હવે મનુષ્યોને ગર્ભવાસના વિવિધ પ્રકારનાં જે દુઃખ થાય છે તે હું કહું છું, તે તમો સાંભળો. (૭૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં વૈરાગ્યના હેતુભૂત શરીરના દોષોનું નિરૂપણ નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મહાબુદ્ધિશાળી ! ગર્ભવાસમાં પીડા પામતા પ્રાણીઓને કુંભિપાક કરતા પણ મહાતીવ્ર દુઃખ ગર્ભવાસમાં થાય છે. (૧) પર્વતના ભારથી કચડાઈ પીડા પામેલા કોઈ દુઃખીની જેમ જરાયુથી વીંટાયેલો પ્રાણી દુઃખે સહિત તેમાં રહે છે. (૨) જેમ સમુદ્રમાં ડૂબતો મનુષ્ય દુઃખથી અત્યંત વ્યાકુળ થાય છે તેમ ગર્ભના જળથી ભીના અંગવાળો પ્રાણી દુઃખ ભોગવે છે. (૩)

ચારેય તરફ બળતા અગ્નિની વચ્ચે રહેનારા મનુષ્યને જેમ તાપ લાગે છે તેવી રીતે અગ્નિએ સહિત છ કોશોના મધ્યભાગમાં રહેલો ગર્ભમાં રહેલો-પ્રાણી તે અગ્નિના તાપથી તપાયમાન થાય છે. (૪) અગ્નિથી તપાવેલી લાલચોળ લોઢાની કોશથી જેનું શરીર ભેદવામાં આવે અને તેને જે દુઃખ થાય છે તે દુઃખ કરતાં ગર્ભમાં આઠગણું વધુ દુઃખ થાય છે એમ સ્મૃતિમાં કહ્યું છે. (૫) ગર્ભવાસથી વધુ કષ્ટ આપનારું સ્થાન બીજું કોઈ નથી. માટે ગર્ભવાસ નરક કરતાં પણ વધારે પીડા આપનારું છે. (૬)

વિષ્ટા તથા મૂત્રના ખાડા સમાન, જંતુઓની ઉત્પત્તિથી ભરેલા માતાના જઠરમાં પડેલો દેહી ઊંધે માથે લટકતો હોવાથી દુઃખ પામે છે. (૭) જઠરાગ્નિથી પણ અતિશય પ્રદિપ્ત અગ્નિથી બળતો ગર્ભમાં રહેલો સુકુમાર પ્રાણી અત્યંત વ્યાકુળ થઈ વ્યથા પામે છે. (૮)

માતાના ઉદરમાં ઉત્પન્ન થતા કીડાઓ જેનાં સર્વ અંગોને ક્ષણે ક્ષણે કરડે છે એવો ગર્ભગત પ્રાણી કોમળ હોવાથી અતિ દુઃખ પામે છે. (૯) પોતાની માતાએ ખાધેલા કડવા, ખારા, ખાટા, તીખા પદાર્થોના સ્પર્શથી કરોડ વીંછીના ડંસથી પણ અધિક દુઃખને તે પ્રાણી પામે છે. (૧૦)

પીંજરામાં પૂરેલું પક્ષી જેમ પોતાનાં અંગો પ્રસારવામાં અસમર્થ છે તેવી રીતે ગર્ભમા પડેલો પ્રાણી વિષ્ટા, મૂત્ર, રક્ત વગેરેથી ઢંકાયેલો હંમેશા મોહ પામે છે. (૧૧) હે મુને ! ગર્ભવાસના મહાકલેશોથી કર્મવશ દેહીને જન્મ સમયે કરોડ ઘણું દુઃખ થાય છે. (૧૨)

જન્મ સમયે અતિ બળવાન વાયુ બળપૂર્વક ગર્ભને ચળાયમાન કરે છે, તેથી જન્મસ્થાન ચોવીસ આંગળના પરિણામરૂપ હોવા છતાં પણ વિકાસ પામે છે. (૧૩) પચીસ આંગળના પરિમાણવાળો ગર્ભ ચોવીસ આંગળના પરિમાણવાળા જન્મસ્થાનમાંથી પીડા પામતો નીકળે છે. પરંતુ જ્વરથી પીડાતો અને પીડાથી મૂર્છિત થઈ તે બહાર આવે છે. (૧૪) પ્રસૂતિના બળવાન વાયુથી ખેંચાયેલા પ્રાણી યંત્રમાં પીલાતા શેરડીના સાંઠાઓની માફક ઘણી પીડા પામે છે. (૧૫, ૧૬)

ગર્ભના અત્યંત દુઃખથી દુઃખી થયેલા અને મૂર્છા પામેલો મોહ નામના બાહ્ય વાયુના સ્પર્શ માત્રથી તે પ્રાણીને હે મહામતે ! અત્યંત તીવ્ર તાવ ચડે છે. તેથી તેને તત્કાળ મહામોહ થાય છે. (૧૭) મોહ પામેલા તે પ્રાણીને તેજ સમયે તેની સ્મૃતિનો નાશ થાય છે તેથી જન્મ થતાની સાથે જ તેને આ લોકમાં પ્રીતિ થાય છે. (૧૮)

તેની ઈન્દ્રિયો તથા બુદ્ધિ અવ્યક્ત હોવાથી બાલ્યાવસ્થામાં તેનું થતું દુઃખ કહેવા માટે તે ઈચ્છે

છે. છતાં પણ તે દુઃખ કહેવા માટે તથા ક્રિયા કરવા તે સમર્થ થતો નથી. (૧૯) વિવિધ પ્રકારનાં બાળરોગો, ક્રૂર બાળગ્રહો, માંખો, મચ્છરો વગેરેના ડંસોથી તે બાળક વ્યથા પામે છે. (૨૦) તરસ અને ભૂખથી વ્યાપ્ત અંગવાળો તે બાળક ક્ષણે ક્ષણે રડે છે. બાળકનો ભાવ ભજવનારો તે મોટો થવા માટે અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ પણ કરે છે. (૨૧)

કુમારાવસ્થામાં કર્ણ વીંધાવવાથી તથા બંધુઓના મારથી, અક્ષરો વગેરે ભણવા માટે અધ્યાપકે કરેલા અનુશાસનથી, તેને દુઃખ થાય છે. (૨૨) તરુણ અવસ્થામાં રાગથી હંમેશા તે આવૃત્ત થયેલો હોવાથી અને ઇંદ્રિયોની વૃત્તિ મદોન્મત્ત હોવાથી કામરૂપી રાગની પીડા તેને થાય છે માટે યુવાવસ્થામાં પણ તેને સુખ ક્યાંથી હોય ? (૨૩)

મોહયુક્ત તે પ્રાણીને ઈર્ષ્યાના દૂષણથી પણ અતિદુઃખ થાય છે. જેમ નેત્રરોગથી દુઃખ થાય છે તેમ રાગથી પણ દુઃખ થાય છે. (૨૨) તરુણ અવસ્થામાં રાગથી હંમેશા તે આવૃત્ત થયેલો હોવાથી અને ઈંદ્રિયોની વૃત્તિ મદોન્મત્ત હોવાથી કામરૂપી રાગની પીડા તેને થાય છે માટે યુવાવસ્થામાં પણ તેને સુખ ક્યાંથી હોય ? (૨૩)

મોહયુક્ત તે પ્રાણીને ઈર્ષ્યાના દૂષણથી પણ અતિદુઃખ થાય છે. જેમ નેત્રરોગથી દુઃખ થાય છે તેમ રાગથી પણ દુઃખ થાય છે. (૨૪) કામાગ્નિથી તપેલો મનુષ્ય રાત્રિએ નિદ્રા પણ પામતો નથી. દિવસે પણ ધનની પ્રાપ્તિ માટે ચિંતા કરતાં તે મનુષ્યને સુખ ક્યાંથી હોય ? (૨૫) વૃદ્ધાવસ્થામાં જીર્ણ થયેલા શરીરથી, મનની પીડાઓથી તથા શરીરના રોગોથી વ્યાપ્ત, તે દેહી ઘણી પીડા પામે છે. (૨૬) સર્વ રોગોથી પીડા પામેલા તે મનુષ્યને ધનવંતરી પોતે પણ રોગ રહિત કરવા માટે સમર્થ નથી. તો બીજો વૈદ્ય ક્યાંથી સમર્થ થાય ? (૨૭)

હે મુને ! મૃત્યુ કાલીન પીડાયુક્ત તે મનુષ્યનું રક્ષણ ઔષધ પણ કરી શકતું નથી. ધન, તપ, દાન, માતા, પિતા, બંધુઓ પણ તેનું રક્ષણ કરવા સમર્થ થતા નથી. (૨૮) અંતે મૃત્યુ પામેલો તે પ્રાણી કરોડો યોનિઓમાં ફરી ફરી ઉત્પન્ન થાય છે. અને નિરંતર ક્લેશ, શોક, ભય વગેરેથી દુઃખ પામે છે. (૨૯)

મહા તમમાં પ્રવેશેલા અને મૃત્યુથી ત્રાસયુક્ત છે ચિત્ત જેમનું એવા તે પ્રાણીને મૃત્યુ સમયે જે દુઃખ થાય છે તેની ઉપમા ક્યાંય છે નહિ. (૩૦) અરે, હે મા ! હે બાપા ! હે સ્વામિન્ ! આ પ્રમાણે અતિદુઃખી થઈ તે દુઃખના શબ્દો ઉચ્ચારે છે. એવી રીતે અંતકાળે વિવિધ પ્રકારની વ્યાધિઓથી અત્યંત પીડા પામે છે. (૩૧)

બંધુજનનોએ હરી લીધું છે સર્વ ધન જેનું એવો અને પ્રિય જનોથી ચારેય તરફ વીંટાયેલો, મરણથી ત્રાસવાળું છે હૃદય જેનું એવો તે પ્રાણી અતિશય ચિંતા પામે છે. (૩૨) અતિ સૂકાતા મુખથી લાંબો અને ઉષ્ણ નિઃશ્વાસ મૂકતો વારંવાર ક્લેશ તથા મોહ પામતો તે ખાટલામાં પાસા (પડખા) ફેરવે છે. (૩૩)

તે પ્રાણી બંને હાથ તથા બંને પગ ચારેય તરફ પછાડે છે. ખાટલા ઉપરથી નીચે ઉતરી પૃથ્વી ઉપર સૂવા ઇચ્છે છે અને પૃથ્વી ઉપરથી ખાટલામાં સૂવા ઇચ્છે છે પાછો પૃથ્વી ઉપર સૂવા ઇચ્છે છે.

(૩૪) વસ્ત્ર વિનાનો, ત્યાગ કરી છે લાજ જેણે એવો અને મૂત્ર તથા વિષ્ટાથી લેપાયેલો અને જેનોં કંઠ, ઓષ્ઠ, તાળવું સૂકાયા છે એવો તે પ્રાણી પીવા માટે જળ માગે છે. (૩૫)

વિવિધ પ્રકારનાં રોગની પીડાથી આકુળ થયેલો તે પ્રાણી, શોક કરતાં તેના બંધુઓ તેને વારંવાર બોલાવે છે છતાં, બોલતો નથી. કંઠમાં કફ હોવાથી ફક્ત ઘુર્ઘર શબ્દ જ થાય છે. (૩૬) હું મરણ પામીશ ત્યારે આ દ્રવ્યાદિક કોનાં થશે ? આ પ્રકારે ચિંતવન કરતો તે પ્રાણી કાળપાશથી ખેંચાઈને પોતાનાં સંબંધીઓને જોતાં જોતાં મરણ પામે છે. (૩૭)

આવી રીતે મૃત્યુ સર્વ જગતને ગળે છે જેમ તેતર પક્ષીને શકરોબાજ તથા દેડકાને સર્પ ગળે છે તેમ; (૩૮) ભૂત પ્રાણીઓને જન્મમાં દુઃખ, યુવાવસ્થામાં દુઃખ તથા અંતે અત્યંત કઠોર દુઃખ થાય છે. આવી રીતે સ્વભાવથી જ તેને દુઃખની પરંપરા છે. (૩૯)

સર્વ કાર્યથી રહિત જે મનુષ્ય રાત્રિએ સૂઈ જાય છે તે પણ મરણની ઉપમાવાળો છે. કારણ કે સ્વપ્નમાં પણ તમથી વ્યાપ્ત થયેલો તે સુખી ક્યાંથી હોય ? (૪૦) ખેતી, વેપાર, સેવા, ગાયની સેવા વગેરેના પરિશ્રમમાં તથા વ્યવહારિક કાર્યોથી હણાઈ ગયો છે આત્મા જેનોં એવા તે પ્રાણીને જાગ્રત અવસ્થામાં પણ શાંતિ ક્યાંથી હોય ? (૪૧)

બીજાનો પુત્ર જોઈ પુત્ર રહિત જન પુત્રની પ્રાપ્તિ માટે સાધન કરતો ઘણી પીડા પામે છે. (૪૨) પુત્રવાન તે પ્રાણી રાત્રિદિવસ તે પુત્રના પોષણ માટે તથા રોગાદિ પીડા તે પામે ત્યારે તથા તેનું મૃત્યુ થાય ત્યારે અત્યંત પીડા પામે છે. (૪૩)

બીજાના અલંકારો, દ્રવ્ય, વાહન વગેરે વૈભવો જોઈને વારંવાર અત્યંત બળતો નિર્ધન પણ ઘણી પીડા પામે છે. (૪૪) ધનવાનોને પણ ધનની રક્ષા કરવામાં તથા તેની વૃદ્ધિ કરવામાં દુઃખ છે. તેમજ ધનનો વ્યય, તેનો નાશ તેની ચોરી વગેરેનો ધનવાનોને ભય રહે છે. (૪૫)

આકાશમાં કોઈ પક્ષી માંસ લઈ જતું હોય તો તે પક્ષીની પાછળ જનારા પક્ષીઓ પણ તે માંસનું ભક્ષણ કરે છે. પૃથ્વી ઉપર કૂતરાં વગેરે તે માંસનું ભક્ષણ કરે છે, જળમાં પડ્યું હોય તો માછલાં વગેરે પણ તેનું ભક્ષણ કરે છે, તેમ ધનવાળા પુરુષના ધનને રાજા, રાજાના ચાકર, સંબંધી જનો તથા ચોર એ આદિક સમગ્ર હરી લે છે. (૪૬)

આ લોકમાં પંદર અનર્થોથી યુક્ત, ધન, ધનવાળા પ્રાણીને આનંદ પમાડતું નથી. પરંતુ નિરંતર ખેદ પમાડે છે. માટે ધન સુખ આપનારું નથી જ. (૪૭) કૃપણતા, મત્સર, ખેદ, ધનની વૃદ્ધિ થવાથી થતો મોટો ભય તથા અકાર્યમાં પ્રવૃત્તિ વગેરે દુઃખ હંમેશા ધનવાળાઓને હોય છે. (૪૮)

શરીરધારીઓને ઠંડી ઋતુમાં શીતપણાથી દુઃખ થાય છે, ઉનાળામાં તાપથી કઠોર દુઃખ થાય છે, વર્ષાઋતુમાં વાયુ તથા વૃષ્ટિથી દુઃખ થાય છે આ પ્રકારની પીડા કાળથી થાય છે. (૪૯)

રાજા ચોર, શત્રુઓ તથા વ્યાઘ્રાદિથી પણ ભય છે. તેમજ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે સાત ઈતિઓથી મનુષ્યોને અત્યંત ભય છે. વળી કાળરૂપી સર્પ થકી પણ અતિ ભય છે. ક્યારેય પણ આ

સંસારમાં નિર્ભયતા નથી. (૫૦)

સ્ત્રીપુરુષના વિવાહના વિસ્તારમાં, ગર્ભ ધારણ કરવામાં, જન્મ સમયમાં, ઘણાં પુત્ર હોય તો તેને પરણાવવામાં, જીવિકા કરી આપવામાં અને તે પુત્ર તથા પુત્રિઓ સંબંધી દુઃખથી પણ મનુષ્યને રાત્રિદિવસ ઘણું દુઃખ થાય છે. (૫૧)

અરે ! આ મારા પુત્રને દાંત તથા આંખમાં હંમેશા પીડા થાય છે. હવે હું શું કરું ? એમ હંમેશા તે પુત્રના દુઃખથી દુઃખ પામે છે. ગાયો નાસી ગઈ, ખેતી ભાંગી ગઈ અને ઘરની સ્ત્રી બળવાન થઈ પડી, ગાંઠતી નથી હવે શું કરું ? એમ મનુષ્ય દુઃખ પામે છે. (૫૨) અરેરે, આ મહેમાનો આવ્યા માટે મોટો ખર્ચ થશે, રાત્રે ચોરો મારું ધન ધાન્યાદિક સર્વ લઈ ગયા. (૫૩)

અરે, હું આંધળો થયો, મારી સ્ત્રી છોકરાંવાળી છે; ઘરનું કામકાજ, ગાય, ભેંસ વગેરેને કોણ બાંધશે ? (૫૪) કન્યાઓ પરણાવવાનો સમય થયો છે મારે યોગ્ય વર ખોળવાના છે. આવી રીતે ચિંતાથી પરાભવ પામેલા કુટુંબીઓને સુખ ક્યાંથી હોય ? અર્થાત્ ક્યારેય પણ હોય નહિ. (૫૫)

હંમેશા કુટુંબની ચિંતાથી વ્યાકુળ શરીરવાળાના સારા વિચારો તથા ગુણો કાચા ઘડામાં ભરેલા જળની માફક સ્ત્રવી જાય છે. (૫૬)

હે મુનિવર્ય ! આત્માનંદ મુને ! મેં તમોને આ પ્રમાણે ગર્ભવાસનું દૂરંત દુઃખ કહ્યું, હે મહાત્મન્! હવે રાજાઓનું દુઃખ હું કહું છું તે તમો એકાગ્ર મનથી સાંભળો. (૫૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ગર્ભવાસ વગેરે દુઃખ નિરૂપણ નામે સાઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે વિદ્વન ! સંધિ અને વિગ્રહની ચિંતાથી સદા વ્યાકુળ તથા પુત્ર અને સ્વજનોથી પણ જેને હંમેશા ભય રહે છે એવા રાજાઓને રાજ્ય છતાં પણ સુખ ક્યાંથી હોય ? (૧) રાજા પણ અન્ન, વાહન, આસન વગેરે જેટલી જરૂરીયાત હોય તેટલું જ ભોગવી શકે છે. બાકીનું કેવળ દુઃખને માટે થાય છે. (જરૂરીયાત કરતાં વધુ વસ્તુઓનાં સંગ્રહમાં કેવળ 'મારું, મારું' એમ અભિમાન વધે છે તેથી દુઃખ થાય છે.) (૨)

સાત માળનું ભુવન હોય તો પણ મહિપતિ તો જેટલાં સ્થાનમાં સૂવે છે, બેસે છે તેટલું જ તેમનું છે. જળના ભરેલા હજાર ઘડા હોય તો પણ પોતાનાં ખપમાં જેટલું જળ આવ્યું તેટલું જ પોતાનું, તેવી રીતે ખાદ્ય પદાર્થોમાં પણ જે પોતાનાં ખપમાં આવ્યું તે જ પોતાનું; (૩)

સવારમાં રાજા પોતાનાં મહેલમાં વાગતા ચોઘડીયાં પુરવાસી જનોની સાથે સાંભળે છે. પરંતુ

મારા મહેલમાં આ વાગે છે એ પ્રકારનું અભિમાન અને રાજ્યમાં પણ એ પ્રકારનું જ અભિમાન તેને રહે છે. (૪) બહુમૂલ્યવાળાં અનેક પ્રકારનાં વસ્ત્ર ઘરેણાં ધારણ કરવા તથા સુગંધિમાન પુષ્પ, તેલ, અત્તર વગેરે પદાર્થોનું અંગમાં લેપન કરવું, નૃત્ય જોવા તથા ઉન્મત્તની પેઠે આચરણ કરવું એ આદિકરાજાને ભોગવવા યોગ્ય એવા ભોગના સંબંધથી જ, લાલસાથી એક બીજાને જીતવા ઈચ્છતા અંદર અંદર વેર કરનારા રાજાઓને સુખ નથી. (૫, ૬)

શત્રુઓના પરાભવથી નિત્ય ઉદ્વિગ્ન મનવાળા, દ્વેષ અને અમર્ષ એ આદિકથી વ્યાપ્ત એવા રાજાઓને ક્યારેય પણ સુખ નથી જ. (૭)

હે સન્મતે ! રાજાઓનો રાજા કાર્તવીર્ય જે સહસ્ત્રાર્જુન, તેના હજાર હાથને, જમદગ્નિના મહા પરાક્રમી પુત્ર પરશુરામે પૂર્વે રણસંગ્રામમાં પાડ્યા હતા. (૮) સર્વે રાજાઓથી અજેય પરશુરામનું શૂરવીરોએ વખાણેલું અનુપમ પરાક્રમ તેને પણ દશરથના પુત્ર વ્યાપક પ્રભુ શ્રીરામે હરી લીધું. (૯)

હનુનમાનને પણ ઈન્દ્રે પૃથ્વી ઉપર ફેંકી દીધેલા. વળી તે સૂર્યાત્મજ ઈન્દ્રનો નિવાત કવચ નામે દૈત્યે પરાજય કર્યો. તે દૈત્યને પાંડુરાજાના પુત્ર અર્જુને જીતી લીધા. (અહીં સૂર્ય શબ્દથી ઈન્દ્ર જાણવા અદિતિના બાર પુત્ર તેમને સૂર્ય કહેવાય છે.) (૧૦)

મહા શોભાયમાન અને મહાપરાક્રમી અર્જુનને પણ ગોવાળિયા તથા કાઠીઓએ જીતી લીધા. વળી તે ગોવાળો પણ અનાવૃષ્ટિથી દુઃખી થયા. (૧૧) તે મેઘને વાયુ દોડાવે છે, વાયુનું પરાક્રમ પર્વત હરી લે છે, કેમ કે પર્વતાસ્ત્રે કરીને વાયુઅસ્ત્ર પરાભવ પામે છે, વળી એ પર્વતને પણ અગ્નિ બાળે છે. એ અગ્નિનો જળ પરાભવ કરે છે. (૧૨)

જળને પ્રલયકાળના સૂર્ય શોષી લે છે. આ રીતે અસુરો, મનુષ્યો એકબીજાને જીતવા ઈચ્છે છે અને ક્લેશ પામે છે. (૧૩) એક બીજાથી અધિક થવાને ઈચ્છતા અને એક બીજાથી સરસાઈ કરતા, બીજાની ઉજળી સંપત્તિ જોઈને સહન ન કરી શકતા એવા દેવને સ્વર્ગમાં પણ સુખ નથી. (૧૪) છેદાઈ ગયા છે મૂળ જેમનાં એવા વૃક્ષો પરવશ બની જેમ પૃથ્વી ઉપર પડે છે તેમ પોતાનાં પુણ્યને નાશ થયા પછી દેવો પણ તત્કાળ પડે છે. (૧૫)

સુખની અભિલાષાવાળા અને દેવભાવને પામેલો દેવોને પણ ભોગોનો નાશ થવાથી સ્વર્ગમાં પણ તીવ્ર દુઃખ થાય છે. (૧૬) બળવાન યક્ષો, રાક્ષસો, દૈત્યો તથા દાનવોની સાથે દેવો પણ નિરંતર યુદ્ધ કરી દુઃખ પામે છે. (૧૭)

હે મહામતે ! આવી રીતે સ્વર્ગમાં પણ વિષયથી વ્યાકુળ અંતઃકરણવાળા અને રાગ દ્વેષાદિ યુક્ત દેવોને સુખ નથી. (૧૮) સ્વર્ગમાં રહેલા દેવોને પણ આ પુણ્યનો ક્ષય થશે એટલે દુઃખ થશે એવું અંતરમાં સદા દુઃખ તેમને વર્ત્યા કરે છે. તેઓ જ્યારે સ્વર્ગમાંથી પડે છે ત્યારે વિવિધ પ્રકારની હજારો યોનિઓમાં વારંવાર જન્મ લે છે. (૧૯)

દેવલોકમાં દેવોને પણ મનુષ્ય લોકની માફક અનેક પ્રકારનાં રોગ થાય છે. સૂર્યને પણ દુષ્ટ રોગ છે, વરુણને જળોદર છે. (૨૦) પુષા નામના દેવના દાંત પડી ગયા છે, શચિપતિનો હાથ સજ્જડ થઈ ગયો છે તથા ચંદ્રમાને પણ અસહ્ય શ્રય રોગ છે એમ કહ્યું છે. (૨૧) દક્ષ પ્રજાપતિને પણ મહાજ્વર હતો. એ રીતે અનેક પ્રકારનાં રોગોથી દેવતાઓ પણ દુઃખી થાય છે. (૨૨)

પ્રત્યેક કલ્પમાં દેવોનો પણ ક્ષય થાય છે. દ્વિપરાર્ધ આયુષ્ય પછી બ્રહ્માનો પણ નાશ થાય છે. (૨૩) લોભ કામાદિથી યુક્ત, મત્સરથી વ્યાકુળ અંતઃકરણવાળા તથા વિષયાસક્ત ચિત્તવાળા દેવોને સુખ ક્યાંથી હોય ? (૨૪)

જ્યાં દુઃખ આપનારા લોભ કામાદિ દોષો હોય ત્યા સમગ્ર દુઃખો હંમેશા રહેલા હોય છે. (૨૫) સર્વ લોકમાં પ્રાણીઓને આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખ અત્યંત હોય છે. (૨૬) દેહીઓને શબ્દાદિ વિષયો અત્યંત અશાંતિ આપનારા, ક્લેશ અને દોષોના સ્થાનભૂત વારંવાર જન્મ મૃત્યુ આપનારા છે. (૨૭)

ઝેરવાળા પણ સ્વાદિષ્ટ લાડુ ખાધા પછી જેમ મનુષ્યનો તે નાશ કરે છે; તેની માફક પીડાના કારણભૂત વિષયો પણ ભોગવ્યા પછી જનોને તે હણે છે. (૨૮) જેમ દૂધ પાઈને ઉછેરેલા સર્પો તેના પોષણ કરનારને જ ડસે છે તેની માફક સ્વભાવથી દુષ્ટ કામરૂપી શત્રુઓ પોતાનું સેવન કરનારાઓ ને જ હણે છે. (૨૯)

લીલા ઘાસથી ઢંકાયેલા તેથી જ બહારથી રમણીય દેખાતા કૂવાઓ, જેમ લીલા ઘાસના લોભથી આવેલા પશુઓના મૃત્યુનું કારણ બને છે તેમ, બહારથી રમણીય, પ્રિય અને પ્રતીય માન પરંતુ વસ્તુતાએ અપ્રિય કરનારા વિષયો પોતાનાં સાન્નિધ્યમાં આવેલા મનુષ્યોનો નાશ કરે છે અને તેમને જન્મ પમાડે છે. (૩૦, ૩૧) વિષયનો ત્યાગ કર્યો હોય છતાં પણ ઉપરથી રમણીય જણાતા તે વિષયમાં આસક્ત જનોને તેનો ત્યાગ અશક્ય બનાવતા પંચવિષયો મનુષ્યોને શત્રુઓની જેમ પરિતાપ કરનારા છે. (૩૨) જેમ ઝેરના વૃક્ષની પાસે જઈને તથા સર્પની ફણા પાસે બેસીને મનુષ્યો દુઃખ વહોરે છે તથા રાત્રિ દિવસ કામવાસના તૃપ્ત કરી પાપી લોકો આપત્તિઓ વ્હોરે છે. (૩૩)

જે મનુષ્યો મનને પ્રિય જેટલા વિષયોનું સેવન કરે છે તે તેટલા શોકરૂપી ખીલા પોતાનાં હૃદયમાં મારે છે. (૩૪) જેમ માછીમારો મોટી જાળથી માછલાઓને બાંધે છે, તેમ વિષયોરૂપી માછીમારો મોહરૂપી મોટી જાળથી મનુષ્યરૂપી માછલાઓને બાંધે છે. (૩૫)

ઠગારા દુષ્ટ વિષયો મનુષ્યોને, પારધીઓ મૃગલાઓને તથા કસાઈઓ પશુઓને વિશ્વાસ પમાડીને જેમ હણે છે તેમ, હણે છે. (૩૬) જેમ ઝેરના ઝાડના ફળો ખાનાર અતિ મોટી આપત્તિ પામે છે તે રીત વિષયો ભોગવનારા મૂર્ખ માણસો અતિ પીડા પામે છે. (૩૭)

ભાંગનું સેવન કરનારને જેમ ભાંગ તત્કાળ ઉન્મત્ત કરે છે, તે પ્રમાણે વિષયો પોતાને ભોગવનારા જનોને વિકળ કરે છે. (૩૮) જેમ વાયુ વાદળાને, ધૂર્તો પ્રાણીઓના પ્રાણને, તેમ પંચ વિષય, સર્વવિદ્યા

અને ધર્માદિ ગુણોને હરી લે છે. (૩૯) મંદમતિ પ્રાણીઓ પંચવિષય ભોગવવા માટે પરસ્પર વેર કરીને અત્યંત ક્રોધથી અંધ બની પોતાનાં પ્રિય પ્રાણને પણ તજે છે. (૪૦)

પ્રાણીઓ વારંવાર વિષયો ભોગવતા છતાં પણ જેમ બાળકો મધનાં ટીપાં ચાટીને ક્ષુદ્ર આનંદ માણે છે તેમ, વિષય ભોગથી તૃપ્તિ પામતા નથી. (૪૧)

જેમ ધતૂરાના બે તથા ભીલામા ખાવાથી અત્યંત દુઃખ થાય છે તેમ મનુષ્યો પંચવિષયના ભોગથી અત્યંત દુઃખ પામે છે. (૪૨) શરદ્‌ઋતુના વાદળાં તથા વીજળીની માફક ચંચળ તાપ, શોક અને પીડાના કારણભૂત વિષયો પોતાને સેવનારા જનોને કૂતરા, ગધેડાની માફક નિર્લજ્જ અને નિંદ્ય બનાવી દે છે. (૪૩)

એ વિષયોએ ત્યાગીઓ, ગૃહસ્થો તથા અન્ય મનુષ્યોને કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરી નિંદનીય દુર્દશા પમાડી છે. (૪૪) એક કામના જ્યાં સુધી સંપૂર્ણપણે ભોગવી નથી ત્યાં તો બીજી અપાર કામનાઓ ઉદય પામે છે, માટે હે મુને ! નવી નવી ઉત્પન્ન થતી સમગ્ર કામનાઓની પૂર્ણતાતો થાય જ ક્યાંથી ? (૪૫)

કામનાના ઉપભોગથી શાંતિ ક્યારેય થતી નથી જ. ઘીના ભોજનથી જ્વર અને વાયુથી અગ્નિ જેમ વૃદ્ધિ પામે છે તેમ, કામ ભોગોથી ઊલટો વૃદ્ધિ પામે છે. (''न जातुं कामः कामानाम् उपभोगेन शाम्यति'' ભાગવતમાં કહ્યું છે) (૪૬)

કામવાસનાને સેવતો મનુષ્ય અંતરમાં ક્યારેય સુખ ભોગવતો નથી કેની જેમ, તો જે વૃક્ષમાં શ્યેન પક્ષીનો નિવાસ છે તે વૃક્ષની છાયામાં જતો તેતર પક્ષી જેમ સુખ પામતો નથી તેમ; (૪૭)

જેમ સૂર્ય, ચંદ્રનું સમગ્ર તેજ રાહુ ઢાંકી દે છે તેમજ વિષયો તત્કાળ પ્રાણીઓની બુદ્ધિનો પ્રકાશ ઢાંકી દે છે. (૪૮)

વાયુએ ઉડાડેલી ધૂળથી જેમ મનુષ્યોની દૃષ્ટિ ઢંકાઈ જાય છે, વળી વાદળાં જેમ આકાશને ઢાંકી દે છે તેમ, વિષયો જ્ઞાનદૃષ્ટિને ઢાંકી દે છે. (૪૯) એવી રીતે વિષયો અત્યંત ક્લેશ અને દોષાદિના કારણરૂપ હોઈ મનુષ્યોને વારંવાર સંસૃતિ અને નરકને પમાડનારા છે. (૫૦)

અથવા વિષયો પોતાનાં અર્થમાંજ તેનું સેવન કરનારાઓને બંધન કરે છે. ઉર્વશી પોતાનું દુષ્ટપણું ઐલ રાજાને જેમ કહે છે તેમ, માટે તે વિષયોનો શો અપરાધ છે ? (विसिन्वन्ति निबध्नन्ति इन्द्रियाणि इति विषयाः) (૫૧)

પ્રકૃતિ જન્ય અનિત્ય સર્વ વિષયો, સર્વ આકારો, સર્વ પદાર્થો તથા સર્વ બ્રહ્માંડોનો હે બુદ્ધિમાન ! ચાર પ્રકારનાં પ્રલયોથી નાશ થાય છે. માટે પ્રકૃતિજન્ય પદાર્થોનું નાશવંતપણું છે. (૫૨, ૫૩)

હે મુને ! એ પ્રકારે માયિક લોક ભોગાદિ નશ્વર જાણીને શોક, તાપ અને દુઃખના સ્થાનભૂત કાળરૂપી સર્પના ભયથી વ્યાપ્ત જાણીને લોક ભોગાદિમાં અત્યંત જે અરુચિ તેને વૈરાગ્ય કહીએ. મનુષ્ય

વૈરાગ્યવાન બની કામના બંધનથી તત્કાળ મુક્ત થાય છે. (૫૪, ૫૫)

વૈરાગ્ય તો મહાભાગ્યની ઉપમા આપવા યોગ્ય ભક્તોને સર્વ ભૂષણોમાં અલંકાર છે. (૫૬) જેમ સુવર્ણ અગ્નિના પ્રસંગથી મેલનો ત્યાગ કરે છે તેવી રીતે ચિત્ત વૈરાગ્યથી સમગ્ર મળનો ત્યાગ કરે છે. (૫૭)

જેમ વિશલ્યકરણી ઔષધીના સેવનથી દેહમાનથી શલ્યો બહાર નીકળે છે. તેની માફક વૈરાગ્યથી દુઃખ માત્ર હૃદયમાંથી તત્કાળ બહાર નીકળી જાય છે. (૫૮)

ચુંબક મણિના સ્પર્શથી લોખંડ જેમ બહાર ખેંચાય છે તે રીતે કામ સંબંધિ વિક્રિયાઓ અંતઃકરણમાંથી વૈરાગ્યથી બહાર નીકળે છે. (૫૯) જેમ શરીરધારીઓનો રોગ ઔષધના યોગથી નાશ થાય છે, તેમ કામની આસક્તિરૂપી રોગ વૈરાગ્યરૂપી ઔષધથી નાશ થાય છે. (૬૦)

જેમ કતક વૃક્ષના ફળના પ્રસંગથી મલીન જળ પણ સર્વ પ્રકારે સ્વચ્છ બને છે. (૬૧) તેવી રીતે સર્વ પીડાની શાંતિ કરનાર વૈરાગ્યરૂપી શ્રેષ્ઠ ઔષધથી મન નિર્મળ બને છે અને અંતરના રોગો શાંતિ પામ છે. (૬૨) જેમ મનુષ્ય ચિંતામણિ પ્રાપ્ત કરીને દીનતા ફગાવી દે છે તેમ વૈરાગ્યવાન કામનાની પ્રાપ્તિ માટે ઉદ્ભવતિ દિનતાનો ત્યાગ કરે છે. (૬૩)

જળમાં નાંખેલી તુંબડી જળથી જેમ બહાર નીકળે છે. પરંતુ જળમાં રહેતી જ નથી; (૬૪) તેવી રીતે વૈરાગ્યયુક્ત વિવેકી જનોની બુદ્ધિ વૃત્તિ પોતાનાં મનથી વિષયમાં જોડે છતાં પણ વિષયમાં ચોંટતી નથી. પરંતુ વિષયમાંથી પાછી વળે છે. (૬૫)

જેમ ધનવાન વટેમાર્ગુઓને શસ્ત્રધારીના પ્રસંગથી સર્વપ્રકારે ચોરોનો ભય નાશ પામે છે. (૬૬) તે પ્રમાણે કલ્યાણના માર્ગમાં ચાલતા મનુષ્યોને કોમાદિ દુષ્ટ ચોરોનું વિઘ્ન વૈરાગ્યથી નાશ પામે છે. (૬૭)

મારે મારી સમીપે આવવા માટે દુઃખ નાશ કરનારો, પવિત્ર, ઉત્તમ સાધનરૂપ વૈરાગ્યવાન અત્યંત સહાય કરે છે. (૬૮) મારે વિષે તીવ્ર વૈરાગ્યથી મન જોડનારા મારા ભક્તોને જોઈને મને અત્યંત પ્રીતિ થાય છે. (૬૯)હે મુને ! આ પ્રકારે મૂર્તિમાન વૈરાગ્યે સુંદર બ્રાહ્મણરૂપે નિષ્કુળાનંદ મુનિને પોતાનાં કલ્યાણકારી દર્શન આપ્યા. (૭૦) હે નરેન્દ્ર ! આ પ્રકારે મુનિવર્ય વૃદ્ધાત્માનંદ મુનિ શ્રીહરિનાં વાક્યરૂપી સુધાનું બંને કર્ણોથી પાન કરીને અત્યંત શાંતિ પામ્યા અને મહાકીર્તિવાળા પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ ભગવાનને વિનમ્રવાન તે કહેવા લાગ્યા. (૭૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં રાજ્યાદિ અખિલ વૈભવોમાં દોષ તથા દર્શન નિરૂપણ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



અધ્યાય ૬૨ મો

શ્રી વૃદ્ધાત્માનંદમુનિ કહે છે :- હે શ્રીહરે ! હે સ્વામિન્ ! સત્પુરુષોમાં શ્રેષ્ઠ એવા નિષ્કુળાનંદ મુનિને મૂર્તિમાન વૈરાગ્યે પોતાનાં દર્શન કેવી રીતે આપ્યા ? (૧) હે રાજન્ ! તેમનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા વૈરાગ્યપ્રિય શોભાયમાન ધર્મના પુત્ર શ્રીહરિ મુનિસત્તમ વૃદ્ધાત્માનંદ સ્વામીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨)

હે બુદ્ધિમાન ! શાંત ચિત્તવાળા નિષ્કુળાનંદ મુનિરાજ એકાંતમાં રહીને મારા સ્વરૂપનું ધ્યાન કરે છે. (૩) તપથી કૃશ થઈ ગયું છે શરીર જેમનું એવા, દીર્ઘદર્શી, દયાર્દ્ર બુદ્ધિવાળા, જીત્યાં છે ઈન્દ્રિયો, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને મન, જેમણે એવા; (૪)

મહા અનુપમ છે વૈરાગ્ય જેમને એવા, પોતાનાં દેહના અનાદરવાળા, સ્થિરતા અને ધૈર્યના સ્થાનભૂત, પવિત્ર અને વિશાળ બુદ્ધિવાળા; (૫) અહંતા, મમતા, લોભ, ક્રોધ, કામ એ આદિકથી રહિત, અત્યંત દૃઢ આત્મનિષ્ઠા પામેલા, જીવોનું હિત થાય તેવી વૃત્તિવાળા; (૬) નિષ્કુળાનંદમુનિને સારા રસવાળું સ્વાદિષ્ટ ભોજન હળાહળ ઝેર સમાન લાગતું હતું. સુંદર કોમળ શય્યા તેમને બળતા અગ્નિસમાન લાગતી હતી. (૭)

ચંદનનો લેપ જેમને વિષના લેપ સમાન લાગતો હતો, તેમજ મહામૂલ્યવાળું વસ્ત્ર કાળા સર્પ તુલ્ય લાગતું હતું. (૮) રૂપ કુષ્ટ સમાન, શબ્દોનો આલાપ બંને કર્ણમાં તીવ્ર બાણના છેદ સમાન, સગાસંબંધીઓ વરુ સમાન, તેમજ મહાશાંતિ આપનારો ચંદ્ર સૂર્યની માફક તાપ કરનારો લાગતો હતો. (૯)

શ્રેષ્ઠરૂપવાળી, મોક્ષના માર્ગમાં વિરોધ કરનારી વનિતા જેમને રાક્ષસિણી, સર્પિણી તથા વાઘણ તુલ્ય જણાતી હતી. (૧૦) પુષ્પની મનોહર માળાઓ જેમને સર્પ તુલ્ય, સુગંધિમાન ઠંડો વાયુ દાવાનળ જેવો; (૧૧) સુંદર વિષયો પણ ઝેરના ઝાડના ફળ સમાન જેમને જણાતા હતા, તે નિષ્કુળાનંદ મુનિ જેમણે મારી પ્રીતિ માટે શરીરના સુખનો અનાદર કર્યો હતો એવા અતિ નિસ્પૃહી; (૧૨) અપાર જ્ઞાનથી પૂર્ણ, સર્વ સજ્જનો જેમને પ્રિય છે એવા, સર્વોપકાર કરવામાં પ્રીતિવાળા, સર્વ સદ્‌ગુણોથી વિભૂષિત; (૧૩)

હે બુદ્ધિમાન ! તેમનાં ઉપર અત્યંત પ્રસન્ન થયેલો પવિત્ર દર્શનવાળો, મૂર્તિમાન વૈરાગ્ય શુભમતિવાળા નિષ્કુળાનંદમુનિની સમીપે આવ્યો. (૧૪) વિપ્રસ્વરૂપવાળા, ધીર, નાડીઓથી વ્યાપ્ત છે શરીર જેમનું એવા, શાંત, ધીમે ધીમે ચાલતા, લોક ભોગમાં અરુચિવાળા, તેજથી દેદીપ્યમાન શરીરવાળા, શરદ્‌ઋતુના ચંદ્રસમાન કાંતિવાળા, મહા ઉદાસીનતા યુક્ત, શોભાયમાન વલ્કલ વસ્ત્રો ધારણ કરનારા; (૧૫, ૧૬) પોતાને સુંદર ભેટો આપવા આવેલા દેવેન્દ્રોએ પ્રીતિપૂર્વક તેમની પ્રાર્થના કરવા છતાં પણ તેમની સામું નહિ જોનારા; (૧૭) દેવોએ અતિ પ્રેમથી તેમને આદર પૂર્વક આપવા માંડેલા સ્વાદિષ્ટ ફળોનો ત્યાગ કરીને દૂર જતા, બુદ્ધિશાળી; (૧૮)

પોતાની સેવા કરવા માટે આવેલી અને પ્રાર્થના કરતી વિનય યુક્ત વિવિધ પ્રકારની યોગ સિદ્ધિઓને દૃષ્ટિથી જે જોતા પણ નહિ એવા; (૧૯)

તપથી અત્યંત દુર્બળ આકૃતિવાળા, વાસનાથી રહિત છે મન જેમનું એવા, સ્તુતિ કરતા મુનિઓને દયાર્દ્ર દૃષ્ટિથી જોતા; (૨૦) અકિંચન જનોને પ્રિય, નિર્મળ મન, ઈન્દ્રિયોવાળા, ઉદાર, સ્થૈર્ય, ગાંભીર્ય, પ્રગલ્ભપણું વગેરેથી શોભાયમાન; (૨૧) વિમોહોના સમુદાયનો નાશ કરવામાં અતિ ચતુર પવિત્ર દર્શનવાળા, જ્ઞાન, ધ્યાન, વગેરેના સ્થાનરૂપ કલ્યાણકારી શીલ ગુણોથી યુક્ત; (૨૨)

પાપનો નાશ કરનાર અને ભગવાનની ભક્તિ વધારનાર એવા સ્વરૂપવાળા મૂર્તિમાન વૈરાગ્ય ઈન્દ્રાદિના સુખની નિંદા કરતા (જેમ અભિયુક્તિઓ કહેલું છે; ''**न सुखं देवराजस्य न सुखं चक्रवर्तिभिः यादृशं वीतरागस्य मुनेरेकांतवासिनः ॥ न वैराग्यात् परं भाग्यं न देवः केशवात्परम् ब्राह्मणेभ्यः परं नास्ति सत्यं सत्यं वदाम्यहम्** '') (૨૩)

પછી ધ્યાનવિધિ પૂર્ણ થતાં નિષ્કુળાનંદ મુનિએ સૂર્ય સમાન સ્ફુરાયમાન કાંતિવાળા, તપરૂપી લક્ષ્મીથી પ્રકાશમાન, પોતાની આગળ ઊભા રહેલા વૈરાગ્ય પુરુષોને જોયા. (૨૪)

શાંત, સ્થિરદષ્ટિવાળા, પવિત્ર કીર્તિવાળા સર્વોત્તમ તે મોટા દેવને વંદનીય જાણીને નિષ્કુળાનંદ મુનિ આદરપૂર્વક તેમની સ્તુતિ કરવા લાગ્યા. (૨૫)

ત્યારબાદ શાંત, મહાનુભાવ વૈરાગ્ય પુરુષને આદરપૂર્વક શ્રેષ્ઠ આસન ઉપર બેસાડીને નિષ્કુળાનંદ મુનિ બન્ને હાથ જોડી નમન કરીને તેમને કહેવા લાગ્યા. (૨૬) હે વિદ્વન્ ! અપૂર્વ દર્શનવાળા ! અત્યંત તેજસ્વી, તપના સમુદ્ર, આશ્ચર્યકારી, હે વિપ્ર ! તમો કોણ છો ? તે મને આપ કહો; (૨૭) નિષ્કુળાનંદ મુનિએ આવી રીતે હર્ષપૂર્વક પૂછ્યું તેથી નિષ્કુળાનંદ મુનિના ગુણો જોઈને પ્રસન્ન થયેલા મહાબુદ્ધિશાળી વૈરાગ્ય પુરુષ નિષ્કુળાનંદમુનિ પ્રત્યે શુભ વચન બોલ્યા. (૨૮)

હે મુને ! હું મૂર્તિમાન વૈરાગ્ય છું. હંમેશા મારી પુષ્ટિમાં ઉદ્યમવાળા તથા તમારા ઉત્તમ વૈરાગ્યથી તમારા ઉપર હું અત્યંત પ્રસન્ન થયો છું. (૨૯) હે મહામતે ! મારા ઉપર અત્યંત પ્રસન્ન હોવાથી હું શ્રીહરિની પ્રેરણાથી જ તમારાં દર્શન માટે તમારી સમીપે આવ્યો છું, એમ તમે જાણો. (૩૦)

હે મુને ! તમારા અનુપમ તપ, તીવ્ર વૈરાગ્ય, તેમજ ધર્મ, જ્ઞાન વગેરે ગુણોથી જ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. (૩૧) હે મુને ! મહાતપસ્વીઓ વગેરે તમારા વૈરાગ્યની સ્તુતિ કરી છે. એવો તમારો વૈરાગ્ય છે. તેવો વૈરાગ્ય કોઈ દેશમાં કોઈ પુરુષમાં મેં જોયો નથી. (૩૨)

વર્તમાન કાળમાં પણ તીવ્ર વૈરાગ્યશાળી તમારા જેવા કોઈ પુરુષને મેં ક્યાંય જોયા નથી. (૩૩) હે સન્મતે ! નિર્વાસનિક હૃદયવાળા, અત્યંત વૈરાગ્યથી યુક્ત એવા તમારા જેવાઓના દર્શન હું ઈચ્છું છું. (૩૪) હે મુને ! તમારા વિના બીજા મનુષ્યો ઘોર નરકની ઉપમાવાળું નશ્વર, તાપ, ક્લેશ, તથા મળના સ્થાનભૂત આ શરીરનું હંમેશા પોષણ કરે છે. (૩૫)

શ્રીહરિની પ્રીતિથી રહિત, અલ્પ બુદ્ધિવાળા પુષ્ટ કર્મો છે. આ દુર્ગંધ દેહ જેમણે એવા, તે મનુષ્યોના દર્શન મને રુચતા નથી. (૩૬) વૈરાગ્યનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા મુનિઓમાં મુખ્ય, વક્તાઓમાં શ્રેષ્ઠ, નિષ્કુળાનંદ મુનિ બંને હાથ જોડીને વૈરાગ્ય પ્રત્યે કહેવા લાગ્યા. (૩૭)

હે મંગળમૂર્તિ ! આ આશ્ચર્ય છે કે મેં ઇચ્છેલું તમારું દર્શન મને ભાગ્યશાળીને હમણાં થયું. કારણ કે દેવતાઓને પણ તમારાં દર્શન દુર્લભ છે. (૩૮) હે વૈરાગ્ય ! તમારી પ્રસન્નતાથી દુર્ભેદ્ય વિષયોનું બંધન મેં ભેદી નાખ્યું છે. માટે વિષયોને હું આકડાના ફળ જેવા જ જાણું છું. (૩૯)

હું તાપ, શોક, ભય અને પીડા આપનારા અનિત્ય વિષયોનો ત્યાગ કરીને ધર્મના પુત્ર પુરુષોત્તમ શ્રીહરિનું નિરંતર ધ્યાન કરું છું. (૪૦) હે વૈરાગ્ય ! આ પ્રકારનાં તમારા પ્રસંગથી નાશ પામયા છે. સમગ્ર પાપો જેનાં એવો હું સર્વોત્તમ લાભ પામયો છું. અને મારી ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન છે. (૪૧)

હે વૈરાગ્ય ! તમો હંમેશા મારા હૃદયમાં નિવાસ કરો, દુઃખને નાશ કરનારા હે બુદ્ધિમાન ! આવો અનુગ્રહ મારા ઉપર તમો કરો. (૪૨) હે વૈરાગ્ય ! તમારે શ્રીહરિનાં જે ત્યાગી ભક્તો તથા ગૃહસ્થ ભક્તોનું કામરૂપી વિષ સમુદ્રથી રક્ષણ કરવું. (૪૩)

હે વૃદ્ધાત્માનંદ મુને ! નિષ્કુળાનંદ મુનિનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા, કલ્યાણકારી દર્શનવાળા, વૈરાગ્ય પુરુષો નિષ્કુળાનંદ મુનિ પ્રત્યે "બહુ સારું" એમ બોલ્યા. (૪૪) પ્રશાંત અને દીર્ઘદર્શી મુનીંદ્ર નિષ્કુળાનંદને આ પ્રમાણે કહીને મુનિ જુએ છે. તેટલામાં વૈરાગ્ય ત્યાંથી એકદમ અંતર્ધાન થઈ ગયા. (૪૫)

હે વૃદ્ધાત્માનંદ મુને ! આવી રીતે તીવ્ર વૈરાગ્યશાળી નિષ્કુળાનંદમુનિને વૈરાગ્ય પોતાનાં દર્શન આપતા હતા. (૪૬) હે વિશાળ બુદ્ધિવાળા ! મેં તમોને આવી રીતે વૈરાગ્યના કારણ ભૂત શાસ્ત્રવિધિ અનુસાર, સ્પષ્ટપણે જેમ છે તેમ કહ્યો હે મુનીન્દ્ર ! તમોને વૈરાગ્યનું રૂપ કહ્યું તે તમારે ધારણ કરવું અને મારા આશ્રિત જનોને કહેવું. (૪૭)

હે રાજન્ ! આ પ્રકારે સંસાર રૂપી તીવ્ર રોગનું ઔષધ, પીડાને નાશ કરનાર, અમૃતથી અત્યંત શ્રેષ્ઠ, શ્રીહરિનાં વચન સાંભળીને વૃદ્ધાત્માનંદ મુનિ અત્યંત પ્રસન્ન થયા. તેમજ સભામાં બેઠેલા સમગ્ર જનો અત્યંત પ્રસન્ન થઈ શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૪૮, ૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં નિષ્કુળાનંદ મુનિએ જોયેલા સાક્ષાત્ વૈરાગ્યના અંગનું નિરૂપણ એ નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૨)



અધ્યાય ૬૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ભક્તોને સુખ આપનારા શ્રીહરિ પોતાનાં મુખ કમળ સામું જોઈ રહેલા પોતાનાં ભક્તોને કહેવા લાગ્યા. (૧)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! તમો મારાજ છો માટે તમોને તમારું હિત

થાય તેવું વચન હું કહું છું. તે એકાગ્ર મનથી સાંભળો. (૨) હે ભક્તો આ લોકમાં મારા ભક્ત તમો સર્વેએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત મારી નિરંતર ભક્તિ કરવી. (આ પ્રકારની ભક્તિ ભાગવત્ ધર્મનું સ્વરૂપ હોવાથી મારી પ્રીતિ સંપાદન કરનારી છે) (૩) લોભ અને કામાદિ જળજંતુઓથી યુક્ત એવો આ સંસારરૂપ મહાન અને દુસ્તર સમુદ્ર તેમાં ભક્તિ એ નૌકા સ્વરૂપ છે. (૪)

સંસારરૂપી સર્પના ડંસથી મૂર્છિત થયેલા મનુષ્યોને ભક્તિ એ મૃતસંજીવિની શુભ વલ્લીરૂપ છે. (૫) પ્રાણીઓના હૃદયરૂપી ગુહામાં રહેલો અવિદ્યાથી અજ્ઞાનાત્મક થયેલા અભેદ્ય અંધકારને, સૂર્યની કાંતિરૂપી ભાગવત્ ધર્મસ્વરૂપ ભક્તિ, તત્કાળ ભેદી નાંખે છે. (૬)

આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપથી તપેલા વ્યાકુળજનોને તે તાપથી આ શુભ ભક્તિ શાંતિ કરનારી છે તે ભક્તિ ચંદ્ર કિરણો જેવી છે. (ગ્રીષ્મઋતુના સૂર્યના કિરણોથી તપી ગયેલા પ્રાણીઓને ચંદ્રકિરણો શીતળતા આપે છે તેમ આ ત્રિવિધ તાપથી તપેલા જનોને મારી ભક્તિ શાંતિ ઉત્પન્ન કરનારી છે.) (૭)

હે ભક્તો ! મારામાં જ એક નિષ્ઠાવાળા જનોના પાપ સમુદાયને નાશ કરનારી એકાંતિકી ભક્તિ સર્વ અભિષ્ટ આપવામાં કલ્પતરુ સમાન છે. (૮) જેમ સર્વ તીર્થોમાં શુભ ગંગા અતિ શ્રેષ્ઠ તીર્થ છે તે પ્રકારે સમગ્ર સાધનોમાં ભક્તિ એ શ્રેષ્ઠ સાધન છે. (૯)

હે જનો ! જેમ સર્વે રસમાં અમૃત શ્રેષ્ઠ છે, વળી સમગ્ર દેવીઓમાં લક્ષ્મીદેવી શ્રેષ્ઠ છે, તેમજ સર્વ સાધનોમાં (જપ, તપ, વ્રતાદિમાં) એકાંતિકી ભક્તિ જ શ્રેષ્ઠ સાધન છે. (૧૦) પંચભૂતોમાં જેમ આકાશ શ્રેષ્ઠ છે, ચંચળ પદાર્થોમાં જેમ વીજળી શ્રેષ્ઠ છે, ધાતુઓમાં સુવર્ણ જેમ શ્રેષ્ઠ છે; (૧૧)

સમગ્ર ધેનુઓમાં કામદુગ્ધા ઉત્તમ છે. ક્રિયાવિધિમાં શ્રદ્ધા શ્રેષ્ઠ છે, તેવી રીતે ભક્તિ સર્વ સાધનોમાં અતિ શ્રેષ્ઠ છે. (૧૨) જેમ તેજસ્વિઓમાં સૂર્ય શ્રેષ્ઠ છે, શીતળ વસ્તુઓમાં ચંદ્રમા શ્રેષ્ઠ છે તેની માફક ભક્તિ સર્વ સાધનોમાં અત્યંત શ્રેષ્ઠ છે. (૧૩) હે જનો ! જેમ ધનમાં ચિંતામણિ અત્યંત શ્રેષ્ઠ છે. ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા શ્રેષ્ઠ છે તેમ સર્વ સાધનોમાં ભક્તિ ઉત્તમ છે. (૧૪)

સૂર્યના સંયોગથી જેમ સૂર્યકાંત મણિમાં અગ્નિ ઉત્પન્ન થાય છે, તેની માફક સત્પુરુષોના પ્રસંગથી જ મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. (૧૫) જેમ જેમ ચંદ્રના યોગથી ચંદ્રકાંત મણિમાં જળ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે સત્પુરુષોના સંબંધથી મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. (૧૬)

જ્યારે દુઃખને નાશ કરનારી ભક્તિ મનુષ્યોને પ્રાપ્ત થઈ ત્યારે જ મનુષ્યો માટે મોક્ષનું દ્વાર ખુલ્લું થયું. (૧૭) હે ભક્તો ! જનોએ ધન, તપ, દાન તથા સાંખ્ય યોગાદિથી પણ જે અભયસ્થાન પ્રાપ્ત ન થાય તે સ્થાન તે ભક્તિથી પામે છે. (૧૮)

સુધાનું પાન કરનારા સ્વર્ગના દેવો નિત્ય સુધાનું પાન કરે છે છતાં પણ ભક્તિ વિના તાપ, ક્લેશ અને ભયથી તેઓ આકુળ છે. (૧૯) તેથી સંસારનો નાશ કરનારી ભક્તિ અમૃતથી અતિ અધિક છે. માટે તાપ તથા પાપનું શમન કરનારી ભક્તિથી જ મનુષ્ય સુખી થાય છે. (૨૦) જેમ હંસ હંમેશા

જળનો ત્યાગ કરીને દૂધનું પાન કરે છે, તેની માફક વિચક્ષણોએ અધર્મ વંશનો ત્યાગ કરીને ભક્તિ કરવી. (૨૧)

આ લોકમાં દુષ્ટ બુદ્ધિવાળા જે જનો ધર્મનો ત્યાગ કરીને ભક્તિ કરે છે તે જનો દુઃસહ ક્લેશથી ભરપૂર અતિ કઠોર નરકને નિશ્ચય પામે છે. (૨૨) માટે ધર્મસહિત કલ્યાણકારી મારી ભક્તિ વિના મોક્ષ ન જ થાય આવો શાસ્ત્ર સિદ્ધાંત છે એમ તમે જાણો. (૨૩) જેમ વાયુ પ્રેરિત અગ્નિ સમગ્ર વનને બાળ છે તેવી રીતે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણ અંગોથી અધિક બળ પામેલી ભક્તિ, પાપના સમુદાયને બાળે છે. (૨૪)

ધર્માદિ ત્રણ અંગોથી બળવાન થયેલી મારી કલ્યાણકારી ભક્તિ જેવી મને અત્યંત પ્રસન્ન કરે છે તેવા સ્વાધ્યાય, સાંખ્ય, તપ, યોગ, વ્રત મને પ્રસન્ન કરતા નથી. (**न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव । न स्वाध्यायस्तपस्त्यागो तथा भक्तिर्ममोर्जिता ॥ दानव्रततपो होम-जप-स्वाध्यायसंयमैः । श्रैयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥ इति श्रीमद्भागवते ॥**) (૨૫)

શ્રદ્ધાવાન પુરુષની ભક્તિથી સજ્જનોને પ્રિય એવો હું પ્રાપ્ય બનું છું. નીચ જાતિમાં ઉત્પન્ન થયેલા સર્વ જનોને પણ મારી ભક્તિ પવિત્ર કરે છે. (૨૬) ધર્મ, સત્ય, તપ વગેરે ઉત્તમ ગુણોએ યુક્ત જે જન હોય તો પણ તે ભક્તિ રહિત હોય તો તે ગુણો તેને યથાર્થ રીતે પવિત્ર કરતા નથી. (૨૭)

પ્રેમ, રોમાંચ, ગાત્ર, તથા દ્રવતું ચિત્ત અને નેત્રોમાં અશ્રુ વિના મારી ભક્તિ કેમ થાય ? એવી ભક્તિ વિના મનુષ્યોનું ચિત્ત શુદ્ધ કેમ થાય ? (૨૮) માટે ધર્માદિયુક્ત મારી મંગળકારી ભક્તિથી યુક્ત મારો એકાંતિક ભક્ત સમગ્ર લોકને જરૂર પવિત્ર કરે છે. (**वाग्गद्गदा द्रवते यस्य चित्तं रुदत्यभीक्ष्णं हसति क्वचिच्च । विलज उद्गायति नृत्यते च मद्भक्तियुक्तो भुवनं पुनाति) ॥ इति श्रीमद्भागवतोक्तेः** । (૨૯)

જેમ અગ્નિથી તપાવેલા સુવર્ણમાં રહેલી સર્વ મલીનતા નીકળી જાય છે અને તેને પોતાનું અતિપ્રકાશમાન રૂપ સ્પષ્ટ હોય તેમ પ્રાપ્ત થાય છે. (૩૦, ૩૧) કામનાનું ચિંતવન કરતા મનુષ્યનું ચિત્ત કામમાં જેમ આસક્ત બને છે તેવી રીતે મારુ ચિંતવન કરનારનું ચિત્ત મારામાં આસક્ત થાય છે. (૩૨) વાસનાના સમુદાય યુક્ત અંતઃકરણ મારી પવિત્ર કથાવાર્તાના શ્રવણાદિથી જેમ તેમ નિર્મળ થાય છે, (૩૩)

તેમ તેમ મારો ભક્ત મારું રૂપ, અંજન આંજેલા નેત્રો જેમ સમગ્ર સૂક્ષ્મ વસ્તુ જુવે છે જેમ જુવે છે. (૩૪)

માટે શોક, તાપ, ભય અને પીડાકારક અસત્ ધ્યાનનો ત્યાગ કરીને તમારે મારા ભાવથી શુદ્ધ થયેલું મન મારે વિષે જોડવું. (૩૫) સંસૃતિમાં કારણભૂત સ્ત્રી તથા સ્ત્રૈણ પુરુષના સમાગમનો દૂરથી ત્યાગ કરીને એકાંતમાં બેસીને આળસ રહિત થઈ તમો મારું ધ્યાન ધરો. (૩૬) પુરુષોને જેમ સ્ત્રીઓના પ્રસંગથી મોટું દુઃખ, બંધન તથા મોહ થાય છે તેવો બીજાના પ્રસંગથી થતો નથી. (૩૭)

હે રાજન્ ! શ્રીહરિનું આવું વચન સાંભળીને શ્રીહરિનાં આશ્રિતો પ્રસન્ન થયા. પછી તેમાં મુખ્ય ભક્તો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૮) હે પ્રભો ! નરકના દ્વારભૂત સ્ત્રીઓનો સંગ તથા

પ્રસંગ રાખનારના સંગનો દૂરથી ત્યાગ કરીને અમો પરાત્પર આપનું ધ્યાન કરીએ છીએ. (૩૯)

તૃષાથી પીડાતો માણસ જેમ જળનું, તથા ભૂખ્યો માણસ જેમ અન્નનું સ્મરણ કરે છે, એવી રીતે અમે હંમેશા આપ પ્રત્યક્ષ શ્રીહરિને સંભારીએ છીએ. (૪૦) હે હરે ! પતિવ્રતા સ્ત્રી પોતાનાં પતિને જેમ સંભારે છે તથા કામી પુરુષ સ્ત્રીને જેમ સંભારે છે તેવી રીતે અમો આપને સંભારીએ છીએ. (૪૧) જેમ પુત્રની ઇચ્છાવાળો પુત્રને તથા દ્રવ્યનો લોભી ધનને સંભારે છે એવી રીતે અમો સુખના સાગર આપને હંમેશા સંભારીએ છીએ. (૪૨)

જેમ પ્રાણી પોતાનાં પ્રિય દેહને સંભારે છે તેવી રીતે સર્વ અવતારોના કારણ અવતારી આપને અમો સંભારીએ છીએ. (૪૩) હે હરે ! ચક્રવાકો સૂર્યનું જેમ સ્મરણ કરે છે તથા ચકોર જેમ ચંદ્રમાને ઇચ્છે છે તેવી રીતે અમો આપને નિરંતર સંભારીએ છીએ. (૪૪)

હે સત્પતે ! અંધારાથી આકુળ થયેલા લોકો દીવાનું જેમ ધ્યાન કરે છે, ઠંડીથી પીડા પામતા જનો જેમ અગ્નિનું ચિંતવન કરે છે, તેવી રીતે અમો આપનું ધ્યાન ધરીએ છીએ. (૪૫) ભમરાઓ જેમ પુષ્પનું સ્મરણ કરે છે, મયૂરો જેમ મેઘને સંભારે છે, તેવી રીતે અમો નિરંતર આપ પરમાત્માને સંભારીએ છીએ. (૪૬) હે સત્પતે ! ઈશ્વરોના ઈશ્વરમાં જેમણે મન જોડ્યું છે એવા અમો આપની પ્રસન્નતાથી સર્વોત્તમ જન્મનો લાભ પામ્યા છીએ. (૪૭)

હે પ્રભો ! આ લોકમાં પુરુષોને સર્વોત્તમ જન્મનો લાભ એટલો છે કે આપની લીલાઓનું શ્રવણ વગેરેથી પરમાત્મા સ્વરૂપ આપને વિષે ભક્તિયોગ થાય. (૪૮)

હે હરે ! સર્વ પીડાને નાશ કરનારી આપની ભક્તિ કરતા અને જ્ઞાન, વૈરાગ્યરૂપી પરાક્રમવાળા જનોને સર્વ સ્થાનમાં મહાસુખ છે. (૪૯) હે હરે ! આપ જેવી રીતે દંભ રહિત શુદ્ધ ભક્તિથી પ્રસન્ન થાવ છો તેવા તપ, યજ્ઞ, દાન તથા તીર્થ શૌચાદિથી પ્રસન્ન થતા નથી. (૫૦) હે હરે ! મંગળકારી શુદ્ધ ભક્તિ વિના આપને પ્રસન્ન કરવા માટે દેવતાઓ, બ્રાહ્મણો, ઋષિઓ અને વિદ્વાનો પણ સમર્થ નથી. (૫૧)

હે સ્વામિન્ ! પોતાનાં ધર્મમાં નિષ્ઠા તથા સાંખ્ય, યોગ વગેરેથી પુરુષોને હંમેશાં આપનું ચિંતવન થાય તેટલો આ જન્મનો લાભ છે. (૫૨) હે હરે ! આપની ભક્તિરસને જાણનારા કદાપિ પ્રાકૃત સુખ ઇચ્છતા નથી. અમૃતના સમુદ્રના ખેલનારાઓ તળાવના જળને કેમ ઇચ્છે છે ? અર્થાત્ ન જ ઇચ્છે. (૫૩)

હે હરે ! આપના એકાંતિક ભક્તો તો આપના ચરણની સેવા વિના અક્ષરસુખને તથા ચાર પ્રકારની મુક્તિને પણ ઇચ્છતા નથી. (૫૪) આ લોકમાં દિવ્યાનંદ આપનારા આપની ભક્તિ કરીને પણ આપની પાસે ક્લેશના સ્થાનભૂત વિષય સંબંધી સુખ ઇચ્છે છે, હે દયાસાગર ! તે મંદબુદ્ધિજનો વાણિકો જેવા છે. સંસારમાં ક્ષુદ્ર આનંદ માણતા લોકો શોક અને પીડાથી ક્ષણે ક્ષણે દુઃખ પામે છે. (૫૫, ૫૬)

જેમ બુદ્ધિરહિત નિર્ધન મનુષ્યો તેમનાં ઉપર પ્રસન્ન થયેલા સમ્રાટ રાજા પાસેથી પોતે દીન હોવાથી ઉચ્છિષ્ટ અન્ન માગે છે. (૫૭) તેવી રીતે સર્વોત્તમ સ્વરૂપ આપને પામીને જે જનો લૌકિક તુચ્છ સુખ

માગે છે તે જનો ભાગ્ય રહિત છે. (૫૮)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! હરિભક્તોનું આ પ્રકારનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા કામદેવના ગર્વને હરનારું છે મંદહાસ્ય જેમનું એવા શ્રીહરિ ફરીથી હરિભક્તોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૯)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! પાપ અને ત્રિવિધ તાપને નાશ કરનારી વિવિધ પ્રકારની ભક્તિ હું તમોને હવે કહું છું. તે તમો સર્વ એકાગ્ર મનથી સાંભળો. (૬૦) હે મારા આશ્રિતો ! મનુષ્યોમાં તામસ, રાજસ અને સાત્ત્વિક ભાવો હોવાથી ભક્તિના માર્ગો તે સૌને માટે ભિન્ન બની જાય છે તેમ તમે જાણો. (૬૧)

આ લોકમાં જે પુરુષ અન્યના વિનાશ માટે લક્ષ્મીપતિને ભજે છે, તે દુરાત્મા ખળની ભક્તિ અધમ, તામસી જાણવી. (૬૨) વ્યભિચારિણી સ્ત્રી પોતાનાં પતિને કપટયુક્ત બુદ્ધિથી સેવે છે તેવી રીતે જ ભક્ત કપટયુક્ત બુદ્ધિથી પરમાત્માને પૂજે છે તેને મધ્યમ તામસી ભક્તિ જાણવી. (૬૩)

જે પુરુષ દેવપૂજા પરાયણ બીજા જનોને જોઈને દેવને મત્સરભાવથી પૂજે છે તેમની ભક્તિ તો મારા આશ્રિતોએ અત્યંત તામસી જાણવી. (૬૪) વિવિધ પ્રકારનાં ધાન્ય, ધનાદિક માટે પ્રાર્થના કરતો પરમ શ્રદ્ધાયુક્ત જે વિષ્ણુને પૂજે છે તેની ભક્તિ અધમ રાજસી જાણવી. (૬૫)

જે લોકમાં પ્રસિદ્ધિ માટે અથવા કીર્તિ માટે અત્યંત પ્રીતિયુક્ત શ્રીહરિનું પૂજન કરે છે તેની ભક્તિ મધ્યમ રાજસી જાણવી. (૬૬) જે પુરુષ સાલોક્યાદિ પદની ઈચ્છાથી વિષ્ણુનું પૂજન કરે છે તેની ભક્તિ મારા આશ્રિતજનોએ ઉત્તમ રાજસી જાણવી. (૬૭)

જે પુરુષ પોતાનાં પાપના ક્ષય માટે હંમેશા શ્રીહરિની પ્રાર્થના કરતો હોય, શ્રદ્ધાથી પૂજા કરતો હોય બુદ્ધિશાળી પુરુષોએ તેની કનિષ્ટ પ્રકારની સાત્વિકી ભક્તિ જાણવી. (૬૮) શ્રીહરિને આ પ્રિય છે એમ ભાવના કરીને જે શ્રીહરિને સર્વોત્તમ શ્રદ્ધાથી પૂજે છે તે ભક્તિ મધ્યમાં સાત્વિકી જાણવી. (૬૯) જે પુરુષ કર્તવ્ય બુદ્ધિથી શ્રદ્ધાપૂર્વક ભગવાનને હંમેશા દાસની માફક પૂજે છે તેની ભક્તિ મારા વિચક્ષણ ભક્તોએ ઉત્તમ સાત્વિકી જાણવી. (૭૦)

અનુપમ સ્નેહવાળો મારો જે ભક્ત મારો સર્વોત્તમ મહિમા જાણીને મારું ક્ષણવાર પણ વિસ્મરણ કરતો નથી તેની ભક્તિ ઉત્તમ જાણવી. (૭૧) મારા સ્વામી પરમાત્મા શ્રીહરિનો હું બ્રહ્મ સ્વરૂપ એકાંતિક દાસ છું અને હંમેશાં અનન્યપણે પતિવ્રતાની માફત તેમની ભક્તિ કરતો હું તેમનોં ભક્ત છું. (૭૨)

એ પ્રકારે જે ચિંતવન કરતો હોય તે ભક્તને પરબ્રહ્મ એવો હું તે મારે વિષે અત્યંત સ્નેહયુક્ત ભક્તિ થાય છે તેને ઉત્તમોત્તમ ભક્તિ જાણવી. (૭૩) નવ પ્રકારની શ્રવણાદિ ભક્તિમાં એક એકમાં તામસી રાજસી અને સાત્વિકી એ ત્રણ ગુણને આશરીને તથા કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એમ ભેદોથી નવ પ્રકારની ભક્તિ સત્તાવીશ પ્રકારની થાય છે અને તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદથી

ત્રણ પ્રકાર થાય તેથી ભક્તિના એકાશી પ્રકાર થાય છે. (૭૪)

ભક્તિમાં એકાશી પ્રકારનાં ભેદ છે એમ જાણો. વળી ભક્તોની ભાવનાના ભેદથી ભક્તિમાં હજારો ભેદ થાય છે. વસ્તુતાએ ઉત્તમોત્તમ ભક્તિ તો એક જ પ્રકારની છે. (૭૫)

અકિંચન, હંમેશા મારા સંબંધથી સંતુષ્ટ ચિત્તવાળા, ઈન્દ્રિયોનું દમન કરનારા, તેને સર્વ ઠેકાણે અત્યંત સુખ છે. (૭૬) સર્વ પ્રકારની અપેક્ષા રહિત જે ભક્તનો આત્મા મારે વિષે જોડાયેલો છે એવા ભક્તને મારાથી જે સુખ થાય તે સ્ત્રીની ઈચ્છાવાળાને ક્યાંથી થાય ? ન જ થાય. (૭૭)

મારામાં અર્પણ કર્યું છે મન જેમણે એવો ધીર ભક્ત, મારા વિના બીજું બ્રહ્માનું સ્થાન તથા ક્લેશથી વ્યાપ્ત ઈન્દ્રનું પદ પણ ક્યારેય ઈચ્છતો નથી. (૭૮) એવો ભક્ત ક્યારેય ચાર પ્રકારની મુક્તિને પણ ઈચ્છતો નથી. (૮૦) આ પ્રકારનાં ભક્તો હંમેશા મને જેવા પ્રિય છે તેવા સંકર્ષણાદિ અન્ય ભક્તો મને પ્રિય નથી. એટલું જ નહિ મારો આત્મા પણ તેવો મને પ્રિય નથી. (૮૧)

આ પ્રકારનાં શાંત વૈર રહિત નિઃસ્પૃહ, પોતાનાં ચરણની રજથી લોકોને પવિત્ર કરનારા મુનિને હું અનુસરું છું. (૮૨)

મારામાં અત્યંત સ્નેહવાળાં છે મન જેમનાં એવા અને વિષયોએ જેમનાં ચિત્તનો સ્પર્શ કર્યો નથી એવા, નિષ્કંચન સમગ્ર જીવોનું હિત કરનારા સંતો મારા સ્વરૂપનું સુખ પામે છે. (૮૩) મારી કથા શ્રવણમાં શ્રદ્ધા તથા રાત્રિદિવસ મારું કીર્તન, મારી પૂજામાં નિષ્ઠાવાળા અને જે વિવિધ પ્રકારનાં સ્તોત્રોથી મારી સ્તુતિ કરે છે. (૮૪)

તથા જે નિરંતર મારી સેવા પરાયણ છે સાષ્ટાંગ વંદન કરે છે તથા મારા એકાંતિક ભક્તોની સર્વથી અધિક પૂજા કરે છે. (૮૫) મારા માટે જ જે લૌકિક ક્રિયા કરે છે મારા ગુણોનું ઉચ્ચારણ કરે છે સર્વ ક્રિયાઓનો ત્યાગ કરે છે જેમણે પોતાનું મન મને અર્પણ કર્યું છે. (૮૬)

મારી પ્રસન્નતા માટે દ્રવ્યનો તથા ભોગાદિનો ત્યાગ કર્યો છે; મારી પ્રસન્નતા માટે જ યજ્ઞયાગાદિ વૈદિક કર્મનું તથા દાનનું આચરણ કરે છે; હોમ, જપ, વ્રતાદિ મારી પ્રીતિ માટે એ સર્વ સત્યસાધનો કરે છે તેવા ભક્તને મારે વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે. એવી રીતે પ્રપત્તિ પામેલા ભક્તોને કયો અર્થ બાકી રહે છે ? અર્થાત્ કાંઈ રહેતો નથી. (૮૭, ૮૮)

લોભ, કામ, રસાદિક અધર્મ વંશમાં ઉત્પન્ન થયેલા દોષોનો ત્યાગ કરીને તથા ધર્મના સ્થાનભૂત કલ્યાણકારી ગુણો ગ્રહણ કરીને મારા આશ્રિત તમો ત્યાગીઓ તથા ગૃહસ્થોએ ફળની ઈચ્છા રહિત અકિંચના, અણિમાદિક સિદ્ધિની ઈચ્છા રહિત થઈ મારે વિષે દૃઢ ભક્તિ કરવી. (૮૯-૯૦)

શુકાનંદમુનિ કહે છે :- આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને સર્વે સભાસદો, શ્રીહરિનાં આશ્રિતો અત્યંત પ્રસન્ન થઈ ઈશ્વર શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. એ રીતે શ્રીહરિનું કલ્યાણકારી વચન મસ્તકે ધારણ કરતા હતા. (૯૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ભક્તિભેદ નિરૂપણ નામે ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૬૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે ભક્તવત્સલ, ઈશ્વરોના ઈશ્વર ધર્મપુત્ર શ્રીહરિ ભક્તો પ્રત્યે અમૃતથી અદિક સ્વાદવાળું વચન કહેવા લાગ્યા. (૧) હે ભક્તો ! હું શાસ્ત્રાનુસારી કલ્યાણની વાર્તા તમોને કરું છું. તમો તે એકાગ્ર ચિત્તથી સાંભળો. (૨)

પોતાનાં હિતમાં આસક્ત ત્યાગી ક્યારેય મનનો વિશ્વાસ ન કરે. મનનો વિશ્વાસ કરવાથી નિશ્ચય યોગભ્રષ્ટ થવાય છે. (૩)

જે મનના વિશ્વાસથી મોટા શિવ, સૌભરી વગેરેનું લાંબા કાળ પર્યંત કરેલું તપ, ધર્મ, જ્ઞાન વગેરે કાચા ઘડામાં ભરેલું જળ જેમ સ્રવી જાય તેમ સ્રવી ગયું. (૪)

કામાદિ અંતઃશત્રુઓને પ્રવેશ સ્થાન આપનારું જે મન, પુંશ્ચલી સ્ત્રી પોતાનાં પતિને જેમ હણે છે તેમ, પ્રમાદવાળા યોગીને હણે છે. (૫) કપટયુક્ત દુષ્ટ શોક, તપ, ભય અને પીડા આપનારું ઉગ્ર મન વિષયમાં આસકિતવાળું હોવાથી, મનુષ્યોને અત્યંત પીડા પમાડે છે. (**''मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः । बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं मनः'' ॥ इति भारतोक्तेः** (૬)

વિવિધ પ્રકારનાં વિષયો પ્રત્યે દોડતી ઈન્દ્રિયોની પાછળ ચાલતું મન જળના ધરામાંથી ઢેંકવો જેમ જળ કાઢી લે છે તેમ જ્ઞાનને હરિ લે છે. (૭) અત્યંત પાપી અને ઠગ સમાન મન જેવો બીજો કોઈ ચોર નથી. જે વિષયોના ભોગથી પણ મન કદી શાંત પામતુ નથી, આહુતિઓથી અગ્નિ જેમ વૃદ્ધિ પામે તેમ તેની ભોગાસક્તિ વૃદ્ધિ પામે છે. (૮)

જે મન અનિષ્ટ વિષયો ભોગવીને મનુષ્યોને અત્યંત ક્લેશ પમાડી પોતાને પ્રિય વિષયોની પ્રાપ્તિ કરાવી, સુખ પમાડી, કલ્યાણના શ્રેષ્ઠ માર્ગમાંથી મનુષ્યને પાડી નાંખે છે. (૯) ભયંકર મન યોગીઓનો પણ વિવેક નાશ કરે છે. પારધિ હરિણોને જેમ વિશ્વાસમાં લઈ હણે છે. તેમ મનુષ્યોને વિશ્વાસ પમાડીને હણે છે. (૧૦)

અત્યંત બળવાન, વાયુ થકી પણ અધિક વેગવાળું મન, વાયુ સમુદ્રમાં નૌકાઓને જેમ ભમાવે છે તેમ, દુઃખ આપનારા સંસારસાગરમાં જીવોને ભમાવે છે. (૧૧) જે મનને વશ દેવો હતા. તે મન દેવોને વશ ન હતું. માટે તે મન દેવો, દાનવો તથા મનુષ્યોથી જીતાય તેમ નથી. (૧૨)

જે ત્યાગી આવા મનને જ્ઞાનના અભ્યાસ તથા વૈરાગ્યથી, આત્મજ્ઞાનથી, ધીરજથી જીતે છે તે નિશ્ચય દેવનો પણ દેવ છે. (૧૩) અતિદુષ્ટ ઈન્દ્રિયો ત્યાગીના શત્રુઓ છે. માટે ત્યાગી સાવધાન

થઈ પ્રયત્નપૂર્વક તેને જીતે. (૧૪)

જે ઈન્દ્રિયો પોતપોતાનાં વિષયે પ્રત્યે મનુષ્યને, જેમ શોક્યો પોતાનાં પતિને પોતપોતા તરફ ખેંચે છે તેમ, ખેંચે છે. (૧૫) જે ઈન્દ્રિયો મનુષ્યોના જ્ઞાન, ધ્યાનાદિ સદ્ગુણોને, ચોરો દ્રવ્ય વગેરેનું જેમ હરણ કરે છે તેમ, હરણ કરી લે છે. માટે તે ત્યાગી ઈન્દ્રિયોને જીતે. (૧૬)

જેનાંથી ઈન્દ્રિયોનો ક્ષોભ તથા ચંચળતા ઉત્પન્ન થાય છે એવો કામ પણ ત્યાગીઓનો મહાન સત્રુ છે. માટે જે ત્યાગી કામવશ નથી થયો તે ત્યાગી બ્રહ્મ-પરબ્રહ્મના સંદર્શન જન્ય સુખનો જરૂર અનુભવ કરે છે. (૧૭) બ્રહ્માનુભાવી ત્યાગી આ પ્રકારે કામરૂપી શત્રુને જાણીને તે કામને પ્રયત્નપૂર્વક જીતે તથા રતિ રહસ્ય, અનંગરંગ રસમંજરી વગેરે ગ્રંથોનો દૂરથી જ ત્યાગ કરે. તેમજ લોભ, સ્નેહ, રસ તેનો પણ ત્યાગ કરે. (૧૮)

માન, ઈર્ષ્યા, મત્સર, ક્રોધ, દ્વેષ, દંભ, મદ, ગર્વ, રાગાદિ દોષોને જીતીને ત્યાગી દુઃખને ઉલ્લંઘે છે. (૧૯) ત્યાગી અસત્ય વાદોનો ત્યાગ કરે, અસચ્છાસ્ત્રોનો અભ્યાસ કરે નહિ. બંધ અને મોક્ષ બતાવનાર સચ્છાસ્ત્રનો જ હંમેશાં ત્યાગીઓ અભ્યાસ કરે. (૨૦)

તત્ત્વવિત્ ત્યાગી યમ નિયમોનું પાલન કરે, એકાંતિક સંતોનો સમાગમ કરે, દ્રવ્યનો સંગ્રહ કરે નહિ. (૨૧) જે ત્યાગી એ ઈન્દ્રિયો તથા મન વશ નથી કર્યા અને જે જ્ઞાન વૈરાગ્યથી રહિત છે, અંતઃકરણના રાગ જેનાં પક્વ નથી થયા એવો ત્યાગી ક્યારેય પણ સુખ પામતો નથી. (૨૨)

જે ત્યાગી મોહવશ થઈ જાણીને વીર્યનું પાત કરે છે, તેમજ દ્રવ્યનો સંગ્રહ કરે છે તે ત્યાગી તો ગર્તામાં જ પડે છે. (૨૩) શુદ્ધબુદ્ધિથી યુક્ત ત્યાગી ધીરજતાપૂર્વક આત્માને નિયમમાં કરી, રાગ દ્વેષનો ત્યાગ કરી, પીડા આપનારા સર્વે વિષયોનો ત્યાગ કરીને વર્તે છે. જે મિતાહારી, એકાંત સેવનાર, નિયમમાં છે વાણી, મન, શરીરનું જેનું અને જેને તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થયો છે, જે હંમેશા ધ્યાન યોગ પરાયણ, ધનસંગ્રહ, શરીરબળ, ગુણાદિ જન્ય ગર્વ, વિષયોની ઈચ્છા, ક્રોધ, અહંકાર વગેરેનો ત્યાગ કરી, મમત્વથી રહિત થઈ ઉપશમાવસ્થામાં રહે છે તે બ્રહ્મભાવને પામે છે. (૨૪, ૨૫, ૨૬)

બ્રહ્મસ્વરૂપ, પ્રસન્ન આત્મ સ્વરૂપવાળો, શોક તથા આકાંક્ષાથી રહિત, સર્વ ભૂત પ્રાણીઓમાં સમબુદ્ધિવાળો, (રાગદ્વેષે રહિત) તે ત્યાગી મારી સર્વોત્તમ ભક્તિ પામે છે. (૨૭)

(અંગીભૂત જે સર્વોત્તમ ભક્તિનું અંગરૂપ જ્ઞાન તેની સિદ્ધિ માટેના સાધનો કહે છે) નિર્માન, નિર્દંભ, ક્ષમા, અહિંસા, આર્જવ, આચાર્યોપાસન, સ્થૈર્ય, શૌચ, આત્માનો વિનિગ્રહ, પ્રાકૃતેન્દ્રિયના ભોગોમાં વૈરાગ્ય, અહંકાર રહિતપણું, જન્મ, મરણ, જરા, રોગ, ક્લેશ વગેરેમાં દોષોના વિચારથી સાક્ષાત્ દોષ દર્શન, પ્રાકૃત ભાવોમાં અનાસક્તિ, દેહમાં તથા દૈહિક પદાર્થોમાં અપ્રીતિ તથા ઈષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિમાં હંમેશા સમભાવ. (૨૮, ૨૯, ૩૦)

અનન્ય ભાવપૂર્વક મારી અવિનાશી ભક્તિ, જન સભામાં અપ્રીતિ, એકાંત સ્થાનનું સેવન; (૩૧) પ્રતિદિન આધ્યાત્મ વિચારનું આચરણ, સાંખ્ય જ્ઞાનની આલોચના, એ અમાનિત્વાદિ ગુણો, આ સર્વ

ગુણો આત્મા પરમાત્માનું જ્ઞાન આપનાર છે. (૩૨)

પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થયેલા અર્થથી સંતોષી, રાગદ્વેષાદિ દ્વંદ્વોથી રહિત, નિર્મત્સર, સિદ્ધિ અથવા અસિદ્ધિમાં જેને સમબુદ્ધિ છે, તે ત્યાગી છે અને તે ત્યાગી કર્મથી બંધાતો નથી. (૩૩)

જે ત્યાગી પ્રિયને પામીને પ્રસન્ન થતો નથી, અપ્રિયને પામીને શોક કરતો નથી. મોહ રહિત સ્થિર બુદ્ધિવાળા તે ત્યાગીને, તત્ત્વવિત્ કહ્યો છે. (૩૪)

બાહ્ય ભોગોમાં આસક્તિ રહિત, પ્રાપ્ત થયું છે. આત્મ સુખ જેને, બ્રહ્મયોગથી યુક્ત છે ચિત્ત જેનું એવો ત્યાગી મારું અક્ષય સુખ પામે છે.(૩૫)

વિષય સંબંધી સર્વ સુખ દુઃખનું કારણ છે. આદિ તથા અંતવાળું છે. માટે બુદ્ધિશાળી ત્યાગી ક્યારેય પણ વિષય સંબંધી સુખમાં રમતો નથી. (૩૬) જે ત્યાગી જ્યાં સુધી શરીર પડે નહીં ત્યાં સુધી કામ ક્રોધથી ઉત્પન્ન થતા વેગને સહન કરવા માટે સમર્થ થાય છે, પોતાનાં કલ્યાણમાં સાવધાન તે ત્યાગીને પંડિતોએ સુખી કહ્યો છે. (૩૭)

ધીરજવાન ત્યાગી સંકલ્પથી ઉત્પન્ન થયેલી કામનાનો ત્યાગ કરીને મનથી ઈન્દ્રિયોના સમૂહને નિયમમાં રાખી મત્પરાયણ થઈ મારા સ્વરૂપનું ચિંતવન કરે છે. (૩૮) ધૈર્યયુક્ત બુદ્ધિથી ધીમે ધીમે પ્રકૃતિ જન્ય અર્થોના ચિંતવનથી વિરામ પામે. પોતાનું અંતઃકરણ આત્મામાં સ્થિર કરીને ત્યાગી કોઈ પણ અન્ય વસ્તુનું સ્મરણ કરે નહિ, પરંતુ મારી મૂર્તિનું જ સ્મરણ કરે. (૩૯)

ત્યાગી પોતાનું ચંચળ મન જે જે વિષય પ્રત્યે જાય ત્યાંથી તેને પાછુ વાળીને મારી મૂર્તિમાં તેને પ્રવૃત્ત કરે. (૪૦)

અત્યંત શાંત મનવાળા, પોતાનાં આત્માને બ્રહ્મરૂપની ભાવના કરતો, નષ્ટ થયા છે ક્લેશ જેનાં એવો શાંત રાગવાળો ત્યાગી મારું સર્વોત્તમ સુખ પામે છે. (૪૧) નિર્મત્સર અને છેદાઈ ગયા છે દ્વન્દ્વો જેનાં એવો, પોતાનાં આત્મામાં પ્રકાશવાળો, પરમાત્માના સુખમાં સ્થિત ત્યાગી મારા સ્વરૂપનું સાક્ષાત્કારજન્ય સુખ નિઃસંશય પામે છે. (૪૨)

કામ, ક્રોધાદિથી રહિત, સ્થિર ચિત્તવાળો, જાણ્યું છે આત્માના તત્ત્વરૂપ ભગવાનનું માહાત્મ્ય જેણે એવા ત્યાગી ભક્તને મારા સુખનો નિત્ય અનુભવ છે. (૪૩) ભય, ઈચ્છા અને દ્વેષરહિત, મોક્ષ પરાયણ, નિયમમાં છે ઈન્દ્રિયો જેનાં એવો ત્યાગી તેજ મુક્ત કહેવાય છે. (૪૪)

સિદ્ધ કર્યો છે જ્ઞાનયોગ જેણે એવો મારો આશ્રિત ત્યાગી બુદ્ધિપૂર્વક પ્રેમના સ્થાનભૂત મને સર્વ કર્મો સમર્પણ કરીને મત્પરાયણ અને મારામાં મનવાળો થઈ મારું ધ્યાન કરે. (૪૫)

સર્વ પ્રાણીઓમાં મિત્રભાવ રાખનાર, દયાળુ, સમગ્ર પ્રાણીઓ પ્રત્યે દ્વેષરહિત, અહંતા, મમતાથી રહિત, સુખ તથા દુઃખમાં સમતાયુક્ત ક્ષમાવાન; (૪૬) મારા દઢ નિશ્ચયવાળો, સંતોષી, જીત્યું છે મન જેણે એવો, મારે વિષે અર્પણ કર્યા છે મન અને બુદ્ધિ જેણે એવો મારો ભક્ત જે ત્યાગી તે નિશ્ચય

મને અતિપ્રિય બને છે. (૪૭)

જે ત્યાગીથી લોકો ભય પામે નહિ અને લોકોથી જે ત્યાગી ભય પામે નહિ, જે હર્ષ અને ઉદ્વેગ તથા ભય ક્રોધથી રહિત હોય તે ત્યાગી મને પ્રિય છે. (૪૮) જે ત્યાગી ઉદાસીન (સાંસારિક સુખ પ્રાપ્તિમાં ઉદાસીન) બાહ્ય અને આભ્યંતર શુદ્ધ, મારી પ્રસન્નતા મેળવવામાં ચતુર, અપેક્ષારહિત સાંસારિક અર્થ વિનાશમાં વ્યથા રહિત, મારી ભક્તિ વિના બીજાના આરંભનો ત્યાગ કરનાર હોય તે મને પ્રિય છે. (૪૯)

જે ત્યાગી કાંઈપણ ઈચ્છતો નથી, તેમ દ્વેષ કરતો નથી, હર્ષશોક પામતો નથી, બંધમાં કારણ ભૂત ક્રિયા રહિત છે ભક્તિવાળો છે તે મને પ્રિય છે. (૫૦) શત્રુ અને મિત્ર તિરસ્કાર તથા સન્માનમાં જે સમભાવવાળો છે તથા સુખદુઃખ શીતઉષ્ણમાં જે સમાન ભાવનાવાળો છે, જે સંગથી વર્જીત છે. (૫૧)

નિંદા ને કીર્તિ જેને સમાન છે, ઉચિત બોલનાર, શ્રદ્ધાવાળો, સ્થિર બુદ્ધિવાળા, સાધુઓ તેમજ મારો ગુણ ગ્રહણ કરનારો એવો મારો ત્યાગી ભક્ત મને પ્રિય છે. (૫૨)

શાંતિકારક શુભ વિષયોથી જેણે ઈંદ્રિયોને પાછી વાળી છે એવો ત્યાગી આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલા મારા સ્વરૂપમાં રહેલું દિવ્ય સુખ પામે છે. (૫૩) મનને દુઃખના જે કારણ છે અને નિવારણ થઈ શકતા નથી તેવા વિવિધ પ્રકારનાં સંકલ્પો ઉપશમથી તત્કાળ નિવૃત્ત થઈ જાય છે. (૫૪)

હે ત્યાગી ભક્તો ! ઉપશમ વિના વિષયોની વિસ્મૃતિ થતી નથી તેમજ આપત્તિઓના સ્થાનરૂપ રજોગુણ તથા તમોગુણના વેગ પણ શાંત થાય નહિ. (૫૫) ઉપશમ અતિદૃઢ એવા કામરાગને કિનારા ઉપર રહેલું અને જેનાં મૂળો ઊંડા છે તેવા વૃક્ષને નદીના પ્રવાહનો વેગ જેમ ઉખેડી નાંખે છે તેમ ઉપશમ કામનો નાશ કરે છે. (૫૬)

સૂર્ય અંધકારનો જેમ નાશ કરે છે તેમ ઉપશમ અંતર્ગત અનાદિ અજ્ઞાનરૂપી અંધકારનો તત્કાળ નાશ કરે છે માટે ત્યાગી મારા ધ્યાનના સાધનભૂત ઉપશમ સિદ્ધ કરે. (૫૭)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આવી રીતે સંસૃતિ નાશ કરનારી, સુધાથી અતિશ્રેષ્ઠ, શ્રીહરિએ કહેલી વાર્તા સાંભળીને શ્રીહરિનાં ત્યાગી ભક્તો હર્ષવાળું છે મન જેમનું એવા થઈ અનુપમ, પવિત્ર, ગુણસાગર શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં ત્યાગીઓને ઈન્દ્રિયાદનો જય કરવો વગેરેનું નિરૂપણ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૪)



અધ્યાય ૬૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહિપતે ! એક વખતે ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિ, ભક્તો પ્રત્યે આ પ્રમાણે શુભ વચન બોલ્યા. (૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! સર્વ પીડાઓનો નાશ કરનારી કલ્યાણકારી વાર્તા હું તમોને કહું છું. તમો સર્વ એકાગ્ર મનથી તે સાંભળો. (૨) જે મનુષ્ય પ્રકૃતિજન્ય લોક, ભોગ તથા દેહને અનિત્ય જાણી, જે મોક્ષ સિદ્ધ કરે છે તે મનુષ્યને પંડિત જાણવો. (૩) નશ્વર શરીરથી અમૃત સ્વરૂપ મને જે પામે છે, સત્ અસત્ વિવેચનમાં કુશળ, તે બુદ્ધિમાન કહેવાય છે. (૪)

વિશાળ મતિમાન, ક્રોધ જીતનારો, વશ છે અંતઃકરણ ઈન્દ્રિયો જેને એવો જે મનુષ્ય ક્યારેય મન, કર્મ અને વાણીથી કોઈનો પણ અપરાધ કરતો નથી. (૫) ધીરજવાન જે પુરુષ માન, ઈર્ષ્યા, મત્સર રહિત થઈ એક બીજાને હણતો નથી. જે ધીર પુરુષ બીજાની સમૃદ્ધિઓથી ક્યારેય અલ્પસંતોષ પણ પામતો નથી. (૬) જે મનુષ્ય બીજાની નિંદા કરતો નથી અને તેના ગુણોની પ્રશંસા કરે છે અને અસત્પુરુષોના સંગ તથા અપયશથી ભય પામે છે આ પાંચ પ્રકારનોં મનુષ્ય વિચક્ષણ પંડિત છે એમ જાણવું. (૭)

જે મનુષ્ય પોતાનાં દેહમાં અહંપણાની બુદ્ધિવાળો તથા દેહના સંબંધીઓમાં મમત્વવાળો છે, વિષયમાં આસક્તિવાળો છે તેવા મનુષ્યને પંડિતોએ મૂર્ખ કહ્યો છે. (૮)

મોક્ષના ઉપાયો ખોળતો, બંધ અને મોક્ષનો વિભાગ જાણનારો મનુષ્ય સત્પુરુષોનો સમાગમ કરી તત્કાળ સંસારના પાશથી મુક્ત થાય છે. (૯) પ્રાણીનું ચિત્ત હંમેશા જેમ વિષયોમાં આસક્ત રહે છે એવી રીતે મારે વિષે આસક્ત થાય તો બંધનથી કોણ ન મૂકાય ? (૧૦) આ લોકમાં નિષેધ કરેલા રસ્તે જેમ ધનનો ખર્ચ થાય છે એવી રીતે પુણ્ય માર્ગોમાં ધન ખર્ચ થાય તો કોણ શુભ ગતિ ન પામે ? (૧૧)

જેમ મનુષ્ય દ્રવ્યની ઈચ્છાથી આદરપૂર્વક ધનવાન પુરુષની સ્તુતિ કરે છે. તેવી વિષ્ણુની સ્તુતિ કરે તો તે મનુષ્ય શાંતિ પામે છે. (૧૨) મનુષ્ય જેવો બીજાના દોષ જોવામાં પ્રવીણ છે તેવો પોતાનાં દોષ જોવામાં નિપુણ થાય તો આ સંસારમાંથી કોણ મુક્ત ન થાય ? (૧૩)

જે લોભી મનુષ્ય વિત્ત માટે જેમ ઉદ્યમ કરે છે તેવી રીતે મુક્તિને માટે જો ઉદ્યમ કરે તો તે સંસારમાંથી કોણ મુક્ત ન થાય ? (૧૪) જેમ મનુષ્ય હર્ષપૂર્વક રાજ્ય અને દેશાદિ સંબંધિ વાતો કરે છે તેવી રીતે સદ્ગ્રંથોની વાતો કરે તો કયો બુદ્ધિમાન જ્ઞાન ન પામે ? (૧૫)

જેમ મનુષ્ય દેહના સુખ માટે અત્યંત પ્રયત્ન કરે છે, તેવી રીતે જો પોતાનાં મોક્ષ માટે કરે તો સંસારથી કોણ મુક્તિ ન પામે ? (૧૬) જેમ રૂપવાન પુત્રી જોઈને પિતાનું ચિત્ત કામથી વ્યાકુળ થતું નથી. તેવી રીતે બીજાની સ્ત્રી જોઈને વિકાર પામે નહિ, તો કોણ શુભ ગતિ ન પામે ? (૧૭) જેમ મનુષ્ય પોતાની સ્તુતિ અથવા પ્રશંસા થતા હંમેશા અત્યંત હર્ષ પામે છે એવી રીતે નિંદા થાય તો પણ જો હર્ષ પામે તો કોણ બંધનથી ન મુકાય ? (૧૮)

શઠતારહિતપણું, નિષ્પાપપણું, નિષ્કપટપણું એ પ્રકારનાં સદ્‌વૃત્તાંતનું આચરણ કરતો હોય તેવો મનુષ્ય, જેમ કાચબો પોતાનાં અંગોને સંકોરે છે તેમ જેણે પોતાની ઈન્દ્રિયો પાછી વાળી છે એ પ્રકારનોં; (૧૯) સુખ દુઃખાદિ દ્વંદ્વોથી રહિત, શાંત છે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ જેની એવો અપરિગ્રહી, નિરાશી અસંગી મનુષ્ય સર્વોત્તમ મુક્તિ પામે છે. (૨૦)

જે વિદ્યા મુક્તિ આપનારી છે તે સિવાયની બીજી વિદ્યા તથા નિષ્કામ કર્મ સિવાયના બીજા કર્મો કેવળ શ્રમ જ ઉત્પન્ન કરે છે. (૨૧) મોહથી મનુષ્યોની બુદ્ધિમાં અવિદ્યા ઉત્પન્ન થાય છે. જેમ બાળક ખદ્યોતને જોઈને અગ્નિ શું એ નથી જાણતો તેમ; (૨૨)

જે મનુષ્ય સર્વ ભૂત પ્રાણીમાત્રમાં દુષ્ટભાવ કરતો નથી એવા વિવેકી પુરુષને સર્વે ઠેકાણે સુખ થાય છે. (૨૩) નિત્ય મોક્ષધર્મમાં પ્રીતિવાળો મિતાહારી, જીતેન્દ્રિય, સદ્‌ગુણોથી વૃદ્ધોના સંગમાં આસક્તિવાળો મનુષ્ય સદા સુખ પામે; (૨૪)

જે પોતાની નિંદા થવા છતાં પણ કોપ કરતો નથી, પ્રશંસા થવા છતાં પણ હર્ષ પામતો નથી, પોતાને મારનારને પણ મારવા ઈચ્છતો નથી. તેને દુઃખ ક્યાંથી હોય ? (૨૫)

હે ભક્તો ! સર્વ ભૂતોના હિતમાં આસક્ત, શાંત, નિષ્પાપ મનુષ્ય કોઈનો અપરાધ કરતો નથી, ક્યારેય પણ ક્રોધ કરતો નથી. (૨૬) અહંગ્રથી રહિત એવો અને જ્ઞાનથી ધોવાઈ ગયા છે કલ્મષ જેનાં એવો નિર્વેરી મનુષ્ય હંમેશા સુખ પામે છે. (૨૭)

જે અપ્રાપ્ય વસ્તુ પામવાને ઈચ્છે નહિ, નાશ પામેલાનો શોક કરે નહિ, દુઃખમાં પણ મોહ પામે નહિ, એવો શુદ્ધબુદ્ધિવાળો મનુષ્ય સદા સુખ પામે છે. (૨૮) જે સાધુઓથી ધર્મજ્ઞાનાદિ સદ્‌ગુણો સિદ્ધ કરે છે તે આ લોક તથા પરલોકમાં સુખ પામે છે. (૨૯)

જે અનેક સદ્‌ગુણોથી યુક્ત છે અને મોટા પુરુષો વિષે જે દોષારોપણ કરતો નથી તે મનુષ્ય સુખ પામે છે. સ્ત્રી, ઘર, પુત્રો અને ધન વગેરેમાં જે આસક્ત નથી તે મનુષ્ય સુખ પામે છે. (૩૦)

અમૃતથી જેમ મનુષ્ય આનંદ પામે છે, તેમ તત્ત્વવિન્ત પુરુષ અપમાનથી આનંદ પામે છે. અત્યંત તીવ્ર ઝેરથી જેમ લોકો ઉદ્વેગ પામે છે, તેમ સન્માનથી સત્‌પુરુષ અત્યંત ઉદ્વેગ પામે છે. (૩૧)

અપમાન થયું હોય તો પણ જે ક્ષમા રાખે છે અને જે સર્વ દોષથી રહિત છે તે સુજ્ઞ પુરુષ, જેમ નિર્ભય પુરુષ સુખેથી સૂવે છે તેમ, સુખેથી સૂવે છે. તેનું અપમાન કરનારને નિદ્રા આવતી નથી. (૩૨) જે સર્વ સંગમાં આસક્તિ રહિત છે, પોતાની શ્લાઘા જે ક્યારેય કરતો નથી, જે નિઃસંશયપી અને બોલવામાં ચતુર છે, એવો મનુષ્ય હંમેશા સુખે સૂવે છે. (૩૩)

દેહ તથા દેહના સંબંધીઓમાં અહંતા તથા મમતા રહિત રુડિ બુદ્ધિવાળો જે મનુષ્ય ન કરવાનું કાર્ય કરતો નથી અને ક્રોધ તથા ચંચળથાથી જે રહિત છે, તે મનુષ્ય સુખી થાય છે. (૩૪)

નિર્ભય, તત્તાળ કાર્ય કરનાર, કામક્રોધથી રહિત, આત્મા પરમાત્માના જ્ઞાનવાળો શાંત મનુષ્ય

સર્વ ઠેકાણે સુખ પામે છે. (૩૫) જે પારકાનું અનર્થ કરતો નથી, જે ઈન્દ્રિયોને નિયમમાં રાખે છે. તથા જે સત્યવાદી છે, ઋજુ, આસ્તિક, સમગ્ર પ્રાણીમાત્રમાં કલ્યાણમાં આસક્ત, મૃદુ, પોતાનાં સ્વાર્થ માટે ધન, કામ વગેરે નિમિત્તે બીજા સાથે જે તકરાર કરતો નથી. ઉદાર બુદ્ધિ, તેજ, વિનય, વિદ્યા વગેરે ગુણોથી જે વૃદ્ધ છે અર્થાત્ એવા ગુણો જેણે સંપાદન કર્યા છે તેવો મનુષ્ય ગુરુની માફક સદા સેવા કરવા યોગ્ય છે. (૪૦)

ઈર્ષ્યા રહિત, મૃદુવાણી યુક્ત, ઉત્તમ પુરુષ માટે જે નિંદ્ય વચનો કદી ઉચ્ચારતો નથી, નિયમમાં છે અંતઃકરણ જેનું, ભગવાનની ભક્તિ વિના વ્યર્થ કાળ જે નિર્ગમન નથી કરતો એવો પુરુષ સર્વત્ર પૂજાય છે. (૪૧) સદ્‌ગુણ સંપન્ન, પવિત્ર, દક્ષ, મૃદુ, પ્રિય જાણનાર, દેશકાળ સમજનાર જે મનુષ્ય હોય તેનું પ્રિય કોણ ન કરે ? (૪૨) સુખ પછી દુઃખ તથા દુઃખ પછી સુખ, એવી રીતે મનુષ્યોને સુખ દુઃખ ચક્રની માફક આવે છે. (૪૩)

તેવું જાણનાર, દુઃખથી વ્યાપ્ત સુખને જે નિત્ય નથી જાણતો, તેમજ દુઃખને પણ નિત્ય નથી જાણતો એવો બુદ્ધિમાન મનુષ્ય સુખ દુઃખ સહન કરે છે. (૪૪) આ લોકમાં સર્વોતમ શાસ્ત્ર જન્ય ઉત્તમ જ્ઞાન પામેલો જે છે અને જેને સત્પુરુષોનો વિશ્વાસ છે, તે પુરુષ અત્યંત સુખ પામે છે. જેને શાસ્ત્રજન્ય જ્ઞાન નથી તથા સત્પુરુષોનો જેને વિશ્વાસ નથી તેવો પુરુષ અત્યંત દુઃખ પામે છે. (૪૫)

આ લોકમાં જેણે મારા સ્વરૂપના સુખનો અનુભવ કર્યો છે, જે દ્વન્દ્વોથી રહિત અને નિર્મત્સર છે, તે પુરુષને અર્થ તથા અનર્થો ક્યારેય દુઃખ પમાડતા નથી. (૪૬) અજ્ઞાનીઓમાં તો ભય, શોક અને મદ દરરોજ પ્રવેશ કરે છે, જ્યારે જ્ઞાની એવા પંડિતોમાં તે દોષ ક્યારેય પ્રવેશ કરતા નથી. (૪૭) અસૂયા રહિત, સેવાભાવી, કૃતાર્થ બુદ્ધિવાળો, પ્રવીણ, જીતેન્દ્રિય, શાંત એવા મનુષ્યને શોક કદી સ્પર્શ કરી શકતો નથી. (૪૮)

ધનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા મનુષ્યને ક્યારેય સુખ નથી. મૃત્યુના મુખમાં જતા મનુષ્યને જેવો ઉદ્વેગ થાય છે તેવો ઉદ્વેગ ધન પ્રાપ્તિની ઈચ્છાવાળાને થાય છે. (૪૯) જે ધનવાન ક્રોધ અને લોભના આવેશથી, દુષ્ટ અંતઃકરણવાળો, વક્રદૃષ્ટિવાળો, શુષ્ક મુખવાળો, વાંકી ભ્રકુટિ તથા મુખથી ભયંકર; (૫૦) અધરોષ્ટ કરડતો, ક્રોધિત, રૂઢ ભાષણ કરનારો, દ્રવ્યના મદથી અંધ થયેલો હોય તેવા મનુષ્ય પ્રત્યે બુદ્ધિમાન મનષ્ય કેમ જુવે ? (૫૧)

ધન સંપત્તિનો નિત્ય સહવાસ પંડિતોને પણ મોહ પમાડે છે. વાયુ જેમ શરદ ઋતુના વાદળાને વિખેરી નાંખે છે, તેમ લક્ષ્મી પંડિતોનું ચિત હરે છે. (૫૨) આ લોકમાં ધનરહિત પ્રાજ્ઞ પુરુષોનો ક્યારેય અગ્નિ, ચોર, ઠગ કે મૃત્યુ પરાભવ કરી શકતા નથી. (૫૩)

અસ્થિરૂપી થાંભલાઓથી ઊભું કરેલું, માંસ અને લોહીથી લેપાયેલું, સ્નાયુઓથી બંધાયેલું, ચામડીથી મઢેલું, દુર્ગંધીવાળું, મૂત્ર તથા વિષ્ટાના પાત્રરૂપ, જરા શોક, ભયથી યુક્ત, રોગના સ્થાનરૂપ, પીડાવાળું,

રજોગુણવાળું આ શરીર છે. માટે બુદ્ધિમાન પુરુષ એવા દેહમાંથી આસક્તિનો ત્યાગ કરે; (૫૪,૫૫)

પક્ષિ વૃક્ષને જેમ ત્યજે છે, સર્પ જૂની કાંચળીનો જેમ ત્યાગ કરે છે, તેમ જે મનુષ્ય દેહમાંથી આત્મબુદ્ધિનો ત્યાગ કરે તે મનુષ્ય સર્વ દુઃખથી મુકાય છે. (૫૬) ઈન્દ્રિયોને નિયમમાં કરીને, સંસૃતિ કરાવનારા ભોગોનો ત્યાગ કરીને, જે મનુષ્ય આત્મસ્થિતિ પામ્યો છે, તે સર્વોત્તમ શક્તિ પામે છે. (૫૭)

આ શરીરની અંદર જે છે (માંસ, શ્લેષ્મ, રુદિર, મળ વગેરે) તેને ખાવા આવનાર કૂતરા, કાગડા વગેરેને લાકડી ઉગામી મારી કાઢી મૂકવાનો લોકો પ્રયત્ન કરે છે. (૫૮) તેવો આ દેહ નાના પ્રકારનાં મળથી ભરેલો છે, કૃતઘ્ની તથા નાશવંત છે. તેમાં આસક્ત થયેલો પુરુષ મહાન આપત્તિ વ્હોરે છે. (૫૯)

આ શરીરને અનિત્ય જાણીને જે મનુષ્ય ધર્મનું પાલન કરે છે, તે મનુષ્ય ધર્મથી સુખ અને જ્ઞાન પ્રાપ્ત કરે છ અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત કરે છે (૬૦) જેમ સમુદ્રમાં લાકડા પરસ્પર ભેગા થાય છે અને પાછા છૂટા પડે છે તેની માફક પિતા, માતા, સ્ત્રી, પુત્ર, પુત્રીઓ વગેરેનો સંયોગ થાય છે. (૬૧)

સ્ત્રી, પુત્ર, બંધુજનો તથા જ્ઞાતિજનો વગેરેનો ભવિષ્યમાં એક સમયે તો વિયોગ થવાનો જ છે, તેથી તેમને વિષે ક્યારેય સ્નેહ ન કરવો. (૬૨)

મોહને આધીન મનુષ્યો વિવિધ પ્રકારનાં સ્નેહના પાશથી બંધાયેલા હોવાથી પંચ વિષયોની ઈચ્છા કરીને સદા શોક પામે છે. (૬૩)

અજ્ઞાનથી થયેલા વિવિધ પ્રકારનાં દુઃસહ ક્લેશથી વિશ્વના સર્વ મનુષ્યો, જેમ ઘાંચી ઘાણીમાં તલ પીલી તેને પીડા પમાડે છે તેમ, હંમેશા પીડા પામે છે. (૬૪) કુટુંબ પોષણ માટે પાપ કર્મનો સંચય કરતો મનુષ્ય આ લોક તથા પરલોકમાં ઘણું દુઃખ પામે છે. (૬૫)

આ લોકમાં જ્ઞાતિજનો, સ્ત્રી, પુત્ર, બંધુઓનો નાશ થવાથી મૂઢ ચિત્તવાળા મનુષ્યોને દાવાનળ સમાન દુઃખ થાય છે. (૬૬)

આ પ્રમાણે પંચ વિષય, આ લોકમાં સંબંધીજનો, ધન વગેરેની મમતાથી યુક્ત આ દેહધારી, દોષ અને ક્લેશથી સદા દુઃખ છે, તેવું જાણીને બુદ્ધિમાન પુરુષ તેમાંથી આસક્તિનો ત્યાગ કરે. (૬૭) તમો સર્વે મારા ભક્તોએ માયિક લોક અને ભોગમાંથી પ્રીતિ ત્યાગ કરીને મારામાં સ્થિર પ્રીતિ કરવી. (૬૮)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ પ્રકારની શ્રીહરિની રમણીય વાણી સાંભળીને સમગ્ર ભક્તો અત્યંત પ્રસન્ન થયા અને મુક્તોએ જેમને પ્રણામ કર્યા છે તે પૂર્ણકામ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સૌ પ્રણામ કરતા હતા. (૬૯)

હે રાજન્ ! મહાકીર્તિવાન, આનંદના સમૂહ સ્વરૂપ છે ચરણારવિંદ જેમનાં એવા શ્રીહરિ આવી રીતે સમગ્ર તાપનું શમન કરનારી વિવિધ પ્રકારની ઉપદેશ વાતોથી પોતાનાં ભક્તોને આનંદ આપતા હતા. (૭૦)

હે રાજન્ ! મેં તમોને સમગ્ર જીવોને સુખ આપનારું જે એકાંતિક ધર્માખ્યાન નામનું આખ્યાન કહ્યું તે આ લોકમાં જે જન અતિ આનંદપૂર્વક સાંભળશે તે જન ભગવાનની શુભ એકાંતિક ભક્તિ તથા શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં અક્ષરધામને નિશ્ચય જ પામશે. (૭૧)

હે ભૂપ ! મનુષ્યોના મનમાં ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને માહાત્મ્ય યુક્ત પરા ભક્તિની પ્રાપ્તિમાં રૂચિ થાય તે માટે આ ત્રીશ અધ્યાય રૂપ એકાંતિક ધર્માખ્યાન આદરપૂર્વ લોકો સાંભળે. સકામ ભક્ત પણ જ્યારે આ આખ્યાન સાંભળશે ત્યારે પોતાની ઈચ્છિત કામનો તે પ્રાપ્ત કરશે. (૭૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં મોક્ષ માર્ગનો ઉપદેશ નિરૂપણ નામે પાંસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૫)



અધ્યાય ૬૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રી હરિના જન્મની ચૈત્ર સુદ નવમીની તિથિ આવી તે પ્રસંગે લાખો ભક્તો મહોત્સવ કરતા હતા. (૧) રામનવમીની રાત્રીની દશ ઘડી વ્યતીત થઈ એટલે મહા અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો, ચંદન, પુષ્પ તથા અન્ય ઉપચારો વડે સર્વ ભક્તોએ પ્રીતિપૂર્વક શ્રીહરિની પૂજા કરી અને પેંડા, બરફી, સાકર વગેરે પાત્રોમાં ભરીને શ્રીહરિને અર્પણ કર્યા. (૨-૩)

પછી તે ભક્તો સુંદર વાજિંત્રોના મંગળ ધ્વનિની સાથે સર્વના નિયામક શ્રીહરિની મહા આરતી કરતા હતા. (૪) વર્ણીઓ, મુનિઓ તથા સમગ્ર ભક્તો ચંદન, સુંદર પુષ્પના હાર વગેરેથી શાસ્ત્રવિધિ પ્રમાણે આદરપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૫)

સમગ્ર ત્યાગીઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તો તો, તે તિથિએ ઉપવાસ કરતા હતા અને રાત્રિએ જાગરણ કરતા હતા. (૬) પછી શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા સાધુ તથા સર્વ ભક્તો મૃદંગ તથા કાંસાજોડી વગેરેથી શ્રીહરિનાં ચરિત્રોના પદો હર્ષપૂર્વક ગાવા લાગ્યા. (૭)

હે રાજન્ ! આ સુંદર મહોત્સવ એ રીતે ઉજવી શ્રીહરિનાં દર્શન જન્ય આનંદમાં તે ભક્તોએ તે સમગ્ર રાત્રિ ક્ષણની માફક વ્યતીત કરી. પછી શ્રીહરિએ તે ભક્તજનોને પોતપોતાનાં ઉતારામાં જવા માટે આજ્ઞા કરી અને પોતાનાં બંધુજનોની સાથે, પોતાનાં પાર્ષદોથી વીંટાઈને પોત પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૮)

હે રાજન્ ! પછી ધર્મના પુત્ર શ્રીહરિ સ્નાન કરીને, શાસ્ત્ર પ્રમાણે પોતાનો નિત્યવિધિ કરી, પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા ઉત્તમ ભોજન જમતા હતા. (૯) હે નરેન્દ્ર ! પછી શ્રીહરિ વર્ણીઓની પાકશાળામાં પધાર્યા અને બ્રહ્મચારીઓનું ભોજન દૃષ્ટિવડે પ્રસાદીરૂપ કરતા હતા. ત્યારબાદ તે વર્ણીગણો જમવા લાગ્યા. (૧૦)

પ્રભુ શ્રીહરિ પુષ્કળ સાકર અને ઘીથી બનાવેલા સફેદ મોદકો સમગ્ર સાધુઓને તથા અન્ય ભક્તોને પીરસીને તેમને સર્વને અત્યંત તૃપ્ત કરતા હતા. (૧૧) તેવી રીતે શ્રીહરિ હજારોહજાર વિપ્રોને વિવિધ પ્રકારનાં સુંદર ભોજનથી તૃપ્ત કરતા હતા. શ્રીહરિ ઘણા બ્રાહ્મણોને દક્ષિણાઓ, વસ્ત્ર, આભૂષણો વગેરે પણ આપતા હતા. (૧૨)

ઉદાર શ્રીહરિએ તે ઉત્સવ પ્રસંગે આવેલા સર્વ અન્નાર્થી જનોને જમાડ્યા. શ્રીહરિનું ઔદાર્ય સાંભળીને રાજાઓ પણ આશ્ચર્ય પામી ગયા ! (૧૩) પછી મસ્તક ઉપર શ્વેત મોળીયું ધારણ કરી, સમગ્ર શ્વેત વસ્ત્રોથી શોભતા, જેમની પાઘમાં ઉત્તમ પુષ્પોના તોરાઓની પંક્તિ ઝુલે છે, પાદુકાના ચટ્ ચટ્ ધ્વનિ કરતા ચાલતા જેમનાં બંને હાથ હલે છે, તેવી શોભાથી યુક્ત, પોતાને વિષે પ્રીતિવાળા, પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા, કુબેરજી વગેરે છડીદારોની છડી પૂકારના શબ્દો સાભળતા શ્રીહરિ મહાસભાના સ્થાનમાં પધાર્યા. (૧૪, ૧૫)

હે રાજન્ ! પછી શ્રીહરિ કોમળ ગાદલાં વગેરેથી યુક્ત સભા મધ્યે પોતાનાં ઉત્તમ સિંહાસનમાં વિરાજમાન થયા. (૧૬) સભામાં ત્યાગીજનો તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને પોતાનાં અધિકાર પ્રમાણે બેસીને, ચકોર જેમ ચંદ્રને જુવે તેમ પ્રીતિપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૭)

પોતાનાં મુખારવિંદ પ્રત્યે બાંધી છે દૃષ્ટિ જેમણે એવા પોતાનાં સમગ્ર ભક્તજનોને શિક્ષા વચન કહેતા શ્રીહરિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્ય જ્ઞાન સહિત ભક્તિની અમૃતથી પણ અધિક મધુર રસવાળી વાતો કરવા લાગ્યા. (૧૮)

શ્રીહરિએ આ પુરમાં એકાદશીનો મહોત્સવ કર્યો અને બીજે દિવસે પણ આ પુરમાં રહીને પોતાનાં ભક્તોને ઘણું સુખ આપ્યું. (૧૯) ઈશ્વર શ્રીહરિએ પોતાનાં ચરણારવિંદના આશ્રિતોને તેમજ પોતાની આજ્ઞા પરાયણ દેશાન્તરથી આવેલા ભક્તોના સંઘોને પોતપોતાનાં દેશમાં જવા માટે આજ્ઞા કરી. (૨૦)

તેટલામાં સૂરત નિવાસી શ્રીહરિનાં આશ્રિત ભક્તોએ બંને હાથ જોડી શ્રીહરિને ભક્તિપૂર્વક આ પ્રમાણે પ્રાર્થના કરી. (૨૧) હે સ્વામિન્ ! સુરત નિવાસી અમો આપના આશ્રિત ભક્તો, મયૂરો જેમ મેઘને ઈચ્છે છે તેમ, આપના આગમનની રાહ જોઈએ છીએ. (૨૨)

અમારા દેશના રાજાનો આપને વિષે અત્યંત પ્રેમ છે, વળી રાજાના કારભારી શ્રી અરદેશરને પણ આપને વિષે અત્યંત પ્રેમ છે. (૨૩) હે પ્રભો ! માટે આપ કૃપા કરીને મુનિઓને લઈને અમારા પુરમાં પધારો અને અમારી સેવા સ્વીકારી અમોને કૃતાર્થ કરો. (૨૪)

હે પ્રભો ! સંસારમાંથી ઉદ્ધાર કરનારાં આપના દર્શન સૂર્યપુરવાસી જનોને આપીને પુરના નિવાસીજનોને કાળરૂપી સર્પના ત્રાસથી રહિત કરો. (૨૫) તેમની આવી પ્રાર્થના સાંભળીને ભક્તવત્સલ શ્રીહરિએ 'તમારા પુરમાં હું જરૂર આવીશ' એમ તે ભક્તોને કહ્યું. (૨૬)

તેથી પ્રસન્ન થયેલા તે ભક્તો તો શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિનાં આવવાનો સંદેશો કહેવા

માટે શ્રીહરિની આજ્ઞાથી સુરત જવા વિદાય થયા. (૨૭) દેશાન્તરના ભક્તો પણ, જળના વિયોગથી માછલી જેમ તરફડે તેમ, શ્રીહરિનાં વિયોગથી વ્યાકુળ થતા, આંખમાં અશ્રુવાળા જવાની ઈચ્છા ન હોવા છતાં પણ શ્રીહરિની આજ્ઞાથી, શ્રીહરિને નમસ્કાર કરીને આ મહોત્સવ તથા શ્રીહરિની અદ્‌ભુત શોભા સંભારતા, ત્યાંથી ચાલ્યા. (૨૮, ૨૯)

સવારમાં શ્રીહરિ પણ જવા તૈયાર થયા. શ્રીહરિની આજ્ઞાથી તેમનાં બંધુઓ, સમગ્ર વર્ણીઓ તથા મુનિઓ વગેરે પણ જવા તૈયાર થયા. (૩૦) પોતાનાં પરિવાર સહિત શ્રીહરિનાં બંને બંધુઓ વાહનોમાં બેઠા. યુદ્ધમાં પ્રવીણ પુરુષો તેમની રક્ષા માટે આસપાસ વીંટળાઈને ચાલતા હતા. એ રીતે શ્રીહરિની આજ્ઞાથી તે સર્વ શ્રીહરિની આગળ ચાલવા લાગ્યા. પછી શ્રીહરિ, પાર્ષદોએ તૈયાર કરીને લાવેલા અશ્વ ઉપર બિરાજ્યા. (૩૧, ૩૨)

ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, શોભાયમાન, છત્ર અને સુંદર ચામરોની શોભાવાળા, પુરવાસી ભક્તોએ વળાવેલા શ્રીહરિ, વાદ્યોના ઘોષ સાથે પ્રયાણ કરતા હતા. (૩૩)

ઉત્તમ રાજા તત્કાળ ઘોડા ઉપર બેસી શ્રીહરિની સાથે ચાલ્યા. વર્ણીગણો, હજારો, સાધુજનો, શ્રીહરિનાં આશ્રિત ભક્તજનો અને અન્ય સર્વ જનો પણ હર્ષપૂર્વક શ્રીહરિની સાથે ચાલ્યા. (૩૪)

ચંદ્રમાના વિરહથી ધીરજ રહિત થયેલા ચકોરો જેમ વ્યાકુળ થાય તેમ પોતાનાં વિયોગથી વ્યાકુળ ચિત્તવાળા, દૂર સુધી આવેલા વૃત્તાલય પુરના સમગ્ર હરિજનોને ધર્મના પુત્ર શ્રીહરિએ બળપૂર્વક પાછા વાળ્યા. (૩૫) સ્નેહથી જેમનાં નેત્રોમાં અશ્રુ ઉભરાયા છે તેવા તે સર્વે ભક્તો પોતાનાં આત્માને પ્રિય, અભિષ્ટ કરનારા શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરીને શ્રીહરિની આજ્ઞાથી પાછા વળી ગયા. પરંતુ માર્ગમાં ઊભા રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૩૬)

વડતાલ નિવાસી તે ભક્તો જ્યાં સુધી અશ્વ ઉપર બિરાજેલી શ્રીહરિની શુભ મૂર્તિ દેખાણી ત્યાં સુધી દર્શન કરતા હતા અને શ્રીહરિની સેનાની રજ ઉડતી જોતાં જોતાં તેઓ માર્ગમાં ચિત્રની માફક સ્થિર થઈ ગયા ! (૩૭)

શ્રીહરિની અદ્‌ભુત શોભા તથા શ્રેષ્ઠ મહોત્સવ સંભારતા આંખમાં અશ્રુવાળા તે ભક્તો શ્રીહરિનાં વિયોગથી અધિક તપ્ત બની પોતપોતાને ઘેર ધીરે ધીરે ગયા. (૩૮) પછી માર્ગમાં ચાલતા, ઘોડેસવારોથી વીંટાયેલા અને શોભાયમાન એવા પોતાનાં ઘોડા ઉપર બેઠેલા પોતાનાં મુનિ તથા અન્ય ભક્તોની સાથે, નેત્રોને સુંદર દર્શનીય લાગતા શ્રીહરિ ગાના ગામમાં પધાર્યા. (૩૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં શ્રીહરિનો જન્મોત્સવ તથા વૃત્તાલયપુરથી નીકળ્યા તેનું નિરૂપણ કર્યું એ નામે છાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૬)



અધ્યાય ૬૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સન્મુખ આવેલા ગાના ગામના હરિભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ, પોતાનાં બંધુઓ, સંતો તથા વર્ણીઓ વગેરે આત્મીય જનો સાથે ગામની બહાર ઉતારો કર્યો. (૧)

ગાનામાં ધનદાસ, રઘુનાથ, પ્રભુદાસ વગેરે ભક્તો શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતા હતા. (૨) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા વિવિધ પ્રકારનાં ભોજન જમતા હતા. (૩)

હે રાજન્ ! તે સમયે ધર્મમાં નિષ્ઠાવાળા સમગ્ર વર્ણીઓ તથા મુનિઓ વગેરે જુદાં જુદાં પાક કરીને યથાયોગ્ય જમતા હતા. (૪) ત્યારબાદ પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાનાં બંધુજનોની સાથે સભાસ્થાનમાં પધાર્યા અને ઉંચા અને કોમળ સિંહાસન ઉપર બિરાજ્યા. (૫) શ્રીહરિ પાસે તેમનાં બંધુઓ, સ્વજનો વગેરે યથાયોગ્ય બેઠા. સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. (૬)

તે પછી ધનદાસ, રઘુનાથદાસ તથા પ્રભુદાસ વગેરે ભક્તોએ વિવિધ પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. તેમજ શ્રીહરિનાં બંધુઓ અને અન્ય સર્વ ત્યાગીઓની યથાયોગ્ય પૂજા કરી. (૭)

શ્રીહરિએ ધર્માદિ સંબંધી શુભ વાર્તા કરી. એવી રીતે તે સર્વ ભક્તોને સુખ આપતા શ્રીહરિએ તે રાત્રિ ગાના ગામમાં વ્યતીત કરી. (૮) સવારમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાઈને, પોતાનાં ભક્તજનોની સાથે નીકળ્યા અને દેદરડા ગામે પધાર્યા. (૯) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ પોતાનાં ભક્તોની સાથે તે ગામમાં પ્રવેશ કર્યો. (૧૦)

વેણીભાઈ, મૂળજીભક્ત તથા ખાંભાભાઈ વગેરે શ્રીહરિનાં ચરણકમળ આશ્રિત ભક્તોએ શ્રીહરિને પોતપોતાને ઘેર પધરાવીને, પોતાનાં સંબંધીજનોની સાથે, શ્રીહરિનું સુંદર ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી પૂજન કર્યું. (૧૧-૧૨)

દેવીભાઈ વગેરે અન્ય ભક્તોએ તથા શ્રીહરિની આશ્રિત સ્ત્રી ભક્તોએ પણ શ્રીહરિનું અનેક ઉપચારોથી પૂજન કર્યું. (૧૩) આ પ્રકારે દેદરડા ગામના ભક્તોને સુખ આપીને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ત્યાંથી નીકળ્યા, શ્રીહરિને તથા તેમનાં ભક્તોને તે ગામના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને દાવોલ ગામ પધાર્યા. (૧૪)

સન્મુખ આવેલા દાવોલ ગામના ભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું. શ્રીહરિનું સન્માન કર્યું તે બાદ શ્રીહરિએ પોતાનાં ભક્તોની સાથે ગામની બહાર અનુકૂળ સ્થાનમાં નિવાસ કર્યો. (૧૫) દાવોલ ગામના રઘુનાથ, જેઠાભાઈ, બીજા મોટા માનભાઈ વગેરે ભક્તો પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૬) શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ

પ્રકારનાં ભોજન જમ્યા. (૧૭)

હે રાજન્ ! વર્ણીઓ તથા સાધુઓ પણ જુદી જુદી રસોઈ કરીને યથાયોગ્ય જમ્યા. (૧૮) ત્યારબાદ સભામાં બિરાજેલા અને સર્વ શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે એવા અને પોતાનાં બંધુજનો, ત્યાગીઓ તથા ગૃહસ્થ હરિભક્તોથી વીંટાયેલા શ્રીહરિની સુંદર ઉપચારો, ભૂષણો અને વસ્ત્રોથી તેમણે સર્વેએ પૂજા કરી. તેમજ શ્રીહરિનાં બંધુઓ તથા ત્યાગીઓની પણ યથાયોગ્ય પૂજા કરી. (૧૯, ૨૦)

એ રીતે ભગવાન શ્રીહરિએ, તેમને સર્વને ધર્મસંબંધી ઉપદેશ આપી, સુખ આપી, તે રાત્રિ તે ગામમાં વ્યતીત કરી. (૨૧) પછી સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તથા સાધુઓને તે ગામના ભક્તજનોએ વળાવ્યા અને શ્રીહરિ શેલડી ગામમાં પધાર્યા. (૨૨)

તે ગામના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ ગામની બહાર પોતાને યોગ્ય સ્થાનમાં નિવાસ કર્યો. (૨૩) તે ગામના ગંભીરસિંહ તથા લાખા વગેરે ઘણા ભક્તો, પરમાત્મા શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૨૪) શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન જમતા હતા. (૨૫)

શ્રીહરિનાં આશ્રિત સર્વે મુનિઓ, વર્ણીઓ તથા પાર્ષદો વગેરે પણ તે અરસામાં યથા યોગ્ય સુંદર ભોજન તૈયાર કરી જમતા હતા. (૨૬)

પછી શ્રીહરિ સમગ્ર શ્વેત વસ્ત્રો ધારણ કરી, પોતાનાં બંધુજનો સાથે સભામાં આવી સુંદર આસન ઉપર બિરાજ્યા. પોતાનાં આશ્રિત મુનિઓ તથા ગૃહસ્થોથી વીંટાયેલા શ્રીહરિનું ત્યાંના ભક્તો અત્યંત સ્નેહથી ઉપચારો તથા પૂજાના ઉપહારોથી પૂજન કરતા હતા. તેમજ શ્રીહરિનાં બંધુઓ તથા સમગ્ર ત્યાગીઓનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. (૨૭, ૨૮)

અચ્યુત શ્રીહરિએ, ધર્મ, જ્ઞાન સંબંધી વાતો કરીને પોતાનાં ભક્તોને આનંદ પમાડતા ત્યાં રાત્રિ નિર્ગમન કરી. (૨૯) સવારમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને ત્યાંના ભક્તજનોએ શ્રીહરિને વળાવ્યા. ત્યાંથી નિકળી શ્રીહરિ પોતાનાં ભક્તોની સાથે બ્રાહ્મણગામ (બામણગામ) પધાર્યા. (૩૦)

સન્મુખ આવેલા બ્રાહ્મણગામના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. શ્રીહરિએ ગામની બહાર પોતાને યોગ્ય સ્થાનમાં નિવાસ કર્યો. (૩૧) બ્રાહ્મણગામમાં શ્રીહરિનાં ચરણકમળના આશ્રિત અને શ્રીહરિમાં પ્રીતિવાળા રઘુનાથ ભટ્ટ, બાપુજી વૈશ્ય તથા પ્રયાગદાસ, રણછોડ તથા બીજા ભક્તના સમુદાય પ્રીતિપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા તથા શ્રીહરિની સાથે આવેલા સંતો વગેરેની પણ પૂજા કરતા હતા. (૩૨, ૩૩)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા ભોજન જમતા હતા. હે રાજન્ ! તે સમયે સમગ્ર વર્ણીઓ, મુનિઓ, ઘોડેસવારો વગેરે પણ જુદી જુદી રસોઈ કરીને જમતા હતા. (૩૪, ૩૫)

સમગ્ર શ્વેત વસ્ત્રો જેમણે પહેર્યાં છે એવા અને સભામાં પોતાનાં બંધુઓ સાથે બિરાજેલા શ્રીહરિનું

તથા મુનિજનોનું, તે ભક્તો ચંદન પુષ્પાદિક ઉપચારોથી હર્ષપૂર્વક પૂજન કરતા હતા. (૩૬) હે ભૂપતે ! પછી શ્રીહરિએ ધર્મ સંબંધી વાર્તા કરીને પોતાનાં ભક્તોને આનંદ પમાડી, તે રાત્રિ ત્યાં નિર્ગમન કરી. (૩૭)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ગામના હરિભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ પોતાનાં ભક્તોની સાથે ચાલી નીકળ્યા અને મહી નદી પ્રત્યે પધાર્યા. (૩૮) વ્યાપક પરમાત્મા શ્રીહરિએ મહી નદીને પવિત્ર કરવાની ઈચ્છાથી, સમગ્ર સાધુ, વર્ણી, પાર્ષદોની સાથે તે મહી નદીમાં સ્નાન કર્યું અને પોતાનો સર્વ નિત્યવિધિ કર્યો. (૩૯)

મહી નદીએ પણ, અન્ય જનોને અગોચર એવા દિવ્યસ્વરૂપે ધર્મપુત્ર શ્રીહરિ સમીપે પ્રીતિપૂર્વક આવી, મુક્તો તથા બ્રહ્માદિ દેવો જેમને વંદના કરે છે તે શ્રીહરિની પાદુકાની યાચના કરી. (૪૦) તેથી શ્રીહરિએ પાપમોચની પોતાની પાદુકાઓ પ્રીતિપૂર્વક મહી નદીને આપી. તેથી સંતોષ પામી, શ્રીહરિને નમસ્કાર કરીને મહી નદી ત્યાંથી તત્કાળ અંતર્ધાન થઈ ગઈ. (૪૧)

શ્રીહરિ પોતાનાં વર્ણી, સંત અને પાર્ષદોની સાથે તે નદી નૌકાવડે પાર ઉતર્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને પોતાનાં સહચરોની સાથે ચાલતા ડભાસા ગામે પધાર્યા. (૪૨) તે ગામના મોરારજી તથા બાજીભાઈ વગેરે ભક્તો ધર્મપુત્ર શ્રીહરિની શ્રેષ્ઠ ઉપચારો વડે પૂજા કરતા હતા. (૪૩)

શ્રીહરિને પછી ત્યાંના ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી મુનિઓ વગેરેની સાથે ચાલતા રણુ ગામે પધાર્યા. (૪૪) રણુ ગામમાં શ્રીહરિમાં પ્રીતિવાળા દેસાઈભાઈ, ગિરિભાઈ વગેરે ભક્તોએ શ્રીહરિનું પુષ્પાદિક ઉપચારોથી પૂજન કર્યું. (૪૫)

પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ત્યાંના ભક્તોએ વળાવ્યા તેથી પોતાનાં મુનિઓની સાથે ત્યાંથી નીકળી શ્રીહરિ ગામ સોખડા પધાર્યા. (૪૬) પછી ઢાઢર નામનો નદ ઉતરીને, સમગ્રજનોને જમાડીને પછી પોતે જમીને શ્રીહરિએ તે નદીમાં જ રાત્રિ વીતાવી. (૪૭)

સવારમાં અશ્વ ઉપર બિરાજી, પોતાનાં સર્વ ભક્તોની સાથે ત્યાંથી પ્રયાણ કરી શ્રીહરિ દોરા ગામે પધાર્યા. (૪૮) સન્મુખ આવેલા દોરા ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ ગામની બહાર ઉતારો કર્યો. (૪૯)

દોરા ગામના કાશીરામ વગેરે બ્રાહ્મણો તથા જીજીભાઈ, ગલાભાઈ વગેરે વૈશ્ય ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૫૦) હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને, પોતાને વિષે આસક્ત પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને નિવેદન કરેલા સુંદર ભોજન જમતા હતા. (૫૧)

શ્રીહરિની સાથે આવેલા બ્રહ્મચારીઓ રસોઈ કરીને ભોજન જમ્યા. શ્રીહરિએ મુનિઓ વગેરેને વારંવાર શીરો પીરસીને તૃપ્ત કર્યા. (૫૨) ત્યારબાદ સભામાં સિંહાસન ઉપર બિરાજેલા શ્રીહરિની ત્યાંના ભક્તો સમગ્ર ઉપચારોથી પૂજા કરતા હતા. તેમનાં બંધુજનો તથા સમગ્ર વર્ણીઓ, મુનિઓ વગેરેનું પણ તેમણે ઉપચારો વડે પૂજન કર્યું. (૫૩)

પછી હે રાજન્ ! શ્રીહરિએ ત્યાં અમૃતથી અતિ મિષ્ટ ધર્માદિયુક્ત સુંદર વાતો કરીને પોતાનાં ભક્તજનોને આનંદ પમાડી, રાત્રિ ત્યાં વ્યતીત કરી. (૫૪) અત્યંત પ્રેમમગ્ન ત્યાંના ભક્તોએ સવારમાં શ્રીહરિને વળાવ્યા એટલે અધીશ્વર ભગવાન શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં સમગ્ર ભક્તોની સાથે ત્યાંથી નીકળી ભૃગુકચ્છપુરમાં (ભરૂચપુરમાં) પધાર્યા. (૫૫)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધમાં માર્ગમાં આવેલા જુદા જુદા ગામના ભક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી પોતાને ગામ પધરાવ્યા પૂજન અર્ચન કર્યું તે નિરૂપણનો સડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૭)



અધ્યાય ૬૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભૃગુકચ્છ નિવાસી ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ ત્યાં પોતાનાં યોગ્ય સ્થાનમાં નિવાસ કર્યો. (૧)

તે પુરના બ્રાહ્મણભક્તો ધનવાન તોપરામ, ગંગાવિષ્ણુ તથા બાળમુકુન્દ વગેરે ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૨) તેમજ રાજારામ વગેરે અન્ય બ્રાહ્મણો પણ શ્રીહરિની સેવા કરતા હતા. વળી રુડાભાઈ, નગીનદાસ વગેરે ભક્તો પણ પ્રેમથી શ્રીહરિની સેવા કરતા હતા. (૩) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં સુંદર ભોજન જમ્યા. (૪) પછી સર્વે વર્ણીઓ તથા સંતો પોતપોતાને માટે જુદો પાક બનાવીને તે સુંદર ભોજન સારી રીતે જમતા હતા. (૫)

ત્યારબાદ સભામાં બિરાજેલા, ત્યાગીઓથી વીંટળાયેલા શ્રીહરિનું તથા તેમનાં બંધુજનોનું તે સર્વ ભક્તોએ ચંદન પુષ્પાદિક ઉપચારો વડે પૂજન કર્યું. (૬) વળી શ્રીહરિનાં બંધુઓ રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈ, તેમજ સમગ્ર વર્ણીઓ તથા મુનિઓ વગેરે તેની ભક્તોએ નવીન વસ્ત્રો વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક પૂજા કરી. (૭)

તે સમયે શ્રીહરિનાં દર્શન માટે આવેલા પુરના હજારો હજાર જનો સૌન્દર્યના સમુદ્ર શ્રીહરિનાં દર્શન કરીને આશ્ચર્ય પામ્યા. (૮) પછી શ્રીહરિ ધર્માદિ સંબંધી શુભ વાર્તા વેદ શાસ્ત્રોના પ્રમાણો તથા અન્ય દૃષ્ટાંતો આપી કહેવા લાગ્યા. (૯)

તે પુરના નિવાસી વેદશાસ્ત્ર જાણનારા વિવાદી બ્રાહ્મણોને વેદશાસ્ત્રના પ્રમાણો વડે શ્રીહરિ તત્કાળ જીતતા હતા. (૧૦) દૈવી સંપત્તિથી યુક્ત પુરના નિવાસી મુમુક્ષુ લોકો તો શ્રીહરિને સાક્ષાત્ ભગવાન જાણીને શ્રીહરિનો યથાર્થ દૃઢ આશ્રય કરતા હતા. (૧૧)

આવી રીતે પોતાનો પ્રતાપ વિસ્તારતા શ્રીહરિએ પોતાનાં ભક્તોને આનંદ આપી રાત્રિ ત્યાં વ્યતીત કરી. (૧૨) સવારમાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનોની સાથે ભૃગુકચ્છ નિવાસી સમગ્ર ભક્તોએ શ્રીહરિને વળાવ્યા એટલે શ્રીહરિ ત્યાંથી નીકળ્યા. (૧૩)

પછી નર્મદાને કિનારે પહોંચેલા શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને, પોતાનાં ભક્ત જનોથી વીંટાયેલા, બંધુઓની સાથે, ઉત્તમ આસન ઉપર બિરાજમાન થયા. (૧૪) હે રાજન્ ! નાવિકો મનોહર શ્રીહરિને જોઈને પ્રસન્ન થઈ મોટી રમણીય નાવડીઓ તે કાંઠે લાવ્યા. (૧૫)

અનેક પ્રકારનાં સુંદર રંગવાળી, અતિરમણીય, મોટી શોભાયમાન ધજાઓથી યુક્ત, કોમળ આસન, શય્યા વગેરેથી સજ્જ, વિમાનના આકારવાળી નાવડીઓમાંની એક સુંદર નાવડીમાં પ્રભુ શ્રીહરિને નાવડીના કર્ણધારોએ (નાવિકોએ) બેસાડ્યા. (૧૬, ૧૭)

તે સમયે ચંચળ તરંગોરૂપી હાથવડે રેવાએ સર્વ તીર્થોના સ્થાનભૂત શ્રીહરિનાં ચરણ-યુગ્મનું હર્ષપૂર્વક જળથી પ્રાક્ષાલન કર્યું. (૧૮) અવતારિ પ્રત્યક્ષ શ્રીહરિનાં શુભ પાદપદ્મનો સ્પર્શ કરીને રેવા અત્યંત પવિત્ર થઈ અને પોતાનાં ફીણોથી જાણે હસતી હોય ને શું ? એવી દેખાવા લાગી. (૧૯)

પછી સર્વે કર્ણધારોએ શ્રીહરિનાં બંધુ વગેરેને પણ ઉંચકીને રમણીય નાવમાં યથાયોગ્ય બેસાડ્યા. (૨૦) કર્ણધારોએ સમગ્ર વર્ણીઓ, મુનિગણો, ઉત્તમ રાજા અને અન્ય પાર્ષદોને પણ નૌકાઓમાં બેસાડ્યા. (૨૧)

ત્યારબાદ કર્ણધારો વાહનો, અશ્વો, બળદો, વિવિધ પ્રકારનોં સર્વ સામાન વગેરેને નૌકાઓમાં મૂકતા હતા. (૨૨) પછી તે નૌકાને છેડેથી તે નદીના કિનારા સુધી મૂકેલા લાંબા અને પહોળાં ત્રાપાઓ ઉપર ચાલીને શ્રી ધર્મવંશની ધર્મમાં અત્યંત નિષ્ઠાવાળી સ્ત્રીઓ પુરુષ વર્ગ સહિત તે મોટી નૌકામાં યથાયોગ્ય બેઠી. (૨૩-૨૪)

પછી નાવિકો નૌકાઓ ચલાવવા લાગ્યા. તે સમયે નર્મદાની શોભા અલૌકિક થઈ (૨૫) નર્મદામાં ચાલતી તે અતિ સુંદર નૌકાઓ આકાશમાં દેવતાઓના વિમાનોની પંક્તિઓની માફક શોભતી હતી. (૨૬) શોભાયમાન નૌકામાં બિરાજેલા શોભાસાગર શ્રીહરિને જોઈને નાવિકો તથા કાંઠા ઉપર ઉભેલા પુરના જનો આશ્ચર્ય પામ્યા. (૨૭)

હે રાજન્ ! પછી નાવિકો બધીજ નૌકાઓ સામે કાંઠે સ્થિર કરીને શ્રીહરિ તથા અન્ય સર્વજનોને પહેલાની માફક ઉંચકીને ઉતારવા લાગ્યા. (૨૮) તેથી નાવિકો ઉપર અત્યંત પ્રસન્ન થયેલા સ્વયં શ્રીહરિએ તેમનાં મુખ્ય નાવિકને પોતાનાં મહામૂલ્ય નવો દુપટ્ટો ભેટ આપ્યો. (૨૯)

પછી રેવાને પવિત્ર કરવા ઇચ્છતા શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે રેવામાં સ્નાન કરીને પોતાનો સર્વ નિત્યવિધિ, પ્રવાસવિધિ માટે કર્યો (૩૦) પછી શ્રીહરિ રેવાને કાંઠે સુંદર આસન ઉપર પોતાનાં બંધુજનોની સાથે બિરાજ્યા અને પોતાનાં સર્વ મુનિઓની રાહ જોવા લાગ્યા. (૩૧)

સમગ્ર મુનિઓ તત્કાળ નદી ઉતરીને સામે કિનારે પહોંચી, શ્રીહરિને નમસ્કાર કરીને ત્યાં બેઠા. (૩૨) પછી દિવસ થોડો રહ્યો તે સમયે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં વર્ણી તથા સંતો વગેરેની સાથે ત્યાંથી નીકળ્યા. (૩૩)

શ્રીહરિ અંકલેશ્વર પહોંચ્યા. તે પુરની બહાર વાવની સમીપે પોતાનાં સહવાસીઓની સાથે શ્રીહરિએ પોતાને યોગ્ય એવા સ્થાનમાં નિવાસ કર્યો. (૩૪) શ્રીહરિ સ્નાન તેમજ સંધ્યાવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજન જમ્યા. (૩૫, ૩૬)

ત્યારબાદ શ્રીહરિ ખીચડીમાં વારંવાર પુષ્કળ ઘી પીરસીને મુનિઓને તથા ઉત્તમ રાજા અને સર્વ પાર્ષદોને તૃપ્ત કરતા હતા. (૩૭) એ પ્રકારે શ્રીહરિ ત્યાં રાત્રિ રહીને સવારમાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં વર્ણી, સંતો વગેરેની સાથે ત્યાંથી પ્રયાણ કરીને ચોકીના સ્થાનમાં પધાર્યા. (૩૮)

શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ચોકીના સ્થાનમાં રાત્રિ રહીને સવારમાં અશ્વ ઉપર બિરાજીને પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા કાસાર ગામે પધાર્યા. (૩૯) શ્રીહરિ ગામની બહાર વાડીમાં ઉતર્યા. પછી પોતે જમીને, પહેલાં જેમ પોતે સર્વેને જમાડ્યા હતા તે પ્રમાણે અંકલેશ્વરમાં પણ શ્રીહરિએ સર્વ ભક્તજનોને જમાડ્યા અને પછી રાત્રિ ત્યાં જ રહ્યા. (૪૦)

સવારમાં અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાઈને શ્રીહરિ પોતના સ્વરૂપમાં આસક્ત ચિત્તવાળા, પોતાનાં સમગ્ર ભક્તજનોની સાથે નીકળ્યા. (૪૧) હે ભૂપતે ! ઈશ્વર શ્રીહરિ આત્મીય જનોની સાથે તાપી નદી પહોંચ્યા. નૌકારૂપી સુંદર સેતુથી તે નદી ઉતરીને તાપી નદીને કાંઠે આવેલા અશ્વિનીકુમાર તીર્થમાં શિવનું અદ્‌ભુત સ્થાન શ્રીહરિએ જોયું. (૪૨)

સુંદર હવેલીઓની પંક્તિઓથી શોભાયમાન, વિચિત્ર વૃક્ષોના સમુદાયથી શોભાયમાન તે સ્થાનમાં બુદ્ધિશાળી અધિકારી પુરુષોએ શ્રીહરિનો સત્કાર કર્યો અને શ્રીહરિએ પોતાનાં આશ્રિતોની સાથે અહીં નિવાસ કર્યો. (૪૩)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને નિવેદન કરેલાં અમૃત તુલ્ય ભોજન જમ્યા. (૪૪) તે સમયે પોતાનાં ધર્મમાં નિષ્ઠાવાળા વર્ણીઓ, સંતો, સમગ્ર પાર્ષદો વગેરે જુદા જુદા પાક કરીને શ્રીહરિનું સ્મરણ કરતા ભોજન કરતા હતા. (૪૫) પછી સમગ્ર શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે એવા શ્રીહરિ મહાસભામાં ઉંચા સિંહાસન ઉપર પોતાનાં ભક્તજનોથી વીંટાઈને બિરાજમાન થયા હતા અને અતિસુંદર ધર્મોપદેશની વાતો કરતા હતા. (૪૬)

પછી શ્રીહરિની અમૃતથી પણ વિશેષ મધુરતાવાળી ઉપદેશ વાર્તા સાંભળીને, શ્રીહરિનાં દર્શન કરતા ત્યાંના સર્વ લોકો અત્યંત શાંત પામી પુલકિત થઈ ગયા અને ચિત્રની માફક સર્વે સ્થિર થઈ ગયા ! (૪૭)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના

સાતમા સ્કંધમાં નર્મદા, તાપી નદી પાર કરવારૂપ શ્રીહરિની લીલા નિરૂપણ નામે અડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૮)



અધ્યાય ૬૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સુરત નિવાસી ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા, દાવાગ્નિથી તપ્ત થયેલા વનમાં હાથીઓ ગંગાના ઠંડા નીર પ્રત્યે જે ત્વરાથી જાય, તે ત્વરાથી આવ્યા. (૧)

તે ભક્તોએ પોતાનાં ઈષ્ટ શ્રીહરિનાં દર્શન કરીને હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને ચંદન, પુષ્પની સુંદર માળાઓ વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨) પોતાનાં દર્શનથી આનંદ મગ્ન થયેલા, શ્રીહરિ પોતાનાં ભક્તોની સંભાવના, તેમની સાથે સંભાષણ કરી, તેમનાં પ્રત્યે દૃષ્ટિ વગેરેથી કરી, અમૃતથી પણ અધિક માધુર્યવાળી ધર્મોપદેશની સુંદર વાતો કરીને ભક્તોને સુખ આપતા હતા. એ પ્રકારે શ્રીહરિ શિવના સ્થાનમાં રાત્રિ રહ્યા. (૩, ૪) સદ્ધર્મનું સ્થાપન કરવા માટે ઉદ્યમયુક્ત શ્રીહરિ પ્રાતઃકાળમાં તાપી નદીમાં સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૫) તેવામાં સુરતથી આવેલા ભક્તો શ્રીહરિ તથા તેમનાં બંધુઓ માટે તેમનાં બંધુઓની પત્નીઓ પાસે આદરપૂર્વક રસોઈ કરાવતા હતા. (૬) તે ભક્તો વર્ણીઓ તથા મુનિઓ વગેરે માટે પાક બનાવવામાં નિપુણ બ્રાહ્મણો પાસે રસોઈ કરાવતા હતા. (૭) હે ભૂપતે ! પછી શ્રીહરિ પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ભોજન વારંવાર પાણી પીતા પીતા જમતા હતા. (૮)

તેટલામાં સર્વ વર્ણીઓ, ઉત્તમ રાજા, સમગ્ર ઘોડેસવારો તથા પાર્ષદોએ પણ જમી લીધું. (૯) પછી શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ પાર્ષદોથી વીંટાઈને પોતાનાં બંધુજનો સાથે સભામાં પધાર્યા અને ઉંચા આસન ઉપર બિરાજ્યા. (૧૦) શ્રીહરિનાં બંધુજનો તેમજ ત્યાગીઓ, ગૃહસ્થો વગેરે શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિનાં દર્શનની ઈચ્છાથી તે સભામાં યથાયોગ્ય બેઠા. (૧૧)

પછી સુરત નિવાસી ભક્તોએ ચંદન, અક્ષત, કુમકુમ, મહામૂલ્યવાન ભૂષણો, વસ્ત્રો તથા પુષ્પના હારવડે શ્રીહરિનું પૂજન કર્યુ અને પછી શ્રીહરિની મહાઆરતી કરી. તે ભક્તોએ શ્રીહરિનાં બંધુજનો, મુનિઓ વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. (૧૨, ૧૩)

તે સમયે રાજાના બુદ્ધિમાન કારભારી અરદેશર પોતાનાં બંધુ પીલુને લઈને રાજાની સેના સહિત શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી વિવિધ પ્રકારનાં વાહનોમાં બેઠેલા પુરના ધનિકો, રાજાના કર્મચારીઓ, વિદ્વાનો તથા બ્રાહ્મણો સાથે અનેક પ્રકારનાં વાજિંત્રોના ઘોષ કરી, દિશાઓ ગજાવતા, શ્રીહરિનાં દર્શન માટે ઉત્સાહપૂર્વક ઉદય પામેલા ચંદ્રને જોતા જેમ સમુદ્ર ગર્જે તેમ ત્યાં આવ્યા. (૧૪, ૧૫, ૧૬)

શ્રીહરિનાં દર્શન કરી પ્રસન્ન થયેલા અરદેશરે, પૂર્વોક્ત જનસમુદાયની સાથે, વાહનમાંથી ઉતરીને

પ્રેમથી શ્રીહરિને પ્રણામ કર્યા. (૧૭) પછી વિભુ શ્રીહરિએ અરદેશર મુખ્ય છે જેમાં એવા ત્યાં આવેલા સર્વ ભક્તજનોની સંભાવના તેમની સાથે સંભાષણ કરી તથા તેમનાં પ્રત્યે દૃષ્ટિ કરીને કરી. (૧૮) પછી અરદેશર તથા સર્વ જનોએ શ્રીહરિને પુરમાં પધારવા માટે પ્રીતિપૂર્વક પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે પુરમાં જવા તૈયાર થયા. (૧૯) હે રાજન્ ! પોતાનાં બંને બંધુઓને શ્રીહરિએ બે શિબિકામાં બેસાડ્યા. તેમનાં પુત્રોને મેના વગેરેમાં બેસાડ્યા. (૨૦)

હે રાજન્ ! ઉદાર, અતિમહાન, સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ તથા સંતવર્ય શ્રી ગોપાળાનંદ મુનિ, સાધુજનોમાં અતિશ્રેષ્ઠ નિત્યાનંદ મુનિ, બ્રહ્માનંદ આનંદાનંદ, સ્વરૂપાનંદ મુખ્ય જેમાં છે એવા વ્યાપકાનંદ, મહાનુભાવાનંદ તથા અન્ય પંડિતો આત્માનંદ, ભગવદાનંદ, યોગાનંદ, શિવાનંદ, કપિલેશ્વરાનંદ વગેરે સાધુઓને વિવિધ પ્રકારની શોભાયમાન શિબિકા તથા રથો વગેરે વાહનોમાં શ્રીહરિ પ્રેમથી યથાયોગ્ય બેસાડતા હતા. (૨૧, ૨૨, ૨૩)

અમૂલ્ય સર્વ શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે એવા શ્રીહરિ કસુંબી રંગની પાઘથી શોભાયમાન, ભૂષણોથી ભૂષિત, પોતાનાં અશ્વ ઉપર બિરાજમાન થયા. (૨૪) કંઠમાં ચળકતી તારા સમાન મોતીઓની માળા ધારણ કરનાર, મનોહર પુષ્પોના તોરા તથા હારથી શોભાયમાન, જેમનાં લલાટપટલમાં સુંદર કુમકુમના ચાંદલા સહિત કેસરનું ઉર્ધ્વપુંડ્ર તિલક શોભી રહ્યું છે એવા અને કોટી કામદેવને મોહ પમાડનાર. (૨૫, ૨૬)

શોભાયમાન, અતિસુંદર બંને ચામરો જેમની આસપાસ શોભે છે એવા, અતિમનોહર છત્રવાળા, ચળકતી લગામ જેમનાં હાથમાં છે એવા, સોમા ખાચર, સુરા ખાચર વગેરે અસવારોથી વીંટાયેલા, દર્શનીય, શ્રીહરિએ એ રીતે ત્યાંથી પ્રયાણ કર્યું. (૨૭, ૨૮)

તે સમયે શ્રીહરિની આગળ હર્ષપૂર્વક ચાલતા પાર્ષદો બંધૂકોની ગર્જનાથી દિશાઓમાં વારંવાર ઘોષ કરી રહ્યા હતા. (૨૯) વર્ણીઓ તથા સાધુગણો તથા અન્ય ભક્તો તે સમયે મંગળ વેદોનું ગાન કરતા ઈષ્ટદેવ શ્રીહરિનું ચિંતવન કરતા માર્ગમાં ચાલતા હતા. (૩૦)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિની આગળ તથા પાછળ રાજાની સેના ચાલતી હતી. અરદેશર વગેરે શ્રેષ્ઠ વાહનોમાં બેસી રમણીય મૂર્તિ શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૩૧) સુંદર વાહનોમાં બેઠેલા શ્રીહરિનાં બંધુજનો તથા મુનીન્દ્રો શ્રીહરિની પાછળ ચાલતા હતા. તે સમયે મહાશોભાવાળા શ્રીહરિનાં દર્શન કરીને સૌ અત્યંત હર્ષ પામ્યા. (૩૨)

તે સમયે તૂરી, પ્રણવ, ઢોલ, શરણાઈઓ વગેરે વાદ્યો વાગતા હતા. જેનાં ધ્વનિથી સમગ્ર દિશાઓ અત્યંત ગાજતી હતી. (૩૩) સુંદર ધજાઓથી શોભતા વિવિધ વાહનો તથા ઘોડાઓથી શોભતી શ્રીહરિની મોટી સેના, મેઘના આગમનથી વિચિત્ર વર્ણવાળી પૃથ્વી જેમ શોભે તેમ જનસમુદાયને અતિ આશ્ચર્ય પમાડતી શોભતી હતી. (૩૪)

ભૂષણોથી અલંકૃત કરેલા અશ્વેન્દ્ર ઉપર બિરાજેલા પીડાહારી શ્રીહરિ ભીડમાં અશ્વને ધીમે ધીમે ચલાવતા દર્શન કરનારા જનસમુદાયના ચિત્ત હરિ લેતા હતા. (૩૫) શ્રેષ્ઠ હસ્તમાં ધારણ કરી છે સુવર્ણની લગામ જેમણે એવા, સો સો કામદેવનો ગર્વ હરનારૂં છે દિવ્યરૂપ જેમનું એવા, મંદહાસ્ય યુક્ત મુખારવિંદથી નિંદિત કર્યું છે ચંદ્રમાનું બિંબ જેમણે એવા શ્રીહરિનાં દર્શન કરીને ભક્તજનો તૃપ્તિ ન પામ્યા. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં શ્રીહરિની પુર પ્રવેશ શોભા વર્ણન નામે ઓગણસિત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૬૯)



અધ્યાય ૭૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! માર્ગમાં ધીમે ધીમે ચાલતા શ્રીહરિ બંદિજનોએ હર્ષથી ઉંચા સ્વરોથી ઉચ્ચાર કરેલી વાણી સાંભળતા, શોભાયમાન પુરને દૂરથી જોતા હતા. (૧) જળથી છાંટેલી છે નાની શેરીઓ તથા રાજમાર્ગો, દેવમંદિરો તથા બજારોથી રમણીય, વિચિત્ર તોરણોથી શોભાયમાન દ્વારો વડે વિલસિત છે સ્વર્ગ સમાન શોભા જેની એવું; (૨)

સમાન પંક્તિઓમાં રહેલી સાત માળની સુંદર હવેલીઓથી શોભાયમાન, સમાન હાટોની પંક્તિઓથી તથા વેચવાની અનેક પ્રકારની રમણીય વસ્તુઓથી અલંકૃત; (૩) ધર્મશાળાઓ તથા સભાસ્થાનોથી વિશેષ શોભતું, મોટી અને પહોળી ચોખંડીઓથી રમણીય, ઈન્દ્રપુરીની તુલ્ય, રાજાઓના ગઢમાં સુંદર હર્મ્યોથી શોભાયમાન; (૪)

દેવમંદિરોમાં વાગતા વાજિંત્રોના અત્યંત માધુર્ય યુક્ત સપ્ત સ્વર ગ્રામ-મૂર્ધનાદિથી વિમિશ્રિત શ્રેષ્ઠ ગીતોથી હંમેશાં શોભાયમાન; (૫) ઈન્દ્રધનુષ્યની માફક પ્રકાશમાન, દરવાજાઓના મોટાં કમાડોથી અત્યંત શોભાયમાન, ઉંચા કિલ્લાથી સમ્યક્ પ્રકારે શોભતું, સુંદર બગીચાઓથી ચારેય તરફ અત્યંત મનોહર લાગતું; (૬)

હે રાજન્ ! પોતાનાં ઘોડેસવારો તથા રાજાના સૈન્યથી વીંટાયેલા હરિએ એ પ્રકારનાં નગરમાં કતારપુરના પ્રવેશદ્વારથી વાદ્યોના ઘોષથી દીશા ગજાવતા પ્રવેશ કર્યો. (૭) તે સમયે ઉચ્ચ સ્વરથી વાગતા વાદ્યોના ઘોષ સાંભળીને ત્યાગ કર્યો છે પોતાનાં કાર્યો જેમણે એવા બાળકો, યુવાનો તથા વૃદ્ધો હર્ષપૂર્વક તત્કાળ શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. (૮)

નગરમાં રહેનારા જનો નેત્રોને સુંદર લાગતા શ્રીહરિનાં દર્શન કરીને, ચંદ્રને જોઈને ચકોર જેમ આનંદ પામે તેમ, અત્યંત આનંદ અને શાંતિ પામ્યા. (૯) તે સમયે ઘણા જનો દુકાનોમાંથી શ્રીહરિનાં દર્શન કરતા હતા, કેટલાક જાળીયામાં રહીને દર્શન કરતા હતા, કેટલાક અગાસી તથા અટારીઓમાં

રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૦)

વળી હજારો પુરજનો પુરના ઉંચા કિલ્લા ઉપર બેસીને પણ શ્રીહરિનાં દર્શન કરતા હતા તેથી જાણે શ્રીહરિનાં દર્શન માટે આકાશમાં આવેલા દેવતાઓના સમુદાયો હોય ને શું ? એમ તે સર્વ શોભતા હતા. (૧૧) તે સમયે ત્યાં શ્રીહરિનાં દર્શન માટે આવેલા જનોની અત્યંત ભીડ થઈ, જેમ બૃહસ્પતિ સિંહસ્થ થાય ત્યારે કુંભના મેળામાં, ગોદાવરી તીર્થમાં, જેમ જનોની ભીડ થાય તેવી ભીડ અહીં થઈ. (૧૨)

તે વખતે પુરની સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરીને ઉદય પામેલા નવીન ચંદ્રને જોઈને જેમ સમુદ્ર અતિશાન્તિ પામે એવી રીતે પ્રસન્ન થઈ, શ્રીહરિને પ્રણામો કરતી વિચિત્ર રમણીય પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. (૧૩)

હે રાજન્ ! સમગ્ર પુરજનોએ શ્રીહરિની સ્તુતિ કરી. પછી શ્રીહરિએ પુરજનો પ્રત્યે સંસૃતિને નાશ કરે તે પ્રકારની દયાર્દ્ર દૃષ્ટિ કરી તેમને સર્વને પાવન કર્યા. (૧૪)

શ્રીહરિએ વણિક લાલ કૃષ્ણની વિશાળ વાડીમાં પોતાને યોગ્ય અતિ શોભાયમાન મહાન હવેલીમાં નિવાસ કર્યો. (૧૫) શ્રીહરિનાં બંધુ રામપ્રતાપ તથા ઈચ્છારામે પોતાનાં પરિવાર સહિત બીજી મનોહર હવેલીમાં નિવાસ કર્યો. વર્ણીઓ, સંતો તથા સમગ્ર ભક્તજનોએ તે વાડીમાં બીજી હવેલીઓમાં સુખપૂર્વક નિવાસ કર્યો. (૧૬)

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાને રહેવાની સુંદર હવેલીની અગાસીમાં, સુંદર આસન ઉપર બિરાજી ભક્તજનોને પોતાનાં પાવનકારી દર્શન આપ્યાં. (૧૭) મનોહર શ્રીહરિનાં દર્શન કરતા તે સમયે સુરત નગરના નિવાસી હજારો ભક્તજનોના નેત્ર અને પાંપણો જાણે ચિત્રેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા ! (૧૮)

આ પ્રકારે પોતાનાં દર્શન આપી જનોને નિષ્પાપ કરતા શ્રી સ્વામિનારાયણ તે વિશાળ મહેલમાં નિવાસ કરતા હતા. (૧૯) અરદેશર મુખ્ય છે એવા સર્વ જનો ધર્મનંદન શ્રીહરિને પ્રણામ કરીને પોતપોતાને ઘેર ગયા. (૨૦, ૨૧)

પુરના જનો પોતાનાં જનસમુદાયોની સાથે ભક્તિપૂર્વક શ્રીહરિનું હંમેશાં આતિથ્ય કરતા હતા. (૨૨) પ્રત્યક્ષ પરાત્પર શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિવાળા અંબારામ વગેરે બ્રાહ્મણો તેમની સેવા કરતા હતા. (૨૩)

ભાલચંદ્ર, ગિરિધર, ગોવિંદ, જાદવ, લક્ષ્મીચંદ, ભીખારીદાસ તથા નરોત્તમ; (૨૪) મોતીભાઈ તથા ભગવાન વગેરે બીજા વૈશ્ય ભક્તો શ્રીહરિની જન્મ સફળકારી સેવા ભક્તિપૂર્વક કરતા હતા. (૨૫)

મહાલક્ષ્મી, જીવુબા, લાડુબા તથા દેવી એ આદિક ભક્તિયુક્ત પતિવ્રતા સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૨૬) ઘણા મૂલ્યવાળાં વસ્ત્રો, સુવર્ણના ભૂષણો, સોનામહોરો, રૂપામહોરો, છત્રચમાર

તથા સુગંધિ પુષ્પોના હારો, બરફી, પેંડા, વગેરેથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા અને મહાઆરતી કરતા હતા. (૨૭, ૨૮)

તે ભક્તો વિવિધ પ્રકારનાં રમણીય પકવાનો તથા ભક્ષ્ય ભોજ્યાદિ ભોજનોથી શ્રીહરિને, શ્રીહરિનાં બંધુવર્ગ તથા ત્યાગીજનો વગેરે સર્વને આદરપૂર્વક તૃપ્તિ પમાડતા હતા. (૨૯) હે રાજન્ ! બીજે દિવસે નિત્યવિધિ જેમણે કર્યો છે એવા શ્રીહરિને પ્રાર્થના કરીને તે ભક્તો શ્રીહરિને મનોહર હીંડોળા ઉપર બેસાડતા હતા. (૩૦)

તે ભક્તો તથા અન્ય જનો હીંડોળાના હલન ચલનથી ચળાયમાન શરીર જેમનું છે એવા, સફેદ વસ્ત્રોથી ચારેય તરફ શોભતા એવા, ચારેય તરફથી જેમનાં શરીરમાંથી પ્રકાશમાન તેજ નીકળે છે એવા, કેસરનું ઉર્ધ્વપુંડ્ર તિલક તથા તેના મધ્યભાગમાં કુમકુમના ચાંદલાથી શોભાયમાન, શોભાયમાન પુષ્પોના હારો તથા તોરાઓ જેમને છે એવા, મનોહર, મંદ હાસ્ય મુખવાળા, શ્રીમદ્ શોભાયમાન શ્રી સ્વામિનારાયણ શ્રીહરિનાં સર્વ દર્શન કરતા હતા. (૩૧)

આવી રીતે ભકતોને સુખ આપનારાં શ્રીહરિ પોતાનાં દર્શન આપીને હિંડોળા ઉપરથી નીચે ઉતરીને અતિસુંદર ઉંચા આસન ઉપર બિરાજી ત્યાગીજનોએ તથા ગૃહસ્થોએ જેમનાં દર્શન કર્યા છે. એવા ધર્મ, જ્ઞાનાદિનું પ્રતિપાદન કરનારી સુધારસ સમાન વાર્તા કરતા હતા. (૩૨)હે રાજન્ ! એ પ્રકારે સુરતમાં વસતા પોતાનાં ઘણા ભક્તોને સુખ આપતા શ્રીહરિ અક્ષય તૃતિયાને દિવસે પોતાનાંમાં અત્યંત પ્રીતિવાળા પોતાનાં ભક્તજનો પાસે પરશુરામની પૂજાનો ઉત્સવ વિધિ શાસ્ત્રોક્ત રીતે કરાવતા હતા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં પુરવાસીનાં શ્રીહરિ દર્શનોત્સવ નિરૂપણ નામે સીત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૦)



અધ્યાય ૭૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે પુરમાં વેદ, પુરાણો તથા અન્ય શાસ્ત્રોને જાણનારા બ્રાહ્મણો વસતા હતા. (૧) એક સમયે ત્યાંના સર્વ અત્યંત અભિમાની બ્રાહ્મણો મળીને વિવાદ કરવાની ઈચ્છાથી શ્રીહરિની સમીપે આવ્યા. પછી તે બ્રાહ્મણો દૂરથી ભક્તજનોથી વીંટાઈને મહાસભામાં બિરાજમાન થયેલા શ્રીહરિને જોઈને અતિ વિસ્મય પામ્યા. (૨)

તે બ્રાહ્મણો ભક્તજનોની ત્યાં ભીડ હોવાથી શ્રીહરિની સમીપે આવવા માટે સમર્થ થયા નહિ અને સભામાં પ્રવેશ કરવા માટે વાટ જોઈને જ ત્યાં ઊભા રહ્યા. (૩, ૪) અંતર્યામી શ્રીહરિએ તેમનોં સંકલ્પ જાણીને પોતાનાં દ્વારપાળ કુબેર ભક્તને મોકલીને તે વિદ્વાનો ને બોલાવ્યા. (૫) દ્વારપાળે સભામાં માર્ગ કરાવ્યો. તેથી તે વિદ્વાનો શ્રીહરિની સમીપે જઈને શ્રીહરિને નમસ્કાર કરી ત્યાં શ્રીહરિની આજ્ઞાથી બેઠા. (૬)

તે વિદ્વાનો વેદ વિષયક તથા પુરાણ, મિંમાસા, સચ્છાસ્ત્ર વગેરે સંબંધી વિવિધ સૂક્ષ્મ પ્રશ્નો શ્રીહરિને જુદા જુદા મળીને પૂછવા લાગ્યા. (૭) સર્વવિત્ શ્રીહરિએ તે પંડિતોના સર્વ પ્રશ્નોના સ્ફુટપણે પ્રત્યુત્તરો વેદ-શાસ્ત્રોના પ્રમાણોથી કર્યા. (૮) તેથી તે વિદ્વાનો તેમનાં અસંખ્ય પ્રશ્નોના આશ્ચર્યકારી ઉત્તર સાંભળી અનુપમ, સર્વોત્તમ શ્રીહરિની અભૂતપૂર્વ ચતુરાઈ જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા અને બીજું કાંઈ પૂછવા માટે સમર્થ થયા નહિ. તેથી અનુપમ પ્રતાપશાળી શ્રીહરિને તેઓ પ્રત્યક્ષ ભગવાન જાણતા હતા. (૯)

અમૃતના સમુદ્રના ચળાયમાન તરંગોની તુલ્ય વિવિધ પ્રકારનાં સંશયરૂપી દાવાગ્નિને શાંતિ કરનારી, સંસૃતિનો નાશ કરનારી શ્રીહરિની અનુપમ વાણીનું પાન કરીને તે પંડિતો શાન્તિ પામ્યા અને શ્રીહરિનો તેમણે આશ્રય કર્યો. શ્રીહરિએ આ પ્રકારે વિદ્વાનોનો પરાભવ કર્યો, તે જોઈને પુરના જનો આશ્ચર્ય પામ્યા અને ભક્તો આનંદ પામ્યા. (૧૦)

તેથી તે પુરમાં સ્વામિનારાયણ સ્વયં પ્રત્યક્ષ ભગવાન છે એવો અત્યંત મોટો ઉદ્‌ઘોષ થયો. (૧૧) ત્યાંના ગવર્નરે નીમેલો તે દેશનો અધિપતિ ઈન્દ્રસેન વિચક્ષણ રાજા તે ઉદ્‌ઘોષ સાંભળતો હતો. (૧૨) તે બુદ્ધિશાળી રાજાને પોતાની પ્રજા પાસેથી કલ્યાણકારી શ્રીહરિનો પ્રતાપ સાંભળીને શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થઈ. (૧૩) તેથી તે બુદ્ધિશાળી રાજા હે સભ્યો ! સ્વામિનારાયણ પોતે ભગવાન છે આ પ્રમાણે સભામાં સભ્યોને કહેતા હતા. (૧૪) આ સ્વામિનારાયણના આશ્રિતો હજારો નિષ્પાપ ત્યાગીઓ સાષ્ટાંગ બ્રહ્મચર્ય પાળે છે. તથા અષ્ટપ્રકારે ધનના પણ ત્યાગીઓ છે. (૧૫) પૃથ્વી ઉપર સ્વામિનારાયણના આશ્રિત લાખો ગૃહસ્થો શાસ્ત્ર પ્રમાણે પોતપોતાનો ધર્મ પાળે છે. તેમજ સ્ત્રીઓ પણ ધર્મનું પાલન કરે છે. (૧૬)

અન્ય મતના આશ્રિત ત્યાગીઓ સ્ત્રી તથા ધનમાં આસક્ત અને ગૃહસ્થ તથા સ્ત્રીઓ વર્ણસંકરતા પામેલા હોય છે. (૧૭) કળિયુગમાં પણ આ સ્વામિનારાયણ પોતાનાં આશ્રિતોમાં પોતાનો ધર્મસ્થાપન કરે છે. માટે સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે એમ મને જણાય છે. (૧૮) એ સ્વામિનારાયણને અહીં બોલાવીને મારે એમને મળવું છે. આ સ્વામિનારાયણ જો અહીં ન આવે તો હું ત્યાં જઈશ. (૧૯) એમ કહીને વિચક્ષણ રાજાએ અનેક પ્રકારનાં વાહનો સાથે પોતાનાં કારભારીને શ્રીહરિને બોલાવવા માટે પ્રીતિપૂર્વક મોકલ્યાં. (૨૦) રાજાનો મંત્રી, નાના પ્રકારનાં વાહનો તથા રાજાના સેવકો સાથે હર્ષપૂર્વક શ્રીહરિને તેડવા માટે આવ્યા. (૨૧) સાંજના પહોરે સભામાં બિરાજેલા, પોતાનાં આશ્રિતોથી વીંટાયેલા, શ્રીહરિને મળીને રાજાના મંત્રી, શ્રીહરિને પ્રણામ કરીને વિનયપણે પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરતા હતા. (૨૨)

હે સત્પતે ! રાજા ઈન્દ્રસેન આપના દર્શન કરવા ઈચ્છે છે. માટે તેમની પ્રેરણાથી હું આપને તેમનાં દરબારમાં લઈ જવા માટે આવ્યો છું. (૨૩) માટે દયા કરીને આપ ત્યાં પધારો અને રાજા તથા અમો સર્વને પવિત્ર કરો. એ પ્રમાણે રાજાના મંત્રીએ કહ્યું તેથી શ્રીહરિએ રાજાના અમાત્યનું સન્માન કરીને તેને કહ્યું કે અમો ત્યાં આવીશું. (૨૪)

હે રાજન્ ! દયાળુ શ્રીહરિ, હર્ષપૂર્વક રાજાને ત્યાં જવા માટે ઈચ્છતા હોવાથી, મુક્તાનંદ વગેરે સાધુઓને તેમણે તત્કાળ વાહનોમાં બેસાડ્યા. (૨૫, ૨૬) પોતાનાં બંધુજનો વગેરેને પણ સુંદર વાહનોમાં

શ્રીહરિએ બેસાડ્યા અને ઉત્તમ રાજાને પોતાની સાથે આવવા આજ્ઞા કરી. (૨૭) સુવર્ણના દર્પણોથી અતિપ્રકાશમાન, સુવર્ણના કળશવાળા શ્રેષ્ઠ નરયાનમાં શ્રીહરિ બિરાજમાન થયા. (૨૮)

ઘોડેસવારોથી વીંટાયેલા વાહનમાં બિરાજેલા શ્રીહરિ પોતાનાં આશ્રિતોની સાથે તથા શસ્ત્રધારી પાર્ષદો યુક્ત, છત્ર ચામરથી શોભાયમાન. (૨૯) હે રાજન્ ! રાજાના અમાત્યની સાથે એ પ્રકારે શ્રીહરિ રાજાના દરબારમાં પધાર્યા. (૩૦) તે સમયે સુંદર વાદ્યોનો અતિમહાન ઘોષ થયો. શસ્ત્રો સહિત રાજાના ભૃત્યો પાર્ષદોની આગળ ચાલતા હતા. (૩૧)

હે રાજન્ ! તે સમયે સોનાની છડી ધારણ કરનારા કુબેરજી વગેરે દ્વારપાળો ઉચ્ચ સ્વરે માંગલિક વાણી ઉચ્ચારતા હર્ષપૂર્વક ચાલતા હતા. (૩૨) ટોળેટોળાં મળીને નગરના લોકો તે સમયે નરયાનમાં બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરતા હતા. એ રીતે શ્રીહરિ ધીમે ધીમે રાજાના ગઢમાં પધાર્યા. (૩૩)

શ્રીહરિ આવે છે તે જાણી રાજા ઈન્દ્રસેન વાદ્યોનો ઘોષ કરી ખંડિયા રાજાઓ તથા અન્ય અધિકારી જનોની સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૩૪) તે રાજાઓ તથા અધિકારીઓ તથા અન્ય સર્વે જનોની આગળ ચાલતા પૃથ્વીપતિ ઈન્દ્રસેનને જોઈને, દયાના સાગર શ્રીહરિએ પોતાનાં વાહનને સ્થિર કરાવ્યું. તેટલામાં રાજા તે સર્વની સાથે આવીને હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૩૫, ૩૬) પછી ઈન્દ્રસેન રાજા શ્રીહરિનો હાથ પોતાનાં હાથ વડે પકડીને પોતાનાં જનોની સાથે મનોહર શ્રીહરિને સભાના મહેલમાં લઈ ગયા. (૩૭) ઈન્દ્રસેન રાજાએ તે સભાસ્થાનમાં મહામૂલ્યવાલા સિંહાસન પાસે શ્રીહરિને લાવીને શ્રીહરિને તે ઉપર બેસાડ્યા. તેમની સાથે આવેલા મુનિઓ તથા અન્ય ભક્તજનોને યથાયોગ્ય આસનો ઉપર બેસાડયા. (૩૮)

એ રીતે બધા જ બેસી ગયા. પછી બુદ્ધિમાન તે રાજાએ અધીશ શ્રીહરિને નમસ્કાર કરીને વિનયપૂર્વક વિવિધ પ્રશ્નો પૂછ્યા. તેમજ ઉદ્ધવ સંપ્રદાયની રીત પણ પૂછી. (૩૯) રાજાને તથા સભાસદોને વિસ્મય પમાડતા ન્યાયવિશેષ યુક્ત વચનામૃતથી શ્રીહરિ તેમનાં પ્રશ્નોનું સમાધાન કરતા હતા. (૪૦)

ઈશ્વર શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયની રીત કહી. રાજા ઈન્દ્રસેન શ્રીહરિની આવી વાણી સાંભળીને બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૧)હે સ્વામિન્ ! પૃથ્વી ઉપર આપના આશ્રિત અસંખ્ય જનો પોતપોતાનો ધર્મ પાળીને, કામાદિ દોષથી રહિત થઈ, અત્યંત પ્રશાંત બન્યા છે. (૪૨)

માટે હું મારા હૃદયમાં આપને મનુષ્યાકૃતિ ભગવાન જ જાણું છું. કારણ કે મારા પ્રશ્નોના ઉત્તર આપે કર્યા, પરંતુ આ લોકમાં બીજાઓ એ ઉત્તર કરી શક્યા નથી જ. (૪૩) આપના સર્વોત્તમ સંપ્રદાયની શુભ રીત હમણાં જ મેં જાણી. આ લોકમાં જેવો કલ્યાણનો માર્ગ આપે પ્રવર્તાવ્યો છે તેવો બીજાઓએ પ્રવર્તાવ્યો નથી. (૪૪)

માટે અહીં આપના આવવાથી હું કૃતાર્થ થયો છું. આપ મને આપનો દાસ જાણો અને મારા લાયક કરવા યોગ્ય કાર્યમાં મને નિયુક્ત કરો. હે ભગવન્ ! આપની આજ્ઞા પ્રમાણે હું જરૂર કરીશ.

(૪૫) આપના દર્શનથી આ સુરત પુરના જન સમુદાયોનું પરમ કલ્યાણ થયું. માટે હે હરે ! પૌરજનોને સુખી કરતા આપ આ નગરમાં ઘણા દિવસો સુધી નિવાસ કરીને રહો. (૪૬) તેની એવી પ્રાર્થના સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા ઉદારકીર્તિ શ્રીહરિ, અનર્થનો નાશ કરનારાં સાર્થક વચનામૃતથી તે રાજાને આનંદ પમાડતા હતા. (૪૭)

પ્રસન્ન થયેલા તે રાજાએ સુવર્ણના શ્રેષ્ઠ સૂત્રવાળા મહામૂલ્ય વસ્ત્રો, અમૂલ્ય રત્નો, સુવર્ણના અલંકારો તથા ધનાદિ વગેરે અર્પણ કરી શ્રીહરિનું પૂજન કર્યું. (૪૮) વ્યવહાર વિચક્ષણ તે રાજા શ્રીહરિનાં બંધુજનોની તથા શ્રીહરિની સાથે આવેલા સર્વે મુનિઓની શ્રેષ્ઠ ઉપચારોથી યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪૯)

શ્રીહરિનો પણ સર્વ પ્રત્યેનો આદર જોઈને તે રાજા તથા રાજાના સંબંધીઓ અને અન્ય રાજાઓ વિચાર કરતા બની અત્યંત આશ્ચર્ય પામ્યા. (૫૦) હે રાજન્ ! પછી ત્યાંથી જવા માટે ઇચ્છતા શ્રીહરિ રાજાને પૂછીને તત્કાળ, વાહન ઉપર બિરાજ્યા અને પોતાનાં સહવાસીઓની સાથે તે રાજા તથા ત્યાંના જનોના સમુદાયોએ વળાવેલા શ્રીહરિ રાજાના મહેલમાંથી નીકળ્યા. (૫૧)

શોભાયમાન છત્ર તથા ચલાયમાન બંને ચામરો જેને છે એવા, અને વાહન ઉપર બિરાજેલા શ્રીહરિ, પોતાને વિષે પ્રીતિવાળા તે રાજાને બળાત્કારપૂર્વક પાછાવાળીને ઘોડેસવારોથી વીંટાઈને પુષ્કળ દીવાઓના પ્રકાશથી ઝળહળતા, વાદ્યોના ઘોષ સાથે, સમગ્ર મુનિઓની સાથે પોતાનાં નિવાસ સ્થાનમાં આવ્યા. (૫૨)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં અંગ્રેજ રાજ્ય અધિકારીએ શ્રીહરિનું સન્માન કર્યું તે નિરૂપણ નામે ઈકોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૧)



અધ્યાય ૭૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બીજે દિવસે સુરતના બુદ્ધિશાળી પ્રસિદ્ધ રાજા "મિરનશિર ઉલદીનખાં" ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને બોલાવવા માટે સુંદર, રમણીય વાહનોની સાથે પોતાનાં મૂળચંદ્ર મંત્રીને મોકલ્યા. (૧)

સંધ્યા સમયે મહાસભામાં પોતાનાં સુંદર સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને તે પુરના રાજાના મંત્રી મળ્યા અને વિનયપૂર્વક આ પ્રમાણે બોલ્યા. (૨) આપના દર્શન કરવા ઇચ્છતા અમારા રાજાએ આપને બોલાવવા માટે મને મોકલ્યો છે. માટે હે સ્વામિન્ ! હે ઉદારકીર્તિ ! આપ આપના વર્ણીઓ તથા સંતો વગેરેની સાથે રાજાના દરબારમાં પધારો. (૩) હે દયાળો ! આપ ગઈ કાલે અંગદેશના રાજા ઈન્દ્રસેનના દરબારમાં આપના આશ્રિતોની સાથે પધાર્યા હતા. હવે આ નગરના રાજાને પણ આપના

દર્શન આપ દયા કરીને આપો. (૪)

હે હરે ! અત્યંત મોટાઓને ઘેર જવું અને દુર્બળને ઘેર ન જવું એવી વિષમ બુદ્ધિ આપને નથી. માટે આપ અમારા મહેલે આવવા માટે યોગ્ય છો. (૫) હે રાજન્ ! તેમની આવી પ્રાર્થના ધારણ કરીને ત્યાં જવાની ઈચ્છાથી સ્વયં શ્રીહરિએ આજ્ઞા કરી. તેથી સેવકો શણગારેલો અશ્વ લાવ્યા અને શ્રીહરિ તે ઉપર બિરાજ્યા. (૬)

પછી શ્રીહરિએ વાહનોમાં બેઠેલા રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈ તથા સર્વ વર્ણીઓ અને સંતોના સમૂહો, ઘોડેસવારો તથા પુરના ભક્તોની સાથે જ શ્રીહરિએ પ્રયાણ કર્યું. (૭) તે સમયે શ્રીહરિની આજ્ઞાથી ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા શ્રીહરિની સાથે ચાલ્યા. રાજાના મંત્રી મૂળચંદ્રે રાજાના સૈનિકોને શ્રીહરિની આગળ તથા પાછળ ચાલવા માટે આજ્ઞા કરીને પછી તે શ્રીહરિની સમીપે આવ્યાં. (૮)

તે સમયે શ્રીહરિની આગળ અતિ માંગલિક વિવિધ વાજિંત્રોનો ઘોષ થયો. તે ઘોષમાં સમગ્ર ધ્વનિ સમુદ્રના પૂરમાં નદીના પ્રવાહો જેમ લીન થાય તેમ લીન થઈ ગયા. (૯) તે સમયે હજારો હજાર પ્રકાશમાન દિવાઓનો મહાન પ્રકાશ થયો. તે પ્રકાશ ચારેય તરફ વ્યાપવાથી મનુષ્યોને રાત્રિમાં પણ દિવસનો ભ્રમ થયો. (૧૦)

તે સમયે માર્ગમાં અશ્વ ઉપર બિરાજેલા છત્ર તથા ચામરોથી શોભાયમાન પીડા નાશકારક કોટી કામદેવનો ગર્વ હરનારા, નટવર સમાન વેશવાળા શ્રીહરિનાં પૂરજનો અત્યંત આશ્ચર્યપૂર્વક દર્શન કરવા લાગ્યા. (૧૧) હે રાજન્ ! ધીમેધીમે ચાલતા શ્રીહરિ નગરપતિના મહેલ પાસે પહોંચીને પોતાનાં અશ્વેશ્વર ઉપરથી ઉતર્યા. તેટલામાં પોતાનાં સેવકોની સાથે રાજા શ્રીહરિની સન્મુખ જઈને વિનયપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૧૨)

પછી રાજા પોતાનાં હાથવડે શ્રીહરિનો હસ્ત પકડીને શ્રીહરિને પોતાનાં સુંદર મહેલમાં લઈ ગયા અને ત્યાં સર્વોત્તમ આસન ઉપર બેસાડ્યા. શ્રીહરિનાં બંધુઓ, વર્ણીઓ તથા સંતો સર્વને પણ યથાયોગ્ય આસન ઉપર બેસાડ્યા. (૧૩)

ત્યારબાદ તે રાજા સોનેરી શ્રેષ્ઠ વસ્ત્રો, સુવર્ણના અતિમૂલ્યવાન અલંકારો, નાગરવેલના પાન ભરેલા સુંદર થાળો, ગુલાબજળ તથા અત્તર વગેરે દ્રવ્યોથી ઈષ્ટ શ્રીહરિની પ્રીતિપૂર્વક વિધિ પ્રમાણે પૂજા કરવા લાગ્યા. (૧૪) અત્યંત વિશાળ બુદ્ધિવાળા રાજાએ શ્રીહરિનાં બંધુજનો તથા સંતો વગેરેનું પણ પૂજન કર્યું. પછી વિનયપૂર્વક બંને હાથ જોડીને તે રાજા શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૫)

હે સ્વામિન્ ! પરમેશ્વર ! આપના આગમનથી અમારા સર્વ પાપ નાશ પામ્યા છે. અને તેથી અમો ધન્ય થયા છીએ. જેનાં દર્શન માટે રાજાઓ, રાજ્યનો ત્યાગ કરીને વનમાં જઈને તપ કરે છે. તે પરમેશ્વર સ્વયં આપ જ છો. (૧૬)

હે હરે ! આપે કરુણા કરી આપના સર્વોત્તમ પાવનકારી દર્શન મને આપ્યા તેથી, રાજ્યની સંપત્તિ તથા નિયામક રૂપ સત્તાથી, ગર્વિષ્ટ મનવાળા અને મોહરૂપી અંધકારથી ચારેય તરફથી નષ્ટ

થઈ છે વિવેકદૃષ્ટિ જેની એવા, મને સંસારરૂપી સમુદ્રમાંથી તત્કાળ તાર્યો છે. (૧૭)

આ પ્રકારે રાજાએ સ્નેહપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી. પછી શ્રીહરિએ ધર્માદિના જ્ઞાનયુક્ત મધુર વાર્તા કરીને રાજા તથા સભાજનોને આશ્ચર્યયુક્ત કરી અત્યંત હર્ષ પમાડ્યો તથા તે રાજાને અભયદાન પણ આપ્યું. (૧૮) પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને રાજાએ નાના પ્રકારનાં વાદ્યોના ધ્વનિ તથા અત્યંત પ્રકાશયુક્ત દીવાઓ સાથે શ્રીહરિને વળાવ્યા. એ રીતે ઉત્સાહી જનસમુદાયની સાથે શ્રીહરિ રાજાના મહેલમાંથી નીકળ્યા. પછી શ્રીહરિ વળાવવા આવતા રાજાને પાછા વાળીને ધીમે રહીને પોતાનાં નિવાસમાં પધાર્યા. (૧૯)

બીજા દિવસની રાત્રિએ રાજાના વિચક્ષણ અમાત્ય અરદેશરને, શ્રીહરિને પોતાની હવેલીમાં પધરાવવાનો સંકલ્પ થયો. (૨૦) તેથી અરદેશરે તે રાત્રિએ શ્રીહરિનાં નિવાસથી આરંભીને પોતાનાં ઘર સુધી માર્ગમાં સર્વ સ્થળે કાચયંત્રના દીવાઓ મૂકાવ્યા. (૨૧)

પછી અરદેશર ઉત્તમ વાહનો લઈને શ્રીહરિની સમીપે આવ્યા અને શ્રીહરિને પોતાનાં મહેલમાં લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૨૨) પ્રભુ શ્રીહરિએ પોતાનાં ભક્તની આ પ્રકારની પ્રાર્થના સાંભળીને હે બુદ્ધિમાન ! મારા સહચરોની સાથે તમારા ઘેર હું આવીશ, એમ તમને કહ્યું. (૨૩)

પછી અરદેશરે પ્રિય શ્રીહરિની પ્રાર્થના કરી અને શ્રીહરિને મહાઅમૂલ્ય સુવર્ણના દર્પણયુક્ત સુવર્ણમય શિબિકામાં બેસાડ્યા. (૨૪) મુક્તાનંદ મુનિ આદિ સર્વ મુનિઓને તથા શ્રીહરિનાં બંધુજનોને અરદેશરે વાહનોમાં યોગ્યતા પ્રમાણે બેસાડ્યા. (૨૫)

ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા તથા બીજા વર્ણીઓ, મુનિઓ, સમગ્ર પાર્ષદો તથા ઘોડેસવારોની સાથે; (૨૬) તેમજ વાહનોમાં બેઠેલા મુક્તાનંદ મુનિઓની સાથે, છત્ર ચામરોથી શોભતા, વાહનમાં બિરાજેલા, મનોહર શ્રીહરિને ઘણા પ્રેમથી અરદેશરે પોતાનાં ઘેર પધરાવ્યા. (૨૭)

તે સમયે શ્રીહરિની આગળ વિચિત્ર વાદ્યો વાગતાં હતાં. તેમજ શ્રીહરિની આગળ અત્યંત મોટા દીવાઓનો પ્રકાશ પણ હતો. (૨૮) તે સમયે માર્ગમાં પ્રકાશના યંત્રોના ઘણા પ્રકાશથી મનુષ્યોને રાત્રિમાં પણ મધ્યાહ્નની ભ્રાન્તિ થઈ. (૨૯)

અરદેશરે બધા જ માર્ગોમાં કરાવેલી દીવાઓની પંક્તિથી દીપોત્સવના દિવસો જેવો હર્ષ થયો. (૩૦) હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાનાં જનોની સાથે ઈન્દ્રના મહેલ તુલ્ય કાંતિવાળી અરદેશરની ઉંચી હવેલી પાસે પધાર્યા. (૩૧) પછી શ્રીહરિ વાહન ઉપરથી ઉતરીને પોતાનાં સહચરોની સાથે પ્રકાશ યંત્રોના પ્રકાશથી શોભાયમાન વિસ્તારવાળાં ચોકમાં પધાર્યા. (૩૨)

અરદેશરે તે ચોકના મધ્ય ભાગમાં મંચ ઉપર કોમળ ગાદલા બિછાવી પોતાને અતિ પ્રિય શ્રીહરિને તે ઉપર બેસાડ્યા. (૩૩) ત્યારબાદ અરદેશરે શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરેને યથાયોગ્ય આસનોમાં આદરપૂર્વક બેસાડ્યા. (૩૪)

પછી મહામૂલ્યવાળાં વસ્ત્રો, રત્નજડિત સુવર્ણના અલંકારો, પુષ્કળ ધન, પુષ્પના હારો, ચંદન-કુમકુમ વગેરે સાથે બરફી-સાકર વગેરે નૈવેદ્યો તથા સુંદર ગુલાલ, જળ, એલાયચી, તાંબુલ વગેરે મનોહર ઉપચારોથી પ્રીતિપૂર્વક શ્રીહરિનું તથા તેમનાં બંધુજનોનું પૂજન કર્યું અને હર્ષપૂર્વક શ્રીહરિની મહાઆરતી કરી. (૩૫, ૩૬, ૩૭)

એ રીતે અરદેશરે શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓની યથાયોગ્ય પૂજા કરી તથા તેમને નમસ્કાર કર્યા. પછી શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સમીપે બેઠા (૩૮) તે સમયે શ્રીહરિએ ધર્માદિ સંબંધિ અમૃતથી અતિમિષ્ટ, આશ્ચર્યકારી સર્વ સંશયનો નાશ કરનારી, વાર્તા કરી. (૩૯)

આવી રીતે શ્રીહરિએ અરદેશર તથા પોતાનાં અન્ય ભક્તોને ઉપદેશની વાર્તા કરી સુખી કર્યા. ત્યારબાદ દેવાનંદ-પ્રેમાનંદાદિ વગેરે સાધુજનો પાસે સુંદર પદો ગવડાવ્યાં. (૪૦) શ્રીહરિ, પોતાનાં ભક્ત અરદેશરને આ પ્રમાણે આનંદ આપીને, વાહનમાં બિરાજ્યા અને પોતાનાં બંધુજનો, મુનિઓ વગેરે જનોની સાથે પોતાનાં ઉતારામાં પધાર્યા. (૪૧)

ઉદાર સ્વભાવવાળા અરદેશરના બંધુ પીલુએ શ્રીહરિને તથા તેમનાં ભક્તજનોની પોતાનાં ઘરના બગીચામાં લઈ જઈને મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા અલંકારો વગેરે પૂજાના ઉપચારોથી પૂજા કરી. (૪૨)તેવી જ રીતે અન્ય રાજ્યાધિકારીઓએ પણ શ્રીહરિની તથા તેમનાં ભક્ત જનોની સાથે પોતપોતાનાં ઘેર લઈ જઈને વસ્ત્રાલંકારો વગેરે ઉપચારોથી પૂજા કરી, શ્રેષ્ઠ ભેટો અર્પણ કરી. (૪૩)

વળી પુરના ભક્તજનો પણ શ્રીહરિને તેમનાં સહચરોની સાથે ભક્તિપૂર્વક તથા સન્માનપૂર્વ પોતપોતાને ઘેર એક પછી એક પધરાવતા હતા. (૪૪)

પુરના ભક્તો, અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો વગેરે અનેક પ્રકારનાં દ્રવ્યો, ભેટો વગેરે અર્પણ કરીને, શ્રેષ્ઠ ઉપચારો વડે શ્રીહરિનું તથા તેમનાં ભક્તજનોનું યથાયોગ્ય પૂજન કરતા હતા. (૪૫)

સૂર્યપુરની સ્ત્રીઓ પણ શ્રીહરિ તથા તેમનાં વર્ણીઓ મુનિઓ, પાર્ષદો તથા શ્રીહરિનાં બંધુજનો સર્વેની યથાયોગ્ય પૂજા કરતી હતી, તેમજ ધર્મવંશીય સુવાસિની તથા વલીયારી વગેરે સ્ત્રીઓની પણ પ્રેમથી તેઓ પૂજા કરતી હતી. (૪૬)

શ્રીહરિનો આવો અતિ મહાન પ્રતાપ સાંભળીને વૈષ્ણવ વેશધારી અસુરાંશ ગુરુઓ ઈર્ષ્યા અને મત્સરથી વિશેષ સંતાપ પામ્યા. પરંતુ શ્રીહરિનું અપમાન કરવા સમર્થ થયા નહિ. (૪૭)

સુરતમાં વસતા શ્રીહરિ પોતાનાં આશ્રિત ભક્તોને પોતાની મંગળકારિણી એકાંતકી ભક્તિનું માહાત્મ્ય, પોતાનાં ભક્તોનું હિત કરવામાં તત્પર બની વિવેચનપૂર્વક કહેતા હતા. (૪૮) પોતાને વિષે તથા પોતાનાં આશ્રિત સાધુઓમાં પોતાનાં ભક્તો જે પુરજનો-તેમની સ્થિર ભક્તિ જોઈ, ભગવાન શ્રીહરિ તેમનાં ઉપર અત્યંત પ્રસન્ન થયા. (૪૯)

શ્રીહરિ સુરતમાં ભક્તોને આનંદ આપતા સાત દિવસ રહ્યા અને પોતાનાં પ્રતાપથી ત્યાં ધર્મનું

સ્થાપન કર્યું. (૫૦) હે રાજન્ ! તે પુરમાં શ્રીહરિએ મનુષ્યમાં રહેલા અંતર્ગત અજ્ઞાનરૂપી મહાન્ધકારનું પોતાનાં ઉપદેશરૂપી સૂર્યથી હરણ કરી, ધર્મના શત્રુરૂપી ચોરના સમુદાયનો નાશ કરતા, ન જીતી શકાય તેવા મતવાદિઓ ઉપર વિજય મેળવતા, ધર્મમાર્ગનું પોષણ કરતા, પાખંડ માર્ગનો નાશ કરતા, દિવ્ય પ્રતાપ વિસ્તારતા હતા. (૫૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં સૂર્યપુરના રાજા વિગેરેએ શ્રીહરિનું સન્માન કર્યું. તે નિરૂપણ નામે બોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૨)



અધ્યાય ૭૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એ સમયમાં સુંદર ધર્મપુરમાં શુભગુણયુક્ત વિધવા રાણી કુશળ કુંવરબા શ્રીહરિનાં ગુણો સત્પુરુષદ્વારા સાંભળીને શ્રીહરિનાં દૃઢ ભક્ત બન્યા હતા. (૧)

હે રાજન્ ! શ્રીહરિનાં દર્શન કરવામાં હંમેશાં ઉત્કંઠાવાળાં, રાજ્ય કરતાં કરતાં પણ કુશળ કુંવરબા માયિક સુખમાંથી પોતાનાં મનને ખેંચીને શ્રીહરિનાં ધ્યાનમાં નિમગ્ન રહેતા. (૨)

શ્રીહરિની પ્રાપ્તિની ઈચ્છાવાળાં રાણી ઘણાં પ્રકારનાં કૃચ્છ્રચાંદ્રાયણાદિ તથા એકાદશી વગેરે વ્રતો કરી, શરીર કૃશ કરી, ઈન્દ્રિયો જીતી, પોતાનાં ધર્મમાં નિષ્ઠાવાળાં, સમગ્ર સદ્‌ગુણ તથા સુખના સાગર શ્રીહરિની પ્રીતિપૂર્વક નિરંતર આરાધના કરતાં હતાં. (૩)

શ્રીહરિમાં આસકત ચિત્તવાળાં રાણી ભગવાન શ્રીહરિને તેડાવા માટે પોતાનાં બુદ્ધિશાળી જનોને વારંવાર મોકલતા હતા. છતાં પણ ઈશ્વરાધિપતિ શ્રીહરિ ન પધાર્યા. તેથી શ્રીહરિને બોલાવવા માટે રુડી બુદ્ધિવાળા પોતાનાં મંત્રી દાજીભાઈને તેમણે તત્કાળ આજ્ઞા કરી. (૪)

હે રાજન્ ! પછી બુદ્ધિમાન અમાત્ય સૂર્યપુરમાં બિરાજતા શ્રીહરિ પાસે આવ્યા. વિનયપૂર્વક શ્રીહરિને પોતાનાં પુરમાં પધારવા માટે શ્રીહરિની પ્રીતિપૂર્વક ઘણા પ્રકારે પ્રાર્થના કરી. (૫)

શ્રીહરિ પ્રાર્થનાપૂર્વક મોકલેલો રાણીનો સંદેશો સાંભળીને મારામાં આ રાણીનું ચિત્ત બંધાયું છે, માટે એના પુરમાં હું નહિ જઉં તો રાણી પ્રાણનો ત્યાગ કરશે, એમ જાણીને, ‘‘હે બુદ્ધિમાન ! મારા આશ્રિતોની સાથે હું રાણીના શુભપુરમાં તત્કાળ આવીશ.’’ એમ રાણીના અમાત્યને પ્રસન્ન થઈને કહેવા લાગ્યા. (૬)

પછી શ્રીહરિએ રાણીના અમાત્યને પોતાનાં આશ્રિતોને આજ્ઞા કરી ઉતારો કરાવ્યો. એ રીતે સંભાવના કરીને શ્રીહરિએ કોમળ શય્યામાં પોઢી યોગનિદ્રા અંગીકાર કરી. (૭)

પછી ધર્મધુરંધર શ્રીહરિ મનુષ્ય નાટયને અનુરૂપ ક્રિયા કરતા સવારમાં ઊઠી, તત્કાળ સ્નાન કરી, પોતનો સર્વ નિત્યવિધિ કરવા લાગ્યા. (૮) પછી પોતાનાં બંધુજનો સહિત સત્પતિ શ્રીહરિ વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન વારંવાર જળ પીતા જમતા હતા. (૯) હે ભૂપતે ! વર્ણીઓ, મુનિઓ, ઘોડેસવારો તથા પાર્ષદો વગેરે પણ સુંદર ભોજન તે સમયે જમતા હતા. (૧૦)

પછી શ્રીહરિ ''ધર્મપુર જવા માટે તત્કાળ તૈયાર થાવ'' એમ મુનિ વગેરેને કહેતા હતા. તેથી તૈયાર થઈને સેવકે લાવેલા પોતાનાં અશ્વ ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૧૧) પછી ભગવાન શ્રીહરિ સુંદર ચામરો તથા છત્રથી શોભતા, ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, ગીત વાજિંત્રોના ઘોષ સાથે ચાલ્યા. (૧૨)

હે રાજન્ ! પરિવાર સહિત વાહનોમાં બેઠેલા શ્રીહરિનાં બંને બંધુજનો તેમજ સંતો, વર્ણીઓ વગેરે પણ સાથે નીકળ્યા. (૧૩) અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને પ્રિય ઉત્તમ રાજા પોતાનાં અનુયાયિઓની સાથે પ્રીતિપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા પાછળ ચાલતા હતા. (૧૪)

હે રાજન્ ! અશ્રુ જેમનાં નેત્રોમાં છે એવા સૂર્યપુરના હજારો ભક્તો વિવિધ પ્રકારની ભેટો હાથમાં લઈ શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૧૫) તે સમયે રાજ સૈન્યથી યુક્ત રાજાના કારભારી અરદેશર વાહનમાં બેસીને અન્ય રાજ્ય કર્મચારીઓની સાથે શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૧૬)

ધનાઢ્યો, નાના પ્રકારનાં વાહનોમાં બેઠા હતા તથા પુરના અન્ય લોકો, પંડિતો, સંન્યાસીઓ, શાસ્ત્રીઓ, બ્રાહ્મણો તથા અન્યજનો શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૧૭) ધીમે ધીમે અશ્વને ચલાવતા ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પુરની બહાર આવીને મનોહર બગીચામાં રહ્યા. (૧૮)

પોતાની પાછળ આવતા હજારો લોકોને જોઈને, ત્યાં બગીચામાં પોતાનાં સહચરોની સાથે સુંદર આસન ઉપર બિરાજ્યા. (૧૯) પછી અરદેશર તથા પુરના ભક્તો શ્રીહરિને મળ્યા. અને શ્રીહરિને પુષ્પોના ઉત્તમ હાર તથા તોરાઓ અર્પણ કર્યા. (૨૦)

તે ભક્તો બરફી, પેંડા વગેરેથી ભરેલાં પાત્રો શ્રીહરિને આપતા હતા અને શ્રીહરિને આદરપૂર્વક પ્રણામ કરતા હતા. (૨૧) શ્રીહરિ પણ પોતાની પ્રસાદીના પુષ્પોના હાર, તોરાઓ તથા બરફી વગેરે અરદેશર વગેરે ભક્તોને આપતા હતા. (૨૨) અતિપ્રસન્ન થયેલા શ્રીહરિ, અરદેશરને ભેટ્યા. પછી તેને પોતાનું મોળીયું મસ્તક ઉપરથી ઉતારીને ભેટ આપ્યું. (૨૩)

શ્રીહરિએ પંડિતો વગેરે બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ આપી. વળી પોતાનાં આશ્રિતોએ અર્પણ કરેલી ભેટો પણ તે બ્રાહ્મણોને આપી દીધી. (૨૪)

શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજી આગ્રહપૂર્વક અરદેશર વગેરે સમગ્ર ભક્તોને પાછા વાળીને, પોતાનાં સહચરો તથા ઘોડેસવારોથી વીંટાઈને આગળ ચાલવા લાગ્યા. (૨૫)

એ રીતે શ્રીહરિ ઊંધના ગામમાં પધાર્યા. તે ગામમાં પોતાનાં આશ્રિતોએ અતિ શ્રેષ્ઠ ઉપચારોથી

શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ ત્યાંથી નીકળ્યા. (૨૬) ત્યાંથી શ્રીહરિ પોતાનાં ભક્તનોની સાથે નવસારી પુરમાં રાત્રિ રહ્યા અને બીજી રાત્રિ ચીખલીમાં રહ્યા. (૨૭)

ત્યાંથી ચાલતા પોતાનાં સમગ્ર સહચરોની સાથે શોભાયમાન વિચિત્ર ગતિવાળા અશ્વરાજ ઉપર વિરાજમાન સ્વતંત્ર શ્રીહરિ માર્ગમાં પોતાનાં ભક્તજનોને આનંદ પમાડતા ત્રીજે દિવસે ધર્મપુરમાં પધાર્યા. (૨૮)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં સૂર્યપુરથી શ્રીહરિ નીકળ્યા તે નિરૂપણ નામે તોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૩)



અધ્યાય ૭૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! ઇષ્ટદેવ શ્રીહરિને આવતા સાંભળીને રાણી, હર્ષથી પુરવાસીજનો તથા અમાત્યજનોની સાથે શણગારેલા હાથી તથા પોતાની શોભાયમાન સેના લઈ શ્રીહરિની સન્મુખ ગયા. (૧) શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળાં, શિબિકામાં બેઠેલાં, વિચિત્ર વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ આવતાં રાણી, ચંદ્રને જોઈને ચકોરને જેમ હર્ષ થાય તેમ, નગરની સમીપે શ્રીહરિનાં દર્શન કરી શાંતિ પામ્યાં. (૨)

અનન્ય ભાવવાળાં હર્ષાશ્રુ નેત્રવાળા રાણી, વાહનમાંથી ઉતરીને શ્રીહરિને ભક્તિથી નમસ્કાર કરતા હતા. (૩) ઈશ્વરના ઈશ્વર શ્રીહરિએ પોતાનાં દર્શનમાં ઉત્કંઠાવાળા રાણી તથા અમાત્ય વગેરે સમગ્ર જનોને પોતાનાં મનોહર દર્શન આપીને તેમજ સંભાષણ વગેરેથી યથાયોગ્ય સંભાવના કરી. (૪) પછી રાણીએ અધીશ્વર શ્રીહરિને પ્રાર્થના કરી શ્રીહરિને તથા તેમનાં બંધુઓ રામપ્રતાપ તથા ઇચ્છારામને બે શરણગારેલા હાથી ઉપર બેસાડ્યા. મુક્તાનંદાદિ સાધુઓને શ્રેષ્ઠ વાહનોમાં બેસાડ્યા. (૫) પોતાનાં દર્શનથી અત્યંત આનંદયુક્ત રાણીએ ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી, તેથી સર્વાધિપતિ શ્રીહરિ પોતાનાં ભક્તોના સુખ માટે વિવિધ પ્રકારનાં અલંકારોથી આભૂષિત થઈ ગજેન્દ્ર ઉપર બિરાજ્યા. (૬)

કુબેર વગેરે દ્વારપાળો તથા અન્ય જનોએ તે સમયે ઉચ્ચારણ કરેલો, 'જય ધ્વનિ' બહુ વાદ્યોના ઘોષ સાથે ભળી જઈ, જાણે દિગ્ગજોને સાંભળવા માટે ઉંચા કરાવ્યા છે શ્રવણ યુગલો જેમનાં એવો બની, દિશાઓના અંતમાં વ્યાપી ગયો. (૭) વિવિધ પ્રકારનાં રંગોથી રંગાયેલો છે સૂંઢનો દંડ જેનો એવા અત્યંત શોભાયમાન, સોનાની અંબાડી બાંધવા માટે દોરડાથી યુક્ત, ચળકતાં સુવર્ણના શ્રેષ્ઠ ભૂષણોથી સુંદર શોભાયમાન ઝુલથી પ્રકાશમાન, એવી સુવર્ણની અંબાડી યુક્ત, અત્યંત ચળકતું છે કુંભસ્થળ ઉપર રહેલું સોનેરી વસ્ત્ર જેને એવા, બે પડખે ઘંટાઓથી અલંકૃત એવા, ઉત્તમ હસ્તિ ઉપર તે સમયે શ્રીહરિ શોભતા હતા. (૮)

કરોડો કામદેવોના ગર્વને ઉતારનારી શ્રી શોભાના ધામ રૂપ દેહને ધારણ કરનાર, મંદ હાસ્ય યુક્ત મુખની કાન્તિથી અમૃતના માધુર્ય ઉપર વિજય મેળવનાર, એવા ભગવાન સહજાનંદે પોતાને જોનાર માનવોનાં મનને એવી રીતે હરી લીધા, જેવી રીતે કે મેઘ જંગલની જ્વાળાથી બળતા પ્રાણીઓનાં મનને હરે. (૯) માણસોએ જે વખતે શ્રીહરિકૃષ્ણના દર્શન કર્યાં ત્યારે તેઓએ શ્વેત શુભ પીતામ્બર ધારણ કરેલું હતું, માથા ઉપર મુક્તા મણિઓથી જડેલા કીંમતી મુકુટ ધારણ કરેલો હતો. કપાળ ઉપર કેસરનું ઊર્ધ્વ તિલક અને તેની વચ્ચે કેસરનો સુન્દર ચાંદલો કરેલો હતો. (૧૦)

ગળામાં મોતીઓની માળા લટકતી હતી. સંસારનાં દુઃખોને હરનારી દૃષ્ટિ વડે તેઓ રસ્તામાં ચારે બાજુ માણસોનાં ઉભરાયેલાં ટોળાને જોઈ મંદ મંદ હસતા હતા. (૧૧) તે સમયે સ્વર્ગથી દેવો પણ તે પ્રભુનાં દર્શન માટે વિમાનમાં બેસી ત્યાં ઉતરી આવ્યા હતા, અને તેમને જોઈ તે પરમ વિસ્મય પામતા હતા. તેઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ વરસાવી અને તેમનો જયકાર પોકારી પ્રેમથી સ્તુતિ પણ કરી. (૧૨) આવી રીતે રાણીનાં લશ્કર સાથે તેમજ પોતાનાં ઘોડેસવારો તથા પદાતિઓ સાથે શ્રીસ્વામિનારાયણ ભગવાને નગરમાં પ્રવેશ કર્યો. (૧૩) તે સુંદર નગરમાં બધા રાજમાર્ગો સ્વચ્છ હતા. ગુલાબજળથી આખો રાજમાર્ગ છંટકાયેલો હતો, ઘેરે ઘેર તોરણો બંધાયેલાં હતાં. (૧૪) ધ્વજા-પતાકાઓથી તે આખું નગર શોભી રહ્યું હતું. ત્યાંની દુકાનો અને મકાનો સુંદર એક પંક્તિમાં ઉભેલાં શોભી રહ્યાં હતાં, નગરનો મુખ્ય દરવાજો તેમજ કિલ્લો અનેક રીતે શણગારવામાં આવ્યો હતો, વૃક્ષો અને બગીચાઓની શોભા પણ અનોખી હતી. (૧૫)

પ્રભુને નગરમાં પ્રવિષ્ટ થયેલા સાંભળી બધા જ માણસો પોતપોતાનાં કામો તજી તેમને જોવા રસ્તાઓ ઉપર ભેગા થઈ ગયા હતા. (૧૬) સ્ત્રીઓનાં ટોળાં પણ પ્રભુને જોઈ પરમ આનંદ પામ્યાં, તેઓ પ્રભુ ઉપર ફુલો વરસાવવા લાગ્યાં અને તેમનો યશ ગાવા લાગ્યાં. (૧૭)

દયાભાવથી દરેક ઉપર નજર નાખતાં શ્રીસ્વામિનારાયણે રાજમહેલમાં પ્રવેશ કર્યો (૧૮) રાણીએ તેમનો અતિથિ-સત્કાર કર્યો અને દરેકને યોગ્ય નિવાસસ્થાન આપવાની વ્યવસ્થા કરાવી. (૧૯)

રાણી દેવહૂતિ જેવી તપસ્વિની હતી. સેંકડો દાસીઓ તેની સેવા કરનારી હતી. છતાં તેણે પોતે અનન્ય ભક્તિભાવથી પ્રભુની સેવા કરવાનો પ્રારંભ કર્યો. (૨૦) શ્રીસ્વામિનારાયણ પ્રભુએ ત્યાં સ્નાન-સંધ્યા વગેરે પોતાનો નિત્યવિધિ પૂર્ણ કર્યો અને પોતાનાં ભાઈઓ સાથે બેસી ભગવાન વિષ્ણુનો પ્રસાદ લીધો. (૨૧)

દરેક બ્રહ્મચારીએ અને મુનિએ પણ પોતાનું ભોજન પોતે તૈયાર કરી પ્રભુને સમર્પેલું નૈવેદ્ય લીધું. (૨૨) ભોજનથી પરવારી પ્રભુ સભામંડપમાં ગયા અને પોતાનાં ઉચ્ચ સિંહાસન ઉપર વિરાજી પોતાનાં ભક્તો સાથે ધર્મ સાથે સંબંધ ધરાવતી વાતો કરવા લાગ્યા. (૨૩)

એટલામાં રાણી ત્યાં આવી અને તેણે ચંદન, કેસર, ફૂલહાર, વસ્ત્રો, અલંકારો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા લાગી. (૨૪) અમૃતનો જાણે વરસાદ વરસાવતી હોય એવી વાતો પૂર્ણ કર્યા

પછી પ્રભુએ બધાને પોતપોતાનાં સ્થાને જઈ વિશ્રામ લેવાની આજ્ઞા કરી. (૨૫)

પછી પ્રભુ પણ પોતાનાં સેવકો સાથે પોતાનાં સ્થાને પાછા આવ્યા અને પોતાની સુખશય્યામાં પોઢી ગયા (૨૬) પોઢતાની સાથે તેમનાં કમળ જેવા નેત્રો ઉપર યોગનિદ્રા આવીને વિરાજમાન થઈ ગઈ અને તેમની સેવા કરવા લાગી. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્યજીએ રચેલા શ્રીહરિલીલાકલ્પતરુરૂપ નામના ભક્તિશાસ્ત્રના સાતમા સ્કંધનો શ્રીહરિનો નગર પ્રવેશ અને તેની શોભાનું વર્ણન એ નામનો ચુંમોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૪)



અધ્યાય ૭૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભગવાન શ્રીહરિકૃષ્ણે બ્રાહ્મ મુહુર્તમાં યોગ નિદ્રાનો ત્યાગ કરી દેહશુદ્ધિ, સ્નાન તથા પોતાનો નિત્યવિધિ સમાપ્ત કર્યો. (૧) પછી પોતાનાં ભાઈઓ સાથે ભગવાન વિષ્ણુને ધરાવેલું નૈવેદ્ય ગ્રહણ કરી તેઓ સભામંડપમાં જઈ પોતાનાં ઉચ્ચ સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૨)

તે સ્થળે ભગવાન શ્રીહરિકૃષ્ણને આવેલા સાંભળી દૂરદૂરના ગામનાં તેમનાં ભક્તો તેમનાં દર્શન માટે ત્યાં આવવા લાગ્યા. (૩) દરેક આવનાર ભકતને માટે રહેવાની, જમવાની યોગ્ય વ્યવસ્થા કરાવવામાં જ તેમનોં બીજો દિવસ વીતી ગયો. (૪)

ત્રીજે દિવસે પૂર્ણિમા હતી. તેથી સત્વર પોતાનો નિત્યવિધિ ભોજન વગેરે કરી શ્રીહરિકૃષ્ણ સભામંડપમાં આવવાને માટે તૈયાર થયા. (૫) એટલામાં જ કુશળ-રાણી પોતાનાં હાથમાં સુવર્ણ પાત્ર લઈ તેમાં પૂજાનો સામાન ભરી પ્રભુની પૂજાને માટે ત્યાં આવી પહોંચી. (૬)

તેણે રાજાને શોભે એવા કિંમતી વસ્ત્રોથી, રત્નો અને મણિઓથી જડેલા સોનાના દાગીનાઓથી, મોતીઓ અને રત્નોના કંઠાઓથી, કેસર-કસ્તુરીવાળા ઘસેલા ચંદનથી, અક્ષતોથી અને જુદીજુદી જાતના ફૂલોના હારોથી બહુ જ ભક્તિભાવ સાથે શ્રીહરિકૃષ્ણ ભગવાન સ્વામિનારાયણનું પૂજન કર્યું. (૭, ૮, ૯)

પછી તેણે ભગવાન સ્વામિનારાયણને સુર્વણનો સૂર્ય જેવો ચળકતો એક મુકુટ મસ્તક ઉપર ધારણ કરાવ્યો, આ મુકુટ જુદી જુદી જાતના રત્નોથી જડેલો હતો. (૧૦) છેવટે તેણીએ પોતાનો બધો ખજાનો, હાથી, ઘોડા વગેરે વાહનો અને પોતાનું સમગ્ર સમૃદ્ધ રાજ્ય આદરપૂર્વક શ્રીહરિને સમર્પણ કરી દીધું. (૧૧)

પ્રેમ, આગ્રહ અને આદરપૂર્વક અર્પવામાં આવેલું પણ તે રાજ્ય શ્રીહરિએ સ્વીકાર્યું નહિ કારણ કે શ્રીહરિ સ્વયં પૂર્ણ કામ હતા. તેમને કોઈપણ વસ્તુની અપેક્ષા ન હતી. તેઓ તેણીની નિર્મળ ભક્તિથી બહુ જ પ્રસન્ન થયા. (૧૨)

રાણીએ શ્રીહરિકૃષ્ણ ભગવાન સામે ધનનો એક મોટો ઢગલો ઉભો કરી દીધો અને પછી પરમભક્તિભાવથી પોતાનાં પ્રાણપ્રિય તે શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. (૧૩) આજુબાજુના માણસો રાણીની આ ભક્તિ જોઈ બહુ જ આશ્ચર્ય પામ્યા અને ભગવાન શ્રીહરિ પણ બહુ જ પ્રસન્ન થયા કારણ કે પ્રભુને તો ભક્તિ જ વ્હાલી હતી. (૧૪)

પછી રાણી, પવિત્ર ગુણોના સાગર જેવા શ્રીહરિકૃષ્ણ ભગવાન તરફ એકી તસે જોતી આંખોમાં આંસુઓનો પ્રવાહ ધારણ કરી ભક્તિભાવથી પ્રેમપૂર્વક પ્રભુની પ્રાર્થના કરવા લાગી. (૧૫)

રાણી બોલી :- ‘‘ઘણા દિવસોથી મારા હૃદયમાં આપના દર્શનના મનોરથરૂપી એક વૃક્ષ ઉગ્યું હતું અને તે દિવસે દિવસે વધતું જતું હતું. આજે આપની દયાથી તે ફૂલીફાલીને પરમ સુખ આપનારું નીવડ્યું છે. બ્રહ્માદિ દેવોને પણ જે દર્શન અત્યંત દુર્લભ છે એવું પરમ શાન્તિ આપનારું પોતાનું દર્શન આપીને આપે મને પરમ સંતોષ આપ્યો છે. (૧૬)

વેદો આપનાં ચરણકમળની રજને શોધતા ફરે છે. લક્ષ્મી અતિ પ્રેમ અને ઉલ્લાસથી તે રજને પોતાનાં મસ્તક ઉપર ધારણ કરે છે. પવિત્ર અંતઃકરણવાળા યોગીઓ પણ તે રજને મસ્તક ઉપર ધારણ કરે છે, આપના ચરણ કમળમાંથી પ્રકટેલી ગંગા ત્રણે લોકોને અને ઈન્દ્રાદિ દેવોને પવિત્ર કરે છે, આપની દયાથી જ આજે હું પરમાવતારી આપ પ્રભુનાં દર્શન કરી રહી છું. (૧૭)

હે પ્રભો ! જે માણસો પોતાની બાહ્ય અને આભ્યન્તર ઈન્દ્રિયોથી આપની આરાધના કરતા નથી તેવા મૂર્ખાઓની તે ઈન્દ્રિયો ખરેખર તદ્દન નકામી છે, તેઓ ખરેખર પશુ જેવા જ છે, જે માણસોમાં આપના પ્રત્યે ભક્તિ નથી તેઓ ધમણની માફક નકામાં જ શ્વાસપ્રશ્વાસ લે છે અને જીવે છે. તેઓ ચોવીસ કલાક પોતાનાં શરીરનું પોષણ કરવામાં જ ગરકાયેલા પશુઓ જેવા છે, તેઓ એ જાણતા નથી કે આપ સંસારસાગરને તરી જવામાં એક વહાણરૂપ છો. (૧૮)

સંસારની સળગતી આગને શમાવનારાં અને શાંતિ આપનારા કેવળ આપનાં ચરણ કમળો જ છે. આવા ચરણ કમળોને મેળવ્યા પછી પણ જે સ્ત્રી દુઃખ આપનાર સાંસારિક ભોગ વિલાસોને સેવે છે તેની સ્થિતિ મળેલા ચિંતામણિ રત્નને ફેંકી દઈ કાચના મણકા ઉપર પ્રેમ ધરાવનારી ગાંડી ઘેલી સ્ત્રીના જેવી જ છે. જે સ્ત્રી કેવળ આપની ભક્તિમાં મગ્ન રહે છે તે જ ખરેખર આ દુનિયામાં ધન્ય ગણાય છે. (૧૯)

સંસાર સાર વગરનો છે અને બધા પાતકો તથા મળોથી ભરેલો છે આ વિશાળ રાજ્યનું અને વિષયોનું સુખ પણ નાશવંત અને ક્ષણિક છે, તેથી આ બધું તજી દઈને હું તો કેવળ મારા હૃદયમાં, હે સ્વામિન્ ! પરમ સુખ આપનારી આપની આ દિવ્ય મૂર્તિનું જ સ્મરણ કર્યા કરું છે. (૨૦)

કામદેવના અપાર ગર્વને નાશ પમાડનાર એવા દિવ્ય સૌંદર્યના સાગર જેવા, સુંદર સ્વચ્છ સુઘડ વસ્ત્રોને ધારણ કરનારા અને સર્વના સ્વામી એવા આપના ચિંતનમાં જ સતત મારું મન ડુબેલું રહે અને

દુનિયાના વિષયો તરફ જરાપણ મન ન વળે, એવો હે પ્રભો મને આશીર્વાદ આપો. (૨૧)

હે પ્રભો ! આપ ધર્મ વંશમાં અલંકાર રૂપે અવતર્યા છો, બધા અંશાતવારોને જન્મ આપનાર આપ પોતે મૂળ અવતારી પુરુષ છો, મુનિ મહાત્માઓનાં નેત્રરૂપી કમળોને વિકસાવનાર આપ પોતે સૂર્ય જેવા છો. સર્વ સુખધામ એવા આપનામાં જ મારું મન સદા ડુબેલું રહે. (૨૨)

પોતાનાં તેજથી દુનિયાના માણસોને સંસાર સાગરમાંથી પાર ઉતારવા માટે આપે આ મનુષ્ય અવતાર માણસનો વેશ ધારણ કર્યો છે. આપ નિજ જનોના કામજ્વરને હરનારા છો જેઓ આપની સેવા કરે છે તેમની અવિદ્યાને પણ આપ હરો છો. (૨૩)

જેમનાં મનમાંથી વિષયોપભોગની ભાવના નાશ પામી ગઈ છે અને જેઓ સદા આપનાં ગુણગાનમાં જ મગ્ન રહે છે, તેવા મહા મુનિશ્વરો સતત આપનાં ચરણ કમળોની સેવા કર્યા કરે છે, અને આવા ભક્તજનો ઉપર જ્યારે વિપત્તિ આવી પડે છે ત્યારે આપ જ તેમનું રક્ષણ કરો છો. (૨૪)

આપ સર્વ ગુણોના ભંડારરૂપ છો. આપની નજર પડતાની સાથે જ માણસોને અમોધ ફળ પ્રાપ્ત થઈ જાય છે, પોતે મહાકાળ પણ સતત આપનાથી બીતો રહે છે, બ્રહ્મા વિષ્ણુ વગેરે દેવો પણ સદા આપની આજ્ઞાનું મસ્તક નમાવીને પાલન કરે છે. (૨૫)

હે પ્રભો અસંખ્ય માણસોની, ઘણી ઘણી વિપત્તિઓને ઉત્પન્ન કરનારી, છેડા વગરની કુબુદ્ધિને આપ હરનારા છો. સાચામાં સાચું વિશુદ્ધ જ્ઞાનનો ઉપદેશ કરવામાં આપ જ એકલા પરમચતુર છો. અખંડ કરુણાના આપ ભંડાર છો. આપના જેવું દિવ્ય સ્વરૂપ બીજે કોઈપણ ઠેકાણે જોવામાં આવતું નથી. (૨૬)

અસંખ્ય મુનિશ્વરો સતત આપનું જ ચિંતન કરે છે. દેવોને પણ આપનાં દર્શન દુર્લભ છે. આપ જ પોતે મૂળ અવતારી પુરુષ છો, આશ્રિતોને સુખ આપવું એ આપનો સ્વભાવ જ છે, ઉજ્જલ કીર્તિવાળા આપ મને સદાને માટે પોતાની શરણમાં રાખશોજી. (૨૭)

અતિ સુંદર વિલાસ, હાસ્ય, દૃષ્ટિ, ગતિ, મધુર ભાષણ તથા અતિ મહાન સંસારરૂપી દાવાનળને શાંત કરનારા, એવા આપ આપના શ્રેષ્ઠ ચરિત્રોથી આપના ભક્તજનોના હૃદયનો આનંદ વિસ્તારો છો. (૨૮)

મુનિજનો તથા ગૃહસ્થ ભક્તો સહિત સભામાં મનોહર આસન ઉપર વિરાજમાન થઈને, મુનિઓ તથા ગૃહસ્થોએ કરેલી પૂજા ગ્રહણ કરતા, આપના વિષે મારી શુદ્ધ બુદ્ધિ નિશ્ચળ રહો. (૨૯) હે પરમાત્મન્ ! સમગ્ર ભુવનના સાક્ષી, જનોના હૃદયમાં રહેલા, અજ, નિર્વિકારી, પૂર્ણકામ, સમગ્ર વિપત્તિઓના નાશ કરનારા એવા આપને શરણે હું આવેલી છું. (૩૦)

આવી રીતે રાણી નિષ્કામી ભક્ત સમૂહોને પ્રિય, અચ્યુત શ્રીહરિની પરમ ભક્તિથી સ્તુતિ કરીને

વિરામ પામ્યાં. (૩૧) શુદ્ધ ભક્તિથી પ્રાપ્ત થયેલા દૃઢ વૈરાગ્યથી શોભતાં કુશળકુંવર રાણીને આત્મનિષ્ઠા વગેરે ભક્તિના અંગોનો શ્રીહરિએ બોધ આપ્યો. (૩૨) તેના શુદ્ધ ભાવથી અત્યંત પ્રસન્ન થયેલા દયાનિધિ શ્રીહરિએ તે રાણીને રાજ્ય કારભારમાં ફરીથી જોડ્યાં. (૩૩)

પછી પાર્ષદોથી વીંટાયેલા ભગવાન શ્રીહરિ સભામાં આવીને ત્યાં પોતાનાં ઉંચા શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન થયા. (૩૪) તેમનાં બંધુજનો, ત્યાગીઓ, તથા ગૃહસ્થો અને સમગ્ર ભક્તો તે સભામાં પોતપોતાની મર્યાદાથી બેઠા. (૩૫)

પછી રાણીની પ્રેરણાથી અમાત્ય દાજીભાઈ, રાણીના ભાઈ વગેરે અન્ય જનો સાથે પૂજાની સામગ્રી લઈને શ્રીહરિનાં બંધુજનોની પૂજાને અર્થે ત્યાં આવ્યા.

(૩૬) રાણીના ભાઈ ચંદન, કુમકુમ, પુષ્પના હારો, મહામૂલ્યવાળા વસ્ત્રો, ભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનાં બંધુજન વગેરેનું ભક્તિપૂર્વક પૂજન કરતા હતા, વળી સુગંધિમાન પુષ્પના હારો તથા વસ્ત્રાદિથી મુનિઓને પણ પૂજતા હતા. (૩૭-૩૮)

રાણીના ભાઈ, પોતાની બહેને આપેલા ઉપચારોથી રાણીના વતી શ્રીહરિનાં બંધુજનોની આ પ્રકારે યથા યોગ્ય પૂજા કરતા હતા. (શ્રીહરિની પૂજા તો પોતે જ સ્વયં કરેલી હોવાથી શ્રીહરિનાં બંધુજનોનો સ્પર્શ પોતાને યોગ્ય ન હોવાથી પોતાનાં ભાઈઓ દ્વારા એ રાણીએ તેમની પૂજા કરાવી.) (૩૯)

ત્યારબાદ શ્રીહરિની પૂજા કરવા માટે રાણીના ભાઈએ પોતાનાં સેવક દ્વારા પોતાનાં ઘેરથી જ હર્ષપૂર્વક પૂજાના સર્વ ઉપચારો મંગાવ્યા. (૪૦)

તે મહામૂલ્યવાળાં વસ્ત્રો, ભૂષણો તથા ચંદન પુષ્પના હારો વગેરે ઉપચારો વડે રાણીના ભાઈએ શ્રીહરિનું પૂજન કર્યું. (૪૧) પછી ચાંદીના થાળમાં હજારો રૂપિયા મૂકીને તેમણે અત્યંત ભક્તિપૂર્વક શ્રીહરિની આગળ તે થાળ મૂક્યો. (૪૨)

આનંદથી પરિપૂર્ણ થઈને રાણીના ભાઈ વિવિધ પ્રકારનાં વાદ્યોના મંગળધ્વનિ સાથે શ્રીહરિની મહાઆરતી કરતા હતા. (૪૩) તે જ સમયે હજારો જનોએ ઉચ્ચારણ કરેલો મહા જયધ્વનિ, વાદ્યોના મહાઘોષમાં મિશ્રણ થઈ, દિશાઓમાં વ્યાપિ ગયો. (૪૪)

પુરના પંડિતો તથા અન્ય જનો તે મોટો ઉદ્‌ઘોષ સાંભળીને પોતાનાં સર્વ કાર્યોનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૪૫) તે સમયે હે રાજન્ ! વેદ તથા શાસ્ત્ર વિશારદો અદ્વૈતવાદીઓ વિદ્યાના અધ્યયનથી ગર્વવાળા, સર્વ ઠેકાણે ફરતા, હજારો પંડિતોને જીતીને, કાશી નિવાસી સંન્યાસી પોતાનાં શિષ્યોની સાથે, પરાજય પામેલા પંડિતો પાસેથી વિજયના પત્રો લઈને. (૪૬, ૪૭)

દિગ્વિજય કરતો મદોદ્ધત સંન્યાસી ધર્મપુરમાં પણ પંડિતોને જીતીને ત્યાં આવ્યો. (૪૮) તે સંન્યાસી તથા પુરના પંડિતો સુવર્ણ સિંહાસન ઉપર બિરાજેલા, શોભાયમાન અલંકારોવાળા મણિજડિત સુવર્ણના મુગટ ધારણ કરનારા શ્રીહરિને, હજારો ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોથી વીંટાયેલા દિવ્ય પ્રતાપથી

યુક્ત જોઈને, મત્સરથી અત્યંત બળવા લાગ્યા. (૪૯,૫૦)

શ્રીહરિનો આવો અતિ અદ્‌ભુત ઉત્કર્ષ જોઈને તે પંડિતો, અત્યંત મત્સરથી બળતા, વિદ્યાજન્ય ગર્વવાળા, તે ગર્વિષ્ઠ સંન્યાસીના નેત્રની સંજ્ઞાથી પ્રેરાઈને, અવતારી શ્રીહરિ શ્રીસ્વામિનારાયણને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં રાણીએ કરેલું પૂજન-સ્તુતિ વગેરેનું નિરૂપણ નામે પંચોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૫)



અધ્યાય ૭૬ મો

વિદ્વાનો કહે છે :- હે સ્વામિન્ ! પૃથ્વી ઉપર તમોને લોકો પ્રત્યક્ષ ભગવાન કહે છે માટે તમો તો સર્વજ્ઞ છો અને કોઈ વાતથી અજ્ઞાત નથી. (૧) માટે અમો પૂછવા ઈચ્છતા સર્વ પ્રશ્નોના ઉત્તર સમગ્ર અર્થને જાણનારા તમો યથાર્થપણે કરો. (૨)

હે રાજન્ ! તે પંડિતોએ આ પ્રમાણે કહીને વિવિધ પ્રકારનાં શાસ્ત્રીય તથા વૈદિક કૂટ પ્રશ્નો શ્રીહરિને પૂછ્યા. (૩) શ્રીહરિએ તે વિદ્વાનોના સમગ્ર પ્રશ્નોના ઉત્તરો વેદશાસ્ત્રના પ્રમાણોથી તત્કાળ કર્યા. (૪)હે રાજન્ ! તે પંડિતોનો ગર્વ તેથી નાશ પામ્યો અને તેથી નષ્ટ પામી છે શોભા જેમની એવા થઈ શ્રીહરિની આગળ જાણે મૂંગા હોય ને શું ? એમ બોલવા માટે સમર્થ થયા નહિ. (૫)

તે પછી વિદ્યાર્થી અતિ ગર્વિષ્ઠ, મત્સર અને અમર્ષથી વ્યાપ્ત તે સંન્યાસીએ, વેદ તથા શાસ્ત્રોના આધારવાળા કેટલાક પ્રશ્નો શ્રીહરિને પૂછ્યા. (૬) તે સંન્યાસીએ પૂછેલા સમગ્ર પ્રશ્નોનો ઉત્તર સર્વજ્ઞ શ્રીહરિએ તત્કાળ વેદ શાસ્ત્રોના પ્રમાણોથી કર્યા અને સભાજનો વિસ્મય પામી ગયા. (૭)

વારંવાર વેદ તથા શાસ્ત્રોના વચનો બોલતા તે સંન્યાસીને શ્રીહરિએ વેદાદિના પ્રમાણ સમૂહોથી જીતી લીધો. સંન્યાસીએ કહેલી પૂર્વપક્ષ સ્વરૂપ સામાન્ય શ્રુતિઓનું સિદ્ધાન્ત પક્ષભૂત શ્રીહરિએ કહેલી શ્રુતિઓથી ખંડન થવાથી અને ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતાફળ, અર્થવાદ અને ઉત્પત્તિ વગેરેના દર્શનથી શ્રીહરિએ કહેલી શ્રુતિઓ પ્રમાણભૂત હોવાથી બંનેનો શ્રુતિ અર્થવાદ શાસ્ત્રપરાયણ હોવા છતાં પણ શ્રીહરિએ તેનો પરાજય કર્યો તે યોગ્ય જ છે. (૮)

પ્રતિવાદ કરવા માટે અશક્ત, મ્લાન વદનવાળા, ગર્વથી રહિત, તે સંન્યાસી તે વખતે જાણે ચિત્રેલા હોય ને શું ? એમ નીચું જોઈને બેઠા. (૯) આવી રીતે શ્રીહરિ, તે સંન્યાસીને તથા બીજા પંડિતોને જીતીને શુદ્ધ અદ્વૈતમતનું ખંડન કરીને પોતાનાં વિશિષ્ટાદ્વૈતની સત્યતાનું સ્થાપન કરતા હતા. (૧૦) પછી ગર્વ રહિત સંન્યાસી તથા સર્વ વિદ્વાનો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! આપ મનુષ્ય સ્વરૂપમાં પ્રત્યક્ષ ભગવાન છો એમ અમોએ જાણ્યું. (૧૧) જો આપ ભગવાન ન હો

તો વેદશાસ્ત્રોનું પરસ્પર બાધ રહિત પ્રશ્નોનું સમાધાન જે બીજાથી થઈ ન શકે તે કેમ થાય ? (૧૨)

હે સ્વામિન્ ! આપે અમારા પ્રશ્નોના ઉત્તર સ્પષ્ટપણે અહીં કર્યા તે પ્રમાણે અન્ય જનો તે પ્રશ્નોના ઉત્તર કરવા માટે સમર્થ નથી. (૧૩) એમ કહીને પંડિતો સ્વામિનારાયણને પરબ્રહ્મ જાણીને તથા સ્તુતિ કરીને સંશય રહિત થઈ પ્રત્યક્ષ શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૧૪) પછી શ્રીહરિએ તે બ્રાહ્મણોને તથા બીજા ઘણા બ્રાહ્મણોને દ્રવ્ય, વસ્ત્રો તથા ભૂષણો હર્ષપૂર્વક પોતાનાં અંગ ઉપરથી ઉતારીને આપ્યાં. (૧૫)

ધારણ કર્યાં છે બીજાં વસ્ત્રો જેમણે એવા, ભક્તજનોને પ્રિય, શ્રીહરિએ વેદશાસ્ત્રોના અર્થના નિર્ણયવાળી સુંદર વાર્તા તે સભામાં કરી. (૧૬) તેટલામાં ત્યાં રાણીનો પૌત્ર શ્રીહરિની સમીપે સંગીત રજુ કરવાની ઈચ્છાથી પોતાની સાથે બીજા સંગીતકારો સહિત ત્યાં આવ્યો. (૧૭) સત્પતિ શ્રીહરિને પ્રણામ કરીને હે હરે ! આ ગવૈયાઓ આપની આગળ ગાવા માટે ઈચ્છે છે એમ તે પૌત્રે કહ્યું. (૧૮)

રાણીના પૌત્રે તે પ્રમાણે કહ્યું તેથી ભગવાન શ્રીહરિએ તે ગવૈયાઓને હાથની ચેષ્ટાથી ગાવા પ્રેરણા કરી. તેથી તે સમગ્ર ગવૈયાઓ વાદ્યો સજજ કરવા લાગ્યા. (૧૯) સંગીત વિદ્યામાં પારંગત અને તેથી ગર્વિષ્ઠ તે ગવૈયાઓ સ્વરોના આલાપ કરીને સભામાં ગાવા લાગ્યા. (૨૦)

સંગીતમાં અત્યંત નિપુણ ન હોવા છતાં પણ તે ગાનારાઓના અતિશય ગર્વને જાણતા સર્વજ્ઞ શ્રીહરિએ થોડીવાર તેમનું સંગીત સાંભળ્યું. (૨૧) પછી તે ગવૈયાઓને ગર્વ ગાળવા ઈચ્છતા ગર્વગંજન શ્રીહરિ આ પ્રમાણે બોલ્યા. (૨૨) હે ગવેયાઓ ! અમોએ તમારું સંગીત સાંભળ્યું. હવે અમારા ગવૈયા સાધુઓના સંગીતમાં જો તમને રુચિ હોય તો હું તે ગવૈયાઓને બોલાવું. (૨૩)

તેથી તે ગવૈયાઓ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! આપના આશ્રિત સંતો દુર્બાધવાળી ગાયન ચાતુરી જાણે છે શું ? (૨૪) તેમનું આવું ગર્વવાળું વાક્ય સાંભળીને શ્રીહરિ તેમનાં પ્રત્યે બોલ્યા. હે ગવૈયાઓ ! અમારા આ સંતો વિષ્ણુના પદો ગાય છે. (૨૫)

રાણીના પૌત્રના ગવૈયાઓને એમ કહીને ભગવાન શ્રીહરિએ સંગીતમાં અતિકુશળ દેવાનંદ વગેરે સાધુઓને ગાવા માટે પ્રેમથી બોલાવ્યા. (૨૬) તે ગવૈયા સાધુઓએ તત્કાળ વીણા, તબલા, તાલ, મંજીરા વગેરે વાદ્યો લઈને શ્રીહરિની સમીપે આવીને, શ્રીહરિને નમસ્કાર કરીને ત્યાં વાદ્યો તૈયાર કર્યાં. (૨૭)

તે વખતે દેવાનંદ સાધુએ વીણા તૈયાર કરી તેથી રાજાના તે ગવૈયા દેવાનંદ સાધુને કહેવા લાગ્યા. (૨૮) હે સુમતે ! તમોએ આવી સુંદર રીતે વીણાના સ્વર મેળવ્યા તેથી હે સાધો ! તમારી સાથે ગાવા માટે અમારું સામર્થ્ય નથી. (૨૯) તેથી તમારે અમારી લાજ રાખવી. એવું સાંભળીને હસતા હસતા દેવાનંદ સાધુએ મનોહર સંગીતનો પ્રારંભ કર્યો. (૩૦)

સંગીતમાં અત્યંત નિપુણ, સ્વરમાધુર્યવાળા, દેવાનંદ સાધુ વીણા વગાડતા વિષ્ણુના પદો ગાવા લાગ્યા. (૩૧) નાના પ્રકારનાં વાદ્યો વગાડતા પ્રેમાનંદ સ્વામી વગેરે બીજા સંતો દેવાનંદ સાધુની પાછળ ગાતા સ્વરપૂર્તિ કરવા લાગ્યા. (૩૨) તે સમયે સંગીત રસને જાણનારા ચંચળ વિગ્રહધારી, શ્રીહરિ,

ચપટી વગાડતા તે શ્રેષ્ઠ સંગીત સાંભળતા હતા. (૩૩)

તે સંગીત સાંભળીને શ્રીહરિ, બીજા સભાસદો તથા રાજાના જનો પ્રસન્ન થયા અને પરમ વિસ્મય પામ્યા. (૩૪) પ્રસન્ન થયેલા શ્રીહરિ સોનેરી બુટ્ટાદાર મહામૂલ્યવાળું પોતાનું અંગરખું ઉતારીને રાજાના ગવૈયાઓને કહેવા લાગ્યા. હે ગવૈયાઓ ! હું આ ગવૈયા સાધુઓ ઉપર અત્યંત પ્રસન્ન થયો છું. પરંતુ ત્યાગીઓને આ વસ્ત્ર આપવું યોગ્ય નથી. (૩૫, ૩૬)

તેથી સુવર્ણ સૂત્રોનો બનાવેલો, નિપુણતાથી સીવેલો, મહામૂલ્યવાળો, આ ડગલો તમોને હું આપું છું. (૩૭) દયાસાગર શ્રીહરિ આવું કહીને તે ડગલાને દેવાનંદના મસ્તક ઉપર ભમાવીને રાજાના ગવૈયાઓને ભેટ આપ્યો. (૩૮) પછી ગવૈયાઓમાં શ્રેષ્ઠ દેવાનંદ મુનિને પોતાની પ્રસાદીભૂત ધોળી રજાઈ હર્ષપૂર્વક આપી. (૩૯)

પછી ભક્તવત્સલ શ્રીહરિ સભામાંથી ઊઠીને રાણીની સમીપે જઈને તેમને અમૃતમય વચન કહેવા લાગ્યા. (૪૦) હે ભદ્રે ! તમારી અનન્ય ભક્તિથી હું અહીં આવ્યો છું. તમોએ અતિશય પૂજા કરી મુનિઓ વગેરેની સાથે મને જમાડ્યો. હું અહીં મુનિઓની સાથે રહ્યો. મારા એકાંતિક ભક્ત એવા તમો તમારો મનોરથ પૂર્ણ થયો. માટે હવે હું સવારમાં જ અહીંથી પ્રયાણ કરીશ. (૪૧, ૪૨)

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિનાં થનારા વિયોગથી દુઃખી થઈ, જેમનાં નેત્રોમાં અશ્રુ આવી ગયા છે એવા તે રાણી હાથ જોડીને શ્રીહરિને ગદ્ ગદ્ વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યાં. (૪૩)

જેમ ધનથી રહિત સ્ત્રીને ચિંતામણી પ્રાપ્ત થાય તેવી રીતે મને પ્રત્યક્ષ પુરુષોત્તમ આપ પ્રાપ્ત થયા છો. (૪૪) તેથી હે કરુણાસાગર ! હે પ્રભો ! આપ મારા ઉપર કૃપા કરીને થોડા દિવસો આપના આશ્રિતોની સાથે અહીં રહો શ્રીહરિએ તે રાણીનો સદ્ભાવ જાણીને હું અહીં રહીશ'' એમ તે રાણીને કહ્યું. (૪૫, ૪૬)

શ્રીહરિનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલાં રાણીએ, પ્રાણવલ્લભ પરમાત્મા શ્રીહરિને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. (૪૭) પોતાનાં ભક્ત રાણીને આવી રીતે આનંદ આપીને પાર્ષદોથી વીંટાયેલા ચટ્ચટ્ ધ્વનિ યુક્ત પાદુકા પહેરેલા શ્રીહરિ પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૮)

પછી તેમની સર્વોપરી એકાંતિક ભક્તિની પ્રશંસા કરતા અતિપ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાની અતિસુંદર કોમળ શૈય્યામાં પાર્ષદોની સેવા સ્વીકારતા પોઢી ગયા. (૪૯) હે રાજન્ ! અનન્ય વૃત્તિથી નિરંતર અનુસરેલી પોતાની સેવાની પ્રતીક્ષા કરતી અતિશુદ્ધ ભાવવાળી યોગનિદ્રાને શ્રીહરિએ અંગીકાર કરી. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં વાદી વિદ્વાનોએ શ્રીહરિનો આશ્રય કર્યો તે નિરૂપણ નામે છોત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૬)



અધ્યાય ૭૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! પ્રભાતમાં ધર્મનંદન શ્રીહરિ સ્નાન કરીને મનુષ્ય નાટ્યથી શોભતા પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૧) તેટલી વારમાં બુદ્ધિશાળી ઈચ્છારામે વિષ્ણુને વિવિધ પ્રકારનાં ભોજનો નૈવેદ્ય કરીને ભોજન કરવા માટે પ્રિય શ્રીહરિને, વર્ણી મુકુદાનંદ વર્ણીન્દ્રને મોકલીને બોલાવ્યા (૨)

વર્ણીએ બોલાવ્યા તેથી ધર્મપુત્ર શ્રીહરિ, જેમની પાદુકા ચટ્ચટ્ ધ્વનિ કરે છે એવા, ઉતાવળી ગતિથી ચાલતા, તે બ્રહ્મચારીની સાથે ભોજનસ્થાનમાં પધાર્યા. (૩) હે રાજન્ ! સુંદર પાટલા ઉપર બેસીને પોતાનાં બંધુજનોની સાથે ભોજ્ય પદાર્થોનું શ્રીહરિ ભોજન કરતા હતા. (૪)

શ્રીહરિ સાકર તથા ઘી મિશ્રિત આંબાના પાકેલા ફળોનો રસ તથા ઘીમાં બોળેલી કોમળ રોટલી જમતા હતા. (૫) તે પ્રભુ શ્રીહરિ જુદા જુદા પ્રકારનાં ભોજ્ય પદાર્થો જમીને તૃપ્ત થયા પછી હાથ તથા મુખ ધોઈને શુદ્ધિ કરતા હતા. તેમનાં બંધુજનો પણ તે પ્રમાણે હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. (૬) પછી શ્રીહરિ મુખવાસ ગ્રહણ કરીને વર્ણીઓની પાકશાળામાં પધાર્યા. વર્ણીઓના પાત્રોમાં પાકી કેરીનો રસ, પુષ્કળ ઘી-સાકર સાથે પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૭, ૮)

હે રાજન્ ! બ્રહ્મચારીઓ પણ જુદા જુદા પ્રકારનાં ભોજ્ય પદાર્થો જમતા હતા. પછી શ્રીહરિ સાધુઓની પાકશાળામાં પધાર્યા. (૯) શ્રીહરિ પંકિતમાં બેઠેલા સાધુઓના પાત્રોમાં આંબાની પાકી કેરીનો રસ આદરપૂર્વક પીરસતા હતા. (૧૦) સુંદર ચપળ ગતિ પ્રભુ શ્રીહરિ હસતા હસતા કેરીના રસમાં પુષ્કળ ઘી તથા સાકર પીરસતા હતા. (૧૧)

પીરસનારા સાધુઓ જમનારા સાધુઓની પંક્તિઓમાં રોટલીઓ તથા જુદા જુદા પ્રકારનાં ભોજ્ય પદાર્થો વારંવાર આદરપૂર્વક પીરસતા હતા. (૧૨) હે રાજન્ ! પછી શ્રીહરિની આજ્ઞાથી જમનારા મુનિઓ જમતા હતા. શ્રીહરિએ વારંવાર તે મુનિઓને પીરસીને સારી રીતે તૃપ્તિ પમાડ્યા. (૧૩)

શ્રીહરિએ ઉત્તમ રાજાને, ઘોડેસવારો તથા પાર્ષદોને પણ રસ તથા સાકર વગેરે સાધુઓની માફક જ પીરસીને તૃપ્ત કર્યા. (૧૪) પછી મુકુંદાનંદ વર્ણીન્દ્રે શ્રીહરિનાં હાથ-પગ ધોવડાવ્યા. પછી શ્રીહરિ પાર્ષદોથી વીંટાઈને પોતાનાં ઉતારામાં પધાર્યા. (૧૫)

ભગવાન શ્રીહરિ કોઈ દિવસ મુનિઓને બરફી, પેંડા વારંવાર સન્માનપૂર્વક પીરસીને તૃપ્ત કરતા હતા. (૧૬) તો શ્રીહરિ કોઈ દિવસે મોતૈયા, લાડુ, પ્રીતિપૂર્વક પીરસીને તૃપ્ત કરતા હતા. (૧૭)

ધર્મના પુત્ર શ્રીહરિ કોઈ દિવસે સાધુઓને બિરંજ તથા પુરીઓ પીરસીને તૃપ્ત કરતા હતા. વળી કોઈ દિવસે સાધુઓને તળેલા ચૂરમાના લાડુઓ પીરસીને તૃપ્ત કરતા હતા. (૧૮) ક્યારેક સાકરનો શીરો તથા પુરીઓ સાધુઓને પીરસીને શ્રીહરિ તૃપ્તિ પમાડતા હતા વળી ક્યારેક રમણીય માલપુવા સાધુઓને પીરસીને તૃપ્ત કરતા હતા. (૧૯)

હે રાજન્ ! શ્રીહરિ કોઈ દિવસ સાકર સહિત દૂધપાક તથા ફુલેલી પુરીઓ સાધુઓને પીરસીને અત્યંત તૃપ્ત કરતા હતા. (૨૦) આવી રીતે ધર્મપુરમાં વારંવાર અનેક પ્રકારનાં પકવાનો તથા ભોજ્ય પદાર્થો સાધુઓને દરરોજ પ્રીતિથી પીરસીને તૃપ્ત કરતા હતા (૨૧)

શ્રીહરિ આવી રીતે મહા બુદ્ધિશાળી રાણી કુશળકુંવરબાને તથા ભક્તોને આનંદ પમાડતા રાણીના શુદ્ધ ભાવથી પ્રસન્ન થઈ ધર્મપુરમાં રહેતા હતા. (૨૨) ભગવાન શ્રીહરિ, મનુષ્યોના સાધારણ તથા વિશેષ ધર્મો શાસ્ત્ર પ્રમાણે સ્પષ્ટતાપૂર્વક રાણીના પૂછવાથી કહેતા હતા. (૨૩)

જલેબી વગેરે અતિ શ્રેષ્ઠ ઉત્તમ પકવાનો તથા દૂધપાક વગેરે વિવિધ ભોજનોથી રાણી શ્રીહરિનાં અનુયાયીઓ તથા બંધુજનોની સાથે શ્રીહરિને રાત્રિદિવસ ભક્તિપૂર્વક સારી રીતે તૃપ્ત કરતાં હતાં. (૨૪)

રાણી મહામૂલ્ય વસ્ત્રાલંકારો તથા સમગ્ર ઉપચારોથી શ્રીધર્મવંશની સ્ત્રીઓને પણ હર્ષપૂર્વક પૂજતાં હતાં. (૨૫) સ્વધર્મમાં રહેલાં, ભગવાનની પ્રસન્નતાના કારણભૂત ઉત્તમ ગુણવાળાં રાણી, શ્રીહરિની સેવાથી પોતાનાં આત્માને તથા જન્મને કૃતાર્થ માનતાં, શ્રીહરિની પ્રતિદિન ભક્તિથી સેવા કરતાં હતાં. (૨૬)

હે રાજન્ ! ધર્મપુરમાં વસતા શ્રીહરિ કોઈ દિવસે સાંખ્યશાસ્ત્રનો સિદ્ધાંત વિસ્તારપૂર્વક સ્પષ્ટતાથી કહેતા હતા. (૨૭) તો કોઈ દિવસ શ્રીહરિ યોગશાસ્ત્રનો સિદ્ધાંત કહેતા હતા. વળી કોઈ દિવસે પંચરાત્રનો સિદ્ધાંત પણ કહેતા હતા તથા કોઈ દિવસે વેદાન્તના વ્યાખ્યાતાના ભેદથી ભગવાનના નિરાકારપણાનું પ્રતિપાદન કરનારા શંકરાચાર્યનો સિદ્ધાંત, સમગ્ર ઉપનિષત્ ભાગ જે શુષ્ક કહેવાય છે, તથા ભગવાનનું સાકારપણું પ્રતિપાદન કરનાર રામાનુજાચાર્યે પ્રતિપાદન કરેલો સમગ્ર ઉપનિષત્ ભાગ જે રસયુક્ત કહેવાય છે તે બંને ભાગને નિર્બિજ અને સબિજ શબ્દોના ભેદથી કહેતા હતા. (૨૮)

શ્રીહરિ કોઈક દિવસે વેદોત્પત્તિ સ્પષ્ટપણે કહેતા હતા. કોઈ દિવસે પુરાણોનું સમગ્ર તાત્પર્ય પણ કહેતા હતા. (૨૯) શ્રીહરિ કોઈ દિવસે શ્રીમદ્‌ભાગવતમાં રહેલા વિવિધ પ્રકારનાં પ્રશ્નોની ઉદ્‌ભાવના કરીને સર્વ પ્રશ્નોનું સમાધાન કરતા હતા. (૩૦)

શ્રીહરિ કોઈ દિવસે ધર્મશાસ્ત્રના આશ્રયવાળી મનુ આદિ મુનિઓએ કહેલી સ્મૃતિ સંબંધિ વાર્તા કરતા હતા. વળી કોઈ દિવસે અંગ સહિત શુભ ભક્તિનું તાત્પર્ય કહેતા હતા (૩૧) શ્રીહરિ કોઈ દિવસે બ્રહ્મપુર-ગોલોક-વૈકુંઠાદિની પણ વાર્તા શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૩૨)

આ પ્રકારે આશ્ચર્યકારી મનોહર વાર્તાઓ કરતા શ્રીહરિ જીવોનું અજ્ઞાનરૂપી અંધકાર પોતાનાં પ્રતાપથી હરતા હતા. (૩૩) પછી ધર્મપુરમાં જેઠમાસની પૂર્ણિમાને દિવસે રાણીએ, જોનારા તથા સાંભળનારા જનોને આશ્ચર્યકારી લાગે તેવો, સ્નાનયાત્રાનો મહોત્સવ મોટી સામગ્રીઓથી શ્રીહરિની હાજરીમાં કરાવ્યો. (૩૪)

આ પ્રકારે પોતાનાં ભક્તોને આધીન શ્રીહરિએ રાણીને અત્યંત સંતોષ પમાડી ધર્મપુરમાં એક માસ પર્યન્ત નિવાસ કર્યો પછી શ્રીહરિ ત્યાંથી જવા માટે ઇચ્છા કરતા હતા. (૩૫) તેટલામાં ધર્મપુરમાં વાંસદાપુરના રાજા રાયસિંહ પોતાનાં અમાત્ય તથા સૈન્ય સહિત શ્રીહરિને તેડવા માટે

હર્ષપૂર્વક આવ્યા. (૩૬) રાયસિંહ ભૂપતિએ પોતાનાં પુરમાં પધારવા માટે ભક્તિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી દયાસાગર શ્રીહરિએ "તમારા પુરમાં હું આવીશ" એમ રાજાને કહ્યું. (૩૭) શ્રીહરિએ ત્યાં રાયસિંહ રાજાની યથાયોગ્ય સંભાવના કરી. તેથી પ્રસન્ન થયેલા રાયસિંહ રાજાએ શ્રીહરિની સેવાની સામગ્રી લેવા માટે પોતાનાં અમાત્યને આગળથી મોકલ્યા. (૩૮)

શ્રીહરિ રાયસિંહ રાજાને તથા કુશળકુંવર રાણીને પોતાનાં સ્વરૂપનો ઉપદેશ આપતા રાત્રિ ત્યાં રહીને પ્રાતઃકાળમાં પોતાનાં સહચરોની સાથે જવા માટે તૈયાર થયા. (૩૯)

હે રાજન્ ! રાણીએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પોતાનાં બંને બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામને પુર પ્રવેશ સમયમાં જેમ હાથી ઉપર બેસાડ્યા હતા તેમ અલંકૃત કરેલા બંને હાથીઓ ઉપર બેસાડયા. (૪૦) તેવી રીતે રામપ્રતાપ તથા ઈચ્છારામના પરિવાર જે નંદરામ, ગોપાલાદિને વિવિધ પ્રકારનાં વાહનોમાં બેસાડ્યા. (૪૧) હે રાજન્ ! યોગ્ય અલંકારોથી સમલંકૃત કરેલા હાથીના અંગો જે કુંભસ્થળ, પુષ્ટભાગ દાંત તથા પગ વગેરે જેનાં એવા ગજેન્દ્ર ઉપર શ્રીહરિ બિરાજીને સમગ્ર મુનિઓ, ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાઈને એકાંત પ્રિય છે છતાં પણ ભક્ત વત્સલતાને લીધે જનોનો ભીડો સહન કરતા વાદ્યોના ઘોષ સાથે નગરથી પ્રયાણ કરતા હતા. (૪૨)

શ્રીહરિની સાથે સેવકોએ સહિત ઉત્તમ રાજા તથા વાંસદાના રાજા ચાલતા હતા. રાણી કુશળકુંવરબાએ પોતાનાં અમાત્ય, સૈન્ય, સમગ્ર બંધુઓ તથા પુરજનોએ સહિત શ્રીહરિને વળાવ્યા. (૪૩)

ગજેન્દ્ર ઉપર બિરાજેલા અને દર્શનીય, ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ રાણીની સેના તથા પોતાનાં જનોની સાથે ધીમે ધીમે નગરના સીમાડામાં પધાર્યા. (૪૪)

પછી એક ગાઉ દૂર જઈને ગજેન્દ્ર ઉપરથી નીચે ઉતરીને શ્રીહરિ પોતાનાં સેવક નાજાએ આણેલા આભૂષણોએ સહિત પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજ્યા (૪૫)

શ્રીહરિનાં બંને બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામ પણ હાથી ઉપરથી ઉતરીને શ્રીહરિની આજ્ઞાથી બીજા વાહનોમાં બેઠા. સમગ્ર સંતો, મુક્તાનંદાદિ સાધુઓ પણ બીજા વાહનોમાં બેઠા. (૪૬)

પછી શ્રીહરિએ પોતાનો વિરહ સહન કરવા માટે અસમર્થ અને તેથી દૂર સુધી અમાત્ય તથા સેનાદિથી યુક્ત પાછળ આવેલાં આંખોમાં અશ્રુવાળા કુશળરાણીને બળપૂર્વક પાછાં વાળ્યાં. (૪૭)

હે રાજન્ ! ઘોડેસવારોથી વીંટાયેલા અશ્વરાજ ઉપર બિરાજેલા, પોતાનાં જનોના સદ્‌ગુણોનું પોષણ કરનાર સ્વતંત્ર, જનના સમૂહો તથા રાયસિંહ રાજાની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ વાંસદાપુરની સમીપે પહોંચ્યા. (૪૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં વર્ણીઓ તથા મુનિઓની પંક્તિમાં શ્રીહરિએ કરેલું આમ્રરસનું પરિવેષણ વર્ણન નામે સીત્તોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૭)



અધ્યાય ૭૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનાં અમાત્ય અને સૈન્યને લઈને રાયસિંહ રાજા આગળ ગયા અને વાદ્યોનો ઘોષ કરાવતા શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧) રાયસિંહ રાજાએ પ્રાર્થન કરી તેથી શ્રીહરિ દેદીપ્યમાન રેશમના ગુચ્છો જેનાં મધ્ય ભાગમાં લટકે છે એવી સુવર્ણ કળશવાળી રાયસિંહ રાજાની શિબિકામાં બિરાજમાન થયા. (૨)

પછી પોતાનાં સમગ્ર ભક્તજનો તથા રાજા અને સૈન્ય સહિત શ્રીહરિએ જુદા જુદા પ્રકારનાં વાદ્યોના મહાધ્વનિ સાથે રાયસિંહ નૃપતિના વાંસદા નગરમાં પ્રવેશ કર્યો. (૩) વાદ્યોના ધ્વનિ સાંભળીને પુરના જનો એકદમ ભેગા થઈ ગયા અને પવિત્ર દર્શનવાળા ધર્મના પુત્ર અચ્યુત શ્રીહરિનાં દર્શન માટે ત્યાં આવ્યા. (૪)

પછી પુરના જનોએ અત્યંત પ્રેમથી જેમનાં દર્શન કર્યા છે તે શ્રીહરિ દયાદ્ર દૃષ્ટિથી સૌને પવિત્ર કરતા ધીમે ધીમે માર્ગમાં ચાલતા રાજગઢમાં પધાર્યા. (૫) પછી શ્રીહરિને પોતાનાં ભક્તો સહિત સુંદર મહેલમાં રાજાએ નિવાસ કરાવ્યો. અને એ રીતે શ્રીહરિનું યથાયોગ્ય આતિથ્ય કર્યું. (૬)

શ્રીહરિ પછી સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમવા લાગ્યા. (૭) વર્ણીગણ તથા સંતો, પાર્ષદો વગેરે પણ જુદી જુદી રસોઈ કરીને ભોજન જમતા હતા. (૮)

પછી શ્રીહરિ સભામાં પધાર્યા અને પોતાનાં રમણીય આસનમાં બિરાજમાન થયા. તેમનાં બંધુઓ વગેરે તથા સંતો સર્વે સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૯) પછી રાજા સાધુઓના મંડળમાં શોભતા શ્રીહરિને પ્રણામ કરતા હતા. તેમનાં અમાત્ય તથા અન્ય જનો પણ પ્રણામ કરતા હતા. (૧૦)

પછી રાયસિંહ રાજાએ મહાઅમૂલ્ય વસ્ત્રો, ભૂષણો તથા રાજાને યોગ્ય ઉપચારોથી બંધુજનોની સાથે શ્રીહરિની પૂજા કરી. (૧૧) ત્યારબાદ રાજાએ વર્ણીઓ, સંતો તથા સર્વે ભક્તોનું પણ યથાયોગ્ય નવીન વસ્ત્રો વગેરે ઉપચારોથી પૂજન કર્યું. (૧૨) રાજ્ય માતાએ પણ શ્રીહરિની પૂજા કરી અને પછી ધર્મવંશીની સ્ત્રીઓની હર્ષપૂર્વક પૂજા કરી. (૧૩)

ત્યારબાદ શ્રીહરિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિની શુભ વાર્તા કરીને નરેન્દ્ર રાયસિંહને આનંદ કરાવ્યો. એ રીતે તે રાત્રિ વાંસદાપુરમા નિર્ગમન કરી. (૧૪) સવારમાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં સહચરો જે વર્ણીઓ, સંતો, ઘોડેસવારો તથા પાર્ષદો સહિત વાદ્યોના ઘોષ સહિત શ્રીહરિ વાંસદાપુરથી નીકળ્યા. (૧૫)

વળાવવા પાછળ આવતા રાયસિંહ રાજાને પાછા વાળીને શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા માર્ગમાં તાપી નદી ઉતરીને (''उद्गच्छति तमो अनया स्नातृणां'' સ્નાન કરનારાઓનું અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે માટે તાપી) (૧૬)

શ્રીહરિ સ્વચ્છ જળવાળી કીમ નદી જોઈને સ્નાન કરવાની ઈચ્છાથી તે અતિ વિશાળ નદીના

કાંઠા તરફ પધાર્યા. અને પોતાનાં અશ્વેન્દ્ર ઉપરથી નીચે ઉતર્યા. (૧૭) પોતાનાં બંધુઓ તથા મુનિઓ વગેરે સહિત સ્નાન કરીને શ્રીહરિ નિત્યવિધિ કરતા હતા. (૧૮)

તે સમયે શ્રીહરિ જેને અત્યંત પ્રિય છે તે વાંકીયાના રાજા મોકા ખાચર માથે વસ્ત્ર ઓઢીને પોતાનાં હૃદયમાં શ્રીહરિનું ધ્યાન ધરતા હતા. (૧૯) તેમને જોઈને શ્રીહરિનાં મિત્ર, હાસ્ય વિનોદમાં અતિનિપુણ શ્રીહરિને હસાવવામાં આસક્તિવાળા નાગડકાના સુરા ખાચર મંદ મંદ હસતા આ પ્રમાણે બોલ્યા. (૨૦)

ગંગાને કિનારે તૃષાથી પીડાતા મંદભાગ્યવાળા સ્વચ્છ અને અતિમિષ્ટ ગંગાના જળનો ત્યાગ કરીને ત્યાં કૂવાને ખોળે છે. આ આશ્ચર્ય છે ! (૨૧) આવો પરિહાસ કર્યો તો પણ મોકા ભક્તે સૂરા ભક્તના વચનનો અભિપ્રાય જાણ્યો નહિ. પછી સૂરા ભક્ત શ્રીહરિને હસાવવા માટે ફરીથી આ પ્રમાણે બોલ્યા. (૨૨)

હે ભક્તવર્ય ! અદ્‌ભુત આકૃતિવાળા ધર્મના પુત્ર શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શનનો ત્યાગ કરીને તમો અંતરમાં મંગળના સ્થાનભૂત એવું કોનું ચિંતન કરો છો ? (જેમને ભગવાનનો પ્રત્યક્ષ સંબંધ નથી તેમને ભગવાન મનોમયી મૂર્તિનું અંતરમાં ધ્યાન કરવું યોગ્ય છે. પરંતુ પ્રત્યક્ષ ભગવાનના સંબંધવાળા અને તેમાં પણ સર્વદા તેમની સમીપે જ નિવાસ કરનારા ભક્તોને તો તે પ્રત્યક્ષ ભગવાનની પ્રાતઃક્રિયાથી આરંભીને સમગ્ર ક્રિયાનું દર્શન તે જ ધ્યાન છે. તેવો જ સકળ શાસ્ત્રનો સિદ્ધાંત છે.) સૂરા ભક્તનું આવું વચન સાંભળીને શ્રીહરિ અત્યંત હસવા લાગ્યા તેમજ શ્રીહરિનાં આશ્રિત પાર્ષદો પણ અત્યંત હસવા લાગ્યા. (૨૩, ૨૪)

પછી શ્રીહરિ વિષ્ણુને અર્પણ કરેલું ભાથું પોતાનાં બંધુજનો સહિત જમતા હતા. વર્ણીઓ તથા મુનિઓ પણ યથાયોગ્ય બેસીને જમતા હતા. (૨૫) પછી ત્યાંથી ચાલતા અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં સહચરોએ યુક્ત, શ્રીહરિ માર્ગમાં ચાલતા પૂર્વની માફક રેવા નદી ઉતરીને ભરૂચ શહેરમાં પધાર્યા. (૨૬)

પોતાનાં ભક્ત સમૂહોથી સદા સેવાયેલા શ્રીહરિએ, જમીને તે પુરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ વાર્તા કરીને, રાત્રિ નિર્ગમન કરી. (૨૭) સવારમાં ભક્તોએ વળાવેલા શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં સહચરોની સાથે માર્ગમાં ચાલતા કેલોદ ગામમાં પધાર્યા. (૨૮)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. વર્ણીઓ, સંતો તથા પાર્ષદો વગેરેથી યુક્ત શ્રીહરિએ ગામની બહાર પોતાનો નિવાસ કર્યો. (૨૯)

કેલોદ ગામના નૃસિંહાદિ વિપ્રો શ્રીહરિની સેવા કરતા. હંસજીત, વાસ્તુ તથા વાંસજી-બેચર વગેરે વૈશ્યો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૩૦)

શ્રીહરિનાં ચરણારવિંદના આશ્રિત વલ્લભભાઈ આદિક ભક્તો પણ શ્રીહરિની તથા શ્રીહરિનાં આત્મીય જનોની યથાયોગ્ય સેવા કરતા હતા. (૩૧) શ્રીહરિ ત્યાં સ્નાન તેમજ નિત્યવિધિ કરીને પોતાનાં

બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા ભોજનો જમતા હતાં. (૩૨)

હે ભૂપતે ! તેટલામાં વર્ણીઓ, સાધુઓ તથા પાર્ષદો પણ રસોઈ કરીને સુંદર ભોજનો જમતા હતા. (૩૩)

કેલોદ ગામના નિવાસી ભક્તો સભામાં બિરાજેલા શ્રીહરિને મહામુલ્યવાળાં વસ્ત્રો, અલંકારો તથા ચંદન પુષ્પાદિ ઉપચારોથી હર્ષપૂર્વક પૂજતા હતા. (૩૪) તે ભક્તો શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરે સર્વેનું પણ યથાયોગ્ય વિવિધ ઉપચારોથી પૂજન કરતા હતા. (૩૫)

પછી શ્રીહરિ કેલોદ ગામમાં ઉપદેશ વાર્તા કરીને રાત્રિ રહ્યા અને પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં સહવાસીઓની સાથે બુવા ગામે પધાર્યા. સન્મુખ આવેલા ત્યાંના ભક્ત સમૂહોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિ પોતાનાં સહવાસીઓની સાથે બુવા ગામમાં પધાર્યા. (૩૬) આ રીતે બુવા ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ પોતાનાં સહવાસીઓની સાથે ગામની બહાર પોતાનો ઉતારો કર્યો. (૩૭)

બુવા ગામના કાનદાસ, ધૂળાભાઈ, વેરીભાઈ, ગુલાબ, રૂઘનાથ તથા ખુશાલ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૩૮) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. (૩૯)

તેટલામાં શ્રીહરિનાં સહચરો તરીકે પ્રસિદ્ધ થયેલા વર્ણી તથા સંતો વગેરે પણ જુદી જુદી રસોઈ કરીને સુંદર ભોજનો જમતા હતા. (૪૦) પછી બુવા ગામના ભક્તોએ સભામાં બિરાજેલા શ્રીહરિ તથા તેમનાં સંતો મુનિઓ વગેરેની ઉપચારોથી હર્ષપૂર્વક પૂજા કરી. (૪૧)

પછી ધર્મ, જ્ઞાનાદિ સહિત કલ્યાણ કરનારી ઉપદેશ વાર્તા શ્રીહરિએ કરી અને એ રીતે કાનદાસ વગેરે પોતાનાં ભક્તોએ સુખ આપ્યું. આ પ્રમાણે તે રાત્રિ શ્રીહરિએ બુવા ગામમાં નિર્ગમન કરી. (૪૨)

પછી શ્રીહરિ સવારમાં અશ્વ ઉપર બિરાજી અને ભક્તોએ વળાવ્યા તેથી પોતાનાં અનુયાયીઓની સાથે હસતા હસતા અને હાસ્યવિનોદ કરી ક્રીડા કરતા આમોદનગર પધાર્યા. (૪૩)

આમોદપુરના અભયસિંહ નરેન્દ્ર સૈન્ય સાથે વાદ્યોના ઘોષ કરાવતા શ્રીહરિની સન્મુખ ગયા. (૪૪) તે નગરના ભક્તો પણ પ્રસન્ન થઈને શ્રીહરિની સન્મુખ ગયા. શ્રીહરિનાં દર્શન કરીને રાજા શ્રીહરિને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા. (૪૫) વ્યાપક શ્રીહરિએ તે સર્વેની યથાયોગ્ય સંભાવના કરી. રાજાએ પ્રાર્થના કરી તેથી રાજાની સુંદર શિબિકામાં બિરાજ્યા. (૪૬)

પછી રાજા તથા સમગ્ર પોતાનાં ભક્તજનો તથા અન્યજનોની સાથે ગીત વાજિંત્રના ઘોષ સહિત શ્રીહરિએ તે પુરમાં પ્રવેશ કર્યો. (૪૭)

પોતાનાં દર્શનથી પ્રાપ્ત થયો છે આનંદ અને આશ્ચર્ય જેમને એવા પુરના જનોની વંદના ઝિલતા શ્રીહરિ પોતાનાં સમગ્ર સહચરોની સાથે રાજાના દરબારમાં પધાર્યા. (૪૮) આમોદ નગરના રાજા, શ્રીહરિનો

પોતાનાં સદનમાં ઉતારો કરાવીને તેમનાં અન્ય ભક્તજનોને સુંદર હવેલીઓમાં નિવાસ કરાવીને, પોતાનાં પરિવારે સહિત ભક્તિપૂર્વક શ્રીહરિની દાસની માફક સેવા કરવા લાગ્યા. (૪૯)

કવિરાજોની પંક્તિમાં અલંકારભૂત, સકળશાસ્ત્રવેત્તા, રૈકવ જ્ઞાતિના વિપ્ર દીનાનાથ તેમનાં પુત્ર ભગવાનના એકાંતિક ભક્ત ગણપતિ, બાપુ તથા જયનંદાદિ અન્ય બ્રાહ્મણો તથા હરજીત વણિક વગેરે ભક્તો સાથે શ્રીહરિની પ્રીતિથી સેવા કરવા લાગ્યા. (૫૦)

રાજા તથા સર્વે ભક્તો શ્રીહરિ તથા તેમનાં ભક્તજનોને વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ ભોજનોથી સન્માનપૂર્વક તૃપ્ત કરતા હતા. (૫૧) સભામાં સિંહાસન ઉપર બિરાજેલા અને પોતાનાં ભક્તજનોથી વીંટાયેલા શ્રીહરિની તથા તેમનાં ભક્તજનોની રાજોપચારોથી ઉત્તમ રાજા પૂજા કરતા હતા. (૫૨)

દીનાનાથ વગેરે ભક્તો શ્રીહરિને તથા તેમનાં બંધુજનો તેમજ સમગ્ર મુનિઓ વગેરે પણ સુંદર ઉપચારોથી પૂજતા હતા. (૫૩) પછી શ્રીહરિએ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત શુભ ઉપદેશવાર્તા કરીને, રાજા તથા ભક્તોને આનંદ પમાડ્યો અને એ રીતે રાત્રિ આમોદનગરમાં રહ્યા. (૫૪)

પછી સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તે રાજાએ તથા ગ્રામજનોએ વળાવ્યા અને શ્રીહરિ ઘોડેસવારો વગેરેથી વીંટાઈને પોતાનાં બંધુજનોની સાથે ત્યાંથી ચાલ્યા. (૫૫) શ્રીહરિ કારેલા ગામમાં રાત્રિ રહીને પોતાનાં સહચરોની સાથે મહી નદી ઉતરીને દેવાણ ગામમાં પધાર્યા. (૫૬)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિએ પોતાનાં આત્મિય જનોની સાથે તે ગામથી બહાર નિવાસ કર્યો. (૫૭) દેવાણ ગામમાં બાદરસિંહ તથા બીજા અજબસિંહ વગેરે ભક્તોના સમૂહો શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરવા લાગ્યા. (૫૮)

પછી શ્રીહરિ નિત્ય નિયમ કરીને બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં સુંદર ભોજન જમતા હતા. અન્ય ભક્તો પણ તે સમયે જમતા હતા. (૫૯) પછી સભામાં સિંહાસન ઉપર બિરાજી દેવાણ ગામના નિવાસી બાદરસિંહ વગેરે ભક્તોની સુંદર ઉપચારોથી પૂજા સ્વીકારતા શ્રીહરિ ત્યાં શ્રેષ્ઠ ઉપદેશ વાર્તા કરીને રાત્રિ રહ્યા. (૬૦)

પ્રાતઃકાળમાં ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા અને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં જનોની સાથે બદલપુર પધાર્યા. (૬૧) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિ પોતાનાં સમગ્ર જનોની સાથે ગામની બહાર પોતાનો નિવાસ કર્યો. (૬૨)

બદલપુરમાં રતનસિંહ, દાજી, મોટાભાઈ, ચંદ્રસિંહ વગેરે ભક્તો શ્રીહરિની ભક્તિથી સેવા કરતા હતા. (૬૩) પછી શ્રીહરિ નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. સંતો તથા અન્ય જનો પણ યથાયોગ્ય જમતા હતા. (૬૪)

પછી સભામાં શુભ આસન ઉપર બિરાજી સુંદર ઉપચારોથી પોતાનાં ભક્તોની પૂજા અંગીકાર કરી શ્રીહરિ ઉત્તમ ઉપદેશ વાર્તા કરી રાત્રિ ત્યાં રહ્યા. (૬૫)

સવારમાં પોતાનાં ભક્ત સમુદાયોએ વળાવેલા શ્રીહરિએ અશ્વેન્દ્ર ઉપર બિરાજી પોતાનાં બંધુજનો તથા સમગ્ર મુનિઓની સાથે ઘોડેસવારોથી વીંટાયેલા બદલપુરથી પ્રયાણ કર્યું. (૬૬)

સ્વતંત્ર શ્રીહરિ પોતાનાં ભક્તોને પાછા વાળીને પોતાનાં સમગ્ર સહચરોની સાથે માર્ગમાં ચાલતા પોતાનાં ભક્તોને તથા અન્ય જનોને આનંદ આપતા ખંભાત નામના શ્રેષ્ઠ નગરમાં પધાર્યા. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં વાંસદાપુરમાં રાયસિંહ રાજાએ હરિપૂજન કર્યું તે નિરૂપણ નામે ઈઠ્ઠોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૮)



અધ્યાય ૭૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સન્મુખ આવેલા ખંભાતપુરના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ નારેશ્વર મહાતળાવની સમીપે નિવાસ કર્યો. (૧) ખંભાતમાં શ્રીહરિનાં આશ્રિત રૂપરામ, સદાશિવ, માધવરામ વગેરે બ્રાહ્મણો તથા મોરાભા મૂળજી વગેરે અન્ય ભક્તો શ્રીહરિની ભક્તિપૂર્વક અત્યંત સેવા કરતા હતા. (૨)

શ્રીહરિએ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કર્યો. તેટલામાં પુરના જનો બરફી, પેંડા વગેરે લાવ્યા. (૩) હે મહીપતે ! પોતાનાં બંધુઓની સાથે શ્રીહરિ વિષ્ણુને અર્પણ કરેલા પેંડા બરફી વગેરે ખાવા યોગ્ય રમણીય પદાર્થો જમતા હતા. (૪)

તેમજ મુકુંદાનંદાદિક સર્વે બ્રહ્મચારિઓ, સમગ્ર મુનિઓ તથા પાર્ષદો પેંડા, સૂતરફેણી વગેરે ભોજનો જમતા હતા. (૫) ત્યારબાદ સભામાં બિરાજેલા શ્રીહરિ તેમનાં બંધુજનો તથા ધર્મવંશીઓ, સર્વ સાધુઓ તથા વર્ણીઓની વિવિધ ઉપચારોથી ત્યાંના ભક્તો પૂજન કરતા હતા. (૬)

સાંજના પહોરે અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને રૂપરામ આદિ ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ ત્યાંથી નીકળી પોતાનાં સહચરોની સાથે ગુડેલ ગામમાં પધાર્યા. (૭) હર્ષપૂર્વક સન્મુખ આવેલા જીભા વગેરે ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ આત્મીય ભક્તોની સાથે ગામની બહાર નિવાસ કર્યો. (૮) શ્રીહરિ સ્નાન તેમજ સંધ્યાવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. (૯) વર્ણીઓ, મુનિઓ પાર્ષદો તથા ઘોડેસવારો જુદી જુદી રસોઈ કરીને યથાયોગ્ય જમતા હતા. (૧૦)

પછી શ્રીહરિનું ભક્તોએ હર્ષપૂર્વક ઉપચારોથી પૂજન કર્યું. ત્યારબાદ ધર્મ-જ્ઞાનાદિ સમ્બંધી સભામાં વાર્તા કરતા શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા. (૧૧) સવારમાં શ્રીહરિને ગુડેલના નિવાસી હરિજનોએ વળાવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં સહચરોની સાથે ચાલતા માર્ગમાં આવેલી સાબરમતી નદી ઉતરતા હતા. (૧૨)

શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું તથા નિત્યવિધિ કરીને અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા ધોલેરા નગર પધાર્યા. (૧૩) ધોલેરાપુરના પૂજાજી રાજા પોતાનાં પુરમાં શ્રીહરિ પધારે છે તે સાંભળીને હર્ષપૂર્વક વાદ્યોના ઘોષ કરતા ત્યાંના ભક્તો તથા સેના વગેરે લઈ શ્રીહરિની સન્મુખ ગયા. (૧૪)

પ્રેમાશ્રુથી ન્યાયી નેત્રવાળા રાજા તથા સર્વ ભક્તોએ શ્રીહરિને વંદના કરી ભગવાન શ્રીહરિ પણ સર્વેની યથાયોગ્ય સંભાવના કરવા લાગ્યા. (૧૫) શ્રીહરિએ પોતાનાં સહચારી મુનિઓ તથા પુરના સમગ્ર ભક્તો સાથે વાદ્યોના ઘોષ કરતા ધોલેરા નગરમાં પ્રવેશ કરતા હતા. પુરના હરિભક્તો તથા અન્યજનો શ્રીહરિનાં દર્શન કરીને આનંદ પામ્યા. (૧૬)

પછી પ્રભુ શ્રીહરિ પૂજાજી રાજાના સુંદર મહેલમાં રાજા તથા અન્ય ભક્તોની સેવા અંગીકાર કરતા પોતાનાં સહચરોની સાથે નિવાસ કરીને રહ્યા. (૧૭) શ્રીહરિ સ્નાન તથા સંધ્યાવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલા વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૧૮)

વર્ણીઓ, મુનિઓ, ઘોડેસવારો તથા પાર્ષદો જુદી જુદી રસોઈ કરીને યોગ્યતા પ્રમાણે જમતા હતા. (૧૯) પછી પૂજાજીત રાજાએ સભામાં બિરાજેલા શ્રીહરિની અમૂલ્ય વસ્ત્રાલંકારો વગેરે ઉપચારોથી પૂજા કરી. (૨૦)

પૂજાજી રાજાએ શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરે સર્વનું હર્ષપૂર્વક ઉપચારોથી પૂજન કર્યું. (૨૧) પૂજાજીના બેન તથા સ્ત્રીઓએ ધર્મવંશી સ્ત્રીઓની રમણીય ઉપચારોથી હર્ષપૂર્વક યથાયોગ્ય પૂજા કરી. (૨૨, ૨૩) શ્રીહરિએ તે રાજા તથા અન્ય ભક્તોને ધર્માદિ સંબંધી વાર્તાથી અત્યંત આનંદ આપ્યો અને રાત્રિ ત્યાં રહ્યા. (૨૪)

શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજ્યા અને પોતાનાં આશ્રિત રાજા વગેરેએ વળાવ્યા પછી પોતાનાં અનુયાયિ જનોની સાથે નાવડા ગામમાં પધાર્યા. (૨૫) સન્મુખ આવેલા હિરાભાઈ વણિક તથા અન્ય ભક્તોએ શ્રીહરિનું તથા તેમનાં આશ્રિત ભક્તોનું સન્માન કર્યું અને શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે ગામની બહાર રહ્યા. (૨૬)

શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓ સહિત વિષ્ણુને અર્પણ કરેલા સુંદર ભોજનો જમતા હતા. (૨૭) બ્રહ્મચારીઓ રસોઈ કરીને જમતા હતા તે સમયે શ્રીહરિએ મુનિઓ તથા પાર્ષદોને શીરો પીરસીને તૃપ્ત કર્યા. (૨૮)

ત્યારબાદ હીરાભાઈ વગેરે ભક્તોએ ઉપચારોથી ધર્માદિની સુંદર વાર્તા કરીને રાત્રિ ત્યાં રહ્યા. (૨૯) પ્રાતઃકાળમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને ભક્તોએ વળાવ્યા. એટલે પોતાનાં અનુયાયિઓ સાથે કારીયાણી ગામમાં પધાર્યા. (૩૦) કારીયાણી પુરના વાસ્તુ રાજા ગીત વાજિંત્રના ઘોષ સાથે તથા સમગ્ર ભક્તો તથા સૈન્ય સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૩૧)

શ્રીહરિ વાસ્તુ રાજા તથા અન્ય ભક્તોના નમસ્કાર ઝિલીને, તેમની પ્રાર્થના સાંભળી, પોતાનાં અનુચરોની સાથે રાજાના દરબારમાં સુખપૂર્વક રહ્યા. (૩૨) શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને, પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા સુંદર ભોજનો જમતા હતા. (૩૩) તેટલામાં વર્ણીઓ, સંતો, સર્વે ઘોડેસવારો પાર્ષદો વગેરે પણ જુદી જુદી રસોઈ કરીને હર્ષપૂર્વક ભોજન કરતા હતા. (૩૪)

પછી વાસ્તુ રાજા, સભામાં સુંદર આસન ઉપર બિરાજેલા શ્રીહરિની મહામૂલ્યવાળા વસ્રો તથા ઉપચારોથી પૂજા કરતા હતા. (૩૫) રાજાએ શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરેની પણ હર્ષપૂર્વક યથાયોગ્ય ઉપચારોથી પૂજા કરી. તેમજ અન્ય ભક્તોએ શ્રીહરિની હર્ષપૂર્વક ઉપચારોથી પૂજા કરી. (૩૬)

પછી રાજાની પત્નીએ પણ શ્રીહરિનું ઉપચારો વડે પૂજન કરીને શ્રીધર્મવંશની સ્રીઓનું પૂજન કર્યુ. (૩૭) પછી ભક્તવત્સલ શ્રીહરિ નરેન્દ્રને તથા અન્ય ભક્તોને ધર્માદિ વાર્તાથી આનંદ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૩૮)

શ્રીહરિ સવારમાં અશ્વ ઉપર બિરાજ્યા અને રાજા વગેરેએ તેમને વળાવ્યા. પછી પોતાનાં અનુયાયિઓની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ ગઢપુર પધાર્યા. (૩૯) ગઢપુરમાં ઈષ્ટદેવશ્રી શ્રીહરિ પધારે છે તે સાંભળીને નાગમાલ રાજાની સેના વાદ્યોના મહાધ્વનિની સાથે, પયોનિધિ ચંદ્રમાને જોઈને તેમ સન્મુખ દોડે તેમ સન્મુખ દોડ્યા. (૪૦)

પુરવાસી ભક્તો પણ બીજા કાર્યોનો ત્યાગ કરીને અત્યંત હર્ષ પામી, શ્રીહરિની સન્મુખ દાવાગ્નિથી તપાયમાન થયેલા શોભાયમાન હાથીઓ, જેમ ગંગાના શીતળ પ્રવાહ પ્રત્યે, દોડે તેમ દોડ્યા. (૪૧)

અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, ઈષ્ટદેવને નગરની સમીપ જોઈને નાગમાળ વગેરે ભક્તો શ્રીહરિનાં દર્શન ઘણા દિવસે થવાથી વિહ્વળ બની સ્નેહાશ્રુથી આર્દ્ર નેત્રવાળા બની શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૪૨)

શ્રીહરિએ નાગમાળ વગેરેને યથાયોગ્ય માન આપીને તેમની તથા પુરના ભક્તજનોની સાથે નગરમાં પ્રવેશ કર્યો અને ગઢપુરમાં ઉત્તમ રાજાના દરબારમાં પોતાનાં નિવાસ સ્થાનમાં આવીને પોતાનાં અતિ રમણીય આસનમાં બિરાજ્યા. (૪૩)

જયા, રમા, લલિતા તથા બીજી સ્રીઓએ, અત્યંત હર્ષથી વિહ્વળ થઈ, શ્રીહરિનાં દર્શન કરી નષ્ટ થયો છે વિયોગજન્ય તાપ જેમનોં એવી શીતળતા અનુભવી પોતાનાં ઈષ્ટદેવને પરમાનંદપૂર્વક પ્રણામ કર્યા. (૪૪)

હે રાજન્ ! ગઢપુરમાં જેને જેને પોતાની સેવામાં શ્રીહરિએ નિયુક્ત કરેલા હતા તે તે સેવાથી પોતાને અત્યંત કૃતાર્થ માની ભક્તિપૂર્વક તે સેવા કરવા લાગ્યા. (૪૫) ગઢપુરમાં રથયાત્રાને દિવસે (અષાડ સુદી બીજ) સૂર્યોદય સમયે, પુષ્ય નક્ષત્રમાં શ્રીહરિ પધાર્યા. સૂર્યનારાયણ આકાશમાં મધ્યે આવ્યા ત્યારે ઉત્તમ રાજાએ તે રથયાત્રાનો મહોત્સવ કરાવ્યો. (૪૬)

અધર્મનો નાશ કરનાર શ્રીહરિ પોતાનાં સેવકોની સાથે ગઢપુરમાં રહી પૃથ્વી ઉપર જનસમૂહોએ નહિ જોયેલા અધર્મના પ્રવેશને સર્વ ઠેકાણેથી શોધી તેનો વિનાશ કરવા ઇચ્છતા હતા. (૪૭)

સર્વોત્તમ પ્રતાપશાળી શ્રીહરિ પૃથ્વી ઉપર જ્યાં જ્યાં અધર્મ સર્ગનો ઉદય સાંભળતા હતા ત્યાં ત્યાં જઈને અધર્મની ઉત્પત્તિને ત્યાંથી અત્યંત નાશ કરતા હતા. (૪૮) સર્વ નિયંતા ભગવાન શ્રીહરિ ક્યારેક ક્યારેક પોતાનાં એકાંતિક ઉપાસક મુનિઓને વારંવાર મોકલીને અધર્મનો નાશ કરતા હતા. આ પ્રકારે વિવિધ પ્રકારનાં ઉપાયોથી રાત્રિ દિવસ શ્રીહરિ ધર્મનું રક્ષણ કરતા હતા. (૪૯)

આવી રીતે ઈશ્વરાધિપતિ ધર્મધુરંધર શ્રીહરિ ધર્મ સ્થાપન કરતા પોતાનાં જનોને સુખ આપતા મનોહર ગઢપુરમાં નિવાસ કરતા હતા. (૫૦) પછી સ્વાશ્રિતોની ઇચ્છા પૂર્ણ કરનારા સ્વયં શ્રીહરિ ગામડા તથા શહેરોમાં જઈને ઘણા ઉત્સવો કરી વારંવાર ગઢપુરમાં પાછા આવીને ગઢપુરમાં જ રહેતા હતા. (૫૧)

હે રાજન્ ! આ પ્રકારે મેં તમોને પવિત્ર, સર્વોપરિ, શ્રવણ કરવાથી સમગ્ર સંતાપરૂપ દાવાનળના દાહને પ્રશમન કરનાર, સમગ્ર પાપને હરનારું, આ શ્રીહરિનું ચરિત્ર સંક્ષિપ્તથી કહ્યું. (૫૨)


હે રાજન્ ! પૃથ્વી ઉપર જે જન ભક્તિપૂર્વક શ્રી પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિની આ લીલાને ગાશે તથા સાંભળશે તે મનુષ્ય ન જીતી શકાય તેવા બાહ્ય તથા આંતર શત્રુગણોને જીતશે અને પોતાનું સમગ્ર ઇચ્છિત સુખ તથા એકાંતિકી મુક્તિ પામશે. (૫૩)

(જે શ્રીહરિ જેતલપુરમાં તથા ડભાણપુરમાં શ્રેષ્ઠ યજ્ઞો તથા વ્રતપુરીમાં ફુલ દોલનો ઉત્સવ કરીને, ભાગવત ધર્મનો ઉપદેશ આપી, જન્માષ્ટમી, રામનવમી તિથિઓમાં સુંદર મહોત્સવ કરીને, સ્વાશ્રિત જનોને સુખ આપતા હતા. તે શ્રીહરિ સુરત, ધર્મપુર, વાંસદા વગેરે પુરોમાં ફરતા ફરતા ગઢપુર પધાર્યા તે શ્રીહરિ મારું રક્ષણ કરો.)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના સપ્તમ સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ રાજાના સંવાદમાં માર્ગમાં આવેલા ખંભાત પુરાદિમાં શ્રીહરિનું વિચરણ વર્ણન નામે ઓગણએંશીમો અધ્યાય સંપૂર્ણ. (૭૯)



સપ્તમ સ્કંધ સમાપ્ત



સાતમા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૩૮	૨૭-૪૧	૫૩-૪૨
૨-૩૧	૨૮-૩૮	૫૪-૫૩
૩-૬૦	૨૯-૫૪	૫૫-૯૮
૪-૬૧	૩૦-૪૮	૫૬-૩૦
૫-૫૨	૩૧-૪૯	૫૭-૬૭
૬-૩૮	૩૨-૫૮	૫૮-૪૫
૭-૬૭	૩૩-૫૦	૫૯-૭૫
૮-૪૧	૩૪-૨૭	૬૦-૫૭
૯-૪૫	૩૫-૫૭	૬૧-૭૯
૧૦-૪૬	૩૬-૩૯	૬૨-૪૯
૧૧-૫૦	૩૭-૪૬	૬૩-૯૧
૧૨-૪૧	૩૮-૫૦	૬૪-૫૮
૧૩-૩૧	૩૯-૪૦	૬૫-૭૨
૧૪-૩૨	૪૦-૬૨	૬૬-૩૯
૧૫-૩૯	૪૧-૩૯	૬૭-૫૫
૧૬-૩૭	૪૨-૭૪	૬૮-૪૭
૧૭-૫૭	૪૩-૬૧	૬૯-૩૬
૧૮-૪૭	૪૪-૬૭	૭૦-૩૩
૧૯-૩૫	૪૫-૪૪	૭૧-૫૨
૨૦-૩૮	૪૬-૩૪	૭૨-૫૧
૨૧-૩૪	૪૭-૫૩	૭૩-૨૮
૨૨-૩૦	૪૮-૩૨	૭૪-૨૭
૨૩-૩૯	૪૯-૩૨	૭૫-૫૧
૨૪-૩૫	૫૦-૫૩	૭૬-૫૦
૨૫-૩૭	૫૧-૬૭	૭૭-૪૮
૨૬-૪૧	૫૨-૬૫	૭૮-૬૭
		૭૯-૫૩

કુલ શ્લોક : ૩૮૦૬

॥ श्री हरिकृष्णाय नमो नमः ॥

॥ श्री सहजानंद नमो नमः ॥

॥ श्रीहरिलीलाकल्पतरुः ॥

શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથના આઠમા સ્કંધની અવતરણિકા

મનુષ્યોના કલ્યાણ માટે શ્રીહરિએ શરણ્ય, પવિત્ર તથા જગતનું મંગળ કરનારું દિવ્ય મનુષ્ય શરીર પ્રગટ કર્યું હતું. તે શ્રીહરિનું આત્મસ્વરૂપમાં રમણ કરનારા મુનિઓ પ્રતિદિન હર્ષપૂર્વક સદા ધ્યાન તથા ગાન કરે છે. એવા ધર્મના પુત્ર સહજાનંદ શ્રીહરિએ આદરપૂર્વક હું નમસ્કાર કરું છું. (૧)

આઠમા સ્કંધના અતિ મનોહર સાંઈઠ અધ્યાયો મનુષ્યોનું કલ્યાણ કરનારા છે. (૨) તેમાં પ્રથમ અધ્યાયના ગઢપુરના પવિત્રા એકાદશીને દિવસે શ્રીહરિએ મહોત્સવ કર્યો તથા કારીયાણીના રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી તે કહ્યું છે. (૩)

બે અધ્યાય કારીયાણી પુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરીને શ્રીહરિ ફરીથી ગઢડે પધાર્યા. (૪) પછીના એક અધ્યાયમાં સંતોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે જતા શ્રીહરિની યાત્રાની શોભાનું વર્ણન છે. (૫)

પછી એક અધ્યાયમાં મનોહર ઉન્મત્ત ગંગાની શોભાનું વર્ણન છે. ત્યાર પછીના ચાર અધ્યાયમાં પોતાનાં ભક્તજનોની સાથે ઉન્મત્ત ગંગાના જળમાં શ્રીહરિએ કરેલી ક્રીડાનું વર્ણન. (૬)

ઉન્મત ગંગાનો પ્રાદુર્ભાવ તથા ઈતિહાસ ત્યાર પછીના ત્રણ અધ્યાયોમાં વર્ણવ્યો છે. બીજા ત્રણ અધ્યાયોમાં મનોહર ઉન્મત્ત ગંગાનું માહાત્મ્ય વર્ણન છે. (૭)

તે પછીના ત્રણ અધ્યાયોમાં કર્મઠ (કરમઠ) ગામમાં શ્રીહરિએ લીલા કરી તેમજ તે પછીના એક અધ્યાયમાં વલયપુરમાં (વલ્લભીપુરમાં) શ્રીહરિએ મનોહર લીલા કરી તેનું વર્ણન છે. (૮)

એક અધ્યાયમાં સાધુ વગેરેને શ્રીહરિનાં બંધુજનોએ ભોજન કરાવ્યું અને તે પછીના ત્રણ અધ્યાયોમાં સુંદરીયાણા ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન છે. (૯)

પછીના અધ્યાયમાં ધર્મના પુત્ર શ્રીહરિનું દુર્ગપત્તનથી વાંકીયા ગામમાં ગમન અને એક અધ્યાયમાં શ્રીહરિનું ગોંડળ પુરમાં ચરિત્ર વર્ણન છે. (૧૦)

એક અધ્યાયમાં જૂનાગઢ પુરમાં શ્રીહરિએ પ્રવેશ કર્યો તે વર્ણન છે. પછીના સાત અધ્યાયમાં જૂનાગઢમાં શ્રીહરિએ લીલા કરી તથા તે પછીના ત્રણ અધ્યાયોમાં બોટાદપુરમાં શ્રીહરિએ લીલા કરી તેનું વર્ણન છે. (૧૧)

એક અધ્યાયમાં વાંકીયા તથા ભાદરા વગેરે ગામોમાં શ્રીહરિનું આગમન વર્ણવ્યું છે. પછીના ચાર અધ્યાયોમાં વૃત્તાલયમાં શ્રીહરિની લીલાનું વર્ણન છે. (૧૨)

એક અધ્યાયમાં ચાંગા વગેરે ગામોમાં શ્રીહરિનુ આગમન વર્ણવ્યું છે. ત્રણ અધ્યાયોમાં સારંગપુરમાં શ્રીહરિએ લીલા કરી તે કહ્યું છે. (૧૩)

બે અધ્યાયોમાં કારીયાણી ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન છે. તે પછીના ત્રણ અધ્યાયોમાં શ્રીહરિએ લોયા ગામમાં લીલા કરી તેનું વર્ણન છે. (૧૪)

ત્યાર પછીના એક અધ્યાયમાં નાગડકાપુરમાં શ્રીહરિની લીલાનું વર્ણન છે પછી પર્કટી વગેરે ગામોમાં ફરતા ફરતા શ્રીહરિ પંચાળા પધાર્યા તે વર્ણન છે. (૧૫)

છ અધ્યાયમાં પંચાળા ગામમાં શ્રીહરિની લીલા વર્ણવી છે. ત્રણ અધ્યાયોથી જૂનાગઢ પુરમાં શ્રીહરિએ કરેલા ચરિત્રાદિ કહેલાં છે. (૧૬) આવી રીતે મંગળકારી સાંઈઠ અધ્યાયોથી શાંતિ આપનારી અષ્ટમ સ્કંધની શ્રીહરિની કથા કહી છે. (૧૭)





અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ ગઢપુરમાં રહીને નિત્યાનંદ મુનિ પાસે ધર્મશાસ્ત્રની શુભકથા સર્વદા સાંભળતા હતા. (૧) પવિત્ર સ્વામિનારાયણનાં દર્શન કરવા માટે ભક્તના સમુહો બીજા ગામોમાંથી ગઢપુરમાં દરરોજ આવતા હતા. (૨)

બ્રહ્માદિક દેવતાઓ જેમનાં દર્શન ઇચ્છે છે એવા શ્રીહરિનાં દર્શન કરનારા અન્ય ગામોથી આવેલા ભક્તજનોના સમૂહોને આ રીતે પ્રતિદિન મહોત્સવો થવા લાગ્યા. આ રીતે શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને ભક્તોનો આનંદ વિસ્તારતા હતા. તેવામાં શ્રાવણ માસા શુક્લ પક્ષની પવિત્રા એકાદશી તિથિ આવી. (૩, ૪)

શ્રીહરિનાં આશ્રિત ભક્તો પવિત્રા એકાદશીને દિવસે પાંચ રંગના રેશમથી ગુંથેલા તથા સુવર્ણોના સૂત્રોવાળાં મનોહર પવિત્રાં શ્રીહરિને ધારણ કરાવતા હતા. (૫) તે સમયે મહાસભામાં સુંદર સિંહાસનમાં બિરાજેલા, સુંદર મંદ હાસ્યથી દર્શનીય, ધારણ કર્યા છે સુંદર કસુંબી વસ્ત્રો જેમણે એવા; સુંદર કંઠમાં મનોહર પવિત્રા ધારણ કરનારા; સ્વભાવ સુંદર; સર્વોપરિ શ્રીહરિનાં ભક્ત સમૂહો અતિસ્તિર નેત્રોથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૬)

હે રાજન્ ! તે પછી ગઢપુરમાં પૂર્ણિમાને દિવસે શ્રીહરિનો અનન્યાશ્રય પામેલા હજારો હજાર ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. (૭) તે દિવસે મયારામ બ્રાહ્મણ શ્રીહરિનાં બંને હાથે વિવિધ વર્ણોની મનોહર ઉત્તમ રાખડીઓ બાંધતાં હતાં. (૮)

મયારામ બ્રાહ્મણ સ્ફુરાયમાન ચળકતા મોતીઓ, અતિ તેજસ્વી સુંદર રેશમના બનાવેલા મનોહર ગુચ્છો, વિભુ શ્રીહરિનાં બંને બાહુઓમાં બાંધ્યા હતા. (૯) મયારામ બ્રાહ્મણે બાંધેલા ગુચ્છોથી અતિ અલંકૃત શ્રીહરિએ મયારામ બ્રાહ્મણને અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારો આપ્યા. તેમજ લક્ષ્મીરામ, લાલજીત, રામચંદ્ર વગેરે બ્રાહ્મણોને પણ ઘણી દક્ષિણા આપી. (૧૦)

તે સમયે મહાસભામાં અતિ શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજેલા, તેજસ્વી મોતીઓની કાંતિથી તેમજ

સુંદર રેશમના ગુચ્છાઓથી શોભતા, નીલ, પીત્ત, લાલ, લીલા, શ્વેત વર્ણોની રાખડીઓ પોતાનાં બંને કાંડા ઉપર ધારણ કરતા, શ્વેત મનોહર વસ્ત્રોથી શોભાયમાન ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ શ્રીહરિનાં ભક્તો દર્શન કરતા હતા. (૧૧)

તે સમયે દર્શન કરનારા ભક્તોના અંતરમાં, ચંદ્રમાને જોઈને સમુદ્રનાં મોઝાં જેમ આનંદ પૂર્વક ઉછળે તેમ, મહા આનંદ સમાતો નહોતો. (૧૨) આ પ્રસંગે કરિયાણાપુરથી શ્રીહરિનાં દર્શન માટે ગઢપુરમાં આવેલા દેહજીત રાજા બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૩)

હે પીડાહારી ! હે સ્વામિન્ ! મારા ગામમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે દયા કરી આપ આપના ભક્તજનોની સાથે પધારો. (૧૪) હે હરે ! આ મારો તથા મારા પુરના ભક્તોનો મનોરથ ભક્તોનું અભિષ્ટ પૂર્ણ કરનાર આપ પૂર્ણ કરો. (૧૫)

દેહજીત રાજાએ ભક્તિપૂર્વક આ પ્રમાણે પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ તેમને કહ્યું હે રાજન્ ! હું તમારા ગામમાં જન્માષ્ટમીનો ઉત્સવ જરૂર કરીશ. (૧૬) શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા દેહજીત રાજા, પોતાનાં પ્રાણથી પણ અતિ પ્રેમના સ્થાનભૂત શ્રીહરિને પ્રણામ કરીને ઉત્સવને યોગ્ય સામગ્રીઓ તૈયાર કરવા પોતાને ગામ ગયા. (૧૭)

શ્રાવણ માસના કૃષ્ણપક્ષની છઠ્ઠને દિવસે કરિયાણાપુરમાં જવા માટે શ્રીહરિએ ઈચ્છા કરી અને પોતાનાં ભક્તજનોને ત્યાં જવા માટે આજ્ઞા આપી. (૧૮) શ્રીહરિ જમ્યા પછી તત્કાળ તૈયાર થઈને પોતાની ફુલમાળ ઘોડી ઉપર બિરાજમાન થયા. (૧૯) પછી ઘોડાઓ ઉપર બેઠેલા ઉત્તમ વગેરે રાજા, સોમ વર્મા વગેરે ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ દુર્ગપત્તનથી નીકળ્યા. (૨૦)

વાયુના વેગવાળી ઘોડી ઉપર બિરાજેલા ડાબા કરકમળમાં સુવર્ણમયી લગામ ધારણ કરતા, બીજા હસ્તકમળમાં અનુપમ નાની સોટી ધારણ કરતા, પોતાનાં ભક્તોએ મસ્તક ઉપર ધારણ કરાવેલા શોભાયમાન છત્રવાળા, દુર્ગપત્તનના સમગ્ર ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૨૧)

પ્રસન્ન થયેલા રામપ્રતાપ કેસરી ઘોડી ઉપર બેસી શ્રીહરિની પાછળ ચાલતા હતા. તે સમયે રામપ્રતાપની માફક ઈચ્છારામ પણ અત્યંત હર્ષપૂર્વક રોઝા ઘોડા ઉપર બેસીને શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૨૨) રામપ્રતાપના મોટા પુત્ર નંદરામ તથા બીજા પુત્ર ઠાકુરરામ પણ પ્રસન્ન થઈ રથમાં બેસી સંસારનો તાપ નિવારણ કરનારાં છે દર્શન જેમનાં એવા, શ્રીહરિનાં દર્શન કરતા પાછળ ચાલતા હતા. (૨૩)

પ્રેમથી વ્યાપ્ત ચિત્તવાલાં ઈચ્છારામના મોટા પુત્ર ગોપાળજી મેનામાં બેઠા હતા તથા બીજા પુત્ર વૃંદાવન સુંદર શિબિકામાં બેસીને શ્રીહરિની પાછળ ચાલતા પ્રિય શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૨૪)અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી ઉત્તમ ઘોડીઓ ઉપર બેસીને, તે બંને ઘોડીઓને પુલાર્ધ અને પુલાદી ચાલો ચલાવી શ્રીહરિને આનંદ પમાડતા હતા. (૨૫)

આગળ ચાલનારા સીતારામ પોતાનાં અત્યંત શીઘ્રગામી ઘોડાને દોડાવતા, ઘોડો ખરાબ માર્ગે જતો સામે આવેલી મોટી વાડ જોઈને તે વાડને તત્કાળ કૂદાવી, મહાવેગવાળા અને ગોળાકાર ચાલ ચાલતા અને વળી તેને પાછો વાળીને શ્રીહરિની સમીપે આવીને, શ્રીહરિને આનંદ પમાડતા શ્રીહરિની વંદના કરતા હતા. (૨૬)

બદરીનાથ તો પોતાનાં મહા વેગવાળા પોતાનાં ઘોડાને લોકો દેખી પણ ન શકે તેવા વેગથી દોડાવીને તે ઘોડા પાસે અર્ધ પુલાયિત ગતિ કરાવતા, માર્ગમાં શ્રીહરિને તથા ઘોડેસવારોના સમુદાયને આનંદ પમાડતા ચાલતા હતા. (૨૭)વર્ણી સમુદાયો તથા સંતો શ્રીહરિની રમણીય મૂર્તિનાં દર્શન કરતા શ્રીહરિની પાછળ ચાલતા હતા. એ રીતે તેઓ સર્વની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ કરિયાણા ગામ પહોંચ્યા. (૨૮)

ગામના અધિપતિ દેહજીત, રામપ્રતાપ તથા અન્ય ભક્ત ગણોની સાથે પોતાનાં ગામમાં પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિ પધારે છે તે સાંભળીને ગ્રામજનો મંગળ વાદ્યોના ઘોષ સાથે વેગ પૂર્વક શ્રીહરિની સન્મુખ આવ્યા. (૨૯)

દેહજીત વગેરે ઘોડેસવારોથી વીંટાઈને, દેદીપ્યમાન શ્વેતવસ્ત્રો ધારી; ઘોડાના વેગથી, બંને નેત્રોને જેમની મૂર્તિ અતિ ચપળ અને સુંદર લાગતી એવા, આનંદ સાગર, શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને પ્રણામ કરતા હતા. (૩૦)મહાયશસ્વી શ્રીહરિએ પોતાની સમીપે આવેલા, ભક્તિથી નમ્ર, તે સર્વેની યથાયોગ્ય સંભાવના કરીને પોતાનાં સમગ્ર ભક્તોની સાથે ગામમાં પ્રવેશ કર્યો. (૩૧)

દેહજીતે પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પોતાનાં દરબારમાં આવેલા રમણીય ભુવનમાં ઉતારો કરાવ્યો, તેમજ શ્રીહરિની સાથે આવેલા ભક્ત જનોને સુંદર ભુવનોમાં યથાયોગ્ય ઉતારા કરાવ્યા. (૩૨) અતિસંતોષ પામેલા દેહજીત રાજાએ શ્રીહરિનું તેમનાં બંધુઓ સાથે યથાયોગ્ય આતિથ્ય કર્યું. પછી દાસની માફક શ્રીહરિની દેહજીત નિરંતર સેવા કરવા લાગ્યા. બીજા સર્વે ભક્તો પણ સ્નેહપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૩)

હે રાજન્ ! કરિયાણામાં વસતા શ્રીહરિ પોતાનાં સમગ્ર ભક્ત સમૂહોની અતિ સ્નેહપૂર્વક સેવા સ્વીકારતા પોતાનાં ભક્તોને સુખ આપતા, ધર્મ, જ્ઞાનાદિ ઉપદેશ સંબંધી અમૃતથી અતિમધુર વિવિધ પ્રકારની વાર્તા કરતા હતા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિનું કરિયાણા પુરમાં આગમન નિરૂપણ નામે પ્રથમ અધ્યાય સંપર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કરિયાણાપુરમાં શ્રીહરિનાં ભક્ત દેહજીત, બાણજીત, કાળાભાઈ વગેરે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧) મેના, માંકા, જાનંતી તથા સીતા વગેરે ધર્મનિષ્ઠ સ્ત્રીઓ પ્રીતિપૂર્વક શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૨)

પછી તે ભક્તોએ સાતમને દિવસે જમીને સભામાં બિરાજેલા શ્રીહરિનું વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી પૂજન કર્યું. (૩)

દેહજીત વગેરે ભક્તોએ શ્રીહરિનું તથા તેમનાં પરિવાર બંધુજનોનું તેમજ મુનિઓ વગેરેનું યથાયોગ્ય રમણીય ઉપચારોથી સમર્ચન કર્યું તેમજ મેના વગેરે સ્ત્રીઓ પણ પુષ્પાદિક રમણીય ઉપચારોથી પૂજતી હતી. (૪) કરિયાણાપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે શ્રીહરિ પધાર્યા છે તેવું સાંભળીને દેશાંતરથી ભક્તજનના સમૂહો ઉત્સવમાં આવ્યા. (૫)

દેશાંતરના ભક્તજનના સમૂહો ચંદ્રને જોઈને ચકોરો જેમ આનંદ પામે તેમ શ્રીહરિનાં દર્શન કરીને શાંતિ પામ્યા. શ્રીહરિએ પોતાનાં તે સર્વે ભક્તોની યથાયોગ્ય સંભાવના કરી. (૬)

હે રાજન્ ! સાતમને દિવસે ભક્તોની સંભાવના કરવા ભક્તપતિ શ્રીહરિએ સપ્તમી વ્યતીત કરી. (૭) રાત્રીએ મહાસભામાં પોતાનાં આસન ઉપર બિરાજેલા, ભક્ત સમૂહો જેમનાં મુખકમળનું દર્શન કરે છે એવા શ્રીહરિએ ધર્માદિ સંબંધી ઉપદેશવાર્તા કરી. (૮)

પછી રાત્રીનો એક પ્રહર બાકી રહ્યો ત્યારે શ્રીહરિએ તે સર્વે ભક્તોને પોતપોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી અને પોતે પણ પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૯) શ્રીહરિ કોમળ શૈય્યામાં પોઢી ગયા. રત્નજીત વગેરે પાર્ષદો શ્રીહરિની સેવા કરતા હતા. તેવામાં શુભ યોગ નિદ્રાને શ્રીહરિએ ગ્રહણ કરી. (૧૦)

શ્રીહરિએ અષ્ટમીની પ્રભાતે ઊઠીને મનુષ્ય નાટ્યને અનુરૂપ કાળુભાર નદીના સ્વચ્છ જળથી સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૧) પછી શ્વેત વસ્ત્રો ધારણ કરીને પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ સભામાં આવીને ઉંચા રમણીય આસન ઉપર બિરાજ્યા. (૧૨) સભામાં શ્રીહરિનાં બંધુઓ આસનોમાં બેઠા તથા હજારો ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ યથાયોગ્ય બેઠા. (૧૩)

શ્રીહરિએ ધર્મ, જ્ઞાનાદિ વિષયક શાસ્ત્રોના અર્થો અનુસાર અમૃતથી પણ અધિક રસવાળી, આશ્ચર્યકારી વાર્તા કરી. (૧૪) સભામાં બેઠેલા પ્રેમાનંદ વગેરે મુનિઓને ભગવાનનાં કીર્તનો ગાવાની શ્રીહરિએ આજ્ઞા આપી. તેથી મુનિઓ મૃદંગના તથા કાંસા વગાડીને ગાવા લાગ્યા. (૧૫)

ત્યાં ભક્તોએ જન્માષ્ટમીને દિવસે અનેક વર્ણવાળા વસ્ત્રોથી અત્યંત શોભાયમાન, જુદા જુદા ઉલ્લોચોથી સુંદર, કેળના સ્તંભો વગેરેથી શોભાયમાન, વિવિધ પ્રકારનાં રંગોથી વિલસતો અને તેથી દર્શનપ્રિય બનેલો વિસ્તૃત મંડપ કરાવ્યો. (૧૬, ૧૭)

નવીન પલ્લવોથી શોભતો, સુલલીત, વિવિધ પ્રકારનાં પુષ્પોથી શોભાયમાન હીંડોળો ભક્તોએ તે મંડપમાં બાંધ્યો. (૧૮)નિરાહાર ઉપવાસ કરી સર્વે ભક્તજનોએ શ્રીકૃષ્ણના પદોનું ગાન કરી, શ્રીહરિનાં દર્શનથી અત્યંત ઉત્સાહિત થઈને તે દિવસ નિર્ગમન કર્યો. (૧૯)

રાત્રિએ ભક્તજનોએ પોતાનાં ઈષ્ટદેવ ભક્તવત્સલ શ્રીહરિની પ્રેમપૂર્વક પ્રાર્થના કરી અને તેમને હિંડોળામાં પધરાવ્યા. (૨૦) કરિયાણા ગામના નિવાસી ભક્તો તથા દેશાંતરથી આવેલા ભક્તસમૂહોએ સુંદર કેસર, કસ્તુરી, ચંદન, અક્ષત, કુંકુમ તથા સુગંધીમાન પુષ્પોના બનાવેલા તોરા, હાર, ગુચ્છો તથા બાજુબંધો તેમજ મહામૂલ્યવાળાં વસ્ત્રો, અલંકારો તથા ધૂપ, દીપ અને વિવિધ પ્રકારનાં અમૃતસમાન નૈવેદ્યો, નાના પ્રકારનાં ફળો, દક્ષિણા વગેરેથી ભક્તિપૂર્વક પૂજન કર્યું. (૨૧, ૨૨, ૨૩)

પછી ભક્તજનોના સમૂહોએ પણ પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારનાં વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની આરતી ઉતારી. (૨૪) હે રાજન્ ! મુકુંદનંદ વર્ણીરાજ હિંડોળાની દોરી પકડીને પ્રિયદર્શન શ્રીહરિને હિંચકાવવા લાગ્યા. (૨૫)

હિંડોળાના હલનચલનથી ઉત્પન્ન થતા વાયુથી સહજ ઉડતા સુંદર વસ્ત્રોના છેડીઓમાં દીવાઓના પ્રકાશથી અનેક બ્રહ્માંડોના અધિપતિઓને જીતીને ઉદ્ધત થયેલા સો સો કામદેવના ગર્વનો નાશ કરનારા, અકારણ કારુણ્યામૃતથી આર્દ્ર થયા છે. પ્રેમભર્યા નેત્રો જેમનાં એવા, હીંડોળાના વેગથી ચલાયમાન શરીરવાળા શ્રીહરિનાં સમગ્ર ભક્તોએ પ્રીતિપૂર્વક દર્શન કર્યાં. (૨૬)

સ્ફુરાયમાન અને શોભિત મંદ હાસ્યથી કાંતિવાળું મુખારવિંદ જેનાંથી પૂર્ણચંદ્ર પણ જીતાયો છે એવા શોભાયમાન, શ્રીવત્સ તથા નિર્ગુણ હારથી અત્યંત પ્રકાશમાન અને વિશાળ છાતીમાં પુષ્પોના હારની પંક્તિથી શોભતા, વિવિધ પ્રકારનાં પુષ્પોના તોરા તથા કસુંબલ રંગથી રંગાયેલી સુંદર ચલાયમાન પાઘથી શોભાયમાન શ્રીહરિ, ચારેય તરફ પોતાનાં દર્શન કરતા પોતાનાં ભક્તજનોના ચિત્તને હરતા હતા. (૨૭)

ખંજન પક્ષીની સ્વાભાવિક ચંચળ દૃષ્ટિને પણ પરાભવ પમાડતી શ્રીહરિની સર્વોત્તમ અત્યંત દયારૂપી અમૃત રસ વર્ષાવતી દૃષ્ટિ, જે દૃષ્ટિથી શ્રીહરિએ પોતાનાં દર્શન કરવામાં અત્યંત આસક્તિવાળાં નિર્નિમેષ નેત્રોવાળાં પોતાનાં ભક્તજનોના સમૂહ પ્રત્યે અત્યંત કૃપાપૂર્વક જોઈને, પ્રસન્ન શ્રીહરિ પોતાનાં ભક્તોને પોતાનાં દર્શનનો અત્યંત આનંદ આપ્યો. (૨૮)

હે રાજન્ ! ઉપમાન વગેરે અલંકારો જાણવામાં અતિ નિપુણ સૌજન્યાદિ ગુણ ગણોથી શ્રેષ્ઠ કવિરાજો, જગતમાં જે ઉપમાનને હંમેશા શોધે છે અને છતાં જે તેમને પ્રાપ્ત થયો નથી. તેથી વારંવાર મોહિત થયેલા, એવા સર્વ ઉપમાન શ્રેષ્ઠ અક્ષર તથા સર્વ અક્ષર મુક્તોના એક જ નિયંતા, સર્વોત્તમ ગુણ સુખ તથા ઐશ્વર્યના સમુદ્ર એવા શ્રીહરિનાં પોતાની દૃષ્ટિ રૂપી પાત્રોથી, પોતાની દૃષ્ટિ સમક્ષ આદરપૂર્વક દર્શન કરનારાઓના ભાગ્ય અહીં હું શું વર્ણવું ? કરોડો કાળ પર્યંત જેનાં ચરણની રજને ખોળનારા

વેદો પણ જેમનોં પાર પામતા નથી. (૨૯)

તે સમયે આકાશમાં અંતરિક્ષમાં રહી અત્યંત શોભાના ધામરૂપ શ્રીહરિનાં દર્શન કરનારા તથા શ્રીહરિને અત્યંત પ્રીતિથી નમસ્કાર કરનારા, અતિસુંદર પુષ્પોથી વ્યાપક શ્રીહરિને વધાવતા દેવગણો 'જય જય' શબ્દો વારંવાર બોલતા શ્રીહરિની કલ્યાણકારી સ્તુતિ કરતા હતા. (૩૦)

સૌંદર્યરૂપી અમૃતના એક પયોનિધિ, અધમ પુરુષોના ઉદ્ધારક પૃથ્વીમાં રહેનારા પ્રાણીઓની પીડાને હરનારા, સત્પુરુષોમાં અત્યંત સ્નેહવાળા, પ્રિય શોભાયમાન ભક્તિધર્મના પુત્ર સહજાનંદ સ્વામીના અનિમિષ દૃષ્ટિથી દર્શન કરતા ભક્તજનોની અષ્ટમીની સમગ્ર રાત્રિ આ રીતે ક્ષણની માફક વીતી ગઈ. (૩૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં હિંડોળા ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિનું પૂજન દર્શન વગેરે ઉત્સવનું નિરૂપણ તે નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અત્યંત પવિત્રકારી શ્રીહરિએ પ્રાતઃકાળમાં પોતાનાં સમગ્ર જનોની સાથે કરિયાણા ગામની સમીપે કાલુભાર નદિમાં શાસ્ત્રવિધિ પ્રમાણે સવારમાં સ્નાન કર્યું. (૧)

પછી શ્રીહરિએ પોતાનાં નિવાસ સ્થાનમાં આવી ફરીથી સ્નાન કરીને પોતાનાં મનુષ્ય નાટ્યને અનુરૂપ સમગ્ર નિત્યવિધિ કર્યો. (૨) ત્યારબાદ હે રાજન્ ! સત્પતિ ધર્મપુત્ર શ્રીહરિ પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતાં હતાં. (૩)

તેટલામાં ત્યાં વર્ણીઓ રસોઈ કરીને, પ્રિય શ્રીહરિનું અંતઃકરણમાં સ્મરણ કરી, વિષ્ણુને અર્પણ કરેલાં તે ભોજના યથાયોગ્ય જમ્યા. (૪) પછી શ્રીહરિએ સમગ્ર સાધુઓએ સુંદર લાડુ પીરસીને તૃપ્ત કર્યા. તેમજ ઉત્તમ રાજા ઘોડેસવારો તથા પાર્ષદોને પણ જમાડ્યા. (૫)

પોતાનાં ભક્તોનુ હિત કરવામાં તત્પર શ્રીહરિએ સાંજના પહોરે કાલુભાર નદીના કિનારે આવેલા વિશાળ મહેલના શુભ પ્રાંગણમાં પોતાનાં ભક્ત સમૂહોની સભા કરાવી. (૬) તે સભામાં શ્રીહરિ અતિ ઉત્તમ સિંહસનમાં વિરાજમાન થયા. તેમનાં બંધુજનો પણ યથાયોગ્ય બેઠા. વળી પ્રસન્ન મુનિઓ, વર્ણીઓ અને અન્ય ગૃહસ્થ ભક્તો પણ યોગ્યતા પ્રમાણે બેઠા. (૭)

તે સમયે ગાન વિદ્યામાં ચતુર મુક્તાનંદ મુનીંદ્ર તથા પ્રવીણ દેવાનંદ વગેરે શ્રીહરિની આજ્ઞાથી વાજિંત્રો સહિત ગાન કરવા લાગ્યા. (૮) ચંચળ મૂર્તિ અને સંગીતના રસને જાણનારા પરમાત્મા શ્રીહરિ, માધુર્ય રસથી યુક્ત સંગીત સાંભળવા લાગ્યા. નાના પ્રકારનાં તાલ તથા સ્વરના ભેદે સહિત તેમજ ગ્રામ મૂર્છનાથી યુક્ત. (૯)

ચપટી વગાડતાં અને દયા દૃષ્ટિથી પોતાને વિષે સ્નહેવાળા મુનિઓ પ્રત્યે જોતા, શ્વેત વસ્ત્ર ધારણ કરનારા, ડોલાયમાન થતી પુષ્પોની માળા ધારણ કરેલા, શ્રીહરિનાં તે સમયે સભામાં બેઠેલા જનસમૂહો દર્શન કરતા હતા. (૧૦)

પછી સુંદર ઉપદેશ વાતો કરવા ઈચ્છતા શ્રીહરિએ તે સંગીત સમાપ્ત કરાવ્યું અને પોતાનાં ભક્તોને ઉપદેશ આપતા વેદશાસ્ત્રોના પ્રમાણો સાથે ધર્મયુક્ત વાતો કરી. (૧૧) શ્રીહરિએ પોતાનાં સમગ્ર ભક્તજનોને આ પ્રમાણે ઉપદેશામૃતનું પાન કરાવીને તેમને સંતોષ પમાડીને પોતાનાં અનેક ભક્તજનોને પોત પોતાનાં દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી. (૧૨)

તે સમયે પોતાનો અભિપ્રાય કહેવા માટે નારાયણે પ્રેરણા કરેલા એક દિવ્ય મુક્ત બદરિકાશ્રમની શ્રીહરિની સમીપે આવ્યો. તે ભક્ત શ્રીહરિને નમસ્કાર કરીને ઉભો રહ્યો. શ્રીહરિએ તેના તરફ કૃપાદૃષ્ટિ કરી તે ભક્તનું સન્માન કર્યું. (૧૩)

બદરિકાશ્રમથી આવેલા તે ભક્તનું વૃત્તાંત જાણવાની શ્રીહરિની ઉત્સુકતાથી શ્રીહરિની પ્રેરણાથી તે ભક્તે કહ્યું, હે દેવ ! આપ તો સર્વના અંતર્યમી છો એટલે મારા આવવાનું કારણ આપ જાણો છો. તો પણ હું આપનો દાસ છું. આપે પ્રેરણા કરી તેથી હું મારે અહીં આવવાનું કારણ કહું છું. (૧૪) હે શ્રીહરિ ! હિમાચલની સમીપના પ્રદેશમાં ફરતાં ફરતાં આપ બદરિકાશ્રમમાં પધાર્યા તે સમયે ધર્મના પુત્ર આપે નરે સહિત નારાયણની સમીપે જે પ્રતિજ્ઞા (બે સ્થાનોમાં જરૂર તમારું સ્થાપન કરીશ) કરી છે. (૧૫)

હે પ્રભો ! ધર્માદિ મહાકાર્યો કરવામાં આપ સદા તત્પર હોવાથી આપ તે પ્રતિજ્ઞાને કેમ સંભારતા નથી ? હે અક્ષરાદિના નિયંતા ! આ પ્રતિજ્ઞાનું પુનઃ આપને સ્મરણ કરાવવા માટે નરના મોટાભાઈ નારાયણે મને પ્રેરણા કરી તેથી હું અહીં આવ્યો છું. માટે તે પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરવામાં નિપૂણ હે સ્વામિન્! આપ તે પ્રતિજ્ઞા દૃષ્ટિમાં રાખો. (૧૬)

ધર્માત્મજ પરમેશ્વર શ્રીહરિ મંદહાસ્ય કરીને, ધર્મ પ્રજાપતિના પુત્રથી નરનારાયણની પ્રસન્નતા માટે નારાયણના સમીપેથી આવેલા તે ભક્તને કહેવા લાગ્યા. હે ભક્ત ! તમો સુખપૂર્વક બદરિકાશ્રમમાં પધારો. જે પ્રયોજન માટે આપને મોકલ્યા છે તેનો ઉત્તર મારા સાધુ ત્યાં આવીને કહેશે. (૧૭)

આવી રીતે ધર્મપુત્ર શ્રીહરિની વાણી સાંભળીને તે ભક્ત ગયા પછી ધર્મપુત્ર શ્રીહરિએ તત્કાળ પોતાની આગળ બઠેલા શતાનંદમુનિને બોલાવ્યા. પછી એકાંતમાં જે કાર્ય કરવાનું હતું તેનો વિચાર કર્યો. (૧૮)

શ્રીહરિએ નરના મોટાભાઈ નારાયણને પ્રસન્ન કરવા માટે તથા પરોક્ષપણે પોતાને એકાંતિક ભાવથી ભજતા દલજીત યોગી તથા ભાનુસિંહ વગેરેને સાક્ષાત્ પોતાનાં સ્વરૂપનું જ્ઞાન કરાવી, તેમનોં મોક્ષ કરવા માટે, શતાનંદમુનિને તે બદરિકાશ્રમમાં મોકલ્યા. ધર્મપુત્ર શ્રીહરિની આજ્ઞા લઈ શતાનંદમુનિ બદરિકાશ્રમમાં ગયા. ત્યાં નરના મોટાભાઈ નારાયણને શ્રીહરિએ કહેલું વૃત્તાંત કહ્યું. (૧૯)

ત્યારબાદ શતાનંદમુનિ શ્રીનારાયણની આજ્ઞા લઈને ત્યાંથી તત્કાળ ચાલ્યા. પછી પ્રથમ દલજીત યોગીને મળીને દલજીતને સાક્ષદ્વાત્ શ્રીહરિનો નિશ્ચય કરાવીને તેનો મોક્ષ કર્યો. (૨૦) ત્યાંથી શતાનંદમુનિ ફરતા ફરતા હઠયોગીને મળ્યા. પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનો તેમને નિશ્ચય કરાવીને તેમનોં મોક્ષ કર્યો. વળી ૭ માસ સુધી સમાધિ સ્થિતિ પામેલા ભાનુસિંહ રાજાને મળીને તેમનોં પણ મોક્ષ તત્કાળ કર્યો. (૨૧)

અહીં શ્રીહરિ વિવિધ પ્રકારની ગતિ કરવામાં પ્રવીણ એવી પોતાની શ્રેષ્ઠ ઘોડી ઉપર બિરાજમાન થઈ, પોતાનાં દર્શન કરનારા પોતાનાં આશ્રિત જનોનાં મન હરતા હરતા ઘોડીને ખેલવતા હતા. (૨૨)

દર્શનીય શ્રીહરિ રેચિત, આસ્કંદિત, ધૌરિત, પ્લુત, વલ્ગિત વગેરે ગતિઓના ભેદોમાં તે ઘોડીની ચતુરાઈ સૌને બતાવતા ઘોડી ખેલવતા હતા. (૨૩) તે સમયે ભક્તજનના સમૂહો શ્વેતપાઘમાં ફરફરતા પુષ્પોના સુંદર તોરા તથા હાર અને ફરકતાં શ્વેત વસ્ત્રો તથા ચપળ અંગોવાળા શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. (૨૪) શોભાયમાન સુંદર લગામ પોતાનાં હાથમાં ધારણ કરતા શ્રીહરિએ દોડાવેલી ઘોડી વીજળીની માફક ગતિ કરતી પોતાનાં દર્શન કરનારા ભક્તજનોના નેત્રપથ પરથી પસાર થઈ ગઈ. (૨૫)

આવી રીતે ઘોડીને અત્યંત ખેલવીને શ્રીહરિ પોતાનાં આશ્રિત જનોને અતિ શાંતિ કરનારા દર્શન આપીને, હર્ષ પામેલા મુનિઓની સાથે પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૬)

શ્રીહરિએ અહીં આવી મહાસભામાં પોતાનાં આસનમાં બિરાજી ભક્તોને દર્શન આપી અમૃતના સારરૂપ રસવાળી વિવિધ પ્રકારની, ધર્માદિ સંબંધી સુંદર વાર્તા કરી. (૨૭) હે રાજન્ ! પછી ભક્તસમૂહોને પોતપોતાનાં ઉતારામાં જવા માટે આજ્ઞા આપીને, પોતાની અતિ શોભાયમાન કોમળ શય્યામાં શ્રીહરિ પોઢી ગયા અને પોતાની સેવામાં ઉત્સાહવાળી યોગનિદ્રાને ગ્રહણ કરી. (૨૮)

શ્રીહરિએ સવારમાં ઊઠીને સ્નાન અને નિત્ય વિધિ કર્યો. તેટલામાં દેશાંતરથી આવેલા સમગ્ર ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને પોતાનાં દેશ પ્રત્યે ગયા. (૨૯) હે રાજન્ ! પછી શ્રીહરિ સુંદર પાટલા ઉપર બેસીને બંધુજનોની સાથે શ્રીવિષ્ણુને અર્પણ કરેલા અતિ સુંદર ભોજન જમ્યા. (૩૦)

તેટલામાં વર્ણીઓ, મુનિઓ તથા પાર્ષદો જુદી જુદી રસોઈ કરીને શ્રીહરિની અંતરમાં સ્મૃતિ કરતાં યથાયોગ્ય ભોજન જમ્યા. (૩૧) પછી સ્વતંત્ર શ્રીહરિ ત્યાંથી જવા માટે તૈયાર થયા. સેવકે આણેલી વિવિધ પ્રકારની અલંકારોથી શોભાયમાન પોતાની ઘોડી ઉપર શ્રીહરિ છલંગ મારીને બેસી ગયા. (૩૨) તેટલામાં વાહનોમાં બેઠેલા તેમનાં બંધુઓ તથા ઘોડેસવારો, પાર્ષદગણ, વર્ણીઓ, સાધુઓ તથા ઉત્તમ રાજા વગેરે સર્વે શ્રીહરિની સમીપે આવી તેમને ચારે તરફથી વીંટળાઈને ઊભા રહ્યા. (૩૩)

હે રાજન્ ! પોતાનાં બંધુજનો સહિત શ્રીહરિને, શ્રીહરિનાં ચરણકમળના આશ્રિત કરિયાણા નિવાસી ભક્તજનોએ નાના પ્રકારનાં વાજિંત્રોના ઘોષ સહિત વળાવ્યા એટલે શ્રીહરિ ત્યાંથી નીકળ્યા. (૩૪)

ઘોડે સવારોથી વીંટળાયેલા, અલંકારોવાળી ઘોડીને અલંકૃત કરતા, પોતાનાં સમગ્ર જનોની સાથે માર્ગમાં વિચરતા શ્રીહરિ મનોહર ગઢપુરમાં પધાર્યા. (૩૫) શ્રીહરિએ ઘોડેસવારો તથા અન્ય ભક્તોથી

વીંટાઈને પોતાનાં ભક્તોની સાથે ગઢપુરમાં પ્રવેશ કર્યો. એ પ્રકારે ગઢપુરના જનો જેમને વંદના કરતા દર્શન કરે છે તે શ્રીહરિ ઉત્તમ રાજાના સુંદર દરબારમાં પધાર્યા. (૩૬)

પછી રતનજી પાર્ષદે પોતાનો હાથ લંબાવ્યો એટલે પ્રભુ શ્રીહરિ તેમનોં હાથ પકડીને ઘોડી ઉપરથી તત્કાળ ઉતરીને લીંમડાની નીચે ઓટલા ઉપર પોતાનાં રમણીય આસન ઉપર બિરાજ્યા. (૩૭)

રાજદ્વારમાં બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરતા ભક્તસમૂહો તથા જયા રમા, લલીતા તથા અન્ય સ્ત્રીઓ, પ્રિય ચંદ્રને જોઈને ચકોર પક્ષી જેમ આનંદ પમે તેમ, અત્યંત શાંતિ પામી. (૩૮) ખેડાવાળ જ્ઞાતિના વિપ્ર રામકૃષ્ણને નવાનગર મોકલાવેલા તેટલામાં તે શ્રીભાષ્યનું પુસ્તક નવાનગરથી લઈને શ્રીહરિની સમીપે આવ્યા. તે બ્રાહ્મણે સભામાં બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરીને, તે પુસ્તક શ્રીહરિને આપ્યું. (૩૯)

હે રાજન્ ! શ્રીહરિએ રામકૃષ્ણ વિપ્રનો સત્કાર કરીને હર્ષથી પોતાનાં ચરણ કમળ તેમની છાતીમાં ચાંપ્યા. પછી તે પુસ્તકનાં પાનાં લખવા માટે સાધુઓને વહેંચી આપ્યા. (૪૦) શ્રીહરિની પ્રસન્નતા પરાયણ લેખક મુનિઓ તે પુસ્તકને હંમેશા લખતાં અને તે રીતે ભાદરવા સુદી દશમીને દિવસે તે પુસ્તકનું લેખનકાર્ય પરિપૂર્ણ કર્યું. (૪૧)

લેખક સાધુઓ તે દિવસે શ્રીહરિનું પૂજન કરવાની ઇચ્છાથી સભામાં બિરાજેલા અક્ષરાદિના નિયંતા શ્રીહરિને હર્ષથી પ્રણામ કરીને વિનયપૂર્વક પોતાનો સંકલ્પ જણાવતા હતા. (૪૨)

તેથી શ્રીહરિએ હે સંતો ! કાલે પદ્મા એકાદશી છે. તે એકાદશીને દિવસે તમારે સર્વેએ ઇચ્છા પ્રમાણે મારી પૂજા કરવી. (૪૩) તે સર્વે મુનિઓ શ્રીહરિની આજ્ઞા મેળવીને શ્રીહરિને પ્રણામ કરીને, અતિ પ્રસન્ન થઈ યોગ્યતા પ્રમાણે સભામાં બેસીને ભક્તિપૂર્વક પોતાનાં ઈષ્ટદેવના દર્શન કરવા લાગ્યા. (૪૪) તે સભામાં સમર્થ શ્રીહરિએ ઉપદેશ વાર્તા કરીને પોતાનાં ભક્તજનોને પોત પોતાનાં નિવાસ સ્થાનમાં જવાની આજ્ઞા કરી, પોતે પણ પાર્ષદોથી વીંટળાયેલા, સુંદર ગતિથી પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૪૫)

તેટલામાં કરિયાણા ગામમાં સમાધિષ્ઠ શતાનંદ મુનિને શ્રીહરિએ મોકલ્યાં હતાં તે શતાનંદ મુનિ શ્રીહરિનાં નિવાસ સ્થાનમાં આવ્યા. શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિનાં સમીપે બેઠા. (૪૬)

શ્રીહરિએ ત્યાંનું વૃત્તાંત પૂછ્યું તેથી શતાનંદ મુનિ બદરિકાશ્રમની વાર્તા સાંભળવામાં શ્રીહરિની પ્રસન્નતા છે એવું જાણીને તે સમાચાર વિસ્તારપૂર્વક કહેવા લાગ્યા. પછી શ્રીહરિએ શતાનંદમુનિની છાતીમાં પોતાનાં ચરણકમળ ચાંપ્યા, પછી તે મુનિને પોતાની પ્રસાદી જમાડીને તેમને તેમનાં આસને જવા માટે આજ્ઞા કરી. (૪૭)

શતાનંદ મુનિ તેમનાં આસને ગયા ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિ અતિકોમળ સુંદર શય્યામાં પોઢી ગયા. પછી સેવામાં અતિ ચતુર પાર્ષદોની સેવા ગ્રહણ કરતા સેવા કરવા માટે અત્યંત રાહ જોતી યોગ નિદ્રાએ શ્રીહરિએ અંગીકાર કરી. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં મુક્તાનંદાદિ મુનિઓએ કરેલા ગાનનું વર્ણન કર્યું એ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ બ્રહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરીને પરાત્પર, સદા આનંદરૂપ, પોતાનાં સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧) સવારમાં મુકુંદાનંદ વર્ણીએ ભક્તિપૂર્વક પવિત્ર ઉનમત્ત ગંગાના જળથી શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિએ પોતાનો નિત્યવિધિ કર્યો. (૨)

ત્યારબાદ શ્વેત વસ્ત્રો ધારણ કરીને પાર્ષદોથી વીંટાયેલા, ડોલાયમાન થતા તોરાઓ તથા હારની પંક્તિવાળા, ચાખડીઓના ચટ્ ચટ્ ધ્વનિ સહિત શ્રીહરિ, રૂમાલ પકડેલો જમણો હાથ હલાવતા, સભામાં પધાર્યા અને પોતાનાં સુંદર ઉંચા આસન ઉપર બિરાજમાન થયા. (૩-૪)

શ્રીહરિનાં સમગ્ર બંધુજનો તથા શ્રીહરિ છે, પ્રિય જેમને એવા ત્યાગીઓ તથા ગૃહસ્થો પોતાની યોગ્યતા પ્રમાણે સભામાં બેઠા. (૫) પછી સ્વતઃસિદ્ધ, અત્યંત જ્ઞાન સમુદ્ર શ્રીહરિએ દયાર્દ્ર દૃષ્ટિથી પોતાનાં ભક્તો પ્રત્યે જોઈને મનોહર ઉપદેશ વાતો કરી. (૬)

અમૃતથી પણ અત્યંત મિષ્ટ વાર્તા કરીને પોતાનાં ભક્તોને સંતોષ પમાડીને શ્રીહરિએ શ્રીભાષ્યનું લેખન કાર્ય કરનારા સાધુઓનો, પોતાની પૂજા કરવાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે ઈચ્છા કરી. (૭)

હે રાજન્ ! ભક્તોને ઈચ્છિત સુખ આપનારા સત્પુરુષો પ્રત્યે સ્નેહવાળા શ્રીહરિએ લેખન કાર્ય કરનારા તે સર્વ લેખક મુનિઓને સભામાં બોલાવવા માટે પોતાનાં પાર્ષદ મયારામને મોકલ્યા. (૮)

પછી મયારામ સત્પુરુષોની ધર્મશાળામાં જઈને, ઉંચા સ્વરે હે સંતો ! શ્રીહરિ તમોને પૂજા કરવા માટે બોલાવે છે એમ હર્ષપૂર્વક બોલ્યા. (૯) તેથી તે સાધુઓ કેસરયુક્ત ચંદનથી ભરેલાં પાત્રો, પુષ્પોના તોરા, હાર વગેરે પ્રીતિપૂર્વક લઈને તત્કાળે સભામાં ગયા. (૧૦)

તે મુનિઓએ અત્યંત પ્રેમપૂર્વક પ્રથમ સુંદર કેસરયુક્ત ચંદનથી શ્રીહરિનું શ્રેષ્ઠ પત્રાકારે અર્ચન કર્યું. (૧૧) પછી અર્ચાના મધ્ય ભાગમાં તેમણે રમણીય કુમકુમનો ગોળ ચાંદલો કરીને શ્રીહરિનાં સર્વે અંગોમાં સુંદર ચંદનનો લેપ કર્યો. (૧૨)

તે સાધુઓએ શ્રીહરિનાં બંને ચરણકમળમાં કેસરયુક્ત ચંદનનો લેપ કર્યો અને પોતાનાં લલાટ તથા છાતીમાં અત્યંત પ્રેમથી શ્રીહરિનાં બંને ચરણકમળ ધારણ કર્યાં. (૧૩) તે સાધુઓએ, મોગરાના પુષ્પોનું બનાવેલું સુંદર મોળીયું શ્રીહરિનાં સુંદર મસ્તક ઉપર ધારણ કરાવ્યું. (૧૪)

પછી તે સાધુઓએ વિવિધ પ્રકારનાં સુગંધિમાન પુષ્પોના ગુચ્છ, હાર, બાજુબંધ, કંકણ તથા

ઝાંઝર શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૫) નાના પ્રકારનાં સુગંધિમાન પુષ્પોની બનાવેલી મનોહર ચાદર તે સંતોએ શ્રીહરિને ધારણ કરાવી. (૧૬)

તે સમયે ચંદનથી લેપાયમાન અંગોવાળા, વિવિધ પ્રકારનાં પુષ્પોના હારોથી યુક્ત શ્રીહરિ, ઈન્દ્રધનુષ સહિત મેઘ જેમ શોભે તેમ, અત્યંત શોભતા હતા. (૧૭) પછી તે સાધુઓ, શ્રીહરિનાં બંધુજનો રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ વગેરેના શરીર ઉપર ચંદનનો લેપ કરીને તેમને સુગંધિમાન પુષ્પોના હાર તથા તોરા વગેરે ધારણ કરાવતા હતા. (૧૮)

તે સાધુઓએ મુકુંદાનંદ આદિક બ્રહ્મચારીઓ તથા મુક્તાનંદ આદિક સાધુઓનાં શરીરે પણ ચંદનનો લેપ કરીને તેમનાં કંઠમાં સુંદર પુષ્પના હાર પહેરાવ્યા. (૧૯) આવી રીતે શ્રીહરિએ પોતાનાં ભક્તોને પોતાની અદ્‌ભુત શોભાયમાન મૂર્તિનાં દર્શન આપીને તેમને અત્યંત આનંદ પમાડ્યો. (૨૦)

પછી શ્રીહરિ પાણી પીવાની ઇચ્છથી પોતાનાં સિંહાસન ઉપરથી ઉતરીને પાર્ષદ ગણોથી વીંટાઇને પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૧) પોતાનાં ઉતારામાં મુકુંદાનંદ વર્ણીએ પ્રીતિપૂર્વક શ્રીહરિને અમૃત તુલ્ય જળનું પાન કરાવ્યું પછી શ્રીહરિ પોતાનાં આસનમાં બિરાજ્યા. (૨૨)

હે રાજન્ ! તે સમયે પોતાનાં ભુવનમાં આવેલા સર્વે સાધુઓ પોતપોતાને ઇચ્છિત સત્‌શાસ્ત્રોનું અધ્યયન વિચારણા વગેરે કરવા લાગ્યા. (૨૩) હે રાજન્ ! સાંજના પહોરે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જવાની ઇચ્છા કરી. (૨૪)

હે પાર્ષદો ! તમો સર્વ ઉન્મત્ત નદીના જળમાં સ્નાન કરવા માટે હમણાં જાવ, એમ શ્રીહરિ પાર્ષદોને કહેવા લાગ્યા. (૨૫) પછી શ્રીહરિએ સાધુઓને બોલાવવા માટે પ્રીતિપૂર્વક લખા ભગતને મોકલ્યા અને પોતાનો અશ્વ લાવવા માટે આંગળીના નિર્દેશથી નાજા પાર્ષદને આજ્ઞા કરી. (૨૬)

સાધુઓને બોલાવવા મોકલેલા પાર્ષદ તત્કાળ સાધુની ધર્મશાળાના બારણા આગળ પ્રેમપૂર્વક જઈને ઊંચા શબ્દોથી સાધુઓને કહેવા લાગ્યા. (૨૭) હે સંતો ! નિર્મળ જળવાળી ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે જતા શ્રીહરિ તમોને બોલાવે છે. (૨૮)

પાર્ષદના આ શબ્દ સાંભળીને તે સંતો તત્કાળ ઊભા થયા અને પોતપોતાની ક્રિયા ભણવું-ભણાવવું વગેરેનો ત્યાગ કરીને તત્કાળ શ્રીહરિની સમીપ આવ્યા. (૨૯) કેટલાક અધ્યયન કરતા સંતો પોતાનાં અધ્યયનનો ત્યાગ કરીને આવ્યા. કેટલાક અધ્યયન કરાવનારા સંતો તે કાર્ય છોડીને ત્યાં આવ્યા. (૩૦)

કેટલાક લખનારા સંતો લખવાનો ત્યાગ કરીને તથા કેટલાક પુસ્તકોમાંથી સંશોધન કરનારા સંતો તે સંશોધન કાર્યનો ત્યાગ કરીને ત્યાં આવ્યા અને સાંખ્ય શાસ્ત્રના શ્રવણ કરેલા અર્થના ચિંતવનનો ત્યાગ કરીને કેટલાક સંતો ત્યાં આવ્યા. (૩૧)

કેટલાક સંતો યોગશાસ્ત્રનાં અર્થના ચિંતવનનો ત્યાગ કરીને આવ્યા. વેદાંતશાસ્ત્રના અર્થનું ચિંતવન કરનારા કેટલાક બુદ્ધિમાન સંતો તે કાર્યનો ત્યાગ કરીને આવ્યા. (૩૨) કેટલાક પંચરાત્ર શાસ્ત્રનાં અર્થનાં

વિવેચનનો ત્યાગ કરીને, કેટલાક પુરાણોનાં અર્થોની પરસ્પર ચર્ચા કરતા હતા તેનો ત્યાગ કરીને, કેટલાક સંતો પરસ્પર શબ્દ શાસ્ત્રના વિવાદનો ત્યાગ કરીને આવ્યા. (૩૩)

ન્યાયશાસ્ત્રનાં વિવાદોનો વાદ કરનારા તે વિવાદનો ત્યાગ કરીને આવ્યા. તે પ્રમાણે વીણા વગેરે વાજિંત્રો સાથે વિષ્ણુ ભગવાનનાં પદો ગાતા સંતો તેનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૩૪)

કેટલાક સંતો હર્ષપૂર્વક તાળી વગાડીને ઊંચા સ્વરથી શ્રીહરિનાં પદોનું ગાન કરતા હતા તે ગાનનો ત્યાગ કરીને, કેટલાક હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરતા તે ધ્યાનનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૩૫)

શ્રીહરિની વિવિધ પ્રકારની સ્તુતિ કરતા કેટલાક સંતો તે સ્તુતિનો તથા પોતાની સમીપે આવેલા મુમુક્ષુઓને બોધ આપતા કેટલાક સંતો તે ઉપદેશનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૩૬)

નાસાગ્ર દૃષ્ટિવાળા પ્રાણાયામ કરતા કેટલાક સંતો તે પ્રાણાયમનો ત્યાગ કરીને તથા સ્વસ્તિકાદિ આસનો કરતાં કેટલાક સંતો તે ક્રિયાનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૩૭) શ્રીહરિકૃષ્ણ ભગવાનને મોગરા તથા ચંપાના સુગંધિમાન પુષ્પોના હાર ધારણ કરાવવા હાર તથા તોરાઓ ગુંથતા કેટલાક સંતો તેનો ત્યાગ કરીને આવ્યા. (૩૮)

શ્રીહરિની પ્રસન્નતા માટે સંસ્કૃત કાવ્યો કરતાં કેટલાક સંતો સંસ્કૃત કાવ્યોનાં વિધાનનો ત્યાગ કરીને તેમજ પ્રાકૃત કાવ્યો રચતાં સંતો પણ તેનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૩૯) સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ તથા શ્રીહરિનાં માહાત્મ્યનું ભેદે સહિત વર્ણન કરવામાં આદરવાળા કેટલાક સંતો તેનો ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૪૦)

શ્રીહરિનાં ચરિત્રોનું પ્રીતિથી વર્ણન કરતા સંતો તે વર્ણનનો તથા શ્રીહરિનાં ચરિત્રોનું સ્મરણ કરતા સંતો તે સ્મરણનો તથા પરસ્પર હર્ષથી સ્મરણ કરાવતા સંતો તે ક્રિયાનો પણ ત્યાગ કરીને ત્યાં આવ્યા. (૪૧) આવી રીતે શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળા સર્વે સંતો પોતપોતાની ક્રિયાનો ત્યાગ કરીને શ્રીહરિની સમીપે સમુદ્ર પ્રત્યે નદી જેમ જાય તેમ ગયા. (૪૨)

ચંચળ ડાબલાનાં અગ્રભાગથી ખોદી નાખી છે ઘોડશાળની પુષ્કળ જમીન જેણે એવો, આભૂષણોથી અલંકૃત કરેલો, દોડતી વખતે આકાશમાં જાણે ગમન કરતો, માણિક્ય વર્ણવાળો, પલાણ વગેરેથી તૈયાર કરેલે અશ્વ નાજા પાર્ષદ ત્યાં લાવ્યા. (૪૩)

ઘોડાઓનાં વેગમાં ઊંચાઈમાં તેમજ બળમાં અધિક અને તેથી જ અતિ શ્રેષ્ઠ પોતાનાં અશ્વ ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૪૪) તે સમયે મહારાજાધિરાજ તમો ''જય પામો જય પામો'' એમ સમગ્ર ભક્ત સમૂહોએ ઊંચા સ્વરથી ઉચ્ચારેલો મહા ધ્વનિ ત્યાં થયો. (૪૫)

શ્રેષ્ઠ અશ્વો ઉપર બેઠેલા રામપ્રતાપભાઈ વગેરે શ્રીહરિનાં બંધુજનો તેમજ ઉત્તમ વગેરે રાજાઓ ઘોડા ઉપર બેસીને શ્રીહરિની સમીપે આવ્યા. (૪૬) ઘોડા ઉપર બેઠેલા સોમા ખાચર સૂરા ખાચર વિવિધ પ્રકારનાં આયુધોવાળા રત્નજીત તથા ભૃગુજીત વગેરે પાર્ષદો પણ ત્યાં આવ્યા. (૪૭)

તે સમયે ભીમ પાર્ષદે રક્તવર્ણું સુવર્ણના કળશયુક્ત મનોહર છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર ધારણ કર્યું. (૪૮) શ્રીહરિની બંને બાજુએ સોમા ભક્ત તથા સૂરા ભક્ત સુવર્ણના દંડવાળા હંસના જેવા શ્વેત ચામરો શ્રીહરિને ઢોળતા હતા. (૪૯)

તે સમયે શ્રીહરિનાં દર્શન કરનારા શ્રીહરિનાં અનુયાયીઓ, મુક્તાનંદ વગેરે સંતો તથા મુકુંદાનંદ વગેરે વર્ણીઓ અત્યંત આનંદ પામ્યા. (૫૦) સર્વે ભક્તજનો તથા સમગ્ર સ્ત્રીઓ પણ અદ્‌ભૂત શોભાવાળા શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત આનંદ પામી. (૫૧)

સમગ્ર સાધુ બ્રહ્મચારિઓ, ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, ડાબા હાથે સુવર્ણની સુંદર લગામ ધારણ કરનારા, માણિક્યવર્ણવાળા પોતાનાં અશ્વને ધીમે ધીમે ચલાવતા શ્રીહરિએ પ્રયાણ કર્યું. (૫૨) તે વખતે શ્રીહરિની આગળ માર્ગમાં નાના પ્રકારનાં વાજિંત્રો વગાડનારા ચાલતા હતા. સાધુઓ તથા ગૃહસ્થ ભક્તો પણ ઊંચા સ્વરથી શ્રીહરિનાં કિર્તનો ગાતા ચાલતા હતા. (૫૩)

હે રાજન્ ! તે સમયે નગરનાં જનો તો અન્ય સર્વ કાર્યોનો ત્યાગ કરીને, રાજમાર્ગ ઉપર આવીને, શોભાયમાન ગતિવાળા, અતિ ઉત્તમ જણાતાં શોભાયમાન ચિહ્નોવાળાં પોતાનાં અશ્વને ચલાવતા, હાથમાં લગામ ધારણ કરનારા, પોતાનાં અશ્વને પણ પોતાની શોભાથી અલંકૃત કરતા, સ્વભાવસુંદર, શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૫૪)

કેસરયુક્ત ચંદનથી ચર્ચિત છે મૂર્તિ જેમની એવા, પાઘમાં પુષ્પોના તોરા ધારણ કરનારા, વિવિધ પ્રકારનાં પુષ્પોનાં બાજુબંધો વગેરેથી યુક્ત, ચળકતી છે સુંદર શરીરની કાંતિ જેમની એવા, અસંખ્ય કામદેવોને મોહ પમાડનારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને ભક્તજનો અત્યંત આનંદ તથા આશ્ચર્ય પામ્યા. (૫૫) શોભાયમાન ચપળ ચામરોવાળા, અતિશ્રેષ્ઠ છત્રની કાન્તિથી શોભાયમાન, ભક્તોનાં સમૂહો જેમનાં દર્શન કરે છે એવા, અનેક ઘોડેસવારોથી વીંટાયેલા, પોતાનાં દર્શન કરનારા સમગ્ર જનોનાં અંતઃકરણને ખેંચનારા, શ્રીહરિ પોતાનાં દર્શન કરનારા જનોની દૃષ્ટિની વૃષ્ટિ ઝિલતા ઉન્મત્ત ગંગાની સમીપે પધાર્યા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉન્મત્ત ગંગા પ્રત્યે શ્રીહરિનું ગમન વર્ણન નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સ્વાશ્રિતોની પીડા નાશ કરનારા શ્રીહરિ, શરદ્‌ઋતુમાં સ્વચ્છ જળના અત્યંત રમણીય ઉછળતા તરંગોથી શોભાયમાન, રાત્રિના વિયોગવાળી પ્રસિદ્ધ ઉન્મત્ત ગંગાને જોવા લાગ્યા. (૧)

શ્વેતજળવાળી ઉન્મત્ત ગંગા, કોઈ પ્રદેશમાં ઊગેલા શ્યામ કમળોની કાંતિથી, યમુનાના જળ ભળવાથી શ્રેષ્ઠ ગંગા શોભે છે તેમ તેવી શોભા ધારણ કરે છે. (૨) ઉત્તમ તીર્થરૂપ, પવિત્ર ઉન્મત્ત ગંગા, કોઈ પ્રદેશમાં શ્વેત કમળની પંક્તિથી યુક્ત, શ્વેત હંસના સમુદાયથી યુક્ત હિમાચલ પર્વતની પૃથ્વી જેમ શોભે છે તેમ શોભે છે. (૩)

નિર્મળ પ્રવાહવાળી ઉન્મત્ત ગંગા, કોઈ પ્રદેશમાં લાલ કમળોની પંક્તિથી શોભતી પદ્મરાગ મણિની પંક્તિની કાંતિથી શોભતી કૈલાસ પર્વતની પૃથ્વીની જેમ શોભે છે. (૪) ઉન્મત્ત ગંગાના બંને કાંઠાઓ શુદ્ધ સુવર્ણના વર્ણ સમાન વર્ણવાળા, હંમેશા વસતા ચક્રવાક પક્ષીના સમૂહોથી દર્શનીય, શુદ્ધ સુવર્ણથી જાણે બાંધેલા હોય ને શું ? એમ શોભે છે. (૫)

તે ઉન્મત્ત ગંગામાં લાલ કમળોના પરાગથી રક્ત બનેલા કલહંસો તો જાણે ઘાટું અને તરંગોના ભંગોથી ઉછળતું ઉન્મત્ત ગંગાનું ઉપલું વસ્ત્ર હોય ને શું ? એમ શોભે છે. (૬) વિવિધ પ્રકારનાં લાલ કમળોના વાયુથી ઊડેલી રેતીના રજકણોથી મિશ્રિત ઉછળતા તરંગો જાણે કાંતિમાન ચિત્રવાળું વસ્ત્ર હોય ને શું ? એવી શોભાથી અત્યંત શોભે છે. (૭)

ઉન્મત્ત ગંગાના ઊંડા જળમાંથી ઊડતા અને વાયુથી ચારેય તરફ ફેલાયેલા ફીણ જાણે નવીન કપૂર જેવા અને સ્પષ્ટ આટ્ટહાસ્ય કરતા હોય તેમ ઉન્મત્ત ગંગાની શોભાને વૃદ્ધિ પમાડે છે. (૮)

જે ઉન્મત્ત ગંગા પોતાનાં સ્વામી શ્રીહરિનાં દર્શન કરીને, બંને કિનારેથી છીપોલીઓ રૂપી મુખમાંથી નીકળતા મોતીઓથી શોભે છે. (૯) જે ઉન્મત્ત ગંગામાં શોભાયમાન લાલ લતાવાળા લાલ મણિઓ સૂક્ષ્મ અને ઘાટા ફીણ સાથે મળી જઈને ભક્તોને જાણે હાસ્યની કાંતિથી શોભાયમાન શ્રીહરિનાં ઓષ્ઠનું અત્યંત સ્મરણ કરાવે છે. (૧૦)

જે ઉન્મત્ત ગંગા, કિનારા ઉપર ઊગેલા પીપળા, વડ, કણજરા, સાદડ, તમાલ, કેસુડા, કદમ્બ, બોરસડી, આંબા, આંબલી, કોકમના વૃક્ષોથી શોભે છે. (૧૧) કેતકી તથા અન્ય ફળો તથા પુષ્પોવાળા વૃક્ષો તથા પુષ્પોવાળી વિવિધ પ્રકારની વેલીઓથી જે ઉન્મત્ત ગંગા અત્યંત શોભે છે. (૧૨) જેનાં કિનારાના પ્રદેશોમાં ઘાસ ચરતી ગાયોથી જેનાં તટની ભૂમિ જાણે શરદ્ઋતુના ચાલતા વાદળાંની શોભા તથા શ્યામ વર્ણવાળા પર્વતની સમીપની પૃથ્વીની શોભાની જેમ શોભે છે. (૧૩) તે ઉન્મત્ત ગંગાના શ્રેષ્ઠ કિનારા ઉપર બેસીને ધ્યાન કરનારા દૃઢ આસનવાળા સાધુઓથી તે ઉન્મત્ત ગંગા જાણે હંસોએ સહિત માનસ સરોવરની શોભા સમાન શોભે છે. (૧૪) જેમની પ્રાપ્તિ માટે તપ કરતા પુષ્પો જેમનાં દર્શનની ઇચ્છા કરે છે તે શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણરૂપ કમળને પોતાનાં ચંચળ તરંગોરૂપી હાથથી જાણે કમળરૂપી ભેટો તે ભગવાનને સમર્પણ કરતી હોય તેમ તે ઉન્મત્ત ગંગા શ્રીહરિનો હંમેશા સ્પર્શ કરતી હતી. (૧૫)

જેની રેતી, વાયુના વેગથી ઉછળતા જળના વેગથી ઉછળતી છીપોમાંથી નીકળતા સુંદર મોતીઓના સમુદાયોથી, જાણે મોતીઓની સેરોથી શોભાયમાન મંડળની શોભાને તુલ્ય જણાય છે. (૧૬) શોભાયમાન કમળોના સમૂહોમાં સુંદર ગુંજારવ કરતા ભમરારૂપી ગંધર્વોના ગણો પાસે જળના ધ્વનિરૂપી મૃદંગના

નાદથી જાણે અતિ પવિત્ર શ્રીહરિનું યશ ગવડાવતી હોય ને શું ? એવી ઉન્મત્ત ગંગા શોભે છે. (૧૭)

ઉન્મત્ત ગંગા હારિત, કારંડવ, ચક્રવાક, સારસ, રાજહંસો, ક્રૌંચ તથા કિનારે ફરનારા, વિવિધ પ્રકારની વાણી બોલનારા, પક્ષીઓથી શોભે છે. (૧૮) છ સ્વરોથી યુક્ત મયૂરોના ટહુકારથી જગતના જળકુકડાઓ વિવિધ પ્રકારનાં પક્ષીઓના શબ્દ ધ્વનિથી દર્શનીય ઉન્મત્ત ગંગા શોભે છે. (૧૯)

જે ઉન્મત્ત ગંગાના કિનારાના પ્રદેશો, મુનિઓ તથા દેવતાઓએ સેવેલા, પક્ષીઓના કલરવવાળા, વૃક્ષોની પંક્તિઓથી યુક્ત, શોભાયમાન, વેલીઓથી ઢંકાયેલી ગુફા તથા તૃણોની બનાવેલી મઢીઓથી શોભતા, ધર્મયુક્ત પૃથ્વી પ્રદેશથી શોભતા, દર્શન કરનારા પુરુષોના મનને હરિ લેતા શોભે છે. (૨૦)

તપમાં અખંડ પ્રીતિવાળા, જનોને પણ અત્યંત દુર્લભ, કળિયુગના મળને નાશ કરનારું સમગ્ર ક્લેશ નાશ કરનારું શ્રીહરિનું દર્શન તે ઉન્મત્ત ગંગા, પોતાનાં જળમાં ઉછળતા માછલાઓની ચપળ દૃષ્ટિરૂપી દૃષ્ટિથી જાણે કરતી હોય ને શું ? એ પ્રમાણે શોભે છે. (૨૧)

શ્રીહરિનાં દર્શનથી અત્યંત આનંદ યુક્ત, દર્શન કરનારા જનોના સમૂહોને પવિત્ર કરનારી ઉન્મત્ત ગંગા તે સમયે પ્રફુલ્લિત કમળોથી જાણે રોમાંચિત થયેલી હોય એમ અત્યંત શોભતી હતી. (૨૨)

તે ઉન્મત્ત ગંગા મનોહર રાજહંસો તથા સારસ પક્ષિઓના મધુર કલરવથી તથા ચંચળ તરંગોરૂપી હાથની સંજ્ઞાથી પ્રિય શ્રીહરિને જળમાં સ્નાન કરવા માટે અતિ હર્ષથી બોલાવતી હોય એમ શોભતી હતી. (૨૩)

મોટા પથ્થરો સાથે અથડાવાથી ઉછળતા અને તેથી ઉજ્વળ દેખાતા જળના ગંભીર અને મોટા ઘોષથી જાણે શ્રીહરિનાં આગમનથી ઉત્પન્ન થયેલા હર્ષથી આવી રીતે અતિશય શોભા ધારણ કરતી, પોતાનાં ચરણકમળની સેવામા આસક્તિવાળી ઉન્મત્ત ગંગાને જોતા જોતા શ્રીહરિ ખળખળીયા ઘાટ પ્રત્યે પહોંચ્યા. (૨૪, ૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉન્મત્ત ગંગાની શોભાનું વર્ણન કર્યું એ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનાં શ્રેષ્ઠ અશ્વ ઉપરથી તત્કાળ ઉતરી એક વસ્ત્ર ધારણ કરીને પોતાનાં અંગ ઉપરથી શ્રીહરિએ બીજા વસ્ત્રો ઉતાર્યાં. (૧) પછી શ્રીહરિ પાર્ષદનો હાથ પકડીને રામપ્રતાપભાઈ વગેરે બંધુઓ તથા અન્ય ભક્તો સહિત પ્રવાહની સમીપે ગયા. (૨)

તે સમયે ઉન્મત્ત ગંગાના કિનારે ફરતા હંસો શ્રીહરિની રમણીય ગતિ જોઈને આશ્ચર્ય યુક્ત શ્રીહરિનું ચિંતવન કરતા જાણે મુક્તો હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા. (૩) તે સમયે પક્ષીઓના

કલરવથી આદરપૂર્વક જાણે આલાપ કરતી અને ઉછળતા ફીણથી જાણે હાસ્ય કરી ઉન્મત્ત ગંગા પોતાનાં પ્રાણનાથ શ્રીહરિની સન્મુખ આવી હોય ને શું ? એમ જણાતી હતી. (૪)

અતિ નિર્મળ જળથી તે ઉન્મત્ત ગંગા શ્રીહરિનાં ચરણ યુગલને ધોઈને પોતાનાં તરંગરૂપી હાથ વડે અર્પણ કરેલાં રમણીય પ્રફુલ્લિત કમળોથી જાણે શ્રીહરિની પૂજા કરતી હોય ને શું ? (૫)

તે સમયે ભક્તજનના સમૂહો જેમનાં દર્શન કરી રહ્યા છે અને પોતાનાં આશ્રિતોએ કેસરે યુક્ત ચંદનથી જેમનાં અંગો ચર્ચ્યાં હતા,?તે શ્રીહરિ ત્યાં શોભતા હતા. (૬) નવીન મેઘ સમાન, સમગ્ર શોભાના એક સ્થાનરૂપ મૂર્તિવાળા, જાનુ પર્યંત લાંબા હસ્તવાળા, નેત્રોથી તિરસ્કૃત કર્યાં છે કમળો જેમણે એવા, ઉત્તમ પુષ્પોના કંકણ બાજુબંધ, કાનના ગુચ્છાઓ તથા મસ્તકના મોળીયાથી તથા શ્રેષ્ઠ પુષ્પોના હાર વગેરેથી પ્રકાશમાન, અતિશય કાંતિવાળા પાર્ષદ ભગુજીનો હાથ પોતાનાં હાથ વડે પકડીને ધીમે ધીમે ચાલતા શ્રીહરિએ પોતાનાં ભક્તજનોની સાથે ઉન્મત્ત ગંગામાં પ્રવેશ કર્યો. (૭, ૮, ૯)

ભક્તપ્રિય શ્રીહરિ ભૃગુજીત પાર્ષદનો હાથ મૂકી દઈ પોતાનાં ભક્ત સમુદાયની સાથે ઉન્મત્ત ગંગાના પ્રવાહમાં ઉભા રહ્યા. (૧૦) હે રાજન્ ! શ્રીહરિ પોતાનાં ભક્તજનોના સમૂહમાં પોતાનાં બંને હાથ વડે જળની અંજલિઓ પોતાનાં ભક્તજનો પ્રત્યે ઉતાવળથી ઉછાળતા અને પોતાનાં આશ્રિત પાસે પણ પરસ્પર જળ છંટાવતા જળ-ક્રીડા કરવા લાગ્યા. (૧૧)

તે સમયે સર્વે પુરવાસી જનો શ્રીહરિની શુભ જળ લીલાનાં દર્શન માટે ઉત્સાહપૂર્વક નદીના કાંઠે આવ્યા. (૧૨) તેમજ પુરની સ્ત્રીઓ પણ શ્રીહરિની જળક્રીડાનાં દર્શન કરવાની ઇચ્છાથી પુરુષોથી જુદી ચાલતી ઉન્મત્ત ગંગાના કિનારે તત્કાળ આવી. (૧૩)

બંને કિનારા ઉપર ઊભેલા સ્ત્રીપુરુષો નેત્રોરૂપી પાત્રોમાં શ્રીહરિની રમ્ય મૂર્તિનું હર્ષ પૂર્વક પાન કરતા હોય ને શું ? એમ આદરપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૪)

તે સમયે હે રાજન્ ! સુવાસિની, વરીયાળી તથા શ્રીધર્મના વંશની સમગ્ર સ્ત્રીઓ તેમજ જયા, લલિતા, પાંચાલી, નાની, રમા, અમરી, અમલા વગેરે તથા ઉત્તમ રાજાની બંને પત્નીઓ, તેમની માતાઓ વગેરે ઉન્મત્ત ગંગાની સમીપે સુંદર મહેલની અગાસીમાં બેસીને શ્રીહરિની જળક્રીડાના દર્શન કરતી હતી. (૧૫, ૧૬, ૧૭)

તે સમયે શ્રીહરિની જળક્રીડાના દર્શન માટે આવેલા બ્રહ્માદિક દેવતાઓના વિમાનોથી આકાશ સાંકડું થયું. (૧૮) વળી જુદા જુદા ધામોના મુક્તો પણ શ્રીહરિની જળક્રીડાનાં દર્શન માટે તરસ્યા જનો જેમ જળ તરફ ઉતાવળથી જાય છે તેમ તત્કાળ ત્યાં આવ્યા. (૧૯)

તેમણે સર્વેએ જળમાં મહાક્રીડા કરવામાં ચતુર, અક્ષરાદિના અધિપતિ, શ્રીહરિ જે બંને હાથ વડે વારંવાર જળ ઉછાળતા પોતાનાં ભક્તોની સાથે હર્ષપૂર્વક જળક્રીડા કરતા હતા, તે શ્રીહરિનાં દર્શન કર્યાં. (૨૦)

કમળનો તિરસ્કાર કરનારી શોભાવાળા, પોતાનાં બંને હાથને ઉન્મત્ત ગંગાના જળમાં હલાવતા, શ્રીહરિ એક હોવા છતાં પણ પોતાનાં હજારો જનો ઉપર વારંવાર જળ છાંટતા હતા. (૨૧) હે રાજન્ ! તે સમયે ભક્તજનોમાં કેટલાકે પોતાનાં ઈષ્ટ શ્રીહરિને બે ભુજાઓવાળા જોયા, કેટલાકે ચતુર્ભુજ સ્વરૂપે જોયા, તેવી રીતે કેટલાકે અષ્ટભુજાવાળા જોયા અને કેટલાક જનોએ શ્રીહરિને સહસ્ર ભુજાવાળા પણ જોયા. (૨૨)

અત્યંત ચળકતા સુંદર લાંબા શ્રીહરિનાં કરકમળો જે વારંવાર જળ ઉપર જોરથી પડતા હતા તેથી મૃદંગની માફક ગંભીર ધ્વનિ સમાન મહાન નાદ ત્યાં થયો. (૨૩) તે સમયે શ્રીહરિનાં બંધુજનો, સાધુ, બ્રહ્મચારીઓ તથા ઉત્તમ રાજા, સોમ વગેરે સર્વે ભક્તજનો ઉન્મત્ત ગંગામાં હાથ વડે પરસ્પર પાણી ઉછાળતા વિહાર કરતા હતા. (૨૪)

આ પ્રકારે જળમાં અત્યંત શોભતી જળક્રીડા કરનારા, ચંચળ મૂર્તિવાળા, અસંખ્ય જન્મોમાં સંપાદન કરેલાં સુકૃતોથી જ જેમનાં દર્શન થઈ શકે છે તે શ્રીહરિનાં દર્શન કરતા શ્રીહરિનાં બંધુજનો પણ શ્રીહરિની સાથે વિહાર કરતા હતા. (૨૫)

સર્વે અવતારના કારણ શ્રી સહજાનંદ મહાપ્રભુની સાથે પરમ સખાભાવ પામેલા બ્રહ્માનંદ વગેરે મુનિઓ તથા સૂરા ભક્ત વગેરે પાર્ષદો પ્રિય શ્રીહરિ ઉપર અત્યંત પ્રીતિથી ખોબે ખોબે વારંવાર પાણી છાંટતા હર્ષપૂર્વક જળ સિંચન કરતા, તે સમયે અત્યંત રમતા હતા. (૨૬)

સુંદર જળલીલા કરતા, જળક્રીડાની કલામાં નિપુણ, જળ ઉછાળવામાં ચતુર, જળથી ભીની થયેલી મૂર્તિમાંથી સ્રવતા સુંદર કેસર યુક્ત ચંદનવાળા, આંખો અને મનને મહાઆનંદ આપનારા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના હર્ષપૂર્વક પ્રેમથી ભક્ત સમૂહો દર્શન કરતા હતા. (૨૭)

ભક્તો ઉપર ભગવાન શ્રીહરિએ અંજલિ વડે વારંવાર ઉછાળેલ જળથી જાણે ચંદ્રના ઉદયથી સમુદ્રનું જળ જેમ ઉંચુ ઉછળે તેવી શોભા દેખાતી હતી. આવી રીતે જળક્રીડા કરતા શ્રીહરિનાં પ્રેમથી દર્શન કરનારા કિનારા ઉપરના હજારો પુરુષો તથા સ્ત્રીઓ તે સમયે જાણે ચિત્રામણમાં ચિત્રેલા હોય તેમ સ્થિર ઊભાં હતાં. (૨૮)

તે સમયે શ્રીહરિનાં દર્શન કરતા કિનારા ઉપરના હંસો તથા વિવિધ પ્રકારનાં જળકુકડાઓ, પક્ષીઓ વગેરે સમાધિ પામેલા યોગીઓની માફક સ્મૃતિથી રહિત છે શરીર જેમનાં એવા બની, સ્થિર થઈ ગયા! (૨૯) તે સમયે ગાયો વગેરે પશુઓએ પણ શ્રીહરિનાં દર્શન કરીને ઘાસ ચરવાનું છોડી દીધું. તેમજ મૃગલાઓ તથા અન્ય પશુઓ પણ શ્રીહરિનાં દર્શન કરીને શ્રીહરિનું ચિંતવન કરતા મુનીંદ્રોની માફક સ્થિર થઈ ગયા ! (૩૦)

તે સમયે શ્રીહરિનાં દર્શનથી નાશ પામ્યા છે પાપ સમુદાયો જેમનાં એવા વૃક્ષોએ વાયુથી કંપાવેલી પોતાની લતાઓમાંથી ખરતા પુષ્પોથી શ્રીહરિને વધાવ્યા અને તે વૃક્ષોમાંથી નીકળતા રસથી જાણે સ્નેહાશ્રુની ધારાઓ તેમનાં નેત્રમાંથી સ્રવતી હોય તેવું લાગતું હતું. (૩૧)

તે સમયે ધીમે ધીમે સંચરતો, જળ બિંદુઓએ યુક્ત, ડોલાયમાન કર્યાં છે કમળો જેણે અને તેથી જ સમગ્ર તાપનો નાશ કરનારો પવન અતિ પવિત્ર થવા ઇચ્છતો, અતિ પવિત્ર કીર્તિવાળા શ્રીહરિની સેવા કરતો હતો. (૩૨)

તે સમયે ઉન્મત્ત ગંગાના જળમાં ઉત્પન્ન થયેલા ગોળ ભમરાઓ, શ્રીહરિનાં ઉદરમાં ઊંડી અને લગારેક ઊંચી મનોહર નાભિની શોભા, પહેલાં કદી કોઈએ પણ નહિ જોયેલી એવી, જોઈને અતિ આશ્ચર્ય યુક્ત બની અનવધિકાતિશય ભ્રમ પામ્યા હોય ને શું ? એવા થઈ ગયા ! (૩૩)

તે સમયે અલૌકિક, જોવા યોગ્ય શોભાવાળી, કાળને નિયમન કરવામાં સમર્થ અતિ સુંદર અને ચંચળ શ્રીહરિની ભ્રકુટિએ ચંચળ તરંગોની સંપૂર્ણ શોભાને પણ જીતી લીધી. (૩૪) સુંદર નેત્રોવાળું, મોતીઓની માફક શોભતા જળબિંદુઓના સમૂહોથી સેવાયેલું શ્રીહરિનું મુખારવિંદ પોતાની અતિશય શોભાથી જળના બિંદુઓવાળા પ્રફુલ્લિત કમળને પણ મ્લાન કરતું હોય. (૩૫)

મનોહારી શ્રીહરિનાં મુખારવિંદે કેવળ મને જ જીત્યું છે એમ નથી, બીજા કમળોને પણ શ્રીહરિનાં શોભાયમાન નેત્રની શોભાથી જીતાય છે, એમ અધિક આનંદથી, વાયુના વેગથી અત્યંત ભ્રમણ કરતું, ભમરાઓના ગુંજારવથી જાણે ઉંચા સ્વરથી ગાન કરતાં તે મહાકમળ ચપળ તરંગોથી વ્યાકુળ થયેલું જળમાં અધિક નૃત્ય કરતું હોય ને શું ? (૩૬)

જળમાં પ્રતિબિંબ પાડતું તથા જીત્યાં છે કમળો જેણે, એવા મંદ હાસ્યથી અતિ શોભાયમાન શ્રીહરિનાં મુખારવિંદથી અલંકૃત થયું છે જળ જેનું અને થઈ છે ઉપકૃત એવી ઉન્મત્ત ગંગા શ્રીહરિની જળક્રીડાથી નિર્મળ બની કૃતકૃત્ય થઈ ગઈ. (૩૭)

જળમાં ડૂબકી મારવી, બહાર નીકળવું, અને એ રીતે ચારેય તરફ ફેલાતા કેશથી વીંટાયેલું હાસ્ય સહિત શ્રીહરિનું મુખારવિંદ શ્વેત પુષ્પોના રજઃકણો સહિત ભ્રમરાઓની પંક્તિથી ઢંકાયેલા કમળની શોભાનો પણ તિરસ્કાર કરતું હતું. (૩૮)

શ્રીહરિનાં આશ્રિત ભક્તોના તિલકો જેણે ધોઈ નાખ્યાં છે, જેમનાં કેશ જેણે વિખેરી નાખ્યાં છે અને પહેરેલા હાર તોડી નાખ્યાં છે અને તેથી જ જાણે ભગવાન અને ભગવાનના ભક્તોનો અપરાધ થયો હોય તેમ શ્રીહરિથી ભય પામેલા ઉન્મત્ત ગંગાના તરંગો વારંવાર કંપતા હતા. (૩૯)

શોભા વહન કરનારા શ્રીહરિનાં રમણીય પુષ્પોના તોરાઓ, અતિશય લોભથી વેગમાન જળમાં તણાઈને અત્યંત તુચ્છ બની જાણે નાશ પામેલા અધિકારવાળા રાજાના કારભારીઓની જેમ શોભતા ન હતા. (૪૦)

સુંદર તિલક તથા શરીરનો અંગ રાગ જેમનોં ધોઈ નાંખ્યા છે, જેમનાં પુષ્પોના અલંકારો વિખરાઈ ગયા છે તથા જળક્રીડાના આચરણથી વિખરાઈ ગયેલો એવો શ્રીહરિનો વેશ નેત્રોને અત્યંત આનંદ આપતો હતો. (સ્વતઃસિદ્ધ શોભાવાળાઓની વિકૃતિ પણ લક્ષ્મીને વિસ્તારે છે.) (૪૧)

હે રાજન્ ! આવી રીતે જળવિહારમાં ચાતુર્યના સમુદ્રરૂપ, ચંચળ શરીરવાળા, ધોયેલા છે અતિશ્રેષ્ઠ

અંગ રાગ જેમનોં, છતાં પણ અત્યંત શોભા ધારણ કરતા શ્રીહરિનાં દર્શન કરીને ભક્તગણો, શ્રીહરિનાં શરીરની શોભાથી અલંકારો આભૂષિત થાય છે એમ સ્વભાવ સુંદર વસ્તુને અન્યના ગુણોની અપેક્ષા નથી એમ સર્વે જાણતા હતા. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિની જળકેલી વર્ણન નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિની સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા સર્વે ભક્તો શ્રીહરિની આજ્ઞાથી ઉન્મત્ત ગંગામાં પ્રવાહની બંને બાજુએ લાંબી પંક્તિ કરી હર્ષથી ક્રીડા કરતા હતા. (૧)

તેમાં ભક્તજનોની પંક્તિમાં શ્રીહરિનાં વડીલ બંધુ રામપ્રતાપભાઈ પોતાનાં સમગ્ર પુત્રો સહિત ક્રીડા કરતા હતા. (૨) શ્રીહરિનાં નાનાભાઈ ઈચ્છારામ પોતાનાં પુત્રો સાથે પ્રીતિપૂર્વક ક્રીડા કરતા હતા. (૩) હે રાજન્ ! રઘુવીર તથા અયોધ્યાપ્રસાદ આ બંને પરસ્પર અત્યંત જળ છાંટતાં છાંટતાં જળક્રીડા કરતા હતા. (૪) પરસ્પર ક્રીડા કરતા અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને વારવા માટે નંદરામ એકદમ જતા હતા. પરંતુ પથ્થરમાં ચોંટેલી સેવાળથી તેમનાં બંને પગ ખસી ગયા. (૫) અને ઉન્મત્તગંગાના પ્રવાહમાં પડ્યા પરંતુ ભક્તોને સુખ આપનારા શ્રીહરિનાં ચરણ તેમણે પકડી લીધા. એ રીતે શ્રીહરિને તેઓ અત્યંત હસાવતા હતા. (૬)

ગોપાળભાઈએ વારંવાર જળ ફેંકી ઠાકુરરામને અત્યંત વ્યાકુળ કરી દીધા. તેથી ઠાકુરરામ જળ છાંટતા છાંટતા ગોપાળ સન્મુખ એકદમ દોડ્યા. (૭) ઠાકુરરામે પોતાનાં બંને હાથ વડે ગોપાળના બંને હાથ પકડીને ખેંચ્યા અને તેટલામાં બંને જણા પગ ખસવાથી ગંગાના પ્રવાહમાં પડી ગયા. (૮)

તેમનાં અસ્થિર થયેલા શરીર અત્યંત વેગમાન પ્રવાહથી તણાવા લાગ્યા. તે બંનેને તણાતા જોઈને શ્રીહરિ અત્યંત હસતા હતા. (૯) તે સમયે શ્રીહરિનાં ચરણકમળ પકડવા માટે પ્રવૃત્ત થયેલા સીતારામ તથા બદરિનાથના પગ સેવાળથી ખસી ગયા અને તે બંને જણ નેત્રમાં ભ્રાન્તિ વ્યાપવાથી સૌ દેખે તેમ પ્રવાહમાં પડી ગયા. (૧૦-૧૧)

તેટલામાં સીતારામ તથા બદરિનાથને ઝાલવા માટે નંદરામનો પુત્ર રામશરણ તથા વૃંદાવન ગયા. તે સમયે બંને જણ પણ પ્રવાહમાં પડી ગયા. (૧૨) વૃંદાવન તથા રામશરણ પડી ગયા છતાં પણ સીતારામ તથા બદરિનાથને પકડીને તરતા તરતા શ્રીહરિને, શ્રીહરિનાં બંધુજનોને તથા મુનિઓ વગેરેને હાસ્ય તથા આશ્ચર્ય ઉત્પન્ન કરાવતા હતા. (૧૩)

મુનિવર નિત્યાનંદ તથા બ્રહ્માનંદ એ બંને સ્થૂળ શરીરવાળા હોવા છતાં પણ જળક્રીડા કરતા હતા. (૧૪) નિત્યાનંદ તથા બ્રહ્માનંદ પણ સેવાળ હોવાથી પણ ખસી જવાથી પાણીમાં બંને જણ પડી ગયા. તેમને પ્રવાહમાં તણાતા જોઈને શ્રીહરિ તેમજ અન્ય જનો હસતા હતા. (૧૫)

અતિ સ્થૂળ શરીરવાળા સૂરા ખાચર નાંગમાળની સાથે ક્રીડા કરતા સેવાળને લીધે પગ ખસી જવાથી નદીના પ્રવાહમાં પડી ગયા. પડતાં પડતાં સૂરા ખાચરે વેગથી નાંગમાળના પગની આંગળી પકડી તેથી નાંગમાળ પણ પડી ગયા. (૧૬)

પ્રવાહમાં ખેંચાતા તથા વારંવાર બૂડતા અને નીકળતા સૂરા ખાચર તથા નાંગમાળને જોઈને શ્રીહરિ હસતા હતા. (૧૭) આવી રીતે પરસ્પર જળક્રીડા કરતા અન્ય ભક્તો પણ શ્રીહરિની પ્રસન્નતા માટે શ્રીહરિને અત્યંત હસાવતા હતા. (૧૮)

તે સમયે મોટા પથ્થરની અંદર દરમાં રહેલો ભયંકર શેષનાગ દરમાંથી નીકળ્યો. (૧૯) શેષનાગને જોઈને વ્યાકુળ ચિત્તવાળા જળક્રીડા કરનારા સર્વ ભક્તજનો પરસ્પર હાથ પકડીને ઉન્મત્ત ગંગાના પ્રવાહમાં પડી ગયા. (૨૦)

પ્રવાહમાં ખેંચાતા, બૂડતા અને નીકળતા અવ્યવસ્થિત શરીરવાળા તેમને જોઈને શ્રીહરિ અત્યંત હસતા હતા. (૨૧) ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિ ગોપાળાનંદ, અખંડાનંદ તથા મને (શુકાનંદને), અમારા શરીર ઠંડીથી કંપતા જોઈ હસતા હસતા અમને કહેવા લાગ્યા. (૨૨) હે મુનિઓ ! ઠંડીથી કંપતા તમો પ્રાણાયામ કરો. શ્રીહરિનું આવું વચન સાંભળીને ગોપાળાનંદ વગેરે પ્રાણાયામ કરીને થોડીવારમાં સ્વસ્થ થઈ ગયા. (૨૩)

પછી શ્રીહરિ ઊંડા જળવાળા ધરામાં ધીરજતા સહિત હાથની આંગળીઓ વડે નાસિકાનાં તથા કાનનાં છિદ્રો રૂંધીને લાંબા સમય સુધી તે પાણીમાં રહ્યા. (૨૪) હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાનાં જનોને ચિંતવનમાં ન આવે એવા સ્થળે પોતાનું મસ્તક દેખાડ્યું. આવી રીતે શ્રીહરિ અગાધ જળમાં વારંવાર બૂડતા અને બહાર નીકળતા હતા. (૨૫)

શ્રીહરિ ઉન્મત્ત ગંગાના ઊંડા જળમાં તરવાના જુદા જુદા પ્રકારોથી તરવામાં પ્રવીણ સર્વ જનોને અત્યંત આશ્ચર્ય પમાડતા હતા અને એ રીતે સમગ્ર ભક્તજનોને સુખ આપતા તરતા હતા. (૨૬) તરવામાં અતિ પ્રવીણ, પ્રવાહના પુર સામે તરતા, દેવતાઓ તથા મનુષ્યોની ક્રિયાને અતિક્રમ કરતા પ્રિય શ્રીહરિનાં દર્શન કરી જન સમૂહો અતિ આનંદ પામ્યા. (૨૭) શ્રીહરિનાં સંબંધીજનો, સંતો તેમજ વર્ણીઓ, પાર્ષદો તથા અન્ય ભક્તજનો શ્વાસોશ્વાસથી તેમનાં મુખ ફુલી ગયા હોવા છતાં ઈષ્ટદેવ શ્રીહરિની પાછળ તરતા હતા. (૨૮)

તે સમયે તરવામાં અતિ ચતુર, મહાબળવાળા, શ્રીહરિનાં બંધુઓ તથા તેમનાં પુત્ર શ્રીહરિની પાછળ તરતા હતા અને શ્રીહરિને તથા સમગ્ર જનોને આનંદ પમાડતા હતા. (૨૯) આવી રીતે શ્રીહરિ

તે ધરામાં પોતાનાં સર્વ ભક્ત જનોની સાથે વિહાર કરીને ઉંચા પથ્થરોથી યુક્ત સુંદર પ્રદેશ પ્રત્યે પહોંચીને તે સ્થાનમાં મનોહર તીર્થ ખળખળિયામાં પોતાનાં ચરણકમળ મૂકીને બિરાજ્યા. તેમનાં મુખ સામે દૃષ્ટિ કરી ભક્તો પણ બેઠા. (૩૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં પોતાનાં ભક્તોની સાથે શ્રીહરિની જળક્રીડા વર્ણન નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ઉન્મત્ત ગંગાના પૂર્વ તરફ વહેતા પ્રવાહને પીઠ કરીને બિરાજેલા (નદીના જળમાં) પ્રભુ શ્રીહરિને અત્યંત વેગવાળો તે પ્રવાહ લગારેય હલાવવા સમર્થ થયો નહિ. (૧)

તે સમયે શ્રીહરિનાં દર્શનમાં આસક્ત નેત્રોવાળા ભક્તજનો અવતારી શ્રીહરિની બેસવાની આવી અસાધારણ ચતુરાઈ જોઈને અત્યંત આશ્ચર્ય સાથે પરમાનંદ પામ્યા. (૨) શ્રીહરિ કરુણાથી આર્દ્ર થયેલા નેત્રોથી ભક્તો પ્રત્યે જોતા, નિર્મળ નદીના જળને વખાણતા, નદીના ઉત્તમ જળ વડે પ્રવાહમાં કોગળા કરતા પોતાનાં સમગ્ર ભક્તજનોને અતિ હર્ષ પમાડતા સ્નાન કરતા હતા. (૩)

શ્રીહરિની પાછળના ભાગમાં અથડાઈને મસ્તક ઉપર તથા બંને ખભા ઉપર પડતા ઉન્મત્ત ગંગાના નિર્મળ જળ શેષનાગની રમણીય ફણાની દર્શનીય શોભા ધારણ કરતા હતા. (૪)

મોતીઓની માફક સ્વચ્છ જળથી ઢંકાયેલી, નવીન, ઘાટા મેઘસમાન વર્ણવાળી શ્રીહરિની મૂર્તિ ગંગાજળથી યુક્ત યમુનાની શોભાનું અદ્‌ભુત દર્શન કરાવતી હતી. (૫) ઉન્મત્ત ગંગામાં હર્ષથી સ્નાન કરતા, પોતાનાં ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ અત્યંત મંગળરૂપ વિવિધ પ્રકારની જળ ક્રીડા કરતા હતા. (૬) સુલલિત જળક્રીડા કરતા શ્રીહરિ પોતાની સમીપે બેઠેલા બ્રહ્માનંદ મુનિ પ્રત્યે પ્રીતિ પૂર્વક જોતા હતા. (૭) પછી સ્વયં શ્રીહરિએ, અતિ સ્થૂળ શરીરવાળા બ્રહ્માનંદ મુનિને પોતાનાં બંને હાથ વડે નદીના પ્રવાહમાં નાખ્યા. જળના પ્રવાહમાં તે મુનિ અસ્વસ્થ બની ખેંચવા લાગ્યા. (૮) તે પ્રવાહમાં વારંવાર બૂડતા અને નીકળતા પોતાનાં સખ્યા બ્રહ્માનંદ મુનિને જોઈ શ્રીહરિ અત્યંત હાસ્ય કરતા હતા. (૯) પછી શ્રીહરિએ તે પ્રવાહમાં પોતાનાં બંને હાથ વડે નિત્યાનંદ મુનિને નાખ્યા. તેમને પણ પ્રવાહમા ખેંચાતા અને વ્યાકુળ થયેલા જોઈ શ્રીહરિ અત્યંત હસતા હતા. (૧૦)

તેવી જ રીતે શ્રીહરિએ પ્રેમાનંદ મુનિને પણ પ્રીતિપૂર્વક પ્રવાહમાં હડસેલ્યાં. પ્રવાહમાં ખેંચાતા તેમને ભ્રાંત થયેલા જોઈને શ્રીહરિ હસતા હતા. (૧૧) શ્રીહરિ આવી રીતે બીજા મુનિઓને પણ પ્રવાહમાં ફેંકતા અને જળના પ્રવાહમાં તેમને તણાતા જોઈને પોતાનાં ભક્તજનોને હસાવતા શ્રીહરિ પણ હસતા

હતા. (૧૨) શ્રીહરિ એ, અતિ સ્થૂળ અને પ્રૌઢ આકૃતિવાળા, પોતાને વિષે સખાભાવ પામેલા પાર્ષદ સૂરા ભક્તને પગથી હડસેલી પ્રવાહમાં નાંખી દીધા. (૧૩) તે પ્રવાહમાં તણાતા સ્થૂળ શરીરવાળા સૂરા ખાચરને અસ્વસ્થ જોઈને શ્રીહરિ અત્યંત હસતા હતા. (૧૪)

પ્રવાહમાં તણાવાથી શ્વાસોશ્વાસથી જેમનું મુખ પહોળું થઈ ગયું છે તે સૂરા ભક્ત ધીમે ધીમે તરતા તથા શ્વાસ લેતા હસતા હસતા આવીને શ્રીહરિથી અત્યંત દૂર બેઠા. (૧૫)

હે રાજન્ ! શ્રીહરિ તેમને જોઈને આવી રીતે કહેવા લાગ્યા. તે સૂરા ભક્ત ! અહીં આવો તમોને ફરીથી પ્રવાહમાં નહિં ફેંકુ. (૧૬) પછી શ્રીહરિએ પોતાની સમીપે આવેલા સૂરા ભક્તને પોતાનાં હાથવડે પકડીને ના, ના કહેવા છતાં પણ ફરીથી પ્રવાહમાં ફેંકી દીધા. (૧૭) વેગવાન પૂરમાં તણાતા, અત્યંત વ્યાકુળ, કચ્છ રહિત થયેલા, વારંવાર બૂડતા અને ઉપર આવતા શ્વાસથી પહોળા મુખવાળા, સ્થૂળ શરીર હોવાથી તરવા માટે અશક્ત બનેલા સૂરા ભક્તને જોઈને શ્રીહરિ હસતા હતા, તથા અન્ય ભક્તો પણ હસતા હતા. (૧૮, ૧૯)

તે સમયે હાસ્યરસ જાણનારા નિષ્કુળાનંદ મુનિ હસતા હસતા કહેવા લાગ્યા. હે શ્રીહરે ! જે પોતે તારનારા હોય તે બીજાઓને શું બૂડાડે છે ? (૨૦) નિષ્કુળાનંદ મુનિનું આવું વચન સાંભળીને તે હાસ્ય વચનનો મર્મ નહિ જાણનારા સ્વયંપ્રકાશાનંદ મુનિ તો નિષ્કુળાનંદ મુનિને કહેવા લાગ્યા. હે મુને ! જેમનું નામ જ તારનારું છે તે શ્રીહરિને આ પ્રમાણે કહેવું નહિ. (૨૧)

તે સમયે આત્માનંદ તથા મુક્તાનંદ મુનિ સ્વયંપ્રકાશાનંદને કહેવા લાગ્યા : હે મુને ! હાસ્યવિનોદમાં આવી રીતે બોલાય તેમાં દોષ નથી. (૨૨) તે સમયે મહાનુભાવાનંદ મુનિ તેમને આત્માનંદ તથા મુક્તાનંદ મુનિએ કહેલો અર્થ કહેતા સેવાળથી પ્રવાહમાં પડ્યા. એ રીતે શ્રીહરિને હસાવતા હતા. (૨૩) આવી રીતે પોતાનાં આશ્રિતોને પ્રવાહમાં પાડતા શ્રીહરિ તેમને પ્રવાહમાં તણાતા જોઈ અત્યંત હસતા હતા. (૨૪) ભક્તોને ઈચ્છિત સુખ આપનારા શ્રીહરિની આવી રીતે પોતાની ભક્તજનોને આનંદ કરાવતા વિવિધ પ્રકારની મંગળકારી જળક્રીડા કરતા હતા. (૨૫)

આ જળ ક્રીડાનું વર્ણન તથા તેનું શ્રવણ કરનાર ભક્તજનોના સંસારનું બંધન નાશ કરનારી શ્રીહરિની આ દિવ્ય લીલાથી ભક્તો પરમાનંદ પામ્યા. (૨૬) ઉન્મત્ત ગંગાના બંને કિનારે ઊભેલા સર્વે સ્ત્રી-પુરુષો શ્રીહરિની જળલીલાનાં દર્શન કરતા ચિત્રની માફક સ્થિર થઈ ગયા ! (૨૭)

શ્રીહરિની આ લીલાનાં દર્શન કરીને અત્યંત આશ્ચર્ય પામેલા બ્રહ્માદિ દેવતાઓ ગઢપુર નિવાસીઓના મહાભાગ્યની પ્રશંસા કરતા હતા. (૨૮) વેદો જેનાં ચરણકમળની રજને શોધે છે, જેની પ્રાપ્તિ માટે યોગીઓ નિષ્પાપ બની તપ કરે છે. (૨૯)

મત્સ્ય, કૂર્મ વગેરે સમગ્ર અવતારોના કારણ અવતારી સાક્ષાત્ શ્રીહરિની સાથે જે ભક્તજનો ક્રીડા કરતા હતા. (૩૦) બ્રહ્માદિ ઈશ્વરો પણ જેમને વંદના કરે છે એવા અનંત પુણ્યવાળા આ ભક્તોના

ભાગ્યનું વર્ણન કરવા શેષાદિ પણ શક્તિમાન નથી. (૩૧) જેમનાં સ્મરણ માત્રથી જ મહાસુખ થાય છે, એવા શ્રીહરિની સાથે આવી રીતે ક્રીડા કરનારા ભક્તજનોને આનંદ થાય તેમાં શું કહેવું ? (૩૨) પોતાનાં સર્વ આશ્રિતોને સુખ આપવામાં નિપુણ, પોતાનાં ભક્તો અતિ પ્રેમથી દર્શન કરે છે તે શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ કળીમળને ધોઈ નાખનારી, મંગળ સ્વરૂપ જળક્રીડા કરીને મંગળમય પદોનું ગાન કરવાની, પોતાની સાથે સખાભાવ દઢ કરેલા બ્રહ્માનંદ મુનિને પ્રેરણા કરી. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરદ્ઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં પોતાનાં ભક્તોની સાથે શ્રીહરિની જળક્રીડાનું વર્ણન એ નામે અષ્ટમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિની આ પ્રકારની આજ્ઞાથી સર્વ કવિ શિરોમણીના પણ શિરોમણી, ગંભીર અને અતિ સુંદર, દીર્ઘસ્વર આલાપથી મુનીંદ્ર બ્રહ્માનંદ જળક્રીડાના પદોનું ગાન તાળી વગાડી ગાવા લાગ્યા. (૧)

હજારો ત્યાગી સમૂહો તથા ગૃહસ્થ ભક્તો પણ ઉત્સાહ પૂર્વક ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરતા તાળી વગાડતા બ્રહ્માનંદ મુનિની પાછળ ઉંચા સ્વરથી ગાવા લાગ્યા. (૨) તે સમયે તાળી વગાડતા અને તેથી જ દર્શનીય શ્રીહરિ પણ, ગંભીરતા તથા મધુરતા વિશિષ્ટ પ્રકારે ધારણ કરી, અતિ મનોહર સ્વરથી ગાન કરતા હતા. (૩)

હર્ષપૂર્વક ગાન કરતા ભક્તજન સમૂહના સ્વરને અતિક્રમણ કરતો શ્રીહરિનો સ્વર, મેઘના ધ્વનિ, નગારા વગેરે સર્વ વાદ્યોના ધ્વનિની જેમ ચારેય તરફ વ્યાપી ગયો. (૪)

હે રાજન્ ! તે સમયે ગાયો શ્રીહરિનું આ અમૃતગાન, ઉંચા કરેલા કર્ણરૂપી પડિયાઓ દ્વારા આદરપૂર્વક પાન કરતી, ઘાસ ખાવાનું પણ છોડી દઈને, શ્રીહરિનાં દર્શન કરીને આનંદમાં અશ્રુ છે નેત્રમાં જેમને એવી બની સ્થિર થઈ ગઈ ! (૫)

તે સમયે પોતાની માતાનું સ્તન પાન કરતા વાછરડાં પણ પોતાનાં કાને શ્રીહરિએ કરેલા અમૃતગાનનું પાન કરીને, પોતાની દ્રષ્ટિથી શ્રીહરિને પોતાનાં આત્મામાં મૂકીને, સ્તનપાન કરતા પોતાનાં મુખમાંથી દૂધ સ્ત્રવી જાય છે, અને એવા બની સ્થિર થઈ ગયા છે તે પણ આશ્ચર્ય છે ! (૬)

હે રાજન્ ! પક્ષીઓ શ્રીહરિનું અમૃતસમાન ગાન સાંભળીને શ્રીહરિનાં દર્શન કરતા, બીજી વાણી સાંભળવાનું છોડી દઈને, શ્રીહરિની સમીપે આવીને ઉત્તમ ઋષિઓની જેમ સ્થિર થઈ ગયા ! (૭)

શ્રીહરિનાં ગાનથી ખેંચાયા છે મન જેમનાં એવાં મૃગલાનાં ટોળાં આનંદપૂર્વક તત્કાળ આવીને તથા શ્રીહરિનાં દર્શન કરીને, શ્રીહરિનાં સ્વરરૂપી અમૃતનું પાન કરતા પોતાનાં વિશાળ નેત્રોનું ફળ પામ્યા.

(૮) મયૂરે શ્રીહરિનું ગાન સાંભળીને જાણે મેઘ વર્ષવાનો છે એવા મેઘ ધ્વનિની શંકાથી મધુર ધ્વનિ કરતા શ્રીહરિનાં દર્શન કરતા હર્ષાશ્રુ ભર્યા નેત્રોથી નૃત્ય કરવા લાગ્યા. (૯) ઉન્મત્ત ગંગાના તટ ઉપર ઊભેલા ગઢપુર નિવાસી પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિનું અનુપમ ગાન સાંભળીને મોહ પામી શરીરનું ભાન ભૂલી જઈ વાયુ વિનાના સ્થળમાં દીપકની જ્યોત જેમ સ્થિર થઈ જાય એમ સ્થિર થઈ ગયા ! (૧૦)

આકાશમાં રહેલા વિમાનોમાં બેઠેલા બ્રહ્માદિ દેવોના સમૂહો તથા તેમની પત્નીઓ શ્રીહરિનું સર્વોત્તમ ગાન સાંભળીને અત્યંત આશ્ચર્ય તથા આનંદ પામતા શ્રીહરિને સુંદર પુષ્પોથી વધાવતા હતા. (૧૧) તે સમયે શ્રીહરિની પ્રસન્નતા માટે અંતરિક્ષમાં અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ગંધર્વો તથા કિન્નરગણો વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ વાજિંત્રોના ઘોષ સહિત તથા તાલ અને સ્વર સહિત ઉંચે સાદે હર્ષપૂર્વક ગાન કરવા લાગ્યા. (૧૨)

બ્રહ્માદિ લોકેશ્વરો તથા મોટા ઋષિઓ, સિદ્ધો મહામુનિગણો તથા મુક્તો હર્ષયુક્ત બનીને મુનિઓએ જેમનાં ચરણારવિંદનું ચિંતવન કર્યું છે એવા અખિલેશ્વર શ્રીહરિની, વિવિધ પ્રકારનાં મનોહર સ્તોત્રોથી, સ્તુતિ કરતા હતા. (૧૩)

તીર ઉપર ઊભેલા ઊંચા પીછાંનો ભાર જેમને છે એવા મધુર નાદવાળા મૂયરો પણ હર્ષપૂર્વક શ્રીહરિની સ્તુતિના તે ગાનને અનુસરતું જળ અને મૃદંગના સમાન નાદવાળું, શ્રીહરિ સંબંધી ગાન સાધુઓના શ્રીહરિનાં સ્તુતિ ગાનની સાથે સમગ્ર લોકોના કર્ણપ્રદેશમાં વ્યાપી ગયું. (૧૪)

મધુરતામાં શ્રેષ્ઠ, કર્ણપ્રિય, અદ્વિતીય, શ્રીહરિનું ગાન સાંભળીને સુંદર ગાન કરતા કોકિલ વગેરે પક્ષીઓ પણ લજ્જાથી કુંજોમાં સંતાઈ ગયા. (૧૫) પથ્થરો ઉપર અથડાતા જળના મોજાઓથી ઉત્પન્ન થતો ધ્વનિ અતિ શ્રેષ્ઠ પક્ષીઓના નાદ સાથે મિશ્રિત થઈ જાણે ઉત્તમ વાજિંત્રોના અતિમધુર અને સુંદર નાદ ઉત્પન્ન કરી શ્રીહરિને આનંદ આપતા હતા. (૧૬)

તે સમયે આકાશમાં ઉત્પન્ન થયેલો મેઘ પોતાનાં પરોપકારાદિ ગુણો વડે શ્રીહરિનાં મિત્ર બની (સમાન ગુણોથી જ મિત્રતા સંભવે છે) શ્રીહરિની ઉપર અત્યંત પ્રેમથી પોતાની છાયા વડે શ્રીહરિની મૂર્તિની ચારે તરફ છત્ર ધારણ કરતો અને પોતાનાં નાદ વડે શ્રીહરિનાં સુંદર ગાનને શ્રીહરિનાં મધુર ગાનની પાછળ ગાજતો, શ્રીહરિની પ્રસન્નતા માટે અત્યંત ઉત્સાહિત થઈને ધીમે ધીમે વર્ષતો હતો. (૧૭)

તે સમયે મંદ પવનથી કંપતા કમળો જાણે સુંદર નૃત્ય કરતાં હોય અને તેની અત્યંત સુગંધિમાં લુબ્ધ બનેલા ગુંજારવ કરતા ભ્રમરારૂપી ગાયકો તે નૃત્યમાં તાલ મેળવતા શોભતાં હતાં. (૧૮)

પછી પ્રસિદ્ધ ઉન્મત્ત ગંગાના જળમાં સુંદર વિહાર કરનારા પોતાનાં ભક્તજનોનું પ્રિય કરનારા ઈશ્વર શ્રીહરિએ કરકમળની સંજ્ઞા કરીને ગાન સમાપ્ત કર્યું. (૧૯)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિનાં ચરણકમળ સાથે અથડાતાં નિર્મળ, પાપ તથા સંસૃતિનો નાશ કરનાર, ઉત્તમ, દેવતાઓને પણ દુર્લભ જળનું ભક્તજનો હર્ષથી પાન કરતા હતા. (૨૦) શ્રીહરિએ

સ્નાન કર્યું તેથી તેમનાં અંગ ઉપરથી ચર્ચેલા ધોવાયેલા મનોહર ચંદનથી પીળા રંગવાળી; પ્રવાહમાં તરતા પુષ્પોના હાર વગેરેથી ઉન્મત્ત ગંગા શોભતી હતી. (૨૧)

ત્યાગી મંડળો તથા ગૃહસ્થ પુરુષોના સ્નાનથી ધોવાયેલાં, અનેક પ્રકારનાં વર્ણવાળાં તિલકોથી તથા ધોવાયેલા નવીન કુમકુમના ગોળ ચાંદલાઓથી વિવિધ પ્રકારનાં વર્ણવાળી ઉન્મત્ત ગંગા બની શોભતી હતી. (૨૨)

હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રકારે પોતાનાં અનેક જનોની સાથે ઉન્મત્તગંગાના જળમાં ક્રીડા કરતાં સ્નાન કર્યું. પછી નદીની બહાર નીકળવા માટે પોતાનાં સર્વ ભક્તજનોને સુંદર કર સંજ્ઞાથી આજ્ઞા આપવા લાગ્યા. (૨૩)

તેથી શ્રીહરિની જળક્રીડાના દર્શનથી પ્રફુલ્લિત નેત્રોવાળા સમગ્ર ત્યાગીજનો તથા ગૃહસ્થ ભક્તો નદીના પ્રવાહમાંથી બહાર નીકળ્યા. (૨૪) પૂર્ણકામ શ્રીહરિ પાર્ષદ ભીમ ભક્તનો હાથ પકડીને પોતાનાં બંધુજનોની સાથે નદીના પ્રવાહમાંથી નીકળીની કિનારા ઉપરપ પધાર્યા. (૨૫)

પછી શ્રીહરિએ શ્વેત, કોમળ, નવીન અને ઘાટાં સૂક્ષ્મ વસ્ત્રો તથા ધારણ કર્યા અને સુવર્ણના શ્રેષ્ઠ તંતુઓના પાલવવાળું કસુંબલ વસ્ત્ર પોતાનાં બંને ખભા ઉપર ધારણ કર્યું. (૨૬) પછી શ્રીહરિએ મહામૂલ્યવાળું સુંદર સોનેરી તારવાળું દર્શન કરનારાએ વખાણેલું, મસ્તક ઉપરનું સુંદર ગુલાબી મોળીયું જેનાં અગ્ર ભાગમાં મુગટની આકૃતિવાળો શોભાયમાન તોરો જેમાં છે તે પોતાનાં મસ્તક ઉપર ધારણ કર્યું. (૨૭)

પછી અત્યંત પ્રેમી વિપ્ર મયારામ વગેરે શ્રીહરિનાં વિશાળ ભાલમાં કુમકુમનો ચાંદલો કરતા હતા. પછી ભક્તોએ, હર્ષપૂર્વક શ્રીહરિને પુષ્પના હાર, તોરા વગેરે ધારણ કરાવ્યા. (૨૮) હે રાજન્! પછી દાન આપવામા ઉત્તમ શ્રીહરિ તે સમયે ત્યાં આવેલા ગઢપુરના હજારો બ્રાહ્મણોને મુઠ્ઠીઓ ભરીને રૂપા મહોરો આપતા હતા. (૨૯)

હે રાજન્ ! પ્રત્યક્ષ ભગવાનના સંબંધથી સમગ્ર નદીઓમાં શ્રેષ્ઠ એવી ઉન્મત્ત ગંગાના અતિ સુંદર ખળખળિયા ઘાટમાં પોતાનાં ભક્તજનોની સાથે, પાપના સમુદાયને નાશ કરનારું છે શ્રવણ અને કીર્તન જેમનું એવા શ્રીહરિ વારંવાર ત્રીસ કે પચ્ચીસ વર્ષ સુધી જળક્રીડા કરતા હતા. (૩૦)

હે રાજન્ ! ખળખળિયા ઘાટની જેમ ઉન્મત્ત ગંગાના બીજા તીર્થોમાં (ઘાટોમાં) શોભાયમાન નારાયણ ઘરામાં જેમ શ્રીહરિ ક્રીડા કરતા હતા તેમ ક્યારેક ક્યારેક પોતાનાં ભક્તજન સમૂહોના આનંદ માટે જળલીલા કરતા હતા. (૩૧)

અવતારી, ઈશ્વરોના ઈશ્વર, સ્વામિનારાયણ શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં પોતાનાં અનેક ભક્તજનોની સાથે વારંવાર આશ્ચર્યકારી જળક્રીડા કરતા હતા. (૩૨)

માટે સમગ્ર પાપનો નાશ કરવામાં સમર્થ નિષ્કામી જનોને પણ સેવા કરવા યોગ્ય આ લોકમાં તીર્થોમાં શ્રેષ્ઠ તે ઉન્મત્ત ગંગા નદી નામથી પ્રસિદ્ધ થઈ. (૩૩) હે રાજન્ ! ઉન્મત્ત ગંગાનો ઉત્તમ મહિમા

જેવો છે તેવો કહેવા માટે પિતામહ, શંભુ તથા શેષ વગેરે સમર્થ થતા નથી તો તેનો સમગ્ર મહિમા કહેવામાં મારા જેવા સમર્થ ન થાય તેમાં શું આશ્ચર્ય છે ? અર્થાત્ કાંઈ જ આશ્ચર્ય નથી. (૩૪)

હે રાજન્ ! પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને પોતાનાં સમગ્ર ભક્તજનોની સાથે બંને ચામરો સહિત છત્રથી વિશેષ શોભતા વાજિંત્રોના ધ્વનિ સહિત પુરમાં પધાર્યા. (૩૫) નેત્રરૂપી કમળોથી કર્યા છે તોરણો જેમણે એવા, માર્ગમાં આવતા શ્રીહરિનાં અતિહર્ષયુક્ત દર્શન કરતા જનસમૂહોના ત્રિવિધ તાપને દયાર્દ્ર દ્રષ્ટિથી શાંતિ પમાડતા શ્રીહ્રહરિ પોતાનાં સમગ્ર જનોની સાથે પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૩૬)

હે રાજન્ ! શ્રોતા તથા વક્તાઓની સંસૃતિનો નાશ કરનારી શ્રીહરિની આ જળલીલા આવી રીતે સંક્ષિપ્તથી મેં તમોને કહી. વિસ્તારપૂર્વક કહેવા તો શેષ, ઉપનિષદો, અક્ષર વગેરે પણ સમર્થ નથી થતા તો મારા જેવાની તો શી વાત ! (૩૭)

શ્રીહરિની પૃથ્વી ઉપરની આ મંગળ સ્વરૂપ, અનંત પાપ તથા ક્લેશનો નાશ કરનારી શ્રીહરિની આ જળક્રીડા જે જનો આદરપૂર્વક સાંભળશે અથવા કહેશે તે ભક્તજનો સંસૃતિ આપતા અનાદિ અજ્ઞાનના સંબંધરૂપ કાદવને ધોઈ નાખીને પ્રારબ્ધ કર્મના ભોગ માટે પ્રાપ્ત થયેલા દેહનો વિનાશ કરી સુખમય સર્વોત્તમ બ્રહ્મપુર ધામને પામશે. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કન્ધમાં જળક્રીડા કરતા શ્રીહરિએ કરેલા પદોના ગાનનું માહાત્મ્ય વર્ણન નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

માનસિંહ રાજા કહે છે :- હે શુકાનંદમુને ! સર્વ અવતારોના કારણ અક્ષરબ્રહ્મના અંતર્યામી શ્રીહરિનો સંબંધ સર્વ પ્રકારે ઉન્મત્ત ગંગા પામી. (૧) હે મુને ! પૃથ્વી ઉપર બીજી મોટી નદીઓને પણ યોગીઓએ ઈચ્છિત ઉન્મત્ત ગંગાના જેવો શ્રીહરિનો સંબંધ થયો જ નહિ. (૨)

હે મુનિરાજ ! આવી રીતે શ્રીહરિકૃષ્ણનો અન્યને દુર્લભ એવો નિત્યસંબંધ ઉન્મત્ત ગંગાને થયો તેનું, (૩) તથા શ્રીહરિએ વારંવાર કરલી જળક્રીડાથી અતિપવિત્ર જળવાળી ઉન્મત્ત ગંગાનું હે મુને ! શુભ માહાત્મ્ય, (૪) તથા હે મુને ! તે નદીના સંબંધથી જીવોને કેવી ગતિ થાય એ ત્રણ જાણવા ઈચ્છતા મને સકળ શાસ્ત્રના રહસ્ય જાણનારા આપ કહો. (૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છાવાળા તમોએ બહુ સારો પ્રશ્ન પૂછ્યો. તે પ્રશ્નનો ઉત્તર તમોને હું કહું છું તે તમો એકાગ્ર મનથી સાંભળો. (૬) હે રાજન્ ! એક સમયે નરનારાયણ આશ્રમની આગળ મંદાકિની ગંગામા સ્નાન કરવા માટે મહાયશસ્વી પરમેશ્વર

નરનારાયણ ગયા. (૭)

પછી નરે સહિત નારાયણ ગંગામા સ્નાન કરીને પોતાનાં શુભ આશ્રમમાં જતા હતા. તે સમયે અતિશય ગર્વિષ્ઠ અને સ્ત્રી રૂપ ધારી ગંગાને તેમણે જોઈ. (૮) સર્વ ભાવને જાણનારા નારાયણ ભગવાન ત્રિવિક્રમ નામના ઈશ્વરના ચરણકમળના સ્પર્શથી ઐશ્વર્ય પામેલી ગંગાને અતિશય ગર્વિત થયેલી જોઈ કહેવા લાગ્યા. (૯)

હે કલ્યાણી ! તમને બહુ મદવાળાં તથા મહા ઉત્સાહવાળાં હું જોઉં છું તેનું શું કારણ ? તે તમો મને યથાર્થ કહો. (૧૦) અતિ સુંદર ભૂષણો તથા વસ્ત્રોની કાંતિવાળી અતિ સુંદર ગંગા, નરનારાયણે આવી રીતે પૂછ્યું તેથી, નરનારાયણ પ્રત્યે પ્રેમપૂર્વક શ્રેષ્ઠ વચનો કહેવા લાગી. (૧૧)

ત્રિવિક્રમ ભગવાન વામજીના પદસ્પર્શથી પ્રાપ્ત થયેલા ઐશ્વર્યથી શરીરધારીના પાપ નાશ કરવામાં સમર્થ મને મદ તથા હર્ષ કેમ ન થાય ? અર્થાત્ થાય જ. (૧૨) વળી પુણ્યકીર્તિ ભગવાન નરનારાયણ એવા આપના પણ નિરંતર સ્નાનથી આવો મદ મને વ્યાપ્યો છે. (૧૩)

મંદાકિની ગંગાનું આવું વચન સાંભળીને નરનારાયણ પ્રભુ અમૃત સમાન મીઠી તથા હિતકારી અલ્પ અને સ્વધર્મયુક્ત વાણી ગંગા પ્રત્યે બોલ્યા. (૧૪) હે નિષ્પાપ ! હે સુવ્રતા ! તમોએ ત્રિવિક્રમ ભગવાનના ચરણનો સ્પર્શ એક જ વાર કર્યો છે. તેથી તમારે આટલો ગર્વ ન કરવો. (૧૫)

તેવી રીતે હે ભદ્રે ! નરે સહિત હું હંમેશા તમારા નીરમાં સ્નાન કરું છું આવો ગર્વ કરવો યોગ્ય નથી. (૧૬) હે ગંગે ! ત્રિવિક્રમ તથા મારાથી પણ પર સર્વે અવતારોના કારણ, સર્વવિત્ પુરુષોત્તમ જે અક્ષરધામમાં વિરાજે છે. (૧૭)

સર્વના નિયામક પ્રત્યક્ષ તે પુરુષોત્તમનો સંબંધ તમોને હજી સુધી ક્યારેય પ્રાપ્ત થયો નથી. માટે તમારે આવો ગર્વ કરવો યોગ્ય નથી. (૧૮)

તેમનાં આવાં મધુર વચન સાંભળી અતિ વિસ્મય પામેલી, શાંત, ગર્વવાળી, મંદાકિની ગંગા સર્વ અવતારના કારણ સ્વરૂપ અક્ષરાદિના નિયંતા એવા પુરુષોત્તમની પ્રાપ્તિ માટે તપ કરવાનો નિશ્ચય કરીને તે ગંગા નરનારાયણને કહેવા લાગી. (૧૯)

હે ભગવાન્ ! મત્સ્ય-કૂર્માદિ સમગ્ર અવતારો તથા તમારા પણ કારણરૂપ, અક્ષરથી પર બ્રહ્મપુરના અધિપતિ જે શ્રીહરિ વિશે આપે કહ્યું. (૨૦) હે દયાનિધે ! સર્વ અવતારોના કારણ શ્રીહરિ ભગવાનનો સંબંધ મને જે પ્રકારે નિરંતર થાય તે માટે તીવ્ર તપ આદરવા પ્રયત્ન કરીશ. (૨૧)

ગંગાનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા નરનારાયણ ગંગાને કહેવા લાગ્યા. હે કલ્યાણી! તમારો આ શુભ સંકલ્પ જરૂર સિદ્ધ થશે. (૨૨) હે રાજન્ ! આવી રીતે નરનારયણે ગંગાને કહ્યું અને પછી પોતે આશ્રમમાં ગયા. પછી ગંગાએ મનુષ્ય જાતિમાં જન્મ ધારણ કરીને મહાતપ કરવા માટે ઈચ્છા કરી. (૨૩)

હે રાજન્ ! એ સમયે વંકાયન ઋષિ પશ્ચિમ પંચાળ દેશમાં જ્યાં સોમનાથ મહાદેવનું સ્થાન છે તે પર્વતમાં વસતા હતા. તેમણે ચિત્તમાં એવો સંકલ્પ કર્યો. જાહ્નવી પોતે જ્યારે મારી પુત્રી થશે ત્યારે જ મારો વંશ સંસાર સાગર તરશે. (૨૪, ૨૫)

બુદ્ધિમાન વંકાયન મુનિ આવો નિશ્ચય કરીને પોતાનાં વંશની મુક્તિ માટે શરીરના સુખનો અનાદર કરીને અતિ કઠોર તર કરવા લાગ્યા. (૨૬) ત્યાગ કર્યા છે ગ્રામ્ય વિષયો જેમણે અને શીતોષ્ણાદિ સહન કરતા, અપરિગ્રહી, જીત્યું છે અંતઃકરણ અને ઈન્દ્રિય સમૂહ જેમણે એવા શ્રીહરિની આરાધનામાં તત્પર, વ્યાકુળતા રહિત, દુઃસહ તપ કરવા છતાં પણ મહાધૈર્યવાળા, શ્રદ્ધાવાળા, મહર્ષિઓના સમૂહને વિસ્મય પમાડતા, હે રાજન્ ! દુષ્કર તીવ્ર તપ કરતા હતા. તે ઋષિથી શીલ તથા ગુણોના સ્થાનરૂપ તેમની પત્ની રમાને મંદાકિની ગંગા પુત્રી થઈ. (૨૭, ૨૮, ૨૯)

બાલ્યાઅવસ્થામાં ગંગા પણ ગુણ સમુદાયથી પોતાનાં માતાપિતાને અત્યંત આનંદ પમાડતી બાલ્યાવસ્થામાં યોગવાળી, નિરંતર અતિમહાન સર્વોત્તમ તપ કરતી હતી. (૩૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં વંકાયન મુનિને ત્યાં જન્મ ધારણ કરવું તે નિરૂપણ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આ લોકમાં વંકાયન મુનિની કન્યા ગંગાએ પોતાનું ઈચ્છિત પ્રાપ્ત થાય ત્યાં સુધી દિવ્ય તપ કરવાનો આરંભ કર્યો. (૧) શબ્દાદિ અતિ રમણીય પંચ વિષયોનો સમગ્રપણે ત્યાગ કરીને જીત્યા છે. ઈન્દ્રિયો તથા અંતઃકરણ જેણે એવી ગંગા હંમેશા તપ કરતી હતી. (૨)

ઉનાળામાં ગંગા ચાર માસ અગ્નિની વચ્ચે બેસીને એકાગ્ર દૃષ્ટિ કરીને હંમેશા સૂર્યનારાયણ પ્રત્યે જોતી હતી. (૩) તીવ્ર તપમાં રૂચિવાળી ગંગાને અયાચક જળ તથા ચંદ્રના કિરણો એ જ પારણાનો વિધિ હતો. (૪)

વળી ચાતુર્માસમાં વરસાદની ધારાઓ સહન કરતી ગંગા મહર્ષિઓને મહાઆશ્ચર્ય પમાડતી તપ કરતી હતી. (૫) શિશિર ઋતુમાં ગંગા અતિ ઠંડા જળમાં હંમેશા રહેતી તોપણ ધૈર્યથી શોભતી, ટાઢ તથા વાયુથી અત્યંત કંપતી રાત્રિદિવસ નિર્ગમન કરતી હતી. (૬)

પવિત્ર વ્રતવારી ગંગા હાથરૂપ લતાનું ઓશીકું કરીને જમીન ઉપર સૂતી. સર્વ ઋતુઓની રાત્રિ એ પ્રમાણે નિર્ગમન કરતી. (૭) ચાતુર્માસમાં ગંગા ક્યારેક ધારણા પારણા વ્રત ક્યારેક ચાંદ્રાયણ તથા ક્યારેક જવ નામનું પવિત્ર વ્રત કરતી હતી ક્યારેક ગંગા કૃચ્છાતિ કૃચ્છ્ વ્રત તથા સાંતપન સંજ્ઞાવાળું તથા સૌમ્યાકૃચ્છ્ તથા ઉદાલકવ્રત કરતી હતી. ક્યારેક ગંગા ફલકૃચ્છ્, ક્યારેક પર્ણકૃચ્છ્ તથા ક્યારેક

માસ પર્યંત ઉપવાસ કરવાનું વ્રત ક્યારેક નીરકૃચ્છ્ર વ્રત કરતી હતી. જેમ જળ સદા ઉતરતા ઢાળમાં પડે છે તે પ્રમાણે વહેતા મનને નિવારણ કર્યા વિના પણ જે સ્થિર નિશ્ચયવાળી છે તે ગંગા અહિંસાદિ તથા શૌચાદિ નિયમોથી યુક્ત હંમેશા શરીરની સંભાવના કર્યા વિના શરીર, વાણી અને મનથી તપ કરતી હતી. નાના પ્રકારનાં શુભ વ્રતોથી પોતાનું શરીર સૂકવી નાખતી ગંગા તપસ્વીઓનાં તીવ્ર તપને પણ ઉલ્લંઘન કરી ગઈ. (૮-૧૨)

હે મહિપતે ! આવી રીતે અન્યથી ન થઈ શકે એવા બહુ વર્ષ સુધી ગંગાએ કરેલા તપથી ઈન્દ્રાદિક લોકેશ્વરો પણ કંપી ઊઠ્યા. (૧૩, ૧૪) હે રાજન્ ! તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માદિ દેવતાઓ ગંગાને સમીપે જઈને નાડીઓથી વ્યાપ્ત દેહવાળી, તપ કરતી ગંગાને જોતા હતા. (૧૫)

હે રાજન્ ! બ્રહ્માદિ દેવતાઓએ પ્રેરણા કરેલા ઉત્તમ બુદ્ધિમાન નારદમુનિને મહાતપના પ્રભાવવાળી શુભ આશયવાળી ગંગાને આ પ્રમાણે પૂછ્યું. (૧૬) હે સુંદર ભ્રકુટિવાળી ! તમો દેહસુખનો ત્યાગ કરીને તપસ્વિઓએ પણ દુષ્કર એવું તીવ્ર તપ શા માટે કરો ? (૧૭)

હે સુંદર ભ્રકુટિવાળી દેવતાઓની સ્ત્રીઓને પણ મોહ પમાડનારું અત્યંત દુર્લભ આ શરીરનો અનાદર કરીને ઉગ્ર તપથી દેહને કેમ અત્યંત સૂકવી નાખો છો ? (૧૮) અતિ શુદ્ધ તપસ્વિની તપના તેજથી શોભતી ગંગા નારદજીનું આવું વચન સાંભળીને નારદજીને આ પ્રમાણે કહેવા લાગી. (૧૯)

હે મુને ! બ્રહ્મધામ નિવાસી, સર્વ અવતારોના કારણ, અંતઃકરણમાં રહીને પ્રત્યક્ષ જોનારા પ્રત્યક્ષસ્વરૂપે પ્રગટ ભગવાન પુરુષોત્તમનો અત્યંત સુખદાયક સંબંધ પ્રાપ્ત કરવા માટે બાલ્યાવસ્થાથી આરંભીને દુષ્કર મહાતપ કરું છું. (૨૦-૨૧)

હે મુને ! કાળના ગ્રાસ યુક્ત સંસારનો ક્લેશ આપનારું માયામય સમગ્ર બ્રહ્માંડના સુખમાં મારે પ્રીતિ નથી. (૨૨) હે બ્રહ્મન્ ! તેથી પુરુષોત્તમના અખંડ સંબંધની પ્રાપ્તિ માટે પ્રાણ નીકળતા સુધી આવું તપ હું કરીશ. (૨૩)

હે રાજન્ ! ગંગાનું આવું વચન સાંભળીને તેનો સર્વ પ્રકારે અત્યંત કલ્યાણકારી અભિપ્રાય જાણીને નારદજી અત્યંત પ્રસન્ન થયા. (૨૪) પછી નારદ મુનિ ગંગાને કહેવા લાગ્યા; હે ભદ્રે ! જેથી તમોએ બીજા તપસ્વીઓથી પણ ન થઈ શકે એવું કઠિન તપ કર્યું છે તેથી તમારા આ શરીરનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર નદીરૂપ બની તમારે શ્રીહરિ છે બીજું નામ જેમનું એવા અવતારી પુરુષોત્તમનો નિત્ય સંબંધ થશે. (૨૫-૨૬)

હે ગંગે ! અક્ષરધામમાં નિવાસ કરતા, મન-વાણીને અગોચર વિવિધ અવતારોના કારણ જે પુરુષોત્તમ છે. તે જ શુદ્ધ એકાંતિક ધર્મ સ્થાપવા માટે તથા પોતાનાં પ્રતાપથી જનસમૂહોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે કૌશલ, દેશમાં વસતા સર્વોત્તમ બ્રાહ્મણ ધર્મદેવ થકી તેમનાં પત્ની ભક્તિદેવીમાં પોતાની ઈચ્છાથી પ્રગટ થશે. (૨૭, ૨૮)

પછી અક્ષરપતિ પ્રભુ પુરુષોત્તમ રાધા-લક્ષ્મી આદિકની માફક ક્ષણમાત્ર પણ ભગવાનનો વિરહ નહિ સહન કરનારા પોતાનાં એકાંતિક જનોની ભક્તિને આધીન થઈને ગઢપુરમાં નિવાસ કરશે. (૨૯)

ત્યારે તમો દુર્ગપત્તનની સમીપે નદીરૂપ બની ઉન્મત્ત ગંગા નામ પામશો. એમાં સંશય નથી. (૩૦) તમો નદીરૂપે બનશો ત્યારે શ્રીહરિ તમારા પવિત્ર જળમાં વિવિધ પ્રકારનાં ધામોનાં મુક્તો સાથે નિરંતર જળક્રીડા કરશે. હે ભદ્રે ! ત્યારે તમારી કીર્તિ સમગ્ર બ્રહ્માંડમાં જરૂર વ્યાપશે. આવી રીતે તમારે સત્પતિનો નિત્ય સંબંધ થશે. (૩૧, ૩૨)

આવી રીતે દેવર્ષિ નારદ તથા બ્રહ્માદિ દેવતાઓ ગંગાને વર આપીને ગંગાના તપનું વર્ણન કરતા પોતપોતાનાં ધામમાં ગયા. (૩૩) પછી ગંગા પ્રસન્ન મનથી અતિ મહાન તપ કરવા લાગી. તે સમયે આશ્ચર્ય પામતી આકાશવાણી સાંભળવા લાગી. (૩૪)

હે ભદ્રે ! બીજા જનોથી ન થઈ શકે એવા તમારા તપથી અક્ષરથી પર, તપમાં પ્રીતિ વાળો હું અત્યંત પ્રસન્ન થયો છું. (૩૫) હે શોભને ! હું અક્ષરપતિ જનોની આત્યંતિક મુક્તિ માટે ધર્મદેવથી તેમની પત્ની ભક્તિમાં સ્વ સ્વરૂપથી જ પ્રાદુર્ભાવ પામીશ. (૩૬)

હે શ્રેષ્ઠ મુખવાળી ! મનુષ્યભાવના સ્વરૂપમાં હોવા છતાં પણ અક્ષરધામનો અધિપતિ પુરુષોત્તમ હું અક્ષરાદિ ધામમાં રહેલા દિવ્ય મુક્તો તથા ઐશ્વર્યાદિથી સહિત ધર્માદિ શુભ ગુણ યુક્ત ઉત્તમ રાજાના મનોહર દુર્ગપત્તનમાં નિવાસ કરીશ તે વખતે નદીના ભાવને પામેલી તને હું નિશ્ચે મળીશ. (૩૭, ૩૮) હે મહાવ્રતશાળી ! તપસ્વી તમોને અભીષ્ટ એવો મારો નિરંતર સંબંધ જે બીજાઓને દુર્લભ છે છતાં પણ તને નદીરૂપે તે સંબંધ થશે જ. (૩૯, ૪૦)

આ પ્રકારની આનંદદાયક આકાશવાણી સાંભળીને પ્રસન્ન થયેલી ગંગા અત્યંત શ્રદ્ધા પૂર્વક તીવ્ર તપ કરવા લાગી. (૪૧) શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ હંમેશા ચિંતવતી ગંગાએ હર્ષપૂર્વક પોતાનાં શરીરનો ત્યાગ કરીને શુભ નદીરૂપ બની (વસ્તુતાએ તપથી પવિત્ર બનેલી ગંગાનું શરીર જ નદીના ભાવને પામી ગયું.) (૪૨)

હે રાજન્ ! નદીઓમાં શ્રેષ્ઠ ગંગા સોમનાથ મહાદેવના આધારરૂપ વાંકીયા ગામની સમીપે આવેલા પર્વતમાંથી પ્રવાહરૂપે નીકળી. (૪૩) ગંગાને લાવવાની ઈચ્છાથી તપ કરતા માંડવ્ય ઋષિને પવિત્ર કરતી ગંગા માંડવધાર ગામની સમીપે વહેવા લાગી. (૪૪)

ગંગાને પોતાની સમીપે લાવવાની ઈચ્છાથી તપ કરતા નીલકંઠ વિપ્રને પવિત્ર કરતી ગંગા ગઢપુરની સમીપે વહેવા લાગી. (૪૫) કેટલોક સમય ગયા પછી અવતારી શ્રીહરિનો નિત્ય સંબંધ પામેલી ગંગા જેનોં મનોરથ પૂર્ણ થયો છે તે પોતાને કૃતાર્થ માનવા લાગી. (૪૬)

ગંગા પોતાને થયેલો અલભ્ય લાભ નરનારાયણને કહેવા ઈચ્છતી હતી. તેથી અત્યંત ઉત્સાહપૂર્વક મૂર્ત સ્વરૂપ ધારણ કરીને શ્રીનરનારાયણની સમીપે તે ગઈ. (૪૭) એકાંતમાં બેઠેલા શ્રીનરનારાયણને

પ્રીતિપૂર્વક નમસ્કાર કરીને પ્રસન્નવદના ગંગા નરનારાયણની સમીપે ઉભી રહી. (૪૮)

શ્રીનરનારાયણે ગંગાના મંદ હાસ્યથી તેના આનંદનું અનુમાન કરી પોતા તરફ જોતી ગંગાને મંદહાસ્ય પૂર્વક કહેવા લાગ્યા. (૪૯) હે કલ્યાણી ! તમોને હું હમણાં અપૂર્વ આનંદયુક્ત જોઉં છું માટે તમારા તે આનંદનું કારણ મને તમો કહો. (૫૦)

શ્રી નરનારાયણે આ પ્રમાણે પૂછ્યું તેથી દિવ્ય ભૂષણો તથા વસ્ત્રોથી સર્વોત્તમ કાંતિવાળી બનેલી ગંગા અતિ મધુર વાણીથી પ્રભુને પ્રસન્ન કરતી આ પ્રમાણે કહેવા લાગી. (૫૧)

હે પ્રભો ! મેં આપના વચનથી બહુકાળ પર્યંત તીવ્ર અને દુષ્કર તપ સર્વ ભોગનો ત્યાગ કરીને કર્યું છે. (૫૨) તેથી પશ્ચિમ પાંચાળ દેશમાં દુર્ગપત્તન નગરની સમીપે હું નદીના પ્રવાહરૂપે રાત્રિ-દિવસ વહું છું. (૫૩) બ્રહ્મપુરના સ્વામી સર્વાવતારી મનુષ્યરૂપધારી પ્રત્યક્ષ શ્રીહરિ દિવ્ય અક્ષરમુક્તોની તથા અન્ય ભક્તોની સાથે મારા જળમાં દરરોજ સ્નાન કરે છે અને હે ભૂમન્ ! અતિમંગળ, સુલલિત દિવ્ય જળલીલા વારંવાર કરે છે. (૫૪, ૫૫)

હે પ્રભો ! હું અનુપમ આનંદ પામી છું. તમારા પ્રતાપથી મારા મનોરથા પૂર્ણ થયા છે. અને હું કૃતાર્થ થઈ છું. (૫૬) આવું ગંગાનું વચન સાંભળીને શ્રીનરનારાયણ આનંદ પામ્યા અને અતિ મનોહર વાણીથી ગંગાને પ્રસન્ન કરતા આ પ્રમાણે બોલ્યા. (૫૭)

હે શુભે ! વામન વગેરે અવતારોના તથા મારા પણ કારણરૂપ ઈશ્વરોના ઈશ્વર અક્ષરથી પર, યોગીઓને પણ જેમનાં દર્શન દુર્લભ છે તે સર્વ કારણના કારણ, શોભાયમાન, બ્રહ્મપુરના નિયામક શ્રીહરિકૃષ્ણનો નિરંતર યોગ તમો પામ્યા છો. (૫૮, ૫૯)

હે કલ્યાણિ ! પૂર્ણ કામનાવાળી, અનુપમ, તું લોકોના પાપનો નાશ કરનારી છે. માટે તારા ભાગ્યનું હું શું વર્ણન કરું ? (૬૦) ધર્મપુત્ર પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિ, જેમનોં પાવનકારી સંબંધ યોગીઓ પણ ઈચ્છે છે, તે સંબંધ પામીને અત્યંત આનંદથી પાપી મનુષ્યોના પાપનો વિચાર કર્યા વિના તું તેમનોં ઉદ્ધાર કરે છે. તેથી તું અત્યંત ઉન્મત્ત ભાવને પામીને છું. (૬૧, ૬૨)

તેથી હે ભદ્રે ! તારું પવિત્ર અને સાર્થક નામ ઉન્મત્ત ગંગા એવું આ લોકમાં અત્યંત પ્રસિદ્ધ થશે. (૬૩) તેમનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલી ગંગા ફરીથી આ પ્રમાણે બોલી. હે પ્રભો! હું તમારી કૃપાથી આવો અત્યંત અનુપમ લાભ પામી છું. (૬૪)

તેમને આ પ્રમાણે કહીને અત્યંત પ્રસન્ન થયેલી ગંગા પ્રભુ નરનારાયણને નમસ્કાર કરીને વીજળીનો ઝબકારો જેમ વિલીન થઈ જાય તેમ હે રાજન્ ! તત્કાળ અંતર્ધાન થઈ ગઈ. (૬૫) હે રાજન્ ! આ પ્રકારે ઉન્મત્ત ગંગાના નામથી પ્રસિદ્ધ થયેલી ગંગા સર્વ નદીઓમાં શ્રેષ્ઠ થઈ. કારમ કે તે ઉન્મત્ત ગંગામાં મુનિઓ તથા અન્ય ભક્તો સાથે શ્રીહરિ વારંવાર જળક્રીડા કરતા હતા. (૬૬)

હે રાજન્ ! આવી રીતે દૂરંત પાપોના સમૂહનો નાશ કરવામાં શક્તિવાળી, નદીઓમાં શ્રેષ્ઠ

ઉન્મત્ત ગંગાને શ્રીહરિનો નિત્ય સંબંધ કેવી રીતે થયો તે મેં તમોને યથાર્થ કહ્યું. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ગંગાએ તપશ્ચર્યા કરી તે નિરૂપણનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

માનસિંહ રાજા કહે છે :- હે દિવ્યદૃષ્ટિવાળા મહામુને ! માંડવ્ય ઋષિ તથા નીલકંઠ વિપ્રને ગંગાને અહીં લાવવામાં શું પ્રયોજન હતું ? તે આપ મને કહો. (૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પૂર્વે તપ કરતા મુનિઓમાં અતિ શ્રેષ્ઠ મહાબુદ્ધિશાળી મહર્ષિ માંડવ્ય મોટા ઋષિઓને પણ સન્માનપાત્ર હતા. (૨) હે રાજન્ ! જ્યારે માંડવ્ય ઋષિ પાંચ વર્ષથી પણ ઓછી વયના હતા ત્યારે બાળ સહજ ચપળતાથી એક તીડને કુશના અગ્રભાગથી વીંધીને રમત કરતા હતા. (૩)

હે ભૂપતે ! ઘણો કાળ વીતી ગયો તે પછી એક સમયે રાત્રિએ રાજાનો ખજાનો ચોરીને ચોરો નાસી જતા હતા. (૪) પરંતુ પોતાની પાછળ આવતી રાજાની સેનાને દૂરથી જોઈને તે ચોરો ભયથી દોડી માંડવ્ય ઋષિના આશ્રમમાં આવ્યા. (૫)

આશ્રમમાં આવી એકાંતમાં બેસીને ધ્યાન કરતા માંડવ્ય ઋષિને જોઈને તે ચોરો પણ ઋષિની માફક ધ્યાન કરવાનો ઢોંગ કરતા ઋષિની આજુબાજુ બેસી ગયા. (૬) તે મુનિના આશ્રમમાં આવેલા રાજાના સીપાઈઓ ધ્યાન કરતા કપટી ચોરોને તથા તે મહર્ષિને પકડીને રાજદરબારમાં લઈ ગયા. (૭)

પછી રાજાની આજ્ઞાથી ચોરો ઉપર ક્રોધથી વ્યાકુળ થયેલા તે રાજાના સીપાઈઓએ ઋષિને તથા ચોરોને તત્કાળ શૂળી ઉપર ચઢાવ્યા. (૮) ચોરોની સાથે શૂળી ઉપર ચઢાવેલા ઋષિને જોઈને રાજાએ કહ્યું ‘આ તો સાક્ષાત્ ઋષિ છે. તેથી તે ઋષિને શૂળી ઉપરથી તત્કાળ ઉતારીને અત્યંત ભક્તિપૂર્વક પ્રાર્થના કરીને તેમને પ્રસન્ન કર્યા અને છોડી મૂક્યા. (૯)

પછી ઋષિએ પણ આ પ્રમાણે વિચાર કર્યો. રાજા દ્વારા મને આવો દંડ યમરાજાએ આપ્યો માટે હવે, હું યમને જ શિક્ષા કરું. (૧૦) આવો વિચાર કરીને ક્રોધથી ક્ષુબ્ધમન જેમનું થયું છે એવો માંડવ્ય મહર્ષિ યમપુરીમાં જઈને ધર્મરાજને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૧)

હે ધર્મ ! તમોએ રાજા દ્વારા મને ઉગ્ર દંડ કેમ કર્યો ? તેથી ધર્મરાજાએ શાંતિપૂર્વક તે મુનિને કહ્યું. (૧૨)

ધર્મરાજા કહે છે :- હે મહાબુદ્ધિમાન ! તમોએ બાળ અવસ્થામાં રમતમાં કુશના અગ્રભાગથી

એક તીડને વીંધી નાંખ્યું હતું. તેથી જ તમોને આવો દંડ કરવો પડ્યો છે. (૧૩) તે સાંભળી માંડવ્ય ઋષિ ધર્મને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ધર્મ ! બાળ અવસ્થામાં અજાણતાં આવું પાપ કર્યું તેથી તમોએ મને ઉગ્ર દંડ આપ્યો. માટે આજથી પાંચ વર્ષની વયવાળા કોઈ પણ બાળક ક્યારેય તમારો દંડ ન પામો અને તમો શૂદ્ર થાવ. આ પ્રકારે મુનિ યમને શાપ આપીને પોતાનાં આશ્રમમાં આવ્યા. (૧૪, ૧૫)

આશ્રમમાં આવ્યા પછી હે રાજન્ ! માંડવ્ય ઋષિનું ચિત્ત સ્થિર થયું. પછી તે આવો વિચાર કરવા લાગ્યા. યમને મેં શાપ આપ્યો તે યોગ્ય કાર્ય કર્યું નથી. (૧૬, ૧૭) પ્રાણીઓને દંડ દેવા માટે ભગવાને યમને આજ્ઞા કરી છે. માટે ભગવાન મારા ઉપર જરૂર અપ્રસન્ન થશે. (૧૮)

અતિ મોટા, મહાન અધિકારવાળા, પ્રજાને શિક્ષા કરનારા યમનો પણ મેં અપરાધ કર્યો. (૧૯) પાંચ વર્ષ સુધીના બાળકોએ કરેલા પાપનું દંડરૂપી પ્રાયશ્ચિત ન થવાથી તે દોષ પણ મને લાગ્યો. (૨૦) માટે તે પાપના નાશ માટે મારે પ્રાયશ્ચિત્ત કરવું. એમ મહર્ષિએ વિચાર કરીને મહર્ષિઓની સભા બોલાવી તે પાપના પ્રાયશ્ચિત્તનો નિર્ણય પૂછ્યો. (૨૧) પછી સભામાં આવેલા મહામુનિઓ વિધિ પ્રમાણે પ્રાયશ્ચિત કરવાનો નિર્ણય માંડવ્ય ઋષિને આદરપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. હે મુને ! ગંગા અહીં આવીને તેના તરંગોથી તમને પવિત્ર કરે. (૨૨)

હે બુદ્ધિશાળી ! ત્યારે જ તમો આ અતિ મોટા અપરાધમાંથી મુક્તિ પામશો. એમ અમને સર્વને અમારા અંતઃકરણમાં ભાસે છે. (૨૩) હે ધીમન્ ! આ અપરાધનું નિવારણ તમો બીજી રીતે પણ કરી શકશો. જો તમો આ ગંગાને અહીં લાવી શકો તો તમારી એ ક્રિયાથી પ્રાણીઓનું હિત થશે અને તમારા પાપનું નિવારણ થશે. (૨૪)

માટે જીવોને હિતકર આ, કાર્ય તમારે કરવું, એમ મુનિને કહીને તે ઋષિઓ પોતપોતાનાં સ્થાનમાં ગયા. (૨૫) માંડવ્ય ઋષિ ત્રિકાળજ્ઞ હોવાથી ગંગા વંકાયન ઋષિદ્વારા પ્રગટ થઈ છે તે જાણતા હતા. તેથી ગંગાને લાવવા માટે સર્વ ભોગનો ત્યાગ કરીને તે અતિકઠિન તપ કરવા લાગ્યા. (૨૬)

ઘણા કાળ સુધી તેમણે આ પ્રમાણે અતિ મહાન તપ કર્યું. તેથી પ્રસન્ન થયેલી ગંગા તેમની પ્રીતિ માટે તેમનાં સ્થાનની સમીપે વહેવા લાગી. (૨૭) પછી તે જાહ્નવીએ તપસ્વી માંડવ્ય ઋષિને પોતાનાં તરંગોથી સ્નાન કરાવી તે મુનિનું સમગ્ર પાપ નાશ કરી, તેમનાં આશ્રમની સમીપે વહેવા લાગી. (૨૮)

સમય વીતતા માંડવ્ય મહર્ષિના આશ્રમની સમીપે ગામ વસ્યું. માંડવ્ય મુનિના ત્યાં નિવાસથી તે ગામને માંડવધાર એવું નામ આપ્યું. હે રાજન્ ! તપોનિધિ માંડવ્ય ઋષિ ગંગાને શા માટે લાવ્યા. તે પ્રયોજનનો ઈતિહાસ મેં આ પ્રકારે તમોને કહ્યો. હવે નીલકંઠ બ્રાહ્મણ ગંગાને લાવ્યા તે ઈતિહાસ પણ તમોને હું કહું છું. (૨૯, ૩૦)

પશ્ચિમ પાંચાળ દેશમાં એક નગરમાં રાજાનો માનીતો વિદ્વાન બ્રાહ્મણ નીલકંઠ રહેતો હતો. (૩૧) વિદ્યા, શીલ વગેરે ગુણ યુક્ત ધનાઢ્ય અને ધર્મનિષ્ઠ તે નીલકંઠ તો તેની જ્ઞાતિ તથા બંધુઓએ પોતાનાં સ્વાર્થની સિદ્ધિ માટે આશ્રય કર્યો હતો. (૩૨)

કોઈ કારણસર તે દેશમાં વરસાદ નહિ. તેથી દુષ્કાળથી પીડાયેલા પોતાની જ્ઞાતિના જનો જીવવા માટે નીલકંઠની સ્તુતિ કરવા લાગ્યા. (૩૩)

તેથી નીલકંઠ વિપ્રે દયાને લઈને રાજાને પોતાની જ્ઞાતિના બ્રાહ્મણોનું દુઃખ નિવેદન કરીને, રાજા પાસે તે બ્રાહ્મણોને તેમની ઈચ્છા પ્રમાણે અન્ન વસ્ત્રાદિ અપાવ્યા. (૩૪)

દયાળુ, બુદ્ધિમાન, આશ્રિતોનું રક્ષણ કરવામાં સમર્થ વીપ્ર નીલકંઠે આપત્કાળમાં આ પ્રમાણે પોતાની જ્ઞાતિના જનોનું રક્ષણ કર્યું. (૩૫) ત્યારબાદ દુષ્કાળ વીતી ગયો ત્યારે વિપ્ર નીલકંઠની સ્ત્રી કેસરા ગર્વયુક્ત થઈને પોતાનાં બંધુઓ તથા જ્ઞાતિની સ્ત્રીઓને આ પ્રમાણે કહેવા લાગી. (૩૬)

હે સ્ત્રીઓ ! દુર્ભિક્ષ કાળમાં તમો સર્વને મારા પતિએ દયા લાવી જીવતા રાખ્યા છે. માટે તમો સર્વે મારી દાસીઓ છો. (૩૭) તે સ્ત્રીનું આ પ્રકારનું વચન સાંભળીને તે સ્ત્રીઓ પોતાની સ્ત્રી સહજ બુદ્ધિને વશ થઈ, ક્રોધથી અસહિષ્ણુ બની, પોતાનાં પતિને નીલકંઠ વિપ્રની સ્ત્રીએ કહેલું સર્વ કહેવા લાગી. (૩૮)

તેથી કોપાયમાન થયેલા તે સ્ત્રીઓના પતિ-સમગ્ર શાસ્ત્રો જાણનારા-પોતાનાં ઉપર જેણે ઉપકાર કર્યો છે તે નિલકંઠ વિપ્રને હંમેશા પીડવા લાગ્યા. (૩૯) વળી પોતાની સ્ત્રીઓએ જેમની બુદ્ધિ ભરમાવી દીધી છે એવા દુષ્ટબુદ્ધિવાળા તે બ્રાહ્મણો પણ નીલકંઠ ઉપર મિથ્યાપવાદ આરોપણ કરી, અનેક ઉપાયોથી તેનો પરાભવ કરવાં ઈચ્છતા હતા. (૪૦)

એક સમયે ઉત્તમ વિપ્ર નીલકંઠ પોતાનાં પુરથી દૂર આવેલા કૂવા ઉપર જઈને તે કૂવામાંથી જળ કાઢીને સ્નાન કરતા હતા. (૪૧) તેટલામાં તેના ભાઈઓ પુત્ર પાણી લેવા માટે ત્યાં આવ્યો. કૂવામાંથી જળ કાઢતા તે એકદમ કૂવામાં પડી ગયો. (૪૨)

તેથી વિપ્ર નીલકંઠ દયાર્દ્ર થઈ તેને કાઢવા માટે એકદમ મોટેથી બૂમો પાડીને લોકોને બોલાવવા લાગ્યો. પરંતુ તેટલામાં તે પુત્ર મૃત્યુ પામ્યો. (૪૩) પછી ત્યાં આવેલા જનોએ તે બ્રાહ્મણના મૃત્યુ પામેલા પુત્રને કૂવામાંથી બહાર કાઢ્યો. તેટલામાં તેના સગા વહાલા પણ અશ્રુભરી આંખે ત્યાં આવ્યા. (૪૪)

રુદન કરતા તેના બંધુઓ નિર્દોષ ઉત્તમ વિપ્ર નીકલંઠને કહેવા લાગ્યા. હે નીલકંઠ ! આ પુત્રને તમોએ કૂવામાં પાડ્યો તેથી તમો બ્રહ્મહત્યારા છો. (૪૫) તેમનું આવું વચન સાંભળીને નીલકંઠ તેના બંધુજનોને કહેવા લાગ્યો. આ પુત્રને મેં આ કૂવામાં પાડ્યો નથી. છતાં પણ તેના બંધુજનોએ તેનું આ વચન માન્યું નહિ. (૪૬)

પછી નીલકંઠને શાપ આપી તેના બંધુઓએ તે પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારબાદ તે વિપ્ર નીલકંઠને આ બ્રહ્મહત્યારો છે એમ કહીને તેની લોકો નિંદા કરવા લાગ્યા. (૪૭) મિથ્યા દોષારોપણથી દુઃખ પામેલા નીલકંઠ પોતાનાં સર્વ બંધુજનો તથા જ્ઞાતિના સર્વ બ્રાહ્મણોને બોલાવીને હાથ જોડીની આ રીતે કહેવા લાગ્યો. (૪૮, ૪૯)

હે ઉત્તમ બ્રાહ્મણો ! મે ં તો આ નિંદિત કાર્ય કર્યુ નથી. તો પણ તમો સર્વે મારું માનતા નથી.

માટે હવે તમો સર્વ મને દંડ આપો. તમારો આપેલો દંડ હું સ્વીકાર કરીશ. જેથી મારું આ કલંક નાશ પામે. (૫૦)

તે બ્રાહ્મણોએ ગંગા લાવવાનું નીલકંઠથી સાધ્ય નથી એમ જાણીને ઈર્ષ્યાથી ક્ષુભિત અંતઃકરણથી અને અત્યંત ક્રોધપૂર્વક તે નીલકંઠને આ પ્રમાણે કહ્યું. (૫૧)

હે નીલકંઠ ! જ્યારે ગંગા સ્વયં તમારા તપથી પ્રસન્ન થઈને આ સ્થાનમાં આવી, પોતાનાં જળથી તમને પવિત્ર કરે ત્યારે તમો આ પાપથી મુક્ત થશો. એમ ન થાય તો ક્યારેય પણ તમે આ કલંકથી મુક્ત નહિ થાવ. (૫૨)

આ સાંભળી 'બહુ સારુ' એમ કહી વિપ્ર નીલકંઠ તેમને નમસ્કાર કરીને, દેવના જેવા વૈભવવાળા પોતાનાં ઘરનો ત્યાગ કરીને, અતિ તીવ્ર તપ કરવા તત્કાળ ચાલી નીકળ્યા. (૫૩)

હે રાજન્ ! પછી નીલકંઠ બ્રાહ્મણે દુર્ગપત્તન સમીપે જઈને તે પુરની દક્ષિણ દિશામાં બેસી તપ કરવાનો પ્રારંભ કર્યો. (૫૪) ત્યાગ કર્યા છે સમગ્ર વિષયો જેમણે એવા નીલકંઠ વિપ્ર ઈન્દ્રિયો તથા મનને રોકીને પડેલા પાંદડા તથા વાયુ ભક્ષણ કરીને બીજાથી ન બની શકે એવું દુષ્કર તપ કરવા લાગ્યા. (૫૫)

ગંગાને લાવવાની ઈચ્છાથી, નાના પ્રકારનાં વ્રતથી પોતાનું શરીર સૂકવી નાંખતા નીલકંઠ વિપ્ર ઘણા વર્ષ સુધી તપ કરવા લાગ્યા. (૫૬) પછી નીલકંઠ વિપ્રના આશ્રમની સમીપે તે વિપ્રની પ્રસન્નતા માટે પ્રસન્ન થયેલી ગંગા આવી પોતાનાં ચપળ સુંદર તરંગોથી નીલકંઠ વિપ્રને સ્નાન કરાવીને વહેવા લાગી. (૫૭) તેથી પ્રસન્ન થયેલા મહાતપસ્વી નીકલંઠ વિપ્ર પોતાનાં તપની સિદ્ધિરૂપ પાપમોચની ગંગાને જોઈને પૂર્ણપણે કૃતાર્થ થયો. (૫૮) જે સ્થાનમાં અતિ પુણ્યકારી તપ પોતે કર્યું, તે મનોહર અને શુદ્ધ સ્થાનમાં નીલકંઠ વિપ્રે પ્રસિદ્ધ નીલકંઠ મહાદેવની ભક્તિપૂર્વક ત્યાં સ્થાપના કરી. (૫૯)

હે નરપતે ! કલ્યાણકારી, મહાતપ કરનાર સંતોષ, ધર્મ, વિનય તથા શાસ્ત્રાધ્યયનથી શોભતા નીલકંઠ વિપ્રને ગંગાને અહીં લાવવાનું પ્રયોજન સાંભળવામાં ઉત્સાહવાળા તમોને આ પ્રકારનોં ઈતિહાસ મેં કહ્યો. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ગંગા લાવવાનું પ્રયોજન વર્ણન નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! ઉન્મત્ત ગંગાના સંબંધથી એક વિદ્વાન બ્રાહ્મણ ઉત્તમ ગતિ પામ્યો તે ઈતિહાસ કહું છું. (૧) હે રાજન્ ! પૂર્વ દેશમાં રહેલા સાગર નામના નગરમાં ધર્મનિષ્ઠ વિષ્ણુશર્મા બ્રાહ્મણ રહેતો હતો. (૨)

તે હંમેશાં ધન ધાન્યાદિક મેળવવા માટે પ્રયત્ન કરતો હતો છતાં પણ તેના પ્રયત્નો નિષ્ફળ થતા અને ધન ધાન્યાદિ તેને મળતા નહિ. (૩) તે દરિદ્ર બ્રાહ્મણને ઘણી પ્રજા હતી. પ્રજાનું પોષણ કરવામાં અસમર્થ, વ્યાકુળ મનવાળો, તે વિષ્ણુશર્મા સુખ તો ક્યારેય પામ્યો જ નહીં. (૪)

વિષ્ણુશર્માને પોતાનાં પરિવારના વિવાહ વગેરે કાર્ય માટે ઘણું જ ઋણ થયું. તે બ્રાહ્મણ તે ઋણના ભારથી સદા દુઃખી રહેતો. (૫)

તે સમયે હે રાજન્ ! કેવળ સ્વાર્થમાં જ રત એવું તે વિષ્ણુશર્માનું સમગ્ર કુટુંબ તેનો અનાદર તેનો અનાદર કરવા લાગ્યું. તેને ક્યારેય સહાય કરતું નહોતું. (૬)આવી રીતે દરિદ્ર બનેલો, ચિંતાથી વ્યાકુળ ચિત્તવાળા બ્રાહ્મણને એક સમયે તેની પતિવ્રતા પત્ની આ પ્રમાણે કહેવા લાગી. (૭)

હે સ્વામિન્ ! આપત્તિરૂપી મહાસમુદ્રમાં દુઃખી થતા કુટુંબવાળા તથા ઋણ ચૂકવવા અસમર્થ તમોને જોઈ મારું મન દુઃખી થાય છે. (૮) નથી પ્રાપ્ત થયો ઈચ્છિત પદાર્થ જેને એવી અને પરિવારની પીડાથી ખિન્નતા અનુભવતી દુર્ભાગ્યવાળી મને ગૃહસ્થાશ્રમ સંબંધી સુખ ક્યારેય મળ્યું નહિ. (૯)

આવી રીતે દુઃખથી આંસુ સારતી અને ધર્મમાં પ્રીતિવાળી પોતાની સ્ત્રીને દીન વચન સાંભળીને વિષ્ણુશર્મા તે સ્ત્રીને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૧૦)

હે કલ્યાણી ! તું શોક ન કરીશ. કારણ કે પ્રાણીઓને હંમેશા પોતપોતાનાં કર્મ અનુસાર સુખ દુઃખ આવે છે. (૧૧) માટે પ્રારબ્ધ કર્મ જન્ય દુઃખને ધીરજથી સહન કરવું. હે ભદ્રે ! તમારે શ્રીહરિનું આરાધન કરવું. શ્રીહરિ, તમારો ક્લેશ હરિ લેશે. (૧૨) હે સાધ્વી ! હું દ્રવ્ય સંપાદન કરવા માટે પરદેશ જઈશ. માટે ચિંતાનો ત્યાગ કરી નિરંતર અચ્યુતને ભજો. (૧૩) આવી રીતે પોતાની પત્નીને આશ્વાસન આપીને ધીર, બુદ્ધિમાન વિષ્ણુશર્મા દ્રવ્ય સંપાદન કરવાની ઈચ્છાથી પરદેશમાં ગયો. (૧૪)

પરદેશમાં વિવિધ પ્રકારનાં ઉદ્યમ કરતો વિષ્ણુશર્મા ફરતો હતો પણ પોતાનું દૈવ પ્રતિકૂળ હોવાથી તેને ધન પ્રાપ્તિ થઈ નહીં. (૧૫) પછી જુદા જુદા દેશોમાં ફરતો તે ઉત્તમ બ્રાહ્મણ વિષ્ણુશર્મા ધન પ્રાપ્તિની આસક્તિથી પશ્ચિમ પંચાળ દેશમાં ગયો. (૧૬)

તે દેશમાં તેને થોડું ધન પ્રાપ્ત થયું. પછી ધર્મ પરાયણ તે વિષ્ણુશર્મા ફરતો ફરતો રમણીય દુર્ગપત્તન નગરમાં પહોંચ્યો. (૧૭) તે નગરમાં ઉદ્યમ કરતો વિદ્વાન વિષ્ણુશર્મા ત્યાંના બ્રાહ્મણોનું સન્માન પામ્યો. તેથી પોતાનાં સ્વાર્થની સિદ્ધિ માટે તે શહેરમાં નિવાસ કરીને રહ્યો. (૧૮)

બુદ્ધિમાન, ધર્મમાર્ગમાં સ્થિતિ પામેલો વિષ્ણુશર્મા પાપમોચની પાવનકારી ઉન્મત્ત ગંગાના જળમાં રોજ સ્નાન કરતો હતો. (૧૯) એક વખતે તે બ્રાહ્મણ યથાવિધિ સ્નાન કરીને ઉન્મત્ત ગંગાના તીરે બેઠા બેઠા ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે આવતા શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રયવાળા મુનિ મંડળોને જોઈ તેમને નમસ્કાર કરતો હતો. (૨૦)

વિષ્ણુશર્મા બ્રાહ્મણે સર્વ સદ્‌ગુણવાળા મુનિઓના સમૂહ પાસેથી ઉન્મત્ત ગંગાનો અતિ પવિત્ર

મહિમા જેમ હોય તેમ સ્પષ્ટ સાંભળ્યો. (૨૧) શ્રી સ્વામિનારાયણ, સર્વાંતર્યામી, સર્વ અવતારોના કારણ અક્ષરબ્રહ્મથી પણ પર, પ્રત્યક્ષ શ્રીહરિ મહામુક્તો તથા બીજા ભક્ત સમૂહોની સાથે નિર્મળ જળવાળી ઉન્મત્ત ગંગામાં વારંવાર સ્નાન કરતા હતા. (૨૨-૨૩)

તીર્થોમાં કીર્તિવાળા, ઈશ્વરોના ઈશ્વર શ્રીસ્વામિનારાયણ આ ઉન્મત્ત ગંગામાં વારંવાર સંસૃતિનો નાશ કરનારી આશ્ચર્યકારી અતિ સુંદર જળક્રીડા કરતા હતા. (૨૪) માટે પોતાનો યોગ પામેલા સમગ્ર પ્રાણીઓના દુઃખથી પણ ન નાશ થઈ શકે એવા, પાપનો નાશ કરવા આ નદી સમર્થ છે. (૨૫)

શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ પાસેથી પ્રાપ્ત થયું છે અત્યંત બળ જેને એવી આ ઉન્મત્ત ગંગા એવી મુક્તિ આપે છે. (૨૬) ઉન્મત્ત ગંગાનું આવું માહાત્મ્ય સત્પુરુષો પાસેથી સાંભળીને રુડી બુદ્ધિ વાળા તે વિષ્ણુશર્મા પરમ આશ્ચર્ય પામ્યા. (૨૭)

પછી તે વિષ્ણુશર્મા દૈવવશાત્ રોગથી પરાસ્ત થઈ ગયો. થોડા દિવસોમાં તેના પ્રાણ જાય એવો સમય આવી ગયો. (૨૮) પછી વિષ્ણુશર્મા બ્રાહ્મણે હે વિપ્રો ! મને સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ ઉન્મત્ત ગંગા નદી ઉપર તત્કાળ લઈ જાય, એમ પુરના બ્રાહ્મણોને કહ્યું. (૨૯)

તેથી તે બ્રાહ્મણો વિષ્ણુશર્માને તત્કાળ ઉન્મત્ત ગંગાના કિનારે લઈ ગયા. અને તેમાં તેને વિધિ પ્રમાણે સ્નાન કરાવીને દર્ભના આસન ઉપર બેસાડ્યો. (૩૦) પછી તે વિષ્ણુશર્મા મરણ સમયે ચિત્તમાં આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યો. મેં સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ જોયા નથી. (૩૧)

જેથી હવે હું મૃત્યુ સમયે મુક્તિ માટે શું સાધન કરું ? તો પણ પવિત્ર કરનારા શ્રેષ્ઠ આ તીર્થમાં જ મારા પ્રાણનો ત્યાગ થાવ. (૩૨)

આવું ચિંતવન કરતા વિષ્ણુશર્મા બ્રાહ્મણે પ્રકાશમાન વિમાનમાં બિરાજેલા ઘણા તેજસ્વી શ્રીહરિનાં પાર્ષદોને જોયા. (૩૩) પછી વિષ્ણુ શર્મા ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરી ધોવાઈ ગયા છે પાપ જેનાં એવો નિષ્પાપ બની દિવ્ય વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરી તેજોમય દેહને પામ્યો. (૩૪)

શ્રીહરિનાં પાર્ષદોએ તેને દિવ્ય વિમાનમાં બેસાડ્યો. વિષ્ણુશર્મા બ્રાહ્મણો વગેરેને જોતાં જોતાં શ્રીહરિનાં અક્ષરધામને પામ્યો. પછી વિષ્ણુશર્માની પત્ની-પુત્ર વગેરે સમગ્ર બંધુઓ તેના પ્રતાપથી અત્યંત સમૃદ્ધિ પામ્યા. (૩૫, ૩૬)

હે રાજન્ ! પોતાનાં ઘરમાં જ રહેતા વિષ્ણુશર્માના સ્ત્રીપુત્રાદિ વગેરે સર્વે પોતાનો અંત સમય આવતાં દેહનો ત્યાગ કરીને પુણ્યશાળી જનોએ પામવા ઈચ્છેલી ઉત્તમ ગતિને પામ્યા. (૩૭)

હે મહિપતે ! આવી રીતે ઉન્મત્ત ગંગાના યોગથી અસંખ્ય જનો સર્વોત્તમ દિવ્ય ગતિ પામ્યા. (૩૮) હે રાજન્ ! પવિત્ર કરનારું છે શ્રવણ જેનું એવું પવિત્ર આ આખ્યાન મેં પહેલાં શ્રીહરિનાં એકાંતિક શતાનંદ મુનિવર્ય પાસેથી સાંભળ્યું હતું. (૩૯)

પવિત્ર યશવાળા ધર્મપુત્ર ભગવાનના સ્નાનથી અતિ પવિત્ર જળવાળી, અતિ શુભ શ્રેષ્ઠ ઉન્મત્ત

ગંગા નામ ધારણ કરતી નદીનું માહાત્મ્યના ઉપદેશવાળું આ શુભ આખ્યાન આ લોકમાં જે જન સાંભળશે, કહેશે તે મનુષ્ય સમગ્ર પાપથી રહિત થઈ પોતાનાં ઈચ્છિત સર્વ સુખ પામશે. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉન્મત્ત ગંગાના માહાત્મ્યનું વર્ણન કર્યું એ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહિપતે ! પાપના સમૂહનો નાશ કરનારી ઉન્મત્ત ગંગાનું પવિત્ર માહાત્મ્ય સંક્ષિપ્તમાં હું તમોને કહું છું. (૧) ઉન્મત્ત ગંગાના કિનારાની સમીપે જે સમીપપણું દેવતાઓ ઈચ્છે છે - નિવાસ કરતા જનોની અન્ય મનુષ્યોને દુર્લભ એવી મુક્તિ થાય. (૨)

હે રાજન્ ! માધમાસની પૂર્ણિમાના દિવસે જે મનુષ્ય પ્રયાગ સ્નાન કરી જે મહાફળ પામે છે તે ફળ ઉન્મત્ત ગંગામાં ફક્ત એક જ દિવસે સ્નાન કરવાથી મળે છે. (૩) અમાવસ્યાની તિથિએ સૂર્યગ્રહણ સમયે પુણ્ય દાન કરનારા મનુષ્યને જે ફળ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવાથી મનુષ્યનો થાય છે. (૪)

કાર્તિક માસની પૂર્ણિમાએ પુષ્કર ક્ષેત્રમાં સ્નાન કરાથી જે પુણ્ય થાય છે તે પુણ્ય ઉન્મત્ત ગંગામાં એકવાર સ્નાન કરવાથી મનુષ્ય પામે છે. (૫) હજાર વર્ષ સુધી કાશીમાં નિવાસ કરતા મનુષ્યને જે ફળ થાય છે તે ફળ ઉન્મત્ત ગંગાને કિનારે ક્ષણ પણ રહેનારને થાય છે. (૬)

જે મનુષ્ય ઉન્મત્ત ગંગાનો ત્યાગ કરીને બીજા તીર્થો વિષે અત્યંત પ્રીતિ કરે છે, તેનો આત્મા અત્યંત મોહ પામ્યો છે અને તે આ સંસારમાં વારંવાર ભ્રમણ કરે (૭) સર્વ તીર્થોમાં સ્નાન કરીને મનુષ્ય જે ફળ પામે છે, સર્વ યજ્ઞો કરી મનુષ્ય જે ફળ પામે છે, તે ફળ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને મનુષ્યો પામે છે. (૮)

પ્રાણધારી મનુષ્યો ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી જે રુડું ફળ પામે છે. તે ફળ સર્વ યજ્ઞો કરવાથી પણ પમાતું નથી, તપથી પણ પમાતું નથી અને બીજા સાધનો કરવાથી પણ પમાતું નથી. (૯)

હે રાજન્ ! જે મનુષ્ય પિત્રિઓનું શ્રાદ્ધ તથા તર્પણ ઉન્મત્ત ગંગમાં કરે છે, તે મનુષ્ય પોતાનાં પિત્રિઓને સંસૃતિના પ્રવાહમાંથી તારે છે. (૧૦) જે ફળ ગયામાં પિંડદાનથી મનુષ્યોને મળે છે, તે ફળ ઉન્મત્ત ગંગામાં શ્રાદ્ધ કરનાર મનુષ્યને મળે છે. (૧૧)

ઉન્મત્ત ગંગામાં સ્નાન, જપ, હોમ, વ્રત, દાન, તપ તથા સ્નાનાદિક કરનાર મનુષ્યને બીજા તીર્થોમાં કરેલા સ્નાનથી પણ હજારગણું ફળ થાય છે. (૧૨)

હે રાજન્ ! ઉન્મત્ત ગંગાના સ્મરણ માત્રથી મનુષ્ય ઉપર શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતા થાય છે અને તે તત્કાળ દુસ્તક પાતકોથી મુકાય છે. (૧૩) પશુ તથા ક્રીડા વગેરે યોનિઓ પામેલા

સ્થાવરભાવ પામેલા, પ્રેતપણું પામેલા તથા પિશાચ બનેલા સર્વ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને સર્વોત્તમ સદ્‌ગતિને નિશ્ચય પામે છે. (૧૪, ૧૫)

વિશેષ શું કહીએ ? ઉન્મત્ત ગંગમાં સ્નાન કરી, સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરનારા જનસમૂહોના પુણ્યનો સમૂહ વર્ણવવા કોઈ સમર્થ નથી. (૧૬) જેમાં સ્નાન કરીને મનુષ્ય શ્રદ્ધાપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરી તથા જીતેન્દ્રિય બની સાધુઓ તથા બ્રાહ્મણોને ભોજન જમાડી તૃપ્તિ પમાડે છે તે મનુષ્ય હજાર અશ્વમેધ કર્યાનું પુણ્ય નિશ્ચય પામે છે. વળી તેની સમગ્ર કામનાઓ પણ ફળે છે અને સર્વ પાતકોથી તે મુક્ત થાય છે. (૧૭, ૧૮)

ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવાથી પુત્રની કામનાવાળો પુત્ર પામે છે, દ્રવ્યની ઈચ્છાવાળો દ્રવ્ય પામે છે તથા વિદ્યાની અભિલાષાવાળો વિદ્યા પામે છે. (૧૯) રાજ્યની કામનાવાળો રાજ્ય પામે છે, સ્વર્ગાર્થી સ્વર્ગ પામે છે. એ રીતે મનુષ્ય જે જે કામનાની ઈચ્છા કરે તે અર્થને પામે છે. (૨૦)

સમગ્ર પાપની નિવૃત્તિ કરનારનું ઉન્મત્ત ગંગાનું જળ તેમાં સંસારના બંધનથી મુક્તિની ઈચ્છાથી સ્નાન કરતા મનુષ્યને સર્વોત્તમ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૨૧) શ્રીહરિકૃષ્ણ ભગવાનની જળક્રીડાથી જેને સમગ્ર ઐશ્વર્ય તથા સદ્‌ગુણો પ્રાપ્ત થયા છે એવી ઉન્મત્ત ગંગા કળિયુગમાં મુક્તિનું એકમાત્ર દ્વાર છે. (૨૨)

આ લોકમાં ઉન્મત્ત ગંગા સર્વ કામનાઓ પૂર્ણ કરવામાં તથા મોક્ષ આપવામાં જેવી શ્રેષ્ઠ છે તેવું બીજું કોઈ તીર્થ નથી. (૨૩) હે રાજન્ ! માટે અતિ શ્રેષ્ઠ, મહાબળવાળી ઉન્મત્ત ગંગાની તુલ્યે ત્રિલોકમાં કયા તીર્થની તુલ્યતા કહેવાય ? (૨૪)

જે જનો ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને શ્રીગોપીનાથજીનાં દર્શન કરે છે તે પ્રાણધારીઓને અત્યંત પુણ્ય થાય છે. (૨૫) જે મનુષ્ય ઉન્મત્ત ગંગાના નારાયણ ધરામાં સ્નાન કરે છે તે હજાર અગ્નિષ્ટોમ કર્યાનું પુણ્ય નિશ્ચય જ પામે છે. (૨૬)

તથા જે મનુષ્ય ખીજડીયા આરાના તીર્થમાં સ્નાન કરે છે તે મનુષ્ય હજાર વાજપંથના પુણ્યને નિશ્ચય પામે છે. (૨૭) જે મનુષ્ય શ્રીહરિએ કરેલી જળલીલાથી અતિ પવિત્ર ઉન્મત્ત ગંગાના ખળખળિયા તીર્થમાં સ્નાન કરે છે તે મનુષ્ય વિધિ સહિત કરેલા હજાર રાજસૂય યજ્ઞોનું ફળ પામે છે અને તેના સમગ્ર પાપ નષ્ટ થઈ જાય છે. (૨૮)

ખળખળિયા ઘાટની સમીપે શુભ પુરુષોત્તમ ધરામાં જે મનુષ્ય સ્નાન કરે છે તે મનુષ્યના પાતકો ધોવાઈ જાય છે અને હજાર દર્શ નામના યજ્ઞનું ફળ તે પામે છે. (૨૯) શ્રી નીલકંઠ મહાદેવની સમીપે જ્યાં શ્રીહરિએ સ્નાન કર્યું છે અને અને તેથી પવિત્ર બનેલા તે જળના આરામાં, જ્યાં હંમેશા યાવત્ જીવન નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, અન્ય ત્યાગીઓ તથા પાર્ષદો નિત્ય સ્નાન કરે છે. (૩૦)

જે મનુષ્ય ત્યાં સ્નાન કરે છે તે મનુષ્ય વિધિ પ્રમાણે કરેલા હજાર વિષ્ણુયાગ કરેલા યજ્ઞોથી જે ફળ વેદોમાં કહ્યું છે તે ફળ પવિત્ર બની પામે છે. (૩૧)

તેની સમીપે અતિ મનોહર, શ્રીહરિનાં સ્નાનથી સમ્યક્ પ્રકારે પવિત્ર જળવાળા ખળખળિયા તીર્થમાં જે મનુષ્ય સ્નાન કરે છે તે નિષ્પાપ બની વિધિપૂર્વક કરેલા હજારો યજ્ઞોનું અલભ્ય ફળ પામે છે. (૩૨)

હે રાજન્ ! ઉન્મત્ત ગંગા સર્વ ઠેકાણે સમગ્ર પાપને ધોઈ નાંખનારી છે. તો પણ આ ત્રણ સ્થાન તો મનુષ્યોને અત્યંત સેવન કરવા યોગ્ય છે. નારાયણધરો, ખીજડીયો આરો તથા કલ્યાણકારી ખળખળિયો આરો એ ત્રણ સર્વોત્તમ સ્થાન છે. (૩૩)

હે રાજન્ ! સિદ્ધિની ઈચ્છાવાળા શ્રેષ્ઠ દેવતાઓએ પણ ઈચ્છેલી તપસ્વી જનોએ સ્નેહપૂર્વક જેની અત્યંત સ્તુતિ કરી છે. દિવ્ય જળવાશી તે ઉન્મત્ત ગંગા ભગવાને વારંવાર કરેલા સ્નાનથી અતિ પવિત્ર છે. પોતાનું કલ્યાણ ઈચ્છતા સમગ્ર જનોએ તે ગંગાનું સેવન કરવું એ યોગ્ય છે. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉન્મત્ત ગંગાનું અસાધારણ માહાત્મ્યનું નિરૂપણ કર્યું એ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આ લોકમાં જેણે અલ્પ પાપો કર્યા છે એવા દેહધારીઓને પવિત્ર કરનારાં ઘણાં તીર્થો છે. પરંતુ ઘણાં પાપ કરનારા મનુષ્યોને શુદ્ધ કરવામાં તત્પર તો એક ઉન્મત્ત ગંગા જ સમર્થ છે. (૧)

આ લોકમાં મનુષ્યોનો ઉદ્ધાર કરવામાં સમગ્ર તીર્થો અત્યંત શરમાય છે દેવોના અધિપતિ શિવજી વગેરે પણ કાન ઉપર હાથ મૂકે છે. (અર્થાત્ એવા પાપો સાંભળતા અવાચક્ બની જાય છે) પ્રાયશ્ચિત્તથી પણ જેનાં પાપનો સમૂહ નાશ નથી પામતો, એવા મનુષ્યોનો આ સંસારરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરવા માટે સર્વ નદીઓમાં ઉન્મત્ત ગંગા વિના બીજી શ્રેષ્ઠ કઈ નદી સમર્થ છે ? અર્થાત્ કોઈ નથી. (૨, ૩)

હે રાજન્ ! સંસૃતિરૂપી દીર્ઘ રોગથી પીડા પામેલા, કાળના ભયથી વ્યાકુળ થયેલા મનુષ્યોને પવિત્ર કરનારું ઉન્મત્ત ગંગાનુ જળ જન્મમરણરૂપી સંસારના ભયનો નાશ કરનારું મહા ઔષધ સમાન છે. (૪)

નિરંતર પુણ્ય કરનારા જનોનું હિત કરનારું કલ્યાણ કયા દેવેન્દ્રો નથી કરતા ? સર્વ દેવેન્દ્રો કરેજ છે. પરંતુ જેમણે પુણ્ય કર્યા નથી એવા જનોનું સર્વથા કલ્યાણ કરવા આ લોકમાં ઉન્મત્ત ગંગા વિના બીજું કોઈ તીર્થ સમર્થ નથી. (૫)

આવી રીતે સર્વોત્તમ ઉન્મત્ત ગંગા નદીની પાપના સમૂહોનો નાશ કરવામાં શક્તિવાળી મૃત્તિકા મનુષ્યોના લલાટમાં તિલકરૂપે કરે તો તેમને સમગ્ર શોક તત્કાળ નાશ પામે છે. (૬)

ઉન્મત્ત ગંગાના તરંગોના બિંદુઓને પ્રવહન કરનારો, પુષ્પોની અતિશય સુગંધીથી મનોહર, લોકોને પવિત્ર કરનારો, વાયુ તેના સાચા અર્થમાં પવમાન સંજ્ઞાને પામ્યો હતો. (૭)

પુણ્ય કરનારા જનો વિમાનોમાં બેસી સ્વર્ગમાં જાય છે, પાપી જનો નઠારી ગતિથી ઘોર નરકમાં જાય છે. જે દેશમાં સમગ્ર પાપને હણનારી ઉન્મત્ત ગંગા નથી ત્યાં સ્વર્ગ નરકરૂપ બે પ્રકારનો વિભાગ છે. (૮) કામ ક્રોધાદિરૂપી અગ્નિની જ્વાળાઓના સમૂહથી બળતા જનોના સમગ્ર તાપને વાયુથી ઉત્પન્ન થતા તે ઉન્મત્ત ગંગાના ચંચળ તરંગોના ચળકતા જળ બિંદુઓ શાંત કરે છે. (૯) સર્વોત્તમ, સ્વાભાવિક, શીતળતા અને ઉજ્જવળતાથી યુક્ત ઉન્મત્ત ગંગાના જળનો સમગ્ર કવીન્દ્રોને અપાર મહિમા ગાયો છે જેથી તે સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. (૧૦)

ઉન્મત્ત ગંગાના સલિલમાં સ્નાન કરી જેણે દેહત્યાગ કર્યો છે એવા જનસમૂહોની શોભાયમાન વિમાનોની પંક્તિ દેવતાઓના માર્ગમાં સમાતી નથી. (૧૧) યમપુરીમાં સમગ્ર કોલાહલ શાંત થઈ ગયો ભયંકર યમના દૂતો પૃથ્વી ઉપર દેહત્યાગ કરેલા જનોને ખોળવા માટે અહીંથી ત્યાં અત્યંત દૂર ભમતા હતા. (૧૨) દેવતાઓએ પણ જેનોં ત્યાગ કર્યો છે એવા જીવોનો પોતાનાં મહાબળથી ઉદ્ધાર કરતી ક્યારેય પણ વિશ્રાંતિ નહિ પામતી ઉન્મત્ત ગંગા અનુપમેય છે અર્થાત્ તેની ઉપમા કોઈને દઈ શકાતી નથી. ઉન્મત્ત ગંગા એ નામ માત્રનું જ સ્મરણ કરવાથી ચિત્ત શાંત થાય છે. અંધકારનો નાશ કરવા સૂર્યનારાયણનાં તેજ સમુદાય સમાન તે નામની સ્મૃતિ છે અને ચંદ્રની જેમ તે નામ શીતળતા અર્પે છે. (૧૩-૧૪) સમગ્ર સિદ્ધિ આપનારી ઉન્મત્ત ગંગાનો જ્યારે પૃથ્વી ઉપર મહિમા વિસ્તરે છે ત્યારે બ્રહ્મા સમાધિસ્થ અવસ્થામાં જાય છે અને શિવજી નિઃશંક બની નૃત્ય કરે છે. (૧૫)

પૂર્વ દિશામાં વહેતા જળપ્રવાહથી સુંદર લાગતી, વિદ્વાનોએ વર્ણન કરેલી આ શોભાયમાન ઉન્મત્ત ગંગા છે એવું સાંભળનારા મનુષ્યોના પાપના સમુદાયો નાશ કરનારી, બ્રહ્માદિ ઈશ્વરો, ઈન્દ્રાદિ દેવો તથા તપસ્વીજનો જેમને વંદના કરે છે તે ઉન્મત્ત ગંગા પૃથ્વી ઉપર વિદ્યમાન તીર્થોમાં અતિશ્રેષ્ઠ છે. (૧૬) પુરુષોત્તમ સહજાનંદ પ્રત્યક્ષ શ્રીહરિનાં મુક્તો, મુનિમંડળો તથા પોતાનાં અન્ય ભક્તજનોની સાથે સ્નાન કરવાથી પવિત્ર થયેલી ઉન્મત્ત ગંગાના દર્શન તથા સ્મરણ પણ પાપ સમુદાયનો નાશ કરે છે તો તેના જળનો સ્પર્શ કરતા જનોના પાપ સમૂહને હણે તેમાં શું કહેવું ? એવી ગંગા પૃથ્વી ઉપર વિદ્યમાન તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૧૭)

દોષોથી યુક્ત દેશો પણ જે ઉન્મત્ત ગંગાના સંબંધથી પવિત્રતા પામી પૃથ્વી ઉપર સજ્જન પુરુષોથી સેવા કરવા યોગ્ય પરમ ક્ષેત્ર બની જાય છે, ઉન્મત્ત ગંગાના સંબંધ વિનાના અન્ય દેશો પુષ્કળ સંપત્તિથી યુક્ત હોવા છતાં પણ આ લોકમાં નિંદાયેલા છે. આવા મહિમાવાળી ઉન્મત્ત ગંગા પૃથ્વી ઉપર પ્રત્યક્ષ તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૧૮) જેનું સેવન કરવાથી લોકો અતિશુભ ઉત્તમ ગતિ પામે છે તે ગતિ ગાયો, પૃથ્વી, સુવર્ણાદિનું દાન તથા તપ-વ્રત-યજ્ઞો વગેરે ઉપાયોથી પામતા નથી. આ લોકમાં ઉન્મત્ત ગંગાના જળના બિંદુથી મનુષ્યોની જે શુદ્ધિ થાય છે તે શુદ્ધિ ચાંદ્રાયણાદિ વ્રતોથી પણ થતી નથી. આવા મહિમાવાળી

ઉન્મત્ત ગંગા ભૂમિમાં પ્રત્યક્ષ તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૧૯)

અતિ પાપી મનુષ્યોને પણ વિવિધ પ્રકારનાં યજ્ઞાદિના પરિશ્રમ વિના પોતાનાં જળના એકવારના સંગથી સૂર્યની સમાન પ્રકાશમાન વિમાનમાં બેસાડી તત્કાળ સ્વર્ગાદિ લોક પમાડવામાં ઉત્મત્ત ગંગા જેવી બીજી કોઈ નદી સમર્થ નથી. આવી ઉન્મત્ત ગંગા ભૂમિ પર પ્રત્યક્ષ તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૨૦)

દુરિતને નાશ કરનાર ભૂલોકમાં મુક્તો તથા ઉત્તમ શ્રદ્ધાવાળા મુમુક્ષુજનોએ હંમેશા હર્ષપૂર્વક સેવેલી ઉન્મત્ત ગંગા આ લોકમાં નાના પ્રકારની સિદ્ધિની અભિલાષાવાળા જનોને અર્થ આપનારી છે માટે સેવા કરવી. (૨૧)

આ પૃથ્વી ઉપર કોઈ પણ સ્થાનમાં મૃત્યુ પામેલા પ્રાણીનું હાડકું, માંસ ખાનારા પક્ષીઓ પોતાની ચાંચમાં પકડીને ઉડતા હોય અને તેમની ચાંચમાંથી તે હાડકું ઉન્મત્ત ગંગાના શુભ જળમાં પડે તો તે હાડકું જેનું હોય તે પ્રાણી, અન્યને દુષ્પ્રાપ્ય એવા સ્વર્ગાદિલોકને તત્કાળ પામે છે તો તેના જળનું સેવન કરનાર મનુષ્યો સ્વર્ગાદિ લોકને પામે તેમાં શું કહેવું ? આવા મહિમાવાળી ઉન્મત્ત ગંગા ભૂમિ ઉપર પ્રત્યક્ષ તીર્થોમાં સર્વોપરી છે. (૨૨)

જે ઉન્મત્ત ગંગામાં પુણ્યનિધિ શ્રી પુરુષોત્તમ અવતારી શ્રી સહજાનંદ શ્રીહરિ, મહામુનિગણો તથા મનુષ્ય આકારવાળા અનેક ધામમાં રહેલા મુક્તજનોની સાથે હંમેશા સ્નાન કરતા હતા. તેનો યથાર્થ મહિમા આ લોકમાં કહેવા માટે કોણ સમર્થ થાય ? આવા મહિમાવાળી ઉન્મત્ત ગંગા આ ભારતવર્ષમાં પ્રત્યક્ષ સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૨૩)

જે મનુષ્ય ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરીને અશેષ, અશુભને નિવૃત્ત કરનારા આ શુભ અષ્ટકનો પાઠ કરે છે તે અન્ય સાધનોથી ન તરી શકાય એવા આ સંસાર સાગરને વાછડાના પગ સમાન માની તત્કાળ તરીને પરમ તેજોમય શ્રીહરિનાં અક્ષરધામને પામે છે. (૨૪)

આ પૃથ્વી ઉપર જે મનુષ્યો અસંખ્ય પુણ્યવાળા જેનાં જળના અણુમાત્ર કણનો સ્પર્શ કરે છે તે જનો યમદૂતોના ત્રાસથી રહિત થઈ, વિમાનોમાં બેસી અતિમહાન દેવતાનું નગર જે સ્વર્ગ તેને તત્કાળ પામે છે. (૨૫) સુવર્ણના વર્ણ સમાન પાંદડાથી શોભતા સુંદર કમળોની પંક્તિઓથી શોભાયમાન, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તથા પતંજલિ તથા ભગવત્સ્વરૂપને યથાર્થપણે જાણનારા અભિજ્ઞ પુરુષોએ શ્રી પુરુષોત્તમના સંબંધના અતિશય મહિમાથી જેનું સેવન કર્યું છે ને ઉંચા શ્રેષ્ઠ કિલ્લાવાળા સુંદર નગરની સમીપે પ્રવાહરૂપે વહેતી અને ભગવાનને જેમાં નિત્ય જળવિહાર કર્યો છે તેથી વિહારવાળી અથવા સંસારમાં વિમોક્ષણ માટે મુમુક્ષુઓ જેમાં યથાર્થ ક્રીડા કરે છે માટે વિહરણ સ્વભાવવાળી, પાપને નાશ કરનારી એવી ઉન્મત્ત ગંગાને શરીરવાણી તથા મનથી હું નમસ્કાર કરું છું. (૨૬) અમૃતના પાનથી પ્રાણને ધારણ કરનારા તથા સત્ અસત્‌ના વિવેકને ન જાણનારા દેવતાઓ જે ઉન્મત્ત ગંગાના સંબંધ વિના અહીં તહીં ફોગટ ફર્યા કરે છે. મનુષ્યોએ જેની સ્તુતિ કરી છે એવી ગંગાનો સંબંધ પામેલા જનો તો અવિદ્યાના નાશથી મુક્તભાવ પામ્યા છે તેવા મુક્તોએ જેનું સન્માન કર્યું છે, વળી શ્રેષ્ઠજનો અપ્રિય છે જેમને એવા કુમતિવાળા,

પરહિંસા વગેરે અશુભ કર્મવાળા તથા શુભ કર્મથી રહિત જનોની પણ મુક્તિ કરનારી એવી ઉન્મત્ત ગંગાને શરીર, વાણી તથા મનથી હું નમસ્કાર કરું છું. (૨૭)

ચળકતા ચંચળ જળમાં શોભતા શ્વેત ફીણથી જાણે હાસ્ય કરતી હોય, જેણે ભૂતળને અત્યંત પવિત્ર કર્યું છે એવી જળની ભમરીઓથી શોભતી પોતાનાં દેહનું સેવન કરનાર તથા અન્યાયથી પુષ્ટ કરેલા શરીરવાળા એવા ક્રોધી તથા નાસ્તિકોના દુઃખને પોતાનાં સંબંધ માત્રથી નાશ કરનારી એવી ઉન્મત્ત ગંગાને શરીર, વાણી તથા મનથી હું નમસ્કાર કરું છું. (૨૮)

વહેતા પાણીમાં ફરનારા હારિત પક્ષીઓના કલરવથી ગાજતી, દેવોને સ્ત્રીસંકલ્પથી નાશ કરનાર કામદેવના ગર્વને હરનારા સાધુઓના મંડળોએ પૂજેલી, પોતાનાં દર્શન કરનારા જનોના જન્મમરણાદિથી ઉત્પન્ન થયેલા શોકથી મુક્ત કરનાર અને તે કારણથી જ જેનું અવતરણ થયું છે એવી ઉન્મત્ત ગંગાને શરીર, વાણી અને મનથી હું નમસ્કાર કરું છું. (૨૯)

અગાધ જળવાળી નદીના તીરમાં તાપને નિવારણ કરવામાં ચતુર અને મંદશીત અને સુગંધિ યુક્ત વાયુથી સુખ આપનારી, કામદેવના નૃત્યને નાશ કરનારા જેનાં તરંગો છે, જેને મુમુક્ષુઓ સદા પૂજે છે તે તરંગનો જેને સંબંધ થાય છે અને તેના ધર્મને પોષણ કરનારી, સત્યવાદી મુક્તોરૂપી સાધુઓથી યુક્ત, ત્રણેય કાળમાં સર્વના અંતર્યામીપણાથી વિદ્યમાન પોતાનાં આશ્રિત જનોને સંસૃતિના બંધનમાંથી મુક્ત કરનારા, બંધન હરનારા તેથી સાર્થક નામવાળા શ્રીહરિ ભગવાનની સુંદર જળક્રીડાથી બળવાળી, એવી ઉન્મત્ત ગંગાને શરીર, વાણી અને મનથી હું નમસ્કાર કરું છું. (૩૦)

સમગ્ર પ્રજાને હણનારો તથા રાજાનો નાશ કરનાર એ બંને પ્રકારનાં જે પાપી પોતાને શરણે આવેલા તેમને પવિત્ર કરનારી, વંશ સહિત અધર્મ સર્ગનું પોષણ કરનારા, મર્મસ્થળને કઠોરવાણીથી ભેદનારા નિંદિત કર્મો કરનારા તે સર્વેનું મંગળ કરનારી, જેનાં શોભાયમાન તટમાં ધીરજશાળી, કામને જીતવામાં શૂરવીર, વલ્કલ ધારણ કરનારા યોગીઓ વિહાર કરે છે પાપને નાશ કરનારી, ભગવાનની જળક્રીડારૂપી વિહારવાળી એવી ઉન્મત્ત ગંગાને મન, વાણી તથા શરીરથી હું નમસ્કાર કરું છું. (૩૧)

સુંદર નિર્મળ જળપ્રદેશ જે વૃક્ષોથી શોભે છે તથા જેનાં જળમાં કાચબાઓ રહે છે તે વડે શોભતી, પૃથ્વીને ધારણ કરનારા પર્વતોના સમૂહોમાં આદરવાળી, શોભાયમાન હંસોની પંક્તિવાળી, અધ્યયન અને સંગીત કળાયુક્ત એવા નીતિ અને જ્ઞાનવાન જનોએ વર્ણન કરેલી એવી અપાર મહિમાવાળી, પાપને નાશ કરનારી, અનેક પ્રકારની જળક્રીડાથી યુક્ત એવી ઉન્મત્ત ગંગાને મન, વાણી અને શરીરથી હું નમસ્કાર કરું છું. (૩૨)

યમાદિના ભયથી રહિતપણું, નીતિ, સદવર્તનમાં રુચિ, સાધુઓના ધર્મ તથા એ ત્રણને પ્રતિપાદન કરનાર શાસ્ત્રોમાં તે તે સ્વરૂપનું નિરૂપણ, જ્ઞાન, આપવાના સ્વભાવવાળી, પાપીઓના પાપ જેણે ટાળી નાખ્યા છે એવી, પ્રતાપ તથા શાંતિ અર્પનારી, ભૂતોમાં મુખ્ય ભૂતરૂપ ભૈરવ જેને અનેક પિશાચી દૂતો

છે તેના ભયનો નાશ કરનારી એવી, પાપ વિમોચની, વિહરણ સ્વભાવવાળી ઉન્મત્ત ગંગાને મન, વાણી તથા શરીરથી હું નમસ્કાર કરું છું. (૩૩)

પાપના ભારનો નાશ કરનારો અહીં વર્ણવેલો આ ઉન્મત્ત ગંગાનો પ્રદેશ છે. જેનાંથી સમગ્ર ક્લેશનો નાશ થાય છે, એવું પાવનકારી આ અષ્ટક આ પૃથ્વી ઉપર જે મનનુષ્ય સાંભળશે અથવા તેનું જે ગાન કરશે, તે મનુષ્ય તત્કાળ ઈચ્છિત પુરુષાર્થની સિદ્ધિ પામશે. (૩૪)

જગતમાં પ્રાણીઓએ એકવાર પણ જેનું દર્શન કર્યું છે તેના પાપનો સમૂળ નાશ કરનારી, પર્વતમાંથી નીકળી સમગ્ર ભૂતળને અત્યંત અલંકૃત કરતી, પૃથ્વી ઉપર સમગ્ર નદીઓના ગર્વને હરતી, સંસારનો તિરસ્કાર કરતી, પોતાનું સેવા કરનારાઓના મનોરથો સારી રીતે પૂર્ણ કરતી ઉન્મત્ત ગંગા સમગ્ર તીર્થોમાં અતિ ઉત્તમ છે જ. (૩૫)

રાણીઓના સ્નાનથી ધોવાયેલા કસ્તુરી તથા ચંદન તેની સુગંધ ગ્રહણ કરવા માટે ફરતા ચંચળ ભમરાઓ, તેમજ વાયુથી હલતા કમળની પંક્તિમાંથી પડતા અત્યંત શોભતા વિવિધ પ્રકારનાં પુષ્પોના રજકણોથી મનોહર પ્રત્ય ભગવાનની જળક્રીડાથી પ્રાપ્ત થયેલા અતિ સુંદર પુષ્પના હાર, બાજુબંધ, કડાં, કર્ણોના અલંકારરૂપ ગુચ્છાઓ વગેરેથી શોભાયમાન, ઉન્મત્ત ગંગાનું જળ પોતાનું સેવન કરનારાઓના સંસારના ભયને હરે છે. (૩૬)

દિવ્ય, મંગળકારી, પોતાનાં જળમાં સ્નાન કરનાર જનોનો ઉદ્ધાર કરનારી, ચંચળ તરંગોથી વિહારવાળી, કળિયુગના મળનો નાશ કરનારી, જીવને મોક્ષ પ્રાપ્તિમાં ઉપકાર કરનારી, પ્રત્યક્ષ પરમેશ્વરની જળક્રીડામાં મનને પ્રવર્તાવનારી, મુમુક્ષુજનોએ પૂજેલું એવું ગઢપુર તેની સમીપે વહેતી, ઉન્મત્ત ગંગા પૃથ્વી ઉપર સર્વોપરી વર્તે છે. (૩૭)

હે ભૂપતે ! પૃથ્વી ઉપર દુર્ગપત્તન નગરીને અત્યંત ધન્ય છે. કારણ કે જે દુર્ગનગરી હંમેશા ધર્મના પુત્ર શ્રીમાન્ શ્રીહરિનો સંબંધ પામી છે. માટે મુક્તિ જેને દાસી ભાવે ભજે છે એ પ્રકારની એ નગરીના તથા પ્રત્યક્ષ પુરુષોત્તમનો નિત્ય સંબંધ પામેલી તેમજ પરમ પ્રેમના સ્થાનભૂત માટે જ ધર્મનિષ્ઠ પુરુષોએ નિરંતર સેવવા યોગ્ય એવા મહિમાવાળી ઉન્મત્ત ગંગા આ લોકમાં સર્વોપરી વર્તે છે. (૩૮)

સમગ્ર પાપનો નાશ કરનારી, જેનાં સંબંધથી મોક્ષ થાય છે એવી, નાશ પામ્યા છે પાપ જેમનાં એવા પક્ષિઓથી વ્યાપ્ત, ત્યાગ કર્યો છે દોષનો પ્રસંગ જેણે એવી અને પ્રાપ્ત થયો છે શ્રીહરિનો સંગ જેને એવી, વિવિધ પ્રકારનોં છે જળનો વર્ણ જેનોં એવી, ચંચળ તરંગોવાળી, ઉન્મત્ત ગંગા સર્વ તીર્થોનો પરાભવ કરીને વર્તે છે. (૩૯)

જેનાં તરંગો જ્યારે દૃષ્ટિપથમાં પડે છે ત્યારે પોતાનાં દર્શન કરનારા લોકોને શ્રીહરિનાં નિવાસરૂપ અક્ષરધામને પમાડે છે. તો જેનાં કાંઠાના પ્રદેશમાં મૃત્યુ પામેલા દેહધારીઓની આત્યંતિકી મુક્તિ થાય તેમાં શું કહેવું ? અર્થાત્ મુક્તિ થાય જ. (૪૦)

યજ્ઞજન્ય પુણ્યથી દેવતા થઈ તે યજ્ઞાદિ સુકૃતના ભોગને અંતે સ્વર્ગથી ફરીને આલોકમાં મનુષ્યો, પશુઓ, પક્ષીઓ વગેરે યોનિઓ કર્માનુસાર પ્રાપ્ત કરે છે. પરંતુ જે જનો અત્યંત નિર્મળ ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરે છે તે જનોના સમગ્ર પાપ નાશ પામી જાય છે અને નિર્ભય બની શ્રીહરિનાં ધામને તત્કાળ પામે છે. (૪૧)

જેનાં કાંઠાના પ્રદેશમાં મૃત્યુ પામેલા મનુષ્યની દેવતાઓ પ્રશંસા કરે છે, ઈન્દ્ર પણ સહસ્ર નેત્રોથી તેને જોઈને પ્રસન્ન થાય છે, મહાહર્ષથી પૂર્ણ સ્વયં સૂર્યનારાયણ પણ અર્ચિરાદિ માર્ગથી મોક્ષ માટે આવતા તે જનની તત્કાળ સન્મુખ જાય છે અને તેનો સત્કાર કરીને આ શું દિવ્ય સર્વોત્તમ શ્રીહરિનાં અક્ષરધામને પામશે ? એમ પોતાનાં અંતઃકરણમાં વિચાર કરે છે. (૪૨)

હે રાજન્ ! આ આશ્ચર્ય છે ! જેમાં સ્નાન કરનારા પવિત્ર આત્માવાળા શરીરધારીઓનું પુણ્ય વર્ણવવા ચારમુખ ધારણ કરનાર તથા વેદના અર્થો જાણનાર બ્રહ્માપણ સમર્થ થતા નથી. સો સો પ્રાયશ્ચિત્તથી પણ જે પાપ નાશ ન પામે તથા સો સો અશ્વમેઘયજ્ઞોથી પણ જે પાપ નાશ ન પામે એવું પાપ ઉન્મત્ત ગંગાના જળમાં એક જ વાર સ્નાન કરવાથી તત્કાળ હણાઈ જાય છે. (૪૩) સર્વ મનોરથોની ઉત્પત્તિમાં સર્વોત્તમ માતાસ્વરૂપ, એવી ઉન્મત્ત ગંગા પોતાનાં દર્શન માત્રથી સમગ્ર પાપને હણે છે. એવી ઉન્મત્ત ગંગાનો મંગળકારી સર્વોત્તમ મહિમા સમગ્રપણે કહેવા માટે કોણ સમર્થ થાય ? અર્થાત્ કોઈ ન જ થાય. (૪૪)

હે રાજન્ ! આ પ્રકારે અનુપમ, શ્રવણ કરવામાં મનોહર તથા મુનીંદ્રોએ ગાન કરેલો સ્તોત્રોના રાજારૂપ એવો દિવ્ય ઉન્મત્ત ગંગાનો મહિમા મેં તમોને સંક્ષિપ્તથી મારી બુદ્ધિ અનુસારે કહ્યો. (૪૫)

હે રાજન્ ! જે જનો પોતપોતાનો શુભ ધર્મ પાળીને ઉન્મત્ત ગંગામાં શાસ્ત્ર પ્રમાણે તીર્થવિધિ કરે છે, તે પૂર્વે કહેલા સમગ્ર ફળને પામે છે. બીજા પામતા નથી. (૪૬)

મનુષ્યોએ અજ્ઞાન અવસ્થામાં કરેલું પાપ ઉન્મત્ત ગંગાના સ્નાનથી નાશ પામે છે. પરંતુ જાણીને વારંવાર પાપ કરીને આ નદીમાં સ્નાન કરનારનું પાપ ઉન્મત્ત ગંગા નાશ કરતી નથી. (૪૭)

આ લોકમાં જે મનુષ્યો પૃથ્વી ઉપર આ શુભ આખ્યાન સાંભળશે અથવા ગાશે, તે જનોની આપત્તિના કારણભૂત મહાદુષ્કર્મ રૂપ કાદવ ધોવાઈ જાય છે અને તે જનો નિષ્પાપ બની પોતાને ઈચ્છિત સમગ્ર વિવિધ પ્રકારની સિદ્ધિ તત્કાળ પામે છે. તેમજ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સંબંધથી ઉન્મત્ત ગંગાનો આવો મહિમા જાણીને શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ પણ તેને થાય છે. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉન્મત્ત ગંગા માહાત્મ્ય નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનાં શિષ્યોથી સેવાયેલા ગઢપુરમાં વસતા શ્રીહરિ પોતાની ઉપદેશ વાતો તથા દર્શનથી તે શિષ્યોને આનંદ પમાડતા હતા. (૧)

હે મહિપતે ! એવી રીતે ભક્તોને સુખ આપતા શ્રીહરિ ગઢપુરમાં વસતા હતા. તેવામાં આસો માસનો શુક્લ પક્ષ આવ્યો. (૨)

હે રાજન્ ! શ્રીહરિ વિષે સર્વોત્તમ પ્રીતિવાળા કરમડ ગામના વિધવા રાણી ફુલઝરી હતા. (૩) બાલ્યાવસ્થાથી જ હંમેશા ધર્મપુત્ર શ્રીહરિને આ રાણી ભજતા હતા. ચંદ્રમાં જેમ ચકોર અત્યંત સ્નેહથી જોડાય તેમ શ્રીહરિમાં તેઓ અત્યંત સ્નેહથી જોડાયા હતા. (૪)

રાજ્યમાં અનાસક્ત, ધર્મનિષ્ઠાવાળા, શુભ સ્વભાવવાળા, જ્ઞાનરૂપી સંપત્તિવાળા, શ્રીહરિની આજ્ઞામાં વર્તનારા; (૫) નારાયણની કથા, વાર્તા કીર્તન શ્રવણમાં પ્રેમવાળા, શ્રીહરિની એકાંતિક ભક્તિવાળી સ્ત્રીઓનો સમાગમ કરનારા તે રાણી પ્રત્યક્ષ શ્રીહરિને પોતાનાં ગામમાં બોલાવીને સુંદર અન્નકૂટનો ઉત્સવ હર્ષપૂર્વક કરાવવા ઈચ્છતા હતા. (૬-૭)

પ્રસન્ન થયેલાં તે રાણી અન્નકૂટના ઉત્સવ માટે વિવિધ પ્રકારની યોગ્ય સામગ્રીઓ તત્કાળ આદરપૂર્વક તૈયાર કરાવતા હતા. (૮) સ્વાશ્રિતોમાં પ્રેમવાળા શ્રીહરિને પોતાનાં ગામમાં બોલાવવા માટે તે રાણીએ આદરપૂર્વક પોતાનાં કારભારીને દુર્ગપત્તન મોકલ્યા. (૯)

હે રાજન્ ! અચ્યુત શ્રીહરિને કરમડ ગામમાં લઈ જવા માટે રાણીના કારભારી થોડા નોકરો સહિત ગઢપુર આવ્યા. (૧૦) પોતાનાં ભક્ત સમૂહોથી વીંટાયેલા, સભામાં બિરાજેલા શ્રીહરિની સમીપે જઈને કારભારી બંને હાથ જોડી વિનય પૂર્વક નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૧)

હે સ્વામિન્ ! કરમડ ગામમાં અન્નકૂટનો મહોત્સવ કરાવવાની ઈચ્છાવાળા આપના ભક્ત રાણી ફુલઝરીએ મને આપને કરમડ ગામમાં લઈ જવા અહીં મોકલ્યો છે. તેથી હું અત્રે આવ્યો છું. (૧૨) હે પ્રભો ! રાણીએ અન્નકૂટોત્સવની સામગ્રીઓ તૈયાર કરાવી છે માટે કૃપા કરીને આપ ત્યાં પધારો. (૧૩)

રાણીના કારભારીએ કરેલી પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તે અમાત્યને કહ્યું, ‘હે સુબુદ્ધે ! હું તત્કાળ તમારે ત્યાં આવીશ તમો આગળ જાઓ.’ (૧૪)

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે કારભારીની સંભાવના કરાવી. તે કારભારી જમીને દુર્ગપત્તનમાં રાત્રિ રહીને શ્રીહરિ પોતાનાં ગામમાં પધારશે તે સાંભળીને ઉત્સાહપૂર્વક કરમડ ગામમાં ગયા. (૧૫) બીજે દિવસે શ્રીહરિ સવારમાં સ્નાન તેમજ નિત્યવિધિ કરીને પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજન જમ્યા. (૧૬)

પછી કરમડ ગામ જવા માટે ઈચ્છતા શ્રીહરિએ “મારી સાથે આવવા માટે તમો તૈયાર થાઓ”

એમ પોતાનાં સર્વ જનોને આજ્ઞા કરી. (૧૭) તત્કાળ તૈયાર થયેલા સ્વયં શ્રીહરિ પોતાનાં નાજા પાર્ષદે આણેલા ઉત્તમ અશ્વરાજ ઉપર બિરાજ્યા. (૧૮)

પછી સોમા ખાચર, સુરા ખાચર વગેરે ઘોડે સવારોથી વીંટાયેલા શ્રીહરિ, છત્ર, ચામર વગેરેથી શોભતા, ગઢપુરથી ચાલ્યા. (૧૯) તે સમયે મહાશૌર્યવાળા, ધૈર્ય તથા પરાક્રમથી પ્રસિદ્ધ, વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા, શ્રીહરિનાં સર્વ પાર્ષદો આગળ ચાલતા હતા. (૨૦)

શ્રીહરિ છે પ્રિય જેમને એવા, શ્રીહરિનાં દર્શનમાં ઉત્સુક મનવાળા, ઉત્તમ રાજા ઘોડા ઉપર બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા. (૨૧) વાહનોમાં બેઠેલા શ્રીહરિનાં બંધુઓ, ઘોડાઓ ઉપર બેઠેલા તેમનાં પુત્રો નંદરામ, ગોપાળ વગેરે, વિરહની પીડા નાશ કરનારા શ્રીહરિની સાથે પ્રીતિપૂર્વક ગમન કરતા હતા. (૨૨)

શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા મુકુંદાનંદ આદિક બ્રહ્મચારીઓ તથા મુક્તાનંદ, ગોપાળાનંદ વગેરે સાધુઓ, પોતાનાં ઈષ્ટ શ્રીહરિનાં દર્શન કરતા શ્રીહરિની સાથે ચાલ્યા. (૨૩) તે સમયે સુવાસિની વગેરે શ્રીધર્મવંશી સ્ત્રીઓ સુંદર રથમાં બેસીને શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૨૪)

જયા, રમા તથા અતિ પ્રીતિવાળી લલિતા વગેરે સ્ત્રીઓ પણ રથમાં બેસીને પુણ્યદર્શન શ્રીહરિની પાછળ જતી હતી. (૨૫) અશ્વરાજ ઉપર બિરાજેલા, માર્ગમાં ચાલતા ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિ પોતાનાં જનોને આનંદ આપતા પ્રસિદ્ધ ભેંસજાળ ગામમાં પહોંચ્યા. (૨૬)

સન્મુખ આવેલા ભેંસજાળના નિવાસી ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિ પોતાનાં બંધુઓ, વર્ણીઓ અને મુનિઓ સહિત તે ગામમાં યોગ્ય સ્થાનમાં રહ્યા. (૨૭)

ગામના ક્ષત્રિય ભક્તો કાયજીત, જેઠાજી તથા સજ્જુજી વગેરે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૨૮) શ્રીહરિનાં ચરણકમળના દૃઢાશ્રયવાળા કાયજીત વગેરે ક્ષત્રિયોએ પરમ પ્રીતિપૂર્વક યથાયોગ્ય મહા આતિથ્યપૂર્વક શ્રીહરિનો સત્કાર કર્યો. (૨૯)

ભગવાન શ્રીહરિ અતિ પવિત્ર જળથી સ્નાન કરીને, પોતાનો સર્વ નિત્યવિધિ યથાર્થ કરીને, પોતાનાં બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં અમૃત તુલ્ય ભોજનો જમ્યા. (૩૦)

પછી દર્શનીય શ્રીહરિ શ્વેત પાઘ વગેરે વસ્ત્રો ધારણ કરીને પાર્ષદો સહિત સભાસ્થાનમાં પધાર્યા અને અતિકોમળ ગાદીથી યુક્ત મનોહર સિંહાસનમાં બિરાજમાન થયા. (૩૧)

તેટલામાં વર્ણિસમૂહ, સાધુઓ તથા બીજા પાર્ષદો વગેરે જુદી જુદી રસોઈ કરીને જમ્યા. અને તરત જ સભામાં આવીને યોગ્યતા પ્રમાણે સર્વે બેઠા. શ્રીહરિનાં બંધુજનો પણ સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૩૨) હે રાજન્ ! પછી ત્યાંના ભક્તોએ વિધિ પુરઃસર કુમકુમ, કેસર, શ્રેષ્ઠ અગર ચંદન વગેરે તથા પુષ્પોના હાર, તોરા તથા ભૂષણો, વસ્ત્રો વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. વળી શ્રીહરિનાં સમગ્ર બંધુજનોનું પણ પૂજન કર્યું. (૩૩)

પછી કાયજીત વગેરે ભક્તોએ મુનિઓ, વર્ણિઓ વગેરે સમગ્ર ત્યાગીઓનું પણ અતિ મનોહર

ઉપચારોથી હર્ષપૂર્વક પૂજન કર્યું. પછી તે મહાસભામાં યથાયોગ્ય બેસીને નિર્નિમેષ નેત્રોથી ઈષ્ટ શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. (૩૪)

કાયજીત વગેરે ભક્તોની સ્ત્રીઓએ પણ ધર્મપુત્ર શ્રીહરિનું મનોહર ઉપચારોથી પૂજન કર્યું. અને ધર્મવંશી હોવાથી પૂજાવિધિમાં અધિકાર પામેલી સુવાસિની વગેરે વિશુદ્ધ મનવાળી સ્ત્રીઓનું પણ પૂજન કર્યું. (૩૫) હે નૃપતે ! અમૃતથી પણ અતિમધુર, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વિષયક પીડા હરનારી વિવિધ પ્રકારની ઉપદેશવાર્તા શ્રીહરિએ ત્યાં કરી અને એ રીતે પોતાનાં ચરણારવિંદમાં પ્રીતિવાળા પોતાનાં સમગ્ર જનોને આનંદ આપતા શ્રીહરિ તે ગામમાં રાત્રિ રહ્યા. (૩૬)

પછી પ્રાતઃકાળમાં શ્રીહરિ પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજમાન થયા અને કાયજીત વગેરે ભક્તોએ વિદાય આપેલા શ્રીહરિ, પોતાનાં બંધુજનો તથા સહચારીઓની સાથે ભેંશજાળ ગામથી નીકળ્યા. અશ્વરાજની લગામ હલાવવાથી જેમનોં હાથ સુંદર રીતે હલે છે તેવા, અને ઘોડે સવારોથી વીંટાયેલા શ્રીહરિ માર્ગમાં ચાલતા ભક્તજનોને દર્શન આપતા કરમડ ગામમાં પહોંચ્યા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિ દુર્ગપુરથી નીકળ્યા તે વર્ણન નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિને આવતા સાંભળીને ફુલઝરી રાણીએ પોતાનાં અનુચરો તથા કરમડ ગામના નિવાસીજનો સહિત પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત મનવાળા કારભારીને સન્મુખ મોકલ્યા. સુંદર વાદ્યોના ઘોષથી દિશાઓ ગજાવતા કારભારી શ્રીહરિની સન્મુખ ગયા. (૧, ૨)

અમાત્ય તથા અન્ય જનોએ, મનોહર શ્રીહરિની સમીપે જઈ, શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિએ અમાત્ય વગેરે સર્વ જનોની, દૃષ્ટિથી તેમજ અન્ય રીતે સંભાવના કરી. (૩) પછી ઘોડા ઉપર બેઠેલા ઘોડેસવારોથી વીંટાયેલા પોતાનાં બંધુજનો તથા રાણીના કારભારી વગેરેથી યુક્ત શ્રીહરિ, વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાંભળતા તે ગામમાં પ્રવેશ કરતા હતા. (૪)

પોતાનાં દર્શન કરતા સર્વજનોને શાંતિ પમાડતા શ્રીહરિએ પોતાનાં ભક્તજનો સાથે યોગ્ય સ્થાનમાં નિવાસ કર્યો. (૫) સુવાસિની વગેરે સમગ્ર સ્ત્રીઓનું પણ રાણીએ સન્માન કર્યું. અને શ્રીહરિની આજ્ઞાથી તેમણે સર્વેએ રાણીના મહેલમાં યથાયોગ્ય નિવાસ કર્યો. (૬) જયા, રમા તેમજ લલિતા વગેરે બીજી સ્ત્રીઓએ અન્ય રમણીય મહેલમાં સુખપૂર્વક નિવાસ કર્યો. ભક્તિપૂર્વક, દાસીની જેમ, રાણી શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ અમાત્ય વગેરેની પાસે પણ શ્રીહરિની સેવા કરાવતા હતા. (૭, ૮)

શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરેથી યુક્ત, શ્રીહરિનું યથાયોગ્ય આતિથ્ય, રાણી હર્ષપૂર્વક

કરતા હતા. (૯) સુવાસિની તથા જયા વગેરે સ્ત્રીઓની પણ યોગ્યતા પ્રમાણે અતિપ્રીતિથી રાણી સંભાવના કરતા હતા. (૧૦)

શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન જમ્યા. (૧૧) પછી બંધુજનો સહિત પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ ચટ્ચટ્ ધ્વનિયુક્ત પાદુકા ધારણ કરી શ્રેષ્ઠ સભાસ્થાનમાં પધાર્યા. (૧૨)

કોમળ ગાદી વગેરેથી યુક્ત પોતાનાં ઊંચા આસનમાં, ભક્તજનો જેમનાં દર્શન કરે છે એવા, શ્રીહરિ તત્કાળ બિરાજમાન થયા. (૧૩) શ્રીહરિની આગળ તેમનાં બંધુજનો વગેરે યથાયોગ્ય બેઠા. તેટલામાં બ્રહ્મચારીઓ, મુનિઓ વગેરે જમીને ત્યાં આવીને જેમ જેને ઘટે તે પ્રમાણે બેઠા. (૧૪)

પછી શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી ભક્તો પ્રત્યે જોઈ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત અમૃતથી પણ અતિ મધુર ઉપદેશ વાર્તા કરવા લાગ્યા. (૧૫)

પુરુષોની સભાથી લગારેક દૂર રાણી તથા સુવાસિની તથા જયા વગેરે સ્ત્રીઓ બેઠી હતી. શ્રીહરિની વાતો સાંભળીને તે સર્વ અત્યંત શાંતિ પામી. (૧૬) એવી રીતે રાણીને સુખ આપતા ત્યાં વસતા શ્રીહરિ સ્વયં લાડુ પીરસીને મુનિઓ વગેરેને ભોજન કરાવતા હતા. (૧૭)

કરમડ ગામમાં અન્નકૂટોત્સવ કરવા માટે શ્રીહરિ પધાર્યા છે તે સાંભળીને ત્યાં ગામડાના તથા નગરના ભક્તજનના સમૂહ આવ્યા. (૧૮) હે રાજન્ ! શ્રીહરિ અન્નકૂટના ઉત્સવને દિવસે પ્રાતઃકાળમાં સ્નાન કરીને પોતાનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૧૯)

શ્વેત વસ્ત્રો ધારણ કરતા શ્રીહરિ પોતાનાં બંધુજનો સહિત અને પાર્ષદોથી વીટાઈને અન્નકૂટના દર્શન કરવા માટે પધાર્યા. (૨૦) શ્રીહરિની મૂર્તિ સમક્ષ મુકુંદાનંદાદિ વર્ણીઓએ યુક્તિપૂર્વક ગોઠવેલા અન્નકૂટને જોઈ, તથા તે શ્રીહરિની પ્રતિમાની મુકુંદાનંદ વર્ણીએ કરેલી મહાઆરતી જોઈ, પોતાનાં ભક્તજનોને દર્શન આપતા શ્રીહરિ ત્યાં બિરાજમાન થયા. (૨૧)

તે સમયે સાધુઓ મૃદંગ તથા કાંસીજોડા વગાડતા શ્રીહરિનાં દર્શન કરતા, શ્રીહરિનાં પદોનું ગાન કરવા લાગ્યા. (૨૨) પછી શ્રીહરિ ભોજનનો સમય થવાથી રાણીના અતિ વિશાળ દરબારમાં મુનિઓ વગેરેની પંક્તિ કરાવતા હતા. (૨૩)

પછી બ્રાહ્મણોએ પંક્તિબદ્ધ બેઠેલા મુનિઓ વગેરેના પાત્રોમાં ગાળેલું નિર્મળ જળ આપ્યું. (૨૪) પછી પીરસવામાં નિપુણ બ્રાહ્મણો ભોજન માટે બેઠેલા મુનિઓ વગેરેને આદર પૂર્વક સુંદર પત્રાવલાં તથા રમણીય પડિયા આપવા લાગ્યા. (૨૫)

તેટલામાં શ્રીહરિ પોતાનાં ડાબા ખભા ઉપર પટ્ટી રૂપે મૂકેલું ઓઢવાનું વસ્ત્ર વાંકું કરી લંબાવીને, કેડ્ય ઉપર મજબૂત બાંધીને, મુનિઓની પંક્તિમાં પધાર્યા. (૨૬) પ્રસન્ન થયેલા શ્રીહરિ પંક્તિમાં બેઠેલા સર્વ મુનિઓને પીરસવા માટે દયાર્દ્રદૃષ્ટિથી જોવા લાગ્યા. (૨૭)

તેટલામાં નાના પ્રકારનાં પકવાન્નોથી ભરેલાં ત્રાંબાના પાત્રો પોતાનાં હાથમાં ધારણ કરી, સાધુઓ ત્યાં આવ્યા. (૨૮) પછી પીરસનારા સાધુઓએ બંને હાથો વડે ઉંચકેલા ત્રાંબાના પાત્રમાંથી શ્રીહરિ બંને હાથ વડે પકવાન્નો લઈ, હર્ષપૂર્વક ભોજન કરનારા સાધુઓને પુષ્કળ પ્રમાણમાં પીરસવા લાગ્યા. (૨૯)

પેંડા, સુંદર બરફી, મોતીયા લાડુ, ઉત્તમ જલેબી, શ્રીહરિ મુનિઓને પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૩૦) પ્રસન્ન થયેલા શ્રીહરિ સુંદર ગુંદરપાક વગેરે પાકો તથા ધોળા સાટા, માલપુવા, સૂત્રફેણી વગેરે પીરસતા હતા. (૩૧)

ભોજન કરનારા સાધુઓને જોતા તથા હસતા શ્રીહરિ, સાકરયુક્ત દૂધપાક તથા વિવિધ પ્રકારનાં ભોજનો, આદરપૂર્વક પીરસતા હતા. (૩૨) રસોઈયા બ્રાહ્મણો, સાધુઓની લાંબી પંક્તિમાં, વિવિધ પ્રકારનાં શાક તથા ભજીયા વગેરે પીરસતા હતા. (૩૩) બ્રાહ્મણો વિવિધ પ્રકારનાં અથાણાં, રાયતા, દાળ તથા કઢી વગેરે પણ પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૩૪)

હે રાજન્ ! પછી ભોજન કરનારા સર્વ સાધુઓના પાત્રો વિવિધ પ્રકારનાં ભોજનોથી પૂર્ણ થયેલાં જોઈ, શ્રીહરિએ તેમને જમવા માટે આજ્ઞા આપી. (૩૫) સુંદર ગતિવાળા શ્રીહરિ જમનારા સંતોની પંક્તિમાં ફરતા વારંવાર તેમને પીરસીને તેમને તૃપ્ત કરતા હતા. (૩૬)

શ્રીહરિ સર્વને તૃપ્ત થયેલા જાણી, પીરસનારા બ્રાહ્મણો પાસે સુગંધિ ભાત તેમજ દાળ વગેરે તેમને અપાવતા હતા. (૩૭) હે રાજન્ ! પછી શ્રીહરિએ ઉત્તમ રાજાને પકવાન્નો પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. તેમની માફક સર્વ પાર્ષદોને પણ શ્રીહરિએ પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. (૩૮)

પછી શ્રીહરિએ સ્વયં, જયા, રમા વગેરે માટે જલેબી તેમજ અન્ય પકવાન્નો પાત્રોમાં ભરીને મોકલ્યા. (૩૯) સ્વયં શ્રીહરિએ બરફી, પેંડા તથા પકવાન્નો પાત્રોમાં ભરીને રાણીને માટે બ્રાહ્મણોની સાથે મોકલ્યા. (૪૦)

આ મહોત્સવમાં કરમાલ ગામથી આવેલા હજારો ભક્તો, હજારો બ્રાહ્મણો તથા અન્ય સર્વજનોને શ્રીહરિએ જમાડ્યા. (૪૧) પછી મુકુંદવર્ણીદ્રે શ્રીહરિનાં ચરણ કમળ તથા હસ્ત ધોડવાવ્યા. પછી પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ, વર્ણીઓની પાકશાળામાં પધાર્યા. (૪૨) ત્યાં શ્રીહરિએ તેમનાં ભોજન દૃષ્ટિથી પ્રસાદીના કર્યા. પછી શ્રીહરિ પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. ત્યારબાદ સમગ્ર બ્રહ્મચારીઓ જમ્યા. (૪૩)

પછી ભગવાન શ્રીહરિએ સ્નાન કરી ઉત્તમ પીતાંબર ધારણ કર્યુ, તે ઉપર બીજું રેશમી વસ્ત્ર પોતાનાં રમણીય શરીર ઉપર ઓઢ્યું. (૪૪) પછી શ્રીહરિ બંને ચરણોમાં ચાખડી ધારણ કરી, ભોજનસ્થાનમાં આવી પાટલા ઉપર બિરાજ્યા. (૪૫)

પછી ઈચ્છારામે શુદ્ધ જળથી ભરેલો સુવર્ણ કળશ, સુવર્ણના પવાલાએ સહિત, શ્રીહરિની સમીપે મૂક્યો. (૪૬) પછી ઈચ્છારામ, વિષ્ણુને અર્પણ કરેલાં જલેબી વગેરે પકવાન્નો શ્રીહરિની આગળ મૂકેલાં સુવર્ણના થાળમાં પીરસવા લાગ્યા. (૪૭)

શ્રી ઈચ્છારામભાઈ સુંદર સુવર્ણના પાત્રોમાં સાકરયુક્ત દૂધપાક, કઢી, દાળ વગેરે પ્રેમથી પીરસવા લાગ્યા. (૪૮) જુદા જુદા શાક, રાયતા, ભજીયા તેમજ અથાણાં પણ તેઓ બહુ જ આદરપૂર્વક પીરસવા લાગ્યા. (૪૯) રામપ્રતાપ વગેરે બેઠેલા મુખ્ય ભક્તોને પણ તે બહુ જ પ્રેમથી વિવિધ પ્રકારનાં ભોજન પીરસવા લાગ્યા. (૫૦) શ્રીહરિકૃષ્ણે અપોશન વિધિ કરીને પોતાનાં બંધુજનો સાથે તે વિવિધ પ્રકારનાં ભોજનો આરોગવાનો પ્રારંભ કર્યો. (૫૧)

ભગવાન શ્રીહરિકૃષ્ણ ક્ષણે ક્ષણે પેંડા, બરફી, જલેબી, કેસરિયો દૂધપાક તેમજ કેસરીયો ભાત અને મોતીચૂરના લાડુ પણ જમતા હતા. (૫૨) તેઓ દાળ, ફૂલવડી, કઢી, ભજીયા, રાયતા તેમજ અનેક પ્રકારનાં શાક વગેરે જમવા લાગ્યા. (૫૩) જુદી જુદી જાતના રાયતા, પાપડ, ચટણી તેમજ લેહ્ય, ચોષ્ય, પેય અને ભોજ્ય એ રીતે ચાર પ્રકારનાં ભોજન તેઓ જમતા હતા. (૫૪) થોડી થોડી વારે પાણી પીતા જતા શ્રીહરિ કઢી, દાળ તેમજ ઉત્તમ સુવાસિત ભાત પણ જમતા હતા. (૫૫)

પછી તૃપ્ત થઈ શ્રીહરિ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા તેમનાં બંધુજનો વગેરે પણ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. (૫૬) પછી શ્રીહરિએ રામપ્રતાપે આપેલો મુખવાસ ગ્રહણ કર્યો. ત્યારબાદ રામપ્રતાપ વગેરેએ પણ યથાયોગ્ય મુખવાસ ગ્રહણ કર્યો. (૫૭)

ત્યારબાદ પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. ત્યારબાદ શ્રીહરિનાં બંને બંધુજનોનો પરિવાર વિવિધ પ્રકારનાં ભોજનો જમતો હતો. (૫૮) પછી શ્રીહરિ સાંજના પહોરે મહાસભામાં પોતાનાં આસન ઉપર, ભક્ત સમૂહથી વીંટાઈને, બિરાજ્યા. તે સમયે પોતાનાં ભક્તોએ મનોહર ઉપચારોથી આદરપૂર્વક કરેલું પૂજન શ્રીહરિ ગ્રહણ કરતા હતા. (૫૯)

હે રાજન્ ! શ્રીહરિ પછી સાયંકાળે આરતીનો સમય થવાથી ઊઠીને ભક્ત સમૂહ સાથે તાળીઓ વગાડી નારાયણ નામનું ઉચ્ચારણ કરવા લાગ્યા. (૬૦) પછી સમગ્ર ભક્તજનોએ જેમને વારંવાર નમસ્કાર કર્યા છે તે શ્રીહરિ, પોતાનાં ઉત્તમ આસનમાં બિરાજી, અમૃતથી પણ અત્યંત મધુર વિવિધ પ્રકારની ધર્માદિના ઉપદેશવાળી વાતો કરવા લાગ્યા. (૬૧)

પછી શ્રીહરિએ પોતાનાં ભક્તજનોને પોતપોતાનાં નિવાસસ્થાનમાં જવાની આજ્ઞા આપી અને ઉત્તમ પાર્ષદોથી વીંટાયેલા, ચટ્ચટ્ નાદથી શોભાયમાન ચાખડીઓ ધારણ કરેલા, શ્રીહરિ પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૬૨) હે નરેન્દ્ર ! ધર્મપુત્ર શ્રીહરિ પોતાની અત્યંત કોમળ શય્યામાં પોઢીને, શ્રેષ્ઠ પાર્ષદોની ભક્તિપૂર્વક અત્યંત સેવા ગ્રહણ કરતા, પોતાની સેવામાં ઉત્કંઠાવાળી શુભ યોગ નિદ્રા કૃપાપૂર્વક અંગીકાર કરતા હતા. (૬૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં અન્નકૂટોત્સવમાં શ્રીહરિએ પંક્તિમાં વિવિધ ભોજન પીરસ્યું તે લીલા વર્ણન નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિ બ્રાહ્મમૂહુર્તમાં યોગ નિદ્રાનો ત્યાગ કરી અપાર બોધવાળું નિત્ય, અનંત, આદ્ય, શુદ્ધ પોતાનાં સ્વરૂપનું ચિંતન કરતા હતા. (૧) શ્રીહરિ પ્રાતઃકાળમાં પવિત્ર જળથી સ્નાન કરી, પોતાનો નિત્યવિધિ કરી, પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ભોજન જમતા હતા. (૨)

હે રાજન્ ! પછી શ્રીહરિ, હાથ તથા મુખની શુદ્ધિ કરીને, ઉત્તમ મુખવાસ જમ્યા. પછી શ્વેત મનોહર મસ્તકનું મોળીયું તથા અન્ય વસ્ત્રો શ્રીહરિ ધારણ કરતા હતા. (૩)

તેટલામાં જ ફુલઝરી રાણી વિવિધ ઉપચારોવાળું સુવર્ણ પાત્ર હાથમાં ધારણ કરી, પોતાની દાસીઓ સહિત શ્રીહરિનાં પૂજન માટે શ્રીહરિની સમીપે આવ્યા. (૪)

પછી રાણી શ્રીહરિની આજ્ઞા લઈ, પુષ્પોના તોરા, ગજરા, હાર તથા કસ્તુરી, કેસર, ચંદન વગેરે અતિ સુંદર ઉપચારો તથા શ્રેષ્ઠ અક્ષત, સુવર્ણ સૂત્રોવાળા મહામૂલ્ય વસ્ત્રો, મણિજડિત ચળકતા અતિ સુંદર સુવર્ણના ભૂષણોથી પૂજનીય શ્રીહરિની પૂજા કરવા લાગ્યાં. (૫, ૬)

પછી સુવર્ણ મુદ્રાથી ભરેલો શ્રેષ્ઠ ચાંદીનો થાળ શ્રીહરિની આગળ મૂકીને રાણીએ શ્રીહરિને નમસ્કાર કર્યા. સ્વભાવથી જ શ્વેતવસ્ત્ર ધારણ કરવામાં રુચિવાળા શ્રીહરિ, રાણીની પોતાને વિષે એકાંતિક ભાવથી યુક્ત પ્રીતિ જાણતા હોવાથી, તેણે અર્પણ કરેલાં વસ્ત્રો તથા વિભૂષણો ધારણ કરવા લાગ્યા. (૭)

પછી રાણીએ, શ્રીધર્મવંશી સુવાસિની વગેરે સમગ્ર સ્ત્રીઓની, મહામૂલ્યવાળાં વસ્ત્રો, આભૂષણો તથા પુષ્પના હારો, ઉત્તમ ચંદન વગેરેથી પૂજા કરી. (૮) પછી પોતાનાં બંધુજનો સાથે શ્રીહરિ સંતો તથા પાર્ષદોથી વીંટાયેલા, હાથમાં રૂમાલ પકડીને હાથને હલાવતા, ચંચળ ગતિથી સભાસ્થાનમાં પધાર્યા. (૯)

સભામાં શ્રીહરિ ઉંચા સિંહાસનમાં બિરાજ્યા. તેમની આગળ શ્રીરામપ્રતાપ વગેરે શ્રીહરિનાં દર્શન કરતા હર્ષપૂર્વક યોગ્ય આસનો ઉપર બેઠા. (૧૦) તેટલામાં મુનિઓ તથા વર્ણિઓ વગેરે જમીને મહાસભામાં આવ્યા અને શ્રીહરિને નમસ્કાર કરી ત્યાં બેસી, શ્રીહરિનાં નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરવા લાગ્યા, અન્ય ગૃહસ્થ ભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૧)

પછી હર્ષ પામેલાં રાણીએ પુરુષોથી દૂર સભા કરીને સભામાં ધર્મવંશી સ્ત્રીઓ તથા જયા વગેરે સ્ત્રીઓને યોગ્યતા પ્રમાણે આસન ઉપર બેસાડ્યા. (૧૨) પછી રાણી ફુલઝરી તથા સુવાસિની વગેરે સમગ્ર સ્ત્રીઓ તથા જયા, રમા, લલિતા વગેરે અન્ય સ્ત્રીઓ અત્યંત ભાવપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતી હતી. (૧૩)

તેટલામાં રાણીએ પ્રેરણા કરેલા કારભારી ગંધ પુષ્પાદિ ઉપહારો સહિત પાત્ર લઈ, તેમજ વિવિધ ઉપચારો સહિત પાત્રો સેવકો પાસે ઉપડાવી, તે સભામાં આવ્યા. (૧૪)

પછી મહા અમૂલ્ય વસ્ત્રો, અલંકારો, પુષ્પના હાર તથા ઉત્તમ ચંદનાદિ વડે, મંત્રીએ શ્રીહરિનું વિધિ પ્રમાણે પૂજન કર્યું. ત્યારબાદ શ્રીહરિનાં બંધુજનોનું પણ પૂજન કર્યું. (૧૫)

મંત્રીએ વર્ણીઓ, મુનિઓ વગેરે તથા શ્રીહરિનાં આશ્રિત સમગ્ર ભક્તજનોની કુમકુમ, સુગંધીમાન ચંદન, પુષ્પના હાર તથા તેમને યોગ્ય વસ્ત્રો વગેરેથી પૂજા કરી. (૧૬) પછી મંત્રી, શ્રીહરિને તથા સભામાં બેઠેલા મુનિઓ વગેરેને પ્રણામ કરીને, સભામાં બેસીને શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. ત્યારબાદ અન્નકૂટોત્સવ પ્રસંગે આવેલા ભક્તજનોએ શ્રીહરિનું શ્રેષ્ઠ ઉપચારોથી સમર્ચન કર્યું. (૧૭) તે સમયે ભક્તો ઉપર દયાવાળા શ્રીહરિ તો પોતાની પ્રસાદીના મનોહર પુષ્પના હાર પોતાનાં કંઠમાંથી ઉતારી, પોતાનાં ચરણકમળના આશ્રિત મુનિઓ વગેરેને આપવા લાગ્યા. (૧૮)

પછી વીજળીના જેવા પ્રકાશમાન વસ્ત્રો ધારણ કરનારા, પુષ્પોના સુંદર તોરા તથા હારથી મનોહર દેખાતા, સંસારનો ભય નાશ કરનારા, આશ્રિતોના આવાસોમાં વિહરનારા શ્રીહરિ, ત્યાં ધર્માદિ વાર્તા કરવા લાગ્યા. (૧૯)

વિવિધ પ્રકારનાં અલંકારોથી શોભતા, નિર્દોષ, પોતાનાં એકાંતિક જનોમાં સદા રહેતા, વેદ, શાસ્ત્રો, સ્મૃતિઓ, ઈતિહાસ, પુરાણ વગેરેનો સિદ્ધાંત પ્રકાશ કરનારા, અપાર વાત્સલ્યના સમુદ્ર, પોતાનાં ભક્તજનો સાથે ક્રીડા કરનારા, શ્રીહરિએ પોતાનાં ભક્તોને પોતાનાં દેશમાં જવા માટે આજ્ઞા આપી. તેથી તે ભક્તો શ્રીહરિ તથા અન્નકૂટોત્સવ તેમજ રાણીની ભક્તિનું માર્ગમાં વર્ણન કરતા ચાલવા લાગ્યા. (૨૦, ૨૧)

પછી ત્યાં રાત્રિ રહીને પ્રભાતમાં તૈયાર થઈ, અશ્વ ઉપર બિરાજી, પોતાની સાથે આવેલા પોતાનાં બંધુજનો વગેરેથી યુક્ત, તેમજ ઘોડેસવારોથી વીંટાઈને, હાથમાં સુંદર લગામ ધારણ કરી, અમાત્ય વગેરે જનસમુદાયનું વિદાયમાન સ્વીકારી, મનોહર જય શબ્દો તથા નાના પ્રકારનાં વાજિંત્રોનો ઘોષ સાંભળતા શ્રીહરિએ કરમડ ગામથી પ્રયાણ કર્યું. (૨૨, ૨૩)

પોતાનાં ભક્તોને માર્ગમાં આનંદ પમાડતા, ઘોડેસવારોના સમુદાયથી ખુંદાયેલા માર્ગમાં વિચરતા શ્રીહરિ, પોતાનાં ચરણ કમળોથી ચિહ્નિત પુણ્ય પ્રદેશમાં મનોહર દુર્ગનગરમાં આત્મીય જનોની સાથે પધાર્યા. (૨૪) સમગ્ર પુરવાસીજનો શ્રીહરિની સન્મુખ આવ્યા. એ રીતે શ્રીહરિએ દુર્ગનગરમાં પ્રવેશ કરીને ઉત્તમ રાજાના દરબારમાં પોતાનાં મહેલમાં વાસ કર્યો. અન્ય ભક્તજનો રાજાના દરબારમાં પૂર્વવત્ યથાયોગ્ય રહેવા લાગ્યા. (૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વીરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ફુલઝરી રાણીએ શ્રીહરિની પૂજા કરી તે લીલાનું વર્ણન કર્યું એ નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા શ્રીહરિ નિત્યાનંદ મુનિ પાસે ગીતા ભાષ્યની કથા હર્ષપૂર્વક દરરોજ સાંભળતા હતા. (૧)

તે સમયે **વલ્લભીપુર**માં વસતા બુદ્ધિમાન હરિભ્રમ નામના રાજા શ્રીહરિને પોતાનાં પુરમાં બોલાવવા માટે ઈચ્છા કરતા હતા. (૨) પોતાનાં ધર્મનું પાલન કરનારા પ્રત્યક્ષ શ્રીહરિને આશરેલા, જેને સત્સંગ પ્રિય છે એવા, શૂરવીર, રાજનીતિમાં નિપુણ, હરિભ્રમ રાજાને મોટિની નામની પટ્ટાંગના હતી. પ્રત્યક્ષ શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળી, સુંદર શીલવાળી, પતિવ્રતા, શ્રીહરિની આશ્રિત સ્ત્રીઓના પ્રસંગથી સર્વદા શ્રીહરિને પ્રસન્ન કરવામાં આસક્તિવાળી, શ્રીહરિની કથા સાંભળવામાં ઉત્સાહવાળી તે રાણી હતી. (૩-૪-૫)

એક સમયે હરિભ્રમ રાજાએ, થોડા ઘોડેસવારો તથા પદાતિઓ સહિત પોતાનાં અમાત્યને, શ્રીહરિને પોતાનાં પુરમાં બોલાવવા માટે દુર્ગપત્તન મોકલ્યા. (૬) હરિભ્રમ રાજાના અમાત્યે દુર્ગપત્તનમાં ઉત્તમ રાજાના દરબારમાં જઈને, શ્રીહરિનાં નિવાસ સ્થાનમાં પ્રવેશ કર્યો. (૭) પોતાનાં નિવાસમાં સભામાં બિરાજેલા ભક્તગણોથી વીંટાયેલા શ્રીહરિની સમીપે જઈને કારભારીએ શ્રીહરિને નમસ્કાર કરી બંને હાથ જોડી આ પ્રમાણે કહ્યું. (૮)

હે પ્રભો ! વલ્લભીપુરના અધિપતિ રાજાની આજ્ઞાથી તેમનોં કારભારી હું આપને બોલાવવા માટે અહીં આવ્યો છું. (૯) હે સ્વામિન્ ! આપના દર્શનની દૃઢ ઈચ્છાવાળા, ઉત્સાહિત ચિત્તવાળા, આ રાજાના પુરમાં ભક્તોના અભિષ્ટને પૂર્ણ કરનારા આપ જરૂર પધારો. (૧૦)

તેમની આવી પ્રાર્થના સાંભળીને ‘તે પુરમાં હું આવીશ.’ એ પ્રમાણે રાજાના અમાત્યને શ્રીહરિએ કહ્યું. પછી શ્રીહરિએ કારભારીની યથાયોગ્ય સંભાવના કરાવી. (૧૧) ત્યારબાદ તે કારભારી જમીને શ્રીહરિ પાસે આવી નમસ્કાર કરી, શ્રીહરિની આજ્ઞાથી વલ્લભીપુર આગળથી ગયા. પછી શ્રીહરિ વલ્લભીપુર જવા માટે પોતાનાં જનોને આજ્ઞા આપતા હતા. (૧૨)

હે રાજન્ ! શ્રીહરિ તૈયાર થઈને અશ્વ ઉપર બિરાજમાન થયા અને હર્ષપૂર્વક ઘોડેસવારોથી વીંટાઈ દુર્ગપત્તનથી નીકળ્યા. (૧૩) તે સમયે ભૃગુજીત વગેરે પાર્ષદો વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા શૂરવીરો, શ્રીહરિની આજ્ઞા પાલન કરવામાં તત્પર, શ્રીહરિની આગળ આનંદપૂર્વક ચાલવા લાગ્યા. (૧૪)

તે સમયે વાહનોમાં બેઠેલા શ્રીહરિનાં બંધુજનો રામપ્રતાપ તથા ઈચ્છારામ, ઘોડા ઉપર બેઠેલા પોતાનાં પુત્રો સાથે ઉત્સાહ સહિત શ્રીહરિની સાથે ચાલતા હતા. (૧૫)

ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા, હર્ષપૂર્વક શ્રીહરિની સાથે ચાલ્યા. વર્ણિઓ તથા સાધુઓ પણ શ્રીહરિની સાથે ચાલ્યા. (૧૬) અશ્વ ઉપર બિરાજેલા, માર્ગમાં ચાલતા પોતાનાં અનુયાયીઓને આનંદ આપતા શ્રીહરિ, ઘોડેસવારોના મંડળથી વીંટાયેલા શ્રીહરિ વલ્લભીપુર પહોંચ્યા. (૧૭)

હરિભ્રમ રાજા, શ્રીહરિ પોતાનાં પુરમાં પધાર્યા છે તે સાંભળીને, સેનાની સાથે નાના પ્રકારનાં વાજિંત્રોનો ઘોષ કરતા પુરના અન્ય જનોની સાથે, જેમ ચંદ્રને દેખી સમુદ્રના તરંગો ઉછળે છે તેમ, ઉત્સાહપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૧૮)

પછી રાજાએ, ઘોડેસવારોથી વીંટાયેલા અશ્વરાજ ઉપર બિરાજેલા શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને પોતાનાં ઘોડા ઉપરથી ઉતરી શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અન્ય ભક્તજનો પણ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૧૯)

પછી શ્રીહરિની સમીપે આવી ફરીથી શ્રીહરિને તે રાજા પ્રણામ કરવા લાગ્યા. અત્યંત પ્રેમભાવવાળા તે નરેન્દ્ર તથા તેમનાં કારભારી વગેરે જનોની શ્રીહરિએ યથાયોગ્ય સંભાવના કરી. (૨૦)

આતિથ્ય કરનાર રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી, શ્રીહરિને અત્યંત શોભાયમાન અતિરમણીય, સુવર્ણના ચળકતા કળશોથી સુંદર રીતે શોભતી શિબિકામાં બેસાડ્યા. (૨૧)

તેવી રીતે રાજાએ શ્રીહરિનાં બંધુજનો, અન્ય વર્ણિઓ તથા મુનિઓને પણ પોતાનાં અધિકારીઓને સૂચના આપી વિવિધ પ્રકારનાં વાહનોમાં યથાયોગ્ય બેસાડ્યા. (૨૨) પછી સૈન્ય તથા રાજા વગેરે યુક્ત, પોતાની સાથે આવેલા મુનિઓ વગેરે ભક્તજનો સહિત, શ્રીહરિએ વાજિંત્રોના ઘોષ સહિત, છડીદારોની છડીના શબ્દો સાંભળતા, પુરમાં પ્રવેશ કર્યો. (૨૩)

પુરના માર્ગો વાળીને સાફ કર્યા હતા તથા જળ છંટકાવ પણ કર્યો હતો. નાના પ્રકારનાં તોરણોથી, દુકાનોની સરખી પંક્તિઓથી, સમાન પંક્તિઓવાળી ઊંચી હવેલીઓથી, ચોખંડીઓ, સભાગૃહો, ધર્મશાળાઓ તથા દેવમંદિરો વગેરેથી અતિશય શોભા યુક્ત તે પુર, વિવિધ પ્રકારનાં વસ્ત્રોની ધ્વજાઓ જ્યાં ફરફરે છે. એવા રાજાના દરબારમાં ઉત્તમ રાજમહેલોથી શોભતા તે નગરમાં, સમગ્ર દુઃખોને નાશ કરનારાં છે. દર્શન જેમનાં એવા શ્રીહરિએ પ્રવેશ કર્યો. શ્રીહરિનાં દર્શન માટે તે પુરના નિવાસીજનો પોતાનાં સમગ્ર કાર્યોનો ત્યાગ કરીને તત્કાળ ત્યાં આવ્યા. (૨૪-૨૫-૨૬)

વનના અગ્નિથી તપ્ત થયેલા ગજેન્દ્રો ગંગાના ધરામાં જઈને જેમ શાંતિ પામે તેમ, શ્રીહરિનાં દર્શન કરી શાંતિ પામેલા પુરના જનો અતૃપ્ત નયનોથી શ્રીહરિનાં દર્શન કરતા શ્રીહરિનો મહિમા ગાતા હતા. (૨૭)

પછી હરિભ્રમ રાજાએ શ્રીહરિને પોતાનાં દરબારગઢના મહેલમાં ભક્તિપૂર્વક નિવાસ કરાવ્યો. તથા શ્રીહરિનાં સંબંધિ સર્વજનોને પોતાનાં બીજા મહેલોમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૨૮)

પછી અતિથિઓનું પૂજન કરનાર રાજાએ શ્રીહરિનો તેમનાં બંધુજનો સહિત યથાયોગ્ય આતિથ્ય સત્કાર કર્યો, તથા પોતાનાં આશ્રિતજનો તથા બંધુવર્ગ સહિત તે રાજાએ શ્રીહરિનાં સંબંધીઓની સેવા પણ વિધિ પ્રમાણે કરી. (૨૯)

પ્રત્યક્ષ ભગવાનના અતિ પ્રસિદ્ધ ભક્ત રાજાની પટ્ટરાણી મોટિની શ્રીહરિની ભક્તિપૂર્વક અતિશય

સેવા કરતાં હતાં. તે વલ્લભીપુરમાં બ્રાહ્મણ ભક્તો, શંભુ મહારાજ તથા મૂળજીત વગેરે પણ શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૩૦) પછી શ્રીહરિ સ્નાન તેમજ નિત્યવિધિ કરીને, પોતાનાં બંધુજનો વગેરેની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં અમૃતતુલ્ય ભોજનો હર્ષપૂર્વક જમતા હતા. (૩૧)

તેટલામાં વર્ણિઓ તથા મુનિઓ વગેરે જુદી જુદી રસોઈ કરી, પોતાનાં હૃદયમાં પ્રત્યક્ષ શ્રીહરિને સંભારતા, મનોહર ભોજનો યથાયોગ્ય જમ્યા. (૩૨)

પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદોથી વીંટાઈને પોતાનાં બંધુજનો સહિત તે શ્રેષ્ઠ સભાસ્થાનમાં પધાર્યા અને સભામાં પોતાનાં સુંદર આસન ઉપર બિરાજમાન થયા. (૩૩)

પછી શ્રીહરિનાં બંધુઓ વગેરે પ્રસન્ન થઈ શ્રીહરિની આગળ યથાયોગ્ય આસનો ઉપર બેઠા. ત્યાગી સમૂહો તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ ત્યાં આવીને નમસ્કાર કરીને સભામાં બેઠા. (૩૪)

તેટલામાં વિવિધ ઉપચારોથી ભરેલાં પાત્રો જેમનાં બંને હાથમાં છે એવા અમાત્ય તથા અન્ય સેવક વર્ગની સાથે અત્યંત આનંદપૂર્વક રાજા શ્રીહરિનું પૂજન કરવા માટે ત્યાં આવ્યા. (૩૫)

કસ્તુરી, કેસર, ચંદન તથા પુષ્પોના સુંદર તોરા, હાર, કડાં, બાજુબંધો વગેરે મહામૂલ્યવાળાં ભાતભાતના વસ્ત્રો, આભૂષણો વગેરેથી રાજાએ શ્રીહરિનું પૂજન કર્યું. (૩૬)

પછી હે રાજન્ ! રાજાએ શ્રીહરિની આગળ સુવર્ણ મુદ્રાઓથી ભરેલા રૂપાનો થાળ હર્ષપૂર્વક મૂક્યો અને નાના પ્રકારનાં વાજિંત્રોનો ઘોષ કરી, શ્રીહરિની આરતી કરી. (૩૭)

પોતાની મહોરછાપના ચિહ્નવાળો 'યાવત્ચંદ્રદિવાકરૌ સુધી મારા વંશજોએ આ મારા લેખનું પાલન કરવું.' એ પ્રમાણેનો ભૂમિદાનનો સુંદર લેખ કરીને શ્રીહરિને અત્યંત હર્ષપૂર્વક રાજાએ અર્પણ કર્યો. (૩૮)

પછી રાજાએ અમૂલ્ય ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી શ્રીહરિનાં બંધુજનો, અન્ય વર્ણિઓ તથા મુનિઓ વગેરેની યથાયોગ્ય પૂજા કરી. (૩૯)

હે રાજન્ ! પછી રાજાની પટ્ટરાણી મોટિનીએ ઈશ્વર શ્રીહરિની મહામૂલ્યવાળા અલંકારો તથા વસ્ત્રો તથા અતિસુંદર ઉપચારોવડે ઉદારતાપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૪૦)

તે સમયે સભામાં આવેલા જુદા જુદા મતવાદી વિદ્વાન્ બ્રાહ્મણોના સમુદાયો શાસ્ત્રાર્થ કરવા માટે ત્યાં આવ્યા હતા. તે વૈરાગીઓ વગેરેને શાસ્ત્રોના પુષ્કળ પ્રમાણોથી શ્રીહરિએ, તત્કાળ પોતાનાં પ્રભાવથી જીતી લીધા. (૪૧)

વલ્લભીપુરમાં કેટલાક દૈવી મુમુક્ષુ જીવો તો શ્રીહરિનો પરમ પ્રતાપ જોઈને, ઈશ્વર શ્રીહરિને સંસારનો ભય ભેદનારા ભગવાન જાણીને, શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૪૨)

હે રાજન્ ! આ પ્રકારે શેષનારાયણ આદિએ વર્ણન કરેલો પોતાનો અનુપમ પ્રતાપ વિસ્તારતા, સદ્ધર્મનું પોષણ કરતા તથા પોતાનાં પ્રતાપથી અધર્મને ઉખેડતા પુરવાસી જનોએ જેમનાં યશનું ગાન

કર્યું છે એવા શ્રીહરિ, મનુષ્યોનું આત્યાંતિક કલ્યાણ કરવા માટે તે પુરમાં રાજા વગેરેને આનંદ આપતા વસતા હતા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિનું વલ્લભીપુરમાં આગમન તેનું વર્ણન કર્યું એ નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પુરના ભક્તોએ હર્ષપૂર્વક શ્રીહરિનું નાના પ્રકારનાં ઉપચારોથી પૂજન કર્યું. વળી શ્રીહરિનાં બંધુજનો વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. (૧)

પુરવાસીઓએ તથા રાજાએ ભક્તિપૂર્વક જેમની સેવા તથા પ્રાર્થના કરી છે તે શ્રીહરિ, કેટલાક દિવસો પર્યંત વલ્લભીપુરમાં રહ્યા. (૨)

ધર્માદિનો ઉપદેશ આપનારી વાતો કરી તે રાજા તથા પુરનાજનોને સુખી કરીને ત્યાંથી જવા માટે પોતાનાં ભક્તજનોની સાથે તૈયાર થયા. (૩) તે સમયે રાજાએ ભક્તિપૂર્વક અખિલેશ્વર શ્રીહરિની પ્રાર્થના કરી, પોતાની શોભાયમાન શિબિકામાં શ્રીહરિને બેસાડ્યા. (૪)

પછી રાજાએ પોતાની સેના સાથે શ્રીહરિને વળાવ્યા. તે સમયે પુરના સમગ્ર ભક્તજનોએ વાજિંત્રોનો અત્યંત ઘોષ કર્યો અને શ્રીહરિને વળાવ્યા. (૫)

વાહનો ઉપર બેઠેલા શ્રીહરિનાં બંધુજનો, વર્ણિઓ, સાધુઓ, બીજા ઘોડેસવારો તથા પાર્ષદો સહિત શ્રીહરિ વલ્લભીપુરથી નીકળ્યા. (૬) પછી દૂર સુધી પોતાની પાછળ આવેલા, વિરહથી જેમનાં નેત્રોમાં જળ આવ્યા છે, એવા, હરિભ્રમ રાજાને તથા આંખમાં અશ્રુવાળા ભક્તોને બળપૂર્વક શ્રીહરિએ પાછા વાળ્યા. (૭)

અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં સર્વ જનોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ, ઘોડેસવારોના સમુદાયથી વીંટાઈને, દુર્ગપત્તન પધાર્યા. (૮) તે નગરના નિવાસીજનો શ્રીહરિની સન્મુખ ગયા. પછી ઘોડેસવારોના મંડળથી વીંટાયેલા, પોતાનાં બંધુજનોની સાથે શ્રીહરિએ દુર્ગનગરમાં પ્રવેશ કર્યો. (૯)

શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ઉત્તમ રાજાના દરબારમાં પધાર્યા અને પોતાનાં ભુવનમાં વાસ કર્યો. અન્ય ભક્તો પણ પૂર્વવત્ રહેવા લાગ્યા. (૧૦) હે રાજન્ ! ગઢપુરમાં વસતા પોતાનાં ભક્તોને અત્યંત આનંદ પમાડતા શ્રીહરિએ સર્વોત્તમ પ્રબોધનિનો મહાન ઉત્સવ કર્યો. (૧૧)

તે ઉત્સવમાં દેશાંતરથી આવેલા હજારો ભક્તોએ શ્રીહરિનું રમણીય ઉપચારોથી પૂજન કર્યું. (૧૨) પછી પોતપોતાનાં દેશમાં જવા ન ઈચ્છતા ભક્તોને શ્રીહરિએ તેમનાં દેશ પ્રત્યે જવાની આજ્ઞા

આપી. તેથી તે ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને પોતાનાં દેશ પ્રત્યે ગયા. (૧૩)

ત્યારબાદ શ્રીહરિએ મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વી ઉપર ફરવા સર્વ સદ્ગુણોથી ભૂષિત મુનિઓને આજ્ઞા કરી. (૧૪) તેટલામાં શ્રીહરિનાં મોટાભાઈ રામપ્રતાપ પોતાનાં પુત્રો સાથે તથા શ્રીહરિનાં નાના ભાઈ ઈચ્છારામ પણ પોતાનાં પુત્રોની સાથે, શ્રીહરિની સમીપે આવ્યા. (૧૫)

રામપ્રતાપ તથા ઈચ્છારામ એ બંને શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! અમારી તથા અમારા પુત્રોની, સર્વ સાધુઓને જમાડવાની ઈચ્છા છે. (૧૬) તેથી દેશાંતરમાં જવા માટે તૈયાર થયેલા મુનિઓને આપ રાખો. તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિએ મુનિઓને ત્યાં રાખ્યા. (૧૭)

પછી અત્યંત પ્રસન્ન થયેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ, વર્ણીઓના રસોડામાં બ્રહ્મચારીઓ પાસે બ્રહ્મચારી માટે વિવિધ પ્રકારનાં પાક કરાવતા હતા. (૧૮) તેવી રીતે મુનિઓ વગેરે માટે હર્ષપૂર્વક રામપ્રતાપ તથા ઈચ્છારામ સત્સંગી બ્રાહ્મણો પાસે તત્કાળ જુદા જુદા પ્રકારનાં ઉત્તમ પકવાન્નો કરાવતા હતા. (૧૯)

સુવાસિની, વરીયાળી તથા ધર્મવંશની સ્ત્રીઓ અત્યંત હર્ષપૂર્વક શ્રીહરિ વગેરે માટે ઘણા પ્રકારનાં પકવાન્નો કરતી હતી. (૨૦) ધર્મવંશી સ્ત્રીઓ દહીંથી ભીંજાવેલા ફુલેલાં મોટા અડદના વડાં તથા દૂધપાક વગેરે મુનિઓ માટે કરતી હતી. (૨૧)

પ્રાતઃકાળમાં શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરતા હતા. શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ વગેરે પણ નિત્યવિધિ કરતા હતા તેટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ. (૨૨) પછી બંધુજનો સહિત પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ સમગ્ર શ્વેત વસ્ત્રો ધારણ કરી, વર્ણીઓની પાકશાળામાં પધાર્યા. (૨૩)

સ્નાન કરીને ત્યાં જમવા માટે બેઠેલા વર્ણીઓ શ્રીહરિનાં દર્શનની રાહ જોતા હતા. શ્રીહરિનાં દર્શન કરીને હર્ષપૂર્વક તેઓ ઉભા થઈ ગયા. (૨૪) પછી મુકુંદાનંદ આદિ વર્ણીઓ શ્રીહરિનાં બંધુજનો સાથે શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. પછી શ્રીહરિ વિવિધ પ્રકારનાં પકવાન્નો જોઈને તેની પ્રશંસા કરવા લાગ્યા. (૨૫)

પછી વર્ણીઓ, શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિનાં બંધુજનો સહિત દર્શન કરી પંક્તિબદ્ધ બેસી ગયા. (૨૬) પછી મુકુંદાનંદ મુખ્ય છે જેમાં એવા વર્ણીઓ તેમનાં ભોજન પાત્રોમાં મોતીયા લાડુ તથા બરફી પીરસવા લાગ્યા. (૨૭)

પુરીઓ, સુંદર પેંડા, તથા દૂધપાક વગેરે પણ પીરસવા લાગ્યા. તેમજ રાયતાં, શાક, વિવિધ પ્રકારનાં ભોજન વગેરે પીરસવા લાગ્યા. (૨૮) પછી તે સર્વે વર્ણીઓ, શ્રીહરિનાં આનંદથી દર્શન કરતા શ્રીહરિની આજ્ઞાથી ''સ્વામિનારાયણ-નારાયણ'' એવા શ્રીહરિનાં નામોચ્ચારણપૂર્વક જમવા લાગ્યા. (૨૯)

આવી રીતે પોતાનાં મુખકમળમાં જેમનાં નેત્રો કેન્દ્રિત થયા છે એવા જમનારા વર્ણીઓને જોઈને, સાધુપ્રિય શ્રીહરિ તથા તેમનાં બંધુજનો અત્યંત પ્રસન્ન થયા. (૩૦)પછી શ્રીહરિએ મુનિઓ તથા

પાર્ષદોને ભોજન કરાવવા માટે બોલાવ્યા. પછી મુનિઓ હાથ, પગ તથા મુખની શુદ્ધિ કરીને ભોજનના પાત્રો લઈ ત્યાં આવ્યા. (૩૧)

સમગ્ર મુનિમંડળો પંક્તિબદ્ધ ત્યાં બેઠા. પાર્ષદો પણ જુદી પંક્તિઓ કરીને આનંદથી બેઠા. (૩૨)

પછી શ્રીહરિની આજ્ઞાથી બેચર, લક્ષ્મીરામ, રામચંદ્ર, લાલજી આદિક બ્રાહ્મણ રસોઈયાઓ ઉત્સાહપૂર્વક સાધુઓના કમંડળોમાં ગાળેલું જળ ભરવા ગયા. (૩૩)

તે બ્રાહ્મણ, મુનિઓ વગેરેને પત્રાવળાં તથા પડિયા આપીને તેમાં ભજિયાં, દાળ કઢી, શાક વગેરે ભાતભાતના ભોજન પીરસવા લાગ્યા. (૩૪) પછી શ્રીહરિ ડાબે ખભે વસ્ત્ર કરીને, તેને કેડ્યમાં મજબૂત બાંધીને ચંચળગતિપૂર્વક મંદ હાસ્ય કરતાં, મુનિઓ વગેરેને પીરસવા માટે આવ્યા. (૩૫)

તેટલામાં ભાતભાતના પકવાન્નોથી પૂર્ણ પાત્રો હાથમાં લઈ મુનિઓ તત્કાળ શ્રીહરિની સમીપે આનંદપૂર્વક આવ્યા. (૩૬) પછી શ્રીહરિ પોતાનાં બંને હાથવડે તે મુનિઓએ ધારણ કરેલા પાત્રોમાંથી મોતીયા લાડુ લઈ આદરપૂર્વક પીરસવા લાગ્યા. (૩૭)

ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ મુનિઓના પાત્રોમાં પેંડા, બરફી વગેરે મૂકતા હતા. સાકર સહિત દૂધપાક પણ પીરરસા હતા. (૩૮) શ્રીહરિનાં બંધુજનો વગેરે ગુલાબપાક તથા વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ પાકો આદરપૂર્વક પીરસતા હતા. (૩૯) પછી શ્રીહરિ પોતે, અમૃતતુલ્ય સ્વાદિષ્ટ, ચતુર્વિધ ભોજન મુનિઓના ભોજનપાત્રોમાં આદરપૂર્વક પીરસેલાં જોતા હતા. (૪૦)

પછી શ્રીહરિએ ચારેય બાજુએ જોઈ તેમને જમવા માટે આજ્ઞા આપી. પછી મુનિઓ શ્રીહરિનાં દર્શન કરતા યથાયોગ્ય ભોજન કરવા લાગ્યા. (૪૧) શ્રીહરિ બ્રહ્માનંદ વગેરેને હસાવતા તથા પોતે હસતા વારંવાર પ્રીતિપૂર્વક સર્વેને પીરસીને સિંહનાદ કરાવતા હતા. (૪૨) આવી રીતે પોતાનાં પ્રિય મુનિઓને શ્રીહરિએ અત્યંત તૃપ્ત કરીને ભાત, દાળ, પીરસવા માટે રસોઈયાઓને આજ્ઞા આપી. (૪૩)

પછી મંદહાસ્ય સહિત ઉતાવળી ગતિવાળા શ્રીહરિ પોતાનાં બંધુજનો સહિત પાર્ષદોની લાંબી પંક્તિમાં પીરસવા માટે આવ્યા. (૪૪) પછી ભગવાન શ્રીહરિ પ્રીતિથી દરેકને બે મોતીયા લાડુ તથા બરફી વગેરે ભોજન આદરપૂર્વક પીરસતા હતા. (૪૫)

શ્રીહરિનાં બંધુઓ આદિ તથા અન્ય રસોઈયા બ્રાહ્મણો, આનંદથી વિવિધ પ્રકારનાં સુંદર અથાણા પીરસવા લાગ્યા. (૪૬) પોતાની આજ્ઞાથી વિવિધ પ્રકારનાં ભોજનો જમતા પાર્ષદોને વારંવાર પીરસીને શ્રીહરિએ તેમને અત્યંત તૃપ્ત કર્યા. (૪૭)

હે ભૂપતે ! તેવી રીતે શ્રીહરિએ ઉત્તમ રાજા વગેરેને પ્રીતિપૂર્વક ભાતભાતના ભોજનો અત્યંત પીરસીને સારી રીતે તૃપ્ત કર્યા. (૪૮) હે રાજન્ ! પછી વર્ણીરાજે શ્રીહરિનાં બંને હાથ તથા ચરણકમળ જળથી ધોવડાવ્યા. શ્રીહરિનાં બંધુજનો વગેરેના હાથ તથા પગ પણ જળથી ધોવડાવ્યા. (૪૯)

પછી બંધુજનો તેમજ પાર્ષદો સહિત શ્રીહરિ ચાખડીઓના ચટ્ ચટ્ ધ્વનિ કરતા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૦) હે ભૂપતે ! પછી ભગવાન શ્રીહરિ સ્નાન કરીને પોતાનાં બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમવા લાગ્યા. (૫૧)

પછી શ્રીહરિએ રામપ્રતાપભાઈએ આપેલો મુખવાસ લઈ વર્ણીન્દ્રે આપેલાં શ્વેતવસ્ત્રો ધારણ કર્યા. (૫૨) પછી પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ સભાસ્થાનમાં પધાર્યા. ત્યાં ગાદી વગેરેથી યુક્ત ઊંચા આસન ઉપર બિરાજ્યા. (૫૩) પછી સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો તથા અન્ય ભક્તજનો ત્યાં તત્કાળ આવીને શ્રીહરિને નમસ્કાર કરીને યોગ્યતા પ્રમાણે બેઠા. (૫૪)

તેટલામાં પોતાનાં પુત્રો સહિત શ્રીહરિનાં બંને બંધુઓ, શ્રીહરિની પૂજા કરવા માટે અતિ ઉત્તમ ઉપચારો લઈને ત્યાં આવ્યા. (૫૫)

પછી પોતાનાં પુત્રોની સાથે બંને બંધુઓએ કેસર સહિત અતિરમ્ય સુંદર ચંદન તથા કુમકુમ અક્ષત. (૫૬) વિવિધ પ્રકારનાં સુગંધિવાળા પુષ્પોના હાર, બાજુબંધ, તોરા તેમજ અન્ય ઉપચારો વડે પ્રીતિપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૫૭)

હે રાજન્ ! પછી પોતાનાં પુત્રોની સાથે શ્રીહરિનાં બંધુઓએ સુગંધિમાન ચંદન, કુમકુમ, ઉત્તમ વસ્ત્રો, સુંદર પુષ્પોના નવા હાર વગેરેથી બ્રહ્મચારીઓ, સાધુઓ તથા પાર્ષદોનું પૂજન કર્યું. શ્રીહરિ તથા મુનિઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદો વગેરેનું તેમનાં બંધુઓએ કરેલું પૂજન જોઈને સર્વજનો અત્યંત આનંદ પામ્યા. (૫૮, ૫૯)

આવી રીતે પુત્રો સહિત રામપ્રતાપ તથા ઈચ્છારામે કરેલી વર્ણીઓ તથા સાધુ આદિકની પૂજા જોઈને, શ્રીહરિ ઘણા જ પ્રસન્ન થયા. (૬૦) પછી શ્રીહરિએ ધર્માદિ વિષયક શુભવાર્તા કરીને સર્વે આશ્રિતોને પોતપોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૬૧)

ચંચળ તોરા તથા હારની પંક્તિ જેમને છે એવા શ્રીહરિ, ચટ્ ચટ્ ધ્વનિયુક્ત ચાખડીઓ પહેરી, પાર્ષદ સહિત, ઉતાવળા ચાલતા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૬૨) પછી પૂજાના ઉપચારો સહિત પાત્રો હાથમાં લઈને આવેલી સુવાસિની તથા વરીયાળી પોતાની પુત્ર વધુઓ સાથે શ્રીહરિની પૂજા કરવા માટે શ્રીહરિનાં નિવાસસ્થાનમાં આવી. (૬૩)

પછી સુવાસિની તથા વરીયાળીએ, કેસર સહિત સુગંધી ચંદન, કુમકુમ, અક્ષત, પુષ્પના હાર, બાજુબંધ, તોરાઓ તથા વિવિધ પ્રકારનાં ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. તેમની પુત્રવધુઓએ પણ પ્રીતિપૂર્વક યોગ્યતા પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. (૬૪, ૬૫)

શ્રીહરિને પ્રસન્ન કરવામાં તત્પર, તેમની પૂજા કરવાથી હર્ષ પામેલી સુવાસિની તથા વરીયાળી પોતાની પુત્ર વધુઓથી વીંટાઈને પોતાનાં નિવાસ સ્થાનમાં આવી. (૬૬) પછી દયાસાગર, પૂર્ણકામ ધર્મપુત્ર શ્રીહરિએ મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે મુનિઓને જુદા જુદા દેશોમાં મોકલ્યા. કેટલાક મુનિઓને પોતાની સમીપે રાખ્યા. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિનાં બંધુઓએ કરાવેલું સાધુઓને ભોજન વગેરે વર્ણન નિરૂપણ નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા શ્રીહરિ હંમેશા આત્માનંદ મુનિની પાસે મોક્ષધર્મની શુભકથા વંચાવતા હતા. (૧) ગઢપુરમાં એકાંતિક ભક્તોના અત્યંત સ્નેહને આધીન થઈ શ્રીહરિએ આઠ માસ પર્યંત નિવાસ કર્યો. (૨)

તે સમયે સુંદરીયાણા ગામના વાસી અને શ્રીહરિની અનન્ય ભાવથી ભક્તિ કરનારા હેમરાજ વગેરે સમગ્ર હરિભક્તો મળીને વિચાર કરવા લાગ્યા. (૩)

હે ભક્તો ! આપણે મુનિઓ વગેરેની સાથે શ્રીહરિકૃષ્ણ ભગવાનને આ ગામમાં બોલાવીને વસંત પંચમીનો મહોત્સવ કરવો. (૪) હેમરાજ વગેરે શ્રીહરિનાં સર્વ એકાંતિક ભક્તો આવો વિચાર કરીને, પ્રીતિપૂર્વક ઉત્સવને યોગ્ય સામગ્રીઓ તૈયાર કરવા લાગ્યા. (૫)

ઉત્સવ કરવામાં ઉત્સાહિત મનવાળા તે ભક્તોએ, ઉત્તમ ભક્ત વનાશાને પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિને બોલાવવા માટે ગઢપુર મોકલ્યા. (૬) વનાશાએ ગઢપુર જઈને ઉત્તમ રાજાના દરબારમાં સભામાં બિરાજેલા પ્રાણવલ્લભ શ્રીહરિને અત્યંત પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. (૭)

પછી વનાશા બંને હાથ જોડીને શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. હે પ્રભો ! આપને સુંદરિયાણા ગામમાં લઈ જવા માટે હું આપની સમીપે આવ્યો છું. (૮) હે સ્વામિન્ ! ત્યાંના ભક્તજનોને પોતાનાં ગામમાં વસંત પંચમીનો મહોત્સવ આપની પાસે કરાવવા માટે ઈચ્છા છે. (૯)

હે સ્વામિન્ ! ઉત્સવને યોગ્ય સામગ્રી તૈયાર કરાવતા તે ભક્તોએ મને પ્રેરણા કરી છે તેથી હું આપને લઈ જવા માટે અહીં આવ્યો છું. (૧૦)

આપના ભક્તોનો ઉત્સવ કરવાનો આ મનોરથ આપે પૂર્ણ કરવો, કારણ કે આપ પરમેશ્વર છો. માટે અમારા ગામમાં આવી ઉત્સવ કરીને આપ આપના આશ્રિત અમોને સુખી કરો. (૧૧)

વનાશાની આ પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તે ભક્તને કહેવા લાગ્યા. હે ભક્તરાજ ! હું તમારા ગામમાં આવીશ તમો આગળ જાઓ. (૧૨) વનાશા શ્રીહરિનું આ વચન સાંભળીને આનંદ પામ્યા અને શ્રીહરિને નમસ્કાર કરીને પોતાનાં ગામમાં તત્કાળ આવીને ત્યાં ભક્તોને શ્રીહરિનો સંદેશો કહ્યો. (૧૩)

પછી ઉત્તમ રાજા શ્રીહરિની આજ્ઞાથી પોતાનાં સેવકોને તત્કાળ મોકલીને સર્વને બોલાવતા હતા. (૧૪) હે રાજન્ ! 'હે ઘોડેસવારો ! તમો સર્વ તૈયાર થાઓ.' એમ પ્રભુ શ્રીહરિએ

પોતાનાં સમગ્ર ભક્તોને આજ્ઞા આપી અને જવાની ઈચ્છાથી ઝટ્ ઝટ્ ક્રિયા કરી તૈયાર થયા. (૧૫)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાઈને વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા આગળ ચાલતા ભૃગજીત વગેરે શૂરવીર પાર્ષદોથી યુક્ત. (૧૬)

પોતાનાં દર્શનમાં આસક્ત પુરના લોકોએ નિર્નિમેષ નેત્રોથી પ્રીતિપૂર્વક જેમનાં અત્યંત દર્શન કર્યા છે એવા શ્રીહરિ દુર્ગપત્તનથી ચાલ્યા. (૧૭)

તે સમયે ઘોડા ઉપર બેઠેલા શ્રીહરિનાં બંધુઓ પણ, વાહનોમાં બેઠેલા પોતાનાં પુત્રોની સાથે, હર્ષપૂર્વક શ્રીહરિની સાથે ચાલ્યા. (૧૮)

વળી ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા પણ હર્ષપૂર્વક શ્રીહરિની સાથે ચાલ્યા. તેમજ બ્રહ્મચારીઓ પણ ચાલ્યા. (૧૯) ધર્મવંશી સુવાસિની તથા વરીયાળી પણ તેમનાં પુત્રોની પત્નીઓ સુનંદા તથા વિરજા સાથે, તેમજ જયા વગેરે સ્ત્રીઓ સાથે, વિવિધ પ્રકારનાં રથ ઉપર બેસીને તત્કાળ ધર્મના પુત્ર શ્રીહરિની પાછળ ચાલવા લાગી. (૨૦)

એ રીતે અશ્વ ઉપર બિરાજેલાં માર્ગમાં ચાલતા શ્રીહરિ, પોતાનાં સર્વભક્તોને આનંદ પમાડતા સુંદરીયાણા ગામે પહોંચ્યા. (૨૧)

તે સમયે ત્યાંના ભક્તજનો ઈષ્ટદેવ શ્રીહરિને આવતા સાંભળીને પોતાનાં સર્વ કાર્યોનો ત્યાગ કરીને અત્યંત આનંદપૂર્વક ગીત તથા વાદ્યોના ઘોષથી દિશાઓ ગજાવી શ્રીહરિની સન્મુખ ગયા. (૨૨)

ઘોડેસવારોથી વીંટાયેલા અશ્વરાજ ઉપર બિરાજેલા શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને અશ્રુસહિત નેત્રોવાળા તે ભક્તોએ, પૃથ્વી ઉપર પડીને અત્યંત હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૨૩)

સુંદર શ્વેત મસ્તકના મોળીયામાં ફરકતો શ્રેષ્ઠ તોરો જેમને છે એવા, અત્યંત શોભાવાળા શ્વેતવસ્ત્રધારી શ્રીહરિની સમીપે આવીને તે ભક્તો ભક્તિપૂર્વક ફરીને શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૨૪)

પોતાનાં ચરણકમળમાં નમસ્કાર કરતા અનન્ય ભાવવાળા પોતાનાં તે સર્વ ભક્તોને જોઈ શ્રીહરિએ તેમનાં તરફ મંદ હાસ્ય કરી તથા દૃષ્ટિ કરી તથા મધુર સંભાષણ કરી તેમની યથાયોગ્ય સંભાવના કરી. (૨૫) હે રાજન્ ! સુંદરીયાણા ગામના સમગ્ર ભક્તો સહિત તથા પોતાની સાથે આવેલા વર્ણિઓ, પાર્ષદો તથા ઘોડેસવારો સહિત શ્રીહરિ જય શબ્દો તથા વાદ્યોનો ઘોષ સાંભળતા ગામમાં પ્રવેશ કરતા હતા. (૨૬)

જેમનાં હાથમાં સુવર્ણની સુંદર લગામ શોભે છે એવા, મનને અત્યંત પ્રિય એવા શ્રીહરિનાં દર્શન કરી, તે ગામના ભક્તો અત્યંત શાંતિ તથા અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૭) પછી શ્રીહરિ વિષે એકાંતિક ભાવવાળા શ્રેષ્ઠ વણિક ભક્ત વનાશા શ્રીહરિને તેમનાં પાર્ષદોની સાથે પોતાનાં વિશાળ

મહેલમાં ભક્તિપૂર્વક નિવાસ કરાવતા હતા. (૨૮) પ્રસન્ન થયેલા ત્યાંના સમગ્ર ભક્તો, શ્રીહરિનાં બંધુજનો આદિ તથા શ્રીહરિનાં સર્વ મુનિઓ વગેરેને તત્કાળ અન્ય મકાનોમાં યથાયોગ્ય નિવાસ કરાવવા લાગ્યા. (૨૯)

તેવે સમયે દેશાંતરમાં વિવિધ પ્રકારનાં મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે ફરતા, શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા છે અંતઃકરણ જેમનાં એવા સાધુઓ, સુંદરિયાણા ગામમાં આવ્યા. (૩૦)

પછી શ્રીહરિની આજ્ઞા પાલનમાં આસક્તિવાળા ત્યાં આવેલા સર્વ મુનિઓ પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત શાંતિ પામ્યા. સજળ નેત્રે શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૩૧)

અતિશય કૃપારૂપી અમૃતથી પૂર્ણ નેત્રવાળા મુનિપ્રિય શ્રીહરિએ તે મુનિઓને અત્યંત પ્રીતિપૂર્વક ભેટીને તે સાધુઓના પોતાનાં વિયોગરૂપી તીવ્ર અગ્નિને સુધાસમ વચનોથી શાંતિ પમાડી અને તેમની યથાયોગ્ય સંભાવના કરીને પોતાનાં ભક્તજનોને કહી તેમને યોગ્ય નિવાસ અપાવતા હતા. (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિનું સુંદરયાણા ગામમાં આગમન તે વર્ણન નામે એકવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન કરવા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. (૧) વર્ણિઓ પણ સુંદર ભોજન શ્રીહરિની દૃષ્ટિ પ્રસાદી કરાવીને તેમની સ્મૃતિપૂર્વક જમતા હતા. (૨)

પછી શ્રીહરિ સર્વે સાધુઓ તથા પાર્ષદોને જમવા માટે યથાયોગ્ય પંક્તિ કરાવતા હતા. (૩) પછી શ્રીહરિ ડાબા ખભા ઉપર ખેસ આડો કરી, કેડ ઉપર મજબૂત બાંધી, તત્કાળ ત્યાં પધાર્યા. (૪) પછી પંક્તિમાં બેઠેલા સાધુઓમાં ફરતા, ઉતાવળા ચાલતા, શ્રીહરિ ઉત્સાહપૂર્વક સાધુઓને મોતીયા લાડુ પીરસવા લાગ્યા. (૫)

પંક્તિમાં સાધુઓ વિવિધ પ્રકારનાં શાક, રાયતાં, દાળ તથા અથાણાં પીરસતા હતા. (૬) મુનિઓની પંક્તિમાં વારંવાર ફરતા શ્રીહરિ દરેક વાનગીનું નામ લઈ પ્રીતિપૂર્વક સુંદર મોતીયા લાડુ મુનિઓને પીરસતા હતા. (૭)

હે રાજન્ ! તે સમયે ભક્તસમૂહ સર્વ પંક્તિમાં હર્ષપૂર્વક ફરતા શ્રીહરિને, શ્રીહરિ એક હોવા છતાં પણ જાણે અનેક હોય તેમ જોતા હતા. (૮) મંદ હાસ્ય મુખકમળવાળા શ્રીહરિ આ પ્રકારે સાધુઓને અત્યંત પીરસીને મધુર વાણીથી પ્રસન્ન કરી સિંહનાદ કરાવતા હતા. (૯) પછી શ્રીહરિ સાધુઓને તૃપ્ત

થયેલા જાણીને ભૃગુજી, લાખો, રત્નજીત આદિ પાર્ષદો તથા ઉત્તમ રાજા વગેરેને મોતીયા લાડુ પીરસતા હતા. (૧૦) ભક્તવત્સલ શ્રીહરિ, પાર્ષદો આદિક સર્વને, વારંવાર પીરસીને પ્રીતિપૂર્વક પાર્ષદોને હસાવતા તથા પોતે અતિશય હસતા હતા. (૧૧)

પછી મુકુંદ વર્ણીન્દ્રે શ્રીહરિનાં ચરણકમળ તથા કરકમળ ધોવડાવ્યા. પછી શ્રીહરિ, પાર્ષદોથી વીંટાઈને ચંચળ ગતિથી પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૨)

સુંદરીયાણા વાસી મોઢ વણિક જ્ઞાતિના ધર્મપુત્ર શ્રીહરિનાં મહાન ભક્ત હેમરાજ શાહ હતા. તેમનાં ભાઈના પુત્ર ભગા તથા હેમરાજ શાહના પુત્ર શ્રીહરિનાં પ્રિય વનાશા હતા. પૂજાશાહ, જેઠા શાહ એ બે તેના પુત્રો હતા. પ્રભુદાસ અને લક્ષ્મીચંદ એ બે પુત્રો હિરજીના હતા. જેઠા શાહના પણ પુરુષોત્તમ, જમનાદાસ, વ્રજભૂષણ એ ત્રણ પુત્રો હતા. ભાઈચંદ, અંબઈદાસ, પ્રેમજીત નામના ત્રણ ભગાના પુત્રો હતા. (૧૩, ૧૪, ૧૫)

સર્વેશ્વર શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા, મહાભાગ્યશાળી, હેમરાજ વગેરે હંમેશા શ્રીહરિની હર્ષપૂર્વક અત્યંત સેવા કરતા હતા. (૧૬) હેમરાજ વગેરેને તેમનાં જ્ઞાતિજનો આ સત્સંગ ત્યાગ કરાવવા માટે કૌરવોથી જેમ પાંડવોને ઉપદ્રવ થતો હતો તેમ, હંમેશા અત્યંત ઉપાધિ થતી હતી. (૧૭)

તો પણ હેમરાજ વગેરે આત્યંતિક મોક્ષ માટે સત્સંગથી તથા પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિથી પ્રહલાદજીની માફક ક્યારેય પણ ચલાયમાન થયા નહિ. (૧૮)

હેમરાજ વગેરે ભક્તો પોતાની નિંદા કરતા દુષ્ટોને મૃગેન્દ્રો ઊંચા સ્વરથી આક્રંદ કરતા શિયાળીયાને જેમ ગણે જ નહિ. તેમ તેમને કંઈ પણ ગણતા ન હતા. (૧૯) દુર્જનોનો તિરસ્કાર તથા લોકો તરફથી આવતી મહા આપત્તિને, શ્રીહરિને પ્રસન્ન કરવાની એક ઈચ્છા જેમને છે એવા, હેમરાજ વગેરે તૃણની સમાન માનતા હતા. (૨૦)

હેમરાજ તથા તેમનાં કુટુંબીજનો પ્રત્યક્ષ શ્રીહરિનું અતિશય માહાત્મ્ય જાણતા હતા. અને શ્રીહરિને પોતાનું સમગ્ર ધન અર્પણ કરવામાં બળીરાજાની સમાન હતા. (૨૧) દઢ આત્મનિષ્ઠાવાળા હેમરાજ આદિ લૌકિક સુખને ઈન્દ્ર વારુણીના ફળ માફક (બહારથી રમણીય અને માંહી ઝેર સમાન) જાણતા હતા. (૨૨)

હેમરાજ તથા તેમનાં કુટુંબીજનો પોતાનાં ધનનો પુષ્કળ વ્યય કરવા માટે પ્રત્યક્ષ સહજાનંદ શ્રીહરિને પોતાનાં ગામમાં હર્ષપૂર્વક બોલાવતા હતા. (૨૩) બ્રહ્મપુરના અધિપતિ પ્રત્યક્ષ શ્રીહરિ જેમનાં ઘરમાં નિવાસ કરે છે, હે રાજન્ ! અગ્રગણ્ય પુણ્યશાળી તે ભક્તોના ભાગ્યનું હું શું વર્ણન કરું ? (૨૪) ગામમાં ધર્મનિષ્ઠ ડોસા ખાચર તથા શ્રીહરિનાં ઉપાસક ક્ષત્રિય મલ્લ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૨૫) પાના, અમૃતા તથા નવી, કમળા વગેરે શ્રીહરિની ભક્ત સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતી હતી. (૨૬)

શ્રીહરિમાં આસક્તિવાળા ત્યાંના ભક્તજનો શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરતા હતા. શ્રીહરિ પણ ઉપદેશ વાતોથી તે ભક્તોને સુખ આપતા ત્યાં વસતા હતા. (૨૭)

તેટલામાં વસંત પંચમીનો મહોત્સવ શ્રીહરિ સુંદરીયાણામાં કરશે એમ જાણીને, દેશાંતરથી હજારો ભક્તો ત્યાં આવ્યા. (૨૮) શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા દેશાંતરના ભક્તો શ્રીહરિનાં દર્શન કરીને સર્વોત્તમ શાંતિ પામ્યા. વનના અગ્નિથી તપ્ત થયેલા હાથીઓ ગંગાના શીતળ ધરામાં જઈને જેમ શાંતિ પામે તેમ શાંતિ પામ્યા. (૨૯)

તે સમગ્ર ભક્તોની, દૃષ્ટિવડે, સંભાષણ વડે, તેમજ ઉતારા અપાવવા વગેરેથી તેમની, યથોચિત સંભાવના શ્રીહરિ પ્રીતિપૂર્વક કરતા હતા. (૩૦) ત્યાંના ભક્તો તો કેસુડાના ફુલનો રંગ તથા કેસરીયો સુંદર રંગ આદરપૂર્વક કરાવતા હતા. (૩૧)

વળી તે ભક્તો પંચાંગનો રંગ પણ આદરપૂર્વક કરતા હતા. પછી રંગને માણ તથા ગોળીઓમાં ભરતા હતા. (૩૨) તે સમગ્ર ભક્તોએ ગામમાં અગાઉથી ગુલાલનો અતિમોટો ઢગલો પણ કર્યો હતો. આ પ્રકારે ઉત્સવમાં ઉત્સાહી તે ભક્તજનો વિવિધ પ્રકારની સામગ્રીઓ તૈયાર કરતા હતા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં વનાશાઆદિ ભક્તોએ કરેલી શ્રીહરિની સેવા તેનું વર્ણન એ નામે બાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ વસંત પંચમીને દિવસે પ્રાતઃકાળમાં સ્નાન તથા પોતાનો સર્વ શુભ નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૧)

હે રાજન્ ! શ્રીહરિએ ભક્તોના આનંદ માટે અતિ અલૌકિક સુંદર વસંત સમયને યોગ્ય વેશ ધારણ કર્યો. (૨) પછી પોતાનાં બંધુજનો તથા તેમનાં પરિવાર સહિત ચટ્ ચટ્ શબ્દ કરતી પાદુકાઓ પહેરી, હાથમાં શ્વેત રૂમાલ હલાવતા, ચંચળ ગતિથી દ્વારપાળ કુબેરના માંગલિક શબ્દો સાંભળતા, આગળ પાછળ ચાલતા પોતાનાં પાર્ષદો સહિત ચાલવાથી હલતા તોરા તેમજ પુષ્પોના હારની પંક્તિમાંથી નીકળતો સુગંધ લેવાની ઈચ્છાવાળા ગુંજારવ કરતા ભ્રમરોના સમુદાયથી વીંટાયેલા, નિર્નિમેષ નેત્રોથી ભક્તોનો સમૂહ જેમનાં દર્શન કરી રહ્યો છે તે શ્રીહરિ ગામની સમીપે અતિ વિસ્તારવાળા ઉત્તમ અને સમાન સભા સ્થાનમાં પધાર્યા. (૩, ૪, ૫, ૬)

ત્યાં ઊંચા મંચ ઉપર શ્રીહરિ તત્કાળ ચઢી કોમળ ગાદી પાથરેલા મંચમાં વિરાજમાન થયા. (૭) હે રાજન્ ! પછી શ્રીહરિની આગળ તેમનાં બંધુજનો વગેરે યથાયોગ્ય બેઠા. શ્રીહરિનાં દર્શન કરતા

ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ યથાયોગ્ય બેઠા. (૮) પછી સંતો પ્રીતિપૂર્વક ઉત્સાહથી મૃદંગ તથા ઝાંઝ વગાડીને શ્રીહરિની આગળ સુંદર કીર્તનો ગાવા લાગ્યા. (૯) તે સમયે દયારૂપી અમૃત વર્ષાવનારા શ્રીહરિ પોતાનાં મંગળ દર્શનથી ચંદ્ર જેમ પોતાનાં કિરણોથી ઔષધિઓને પોષે તેમ સર્વે ભક્તોને વૃદ્ધિ પમાડતા હતા. (૧૦)

શ્રીહરિનાં હજારો ઉપાસક જનો પણ શ્રીહરિનાં રૂપથી ખેંચાયા છે. ચિત્ત જેમનાં એવા સ્થિર નેત્રોવાળા બની ચકોર જેમ ચંદ્રમાને જુવે તેમ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૧)

હે રાજન્ ! તેટલામાં તે ગામના ભક્તો તથા અન્ય ભક્તો રંગથી ભરેલા ઘડા તથા માણો હર્ષપૂર્વક ત્યાં લાવ્યા. (૧૨) આનંદયુક્ત ચિત્તવાળા તે ભક્તો વિવિધ પાત્રોમાં સુંદર ગુલાલ ભરીને તત્કાળ ત્યાં લાવ્યા. (૧૩) હે રાજન્ ! પછી પ્રસન્ન થયેલા ધર્મપુત્ર શ્રીહરિ, ભક્તોના મનને હરતા, હસતા હસતા ઊઠીને ડાબા ખભા ઉપર ઓઢવાનું વસ્ત્ર વાંકુ કરીને કેડ્ય ઉપર મજબૂત બાંધતા હતા. (૧૪) પછી શ્રીહરિએ પોતાનાં હાથમાં તત્કાળ સુવર્ણની પીચકારી લીધી તેટલામાં રંગ ભરેલા પાત્રો જેમનાં હાથમાં છે એવા શ્રીહરિનાં પાર્ષદો શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૧૫)

પછી ત્યાંના ભક્ત વનાશા તથા પૂજા આદિ અન્ય ભક્તજનો પ્રેમાર્દ્ર અંતરવાળા સુંદર રંગ તથા ગુલાલથી શ્રીહરિને પૂજવા લાગ્યા. (૧૬) પછી શ્રીહરિ પોતાનાં શ્રેષ્ઠ પાર્ષદોએ ઉંચકેલા રંગ ભરેલા પાત્રોમાં પીચકારીમાં રંગ ભરીને મંદ હાસ્ય સહિત તત્કાળ ભક્તો ઉપર નાંખવા લાગ્યા. (૧૭)

શ્રીહરિની રંગ છાંટવાની સર્વોત્તમ ચતુરાઈ જોતા ભક્તજનોના મનમાં, જેમ ઉદય પામેલા ચંદ્રને જોઈને સમુદ્રમાં તરંગો ઉછળે તેમ, અત્યંત હર્ષ વ્યાપ્યો. (૧૮)

પીચકારી વડે ઉંચે ઉડાડતા રંગના પાણીથી ચારેય બાજુ હજારો ભક્તજનોને શ્રીહરિ ભીના કરી નાખતા હતા. હજારો ભક્તજનોથી ઢંકાયેલી પૃથ્વી જોઈને તે ભક્તો અત્યંત પ્રસન્ન થયા. (૧૯)

પછી શ્રીહરિ પીત્તળની તાંસળીમાં રંગ ભરીને હર્ષથી તેમની ઉપર વારંવાર છાંટતા, પોતાને વિષે આસક્તિવાળા અસંખ્ય ભક્તોને, અત્યંત ભીના કરતા હતા. (૨૦)

સંકર્ષણના અંશરૂપ શ્રીહરિનાં બંધુ રામપ્રતાપ વગેરે ઉત્તમ પીચકારીઓથી ભક્તો ઉપર અતિશય રંગ છાંટતા હતા. વળી તે સમયે ઉંચા સાદે પોતાનાં દેશની ભાષા બોલતા અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિને હસાવતા પણ હતા. (૨૧)

હે રાજન્ ! શ્રીહરિ પણ સમગ્ર ભક્તો ઉપર મુઠ્ઠી તથા પોશો ભરીભરી ગુલાલ ફેંકતા હતા. તે સમયે સર્વજનો પોતાને તથા અન્યને જોવા માટે સમર્થ ન થયા. (૨૨) ચપળ નેત્રોવાળા તથા ચંચળ, સુંદર મૂર્તિ પરમેશ્વર શ્રીહરિ પોતાનાં આશ્રિત ભક્તો ઉપર ઉત્તમ અબીર તથા સુંદર ગુલાલ વસ્ત્રમાં ભરી ભરીને હર્ષથી ફેંકતા હતા. (૨૩)

આવી રીતે વારંવાર પોતાનાં આશ્રિતો ઉપર ગુલાલ ફેંકીને મહોત્સવથી ઉત્સાહવાળા,

પોતાને વિષે ગાઢ સ્નેહવાળા, પોતાનાં સમગ્ર ભક્તજનોને શ્રીહરિ લાલ કમળ સમાન વર્ણવાળા કરતા હતા. (૨૪)

હે રાજન્ ! તે સમયે પૃથ્વી ઉપર શ્રીહરિએ છાંટેલા સુંદર રંગના જળપ્રવાહ વહેવા લાગ્યા. પાપના સમૂહના નાશમાં કારણભૂત સ્પર્શ જેમનોં છે એવા તે જળથી પૃથ્વી ઉપર કાદવ જામી ગયો અર્થાત્ પૃથ્વી કાદવરૂપી બની ગઈ. (૨૫)

તે સમયે ઊંચા ઉડેલા ગુલાલથી જોવા યોગ્ય ગગન પણ લાલ થઈ ગયું. દિશાઓ તામ્ર વર્ણવાળી થઈ. (૨૬) તે સમયે ઘણાં ઘરવાળું સમગ્ર જનોના નિવાસ ભૂત સુંદરીયાણું ગામ પણ લાલ વર્ણવાળું થયું. ગામના માર્ગમાં પડેલા ગુલાલને અત્યંત આનંદપૂર્વક ભક્ત સમુદાય લઈ લેતા હતા. (૨૭) લાલ થયેલા સર્વ ભક્તોના મધ્યમાં, અત્યંત રક્ત શરીરવાળા શ્રીહરિ રક્ત વર્ણવાળા બનેલા સમગ્ર તોરાના મધ્યમાં જાણે પૂર્ણિમાનો લાલ વર્ણવાળો ચંદ્ર શોભે તેમ અત્યંત શોભતા હતા. (૨૮) આકાશમાં બ્રહ્મા તથા ઈન્દ્રાદિ દેવતાઓ, પોતાનાં વિમાનમાં બેઠેલો દેવ સમૂહ, શ્રીહરિએ કરેલી વસંતની આ રંગલીલા જોઈ અતિ આનંદ યુક્ત બની પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૨૯) તે સમયે બ્રહ્માદિ ''શ્રી સ્વામિનારાયણાય નમઃ શ્રીસ્વામિનારાયણાય નમઃ'' આવો મહાશબ્દ તથા ''શ્રીસ્વામિનારાયણસ્ય જય, શ્રી સ્વામિનારાયણસ્ય જય'' આવા શબ્દો બોલતા હતા. પછી સર્વના પતિ, સ્વતંત્ર શ્રીહરિની સ્તુતિ કરીને ઘણા સ્નેહથી કોમળ હૃદયવાળા તે દેવો કહેવા લાગ્યા. (૩૦)

ધન્ય છે જેણે ઘણાં પુણ્ય કર્યાં છે, આ પૃથ્વીને ધન્ય છે. કારણ કે જેમાં સર્વ અવતારોના કારણ, ક્ષર અક્ષરથી પર, સમગ્ર ભક્તજનોના નેત્રને ગોચર, આ શ્રીહરિ એકાંતિક મુક્તો સહિત આવી રીતે મુક્તિમાં કારણરૂપ અતિ શુભ ક્રીડા કરે છે, તે મહા આશ્ચર્ય છે. (૩૧)

વશ છે ઈન્દ્રિયો જેમને એવા, તીવ્ર તપમાં પ્રીતિવાળા, શ્રેષ્ઠ મુનિઓ હંમેશા જેમનાં ચરણકમળની રજને ખોળે છે, જે શ્રીહરિની પ્રત્યક્ષ પ્રાપ્તિ માટે ઘણાં રાજાઓ પણ પોતાનાં સમૃદ્ધિવાળા મોટા રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા હતા. (૩૨)

હર્ષ અને આશ્ચર્યની વાત છે કે, સર્વોપરી, અક્ષર ધામમાં વાસ કરનારા આ શ્રીહરિ, પ્રત્યક્ષ આ ભૂમિમાં જે જનોની સાથે ક્રીડા કરે છે તેમણે ઘણાં સુકૃત કર્યા છે માટે તેમને અતિ ધન્ય છે. એમના અનુપમ ભાગ્યનું વર્ણન કરવા માટે કોઈ શક્તિમાન નથી. (૩૩)

શ્રીહરિની સાથે પૃથ્વી ઉપર ફરતા સાક્ષાત્ શ્રીહરિનાં આશ્રિત ભક્તજનોની પુણ્યમયી ચરણ રજ પામવા માટે અમો સર્વ બ્રહ્માદિ દેવો અમારા મનમાં ઈચ્છા રાખીએ છીએ. તો આ લોકમાં અન્ય દેવતાઓ તે ઈચ્છે તેમાં શું આશ્ચર્ય કહેવાય ? (૩૪)

બ્રહ્માદિ દેવતાઓએ આવો મહિમા જેમને ગાયો છે તે શ્રીહરિ રંગક્રીડા કરી પોતાનાં અશ્વરાજ ઉપર બેસીને પોતાનાં બંધુજનો તથા પાર્ષદ સમૂહની સાથે રંગથી ભીંજાયેલા પોતાની મૂર્તિમાં ચોંટેલા ગુલાલથી રક્તવર્ણ બનેલા પોતાનાં મનોહર નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૫)

લોકોના નેત્રોને લોભાવનારા એવા, ભક્તોને સુખ આપનારા શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપરથી ઉતરીને પોતાનાં નિવાસસ્થાનની બહાર ઓટલા ઉપર બિરાજમાન થયા. (૩૬) પોતાનાં ભક્તો ઉપર અતિશય પ્રીતિવાળા, રંગથી ભીના શરીરવાળા શ્રીહરિ, વનાશા, પૂજાશા, જેઠાશા, ભગાશા તથા હિરાશાને અત્યંત ભેટ્યા. (૩૭)

હે રાજન્ ! પછી સત્પતિ શ્રીહરિ બીજા વસ્ત્રો ધારણ કરીને રંગથી ભીનાં પોતાનાં વસ્ત્રો વનાશા વગેરે ભક્તોને વહેંચી આપતા હતા. (૩૮) પછી શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બેસીને સાધુઓ, વર્ણીઓ, પાર્ષદો તથા ઘોડેસવારો સહિત સ્નાન કરવા માટે નીલકા નદી પ્રત્યે પધાર્યા. (૩૯)

ત્યાં શ્રીહરિએ અશ્વ ઉપરથી ઉતરીને પોતાનાં મુનિઓ વગેરેથી વીંટાઈને નીલકા નદીમાં પ્રવેશ કર્યો અને અતિ મંગળકારી જળક્રીડા કરી. (૪૦) શ્રીહરિ પોતાનાં આત્મીય જનોની સાથે ત્યાં સ્નાન કરી તેના કાંઠા ઉપર આવી શ્વેત વસ્ત્રો ધારણ કરીને પોતાનાં અશ્વ ઉપર બિરાજમાન થયા. (૪૧)

પોતાનાં મંગળકારી યશનું ગાન કરતા મુનિઓ વગેરેથી યુક્ત શ્રીહરિ ગામના જનો જે પ્રીતિપૂર્વક શ્રીહરિનાં દર્શન કરી રહ્યા છે તેમની સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૨)

પછી ધર્મના પુત્ર ભગવાન શ્રીહરિ સ્નાન કરી પોતાનાં બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમ્યા. (૪૩) પછી શ્રીહરિનાં કૃપાપાત્ર સમગ્ર બ્રહ્મચારીઓ સ્નાન કરી શ્રીહરિની દૃષ્ટિથી ભોજનને પ્રસાદીભૂત કરાવીને, શ્રીહરિની સ્મૃતિ કરતા જમતા હતા. (૪૪)

હે ભૂપતે ! શ્રીહરિ સાધુ સમુદાય તથા પાર્ષદો આદિને મોતીયા લાડુ પોતે પ્રીતિપૂર્વક પીરસીને તેમને તૃપ્ત કરતા હતા. (૪૫) તે સમયે શ્રીહરિ અન્ય ગામોમાંથી આવેલા હજારો બ્રાહ્મણો તથા અન્નાર્થી જનોને ભોજન કરાવતા હતા. (૪૬)

પછી શ્રીહરિ સભામાં આવીને પોતાનાં રમણીય આસન ઉપર બિરાજમાન થયા. શ્રીહરિમાં અતિશય આસક્ત તેમનાં બંધુજનો તથા સાધુઓ વગેરે પણ હર્ષપૂર્વક સભામાં આવીને બેઠા. (૪૭) તેટલામાં વનાશા આદિ ભક્તો હર્ષપૂર્વક ઉપચારોથી ભરેલા પાત્રો હાથમાં લઈને ત્યાં આવ્યા. (૪૮)

પછી વનાશા વગેરે ભક્તો ચંદન, અક્ષત, કુમકુમ, પુષ્પોના તોરા, હાર વગેરે તથા અન્ય ઉપચારો, વિવિધ પ્રકારનાં અમૂલ્ય વસ્ત્રો, મણિજડિત સુવર્ણના ભૂષણો તથા પોતાને પ્રિય અન્ય વસ્તુઓ, રૂપ્ય મુદ્રાઓ વગેરે શ્રીહરિને અર્પણ કરી, પ્રીતિપૂર્વક શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૪૯-૫૦)

વનાશા વગેરે આનંદયુક્ત થઈને પરમ આદરથી વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સહિત શ્રીહરિની મહા આરતી કરતા હતા. (૫૧) પછી સમગ્ર ભક્તો શ્રીહરિનાં બંધુઓ આદિનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. તેમજ વર્ણિમંડળ તથા મુનિઓ વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. (૫૨)

પ્રત્યક્ષ શ્રીહરિમાં ભક્તિવાળી ત્યાંની સ્ત્રીઓ પ્રેમપૂર્વક શ્રીહરિને વિવિધ ઉપચારોથી પૂજતી હતી. (૫૩) તે સ્ત્રીઓ મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા મનોહર ઉપચારોથી ધર્મવંશની સ્ત્રીઓનું પણ હર્ષપૂર્વક પૂજન

કરતી હતી. (૫૪)

પછી શ્રીહરિએ ધર્માદિ સુંદર વાર્તા કરીને જુદા જુદા દેશથી આવેલા પોતાનાં ભક્તોને પોતપોતાનાં દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા આપી અને પોતે રાત્રિ ત્યાં રહ્યા. (૫૫)

શ્રીહરિ પ્રાતઃકાળમાં પોતાનાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં આત્મીયજનોની સાથે ઘોડેસવારોથી વીંટાઈને નીકળ્યા. તે સમયે સમગ્ર ભક્તજનો વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિને વળાવવા ચાલ્યા. (૫૬)

દૂર સુધી પાછળ આવેલા, સ્નેહના અશ્રુઓ જેમનાં નેત્રોમાં છે એવા, પોતાને વિષે આસક્ત ચિત્તવાળા પોતાનાં તે ભક્તોને, બળાત્કારથી શ્રીહરિએ પાછા વાળ્યા. પછી પોતાનાં જનોની સાથે શ્રીહરિ આગળ ચાલ્યા. (૫૭) શ્રીહરિ માર્ગમાં, ઘોડા ઉપર બેઠેલા પોતાનાં પાર્ષદ નાંગમાળ વગેરેએ ગાન કરેલા કીર્તનો હર્ષપૂર્વક સાંભળતા, શ્રેષ્ઠ દુર્ગપત્તનમાં આવીને ઉત્તમ પાર્ષદો સહિત પોતાનાં રમણીય મહેલમાં નિવાસ રરીને રહ્યા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં વસંતોત્સવમાં શ્રીહરિએ કરેલી રંગ ખેલની લીલા વર્ણન નામે ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિનાં નિવાસથી પ્રસિદ્ધ બનેલા ગઢપુરમાં શ્રીહરિ પોતાનાં ભક્તોને ઉપદેશ વાર્તા તથા પોતાનાં દર્શન વગેરેથી હંમેશા અત્યંત આનંદ આપતા હતા. (૧) સુંદર કથાયુક્ત શ્રીવાસુદેવ માહાત્મ્ય નિત્યાનંદ મુનિ હંમેશા વાંચતા અને શ્રીહરિ તે સાંભળતા હતા. (૨)

હે રાજન્ ! એમાં જૂનાગઢના અધિપતિ બુદ્ધિમાન નવાબ બહાદુરખાં પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિમાં પ્રવિણ હતા. તેમને નાગર જ્ઞાતિના બે બ્રાહ્મણ અમાત્યો હતા. (૩) તે બે બ્રાહ્મણોમાં એક રામજીત તથા બીજા અંબાશંકર હતા. તે બે અમાત્યો ઉપર રાજાની મોટી પ્રસન્નતા હતી. (૪)

પછી ધર્મનિષ્ઠ, બુદ્ધિશાળી તે બે અમાત્યો, તે રાજાને શ્રીહરિનો અલૌકિક પ્રતાપ, ઐશ્વર્ય તથા સદ્‌ગુણો વગેરે કહેતા હતા. (૫) શ્રીહરિનો આ પ્રકારનોં પ્રતાપ સાંભળીને તે મુમુક્ષુ રાજાને પ્રત્યક્ષ પરમેશ્વર શ્રીસ્વામિનારાયણમાં અત્યંત પ્રીતિ થઈ. (૬)

બુદ્ધિમાન, નીતિમાં પ્રવિણ, શૂરવીર તે રાજા તેના બંને અમાત્યો જેઓ સત્સંગી હતા, તેમજ ધીરજવાન હતા તેમને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૭) હે અમાત્યો ! તમારા બંનેના ગુરુ પ્રત્યક્ષ પ્રભુ શ્રીસ્વામિનારાયણને મારા પુરમાં લાવીને તમો બંને મને તેમનાં દર્શન કરાવો. (૮)

તમારા બંનેના ગુરુ મહાપ્રતાપી તથા જગત્ ગુરૂ શ્રીસ્વામિનારાયણને આ પૃથ્વી ઉપર ચક્રવર્તી

રાજાઓ પણ માને છે. માટે તે અન્ય જેવા સાધારણ નથી. (૯) પુણ્યકીર્તિ, મહાબળશાળી, શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનું સન્માન મારે યથોચિત કરવું છે. (૧૦)

આ રીતે રાજાએ સુંદર સોનેરી અક્ષરોથી પ્રાર્થના પત્ર લખાવીને પોતાનાં બંને અમાત્યોને આપ્યો. (૧૧) પછી પ્રસન્ન થયેલા તે બંને અમાત્યો પોતાનાં રાજાની આજ્ઞાથી શ્રીહરિને પોતાનાં પુરમાં લાવવા માટે થોડા સેવકો સાથે દુર્ગપત્તનમાં આવ્યા. (૧૨)

જૂનાગઢના નવાબના બંને કારભારીઓ, ઉત્તમ રાજાના શોભાયમાન દરબારમાં ભરાયેલી સભામાં આસન ઉપર બિરાજમાન થયેલા પોતાનાં ભક્તોથી વીંટાયેલા શ્રીહરિની સમીપે જઈને તેમને નમસ્કાર કરવા લાગ્યા. (૧૩) તે રાજાના બંને કારભારીઓએ શ્રીહરિને રાજપત્ર આપીને તે રાજાનો ઘણો ભાવ તથા શ્રીહરિનાં દર્શન કરવાની તેની ઉત્કંઠા હર્ષપૂર્વક જણાવી. (૧૪)

તે રાજાનો ભાવ જાણી શ્રીહરિએ તે પત્ર વંચાવ્યો. પછી, 'હે સૌમ્યો ! તમારા પુરમાં હું જરૂર આવીશ.' આવી રીતે જૂનાગઢના નવાબના બંને અમાત્યોને શ્રીહરિએ કહ્યું. (૧૫)

પછી શ્રીહરિએ તે બંનેને ઉતારો અપાવ્યો અને પ્રીતિપૂર્વક ભોજન કરાવી, પોતાનાં આશ્રિત બંને અમાત્યોની યથા યોગ્ય સંભાવના કરાવી. (૧૬) શ્રીહરિનાં દર્શનમાં આસક્તિવાળા તે બંને અમાત્યો અમૃતથી પણ અધિક સ્વાદયુક્ત શ્રીહરિની વાર્તા સાંભળતા દુર્ગપત્તનમાં પાંચ દિવસ રહ્યા. (૧૭)

પછી શ્રીહરિએ તેમને કહ્યું, હે અમાત્યો ! તમો બંને આગળ જાઓ. હું જૂનાગઢમાં આવીને ત્યાં શિવરાત્રિનો શુભ ઉત્સવ નિશ્ચય કરીશ. (૧૮) શ્રીહરિનું આ વચન સાંભળીને શ્રીહરિ પોતાનાં પુરમાં પધારશે એવા વિશ્વાસી શ્રીહરિનાં આશ્રિત તે બંને અમાત્યો પ્રસન્ન મનથી પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રણામ કરીને ગયા. (૧૯)

પોતાનાં પુરમાં જઈને પોતાનાં રાજાને શ્રીહરિની આવવાની શુભ પ્રતિજ્ઞા તથા તેમનાં સમાચાર હર્ષથી તે બંને અમાત્યોએ કહ્યા. (૨૦) શ્રીહરિએ કહેલાં વચન સાંભળી તે વિચક્ષણ રાજા અત્યંત પ્રસન્ન થઈ, પોતાનાં મંત્રિઓ પાસે તેમની સેવા માટે વિવિધ પ્રકારની યોગ્ય સામગ્રી તૈયાર કરાવવા લાગ્યા. (૨૧)

પછી શ્રીહરિ જૂનાગઢ જવા માટે તૈયાર થયા. શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરે શ્રીહરિની આજ્ઞાથી તૈયાર થયા. (૨૨) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ ઘોડેસવારો તથા પાર્ષદો સાથે તેમજ અશ્વ ઉપર બેઠેલા પોતાનાં બંધુજનો સહિત ગઢપુરથી નીકળ્યા. (૨૩)

ઉત્તમ રાજા તથા નાંગમાળ વગેરે પણ અશ્વ ઉપર બેસી શ્રીહરિની સાથે નીકળ્યા. બીજા સાધુ તથા વર્ણીગણો પણ ચાલ્યા. (૨૪) તેમજ પશ્ચિમ પંચાળ દેશના નિવાસી હજારો ભક્તો પણ જીર્ણ દુર્ગપુરમાં શિવરાત્રિનો મહોત્સવ શ્રીહરિ કરશે, તે જાણીને શ્રીહરિની પાછળ ગયા. (૨૫)

પછી માર્ગમાં ચાલતા અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિ પોતાનાં જનસમુદાય

સાથે વાંકિયા ગામની સમીપે પધાર્યા. (૨૬) શ્રીહરિમાં અતિશય પ્રીતિવાળા તે ગામના રાજા મોકા ખાચર પોતાનાં અનુચરો સહિત વાદ્યોનો ઘોષ કરતા ભક્તજનોની સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૨૭)

એકાંતિક ભક્ત દરબાર મોકા ખાચરે શ્રીહરિની આદરપૂર્વક પ્રાર્થના કરી અને શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે હર્ષપૂર્વક તેમનાં દરબારમાં રહ્યા. (૨૮)

પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૨૯)

શ્રીહરિ પોતાની પ્રસાદીભૂત ભોજનનો થાળ, પોતાનું માહાત્મ્ય જાણનારા દરબાર મોકા ખાચરને અપાવતા હતા. (૩૦) શ્રીહરિ, સર્વે મુનિઓ, પાર્ષદો તથા ઉત્તમ રાજા વગેરેને આદરપૂર્વક શીરો પીરસીને તેમને તૃપ્ત કરતા હતા. (૩૧)

પછી સમગ્ર બ્રહ્મચારીઓ પણ ત્યાં સુંદર ભોજનો જમતા હતા તથા તે સમયે આવેલા તમામ ભક્તોને પણ મોકા ખાચર ભોજન કરાવતા હતા. (૩૨) મહા અમૂલ્ય આભૂષણો તથા અન્ય ઉપચારો વડે રાજાએ શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ પણ તેમને પ્રસન્ન કરવા માટે તે રાત્રિ ત્યાં રહ્યા. (૩૩)

સવારમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી, પોતાનાં ભક્તજનો સહિત તે ગામથી નીકળ્યા. તે રાજાએ પણ સુંદર વિદાયમાન આપ્યું. (૩૪) પછી શ્રીહરિ પીપળી ગામે પહોંચ્યા. સન્મુખ ગયેલા ત્યાનાં ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પથી શ્રીહરિ પોતાનાં ભક્તજનો સહિત હર્ષ પૂર્વક ત્યાં રહ્યા. (૩૫)

અહીં શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમ્યા. (૩૬) શ્રીહરિની સાથે આવેલા ત્યાગી મુનિઓ, બ્રહ્મચારીઓ તથા સર્વે ભક્તો પણ યથાયોગ્ય જુદી જુદી પંક્તિઓ કરી જમતા હતા. (૩૭)

પીપળીયા ગામમાં લક્ષ્મણ, મૌનજી, પ્રાગજી તથા અજવા વગેરે સ્ત્રી ભક્તો પણ યથાયોગ્ય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતી હતી. એવી રીતે ધર્માદિ સુંદર વાર્તા કરીને શ્રીહરિ રાત્રિ ત્યાં રહ્યા. (૩૮, ૩૯) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને પોતાનાં આશ્રિત ત્યાંના સમગ્ર ભક્તોએ વળાવ્યા એટલે શ્રીહરિ પોતાનાં ભક્તજનો સહિત ત્યાંથી ચાલ્યા. (૪૦)

ત્યાંથી શ્રીહરિ બંધીયા ગામે પહોંચ્યા. સન્મુખ આવેલા ત્યાંના ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને અત્યંત પ્રાર્થના કરવા લાગ્યા. (૪૧)

તેથી પોતાનાં ભક્તજનોની સાથે ભક્ત વત્સલ શ્રીહરિ બંધીયા ગામની સમીપે મોટા વડના વૃક્ષની નીચે રહ્યા. (૪૨) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન જમ્યા. (૪૩)

સર્વે ત્યાગીઓ તથા સ્વ ધર્મનિષ્ઠ અન્ય ગૃહસ્થોએ પણ જુદી જુદી રસોઈ કરીને યોગ્યતા પ્રમાણે ભોજન કર્યું. (૪૪)

તે ગામના ક્ષત્રિય જાતિના શ્રીહરિનાં એકાંતિક ભક્તો મૂળજીત તથા જગોભાઈ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૪૫) શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળા વણિક ભક્ત ડોસાભાઈ તથા જૂઠો હંસરાજ વગેરે વણિક પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૪૬) આંછુ વગેરે શ્રીહરિનાં ચરણકમળના આશ્રિત સમગ્ર સ્ત્રી ભક્તો પણ પોતાનાં ધર્મમાં રહીને ભક્તિપૂર્વક શ્રીહરિની યથાયોગ્ય પરિચર્યા કરતા હતા. (૪૭)

શ્રીહરિમાં જ એક પ્રેમવાળા તે ભક્તોએ શ્રીહરિને તથા તેમનાં બંધુજનો તથા મુનિઓ વગેરેનું વિવિધ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો વગેરે શ્રેષ્ઠ ઉપચારોથી પૂજન કર્યું. ત્યાંની સમગ્ર સ્ત્રીઓએ પણ શ્રીહરિનું ભક્તિપૂર્વક પૂજન કર્યું. (૪૮)

પછી શ્રીહરિએ ધર્માદિના ઉપદેશવાળી, અમૃત તુલ્ય રસવાળી, સુંદર વાર્તા કરીને પોતાનાં ભક્તોને આનંદ આપ્યો. એવી રીતે શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં વાંકિયા વગેરે ગામોમાં શ્રીહરિનું ગમન નિરૂપણ નામે ચોવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને પોતાનાં ભક્તજનોએ વળાવ્યા. એ રીતે શ્રીહરિએ ત્યાંથી પ્રયાણ કર્યું. (૧)

મનોહર શ્રીહરિ માર્ગમાં ચાલતા, પોતાનાં જનોને આનંદ આપતા, પોતાનાં ભક્ત જનોની સાથે ગોંડળપુરની સમીપે પધાર્યા. (૨) તે પુરના અધિપતિ હઠિભાઈ, શ્રીહરિ પધારે છે તે સાંભળીને, તત્કાળ શ્રીહરિની સન્મુખ જવા માટે તૈયાર થયા. (૩)

હઠીભાઈ, અલંકારોથી અલંકૃત કરેલા હાથી વગેરેથી યુક્ત, સેનાની સાથે, પોતાનાં કારભારીઓને લઈને, વિવિધ પ્રારના વાદ્યોના ઘોષ સાથે, તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. શ્રીહરિનો જેમને અનન્ય આશ્રય છે એવા ધર્મનિષ્ઠ તે રાજા, ભક્તિમાં અંબરીષની ઉપમા આપવા યોગ્ય, શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા, પોતાની આજ્ઞામાં રહેતી પ્રજાને સર્વદા સજ્જનોને એક શરણરૂપ પોતાનાં ઈષ્ટ પ્રત્યક્ષ હરિકૃષ્ણની ભક્તિ કરાવતા, મુક્તાનંદ મુનીન્દ્રના પ્રસંગથી સર્વોત્તમ શ્રીહરિનું માહાત્મ્ય અત્યંત જાણતા અને સાધુઓના પ્રસંગની ઈચ્છાવાળા હતા. (૪-૭)

તે રાજા, ઘોડે સવારોથી વીંટાયેલા શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને, વાહન ઉપરથી ઉતરીને હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૮) શ્રીહરિની સન્મુખ ગયેલા તે પુરના ભક્તજનો સજળ નેત્રે ભૂમિ ઉપર દંડની માફક પડીને, શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૯) પોતાની સમીપે આવતા, નમસ્કાર કરતા, સજળ નેત્રોવાળા તે રાજાની શ્રીહરિએ દૃષ્ટિથી તથા મધુર સંભાષણથી યોગ્ય સંભાવના કરી. (૧૦)

પ્રભુ શ્રીહરિ તેમને નમસ્કાર કરતા રાજાના અમાત્યો તથા પુરના ભક્તોની પણ મંદ હાસ્યથી, સંભાષણથી તથા દૃષ્ટિથી સંભાવના કરતા હતા. (૧૧) પછી તે રાજા તથા ભક્તો પુષ્પના હાર તથા તોરાઓ પ્રીતિપૂર્વક ધર્મનંદન શ્રીહરિને ધારણ કરાવતા હતા. (૧૨)

પછી હઠીસિંહ રાજાએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ પોતાની સાથે આવેલા સત્પુરુષો તથા પોતાનાં બંધુજનોને વિવિધ પ્રકારનાં વાહનોમાં યથાયોગ્ય બેસાડ્યા. (૧૩) રાજાની પ્રાર્થનાથી શ્રીહરિ સોનાની અંબાડી યુક્ત શણગારેલા હાથી ઉપર બિરાજ્યા. (૧૪)

સુવર્ણના ચળકતાં રત્નજડિત અતિશય સુશોભિત દંડ જેને છે એવા ચામર લઈને રાજા હઠીસિંહ હર્ષપૂર્વક શ્રીહરિને ચામર ઢોળવા તે હાથી ઉપર બેઠા. (૧૫) પછી શ્રીહરિ તે રાજાની સેના તથા પોતાનાં આત્મીય ભક્તજનોની સાથે વાજિંત્રોનો ઘોષ સાંભળતા ચાલ્યા. (૧૬)

પ્રભુ શ્રીહરિ વાળીને સાફ કરેલા, જળના છંટકાવથી શુદ્ધ બનેલા સમગ્ર માર્ગો જેમાં છે એવા, મનોહર કિલ્લાઓ તથા ઊંચી હવેલીઓથી શોભાયમાન, સમાન બજારોની શ્રેણીઓ જેમાં છે એવા ચોખંડીઓથી અલંકૃત એવા તે પુરમાં પ્રવેશ કરતા હતા. (૧૭)

નગરમાં પ્રવેશ કરતા સર્વોત્તમ, મનોહર, ગજરાજેન્દ્ર ઉપર વિરાજમાન શ્રીહરિનાં દર્શન કરીને નગરના જનો વિસ્મય પામ્યા અને અત્યંત આનંદ પણ પામ્યા. (૧૮)

પુરના જનસૂહે હર્ષપૂર્વક જેમનું સન્માન કર્યું છે તથા જેમને પ્રણામ કર્યા છે એવા અતિ મનોહર દર્શનવાળા, અદ્‌ભુત આકૃતિવાળા, શ્રીહરિને આજુબાજુ ઉત્તમ મહેલે યુક્ત બગીચાવાળા મહેલમાં તે રાજાએ નિવાસ કરાવ્યો. (૧૯)

અતિથિઓનું પૂજન કરનારા તે રાજાએ, શ્રીહરિનો તથા તેમનાં ભક્તજનોનો યથાર્થ આતિથ્ય સત્કાર કર્યો. દાસની માફક નમ્રતા પૂર્વક શ્રીહરિ તથા તેમનાં આશ્રિત જનોની તેઓ હર્ષપૂર્વક સેવા કરવા લાગ્યા. (૨૦)

તે બુદ્ધિમાન નરેન્દ્ર પોતાનાં અમાત્યો દ્વારા રસોઈને યોગ્ય સામગ્રીના ગંજ હર્ષપૂર્વક ત્યાં મંગાવતા હતા. વર્ણિઓ તથા સાધુઓ ત્યાં હર્ષપૂર્વક જુદી જુદી રસોઈ કરતા હતા. (૨૧) નિર્મળ બુદ્ધિવાળા ઈચ્છારામ શ્રીહરિ માટે વિવિધ પ્રકારનાં સુંદર પાકો કરતા હતા. તે સમયે મુકુંદાદિ વર્ણિવર્યો ઈચ્છારામને પાક માટેની યોગ્ય સામગ્રીઓ આપતા હતા. (૨૨)

તે સમયે રાજા સભામાં સુંદર આસન ઉપર બિરાજેલા પરમેશ્વર શ્રીહરિનાં દર્શન કરતા, શ્રીહરિએ કહેલી શુભ વાર્તા સાંભળીને, અત્યંત હર્ષ પામ્યા. (૨૩)

પછી ભૂપતિ, પોતાનાં અમાત્ય વગેરેની શ્રીહરિ માટે યથાયોગ્ય વસ્તુઓ લાવી આપવા ત્યાં નિમણૂંક કરીને શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિની આજ્ઞાથી પોતાનાં દરબારમાં ગયા. (૨૪)

પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરી પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને નિવેદન કરેલાં

અમૃત સમાન ભોજનો જમાતા હતા. (૨૫) વર્ણિગણો, સાધુઓ, પાર્ષદો તથા ઘોડેસવારો વગેરે તથા શ્રીહરિની સાથે આવેલા ભક્તસમૂહ પણ જુદી જુદી પંક્તિઓમાં બેસીને ભોજન કરતા હતા. (૨૬) પછી હઠીસિંહ રાજા ગજ, રથ, અશ્વ, શિબિકા, મેના વગેરે અનેક પ્રકારનાં વાહનો મોકલીને વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિને તેમનાં બંધુજનોની સાથે પોતાનાં દરબારમાં લઈ જઈને ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૭)

કસ્તુરી, કેસર, ચંદન તથા ફુલના ઉત્તમ હાર, તોરા, બાજુબંધ, કડાં વગેરે તથા સુગંધિમાન અત્તર, ગુલાબજળ તથા વિવિધ પ્રકારનાં મહામૂલ્યવાળાં વસ્ત્રો, આભૂષણો તેમજ અન્ય વિવિધ પ્રકારનાં રાજોપચારોથી રાજાએ હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરીને, સોનામહોરોથી ભરેલું મનોહર સુવર્ણપાત્ર શ્રીહરિની આગળ મૂક્યું. (૨૮, ૨૯)

પછી નરેન્દ્રે વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની મહાઆરતી કરી. પછી સાષ્ટાંગ પ્રણામ કરીને સ્નેહાશ્રુથી ભરેલા નેત્રો તથા રોમાંચિત ગાત્રવાળા તે રાજાએ શ્રીહરિને કહ્યું. (૩૦) હે સ્વામિન્ ! આ રાજ્ય આપનું જ છે. પુરુષોત્તમ એવા આપનો હું દાસ છું આ મુક્તાનંદજીના સંબંધથી મને આજે આપનો યોગ થયો છે. (૩૧)

હે ભૂમન્ ! આ મુક્તાનંદ મુનિના યોગ વિના પ્રત્યક્ષ ભાવથી આપના દર્શન રાજ્યરૂપી અંધારા કૂવામાં પડેલા અને મોહરૂપી અંધકારથી આવરણવાળાં નેત્રો જેને છે એવા મને કેમ થાત ? જેની પ્રાપ્તિ માટે યોગીવરો પણ યત્નો કરે છે. (૩૨) હે પ્રભો ! એકાંતિક ભક્તોને અત્યંત આનંદ આપનારા, પવિત્ર કીર્તિવાળા, આપના અહીં પધારવાથી હું કૃતકૃત્ય થયો છું. હે પરમાત્મન્ ! હંમેશા આપની આ મૂર્તિમાં મારું ચિત્ત રહો. (૩૩)

આવી રીતે ઘણી પ્રકારે સ્તુતિ કરતા તે એકાંતિક રાજાને, વિવિધ પ્રકારનાં અતિસુંદર વચનરૂપી અમૃતોથી શ્રીહરિ તૃપ્ત કરતા હતા. તેમજ પ્રસન્ન થઈ તે રાજાને અભયદાન આપતા હતા. (૩૪)

પછી શ્રીહરિનાં બંધુજનોનું, મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણો વગેરે અતિસુંદર, યથાયોગ્ય ઉપચારોથી, પૂજન કરતા હતા. તેમજ સર્વ ત્યાગીજનોનું પણ યથાયોગ્ય પૂજન કરતાં હતાં. (૩૫) પછી શ્રીહરિ, તે રાજાના સર્વોત્તમ નરયાનમાં બિરાજી, વાહનોમાં બેઠેલા પોતાનાં બંધુઓ, ઉત્તમ નૃપતિ તથા સાધુ વગેરે પોતાનાં ભક્ત સહિત વાદ્યોના ઘોષ સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૬)

આવી રીતે પોતાનાં આશ્રિત જનોને આનંદ પમાડતા તે પુરમાં વસતા શ્રીહરિને, જેઠાભાઈ, મીઠાભાઈ, ભાઈજીભાઈ વગેરે બ્રાહ્મણો સેવતા હતા. (૩૭) તેમજ ડોસા આદિક ક્ષત્રિય ભક્તો તથા રાઘવજી વગેરે વણિક ભક્તો, ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૮)

જીવરામ, પ્રયાગજીત, તખો, જોધો વગેરે સુથાર ભક્તો પણ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૯) રત્નાદિ શિલ્પિ ભક્તો, દેવરાજ તથા ગોવિંદ વગેરે ભક્તો પણ શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૪૦)

શ્રીહરિનાં અનન્ય આશ્રયવાળા, ધૈર્યશાળી, દૃઢ ધર્મનિષ્ઠાવાળા, શ્રીહરિની આજ્ઞા પાળવામાં આસક્ત, શ્રીહરિને પ્રસન્ન કરવા ઈચ્છતા તે (૪૧) ભક્તો શ્રીહરિને તથા તેમનાં આશ્રિત ભક્તજનોને પોતપોતાનાં ઘેર પધરાવી, રમણીય આભૂષણ વસ્ત્રાદિક ઉપચારોથી તેમની પૂજા કરતા હતા. (૪૨)

શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરે પણ યથાયોગ્ય ઉપચારોથી તેઓ પૂજા કરતા હતા. તે ભક્તોની સ્ત્રીઓ પણ પ્રીતિપૂર્વક શ્રીહરિનું ઉપચારોથી પૂજન કરતી હતી. (૪૩)

ગોંડળના હરિભક્તોમાં શ્રીહરિનાં એકાંતિક બુદ્ધિમાન જોધા ભક્ત આ લોકમાં ભોગોમાં તથા દેહ, ઘર અને ધનાદિકમાં અનાસક્ત એવા બની પ્રીતિપૂર્વક શ્રીહરિની તથા સર્વે સાધુ વગેરે ત્યાગી જનોની દાસભાવથી સમય સમય પ્રમાણે યથાયોગ્ય સેવા કરી તેમને અતિશય પ્રસન્ન કરતા હતા. (૪૪, ૪૫) વારંવાર પોતાનાં ઘરમાં શ્રીહરિને પધરાવીને પોતે રચેલા હિંડોળામાં હર્ષપૂર્વક શ્રીહરિને બેસાડીને ભક્તિથી શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૪૬)

પુરના નિવાસી જુદા જુદા મતપંથી પંડિત બ્રાહ્મણો, ત્યાં આવ્યા તેમને શ્રીહરિએ પોતાનાં પ્રતાપથી જીતી લીધા. (૪૭) પોતાનાં શિષ્યો સહિત ત્યાં આવેલા દેવશંકર તથા મોતીરામ વગેરે ઘણા કૂટ પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા. પોતાનાં મહાપ્રતાપથી જેનોં ઉત્તર ન થઈ શકે તેવા સમગ્ર તેમનાં પ્રશ્નોનું શાસ્ત્ર સમાધાન કરીને શ્રીહરિ તેમને જીતતા હતા. (૪૮, ૪૯)

શ્રીહરિનો આવો અનુપમ પ્રતાપ જોઈને પુર નિવાસી મુમુક્ષુ જનો હર્ષથી તેમનોં દૃઢ આશ્રય કરતા હતા. (૫૦) શ્રીહરિ તે પુરમાંથી જવા માટે વારંવાર તૈયાર થયા છતાં પણ તે હઠીસિંહ રાજાની અત્યંત પ્રાર્થનાથી તે પુરમાં પાંચ દિવસ રહ્યા. (૫૧)

આવી રીતે પોતાનાં અનુયાયી ભક્તજનોની સાથે રહેલા શ્રીહરિને રાજા વિવિધ પ્રકારનાં ભોજનોથી હર્ષપૂર્વક તૃપ્તિ પમાડતા હતા. (૫૨) પોતાને વિશે અસાધારણ પ્રીતિવાળા રાજાને તથા પોતાનાં ચરણ કમળમાં આસક્તિવાળા તે પુરના નિવાસી ભક્તો તથા આશ્રિત જનોને આનંદ પમાડતા શ્રીહરિ અતિમનોહર ધર્માદિ વાર્તા કરી પોતાનો અનુપમ પ્રતાપ વિસ્તારતા તે પુરમાં રહ્યા. (૫૩)

પછી પરમેશ્વર શ્રીહરિને પોતાની ચતુરંગિણી સેના સહિત રાજાએ તથા સમગ્ર પૌર જનોએ વળાવ્યા. રાજાની રમણીય શિબિકામાં બેસી વળાવવા આવતા ભક્તજનો સાથે વિવિધ વાજિંત્રોના ઘોષ સાંભળતા શ્રીહરિ તે પુરથી ચાલ્યા. (૫૪)

પછી દૂર જઈને શ્રીહરિ વાહન ઉપરથી ઉતર્યા. પછી પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજી પોતાનાંમાં અત્યંત આસક્તિવાળા, પોતાને નમસ્કાર કરતા આંખમાં અશ્રુવાળા અવનિપતિ તથા પોતાને વિષે ગાઢ અનુરાગવાળા બીજા ભક્તોને શ્રીહરિએ પાછા વળાવ્યા. (૫૫)

હે નૃપ ! પછી ધર્મપુત્ર શ્રીહરિ પોતાનાં સમગ્ર જનોએ સહિત માર્ગમાં ચાલતા, રાજાની ભક્તિની પ્રશંસા કરતા, ઘોડેસવારોથી વીંટાયેલા, પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજી જેતપુર ગામે પધાર્યા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમસ્કંધમાં ગોંડળના અધિપતિ રાજા હઠીસિંહે શ્રીહરિનું સન્માન કર્યુ તે નિરૂપણ નામે પચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિનાં ભક્ત જેતપુરના ઉન્નડ રાજા શ્રીહરિને પોતાનાં પુરમાં આવતા સાંભળીને, સૈન્ય સહિત વાદ્યોના ઘોષ કરતા, શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧)

હે નૃપ ! પુરના ભક્તો શ્રીહરિને આવતા સાંભળી પ્રસન્ન થઈ, તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. પછી રાજા તથા ભક્તો દૂરથી શ્રીહરિનાં દર્શન કરીને હર્ષથી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૨) પછી શ્રીહરિ પોતાની સમીપે આવતા નરેન્દ્ર તથા ભક્તો પ્રત્યે દૃષ્ટિ કરી, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૩) ત્યારબાદ શ્રીહરિ પોતાનાં સમગ્ર ભક્તો તથા રાજા વગેરેની સાથે વાજિંત્રોના ઘોષ સાથે પુરમાં પ્રવેશ કરતા હતા. (૪) ઉન્નડ રાજા શ્રીહરિને પોતાનાં દરબારમાં પ્રીતિપૂર્વક નિવાસ કરાવીને શ્રીહરિનું તથા તેમની સાથે આવેલ ભક્તજનોનું યથાયોગ્ય આતિથ્ય કરતા હતા.(૫) ઉન્નડ રાજા વિવિધ પ્રકારનાં ઉત્તમ વસ્ત્રો, આભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા તેમજ પુરના ભક્તો પણ શ્રીહરિનું પૂજન કરતા હતા. (૬) પોતાનાં આત્મીય જનોની સાથે જમીને શ્રીહરિએ ત્યાં ધર્મોપદેશ સંબંધી મનોહર વાર્તા કરી. આ પ્રમાણે જેતપુરમાં શ્રીહરિએ એક રાત્રિ રહ્યા. (૭)

સવારમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાનાં સમગ્ર ભક્તજનો સહિત ત્યાંથી નીકળ્યા. ઉન્નડ રાજા તથા અન્ય ભક્તો શ્રીહરિને વળાવવા દૂર સુધી ગયા. (૮) દૂર સુધી આવેલા અને શ્રીહરિને પ્રણામ કરતા તે ભક્તોને પાછા વાળીને શ્રીહરિ પોતાનાં ભક્ત જનોની સાથે ચાલતા જીર્ણ દુર્ગપત્તનની સમીપે પહોંચ્યા. (૯) નગરાધિપતિ રાજા, શ્રીહરિ પધાર્યા છે તે સાંભળીને, પોતાની સેનાયુક્ત વિવિધ પ્રકારનાં આભૂષણોથી શણગારેલો હાથી આગળ કરીને વાજિંત્રોના ઘોષ સાથે પોતાનાં પુરમાં આવેલા શ્રીહરિની સન્મુખ ગયા. (૧૦)

વાહનોમાં બેઠેલા રાજાના અમાત્ય વગેરે પુરના ભક્તો, દાવાનળથી તપ્ત થયેલા ઉત્તમ હાથી જેમ ગંગાનદીના ધરામાં જઈ શાંતિ પામે તેમ, અત્યંત શાંતિ પામતા ઈષ્ટદેવ શ્રીહરિની સન્મુખ તત્કાળ ગયા. (૧૧) શ્રીહરિએ સમીપે આવતા અને પોતાને પ્રણામ કરતા રાજાની યથાયોગ્ય સંભાવના તેના પ્રત્યે મંદહાસ્ય કરી, મધુર સંભાષણ કરી, વળી સ્તુતિ કરતા તે રાજાના અમાત્યો વગેરેની પણ યથાયોગ્ય સંભાવના શ્રીહરિએ કરી. (૧૨)

શ્રીહરિને સુગંધિમાન પુષ્પોના હાર તથા ઉત્તમ તોરા વગેરે અર્પણ કરતા ભક્તો પ્રત્યે મંદહાસ્ય

કરી, દૃષ્ટિ કરી તથા તેમની સાથે મધુર સંભાષણ કરી, શ્રીહરિ તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૧૩) શ્રીહરિનાં આશ્રિત અત્યંત ઉત્સાહી તે રાજાના બંને અમાત્યો, શ્રીહરિનાં બંધુજનો આદિ તથા સાધુઓને, વિવિધ પ્રકારનાં વાહનોમાં બેસાડતા હતા. (૧૪) પછી રાજા તથા બંને અમાત્યોએ શ્રીહરિને પ્રાર્થના કરીને તેમને ઉત્તમ સુવર્ણમય અંબાડી યુક્ત, ભૂષણોથી અલંકૃત કરેલા, ઝુલથી રમણીય, ગજેન્દ્ર ઉપર બેસાડ્યા. (૧૫) શ્રીહરિમાં અનન્ય પ્રેમવાળા રામજીત્ અમાત્ય તો હાથી ઉપર બિરાજેલા શ્રીહરિની પાછળ બેસીને ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને સુવર્ણદંડથી યુક્ત ચામર વીંજવા લાગ્યા. (૧૬) એ રીતે શ્રીહરિ પોતાનાં પાર્ષદો સહિત ઘોડેસવારોના સમૂહથી વીંટાયેલા, પોતાનાં સમગ્ર બંધુજનોથી યુક્ત, સૈન્યસહિત રાજા તથા પુરના ભક્તોની સાથે, વાદ્યોના ઘોષ સાથે ચાલ્યા. (૧૭) ભૂષણોથી શણગારેલા ગજેન્દ્ર ઉપર બિરાજેલા શ્રીહરિ, સુવર્ણ છડીવાળા છડીદારોની છડીના શબ્દો સાંભળતા હતા. (૧૮) શ્રીહરિ બંદિજનોની વાણી તથા વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાંભળતા, ધીમે ચાલતા, અલૌકિક શોભાવાળા પુરને શ્રીહરિ જોતા હતા. (૧૯)

વિવિધ પ્રકારની વેલી, ફળ તથા પુષ્પોયુક્ત વૃક્ષોના સમુદાયોથી શોભાયમાન, રૈવત પર્વતથી દેવતાઓના બગીચા સમાન શોભાવાળા, અનેક ઉપવનોથી ચારે બાજુથી શોભાયમાન; (૨૦) વિચિત્ર વર્ણવાળા ઉત્તમ દરવાજાઓ જેને છે એવા ઊંચા કિલ્લાઓથી શોભાયમાન, સંમાર્જન કરેલી તથા જળ છંટાયેલી ચોખંડીઓ, શેરીઓ તથા માર્ગોથી અત્યંત શોભાયમાન; (૨૧)

સમાન પંક્તિઓવાળી સાત માળની હવેલીઓ, સુંદર મનોહર શણગારેલા ઘરોથી શોભતું, સુંદર ઘોડશાળાઓથી વિશેષ શોભતું, વિવિધ પ્રકારનાં અનાજની દુકાનોથી યુક્ત; (૨૨)

વિશાળ ધર્મશાળાઓથી સુંદર, શ્રેષ્ઠ સભાસ્થાનો, ચોખંડીઓ, વિવિધ પ્રકારની વેચવા યોગ્ય સુંદર વસ્તુઓ જેમાં છે એવું, સમાન પંક્તિથી શોભાયમાન હાટોથી સંભાવિત શોભાવાળું. (૨૩)

ઓટલાઓથી શોભાયમાન, ફાંસડાવાળાં પરબડીના સ્તંભો ઉભર રહેલા પારેવા તથા મયૂરો વગેરે વિવિધ પ્રકારનાં મધુર ઘોષ કરતા, શુક, સારિકાદિ પિંજર પક્ષિઓના નિનાદોથી ગુંજતું, સુંદર ભાતભાતના ચિત્રોથી શોભતું, અતિશય સુંદર, અનેક વાદ્યો સહિત ગાન થતા દેવાલયો, ઊંચા સ્વર્ગમાં રહેલા ઈન્દ્રભુવનો સમાન શોભતા રાજદરબારમાં રાજાના કોટની અંદર રાજભુવનોથી પ્રકાશમાન. (૨૪, ૨૫)

સોપારીના વૃક્ષો સહિત કેળો તથા જળપૂર્ણ ઘડાઓથી શોભાયમાન, આંગણાએ યુક્ત ગૃહોથી રમણીય, વિવિધ વર્ણોવાળી ધજાઓ જેમાં છે એવું, બારણાઓમાં લટકતા તોરણોથી શોભાયમાન. (૨૬) આ પ્રકારનાં પ્રસિદ્ધ નગરમાં પ્રવેશેલા, શ્રેષ્ઠ હાથી ઉપર બિરાજેલા, સર્વોપરી શ્રીહરિનાં દર્શન માટે રાજમાર્ગમાં પુરના નિવાસીજનો પોતાનાં તમામ કાર્યોનો ત્યાગ કરીને તત્કાળ આવ્યા. (૨૭)

તે સમયે લોકો, હાટોમાં બેસીને, દર્શનીય શ્રીહરિનાં દર્શન કરતા હતા. કેટલાક ઘરો ઉપર બેસીને દર્શન કરતા હતા. કેટલાક લોકો તો નગરના ઊંચા કિલ્લા ઉપર ચઢીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૨૮) ચંદ્રને જોઈને ચકોર જેમ હર્ષ પામે તેમ શ્રીહરિનાં દર્શન કરી ઘણી શાંતિ પામેલા તે સર્વ

જનો સમુદાયનું ચિત્ત શ્રીહરિનાં સૌંદર્યમાં આસક્ત થઈ ગયું. અને તેથી તે સમયે જાણે ભીંતમાં ચિતરેલા ચિત્રોની માફક જ તે સર્વે સ્થિર બની ગયા. (૨૯)

કોટિ કામદેવ સમાન મનોહર અંગવાળા શ્રીહરિનાં અતૃપ્ત નયને દર્શન કરીને પુરની સ્ત્રીઓ પણ અધિક શાંતિ પામી અને શ્રીહરિની સ્તુતિ કરતી તે સર્વે સુગંધિમાન પુષ્પોથી શ્રીહરિને વધાવવા લાગી. (૩૦)

આ પ્રકારે પૌરજનોએ જેમનું સન્માન કર્યું છે તેવા અતિશય શોભાયમાન શ્રીહરિને, તેમનાં ભક્તો સાથે, ઉત્તમ તંબુઓ જેમાં છે તેવા અત્યંત રમણીય બગીચામાં રાજાએ નિવાસ કરાવ્યો. (૩૧)

તે સમયે રાજા શ્રીહરિનું આતિથ્ય કરવા લાગ્યા. શ્રીહરિની આજ્ઞાથી રાજાના બંને અમાત્યો- ઉદાર બ્રાહ્મણો-સુંદર પાકની સામગ્રીઓ સમૂહ તત્કાળ મંગાવવા લાગ્યા. (૩૨)

પછી શ્રીહરિ સભા મંડપમાં પોતાનાં માટે શોભાયમાન ભક્તજનોએ બનાવેલા એવા સુંદર આસન ઉપર બિરાજ્યા. શ્રીહરિનાં બંધુજનો રામપ્રતાપ તથા અન્ય ત્યાગીજનો, ભક્તો વગેરે યથાયોગ્ય બેઠા. (૩૩)

શ્રીહરિએ સન્માન જેમનું કર્યું છે તે ભૂમિપતિ શ્રીહરિનાં દર્શન કરતા સભામાં બેઠા. તેમનાં અમાત્યો પણ શ્રીહરિનાં સ્વરૂપના દર્શનથી આશ્ચર્યવત્ બની શ્રીહરિનાં દર્શન કરતા ત્યાં બેઠા. (૩૪)

હે રાજન્ ! શ્રીહરિ અમૃત સારથી પણ ઉત્તમ રસવાળી ધર્માદિના ઉપદેશની સુંદર વાર્તા કરતા હતા. રાજા તથા સર્વજનો શ્રીહરિએ કરેલી તે વાર્તા સાંભળીને આશ્ચર્ય પામી અતિ આનંદ પામ્યા. (૩૫)

શ્રીહરિ તથા તેમનાં ભક્તજનોની સેવા માટે બંને અમાત્યોને રાજાએ નિયુક્ત કર્યા. લોકોનો સમુદાય દર્શનીય, પ્રણતજનોની પીડા હરનારા, શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની આજ્ઞાથી પોતાનાં દરબારમાં ગયો. (૩૬)

હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને બંધુજનો સાથે વિષ્ણુને નિવેદન કરેલાં ભોજન જમ્યા. સર્વ સાધુજનો, વર્ણીઓ, પાર્ષદો, ઘોડેસવારો તથા ઉત્તમ રાજા વગેરે પણ ભોજન જમ્યા. (૩૭)

આશ્રિતોના મનોરથ પૂરનારા ઈશ્વર શ્રીહરિ, જેમની પુરના ભક્તો અત્યંત સ્નેહપૂર્વક દરરોજ યથાયોગ્ય સેવા કરી રહ્યા છે અને જે હરિના જ ચરણકમળના આશ્રિત છે તેવા પોતાનાં ભક્તજનોને અત્યંત સુખ આપતા શ્રીહરિ જીર્ણ દુર્ગપત્તનમાં રહ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિનું જીર્ણ દુર્ગપત્તનમાં આગમન નિરૂપણ નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- જીર્ણ દુર્ગપુરમાં શ્રીહરિનાં આશ્રિત રાજાના અમાત્ય રામજીત તથા અંબાશંકર બંને વિપ્રો તથા અંબાશંકરના પુત્ર રૂપશંકર વગેરે બ્રાહ્મણો તથા અન્ય બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરતા હતા. (૧)

ચંપક (ચાંપશી) તથા મંગળજીત, વીરજીત વગેરે ઘણા મુખ્ય વણિક ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૨) માનસિંહ ભાટ, ગોકુળ ભક્ત તથા લક્ષ્મણ ભક્ત હંમેશા પ્રીતિપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૩)

તે પુરમાં હિરાભાઈ તથા ઉદ્ધવ વગેરે ઘણાં ભક્તો પોતાનાં ઈષ્ટદે શ્રીહરિની યથાયોગ્ય ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૪) આગળ કહેલા રામજીત વગેરે ભક્તો, પોતાનાં જ્ઞાતિબંધુઓ તથા અન્ય લોકોના અત્યંત ઉપદ્રવ છતાં પણ પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિ તથા પોતાનાં ધર્મથી ચલાયમાન થયા નહિ. (૫)

તે ભક્તોની પ્રત્યક્ષ શ્રીહરિમાં માહાત્મ્ય જ્ઞાન સહિત પોતાનાં દેહથી પણ અતિ અધિક પ્રીતિ થઈ. (૬) તે ભક્તો પ્રહલાદની માફક અત્યંત હરિભક્તિમાં શૂરવીર, અત્યંત ધૈર્યશાળી, સર્વદા સ્વધર્મમાં નિષ્ઠાવાળા પ્રત્યક્ષ શ્રીહરિને ભજતા હતા. (૭) શ્રીહરિ પ્રત્યે અત્યંત ભક્તિવાળી પાંચાળી વગેરે સ્ત્રીઓ, યથાયોગ્ય સ્વધર્મમાં રહી, ભક્તિપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરતી હતી. (૮)

પોતાને વિષે અનન્યભાવ યુક્ત નિષ્કપટ છે અંતઃકરણ જેમનું એવા, ત્યાંના રામજીત આદિક ભક્તસમૂહ, પ્રીતિથી શ્રીહરિની સેવા કરતા હતા. તેથી શ્રીહરિ પણ ત્યાં હર્ષપૂર્વક રહેતા હતા. (૯)

રાજા શ્રીહરિને પોતાનાં ભુવનમાં લઈ જવા માટે પોતાનાં બંને બ્રાહ્મણ અમાત્યોને વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ વાહનો સાથે આદરપૂર્વક મોકલ્યા. (૧૦) બંને અમાત્યો શ્રીહરિની સમીપે આવી પ્રણામ કરીને, પોતાનાં પ્રિય શ્રીહરિને પ્રીતિપૂર્વક રાજાના દરબારમાં લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૧૧)

પ્રસન્ન થયેલા શ્રીહરિ રાજદરબારમાં જવાની ઈચ્છાથી પોતાની સાથે આવવા માટે પોતાનાં સર્વે જનોને હર્ષપૂર્વક આજ્ઞા આપતા હતા. (૧૨) બંને અમાત્યો, શ્રીહરિનાં બંધુજનો વગેરે તથા મુક્તાનંદ વગેરે સાધુને, વિવિધ પ્રકારનાં વાહનોમાં આદરપૂર્વક યથાયોગ્ય બેસાડતા હતા. (૧૩)

પછી બંને અમાત્યોએ પ્રાર્થનીય શ્રીહરિને પ્રાર્થના કરી. રમણીય, સુવર્ણ કળશવાળા રાજાના નરયાનમાં હર્ષપૂર્વક શ્રીહરિની બેસાડ્યા. (૧૪) પોતાનાં સમગ્રજનો સહિત તથા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ, છત્ર ચામરથી શોભતા, વાજિંત્રોના ઘોષ સહિત ચાલ્યા. (૧૫)

તે સમયે પુરમાં ચાલતા હર્ષયુક્ત સુવર્ણ છડીવાળા દ્વારપાળ કુબેર મંગળરૂપ છડી પુકારતા હતા. (૧૬) રાજાના દ્વારપાળો પણ શ્રીહરિની આગળ મંગળરૂપ વાણી બોલતા હતા. આગળ ચાલતા પાર્ષદો બંધૂકોના અવાજો કરતા હતા. (૧૭) તે સમયે ત્યાગીજન સમુદાય તથા અન્ય ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની આગળ કલ્યાણકારી પદો ગાતા ગાતા ચાલતા હતા. (૧૮) પોતાનાં જનો સહિત

શ્રીહરિ, દર્શનની ઈચ્છાવાળા પુરના લોકોને દર્શન આપતા ધીમે ધીમે ચાલતા ચાલતા મહિપતિના દરબારમાં પધાર્યા. (૧૯)

શ્રીહરિ નરયાનમાંથી ઉતરતા હતા તેટલામાં રાજા પોતાનાં સભ્યોની સાથે પ્રીતિપૂર્વક પરમાત્મા શ્રીહરિની સન્મુખ આવ્યા. (૨૦) રાજાએ શ્રીહરિને નમસ્કાર કરી શ્રીહરિનો હાથ પોતાનાં હાથમાં પકડીને શ્રીહરિને સભાસ્થાનમાં લઈ જઈ પ્રીતિપૂર્વક રમણીય સિંહાસનમાં બેસાડ્યા. (૨૧)

શ્રીહરિનાં બંધુ વર્ગ તથા મુખ્ય મુખ્ય સાધુઓને વાહનોમાંથી ઉતારી સભામાં લાવ્યા. સભામાં અગ્રસ્થાને બિરાજેલા શ્રીહરિને હર્ષપૂર્વક નમસ્કાર કરી તેઓ બેઠા. (૨૨) સભામાં રાજાએ અન્યથી ઉત્તર ન થઈ શકે એવો પ્રશ્નો શ્રીહરિને પૂછ્યા. શ્રીહરિ તે રાજાના પ્રશ્નના ઉત્તર તત્કાળ કરતા હતા. (૨૩) સભાજનો પણ રાજાની જેમ જે જે પ્રશ્ન વિભુ શ્રીહરિને પૂછતા હતા, તે તે પ્રશ્નોનું શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિ સમાધાન કરતા હતા. (૨૪)

વિચિક્ષણ સભ્યો સહિત રાજા આશ્ચર્ય યુક્ત બંને હાથ જોડીને વિનયપૂર્વક, હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૫) હે સ્વામિન્ ! આપ યોગીન્દ્રોને પ્રાર્થના કરવા યોગ્ય અને દર્શનીય એવા પ્રત્યક્ષ ભગવાન છો. આપ ભગવાન ન હો તો આપના લાખો ભક્તો નિર્દોષ કેમ થાય ? (૨૬)

હે સ્વામિન્ ! આપ પ્રત્યક્ષ પણે અત્યંત દયાપૂર્વક અમારા નગરમાં પધાર્યા અને મને કૃતાર્થ ને અતિ પવિત્ર કર્યો. (૨૭) આ પ્રકારે રાજાએ કહી, બહુ પ્રકારે શ્રીહરિની પ્રાર્થના કરી. પછી પોતાનાં બ્રાહ્મણ અમાત્યોને શ્રીહરિનું પૂજન કરવા માટે આજ્ઞા આપી. (પોતે યવન હોવાથી શ્રીહરિનું પૂજન પોતાનાં અમાત્ય બ્રાહ્મણો દ્વારા કરાવ્યું.) (૨૮)

કેસર, કસ્તુરી, ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારનાં ઉપચારો, મહામૂલ્યવાળાં વસ્ત્રો સાથે સુવર્ણના સૂત્રવાળા અંબરો, અતિમૂલ્યવાળાં અંદર જડેલા વિવિધ વર્ણના મણિ તથા સુવર્ણના વિવિધ ભૂષણો જેમાં જડેલાં વિવિધ પ્રકારનાં મણિ તથા સુવર્ણના સૂત્રોથી ગુંથેલા, શોભાયમાન પાઘડીના ભૂષણો તથા સુવર્ણમાં જડેલા મોતી તથા મણીઓથી કરેલા પ્રકાશમાન તોરાઓ તથા ઘણી સુગંધિવાળા તેલ તથા ગુલાબજળથી શ્રીહરિની ભક્તિ કરવામાં મહાબુદ્ધિશાળી રાજાના તે બંને બ્રાહ્મણ અમાત્યો ધર્મનંદન શ્રીહરિનું ગાઢપ્રેમથી પૂજન કરતા હતા. (૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩)

તે બંને અમાત્યોએ સોનામહોરોથી ભરેલું પાત્ર તથા સોપારી અને તાંબૂલના પાત્રો આદરપૂર્વક શ્રીહરિની આગળ મૂકયા. (૩૪) રાજાના બંને વિચિક્ષણ અમાત્યો પ્રીતિપૂર્વક શ્રીહરિનાં બંધુજનોનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. સમગ્ર ત્યાગી તથા તેમનાં અન્ય ભક્તોની પણ તેઓ પૂજા કરતા હતા. (૩૫)

પછી દયાળુ શ્રીહરિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિના ઉપદેશવાળી અમૃતથી પણ અધિક રસવાળી, મુક્તિ આપનારી વાર્તા કરીને રાજાને તથા સભ્યોને અત્યંત આનંદ પમાડતા હતા. (૩૬)

પછી શ્રીહરિ રાજાની આજ્ઞા લઈને તત્કાળ નરયાનમાં બેસી, હર્ષ પામેલા સમગ્ર જનોની સાથે, વાદ્યોના ઘોષ સાથે, પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૭) ઈષ્ટદેવ શ્રીહરિ જીર્ણ દુર્ગપુરમાં પધાર્યા છે એવું જાણીને તેમનાં દર્શન કરવા માટે દેશાન્તરથી શ્રીહરિનાં હજારો ભક્તજનો જેમને શ્રીહરિનાં અનન્ય પ્રીતિ છે તે સર્વ, જીવ દુર્ગનગરમાં આવ્યા. (૩૮)

તે ભક્તો પોતાનાં સ્વામી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી નિશ્ચળ નેત્રોથી અત્યંત પ્રેમપૂર્વક શ્રીહરિનાં દર્શન કરી, દરિદ્ર લોકો ધનસમૂહ જોઈ જેમ આનંદ પામે તેમ, અત્યંત આનંદ પામ્યા. (૩૯)

શ્રીહરિ પોતાનાં વિષે ગાઢ પ્રેમવાળા પોતાનાં ભક્તોને હાથની સંજ્ઞાવડે તથા તેમની સાથે સંભાષણ કરી તથા તેમનાં તરફ દૃષ્ટિ કરી, તેમને સ્પર્શ કરી, તેમનાં તરફ મંદ હાસ્ય કરી, તેમજ તેમને નિવાસ આપવો વગેરેથી તેમની સર્વની યથાયોગ્ય સંભાવના કરવા લાગ્યા. (૪૦)

સભામાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજેલા પોતાનાં ભક્તજનોના નેત્રરૂપી ચકોરો રાત્રિના સ્વામી ચંદ્રસમાન શ્રીહરિમાં જોડાઈ ગયા. એ રીતે અસંખ્ય ભક્તોને પોતાનાં દર્શન આપી શ્રીહરિ તેમને અનુપમ આનંદ આપતા હતા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમસ્કંધમાં જીર્ણદુર્ગના રાજાએ શ્રીહરિનું સન્માન કર્યું તે વર્ણન નામે સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જીર્ણ દુર્ગપત્તન નિવાસી ભક્તો ચંદન, અક્ષત, કુમકુમ, પુષ્પોના તોરા, હાર તથા બાજુબંધ વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧) વળી પુરના જનો તેમજ જુદા જુદા દેશોમાંથી આવેલા ભક્તો પણ એકબીજાના કરતા ઉત્તમ રસયુક્ત ભોજનથી શ્રીહરિને, તેમનાં જનોની સાથે તૃપ્તિ પમાડતા હતા. (૨)

જુદા જુદા દેશોથી આવેલા ભક્તો મહામૂલ્યવાળા ભૂષણો, અલંકારો તેમજ અન્ય ઉપચારો વડે ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા.(૩) હે રાજન્ ! પુરના ભક્તો પોતાનાં ઈષ્ટદેવ, અચ્યુત, પ્રાર્થનીય શ્રીહરિને પોતપોતાનાં ઘર પ્રત્યે લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા. (૪)

તેથી શ્રીહરિ તેમનાં ઘેર જવા માટે પાર્ષદે આણેલા, વિવિધ ભૂષોથી શણગારેલા, પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજમાન થયા. (૫) શોભાયમાન સોનેરી વસ્ત્રો ધારણ કરનારા, સુગંધી પુષ્પોના તોરા તથા હારની શોભા જેમને છે એવા, નાના પ્રકારનાં અલંકારોથી શોભાયમાન, શ્રીહરિ પોતાનાં નિવાસથી ચાલ્યા. (૬)

ઘોડેસવારો, પાર્ષદો, સાધુઓ, બ્રહ્મચારીઓ, ગૃહસ્થ ભક્તો તથા ઘોડા ઉપર બેઠેલા પોતાનાં બંધુજનો વગેરેની સાથે વાદ્યના ઘોષ સાંભળતા સોનાની છડી ધારણ કરતા કુબેર દ્વારપાળે ઉચ્ચારણ

કરેલા મંગળકારી છડીના શબ્દો સાંભળતા, છત્રચામરથી શોભાયમાન જનસમુદાયની અતિ ભીડથી ધીમેથી ચાલતા શ્રીહરિ, ટોળેટોળાં મળીને ત્યાં આવેલા પુરવાસી જનોને દર્શન આપતા પોતાનાં ભક્તજનોના નિવાસો જ્યાં છે એવા રાજમાર્ગ પ્રત્યે પહોંચ્યા. (૭, ૮, ૯)

તે તે ઘરોમાં શ્રીહરિનાં દર્શન કરતી સ્ત્રીઓ સાકરના ભરેલાં પાત્રો ઢાંકીને લાવતી, પોતાનાં મનમાં તર્ક કરતી હતી. (૧૦) આ સ્વામિનારાયણ પોતે જો પ્રત્યક્ષ ભગવાન હોય તો અમોએ ઢાંકેલી અમારી સાકર જાણીને, હમણાં જ 'આ સાકર આપો' એમ અમને કહે. (૧૧)

પૌરની સ્ત્રીઓનું આત્યંતિક શ્રેય કરવા ઈચ્છતા શ્રીહરિ પુરની સ્ત્રી જનોએ પોતાનાં મનમાં કરેલા સંકલ્પને જાણીને પુરની સ્ત્રીઓ પ્રત્યે કહેવા લાગ્યા. (૧૨) હે સ્ત્રીઓ ! મારે માટે ઢાંકીને રાખેલી સાકર મને તમો આપો. તેમનું આવું વચન સાંભળીને તે સ્ત્રીઓ આશ્ચર્ય પામી. (૧૩)

સર્વે સ્ત્રીઓ પોતાનાં સંકલ્પ જાણનાર શ્રીહરિને ભગવાન જાણીને પ્રેમયુક્ત બની શ્રીહરિને સાકર આપવા લાગી. (૧૪) હે રાજન્ ! શ્રીહરિ પુરની સ્ત્રીઓએ આપેલી સાકર કૃપાપૂર્વક ગ્રહણ કરીને પોતાની સમીપે બેઠેલા મુકુંદાનંદ વર્ણીને તે આપતા હતા. (૧૫)

તેથી તે સ્ત્રીઓ શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણી શ્રીહરિનો આશ્રય કરીને પોતાનાં ધર્મમાં દઢ રહી, શ્રીહરિને નિરંતર ભજવા લાગી. (૧૬) શ્રીહરિ તે રાજમાર્ગમાં પોતાનાં ભક્તોના ઘર પ્રત્યે એક પછી એક એમ જવા લાગ્યા. તે ભક્તો પણ શ્રીહરિનું તથા તેમનાં ભક્તજનોનું પરમપ્રીતથી પૂજન કરતા હતા. (૧૭)

સુંદર કેસર, કસ્તુરી, અક્ષત, ચંદન, કુમકુમ તથા અન્ય ઉપચારો મહામૂલ્યવાળાં ભૂષણો, વસ્ત્રો, શ્રેષ્ઠ રૂપામુદ્રાઓ તેમજ વિવિધ પ્રકારની ભેટોથી, ભક્તો શ્રીહરિનું પૂજન કરી, શ્રીહરિની મહાઆરતી કરતા હતા. (૧૮, ૧૯)

પછી તે ભક્તો શ્રીહરિનાં બંધુજનો તથા શ્રીહરિનાં આશ્રિત સમગ્ર ત્યાગીઓનું પણ ઉપચારોથી યથાયોગ્ય હર્ષપૂર્વક પૂજન કરતા હતા. (૨૦) આવી રીતે ભક્તોએ શ્રીહરિનું સારી રીતે પૂજન કર્યું. પછી ભક્તજનોને પ્રિય શ્રીહરિ પોતાનાં આત્મીય જનોની સાથે બીજી હવેલીમાં પધાર્યા. (૨૧)

અહીંની સ્ત્રીઓ પણ પ્રથમની સ્ત્રીઓની માફક સંકલ્પ કરીને પુષ્પોના હાર ઢાંકીને લાવેલી, સ્વયં શ્રીહરિનાં દર્શન કરતી હતી.(આ ભગવાન હોય તો અમારી પાસેથી પુષ્પની માળાઓ માગશે.) (૨૨)

તેમનાં હૃદયનો અભિપ્રાય જાણનારા શ્રીહરિ તે સ્ત્રીઓને કહેવા લાગ્યા, હે માનિનીઓ ! મારે માટે ઢાંકીને રાખી મૂકેલા પુષ્પના હાર તમે મને આપો. (૨૩) પછી આશ્ચર્યચકિત ચિત્તવાળી તે સમગ્ર સ્ત્રીઓ શ્રીહરિને પુષ્પના શ્રેષ્ઠ હાર ઘણી પ્રીતિથી સમર્પણ કરવા લાગી. (૨૪)

પછી તે સ્ત્રીઓ શ્રીહરિને આ પ્રકારે અંતર્યામી તથા ભગવાન જાણીને, શ્રીહરિનો આશ્રય કરીને તથા પોતાનાં ધર્મનું પાલન કરી, પ્રીતિપૂર્વક શ્રીહરિનું ભજન કરવા લાગી. (૨૫) પછી તે ભક્તો શ્રીહરિને

પૂર્વની માફક પોતપોતાનાં ઘેર લઈ જઈને, અમૂલ્ય વસ્ત્ર ભૂષણાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૬) તે ભક્તો, શ્રીહરિનાં બંધુજનો તથા શ્રીહરિનાં આશ્રિત સર્વે વર્ણીઓ તથા સાધુઓ વગેરેની પણ આદરપૂર્વક યથાયોગ્ય પૂજા કરતા હતા. (૨૭)

આ પ્રકારે પુરના સમગ્ર ભક્તો શ્રીહરિને પોતપોતાનાં ઘેર લઈ જઈને સુંદર ઉપચારો વડે અત્યંત પ્રેમપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૮)

શ્રીહરિમાં સ્નેહયુક્ત અન્ય બ્રાહ્મણો વગેરે પણ, પોતપોતાનાં ઘરની સમીપે આવતા શ્રીહરિની સન્મુખ જઈને, રસ્તામાં જ ચંદનથી પૂજન કરીને શ્રીહરિને ભેટ પણ આપતા હતા. (૨૯)

તે બ્રાહ્મણોમાં કેટલાક જનો શ્રીહરિને ઉત્તમ પેંડા આપતા હતા, કેટલાક સુંદર બરફી, કેટલાક સુંદર ગુંદર પાક આપતા હતા. (૩૦) કેટલાક બ્રાહ્મણો શ્રીહરિને ટોપરા પાક તથા ગુલાબ પાક, કેટલાક દ્રાક્ષ પાક વગેરે પાક અર્પણ કરા હતા. (૩૧) કેટલાક મગદળ, કેટલાક સાકર, રેવડી, કેટલાક સુંદર સુખડી તથા અન્ય ખાદ્ય પદાર્થો, શ્રીહરિને અર્પણ કરતા હતા. (૩૨) કેટલાક હર્ષપૂર્વક સોપારી, લવીંગ, એલાયચી, તાંબુલ વગેરે આપતા હતા. કેટલાક તેમને પાકાં કેળાં સમર્પણ કરતા હતા. (૩૩)

પુરના કેટલાક લોકો પાકાં દાડમ વગેરે સ્વાદિષ્ટ ફળો પ્રીતિપૂર્વક શ્રીહરિને આપતા હતા. પુરના કેટલાક જનો આદરપૂર્વક શ્રીહરિને સીતાફળ, રામફળ આદિક ઘણાં પ્રકારનાં ફળો આપતા હતા. (૩૪)

બ્રાહ્મણની કેટલીક સ્ત્રીઓ પણ સાકર યુક્ત દૂધના ભરેલા કળશ ઢાંકીને પોતાનાં ઘરના બારણામાં ઊભી રહી હતી. (૩૫) પછી અશ્વ ઉપર બિરાજીને આવતા, કરોડો કામદેવને મોહ પમાડનારા શ્રીહરિને જોઈ, તે સ્ત્રી અત્યંત પ્રસન્ન થઈ, પોતાનાં અંતરમાં વિચાર કરવા લાગી. (૩૬) આ સ્વામિનારાયણ સર્વજનોના અંતર્યામી ભગવાન જો હોય તો દૂધનો કળશ મારી પાસે માગશે. (૩૭)

પછી સ્વયં શ્રીહરિ સર્વના અંતર્યાત્મા હોવાથી તેનો સંકલ્પ જાણી, તે સ્ત્રીની પાસે દૂધનો કળશ માગી તેણે આપેલો દૂધનો કળશ પ્રીતિપૂર્વક ગ્રહણ કરતા હતા. (૩૮) તેથી તે સ્ત્રી સદા દર્શનીય શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણીને, શ્રીહરિનું દરરોજ ભજન કરવા લાગી અને શ્રીહરિને સદા પોતાનાં નેત્ર સન્મુખ જોવા લાગી. (૩૯)

બીજી સ્ત્રી બરફી, પેંડા ભરેલા પાત્રો સંતાડીને પોતાનાં ઘરના આંગણામાં ઊભી રહી. (૪૦) જનોનાં નેત્રોને લોભ પમાડનારા અને જન્મ મરણથી થતા ક્ષોભનો નાશ કરનાર છે દર્શન જેમનાં એવા શ્રીહરિને જોઈને, તે પણ આગળની સ્ત્રીની જેમ સંકલ્પ કરતી હતી. (૪૧)

સર્વે જનોના હૃદયને જાણનારા સ્વયં શ્રીહરિ તે સ્ત્રીએ સંતાડેલું બરફી, પેંડાનું પાત્ર તેની પાસે

માગીને હર્ષપૂર્વક તેના બરફી, પેંડા દયાથી ગ્રહણ કરતા હતા. (૪૨) તેથી આ સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે એમ જાણીને તે સ્ત્રી શ્રીહરિનો દૃઢાશ્રય કરી, પોતાનાં ધર્મમાં રહી, હંમેશા શ્રીહરિનું ધ્યાન કરતી, શ્રીહરિનું ભજન કરવા લાગી. (૪૩)

આવી રીતે જનોની આત્યંતિક મુક્તિ કરવા માટે તેમને કૃપાપૂર્વક પોતાનો દિવ્યભાવ બતાવતા શ્રીહરિ, પુરના જનોએ પોતાની કરેલી પૂજા ગ્રહણ કરતા હતા. (૪૪)

આવી રીતે શ્રીહરિ નિષ્કારણ અપાર કરુણાથી દરેકના ઘેર જઈને, પોતાનાં આશ્રિતોની પૂજા સ્વીકારી, આનંદયુક્ત પોતાનાં સમગ્રજનો સાથે ઘણાં પ્રકારનાં માંગલિક વાજિંત્રોના ધ્વનિ સાંભળતા, પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં દરેક ઘરે ભક્તોએ શ્રીહિને પધરાવી શ્રીહરિનું પૂજનાદિ કર્યું. તેના વર્ણન નામે અઠ્ઠાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બુદ્ધિમાન મુકુંદાનંદ વર્ણિરાજ પુરની બ્રાહ્મણ સ્ત્રીઓએ અર્પણ કરેલું દૂધ ગાળીને, પુરના જનોએ અર્પણ કરેલી મનોહર શ્વેતવર્ણ વાળી સાકર તથા વિવિધ પ્રકારનાં પાકાં ફળો, બરફી, પેંડા નાના પ્રકારનાં ઉત્તમ ખાદ્ય પદાર્થો, વિષ્ણુને અર્પણ કરીને સત્પતિ પોતાનાં ઈષ્ટ શ્રીહરિની આગળ પ્રીતિપૂર્વક મૂકતા હતા. (૧,૨,૩)

પછી શ્રીહરિ રુચિ પ્રમાણે સાકર સહિત દૂધનું પાન કરીને ઉત્તમ રાજાને તથા રત્નજીત વગેરે પાર્ષદોને તે હર્ષથી આપતા હતા. (૪) તેવી રીતે ભગવાન શ્રીહરિ વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ ભોજન તથા પાકાં ફળો જમતા હતા અને પોતાનાં ભક્તોને પણ અપાવતા હતાં. (૫)

ભક્તોએ આપેલા ભૂષણો, વસ્ત્રો, ધન વગેરે શ્રીહરિ પ્રેમથી બ્રાહ્મણોને આપી દેતા હતા. (૬) આવી રીતે વિવિધ લીલા કરતા ભક્ત વત્સલ શ્રીહરિ પોતાનાં સર્વ ભક્તોને હંમેશા આનંદ કરાવતા હતા. (૭) એક સમયે શૈલેન્દ્ર રૈવત (ગિરનાર) એકાંતમાં દિવ્ય સ્વરૂપે આવીને શ્રીહરિને નમસ્કાર કરીને બંને હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮)

હે સ્વામિન્ ! હે દયાનિધે ! સર્વાવતારના કારણ, અહીં આપના પધારવાથી આપનો દાસ એવા મને અત્યંત આનંદ થયો છે. (૯) પ્રાણીઓના કલ્યાણ માટે પ્રત્યક્ષપણે પૃથ્વી ઉપર વિચરણ કરતા આપે આપની ચરણ રજથી હિમાચળ વગેરે પર્વતોને પવિત્ર કર્યા છે. (૧૦)

મારી સમીપના પ્રદેશમાં વસતા યોગીઓએ પ્રાર્થના કરવા યોગ્ય છે. દર્શન જેમનાં એવા આપ,

દુઃખને નાશ કરનારા, આપના ચરણ સ્પર્શથી મને પવિત્ર કરો. (૧૧)

હે સ્વામિન્ ! હું પહેલાં આપના અવતારો દત્ત-બળરામ-શ્રીકૃષ્ણ વગેરેનો પાદ સ્પર્શ પામ્યો છું. પરંતુ આપ અવતારીના ચરણ કમળોનો સ્પર્શ નથી પામ્યો. (૧૨)

હે ભગવન્ ! માટે મારે ત્યાં આવીને, યોગીન્દ્રોએ ઇચ્છેલા પાવનકારી આપના ચરણ કમળની રેણુથી પર્વત સ્વરૂપ પામેલા મને આપ પવિત્ર કરો. (૧૩)

એ પ્રકારની તેની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ મંદ હાસ્ય પૂર્વક કહેવા લાગ્યા. હે શૈલરાજ ! હું તમારા નિવાસમાં જરૂર આવીશ. (૧૪) આવું શ્રીહરિનું વચન સાંભળીને રૈવતાદ્રી પ્રસન્ન થઈ શ્રીહરિનું પૂજન કરીને વારંવાર શ્રીહરિનાં ચરણોમાં નમસ્કાર કરીને તે સ્થાનથી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. (૧૫)

હે રાજન્ ! પછી તીર્થત્વ અર્પવાની પ્રતિષ્ઠા પામેલા શ્રીહરિ, જનોએ તીર્થવિધિ શિખવાડવા માટે, રમણિય રૈવતાદ્રિ પ્રત્યે જવા માટે સંકલ્પ કરવા લાગ્યા. (૧૬) શ્રીહરિ પોતાની સાથે આવવા માટે તે પોતાનાં દર્શનમાં ઉત્કંઠીત ચિત્તવાળા પોતાનાં સર્વ જનોને પ્રીતિ પૂર્વક આજ્ઞા કરવા લાગ્યા. (૧૭)

પછી શ્વેત વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિ પુષ્પોના તોરા, હાર, બાજુબંધ, કાનના ગુચ્છાઓથી શોભાયમાન, મનોહર, વિવિધ વિભૂષણોથી વિભૂષિત, પાર્ષદોએ આણેલા પોતાનાં અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧૮, ૧૯)

પછી ઉત્તમ ઘોડાઓ ઉપર બેઠેલા પોતાનાં બંધુજનોની સાથે, તેમજ ઘોડેસવારો તથા પાર્ષદો સહિત શ્રીહરિ શોભાયમાન છત્ર ચામરોથી શોભતા ચાલવા લાગ્યા. (૨૦) તે સમયે શ્રીહરિનાં આગળ સુવર્ણની છડી ધારણ કરનાર કુબેરજીત ચોપદાર ઊંચા સ્વરથી છડી પોકારતા માંગલિક શબ્દો બોલતા ચાલતા હતા. (૨૧)

શ્રીહરિની સાથે બ્રહ્મચારીઓ, મુનિઓ તથા ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા, અન્ય ગૃહસ્થ ભક્તો વગેરે પણ હર્ષપૂર્વક ચાલ્યા. (૨૨) તે સમયે વ્યાપક શ્રીહરિની આગળ વિવિધ પ્રકારનાં માંગલિક વાદ્યોનો થતો મહાન ઘોષ દશે દિશાઓમાં વ્યાપી ગયો. (૨૩)

તે સમયે સાધુઓ મૃદંગ, કાંસા, મંજીરા વગેરે હર્ષપૂર્વક વગાડતા વિષ્ણુપદો ગાતા ગાતા શ્રીહરિની આગળ ચાલતા હતા. (૨૪) કેટલાક સંતો તાળીઓ વગાડી કીર્તનો ગાતા અચ્યુત શ્રીહરિનાં દર્શન કરતા શ્રીહરિની સાથે ચાલતા હતા. (૨૫)

પોતાનાં અંગમાં અખંડ રહેલી લક્ષ્મીથી અલંકારોને પણ શોભાડનારા ઈશ્વર શ્રીહરિની પાછળ હજારો ભક્તો દોડતા હતા. (૨૬) પછી શ્રીહરિ આગળ અને પાછળ તથા પોતાની બંને પડખે માર્ગમાં પોતાનાં આશ્રિતોની ભીડ કરુણામયી અમૃત દૃષ્ટિથી જોતા અને મંદ મંદ હાસ્ય કરતા પોતાનાં રમણીય અશ્વને ચલાવતા ચલાવતા દૂરથી પર્વતરાજ રૈવતને જોવા લાગ્યા. (૨૭)

અનેક પ્રકારની ધાતુઓથી વિવિધ વર્ણવાળા શિખરો તથા રમણીય નિર્ઝરણાં જેમાં છે એવી

ગુફાઓ, કોકિલા, મયૂરો આદિ પક્ષીઓના વિવિધ પ્રકારનાં કુંજનોથી ગાજતા, હરિણ વગેરે પશુઓથી રૈવતાદ્રિ અતિ દેદીપ્યમાન ભાસતો હતા. (૨૮)

વાયુએ કંપાવેલી વૃક્ષોની સુંદર શાખાઓ તથા કોકિલા વગેરે પક્ષીઓના અતિ મનોહર નાદથી રૈવતાદ્રી, સમગ્ર મંગળ સ્વરૂપ પુણ્ય કીર્તિ શ્રીહરિને તે સમયે જાણે ઊંચા સ્વરથી પ્રીતિ પૂર્વક બોલાવતા હોય ને શું ? એમ શોભતો હતો. (૨૯)

રાણ્યો, ફણસ, બોરડી, કોઠા, જાંબુડા, આંબા, ઉમરડા, દાડમ, નાળિયેર, આમલી, ગુંદી, નસોતર, સરગવા, સોપારી, સીસમ વગેરે વૃક્ષસમૂહથી જે શોભે છે; (૩૦) લીંમડા, નાગકેસર, બોરસડી, તિલક, (ગોખરુ) કદંબ, જાયફળ, મીઠા લીંમડા, આહન, કોવિદાર, ચંપા, કેતકી, જાઈ, પારિજાત; તથા બીજા વિવિધ પ્રકારનાં પુષ્પોવાળા વૃક્ષોથી જે શોભે છે; (૩૧)

આંબા, કરંજમાળ, ખાખરા, વડ, વાંસ, અશોક, પીપળા, દેવદારુ, તાડ, તમાળ, સાદડ તથા વિવિધ પ્રકારનાં અન્ય વૃક્ષોથી જે શોભે છે. (૩૨) મધુમાલતી નામની લતાઓ તથા પુષ્કળ મોગરાઓની લતા, માધવી મુખ્ય જેમાં છે એવી પુષ્પોવાળી વેલીઓ, મધુર, વિવિધ પ્રકારનાં પક્ષીઓના ધ્વનિથી અતિ મનોહર, નદી તથા તળાવોથી જે વિશેષ પ્રકાશે છે. (૩૩)

અત્યંત ઊંચેથી પડતાં નિર્મળ જળ તથા નાના ઝરણાં, ધાતુઓના વિવિધ પ્રકારનાં વર્ણથી જાણે, મદનું જળ ઝરે છે જેને એવા વિવિધ વર્ણવાળી ઝુલથી યુક્ત ગજરાજની માફક જે શોભે છે. (૩૪) જેમાં મનોહર કિન્નર નામના ગંધર્વોના ગાનના શબ્દોથી ગાજતી ગુફાઓના છિદ્રને જોતા, અતિ ગર્વવાળા તે ભયંકર સિંહો જાણે પોતાનો શત્રુ છે એવી શંકાથી, અસહિષ્ણુ હોવાથી અતિ ભયંકર ગર્જના કરે છે. (૩૫)

પ્રિયદર્શન શ્રીહરિ આ પ્રકારનાં રૈવતાદ્રિ નજીક પોતાનાં ભક્તજનો સાથે આવીને દામોદર કુંડ તીર્થ પાસે પહોંચ્યા. (૩૬) પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરી, રત્નજીત પાર્ષદે આપેલું એક શ્વેત વસ્ત્ર ધારણ કરી, પોતાનાં શરીર ઉપર ધારણ કરેલાં બીજા વસ્ત્રો ઉતારવા લાગ્યા. (૩૭)

પછી શ્રીહરિએ પોતાનાં હાથથી ભીમ પાર્ષદનો હાથ પકડીને ઘણાં ભક્તોથી વીંટાઈને સ્નાન કરવા માટે દામોદર કુંડના પાણીમાં પ્રવેશ કર્યો. (૩૮)

તે તીર્થમાં રહેતા બ્રાહ્મણો દક્ષિણાની ઇચ્છાથી ચારે તરફથી ત્યાં આવી તેના કાંઠે ચોતરફ બેઠા. (૩૯) તે સમયે વેદ જાણનારા બ્રાહ્મણો વેદધ્વનિ કરવા લાગ્યા. તે વેદધ્વનિ (જળદેવતા સંબંધી મંત્રોચ્ચારણનો ધ્વનિ) સાંભળતા શ્રીહરિ ત્યાં પોતાનાં આશ્રિતોની સાથે પ્રીતિપૂર્વક વિધિ પ્રમાણે સ્નાન કરતા હતા. (૪૦) તે સમયે શ્રીહરિનાં દર્શન કરતા આકાશમાં રહેલા દેવતાના સમૂહ હર્ષપૂર્વક શ્રીહરિ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૪૧)

પછી શ્રીહરિએ દામોદર કુંડની સમીપે રેવતી કુંડ તીર્થમાં ભક્ત સમૂહની સાથે તીર્થ વિધિથી સ્નાન કર્યું. (૪૨) સ્વયં શ્રીહરિ રેવતી કુંડની ઉત્તર દિશામાં સ્વચ્છ જળવાળી નદીમાં પોતાનાં જનોથી

વીંટાઈને વિધિ પ્રમાણે સ્નાન કરતા હતા. (૪૩) શ્રીહરિ પાર્ષદ ભૃગુજીતનો હાથ પકડીને પોતાનાં ભક્તજનોની સાથે નદીમાંથી નીકળીને તેના કાંઠે પધાર્યા. (૪૪)

બીજા વસ્ત્રથી રત્નજીત પાર્ષદે શ્રીહરિનાં સર્વ અંગ લૂછી નાખ્યા અને પછી તેણે આપેલાં શ્વેત વસ્ત્રો પ્રીતિપૂર્વક શ્રીહરિએ ધારણ કર્યા. (૪૫) પછી બ્રાહ્મણો શ્રીહરિનાં ભાલમાં સુંદર કુમકુમનો ચાંદલો કરવા લાગ્યા. દાનમાં નિપુણ શ્રીહરિએ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી. (૪૬)

ભક્તોથી વીંટાયેલા શ્રીહરિ દામોદર ભગવાનના મંદિરમાં જઈને તેમની આગળ રૂપામહોરો મૂકીને ભગવાનનાં દર્શન કરવા લાગ્યા. (૪૭) ધર્મનંદન શ્રીહરિ મંદિરમાંથી બહાર આવીને ભેગા થયેલા પોતાનાં ભક્ત જનોને હર્ષપૂર્વક મધુર વાક્ય કહેવા લાગ્યા. (૪૮)

હે જનો ! આપણે આ પર્વત ઉપર ચઢવું, શ્રીહરિનું આ વચન સાંભળીને ભક્તજનો ઉત્સાહપૂર્વક 'બહુ સારું' એમ કહેવા લાગ્યા. (૪૯) ભીમ વગેરે પાર્ષદોને ઘોડાઓની સંભાળ રાખવા માટે ત્યાં રહેવાની આજ્ઞા આપીને પર્વત ઉપર ચઢવા ઈચ્છતા, શોભાયમાન મોજડી બંને ચરણોમાં જેમને છે એવા, શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે રૈવતાદ્રિ ઉપર ચઢવાના માર્ગે ચાલવા લાગ્યા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં રૈવતાદ્રીની શોભા વર્ણન નામે ઓગણત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી રૈવતાદ્રિની મનોહર શોભા જોતા ત્યાગીઓ તથા અન્ય ભક્તો શ્રીહરિની આગળ ચાલતા હતા. (૧) થોડા પાર્ષદોથી વીંટાયેલા હર્ષપૂર્વક માર્ગમાં ચાલતા, શ્રીહરિ તે પર્વતના મનોહર સ્થાનમાં પોતાનાં માટે પાથરેલા આસન ઉપર બિરાજમાન થયા. (૨) પછી તે સ્થાનમાં શ્રીહરિનાં પાર્ષદો પુષ્પોવાળી સુંદર વેલીઓ જોઈને હે રાજન્ ! શ્રીહરિ માટે તે પુષ્પો લેવા ઉતાવળા ગયા. (૩)

તેટલામાં દત્તાત્રય ભગવાન આદરપૂર્વક સિદ્ધ સ્વરૂપે શ્રીહરિની સમીપ આવીને બંન હાથ જોડીને, હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી, આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪) હે સત્પતે ! હે દયાસાગર! અનેક પ્રકારનાં અવતારોના કારણ આપના ઘણા કાળે દર્શન થવાથી મને અત્યારે અત્યંત આનંદ થયો. (૫) હે પ્રભો ! જેમનાં સ્મરણ માત્રથી સર્વોત્તમ શાંતિ થાય તો આપના પ્રત્યક્ષ દર્શનથી શાંતિ થાય તેમાં શું કહેવું ? (૬) હે હરે ! ક્ષર અને અક્ષરથી પણ પર, અપાર ઐશ્વર્યવાન, આપ માનુષ્ય નાટ્ય કરતા લોકોની આત્યંતિક મુક્તિ માટે પૃથ્વી ઉપર વિચરણ કરો છો. (૭) એમ ન હોય તો હે વિભો ! પૂર્ણકામ અને સર્વદા નિત્ય તૃપ્ત એવા આપને તીર્થ વગેરે સત્કર્મો કરવાથી કાંઈપણ પ્રાપ્ત કરવા યોગ્ય નથી. (૮)

તો પણ હે પ્રભો ! લોકો જેમને વંદના કરે છે એવા બ્રહ્મા ઈન્દ્રાદિ, દેવો અને તેઓ પણ આપને વંદના કરે છે એવા આપ આપના ચરણ કમળથી તીર્થોને તીર્થરૂપ કરતા આ પૃથ્વી ઉપર વિચરો છો. (૯) પછી આપે આપના ચરણ કમળથી અંકિત કરી આ પર્વતને પવિત્ર કર્યો. આપના દર્શન કરનારા અમો સર્વે તો કૃતકૃત્ય થયા છીએ. (૧૦) માટે હે સત્પુરુષોની ગતિ સ્વરૂપ ! કમળોની સુગંધથી પણ અતિ સુગંધિ યુક્ત તથા કોમળતા વગેરે સદ્‌ગુણોથી યુક્ત, આપના ચરણ કમળો છે માટે આ પર્વત ઉપર આપ ચઢવા માટે ન જાઓ. (૧૧)

દત્તાત્રય મુનિનું આ વચન સાંભળીને મંદ મંદ હસતા સ્વયં શ્રીહરિ, દત્તાત્રયને સુંદર વાણીથી પ્રસન્ન કરતા હર્ષપૂર્વક “બહુ સારું” એમ બોલ્યા. (૧૨)

દત્તાત્રય મુનિ શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થઈ અક્ષર સ્વભાવવાળા પરમેશ્વરને પૂજીને, શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ તે સ્થાનમાં તિરોધાન થઈ ગયા. (૧૩) તેટલામાં પુષ્પો લેવા ગયેલા સર્વે પાર્ષદો પુષ્પો લઈને શ્રીહરિની સમીપે આવીને શ્રીહરિને પુષ્પોથી વધાવવા લાગ્યા. પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદોને દત્તાત્રયના આગમનની વાત હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૧૪)

પોતાનાં પાર્ષદોની સાથે પર્વત ઉપર ચઢતા શ્રીહરિને પાછા વળતા શ્રીહરિની આગળ ચાલનારા તે સાધુઓ જોવા લાગ્યા. (૧૫) તેથી આગળ ચાલનારા તે સાધુઓમાંથી કેટલાક તો તત્કાળ પાછા વળ્યા અને શ્રીહરિની પાછળ ચાલીને પોતાનાં ઈષ્ટદેવ પાસે આવીને શ્રીહરિની સાથે હર્ષપૂર્વક પાછા ચાલવા લાગ્યા. (૧૬)

શ્રીહરિ પાછળ દોડતા કેટલાક સાધુઓને દૂરથી જોઈને તેમને પાછા ફરવાની ના કહી તેમને પર્વત ઉપર ચઢવા માટે આજ્ઞા આપવા લાગ્યા. (૧૭) પ્રાણવલ્લભ શ્રીહરિની પાછળ જેમનાં દેહ દોડે છે એવા તે સંતો પણ શ્રીહરિની આજ્ઞા ઉલ્લંઘન થઈ શકે નહિ માટે પર્વત ઉપર ચઢવા લાગ્યા. (૧૮)

પછી શ્રીહરિ પોતાનાં ભક્ત જનોની સાથે ચાલતા પર્વતની શોભા જોતા ભવેશ્વર શંકરના દર્શન કરીને દામોદર કુંડ પાસે પધાર્યા. (૧૯) પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદે આણેલા પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનો સહિત વાદ્યોના ધ્વનિ સાંભળતા સાંભળતા ત્યાંથી ચાલ્યા. (૨૦)

અત્યંત શાંતિ અર્પનાર છે દર્શન જેમનાં એવા ભગવાન શ્રીહરિ, ત્રિનેત્ર સ્વરૂપ હાટકેશ્વર મહાદેવના મંદિરમાં પધાર્યા. (૨૧) સદાચાર પ્રવર્તાવનારા શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને પોતાનાં ભક્ત જનોની સાથે હાટકેશ્વરના મંદિરમાં પ્રવેશી હાટકેશ્વરમહાદેવને નમસ્કાર કરવા લાગ્યા. (૨૨)

તેટલામાં દરિદ્રતાથી અત્યંત પીડાયેલો મહાદેવનો બ્રાહ્મણ સેવક શ્રીહરિની સમીપે આવીને શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિને પોતાની દરિદ્રતાનું દુઃખ કહેવા લાગ્યો. (૨૩) તેથી દીનવત્સલ, શરણ્ય, ઔદાર્ય તથા દયાના સમુદ્ર, શ્રીહરિએ તેને હજારો રૂપા મહોરો આપી. (૨૪)

આવી રીતે તેનું દારિદ્રય નાશ કરીને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ગીત તથા વાદ્યોનો ધ્વનિ

સાંભળતા પોતાનાં ભક્તજનોની સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૫) શ્રીહરિ અહીં આવી સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતાનાં બંધુ જનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૨૬)

ત્યારબાદ શ્રીહરિ હર્ષપૂર્વક મુનિઓ વગેરેને અત્યંત પીરસીને તેમની પંક્તિઓમાં વારંવાર ફરી તેમને આદરપૂર્વક જમાડતા હતા. (૨૭) પ્રેમથી ભોજનોના નામ બોલતા ચંચળ ગતિવાળા શ્રીહરિ પોતાનાં સર્વ આશ્રિતોને પીરસીને તૃપ્ત કરતા હતા. (૨૮)

તેટલામાં શ્રીહરિની આજ્ઞાથી પર્વત ઉપર ચઢવા માટે ગયેલા ત્યાગીઓ ઉતાવળા ઉતાવળા પર્વત ઉપર ચઢીને તરત જ ત્યાં આવ્યા. આવેલા તે સર્વે ત્યાગીઓને પ્રીતિથી જમાડવા માટે શ્રીહરિએ બોલાવ્યા. (૨૯) તેથી સર્વે મુનિઓ તત્કાળ આવીને આદરપૂર્વક પંક્તિબદ્ધ બેઠા. પછી શ્રીહરિ તેમને પ્રેમપૂર્વક લાડુઓ પીરસવા લાગ્યા. (૩૦)

તે સમયે શ્રીહરિ હસતા હસતા એમ બોલ્યા, હે મુનિઓ ! તમો સર્વે રેવતાચળ શિખર ઉપર મારી આજ્ઞાથી ચઢ્યા. (૩૧) માટે તમારા પાત્રોમાં મારે જરૂર આ લાડુઓના શિખર કરવા એમ સાંભળીને મુનિઓ અત્યંત હસવા લાગ્યા. (૩૨) આવી રીતે પોતાનાં સાધુઓને હર્ષ પમાડતા મંદ હાસ્ય મુખવાળા શ્રીહરિ ઉપરોક્ત વચન અનુસાર તે સર્વને લાડુ પીરસીને અતિ તૃપ્ત કરતા હતા. (૩૩) શ્રીહરિ મુકુંદાનંદ વર્ણીએ આપેલા જળથી બંને હાથ તથા બંને પગ ધોઈને પાર્ષદ સહિત સભામાં પધાર્યા. (૩૪) ધર્મનંદન શ્રીહરિ સભામાં કોમળ ગાદલા વગેરેથી યુક્ત ઊંચા રમણીય આસન ઉપર બિરાજ્યા. (૩૫)

શ્રીહરિનાં સર્વ બંધુજનો ત્યાગીઓ તથા સમગ્ર ગૃહસ્થ ભક્તો પણ યથાયોગ્ય સભામાં બેઠા. (૩૬) પછી સંગીતમાં પ્રવિણ સાધુઓ વીણા તથા સીતાર વગાડીને શ્રીહરિની આગળ ગાન કરવા લાગ્યા. (૩૭) ભગવાન શ્રીહરિ પ્રીતિપૂર્વક તે મનોહર ગાન સાંભળીને અત્યંત વિલસતી હાથની ચેષ્ટાથી ભક્તોનાં ચિત્ત હરતા હતા. (૩૮) પછી શ્રીહરિ સાયંકાળે ભક્તજનોને ભક્તિ શિખવાડતા કેડ્યમાં પટ બાંધીને તત્કાળ તૈયાર થયા. (૩૯)

પછી શ્રીહરિ તાળી વગાડીને શ્રીનારાયણનાં નામનું શુભ સંકીર્તન કરવા લાગ્યા. (૪૦) વર્ણિઓ, સાધુઓ, પાર્ષદો તથા બીજા અન્ય ગૃહસ્થ ભક્તો પણ શ્રીહરિની પાછળ તાળીઓ વગાડી શ્રીહરિનું સંકીર્તન પ્રીતિપૂર્વક કરવા લાગ્યા. (૪૧)

તે સમયે હજારો ભક્તોએ ઊંચેથી ઉચ્ચારણ કરેલો હરિનામનો ધ્વનિ, તાળીના ધ્વનિની સાથે મિશ્રિત થઈ, દિશાઓમાં વ્યાપી ગયો. (૪૨) તે સમયે તાળી વગાડવાથી શોભતા, ચંચળ શરીરવાળા, શ્રીહરિનાં દર્શન કરતા ભક્તો અત્યંત આનંદ પામ્યા. (૪૩)

મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ આવી રીતે પ્રભુનું નામ કીર્તન કરીને, 'જયશ્રી સ્વામિનારાયણ' એમ કહીને સાધુઓને નમસ્કાર કરતા હતા. (૪૪) પોતાનાં સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને, હજારો ત્યાગી

ભક્તો તથા અન્ય ગૃહસ્થ ભક્તો, હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૪૫)

હે રાજન્ ! તેઓ સર્વે યથા યોગ્ય બેસી ગયા પછી શ્રીહરિ ધર્માદિ બોધવાળી, અમૃતથી પણ અતિમિષ્ટ અતિ સુંદર વાર્તા સભામાં કરવા લાગ્યા. (૪૬) ભક્તજનોના જ હિતકારી, સમર્થ શ્રીહરિ આવી રીતે પોતાનાં સમગ્ર ભક્તોને પોતાનાં દર્શન દાનથી તથા ઉપદેશ વાર્તાથી હર્ષ પમાડી તેમને સર્વેને પોતપોતાનાં નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૪૭)

હે રાજન્ ! પછી મનોહર એવા ચટ્ ચટ્ નાદ કરતી શોભતી પાદુકાઓ જેમનાં ચરણમાં છે એવા, હાથી તથા હંસની ગતિ જેવી છે ગતિ જેમની એવા, શ્વેત રૂમાલથી યુક્ત હાથ હલાવતા પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાનાં સર્વોત્તમ નિવાસ સ્થાનમાં પધાર્યા. (૪૮)

પછી પોતાની કોમળ શય્યામાં, શ્રેષ્ઠ પાર્ષદોએ ભક્તિપૂર્વક અત્યંત જેમની સેવા કરી છે એવા ધર્મ પુત્ર શ્રીહરિએ બિરાજી, પોતાની સેવામાં ભાવવાળી શુભયોગ નિદ્રાને કૃપાપૂર્વક અંગીકાર કરી. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિ દત્તાત્રેયની પ્રાર્થનાથી રૈવતાચળ પર્વત ઉપર ન ચઢ્યા અને પાછા ફર્યા એ નિરૂપણ નામે ત્રિસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! બ્રાહ્મ મુહૂર્તમાં યોગ નિદ્રાનો ત્યાગ કરીને, સદા આનંદ સ્વરૂપ પોતાનાં સર્વોપરિ સ્વરૂપનું શ્રીહરિ ચિંતવન કરતા હતા. (૧) સવારમાં મુકુંદાનંદ વર્ણિએ જેમને સ્નાન કરાવ્યું છે તે મનુષ્ય નાટ્યધારી, શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨)

પછી શ્વેત વસ્ત્ર ધારણ કરનાર, પાર્ષદોથી વીંટાયેલા, ચટ્ ચટ્ ધ્વનિ યુક્ત છે પાદુકા જેમની એવા શ્રીહરિ, રમણીય સભા સ્થાનમાં પધાર્યા. (૩) અતિ વિસ્તારવાળા બે મોટા અશોક વૃક્ષો જેમાં છે એવા તે સભા સ્થાનમાં, ઓટલી ઉપર પોતાનાં રમણીય આસન ઉપર હર્ષપૂર્વક શ્રીહરિ બિરાજ્યા. (૪)

હે રાજન્ ! તેમનાં બંધુજનો વગેરે પણ પ્રસન્ન થઈને ત્યાં બેઠા. તેમજ હજારો ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો યોગ્યતા પ્રમાણે બેઠા. (૫) પછી શ્રીહરિને અનન્યભાવથી ભજનારા માળી મંકુ ભક્ત શ્રીહરિનાં અંગોમાં વિધિ પ્રમાણે હર્ષપૂર્વક અતિસુંદર કેસર ચંદન ચર્ચવા લાગ્યા. (૬)

પછી મંકુ ભક્તે મનોહર જાુઈ, ગુલાબ વગેરે સુગંધિવાળા પુષ્પોની બનાવેલી પાઘ શ્રીહરિને ધારણ કરાવી. (૭) મંકુ ભક્તે ધર્મપુત્ર શ્રીહરિને પુષ્પના બંને કુંડળો ધારણ કરાવ્યાં, તેમજ સુગંધિમાન પુષ્પોનો ખેસ તથા અંગરખુ ધારણ કરાવ્યું. (૮)

તેવી રીતે મંકુ ભક્તે કાનાના ગુચ્છો, બાજુબંધો, કડાં તથા સાંકળા પ્રીતિપૂર્વક પોતાનાં ઈષ્ટદેવને ધારણ કરાવ્યાં. (૯) બીજા હજારો હરિભક્તો પણ સન્માનપૂર્વક, વિવિધ પ્રકારનાં સુગંધિવાળા પુષ્પોના હાર, બાજુબંધ તથા તોરાઓ શ્રીહરિને ધારણ કરાવતા હતા. (૧૦)

તે સમયે વિવિધ પુષ્પમય ભૂષણો તથા વસ્ત્રોથી યુક્ત શ્રીહરિ, વિવિધ પ્રકારનાં કમળોથી યમુનાનો ધરો જેમ શોભે તેમ શોભતા હતા. (૧૧) શ્રીહરિએ ધારણ કરેલાં પુષ્પોના વસ્ત્રો તથા ભૂષણોનો અતિ પવિત્ર સુગંધ શ્રીહરિનાં શરીરના સુગંધની સાથે મિશ્રિત થઈ વૃદ્ધિ પામતો સર્વ દિશાઓમાં વ્યાપિ ગયો. (૧૨)

ચારે તરફ પ્રસરેલી તે સુગંધથી જેમનાં અંતઃકરણ ખેંચાયા છે એવા ભમરાઓ સર્વ બગીચાઓનો ત્યાગ કરી શ્રીહરિની સમીપે તત્કાળ આવ્યા. (૧૩) શ્રીહરિનાં સુગંધના અતિ લોભથી શ્રીહરિની ચારેય તરફ ભમતા તથા ગુંજારવ કરતા ભમરાઓને જ્યારે શ્રીહરિનાં પાર્ષદો ઉડાડતા હતા. (૧૪)

ત્યારે પોતાનાં પ્રત્યક્ષ સંબંધથી તે ભમરાઓની કૃપાપૂર્વક આત્યાંતિકી મુક્તિ કરવા ઈચ્છતા મંદહાસ્ય મુખવાળા શ્રીહરિએ તે ભમરાઓને ઉડાડતા પાર્ષદોને ના કહી. (૧૫) તે સમયે આકાશમાંથી દેવસમૂહોએ કરેલી પુષ્પવૃષ્ટિની સાથે સ્વર્ગમાંથી આવેલા ભમરાઓ પણ શ્રીહરિનાં અંગોની સુગંધિમાં આસક્ત થઈ ગયા. (૧૬)

પુષ્પોના અલંકારોથી શોભતા શ્રીહરિનાં સુગંધમાં આસક્ત થયેલા ભમરાઓ પોતાનાં ચિત્તમાં દેવોના ઉદ્યાનોને સંભારતા નહોતા. (૧૭) આવી રીતે પુષ્પોનાં વસ્ત્રો તથા આભૂષણોથી અત્યંત શોભતા, કરોડો કામદેવોના સૌંદર્યના ગર્વને હરનાર છે આશ્ચર્યકારી સુંદરતા જેમનાં અંગોમાં છે એવા દર્શનીય મૂર્તિવાળા, આનંદઘન, એવા ધર્મનંદન શ્રીહરિ પોતાનાં દર્શન કરનારા જનોનાં મનને હરણ કરતા હતા. (૧૮) ઈન્દ્રનીલ મણીના સમૂહ, તેમજ નવીન મેઘના સમુદાય તથા પ્રફુલ્લિત શ્યામ પદ્મોની પંક્તિની માફક શોભતા શરીરવાળા, તથા ભમરાના સમૂહોથી પુષ્પોની માળાઓ, બાજુબંધો, અતિસુંદર તોરાઓ, કાનના ગુચ્છાઓ વગેરેને જાણે વાચા આવી છે એવા. (૧૯)

પુષ્પોથી પણ અતિ કોમળ એવા સુંદર ભાલમાં શોભાયમાન ચંદનના તિલકમાં ઉત્તમ કુમકુમનો ગોળ ચાંદલો જેમને શોભે છે એવા, તથા વિવિધ પ્રકારનાં પુષ્પોના બે શ્રેષ્ઠ કુંડળો જેમને છે એવા, બંને કર્ણોથી જે શોભે છે એવા ગંડસ્થળોરૂપી દર્પણના જોડલાથી અત્યંત શોભતા. (૨૦)

પ્રફુલ્લિત બંને કમળોની માફક અતિ શ્રેષ્ઠ ચંચળ વિશાળ નેત્રોવાળા, પારિજાતના પુષ્પો, મોગરાના પુષ્પો તેમજ શરદ ઋતુના પૂર્ણ ચંદ્રમાની માફક શ્વેત મંદહાસ્યની કાંતિવાળા સિંદૂર તથા પ્રવાલના સમાન ઉત્તમ ઓષ્ઠથી શોભાયમાન એવા, પોપટની ચાંચ સમાન અતિ સુંદર નાસિકા જેમની શોભે છે એવા. (૨૧) જાનુ પર્યંત લાંબા, પુષ્ટ અને મનોહર બંને ભુજાઓથી શોભતા, શ્રીવત્સના ચિહ્નથી અતિસંદર વિશાળ વક્ષઃસ્થળ જેમને છે એવા, માણિક્ય વર્ણવાળી જેમની નખ પંક્તિઓ અત્યંત શોભે છે, રક્તવર્ણની આંગળીઓ તે રૂપી પલ્લવોથી જેમનાં ચરણ કમળ શોભે છે. એવા. (૨૨) ક્લેશ અને પાપના સમુદાયોને નિવૃત્તિ પમાડનાર છે સ્મરણ જેમનું એવા, મુખકમળની શોભાથી શરદ્ પૂર્ણિમાના ચંદ્રને પણ લજ્જા

પમાડનારા સુંદર અંગરાગથી ચારેય તરફથી જેમનાં સમગ્ર અંગ પીળાં થઈ ગયાં છે એવા, લાવણ્ય, સદ્‌ગુણો તથા સુખના મહાસાગર. (૨૩)

સુગંધીયુક્ત અતિ સુંદર એવા ઉદરથી દર્શનીય, ઉદરમાં ઊંડી અતિ સુંદર નાભીરૂપી સુંદર કૂપ જેમને છે એવા, કાન ઉપર ધારણ કરેલાં બંને કુંડળોની આજુબાજુ ફરતા મદોન્મત્ત ભ્રમરોથી શોભતા, બંને કુંડળોમાંથી ખરતા રેણુઓથી જેમનાં ખભાઓ અત્યંત શોભે છે એવા. (૨૪)

ખીલેલા ગુલાબની માફક સુંદર કાંતિથી દર્શનીય, લક્ષ્મીના ધામરૂપ કોમળ હાથ તથા ચરણોના અતિ સુંદર તળિયા જેમને છે એવા, પોતાનાં હાથમાં પકડેલા શ્રેષ્ઠ પુષ્પોના ગુચ્છાને ભમાવતા, ચીકણા અને ચળકતા શ્યામ સૂક્ષ્મ, વાંકડીયા સુંદર કેશ જેમને છે એવા. (૨૫)

આવી રીતે શોભાયમાન શ્રીહરિનાં હર્ષપૂર્વક દર્શન કરતા ભક્તો શ્રીહરિનાં સૌંદર્યથી ખેંચાયા છે ચિત્ત જેમનાં એવા બની સમાધિ સ્થિતિ પામ્યા. (૨૬) સમાધિમાં દિવ્ય દષ્ટિ પામેલા તે ભક્તો ચિત્રામણના જાણે ચિત્રો હોય ને શું ? એમ સ્થિર બની વિવિધ પ્રકારનાં આશ્ચર્યો જોવા લાગ્યા. (૨૭)

તેમાં કેટલાક ભક્તો પરમેશ્વર શ્રીહરિને કોટી કોટી સૂર્ય સરખા તેજસ્વી, અતિ દર્શનીય, શાંત તથા દિવ્ય આકૃતિવાળા જોતા હતા. (૨૮) રોકાયા છે નાડીમાં રહેલા પ્રાણો જેમનાં એવા કેટલાક ભક્તો દીવાની પ્રભાની માફક ઉજ્જવળ, પોતાનાં આત્મામાં તેજના સમુદાયથી વ્યાપ્ત છે અંગો જેમનાં એવા શ્રીહરિને જોતા હતા. (૨૯)

કેટલાક ભક્તો બે પ્રકારની વૃત્તિ કરીને સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી જુદા સ્વરૂપ તથા સ્વભાવથી પોતાનાં જીવમાં તથા બહાર, દર્શનીય શ્રીહરિને હંમેશા તૈલધારાની માફક જોતા હતા. (૩૦) કેટલાક ભક્તો શ્રીહરિને તેજોમય બ્રહ્મપુર ધામમાં દિવ્ય મણિ જેમાં છે એવા સુવર્ણના શોભાયમાન સિંહાસન ઉપર બિરાજેલા જોતા હતા. (૩૧) શ્રીહરિનાં એક મુખારવિંદ પ્રત્યે જેમનાં નેત્રો છે એવા કોટાનકોટી અક્ષરમુક્તોથી વીંટાયેલા વાણીરૂપી અમૃત તથા દર્શન આદિક કરચેષ્ટાથી મુક્તોને આનંદ કરાવતા. (૩૨)

તથા અપ્રાકૃત ભોગો તથા ભોગોપકરણોથી યુક્ત, દિવ્ય ભોક્તા વર્ગ તથા દિવ્ય સમૃદ્ધિઓથી યુક્ત. (૩૩) અનંત એવા દિવ્ય ઐશ્વર્યો તથા રાધા, લક્ષ્મી આદિક શક્તિ તથા દિવ્યરૂપવાળી સિદ્ધિઓથી જેમનાં ચરણ કમળો સેવાયેલા છે એવા. (૩૪)

દિવ્ય રૂપવાળા, ધર્મ, જ્ઞાનાદિ અંગોયુક્ત ઉપાસના કરાયેલા, દિવ્યાકૃતિવાળા, વેદો જેમની સ્તુતિ કરે છે એવા મનોહર, શેષ આદિ જેનાં સૌંદર્ય, ગુણ વગેરેના પારને ક્યારેય પામ્યા નથી એવા શ્રીહરિને જોતા હતા. (૩૫-૩૬)

કેટલાક શ્રીહરિને ગોલોક ધામમાં પિતાંબરધારી, વિવિધ પ્રકારનાં ભૂષણોથી ભૂષિત, શ્રીકૃષ્ણ સ્વરૂપે જોતા હતા. (૩૭) સેવામાં આદરવાળા શ્રીદામા તથા નંદાદિ પોતાનાં પાર્ષદોથી સેવાયેલા તથા રાધાદિ શક્તિઓથી પ્રીતિપૂર્વક નિરંતર સેવાયેલા. (૩૮)

વૈકુંઠધામમાં પાર્ષદોથી સેવાયેલા શ્રીહરિને, પોતાનાં ઐશ્વર્યયુક્ત લક્ષ્મીનારાયણરૂપે કેટલાક જોતા હતા. (૩૯) ધ્યાનનિષ્ઠ એવા ધ્યાનમુક્તેન્દ્રોથી સેવાયેલા શ્રીહરિને વાસુદેવરૂપે કેટલાક જોતા હતા. (૪૦)

કેટલાક પવિત્ર બદરીધામમાં શ્રીહરિને તનુ આદિ ઋષિઓથી સેવાયેલા નરનારાયણરૂપે જોતા હતા. (૪૧) ભક્તોને પરમાનંદ આપવાની ઈચ્છાથી શ્રીહરિ આવી રીતે પોતાનાં અનેક ઐશ્વર્ય દેખાડતા હતા. (૪૨) હે નૃપતે ! આવી રીતે સમાધિ પામેલા અતિ નિશ્ચળ અંગોવાળા ચંપાના પુષ્પ તથા સુવર્ણ સરખી કાંતિવાળા શ્રીહરિકૃષ્ણના ભક્તોને ત્યાં આવેલા સર્વ નગરવાસી જનો જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૩) હે ભૂપતે ! તેટલામાં પોતાનાં આશ્રિત જનોની સાથે પૃથ્વીપતિ, શ્રીહરિનાં દર્શન માટે ત્યાં આવ્યા. શ્રીહરિને નમસ્કાર કરીને, શ્રીહરિએ જેમનું સન્માન કરેલું છે એવા, તે રાજા સભામાં પ્રીતિપૂર્વક બેઠા. અન્ય જનો પણ યથા યોગ્ય બેઠા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિની ભક્તોએ કરેલી પૂજા વગેરેનું નિરૂપણ નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સમાધિ પામેલા ભક્તોને જોઈને રાજા અતિ આશ્ચર્ય પામ્યા રાજાના આશ્રિત કારભારી વગેરે જનો પણ અત્યંત વિસ્મય પામ્યા. (૧)

તે સમયે રાજાના એક સેનાધિપતિ રાજાને કહેવા લાગ્યા, હે રાજન્ ! અમોએ આવી રીતે સમાધિ તો ક્યારેય જોઈ નથી. (૨) હે ભૂપતે ! આ સમાધિની પરીક્ષા કર્યા વિના તે સત્ય છે એવો વિશ્વાસ મારા અંતરમાં થતો નથી. (૩)

આવી રીતે રાજાને ગુપ્ત રીતે કહેતા સેનાધિપતિને જોઈને સર્વજ્ઞ શ્રીહરિએ હે મહીપતે ! આ તમારા સેનાધિપતિ તમોને શું કહે છે ? એમ રાજાને પૂછ્યું. (૪) શ્રીહરિનું આવું વચન સાંભળીને રાજા શ્રીહરિને કહેવા લાગ્યા. હે પ્રભો ! સમાધિ સત્ય જ છે આવો મને તો વિશ્વાસ છે. (૫)

પરંતુ હે ભગવાન્ ! આ મારા સેનાપતિને સમાધિની સત્યતાનો નિશ્ચય નથી. રાજાનું આવું વચન સાંભળીને શ્રીહરિ રાજાને કહેવા લાગ્યા. (૬) હે રાજન્ ! આ સેનાપતિ હાલમાં સમાધિની પરીક્ષા તેની ઈચ્છા પ્રમાણે કરે એવી હું આજ્ઞા આપું છું. (૭)

રાજાના સેનાપતિએ શ્રીહરિનું આવું વચન સાંભળીને સમાધિવાળા એક ભક્તના અંગ ઉપર તત્કાળ બળતો અંગારો મંગાવીને મૂક્યો. (૮) બળતો અંગારો મૂકવાથી તે ભક્તનું અંગ બળવા લાગ્યું. છતાં પણ તે ભક્ત સમાધિસ્થ હોવાથી આકુળ વ્યાકુળ બન્યા સિવાય ચેષ્ટા રહિત સ્થિર રહ્યા. (૯)

તે બળતો મોટો અંગારો તો સમાધિસ્થ ભક્તના અંગને બાળતો હતો. તે ભક્તના અંગમાંથી

નીકળતા રુધિરવડે તે ધીરેથી ઓલવાઈ ગયો. (૧૦) તો પણ તે સમાધિસ્થ ભક્ત લગારેય પણ ક્ષોભ પામ્યો નહિ, પરંતુ પર્વતની માફક નિશ્ચળતાથી ચિત્રમાં ચિતરેલાની માફક સ્થિર રહ્યો. (૧૧) આ પ્રકારનું આશ્ચર્ય જોઈને સમાધિની પરીક્ષા કરનાર રાજાના સેનાપતિ વિસ્મય પામ્યા અને સમાધિ સત્ય છે એવું માનવા લાગ્યા. શ્રીહરિનો પ્રતાપ પણ તેથી તેઓ જાણતા થયા. (૧૨)

પછી રાજાનો સેનાપતિ "હે પ્રભો ! આપે આ સમાધિ કરાવી છે તે સત્ય છે." આવી રીતે શ્રીહરિને બંને હાથ જોડીને વિનયપૂર્વક કહેવા લાગ્યો. (૧૩) હે હરે ! સમાધિ જો સત્ય ન હોય તો કુમતિવાળા મેં આપના ભક્તના અંગ ઉપર બળતો અંગારો મૂક્યો છતાં પણ તે નિશ્ચળ કેમ રહે ? (૧૪)

તેથી અનુપમ ઐશ્વર્યશાળી આપ કરોડો જીવોને ધર્મમાર્ગમાં પ્રવર્તાવી રહેલા આપ આ ભૂમિ ઉપર પ્રત્યક્ષ સ્વયં ભગવાન છો. (૧૫) હે સ્વામિન્ ! આપના આશ્રિત ઘણા ત્યાગી તથા ગૃહસ્થો આ પૃથ્વી ઉપર ધર્મનું જેવું પાલન કરે છે તેવું બીજા પાલન કરતા નથી. (૧૬)

હે હરે ! સાધનો વિના પણ આપના પ્રતાપથી આપના ઘણા આશ્રિતો અષ્ટાંગયોગની સંસિદ્ધિ પામેલા છે. (૧૭) હે સત્પતે ! આપે ઘોર કળિયુગમાં પણ જેવો કલ્યાણનો માર્ગ પ્રવર્તાવ્યો છે તેવો ક્યારેય પ્રવર્ત્યો નથી, તેમજ ક્યારેય પ્રવર્તશે પણ નહિ. (૧૮)

હે સ્વામિન્ ! આપનો પ્રતાપ નહિ જાણતા મૂઢ એવા મેં આપના ભક્તનું અંગ બળતા અંગારાથી બાળ્યું છે. (૧૯) હે સ્વામિન્ ! એ મારો મહા અપરાધ આપ ક્ષમા કરો. આવી રીતે રાજાના સેનાપતિએ શ્રીહરિની ઘણાં પ્રકારે પ્રાર્થના કરી અને શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. (૨૦)

રાજા વગેરે જનો પણ આ પ્રકારનોં શ્રીહરિનો પ્રભાવ જાણીને આશ્ચર્ય પામી કહેવા લાગ્યા. હે પ્રભો ! આમો આપના છીએ માટે અમારું આપ રક્ષણ કરો. (૨૧) પછી ધર્મનંદન શ્રીહરિ કેટલાક સમાધિ નિષ્ઠ ભક્તોને સમાધિમાંથી સંકલ્પ માત્રથી તત્કાળ જગાડતા હતા. (૨૨)

શ્રીહરિ પોતાનાં કેટલાક ભક્ત સમૂહને હાથની ચેષ્ટાથી, કેટલાકને દૃષ્ટિથી, એ પ્રમાણે સર્વને સમાધિમાંથી જગાડતા હતા. (૨૩) સમાધિમાંથી ઊઠેલા તે ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીહરિને આજ્ઞાથી સમાધિમાં પોતે જોયેલાં શ્રીહરિનાં ધામ, ઐશ્વર્ય વગેરેનું વર્ણન કરતા હતા. (૨૪)

શ્રીહરિનાં ધામોનું વર્ણન સાંભળીને સભાસદોનો સમૂહ તથા રાજા પોતે તથા તેમનાં આશ્રિતો અત્યંત વિસ્મય પામ્યા અને તેમને શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થઈ. (૨૫) પછી રાજા પોતાનાં જનોની સાથે શ્રીહરિને હર્ષપૂર્વક પ્રણામ કરીને શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિનાં ગુણોનું ગાન કરતા પોતાનાં દરબારમાં ગયા. (૨૬) આવી રીતે પુરના જનો શ્રીહરિનો અતિમહાન પ્રતાપ જોઈને પોતપોતાનાં ભુવનમાં જતા માર્ગમાં શ્રીહરિનો યશ ગાતા હતા. (૨૭) પુરના લોકોએ હર્ષથી વારંવાર કરેલી શ્રીહરિની પ્રશંસા સાંભળીને, વિવિધ પ્રકારનાં મત્તાવાળા વીતરાગી વગેરે તથા અન્ય વિદ્વાન બ્રાહ્મણો બળતા હતા. (૨૮)

જુદી જુદી મતિવાળા તે ગર્વિષ્ઠ પંડિતજનો સર્વ મળીને પરમાત્મા શ્રીહરિને વાદવિવાદથી જીવતા

માટે એકબીજાના હાથમાં તાળી આપતા શ્રીહરિની સમીપે આવ્યા. (૨૯) વિવિધ મતવાળા જનોમાં કેટલાક કુંડ મતના હતા, કેટલાક ગોલક મતના હતા, કેટલાક ભયંકર વેશવાળા તથા લાલ નેત્રોવાળા મહાકાળીના ઉપાસકો શાક્ત હતા. (૩૦)

કેટલાક કાળભૈરવની ઉપાસના કરનારા હોવાથી ભયંકર ત્રિશૂળ ધારી હતા, કેટલાક લોઢાના ચીપીયાઓ ધારણ કરતા ભયંકર વેશવાળા ખાખી હતા. (૩૧) કેટલાક ભયંકર વિચિત્ર તિલકોવાળા વૈરાગીઓ શરીરે ભસ્મ ચોપડેલા એવા અતીતો હતા. (૩૨)

અભિચારાદિમાં કુશળ મદોદ્ધત જૈનો, પોતપોતાનાં દેવને સંભાળતા મંત્રેલી અડદની મુષ્ટિવાળા, તેમજ અન્ય મંત્રવિદો મોહન, મારણ, ઉચ્ચાટન વગેરે મંત્રોમાં કુશળ; (૩૩) કેટલાક શંકર મતને આશરેલા, કેટલાક વૈષ્ણવ, કેટલાક વામ માર્ગીઓ, કેટલાક દક્ષિણ દેશમાં રહેનારા; (૩૪)

આવી રીતે જુદા જુદા મતોના આશ્રયવાળા લોકો, વેદને જાણનારા પુરના બ્રાહ્મણો, તેમજ અન્ય મહામદવાળા શાસ્ત્રીઓ તથા પુરાણ જાણનારા બ્રાહ્મણો; (૩૫) હે રાજન્ ! મત્સરવાળા પૂર્વે કહેલા તે સર્વ મોટી દિવ્ય સભામાં આવીને શ્રીહરિની અભિવંદના કર્યા સિવાય સભામાં બેઠા. (૩૬)

મદ, ઈર્ષ્યા અને મત્સરથી દબાયેલા, વિવિધ પ્રકારનાં આશ્રયવાળા વીતરાગીઓ વગેરે સર્વજનો, શ્રીહરિને જેનાં ઉત્તર ન થઈ શકે એવા જુદા જુદા પ્રશ્નો પૂછવા લાગ્યા. તેમનાં સર્વ પ્રશ્નોના ઉત્તર જેમ હોય તેમ સ્પષ્ટપણે સભાસદોને આનંદ આપતા શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિ જુદા જુદા કરતા હતા. (૩૭, ૩૮)

તેમાં વેદ જાણનારા બ્રાહ્મણોના વેદવિષયક પ્રશ્નો, શાસ્ત્રીઓના શાસ્ત્રના પ્રશ્નો, પુરાણો જાણનારા પુરાણ સંબંધિ પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા. (૩૯) સ્વયં શ્રીહરિ તેમણે પૂછેલા સૂક્ષ્મ પ્રશ્નોના ઉત્તર વેદશાસ્ત્રના પ્રમાણોથી જેમ હોય તેમ સ્પષ્ટ કરતા હતા. (૪૦)

શ્રીહરિનાં પ્રતાપથી નાશ પામ્યા છે બળ જેમનાં એવા સર્વે મતવાદીઓ કરમાઈ ગયેલા મુખવાળા થઈને જાણે મુંગા હોય ને શું એમ બોલવા માટે અશક્ત બની, ચિત્રામણની આકૃતિ હોય ને શું ? એમ નિરાશ થઈ ગયા. (૪૧)

માનભંગ થવાથી અતિ રોષે ભરાયેલા તેઓ સભામાંથી નીકળીને મત્સરથી દૂષિત થઈ શ્રીહરિને મારવાના ઉપાય કરવા લાગ્યા. (૪૨) તેમાં જે સિદ્ધ મંત્રવાળા હતા તે તો મંત્રેલી અડદની મુઠીઓ શ્રીહરિ ઉપર ફેંકતા હતા. તેમજ પ્રાણને હરિ લેનારા વીરોને શ્રીહરિ પ્રત્યે મોકલતા હતા. (૪૩)

બીજા વૈતાળ નામના વીરો, યક્ષિણીઓ તથા કાળભૈરવને શ્રીહરિ પ્રત્યે મોકલતા હતા. કેટલાક હનુમાનના વીરોને મોકલતા હતા. (૪૪)

કેટલાક જનો તો એકાંતમાં બેસીને ભયંકર ત્રિશૂળોથી યુક્ત છે હાથ જેમનાં એવી કૃત્યાઓનું ધ્યાન કરીને શ્રીહરિને હણવાની ઈચ્છાથી તત્કાળ તે કૃત્યાઓને શ્રીહરિ પાસે મોકલતા હતા. (૪૫)

કેટલાક શક્તિ પંથીઓ શ્રીહરિને જોઈને શ્રીહરિને હણવા માટે તેમનાં ઉપર મધમાં પલાળેલા

દેવીના નામથી મંત્રેલા ચોખાઓ ફેંકતા હતા. (૪૬)

આવી રીતે તે દુષ્ટ ક્ષુદ્રોએ પ્રયોગ કરેલા સર્વ પ્રયાસો સર્વેશ્વર શ્રીહરિ પાસે તો નિષ્ફળ થયા. (૪૭)વીરો વગેરે શ્રીહરિની સમીપે જવાથી ત્રાસ પામ્યા અને તત્કાળ પાછા વળીને પોતાનાં સહચરોની સાથે પોતાને મોકલનાર જનોને પીડા કરવા લાગ્યા. (૪૮)

પાછા વળેલા તે ભૈરવો વગેરેએ તે સર્વેને અતિ પીડા પમાડી, તેમને મૃતઃપ્રાય કર્યા. તેથી તેઓ તે પીડામાંથી મુક્ત થવા માટે પોતપોતાનાં હૃદયમાં અચ્યુત શ્રીહરિનું ચિંતવન કરવા લાગ્યા. (૪૯) હે સ્વામિનારાયણ ! આપ તો ખરેખર પરમેશ્વર જ છો, અન્ય કોઈ પરમેશ્વર નથી. અમો તો કુમાર્ગી છીએ. હે પ્રભો ! આપનો માર્ગ નિશ્ચય જ સત્ય છે. (૫૦)

હે સ્વામિન્ ! આપના પ્રત્યે મોકલેલા વીરોએ પાછા વળીને અમોને અત્યંત પીડા કરી છે. તેથી દયાપૂર્વક આપ અમને મૂકાવો અમો આપના શરણે આવ્યા છીએ. અમારી બીજી ગતિ નિશ્ચય નથી. (૫૧)

આવી રીતે તેમણે પ્રાર્થના કરી તેથી કરુણાસાગર શ્રીહરિએ પોતાનું સ્મરણ કરનારાઓની વીરોએ કરેલી પીડા નાશ કરી. પછી તે સુખેથી ઊઠ્યા. (૫૨) પછી તેઓ સર્વ એક બીજાને પૂછ્યા વિના જ એક એક શ્રીહરિની સમીપે જઈને અમો આપના જ છીએ એમ બોલીને શ્રીહરિનાં બંને ચરણોમાં પોતાનાં મસ્તક મૂકીને પ્રણામ કરવા લાગ્યા. (૫૩)

તમો બીક રાખશો નહિ, એમ શ્રીહરિએ તેમને આશ્વાસન આપ્યું. પછી તેમણે તત્કાળ પોતપોતાનાં મતનો ત્યાગ કરીને શ્રીહરિનો દઢાશ્રય કર્યો. (૫૪) એ મહાઆશ્ચર્ય જોઈને બહાદુરખાં રાજા તથા પુરના જનો પોતાનું કલ્યાણ કરવા માટે પ્રત્યક્ષ શ્રીહરિનો અતિ દઢાશ્રય કરતા હતા. (૫૫)

આ પ્રકારે કેવળ શ્રવણ માત્રથી જ સુખ કરનારો, સર્વ ઉપનિષદોએ ગાન કરેલો, શ્રીહરિનો પોતાનો દિવ્ય પ્રતાપ કરુણાપૂર્વક જગતમાં વિસ્તારતા હતા. એ રીતે અસંખ્ય પ્રાણીઓના સમુદાયનો આત્યંતિક મોક્ષ કરવાની ઈચ્છાથી સર્વ લોકોના એક સ્વામી શ્રીહરિ અધર્મ સર્ગને મૂળમાંથી ઉખેડીને વેદમાં કહેલા એકાંતિક ધર્મનું સ્થાપન કરતા હતા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિએ અનેક મતવાદીઓનો પરાજય કર્યો એ વર્ણન નામે બત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જૂનાગઢમાં શ્રીહરિએ શિવરાત્રિનો મહોત્સવ કર્યો અને પોતાનાં સમગ્ર ભક્તોની સાથે ઉપવાસ કર્યો. (૧) બ્રાહ્મણો પાસે આઠ અધ્યાયાત્મક રુદ્રીના મંત્રોથી શાસ્ત્ર વિધિપૂર્વક શંકરનો અભિષેક કરાવી, શ્રીહરિ તે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપતા હતા. (૨)

શિવરાત્રિના મહોત્સવમાં જુદા જુદા દેશોમાં રહેનારા હજારો ભક્તો તથા શ્રીહરિનાં આશ્રિત પુરના સર્વે ભક્તો; (૩) વિવિધ રમણીય વસ્ત્રો તથા ઘણાં મૂલ્યવાળા ભૂષણો, કસ્તૂરી, કેસર વગેરેથી યુક્ત સુગંધમાન ચંદન; (૪)

કુમકુમ, અક્ષત, પુષ્પના હાર, બાજુબંધ, તોરા તથા અન્ય શ્રેષ્ઠ ઉપચારો રૂપાની મુદ્રાઓ, વગેરેથી; (૫) તથા ઘણા પ્રકારની ભેટોથી પોતાનાં પ્રભુ શ્રીહરિનું પૂજન કરીને પછી ભક્તિપૂર્વક મહા આરતી કરતા હતા. (૬)

હે રાજન્ ! તે સમયે ઔદાર્ય સાગર શ્રીહરિએ પોતાનાં ભક્તોએ અર્પણ કરેલાં ભૂષણો તથા વસ્ત્રો બ્રાહ્મણોને અર્પણ કર્યાં. (૭) બીજે દિવસે (અમાવાસ્યાની તિથિએ) હજારો બ્રાહ્મણો તથા ત્યાગીઓને જમાડીને બંધુજનોની સાથે શ્રીહરિએ પારણા કર્યાં. (૮)

તે સમયે શ્રીહરિ દેશાન્તરના ભક્તોના સર્વ સંઘો તથા આવેલા અન્નાર્થીઓ સર્વને હર્ષપૂર્વક જમાડતા હતા. (૯) હે રાજન્ ! દેશાન્તરથી આવેલા અને પોતાની આજ્ઞા પ્રમાણે વર્તનારા તે ભક્તોને શ્રીહરિએ તેમનાં દેશપ્રત્યે જવા માટે આજ્ઞા આપી. (૧૦) જવા ન ઈચ્છતા એવા તે ભક્તો, શ્રીહરિની આજ્ઞાથી તૈયાર થઈ, આંખમાં અશ્રુસહિત પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૧૧)

તે ભક્તો શ્રીહરિએ કરેલો મનોહર મહોત્સવ તેની અલૌકિક શોભા તથા શ્રીહરિનાં પ્રતાપનું વર્ણન માર્ગમાં ગાતા ગાતા ચાલતા હતા. (૧૨) પૂજનીય શ્રીહરિએ જ્યાં આશ્ચર્યકારી અતિશ્રેષ્ઠ ઉત્સવ કર્યો, આશ્રિતોને અત્યંત સુખ આપવા માટે તેવા બીજા મોટા મહોત્સવો કર્યા. (૧૩)

તે તે ભૂમિ શ્રીહરિનાં ચરણ કમળથી ચિહ્નિત થયેલી અત્યંત દિવ્ય છે. જે ભૂમિના દર્શનથી અભીષ્ટ દેવ શ્રીહરિકૃષ્ણને ભક્તો સંભાળે છે. (૧૪)હે રાજન્ ! જે બંને અશોકવૃક્ષની નીચે પોતાનાં આશ્રિતોની સુંદર મહાસભા કરીને સ્મરણ માત્રથી સમગ્ર પીડા નાશ કરનારા શ્રીસ્વામિનારાયણ પોતે બેઠા હતા. (૧૫)

સંસારના બંધનોથી મુક્તિ અપાવવામાં કારણભૂત નથી જણાતો સંસારના બંધનજન્ય શોક જેમને એવા, સાર્થક સંજ્ઞાવાળા, જે પાપથી તેમને વૃક્ષનો જન્મ મળ્યો છે તે પાપને નાશ કરનારા શ્રીહરિની પોતાની છાયાથી અધિકપણે સેવા કરતા તે બંને અશોકવૃક્ષો ખરેખર કૃત કૃત્ય જ છે. (૧૬)

હે રાજન્ ! જે ઉત્તમ બગીચામાં વસતા ઈશ્વર હરિકૃષ્ણ વારંવાર અતિ સુંદર લીલા કરતા હતા. તેજ બગીચામાં જીવોના કલ્યાણ માટે રમણીય શ્રીરાધિકારમણનું સુંદર મંદિર કરાવવા લાગ્યા.

(૧૭) સ્વતંત્ર શ્રીહરિ આ પ્રકારે જૂનાગઢમાં સર્વોત્તમ ઉત્સવ કરીને પોતાનાં જનોની સાથે પુરથી જવા માટે તૈયાર થયા. તેટલામાં રાજા પોતાની સેના તૈયાર થઈને પોતાનાં કારભારીઓ સહિત તત્કાળ ત્યાં આવ્યા. (૧૮)

હે રાજન્ ! શ્રીહરિએ તે નરેન્દ્ર બહાદુરખાનનું સન્માન કર્યું, પછી તે નરેન્દ્ર શ્રીહરિને નમસ્કાર કરી શ્રીહરિની સમીપે બેઠા. પછી રાજાએ શ્રીહરિને અતિ સ્નેહથી પ્રાર્થના કરી શણગારેલા ગજેન્દ્ર ઉપર બેસાડ્યા. (૧૯)

રાજાની આજ્ઞાથી, રાજાના બંને અમાત્ય બ્રાહ્મણોએ ત્યાં આણેલા સુંદર વિવિધ પ્રકારનાં રાજ્યના વાહનોમાં તે સમયે શ્રીરામપ્રતાપ વગેરે તથા મુનિવરોને યથાયોગ્ય બેસાડ્યા. (૨૦)

પછી સેના તથા પોતાનાં અમાત્ય વગેરેથી યુક્ત રાજાએ તથા પુરના ભક્તોએ વળાવેલા, શ્રેષ્ઠ હાથી ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘણા વાદ્યોના ઘોષ સાંભળતા પોતાનાં જનોની સાથે તે પુરથી નીકળતા હતા. (૨૧)

શ્રીહરિ તે નગરથી એક ગાઉ દૂર જઈને ગજરાજ ઉપરથી ઉતરી પોતાનાં પાર્ષદે આણેલા સુંદર વેગવાન પોતાનાં અશ્વરાજ ઉપર બિરાજ્યા. (૨૨) શ્રીહરિએ પોતાનાં ચરણમાં જેમણે પ્રણામ કર્યા છે એવા તે રાજાને તથા પ્રેમાતુર આંખમાં અશ્રુવાળા રાજાના અમાત્ય શ્રેષ્ઠ બ્રાહ્મણોને, તથા પુરના ભક્તજનોને, સુંદર ઉપદેશ આપીને પાછા વાળ્યા. (૨૩)

પછી પોતાનાં ભક્તજનો સહિત ઘોડેસવારોના મંડળોથી વીંટાયેલા શ્રીહરિ ચાલતા ચાલતા થાણાગાલોલ ગામમાં પહોંચ્યા. (૨૪) તે ગામમાં શ્રીહરિનાં આશ્રિત માવાભક્તે શ્રીહરિનું અતિસન્માન કર્યું. પછી શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે વડની છાયાવાળા સ્થળે નદીના કાંઠે નિવાસ કર્યો. (૨૫)

દેહ, ગેહ, સ્ત્રી, પુત્ર, ધન, પૃથ્વી વગેરેમાં અનાસક્ત તે એકાંતિક ભક્તોમાં ઉત્તમ, ધીર, શ્રીહરિની આજ્ઞા પરાયણ, માવાભક્ત શ્રીહરિની તથા તેમનાં ભક્તોની સેવા કરતા હતા (૨૬)

માવાભક્ત અતિસુંદર ભોજનોથી શ્રીહરિને તથા તેમની સાથે આવેલા સમગ્ર ભક્તોને તૃપ્તિ પમાડતા હતા, તેમજ વિવિધ પ્રકારનાં ઉપચારોથી આદરપૂર્વક તેમનું પૂજન કરતા હતા. (૨૭)

પછી શ્રીહરિ પોતાનાં એકાંતિક ભક્તને તથા પોતાનાં જનોને સુંદર વાર્તાથી આનંદ પમાડતા ત્યાં રાત્રિ રહ્યા. (૨૮)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં સમગ્રજનો સહિત, શ્રીહરિને તે ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ દેરડી ગામમાં પધાર્યા. (૨૯) દેરડી ગામના સન્મુખ આવેલા ભક્તોએ આદરપૂર્વક શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ પોતાનાં સર્વજનોની સાથે પોતાને યોગ્ય સ્થાનમાં ત્યાં નિવાસ કર્યો. (૩૦) તે ગામમાં પ્રસિદ્ધ શ્રેષ્ઠ ક્ષત્રિય ભક્ત મેરામવાળા શ્રીહરિની સેવા કરતા હતા. વળી વણિકભક્ત રૂપશીભાઈ આદિ શ્રીહરિનાં આશ્રિતો, શ્રીહરિની સેવા કરતા હતા. (૩૧) તે ભક્તોએ શ્રીહરિ તેમજ સર્વ ભક્તોને

ભક્તિપૂર્વક સુંદર ભોજનો જમાડી તૃપ્ત કર્યાં. તેમજ વિવિધ ઉપચારો તથા ભૂષણો વગેરેથી શ્રીહરિની પૂજા કરી. (૩૨)

ત્યારબાદ ભક્તોનું પ્રિય કરનારા શ્રીહરિ ધર્માદિ વાર્તા કરીને ભક્તોને આનંદ આપતા રાત્રિ ત્યાં રહ્યા. (૩૩) પ્રાતઃકાળમાં પોતાનાં અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનોની સાથે શ્રીહરિને તે ભક્તોએ વળાવ્યા. ત્યાંથી શ્રીહરિ બાબરા ગામમાં પધાર્યા. (૩૪)

સન્મુખ આવેલા તે ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે પોતાને યોગ્ય શ્રેષ્ઠ નિવાસમાં ઉતર્યા. (૩૫) ત્યાંના વણિક ભક્ત જુઠાભાઈ તથા શ્રીહરિનાં ચરણકમળમાં પ્રીતિવાળા અન્ય સમગ્ર ભક્તો શ્રીહરિની તથા તેમનાં ભક્તોની સેવા કરતા હતા. (૩૬)

તે ભક્તો આદરપૂર્વક શ્રીહરિને તથા શ્રીહરિની સાથેના તે ભક્તજનોને ભોજનથી તૃપ્ત કરતા હતા. વળી ભૂષણો, વસ્ત્રો તથા ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૭)

શ્રીહરિ પોતાનાં ભક્તોને ધર્માદિ બોધ કરનારી વાર્તા કરીને આનંદ પમાડતા ત્યાં રાત્રિ રહ્યા. (૩૮) પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તે ભક્તોએ વળાવ્યા. ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ પોતાનાં સમગ્ર જનોની સાથે ત્યાંથી ચાલ્યા. (૩૯)

માર્ગમાં ચાલતા આજ્ઞા પરાયણ પોતાનાં ભક્તોને આનંદ પમાડતા શ્રીહરિ, રમણીય દુર્ગપત્તનમાં પધાર્યા. પછી પુરના નિવાસી ભક્તજનો શ્રીહરિની સન્મુખ ગયા. પોતાનાં આશ્રિતજનોની સાથે વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિએ દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૪૦)

પુરના જનસમુદાય જેમનાં દર્શન કરે છે તે શ્રીહરિ છત્ર તથા બંને ચામરોથી શોભાયમાન, મનોહર, પોતાનાં અશ્વને ધીમેથી ચલાવતા ઉત્તમ રાજાના દરબારમાં પધાર્યા. (૪૧)

શ્રીહરિનાં દર્શનથી થયેલા આનંદથી પ્રફુલ્લિત નેત્રોવાળા શ્રીહરિનાં ચરણકમળમાં આસકિતવાળા તે ભક્તજનોને દર્શન દેતા શ્રીહરિએ સુંદર ગતિવાળા પોતાનાં અશ્વ ઉપરથી ઉતરીને રાજાના દરબારમાં પોતાનાં મનોહર મહેલમાં નિવાસ કર્યો. (૪૨)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં દુર્ગપુરમાં શ્રીહરિનું પુનઃ આગમન વર્ણન નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! રમણીય દુર્ગપત્તનમાં હર્ષપૂર્વક વસતા શ્રીહરિ પોતાનાં દર્શનથી પોતાનાં ભક્તોને આનંદ આપતા હતા. (૧) પછી ત્યાં બોટાદપુરથી બુદ્ધિમાન સોમવર્મા નામના એકાંતિક ક્ષત્રિય ભક્ત શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. (૨)

હે રાજન્ ! ભગાશેઠ વગેરે શ્રીહરિનાં આશ્રિત ભક્તો, શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત મનવાળા ત્યાં આવ્યા. (૩) પછી હર્ષપૂર્વક તે ભક્તોએ સભામાં બેઠેલા શ્રીહરિને પ્રણામ કર્યા, શ્રીહરિએ દર્શન આપવા વગેરેથી તેમનું સન્માન કર્યું. પછી તે સર્વે શ્રીહરિની સમીપે બેઠા. (૪)

તે ભક્તો પોતાનાં પુરમાં ફુલદોલનો મહોત્સવ કરી શ્રીહરિની શુભ મહાપૂજા કરવાની ઈચ્છાથી પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિને આ પ્રમાણે પ્રાર્થના કરતા હતા હે દયાનિધે ! અમારા પુરમાં ફુલદોલનો ઉત્સવ કરીને આપના આશ્રિત અમોને આપ સુખી કરો. (૫-૬)

આવી રીતે સોમવર્મા તથા ભગાદોશી વગેરે ભક્તોએ ભક્તિપૂર્વક ઘણા પ્રકારે શ્રીહરિને પ્રાર્થના કરી, તેથી મંદ હાસ્ય સહિત શ્રીહરિ તેમનાં પ્રત્યે બોલ્યા. (૭)

હે ભક્તો ! તમારા પુરમાં પુષ્પદોલનો ઉત્સવ કરવા આવીશું તમો આગળ જઈને તમામ સામગ્રીઓ તૈયાર કરો. (૮) તેમનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા ભક્તો, ત્યાં રાત્રી રહીને હર્ષપૂર્વક પોતાનાં પુરમાં ગયા. (૯)

પછી તે સમગ્ર ભક્તો ઉત્સવને યોગ્ય સામગ્રી તૈયાર કરાવતા હતા. વળી ગુલાલ વગેરે પણ પુષ્કળ પ્રમાણમાં ભેગો કરતા હતા. (૧૦) તે ભક્તોએ બીજા અનેક દેશોના ભક્તોને બોલાવવા માટે ઉત્તમ કુમકુમનો રસનો છંટકાવ કરેલી મંગળ પત્રિકાઓ હર્ષપૂર્વક મોકલી. (૧૧)

પછી પ્રસન્ન મનવાળા તથા ઉત્સાહવાળા સોમવર્મા વગેરે ભક્તો પોતાનાં ઈષ્ટ શ્રીહરિને બોલાવવા માટે સુંદર દુર્ગપત્તનમાં ભક્તોને મોકલતા હતા. (૧૨)

તે ભક્તો આદરપૂર્વક તત્કાળ ગઢપુર આવીને પ્રિય શ્રીહરિને પોતાનાં પુરમાં લઈ જવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૧૩) ભક્તવત્સલ શ્રીહરિએ તેમની પ્રાર્થના સાંભળીને, 'હે ભક્તો ! તમારા પુરમાં આવતી કાલે હું જરૂર આવીશ.' એમ તેમને કહ્યું. (૧૪)

શ્રીહરિની આવી વાણી સાંભળીને શ્રીહરિએ જેમનું સન્માન કર્યું છે તે પ્રસન્ન થયેલા ભક્તો શ્રીહરિનાં દર્શનજન્ય આનંદથી પૂર્ણકામ થઈ રાત્રી ગઢપુરમાં રહ્યા. (૧૫)

પ્રાતઃકાળમાં શ્રીહરિએ પોતાની સાથે આવવા માટે ભક્તોને આજ્ઞા આપી અને પોતે હર્ષપૂર્વક તત્કાળ બોટાદપુરમાં જવા માટે તૈયાર થયા. (૧૬) પોતાનાં અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોના મંડળથી વીંટાયેલા, શસ્ત્રધારી પાર્ષદોની સાથે, ગઢપુરથી શ્રીહરિએ પ્રયાણ કર્યું. (૧૭)

હે ભૂપતે ! તે સમયે ઘોડાઓ ઉપર બેઠેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને, પોતાનાં પુત્રો સહિત, પ્રસન્ન થઈ શ્રીહરિની સાથે ચાલ્યા. (૧૮) જુદા જુદા રથમાં બેઠેલા સુવાસીની તથા વરીયાળી તથા તેમની પુત્રવધુઓ તથા જયા-લલીતા વગેરે શ્રીહરિની પાછળ ચાલ્યા. (૧૯)

ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા શ્રીહરિની સાથે ચાલ્યા, બીજા ઘણા વર્ણિઓ તથા મુનિઓ પણ ચાલ્યા. (૨૦) પછી માર્ગમાં ચાલતા ઘોડેસવારથી વીંટાયેલા શ્રીહરિ, ઘોડા ઉપર બેઠેલા સમગ્ર ભક્તોને અત્યંત આનંદ આપતા સુંદર બોટાદ નગરની સમીપે પહોંચ્યા. (૨૧) ઈષ્ટદેવ શ્રીહરિને આવતા સાંભળીને, બીજા કાર્યોનો ત્યાગ કરીને, અત્યંત આનંદયુક્ત બોટાદપુરના ભક્તો વાજિંત્રોના ઘોષ સહિત તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૨૨)

ઘોડેસવારોથી વીંટાયેલો છે અશ્વ જેમનોં એવા, આશ્ચર્યકારી શોભાવાળા, ઈષ્ટ શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને તે સમગ્ર ભક્તો, અત્યંત આનંદયુક્ત, અશ્રુભર્યા નેત્રોવાળા, શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨૩)

પોતાની સમીપે આવેલા અને પોતાને વિષે આસકિતવાળા, વારંવાર પ્રણામ કરતા તથા હર્ષથી પુષ્પના હારો અર્પણ કરતા, બોટાદના તે ભક્તોની શ્રીહરિએ યથાયોગ્ય સંભાવના કરી. (૨૪) પછી પોતાનાં સમગ્ર ભક્તજનો સહિત ઘોડેસવારોથી વીંટાયેલા, અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિએ, ઉત્તમ વાદ્યો તથા ગીતોના ઘોષ સાથે તે રમણીય પુરમાં પ્રવેશ કર્યો. (૨૫) પુરના જનો ટોળેટોળાં મળીને પોતાનાં સર્વ કાર્યોનો ત્યાગ કરીને, શ્રીહરિનાં દર્શન કરીને, દાવાગ્નિથી તપેલા ગજેન્દ્રો જેમ ગંગાના ધરાને પામીને શાંતિ પામે તેમ, સર્વોત્તમ શાંતિ પામ્યા. (૨૬)

અતિશય સુંદર પુષ્પોથી વધાવેલું છે રમણીય સ્વરૂપ જેમનું એવા, પોતાનાં સમગ્ર જનોએ સહિત શ્રીહરિને તે ભક્તોએ અતિસુંદર નિવાસમાં ઉતારો કરાવ્યો. (૨૭) અનન્ય ભાવવાળા તે સમગ્ર ભક્તો હર્ષથી તે સમયે શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરતા હતા. ભક્તજનોનો અભિપ્રાય જાણનારા શ્રીહરિ તેમનોં આ પ્રકારનોં ભાવ જોઈને અત્યંત હર્ષ પામ્યા. (૨૮)

હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરીને, પોતાનાં બંધુજનોની સાથે, શ્રીવિષ્ણુને નિવેદન કરેલા, અમૃતની ઉપમા આપવા યોગ્ય, નાનાં પ્રકારનાં શ્રેષ્ઠ ભોજનો જમ્યા. (૨૯)

પછી ધારણ કર્યા છે શ્વેત વસ્ત્રો જેમણે એવા શ્રીહરિ પોતે, બંધુજનોની સાથે, પાર્ષદ સમૂહોથી વીંટાઈને શ્રેષ્ઠ સભાસ્થાનમાં પધાર્યા અને કોમળ ગાદી વગેરેથી યુક્ત સિંહાસનમાં બિરાજમાન થયા. (૩૦) શ્રીહરિનાં બંધુજનો વગેરે પ્રીતિપૂર્વક તે મહાસભામાં યથાયોગ્ય સ્થાનમાં બેઠા. તેટલામાં મુનિઓ તથા વર્ણિઓ વગેરે જમીને ત્યાં આવ્યા અને સભામા બેઠા તથા ગૃહસ્થ ભક્તસમૂહો પણ ત્યાં આવીને બેઠા. (૩૧)

પછી પુરના ભક્તજન સમૂહો કુમકુમ, ચંદન, પુષ્પોના હારો તથા અન્ય શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. વળી મુનિઓ વગેરેની પણ તેઓ પૂજા કતા હતા. (૩૨)

સ્ત્રી ભક્તો પણ શ્રેષ્ઠ મહામૂલ્યવાળાં વસ્ત્રો, આભૂષણો, પુષ્પના હારો, બાજુબંધ, તોરા વગેરે ઉપચારોથી શ્રીહરિનું હર્ષપૂર્વક પૂજન કરતી હતી. (૩૩) પછી સ્ત્રીઓએ ધર્મવંશીય સુવાસીની વગેરે સ્ત્રીઓની પણ સુંદર ભૂષણો, વસ્ત્રો તથા ચંદન તેમજ મનોહર વિવિધ ઉપચારોથી, વિધિ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. (૩૪)

પછી મંગળકારી સ્વભાવવાળા શ્રીહરિ, સુધાથી અધિક રસવાળી, શ્રોતાજનોને અતિ આશ્ચર્ય પમાડનાર, ધર્માદિ બોધવાળી વાર્તા કરતા હતા. આવી રીતે સમગ્ર ભક્તોને આનંદ આપતા શ્રીહરિ બોટાદમાં રહ્યા. (૩૫)

અત્યંત ભાગ્યશાળી તે પુરના ઘણા ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. હે રાજન્ ! તે ભક્તોમાં હું કેટલાક જનોનાં નામો તમોને કહું છું. (૩૬) તે ભક્તોમાં બ્રાહ્મણ ભક્તો અજાભાઈ, જેઠાભાઈ, મોનાભાઈ, શિવાભાઈ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૩૭)

બુદ્ધિમાન સોમા, હમ્મીર, ગોદાભાઈ, નાથા, ખોડભા, દાદાભા, માત્રો ચુંથા, હાથી વગેરે ઘણા ક્ષત્રિય ભક્તો શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૩૮-૩૯)

તે પુરના વણિકોમાં શ્રેષ્ઠ, ધનાઢ્ય ભગાભાઈ તથા તેમનાં પુત્ર શિવલાલભાઈ તથા અદોભા, કૃષ્ણ, હિરાભાઈ, મેઘાભાઈ, મૂળચંદ, રામ તથા નાનચંદ વગેરે વણિક હરિભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૪૦, ૪૧)

તે ભક્તો, જેમ ચંદ્રમાં ચકોરો, સૂર્યમાં ચક્રવાકો તથા મેઘમાં ચાતક જોડાય તેમ, શ્રીહરિમાં અતિ આસક્ત થયા હતા. (૪૨) ભગા દોશી વગેરે ભક્તોને જ્ઞાતિ તથા બંધુજનોએ તેમજ અન્ય દુષ્ટ લોકોએ હંમેશાં પીડા પમાડી હતી છતાં પણ શ્રીહરિની ધર્મયુક્ત ભક્તિનો તેમણે કદી ત્યાગ કર્યો નહિ. (૪૩) ધૈર્યશાળી તે ભક્તો પ્રગટ ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનારા પોતાનાં બંધુઓનો તથા જ્ઞાતિનો ત્યાગ કરતા હતા. (૪૪) તે ભક્તો શ્રીહરિની પ્રસન્નતા માટે દેહનું તથા લોકનું દુઃખ તૃણની માફક માની, ધર્મમાં રહી, શ્રીહરિનું સેવન કરતા હતા. (૪૫)

ધનો વગેરે સોની ભક્તકો શ્રીહરિની હંમેશાં પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. વળી અમરસિંહ ભક્ત, લાધો ભક્ત તથા મૂળજી આદિક અન્ય ભક્તો શ્રીહરિની પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૪૬)

તે પુરમાં સ્ત્રીભક્તો બે સોના, હીરુ, રાજબાઈ તથા માનવતી વગેરે શ્રીહરિની સેવા કરતી હતી. (૪૭) હે નરેન્દ્ર ! એ આદિક ધર્મનિષ્ઠાવાળી, એક શ્રીહરિની જ આશ્રિત, તે સ્ત્રીઓ તથા અસંખ્ય પુરુષ ભક્તો, સર્વોપરિ પ્રત્યક્ષ શ્રીહરિનું ભક્તિપૂર્વક સેવન કરીને પોતાનાં જન્મનું સાફલ્ય કરતા હતા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં પુષ્પદોલોત્સવ કરવાની ઈચ્છાથી શ્રીહરિનું બોટાદપુરમાં આગમન તે વર્ણન નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી વિવિધ પ્રકારનાં દેશોમાં રહેલા શ્રીહરિનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળા હજારો ભક્તો બોટાદપુરમાં આવ્યા. (૧)

તે ભક્તો કલેશ નાશ કરનાર છે દર્શન જેમનાં એવા પોતાનાં ઈષ્ટ શ્રીહરિનાં દર્શન કરીને ચકોરો જેમ ચંદ્રને જોઈને શાંતિ પામે તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૨) શ્રીહરિ દેશાન્તરથી આવેલા તે ભક્તો પ્રત્યે મંદહાસ્ય કરી, સંભાષણ તથા દૃષ્ટિ કરી, તેમનું સન્માન કરતા હતા અને તેમને ઉતારા અપાવતા હતા. (૩)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી, ઘણા ઘોડેસવારોથી વીંટાઈને પોતાનાં પાર્ષદ વર્ગની સાથે તે ભક્તોના ઉતારાઓમાં વારંવાર જતા હતા. (૪)

તે તે ભક્તોના ઉતારામાં જઈ, પોતાનાં આશ્રિતોને સમાચાર પૂછતા, ભક્તવત્સલ શ્રીહરિ પ્રીતિપૂર્વક તેમની સંભાવના કરતા હતા. (૫) તે ભક્તોના ઉતારામાં તે ભક્તોને જે કાંઈ જોઈતું હતું તે શ્રીહરિ તેમને અપાવતા હતા. (૬)

તે પુરમાં જનસમૂહોની અત્યંત ભીડ થઈ હોવાથી પુરની બહાર તળાવની સમીપે, વિસ્તારવાળા વિવિધ પ્રકારનાં વૃક્ષોવાળા સ્થાનમાં, ભક્તસમુદાયની દિવ્ય મહાસભા હંમેશાં થતી અને શ્રીહરિ ત્યાં ઊંચા મંચ ઉપર બિરાજીને તે ભક્તોને પોતાનાં દિવ્ય દર્શન આપતા હતા. (૭, ૮)

ત્યાં પુરના હજારો જનો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા શ્રીહરિ તે સમયે ધર્માદિ સુંદર વાર્તા કરીને તેમને બોધ આપતા હતા. (૯) તેમાં જે મુમુક્ષુઓ હતા તે શ્રીહરિની શુભવાર્તા સાંભળીને શ્રીહરિને ઘણાં પ્રતાપશાળી જાણીને શ્રીહરિ ભગવાન છે તેવો નિશ્ચય કરતા હતા. (૧૦)

ઘણા જનો પોતપોતાનાં મત તથા પોતાનાં ગુરુનો ત્યાગ કરી, શ્રીહરિનો દૃઢ સમાશ્રય કરતા હતા. (૧૧) પોતાનાં શિષ્યોએ શ્રીહરિનો આશ્રય કર્યો છે તે જાણીને નાસ્તિક ગુરુઓ મત્સરથી પીડા પામી બળવા લાગ્યા. (૧૨)

લોકને ઠગનારા, માની સ્વભાવવાળા, તે નાસ્તિક ગુરુઓ બધા મળીને શ્રીહરિની સાથે વિવાદ કરવાની ઈચ્છાથી શ્રીહરિની સમીપે આવ્યા. (૧૩) તે નાસ્તિક ગુરુઓ શ્રીહરિને, બીજાઓને જેનાં ઉત્તર કરવા કઠણ પડે તેવા પ્રશ્નો પૂછવા લાગ્યા. શ્રીહરિએ તેમનાં સર્વ પ્રશ્નોના ઉત્તર સ્પષ્ટપણે કરી દીધા. (૧૪) હે રાજન્ ! તે બધાજ નાસ્તિક ગુરુઓ, શ્રીહરિએ તેમનાં કૂટ પ્રશ્નોના યથાર્થ અને તત્કાળ કરેલા ઉત્તર સાંભળીને. અત્યંત વિસ્મય પામ્યા. (૧૫)

હે રાજન્ ! તેથી કરમાઈ ગયેલા મુખવાળા તે નાસ્તિક ગુરુઓ જાણે મુગા હોય ને શું ? એમ અવાચક્ બની ગયા ! તેથી તેમનોં ગર્વ નાશ પામી ગયો. અને એવા નિર્માની બની તેઓ શ્રીહરિને નમસ્કાર કરી પોતપોતાનાં સ્થાનમાં ગયા. (૧૬)

તે સમયે નગરમાં સ્વામિનારાયણ પ્રત્યક્ષ સ્વયં ભગવાન છે એ પ્રકારનોં ઉદ્‌ઘોષ થયો. (૧૭) સર્વોત્તમ, અતિમંગળ સ્વરૂપ, અત્યંત પાવનકારી, શ્રીહરિનો પ્રતાપ પુરવાસી લોકો તો દરેક ઘરમાં તથા દરેક માર્ગોમાં ગાતા હતા. (૧૮) હે રાજન્ ! બોટાદપુરમાં શ્રીહરિ પોતાનાં અતિપ્રિય એકાંતિક ભક્ત સોમવર્માના ભુવનમાં પોતાનાં ભક્તોને આનંદ આપતા વસતા હતા. (૧૯)

હે રાજન્ ! તે પુરમાં પોતાનાં ભક્ત હમીરવર્માના સુંદર ઘરના વિશાળ અને રમણીય આંગણામાં સ્વયં શ્રીહરિ ક્યારેક ક્યારેક દિવ્ય સભા કરાવીને તે ભુવનની બહાર ઓટલી ઉપર સુંદર સિંહાસનમાં બિરાજતા હતા. (૨૦-૨૧)

ત્યાં ધનાઢ્ય વણિક ભક્ત મહાભાગ્યશાળી ભગાદોશી, સાકરયુક્ત અતિશ્રેષ્ઠ મોતીયા લાડુ તથા વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ રસથી યુક્ત તથા વિવિધ પ્રકારનાં બીજા ભોજનોથી શ્રીહરિ તથા તેમનાં સર્વ ભક્તોને આદરપૂર્વક તૃપ્તિ પમાડતા હતા. (૨૨, ૨૩)

તે સમયે જ્યારે જ્યારે તેઓ સાકરના લાડુઓથી સાધુઓને અતિતૃપ્ત કરવાની ઈચ્છા કરતા ત્યારે શ્રીહરિ પણ તેમને પ્રસન્ન કરવા સમગ્ર મુનિઓ વગેરેને રમણીય મોતીયા લાડુઓ પીરસીને તેમને સર્વને સારી રીતે તૃપ્ત કરતા હતા. (૨૪)

વણિકભક્ત ભગાશેઠે, શ્રીહરિ તથા તેમની સાથેના ભક્ત જનોને, હર્ષપૂર્વક પોતાને ઘેર લઈ જઈને અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો, ચંદ, અક્ષત, કુમકુમ તથા અન્ય ઉપચારોથી પ્રિય શ્રીહરિનું પૂજન કરીને, શ્રીહરિની આગળ રૂપાની મુદ્રાઓથી ભરેલો થાળ મૂક્યો. (૨૫, ૨૬)

ભક્તરાજ ભગાદોશીએ શ્રીહરિની મહાઆરતી કરીને તેમનાં બંધુઓ તથા મુનિઓની યથાયોગ્ય પૂજા કરી. (૨૭) હે ભૂપતે ! પછી શ્રીહરિ વણિક ભક્ત ભગાદોશીને પોતાની પ્રસાદીના પુષ્પના હાર વગેરે વસ્તુઓ પ્રીતિપૂર્વક આપતા હતા. (૨૮)

આવી રીતે ત્યાંના સોમવર્માદિ સમગ્ર ભક્તો શ્રીહરિને તથા તેમની સાથે આવેલા ભક્તોને વિવિધ પ્રકારનાં ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. (૨૯) સોમવર્મા વગેરે ભક્તોએ શ્રીહરિને તથા તેમનાં ભક્તોને પોતપોતાનાં ઘેર લઈ જઈ ભૂષણો, અંબરો, ધન તથા વિવિધ ઉપચારોથી પૂજન કરી તથા મહાઆરતી કરી, શ્રીહરિનું ભક્તિપૂર્વક પૂજન કર્યું. તે ભક્તો શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ વગેરેની પણ યોગ્યતા પ્રમાણે પૂજા કરતા હતા (૩૦, ૩૧)

ત્યાંની ભક્ત સ્ત્રીઓ પણ શ્રીહરિનું નાના પ્રકારનાં ઉપચારો, ચંદન, પુષ્પ તથા ઉત્તમ ભૂષણો, વસ્ત્રો વગેરેથી પૂજન કરતી હતી. (૩૨) બોટાદપુરની તે સ્ત્રીઓ ધર્મવંશી સ્ત્રીઓનું પ્રીતિપૂર્વક સુંદર ભૂષણો, અંબરો તથા શ્રેષ્ઠ ઉપચારોથી પૂજન કરતી હતી. (૩૩)

હે રાજન્ ! તે પુરમાં હમીર વર્માના રમણીય દરબારમાં તે સાધુઓ, વર્ણિઓ તથા શ્રીહરિની પાકશાળા હતી. (૩૪) હે રાજન્ ! પાકશાળામાં પંક્તિબદ્ધ બેઠેલા સાધુઓની પંક્તિમાં શ્રીહરિ હંમેશાં

સાધુઓને તથા બીજા પાર્ષદો વગેરેને આદરપૂર્વક વિવિધ પ્રકારનાં ભોજનો પીરસીને તૃપ્ત કરતા હતા. (૩૫)

બોટાદપુરમાં શ્રીહરિથી અધિષ્ઠિત સભામાં મુક્તાનંદ વગેરે સંતો સુંદર સીતાર તથા દુક્કડ, વીણા વગેરે વાદ્યો આદરપૂર્વક વગાડી સંગીત રસને જાણનારા શ્રીહરિની આગળ નિરંતર તાલ, સ્વર, ગ્રામ, મૂર્છના યુક્ત ગાન કરતા હતા. (૩૬, ૩૭)

શ્રીહરિ પ્રીતિપૂર્વક ચપટી વગાડતા હાથની ચેષ્ટાથી ભક્તોના ચિત્ત હરતા સાધુઓની સાથે ગાતા હતા. (૩૮) આશ્રિતોને શાંતિ કરનારા શ્રીહરિ આવી રીતે સમગ્ર ભક્તજનોને આનંદ આપતા, કૃપાપૂર્વક મનુષ્યોની આત્યંતિકી મુક્તિ કરવા માટે, પોતાનો કલ્યાણ કરનારો પ્રતાપ વિસ્તારતા તે પુરમાં વસતા હતા. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં પોતાનાં ભક્તોએ શ્રીહરિની સંભાવના કરી તે વર્ણન નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પુરના ભક્તો ઉત્તમ પલાશના પુષ્પનો રંગ તથા પંચાંગ કાષ્ઠને ઉકાળીને કરેલો રંગ, કેસરને ઘુંટીને કરેલો રંગ વગેરે તૈયાર કરાવતા હતા. (૧)

તે ભક્તો તાંબાના મોટા વાસણો, ગોળીઓ તથા ઘડા વગેરે પાત્રોમાં તે સુંદર રંગ હર્ષપૂર્વક ભરાવતા હતા. (૨) ફાગણવદી પડવાના દિવસે પ્રાતઃકાળમાં ધર્મધુરંધર શ્રીહરિ, પોતાનું મનુષ્ય નાટ્ય શોભાડતા, સ્નાન કરીને નિત્યવિધિ કરતા હતા. (૩)

શ્વેતવસ્ત્રોધારી શ્રીહરિ પુષ્પના હાર તથા તોરા ધારણ કરતા હતા. પછી નાનજી ભક્ત પાર્ષદે આણેલા પોતાનાં અશ્વ ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૪) હે રાજન્ ! પછી ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ પાર્ષદો તથા ઘોડા ઉપર બેઠેલા બંધુવર્ગની સાથે નગરની બહાર આવ્યા. (૫) પ્રભુ શ્રીહરિની વાડી તરફ પોતાનાં અશ્વને દોડાવતા હતા. તેમની પાછળ ઘોડા ઉપર બેઠેલા રામપ્રતાપ વગેરે સૌ પોતપોતાનાં ઘોડાઓ દોડાવવા લાગ્યા. (૬)

તે સમયે ઘોડાના મહાવેગથી હલતા હાર તથા તોરાવાળા તથા અશ્વના કૂદવાથી ચંચળ આકૃતિવાળા શ્રીહરિનાં દર્શન કરી ભક્તો તૃપ્તિ ન પામતા હતા. (૭) હે ભૂપતે ! પછી મનોહર શ્રીહરિ, આજ્ઞા પ્રમાણે વર્તનારા પોતાનાં તે અશ્વરાજને વિવિધ પ્રકારની ગતિમાં ખેલાવવા લાગ્યા. (૮)

આવી રીતે પોતાનાં અશ્વને ખેલાવતા શ્રીહરિ ઘોડાઓને કૂદાવતા ઘોડેસવારોની પાછળ ચાલતા નદી ઓળંગીને આગળ ચાલ્યા. (૯) પછી શ્રીહરિ સરોવરની સમીપના સ્થળે આવીને, લીંમડાની નીચે રમણીય સભા સ્થાનમાં સુંદર ઊંચા મંચ ઉપર બિરાજમાન થયા. (૧૦)

તે સભામાં તેમનાં સર્વ બંધુજનો પણ યોગ્યતા પ્રમાણે બેઠા. શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા ત્યાગી અને ગૃહસ્થ ભક્તો પણ બેઠા. (૧૧) પછી શ્રીહરિ ગુલાલ તથા અબીરથી ભરેલા લાખના ગોટા પ્રીતિથી સાધુઓ ઉપર મંદ હાસ્ય પૂર્વક વારંવાર ફેંકવા લાગ્યા. (૧૨)

પૂર્ણકામ ભગવાન શ્રીહરિ પોતાનાં આશ્રિત જનોને આનંદ આપવાની ઈચ્છાથી આ પ્રમાણે ક્રીડા કરતા પોતાનાં ભક્તસમૂહને અત્યંત આશ્ચર્ય પમાડતા હતા. (૧૩) તેટલામાં પુરના ભક્તો તથા દેશાન્તરના ભક્તો, સુંદર રંગ ભરેલા ઘડા તથા પુષ્કળ ગુલાલ તત્કાળ ત્યાં લાવ્યા. (૧૪)

રમવા ઈચ્છતા શ્રીહરિએ કેડ્ય ઉપર ખેસ મજબૂત બાંધીને હાથમાં સુવર્ણની સુંદર પીચકારી લીધી. (૧૫) તે સમયે વાજિંત્રો વગાડવામાં પ્રવીણજનો વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડવા લાગ્યા. તેનો અતિમહાન જયધ્વનિ થયો. (૧૬)

ભક્ત સોમવર્મા તથા ભગાશેઠ એ બંને હર્ષથી રંગ તથા ગુલાલથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્ય. (૧૭) પછી શ્રીહરિ પોતાનાં પાર્ષદોએ ઊંચા કરેલા રંગના પાત્રોથી પીચકારીમાં રંગ ભરતા, પોતાનાં દર્શન કરવામાં અતિ આસકિતવાળા ત્યાગી મંડળો તથા ભક્તો ઉપર ઉત્સાહપૂર્વક ઉત્તમ રંગ વારંવાર પીચકારીથી છાંટતા હતા. (૧૮, ૧૯)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિ એકલા જ હોવા છતાં પણ રંગ ફેંકવાની શીઘ્રતાથી પોતાનાં હજારો ભક્તોને તેમણે રંગથી પલાળી દીધા. (૨૦) તે સમયે શ્રીહરિનાં હાથમાં ચળકતી સુંદર સુવર્ણની પીચકારી, સંધ્યાથી લાલ થયેલા આકાશમાં ચમકતી વીજળી સમાન શોભતી હતી. (૨૧)

તે સમયે કેટલાક ભક્તો શ્રીહરિને ચતુર્ભુજ સ્વરૂપે સ્ફુરાયમાન સુવર્ણની પીચકારી ધારણ કરી પોતાનાં આશ્રિત ભક્તો ઉપર રંગ ફેંકતા જોતા હતા. (૨૨) કેટલાક ભક્તો સુંદર સુવર્ણની પીચકારીથી રંગ છાંટતા શ્રીહરિએ અષ્ટભુજ સ્વરૂપે જોતા હતા. વળી કેટલાક ભક્તો સહસ્રભુજ સ્વરૂપી શ્રીહરિને જોતા હતા. (૨૩)

શ્રીહરિ વસ્ત્રમાં સુંદર ગુલાલ ભરીને વારંવાર હર્ષપૂર્વક મુનિઓ ઉપર ફેંકતા હતા. તેમજ સુંદર અબીર પણ ફેંકતા હતા. (૨૪) આવી રીતે ચારે તરફ ગુલાલ ઉડાડતા, મંદમંદ હાસ્ય કરતા શ્રીહરિએ, તે સમગ્ર ભક્તોને પદ્મરાગના પુંજની ઉપમા આપવા યોગ્ય રક્ત વર્ણા કર્યા. (૨૫)

તે સમયે શ્રીહરિની રંગખેલની લીલાનાં દર્શન માટે વિમાનમાં બેસી આકાશમાં આવેલા બ્રહ્માદિ દેવો તે લીલા જોઈને આશ્ચર્ય પામ્યા. (૨૬) પછી તે દેવો શ્રીહરિને તથા તે ભક્તોની પ્રશંસા કરતા તથા તેમને પ્રણામ કરતા સર્વોત્તમ સુગંધિવાળા પુષ્પોથી તેમને વધાવતા હતા. (૨૭)

રંગ, અબીર, ગુલાલથી શોભાયમાન શરીરવાળા તે ભક્તોને અત્યંત હર્ષ પમાડતા, ચળકતી સુવર્ણની પીચકારી અતિસુંદર બંને કરકમળોમાં ધારણ કરતા, શ્રીહરિ જાણે મૂર્તિમાન, શૃંગાર રસ હોયને શું ? તેવા બની વીજળીથી યુક્ત મેઘમાં જેમ ઈન્દ્ર ધનુષ્ય શોભે તેમ શોભતા હતા. (૨૮)

શ્રીહરિએ ઉડાડેલા ગુલાલથી વૃક્ષો પણ તે સમયે લાલ થઈ ગયા. સ્થાવર જંગમ સહિત પૃથ્વી લાલ વર્ણવાળી બની લોકોને જોવા યોગ્ય થઈ. (૨૯) હે રાજન્ ! સારી રીતે ઉડાડેલા ગુલાલથી તે સમયે પુરના ઘરો પણ અત્યંત લાલ થઈ ગયા. સમગ્ર નગર પણ અત્યંત લાલ વર્ણવાળું બની શોભતું હતું. (૩૦)

હે રાજન્ ! પ્રાપ્ત થયું છે આશ્ચર્ય જેમને એવા કેટલાક દેવતાઓ જોવા યોગ્ય તે પુરને જોઈ, સર્વજનોએ પૂજેલું આ નગર પ્રકાશમાન છે. માટે બ્રહ્માએ પદ્મરાગ મણિઓથી રચ્યું છે કે શું ? એમ તર્ક કરવા લાગ્યા. (૩૧)

તે સમયે પુષ્કળ ઉડેલા ગુલાલથી સમગ્ર દિશાઓ પણ લાલ થઈ ગઈ, આકાશ પણ લાલ થઈ ગયું. તે આકાશને જોઈને દેવતાઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૨)

પછી શ્રીહરિ મંચ ઉપરથી નીચે ઉતરીને પોતાનાં અશ્વેન્દ્ર ઉપર બિરાજી ઘોડેસવારો, મુનિઓ તથા ભક્તસંઘથી વીંટાઈને પુષ્કળ ગુલાલ ઉડાડતા વાદ્યોના ધ્વનિ સહિત નગરમાં પધાર્યા. (૩૩)

પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ ઘોડેસવારો સહિત ફરતા અત્યંત ઉડાડેલા ગુલાલથી શેરીઓ, બજારો તથા રાજમાર્ગો સર્વને રક્તવર્ણા બનાવી, પુરના નિવાસીજનોને આશ્ચર્યવત્ કરી દેતા હતા. આવી રીતે ગુલાલ ફેંકતા અત્યંત શોભાવાળા શ્રીહરિ પૂર્વે કહેલ ભક્તજનો સહિત સ્નાન કરવા પધાર્યા. (૩૪, ૩૫)

પછી શ્રીહરિએ કૂવા પ્રત્યે જઈને, પોતાનાં અશ્વ ઉપરથી ઉતરી, બીજું વસ્ત્ર ધારણ કરી, રંગથી ભીના થયેલા વસ્ત્રો પોતાનાં આશ્રિત સોમવર્મા તથા ભગાશેઠને આપ્યા. (૩૬) પછી શ્રીહરિ સ્નાન કરી શ્વેત વસ્ત્રો ધારણ કરી, પોતાનાં અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાઈને, પોતાનાં ભક્તો સહિત વાદ્યોના ઘોષ સાથે પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૭)

પછી ધર્મપુત્ર શ્રીહરિ સ્નાન કરી, પોતાનો માધ્યાહ્નિક વિધિ શાસ્ત્ર પ્રમાણે કરી, બંધુવર્ગ સહિત વિષ્ણુને અર્પણ કરેલા સુંદર ભોજન હર્ષપૂર્વક જમ્યા. (૩૮)

હે રાજન્ ! પછી સમગ્ર બ્રહ્મચારી સમૂહ શ્રીહરિકૃષ્ણની દૃષ્ટિ પ્રસાદીના ભોજન કરાવીને ઈશ્વર શ્રીહરિને હર્ષથી હૃદયમાં સંભારતા ભોજન જમતા હતા. (૩૯)

પછી શ્રીહરિ સાધુઓ તથા બીજા ઘોડેસવારો વગેરેને 'મોતીયા લાડુ, મોતીયા લાડુ' એમ બોલતા પીરસીને તેમને સર્વને હર્ષપૂર્વક અત્યંત તૃપ્તિ પમાડતા હતા. (૪૦) તૃપ્ત થયેલા તે સાધુઓ હાથ તથા મુખની શુદ્ધિ કરી, તેમજ ભોજન પાત્રો સાફ કરી, નેત્રોને આનંદ આપનાર અતિપ્રસન્ન ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૪૧)

ઈશ્વર સ્વયં શ્રીહરિ આવી રીતે પોતાનાં દર્શન કરનારા સમગ્ર મુનિઓને (દેશાન્તરમાં જતા) માર્ગમાં જમવા માટે મોતીયા લાડુ આપવા ઈચ્છતા હતા. (૪૨)

ઘરની બહાર ઓટલી ઉપર ઊભા રહેલા, મંદહાસ્ય મુખવાળા, અતિ પ્રસન્ન, શ્રીહરિ પોતાનાં બંને હાથમાં હર્ષપૂર્વક બબ્બે મોતીયા લાડુ લઈ, બંને હાથે પકડેલા મુનિઓના ભોજન પાત્રોમાં તે મૂકતા

હતા. એ રીતે સાધુઓ તથા પાર્ષદો વગેરે સર્વને મોતીયા લાડુ શ્રીહરિ આપતા હતા. (૪૩)

પછી નૈષ્ઠિક શ્રેષ્ઠ મુકુંદાનંદ હર્ષથી શ્રીહરિનાં બંને હાથ તથા પગ સુંદર જળથી સારી રીતે ધોતા હતા. પછી શ્રીહરિએ પોતાનાં મસ્તક ઉપર શ્વેત પાઘ ધારણ કરી, શ્રેષ્ઠ સુવર્ણના સૂત્રોના પાલવની કાંતિવાળો લાલ ખેસ ધારણ કર્યો. (૪૪)

હે રાજન્ ! સમગ્ર ભક્તોની પીડા શમન કરનારા શ્રીહરિ, પોતાનાં રમણીય ભુવનની ઓટલી ઉપર પોતાનાં અતિ સુંદર સિંહાસનમાં બિરાજમાન થયા પછી શ્રીહરિની સન્મુખ શ્રીહરિનાં દર્શનમાં આસક્ત ચિત્તવાળા સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થોની મહાન સભા થઈ. (૪૫)

હે રાજન્ ! તેટલામાં ત્યાં ગંગા મલ્લ વગેરે શ્રીહરિનાં અનન્ય મલ્લ ભક્તો આવીને ધર્મપુત્ર શ્રીહરિને પ્રણામ કરીને, પોતાનાં સ્વામી શ્રીહરિની આગળ મલ્લદાવ રમવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૪૬) પછી શ્રીહરિની આજ્ઞાથી હર્ષયુક્ત બળવાન ગંગા મલ્લ વગેરે મલ્લો જેમણે કચ્છો બાંધ્યા છે તે પોતાનાં બાહુઓમાં હાથ વડે ફટકા લગાવતા, ઘણા પ્રકારનાં ભેદવાળું મલ્લ યુદ્ધ શ્રીહરિની આગળ કરતા હતા. (૪૭)

તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે મલ્લોને મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા રૂપાની મુદ્રાઓ આપી. પછી ધર્માદિના બોધવાળી અતિ સુંદર નિર્બાધ વાર્તા શ્રીહરિ કરવા લાગ્યા. (૪૮)દેશાન્તરથી આવેલા હજારો ભક્તજનો તે સમયે શ્રીહરિનું મહાઅમૂલ્ય આભૂષણો, અંબરો તથા વિવિધ પ્રકારનાં સમગ્ર શ્રેષ્ઠ ઉપચારોથી, યથાર્થ પૂજન કરતા હતા. (૪૯)

પછી શ્રીહરિએ પોતાનાં સ્વરૂપમાં આસક્ત તે ભક્તોને, પોતપોતાનાં દેશમાં જવા માટે આજ્ઞા આપી. પછી પોતાનાં શ્રેષ્ઠ પાર્ષદો ભગુજી, રત્નજી, મયારામ વગેરે સર્વથી વીંટાયેલા શ્રીહરિ, પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૫૦)

શ્રીહરિએ અહીં અધિક શોભાયમાન કોમળ ગાદીવાળી, અતિ અમૂલ્ય પોતાની શય્યામાં બિરાજી, પોતાની સેવા કરવામાં ઉત્કંઠાવાળી યોગ્ય નિદ્રાને અંગીકાર કરી. (૫૧)

શ્રીહરિ પ્રાતઃકાળમાં ઊઠીને ત્યાંથી જવાની ઇચ્છાથી તત્કાળ તૈયાર થયા. શ્રીહરિની આજ્ઞાથી તેમનાં બંધુજનો તથા અન્ય ત્યાગીજનો પણ તત્કાળ તૈયાર થયા. (૫૨, ૫૩)

પછી અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિને તેમનાં ભક્તજનોની સાથે, નેત્રોમાં અશ્રુવાળા પુરના સમગ્ર ભક્તોએ વાજિંત્રોના ઘોષ સાથે વળાવ્યા. એ પ્રમાણે શ્રીહરિએ ત્યાંથી પ્રયાણ કર્યું. (૫૪)

પોતાનો વિરહ સહન કરવા અત્યંત અશકત, દૂર સુધી પોતાની પાછળ આવેલા, અશ્રુઓથી વ્યાકુળ નેત્રોવાળા પુરના સમગ્ર ભક્તજનોને શ્રીહરિએ પાછા વાળ્યા. (૫૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના

અષ્ટમ સ્કંધમાં રંગક્રીડા પછી સાધુઓ વગેરેને ભોજન પીરસવા રૂપ શ્રીહરિલીલા વર્ણન નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! ગઢપુરમાં વસતા શ્રીહરિ વાર્તા તથા દર્શનાદિથી પોતાનાં ભક્તોને હંમેશાં અત્યંત આનંદ આપતા હતા. (૧) તે સમયે શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા વૃત્તાલય નિવાસી કુબેર પટેલ તથા જોબન પગી વગેરે ભક્તો, પોતાનાં ઈષ્ટ શ્રીહરિને વડતાલમાં બોલાવીને ચૈત્રસુદી નવમી તિથિના મહોત્સવ કરી શ્રીહરિની સેવા કરવાની ઈચ્છાથી. (૨, ૩)

હર્ષ પામેલા તે ભક્તોએ શ્રીહરિને વડતાલપુરમાં બોલાવવા માટે જુહા ભક્તને તત્કાળ મોકલ્યા. (૪) અત્યંત પ્રેમથી ઉત્સાહિત બનેલા જુહા ભક્ત દુર્ગપત્તન આવ્યા. તે ભક્ત ગઢપુરમાં ભક્તોથી વીંટાયેલા શ્રીહરિનાં દર્શન કરીને ભક્તિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫)

પછી જુહા ભક્ત નમ્રતાપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા; હે પ્રભો ! આપ ચૈત્ર સુદી નવમીનો મહોત્સવ કૃપા કરીને અમારા પુરમાં આવીને કરો અને અમોને પવિત્ર કરો. (૬)

જુહા ભક્તે આ પ્રમાણે શ્રીહરિની ઘણી પ્રકારે પ્રાર્થના કરી તેથી ભક્તપ્રિય શ્રીહરિ, વડતાલવાસી ભક્તો પોતાનાં અનન્ય ભક્તો છે એવું જાણતા હોવાથી, વડતાલપુરમાં આવવાની ઈચ્છા કરતા હતા. (૭)

તેથી શ્રીહરિએ જુહા ભક્તને આ પ્રમાણે કહ્યું : હે ભક્ત ! તમો વડતાલ આગળ જાવ, હું ત્યાં તત્કાળ આવીશ. (૮) શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી આનંદ પામેલા જુહા ભક્ત વડતાલ આવીને તે પુરના ભક્તજનોને શ્રીહરિનું કહેલું વચન કહેવા લાગ્યા. પછી કુબેર વગેરે ભક્તો પ્રસન્ન થઈ શ્રીહરિની વાટ જોવા લાગ્યા. (૯)

પછી કુબેર વગેરે ભક્તો દેશાન્તરના ભક્તોને બોલાવવા માટે ઉત્તમ કુમકુમના રસથી છંટકાવ કરેલી મંગળપત્રિકા પ્રીતિથી દેશાન્તરમાં મોકલવા લાગ્યા. (૧૦) તે અવસરમાં શ્રીહરિ પોતાની સાથે આવવા માટે પોતાનાં ભક્તજનોને આજ્ઞા કરી, પોતે નિત્યક્રિયા કરી પ્રયાણ કરવા માટે પ્રીતિપૂર્વક તૈયાર થયા. (૧૧)

હું અહીં તત્કાળ આવીશ એમ શ્રીહરિએ કહીને, પ્રીતિપૂર્વક તે પુરનું રક્ષણ કરવા માટે ગઢપુરમાં રહેવા ગાલવરાજાને આજ્ઞા કરી. (૧૨) પછી પાર્ષદે આણેલા પોતાનાં અશ્વ ઉપર બિરાજી પાર્ષદો તથા ઘોડેસવારોના સમૂહથી વીંટાયેલા શ્રીહરિ દુર્ગપત્તનથી નીકળ્યા. (૧૩)

ઘોડાઓ ઉપર બેઠેલા પોતાનાં બંધુજનો વગેરે શ્રીહરિની સાથે ચાલ્યા. તેમજ હજારો મુનિઓ તથા વર્ણિઓ પણ ચાલ્યા. (૧૪) ઘોડા ઉપર બેઠેલા નાંગમાળ સહિત શ્રીહરિનાં પ્રીતિપાત્ર ઉત્તમ રાજા સુંદર ઘોડા ઉપર બેસી, શ્રીહરિની સાથે ચાલ્યા. (૧૫)

ઉત્સવ જોવામાં ઉત્સાહવાળા ગઢપુર નિવાસી ઘણા ભક્તો, ભક્તવત્સલ શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૧૬) માર્ગમાં ઘોડાને ચલાવતા પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા શ્રીહરિ પોતાનાં ભક્તજનો જ્યાં વસે છે તે ઝીંઝાવદર ગામમાં પહોંચ્યા (૧૭)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી તે ગામના અધિપતિ અલૈયા ખાચરના દરબારમાં શ્રીહરિ રહ્યા. (૧૮) તે ગામમાં અલૈયા ખાચર, બાણજીત, લાખા, રામ તથા અન્ય ક્ષત્રિય ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૯)

વણિક ભગા તથા શ્રીહરિનાં અન્ય આશ્રિતો તથા બીજા ભક્તો પોતાનાં જનોએ સહિત પ્રિય શ્રીહરિની પ્રીતિપૂર્વક યથાયોગ્ય પરિચર્યા કરતા હતા. (૨૦) તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને સુંદર ભોજનથી તૃપ્ત કર્યા. વળી તે ભક્તોએ શ્રીહરિનું હર્ષપૂર્વક ભૂષણ વસ્ત્રાદિ ઉપચારોથી પૂજન કર્યું. (૨૧)

પછી શ્રીહરિ ધર્મજ્ઞાનાદિ સંબંધી શુભ વાર્તા કરીને પોતાનાં આશ્રિત જનોને સુખ આપતા ત્યાં રાત્રિ રહીને પ્રાતઃકાળમાં જવા તૈયાર થયા. (૨૨) ભક્તોના સમૂહે વળાવેલા અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, પોતાનાં ભક્તજનોની સાથે ઝીંઝાવદરથી નીકળી જમરાળા ગામે પહોંચ્યા. (૨૩)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. પછી શ્રીહરિ પોતાનાં સમગ્ર જનોની સાથે તે ગામમાં પોતાને અનુકૂળ સ્થાનમાં રહ્યા. (૨૪) શ્રીહરિ પ્રત્યે અત્યંત પ્રેમયુક્ત વિપ્ર જીવરામ શર્માએ શ્રીહરિને તથા ભક્તોને સુંદર ભોજન જમાડી તૃપ્ત કર્યા. વેલજી વગેરે બીજા ઘણા ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૨૫)

જીવરામ વગેરે ભક્તો, શ્રીહરિ તથા તેમનાં આશ્રિત ભક્તોને સુંદર ભોજનથી તૃપ્તિ પમાડી, ભૂષણો, વસ્ત્રો તથા જુદા જુદા શ્રેષ્ઠ ઉપચારો વડે શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૬) શ્રીહરિ તે ગામમાં ભક્તોને ધર્માદિ વાર્તાથી સુખ આપી રાત્રિ રહી પ્રાતઃકાળમાં જવા માટે તૈયાર થયા. (૨૭)

અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને સ્નેહયુક્ત ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા ચોકડી ગામમાં પધાર્યા (૨૮)

અહીંના ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. તે ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને શ્રીહરિ તથા તેમની સાથે આવેલા આત્મીય ભક્તજનોને પ્રીતિથી યથાયોગ્ય ઉતારા આપ્યા. (૨૯)

તે ગામમાં માનસિંહ વગેરે ભક્તોએ શ્રીહરિ તથા તેમનાં ભક્તોને ભોજનથી તૃપ્ત કર્યા. પછી ચંદન પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તે ગામમાં ધર્મજ્ઞાનાદિ વાર્તાથી ભક્તોને સુખ પમાડી,

શ્રીહરિએ રાત્રિ વ્યતીત કરી. (૩૦, ૩૧)

પછી પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા ધોલેરા નગરમાં પધાર્યા. (૩૨) તે ગામના પુંજાજીત રાજાએ સૈન્ય સહિત અતિ હર્ષપૂર્વક સન્મુખ જઈને શ્રીહરિને અત્યંત પ્રાર્થના કરી, તેથી શ્રીહરિએ રાજાના મહેલમાં નિવાસ કર્યો. (૩૩)

શ્રીહરિમાં અતિશય સ્નેહવાળા પુંજાજીત રાજાએ વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ ભોજનોથી શ્રીહરિ તથા તેમનાં આશ્રિતોને આદરપૂર્વક જમાડ્યા. (૩૪) પુંજાજીત રાજાએ મહામૂલ્યવાળા ભૂષણો, વસ્ત્રો, ચંદન, પુષ્પાદિ ઉપચારો તેમજ અન્ય ઉપહારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તે રાજાને સુખ આપતા શ્રીહરિ તે નગરમાં રાત્રિ રહ્યા. (૩૫)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને રાજાએ તથા પુરના ભક્ત સમૂહે વળાવ્યા અને શ્રીહરિ ત્યાંથી નીકળ્યા. (૩૬)અશ્રુભર્યા નેત્રવાળા તે રાજાને તથા ભક્તોને પાછા વાળીને આગળ ચાલતા શ્રીહરિ પોતાનાં ભક્તજનોએ સહિત મોટીબોરુ ગામમાં પધાર્યા (૩૭)

અહીંના ભક્તો તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા અને આદરપૂર્વક પોતાનાં અતિપ્રિય શ્રીહરિને પ્રાર્થના કરી, હર્ષથી તેમને યોગ્ય નિવાસમાં ઉતારો કરાવ્યો. (૩૮) તે ગામના રાઘવજીત, વણિક પીતાંબર, મુરારિ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૩૯)

તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને ભોજનથી તૃપ્ત કર્યા પછી ચંદન પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તે ભક્તોને આનંદ પમાડતા તે રાત્રિ શ્રીહરિએ ત્યાં વ્યતીત કરી. (૪૦)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તે ભક્તોએ વળાવ્યા એટલે શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ગોરાડ ગામમાં પધાર્યા. ત્યાંના ભક્તો આદરપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા અને પ્રાર્થના કરીને શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને યોગ્ય આવાસોમાં નિવાસ કરાવ્યો. (૪૧, ૪૨)

તે ગામમાં કાંધાજી તથા પૂજાજી ક્ષત્રિય ભક્તો, પ્રભુદાસ વગેરે અન્ય ભક્તો તથા રામા વગેરે સ્ત્રીઓ શ્રીહરિની સેવા કરતા હતા. (૪૩) તે ભક્તોએ, શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા તેમજ ઉપચારો, વસ્ત્રો તથા અલંકારો વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. તે ભક્તોને સુખ આપતા શ્રીહરિએ તે રાત્રિ હર્ષપૂર્વક ત્યાં નિર્ગમન કરી. (૪૪)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા અને ભક્તોએ વળાવેલા, શ્રીહરિ પોતાનાં સર્વ ભક્તોની સાથે ત્યાંથી નીકળી મોરજ ગામમાં પધાર્યા. (૪૫) સન્મુખ આવેલા ત્યાંના ભક્તસમૂહે શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે તે ગામમાં યોગ્ય નિવાસમાં હર્ષથી રહ્યા. (૪૬)

તે ગામમાં શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિવાળા ગોકુળદાસ, બુદ્ધિમાન હરિભાઈ તથા રણછોડ ભક્ત; (૪૭) તથા હે રાજન્ ! વિઠ્ઠલદાસ વગેરે શ્રીહરિનાં આશ્રિત ભક્તો શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા પોતાનાં ઈષ્ટ શ્રીહરિની સેવા કરતા હતા. (૪૮)

તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના સહચરોને ભોજન જમાડી તૃપ્ત કર્યા. પછી ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ ધર્મ, જ્ઞાન સંબંધી ઉપદેશથી પોતાનાં જનોને આનંદ પમાડતા રાત્રિ ત્યાં રહ્યા. (૪૯)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા ભક્તોએ વળાવેલા શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી નીકળી ઊંટવાળા ગામમાં પધાર્યા. (૫૦) તે ગામના ભક્તો શ્રીહરિની સન્મુખ ગયા. જોઈતો પગી વગેરે જનોએ શ્રીહરિનું સન્માન કર્યું. એ પ્રકારે શ્રીહરિ પોતાનાં ભક્તજનો સાથે તે ગામમાં પોતાનાં યોગ્ય નિવાસમાં રહેતા હતા. (૫૧)

પોતાનાં આશ્રિતો સહિત શ્રીહરિને તે ભક્તોએ ભોજનોથી તૃપ્ત કર્યા. તેમજ વિવિધ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તે ભક્તોને સુખ આપતા શ્રીહરિએ તે રાત્રિ ત્યાં વ્યતીત કરી. (૫૨)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તેમનાં સહચરો સહિત તે ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી નીકળ્યા અને માર્ગમાં ચાલતા રાંમોલડી ગામે પધાર્યા. (૫૩)

સન્મુખ આવેલા વજા વગેરે ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. એ રીતે શ્રીહરિ તથા તેમનાં આશ્રિતોની તેમણે સેવા કરી, તેમને યોગ્ય આવાસમાં નિવાસ કરાવ્યો. (૫૪)

પછી તે ભક્તોએ, શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને ભોજન જમાડી તૃપ્ત કર્યા. પછી ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ તે ભક્તોને ઉપદેશ વાતોથી આનંદ પમાડતા તે રાત્રિ ત્યાં રહ્યા. (૫૫)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા, ભક્તોએ વળાવેલા શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી નીકળી બોચાસણ ગામે પધાર્યા. (૫૬) શ્રીહરિની સન્મુખ આવેલા અહીંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. હર્ષપૂર્વક શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને ગામમાં યોગ્ય નિવાસમાં ઉતારો આપ્યો. (૫૭)

તે ગામમાં શ્રીહરિ પ્રત્યેની દાસત્વ ભક્તિમાં ઉદ્ધવ સમાન તથા શ્રીહરિને સર્વસ્વ સમર્પણ કરવામાં બળિરાજા સમાન શ્રદ્ધાળુ; (૫૮)

શ્રીહરિનાં એકાંતિક, બુદ્ધિશાળી, ધર્મિષ્ઠ, કાશીદાસ તેમજ રામદાસ; વૈરીદાસ, કાનદાસ વગેરે ભક્તો ભક્તિપૂર્વક અત્યંત પ્રિય શ્રીહરિની સેવા કરતા હતા. (૫૯, ૬૦)તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને ઉત્તમ ભોજનોથી તૃપ્ત કર્યા. પછી ભૂષણો, વસ્ત્રો તથા ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૬૧)

શ્રીહરિ ધર્મ, જ્ઞાન સંબંધી વાતો કરી તે ભક્તોને આનંદ પમાડતા ત્યાં રાત્રિ રહીને સવારમાં જવા માટે તૈયાર થયા. (૬૨) અશ્વ ઉપર બિરાજેલા, સમગ્ર ભક્તોએ વળાવેલા શ્રીહરિ પોતાની સાથે ચાલનારા ભક્તોની સાથે માર્ગમાં ચાલતા વેરા ગામે પધાર્યા (૬૩) ત્યાંના ભક્તો શ્રીહરિની સન્મુખ જઈ, શ્રીહરિને પ્રાર્થના કરી, તેમને યોગ્ય ઉતારામાં ઉતારો કરાવતા હતા. (૬૪)

તે ગામમાં ભગવાનદાસ, રામદાસ, પ્રભુદાસ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૬૫)

તે ભક્તો, અતિપ્રિય શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને વિવિધ પ્રકારનાં ઉત્તમ ભોજનો આદરપૂર્વક જમાડી તેમને તૃપ્તિ પમાડતા હતા. (૬૬)

પછી તે ભક્તોએ અતિશ્રેષ્ઠ ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ ધર્મ, જ્ઞાન સંબંધી વાતો કરી તે ભક્તોને સુખ આપી ત્યાં રાત્રિ રહ્યા. (૬૭)

પ્રભાતમાં અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં સમગ્ર સહચરો સહિત, સર્વ નિયામક શ્રીહરિ, પોતાનાં ભક્તવૃંદોએ વળાવેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, ત્યાંથી ચાલ્યા. (૬૮)

પોતાનાં ચરણકમળમાં આસક્ત ચિત્તવાળા, દૂર પર્યન્ત પાછળ આવેલા, નેત્રોમાં અશ્રુવાળા તે સમગ્ર ભકતોને, શ્રીહરિએ અમૃત સમાન વચનથી તૃપ્તિ પમાડી પાછા વાળ્યા. (૬૯)

પોતામાં અત્યંત સ્નેહવાળા તે સમગ્ર સહચરોની સાથે શ્રીહરિ માર્ગમાં ચાલતા પોતાનાં ચરણમાં પ્રીતિવાળા ભક્તોને આનંદ આપતા રમણીય પદવિન્યાસોથી સુંદર એવા અશ્વને ચલાવતા મનોહર વૃત્તાલય પુરમાં પધાર્યા. (૭૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં રામનવમી ઉત્સવ કરવાની ઈચ્છાથી શ્રીહરિ વૃત્તાલયગામમાં પધાર્યા તે વર્ણન નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પુરના ભક્તો, ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણને આવતા સાંભળીને, ગીતો તથા વાદ્યોના ઘોષથી સમગ્ર દીશાઓ જેમણે ગજાવી મૂકી છે એ રીતે, તત્કાળ અતિ આનંદયુક્ત શ્રીહરિની સન્મુખ ગયા. (૧)

પુરના તે જનો, ઘોડેસવારોના સમૂહથી વીંટાયેલા અશ્વરાજ ઉપર બિરાજેલા, શ્વેત વસ્ત્રો ધારી, અતિશય શોભાયમાન, શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને, નેત્રમાં અશ્રુ જેમને છે એવી સ્થિતિમાં તત્કાળ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨)

પોતાનાં હાથમાં સુવર્ણની સુંદર લગામ ધારણ કરતા દર્શનીય શ્રીસ્વામિનારાયણ પોતાની સન્મુખ આવેલા તે ભક્તોની મંદહાસ્યથી, દૃષ્ટિથી, સંભાષણથી સંભાવના કરતા હતા. (૩)

જેમનાં તોરાઓ તથા ગુચ્છો ઉછળે છે તે શ્રીહરિ, પોતાનાં બંધુજનો તથા મુનિઓ વગેરે સમગ્ર જનોની સાથે, વાદ્યોનો ઘોષ સાંભળતા ચાલતા હતા. (૪) હે રાજન્ ! લોકોના સમૂહની અત્યંત ભીડ થઈ હોવાથી શ્રીહરિ અશ્વરાજને ધીમે ધીમે ચલાવતા હતા. એ પ્રમાણે શ્રીહરિ તે પુરથી ઉત્તર દિશામાં

વિદ્યમાન સુંદર મોટા આંબાવાડિયામાં પધાર્યા. (૫)

અહીં આ શોભાયમાન સ્થાનમાં પોતાનાં નિવાસ માટે નક્કી કરેલા રમણીય તંબુમાં આનંદ પામેલા પોતાનાં સમગ્ર સહચરોની સાથે શ્રીહરિએ યથાયોગ્ય નિવાસ કર્યો. (૬) પછી પુરના ભક્તજન, સમૂહ, બંધુજનો તથા બીજા ત્યાગીઓનો વગેરે સર્વ ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૭)

પછી વર્ણીન્દ્ર મુકુંદાનંદે સુંદર જળથી શ્રીહરિને ભક્તિપૂર્વક સ્નાન કરાવ્યું. ત્યારબાદ ધર્મના રક્ષક નર નાટ્યધારી શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરવા લાગ્યા. (૮) તેટલામાં બુદ્ધિમાન ઈચ્છારામે સ્નાન કરી લીધું અને વર્ણી મુકુંદાનંદે રસોઈની સામગ્રી આપી એટલે શ્રીહરિ માટે ચતુર્વિધ સુંદર રસોઈ કરવા લાગ્યા. (૯)

ત્યારબાદ ઈચ્છારામે વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને વિધિ પ્રમાણે અર્પણ કરીને, મુકુંદાનંદ બ્રહ્મચારીને શ્રીહરિને બોલાવવા માટે મોકલ્યા. (૧૦) પછી વર્ણિરાજ જેમણે નિત્યકર્મ સમાપ્ત કર્યું છે તે શ્રીહરિ પાસે જઈને શ્રીહરિને બંને હાથ જોડી વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૧૧)

હે કૃપાનાથ ! હે હરે ! રસોઈ તૈયાર થઈ છે. ભોજનો વિષ્ણુને અર્પણ કર્યા છે માટે આપ જમવા પધારો. (૧૨) પછી રેશમી પીતાંબર ધારણ કરી, શોભાયમાન સુંદર ગતિવાળા, જેમની ચાખડીઓના ચટ્ચટ્ ધ્વનિ થાય છે એવા શ્રીહરિ, ભોજન સ્થાનમાં પધાર્યા. (૧૩)

પછી શ્રીહરિ વૈકુંઠાનંદ વર્ણિએ મૂકેલા પાટલા ઉપર જમવા બિરાજ્યા. તેમનાં બંધુજનો બીજા પાટલાઓ ઉપર બેઠા. (૧૪) પછી ગાળેલા જળથી ભરેલા પ્યાલા સહિત કળશ નારાયણાનંદ વર્ણિએ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે જમણી બાજુએ મૂક્યો. (૧૫)

પછી બુદ્ધિમાન ઈચ્છારામે ચતુર્વિધ ભોજનો તથા દાળ દૂધ વગેરે ભરેલી વાડકીઓથી ભરેલો, (૧૬) જેમાં વિવિધ પ્રકારનાં અથાણાં, શાક વગેરે પીરસ્યા છે તે સુવર્ણનો થાળ, શ્રીહરિની આગળ બાજોઠ ઉપર મૂક્યો. (૧૭)

પછી બુદ્ધિમાન ઈચ્છારામ, રામપ્રતાપ વગેરે પોતાનાં બંધુજનોને યથાયોગ્ય પીરસવા લાગ્યા. (૧૮) પોતાનાં બંને કાન જેમણે ઉઘાડા રાખ્યા છે તે પ્રમાણે ખેસ ધારણ કરતા શ્રીહરિ અપોશનવિધિ કરીને પોતાનાં ભક્તજનોની સાથે જમવા લાગ્યા. (૧૯)

શ્રીહરિ વારંવાર જળપાન કરતા, પૂરી, શીરો, બિરંજ, હરિસો વગેરે વિવિધ પ્રકારનાં ભોજનો પાપડ, ચટણી, શાક તથા અથાણા દાળ વગેરે જમતા હતા. પછી દાળ અને સુગંધીમાન ભાત જમ્યા. (૨૦, ૨૧)

પછી તૃપ્ત થયેલા શ્રીહરિએ હાથ મુખની શુદ્ધિ કરી. તૃપ્ત થયેલા રામપ્રતાપ વગેરે પણ હાથ મુખ ધોતા હતા. (૨૨) પછી પ્રિયદર્શન શ્રીહરિ રામપ્રતાપે આપેલો મુખવાસ પ્રીતિપૂર્વક પોતાનાં હાથે

ગ્રહણ કરીને જમતા હતા. (૨૩)

શ્રીહરિ પોતાની પ્રસાદીના ભોજન સહિત થાળ ઉત્તમ રાજા તથા પાર્ષદોને અપાવતા હતા. (૨૪)

ત્યારબાદ શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા, શાન્ત, સર્વક્રિયામાં નિપુણ, ઈચ્છારામ વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૨૫) પછી વર્ણિઓ સર્વ શ્રીહરિની દૃષ્ટિ પ્રસાદીના સર્વ ભોજન કરાવી, શ્રીહરિને હર્ષપૂર્વક સંભારતા જમતા હતા. (૨૬)

પછી શ્રીહરિએ સર્વ મુનિજનોને તથા સાથે ચાલનારા બધાજ અનુચરોને લાડુ પીરસીને સંપૂર્ણપણે તૃપ્ત કર્યા. (૨૭)

પછી શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ, પાર્ષદો સહિત ચોપદાર કુબેરજીતે ઉચ્ચારણ કરેલ છડીનો શબ્દ સાંભળતા, સભાસ્થાનમાં પધાર્યા. (૨૮) શ્રીહરિ સુંદર ઉંચા સિંહાસનમાં બિરાજ્યા. તેમનાં બંધુજનો વગેરે તેમની આગળ યોગ્યતા પ્રમાણે બેઠા. (૨૯)

શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા સમગ્ર વર્ણિઓ, સાધુઓ, ગૃહસ્થો તથા અન્ય ભક્તો ત્યાં મહાસભામાં યથાયોગ્ય બેઠા. (૩૦)

પછી સુવર્ણના મહામૂલ્યવાળા ભૂષણો, વસ્ત્રો તથા સુંદર કેસર, કસ્તૂરી, ચંદન, અક્ષત, કુમકુમ, વિવિધ પ્રકારનાં સુગંધિ પુષ્પોના હાર, બાજુબંધ, તોરા તથા કર્ણપૂરાદિ મનોહર ઉપચારો તથા વિવિધ પ્રકારનાં ભેટોથી પુરના ભક્તો, હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. તથા શ્રીહરિની આરતી પણ કરતા હતા. (૩૧, ૩૨, ૩૩)

પછી ઉત્સાહયુક્ત તે ભક્તો શ્રીહરિનાં બંધુજનો, વર્ણિઓ, સાધુઓ વગેરે ભક્તોની તથા અન્ય પૂજનીય ગૃહસ્થ ભક્તોની યથાયોગ્ય પૂજા કરતા હતા. (૩૪) પછી શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી પોતામાં આસક્તિવાળા ભક્તોના સમૂહોને જોતા, ધર્મ જ્ઞાનાદિ બોધયુક્ત અમૃતથી અતિમિષ્ટ મનોહર વાર્તા કરતા હતા. (૩૫)

આવી રીતે સમગ્ર દુ:ખ હરનાર, પોતાનાં દર્શનથી તથા મધુર વાતોથી પોતાનાં ભક્તોને આનંદ આપતા ઈશ્વરોના ઈશ્વર શ્રીસ્વામિનારાયણ આ પુરમાં રહ્યા. (૩૬) શ્રીહરિનાં દર્શન માટે દેશાન્તરથી હજારો ભક્તજનો અહીં આવ્યા તે ભક્તોએ પીડાહારી ઈષ્ટદેવ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૩૭)

તે ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરતા શ્રીહરિની પ્રાપ્તિથી દાવાગ્નિથી તપેલા ગજેન્દ્રો અત્યંત શીતળ ગંગાના ધરા પ્રત્યે જઈને જેમ શાંતિ પામે તેમ અત્યંત શાંતિ પામ્યા. (૩૮)

શ્રીહરિ, દેશાન્તરથી આવેલા તે ભક્તોને તેમનાં શરીર સ્વાસ્થ્ય અંગે પૂછતા હતા. તેમજ તેમનાં પ્રત્યે મંદહાસ્ય કરી, દૃષ્ટિ કરી, હાથની ચેષ્ટાથી આવકાર આપી, તેમને ઉતારા અપાવી, તેમની સંભાવના કરતા હતા. (૩૯)

પોતાનાં દર્શન કરનારા ભક્તોના લાખો નેત્રોથી દર્શનીય શ્રીહરિનાં નિર્નિમેષ નેત્રોથી દર્શન કરતા

તે ભક્તજનોનો સમૂહ, રસયુક્ત શ્રીહરિની વાર્તારૂપી અમૃતરસનું પાન કરતા પોતાનું શરીર, ધામ, ધરા, ધન વગેરેને ભૂલી ગયા હતા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિકૃત નિવાસાદિ વર્ણન નામે આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી અષ્ટમીને દિવસે જોબન તથા કુબેર વગેરે પુરના ભક્તો ઉત્સાહપૂર્વક ઉત્તમ બ્રાહ્મણ મયારામને પૂછતા હતા. (૧) હે વિદ્વાન્ ! હે મતિમન્ ! આવતી કાલે આ શ્રીહરિનો જન્મોત્સવ છે. તેથી તમો શ્રીહરિનાં પૂજન માટેની યોગ્ય સામગ્રીઓ અમોને કહો. (૨)

હર્ષ પામેલા જોબન વગેરે ભક્તોએ આ પ્રમાણે પૂછ્યું. તેથી શ્રીહરિનાં એકાંતિક ભક્ત, પૂજાવિધિમાં નિપુણ મયારામે પૂજાની બધી સામગ્રી તે ભક્તોને કહી. (૩)

તેથી જોબન વગેરે સર્વ ભક્તો શ્રીહરિની પૂજામાં યોગ્ય સમગ્ર સામગ્રીઓ પરમપ્રેમથી આદરપૂર્વક મેળવવા લાગ્યા. (૪) પછી તે ભક્તોએ નવમીને દિવસે કેળના સ્તંભોથી શણગારેલા મનોહર વિશાળ મંડપમાં, પ્રીતિપૂર્વક સુંદર હિંડોળો બાંધ્યો. (૫)

મોગરો, માલતી, ગુલાબ વગેરેના સુગંધિમાન પુષ્પોના હારથી ચારેય તરફ શોભતો વિવિધ પ્રકારનાં ફળોની શોભાવાળો, વિચિત્ર વર્ણવાળા શોભાયમાન તોરણોથી અતિરમણીય, જેનાં શિખરોમાં સુવર્ણના કળશો છે તથા પાંચ પલ્લવોથી શોભતો, એવો હિંડોળો બાંધ્યો. (૬, ૭)

વિવિધ પ્રકારનાં ઉલ્લોચોથી કાંતિવાળા તે રમણીય મંડપમાં વિચિત્ર કાચના યંત્રો ભક્તો બાંધતા હતા. (૮) હે રાજન્ ! નવમીની તિથિએ મનુષ્ય નાટ્ય શોભાડતા શ્રીહરિએ સવારમાં સ્નાન કરીને સર્વ નિત્યવિધિ કર્યો. (૯)

પછી સમગ્ર શ્વેત વસ્ત્રો ધારણ કરી સભાસ્થાનમાં પધારી પોતાનાં રમણીય આસનમાં બિરાજી, શ્રીહરિએ તે ભક્તોને પોતાનાં દર્શન આપ્યાં. (૧૦)

તે સમયે તે ભક્તો શ્રીહરિની સમીપે આવીને આદરપૂર્વક અનુક્રમ પ્રમાણે વિવિધ પ્રકારનાં પુષ્પના હાર વગેરે શ્રીહરિને સમર્પણ કરતા હતા. (૧૧) ભક્તોએ અર્પણ કરેલા મનોહર પુષ્પના હારને શ્રીહરિ મસ્તક, બંને હાથ, ચરણારવિંદ અથવા નેતરની સોટીથી ગ્રહણ કરતા હતા. (૧૨)

તે સમયે શ્રીહરિની સમગ્ર મૂર્તિ સુમનોહર પુષ્પોના હારથી ઢંકાયેલી અત્યંત શોભતી હતી.

નિશ્ચળ નેત્રોથી તે ભક્તો શ્રીહરિની એ મૂર્તિનાં દર્શન કરતા હતા. (૧૩)

શ્રીહરિએ ધારણ કરેલા અને પછી ઉતારીને પાસે મૂકેલા તે હારના શ્રીહરિની બંને પડખે અતિ મોટા ગંજ થયા. (૧૪) શ્રીહરિ પોતાની પ્રસાદીના તે હાર સાધુજનોની સભામાં વારંવાર ફેંકતા હતા, તેથી સર્વ સભા હારયુક્ત થઈ ગઈ. (૧૫)

હે રાજન્ ! ભક્તો ઉપર અતિ પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિ આવી રીતે કૃપાથી ભક્તોનું પૂજન સાયંકાળ સુધી સ્વીકાર કરતા હતા. (૧૬) તે સમયે સભામાં અનેક મોટા દીવાઓ બળતા હતા. ભક્તો સુંદર હાંડીઓ તથા ઝૂમરોમાં દીવા કરતા હતા. (૧૭) પછી રાત્રિનું પાંચમું મુહૂર્ત વીત્યું તે વખતે કુબેરભાઈ તથા જોબનપગી વગેરે પુરવાસી ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી હિંડોળા ઉપર પધરાવ્યા. (૧૮)

ઘણા મૂલ્યવાળા વિવિધ પ્રકારનાં વસ્ત્રો, ઉત્તમ જડેલા મણિઓની પંક્તિથી શોભાયમાન સુવર્ણ ભૂષણો, (સુંદર કેસર, કસ્તૂરી, ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પના હાર તથા કર્ણપૂર, બાજુબંધ વગેરે તથા વિવિધ પ્રકારનાં નૈવેદ્યો, અનેક પ્રકારનાં ઉપચારો, તેમજ મહાનિરાજન વગેરેથી હર્ષપૂર્વક પુરના નિવાસી ભક્તો તથા જુદાજુદા દેશના નિવાસી ઘણા ભક્તો ધર્મપુત્ર શ્રીહરિની વિધિ પ્રમાણે પૂજા કરતા હતા. (૧૯, ૨૦, ૨૧, ૨૨)

ભક્તોએ આદરપૂર્વક રૂપ્ય મુદ્રાના ભરેલા પાત્રો શ્રીસ્વામિનારાયણ ભગવાનની આગળ હર્ષથી મૂક્યા. (૨૩) તે સર્વે ભક્તો મહાશોભાના સાગર શ્રીહરિને પ્રણામ તથા સ્તુતિ કરીને નિર્નિમેષ નેત્રોથી તેમનાં દર્શન કરતા હતા. (૨૪)

તે સમયે હિંડોળા ઉપર શોભતા, શ્રેષ્ઠ સુવર્ણના સૂત્રોના વસ્ત્રો ધારણ કરનારા પદ્મરાગાદિ મણિ, સુવર્ણ તથા મોતીઓથી રચેલા હાર કંઠમાં ધારણ કરતા, જડેલા મણિથી શોભાયમાન શ્રેષ્ઠ, વિવિધ પ્રકારનાં સોનાના ભૂષણો ધારણ કરતા, દર્શન કરનાર જનોને આનંદ આપનારા, શ્રીહરિ પોતાનાં ભક્ત જનોના મન હરણ કરતા હતા. (૨૫)

ચળકતી સુંદર મંદ હાસ્યની કાંતિથી શોભતી લાલ ઓષ્ઠની કાંતિવાળા સુવર્ણના અતિ ચળકતા સૂત્રો જેમને છે પાઘમાં અમૂલ્ય વિવિધ પ્રકારનાં મણિ તથા સુવર્ણથી નિર્માણ કરેલા તોરાઓ ધારણ કરતા, પોતાનાં એક એક સર્વોત્તમ અવયવની શોભાથી હણ્યો છે અનેક કામદેવોનો ગર્વ જેમણે એવા; (૨૬)

તે સમયે સર્વોત્તમ અલૌકિક શોભાના સમુદ્ર, અપાર કરુણારૂપી અમૃત વર્ષાવતી ખંજન પક્ષીના જેવી ચંચળ દૃષ્ટિ જેમની છે એવા, અનુપમ લક્ષ્મીથી જનસમૂહના ચિત્ત ખેંચતા શ્રીહરિનાં દર્શન કરતા ઘણા ભક્તો તત્કાળ સમાધિ પામ્યા. (૨૭)

તેમાં કેટલાક સમાધિ પામેલા ભક્તોએ અક્ષરધામમાં સુવર્ણ તથા મણિની કાંતિવાળા દિવ્ય સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને જોયા (૨૮) કેટલાક ભક્તો સૂર્યના મંડળમાં અતિપ્રિય નેત્રોવાળા શ્રીહરિને હિરણ્ય પુરુષની આકૃતિવાળા જોતા હતા. (૨૯)

કેટલાક પોતાનાં ઈષ્ટદેવ શ્રીહરિને અગ્નિ મંડળમાં શોભતા, ઘણા તેજવાળા યજ્ઞપુરુષ સ્વરૂપે જોતા હતા. (૩૦) કેટલાક સમાધિસ્થ ભક્તો ઈશ્વર શ્રીહરિને ક્ષીરસાગરમાં શેષશાયી યોગેશ્વર સ્વરૂપે જોતા હતા. (૩૧)

દિવ્ય નેત્રોવાળા સમાધિસ્થ કેટલાક ભક્તો, શ્રી પુરુષોત્તમ ધર્મપુત્ર શ્રીહરિને અવ્યાકૃત ધામમાં ભૂમા પુરુષ રૂપે જોતા હતા. (૩૨) કેટલાક ભક્તો, શ્રીહરિને બદરીકાશ્રમમાં તનું આદિ મુનિઓએ સેવેલા શ્રી નરનારાયણ રૂપે જોતા હતા. (૩૩)

કેટલાક ભક્તો ક્ષીરસાગરમાં બિરાજતા શ્વેત દ્વીપમાં શ્રીહરિને નિરન્નમુક્તોથી વીંટાયેલા શ્રીવાસુદેવ સ્વરૂપે જોતા હતા. (૩૪) કેટલાક જનો પરમેશ્વર શ્રીહરિને મહા વૈકુંઠ ધામમાં મહાલક્ષ્મીથી યુક્ત રમણીય અદ્‌ભુત મહાપુરુષ રૂપે જોતા હતા. (૩૫)

કેટલાક જનો આનંદથી ગરકાવ થઈને શ્રીહરિને મનોહર વૈકુંઠ ધામમાં લક્ષ્મીનારાયણ સ્વરૂપે જોતા હતા. (૩૬)

કેટલાક ભક્તો સકલેશ્વર શ્રીહરિને દિવ્ય ગોલોક ધામમાં શ્રીકૃષ્ણ સ્વરૂપે જોતા હતા. (૩૭) અખિલેશ્વર શ્રીહરિએ લાંબા સમય પછી સંકલ્પમાત્રથી તે ભક્તોને સમાધિમાંથી જગાડ્યા. (૩૮)

સમાધિમાંથી જાગ્રત થયેલા તે ભક્તો પોતાને પ્રિય પ્રત્યક્ષ શ્રીહરિને પ્રણામ કરીને, તેમને સર્વ કારણના કારણ જાણીને, તેમનાં દર્શન કરતા હતા. (૩૯) શ્રીહરિનાં સૌંદર્યરૂપ અમૃત સાગરનું ઉત્તમ સુખ પામેલા શ્રીહરિનાં દર્શન કરનારા તે ભક્તોને તેથી ઉપવાસ જણાયો નહિ. (૪૦)

તે સમયે શ્રીહરિની દિવ્ય લીલાનાં દર્શન માટે આકાશમાં આવેલા શ્રીહરિનાં દર્શનમાં પ્રીતિવાળા બ્રહ્મા તથા સુરેન્દ્ર વગેરે દેવસમૂહના વિમાનોથી સમગ્ર આકાશ ભરાઈ ગયું. (૪૧) દેવોનો સમૂહ અતિ પ્રસન્ન થઈ લાવણ્યરૂપી સારથી વ્યાપ્ત, અનુપમ, આશ્ચર્યકારી, ઘણી શોભાવાળા શ્રીહરિને હર્ષથી નમસ્કાર કરીને, શ્રીહરિની સ્તુતિ કરતા નંદનવનના સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૪૨)

તે સમયે શ્રીહરિનાં સૌંદર્યના દર્શનથી અત્યંત આનંદ યુક્ત અપ્સરાના ગણો આકાશમાં નૃત્ય કરતા હતા. ગંધર્વો તથા કિન્નરોના સમુદાય ઉત્તમ વિચિત્ર વાદ્યોના ઘોષવાળું સુંદર ગાન કરવા લાગ્યા. (૪૩)

ત્યાં આવેલા સમગ્ર ધામના તે મુક્તો શ્રીહરિનાં દર્શનથી રોમાંચિત ગાત્રોવાળા થઈ હર્ષથી જેમનાં નેત્રોમાં અશ્રુ ભર્યા છે. તે અનુપમ શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરતા હતા (૪૪) દિવ્ય સ્વરૂપવાળા મુક્તો દેવસમૂહ, વેદ તથા ઉપનિષદો શ્રીહરિનાં સૌન્દર્યરૂપી અમૃતરસનું પાન કરવા ઈચ્છતા સ્થિર નેત્રોથી શ્રીહરિનાં દર્શન કરતા પણ તૃપ્ત થયા નહિ. (૪૫)

શ્રીહરિની આજ્ઞાથી મુનિસમૂહ હર્ષપૂર્વક અનેક શ્રેષ્ઠ વાજિંત્રોના સ્વર, મૂર્ચ્છના વગેરેથી યુક્ત

ગાન કરતા હતા. (૪૬) હર્ષપૂર્વક શ્રવણ કરતા પ્રિયદર્શન શ્રીહરિ ચપટી વગાડતા, પુષ્પના હારથી શોભતા હિંડોળાથી ચલાયમાન શરીરવાળા, અત્યંત શોભતા હતા. (૪૭)

તે સમયે સ્થિર નેત્રકમળવાળા, અતિ ઉત્સાહયુક્ત ભક્ત સમૂહ, પોતાની આંખોની પાંપણો બ્રહ્માએ રચી તેથી બ્રહ્માનો અત્યંત તિરસ્કાર કરતા હતા. (૪૮)

લોભી મનુષ્યોને ધન, તેમજ વિવિધ પ્રકારનાં પંચવિષયો ઇચ્છતા મનુષ્યોને વિષય ઉપભોગથી જેમ તૃપ્તિ થતી નથી તેમ શ્રીહરિનાં દર્શન કરનારા મનુષ્યોને તૃપ્તિ થતી ન હતી. (૪૯)

હે મનુજપતે ! પરમ સુખ પામેલા શ્રીહરિનાં અસંખ્ય આશ્રિતોને આવી રીતે શ્રીહરિનાં ચોતરફના દર્શનના ઉત્સવથી ચૈત્ર સુદી નવમીની રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૫૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં રામનવમી ઉત્સવમાં અનેક ભક્તોએ હિંડોળા ઉપર બિરાજેલા શ્રીહરિનું પૂજન કર્યું તે વર્ણન નિરૂપણનો ઓગણચાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ધર્મધુરંધર નરનાટ્યધારી શ્રીહરિ દશમીની પ્રાતઃકાળે સ્નાન કરી પોતાનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૧) પ્રભુ શ્રીહરિ પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો પ્રીતિથી જમ્યા. (૨)

તે દિવસે શ્રીહરિ હજારો વિપ્રોને જમાડતા હતા. ભક્તોએ આપેલાં ભૂષણો, વસ્ત્રો તથા ધન વગેરે બ્રાહ્મણોને આપતા હતા. (૩) પછી શ્રીહરિએ હર્ષપૂર્વક મોતીયા લાડુ પીરસીને સર્વ મુનિઓ, પાર્ષદો તથા અન્નાર્થી અન્ય જનોને તૃપ્ત કર્યા. (૪)

પછી શ્રીહરિ બંધુજનો સહિત સભાસ્થાનમાં જઈને રમણીય આસનમાં બિરાજી, પોતાનાં જનોને ધર્માદિ વાર્તા કરતા હતા. તે રાત્રિએ શ્રીહરિ ગવૈયા સાધુજનો પાસે વાદ્યો સાથે વિષ્ણુના પદો ગવડાવતા હતા. (૫, ૬)

પછી શ્રીહરિએ ભક્તોને પોતપોતાનાં નિવાસસ્થાને જવાની આજ્ઞા આપી. બંધુજનો તથા પોતાનાં અનુચરોની સાથે શ્રીહરિની પોતાનાં ઉતારામાં પધાર્યા. (૭)પછી શ્રીહરિ જેમની પાર્ષદો સેવા કરી રહ્યા છે તે પોતાની શય્યામાં પોઢીને પોતાની સેવાની રાહ જોતી યોગનિદ્રાને ગ્રહણ કરતા હતા. (૮)

ધર્મવત્સલ શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી સ્નાન કરીને, પોતાનો સર્વ નિત્યવિધિ યથાશાસ્ત્ર કરતા હતા. (૯) શ્રીહરિ શ્વેતવસ્ત્રો ધારણ કરી બંધુજનો તથા પાર્ષદો સહિત સભાસ્થાનમાં પધાર્યા અને પોતાનાં ઉત્તમ આસનમાં બિરાજમાન થયા. (૧૦)

હે રાજન્ ! શ્રીહરિનાં બંધુજનો તથા તેમનાં પુત્રો, શ્રીહરિને પૂછીને બ્રાહ્મણો, મુનિઓ તથા વર્ણિઓને પ્રીતિપૂર્વક જમાડવા યથાયોગ્ય જુદી જુદી રસોઈ કરાવતા હતા. તે એકાદશીને દિવસે શ્રીહરિ રમણીય મહોત્સવ કરાવતા હતા. (૧૧, ૧૨)

બારસને દિવસે સર્વ વર્ણિઓ, હજારો બ્રાહ્મણો તથા બીજા અભ્યાગતો શ્રીહરિનું સ્મરણ કરતા વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૧૩) પછી પુષ્કળ ઘી યુક્ત શ્વેત સાકરના મોદકો તથા પુષ્કળ સાકર અને ઘીવાળો અતિસુંદર બિરંજ. (૧૪)

અતિ સુંદર ઘી સાકરથી યુક્ત શીરો, ચંદ્રમાની માફક શ્વેત અને અમૃતથી પણ અધિક સ્વાદિષ્ટ દૂધપાક, ફૂલેલી પૂરીઓ, ફૂલેલાં મોટાં અડધનાં વડાં તથા વિવિધ પ્રકારનાં ભજિયાં. (૧૫, ૧૬)

માલપુવા, ખારાપુડા, દાળ વગેરે ચતુર્વિધ સુંદર ભોજનોથી પુત્રો સહિત તે બંધુજનો મુનિઓ, ઘોડેસવારો, પાર્ષદો, સોમા ખાચર તથા ઉત્તમખાચર વગેરેને અત્યંત તૃપ્ત કરતા હતા. (૧૭) પછી શ્રીહરિ વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને નિવેદન કરી બંધુઓની સાથે અતિહર્ષથી જમતા હતા. (૧૮)

ત્યારબાદ કેસર, કસ્તૂરી, ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારનાં સુગંધિ પુષ્પોના હાર વગેરે ઉપચારોથી રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને શ્રીહરિની પૂજા કરતા હતા. રુડી બુદ્ધિવાળા તે બંનેના પુત્રો નંદરામ તથા ગોપાળ વગેરે અતિશ્રેષ્ઠ ઉપચારો તથા ઉપહારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૯, ૨૦)

પછી પ્રસન્ન થયેલા શ્રીહરિનાં બંધુજનો તથા તેમનાં પુત્રો સુગંધિમાન ચંદન, સુંદર પુષ્પોના હાર તથા નવીન વસ્ત્રોથી આદર પૂર્વક શ્રીહરિને અત્યંત પ્રિય સર્વ વર્ણિઓ, સાધુઓ તથા પાર્ષદોનું પણ આનંદ પૂર્વક પૂજન કરતા હતા. (૨૧, ૨૨)

સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન આવી રીતે આ વૃત્તાલયપુરમાં ભક્તોને આનંદ આપવા માટે વસતા હતા. દૈવવશાત્ ત્યાં આવેલા વિદ્વાન વેદાન્તાચાર્યને પોતાનાં સહજ સિદ્ધ પ્રતાપથી તેનો ગર્વ નાશ કરવા માટે જીતતા હતા (૨૩)

માનસિંહ રાજા પૂછે છે :- હે શુકાનંદમુને ! સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ આદિથી ક્ષરણભાવ રહિત તેથી જ અચ્યુત શ્રીહરિએ વેદાન્તાચાર્યને કેવી રીતે જીત્યા ? તે જાણવા ઈચ્છતા મને તે આપ કહો. (૨૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ જે રીતે આચાર્યનો પરાજય કર્યો તે વૃત્તાન્ત હું તમોને સંક્ષિપ્તથી કહું છું. (૨૫)

હે રાજન્ ! આ લોકમાં પંડિતોથી પણ ન જીતી શકાય તેવો તે વેદાન્તાચાર્ય હતો. (૨૬) મીમાંસાદિ છ શાસ્ત્ર, અઢાર પુરાણ તથા વેદ, વેદાંગના પારને પામેલો એવો વેદાન્તાચાર્ય હે રાજન્ ! પોતાનાં ઘણા શિષ્યો સહિત, પંડિતોનો પરાભવ કરતો કરતો, પૃથ્વી ઉપર ફરતો હતો. (૨૭)

હે રાજન્ ! તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં શ્રીસ્વામિનારાયણનો આશ્ચર્યકારી પ્રતાપ સાંભળતો

હતો. (૨૮) તેથી તેના શિષ્યો, વેરાગીઓ તથા અન્ય જનો તે આચાર્યને કહેવા લાગ્યા, હે આચાર્ય વર્ય ! પૃથ્વી ઉપર જનો શ્રીસ્વામિનારાયણને ભગવાન કહે છે. (૨૯)

સ્વામિનારાયણના હજારો ત્યાગી શિષ્યો છે બીજા કરોડો ગૃહસ્થ શિષ્યો છે. પૃથ્વી ઉપર શ્રી સ્વામિનારાયણ જીતવા માટે કોઈપણ સમર્થ નથી. (૩૦)

માટે વેદાદિને જાણનારા તમો, લોકોને મોહ પમાડતા અને મંત્ર તંત્ર જાણનારા, શ્રીસ્વામિનારાયણનો પરાભવ કરો. (૩૧)

શ્રીહરિનો ઉત્કર્ષ સહન ન કરી શકનારા તે વેદાન્તાચાર્ય આ રીતે પ્રોત્સાહન પામી પોતાની શ્રેષ્ઠતા બતાવવા શ્રીસ્વામિનારાયણને હું જીતીશ એમ પોતાનાં સર્વ શિષ્યોને કહેવા લાગ્યા. (૩૨)

હે રાજન્ ! આવી રીતે શ્રીસ્વામિનારાયણને જીતવાનો નિશ્ચય કરીને, પૃથ્વી ઉપર દિગ્વિજય કરતો તે વેદાન્તાચાર્ય, પોતાનાં ઘણા શિષ્યોથી વીંટાયેલો, ગુજરાત દેશમાં ફરતો હતો. (૩૩)

પછી તે આચાર્યે શ્રીસ્વામિનારાયણ ચૈત્ર સુદી નવમીને દિવસે વૃત્તાલયપુરમાં મહોત્સવ કરવા આવેલા છે તેવું સાંભળ્યું. (૩૪) તેથી વાદમાં પ્રગલ્લવાણીવાળા, પોતાનાં શિષ્યોના સમુદાય સહિત તે વેદાન્તાચાર્ય શ્રીહરિને જીતવાની ઈચ્છાથી વૃત્તાલયુરમાં આવ્યો. (૩૫)

તેનો સંકલ્પ જાણીને શ્રીહરિએ તેને ઉતારો તથા રસોઈની સામગ્રીઓ અપાવી એ રીતે તેની સંભાવના શ્રીહરિ કરતા હતા. (૩૬) હે રાજન્ ! પછી સાંજના વખતે શ્રીહરિએ સભા કરાવીને પોતાનાં આસનમાં બિરાજી ભીમ, અર્જુનાદિ પાર્ષદો દ્વારા તે વેદાન્તાચાર્યને બોલાવ્યા. (૩૭)

તેથી તે વેદાન્તાચાર્ય દિવ્ય મહાસભામાં શિષ્યો સહિત આવ્યા. ત્યાં જનસમુદાય અતિશય હોવાથી સભામાં પ્રવેશ કરવા તે સમર્થ થયા નહિ. (૩૮) પછી હાથમાં છડી ધારણ કરનાર કુબેરજીતે શ્રીહરિની આજ્ઞામાં ત્યાં મુશ્કેલીથી માર્ગ કર્યો. (૩૯)

તેથી શિષ્યો સહિત તે આચાર્ય ધીમેથી શ્રીહરિની સમીપે આવ્યો. શ્રીહરિએ તેનો સત્કાર કર્યો. પરંતુ તે અતિશય મત્સરવાળો હોવાથી નમ્રતા રહિત શ્રીહરિએ બતાવેલા આસન ઉપર બેઠો. (૪૦)

તેનામાં વિદ્યાનો મદ અતિશય હતો. તેને બોલવાની ઈચ્છા હતી, તેથી તેના હોઠ ઊંચાનીચા થતા હતા. એવા વેદાન્તાચાર્યને જોઈને તેના હૃદયનો અભિપ્રાય જાણનારા સ્વયં શ્રીહરિ બોલ્યા. (૪૧)

હે વિદ્વન્ ! તમારે જો કાંઈ પૂછવાનું હોય તો તે તમો મને પૂછો. એમ શ્રીહરિએ કહ્યું તેથી વેદાંતાચાર્ય શ્રીહરિનું વચન સાંભળીને ગર્વસહિત શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે બોલ્યો. (૪૨)

હે સ્વામિનારાયણ ! કામણ કરનારા તમોએ મોહ પમાડેલા તથા ભમાવેલા આ સભામાં બેઠેલા લાખો જનો તમારા વિના બીજુ કાંઈજ જોતા નથી. (૪૩) આ અને બીજા પણ ઘણા દેહધારી મનુષ્યો તમારે વશ થઈ આ લોકમાં મંત્રતંત્રાદિમાં પ્રવીણ તમોને ભગવાન કહે છે. (૪૪) માટે હે સ્વામિનારાયણ ! તમો જો ભગવાન હો તો સ્પષ્ટપણે મારા પ્રશ્નોના ઉત્તર શાંતિપૂર્વક શાસ્ત્ર પ્રમાણે કરો. (૪૫)

હે સ્વામિનારાયણ ! ભગવાન તો સર્વજ્ઞ તથા સમગ્ર શાસ્ત્રનો સિદ્ધાંત જાણનારા છે. ચારવેદ અને ઉપનિષદો બ્રહ્મવિદ્યા સંબંધી જ છે. તે સર્વ વિદ્યાઓ, વિદ્યાઓના પ્રવર્તક ભગવાન જ જાણે. જ્ઞાનસાગર ભગવાનને કંઈપણ અજ્ઞાત ન હોય. (૪૬, ૪૭)

જો તમો ભગવાન જ હો તો જ્ઞાનીઓને પ્રિય જે ચારવેદ તથા ઉપનિષદોની બ્રહ્મ વિદ્યા ઉદ્‌ગીથા-વગેરે છે. (૪૮) પંડિતોએ પણ નહિ જાણેલી સૂક્ષ્મજ્ઞાન સહિત તે સમગ્ર વિદ્યાઓનો સિદ્ધાન્ત મને તત્વપૂર્વક તમો કહો. (૪૯)

અંતર્યામી શ્રીહરિ વેદાન્તાચાર્યની આ વાણી સાંભળીને વેદાન્તાચાર્યના વિદ્યા મદને હરવા માટે મંદ હાસ્યપૂર્વક તેને કહેવા લાગ્યા. (૫૦) હે આચાર્ય ! તમો શાસ્ત્રજ્ઞ છો તો કહો બ્રહ્મવિદ્યા કેટલી છે ? શ્રીહરિનું આ વચન સાંભળીને વેદાન્તાચાર્ય કહ્યું હે સ્વામિનારાયણ ! બ્રહ્મવિદ્યાની સંખ્યા બત્રીસ છે. (૫૧)

પછી શ્રીહરિ તે આચાર્યને કહેવા લાગ્યા, હે આચાર્ય ! શ્રુતિના શિરોભાગ ઉપનિષદો ઘણાં હોવાથી બ્રહ્મવિદ્યા બત્રીસથી પણ વધારે છે. (૫૨) આવું કહીને શ્રીહરિ ઉપનિષદમાં કહેલી બ્રહ્મવિદ્યા અનુક્રમે કહેવા લાગ્યા. ઉદ્‌ગીથ વિદ્યા, અર્ક વિદ્યા, મનો વિદ્યા, અક્ષિ વિદ્યા, પુરુષ વિદ્યા, ખં વિદ્યા, કં વિદ્યા, અગ્નિ વિદ્યા, તેજો વિદ્યા, મધુ વિદ્યા, વાગ્વિદ્યા, અંડકોશ વિદ્યા, દહર વિદ્યા, દિગ્વિદ્યા, ધ્યાન વિદ્યા, સર્વ વિદ્યા, સંકલ્પ વિદ્યા, અનલ વિદ્યા; (૫૩, ૫૪)

અન્ન વિદ્યા, મુખ વિદ્યા, ચિત્ત વિદ્યા, સામ વિદ્યા, પ્રાણ વિદ્યા, વૈશ્વાનર વિદ્યા, ગાયત્રી વિદ્યા, બળ વિદ્યા, સંવર્ગ વિદ્યા, ચતુષ્પાદ વિદ્યા, ઉપકોશલ વિદ્યા, પંચાગ્નિ વિદ્યા, સદ્વિધા, ભૂમ વિદ્યા, પ્રજાપતિ વિદ્યા, અક્ષર વિદ્યા, શાંડિલ્ય વિદ્યા, ઉપસ્ત વિદ્યા, કહોલ વિદ્યા, આનંદમય વિદ્યા, પ્રતર્દન વિદ્યા હે આચાર્ય ! આ કહી તેમ બ્રહ્મ વિદ્યા અનેક છે એમ ધર્મના પુત્ર શ્રીહરિએ કહી અતિ સ્પષ્ટપણે આચાર્યે કહેલી બ્રહ્મવિદ્યાની સંખ્યાનું ખંડન કર્યું. (૫૫, ૫૬, ૫૭)

પછી કહ્યું કે વેદાન્તાચાર્ય ! સર્વનિયન્તા પરમેશ્વરની સાધન સહિત પરાભક્તિ કરવી એવો બ્રહ્મવિદ્યાનો સિદ્ધાન્ત છે. આવી રીતે શ્રીહરિ આચાર્યને સ્પષ્ટપણે કહેતા હતા. (૫૮)

પછી શ્રીહરિ તે સિદ્ધાન્તના પ્રતિપાદનના પ્રમાણ માટે શ્રુતિ, સ્મૃતિઓ કહીને, તેના પણ વિશેષ પ્રમાણો ગીતાભાષ્યમાં (અધ્યાય ૭ થી ૧૨ સુધીમાં રામાનુજ ગીતાભાષ્યમાં) સ્પષ્ટપણે બતાવતા હતા. (૫૯)

પછી આચાર્યે સાંખ્ય શાસ્ત્ર સંબંધી તથા પુરાણો, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા તથા શ્રીભાષ્ય સંબંધી પ્રશ્નો કર્યા તેના ઉત્તર શ્રીહરિએ તત્કાળ આપ્યા. (૬૦) તો પણ હૃદયમાં રહેલા ગર્વનો ત્યાગ ન કરતા તે આચાર્યને જાણીને ગર્વગંજન શ્રીહરિ આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. (૬૧)

હે આચાર્ય ! તમોએ પૂછેલા સર્વ પ્રશ્નોનું સમાધાન મેં શાસ્ત્ર પ્રમાણે જેમ હોય તેમ સ્પષ્ટ તત્વથી કર્યું છે. (૬૨) હે આચાર્ય ! હવે તમોને હું પ્રશ્ન પૂછું છું. તેનો ઉત્તર તમો કરો. વિદ્વાનોમાં અગ્રેસર તમે શાસ્ત્ર પ્રમાણે વેદોત્પતિ મને કહો. (૬૩)

પછી આચાર્યે એ પ્રશ્નના જે જે ઉત્તર કર્યા તે તે ઉત્તરમાં શ્રીહરિએ હે રાજન્ ! ઘણા પ્રકારની યુક્તિથી શંકા કરી. (૬૪) માનનું ખંડન કરનાર શ્રીહરિએ વેદની ઉત્પત્તિ અંગેના પ્રશ્નનું સમાધાન કરવા માટે બહુ પરિશ્રમ કરતા આચાર્યની વાણી કુંઠિત કરી દીધી. (૬૫)

પ્રશ્નો પૂછવા તથા પ્રશ્નોના ઉત્તર આપવામાં વિચક્ષણ મંદહાસ્યથી શોભાયમાન મુખવાળા શ્રીહરિએ ઘણા પ્રમાણોથી તેમનાં વચનનું ખંડન કર્યું. (૬૬) તે સમયે મનોહર હાથની ચેષ્ટા કરતા તથા વાણીરૂપી અમૃત વર્ષાવનારા, શ્રીહરિને જોઈને ભક્તસમૂહ આનંદ પામ્યો. (૬૭)

અનાદિ અવિદ્યારૂપી ગાઢ અંધકારનો નાશ કરનારી, પ્રતિવાદીરૂપી કુમુદોના હર્ષને હણનારી એવી, શ્રીહરિની વાણી તો સત્પુરુષોના સમૂહને સૂર્યની પ્રભા, કમળોના સમૂહને જેમ પ્રફુલ્લિત કરે છે તેમ, પ્રફુલ્લિત કરતી હતી. (૬૮)

ભાગીરથીના પ્રવાહની માફક વાદીઓના સંશયરૂપી મોટા પર્વતોને છેદનારી શ્રીહરિની વાણી સાંભળીને આચાર્ય અત્યંત વિસ્મય પામી અચ્યુત શ્રીહરિ પ્રત્યે કાંઈ પણ કહી શક્યા નહિ. (૬૯)

પછી દયાસાગર અને માનરહિત છે મન જેમનું એવા શ્રીહરિ, નાશ પામ્યો છે ગર્વ જેનોં એવા તે આચાર્યને લજ્જાના ભારથી નીચું જોયેલા જાણી તેનું સન્માન કરતા હતા. (૭૦) અભૂતપૂર્વ પરાભવ પામેલા તે આચાર્ય શ્રીહરિનો પ્રભાવ અનન્ય સદૃશ જાણીને, પોતાનાં પંડિતપણાનો ગર્વ ત્યાગ કરીને શિષ્યો સહિત સભામાંથી ગયા. (૭૧)

પછી શ્રીહરિનાં ભક્ત જનસમૂહ જેમને શ્રીસહજાનંદ પ્રિય છે એવા ધર્મપુત્ર શ્રીહરિ જે અનુપમ તથા સર્વોત્તમ અતિશય આનંદથી પૂર્ણ છે તેમને નમસ્કાર કરતા હતા તથા દર્શન કરતા 'જય, જય' ના ધ્વનિ કરતા હતા. આકાશમાંથી દેવો શ્રીહરિની ઉપર તે સમયે પુષ્ટવૃષ્ટિ કરતા હતા. (૭૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં વેદાન્તાચાર્યનો પરાભવ નિરૂપણ નામે ચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભરૂચના ચાર ધનિક મુમુક્ષુ વણિક ભક્તો દયાળજી, નારાયણજી વગેરે ઘોડા ઉપર બેસી શ્રીહરિની સમીપે આવ્યા. (૧) તે વણિક મુમુક્ષુઓ હંમેશાં પોતાનાં ઘરમાં પુરાણની કથામાં આવતા ભગવાનના લક્ષણ સહિત ભગવાનનું માહાત્મ્ય સાંભળતા હતા. (૨)

પદ્મપુરાણમાં ભગવાનના ચરણના બંને તળિયામાં સુંદર સોળ ચિહ્નો હોય એવું તે વણિકોએ આદરપૂર્વક સાંભળ્યું હતું. (૩) પછી તે વણિક મુમુક્ષુઓ, લોકોએ જેમને ભગવાન કહ્યા છે તે અહીં પધારેલા શ્રીસ્વામિનારાયણ છે, એવું સાંભળી ભેગા મળી ચિંતવન કરવા લાગ્યા. (૪)

જો શ્રી સ્વામિનારાયણ ભગવાનના બંને ચરણના તળિયામાં સોળ ચિહ્નો હોય તો શ્રીસ્વામિનારાયણ સત્ય સ્વરૂપ ભગવાન હોય. (૫) હે મિત્રો ! તે હાલમાં વૃત્તાલય પુરમાં પધાર્યા છે. માટે ત્યાં જઈ આ પ્રભુજ છે એમ પરીક્ષા કરી આપણે એમનો આશ્રય કરીએ. (૬)

શુદ્ધ અંતઃકરણવાળા તે વણિક વિચક્ષણ મુમુક્ષુઓ પરસ્પર મિત્રભાવ પામેલા આવી રીતે નિશ્ચય કરીને જાણવાની ઈચ્છાથી વૃત્તાલયમાં આવ્યા. (૭) સભામાં આવી મહાસભામાં બિરાજેલા, લાખો ભક્તોથી વીંટાયેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનના દર્શન કરીને તે વણિકો આશ્ચર્ય પામ્યા. (૮)

તેમનોં સર્વભાવ જાણનારા શ્રીહરિ તેમને દૂર રહેલા જોઈને પોતાનાં હાથની સંજ્ઞાથી તે મહાસભામાં માર્ગ કરાવતા હતા. (૯) હે મહીપતે ! પછી તે વણિકો જનસમૂહની ભીડવાળી અતિ મોટી સભામાં ધીમેથી આવ્યા. (૧૦)

પછી શ્રીહરિએ વિચક્ષણ અને હર્ષથી વંદના કરતા મુક્તિની ઈચ્છાવાળા તે વણિકોને જાણીને પોતાની સમીપે તેમને બેસાડ્યા. (૧૧) સર્વાંતરયામી શ્રીહરિએ તે પરસ્પર મિત્રોનો શુભાશય જાણી પોતાનાં બંને ચરણ લાંબા કરી તે વણિકોને પોતાનાં બંને ચરણના તળિયા બતાવ્યા. (૧૨)

તે વણિક ભક્તો શ્રીહરિનાં બંને ચરણતળમાં સોળ ચિહ્નો જોઈને હર્ષથી શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણવા લાગ્યા. (૧૩) અમૃતથી અધિક રસરૂપ વાણી જેમની છે એવા સ્વયં શ્રીહરિ પાછા પૂર્વવત્ બેસીને તેમને કહેવા લાગ્યા, હે વણિકો ! તમારે જે પૂછવું હોય તે પૂછો. (૧૪)

પછી શ્રીહરિનાં ચરણના જે ચિહ્નો જમણા ચરણમાં નવ ચિહ્નો :- સ્વસ્તિ, જવ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, ઉર્ધ્વરેખા, અષ્ટકોણ, વજ્ર તથા મીન ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કળશ, અર્ધચંદ્ર ધનુષ્ય ડાબા ચરણમાં એ સાત ચિહ્નો મળી સોળ ચિહ્નો જોઈ શ્રીહરિ વિષે ભગવાનપણાનો નિશ્ચય કરી તે વણિકો કહેવા લાગ્યા. હે હરે ! અમારે કંઈપણ પૂછવું નથી. (૧૫)

હે સ્વામિન્ ! અમોએ પદ્મપુરાણમાંથી એમ સાંભળ્યું છે કે સર્વ અવતારોના અવતારી સ્વયં અને સ્વરત્ જે ભગવાન હોય; (૧૬) તે પ્રભુ સત્પુરુષોના પતિ શ્રીહરિનાં શોભાયમાન બંને ચરણના તળિયામાં વજ્ર, કમળ, ધ્વજ વગેરે સોળ શ્રેષ્ઠ ચિહ્નો હોય; (૧૭) પદ્મપુરાણમાં કહેલા સર્વે ચિહ્નો આપના બંને ચરણકમળના તળિયામાં અમોએ જોયાં. માટે આપ પ્રત્યક્ષ પુરુષોત્તમ છો. એમ અમોએ જાણ્યું છે. (૧૮)

પછી શ્રીહરિ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા; હે વિચક્ષણો ! આ લોકમાં પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ દેહધારીઓને દુર્લભ છે. (૧૯) હે વણિકો ! વૈરાજ આદિ ઈશ્વરો તથા બીજા યોગીઓ ઘણાં કાળ પ્રાર્થના કરે ત્યારે ભગવાન આ પૃથ્વીના તળમાં પ્રાદુર્ભાવ પામે છે. (૨૦)

પછી તે ભગવાનને સત્પુરુષોના પ્રસંગથી તથા શાસ્ત્રમાં કહેલા ચિહ્નોથી જાણીને તથા તેમનોં આશ્રય કરીને મુમુક્ષુજનો સર્વોત્તમ એકાંતિક મુક્તિ પામે છે. (૨૧)

પછી તે વણિક ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા. હે ભૂમન્ ! ભગવાનની પ્રાપ્તિ થવી તે અત્યંત દુર્લભ છે એમ આપે કહ્યું તે ભગવાન પ્રત્યક્ષ આપ જ છો એમ અમોને ભાસે છે. (૨૨)

હે સ્વામિન્ ! આપ પરમેશ્વર ન હો તો આપના લાખો આશ્રિતો કામાદિ દોષો જીતી આવી રીતે સર્વોપરી સુખ કેમ પામે ? (૨૩) ધનાઢ્ય તે વણિકો આવી રીતે કહીએ પછી અમૂલ્ય ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૪)

પછી તે ચાર વણિકો શ્રીહરિનો આવી રીતે દૃઢ આશ્રય કરીને અવતારી શ્રીહરિને હંમેશાં અનન્ય ભાવથી ભજવા લાગ્યા. (૨૫) પછી આણંદપુરના નિવાસી મૂળજીત બ્રાહ્મણ જેમનું ધનાઢ્ય લોકોએ સન્માન કર્યું છે તે શ્રીહરિની સમીપે આવ્યા. (૨૬)

ચમત્કાર જોવા ઈચ્છતા ગર્વિષ્ઠ તે બ્રાહ્મણને, પ્રત્યક્ષ શ્રીહરિ સંબંધી વાતો સંતો પાસેથી વારંવાર સાંભળવા છતાં પણ શ્રીહરિનો નિશ્ચય થયો નહિ. (૨૭) મહાસભામાં ઊંચા પોતાનાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિની સન્મુખ ઊભા રહીને એક હાથ ઊંચો કરીને તે બ્રાહ્મણ કહેવા લાગ્યો. (૨૮)

હે પ્રભો ! હે ભૂમન્ ! પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય કેમ થાય ? આ પ્રકારનું તેમનું વચન સાંભળીને શ્રીહરિએ તે બ્રાહ્મણને કહ્યું. (૨૯) હે બ્રહ્મન્ ! ભગવાનનો નિશ્ચય તો સત્પુરુષોના પ્રસંગથી થાય છે. શ્રીહરિનું આવું વચન સાંભળીને તે બ્રાહ્મણે શ્રીહરિને ફરી પૂછ્યું. (૩૦)

હે હરે ! મેં તમારા મુનિઓની વાતો વારંવાર સાંભળી છે તો પણ મને આપ પ્રત્યક્ષ શ્રીહરિનો નિશ્ચય થયો નથી. (૩૧) શ્રીહરિ તેમનું આ પ્રકારનું વચન સાંભળીને ફરીથી તેના પ્રત્યે હાથની શુભ ચેષ્ટા કરીને પોતાનાં ભક્તોને આનંદ આપતા આ પ્રમાણે બોલ્યા. (૩૨)

હે બ્રહ્મન્ ! મુક્તિમાં કારણ ભૂત સાધુઓનો અત્યંત પ્રસંગ થાય છતાં પણ શ્રીહરિનો નિશ્ચય ન થાય તો તેમાં પ્રતિબંધ કરનારું તમારું મહાપાપ છે. (૩૩) હે હરે ! મારું શું પાપ છે ? આવી રીતે તે બ્રાહ્મણે કહ્યું ત્યારે તેનું હૃદય જાણનારા શ્રીહરિ અન્તર્યામીપણે તેણે કરેલું ગુપ્ત પાતક કહેતા આ પ્રમાણે બોલ્યા. (૩૪)

હે વિપ્ર ! તમો પહેલા તમારા એક બ્રાહ્મણ મિત્રની સાથે ધન સંપાદન કરવા દૂર દેશાન્તરમાં ગયા હતા. (૩૫) ત્યાં મિત્રની સાથે તમોએ ઉદ્યમ કરી અત્યંત ધન મેળવ્યું. પછી દ્રવ્યના લોભથી મિત્ર બ્રાહ્મણની તમે હત્યા કરી. (૩૬)

બ્રહ્મહત્યારૂપ તે મહાપાપથી તથા બીજા પાતકોથી દૂષણ પામેલા તમારા ચિત્તમાં પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થતો નથી, એ વાત નિશ્ચિત છે. (૩૭) શ્રીહરિનું આવું વચન સાંભળીને તે બ્રાહ્મણ શ્રીહરિને પરમેશ્વર જાણી શ્રીહરિનાં પ્રતાપથી જેમનાં પાપ નાશ પામ્યા છે એવો નિષ્પાપ બની, પ્રત્યક્ષ શ્રીહરિનાં સ્વરૂપમાં નિઃસંશય થઈ, શ્રીહરિનો આશ્રય કર્યો. (૩૮)

હે રાજન્ ! પછી તે સભામાં અતિશય દુષ્ટ આશયથી વિવિધ પ્રકારનાં અભિચાર જાણનારી

સોજીત્રા ગામની બ્રાહ્મણ સ્ત્રી શ્રીહરિને હણવાની ઇચ્છાથી આવી. (૩૯) તે સ્ત્રી ગુપ્ત રીતે દૂર રહીને મંત્રેલા અડદની મૂઠ શ્રીહરિ ઉપર તેમને હણવા માટે વારંવાર નાંખતી હતી. (૪૦)

સર્વજ્ઞ શ્રીહરિ પોતાનાં આસનની ચારેય તરફ પડેલા તથા પડતા અડદ જોઈને પોતાનાં ભક્તો પ્રત્યે જોઈ મંદ હાસ્ય કરતા હતા. (૪૧) તે દુષ્ટ સ્ત્રીનો આશય જાણતા શ્રીહરિએ કોઈ ભક્ત દ્વારા તેને બોલાવીને દૂર ઊભેલી તે સ્ત્રીને કહ્યું. (૪૨)

હે વનિતા ! તું અહીં કેમ આવી છું ? સાચું કહે. આ પ્રકારે પૂછ્યું તેથી તે અતિ પાપિષ્ટા સ્ત્રી કહેવા લાગી કે તમોને જોવા માટે આવી છું. (૪૩) શ્રીહરિ તે સાંભળીને ફરી તેને કહેવા લાગ્યા, હે સ્ત્રી ! તું મારા દર્શન માટે નથી આવી. પરંતુ મને હણવા માટે આવી છું. (૪૪)

હે પાપિષ્ઠા ! બહુ કાળથી મને હણવા ઇચ્છતી તું મારા ઉપર વારંવાર મૂઠી ભરી ભરી અડદ ફેંકે છે તો પણ જૂઠું કેમ બોલે છે ? (૪૫) તેનો સર્વ આશય જાણનારા ભગાવન શ્રીહરિ આવી રીતે તેને કહીને તેનું દુષ્ટપણું જણાવતા મંદ હાસ્યપૂર્વક ભક્તોને આવી રીતે કહેવા લાગ્યા. (૪૬)

હે ભક્તો ! આ સ્ત્રી પૂતનાના જેવા પાપ કરનારી છે. તેણે સાત પુરુષ તો હણ્યા છે. (૪૭) શ્રીહરિ તે ભક્તોને આવી રીતે કહીને ફરી તે સ્ત્રીને કહેવા લાગ્યા. હે સ્ત્રી ! તું મારા ઉપર સર્વ અભિચાર ક્રિયાઓ ફરીથી કર. (૪૮)

હે સ્ત્રી ! આ મારા આશ્રિત ત્યાગી ભક્તો ઉપર અથવા બીજા ગૃહસ્થ ભક્તો ઉપર તારી સમગ્ર અશુભ ક્રિયા તું ઇચ્છા પ્રમાણે કર. (૪૯) આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળીને શ્રીહરિનાં અતિશય પ્રતાપથી તે સ્ત્રીના સર્વે અંગો અત્યંત બળવા લાગ્યા. એ પ્રમામે બીક પામી શ્રીહરિ પ્રત્યે તે એ પ્રમાણે બોલી. (૫૦)

હે પ્રભો ! આપની ઉપર તથા અહીં આદરપૂર્વક આપના દર્શન કરતા આપના ભક્તો ઉપર મારો કોઈ અભિચાર ચાલતો નથી. (૫૧) પછી શ્રીહરિએ પોતાનાં દર્શનથી તેને સમાધિ કરાવી યમપુરીની યાતનાઓ તેને બતાવી. એ રીતે ત્રાસ પામેલી તે સ્ત્રીને શ્રીહરિ પોતાનાં સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા. (૫૨)

પછી તે સ્ત્રીએ શ્રીહરિને પરમેશ્વર જાણીને, અશુભ ક્રિયાઓનો ત્યાગ કરી, પાપ તથા તાપના સમૂહને શમાવનારો શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૫૩) પછી તે બ્રાહ્મણ સ્ત્રીએ શ્રીહરિને જડેલાં રત્નોવાળી સુવર્ણની વીંટી ભક્તિપૂર્વક અર્પણ કરી. અને પોતાનાં ભક્તોનું પોષણ કરનાર શ્રીહરિની આગળ સાકરથી ભરેલું પીત્તળનું સુંદર પાત્ર મૂક્યું. (૫૪)

જનોની આત્યંતિક મુક્તિ કરવા પોતાનું અનુપમ શુભ ઐશ્વર્ય આવી રીતે બતાવતા શ્રીહરિ અનેક જીવોને પોતાનો આશ્રય કરાવતા હતા. (૫૫) પોતાની સમીપે આવતા જનો જેવો સંકલ્પ કરતા હતા તેવીજ રીતે ક્રિયા કરતા શ્રીહરિ, તત્કાળ તેમને સર્વને પોતાનાં આશ્રિત બનાવીને સંસારના ત્રાસથી મુક્ત ચિત્તવાળા કરતા હતા. (૫૬)

આવી રીતે શ્રીહરિ પોતાનો પ્રતાપ વિસ્તારતા મહોત્સવ કરીને પડવાને દિવસે દેશાન્તરના સમગ્ર ભક્તોને જવા માટે આજ્ઞા આપતા હતા. (૫૭)

હે નૃપતે ! પછી સમગ્ર ભક્તો ઈષ્ટદેવ શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિનો વિરહ સહન કરવા જે અત્યંત અશક્ત છે, જેમનાં નેત્રોમાં અશ્રુ છે એવા, શ્રીહરિનું ઐશ્વર્ય તથા મહોત્સવ સંભારતા પોતપોતાનાં દેશ પ્રત્યે જવા લાગ્યા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિનાં મહાપ્રતાપનું નિરૂપણ એ નામે એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ત્યાંથી જવાની ઈચ્છાવાળા શ્રીહરિ તત્કાળ તૈયાર થયા. શ્રીહરિની આજ્ઞાથી તેમનાં બંધુઓ તથા સાધુ વગેરે પણ તૈયાર થયા. (૧) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તથા તેમનાં ભક્તોને એ પુરના ભક્તોએ વળાવ્યા, એ રીતે શ્રીહરિ વૃત્તાલયપુરથી નીકળ્યા. (૨)

શ્રીહરિ અશ્રુથી ભરેલા નેત્રોવાળા તે સર્વ ભક્તોને પાછા વાળીને, પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા ચાંગા ગામે પધાર્યા. (૩) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ હર્ષપૂર્વક પોતાનાં જનોની સાથે ચાંગા ગામમાં યોગ્ય નિવાસમાં રહ્યા. (૪)

ત્યાં ઈશ્વર વગેરે બ્રાહ્મણ તથા જીવાભાઈ વગેરે ક્ષત્રિયો રઘુ વગેરે વૈશ્યો શ્રીહરિની સેવા કરતા હતા. (૫) રણછોડ, લાખો, ફુલજીત વગેરે ભાટો તથા જશુ વગેરે સ્ત્રીઓ પ્રીતિપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરતી હતી. (૬)

તે ભક્તો શ્રીહરિ તથા તેમનાં ભક્તોને સુંદર ભોજનોથી તૃપ્ત કરતા હતા. તેમજ અલંકાર તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી તેમનું પણ પૂજન કરતા હતા. (૭) પછી પ્રભુ શ્રીહરિ શુભ વાર્તા કરીને તે ભક્તોને આનંદ પમાડતા ત્યાં રાત્રિ રહીને સવારમાં જવા તૈયાર થયા. (૮)

અશ્વ ઉપર બિરાજેલા, ભક્તોના સમૂહે જેમને વળાવ્યા છે તે શ્રીહરિ હર્ષપૂર્વક પોતાનાં સહચરોની સાથે ચાલતા વસોપુરમાં પધાર્યા. (૯)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને ત્યાં રામસરોવરની સમીપે શ્રીહરિએ નિવાસ કર્યો. (૧૦) ત્યાંના ભક્ત વિપ્ર વાલાધ્રુવ, દાદાભાઈ, ઈશ્વર તથા રામશંકર વગેરે ભક્તો શ્રીહરિનું સેવન કરતા હતા. (૧૧) વાલોભાઈ, જગોભાઈ, તુળસીભાઈ તથા હાંસજી વગેરે વૈશ્ય ભક્તો; (૧૨)

ભક્ત શિવાભાઈ એ આદિ સર્વ ભક્તો, ભક્તિપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા. તેમજ અવલા આદિ ભક્તિવાળી સ્ત્રીઓ યોગ્યતા પ્રમાણે શ્રીહરિની સેવા કરતા હતા. (૧૩)

તે ભક્તો શ્રીહરિ તથા તેમનાં બંધુઓને વિવિધ પ્રકારનાં ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. શ્રીહરિ મુનિઓ વગેરેને પણ મોદકો પીરસીને ભોજન કરાવતા હતા. (૧૪) પછી તે ભક્તો સભામાં બિરાજેલા શ્રીહરિને હર્ષપૂર્વક સુંદર વસ્ત્રો તથા આભૂષણો વગેરે ઉપચારોથી પૂજતા હતા. (૧૫)

તે સમયે દારિદ્રયથી પીડાતા, સામવેદની શ્રુતિ જાણનારા, ધર્મિષ્ઠ, જૂનાં વસ્ત્રો પહેરેલાં, બે વટેમાર્ગુ બ્રાહ્મણો તે સભામાં આવ્યા. (૧૬) હે ભૂપતે ! પીડાહારી શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્ન થયેલા તે બંને બ્રાહ્મણો પ્રણામ કરીને તે મનોહર સભામાં બેઠા. (૧૭)

અંતર્યામીપણે તેમનું દારિદ્રય જાણતા શ્રીહરિ સભામાં બેઠેલા તે બંને બ્રાહ્મણો પ્રત્યે હર્ષથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૮) હે દ્વિજવરો ! તમો બંને શું ભણ્યા છો ? કૃપાળુ શ્રીહરિનું આ વચન સાંભળીને પ્રસન્ન મનવાળા તે બંને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૯)

હે પ્રભો ! અમો બંને સામવેદ ભણ્યા છીએ. એટલે સમર્થ શ્રીહરિએ તેમને કહ્યું, હે બ્રાહ્મણો ! તમો બંને સામવેદનું ગાન કરો. (૨૦) હે રાજન્ ! પછી અત્યંત પ્રસન્ન થયેલા, મધુર સ્વરવાળા તે બંને બ્રાહ્મણો, શ્રીહરિની આગળ સામવેદનું ગાન કરવા લાગ્યા. (૨૧)

વેદનું રહસ્ય જાણતા શ્રીહરિ વેદનું મધુર ગાન સાંભળી આનંદ પામ્યા. પોતાને પ્રિય, શુભ શ્રુતિપથનું પોષણ કરતા શ્રીહરિ; (૨૨) ઘણા મૂલ્યવાળા રમણીય પોતાનાં ભૂષણો, અંબરો તથા હજારો રૂપાની મુદ્રાઓ (રૂપિયા) તે બંને બ્રાહ્મણોને હર્ષથી આપતા હતા. (૨૩)

દાન આપવામાં શૂરવીર ભગવાન શ્રીહરિ આદરપૂર્વક પુષ્કળ ઘી, સાકર, ઘઉંનો લોટ, ઉત્તમ ચોખા, દાળ, મીઠું, મરચાં, આમલી, મેથી, હળદર, અથાણાં, ધાણાં, મસાલો, શાક, તેલ વગેરે તે બંને વિપ્રોને અપાવતા હતા. (૨૪)

પછી એમનો મહારિપુ દારિદ્રય તથા સંસારનો ત્રાસ બંને નાશ પામ્યા. પછી અતિ આનંદથી તે બંને વિપ્રો શ્રીહરિને નમસ્કાર કરીને ત્યાંથી ગયા. (૨૫) પછી શ્રીહરિ શુભ વાર્તા કરીને ત્યાંના પોતાનાં આશ્રિતોને આનંદ આપતા તે રાત્રિ હર્ષપૂર્વક ત્યાં રહ્યા. (૨૬)

પ્રાતઃકાળમાં વસો નિવાસી ભક્તજનોએ શ્રીહરિને વળાવ્યાં. તેથી પતાના સમગ્ર અનુયાયી ભક્તજનો સહિત શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી લિંબાસી ગામે પધાર્યા. (૨૭) પછી સન્મુખ આવેલા લિંબાસી ગામના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. પોતાનાં ભક્તજનોની સાથે શ્રીહરિ તે ગામમાં યોગ્ય સ્થાનમાં ઉતર્યા. (૨૮)

ગામમાં શ્રીહરિનાં આશ્રિત વૈશ્ય ભક્તો પ્રભુદાસ, લાલદાસ તથા કાળીદાસ, ધોરીભાઈ તથા અભય વગેરે ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને

ઉત્તમ ભોજનોથી તૃપ્ત કર્યા. (૨૯, ૩૦)

તે ભક્તોએ વિવિધ પ્રકારનાં વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિએ તે ભક્તોને વાર્તાથી આનંદ આપ્યો. પછી શ્રીહરિ પોતાનાં ભક્તોની સાથે માર્ગમાં ચાલતા વટાંમણ ગામે પધાર્યા. (૩૧, ૩૨)

સન્મુખ આવેલા તે ગામના ભક્તોએ ભક્તપ્રિય શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ તે ગામમાં પોતાનાં જનોની સાથે યોગ્ય નિવાસમાં ઉતારો કર્યો. (૩૩) તે ગામમાં ક્ષત્રિય ભક્તો તેજસિંહ, પથાસિંહ, ભલ્લજીત વગેરે શ્રીહરિનું સેવન કરતા હતા. (૩૪)

તે ભક્તો ઉત્સાહપૂર્વક શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને ભોજનો જમાડતા હતા. તેમજ ભૂષણો, વસ્ત્રો વગેરે ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. (૩૫) શ્રીહરિ વાર્તાથી ભક્તોને આનંદ પમાડતા ત્યાં રાત્રિ રહ્યા. સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ત્યાંના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાનાં સહચરો સહિત ત્યાંથી ચાલ્યા. (૩૬)

પછી શ્રીહરિ કમીયાળા ગામ પધાર્યા. સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ તે ગામમાં મનોહર સ્થાનમાં રહ્યા. (૩૭) તે ગામના ક્ષત્રિય ભક્તો પરાગ, શશિવર્ણ, હઠિવર્ણ, બીજા આવરદ તથા ક્ષેમરાજ, વાંસજી, અજો ભક્ત તથા વાઘજી ભક્ત વગેરે ઘણા ભક્તો શ્રીહરિની શુભસેવા ભક્તિપૂર્વક કરતા હતા. (૩૮, ૩૯)

શ્રીહરિમાં અત્યંત ભક્તિવાળી તે ગામની ધર્મનિષ્ઠ ભક્ત સ્ત્રીઓ જીજી વગેરે યોગ્યતા પ્રમાણે શ્રીહરિની સેવા કરતી હતી. (૪૦) શ્રીહરિને તેમનાં ભક્તો સાથે ત્યાંના ભક્તોએ ભોજનોથી તૃપ્ત કર્યા. તેમજ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું પછી શ્રીહરિ તે ભક્તોને વાતોથી સુખી કરતા ત્યાં રાત્રિ રહ્યા. (૪૧) પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તથા તેમનાં સહચરોને ત્યાંના ભક્તોએ વળાવ્યા તેથી શ્રીહરિ ચાલતા ખસતા ગામે પધાર્યા. (૪૨) સન્મુખ આવેલા ત્યાંના ભક્તસમૂહે શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ પોતાનાં સમગ્ર સહચરોની સાથે તે ગામમાં પોતાને યોગ્ય સ્થાનમાં રહ્યા. (૪૩) તે ગામમાં વિપ્ર જગજીવન, જેઠા વગેરે તથા જીજીભાઈ, રામદાસ આદિક ક્ષત્રિય ભક્તો, શ્રીહરિની સેવા કરતા હતા. (૪૪) તે ભક્તોએ શ્રીહરિ તથા તેમનાં ભક્તોને ભોજનો જમાડી તૃપ્ત કર્યા પછી ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ તે ભક્તોને વાર્તાથી સુખ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૪૫)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા ખડોલ્ય ગામે પધાર્યા. (૪૬) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ ત્યાં પોતાનાં આત્મીય જનોની સાથે પોતાને યોગ્ય સુંદર સ્થાનમાં ઉતારો કર્યો. (૪૭)

તે ગામમાં આનંદ વગેરે બ્રાહ્મણો તથા ભીમ મૂળજીત વગેરે ક્ષત્રિય ભક્તો, પાંચા વગેરે અન્ય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૪૮)

તે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને ભોજનોથી તૃપ્ત કર્યા. ઉપચારોથી તેમનું પૂજન કર્યું. પછી શ્રીહરિ તે પોતાનાં ભક્તોને ધર્મજ્ઞાનાદિ વાર્તાથી સુખ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૪૯)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. પ્રભુ શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે વિચરતા ત્યાંથી ધંધૂકા પુરમાં પધાર્યા. (૫૦)

ત્યાં નરસિંહ તથા બીજા ધના વગેરે ભક્તો શ્રીહરિની સન્મુખ જઈને, શ્રીહરિની ઉત્તમ ઉપચારોથી પૂજા કરતા હતા. (૫૧) પછી તેમણે શ્રીહરિને વળાવ્યા. પોતાનાં જનોની સાથે ત્યાંથી ચાલતા ભક્તોનું હિત કરનારા શ્રીહરિ વાગડ ગામે પધાર્યા. (૫૨)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. પછી શ્રીહરિએ ત્યાં પોતાનાં અનુચરો સાથે પોતાને યોગ્ય શ્રેષ્ઠ સ્થાનમાં ઉતારો કર્યો. (૫૩) હે રાજન્ ! ગામમાં ભીમજીત, ભોજાભાઈ, મૂળજીત, દેશળજીત વગેરે ક્ષત્રિય ભક્તો; (૫૪)

વણિક ભક્તો દામજી, મોતી વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને તેમણે ભોજનોથી તૃપ્ત કર્યા. (૫૫)તે ભક્તોએ સુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ વાતો કરીને તે ભક્તજનોને સુખ આપતા રાત્રિ ત્યાં રહ્યા. (૫૬)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. તેથી અચ્યુત શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે વિચરતા બગડ ગામે પધાર્યા. (૫૭)

પછી ત્યાંના જશુ વગેરે ક્ષત્રિય ભક્તોએ શ્રીહરિની સન્મુખ જઈને તથા શ્રીહરિને પ્રાર્થના કરીને, ત્યાં સુંદર સ્થાનમાં શ્રીહરિને નિવાસ કરાવ્યો. (૫૮) પછી શ્રીહરિને તેમનાં ભક્તજનો સાથે ત્યાંના ભક્તોએ મનોહર ભોજનોથી તૃપ્ત કર્યા. વળી ઉપચારોથી તેમનું પૂજન કર્યું. શ્રીહરિ ત્યાં હર્ષપૂર્વક રાત્રિ રહ્યા. (૫૯)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા તથા ભક્તોએ વળાવેલા શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા ખસ ગામે પધાર્યા. (૬૦)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. શ્રીહરિએ પોતાનાં સમગ્ર જનોની સાથે ત્યાં પોતાને યોગ્ય સ્થાનમાં નિવાસ કર્યો. (૬૧) હે રાજન્ ! તે ગામમાં ભીમો, વાઘજી તથા ભોજાભાઈ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. તેમણે શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને ભોજનોથી તૃપ્ત કર્યા. (૬૨)

તે ભક્તોએ સુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું, શ્રીહરિએ વાર્તા કરીને તે ભક્તોને આનંદ આપ્યો અને રાત્રિ રહ્યા. (૬૩) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિને તથા તેમનાં બંધુઓને, પોતાને વિષે આસક્તિવાળા સમગ્ર ભક્તજનોને વળાવ્યા. ત્યાંથી માર્ગમાં ચાલતા ભગવાન શ્રીહરિ સુંદર ગઢપુરમાં પધાર્યા. (૬૪)

વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોષ સાંભળતા, જનસમૂહ જેમનાં હર્ષપૂર્વક દર્શન કરી રહ્યા છે એવા

ધર્મપુત્ર શ્રીહરિએ દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૬૫)

પોતાનાં અશ્વને ધીમેથી ચલાવતા, કરુણા સહિત કોમળદૃષ્ટિથી ચારે તરફ જનસમૂહને જોતા, શ્રીહરિએ ઉત્તમ રાજાના દરબારમાં જઈને ત્યાં પોતાનાં સુંદર મહેલમાં નિવાસ કર્યો. (૬૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિનું ગઢપુરમાં આગમન નિરૂપણ નામે બેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા, દરરોજ ધર્માદિ વાર્તા કરતા, પોતાનાં દર્શનથી ભક્તોને શ્રીહરિ સુખી કરતા હતા. (૧) શ્રીહરિ બ્રાહ્મણ પુરાણી પ્રયાગજીત પાસે ભાગવતની રમણીય કથા હંમેશાં સાંભળતા હતા. (૨)

આવી રીતે શ્રીસહજાનંદ સ્વામી ગઢપુરમાં નિવાસ કરતા, પોતાનાં ભક્તોને આનંદ આપતા હતા, તેવામાં શ્રાવણ માસની પૂર્ણિમા આવી. (૩)

શ્રાવણ માસની પૂર્ણિમાને દિવસે સારંગપુરથી જીવા ખાચર વગેરે ભક્તો શ્રીહરિનાં દર્શન માટે હર્ષપૂર્વક દુર્ગપત્તન આવ્યા. (૪) પછી જીવા ખાચર વગેરે ભક્તોએ, સભામાં બિરાજેલા શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિએ તેમની સંભાવના કરી. પછી તેઓ પ્રભુ શ્રીહરિની આગળ સભામાં બેઠા. (૫) શ્રીહરિનાં દર્શનથી આનંદયુક્ત થઈ શ્રીહરિનાં અનન્ય ભક્ત જીવા ખાચર બંને હાથ જોડી, ધર્મ આદિ ચાર પુરુષાર્થની સિદ્ધિ આપનારા શ્રીહરિની આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૬)

હે પ્રભો ! અમો આપના ભક્તો અમારા પુરમાં, અમારા આનંદ માટે, આપ જન્માષ્ટમીનો ઉત્સવ કરો તેવી પ્રાર્થના કરીએ છીએ. (૭) હે સ્વામિન્ ! હે શ્રી હરે ! આપની દયાથી પ્રાપ્ત થયેલું અમારું ધન વગેરે સમગ્ર આપના જ છે. (૮)

માટે આપના ચરણકમળના આશ્રિત ભક્તો અમો સર્વ, હંમેશાં આપની પ્રસન્નતા ઈચ્છનારા, અમારો આ મનોરથ આપ પૂર્ણ કરો. એમ આપને પ્રાર્થીએ છીએ. (૯) આવી રીતે નિષ્કપટ ભાવથી તે ભક્તોએ ભક્તિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ તેમને મંદ હાસ્યપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૦)

હે ભક્તો ! મારે વિષે અત્યંત સ્નેહવાળા તમારો મારા પ્રત્યેનો અનન્ય ભાવ હું જાણું છું. માટે જન્માષ્ટમીનો ઉત્સવ કરવા હું તમારા પુરમાં આવીશ. (૧૧) તમો આગળ જઈને ઉત્સવને યોગ્ય સામગ્રી તૈયાર કરો. આવી રીતે શ્રીહરિની વાણી સાંભળીને તે ભક્તો આનંદ પામ્યા (૧૨)

ક્ષત્રિય ભક્ત જીવા ખાચર પોતાનાં પુરમાં આ ઉત્સવ ઉપર આવવા ઉત્તમ રાજાને તથા પુરના

નિવાસિભક્તોને હર્ષપૂર્વક આમંત્રણ આપતા હતા. (૧૩) પછી પોતાનાં પુરમાં જવા માટે તૈયાર થયેલા જીવા ખાચર તથા બીજા ભક્તોને ઉત્તમ રાજા હર્ષપૂર્વક જમાડતા હતા. (૧૪)

પછી જીવા ખાચર વગેરે ભક્તો હર્ષથી શ્રીહરિને નમસ્કાર કરી, પોતાનાં પુરમાં ગયા. ત્યાં શાક, ઘી, જળના પાત્રો વગેરે સામગ્રીઓ તૈયાર કરવા લાગ્યા. (૧૫) પછી અતિ પ્રસન્ન થયેલા તે ભક્તો દેશાન્તરમાં સર્વ ભક્તોને બોલાવવા માટે સુંદર મંગળ પત્રિકાઓ મોકલતા હતા. (૧૬)

શ્રીહરિ તો પંચમીને દિવસે વર્ણીઓ, સાધુગણો તથા ઉત્તમ રાજા તથા પાર્ષદો વગેરેની સાથે તેમનાં પુરમાં જવા નીકળ્યા. (૧૭)

વાયુના વેગથી પણ અધિક વેગવાળા, લાલવર્ણવાળા, અલંકારોથી શણગારેલા અશ્વ ઉપર બિરાજેલા, સુવર્ણની સુંદર લગામ ડાબા હાથમાં ચંચળતાપૂર્વક ધારણ કરનારા, જમણા હાથમાં સુવર્ણની સોટી ધારણ કરતા, ધારણ કર્યા છે શ્વેતવસ્ત્રો જેમણે એવા, ચળકતા ભાલાઓ જેમનાં હાથમાં છે એવા સોમાદિ ઘોડેસવારોથી વીંટાયેલા એવા, શોભાયમાન શ્રીહરિ ચાલતા હતા. (૧૮)

રામપ્રતાપ શોભાયમાન કેસરી ઘોડી ઉપર બેસી શ્રીહરિની પાછળ ચાલતા હતા. ઈચ્છારામ અતિ ઉતાવળી ગતિવાળા રમણીય રોઝા ઘોડા ઉપર બેસીને પાછળ ચાલતા હતા. ઘોડાઓ ઉપર બેઠેલા પ્રગટ ભગવાનમાં પ્રીતિવાળા તેમનાં પુત્રો તથા રથમાં બેઠેલી ધર્મવંશની સ્ત્રીઓ વગેરે પ્રીતિપૂર્વક તત્કાળ પાછળ ચાલતા હતા. (૧૯) હે રાજન્ ! તે સમયે જયા, રમા વગેરે સ્ત્રીઓ તો પોતાનાં આત્માને પૂછ્યા સિવાય જતા શ્રીહરિને જોઈ, શ્રીહરિ લાંબા સમય સુધી ત્યાં રહેશે એવી શંકા કરતી રથમાં બેસીને શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૨૦)

પોતાનાં અશ્વરાજ ઉપર વિરાજમાન, પોતાનાં જનોથી વીંટાયેલા શ્રીહરિ, અશ્વને ચલાવતા માર્ગમાં ભક્તસમૂહને આનંદ આપતા, સારંગપુરની સમીપે પહોંચ્યા. (૨૧) પુરના ભક્તગણો ઈષ્ટદેવ શ્રીહરિ પોતાનાં પુરમાં આવે છે તેવું સાંભળીને, સર્વ કર્મનો ત્યાગ કરીને, ભેગા થઈને, વિચિત્ર વાદ્યોના ઉત્તમ ઘોષ સહિત હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૨૨)

પછી તે ભક્તો ઉત્તમ ઘોડાઓથી વીંટાયેલા, સુંદર અશ્વ ઉપર બિરાજેલા દર્શનીય શ્રીહરિને દૂરથી જોઈને, તેમનાં નેત્રોમાં અશ્રુ સ્રવે છે એવા, અત્યંત ભક્તિથી તેઓ સર્વ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા શ્રીહરિની સન્મુખ ગયા. (૨૩) પછી શ્રીહરિએ સન્મુખ આવેલા તે સમગ્ર ભક્તોની યથાયોગ્ય સંભાવના કરી. પછી તે ભક્તો તથા પોતાની સાથે આવેલા ભક્તજનોની સાથે શ્રીહરિએ તે પુરમાં પ્રવેશ કર્યો. અને જીવા ખાચરના ભુવનમાં નિવાસ કર્યો. (૨૪)

શ્રીહરિએ પોતાનાં પ્રસિદ્ધ ભક્ત રાઠોડ ધાધલના ભુવનમાં ધર્મવંશની તથા જયા વગેરે સમગ્ર સ્ત્રીઓને ઉતારો આપ્યો તથા પોતાનાં આશ્રિત બીજા ભક્તોને પણ યથાયોગ્ય ઉતારાઓ અપાવ્યા (૨૫)

હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો સર્વ નિત્ય નિયમ યથાર્થપણે કરીને, પોતાનાં બંધુજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમ્યા. (૨૬) વર્ણિઓ તથા સાધુજનો પણ જુદી જુદી રસોઈ કરીને વિષ્ણુને અર્પણ કરી ભોજનો યથાયોગ્ય જમ્યા. ઉત્તમ વગેરેને જીવા ખાચર પ્રીતિથી પોતાનાં ભુવનમાં જમાડતા હતા. (૨૭)

હે નૃપ ! નગરના અધિપતિ જીવા ખાચર અને તેમની પુત્રી દેવિકા તથા રાઠોડભક્તની પુત્રી માલતી ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતી હતી. (૨૮) શ્રીહરિમાં એકાંતિક ભાવયુક્ત પૂજા વગેરે ભક્તજનો પણ ભક્તિથી હંમેશાં સમય સમય પ્રમાણે યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતા હતા. (૨૯)

પછી દેશાન્તરથી તે પુરમાં હજારો ભક્તો, પુરુષો તથા સ્ત્રીઓ આવ્યા. પુરના જનો અત્યંત પ્રેમથી તેમની સંભાવના યથાયોગ્ય કરતા હતા. (૩૦) ભક્તજન સમૂહ શ્રીસ્વામિનારાયણના દર્શન કરીને હર્ષ પામ્યા. શ્રીસ્વામિનારાયણ પ્રભુ પણ પોતાનાં આશ્રિત જન પ્રત્યે દૃષ્ટિ વગેરે કરી, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૩૧)

તે સમયે શ્રીહરિની ભક્તિ કરનારા સ્ત્રીઓ તથા પુરુષો તથા ત્યાગવાળા તપસ્વી પુરુષોના સમૂહથી સમગ્ર ભૂમંડળ વ્યાપ્ત થઈ ગયું. (૩૨) પછી શ્રીહરિ, ફલ્ગુ નદીથી આરંભીને ધવલા નદીના કાંઠા સુધી અતિ શુદ્ધ પૃથ્વીના તળમાં, આશ્રિતોની હંમેશાં સભા કરાવતા હતા. (૩૩)

ભક્તોની મહાસભામાં શ્રીહરિ રમણીય ઊંચા સિંહાસનમાં બિરાજી ભક્તજન સમૂહને પોતાનાં દર્શન આપતા હતા અને સુંદર ધર્માદિ વાર્તા કરતા હતા. (૩૪)

ત્યાં તે ભક્તજનો મનોહર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. પોતાનાં દર્શનથી નાશ કર્યા છે આશ્રિતોના સર્વ પાપો જેમણે એવા શ્રીહરિ મધુર વચનરૂપી સુધારસથી પોતાનાં ભક્તજનોને તૃપ્તિ પમાડતા હતા. પોતાનાં આશ્રિત જનોના હિત કરવાના આગ્રહવાળા ભગવાન શ્રીહરિ એ રીતે તે પુરમાં રહેતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં સારંગપુરમાં શ્રીહરિ પધાર્યા તે વર્ણન નામે તેંતાળીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સપ્તમી તિથિની રાત્રિએ ફલ્ગુ નદીના તટની સમીપે અતિ રમણીય ઊંચા સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧)

ગુલાબના ફુલના રંગ જેવા શોભાયમાન મહામૂલ્યવાળા અંબરોથી શોભાયમાન છે મૂર્તિ જેમની એવા, પુષ્પોના ઉત્તમ હાર તથા તોરા જેમને છે એવા, મંદહાસ્યથી શોભે છે મુખ જેમનું

એવા શ્રીહરિ શોભતા હતા. (૨)

શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા, આનંદયુક્ત શ્રીહરિનાં સમગ્ર આશ્રિતો, મુનિઓ, વર્ણિઓ તથા ગૃહસ્થો પણ ઉત્સાહપૂર્વક ધર્મપુત્ર શ્રીહરિની આગળ બેઠા (૩) તેમાં તપ, વૈરાગ્ય, જ્ઞાનાદિમાં વૃદ્ધ મુનિઓ શ્રીહરિની આગળ બેઠા. તેમની પાછળ ઉંમરથી વૃદ્ધ તપસ્વી સાધુજનો બેઠા. (૪)

તેમની પાછળ યુવાન મુનિઓ, તેમની પાછળ સમગ્ર કિશોર વિનયથી નમ્રતાપૂર્વક બેઠા. શ્રીહરિનાં દર્શનમાં ઉત્કંઠિત હૃદયથી સાધુઓ પણ યથાયોગ્ય બેઠા. (૫) તેમનાં સિંહાસનની સમીપે તેમની આગળ નાના ભાઈની સાથે જ શ્રીહરિનાં દર્શન કરતા રામપ્રતાપ રમણીય આસન ઉપર યથાયોગ્ય હર્ષથી બેઠા. (૬)

તેમની સમીપે સુંદર સ્વભાવવાળા તેમનાં પુત્રો તથા તેમનાં બંધુજનો સ્થિર નેત્રોથી શ્રીહરિનાં દર્શન કરતા અતિ સુંદર આસન ઉપર બેઠા. (૭) ધર્મવંશના બ્રાહ્મણો જ્યાં બેઠા હતા તેના દક્ષિણ ભાગમાં તપ, ધર્મ, જ્ઞાન વગેરેથી વૃદ્ધ સમગ્ર બ્રાહ્મણો બેઠા. તેમની પાછળ ઉંમરથી વૃદ્ધ બ્રાહ્મણો તે મહાસભામાં હર્ષથી બેઠા. (૮)

જીવા ખાચર વગેરે રાજાઓ આનંદ પામતા, આનંદના મહાસાગર પોતાનાં ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરતા તેમની પાછળ બેઠા. (૯) શ્રીહરિની સેવામાં વિચક્ષણ મુકુંદાનંદ વર્ણિ વગેરે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, શ્રીહરિનાં સિંહાસનની સમીપે શ્રીહરિની આજ્ઞા પાલન કરવામાં તત્પરતાપૂર્વક બેઠા. (૧૦)

ઉત્તમ તરવારો જેમનાં હાથમાં છે એવા ક્ષત્રિય પ્રવરો ભૃગુજીત, નાજા, ભીમ વગેરે સમગ્ર ક્ષત્રિય વરો શ્રીહરિની પાછળ તથા ચારેય તરફ દૃષ્ટિ ફેરવતા ઊભા રહ્યા. (૧૧)

બૃહદ્વ્રતધારી વાસુદેવાનંદ વગેરે વર્ણિઓતો મુનિઓ તથા પાર્ષદોની વચ્ચમાં શ્રીહરિનાં દર્શન કરતા બેઠા. (૧૨) વર્ણિઓ શુભ સ્વસ્તિક આસન કરીને બેઠા. બીજા સાધુઓ પદ્માસન કરીને અંગની ચપળતા રહિત તે મહાસભામાં બેઠા. (૧૩)

મુનિઓની પાછળ ક્ષત્રિયોના સમૂહ, ક્ષત્રિયોની પાછળ સમગ્ર વૈશ્યો, તેમની પાછળ શૂદ્ર ભક્તજનો, તેમની પાછળ બીજા સાંકર જાતિના ભક્તો બેઠા. (૧૪)

આવી રીતે મર્યાદાપૂર્વક સમગ્રજનો યથાયોગ્ય તે સભામાં બેઠા. વાયુ વિનાના પ્રદેશમાં દીવો જેમ સ્થિર રહે તેમ નિશ્ચળ અંગવાળા તે ભકતો નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૫)

હે રાજન્ ! તે મહાસભામાં સ્ત્રીઓ મનુષ્યોથી દૂર જુદી બેસીને સુવર્ણના અતિ રમણીય સિંહાસનમાં બિરાજેલા મનોહર શ્રીહરિનાં દર્શન કરતી હતી. (૧૬, ૧૭) આવી રીતે પોતપોતાની મર્યાદાથી બધા બેઠા. ત્યારે શ્રીહરિએ પોતાનાં આશ્રિતોને જન્માષ્ટમી વ્રતનો નિર્ણય કહ્યો. (૧૮)

ભક્તપ્રિય શ્રીહરિએ, ધર્મ, જ્ઞાન અનુસાર વિવિધ વાતો કરીને પોતાનાં સર્વ ભક્તોને આનંદ કરાવ્યો. (૧૯) તેથી પ્રસન્ન થયેલા તે સમગ્ર ભક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી. પછી શ્રીહરિએ પોતાનાં

સર્વ આશ્રિતોને પોતપોતાનાં નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૨૦)

પછી પોતાનાં પાર્ષદોથી વીંટાયેલા ચટ્ચટ્ ધ્વનિ યુક્ત ચાખડીઓવાળા, ચપળ પુષ્પોના તોરાવાળા, શ્રીહરિ પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૧) પછી દયાસાગર શ્રીહરિ કોમળ શય્યામાં પોઢી પાર્ષદોની સેવા અંગીકાર કરતા કલ્યાણકારી યોગનિદ્રાને ધારણ કરતા હતા. (૨૨)

પછી નરનાટ્યધારી શ્રીહરિએ સવારમાં પોતાનાં સહચરો સહિત ફલ્ગુ નદીમાં સ્નાન કરીને પોતાનો સર્વ નિત્યવિધિ કર્યો. (૨૩) પછી શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ પાર્ષદો સહિત સભાસ્થાનમાં પધાર્યા અને ઊંચા શ્રેષ્ઠ સુવર્ણના સિંહાસનમાં બિરાજ્યા. (૨૪) તેમનાં બંધુજનો, ત્યાગીઓ તથા ગૃહસ્થો સમગ્ર સભામાં પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. (૨૫)

પછી સંગીત પ્રવર મુક્તાનંદ વગેરે સંતો શ્રીહરિની આગળ વિવિધ વાદ્યોસહિત ગાન કરવા લાગ્યા. શ્રીહરિનાં ચરણના આશ્રિત સમગ્ર ત્યાગીઓ તથા સર્વ ગૃહસ્થ ભક્તો તે જન્માષ્ટમી વ્રત શાસ્ત્ર આજ્ઞા અનુસાર નિરાહાર રહી કરતા હતા. (૨૬-૨૭)

હર્ષ પામેલા પુરના સર્વ ભક્તો વિવિધ રંગોથી રંગેલા કેળોના સ્તંભોથી અતિ સુશોભિત મંડપ કરાવતા હતા. (૨૮) શ્વેત, પીળાં, લાલ, વિચિત્ર તથા લીલા રંગના વસ્ત્રો તથા પલ્લવોથી શોભાયમાન, વિવિધ પ્રકારનાં પુષ્પોની માળાઓથી આશ્ચર્યજનક; (૨૯)

વિવિધ, સુંદર અશોક વગેરે પલ્લવોથી તથા લીંબુ આદિક ફળોથી શોભાયમાન, રમણીય વિવિધ પ્રકારનાં રંગો તથા ઝુંમરો, હાંડીઓ, તક્તા વગેરેથી શોભાયમાન; (૩૦) એવા મંડપમાં ભક્તોએ આદરપૂર્વક સુંદર ફળો, પ્રવાળો તથા પુષ્પોની સુંદર શોભાયમાન માળાઓ વગેરેથી અત્યંત શોભાયમાન હિંડોળો બાંધ્યો. (૩૧)

પછી પુરના ભક્તો તે રાત્રિએ પ્રિયદર્શન શ્રીહરિને પ્રાર્થના કરીને, તેમને સુંદર હિંડોળા ઉપર પ્રીતિપૂર્વક બેસાડતા હતા. (૩૨) તે સમયે ભક્તો હિંડોળા ઉપર બિરાજેલા સુલલિત, વિવિધ ભૂષણ જન્ય શોભાથી મનોહર, ચંચળ લોચનવાળા, સ્વભાવથી સુંદર, ભક્તજનોએ સુંદર પુષ્પોની માળાઓથી અત્યંત પૂજેલા, વીજળીના જેવા ચળકતા સુંદર અંબરો ધારણ કરનારા, મંદહાસ્યની કાંતિથી અત્યંત શોભતા, ચળકતા સુવર્ણના મણીન્દ્ર જડેલાં આભૂષણોનાં સમુદાયવાળા, શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૩૩)

પછી પુરના તથા દેશાન્તરના ભક્તો શ્વેત, પીળાં, લાલ, મહામૂલ્યવાળા વસ્ત્રો, પોપટના રંગ સમાન રંગવાળા, મનોહર મયૂરના કંઠ જેવા વર્ણવાળા તથા સોનેરી પાલવવાળા ઉત્તમ રેશમી વસ્ત્રો તથા અતિશ્રેષ્ઠ શાલ દુશાલા વગેરે તેમજ વિવિધ પ્રકારનાં ઉત્તમ જડેલા મણીવાળા અનેક સુવર્ણમય વિભૂષણો, ચળકતા મોતીઓના સુંદર તોરાઓ, કુમકુમ, સુંદર કેસર, ચંદન તથા પુષ્પના તોરા, હાર વગેરે તથા અન્ય રમણીય વિવિધ ઉપચારોથી ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણની અનુક્રમ પ્રમાણે પૂજા કરતા હતા. (૩૪, ૩૫, ૩૬)

પછી સમગ્ર ભક્તો રૂપાની મુદ્રાઓથી ભરેલા પાત્રો શ્રીહરિની આગળ મૂકતા હતા. શ્રીહરિને વિવિધ ઉપહારો સમર્પણ કરીને તેમની મહાઆરતી કરતા હતા. (૩૭) પછી તે સર્વે ભક્તજનો ભક્તોની પીડા હરનારા, ઈશ્વરોના ઈશ્વર શ્રીસ્વામિનારાયણ પ્રભુને ભક્તિપૂર્વક નમસ્કાર કરી તથા તેમની સ્તુતિ કરી, નિશ્ચળ નેત્રોથી તેમનાં દર્શન કરતા હતા. (૩૮)

આકાશમાં બ્રહ્માદિ દેવેન્દ્રો, સુંદર શ્રીહરિની લીલાનાં દર્શન કરતા પ્રસન્ન થઈ નમઃ શબ્દનું ઉચ્ચારણ કરતા શ્રેષ્ઠ પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૩૯) તે સમયે તુંબરુ-નારદ તથા ગંધર્વ- સમૂહ સુંદર વાજિંત્રો સહિત ગાન કરતા હતા. અપ્સરાઓ હર્ષપૂર્વક સુંદર નૃત્ય કરતી હતી. સિદ્ધો જયનાદ કરતા હતા. (૪૦)

તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા આવેલા વિવિધ ધામના મુક્તો પણ સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવી હર્ષપૂર્વક શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરતા હતા. (૪૧) ઘણી શોભા વાળા અલૌકિક શ્રીહરિનાં અત્યંત પ્રેમથી દર્શન કરતા તે ઉપવાસી ભક્તસમૂહોએ, સમગ્ર રાત્રિ ક્ષણની માફક વ્યતીત કરી. (૪૨)

પ્રાતઃકાળમાં શ્રીહરિએ તે સમગ્ર ભક્તોને પોતપોતાનાં નિવાસસ્થાનોમાં જવા માટે આજ્ઞા આપી. પછી તે સર્વ ભક્તો શ્રીહરિને પ્રણામ કરી, ઉત્સાહપૂર્વક પોતપોતાનાં નિવાસસ્થાનોમાં ગયા. (૪૩)

હે રાજન્ ! પછી પોતાનાં પાર્ષદથી વીંટાયેલા શ્રીહરિ, બંધુજનોની સાથે, શોભાયમાન ચટ્ચટ્ શબ્દ કરતી પાદુકાઓ બંને ચરણોમાં જેમને છે એવા, ભક્તો જેમનાં દર્શન કરે છે એવા, પોતાની ગતિથી લજ્જીત કર્યા છે રાજહંસો જેમણે એવા, પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના અષ્ટમ સ્કંધમાં શ્રીહરિની સભામાં બેસવાના ક્રમનું નિરૂપણ નામે ચુંવાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી મુકુંદાનંદ વર્ણિએ ભક્તિપૂર્વક શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી પોતાનાં નરનાટ્યને શોભાડતા શ્રીહરિ નિત્યવિધિ કરતા હતા. (૧)

હે ભૂપતે ! પછી શ્રીહરિ પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં અમૃતથી અધિક સ્વાદિષ્ટ વિવિધ પ્રકારનાં ભોજનો જમ્યાં. (૨) સમગ્ર વર્ણિઓ, પ્રિય શ્રીહરિનું સ્મરણ કરતા, શ્રીહરિની દૃષ્ટિ પ્રસાદીના સુંદર ભોજનો જમ્યા. (૩)

શ્રીહરિ વારંવાર મોતીયા લાડુ પીરસીને બધા સાધુ સમૂહ તથા પાર્ષદો વગેરેને જમાડતા હતા. (૪) હે ભૂપતે ! તે દિવસે ધર્મની રક્ષા કરવામાં અતિ નિપુણ ભગવાન, પ્રીતિપૂર્વક હજારો બ્રાહ્મણોને જમાડતા હતા. (૫)

દાનમાં શૂરવીર શ્રીહરિએ બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપી તથા ભક્તજનોએ પોતાને આપેલાં વસ્ત્રો તથા ભૂષણો સર્વે આપ્યા. (૬) હે નૃપ ! કર્યો છે નિત્યવિધિ જેમણે એવા તે સર્વે ભક્તજનો પોતાને પ્રિય શ્રીહરિનાં દર્શન કરીને પારણાં કરતાં હતા. (૭)

નિર્દંભ સ્ત્રીઓ તથા પુરના સર્વ ભક્તો પણ ભક્તિપૂર્વક શ્રીહરિની તથા તેમનાં જનોની સેવા કરતા હતા અને તેમને સંતોષ પમાડતા હતા. (૮) દેશાન્તરથી આવેલા હજારો ભક્તો, સંતો તથા પાર્ષદો વગેરે તેમજ શ્રીહરિને પ્રીતિપૂર્વક જમાડવા માટે તે ભક્તો શ્રીહરિને પ્રાર્થના કરતા હતા. (૯)

હે રાજન્ ! તે સમયે સંતોના સ્વામી શ્રીહરિએ તેમનોં મનોરથ પૂર્ણ કરવાની ઈચ્છાથી તેમની પ્રાર્થનાને અનુમોદન આપ્યું. (૧૦) દેશાન્તરના ધનાઢ્ય ભક્તો ત્યાગીજનો તથા પાર્ષદો વગેરેની સાથે દરરોજ ભક્તિપૂર્વક શ્રીહરિને અનુક્રમથી તેઓ જમાડતા હતા. (૧૧)

શ્રીહરિ હંમેશા સર્વ સાધુઓ તથા પાર્ષદો વગેરેને પ્રીતિથી વિવિધ પ્રકારનાં ભોજનો પીરસીને અત્યંત તૃપ્તિ પમાડતા હતા. (૧૨) શ્રીહરિ હંમેશાં સભામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેમજ પોતાનાં માહાત્મ્યની તથા ભક્તિની વાર્તા કરતા હતા. (૧૩)

સ્વયંપ્રકાશાનંદ મુનિન્દ્ર શ્રીહરિને વારંવાર સભામાં આત્મા તથા પરમાત્મા સંબંધી પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા. (૧૪) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને વિનયથી યુક્ત શ્રીહરિનું માહાત્મ્ય જાણતા, ધીર, નિરંતર ધ્યાનમાં રહેનારા; (૧૫)

શાન્ત, અજાત શત્રુ નિયમમાં છે બાહ્ય ઈન્દ્રિયો જેમની એવા, મૃદુભાષી, કોમળ અંતઃકરણવાળા, દૃઢ આત્મનિષ્ઠાવાળા, હંમેશાં જ્ઞાનાભ્યાસમાં પ્રીતિવાળા; (૧૬) સમગ્ર જીવોના મિત્ર, શ્રીહરિની પ્રસન્નતા માટે જ ઉદ્યમ કરનારા, સાંખ્ય, યોગ વગેરે શાસ્ત્રોમાંથી સૂક્ષ્મ પ્રશ્ન કરવામાં વિશારદ. (૧૭)

સ્વયંપ્રકાશાનંદ મુનિએ પૂછેલા સમગ્ર પ્રશ્નોના ઉત્તર, તે મુનિ પ્રત્યે કૃપાદૃષ્ટિ કરતા, મંદહાસ્ય મુખવાળા શ્રીહરિ કરતા હતા. (૧૮) સાધુતા તથા સુંદર સ્વભાવ જેમને પ્રિય છે એવા શ્રીહરિ, તે ગામમાં તે મુનીંદ્રને પોતાની પ્રસાદીનો થાળ પ્રીતિપૂર્વક વારંવાર આપતા હતા. (૧૯)

હે રાજન્ ! આવી રીતે ભક્તોના આનંદના મહાસાગર, સર્વના નિયંતા, શ્રીહરિ ત્યાં વસતા હતા. તેટલામાં શ્રાવણ માસ પૂરો થયો. (૨૦) તે ગામમાં શ્રીહરિનાં દર્શન કરવા માટે કારિયાણીના ભક્તો દરરોજ આવતા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને પોતાને ગામ પાછા જતા હતા. (૨૧)

તે ભક્તો દરરોજ ઈશ્વર શ્રીહરિને પોતાનાં ગામમાં આવવા માટે પ્રાર્થના કરતા હતા. એટલે શ્રીહરિ 'તમારે ગામ હું આવીશ' એમ તેમને વારંવાર કહેતા હતા. (૨૨) પછી શ્રીહરિને પોતાને ગામ લઈ જવા ઈચ્છતા તે ગામના મુખ્ય ભક્તો સૌ નિશ્ચય કરીને, રાધાષ્ટમીના ઉત્સવ ઉપર સારંગપુર આવ્યા. (૨૩)

ક્ષત્રિય ભક્ત વસ્તા ખાચર, તેમનાં પત્ની સીતાદેવી તથા અમરી તેમનાં પુત્ર માનશૂર, (૨૪)

બીજા ક્ષત્રિય વેલાભાઈ, તેમનાં બહેન દેવિકા, તેમજ વીરો, કમો તથા રાઘવ એ ત્રણ વૈશ્યો; (૨૫)

કરણ તથા દેવ વગેરે સ્વામિનારાયણના દૃઢાશ્રયવાળા ભક્તોએ, શ્રીહરિની સમીપે આવીને 'હે હરે ! અમારા ગામમાં પધારો' આવી રીતે શ્રીહરિને પ્રાર્થના કરી. (૨૬)

આવી રીતે તેમણે પ્રાર્થના કરી તેથી તેમનો નિષ્કપટ ભાવ જાણતા શ્રીહરિએ તેમને કહ્યું, 'હે ભક્તો ! તમો મારા છો, તમારું ગામ મારું છે.' આવી રીતે તેમને કહેવા લાગ્યા. (૨૭)

હે ભક્તો ! હું તમારી પ્રીતિ માટે તમારા ગામમાં જરૂર આવીશ. મુનિઓ વગેરેની સાથે આવતી કાલેજ પ્રસન્નતાપૂર્વક હું આવીશ. માટે તમો સર્વ હમણાં જ જાવ. (૨૮) શ્રીહરિએ આવી રીતે કહ્યું તેથી પ્રસન્ન થઈને તે ભક્તો પોતાને ગામ ગયા. પછી શ્રીહરિની પૂજાને યોગ્ય સર્વ સામગ્રીઓ એકઠી કરવા લાગ્યા. (૨૯)

હે રાજન્ ! શ્રીહરિ ભાદરવા સુદ નવમીની તિથિએ અશ્વ ઉપર બિરાજી, અશ્રુભર્યા નેત્રોવાળા સારંગપુરના ભક્તજનોએ શ્રીહરિને વળાવ્યા. એટલે શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે સારંગપુરથી ચાલ્યા. (૩૦) ઉત્તમ રાજા તત્કાળ શ્રીહરિની પાછળ ચાલ્યા. હેમંતસિંહ રાજા વગેરે ઘણા ભક્તો શ્રીહરિની પાછળ ચાલ્યા. (૩૧) દેશાન્તરના ભક્તજનસમૂહ પણ નિયંતા શ્રીહરિ શ્રીસ્વામિનારાયણની પાછળ હર્ષપૂર્વક ચાલ્યા. (૩૨) ઘોડેસવારોના સમૂહથી વીંટાયેલા, અશ્વ ઉપર બિરાજેલા, માર્ગમાં પોતાની આગળ, પાછળ તથા બંને પડખે ચાલતા ભક્તો જેમનાં દર્શન કરી રહ્યા છે એવા શ્રીહરિ, કારિયાણીપુરમાં પધાર્યા. (૩૩)

ત્યાંના સર્વ ભક્તોએ, પોતાનાં કામકાજનો ત્યાગ કરીને, વાદ્યોના ધ્વનિ સાથે શ્રીહરિની સન્મુખ જઈને, સર્વના આત્માઓના સ્વામી શ્રીહરિને પ્રણામ કરીને અત્યંત હર્ષપૂર્વક શ્રીહરિને ગામમાં પ્રવેશ કરાવ્યો. (૩૪) પછી શ્રીહરિએ પાર્ષદે સહિત ત્યાંના ભૂપ વસ્તા ખાચરના મનોહર ભુવનમાં ઉતારો કર્યો. પોતાનાં સમગ્ર ભક્તોએ ગામમાં યથાયોગ્ય હર્ષપૂર્વક ઉતારા કર્યા. (૩૫)

શ્રીહરિનાં બંધુજનો અને તેમનાં પુત્રો પણ વસ્તા ખાચરના ભુવનમાં ઉતર્યા. બીજા ઘરમાં શુભ ધર્મના વંશમાં સ્ત્રીઓ તથા જયા વગેરે સ્ત્રીઓને યથાયોગ્ય ઉતારો આપ્યો. (૩૬)

તે સમયે તે ગામમાં શ્રીહરિ તથા તેમનાં ભક્તોની સેવા (ભગવાન સહિત ભક્તોની પરિચર્યા) કરતા ત્યાંના નિષ્કપટ અને તેથીજ શ્રીહરિને પ્રિય ત્યાંના જનસમૂહોના ઘરમાં મોટો ઉત્સવ થયો. (૩૭)

તે સમયે દેશાન્તરથી આવેલા જે જે ભક્તજનો જે જે ઘરમાં ઉતર્યા હતા, ત્યાં તે ભક્તો જાણે તે ઘરના માલિક હોય એમ આત્મીયતાની ભાવનાથી રહેતા હતા. જ્યારે ઘરના ખરા માલિકો તો મહેમાનની માફક રહેતા હતા. (૩૮)

નૃપતિ વસ્તા ખાચર તથા તેમની બંને પત્ની સર્વ ઉપકરણ સહિત પોતાનું ઘર અતિ ભક્તિપૂર્વક શ્રીહરિને સમર્પણ કરી, તે સમયે પોતે ફક્ત મહેમાનની માફકજ રહ્યા. (૩૯)

દૂરથી આવેલા ભક્તોને રસોઈની સામગ્રી આપવાની શ્રીહરિએ આજ્ઞા આપી. તેથી કારિયાણી પુરના ભક્તો રસોઈની સામગ્રી વગેરે આપવાના કાર્યમાંથી નિવૃત્ત થઈ શક્યા નહિ. (૪૦)

ત્યાં શ્રીહરિ પોતાનાં ભક્ત સમૂહની મહાસભામાં પોતાનાં દિવ્ય આસનમાં બિરાજી, વિવિધ પ્રકારની એકાંતિક ધર્મનિષ્ઠાવાળી રમણીય વાર્તા હંમેશાં હર્ષપૂર્વક કરતા હતા. (૪૧) શ્રીહરિ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સંપ્રજ્ઞાત સમાધિ સ્વરૂપ આઠ અંગસહિત સંપ્રજ્ઞાત, સમાધિ, સિદ્ધાત્મક યોગ તથા મુનિઓના સમગ્ર ધર્મો કહેતા હતા. તેમજ દૃષ્ટાંત સિદ્ધાન્ત સહિત આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન પણ સ્પષ્ટપણે કહેતા હતા. (૪૨)

શ્રીહરિ દરરોજ તે મહાસભામાં સાંજના સમયે મુક્તાનંદ મુનિ પાસે બ્રહ્મસૂત્રો ઉપર શ્રીભાષ્ય વંચાવી હર્ષથી સાંભળતા હતા. (૪૩) વસ્તા ખાચર વગેરે ત્યાંના ભક્તસમૂહ અતિપ્રેમથી હંમેશાં શ્રીહરિની સેવા કરતા હતા. ભક્તજનોનું હિત કરવાના આગ્રહવાળા શ્રીહરિ તે પ્રમાણે પોતાનાં સમગ્ર ભક્તોને અત્યંત આનંદ કરાવતા ત્યાં રહ્યા. (૪૪)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિ કારિયાણી ગામમાં પધાર્યા તે વર્ણન એ નામે પીસતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : અનવધિકાતિશય ઐશ્વર્યવાળા ભક્તપતિ શ્રીહરિ ત્યાં રહેતા હતા. અને એ પ્રમાણે ભાદરવો તથા આસો માસનો શુકલપક્ષ વીતી ગયો. (૧)

પછી અન્નકૂટ ઉત્સવ કરવાની ઉત્કંઠાવાળા ભૂપ વસ્તા ખાચરે દૂતોદ્વારા કંદોઈ બ્રાહ્મણોને પોતાનાં ગામમાં બોલાવ્યા. (૨) હે ભૂપતે ! બુદ્ધિમાન રાજાએ કંદોઈઓ પાસે પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારનાં પકવાન્નો કરાવ્યા. (૩)

વસ્તા ખાચરે આસો વદી ૧૪ ને દિવસે પોતાનાં ભુવનના આંગણામાં ચોખંડો ચારદ્વારવાળો મંડપ કરાવ્યો. (૪) કેળના સ્તંભો, શેરડીના સાંઠા તથા ફળો, વિવિધ પ્રકારનાં સુગંધિ પુષ્પોના હાર, નવીન પલ્લવો તથા વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રો, તેમજ વિવિધ પ્રકારનાં ઉત્તમ રંગો તથા હાંડી, તકતા, ઝુમ્મરો વગેરેથી તે વિસ્તૃત મંડપને તેઓ શોભાડતા હતા. (૫-૬)

પછી દીપોત્સવની તિથિએ જુદાજુદા મંડપોથી શોભાયમાન તે મંડપમાં રમણીય કોમળ ગાદી વગેરેથી યુક્ત મંચ ઉપર ભક્તોને આનંદ આપનાર છે નેત્ર જેમનાં એવા શ્રીહરિએ, પ્રીતિપૂર્વક પોતાનાં દર્શનમાં આસક્ત ભક્તસમૂહને પોતાનાં દર્શન આપ્યા. (૭-૮)

રેશમની ઉત્તમ નાડી જેમાં છે એવા સુવર્ણ સૂત્રોથી બનાવેલો સૂરવાળ પોતાની કેડ્ય ઉપર ધારણ

કરતા, સુવર્ણના સૂત્રોથી શોભાયાન, અતિસુંદર ડગલો ધારણ કરતા શ્રીહરિ શોભતા હતા. (૯)

સુવર્ણના ચળકતા સુંદર તારથી શોભાયમાન છેડાઓ જેનાં છે એવું લાલ વસ્ત્ર ધારણ કરતા, કેડ્યમાં બાંધેલા વસ્ત્રસમાન વસ્ત્રની શોભાવાળા, સુવર્ણના સુશોભિત સૂત્રોવાળી પાઘડી ધારણ કરતા; (૧૦)

સુવર્ણના મણકા તથા મણીંદ્રોના હાર ધારણ કરનારા, પુષ્પોના હાર તથા તોરા ધારણ કરતા, ઉત્તમ મોગરાના પુષ્પો તથા ગુલાબના બંને તોરાથી શોભતા, કરકમળમાં સુંદર પુષ્પોનો ગુચ્છ ધારણ કરતા; (૧૧-૧૨)

આવી રીતે શોભતા શ્રીહરિનાં તે સમયે દર્શન કરનારા સર્વે ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો આનંદ પામ્યા. (૧૩) પછી મુક્તાનંદ વગેરે સંતો તબલાં, વીણા તથા સીતાર વગાડીને શ્રીહરિની આગળ ગાન કરવા લાગ્યા. (૧૪) હે રાજન્ ! અમાવાસ્યાનો દિવસ આવી રીતે આ મહોત્સવથી ક્ષણની માફક વીતી ગયો. પછી સાયંકાળે શ્રીહરિની આગળ દીપમાળા કરવામાં આવી. (૧૫)

ત્યાં મંડપમાં દીવાઓની સરખી રચેલી સુંદર અને ઘણી પંક્તિઓ વાંકીચૂકી તેમજ ઉપર ચઢતી શોભતી હતી. (૧૬) અત્યંત શોભાયમાન જુદા જુદા વર્ણની કાચની હાંડીઓમાં પ્રગટાવેલા દીવાઓ સંપૂર્ણપણે સુંદર રીતે ત્યાં શોભતા હતા. (૧૭)

તે હવેલીની બાજુમાં જ આડા અવળા બાંધેલા વાંસ ઉપર તેમજ બહાર ઓટલા ઉપર સર્વત્ર દીવાઓની એક સરખી પંક્તિો શોભતી હતી. (૧૮)

ઉત્તમ મણિની માફક શોભતા દીવાઓથી અમાવાસ્યાની રાત્રિનો ચારેય તરફનો સમગ્ર અંધકાર તે સમયે દુર થઈ ગયો. (૧૯) ત્યારબાદ વસ્તા ખાચરે મહામૂલ્યવસ્ત્રો તથા ભૂષણો તેમજ કેસર અગરુ, કસ્તૂરી, ચંદન અક્ષત, કુમકુમ તથા વિવિધ ઉપચારો તથા રૂપાની મુદ્રાઓ (રૂપીયા) વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું અને પછી આરતી કરી. (૨૦-૨૧)

કારિયાણી ગામના ભક્તો તેમજ દેશાન્તરથી આવેલા ભક્તોએ પણ મહાઅમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૨)

પછી વસ્તા ખાચર તથા ગામના સમગ્ર ભક્તો તેમજ દેશાન્તરના ભક્તોએ શ્રીહરિનાં બંધુજનોનું સુંદર ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક પૂજન કર્યું. (૨૩) હે રાજન્ ! પછી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ સર્વે મુનિઓને કીર્તનો ગાવાની આજ્ઞા આપી. (૨૪)

તેથી તે સંતો ગોળ મંડળના આકારે ફરતા અને તાલી વગાડતા ભક્તિથી શ્રીહરિનાં કીર્તનો ગાવા લાગ્યા. (૨૫) આવી રીતે કીર્તનો ગાતા શ્રીહરિનાં દર્શન કરતા, શ્રીહરિને પ્રસન્ન કરવા ઇચ્છતા તે ભક્તોએ અર્ધી રાતતો ક્ષણની માફક વીતાવી દીધી. (૨૬)

પછી પ્રસન્ન થયેલા મુનિઓને પ્રિય શ્રીહરિએ તે સાધુઓને ભેટીને તેમને પોતાની પ્રસાદીભૂત પુષ્પોના હાર તથા તોરા વગેરે આપ્યા. (૨૭) પછી શ્રીહરિએ મુનિઓ તથા પોતાનાં ભક્તોને પોતપોતાનાં નિવાસસ્થાનમાં

જવા માટે આજ્ઞા આપી. અને પોતે પાર્ષદોથી વીંટાઈને પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૮)

દયાસાગર શ્રીહરિએ, કોમળ શય્યામાં પોઢી પોતાનાં પાર્ષદોની સેવા ગ્રહણ કરતા, યોગનિદ્રાને અંગીકાર કરી. (૨૯) પછી શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરી માયા વર્જિત અનવધિકાતિશય આનંદવાળા પોતાનાં સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૩૦)

પછી પ્રાતઃકાળમાં સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને, શ્રીહરિ રમણીય મંડપમાં આવી, પોતાનાં ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૩૧)

ત્યાગીઓ તથા ગૃહસ્થભક્તો તત્કાળ ત્યાં આવી શ્રીહરિને નમસ્કાર કરી, સભામાં યથાયોગ્ય બેઠા. (૩૨) પછી ટોળેટોળાં મળીને ભક્તો, પ્રિય શ્રીહરિનું ભક્તિપૂર્વક પુષ્પોના તોરા તથા હાર વગેરેથી ઉત્સાહપૂર્વક પૂજન કરતા હતા. (૩૩)

પછી શ્રીહરિએ અન્નકૂટની રચના કરવા મુકુંદાનંદ જેમાં મુખ્ય છે તે સમગ્ર વર્ણિઓને આનંદથી તત્કાળ આજ્ઞા આપી. (૩૪, ૩૫) અત્યંત પ્રસન્ન થયેલા બુદ્ધિમાન મુકુંદાનંદ વર્ણીન્દ્ર, ગોપાળાનંદ, વાસુદેવાનંદ, નારાયણાનંદ, વૈકુંઠાનંદ તથા જયાનંદ આદિ વર્ણીઓની સાથે અન્નકૂટ પૂરવામાં તત્પર થયા. (૩૬)

તે વર્ણીઓએ નૃપતિ વસ્તા ખાચરના ઉત્તરદ્વારના ભુવનની બહાર ઓટલી ઉપર બાળમુકુંદ ભગવાનની સ્થાપના કરી. (૩૭) પછી હે મહીપતે ! અતિ વિચક્ષણ વર્ણિઓ પ્રીતિપૂર્વક બાળમુકુંદની સમીપે અન્નકૂટની રચના આ પ્રમાણે કરતા હતા. (૩૮)

તે વર્ણિઓ પ્રસન્નતાપૂર્વક જુદાજુદા થાળમાં કોમળ, ગોળ, સફેદ જલેબી યથાયોગ્ય સુંદર પંક્તિપૂર્વક ગોઠવતા હતા. (૩૯) તે વર્ણીઓ માલપુવા, ખાજા, ધોળા સાટા તથા મોતીયા લાડુ જુદા જુદા પાત્રોમાં ગોઠવતા હતા. (૪૦)

વર્ણિઓ ગોળના લાડુ, સાથવો, કળીના લાડુ, દાળના લાડુ, સૂત્રફેણી વગેરે યથાયોગ્ય ગોઠવતા હતા. (૪૧) ગુંદરપાક વગેરે પાકો, પેંડા, બરફી, માંડા તથા ઘેબર તે વર્ણિઓ યથાયોગ્ય ગોઠવતા હતા. (૪૨) બિરંજ, મગના લાડુ, સાકર સહિત હરિસો, તલસાંકળી, માલપુવા, શીરો, વડાં, કંસાર સુંદર પૂરીઓ, રોટલી, સેવ એ આદિક પકવાનો, પાત્રોમાં તે વર્ણિઓ સુંદર રીતે ગોઠવતા હતા. (૪૩, ૪૪)

તે વર્ણિઓ પાત્રોમાં ભરેલું કારેલાનું શાક, ચીભડાનું શાક, વંતાકનું શાક, અન્નકૂટના ઉત્સવમાં મૂકતા હતા. (૪૫) રતાળુ તથા દૂધીનાં શાક, વિવિધ પ્રકારની શીંગો તથા પરવળનું શાક, તે વર્ણીઓ પાત્રોમાં મૂકતા હતા. (૪૬)

મેથીની વઘારેલી ભાજી, તાંદળજાની ભાજી, ડોડીની ભાજી, બથવાની ભાજી વગેરે ભાજીઓ તે વર્ણિઓ પાત્રોમાં ગોઠવતા હતા. (૪૭) તે વર્ણિઓ દૂધી તથા ચીભડાં વગેરેનાં રાયતાં, બટાકા તથા કેળાનાં સુંદર ભજિયાં ગોઠવતા હતા. (૪૮)

તે સર્વના મધ્યે સુગંધિવાળા ભાતનો પર્વત જેવો મોટો ઢગલો તે વર્ણિઓ કરતા હતા. (૪૯) તે વર્ણિએ પાત્રમાં ભરેલો સાકરયુક્ત દૂધપાક તથા વાડકીઓમાં તુવેરની દાળ ભરીને મૂકતા હતા. (૫૦)

વર્ણિઓ ચણા તથા તળેલા વાલ, વટાણા, કઢી, દહીંનો મઠો, પાપડ વગેરે મૂકતા હતા. (૫૧) તે વર્ણિઓ સાકર રહિત કઢેલાં દૂધથી ભરેલા પાત્રો, પાત્રમાં મૂકેલું સાકર નાંખેલું માખણ ગોઠવતા હતા. (૫૨)

વર્ણિઓ પાત્રમાં ભરેલાં વિવિધ પ્રકારનાં અથાણા તથા નાના પાત્રોમાં ધાણાં વગેરેની ચટણી મૂકતા હતા. (૫૩) આવી રીતે વર્ણિઓ, હર્ષપૂર્વક અન્નકૂટની રચના કરીને અન્નકૂટના દર્શન માટે ધર્મનંદન શ્રીહરિને બોલાવતા હતા. (૫૪) પછી ચટ્ચટ્ ધ્વનિયુક્ત પાદુકા ધારણ કરેલાં પાર્ષદોથી વીંટાયેલી શ્રીહરિ, હલતા હાર તથા તોરાઓથી શોભાયમાન ત્યાં પધાર્યા. (૫૫)

તે વર્ણિઓ શ્રીહરિને આવતા જોઈ, તત્કાળ ઊઠીને તેમને બંને હાથ જોડી પ્રણામ કરી, હર્ષપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા ઊભા રહ્યા. (૫૬) મનોહર અન્નકૂટને જોતા અત્યંત પ્રસન્ન શ્રીહરિ વર્ણિઓની અન્નકૂટ રચનાની ચતુરાઈ વખાણતા હતા. (૫૭)

પછી શ્રીહરિએ બાળકૃષ્ણની મહાઆરતી કરવા માટે શાંત સ્વભાવવાળા પોતાનાં નાનાભાઈ ઈચ્છારામને આજ્ઞા આપી. (૫૮) તેથી ઈચ્છારામ સ્નાન કરી, પીતાંબર ધારણ કરી, તે ઉપર બીજું લાલ રેશમી વસ્ત્ર ઓઢીને પ્રસન્નતાપૂર્વક ત્યાં આવ્યા. (૫૯)

પછી બહુ બુદ્ધિશાળી ઈચ્છારામ વિધિપ્રમાણે વાદ્યોના ધ્વનિયુક્ત બાળમુકુંદની આરતી કરતા હતા. તેટલામાં ત્યાં અન્નકૂટનાં દર્શન કરવા માટે ઉદાર ભાવવાળા ભક્તો ઉતાવળા ઉતાવળા આવ્યા. (૬૦) તે સમયે સમગ્ર ભક્તો મનોહર અન્નકૂટ તથા ઈષ્ટદેવ શ્રીહરિ શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરીને અત્યંત હર્ષ પામ્યા. (૬૧)

તે ભક્તસમૂહ આરતી પછી સર્વ તાપનું શમન કરનાર છે દર્શન જેમનાં એવા શ્રીહરિનાં અતૃપ્ત નયનોથી દર્શન કરતા આ પ્રમાણે આશ્ચર્ય જોતા હતા. (૬૨) તે ભક્તો અન્નકૂટની ચારેય તરફ બિરાજેલા સુંદર પીતાંબરધારી, અનેક રૂપવાળા, કરકમળમાં ગ્રાસ ધારણ કરતા તથા જમતા શ્રીહરિને જોતા હતા (૬૩)

શ્રીહરિએ વિશિષ્ટ પ્રકારે જેમને પોતાનો દિવ્ય ભાવ બતાવ્યો છે એવા તે ભક્તો પ્રિયદર્શન શ્રીહરિને, જેમનાં કોમળ હસ્તમાં પકવાનના ગ્રાસ છે તેમને અન્નકૂટની ચારેય તરફ ભોજન કરતા જોતા હતા. વળી બીજે સ્થળે શ્રીહરિને પૂર્વવત્ જોઈ તેઓ આશ્ચર્ય પામ્યા. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં અન્નકૂટ રચનાની શોભા વર્ણન નામે છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ જમાડવા માટે સાધુઓની પંક્તિ કરાવીને કેડ્ય મજબૂત બાંધીને તેમને પીરસતા હતા. (૧) જલેબી, સુંદર મોતીયા લાડુ, મૈસૂબ, પેંડા, બરફી તથા અન્ય પકવાન્નો, મંદ હાસ્યથી શોભતા મુખવાળા સ્વયં શ્રીહરિ, પ્રીતિપૂર્વક ભોજન કરવા બેઠેલા સંતોના પાત્રોમાં પીરસતા હતા. (૨-૩)

દાળ, શાક, ભજિયા, રાયતાં તથા બીજા વિવિધ પ્રકારનાં ભોજનો શ્રીહરિ સાધુઓને પીરસવા લાગ્યા. (૪) પછી શ્રીહરિ તે જમનારા સાધુઓનાં પાત્રો શ્રેષ્ઠ ચતુર્વિધ ભોજનોથી ભરેલાં જોઈ, તેમને હાથની સંજ્ઞાથી જમવા માટે આજ્ઞા આપતા હતા. (૫)

પછી શ્રીહરિ ભોજન કરતા સંતોની પંક્તિઓમાં પ્રીતિથી ચાલતા, ભક્ષ્યપદાર્થોના નામ બોલતા પીરસતા હતા. (૬) શ્રીહરિની પ્રસાદી લેવા માટે સત્પુરુષોની પંક્તિઓમાં પ્રવેશ કરીને, ભોજન કરતા મુક્તોના સમૂહને સમાધિસ્થ ભક્તો જોતા હતા. (૭)

આવી રીતે વારંવાર પીરસીને શ્રીહરિ સમગ્ર સંતોને તૃપ્ત કરી ભાત, દાળ, કઢી, દૂધ વગેરે પીરસવા માટે સાધુઓને આજ્ઞા આપતા હતા. (૮) પછી સ્વયં શ્રીહરિએ સમગ્ર ઘોડેસવારો તથા પાર્ષદોને વિવિધ પ્રકારનાં પકવાનો ઉત્સાહપૂર્વક પીરસીને તૃપ્ત કર્યા. (૯)

શ્રીહરિએ ઉત્તમ રાજા, હેમંતરાજા વસ્તા ખાચર વગેરે જનોને વિવિધ પ્રકારનાં ભોજનો પીરસીને તૃપ્ત કર્યા. (૧૦) પછી સ્વયં શ્રીહરિએ જુદાજુદા પ્રકારનાં પકવાનો જયા વગેરેને માટે વસ્તા ખાચરના ભુવનમાં હર્ષથી મોકલાવ્યા. (૧૧)

પછી મુકુંદાનંદ વર્ણીન્દ્રે શ્રીહરિનાં હાથ તથા પગ ધોવરાવ્યા. એટલે શ્રીહરિ પોતાનાં નિવાસમાં પધારી જમવા માટે સ્નાન કરતા હતા (૧૨) પછી શ્રીહરિ પીતાંબર ધારણ કરી તથા બીજું પીતાંબર ઓઢીને પાદુકાઓ પહેરી પધારતા હતા. (૧૩)

તેટલામાં મુકુંદાનંદ વર્ણિરાટ્ પ્રીતિપૂર્વક આવી બંને હાથ જોડી, સમર્થ, પ્રિય શ્રીહરિની આવી રીતે પ્રાર્થના કરતા હતા. (૧૪) હે પ્રભો ! પંક્તિમાં બેઠેલા સર્વ વર્ણિઓ આપની વાટ જુએ છે. માટે દયા કરીને તેમને પીરસવા માટે આપ પધારો. (૧૫)

આ પ્રકારની તેમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ ઉતાવળી ગતિથી મુકુંદાનંદ વર્ણિની સાથે હર્ષપૂર્વક આવ્યા. (૧૬) પછી શ્રીહરિ વર્ણિઓની પંક્તિઓમાં ફરતા ફરતા સુંદર બરફી, પેંડા, ગુંદરપાક વગેરે પાક તે વર્ણિઓને હર્ષથી પીરસતા હતા. (૧૭)

પછી શ્રીહરિ મુકુંદાનંદ વર્ણિને કહેવા લાગ્યા. હે વર્ણિન્ ! દાળ વગેરે ભોજનો તમો પીરસો. (૧૮) શ્રીહરિ એમ કહીને ભોજન કરવા પધાર્યા પછી સમગ્ર વર્ણિઓ મુકુંદાનંદ મુનિએ પીરસેલાં બીજાં ભોજનો અતિહર્ષથી જમવા લાગ્યા. (૧૯)

શ્રીહરિ ઉતાવળી ગતિથી હર્ષપૂર્વક ભોજનશાળામાં જઈને પોતાનાં બંધુઓની સાથે જમવા માટે પોતાને યોગ્ય પાટલા ઉપર બિરાજમાન થયા. (૨૦) પછી શ્રીહરિ પોતાનાં બંધુઓ સાથે જુદા જુદા પાત્રોમાં પીરસેલા ચતુર્વિધ ભોજનો વારંવાર પાણી પીતા જમવા લાગ્યા. (૨૧)

શ્રીહરિ પેંડા, સુંદર બરફી, મોતીયા લાડુ, જલેબી વગેરે વિવિધ પ્રકારનાં ભોજનો જમ્યા. (૨૨) દૂધપાક, પૂરીઓ, રોટલી, બિરંજ વિવિધ પ્રકારનાં લાડુ, કઢી, દાળ, શાક, રાયતાં વગેરે શ્રીહરિ જમ્યા. (૨૩) શ્રીહરિ પાપડ, ભજિયા, ચટણી, અથાણા, શીખંડ સ્ફટિકના જેવો શીરો તથા સેવ વગેરે જમ્યા. (૨૪)

શ્રીહરિ ભક્તોને આનંદ આપવાની ઈચ્છાથી પુડા તથા માલપુવા વગેરે ઘણાં વિવિધ પ્રકારનાં ભોજનો રુચિ પ્રમાણે જમ્યા. (૨૫) પછી શ્રીહરિ સુગંધિમાન ભાત કઢીની સાથે જમ્યા. તેમજ દાળ તથા સાકર સહિત દૂધ, ભાત જમ્યા. (૨૬)

પછી શ્રીહરિ તૃપ્તિ પામીને હાથ, મુખની શુદ્ધિ કરતા હતા. શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા તેમનાં બંધુજનો પણ તૃપ્તિ પામી હાથ, પગની શુદ્ધિ કરતા હતા. (૨૭)

પછી સ્વયં શ્રીહરિ યોગ્યતા પ્રમાણે મુખવાસ જમી પોતાનાં નિવાસમાં પધારી શ્રેષ્ઠ કોમળ આસન ઉપર બિરાજ્યા. (૨૮)

તે ગામમાં રહીને આવી રીતે ભક્તોને આનંદ આપી પ્રથમ ગઢપુરમાં જેવો પ્રબોધિનીનો ઉત્સવ કર્યો હતો તેવો ઉત્સવ શ્રીહરિએ અહીં કર્યો. (૨૯) તે સમયે પોતાનાં ભક્તજનોના સમૂહની સભામાં ઉત્તમ આસન ઉપર બિરાજેલા શ્રીહરિ, ઉત્તમ રાજાનો પ્રશ્ન કે સ્વર્ગ તથા નરકની પ્રાપ્તિમાં કારણભૂત કર્મો કેવા હોય ? તેનો ઉત્તર અતિ સ્પષ્ટપણે વિવેચન કરીને ઘણા શાસ્ત્રોના પ્રમાણથી પ્રીતિપૂર્વક આપતા હતા. (૩૦, ૩૧)

હે રાજન્ ! પછી શ્રીહરિને પ્રિય નૃપતિ સૂરા ખાચર, શ્રીહરિને પોતાનાં ગામમાં લઈ જવા હર્ષથી ઘણા પ્રકારે પ્રાર્થના કરતા હતા. (૩૨) પ્રભુ શ્રીહરિએ એકાંતિક ભક્ત સૂરા ખાચરની પ્રાર્થના સાંભળીને 'હે ભક્તરાજ ! પ્રાતઃકાળમાં તમારા ગામમાં હું આવીશ' એમ સૂરા ભક્તને કહ્યું. (૩૩) હે રાજન્! માટે તમો તમારા ગામમાં આગળથી જઈ બ્રાહ્મણોની પાસે રસોઈ કરાવો અને અમારી વાટ જુઓ. (૩૪) અમૃતથી પણ અતિમધુર શ્રીહરિની આવી વાણી સાંભળીને પ્રસન્ન થયેલા સૂરા ભક્ત પોતાનાં જનોની સાથે તત્કાળ પોતાનાં ગામમાં આવ્યા. (૩૫)

બીજે દિવસે કારિયાણી ગામના નિવાસી ભક્તોએ વાદ્યોના ધ્વનિ સાથે શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ તાજણ ઘોડા ઉપર બિરાજી અનુયાયી ભક્તોની સાથે, તે ગામથી નીકળ્યા. (૩૬) ચળકતા ભાલાઓ જેમનાં હાથમાં છે એવા ભૂપ વસ્તા ખાચર તથા ઘોડેસવારના સમુદાય શ્રીહરિની પાછળ ચાલ્યા. શ્રીહરિ તો ઘોડા દોડાવી તત્કાળ તેમનાંથી આગળ ચાલ્યા ગયા. (૩૭)

ઘોડેસવારોના સમુદાયથી આગળ ચાલતી વાયુના વેગવાળી પોતાની શ્રેષ્ઠ ઘોડીની આગળ ચાલતા, શ્રીહરિનાં દર્શનમાં આસક્તિવાળા મુનિઓને જોઈને, ધર્મપુત્ર શ્રીહરિ આશ્ચર્ય પૂર્વક હસતા હતા. (અહો! મુનિઓએ મારી ઘોડીની પણ લાજ હણી એમ વિચારીને હસતા હતા.) (૩૮)

શ્રીહરિની આગળ પાછળ તથા બંને પડખે ચારે તરફ લાંબા માર્ગમાં શ્રીહરિમાં આસક્તિવાળી દૃષ્ટિ જેમની છે એવા મુનિઓના ઘણા મંડળો તે વખતે દેખાતા હતા. (૩૯) આ પ્રકારે માર્ગમાં ચાલતા ધર્મપુત્ર શ્રીહરિ સૂરસિંહ રાજાના ગામ લોયામાં પધાર્યા. જ્યાં સૂરસિંહ રાજા આગળ આવી બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી શ્રીહરિની પ્રતીક્ષા કરતા હતા. (૪૦)

શ્રીહરિને આવતા સાંભળીને તે ગામના ભક્તો અને વાદ્યોના ધ્વનિ સાથે સન્મુખ ગયેલા સૂરસિંહ રાજા, શ્રીહરિને પ્રણામ કરીને ઉત્સાહિત ચિત્તથી શ્રીહરિને પોતાનાં ગામમાં લઈ ગયા. (૪૧)

તે રાજાએ ઘણા હર્ષથી પોતાનાં દરબારના રમણીય ભુવનમાં શ્રીહરિનો નિવાસ કરાવ્યો. શ્રીહરિની સાથે આવેલા ભક્તોને યથાયોગ્ય ભુવનોમાં નિવાસ કરાવ્યો. (૪૨) પછી શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિ કરી, પોતાનાં બંધુ ઈચ્છારામે બનાવેલા વિષ્ણુને અર્પણ કરેલાં સુંદર ભોજનો પોતાનાં બંધુવર્ગની સાથે હર્ષપૂર્વક જમ્યા. (૪૩)

વર્ણિગણો, મુનિમંડળો, પાર્ષદો, સમગ્ર ઘોડેસવારો તથા બીજા ભક્તજનો યથાર્થ પણે જુદાજુદા જેમ ઘટે તેમ ભોજન કરતા હતા. (૪૪) હે રાજન્ ! સમગ્ર આશ્રિતજનોમાં અત્યંત સ્નેહવાળા શ્રીહરિએ, સૂરસિંહ વગેરે પોતાનાં સમગ્ર ચરણાશ્રિતોને અતિસુખ આપતા ત્યાં પોતાનાં સમગ્ર ભક્તજનોની સાથે નિવાસ કર્યો. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિએ સાધુ તથા વર્ણિઓને અન્નકૂટની સામગ્રીઓ પીરસી તે લીલાનાં વર્ણનનો સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! લોયા ગામમાં સૂરસિંહ રાજા તથા તેમનાં પત્ની સાતી, તેમનાં પુત્ર નાથા વગેરે ભક્તિથી શ્રીહરિની સેવા કરતા હતા. (૧) તેમની કન્યા ધન્યા તથા વલ્લૂ તેમજ લોયા ગામના અધિકારી સિંહા પટેલ, તેમની સ્ત્રી તેજસ્વતી વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૨)

એ ભક્તો શ્રીહરિનું તેમનાં બંધુઓની સાથે, મહામૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે વિવિધોપચારથી પૂજન કરતા હતા. (૩) સૂરા ખાચર તથા અન્ય ભક્તો શ્રીહરિનાં બંધુજનોનું પણ યથાયોગ્ય સુંદર ભૂષણો અંબરો વગેરે ઉપચારોથી પૂજન કરતા હતા તથા સાધુઓ વગેરેની પણ યોગ્યતા પ્રમાણે પૂજા કરતા હતા. (૪)

ત્યાંથી સ્ત્રીઓ વસ્ત્રો તથા વિભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યા પછી ધર્મવંશની સ્ત્રીઓનું પણ હર્ષથી પૂજન કરતી હતી. (૫) તે ગામમાં શ્રીહરિ, દરરોજ ધર્મ, જ્ઞાન સંબંધી સર્વ સંશયોનો નાશ કરનારી ઉપદેશવાર્તા, ભક્તોને કરી તેમને આનંદ પમાડતા હતા. (૬)

પોતાનાં આશ્રિત સૂરા ખાચર વગેરે ભક્તોએ અર્પણ કરેલા અમૂલ્ય વસ્ત્રો શ્રીહરિએ સભામાં જ પોતાનાં બંધુ રામપ્રતાપ તથા ઈચ્છારામને આપી દીધા. (૭) હે રાજર્ષે ! ધર્મના પુત્ર શ્રીહરિએ ત્યાં કરેલી અલૌકિક શુભલીલા તમોને હું કહું છું. તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૮)

એક વખત શ્રીહરિએ વૈકુંઠાનંદ વર્ણિને કોઈ કામ માટે કારિયાણી મોકલ્યા. (૯) પછી કાર્યમાં અતિ કુશળ વૈકુંઠાનંદ વર્ણિરાજ વર્ણિ રાઘવાનંદની સાથે કારિયાણી ગામમાં ગયા અને શ્રીહરિએ કહેલું કામ તેમણે કર્યું. (૧૦)

હે મહીપતે ! પછી બુદ્ધિમાન વૈકુંઠાનંદે વસ્તા ખાચરની વાડીમાં અતિ રમણીય કોમળ વંતાક જોયા. (૧૧) તેથી વૈકુંઠાનંદ વર્ણિએ આવો સંકલ્પ કર્યો. આ કોમળ વંતાક શ્રીહરિ માટે શાક માટે યોગ્ય છે. (૧૨) પછી વૈકુંઠાનંદ વર્ણી વાડીના રક્ષકને કહેવા લાગ્યા. હે ભક્ત ! આ વંતાક શ્રીહરિ માટે તમો આપો. (૧૩)

વર્ણિએ આ પ્રમાણે તે રક્ષકને કહ્યું તેથી તે ભક્તે હર્ષપૂર્વક તત્કાળ શ્રીહરિ માટે આદરપૂર્વક કોમળ વંતાક વૈકુંઠાનંદ વર્ણિને આપ્યાં. (૧૪) વંતાક લઈ વસ્ત્રમાં બાંધી, ઉંચકીને અતિપ્રસન્ન વર્ણિ તત્કાળ લોયા ગામે આવ્યા. (૧૫)

પછી વૈકુંઠાનંદે સભામાં બિરાજેલા પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રણામ કરી કોમળ વંતાક પ્રીતિથી શ્રીહરિની આગળ મૂક્યા. (૧૬) અતિ સુંદર વંતાક જોઈ પ્રસન્ન થયેલા શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ, મંદ હાસ્યપૂર્વક આ પ્રમાણે બોલ્યા. (૧૭)

સભામાં બેઠેલા હે જનો ! આ વંતાક કોમળ અને સુંદર છે. માટે હવે આ વંતાકનું સુંદર શાક હું જ કરીશ. (૧૮) આવી રીતે કહીને પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા પછી શાક કરવા માટે મુકુંદાનંદ, જયાનંદ, નારાયણાનંદ, ગોપાળાનંદ, આનંદાનંદ, વાસુદેવાનંદ, વૈકુંઠાનંદ વગેરે પાસે તે અંગે સામગ્રી મંગાવતા હતા. (૧૯)

બ્રહ્મચારીઓ શ્રીહરિની આજ્ઞાથી ડીંટા સહિત એક એક વંતાકના ચાર ચાર ભાગ કરતા હતા. (૨૦) તેટલામાં શ્રીહરિ સ્નાન કરી, શ્વેત રેશમી વસ્ત્ર પહેરી, તે ઉપર રેશમી વસ્ત્ર ઓઢી, પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨૧) તેટલામાં વૈકુંઠાનંદ વર્ણિએ ચૂલામાં અગ્નિ પ્રગટ કરીને ચૂલા ઉપર હર્ષથી પીત્તળનું કઢાયું મૂક્યું. (૨૨) પછી શ્રીહરિ ત્યાં આવી સુંદર પાટલા ઉપર બેસી પોતાની આજ્ઞા પ્રમાણે વૈકુંઠાનંદ વર્ણિએ આપેલ પુષ્કળ ઘી શાકના પાત્રમાં નાંખતા હતા. (૨૩) પછી વૈકુંઠાનંદ વર્ણિએ આપેલું જીરું, મરચાં વગેરે શ્રીહરિએ શાકના વઘાર માટે ઘીમાં નાંખ્યા. (૨૪)

પછી ઘી કડ કડ થયું એટલે તત્કાળ શ્રીહરિએ તે વંતાકનું શાક વઘાર્યું અને છં એવો અવાજ થયો. (૨૫) પછી હાથની ચંચળતા જેમની અધિક શોભે છે એવા અને પોતાનાં ભક્તજન સમૂહ જેમનાં દર્શન કરી રહ્યા છે તે શ્રીહરિ પીત્તળના તવેથાથી શાક હલાવવા લાગ્યા. (૨૬)

પછી વર્ણિએ આપેલું મીઠું શ્રીહરિ શાકમાં નાખતા હતા. ચંચળતાને લીધે જેમનાં હાથ અધિક શોભે છે એવા શ્રીહરિ તે શાકમાં હળદર નાખતા હતા. (૨૭) તે સમયે શ્રીહરિ હળદરવાળા પોતાનાં હાથ પોતે પહેરેલા વસ્ત્ર સાથે વારંવાર લૂછતા હોવાથી તે વસ્ત્ર પીળું બની ગયું. (૨૮)

પછી મંદ હાસ્યયુક્ત મુખવાળા શ્રીહરિ વૈકુંઠાનંદ વર્ણિએ આપેલો મસાલો શાકમાં નાંખી તે વર્ણિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૯) હે વર્ણિન્ ! તમારી પાસેના ઘીના પાત્રમાં ઘી છે કે નથી? શ્રીહરિએ એમ કહ્યું તેથી વૈકુંઠાનંદ વર્ણિ શ્રીહરિને કહેવા લાગ્યા કે, 'આ પાત્રમાં શેર ઘી છે. (૩૦)

બ્રહ્મચારીનું આવું વચન સાંભળીને 'તે ઘી પણ લાવો' એમ બ્રહ્મચારીને શ્રીહરિએ કહ્યું એટલે બ્રહ્મચારી વૈકુંઠાનંદજીએ ઉત્સાહપૂર્ક શ્રીહરિને બધું ઘી આપ્યું. પછી તે શ્રીહરિએ તે શાકમાં બધું ઘી નાંખી દીધું. (૩૧)

શ્રીહરિ શાક કરવાની ચતુરાઈ બતાવતા, સુધાના સ્વાદનો તિરસ્કાર કરનારું, સુંદર શાક બનાવતા હતા. (૩૨) તેટલામાં શ્રીહરિનાં નાનાભાઈ ઈચ્છારામ સ્નાન કરીને ફુલેલી ગોળ પૂરીઓ, વિવિધ પ્રકારનાં ભોજનો વગેરે કરવા લાગ્યા. (૩૩)

પછી ઈચ્છારામ વંતાકનું શાક, પૂરી વગેરે વિષ્ણુને નિવેદન કરતા હતા. પછી શ્રીહરિ પોતાનાં બંધુજનોની સાથે ભોજન માટે બિરાજ્યા. (૩૪) પછી વંતાકનું શાક પૂરીઓ સાથે જમ્યા. તે શાકને વખાણતા શ્રીહરિ વિવિધ પ્રકારનાં ભોજનો જમ્યા. (૩૫)

પછી તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ તથા મુખકમળ શુદ્ધ કરતા હતા, ત્યારબાદ પોતાને યોગ્ય મનોહર મુખવાસ જમ્યા. (૩૬) પછી શ્રીહરિએ સમગ્ર સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિ, ગોપાળાનંદ મુનિ, નિત્યાનંદ મુનિ તથા મને, (શુકાનંદમુનિ) રત્નજીત પાર્ષદને મોકલી તત્કાળ બોલાવ્યા. (૩૭) સાધુઓમાં ઉત્તમ બ્રહ્માનંદ, કૃપાનંદ મુનિ, આનંદાનંદ, કૃષ્ણાનંદ, ગુણાતીતાનંદ મુનિ, ચૈતન્યાનંદ મુનિ, અક્ષરાનંદ મુનિ, નૃસિંહાનંદ મુનિ, મહાનુભાવાનંદ મુનિ, સ્વયંપ્રકાશાનંદ મુનિ, સર્વજ્ઞાનંદ મુનિને પણ શ્રીહરિએ બોલાવ્યા. (૩૮, ૩૯, ૪૦)

શ્રીહરિએ બોલાવેલા સાધુઓમાં મુખ્ય મુક્તાનંદ વગેરે સાધુઓ હર્ષપૂર્વક પોતપોતાનાં શિષ્યો સહિત તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. (૪૧) શ્રીહરિએ બોલાવેલા ઉત્તમ રાજા પણ હર્ષપૂર્વક ત્યાં આવ્યા. તેમજ વસ્તા ખાચર, સૂરા ખાચર તથા મોકા ખાચર એ ત્રણ નૃપતિઓ પણ આવ્યા. (૪૨) શ્રીહરિએ બોલાવેલા રાજા હેમંતસિંહ, સોમા ખાચર તેમજ રત્નજીત, ભૃગુજીત પાર્ષદ પણ આવ્યા. (૪૩) શ્રીહરિની સેવામાં આસક્તિવાળા અને શ્રીહરિએ બોલાવેલા ભીમ, નાજા વગેરે પાર્ષદો હર્ષપૂર્વક તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. (૪૪) પછી પંક્તિને પવિત્ર કરનારા શ્રીહરિએ તે મોટેરા સાધુઓને તથા પાર્ષદોને યથાયોગ્ય

પંક્તિમાં બેસાડ્યા. (૪૫) પછી શાક પીરસવામાં અનુકૂળ ડંકો પોતાનાં મનોહર હાથમાં ધારણ કરતાં શ્રીહરિ તે ડંકાથી મહામુનિઓના પાત્રોમાં વંતાકનું અતિસુંદર શાક પીરસતા હતા. (૪૬)

હે રાજન્ ! પછી શ્રીહરિએ ઘીમાં તળેલી સુંદર પુરીઓ, શાક જમવા માટે બોલાવેલા મુક્તાનંદ વગેરે સંતોને પીરસીને પ્રસન્ન થઈ તેમને જમવા માટે આજ્ઞા આપી. પછી તે મહા મુનિઓ ભોજન કરવા લાગ્યા. (૪૭) શ્રીહરિ પોતાની પ્રસાદી ભૂત અમૃતથી પણ અતિ મધુર વંતાકનું શાક સંતોને પીરસતા હતા. તેનો સ્વાદ મુનિઓને વારંવાર પૂછતા શ્રીહરિ તેમને હર્ષપૂર્વક અત્યંત તૃપ્ત કરતાં હતા. (૪૮) હર્ષપૂર્વક તે પંક્તિમાં ફરતા તે શાકનો સર્વોત્તમ રસ વખાણતા મુનિઓને શાક જમતા જોઈ શ્રીહરિ અતિ આનંદ પામ્યા. (૪૯)

આવી રીતે સર્વે મહામુનિન્દ્રોને તૃપ્ત કરી પ્રસન્ન થયેલા શ્રીહરિ તેવીજ રીતે પંક્તિમાં બેઠેલા ઉત્તમ ભૂપતિ વગેરે તથા સોમાદિ ઉત્તમ પાર્ષદોને પણ જોતા હતા. (૫૦) હે રાજન્ ! પછી પોતાની પ્રસાદીરૂપ રમણીય વંતાકનું શાક તથા સુંદર પૂરીઓ ઉત્તમ વગેરે સમગ્ર ભક્તોને પીરસીને અતિ આનંદઘન શ્રીહરિએ મુનિઓની માફક તેમને સર્વને પણ અતિતૃપ્ત કર્યા. (૫૧)

પછી વર્ણીન્દ્રે આપેલા જળથી હાથપગ ધોઈ, શ્રીહરિ પોતાનાં નિવાસમાં પધાર્યા. પછી મુનિઓ, પાર્ષદો, રાજાઓ વગેરે શ્રીહરિને નમસ્કાર કરી પોતપોતાનાં નિવાસસ્થાનોમાં ગયા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિએ વંતાકનું શાક બનાવ્યું અને સૌને પીરસ્યું તે વર્ણન નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી દિવ્ય સભામાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજેલા શ્રીહરિને બ્રહ્માનંદ વગેરે સંતો આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧) હે હરે ! સર્વોત્તમ અને તેમાં પણ આપની પ્રસાદીરૂપ માટે જ અમૃતથી પણ શ્રેષ્ઠ રસવાળું વંતાકનું શાક અમોને આપે જમાડ્યું. (૨)

હે હરે ! અમોએ તો આવું શાક પહેલાં ક્યારેયપણ ખાધું ન હતું. આપે જમાડેલા વંતાકના શાકમાં જે મધુરતા હતી તે કહેવા માટે અમો શક્તિમાન નથી. (૩) અનવધિકાતિશય દિવ્ય રસના સમુદ્ર રૂપ અવતારોના કારણ, એવા આપે જે શાક બનાવ્યું તે શાક બીજા શાક સમાન કેમ થાય ? (૪)

તે સમયે બ્રહ્માનંદ મુનિનું આવું વચન સાંભળી પ્રેમાનંદાદિ મુનીંદ્રો તથા માનજીત જેમાં મુખ્ય છે તે સર્વ પાર્ષદો આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫)

હે હરે ! આ શાક તો જેમણે ખાધું છે તેઓ જ તેની સ્વાદિષ્ટતા જાણી શકે. જેમણે અનુભવ નથી

કર્યો એવા અમારા જેવા જાણવા માટે કેમ શક્તિમાન થાય ? (૬) આ પ્રકારનું તેમનું વચન સાંભળીને મનુષ્ય નાટ્ય કરતા શ્રીહરિ તે સભાજનોને અત્યંત આનંદ પમાડતા આવી મધુર વાણી બોલ્યા. (૭)

હે ભક્તો ! મારો આવો સંકલ્પ છે. હું દરરોજ મુનિઓ વગેરે સમગ્ર જનોને સુંદર વંતાકના શાકથી તૃપ્ત કરું. (૮) પરંતુ એટલા વંતાક અહીં કેવી રીતે પ્રાપ્ત થાય ? એવો મારા હૃદયમાં વિચાર થાય છે. (૯)

શ્રીહરિનું આ વચન સાંભળીને વૈકુંઠાનંદ વર્ણી સભાજનોનો મત જાણીને બંને હાથ જોડી, આવું વચન બોલ્યા. (૧૦)

હે સત્પતે ! હે પ્રભો ! આપનો એવો સંકલ્પ હોય તો જેટલા વંતાક આપને જોઈએ તેટલાં વંતાક આપના સમીપે હું લાવીશ. (૧૧) હે વર્ણિન્ ! તમારે વંતાક લાવવા એમ શ્રીહરિએ તેમને કહીને પછી સભાના જનોને શ્રીહરિ કહેવા લાગ્યા. 'પુષ્કળ ઘી હોય તો ઉત્તમ શાક થાય.' (૧૨)

તે સમયે સૂરસિંહ રાજા વગેરે હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! શાક માટે ઘી તો જેટલું જોઈએ તેટલું અમો આપીશું. (૧૩)

તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. 'સુંદર વંતાકનું શાક કરી સર્વ સંત વગેરેને હું દરરોજ ભોજન કરાવું. (૧૪) પછી શ્રીહરિએ આજ્ઞા કરી તેથી વૈકુંઠાનંદ વર્ણિ વંતાક લાવવા માટે બ્રહ્મચારીઓને લઈને પ્રવૃત્ત થયા. (૧૫)

વૈકુંઠાનંદ વર્ણિ પોતાનાં ઈષ્ટ શ્રીસ્વામિનારાયણને નમસ્કાર કરીને પોતાનાં મંડળના વર્ણિઓ સાથે હર્ષપૂર્વક ગઢપુર ગયા. (૧૬) ત્યાં ઉત્તમ રાજાની વાડીમાંથી ઘણાં કોમળ વંતાક પ્રીતિપૂર્વક તેઓ લેતા હતા. (૧૭)

પછી વર્ણિઓ સહિત વર્ણિરાટ્ વૈકુંઠાનંદ વંતાક ગાડાઓમાં ભરી તેમની સાથે લોયા ગામમાં આવ્યા. (૧૮) પછી વર્ણિ ભક્તિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને 'હે પ્રભો ! હું વંતાકના ગાડા લાવ્યો છું' એમ કહેવા લાગ્યા. વર્ણિની આવી વાણી સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૧૯)

પછી શ્રીહરિ તે શાક પાકશાળામાં મૂકાવતા હતા. વળી પાકશાળામાં મોટી ચૂલો પણ શ્રીહરિ તૈયાર કરાવતા હતા. (૨૦) હે રાજન્ ! પછી શ્રીહરિ મનોહર પાકશાળામાં જઈને વંતાકનું શાક કરવા માટે પોતે તત્પર થયા. (૨૧)

પછી હે રાજન્ ! મુનિરાટ્ નિષ્કુળાનંદ આનંદાનંદ, વૈષ્ણવાનંદ, સવિત્રાનંદ એ આદિક મુનિવરો શ્રીહરિને પ્રસન્ન કરતા શ્રીહરિની સમીપે શાકમાં નાંખવાનો સંભાર લાવીને મૂકતા હતા. (૨૨-૨૩)

મુકુંદાનંદ વર્ણીન્દ્ર વગેરે વર્ણિઓ હર્ષપૂર્વક તે સમયે શ્રીહરિને વિવિધ પ્રકારનાં શાકની સામગ્રીઓ આપતા હતા. (૨૪) પછી વિચક્ષણ નિષ્કુળાનંદ વગેરે, મોટા ચૂલાઓમાં અગ્નિ સળગાવીને તે ચૂલા ઉપર તત્કાળ મોટું કઢાયું મૂકતા હતા. (૨૫)

અધિક ઉત્સાહવાળા શ્રીહરિએ તે મોટા કઢાયામાં પુષ્કળ ઘી મૂક્યું. તે ઘીમાં પણ મરચાં, જીરું વગેરે ઉત્તમ વઘારની વસ્તુ નાંખી. ઘીમાં કડ કડ અવાજ થયો ત્યારે તત્કાળ બંને હાથથી તે ઘીમાં વંતાક નાંખ્યા અને છં એવો અવાજ થયો. (૨૬)

પછી મંદ હાસ્ય સહિત શ્રીહરિએ નિષ્કુળાનંદ વગેરે સેવકોએ આપેલું મીઠું તે શાકમાં નાંખીને તેમજ તેમણે આપેલી ઉત્તમ હળદર તેમાં નાખી, જેમણે હાથમાં લાકડાનો ચાટવો (તાવેથો) પકડ્યો છે એવા શ્રીહરિ, પોતાનાં ભક્તો પ્રત્યે પ્રેમથી જોતા તેમને આનંદ પમાડતા લાકડાના ચાટવાથી તે વંતાકનું શાક હલાવતા હતા. (૨૭) આવી રીતે શ્રીહરિએ વઘારેલા શાકથી ઉત્પન્ન થયેલી સુગંધ જનસમૂહને અત્યંત આશ્ચર્ય ચકિત કરતી તે સમયે દશે દિશાઓમાં વ્યાપી ગઈ. (૨૮)

તે સમયે અતિશય હળદરતી પીળું થયેલું શરીર તથા પીળાં થયેલા પહેરેલાં વસ્ત્રો જેમનાં એવા શ્રીહરિને જાણે પીળા વર્ણથી સર્વ અંગમાં લેપ કર્યો હોય અને વળી પીળા થયેલા વસ્ત્રવાળા હોવાથી ઘણી શોભાવાળા શ્રીહરિ વરની માફક શોભતા હતા. (૨૯) હળદરના ચૂર્ણ સહિત શ્યામ શરીરવાળા, પીડા હરનારા છે નેત્રો જેમનાં એવા, શ્રીહરિ હળદરથી જાણે પીળા વર્ણના મણિઓની કાંતિથી વ્યાપ્ત નીલમણિઓનો સ્વચ્છ સમુદાય જેમ શોભે તેમ, શોભતા હતા. (૩૦)

જેમનાં સુંદર હસ્ત કમળમાં લાકડાનો ચાટવો શોભે છે તેવી મનોહર શોભાવાળા, અતિ હર્ષ પામેલા અને નિશ્ચળ નેત્રોવાળા, પોતાનાં ભક્તો જેમનાં દર્શન કરી રહ્યા છે એવા મંદ હાસ્ય મુખવાળા; (૩૧) ખંજન પક્ષીની માફક અતિ સુંદર બંને નેત્રોથી અતિ શોભાયમાન, કરોડો કામદેવોને અતિ આનંદ કરનારું છે રૂપ જેમનું એવા, શાક બનાવી આનંદિત કર્યા છે ભક્તો જેમણે એવા, શ્રેષ્ઠ રસોયા નળ, ભીમા વગેરેનો સમગ્ર ગર્વ જેમણે નાશ કર્યો છે એવા; (૩૨) પરસેવાના બિંદુઓ રૂપી નૂતન મોતીઓની માળાઓથી શોભાયમાન, મંગળ રૂપ સુંદર લલાટ જેમનું છે એવા, હળદરના રંગથી પીળી થયેલી હાથની સમગ્ર આંગળીઓમાં શોભતા લાલવર્ણવાળા નખરૂપી ઉત્તમ મણિઓથી પ્રકાશમાન; (૩૩)

દર્શનીય, શુદ્ધ, ચંચળ અને ચળકતું શરીર જેમનું છે એવા, મનોહર અને અતિચંચળ જેમની દૃષ્ટિ છે એવા, સુંદર પુષ્પોના હલતા હારથી મનોહર, ઉતાવળું કાર્ય કરવામાં અતિનિપુણ (૩૪) નળ, ભીમ વગેરે પાકશાસ્ત્રીઓએ કરેલા પાકશાસ્ત્રના ગ્રંથોના નિષ્ણાતોને પણ આશ્ચર્ય પમાડતા, તેમજ અન્નપૂર્ણા પાર્વતી તથા સમુદ્ર પુત્રી લક્ષ્મીને પણ આશ્ચર્ય પમાડતા, શ્રીહરિ પોતાનાં શરીરની સુંદરતાથી ભક્તજનોનાં મન ખેંચતા હતા. (૩૫)

કેટલાક ભક્તજનોને શ્રીહરિનાં હસ્તકમળની શોભા જોઈ તત્કાળ સમાધિ થતી હતી. શ્રીહરિનાં નેત્રોના વિલાસથી જોવા યોગ્ય અતિ સુંદર મંદહાસ્યથી રમણીય શ્રીહરિનું મુખારવિંદ જોઈ કેટલાક સમાધિ પામ્યા. (૩૬) કેટલાક શ્રીહરિનાં ઉત્તમ ઉરઃસ્થળ જોઈને સમાધિ પામ્યા. કેટલાક શ્રીહરિનું રમણીય ઉદર જોઈ સમાધિ પામ્યા. કેટલાક શ્રીહરિની પેટની ઊંડી ડૂંટી, કેટલાક બંને મનોહર ચરણકમળો જોઈ સમાધિ પામ્યા. (૩૭)

હે રાજન્ ! શ્રીહરિનાં દર્શન કરનાર ભક્તો જેમનું મન શ્રીહરિનાં જે કોઈ અંગમાં સંલગ્ન ભાવ પામતું તે તેમનાં નેત્રોને ત્યાંથી પાછું વાળવા માટે શક્તિમાન થયા નહિ. (૩૮)

હે રાજન્ ! સર્વે અવતારોના કારણ શ્રીહરિની આ પ્રકારની મનોહર, સર્વોપરી, શાક પચનાત્મક લીલાનાં દર્શન કરવા માટે બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવસમૂહ આકાશમાં તત્કાળ આવ્યા. (૩૯) શિવ, બ્રહ્મા, ઈન્દ્ર તેમની પત્નીઓ અનુક્રમે પાર્વતી, સાવિત્રી, ઈન્દ્રાણી તથા રાધિકા, રમા વગેરે સ્ત્રીઓ પણ અત્યંત શાંતિકર છે દર્શન જેમનાં એવા શ્રીહરિની સુંદર શાક પચનાત્મક લીલાનાં દર્શન માટે આકાશમાં આવ્યા. (૪૦)

નારદ વગેરે મુનિઓ તથા અનેક ધામના મુક્તોપણ શ્રીહરિની શ્રેષ્ઠ લીલાનાં દર્શન માટે ઉત્સાહપૂર્વક તત્કાળ ત્યાં આવ્યા. (૪૧) શાંતિના સાગર, શ્રીહરિમાં સંલગ્ન છે નેત્રો તથા ચિત્ત જેમનાં એવા દેવોનો સમુદાય તથા મુક્તોનો સમૂહ શ્રીહરિની શાકલીલા જોઈ, નંદન વગેરે વનમાં થયેલાં શોભાયમાન સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવીને આશ્ચર્ય પામી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૨)

હે દેવતાઓ ! સર્વાવતારી આ સ્વરૂપની આશ્ચર્યરૂપ સ્તુતિ કરવા યોગ્ય આવી મનોહર અલૌકિક લીલા ક્યારેય પણ પહેલાં અમારી દૃષ્ટિગોચર થઈ નથી. આ શાક પચનાત્મક લીલા અમોએ જોઈ તેમજ રાધા, લક્ષ્મી, પાર્વતી વગેર દેવીઓએ પણ તે જોઈ તેથી અતિ આનંદ પામી, શ્રીહરિની એવી પાક વિધિમાં અપ્રતિમ નિપુણતા જોઈ આ દેવીઓ પોતાનાં પુત્રને પણ ભૂલી જઈ અત્યંત આશ્ચર્ય પામી. (૪૩-૪૪)

સ્વયં લક્ષ્મી આ પ્રમાણે બોલ્યા. હે દેવીઓ ! આ પૃથ્વી ઉપર આમના ઘણાં અવતારો થયા પણ કોઈપણ અવતારે આવી લીલા કરી નથી. સકળ અવતારોના કારણ આ શ્રીહરિની અનુપમ આ શાક પચન લીલા આજે અમોએ જોઈ. (૪૫)

હે રમણીઓ ! પાક કરવામાં આપણી જે ચતુરાઈ છે, તે આ શ્રીહરિની પાક કરવાની ઉત્તમ પ્રવીણતા પાસે સૂર્યની કાન્તિમાં સમગ્ર તારાઓની કાંતિ જેમ લીન થાય છે તેમ લીન થઈ ગઈ છે. (૪૬) દિવ્ય, અનઅવધિ, અતિસુંદર, સદ્‌રસના સમુદ્ર, સકળ અવતારોના એક કારણરૂપ આ શ્રીહરિ સ્વયં શાક કરે છે. અહો ! તેથી હે દેવીઓ ! પાક કરવામાં નિપુણપણાનો આપણો ગર્વ સમગ્રપણે આ ભગવાને હણ્યો છે. (૪૭)

અગણિત બ્રહ્માંડમાં રહેનારા સર્વ જીવો તથા ઈશ્વરો જે શ્રીહરિ થકી અલ્પ રસને પામીને પણ સુખ પામે છે તે આ પ્રત્યક્ષ શ્રીહરિએ પાક કર્યો તેથી અત્યંત આશ્ચર્યજનક તે રસ વિશિષ્ટ થાય તેમાં શું આશ્ચર્ય છે ? (૪૮)

શ્રેષ્ઠ દેવતાઓ તેમજ અનેક ધામોમાંથી આવેલા મુક્તસમૂહ તથા લક્ષ્મીએ આ પ્રકારે પ્રશંસા કરેલા આશ્ચર્યજનક ક્રિયાવાળા ધર્મપુત્ર અવતારી શ્રીહરિએ શાક કરીને જમવા માટે પ્રીતિપૂર્વક પોતે મુનિગણોને બોલાવ્યા. પછી સમગ્ર મુનિઓ આનંદયુક્ત બની હાથ,. પગ, મુખ વગેરે ધોઈ ત્યાં તત્કાળ આવ્યા. (૪૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શાક પકવતા શ્રીહરિની મૂર્તિની શોભાનું વર્ણન એ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પરમેશ્વર શ્રીહરિ મુનિઓની યથાયોગ્ય ક્રમ પ્રમાણે પંક્તિઓ રચી, તે પ્રમાણે તેમને બેસાડીને કેડ્યમાં પીળું વસ્ત્ર બાંધીને પીરસવા માટે તૈયાર થયા. (૧)

પછી મુનિઓની પંક્તિઓમાં ફરતા અતિશીઘ્ર સુંદર પદ વિન્યાસથી શોભતા શ્રીહરિ, શોભાયમાન વિસ્તૃત અને જેમાં શેર શાક સમાય તેવા પીત્તળના ડંકાથી વંતાકનું શાક પીરસતા હતા. (૨)

હે રાજન્ ! મંદ હાસ્યથી શોભતા મુખારવિંદવાળા શ્રીહરિ, મુનિજનોના ભોજનના પાત્રોમાં શાક આપતા ચપળ ગતિથી ચાલતા, અનેક જનો જેમનાં દર્શન કરી રહ્યા છે એવા, તે મુનિઓને મહા આનંદ પમાડતા હતા. (૩)

મુનિગણોની પંક્તિમાં ફરતા શ્રીહરિ અમૃતરસનો તિરસ્કાર કરનારું સુંદર શાક મુનિ સમૂહને અતિ શીઘ્રતાથી પીરસતા હતા. (૪) તે સમયે પુષ્કળ ઘીમાં પલાળેલી અતિ રસાળ રોટલીઓ પણ પ્રસન્નતાપૂર્વક તે સાધુઓ અને સમગ્ર મુનિ સમૂહની પંક્તિમાં અતિ ઉતાવળથી શ્રીહરિ પીરસતા હતા. (૫)

અતિ રસપૂર્વક શાક જમતા તથા તેની પ્રશંસા કરતા શ્રીહરિ સમગ્ર મુનિઓને શાકનો સ્વાદ પૂછીને અત્યંત આનંદ પામ્યા. (૬) જીતી છે કલહંસની ગતિ જેમણે એવા છે છતાંપણ ઉતાવળી ગતિવાળા શ્રીહરિ પ્રેમપૂર્વક ‘શાક, શાક’ તથા આ સુંદર વંતાકનું શાક દુર્લભ છે એમ વારંવાર બોલતા તે શાક મુનિઓને પીરસીને તેમને અતિ તૃપ્ત કરતા હતા (૭)

શ્રીહરિની પ્રસાદીનું માહાત્મ્ય જાણતા સર્વે મુનિસમૂહ અમૃતના સ્વાદનો તિરસ્કાર કરનારું શાક પુષ્કળ જમતા હતા. (રોટલી ફક્ત ચોથા ભાગની જ જમ્યા હશે પરંતુ કેવળ શાક જ જમતા હતા.) (૮)

સર્વ અવતારોના કારણ શ્રીહરિની અન્યને દુર્લભ એવું પ્રસાદીરૂપ શાક તે સમયે ત્યાં આવેલા મુક્તો ઇચ્છતા હતા. (૯) પછી ત મુક્તો, બીજા ન દેખે તેવા રૂપે સાધુઓમાં પ્રવેશ કરીને શ્રીહરિનાં હાથનું પ્રસાદીભૂત શાક હર્ષપૂર્વક જમતા હતા. (૧૦)

પોતાનું પ્રસાદીભૂત સુંદર શાક જમવામાં આસક્ત ચિત્તવાળા મુક્તો ત્યાં આવ્યા છે એ જાણતા શ્રીહરિ તેમને શાક પીરસતા હતા. (૧૧) શાક જમવા પંક્તિમાં આવેલા જુદાજુદા ધામના મુક્તોને સમાધિસ્થ ભક્તો તે સમયે જોતા હતા. (૧૨) તે સમયે સમાધિસ્થ જનો આકાશમાં દેવતાઓનાં ઘણાં વિમાનો જોઈને ઉત્સાહપૂર્વક થઈ આ પ્રમાણે બોલતા હતા. (૧૩)

“અહો ! હે જનો ! આકાશમાં બ્રહ્માદિ દેવતાઓના વિમાનોની પંક્તિઓ તો જુઓ,” કેટલાક ભક્તો અહો ! અહો ! બોલતા બોલતા નૃત્ય કરતા હતા. (૧૪) તે સમયે આકાશમાં બ્રહ્માદિ દેવતાઓ શ્રીહરિની વારંવાર કીર્તિ ગાતા હતા. એવા શ્રીહરિએ આવી રીતે પુષ્કળ શાક પીરસીને મુનિઓને તૃપ્તિ પમાડી. (૧૫)

પછી ધર્મનંદન શ્રીહરિએ સોમ વગેરે પાર્ષદોને તે શાક આદરપૂર્વક પીરસીને તેમને અત્યંત તૃપ્ત કર્યા. (૧૬) ઉત્તમ રાજા, વસ્તા ખાચર, સૂરસિંહ તથા હેમંતસિંહ વગેરે રાજાઓને શ્રીહરિ શાક પીરસીને અત્યંત જમાડતા હતા (૧૭)

આવી રીતે તેમને તૃપ્ત કરીને શ્રીહરિ ઊંચે જોઈ આકાશમાં આવેલા બ્રહ્માદિ દેવતાઓને બંને હાથની સંજ્ઞાથી પોતપોતાનાં ધામોમાં જવા માટે આજ્ઞા કરતા હતા. (૧૮)

પછી શ્રીહરિ પોતાનાં બંધુજનોના નિવાસસ્થાને આવી, સ્નાન કરી, પીતાંબર ધારણ કરીને, પોતાનાં બંધુઓની સાથે શાક વગેરે ચતુર્વિધ અન્ન જમતા હતા. (૧૯) આવી રીતે તે ગામમાં હંમેશાં વંતાકનું શાક કરીને શ્રીહરિ સાધુ વગેરેને પોતે શાક પીરસીને તૃપ્તિ પમાડતા હતા. (૨૦)

હે રાજન્ ! લોયા ગામમાં સ્વયં શ્રીહરિ પણ હંમેશાં પોતાનાં બંધુઓએ કરેલું વંતાકનુ શાક તેમની સાથે બેસી પોતાનાં ભક્તની પ્રસન્નતા માટે જમતા હતા. (૨૧) તે ગામના ભક્તો તથા દેશાન્તરથી આવેલા અન્ય ભક્તો શ્રીહરિને પ્રસન્ન કરવા માટે હંમેશાં ગાડા ભરીભરી વંતાક ત્યાં લાવતા હતા. (૨૨)

હે રાજન્ ! શ્રીહરિ એક સમયે પોતાને વિષે અનુરાગવાળા તે ગામના મુખી સંધા પટેલને ઘેર ગયા. (૨૩) બંધુજનોની સાથે શ્રીહરિ ભક્તને પ્રસન્ન કરતાં ત્યાં હર્ષપૂર્વક વંતાકના શાક સાથે વિવિધ પ્રકારનાં ભોજનો જમ્યા. (૨૪)

આવી રીતે ભક્તોને આનંદ આપતા, ત્યાં હર્ષથી વસતા ભક્તોને નિત્ય અત્યંત સુખ આપનારા શ્રીહરિ તેમને પોતાનાં દર્શન આપતા હતા. (૨૫) ક્યારેક શ્વેત ધોતીયું, શ્વેત પાઘ તથા ગરમ પોસની ડગલી તેમજ બોકાની વાળવાનું શ્વેત વસ્ત્ર ધારણ કરતા હતા. (૨૬)

શ્વેત ચોફાળ ધારણ કરતા તથા પુષ્પોના હાર તથા તોરા ગુચ્છ, બાજુબંધો, કડાં, ધારણ કરતા શ્રીહરિ પોતાનાં ભક્તોને પોતાનાં દર્શન આપતા હતા. (૨૭) કોઈ વખત રૂનો ભરેલો શ્વેત સૂરવાળ તથા મસ્તકનું શ્વેત મોળીયું, સૂક્ષ્મ બુટ્ટાદાર ચિત્રોથી અંકિત શ્વેત અંગરખી પણ શ્રીહરિ ધારણ કરતા. (૨૮)

શ્વેત, સુંદર, ઘાટું અને ઝીણું, અતિકોમળ, મહામૂલ્યવાળું, ઓઢવાનું વસ્ત્ર ધારણ કરતાં શ્રીહરિ ભક્તોને પોતાનાં દર્શન આપતા હતા. (૨૯) ક્યારેક સોનેરી બુટ્ટાદાર રેશમી દોરીવાળો મહામૂલ્યવાળો લાલ સૂરવાળ પોતાની કેડ્યમાં શ્રીહરિ ધારણ કરતા હતા. (૩૦)

નરનારાયણ નામના અક્ષરો જેમાં છે એવી સુવર્ણ સૂત્રોથી અંકિત નીલવર્ણવાળી, ઘણાં મૂલ્યવાળી, સુંદર રજાઈ શ્રીહરિ ધારણ કરતા; (૩૧) છેડાના ભાગમાં સુવર્ણ સૂત્રોવાળી વાદળી રંગની શ્રેષ્ઠ પાઘ

શ્રીહરિ ધારણ કરતા હતા અને કેડ્ય ઉપર સુવર્ણ સૂત્રથી રચેલું કસુંબી રંગનું સુંદરવસ્ત્ર ધારણ કરતા હતા (૩૨)

પારિજાત, મોગરા તથા માલતીના હાર તથા તોરાઓ ધારણ કરતા શ્રીહરિ પોતાનાં ભક્તોને અતિસુખ આપનારા પોતાનાં દર્શન આપતા હતા (૩૩) કોઈ વખત ભક્તોને શાંતિ આપનારા શ્રીહરિ લાલ રંગની રૂની ભરેલી રજાઈ શ્વેત અંગરખા ઉપર ધારણ કરી શ્વેત વસ્ત્રો ધારણ કરતા, (૩૪) પીળી રજાઈ સહિત શ્વેત ચોફાળ ઓઢતા શ્રીહરિ, પોતાનાં ભક્તોને અન્યને દુર્લભ એવા પોતાનાં દર્શન આપતા હતા. (૩૫)

શ્રીહરિ ક્યારેક સુવર્ણના સૂત્રોથી બનાવેલા સોનેરી વસ્ત્રો ધારણ કરતા હતા. ક્યારેક રેશમી વસ્ત્રો ધારણ કરતા શ્રીહરિ પોતાનાં ભક્તોને દર્શન આપતા હતા. (૩૬)

ચંદ્રગ્રહણ થયા પછી શ્રીહરિ સાધુ વગેરે સહિત લોયા ગામ પાસે ભદ્રાવતી નદીમાં જઈ રાત્રિનો પ્રથમ પ્રહર વીત્યા પછી સ્નાન કરતા હતા. (૩૭) પછી વસ્ત્રો ધારણ કરી શ્રીહરિ તથા સર્વ ભક્તજનો, શ્રીહરિનાં આશ્રિત હરિભક્તોએ સળગાવેલ સગડીઓના અત્યં તાપથી ઠંડી દૂર કરતા હતા. (૩૮)

પછી શ્રીહરિ અનેક પ્રકારનાં દાન તથા દક્ષિણાથી બ્રાહ્મણોને સંતોષ પમાડી ફરીથી પોતાનાં આશ્રિતોની સાથે લોયા ગામમાં પધાર્યા. (૩૯)

ત્યાં શ્રીહરિ ધર્મ, જ્ઞાનાદિ સંબંધિ શુભ વાર્તા દરરોજ કરતા પંડિતોના સર્વ સંશયો છેદી નાંખતા હતા. (૪૦) આવી રીતે ધર્મપુત્ર શ્રીહરિએ અતિશ્રેષ્ઠ શાકોત્સવ કર્યો, પછી શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપર બિરાજી, પોતાનાં ભક્તજનોની સાથે લોયા ગામના સમગ્ર હરિભક્તોએ વળાવ્યા એટલે શ્રીહરિ વાદ્યોના ઘોષ સાથે ત્યાંથી નીકળી નાગડકાપુરમાં પધાર્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિએ શાક બનાવી પીરસવાની લીલા કરી તે નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ.(૫૦)



અધ્યાય ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ નાગડકાપુરમાં સૂરસિંહ રાજાના ભુવનમાં નિવાસ કર્યો. ત્યાં પોતાનાં સમગ્ર ભક્તોને યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૧) પછી સૂરસિંહ રાજા પોતાનાં કુમાર નાથાભાઈ તથા પત્ની સાતિ સાથે શ્રીહરિની તેમજ શ્રીહરિનાં બંધુજનો તથા સંત વર્ણિઓ વગેરેનું યથાયોગ્ય આતિથ્ય ભક્તિપૂર્વક કરતા હતા. (૨)

પછી સૂરસિંહ રાજા શ્રીહરિ તથા તેમનાં બંધુજનોની, મહામૂલ્યવાળા વસ્ત્રો, ભૂષણો, મનોહર

ઉપચારો તથા સુંદર રૂપ્ય મુદ્રાઓ (રૂપિયા) અર્પણ કરી, યથાયોગ્ય મહાપૂજા ભક્તિપૂર્વક કરતા હતા. (૩)

પછી સૂરા ખાચરે શ્રીહરિનાં બંધુ વગેરેની મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણો આદિથી પૂજા કરી, સમગ્ર ત્યાગીજનોની સુંદર વસ્ત્રો તથા ચંદન પુષ્પના હાર વગેરેથી પૂજા કરી. (૪) સૂરસિંહ રાજાની ધન્યા તથા વલ્લી એ બે પુત્રીઓ તથા પત્ની સાતિએ ભૂષણ વસ્ત્ર વગેરે શ્રેષ્ઠોપચારથી શ્રીહરિનું પૂજન કરીને ધર્મવંશની સ્ત્રીઓનું યથાયોગ્ય પૂજન કર્યું. (૫)

શ્રીહરિ પ્રત્યે અત્યંત સ્નેહવાળા રાજા પોતાનાં પ્રભુ શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તજનોને અમૃતતુલ્ય સુંદર ભોજનોથી અત્યંત ભક્તિપૂર્વક હંમેશાં સંતૃપ્ત કરતા હતા. (૬) રુડી બુદ્ધિવાળા સૂરસિંહ રાજાની ઉદારતાપૂર્વક સેવા હંમેશાં ગ્રહણ કરતા શ્રીહરિ સૂરસિંહ રાજા તથા બીજા ભક્તજનોને આનંદ આપતા નાગડકાપુરમાં રહેતા હતા. (૭)

હે રાજન્ ! ત્યાં સભામાં બેઠેલા મેં (શુકાનંદમુનિએ) ધર્મના પુત્ર શ્રીહરિને માઘસ્નાનનો શુભ વિધિ પૂછ્યો તેથી શ્રીહરિએ તે વિધિ મને શાસ્ત્ર પ્રમાણે કહ્યો. (૮) ધર્મનું રક્ષણ કરનાર સર્વજ્ઞ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ પ્રીતિપૂર્વક મને ચાંદ્રાયણના વ્રતનો વિધિ પણ કહેતા હતા. (૯)

ત્યાં શ્રીહરિએ મકર સંક્રાંતિને દિવસે આશ્રિતોની સાથે પ્રાતઃકાળમાં ભદ્રાવતી નદીમાં તિલોદકથી સ્નાન કર્યું છે. (૧૦) પછી શ્રીહરિ હજારો બ્રાહ્મણોને તલના પાત્રો, સુવર્ણ, રજાઈઓ તથા કામળા વગેરે આપતા હતા. (૧૧)

શ્રીહરિ હજારો બ્રાહ્મણોને રૂના ભરેલા ડગલાઓ આપતા હતા. હજારો બ્રાહ્મણોને તેમને ઈષ્ટ એવા ભોજનોથી અતિ તૃપ્ત કરતા હતા. (૧૨) ધર્મપુત્ર શ્રીહરિ હર્ષથી બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપતા હતા. તેમજ પ્રીતિથી વર્ણિઓ તથા મુનિઓને તલના લાડુઓ આપતા હતા. (૧૩)

પ્રભુ શ્રીહરિએ મુનિઓ વગેરેને ઉત્તમ રસથી યુક્ત ભોજનોથી તૃપ્ત કર્યા. પછી પોતે પોતાનાં બંધુજનોના નિવાસમાં જઈ ભોજન જમ્યા. (૧૪) પછી શ્રીહરિ રાત્રે સભામાં ઉત્તમ આસન ઉપર બિરાજી પોતાનાં ભક્તોને પોતે માનેલી ઋષભદેવે કહેલી શિક્ષા કહેતા હતા. (૧૫)

હે રાજન્ ! એ પ્રકારે ત્યાં વસતા શ્રીહરિ પોતાનાં સર્વ આશ્રિતોને આનંદ આપતા માઘ સુદી પંચમી (વસંતપંચમી) નો મહોત્સવ ત્યાં કરતા હતા. (૧૬) પછી શ્રીહરિનાં એકાંતિક ભક્તરાજ હેમંતસિંહ રાજા શ્રીહરિને પોતાનાં પંચાળા ગામમાં લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા. (૧૭)

પોતાનાં એકાંતિક ભક્ત હેમંતસિંહ રાજાએ આદરપૂર્વક પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે તેમનાં ગામમાં જવા માટે તૈયાર થયા. (૧૮) પછી અશ્વ ઉપર બિરાજી, પોતાનાં સમગ્ર જનોની સાથે, તથા સૂરસિંહ રાજા સહિત વાદ્યોના ધ્વનિ સાંભળતા શ્રીહરિ નાગડકાપુરથી ચાલ્યા. (૧૯)

પોતાનાં જનોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિની પીપરડી ગામે પહોંચ્યા. અહીં વિપ્રભક્ત ભાનુશંકરે શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ તે ગામમાં રહ્યા. (૨૦) ભક્તોમાં શ્રેષ્ઠ તે વિપ્રભક્તે ઘણા ભાવપૂર્વક

શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્ત કર્યા. (૨૧) શ્રીહરિ પોતે કંસારમાં ઘી પીરસીને પોતાનાંમાં અત્યંત આસક્ત મનવાળા મુનિઓ વગેરેને તૃપ્ત કરતા હતા. (૨૨)

પછી અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તજનોની સાથે શ્રીહરિ ત્યાંથી નીકળી હાથસણી ગામે પધાર્યા અને ત્યાં રાત્રિ રહ્યા. (૨૩) શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજી ત્યાંથી ચાલ્યા. ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ, પોતાનાં સહચરોની સાથે, જસદણપુરમાં પધાર્યા. (૨૪)

શ્રીહરિને આવતાં સાંભળીને તે ગામના અધિપતિ ક્ષત્રિય વાસુરરાજા સેના સહિત શ્રીહરિની સન્મુખ આવ્યા. (૨૫) તે રાજાએ શ્રીહરિને પ્રણામ કરી પ્રીતિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી, તેથી રાજાની સ્તુતિને માન આપીને શ્રીહરિએ પોતાનાં જનોની સાથે તે પુરમાં પ્રવેશ કર્યો. (૨૬)

વાસુર નૃપતિ શ્રીહરિને સેના તથા વાદ્યોના ધ્વનિસહિત પોતાનાં દરબારમાં લઈ ગયા. અહીં શ્રીહરિને સંપ્રાર્થના કરીને હર્ષપૂર્વક પોતાનાં રમણીય સિંહાસનમાં શ્રીહરિને બેસાડ્યા. (૨૭)

પછી રાજાએ શ્રીહરિ તથા તેમનાં બંધુજનો વગેરેનું પ્રીતિથી અમૂલ્ય સદ્‌વસ્ત્રો તથા આભૂષણો વગેરે ઉપચારોથી પૂજન કર્યું. (૨૮) વાસુર રાજાએ શ્રીહરિને ત્યાં નિવાસ કરવા માટે પ્રાર્થના કરી. પરંતુ શ્રીહરિ તો ત્યાં કથાવાર્તા કરીને જવા માટે તત્કાળ તૈયાર થયા. (૨૯) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે તે નગરથી નીકળ્યા. રાજાએ સૈન્ય સહિત વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિને વળાવ્યા. (૩૦)

પોતાની પાછળ આવતા વાસુર નૃપતિને પાછા વાળીને શ્રીહરિ પોતાન ભક્તજનોની સાથે ચાલતા વનમાં આવેલી સ્વચ્છ જળવાળી મહાનદી પાસે પહોંચ્યા (૩૧) શ્રીહરિ તે મહાનદીમાં પોતાનાં ભક્તજનો સાથે સ્નાન તથા નિત્યવિધિ કરીને બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં પેંડા જમ્યા. (૩૨)

પછી શ્રીહરિ વર્ણિઓ, સાધુઓ તથા પાર્ષદોને પ્રીતિથી પોતાનાં હાથે સુખડી આપીને તેમને ભોજન કરાવતા હતા. (૩૩) હે રાજન્ ! અશ્વ ઉપર બિરાજેલા, પોતાનાં ભક્તજનો સહિત, શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ત્યાંથી ચાલતા માર્ગમાં આવેલા કંડોરડાપુરમાં શ્રીહરિ પધાર્યા. (૩૪)

આહીર ડોસાભાઈ વગેરે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના અનુયાયીજનોની સેવા કરી તથા તેમને જમાડી તૃપ્ત કર્યા. પછી ચંદન પુષ્પાદિથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ તે ગામમાં રાત્રિ રહ્યા. (૩૫)

સવારમાં અશ્વ ઉપર બિરાજીને શ્રીહરિ ત્યાંથી નીકળ્યા અને ભક્તો જેમનાં દર્શન માટે પ્રાર્થના કરે છે એવા શ્રીહરિ ઉપલેટાપુરમાં પધાર્યા. (૩૬) વિપ્ર કાનજી મહારાજ તથા ક્ષત્રિય વીરાભાઈ ભક્ત તથા અન્ય ભક્તો શ્રીહરિની સન્મુખ જઈ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૭)

પછી તે ભક્તોએ શ્રીહરિને તે ગામમાં રહેવા માટે પ્રાર્થના કરી, પરંતુ શ્રીહરિ તેમને શાંતિ પમાડી ત્યાંથી ચાલ્યા અને જાળીયા ગામે પધાર્યા. (૩૮) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ પોતાનાં અનુયાયી ભક્તજનોની સાથે જાળીયા ગામમાં હિરાભક્તના ઘરમાં

રહ્યા. (૩૯)

મહાબુદ્ધિશાળી એકાંતિક ભક્તેન્દ્ર હિરાભક્ત તથા નાથાભાઈ વગેરે ભક્તો શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તજનોને સુંદર ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. (૪૦)પછી તે ભક્તોએ વસ્ત્રો, ભૂષણો વગેરે રમણીય ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ ત્યાં કથાવાર્તા કરીને તે રાત્રિ રહ્યા. (૪૧)

પછી સવારમાં અશ્વ ઉપર બિરાજી શ્રીહરિ, ઘોડેસવારોથી વીંટાયેલા પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી નીકળ્યા. ત્યાંના ભક્તજનોએ તેમને વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી ગણોદપુર પહોંચ્યા. (૪૨)

શ્રીહરિ, તે ગામની સમીપે મનોહર ભદ્રા નદી પ્રત્યે પહોંચીને તેના સુંદર કિનારે રમણીય સિંહાસન ઉપર હર્ષપૂર્વક બિરાજ્યા. (૪૩)

શ્રીહરિએ તે નદીને તીરે પોતાનાં એકાંતિક ભક્ત મયારામને જોઈને પોતાન અંગ ઉપરથી ગરમ શ્રેષ્ઠ ડગલો ઉતારી તે મયારામ વિપ્રને આપ્યો. (૪૪) પોતાનાં મનુષ્ય નાટ્યને શોભડતા શ્રીહરિ, પોતાનાં ભક્તજનોની સાથે તે ભદ્રાનદીમાં સ્નાન કરી સર્વ નિત્યવિધિ કરતા હતા. (૪૫)

પછી સ્વયં શ્રીહરિ નદીની તીરે મનોહર વિવિધ વૃક્ષોથી ભરપુર બગીચો જોઈ અત્યંત પ્રસન્ન થયા. (૪૬) પછી શ્રીહરિ તે બગીચામાં ઉતર્યા. પછી સ્નાન કરીને પોતાનાં બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો શ્રીહરિ જમ્યા. (૪૭)

શ્રીહરિ છે પ્રિય જેમને એવા સર્વ ત્યાગીઓ તથા ગૃહસ્થો જુદી જુદી રસોઈ કરીને યથાયોગ્ય જમતા હતા. (૪૮) તેટલામાં તે ગામના અધિપતિ જે બીજે ગામ ગયા હતા તે આવ્યા. તે રાજા શ્રીહરિ પધારે છે તે સાંભળીને પોતાનાં આશ્રિતો સહિત તે બગીચામાં શ્રીહરિની સમીપે આવ્યા. (૪૯)

ભક્તગણોથી વીંટાયેલા, સભામાં બિરાજેલા શ્રીહરિને, તે રાજાએ નમસ્કાર કર્યા. શ્રીહરિએ તેમનું સન્માન કર્યું. પછી તે સભામાં બેઠા. (૫૦) પછી શ્રીહરિ રાજાના હિત માટે અમૃતસમ, શાસ્ત્રોનાં પ્રમાણો સાથે ધર્મ, જ્ઞાન, ભક્તિ વગેરેના ઉપદેશની વાર્તા કરવા લાગ્યા. (૫૧)

તે સમયે તે રાજાની સાથે આવેલો એક જન્માંધ વણિક લોકોને ઠગનારો, દંભી જ્ઞાની આવ્યો હતો. તેનો શ્રીહરિએ શાસ્ત્રાર્થમાં પરાજય કર્યો. (૫૨) તે રાજાએ શ્રીહરિની સેવા કરી અને શ્રીહરિ ત્યાં રાત્રિ રહીને પ્રાતઃકાળમાં પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી નીકળ્યા અને માણાવદરપુરમાં પધાર્યા. (૫૩)

ત્યાંના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું, પછી તે પુરમાં થોડોક વિશ્રામ લઈને અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ત્યાંથી ચાલ્યા. (૫૪)

શ્રીહરિ માર્ગમાં વિચરતા પોતાનાં ભક્તજનોને આનંદ પમાડતા, અતિ શુદ્ધ બુદ્ધિવાળા હેમંતસિંહ નૃપતિના વૃક્ષોની પંક્તિઓથી શોભતા શ્રેષ્ઠ પંચાળા ગામમાં પોતાનાં ભક્તજનોની સાથે પધાર્યા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં માર્ગમાં આવેલા ગામમાં વસતા ભક્તોએ શ્રીહરિનુ પૂજન કર્યુ અને શ્રીહરિ પંચાળા ગામે પધાર્યા તે વર્ણન નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી હેમંતસિંહ રાજાના નાનાભાઈ અનુપસિંહ, ઈષ્ટદેવ પ્રભુ શ્રીહરિ પધારે છે તે સાંભળીને, પ્રસન્ન થઈ ગ્રામ્યજનોની સાથે રમણીય વાદ્યોના ઘોષ તથા ગીતોના ધ્વનિની સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧)

પછી અનુપસિંહ વગેરે ભક્તો, ઘોડેસવારોથી વીંટાયેલા, અશ્વરાજ ઉપર બિરાજેલા, અતિશય શોભાવાળા, શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને અશ્રુસ્રવતા નેત્રો સાથે તત્કાળ શ્રીહરિને સાષ્ટાંગ વંદના કરતા હતા. (૨) હે રાજન્ ! પછી શ્રીહરિએ તે રાજાની સંભાવના કરી. અતિશય ભાવવાળા તે અનુપસિંહ વગેરેએ તત્કાળ હેમંતસિંહ રાજાને મળી શ્રીહરિની સાથે આવેલા મુનિઓ વગેરેની સાથે શ્રીહરિને સુંદર વાદ્યોના ઘોષ સાથે ગામમાં લઈ ગયા. (૩)

હેમંતસિંહ, પાર્ષદો સહિત શ્રીહરિને પોતાનાં દરબારમાં પોતાનાં ભુવનમાં નિવાસ કરાવતા હતા. બીજા આવાસમાં શ્રીહરિનાં બંને બંધુઓ તથા તેમનાં પરિવારને યથાયોગ્ય નિવાસ કરાવતા હતા. (૪)

તે ગામની પશ્ચિમે ખાખરાના વનમાં, ઉત્તમ પર્ણશાળાઓ કરાવી, સમગ્ર ત્યાગીજનોને હેમંતસિંહ રાજા ત્યાં નિવાસ કરાવતા હતા. (૫) શ્રીહરિમાં આસકિતવાળા નૃપતિ શ્રેષ્ઠ હેમંતસિંહ, ઉત્તમ વગેરે સમગ્ર ભક્તોને, તથા સમગ્ર સ્ત્રીઓને, પોતાનાં આવાસમાં યથાયોગ્ય નિવાસ કરાવતા હતા. (૬)

હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો સર્વ નિત્યવિધિ કરીને પોતાનાં ભક્તજનોની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ઉત્તમ ભોજનો હર્ષપૂર્વક સારી રીતે જમ્યા. (૭) પંચાળામાં ત્યાગી તથા અન્ય ભક્તસમૂહ જુદી જુદી રસોઈ કરીને જમતા હતા. હેમંતસિંહ રાજા ઉત્તમ વગેરે રાજાઓને પોતાને ઘેર જમાડતા હતા. (૮)

મહાભાવવાળા તથા વિવેકી હેમંતસિંહરાજા શ્રીહરિ તથા તેમનાં આશ્રિત સ્ત્રી, પુરુષ તથા ત્યાગીઓનું પોતાની સ્થિતિ અનુસારે યથાયોગ્ય આતિથ્ય કરતા હતા. (૯) સમગ્ર સંપત્તિ સહિત તથા ઉપકરણો સહિત પોતાનું ભુવન અત્યંત સ્નેહથી હેમંતસિંહ શ્રીહરિને આધીન કરીને તે સમયે પોતે મહેમાનની માફક રહેતા હતા. (૧૦)

શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અનન્ય ભક્તિયુક્ત હેમંતસિંહ પોતાનાં દેહ, ગેહ તથા પુત્ર, વિત્ત, સ્ત્રી, રાજ્ય વગેરે માયિક વસ્તુઓને અસત્ જાણતા હતા. (૧૧)

શ્રીહરિની નવધા ભક્તિ કરવામાં અંબરીષ રાજા સમાન હતા. વળી શ્રીહરિ પ્રત્યેની આત્મનિવેદન ભક્તિમાં બળિરાજા સમાન હતા. જ્ઞાનમાં ઉદાર મનવાળા જનકરાજા સમાન હતા. (૧૨)

એકાંતિક ભક્તના સંગમાંજ સદા પ્રીતિવાળા, સુખદુઃખમાં ક્ષણવાર પણ ઈષ્ટ શ્રીહરિનું વિસ્મરણ નહિ કરનારા, અતિધીર, શ્રીહરિની સમીપે તે રાજા નિરંતર વસતા હતા. (૧૩)

તે રાજાની એકાંતિક ભક્તિથી તેને તથા તેના પરિવારને વશ થયેલા શ્રીહરિ, પોતાનાં ભક્તજનોને આનંદ આપતા ત્યાં રહેતા હતા. (૧૪)

શ્રીહરિ ઉત્તમ રાજાના દરબારમાં તથા ભુવનમાં જેમ આત્મીય ભાવથી રહેતા હતા, તેવી જ રીતે એકાંતિક ભક્તિ કરનારા હેમંતસિંહના ગામમાં તથા ભુવનમાં શ્રીહરિને આત્મીય ભાવ હતો. (૧૫)

તે રાજા તથા તેના કુટુંબે નિશ્ચળ, શુદ્ધ ભક્તિથી, વશ કરેલા સ્વતંત્ર ધર્મપુત્ર શ્રીહરિ તે ગામમાં સુખપૂર્વક દોઢ માસ રહ્યા. (૧૬) એકાંતિક ભક્તરાજ હેમંતસિંહ અત્યંત પ્રેમપૂર્વક શ્રીહરિની દાસની માફક હંમેશા સેવા કરતા હતા. (૧૭)

હેમંતસિંહ રાજાના નાના ભાઈ અનુપસિંહ પ્રભુ શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. તેમજ ક્ષત્રિય ભક્ત ભૂપતસિંહ હંમેશાં શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૧૮)

નવલસિંહ વગેરે ક્ષત્રિયો પણ શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ મોકા ખાચર, ઉકા ખાચર, જયરામ વગેરે ભક્તો પણ સેવા કરતા હતા. (૧૯) બ્રાહ્મણની સ્ત્રી ભક્ત લાડીની તથા ગંગા, હેમંતસિંહ રાજાના માતુશ્રી, રાજાના બહેન અદિતિ, તેમનાં ભાઈની પુત્રી-શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળી નાની તથા મોટીની પોતપોતાનાં ધર્મમાં અતિ નિષ્ઠાવાળી, તે સ્ત્રીઓ પરમાત્મા શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૨૦, ૨૧)

આવી રીતે ત્યાં નિવાસ કરીને રહેતાં તથા ભક્તજનો જેમની સેવા કરી રહ્યા છે તે શ્રીહરિ દરરોજ સભામાં ધર્મ, જ્ઞાન વગેરેની વાર્તા કરતા હતા. (૨૨) શ્રીહરિ ચિત્તને રંજન કરનારા શાસ્ત્રોના પ્રમાણ અનુસાર દૃષ્ટાંતો તથા સિદ્ધાંતોથી ત્રણ પ્રકારનાં કુસંગ સંબંધી સ્પષ્ટ વિવેચન કરતા હતા. (૨૩)

તેવી રીતે શ્રીહરિની આજ્ઞાથી, શ્રીહરિની આજ્ઞા પરાયણ મોટા સાધુઓ પણ સભામાં ઊભા થઈને દરરોજ ત્રણ પ્રકારનાં કુસંગની વાર્તા કરતા હતા. (૨૪) હે ભૂપતે ! પંચાળા ગામમાં ત્રણ પ્રકારનાં કુસંગની જે વિસ્તારપૂર્વક શ્રીહરિએ વાત કરી તે હું તમોને સંક્ષિપ્તથી કહું છું તે તમો સાંભળો. (૨૫)

ત્રણ પ્રકારનાં કુસંગમાં એક આંતરકુસંગ, સત્સંગમાં કુસંગ થાય તે બીજો કુસંગ તથા જે બહારનો કુસંગ તે ત્રીજો કુસંગ છે. (૨૬)

શ્રીહરિની આજ્ઞાનુસાર ઈન્દ્રિયો તથા અંતઃકરણ (ચક્ષુ વગેરે ઈન્દ્રિયાત્મક બાહ્યકરણો તથા મન આદિ આંતરિક કરણો) જો ન વર્તે તો તે અંતરનો કુસંગ છે. (૨૭)

વિષયમાં આસક્ત મનવાળો કોઈ સત્સંગી શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વર્તે; (૨૮) શ્રીહરિનાં એકાંતિક ભક્તો જ્યારે તેના સ્વભાવનું ખંડન કરે તથા તેની ઈચ્છાવૃત્તિનો નિષેધ કરે ત્યારે પોતાનાં દુષ્ટ સ્વભાવને વશ થયેલા તે, પોતાનાં સ્વભાવનું ખંડન કરનાર ભગવાનના એકાંતિક ભક્તનો ગુણ ગ્રહણ કરે નહિ અને ઊલટું હિત કરવા ઈચ્છતા તે સંતનો દોષ ગ્રહણ કરે. (૨૯, ૩૦)

એવી રીતે દૂષિત બુદ્ધિવાળાનો દુર્મતિ આપનારો જે સંગ, તેને તો વિપત્તિઓના સ્થાનરૂપ સત્સંગમાં કુસંગ જાણવો. (૩૧) શાસ્ત્રની મર્યાદા જેમણે ત્યાગ કરી છે એવા સત્સંગથી બહિર્મુખવાળા જે હોય તેમનોં જે સંગ તે બાહ્ય કુસંગ જાણવો. (૩૨)

આ ત્રણ પ્રકારનાં કુસંગનો, પોતાનું હિત ઈચ્છનારાઓએ, ત્યાગ કરવો. એ પ્રકારની વાર્તા ભક્તનું હિત કરવામાં ઉદ્યમવાળા શ્રીહરિ ત્યાં કરતા હતા. (૩૩) શ્રીહરિ ક્યારેક હેમંતસિંહના શ્રેષ્ઠ દરબારમાં સભા કરીને સિંહાસનમાં બિરાજી ભક્તોને પોતાનાં દર્શન આપતા હતા. (૩૪)

ક્યારેક શ્રીહરિ ગામની બહાર મુનિઓના નિવાસની સમીપે વડની છાયામાં ઊંચા મંચ ઉપર બિરાજી પોતાનાં દર્શન આપતા હતા. (૩૫) શ્રીહરિ પંચાળામાં બિરાજે છે તે સાંભળીને, શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા જીર્ણ દુર્ગપત્તન નિવાસી ભક્તો, પુરુષો તથા સ્ત્રીઓ, પંચાળા ગામમાં શ્રીહરિનાં દર્શન માટે આવ્યા. શ્રીહરિનાં દર્શન વિધાનમાં આદરવાળા હજારો હજાર જનો હર્ષપૂર્વક અન્ય ગામોમાંથી પણ ત્યાં આવ્યા. (૩૬, ૩૭)

પછી શ્રીહરિનાં દર્શનથી આનંદ જેમને છે એવા અને શ્રીહરિએ જેમનું સન્માન કર્યું છે તે સર્વે જનો, શ્રીહરિનાં દર્શનમાં આસક્ત થયેલા, પંચાળા ગામમાં રહ્યા. (૩૮) ગ્રામાન્તરથી આવેલા ભક્તો તથા પંચાળા ગામના ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિનું મહામૂલ્યવાળાં ભૂષણો, વસ્ત્રો તથા વિવિધ પ્રકારનાં ઉપચારોથી પૂજન કરતા હતા. (૩૯)

તે સર્વે ભક્તો શ્રીહરિનાં બંધુજનો તથા મુનિઓ વગેરેનું પણ ઉપચારોથી યોગ્યતા પ્રમાણે અતિહર્ષથી પૂજન કરતા હતા. (૪૦) હેમંતસિંહ રાજા તો પ્રિયથી પણ અતિપ્રિય શ્રીહરિને ઘણા પ્રકારનાં ઉપચારોથી ભક્તિપૂર્વક હંમેશાં પૂજતા હતા. (૪૧)

ગ્રામાન્તરથી સ્ત્રીઓ તથા પંચાળાની સ્ત્રીઓ પણ શ્રીહરિને ભૂષણો તથા વસ્ત્રોપચારથી આદરપૂર્વક પૂજતી હતી. (૪૨) પછી સમગ્ર સ્ત્રીઓ પોતાની શક્તિ અનુસાર યથાયોગ્ય શ્રીધર્મવંશીય સ્ત્રીઓનું પણ ભક્તિપૂર્વક પૂજન કરતી હતી. (૪૩)

હે રાજન્ ! જૂનાગઢમાં શિવરાત્રિને દિવસે મહોત્સવ થયો. તે દિવસે સર્વ ભક્તજન સમૂહો ઉપવાસ કરતા હતા. (૪૪) તે સમયે શ્રીહરિએ બ્રાહ્મણો પાસે શિવજીને અભિષેક કરાવી તે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી. (૪૫)

શ્રીહરિએ બીજા દિવસે હજારો બ્રાહ્મણોને ભોજન કરાવીને વર્ણિઓ, સાધુ તથા અન્ય અતિથિઓને

જમાડીને પોતે પારણા કર્યા. (૪૬) હે રાજન્ ! ત્યાગી, ગૃહી જનોની મહાસભામાં અતિશ્રેષ્ઠ ઊંચા સિંહાસન ઉપર બિરાજેલા, શ્વેત વસ્ત્રધારી, રમણીય પુષ્પોના હાર, તોરાઓ વગેરે ધારણ કરતા, અખિલપતિ, ધર્મપુત્ર શ્રીહરિ, સાધુ વગેરેને અતિ દયા કરી વેદમાં કહેલી સમગ્ર બ્રહ્મવિદ્યાના પ્રકારો, અન્ન બ્રહ્મ છે ઈત્યાદિ શ્રુતિપ્રતિપાદિત બ્રહ્મવિદ્યાના ભેદો સ્પષ્ટપણે કહેતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરીલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં હેમંતસિંહ રાજાએ શ્રીહરિની તથા તેમની સાથેના ભક્તોની સેવા કરી તે નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ પુષ્પદોલનો મહોત્સવ કરશે. એટલે હેમંતસિંહ રાજા સેવકો પાસે ગુલાલ તથા અબીર મંગાવતા હતા. (૧) રાજા કેસર વગેરે સર્વરંગની સામગ્રી મંગાવતા હતા. વાંસની હજારો પીચકારીઓ પણ કરાવતા હતા. (૨)

પછી હર્ષ પામેલા રાજા અનેક દેશમાં ભક્તોને બોલાવવા માટે ઉત્તમ કુંકુમ રસના છંટકાવ કરેલી મંગળ પત્રિકા તે તે દેશોમાં મોકલતા હતા. (૩)

હે રાજન્ ! પછી વિવિધ દેશના હજારો સ્ત્રી પુરુષો ત્યાં આવ્યા. (૪) શ્રીહરિનાં દર્શનથી આનંદયુક્ત થયેલા તે ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરતા હતા. હરિ છે પ્રિય જેમને એવી તે સ્ત્રીઓ હર્ષપૂર્વક શ્રીહરિને પંચાંગ પ્રણામ કરતી હતી. (૫)

આશ્રિતપ્રિય શ્રીહરિ તે જનો પ્રત્યે સંભાષણ કરી, દૃષ્ટિ કરી તથા મંદ હાસ્યથી, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૬)

પછી રાજા શ્રીહરિની આજ્ઞાથી સર્વ ભક્તોને ઉતારા તથા તેમને ઈચ્છિત પદાર્થો અપાવતા હતા. (૭) મહા આનંદથી દ્રવિત થયા છે. અંતઃકરણ જેમનાં એવા ભક્તજન સમુદાય શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત મનવાળા સુખપૂર્વક તે ગામમાં રહ્યા. (૮)

ગામમાં જનસુમદાયની ભીડ હોવાથી ગામની બહાર અત્યંત વિસ્તારવાળા વડના વૃક્ષોવાળા સ્થાનમાં નિત્ય મહાસભા થતી. (૯) શ્રીહરિ દરરોજ તે મહાસભામાં અત્યંત ઊંચા મંચ પર બિરાજી, પોતાનાં દર્શન તથા વાર્તા વગેરેથી પોતાનાં ભક્તોને આનંદ પમાડતા હતા. (૧૦)

હેમંતસિંહ રાજા ઉત્સાહપૂર્વક પૂર્ણિમાને દિવસે આદરપૂર્વક કેસૂડાના પુષ્પોનો રંગ કરાવતા હતા. (૧૧) તેમજ ઉત્તમ પત્રાંગનો રંગ તથા કેસરી રંગ કરાવીને ગોળીઓ તથા ઘડા વગેરે પાત્રોમાં તે ભરાવતા હતા. (૧૨)

હે ભૂપતે ! હેમંતસિંહ રાજા બે અતિ મોટા હોજમાં હર્ષપૂર્વક રંગ ભરાવતા હતા. (૧૩) પોતાનાં ભક્તોની અતિમહાન સભામાં, ઊંચા મનોહર મંચ ઉપર બિરાજેલા શ્રીહરિ, ધર્મ, જ્ઞાન વગેરેની વાર્તા કરતા હતા. (૧૪) હે રાજન્ ! પછી પૂર્ણમાસની રાત્રિના ઉદય પામેલા ચંદ્રમાને જોઈને સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈ મુનિઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૫) હે મુનિજનો ! આ રાત્રિએ તમો સર્વ ગોળ મંડળમાં ફરતા ફરતા મંગળ પદોનું ગાન કરો. (૧૬)

શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા કરી તેથી અત્યંત પ્રસન્ન થયેલા સમગ્ર સંતો ગાન કરવા તે સમયે તત્કાળ તૈયાર થયા. (૧૭) વડના વૃક્ષથી શોભાયમાન અત્યંત વિસ્તારવાળા તે સ્થાનમાં, સાધુઓ તાલીઓના ધ્વનિ સહિત મંડળાકારથી ફરતા ફરતા ગાન કરવા લાગ્યા. (૧૮)

મંડળાકારથી ફરતા ઊંચા મંચ ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરતા તે સંતો હર્ષથી સુંદર પદો ગાતા હતા (૧૯) શ્રીહરિ તેમને જોઈને પ્રસન્ન થઈ કેડ્ય ઉપર વસ્ત્ર મજબૂત બાંધી તત્કાળ તે ઊંચા મંચ ઉપરથી ઉતરીને સત્પુરુષોના મંડળમાં પધાર્યા. (૨૦)

મધુર સ્વરવાળા શ્રીહરિ ગોળ ફરતા તથા તાલી વગાડતા મુનિજનોની સાથે ગાવા લાગ્યા. (૨૧) કેડ્ય ઉપર સોનેરી તારનો શ્રેષ્ઠ સૂરવાળ ધારણ કરતા અને સોનેરી તારનો વિદ્યુત સમાન કાંતિવાળો ડગલો તથા મંડિલ ધારણ કરતા; (૨૨)

કસુંબી રંગથી રંગેલા અત્યંત શોભાયમાન સોનેરી પાલવવાળા વસ્ત્રથી જેમણે કેડ્ય મજબૂત બાંધી છે એવા, બંને હાથથી તાલી વગાડવાથી મનોહર; (૨૩) ફરવાથી ફર્ ફર્ થતા ચળકતા ડગલાના અગ્ર ભાગથી શોભતા, પુષ્પોના સુંદર ચલાયમાન હાર તથા તોરાથી અત્યંત પ્રકાશમાન; (૨૪)

શ્રીહરિનાં, તે સમયે ભક્તજનના સમૂહ, મધુર સ્વરરૂપ સુંદર અમૃતરસનું પાન કર્ણરૂપ પ્યાલામાં કરતા છતાં પણ તૃપ્ત થયા નહિ. (૨૫) સમગ્ર ભક્તજનો શ્રીહરિની તાળી વગાડવાની અનુપમ ચતુરાઈ તથા ગાનમાં નિપુણતા જોઈ, જાણે ચિત્રમાં ચિત્રેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા. (૨૬)

તે સમયે સુંદર વાદ્યોનો અતિમહાન ધ્વનિ સાધુઓના ગાનના શબ્દોમાં મિશ્રિત થઈ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૨૭) મંડળાકાર ફરતા અને તાલી વગાડતા, આગળથી નમતા અને ઊંચા થતા અને મધુર સ્વરોચ્ચારણ કરી ગાતા શ્રીહરિની તે સમયની કરેલી લીલાનાં દર્શન માટે આવેલા સ્વર્ગમાં રહેનારા બ્રહ્માદિ દેવતાઓના વિમાન સમૂહથી સમગ્ર આકાશ છવાઈ ગયું. (૨૮)

તે સમયે શ્રીહરિની લીલાનાં એવા દર્શન માટે સર્વે ધામમાંથી મુક્તો તત્કાળ આવ્યા. તેમજ સિદ્ધ, કિન્નરો તથા ગંધર્વો તથા નારદાદિ અન્ય મુનિઓ પણ આવ્યા. (૨૯) પછી બ્રહ્માદિ સર્વ વીજળી કરતાં પણ શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કરતા, સાધુઓની મંડળીઓના આભૂષણરૂપ, ચળકતા મોળીયાના મધ્યભાગમાં સુંદર મુગટના આકારવાળો ઉછળતો તોરો જેમને છે એવા, સુધાથી પણ અતિ મધુર ઊંચા ગંભીર સ્વરવાળા, ગાન કરતા શ્રીહરિનાં દર્શન કરીને તેઓ સર્વ શ્રીહરિને અતિશ્રેષ્ઠ પુષ્પોથી વધાવતા હતા.

તેમજ નમસ્કાર કરીને શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૩૦)

આનંદ પામેલા ગંધર્વો, સત્પુરુષોના સમુદાયમાં ગાન કળામાં ઉત્સાહવાળા ધર્મનંદન શ્રીસ્વામિનારાયણને પ્રસન્ન કરવા માટે વાદ્યોના ઘોષ સહિત આકાશમાં ગાન કરવા લાગ્યા. અપ્સરાઓ પણ શ્રીહરિની લીલાનાં દર્શનથી આનંદયુક્ત બની આશ્ચર્યવત્ થઈ નૃત્ય કરવા લાગી. વળી સિદ્ધો, દેવતાઓ તથા મુનિગણો જય જય શબ્દ બોલવા લાગ્યા. (૩૧)

ગાન કરતા શ્રીહરિની અલૌકિક શોભા જોઈને, ચંદ્ર પણ આશ્ચર્યપૂર્વક શ્રીહરિની રમણીય મૂર્તિનાં દર્શન કરતો, આકાશમાં પોતાની ગતિ કરવા માટે શક્તિમાન થયો નહિ. (૩૨)

કેટલાક ભક્તો સુંદર ચંચળ શરીરવાળા શ્રીહરિનાં દર્શન કરીને સમાધિ પામી ગયા. સમાધિવાળા તે ભક્તો આકાશમાં દેવતાઓના વિમાનની પંક્તિઓ જોઈ આ પ્રમાણે બોલ્યા. (૩૩) અહો ! હે ભક્તો ! આકાશમાં દેવતા સમૂહના વિમાનો જુઓ. આવી રીતે બોલી તેઓ આકાશમાં જોઈ, હર્ષથી ભરેલા નેત્રો જેમને છે એવા તે સમયે નૃત્ય કરવા લાગ્યા. (૩૪)

આ પ્રકારે હરિ સંકીર્તનના ઉત્સવમાં અર્ધરાત્રિ વીતી ગઈ. પછી સમગ્ર સાધુજનોને થાકેલા જાણીને શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈ 'તમો હવે આરામ કરો.' એમ તેમને કહ્યું. (૩૫)

શ્રીહરિનાં દર્શનથી ઉત્સાહવાળા તે સાધુઓ તત્કાળ વડના વૃક્ષથી શોભાયમાન સ્થાનમાં રમણીય આસન બનાવી અત્યંત શોભાવાળા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણને તે આસન ઉપર બેસાડ્યા. (૩૬)

પછી સર્વે મુનિઓ શ્રીહરિની લીલાનાં દર્શન કરી ઘણા હર્ષયુક્ત બની શ્રીહરિની આગળ બેસી અત્યંત નિર્નિમેષ પોતાનાં નેત્રોથી ઈશ શ્રીહરિકૃષ્ણના દર્શન કરતા હતા. (૩૭) પ્રીતિથી કૃપા રૂપી અમૃતરસ વર્ષાવતી દૃષ્ટિથી મુનિજનો પ્રત્યે જોઈ, મુનિઓથી વીંટાયેલા શ્રીહરિ, શરદઋતુમાં તારાઓથી વીંટાયેલા સ્વચ્છ અને પૂર્ણ ચંદ્રની માફક વિશેષ શોભતા હતા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં મુનિઓએ શ્રીહરિનાં પદોનું ગાન કર્યું તે વર્ણન નામે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પછી મંદહાસ્યથી ઉલ્લસિત મુખવાળા શ્રીહરિનાં પ્રીતિપૂર્વક દર્શન કરતા સાધુઓ શ્રીહરિનાં સંકલ્પથી આવું આશ્ચર્ય જોતા હતા. (૧) તે સર્વે સંતો એકજ સમયે એકી સાથે ઉદય પામેલા કરોડો ચંદ્ર તથા સૂર્યોના સમાન મહા શ્વેત શાંત તેજ એકદમ જોવા લાગ્યા. (૨)

મહાઆનંદના એક આશ્રય સ્વરૂપ સર્વ તેજનો પરાભવ પમાડનારા, દિવ્ય, સર્વોત્તમ, સર્વ મુનિઓને, આશ્ચર્ય યુક્ત કરતા, (૩) તે તેજથી હે મહીપતે ! સર્વ મુનિઓ, સર્વને ધરી રહેલી સમગ્ર પૃથ્વી, સમગ્ર આકાશ, આઠ દિશાઓ સર્વ ઉજ્જવળ થઈ ગયા. (૪)

તે તેજ:પુંજમાં દેખાતા દિવ્ય મંદિરમાં, શ્રેષ્ઠ, દિવ્ય, વિવિધ પ્રકારનાં મણિઓથી શોભતું, દિવ્ય સિંહાસન તે મુનિઓ જોતા હતા. (૫) પછી સમગ્ર મુનિઓ તે સિંહાસન ઉપર બિરાજેલા, ઘાટા મેઘ સમાન પ્રકાશમાન શરીર જેમનું છે એવા, કરોડો ચંદ્ર અને સૂર્ય સમાન તેજસ્વી, ઈશ્વર શ્રીહરિકૃષ્ણના દર્શન કરતા હતા. (૬)

જે હરિકૃષ્ણ દિવ્ય, મનોહર આભૂષણોથી શોભતા, દિવ્ય પીતાંબરધારી, સુગંધવાળા દિવ્ય ચંદનનો લેપ જેમનાં અંગો અંગમાં છે એવા જે શ્રીહરિકૃષ્ણ ભગવાન તે મુનિઓના મન હરતા હતા. (૭)

દિવ્ય, અતિસુંદર, સુગંધ જેમનોં છે એવા, વિવિધ પ્રકારનાં પુષ્પોના પુષ્કળ તોરા તથા હાર જેમને છે એવા, સુંદર નાસિકાવાળા, અતિ સુંદર ભ્રકુટિવાળા નવીન કમળના બંને પત્રો જેવા નેત્રોવાળા. (૮) પાકાં ઘીલોડા તથા નૂતન પલ્લવ સમાન શ્રેષ્ઠ ઓષ્ઠથી શોભતા, મંદ હાસ્યવાળા મુખથી લજ્જા પમાડ્યો છે ચંદ્ર જેમણે એવા, શુદ્ધ મોતીઓની માફક શ્વેત દંપપંક્તિથી શોભાયમાન મુખવાળા, સુશોભિત કૌસ્તુભમણિ કંઠમાં જેમને છે એવા; (૯)

બંને કર્ણોમાં મકરાકાર શોભતા મણિજડિત સુવર્ણના કુંડળોથી મનોહર, અતિ ઉત્તમ કિશોર અવસ્થાથી રમણીય, દિવ્ય મણિજડિત સુવર્ણના મુગટવાળા; (૧૦) લાંછન રહિત શરદ ઋતુના ચંદ્રમાની માફક પ્રકાશમાન નખની પંક્તિથી શોભાયમાન, કેસરના ઉર્ધ્વ પુંડ્ર તિલકના મધ્યભાગમાં ગોળ અતિસુંદર કુમકુમનો ચાંદલો જેમને શોભે છે એવા; (૧૧)

નાભિ પર્યન્ત લાંબો નૂતન નિર્મળ જે મોતીઓનો હાર તેની શોભાથી અતિ સુંદર ગળામાં ત્રણ રેખાની શોભાવાળા, છત્ર, સુંદર પંખો તથા બંને ચામરો જેમનાં હાથમાં છે એવા અક્ષર મુક્તોએ સેવેલા; (૧૨) આ પ્રકારનાં શ્રીહરિનાં દર્શન થયા પછી તે સાધુઓ શ્રીહરિની ડાબી બાજુએ શોભાયમાન લક્ષ્મીને પણ જોતા હતા. વિવિધ પ્રકારનાં વિભૂષણોવાળા, દિવ્ય શોભાયમાન કસુંબી વસ્ત્રોવાળા; (૧૩)

જમણા હાથમાં પ્રફુલ્લિત કમળ ધારણ કરતા, મનોહર, શ્રીહરિનાં મુખકમળમાં બાંધ્યા છે નેત્રો જેમણે એવા, શબ્દાયમાન બંને નૂપુરો જેમનાં ચરણકમળમાં છે એવા; (૧૪) અનુપમ શ્રીહરિને શોભાયમાન રત્નદંડવાળા અતિસુંદર ચામરથી પવન નાંખતા, એ પ્રકારનાં લક્ષ્મીજી સમાન વિશેષણવાળા શ્રીરાધિકાજીને પણ લક્ષ્મીજીની માફક શ્રીહરિની ડાબી બાજુએ સાધુઓ જોતા હતા. (૧૫) પછી તે સાધુઓ શ્રીહરિનાં જમણા ભાગમાં તેજોમય શ્વેત વસ્ત્રધારી, શ્વેત શરીરવાળા, દિવ્ય વિભૂષણોથી શોભતા ધર્મને જોતા હતા. (૧૬) પછી સમગ્ર મુનિઓ ધર્મના ડાબા પડખે દિવ્ય વસ્ત્રવાળાં, દિવ્ય વિભૂષણોથી વિભૂષિત, મૂર્તિમાન ભક્તિને જોતા હતા. (૧૭)

પછી સાધુઓ સુંદર શ્રેષ્ઠ શણગારેલા રેશમી વસ્ત્રો જેમને છે એવી દિવ્ય શરીરવાળી શ્રદ્ધાદિ બીજી ધર્મની સ્ત્રીઓ તથા દિવ્યરૂપવાળા શ્રદ્ધા વગેરે ધર્મની પત્નીઓના શુભાદિ પુત્રોને પણ જોતા હતા. (૧૮)

પછી શ્રીહરિનાં સંકલ્પથી તે સાધુઓના પોતાનાં પૂર્વજન્મના સ્વરૂપનું તથા પોતાનું સમગ્ર બળ, ઐશ્વર્ય વગેરેનું જ્ઞાન તે સમયે થયું. (૧૯) પછી ધર્મ તથા ભક્તિ, લક્ષ્મી વગેરે સ્ત્રીઓને અભિવંદન કરીને રોમાંચિત ગાત્રવાળા થઈ, અશ્રુ સ્રવતા નેત્રોથી, તે સંતો પ્રેમપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૦) હે પરાત્પર ! અક્ષરધામવાસી ! અનંત અક્ષરમુક્તોથી સેવાયેલા, અવતારી, કૃપાસિંધુ, ધર્મપુત્ર, આપના આશ્રિતજનોની સંસૃતિનો નાશ કરનારા શ્રીહરિ, આપને વારંવાર પ્રણામ છે. (૨૧)

કરોડો સૂર્ય ચંદ્રથી અતિ અધિક તેજવાળા, રાધા, રમાથી યુક્ત તથા શ્રીભક્તિ, ધર્માદિથી યુક્ત, એવા આપના અલભ્ય દર્શન અમોને હમણાં થયાં. (૨૨) અનુપમ મૂર્તિવાળા, અવતારોના કારણ એવા આપ, બ્રહ્માદિ તથા તપસ્વી સમૂહને પણ અપ્રાપ્ય એવો આપનો પ્રસંગ હંમેશાં પામેલા અમો આ લોકમાં ધન્ય છીએ. (૨૩)

હે ભગવન્ ! ઈશ ! પૂર્વે પણ આપના અમે આવા દર્શન કર્યા છે. માટે આપ અખિલેશ્વર છો એમ આ લોકમાં અમો જાણીએ છીએ. હે ઈશ ! હે સ્વામિન્ ! આપ અમારા સ્વામી છો અને તેજ રાધા, રમા સહિત કૃષ્ણ પણ આપ જ છો. (૨૪)

હે હરે ! જે આપના પડખે રહેલા દેવો તથા દેવીઓ છે તે સર્વ દેવતાઓ તથા દેવીઓને અમો જાણતા નથી. અમારા હૃદય તથા નેત્રને આનંદ આપનારા આ સર્વે કોણ છે ? (૨૫)

ઈશ્વરોના ઈશ્વર, સંત વત્સલ, ભક્તજનોના એક રક્ષણ કરનારા, મંદહાસ્યથી શોભાયમાન મુખવાળા, શ્રીસ્વામિનારાયણ મુનિઓનું આ વચન સાંભળી મુનિઓ પ્રત્યે બોલ્યા. (૨૬)

હે સંતો ! મારા બંને પડખે ભક્તિ-ધર્મ છે અને એ બંને મારાં માતા પિતા છે. આ શ્રદ્ધા આદિ તે ધર્મની પત્નીઓ છે. આ સમગ્ર શુભ વગેરે તે ધર્મની પત્નીઓના પુત્રો છે. (૨૭) દિવ્ય દેહવાળા આ અક્ષરમુક્તો મારે વિષે અત્યંત પ્રેમ હોવાથી મારી સમીપે નિરંતર રહે છે. (૨૮)

હે સંતો ! દિવ્ય ભાવથી મારાં દર્શન જેમ જનોને દુર્લભ છે તેમ પૃથ્વી ઉપર ધર્માદિના દર્શન પણ બીજાઓને દુર્લભ છે. (૨૯) જે મારા એકાંતિક ભક્તો છે તેમને તો કોઈક સમયે પણ મારી ઈચ્છાથી એમના દર્શન થાય છે. પરંતુ બીજાને થતા નથી. (૩૦)

તમો એકાંતિક ધર્મનું દરરોજ પાલન કરો છો તેમજ મારે વિષે જ નિશ્ચળ ભક્તિ કરો છો. (૩૧) તેથી હે સંતો ! તમારી ઉપર હું પ્રસન્ન થયો છું, માટે મેં ધર્માદિની સાથે તમોને આવી રીતે દર્શન આપ્યાં. માટે મારી પાસે ઈચ્છિત વર તમો માગો. (૩૨)

દિવ્ય ભાવયુક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાનનું દર્શન કરી, તેમનું આવું વચન સાંભળી, હર્ષપૂર્વક

તેમને પ્રણામ કરી, બંને હાથ જોડી તે સંતો અભીષ્ટ વરદાન માગતા હતા. (૩૩) હે સ્વામિન્ ! જો અમારા ઉપર આપ પ્રસન્ન થયા હો તો મનુષ્ય નાટ્યધારી આપના વિચિત્ર ચરિત્રોમાં અમોને ક્યારેય પણ મોહ ન થાય. (૩૪)

હે સાધુજનોના એક આધાર ! હમણાં દિવ્ય ભાવમાં અમને આપને વિષે જેવો ભાવ છે તેવો જ નરાકાર એવા આપને વિષે અમને સર્વદા નિશ્ચળ ભાવ રહો. (૩૫) હે હરે ! આપના સ્વરૂપમાં અમારી ભક્તિ લક્ષ્મીના જેવી થાય. આ પ્રકારનોં વર અમોને આપ આપો. સાધુઓએ આવી રીતે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ 'જેમ તમો ઈચ્છો છો તેમ થાવ' એવી રીતે તેમને વર આપતા હતા. (૩૬)

પછી તે સાધુઓ શ્રીહરિને આ રીતે કહેવા લાગ્યા. હે પ્રભો ! અમોને પૂર્વજન્મનું જ્ઞાન હમણાં જેવું છે તેવું નિત્ય હૃદયમાં રહે આ પ્રકારની અમારી ઈચ્છા છે. (૩૭) સર્વદર્શી, મુનિપ્રિય શ્રીહરિ સાધુનું આ પ્રકારનું વચન સાંભળી, તેમને મંદ હાસ્ય સહિત મધુર વચન કહેવા લાગ્યા. (૩૮)

હે બુધજનો ! તમારા પૂર્વજન્મ સંબંધિ જ્ઞાન તમોને નિરંતર રહે તે યોગ્ય નથી. પૂર્વજન્મનું જ્ઞાન થવાથી ક્ષમાનો ગુણ દુર્લભ બને. (૩૯) તમારું ઐશ્વર્ય તથા બળ ખૂબ છે. તેવી દૃષ્ટિવાળા તમારું પોતાનું અનિષ્ટ તમારા તે ઐશ્વર્યને નહિ જાણનારા કોઈક જ્યારે કરે; (૪૦)

ત્યારે હે સાધુઓ ! તે સમયે અજ્ઞાની પુરુષે કરેલી પીડા તમો સહન નહિ કરી શકો. તેથી પીડા કરનારને તમો શાપ આપશો. તેથી તેને પીડા થાય અને તેથી તમારા સાધુપણાને પણ દૂષણ લાગે. (૪૧) હે સંતો ! પોતાનું ઐશ્વર્ય જાણનારા કોઈપણ ક્ષમાવાન થાય નહિ એ નિશ્ચિત છે. ક્ષમા ન હોય તો પોતાનું ઐશ્વર્ય જાણનારા અને તેથી અક્ષમ બનેલા પુરુષો, પોતાની પીડા કરનાર જનનું અનર્થ જરૂર કરે. (૪૨)

હે સંતો ! જ્યારે સચ્છાસ્ત્રોએ નિંદિત આવું અનર્થ થાય તો આ લોકમાં મોટી ઉપાધિ તથા નિંદા થાય. (૪૩) હે સંતો ! ત્યારે હું આ પૃથ્વી ઉપર તમારી સાથે જે કાર્ય માટે આવિર્ભાવ પામ્યો છું તે મારે કરવા યોગ્ય કાર્ય તમો સર્વે ઉપાધિયુક્ત હો તો જરૂર સિદ્ધ ન થાય. (૪૪)

હે સંતો ! હું તો અસંખ્ય દેહધારીઓનું આત્યંતિક શ્રેય કરવા તેમજ પૃથ્વી ઉપર શુભ એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે તથા; (૪૫) મારા એકાંતિક ભક્ત એવા તમોને મારું સર્વોત્તમ સુખ આપવા, મહામુનિઓ એવા તમોને મારી સાથે રાખવા; (૪૬)

આ લોકમાં હું અક્ષરધામથી પ્રાદુર્ભાવ પામ્યો છું. હે બુધો ! એ કાર્ય તમારી અક્ષમાને લીધે સિદ્ધ થાય નહિ, માટે તમોને તમારા પૂર્વ સ્વરૂપનું તથા ઐશ્વર્યનું જ્ઞાન હિતકારી નથી એમ તત્વપૂર્વક તમો જાણો. (૪૭)

હે મુનિઓ ! તેથી એ જ્ઞાન તમોને મારી ઈચ્છાથી ક્યારેક ક્યારેક રહેશે તે જ તમારા પરમ હિતમાં છે. (૪૮) શ્રીહરિનું આ વચન સાંભળી, શ્રીહરિનું વચન સૌ સંતો હર્ષપૂર્વક સ્વીકાર કરતા

હતા. પછી વિનમ્ર તે સંતો ધર્માદિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૯)

હે ધર્માદિ ! જો તમો અમારા ઉપર સદા પ્રસન્ન થયા હો તો શ્રીહરિમાં પ્રેમવૃદ્ધિ કરનારા ધર્મસ્વરૂપ આપ અમારે વિષે નિવાસ કરો. (૫૦) હે ધર્માદિ ! તમો કામ, ક્રોધ વગેરે સંસારમાં કલેશ ઉત્પન્ન કરનારા અધર્મના વંશરૂપી દૂષણોથી અમારું રક્ષણ કરો. આ પ્રમાણે વર અમને આપો. (૫૧) સાધુઓએ આવી રીતે પ્રાર્થના કરી તેથી પ્રસન્ન થયેલા ધર્માદિ પણ 'તથા અસ્તુ' જેમ તમો કહો છો તેમ થાવ. આ પ્રકારે હર્ષથી તેમને વર આપીને પછી બધા અંતર્ધાન થયા. (૫૨)

પછી સર્વે સાધુઓ, સર્વ અવતારોના કારણ શ્રીહરિને પૂર્વની માફક મનુષ્ય સ્વરૂપે જોઈ, વિસ્મયથી વ્યાકુળ થઈ તેમને પ્રણામ કરતા હતા. (૫૩) આ રીતે શ્રીહરિનો દિવ્ય ભાવ જોઈ, શ્રીહરિનાં પાર્ષદ રત્નજીત વગેરે તથા શ્રીહરિની સમીપે સદા રહેનારા પાર્ષદો તથા પ્રથમ કહેલા મુનિઓ તેમજ હેમંતસિંહ વગેરે સર્વ ભક્તો, શ્રીહરિમાં અનન્ય ભાવવાળા સંતો, બધા જ સર્વોત્તમ આનંદ પામ્યા. (૫૪)

પછી ધર્મનંદન શ્રીહરિએ સંતો વગેરેને પોતપોતાનાં નિવાસમાં જવા માટે આજ્ઞા આપી. પછી પોતે પોતાનાં અશ્વ ઉપર બિરાજી પાર્ષદોથી વીંટાઈને પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૫)

દયાળુ, સર્વત્ર વ્યાપક, શ્રીહરિ રત્નજીત તથા ભૃગુજીત વગેરે પાર્ષદોની ચરણ ચાંપવાની સેવા અંગીકાર કરી, પોતાની સુશોભિત અતિ કોમળ શય્યામાં પોઢીને પોતાની સેવા પરાયણ યોગનિદ્રાને અંગીકાર કરતા હતા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત દિવ્ય ઐશ્વર્ય વગેરે વર્ણન નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- વિભુ શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરી, શાંત તેજ:પુંજના એક આધાર હોવાથી વિશેષ તેજોમય પોતાનાં સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧)

પ્રાતઃકાળમાં ધર્મધુરંધર, મુનિપતિ, શ્રીહરિ પોતાનું મનુષ્ય નાટ્ય શોભાડતા સ્નાન કરીને નિત્યવિધિ કરતા હતા. (૨) તે સમયે હેમંતસિંહ રાજા હર્ષપૂર્વક ગામની બહાર અતિ વિસ્તારવાળા સભાસ્થાનમાં સુંદર હિંડોળો બંધાવતા હતા. (૩)

જે હિંડોળો કેળોના સ્તંભોવાળો પાંચ પલ્લવોથી યુક્ત, ચિત્રવિચિત્ર તોરણોવાળો, નાના પ્રકારનાં પુષ્પોના હાર વગેરેથી શોભતો મનોહર, સુવર્ણ કળશો જેમાં છે એવો, ચાર દ્વારોથી શોભાયમાન, વિવિધ રંગોથી તેમજ સર્વત્ર ભદ્રમંડળોથી મનોહર; (૪, ૫)

એ પ્રકારનોં હિંડોળો હેમંતસિંહ રાજાએ બંધાવ્યો. પછી શ્વેત વસ્ત્રો ધારણ કરનાર અશ્વઉપર બિરાજેલા શ્રીહરિ, પાર્ષદોથી વીંટાઈને ગામની બહાર સભાસ્થાનમાં પધાર્યા. (૬)

શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતર્યા એટલે હેમંતસિંહ રાજાએ હર્ષપૂર્વક શ્રીહરિની ઘણા પ્રકારે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ ઉત્તમ હિંડોળા ઉપર બિરાજમાન થયા. (૭)

તેટલામાં ત્યાં આવેલા શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો ઉંચા સ્વરથી ''જય, જય'' શબ્દોચ્ચારણ કરતા હતા. (૮) પછી શ્રીહરિનાં બંધુજનો વગેરે હિંડોળાના સમીપે આસનો ઉપર બેઠા. સર્વે સંતો, વર્ણિઓ, પાર્ષદો વગેરે પણ બેઠા. (૯)

પછી ભક્તરાજ હેમંતસિંહ ભક્તિપૂર્વક શ્રીહરિની અતિશ્રેષ્ઠ ષોડશોપચારથી પૂજા કરતા હતા. (૧૦) પછી શ્રીહરિ પ્રત્યે અત્યંત સ્નેહવાળા હેમંતસિંહ રાજાએ શ્રીહરિ ઉપર સુંદર રંગ તથા અબીર, ગુલાલ વગેરે ફેંક્યા. (૧૧)

તે સમયે અનેક પ્રકારનાં માંગલિક વાદ્યોનો મોટો ઘોષ થયો. હર્ષ પમાડનારો તે મહાધ્વનિ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. (૧૨)

શ્રીહરિ પોતાનાં એકાંતિક ભક્ત ઉપર હર્ષપૂર્વક અત્યંત રંગ છાંટતા હતા તથા તેમનાં ઉપર પુષ્કળ ગુલાલ નાંખતા હતા. (૧૩)

તેટલામાં ભક્તો રંગના ભરેલા હજારો ઘડાઓ, ઉત્તમ ગુલાલ તથા પુષ્કળ અબીર હર્ષપૂર્વક ત્યાં લાવ્યા. (૧૪) પછી શ્રીહરિ હિંડોળા ઉપરથી ઉતરીને કેડ્ય ઉપર મજબૂત પટકો બાંધીને મંચની સમીપે આવ્યા અને હાથમાં સુવર્ણની પીચકારી લઈ મંચ ઉપર ઊભા રહ્યા. (૧૫)

તે સમયે રંગથી ભરેલા ઘડાઓ હાથમાં પકડી શ્રીહરિનાં સોમાદિ પાર્ષદો અત્યંત આનંદપૂર્વક શ્રીહરિની સમીપે ઊભા રહ્યા. (૧૬) પછી ધર્મનંદન શ્રીહરિએ ઉત્સાહપૂર્વક સુવર્ણની પીચકારીથી મુનિઓ ઉપર પ્રીતિપૂર્વક રંગનો અભિષેક કર્યો. (૧૭)

અત્યંત રંગ નાંખતા સુંદર ચંચળ વિગ્રહવાળા શ્રીહરિ, દૂર ઊભેલા પોતાનાં અસંખ્ય ભક્તોને જોતા હતા. (૧૮, ૧૯) પછી ભક્તવત્સલ શ્રીહરિ હસતા હસતા રંગ ભરીને મુનિઓ તેમજ પોતાનાં ભક્તો ઉપર નાંખતા હતા. (૨૦)

જેમ વર્ષાઋતુમાં મેઘજળની ધારાઓ પ્રાણીઓને ભીંજાવી દે છે તેમ, તે સમયે શ્રીહરિએ પોતાનાં ભક્તો ઉપર કરેલા રંગના વરસાદથી મુનિઓ વગેરેને શ્રીહરિ ભીંજવતા હતા. (૨૧)

તે સમયે આકાશમાં રહેલા બ્રહ્માદિ દેવો, શ્રીહરિની શુભ લીલાનાં દર્શન કરીને, અતિ આનંદ પામ્યા અને શ્રીહરિને સુંદર પુષ્પોથી વધાવવા લાગ્યા. (૨૨) તે સમયે ત્યાં આવેલા અનેક ધામના મુક્તો, આ પ્રમાણે ક્રીડા કરતા પોતાનાં ઈષ્ટ શ્રીહરિને જોઈ, પ્રસન્ન થઈ રંગખેલની પ્રશંસા કરતા હતા. (૨૩)

પછી હે રાજન્ ! હર્ષપૂર્વક ગુલાલ ઝોળીમાં ભરી, બંને હાથવડે મંદહાસ્ય કરતા મુખવાળા,

શ્રીહરિ સંતો વગેરે ઉપર ગુલાલ વારંવાર ફેંકતા હતા. (૨૪)

શ્રીહરિ હર્ષપૂર્વક આવી રીતે પુષ્કળ ગુલાલ ફેંકીને મુનિઓ વગેરે પોતાનાં આશ્રિત સમૂહને પદ્મરાગ મણિની માફક રક્તવર્ણા કરતા હતા. (૨૫) આવી રીતે શ્રીહરિએ ઉડાડેલા ગુલાલથી સમગ્ર પંચાળા ગામ લાલ થઈ ગયું એટલું જ નહિ પરંતુ સ્થાવર જંગમ સહિત સમગ્ર પૃથ્વી પણ અત્યંત લાલ વર્ણવાળી થઈ. (૨૬)

તે સમયે ઉડેલા અત્યંત ગુલાલથી સમગ્ર આકાશ પણ લાલ વર્ણવાળું થઈ ગયું. આ પ્રકારે લાલ ભક્તો મધ્યે લાલવર્ણવાળા શ્રીહરિ, લાલ તારાગણોના મધ્યમાં જેમ લાલ ચંદ્રમા શોભે તેમ, શોભતા હતા. (૨૭)

હે રાજન્ ! ભગવાન્ શ્રીહરિ આવી રીતે ક્રીડા કરીને મુનિઓ વગેરેના બે વિભાગ કરી, પરસ્પર ક્રીડા કરવા માટે તેમને આજ્ઞા આપતા હતા. (૨૮) શ્રીહરિએ તે બે પક્ષોમાં એક પક્ષે નિત્યાનંદ મહામુનિને મુખ્ય કર્યા. અને બીજા પક્ષે મહાબુદ્ધિશાળી બ્રહ્માનંદને મુખ્ય કર્યા. (૨૯)

બ્રહ્માનંદ મુનિના પક્ષમાં પોતાનાં સમગ્ર પુત્રો સહિત રામપ્રતાપ આનંદયુક્ત ઊભા રહ્યા. (૩૦) નિત્યાનંદ મુનિના પક્ષમાં પોતાનાં સમગ્ર પુત્રો સહિત બુદ્ધિશાળી ઈચ્છારામ હર્ષપૂર્વક ઊભા રહ્યા. (૩૧)

નિત્યાનંદના પક્ષમાં કેટલાક સંતો, વર્ણિઓ તથા પાર્ષદો હર્ષપૂર્વક ઊભા રહ્યા તેવી રીતે બ્રહ્માનંદ મુનિના પક્ષમાં કેટલાક સંતો, વર્ણિઓ તથા પાર્ષદો હર્ષપૂર્વક ઊભા રહ્યા. (૩૨) તે બંને અગ્રેસર સાધુઓને શ્રીહરિએ રંગથી ભરેલો એક એક હોજ આપ્યો તેમજ ગુલાલ પણ વહેંચી આપ્યો. (૩૩)

પછી બ્રહ્માનંદ, નિત્યાનંદ વગેરે પીચકારીઓથી રંગ ફેંકતા અન્યો અન્ય રમતા હતા. તે સમયે શ્રીહરિ ઊંચા મંચ ઉપર બિરાજી ઉત્સાહપૂર્વક મુનિઓનો રંગ ખેલ જોતા હતા. (૩૪) પરસ્પર જીતવા માટે ઈચ્છતા, રંગ ફેંકવામાં અતિ ઉત્સાહયુક્ત બ્રહ્માનંદ વગેરે શૂરતાપૂર્વક નાદ કરતા શ્રીહરિની પ્રસન્નતા માટે ક્રીડા કરતા હતા. (૩૫)

પરસ્પર વારંવાર રમતા, રંગક્રીડામાં અતિચતુર બ્રહ્માનંદ વગેરેને જોઈ મુનિપતિ શ્રીહરિ તે સમયે હસતા હતા. (૩૬) શ્રીહરિનાં બંને બંધુઓ પોતાનાં પુત્રો સહિત પોતાનાં દેશની મનોહર ભાષા બોલતા, એ રીતે તેમને ક્રીડા કરતા જોઈ, શ્રીહરિ હસતા હતા. (૩૭)

તે બધા એકબીજાની ઉપર વારંવાર પુષ્કળ ગુલાલ ફેંકતા તેમજ રંગ ફેંકતા ક્રીડા કરતા હતા. (૩૮) હર્ષપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા, શ્રીહરિમાં પ્રીતિવાળા તે સર્વેએ આવી રીતે લાંબા સમય સુધી ક્રીડા કરી, પછી શ્રીહરિની આજ્ઞાથી તે ક્રીડા સમાપ્ત કરી. (૩૯)

પછી શ્રીહરિ મંચ ઉપરથી ઉતરી અશ્વ ઉપર બિરાજી, તે સર્વ સાધુઓ તથા અન્ય ભક્તોની સાથે, ઘોડેસવારોથી વીંટાયેલો છે અશ્વરાજ જેમનો એ પ્રકારે સ્નાન કરવા માટે સબલા નદીએ પધાર્યા. (૪૦) નદીના કિનારે શ્રીહરિ પોતાનાં અશ્વ ઉપરથી ઉતર્યા અને બીજું વસ્ત્ર ધારણ કર્યું. રંગવાળા વસ્ત્રો

હેમંતસિંહ રાજાને હર્ષપૂર્વક શ્રીહરિએ આપી દીધા. (૪૧) શ્રીહરિ સમગ્ર સંતો સાથે તે નદીમાં સ્નાન કરી શ્વેત વસ્ત્રો ધારણ કરી અશ્વ ઉપર બિરાજી પોતાનાં ભક્તો સાથે વાદ્યોના ઘોષ સાંભળતા પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૨)

હે રાજન્ ! પછી શ્રીહરિએ સ્નાન કરી માધ્યાહ્નિક કર્મ સર્વ તત્કાળ કરી પોતાનાં બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં શ્રેષ્ઠ ભોજન હર્ષપૂર્વક જમતા હતા. (૪૩) પછી વર્ણિગણો શ્રીહરિની દૃષ્ટિ પ્રસાદીનાં ભોજનો કરીને પોતાનાં અંતરમાં ધર્મપુત્ર શ્રીહરિનું ચિંતવન કરતા પોતાનાં ધર્મમાં નિષ્ઠાવાળા, શ્રીહરિએ જે રીતે ભોજન કરવાની આજ્ઞા કરેલી છે તે પ્રમાણે પોતાનાં ધર્મનું પાલન કરતા યથાયોગ્ય ભોજન કરતા હતા. (૪૪) આશ્રિતોને શાંતિ કરનારા શ્રીહરિ સમગ્ર સાધુજનો તથા સર્વ પાર્ષદોને સુંદર મોતીયા લાડુ પીરસીને અત્યંત તૃપ્ત કરતા હતા. (૪૫) શ્રીહરિએ ઉત્તમ રાજા તથા હેમંતસિંહ વગેરેને મોતીયા લાડુઓથી તૃપ્ત કર્યા. વધેલા મોતીયા લાડુ પણ પોતાનાં સમાશ્રિતજનોના સમુદાયને શ્રીહરિ અપાવતા હતા. (૪૬)

આવી રીતે શ્રીહરિનાં બંને ચરણકમળમાં ભ્રમરરૂપી ચિત્તથી આસક્ત એવા એકાંતિક ભક્ત હેમંતસિંહ રાજાને તથા પોતાનાં અન્ય ભક્તોને અતિ સુખી કરતા શ્રીહરિ, ત્રિવિધ તાપથી તપ્ત થયા છે આંગો જેમનાં એવા મનુષ્યોને શાંતિ આપવા, અમૃત તુલ્ય અને સંસારરૂપી સમુદ્રમાં નૌકારૂપ મુનિઓ ઉપનિષદોથી જે લીલાનું ગાન કરે છે, તેવી લીલા આ લોકમાં હંમેશા કરતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં પુષ્પદોલોત્સવમાં શ્રીહરિએ રંગક્રીડા કરી તે વર્ણન નામે પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બુદ્ધિમાન હેમંતસિંહ રાજા પોતાનાં જનોની સાથે પ્રીતિપૂર્વક ઉપચારો લઈને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. (૧) તે રાજાએ સભામાં બિરાજેલા શ્રીહરિને ઘણાં મૂલ્યવાળા શ્વેત, પીળાં તથા લાલ વસ્ત્રો અર્પણ કર્યા. (૨)

તેવી રીતે તે રાજાએ જડેલા વિવિધ પ્રકારનાં મણિથી અતિ શોભાયમાન સુવર્ણના અલંકારો, શ્રીસ્વામિનારાયણ ભગવાનને અર્પણ કર્યા. (૩) સુંદર કેસર, કસ્તુરી, ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પોના તોરા, હાર વગેરે ઉપચારોથી તે રાજા પોતાનાં ઈષ્ટ શ્રીહરિનું પૂજન કરીને, પ્રેમથી પરિપૂર્ણ થઈ, વિવિધ પ્રકારનાં વાદ્યોના ધ્વનિ સહિત શ્રીહરિની આરતી હર્ષપૂર્વક કરતા હતા. (૪, ૫)

તે રાજા મહામૂલ્યવાળી અને ઉપસ્કાર સહિત, અલંકારોથી શણગારેલી ઉત્તમ જાતની, ઉત્તમ ગતિવાળી, શ્રેષ્ઠ કુલમાળ ઘોડી શ્રીહરિને અત્યંત ભક્તિપૂર્વક અર્પણ કરતા હતા. (૬, ૭)

પછી રાજા શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરી તથા બંને હાથ જોડી, જેમનાં સર્વ અંગો રોમાંચિત થયા છે અને સ્નેહાશ્રુથી વ્યાકુળ છે નેત્ર જેમનાં એવી સ્થિતિમાં, શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૮)

હે હરે ! આનંદના પરમધામ સ્વરૂપ, સમગ્ર તીર્થના સ્થાનભૂત, ઉપનિષદ તથા મુનિઓના સમૂહને વંદનીય, સંસારસાગર તરવામાં નૌકારૂપ, અક્ષર મુક્તોએ સેવા કરવા યોગ્ય, નિર્દોષ, આ મારા નેત્રના વિષયરૂપ આપના ચરણકમળને હું ભક્તિપૂર્વક વંદના કરું છું. (૯)

હે ભગવન્ ! હે હરે ! સર્વ અવતારના એક કારણરૂપ, સર્વેશ્વર, અક્ષર પર, સ્વતંત્ર આપ આ લોકમાં સમાધિમાં જનોને વિવિધ અવતારોની મૂર્તિઓ તથા ગોલોક વગેરે ધામોમાં રહેલી મૂર્તિઓ બતાવતા સર્વોપરી વર્તો છો. એવા આપનો અત્યંત શાંતિકારક આશ્રય આ પૃથ્વી ઉપર જે જનો પામ્યા છે તે સમગ્રજનો અત્યંત ધન્ય છે. (૧૧)

બ્રહ્માદિને પણ દુર્લભ શુભ દૃષ્ટિ જેમની છે એવા, હે સ્વામિન્ ! આપ આપના ભક્તો સહિત કૃપાપૂર્વક અહીં પર્વતની તળેટીમાં વસનારા લોકોએ નહિ જાણેલા અને અલ્પ વસતિવાળા અમારા સ્થાનમાં પધાર્યા, અને વળી સાર્વભૌમ રાજા સર્વ સંપત્તિનો ખર્ચ કરીને પણ જે ન કરી શકે એવો મહોત્સવ અહીં આપે કરીને આપના આશ્રિત ભક્તજનોના મનોરથ પૂર્ણ કર્યા છે એવા આપના આશ્રયે આવેલો હું તે મને આપે બ્રહ્માદિને પણ દુષ્પ્રાપ્ય એવું સર્વોત્તમ સુખ આપ્યું છે અને મને કૃતકૃત્ય કર્યો છે. (૧૨)

હે સ્વામિન્ ! હે હરે ! વિવિધ પ્રકારનાં ઈન્દ્રિયોના વિષયમાં અતિશય પ્રીતિથી સદા આસક્તિવાળા તથા દેહાભિમાનથી ખિન્ન બુદ્ધિવાળા તે પુરુષોની આપના ચરણાશ્રય પીડા આપનારી સંસૃતિનો નાશ થાય નહિ. (૧૩)

હે ભગવન્ ! હે ભૂમન્ ! આપનો સુખકારી અનુગ્રહ જે પામ્યા નથી અને કામના ઉપભોગમાં પ્રીતિવાળા ઋષિઓ પણ, જેમનાં ભાગ્યમાં અર્થની પ્રાપ્તિનો મહાપ્રયાસ નાશ થયો છે એવા આ સંસારમાં વારંવાર ભમે છે. (૧૪)હે નાથ ! આ લોકમાં આપને આશરેલા મુનિવરો જ્યાં સુધી વિચરે છે, જ્યાં સુધી આપના ઉપદેશરૂપી શાસ્ત્રો છે, જ્યાં સુધી આપે સ્થાપેલી આપની મૂર્તિઓ છે, જ્યાં સુધી આપે સ્થાપના કરેલો ધર્મ છે, હે ઈશ ! ત્યાં સુધી આપ પ્રત્યક્ષ જ છો, એમ હું મનમાં જાણું છું. (૧૫)

હે હરે ! આપે આજ્ઞા કરેલા સ્વધર્મમાં રહેલા સાધુઓ, બૃહદ્વ્રત પરાયણ જનોએ સેવેલી આપની મૂર્તિઓ, આપે સ્થાપેલો ભાગવત્ ધર્મ, આપે રચેલા શાસ્ત્રો, આ લોકમાં જેવા છે તેવા રહે. હે ઈશ ! ત્યાં સુધી આપ પ્રત્યક્ષ જ છો. (૧૬)

હે હરે ! સાંસારિક સુખની આશા ત્યાગ કરીને જેમણે આપના ચરણનો જ એક આશ્રય કર્યો છે તેવા મનુષ્યોના આપના ભક્તિયોગથી સ્વચ્છ થયેલા હૃદયકમળમાં આપ રહો છો. આપના એવા આશ્રિતજનો પોતપોતાનાં હૃદયમાં આપનું જેવું જેવું સ્વરૂપ જોવા ઈચ્છે છે તે તે સ્વરૂપ તેમની પ્રસન્નતા માટે આપ પ્રગટ કરો છો. (૧૭)

હે સ્વામિન્ ! પોતાનાં આત્મસુખની પ્રાપ્તિથી પૂર્ણ આપ આપના ભક્તજનોએ કરેલા અર્ચનથી જેવા સંતોષ પામો છો તેવા સકામ દેવતાઓ અતિશ્રેષ્ઠ વિવિધોપચારોથી વિધિ પ્રમાણે આપને પૂજે છે છતાં પણ તેવો સંતોષ પામતા નથી. (૧૮)

હે હરે ! યજ્ઞ જેમાં મુખ્ય છે એવા ઘણાં પ્રકારનાં સત્કર્મો તથા તીવ્ર તપથી, તેમજ વિવિધ પ્રકારનાં વ્રતોથી, આ લોકમાં જે જનો આપની નિષ્કામ ભાવથી ઉપાસના કરે છે તેમને જેવું અક્ષય ફળ થાય છે તેવું ફળ સકામ ભાવથી કરેલાં યજ્ઞાદિ સત્કર્મોથી આપની ઉપાસના કરવા છતાં પણ થાય જ નહિ. (૧૯)

આપના ચરણકમળના આશ્રિતોના લોભ, કામ વગેરે અંતર શત્રુઓના સમૂહને આપ આપના પ્રતાપથી નાશ કરી, આપના ચરણાશ્રિતોને આત્યંતિકી મુક્તિ આપ પમાડો છો. કલ્યાણકારી, સત્ય, શૌચ, અપહતપાપ્માદિ ગુણ વિભૂતિ ઐશ્વર્ય વગેરેના સાગર એવા આપની ઉપમા કોને દેવાય ? (૨૦)

હે હરે ! ક્યારેય પણ મને આપની મૂર્તિની વિસ્મૃતિ ન થાય. ચિત્તરૂપી ભ્રમરો સદા આપના ચરણકમળમાં ક્રીડા કરો. આપની એકાંતિકી ભક્તિ પામેલા સાધુઓનો પ્રસંગ આ લોકમાં મને હંમેશા થાવ. (૨૧) હે પરમ દયાનિધાન ! આ લોકમાં તથા આપના અક્ષર ધામમાં આપ મને આપની સેવા આપો. હે પરમાત્મન્ ! હે દિવ્યધામન્ ! મારા અંતઃકરણમાં ક્યારેય પણ આપના વિના બીજા સુખનો સંકલ્પ ન થાય. (૨૨)

આવી રીતે સ્તુતિ કરીને વિરામ પામેલા તે રાજાને આનંદ પમાડતા શ્રીહરિએ 'તથાસ્તુ' (જેમ તેમ કહો છો તે પ્રમાણે થશે.) એમ હર્ષથી તેમને વરદાન આપ્યું. (૨૩) પછી હેમંતસિંહ રાજા શ્રીહરિનાં બંધુજનો વગેરેની પુષ્પોની માળાઓ, ચંદનાદિ તથા મહા મૂલ્યવાળા વસ્ત્રો, ભૂષણાદિથી આદરપૂર્વક પૂજા કરતા હતા. (૨૪)

પછી રાજા પુષ્પના હાર તથા સુંદર વસ્ત્રોથી હર્ષપૂર્વક સમગ્ર વર્ણિઓ તથા સંતો વગેરેની પૂજા કરતા હતા. (૨૫) પછી તે ગામના તથા દેશાંતરથી આવેલા ભક્તો પણ મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા ભૂષણો વગેરે તથા વિવિધ પ્રકારની ભેટોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૬)

પછી ગંગા, અદિતિ આદિ ભક્તિવાળી સ્ત્રીઓ, ભૂષણો, વસ્ત્રો તથા ગંધ, પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિનું સમર્ચન કરતી હતી. (૨૭) પછી તે સ્ત્રીઓ વસ્ત્ર ભૂષણાદિ અનેક ઉપચારોથી સમગ્ર ધર્મવંશની સ્ત્રીઓનું પણ પૂજન કરતી હતી. (૨૮)

ત્યારબાદ તે રાજા સાકર ઘીથી યુક્ત ભક્ષ્ય ભોજ્યાદિ પકવાન્નોથી શ્રીહરિ તથા તેમના આશ્રિત સંતો વગેરેને તૃપ્તિ પમાડતા હતા. (૨૯) તે પછી પૂર્ણિમાની રાત્રિએ જેમણે શ્રીહરિનું ઐશ્વર્ય જોયું છે એવા વર્ણિઓ, સંતો, પાર્ષદો, શ્રીહરિનું કેસર સહિત ચંદન તથા પુષ્પના તોરા તથા હાર વગેરેથી પૂજન કરતા હતા. (૩૦)

ભક્તવાત્સલ્ય નિધિ શ્રીહરિ પોતાની આજ્ઞા પાળવામાં તત્પર એવા તે સર્વને અત્યંત પ્રીતિથી ભેટતા હતા. (૩૧) ત્યારબાદ અખંડાનંદ વર્ણિએ દ્વૈતાદ્વૈત વિષયક શ્રુતિઓનો નિર્ણય પૂછ્યો તેથી શ્રીહરિ તે શ્રુતિઓનો સમગ્ર સિદ્ધાંત નિર્બાધ જેમ હોય તેમ સ્પષ્ટપણે વિવેચન કરી પંડિતોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરતા તે વર્ણિને સ્પષ્ટ સમજાવતા હતા. (૩૨, ૩૩)

બીજે દિવસે પૂર્વદેશથી આવેલા ભક્તો સભામાં બિરાજેલા સત્પતિ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. (૩૪) પોતાનાં દેશમાં શ્રીરામચંદ્રની મૂર્તિની પૂજા રીત બતાવતા તે ભક્તો, હર્ષથી શ્રીરામચંદ્રની અર્ચા સ્વરૂપ સેવાની માફક શ્રીહરિની પૂજા કરવા માટે આરંભ કરતા હતા. (૩૫)

તે ભક્તો પહેલા પહેરવા માટે લાલ રેશમી કિનારીનું ધોળું મહામૂલ્યવાળું શ્રેષ્ઠ ધોતીયું શ્રીહરિને આપતા હતા. (૩૬)પછી શ્રીહરિએ તે ભક્તોની પ્રસન્નતા માટે તે ધોતિયું તેમનાં દેશની રીત પ્રમાણે ધારણ કર્યું. તે દેશને અનુસરીને ભક્તોએ આપેલી લાલ પાઘડી પણ શ્રીહરિએ ધારણ કરી. (૩૭)

પછી તે ભક્તો કેસરયુક્ત સુગંધિમાન ચંદનથી શ્રીહરિનાં વિશાળ સુંદર ભાલમાં પત્રાકારે લેપ કરતા હતા. (૩૮)તે ભક્તો શ્રીહરિનાં લલાટના મધ્યભાગમાં સુંદર ગોળ કુમકુમનો ચાંદલો કરીને શ્રીહરિનાં સમગ્ર અંગોમાં કેસરયુક્ત ચંદન ચર્ચતા હતા. (૩૯)

ત્યારબાદ તે ભક્તો કેસર ચંદનથી લેપ કરેલા શ્રીહરિનાં અંગોમાં સુંદર કુમકુમના ચાંદલાઓ હર્ષપૂર્વક કરતા હતા. પછી શ્રીહરિનાં બંને કર્ણોમાં મણિજડિત કુંડળો તે ભક્તો ધારણ કરાવતા હતા. (૪૦)

તે ભક્તો શ્રીહરિનાં કંઠમાં જડેલા હિરાઓથી શોભતો સુવર્ણમય ગલબંધ (ગલચુવો) તથા પાઘડીમાં સુવર્ણજડિત મોતીઓના તોરાઓ ધારણ કરાવતા હતા. (૪૧) તે ભક્તો શ્રીહરિની કેડ્ય ઉપર મણિની માફક કાંતિવાળી કટાર તથા હાથમાં વિચિત્ર ચિત્રોસહિત ધનૂષ તથા ખભા ઉપર ભાથો ધારણ કરાવતા હતા. (૪૨)

તે ભક્તોએ આ પ્રકારે મહામૂલ્યવાળા ભૂષણો તથા વસ્ત્રો, આયુધો હર્ષપૂર્વક શ્રીહરિને આપીને, શ્રીહરિની આગળ રૂપ્ય મુદ્રા (રૂપિયા)થી ભરેલું પાત્ર અર્પણ કર્યું. (૪૩) પ્રેમાશ્રુ છે નેત્રમાં જેમને એવા અને જેમનાં રોમાંચ ઊભા થયા છે એવા તે ભક્તોએ, પ્રીતિપૂર્વક પરમાત્મા શ્રીહરિની મહાઆરતી કરી. (૪૪)

પછી તે ભક્તો પરમેશ્વર શ્રીહરિને આદરપૂર્વક નમસ્કાર, સ્તુતિ તથા પ્રાર્થના કરી, શ્રીહરિની મૂર્તિથી જેમનું ચિત્ત આકર્ષાયું છે તેથી સ્થિર થઈ, શ્રીહરિનું સારી રીતે દર્શન કરતા હતા. (૪૫)

પછી મુનિજનો તથા અન્ય ભક્તો તેમની ચિત્તવૃત્તિ ચોરનારા, મસ્તક ઉપર વળ કરી વીંટેલા વસ્ત્રના પેચે સહિત લાલ ફેંટો ધારણ કરતા, શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૪૬, ૪૭)

મણિજડિત ગલબંધથી સુંદર, અતિ રમણીય કેસર ચંદનથી ચર્ચેલાં છે અંગો જેમનાં એવા,

સુવર્ણમાં જડેલા મણિઓથી મનોહર તોરાઓની પંક્તિઓવાળા, તથા અતિ સુંદર કુમકુમના ચંદ્રકથી દર્શનીય એવા, ભાલમાં શોભાયમાન ચંદનની અર્ચામાં અતિ શ્રેષ્ઠ કુમકુમનો ચાંદલો જેમને છે એવા ખભા ઉપર ધારણ કર્યો છે ભાથો જેમણે એવા, હાથમાં ગ્રહણ કર્યું છે વિચિત્ર ચિત્રોવાળું સુંદર ધનૂષ જેમણે એવા, બંને વિશાળ નેત્રોમાં રક્તવર્ણની રેખા જેમને છે એવા; (૪૮)

નવીન, અતિ શ્રેષ્ઠ, મનને આહ્‌લાદજનક ઉદાર નટવરવેશ ધારણ કરતા, આ લોકમાં પોતાનાં ભક્તજનોના સમગ્ર અંતઃશત્રુઓ રૂપી મૃગલાઓના સમૂહને હણવા માટે કર્યો છે. ઉદ્યમ જેમણે એવા, શ્રેષ્ઠ સિંહ હોય ને શું ? એ પ્રમાણે બિરાજેલા; (૪૯)

સુવર્ણની શોભાવાળી જડેલા મણીંદ્રોથી પ્રકાશમાન એવી કટાર પોતાની કેડ્યમાં ધારણ કરતા, અસંખ્ય કામદેવોના ગર્વનો નાશ કરનારા, શ્રીધર્મપુત્ર શ્રીહરિ ભક્તોના મનને હરતા હતા. (૫૦)

પોતાનાં જનોના સુખનું પોષણ કરનારા સકામ તથા નિષ્કામ ભક્તોએ પ્રાર્થનીય શ્રીહરિ, ધારણ કરેલા નવીન વેશની શોભાથી પૂર્વોક્ત ભક્તસમૂહને સુખ પમાડીને પોતાનાં પાર્ષદો સાથે શોભાયમાન ચપળ ગતિવાળા શ્રીહરિ પોતાનાં નિવાસ સ્થાનમાં પધાર્યા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં હેમંતસિંહ ભૂપે શ્રીહરિનું પૂજન કરી સ્તુતિ કરી તે નિરૂપણ નામે છપ્પનનો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! એક સમયે શ્રીહરિ પોતાનાં નિવાસમાં પોતાનાં સમીપે રહેલા હેમંતસિંહ રાજાને હર્ષપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧) હે રાજન્ ! આ ગામના જનોએ મારી, સાધુઓની અને ભક્તસમૂહની સેવા અત્યંત શ્રદ્ધાથી કરી છે. (૨)

માટે એમની ઉપર હું અત્યંત પ્રસન્ન થયો છું, માટે એમને જે રુચિકર હોય તે ભોજન તે સમગ્ર જનોને જમાડવું. (૩) પૃથ્વીપતિ હેમંતસિંહ પ્રીતિપૂર્વક શ્રીહરિનાં વચનને અનુમોદન આપતા હતા. પછી શ્રીહરિની આજ્ઞાથી ગામના સમગ્ર જનોને તેમણે બોલાવ્યા. (૪)

હર્ષપૂર્વક પોતાને પ્રણામ કરીને પોતાની આગળ બેઠેલા તે જનોને તેમણે કરેલી સેવાની પ્રશંસા કરી, શ્રીહરિ તેમને શુભ વચન કહેવા લાગ્યા. (૫) હે જનો ! તમોને જે ભોજન રુચિકર હોય તે અમોને કહો. તે ભોજન તમો સર્વને મારે જમાડવું છે. (૬)

આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી તે જનો શ્રીહરિને એમ કહેવા લાગ્યા જે, હે હરે ! પુષ્કળ ઘી તથા ગોળની સાથે મિશ્રિત કરેલો ભાત અમોને અતિશય પ્રિય છે. (૭) પંચાળા ગામના જનોનું આવું વચન

સાંભળીને પ્રભુ શ્રીહરિ મંદમંદ હાસ્ય કરીને હેમંતસિંહ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮)

હે નૃપતે ! ગામના આ સમગ્ર જનોને એમણે કહ્યું તે પ્રમાણે ઘી, ગોળ તથા ભાતના ભોજનથી તમો તૃપ્ત કરો. (૯) શ્રીહરિની આવી આજ્ઞાથી તે રાજા ગામના સમગ્ર જનોને પુષ્કળ ઘી, ગોળ જેમાં છે એવું ભોજન (ભાત) તેમને જમાડતા હતા. (૧૦)

આવી રીતે શ્રીહરિ ત્યાંના લોકોને તથા એકાંતિક ભક્ત ભૂપતિને અતિસુખ આપતા પંચાળા ગામમાં રહ્યા. (૧૧) એકાદશીની રાત્રિએ ઉપવાસી સંતો મંડળાકારે ફરતા ભક્તિપૂર્વક કીર્તનો ગાતા હતા. (૧૨)

તે સમયે શ્રીહરિ મંડળાકાર ફરતા સાધુઓના મંડળ મધ્યે સુંદર સિંહાસન ઉપર બિરાજી તેમનું મધુર ગાન સાંભળી અત્યંત પ્રસન્ન થયા. (૧૩) શ્રીહરિ હર્ષપૂર્વક તે સાધુઓને પોતાનું અલૌકિક ઐશ્વર્ય, પૂર્વની માફક બતાવી તે મુનિઓને આનંદ પમાડતા હતા. (૧૪)

બારસને દિવસે શ્રીહરિ નિત્યવિધિ કરી ઘણાં બ્રાહ્મણો, સાધુ વગેરેને જમાડીને બંધુઓની સાથે પારણાં કરતાં હતાં. (૧૫) પછી લલિતા તથા જયા તેમજ ઉત્તમ રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી શ્રીહરિ ગઢપુર જવા માટે ઇચ્છતા હતા. (૧૬)

હેમંતસિંહ રાજા શ્રીહરિને દુર્ગપત્તન જવા માટે તૈયાર થયેલા જાણીને, શ્રીહરિની સમીપે આવી, બંને હાથ જોડીને બોલ્યા. (૧૭) હે સ્વામિન્ ! ઘણાં સમયનો હૃદયમાં રહેલો મારો મનોરથ આપે દયા કરી અત્રે પધારી પૂર્ણ કર્યો છે. (૧૮)

હે સ્વામિન્ ! હે દયાનિધે ! મારો નિવાસ જ્યાં છે એવું જીર્ણ દુર્ગપત્તન આ ગામની સમીપે છે. માટે તે પુરમાં આપ પધારો. (૧૯) હે રાજન્ ! આવી રીતે એકાંતિક ભક્ત તે રાજાએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી પ્રસન્ન મનવાળા શ્રીહરિ રાજાને કહેવા લાગ્યા. (૨૦) હે રાજર્ષે ! એમ હોય તો તે પુરમાં હમણાં જ જઈએ. તેથી ઉત્તમ ભક્ત એવા તમારો મનોરથ પૂર્ણ થાય. (૨૧) શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી અતિ પ્રસન્ન થયેલા હેમંતસિંહ રાજા તે સમયે રથ, ઘોડા વગેરેની યોજના કરી, પોતાનાં બંધુજનો જે અનુપસિંહ વગેરેની સાથે તૈયાર થયા. (૨૨)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને ત્યાંના લોકોએ શ્રીહરિને વળાવ્યા. રાજા હેમંતસિંહ, પોતાનાં ભક્તજનો તથા પોતાનાં બંધુઓ વગેરેની સાથે શ્રીહરિ પંચાળા ગામથી નીકળ્યા. (૨૩)

રસ્તામાં દરેક ગામમાં ભક્તોએ પોતપોતાનાં ગામમાં શ્રીહરિને રોકવાનો આગ્રહ કર્યો છતાં પણ પ્રભુ શ્રીહરિ કોઈ ઠેકાણે નહિ રહેતા અતિ સ્નેહથી પોતાની કોમળ દૃષ્ટિથી તે તે ગામના ભક્તોને આનંદ પમાડતા ચાલતા હતા. (૨૪)

પછી શ્રીહરિએ માર્ગમાં વણથળી ગામની સમીપે ઘણાં વૃક્ષયુક્ત સ્થાનમાં વિશ્રામ કર્યો. (૨૫) એકાંતિક ગુણોથી યુક્ત ત્યાંના પાંચો તથા કલ્યાણજી તેમજ અન્ય કેશવાદિ ભક્તો; (૨૬) પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પોતાનાં ગામમાં આવેલા જાણી તેમનાં દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. તે ભક્તો

શ્રીહરિનાં દર્શન કરીને પ્રેમાશ્રુથી ભરપૂર નેત્રવાળા શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૨૭) પછી શ્રીહરિ તે ભક્તોને તેમની સુખાકારીના પ્રશ્નો પૂછી તેનો સત્કાર કરતા હતા. તે ભક્તો અમૂલ્ય ભૂષણો તથા વસ્ત્રો વગેરે વિવિધોપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૮) તે ભક્તો શ્રીહરિને પેંડા તથા બરફી આપતા હતા. શ્રીહરિ પણ હર્ષપૂર્વક તેમને પોતાની પ્રસાદીના હાર વગેરે આપતા હતા. (૨૯)

આવી રીતે તેમને આનંદ પમાડી તે ભક્તોએ રોકવા આગ્રહ કર્યો છતાં પણ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે તથા ઘોડેસવારોના સમુદાયથી વીંટાયેલા શ્રીહરિ ત્યાંથી ચાલતા હતા. (૩૦) પોતાનાં ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ સાયંકાળે જીર્ણદુર્ગપત્તન પહોંચ્યા. (૩૧) શ્રીહરિને આવતા સાંભળીને જૂનાગઢના અધિપતિ બહાદુરખાં રાજાએ મોકલેલા કારભારી, સૈન્ય તથા પુરનિવાસી ભક્તજનોના સમૂહ સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૩૨)

તે ભક્તો, ત્યાંના અમાત્ય અને તેના સૈન્યની સાથે ઘણા દિવાઓના પ્રકાશથી શોભતા, વાદ્યોના ધ્વનિ સહિત શ્રીહરિએ તે પુરમાં પ્રવેશ કર્યો. (૩૩) શ્રીહરિએ હેમંતસિંહ રાજાના ઉત્તમ ભુવનમાં આવીને, પોતાનાં પાર્ષદો સહિત તે ભુવનમાં પોતાનો નિવાસ કર્યો. (૩૪)

ભુવનની સમીપે ઉત્તમ બગીચામાં સમગ્ર વર્ણિઓ તથા મુનિઓ વગેરે પ્રીતિથી નિવાસ કરતા હતા. પૂર્વે તે સ્થળે શિવરાત્રિના ઉત્સવમાં શ્રીહરિએ નિવાસ કર્યો હતો તે બગીચામાં સંતોએ ઉતારો કર્યો. (૩૫)

પોતાનો અશ્વ દોડાવીને હેમંતસિંહ રાજા પોતાનાં બંધુ અનુપસિંહની સાથે તે પુરમાં આગળથી આવ્યા હતા. અહીં શ્રીહરિ તથા તેમનાં બંધુજનોની ભક્તિપૂર્વક તેઓ સેવા કરવા લાગ્યા. (૩૬)

પુરના સર્વે ભક્તો વિપ્રરામજીત વગેરે સમય પ્રમાણે યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતા હતા. (૩૭) પછી રુડિ બુદ્ધિવાળા હેમંતસિંહ રાજા, પોતાને કૃતાર્થ માની, શ્રીહરિનું તથા તેમની સાથેના ભક્તોનું આતિથ્ય ભક્તિપૂર્વક યથાયોગ્ય કરતા હતા. (૩૮)

હેમંતસિંહ રાજા તથા પુરના શ્રીહરિનાં ભક્તજનો શ્રેષ્ઠ ભોજનોથી શ્રીહરિ તથા તેમનાં ભક્તોને તૃપ્તિ પમાડતા હતા. એ પ્રકારે સ્વયં શ્રીહરિ ત્યાં રહ્યા. (૩૯) હે રાજન્ ! પછી શ્રીહરિ અમાસને દિવસે રૈવતાચળને વખાણતા પોતાનાં જનોની સાથે તીર્થયાત્રા કરતા હતા. (૪૦)

શ્રીહરિ લોકોને તીર્થયાત્રાનો મહિમા શિખવાડવા માટે ગૌમુખી ગંગામાં તથા દામોદર કુંડમાં સ્નાન કરી, પુષ્કળ દાન આપતા હતા. (૪૧) પછી મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ દામોદર ભગવાનની મૂર્તિનાં તથા ભવેશ્વર મહાદેવનાં દર્શન કરતા હતા. (૪૨)

શ્રીહરિ શ્રેષ્ઠ ભોજનોથી હજારો બ્રાહ્મણોને તૃપ્તિ પમાડતા હતા તેમજ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ હર્ષપૂર્વક આપતા હતા. (૪૩) સંતો, ધર્મ, ગાય, બ્રાહ્મણો વગેરે જેમને પ્રિય છે અને દેવો વગેરેનું રક્ષણ કરવામાં તત્પર ભગવાન શ્રીહરિ પૂર્ણકામ છે છતાં પણ લોકના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરતા હતા. (૪૪)

તે પુરના ઘણા નાગર બ્રાહ્મણો શ્રીહરિનો આશ્રય કરતા હતા. ભક્તોએ પ્રાર્થના કરેલા શ્રીહરિ જૂનાગઢમાં ચૈત્રમાસની પૂર્ણિમા સુધી રહ્યા. (૪૫) પુરના નિવાસી ભક્તો ચૈત્ર સુદી પડવાને દિવસે ભૂષણો, વસ્ત્રો, ધન તથા ઉપચારોથી શ્રીહરિનું સંપૂજન કરતા હતા. (૪૬)

જૂનાગઢમાં શ્રીહરિ પધાર્યા છે તે જાણીને, શ્રીહરિનાં ચરણકમળને આશરેલા ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા ઉત્સાહપૂર્વક જુદા જુદા ગામો, પુર વગેરેથી ત્યાં આવ્યા. (૪૭) શ્રીહરિ પોતાને નમસ્કાર કરતા, પોતાનાં દર્શનથી પ્રાપ્ત થયો છે આનંદ જેમને એવા, તે ભક્તોને પ્રીતિથી ઉતારા વગેરે અપાવી તેમની સંભાવના કરતા હતા. (૪૮)

શ્રીહરિ હેમંતસિંહ રાજાને તથા પોતાને વિષે આસક્તિવાળા અન્ય સર્વ ભક્તોને ધર્માદિ વાર્તા વગેરેથી આનંદ પમાડતા તે પુરમાં નિવાસ કરીને રહ્યા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિએ કરાવેલું પંચાળા ગામના લોકોને યથેષ્ટ ભોજન તે વર્ણન નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! મુનિઓ વગેરેના નિવાસરૂપ તે વાડીમાં દર્શનીય અતિવિસ્તૃત સભા મંડપ હતો. (૧) તેના મધ્યભાગમાં મનોહર ઊંચા કોમળ ગાદી વગેરેથી યુક્ત ઉત્તમ સિંહાસનમાં બિરાજી શ્રીહરિએ પોતાનાં જનોને પોતાનાં દર્શન આપ્યા. (૨)

શ્રીહરિ તે સભામાં દરરોજ ધર્માદિ શુભ વાર્તા કરતા હતા. તે વાર્તા સાંભળવા માટે તે પુરના રાજા તથા પુરના નિવાસીજનો ત્યાં આવતા હતા. (૩) હે મહિપતે ! ચૈત્ર સુદી નવમીની તિથિએ પ્રાતઃકાળમાં શ્રીહરિ સ્નાન કરી, પોતાનો નિત્યવિધિ વિધિ પ્રમાણે કરતા હતા. (૪)

શ્રીહરિ શ્વેતવસ્ત્રો ધારણ કરી, સભામંડપમાં આવી, ઊંચા આસન ઉપર બિરાજી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરેની વાતો કરતા હતા. (૫) પુરના ભક્તો તેમજ દેશાંતરના ભક્તો, વિવિધ પ્રકારનાં પુષ્પોના હાર તથા વિવિધોપચારોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૬) તે સમયે ત્યાગીઓ તથા ગૃહસ્થો ઉપવાસ કરતા હતા. શ્રીહરિનાં દર્શન કરતા ભક્તોનો તે ઉપવાસનો દિવસ ક્ષણની માફક વીતી ગયો. (૭) પછી રાત્રિએ મૃદંગ તથા ઝાંઝ વગાડી સાધુઓ હર્ષપૂર્વક શ્રીહરિની આગળ સુંદર કીર્તનો ગાતા હતા. (૮)

હે રાજન્ ! આવી રીતે મહોત્સવ કરતા રાત્રિની દશ ઘડી વીતી ગઈ એટલે શ્રીહરિનાં જન્મનો સમય થયો. (૯) તે સમયે સુંદર પુષ્પોના હાર વગેરે તથા પલ્લવો, શ્રેષ્ઠ ફળો, જુદાં જુદાં પ્રકારનાં

સુંદર રંગોથી શણગારેલા અતિસુંદર હિંડોળામાં હેમંતસિંહરાજાએ અતિ દર્શનીય, શાંત, પોતાનાં ઈષ્ટ શ્રીહરિને પ્રાર્થના કરીને હર્ષપૂર્વક બેસાડ્યા. (૧૦, ૧૧)

પછી હેમંતસિંહ રાજાએ લાલ, પીળા, શ્વેત અને વિવિધ પ્રકારનાં મહામૂલ્યવાળા સુવર્ણ તંતુઓથી શોભતા ઉત્તમ વસ્ત્રો તથા જડેલા સુંદર મણિઓથી શોભાયમાન સુવર્ણના અલંકારો કેસર, અગુરુ, કસ્તુરી, ચંદન, અક્ષત, કુમકુમ વગેરેની અર્ચા કરી, મોગરા વગેરે પુષ્પોનો હાર, કેયૂર, તોરા શ્રીહરિને પહેરાવી, ધૂપ તથા દીવાઓ કરી વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ખાવા યોગ્ય ફળો અર્પણ કરી અતિશ્રેષ્ઠ ઉપચારોવડે શ્રીહરિનું પૂજન કરીને રૌપ્ય મુદ્રાઓ (રૂપિયાઓ)થી પૂર્ણ થાળ શ્રીહરિની સમીપે મૂક્યો. (૧૨, ૧૩, ૧૪, ૧૫)

પછી તે રાજાએ, મંગળમય વિચિત્ર વાદ્યોના ધ્વનિની સાથે શ્રીહરિની મહાઆરતી હર્ષપૂર્વક કરી. (૧૬) તે રાજા ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રદક્ષિણા કરીને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી બંને હાથ જોડી શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. (૧૭)

પછી પ્રભુ શ્રીહરિ પોતાનાં કંઠમાંથી પુષ્પના હાર ઉતારીને હેમંતસિંહ રાજાને આપતા હતા. તે રાજા તે હાર લઈને અતિ હર્ષ પામ્યા. (૧૮) પુરના સર્વ ભક્તો તથા દેશાંતરથી આવેલા ભક્તોએ વિવિધોપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૧૯)

તે સમયે ઔદાર્યના સાગર શ્રીહરિ પોતાને અર્પણ કરેલા વસ્ત્રો, આભૂષણો તથા ધન, પુરના જનોને વિસ્મય પમાડતા સર્વ બ્રાહ્મણોને આપતા હતા. (૨૦) તે સમયે આકાશમાં બ્રહ્માદિ દેવતાઓના સમૂહ શ્રીહરિની લીલા જોઈ અત્યંત પ્રસન્ન થઈ, ઈશ્વર શ્રીહરિકૃષ્ણને મનોહર પુષ્પોથી વધાવતા હતા. (૨૧)

તે સમયે દેવતાઓના દુંદુભિ વાગતા હતા. અપ્સરાઓના ગણ હર્ષપૂર્વક નૃત્ય કરતા હતા. સિદ્ધો ઊંચા સ્વરથી "જય, જય" એ પ્રકારનાં શબ્દો બોલતા હતા. ગંધર્વગણો પણ ગાન કરતા હતા. (૨૨)

તે સમયે ત્યાં આવેલા અનેક ધામના મુક્તો દર્શનીય શ્રીહરિનાં દર્શન કરી, અતિ હર્ષ પામી, દિવ્ય પુષ્પોના સમૂહ આકાશમાંથી ફેંકી શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૨૩) કરોડો કામદેવ જેવા મનોહર અંગવાળા, શ્રીસ્વામિનારાયણના દર્શન કરતા, કમળના આસનવાળા બ્રહ્માદિ દેવો તથા મુક્તો સર્વ, તે સમયે ચિત્રોની જેમ સ્થિર થઈ ગયા. (૨૪)

અલૌકિક આશ્ચર્ય ઉત્પન્ન કરનારા, શોભાયુક્ત સમગ્ર શુભ ગુણોના નિધિ, પ્રભુ ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન અતૃપ્ત નેત્રોથી કરતા તે સમગ્ર ભક્તો, પોતાનાં દેહનું ભાન પણ ભૂલી ગયા હતા. (૨૫)

હે રાજન્ ! એવી રીતે શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત મનવાળા, નિર્મળ અંતઃકરણવાળા શ્રીહરિનાં તે ભક્તજનોની સમગ્ર રાત્રિ આ મહોત્સવમાં ક્ષણની માફક વ્યતીત થઈ ગઈ (૨૬) હે રાજન્ ! શ્રીહરિએ પ્રભાતમાં પોતાનાં સમગ્ર જનોને પોતપોતાનાં નિવાસમાં જવા માટે આજ્ઞા આપી. પોતે પોતાનાં નિવાસસ્થાનમાં જઈ સ્નાન કરી, પોતાનો નિત્યવિધિ કર્યો. (૨૭)

પછી શ્રીહરિ હજારો વિપ્રોને, તેમને ઈષ્ટ ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. પછી પોતાનાં બંધુજનોની

સાથે શ્રીહરિ પારણા કરતા હતા. પછી બ્રહ્મચારીઓ પણ પારણા કરતા હતા. (૨૮) હે નૃપતે ! શ્રીહરિની, સંતો, પાર્ષદોને પીરસવાની લીલા જોવાની ઈચ્છાવાળા હેમંતસિંહ રાજા વિનયપૂર્વક સાધુ, પાર્ષદોને પીરસવા માટે શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. (૨૯)

તેથી સ્વયં શ્રીહરિ તે મુનિઓને હર્ષપૂર્વક મોતીયા લાડુ ફરીથી પીરસીને તૃપ્ત કરતા હતા. પોતાનાં પાર્ષદો તેમજ હેમંતસિંહ તથા ઉત્તમ વગેરે રાજાઓને પણ પીરસીને તૃપ્ત કરતા હતા. (૩૦)

હેમંતસિંહ રાજાના મનોરથ સંપૂર્ણ કરતા સ્વતંત્ર ઈશ્વર હરિકૃષ્ણ હેમંતસિંહ રાજાના ભુવનમાં રહીને ધર્મશાસ્ત્ર સંબંધી મનોહર વાર્તા ઘણા પ્રકારે કરતા હતા. (૩૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં શ્રીહરિને હિંડોળા ઉપર ઝુલાવ્યા તે શોભાનું વર્ણન નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ચૈત્ર સુદી નવમીની તિથિના મહોત્સવમાં ઉના નગરથી આવેલા બુદ્ધિશાળી વણિક, એકાંતિક ગણેશભક્ત તથા શિવચંદ્ર, હંસરાજ, જેઠાભાઈ, ગિરધર, જયચંદ્ર, કલ્યાણજી વગેરે શ્રીહરિનાં ચરણકમળના દૃઢ આશ્રયવાળા, ત્યાં આવ્યા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. (૧, ૨, ૩)

ગણેશભાઈ વગેરે તે ભક્તો દ્વાદશીને દિવસે વર્ણિઓ તથા મુનિઓ વગેરેની સાથે શ્રીહરિને વિવિધ પ્રકારનાં પકવાન્નો તથા ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. (૪) પછી તે ગણેશ ભક્ત શ્રીહરિનું મહામૂલ્યવાળા વસ્ત્રો તથા ભૂષણો, સુંદર ચંદન, પુષ્પોની માળા, કુમકુમ વગેરે ઉપચારોથી પૂજન કરતા હતા. (૫)

તે ગણેશભક્ત શ્રીહરિને રૂપિયાનો ભરેલો થાળ અર્પણ કરીને આનંદમાં ગરકાવ થઈ, શ્રીહરિની આરતી કરતા હતા. (૬) પછી ભક્તવર્ય ગણેશભક્ત શ્રીહરિનાં બંધુઓ તથા મુનિઓ વગેરેની આદરપૂર્વક યથાયોગ્ય પૂજા કરતા હતા. (૭)

પછી હંસરાજ વગેરે સમગ્ર ભક્તો મહામૂલ્યવાળાં ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૮) પછી શ્રીહરિ તે ભક્તોને પોતાનાં કંઠમાંથી હાર ઉતારીને આપતા હતા. તે ભક્તો શ્રીહરિનો તે મહાપ્રસાદ છે એમ કહીને તે હાર લઈને આનંદ પામ્યા. (૯)

પછી શ્રીહરિ પોતાનાં ઉતારામાં પધાર્યા અને એકાંતમાં એકાકી બેસીને કાંઈ વિચાર કરવા લાગ્યા. (૧૦) તેટલામાં દ્વારિકાથી મૂર્તિમાન ગોમતી વગેરે તીર્થો શ્રીહરિની સમીપે આવીને, શ્રીહરિને નમસ્કાર

કરી, આવી રીતે કહેવા લાગ્યા. (૧૧)

હે સ્વામિન્ ! સર્વદા પાપીજનોના વૃંદો અમારામાં સ્નાન કરે છે. તે જનોના પાપના સમૂહથી અમો કલુષિત થયા છીએ. (૧૨) હે હરે ! પાપના સંપર્કથી અમો અત્યંત કંપીએ છીએ. ત્યાંના દુર્જનોના હંમેશના સ્નાનથી અમો દોષ પામ્યા છીએ. તેથી અમો અતિશય કંપીએ છીએ. (૧૩)

માટે હે પ્રભો ! સર્વ અવતારોના કારણ ! તીર્થ અને ધર્માદિનું રક્ષણ કરનારા, અમારા પાપના નાશ માટે, અમો આપના શરણે આવ્યા છીએ. (૧૪) દ્વારિકામાં ઘણાં પાપીજનો રહે છે. તેથી હે હરે ! ત્યાં રહેવાની અમારે સર્વ પ્રકારે ઈચ્છા નથી. (૧૫)

માટે સર્વ કારણના કારણ આપ કૃપા કરી ત્યાં પધારી હે પીડા નાશ કરનારા ! હે વિભો ! અમારું રક્ષણ કરો. (૧૬) સ્વધર્મમાં નિષ્ઠાવાળા આપના આશ્રિત જનોએ સેવેલા આપના ચરણકમળથી અંકિત થયેલા અતિ પવિત્ર દેશમાં રહેવાની અમને ઘણી ઈચ્છા છે. (૧૭)

પોતે જે કરવાની ઈચ્છા કરતા હતા તે જ કરવાની તીર્થોએ કરેલી પ્રાર્થના સાંભળીને દયાર્દ્ર શ્રીહરિ, મંદ હાસ્ય મુખથી શોભતા તે તીર્થોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૮) હે તીર્થો ! તમારું આ કષ્ટ મેં તમારા કહેવા પહેલા જ જાણ્યું છે. હમણાં મને ત્યાં આવવાનો સમય નથી. (૧૯)

માટે હમણાં તો તમારા સ્થાનમાં મારા બંને બંધુજનોને હું મોકલીશ. તેમનાં સ્થાનથી તમારા સર્વ દુઃખ નાશ પામી જશે. (૨૦) પછી મારા જનોએ આશરેલા મારા અતિ શુભ સ્થાનમાં, તમોને બોલાવીને હું વસાવીશ, માટે સમગ્ર ચિંતાનો તમો ત્યાગ કરો. (૨૧)

શ્રીહરિનું આ પ્રકારે વચન સાંભળીને પ્રસન્ન થયેલા તે તીર્થો શ્રીહરિને નમસ્કાર કરી તેમજ સ્તુતિ કરીને તેમની ઈચ્છાથી અંતર્ધાન થયા. (૨૨) પછી લોકોને તીર્થનું માહાત્મ્ય શિખવાડવા મનુષ્ય નાટ્ય ધારણ કરનારા શ્રીહરિ પોતાનાં બંને બંધુઓને દ્વારિકા મોકલવા ઈચ્છા કરતા હતા. (૨૩)

હે રાજન્ ! પછી દ્વાદશીને દિવસે સાંજના સમયે સભામાં બિરાજેલા શ્રીહરિ પોતાનાં આશ્રિતોને દ્વારિકાનું માહાત્મ્ય કહેતા હતા. શ્રીહરિએ કહેલું દ્વારિકાનું માહાત્મ્ય સાંભળીને રામપ્રતાપ તથા ઈચ્છારામ શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૪)

હે હરે ! આપની જ્યારે આજ્ઞા થાય ત્યારે અમો દ્વારિકાની યાત્રા કરીએ. (૨૫) પોતાનાં અભિપ્રાય પ્રમાણે જ તેમનાં બંધુજનોની વાણી સાંભળીને શ્રીહરિએ તત્કાળ પોતાનાં બંને બંધુજનોને દ્વારિકા જવા માટે આજ્ઞા આપી. પછી માર્ગમાં તેમને ભોજન કરવા માટે શ્રીહરિ ભાથું કરાવતા હતા. (૨૬)

પછી શ્રીહરિ બંનેને પુષ્કળ ધન તથા બે ઘોડા તથા બળદો જોડેલાં બે ગાડાં આપીને, પોતાનાં તે બંને બંધુજનોને તેરશને દિવસે દ્વારિકા મોકલાવતા હતા. (૨૭) તે દેશનો માર્ગ જાણનારા ઉત્તમ બ્રાહ્મણ ભક્ત મયારામને તથા શસ્ત્રધારી પાર્ષદોને શ્રીહરિ પોતાનાં બંધુજનોની સાથે મોકલતા હતા. (૨૮)

તે સમયે રામપ્રતાપ તથા ઈચ્છારામની સાથે જવા માટે ઉત્સાહવાળા પોતાનાં ભત્રીજાઓ વગેરેને

દેશ, કાળ જાણનારા શ્રીહરિએ ત્યાં તડકો ઘણો હોવાથી જવાની ના કહી. (૨૯) શ્રીહરિએ લોકશિક્ષણ માટે પૂર્ણિમાને દિવસે હજારો ભૂદેવોને તેમને ઈષ્ટ સુંદર ભોજનો જમાડ્યા તેમજ તેમને પુષ્કળ દક્ષિણાઓ પણ આપી. (૩૦)

પછી શ્રીહરિ રાત્રિએ વાડીમાં શોભાયમાન સભામંડપના મધ્યભાગમાં ગોઠવેલા સિંહાસન ઉપર બિરાજી, પોતાનાં ભક્તસમૂહથી વીંટાઈને, ધર્માદિ સંબંધી વાર્તા કરતા હતા. (૩૧) પછી પીતાંબરથી શોભાયમાન, સુવર્ણના જડેલા મણીંદ્રોના ભૂષણો ધારણ કરતા, શ્રીહરિ પૂર્ણચંદ્રના કિરણોથી પ્રકાશિત સ્થાન જોઈને, હર્ષપૂર્વક મુનીંદ્રોને કહેવા લાગ્યા. (૩૨)

હે સંતો ! ચંદ્રથી પ્રકાશિત રાત્રિમાં આ સ્થળે મંડળાકારે ફરીને તમો સર્વ મુનિઓ મનોહર સુંદર પદો ગાવો. (૩૩) હે મનુજેન્દ્ર ! આવી રીતે અમૃતથી પણ અતિશ્રેષ્ઠ શ્રીહરિનું વચન સાંભળીને, અત્યંત આનંદ પામેલા, શ્રીહરિની અનુવૃત્તિમાં પ્રીતિવાળા, તે સાધુઓ શ્રીહરિનાં પદોનું ગાન કરવા માટે હર્ષપૂર્વક તૈયાર થયા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં ઉનાના ગણેશ વગેરે ભક્તોએ શ્રીહરિનું કરેલું પૂજન વર્ણન નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અશોકના બે સુંદર વૃક્ષોથી શોભતા, સંપૂર્ણ કળાથી યુક્ત ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રમાના કિરણોથી ચારેય તરફ પ્રકાશમાન, અત્યંત લાંબા, પહોળા, મનોહર અને ચારેય બાજુએથી સમાન, વાળીને સાફ કરેલાં, પુષ્પોના સુગંધવાળા વાયુથી સુગંધિત થયેલા તે સ્થાનમાં મંડળાકારથી ફરતા પ્રસન્ન ચિત્તવાળા મુનિમંડળો તાલી વગાડી શ્રીહરિ વિષેના સુંદર પદો ગાતા હતા. (૧, ૨, ૩)

ઊંચા સ્વરથી ગાન કરનારા સાધુઓનો આ ગીતનો ધ્વનિ, તાલિના ધ્વનિ સાથે મળીને દિશાઓમાં વ્યાપેલા અમંગળનો નાશ કરતો હતો. (૪) પછી સાધુઓમાં અત્યંત પ્રેમવાળા શ્રીહરિ, ગાન કરતા તે સાધુઓને જોઈને, અત્યંત પ્રસન્ન થઈ પોતાની કેડ્યમાં મજબૂત બાંધીને તત્કાળ સાધુઓના મંડળમાં પધાર્યા. (૫)

શ્રીહરિ સાધુના મંડળમાં પ્રવેશ કરીને સાધુઓ સાથે હર્ષથી વિચરતા તથા તાલી વગાડતા મધુર સ્વરથી ગાન કરવા લાગ્યા. (૬) શ્રીહરિ તાલી વગાડવાની ચતુરાઈ તથા ચાલવાની ચતુરાઈ, તેમજ ગાન કરવામાં નિપુણતા જોઈ, સંતો અતિશય આનંદ પામ્યા. (૭)મનોહર ચરણની ચાલથી અતિસુંદર, વીજળીની

જેવી કાંતિવાળું અને અગ્રભાગથી ચંચળતાપૂર્વક ફરકતું વસ્ત્ર જેમને છે એવા, ચંચળ અને સુંદર રત્નજડિત કુંડળોની કાંતિથી જેમનોં કપોળ ભાગ શોભે છે એવા શ્રીહરિ વિશેષ શોભતા હતા. (૮)

અત્યંત હલતા ઉત્તમ હાર તથા તોરાઓની પંક્તિવાળા, મણિજડિત સુવર્ણના બાજુબંધોથી યુક્ત બંને બાહુઓથી દર્શનીય, અતિ નિર્મળ મોતીની ચલાયમાન માળાઓ જેમને છે એવા, બંને ઉત્તમ હસ્તોમાં સુવર્ણના કંકણોથી અતિ શોભતા; (૯)

મણિજડિત સુવર્ણની વીંટીઓ જેમની આંગળીઓમાં છે એવા, સુંદર કટિતટમાં અત્યંત પ્રકાશમાન કંદોરો જેમણે ધારણ કર્યો છે એવા, ચરણકમળની શીઘ્ર ગતિથી શબ્દાયમાન થતા મણિજડિત ઝાંઝરથી પ્રકાશિત છે બંને ચરણકમળ જેમનાં એવા; (૧૦) સુવર્ણના સૂત્રોથી ચળકતા અગ્રભાગવાળું મહામૂલ્ય લાલ વસ્ત્ર જેમણે કેડ્ય ઉપર બાંધ્યું છે, જેમનું નિર્મળ વદન મંદહાસ્યથી શોભે છે, જેમનાં નવા અંગરખા ઉપર નવીન પ્રકારે પડેલી કરચલીઓ જે તરંગો જેવી શોભે છે. (૧૧, ૧૨)

અપરિમિત દયામૃતથી ભરેલા કોમળ નેત્રકમળોથી જે દૃષ્ટિ કરી રહ્યા છે, અમૃત સમાન મધુરતાયુક્ત મેઘસમાન ગંભીર સ્વરથી પૂર્ણ રીતે તૃપ્ત કર્યા છે સજ્જનો જેમણે એવા મનોહર શ્રીહરિનાં મેઘસમાન સ્વરથી જે સ્વરમાં સમગ્ર રસથી પણ શ્રેષ્ઠ રસ છે અને જે સંસારરૂપી દાવાગ્નિને પણ શાંત પમાડે છે, તે સાંભળીને પ્રસન્ન થયેલા સમગ્ર મયૂરો, જાણે શ્રીહરિનાં સ્વરમાં મેઘના નાદની શંકા પડવાથી ટહૂકાર કરતા નૃત્ય કરતા હતા. અહો ! આતો અતિ આશ્ચર્ય કહેવાય ! (૧૩)

શ્રીહરિનો સ્પષ્ટ મધુર સ્વર સાંભળીને, ચરાચર શરીર ધારીઓના, શ્રીહરિનાં સ્વરમાં અત્યંત આસક્ત કર્ણ તથા ચિત્ત થઈ ગયા અને તેથી વિસ્મય પામી તેઓ અતિશય આનંદ પામ્યા. (૧૪)

બ્રહ્મા, ઈન્દ્ર, શિવ વગેરે દેવો આકાશમાં રહી શ્રીહરિનાં દર્શન કરતા જેમની ગર્દન અતિ વાંકી થઈ છે એવા શ્રીહરિનું ગાન સાંભળીને આશ્ચર્ય પામ્યા. (૧૫) પછી તે દેવતાઓ નંદનવનના પુષ્પોથી શ્રીહરિને આદરપૂર્વક વધાવવા લાગ્યા. શ્રીહરિ ઉપર ચંદનની વૃષ્ટિ કરતા વારંવાર ''જય, જય'' એ પ્રકારનોં ધ્વનિ હર્ષથી કરતા હતા. (૧૬)

તે સમયે આકાશમાં દેવતાઓના ગાયકોના સમૂહ સુંદર વાજિંત્રના ધ્વનિ સહિત ઉત્તમ સ્વર, ગ્રામ તથા તાલથી યુક્ત સુંદર મૂર્છનાવાળું ગાન કરતા હતા. (૧૭) શ્રીહરિએ કરેલું ગાન સાંભળીને વિસ્મય પામીને આકાશમાં રહેલી દેવાંગનાઓ પણ અત્યંત આનંદ પામી તે સમયે મનોહર નૃત્ય કરવા લાગી. (૧૮)

તે સમયે શ્રીહરિનાં ચરિત્રના દર્શન માટે આવેલા સમગ્ર ધામના પાર્ષદો શ્રીહરિનાં સ્વરરૂપી અમૃતના પાનમાં તત્પર બનેલા વિસ્મય પામ્યા. તેમને પણ અત્યંત શાંતિ થઈ. (૧૯) શ્રીહરિનાં સ્વરરૂપી ઉત્તમ રસની પાસે આ લોકની સ્વાદિષ્ટ સાકર સ્ફટિક પથ્થરના કકડા જેવી લાગી, દ્રાક્ષ, સંકોચ પણાને પામી ગઈ અને અમૃત તો વિસ્મય પામીને સ્વર્ગમાં જ ચાલ્યું ગયું. (૨૦)

પછી શ્રીહરિએ સાધુઓના આનંદ માટે જેટલા સાધુઓ હતા તેટલા રૂપો પોતાનાં યોગ પ્રભાવથી ધારણ કર્યા. (૨૧) પછી સંતોના પતિ સ્વયં શ્રીહરિ, એક એક સાધુની સમીપે હર્ષપૂર્વક વારંવાર ફરતા તેમની સાથે ગાન કરવા લાગ્યા. (૨૨)

પોતપોતાની સમીપે પરમેશ્વર શ્રીહરિને જોતા, તે સર્વ સાધુઓના મુખ પ્રેમથી પ્રફુલ્લિત થયા અને શ્રીહરિની સાથે ઉત્સાહપૂર્વક તેઓ ગાવા લાગ્યા. (૨૩) તે સમયે તાલીઓ વગાડીને ઊંચા સ્વરથી પદોનું ગાન કરતા ગૃહસ્થ ભક્તોના પણ ત્યાં ઘણાં મંડળો હતા. (૨૪)

પ્રસન્નચિત્ત તે સર્વ ગૃહસ્થ ભક્તજનો મંડળાકૃતિથી ફરીને હરિકીર્તનો ગાતા આ પ્રકારે વારંવાર ચિંતવન કરતા હતા. (૨૫) આ શ્રીહરિ અમારા મંડળમાં કેમ આવે ? શ્રીહરિમાં આસક્ત મનવાળા તે ભક્તો આવું ચિંતવન કરતા હતા. (૨૬)

સર્વવિત્ શ્રીહરિ તેમનોં આવો સંકલ્પ જાણીને, અનેક રૂપો ધારણ કરી તે ગૃહસ્થ ભક્તોના મંડળોમાં પ્રવેશ કરીને ભક્તોની સાથે તેમનાં જેવી જ રીતે ગાવા લાગ્યા. (૨૭) તે ગૃહસ્થ ભક્તો પોતપોતાનાં મંડળમાં આવેલા તાલી વગાડીને મધુર સ્વરથી ગાન કરતા ઈશ શ્રીહરિને જોઈ અતિ આનંદ પામ્યા. (૨૮)

ધારણ કર્યાં છે અનેક રૂપો જેમણે એવા, સમગ્ર મંડળોમાં ફરીને ગાન કરતા શ્રીહરિને જોઈને, તે ગૃહસ્થ ભક્તજનો આશ્ચર્ય પામતા હતા. (૨૯) હે રાજન્ ! આવી રીતે સાધુઓ તથા ગૃહસ્થોએ કરેલા આ હરિ કીર્તનના ઉત્સવમાં બ્રાહ્મમુહૂર્ત થઈ ગયું. (૩૦)

શ્રીહરિ આવી રીતે ભક્તોને આનંદ પમાડી, સર્વ રૂપો અંતર્ધાન કરીને, તે સંતોના મંડળમાં પ્રથમની જેમ એક જ સ્વરૂપે દેખાયા. (૩૧) પછી તે સંતો તથા ભક્તો અતિ પ્રસન્ન થઈ શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાનાં નિવાસોમાં ગયા. શ્રીહરિ પણ પોતાનાં નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૨)

હે નૃપ ! પછી કોમળ શય્યામાં બિરાજી, પાર્ષદોની સેવા સ્વીકારતા શ્રીહરિએ ક્ષણવાર યોગનિદ્રા અંગીકાર કરી. (૩૩) પછી સ્વયં શ્રીહરિ તત્કાળ યોગનિદ્રાનો ત્યાગ કરી, સ્નાન કરી મનુષ્ય નાટ્ય શોભાડતા પોતાનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૩૪)પછી શ્રીહરિ પોતાનાં બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો, વારંવાર મિષ્ટ જળનું પાન કરતા, જમતા હતા. (૩૫) સર્વ સંતો, વર્ણિઓ તથા પાર્ષદો પણ જુદા જુદા યથાયોગ્ય ભોજન કરતા હતા. (૩૬)

પછી પોતાનાં ભક્તજજનોની સાથે શ્રીહરિ દુર્ગપત્તન જવા માટે તૈયાર થયા. તે સમયે પાર્ષદે આણેલા ઉત્તમ અશ્વ ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૩૭) જૂનાગઢના રાજાના સૈન્ય સાથે હેમંતસિંહ વગેરે ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ પોતાનાં સમગ્ર ભક્તજનોની સાથે મંગળ વાદ્યોના શબ્દો સાંભળતા ચાલવા લાગ્યા. (૩૮)

દૂર સુધી પાછળ આવેલી રાજસેના તથા આંખમાં અશ્રુવાળા, વારંવાર નમસ્કાર કરતા, પોતાનાં વિયોગથી તપાયમાન થયેલા ભક્તોને બળાત્કારથી પાછા વાળીને શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે ચાલ્યા.

(૩૯) ઘોડેસવારોના સમૂહથી વીંટાયેલો છે અશ્વ જેમનો એવા, પોતાનાં જનોની પાસે શ્રેષ્ઠ કીર્તનોનું ગાન કરાવતા શ્રીહરિ, માર્ગમાં ચાલતા પોતાનાં જનોને આનંદ આપતા, હર્ષપૂર્વક જેતપુર પધાર્યા. (૪૦)

ઉન્નડરાજા તથા શ્રીહરિનાં અન્ય ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી અને શ્રીહરિ તેમની સેવા અંગીકાર કરી તે રાત્રિ ત્યાં રહ્યા. (૪૧) સવારે અશ્વ ઉપર બિરાજી પોતાનાં જનો સહિત શ્રીહરિ, રાજા વગેરેએ વળાવ્યા, એટલે ત્યાંથી નીકળી ગોંડલપુર પધાર્યા. (૪૨)

અહીંના રાજા હઠીભાઈ તથા દેશજીત તેમજ ત્યાંના ભક્તજનોએ શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ તેમની સેવા અંગીકાર કરવા તે પુરમાં રાત્રિ રહ્યા. (૪૩) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને, રાજા તથા તે પુરના જનોએ વળાવ્યા. તેથી પોતાનાં સહચરોની સાથે શ્રીહરિ રાજકોટ પધાર્યા. (૪૪)

ત્યાંના પીઠ નામના રાજાએ શ્રીહરિને અત્યંત પ્રાર્થના કરી તેથી શ્રીહરિ ત્યાં રહ્યા. રાજાએ શ્રીહરિ તથા તેમની સાથેના જનોને સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા. (૪૫)

પછી તે રાજાએ પોતાનાં પુત્ર હરશૂર વગેરેની સાથે, ઉત્તમ ભૂષણો તથા વસ્ત્રો વગેરેથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ ત્યાં ધર્માદિ સારી વાર્તા કરીને રાજાને આનંદ પમાડતા, રાત્રિ રહીને સવારમાં જવા માટે તૈયાર થયા. (૪૬-૪૭)

રાજાએ તથા તેના પુત્રોએ શ્રીહરિને વળાવ્યા. અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાનાં સહચરો સહિત વાંકિયા ગામમાં પધાર્યા. (૪૮) શ્રીહરિનાં એકાંતિક ભક્ત અને તે ગામના રાજા મોકા ખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી, તેથી શ્રીહરિ પોતાનાં સહચરોની સાથે ત્યાં ભોજનો જમી રાત્રિ રહ્યા. (૪૯)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને રાજાએ તથા અન્ય ભક્તોએ વળાવ્યા. અશ્રુસહિત નેત્રવાળા તે રાજા તથા ભક્તોને પાછા વાળીને શ્રીહરિ પોતાનાં ભક્તજનોની સાથે ચાલતા ગઢપુર પધાર્યા. (૫૦)

સન્મુખ આવેલા તે પુરના લોકોએ શ્રીહરિનું સન્માન કર્યું. ઉત્તમ રાજાની દરરોજ સેવા સ્વીકારતા શ્રીહરિ ગઢપુરમાં ઉત્તમ રાજાના સુંદર દરબારમાં પોતાનાં ભુવનમાં રહેતા હતા. (૫૧)

શ્રીહરિનાં મનોહર ચરિત્રોથી યુક્ત અતિકલ્યાણકારી આ કથા જે મનુષ્યો ભક્તિપૂર્વક સાંભળશે તથા તેનો જે પાઠ કરશે. તે મનુષ્ય શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અચળ અને અતિ શુદ્ધ ભક્તિ પામશે તથા સમગ્ર ઈષ્ટ સુખની તેને પ્રાપ્તિ થશે અને આ સંસારના બંધનમાંથી મુક્ત થશે. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના આઠમા સ્કંધમાં, પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્ય યોગરત્ન પંડિત શ્રી શ્વેત વૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ, માનસિંહ નૃપ સંવાદે પૂર્ણિમાની રાત્રિએ મુનિઓએ હલ્લીષ પદોનું ગાન કર્યું તે નિરૂપણ નામે સાંઈઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)

અષ્ટમ સ્કંધ સમાપ્ત

બીજા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૬૪	૨૧-૩૨	૪૧-૫૮
૨-૩૧	૨૨-૩૩	૪૨-૬૬
૩-૪૮	૨૩-૫૮	૪૩-૩૫
૪-૫૬	૨૪-૪૯	૪૪-૪૪
૫-૨૫	૨૫-૫૬	૪૫-૪૪
૬-૪૨	૨૬-૩૮	૪૬-૬૪
૭-૩૦	૨૭-૪૧	૪૭-૪૫
૮-૩૩	૨૮-૪૫	૪૮-૫૨
૯-૩૮	૨૯-૫૦	૪૯-૪૯
૧૦-૩૦	૩૦-૪૯	૫૦-૪૧
૧૧-૬૭	૩૧-૪૪	૫૧-૫૫
૧૨-૬૦	૩૨-૫૬	૫૨-૪૭
૧૩-૪૦	૩૩-૪૨	૫૩-૩૮
૧૪-૩૪	૩૪-૪૮	૫૪-૫૬
૧૫-૪૮	૩૫-૩૯	૫૫-૪૭
૧૬-૩૭	૩૬-૫૫	૫૬-૫૧
૧૭-૬૩	૩૭-૭૦	૫૭-૪૯
૧૮-૨૫	૩૮-૪૦	૫૮-૩૧
૧૯-૪૩	૩૯-૫૦	૫૯-૩૪
૨૦-૬૭	૪૦-૭૨	૬૦-૫૨

કુલ શ્લોક : ૨૭૭૬

